



અભિલેખ-૨

૨૦૨૪

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઐતિહાસિક વિશિષ્ટ દસ્તાવેજોનો સંગ્રહ

સંકલન: **ઇતિહાસવિદ સમિતિ**

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ-૩૭૦૬૧૫





અભિલેખ-૨

૨૦૨૪

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ઐતિહાસિક વિશિષ્ટ દસ્તાવેજોનો સંગ્રહ

સંકલન: **ઇતિહાસવિદ સમિતિ**

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ-૩૭૦૬૧૫

Online Text Based
(can use for translation)

Online PDF

https://doi.org/10.5281/zenodo.20747850

TITLE VERSO

પુસ્તકનું નામ : અભિલેખ – 2

સંકલન : ઇતિહાસવિદ સમિતિ

પ્રકાશન દિનાંક : 20-Aug-2024

આવૃત્તિ : પહેલી

નકલ : Softcopy Only – PDF Edition

ભાષા : ગુજરાતી

પ્રકાશક : ઇતિહાસવિદ સમિતિ,
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (abkkpsamaj.org)

સ્થળ : શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ, ગુજરાત ૩૭૦૬૧૫

ગ્રંથ	વર્ષ
અભિલેખ (અભિલેખ – ૧)	૨૦૨૩
અભિલેખ – ૨	૨૦૨૪

Title : Abhilekh 2 (Archives – 2)

Compiled by : Itihasvid Samiti (Committee of Historians)

Date of Publication 20-Aug-2024

Edition : 1st

No. of copies : Softcopy Only – PDF Edition

Language of Book : Gujarati

Paperback/hardback: Softcopy

Published by : Itihasvid Samiti (Committee of Historians)
Shri Akhil Bhartiya Kutch Kadva Patidar Samaj (abkkpsamaj.org)

Place of Publication : Shri Akhil Bhartiya Kutch Kadva Patidar Samaj, Patidar Vidyarthi Bhavan, Nakhtrana, Kutch, Gujarat 370615

Short Description of Book


Reprint of historical books and records of Kutch Kadva Patidar Sanatan community. The records contain the religious history about the community's initial religious conversion from Hindu Sanatan religion to Pirana Satpanth religion (a branch of Shia Islam) and re-conversion back as Hindu Sanatan religion.



સનાતની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ



કડવા પાટીદાર કુળદેવી મા ઉમિયા



બ્રહ્મલીન સંત
શ્રી ઓધવરામજી મહારાજ

જ્ઞાતિ સુધારક સંતો અને વડીલો



સંત લાલરામજી



સંત દયાલરામજી



કેસરા પરમેશ્વરા



નારાયણજી રામજી લીંબાણી



રતનશી ખીમજી ખેતાણી

SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
મુખ્ય કાર્યાલય : પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, કચ્છ. પીન - ૩૭૦ ૬૧૫.
Head Office : Patidar Vidhyarthi Bhavan, Nakhatrana, Kutch. Pin - 370 615.
Phone : (02835) (O) 222149, 292700 Fax : 221049
E-mail : info@abkkpsamaj.org • Website : www.abkkpsamaj.org



અભિલેખ - ૧ (૨૦૨૩) થી શબ્દશઃ

સંદેશ

ઇતિહાસ એ તો માનવ જાતને મળેલું ત્રીજું નેત્ર છે. ઇતિહાસ એ માત્ર ભૂતકાળની નોંધપોથી નથી, પરંતુ આપણા વર્તમાન અને ભવિષ્યને સાર્થક કરવા પ્રેરણા આપતું દિશા સૂચક માહિતી સંપુટ છે.

આજીવિકા માટે વિશ્વમાં વિસ્તરેલો કચ્છ કડવા પાટીદાર સમાજ સંગઠનના માધ્યમથી ગમે તેવા કપરા સંજોગોમાં પણ સંગઠિત રહ્યો છે અને જ્ઞાતિમાં ઘર કરી ગયેલા સામાજિક અને ધાર્મિક દુષણો સામે કાળક્રમે સંગઠનના માધ્યમથી જંગે ચડ્યો છે, જેની લુપ્ત થતી વિસરાતી ઐતિહાસિક સંઘર્ષ ગાથાઓને “અભિલેખ 2023”ના માધ્યમથી ઉજાગર કરવાનો પ્રયત્ન CA ચંદ્રકાંતભાઇ છાભૈયા અને તેમને ઇતિહાસ વિદ કમિટીએ કર્યો છે.

No Document No Historyના પ્રખર આગ્રહી CA ચંદ્રકાંતભાઈ છાભૈયાએ જ્ઞાતિના ઇતિહાસના અમુક મહત્વના દસ્તાવેજોનેને સંકલન આ ગ્રંથમાં કરેલ છે. જેથી જ્ઞાતિના ઇતિહાસના આ દુર્લભ દસ્તાવેજો લોકોના ઘર-ઘર સુધી પહોંચે, અને એક રીતે ઇતિહાસ સચવાય પણ ખરો.

અતિશય દુર્લભ જર્જરીત થયેલા સમાજના ઐતિહાસિક દસ્તાવેજોને સ્વરૂપનું રીપ્રિન્ટ કરી રજૂ કર્યા છે. જ્ઞાતિની સુધારાની સિલસિલા બંધ ચળવળોના દસ્તાવેજી પુરાવાઓ ઉપરાંત 1920, 1922, 1924 સમાજના અધિવેશનોના અહેવાલોને રજૂ કરીને તત્કાલીન સામાજિક પરિસ્થિતિની ઝાંખી કરાવી છે. આ ઉપરાંત લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની સ્થાપનાના સંજોગો અને તેનો વિચાર વિસ્તાર વગેરેના અહેવાલો સૂપેરે રજૂ કરવામાં આવેલ છે. ધાર્મિક બાબતમાં સમાજ કેવી ભયાનક પરિસ્થિતિમાંથી બહાર આવ્યો, આજથી 100 વર્ષ પહેલા આપણા સમાજનું સામાજિક અને ધાર્મિક ચિત્ર કેવું હતું, તે આધારભૂત રીતે રજૂ કરવા માટે ભારતભરનું ભ્રમણ કરી દસ્તાવેજોનું સંકલન કરી અલિપ્ત રહેલા વિસરાતી સાચી સંઘર્ષ કથાને, દસ્તાવેજોના માધ્યમથી ઉજાગર કરી છે.

આ પુસ્તકના પ્રકાશનથી સમજ અસમજથી ભ્રમિત થયેલા કેટલાક આપણા બંધવોને સત્યનું જ્ઞાન થશે અને સમગ્ર જ્ઞાતિજનોને આ પુસ્તકથી જ્ઞાતિનો ઈતિહાસ જાણવા અને સમજવામાં ઉપયોગી થશે, તેવી મને શ્રદ્ધા છે.



શ્રી અબજીભાઈ વિશ્રામભાઇ કાનાણી.
પ્રમુખશ્રી, શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ.
દિનાંક: 25-Mar-2023

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

નિયુક્ત

સનાતની શતાબ્દી મહોત્સવ આયોજન સમિતિ

અભિલેખ - ૧ (૨૦૨૩) થી શબ્દશઃ

સંદેશ

ઇતિહાસનો પદાર્થપાઠ પોતાના પૂર્વજોની સંઘર્ષમય નીતિમત્તા, પ્રમાણિકતા પુરુષાર્થથી ભરેલો ગૌરવશાળી અતિત એના વારસદારોને પિતૃઓએ કંડારેલા માર્ગ પર આગળ વધવાની પ્રેરણા આપે છે.

ભગવાન અને પોતાની જાત પર અડગ શ્રદ્ધા રાખી પોતાના બાવડાના બળે "ખભે કોથળો ને દેશ મોકળો" ઉક્તિને સાકાર કરવા સમગ્ર દેશ અને વિશ્વમાં વિસ્તરીને આર્થિક ક્ષેત્રે આપણે સન્માન જનક સ્થિતિ પ્રાપ્ત કરી. પરંતુ ધાર્મિક બાબતમાં ગુમરાહ થયેલી આપણી જ્ઞાતિને સ્વધર્મમાં પરત લાવવા સતત સંઘર્ષ કરવો પડ્યો છે.

સમાજના સમયાંતરે થયેલ અધિવેશનો અને પરિષદો દ્વારા સમાજના નીતિ નિયમો અને ધારા ધોરણો સમયની માંગ પ્રમાણે જરૂરી સુધારા સાથે સુનિશ્ચિત કરવામાં આવ્યા છે. જેના પ્રમાણિત આધારો ખંખોળીને સદર પુસ્તકમાં સુપેરે રજૂ કરવામાં આવ્યા છે .

પ્રસ્તુત પુસ્તકમાં સમાજના સચોટ ઇતિહાસને ઉજાગર કરતા ઐતિહાસિક દસ્તાવેજો તથા શરૂઆતના એટલે કે 100 વર્ષ પહેલાંના યોજાયેલ વિવિદ જ્ઞાતિ સુધાર પરિષદ / અધિવેશનના અહેવાલો સાથે તે સમયની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિની ઝાંખી કરાવતી આધારભૂત માહિતી ભારે જહેમત ઉઠાવીને રુચિકર રીતે પુસ્તકબદ્ધ કરી તે બદલ CA ચંદ્રકાંતભાઈ છાભૈયા અને તેમના ઇતિહાસ વિદ સમિતિને ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ.

મા ઉમાના સંતાનોને સનાતનની અસ્તિત્વનો આ ઇતિહાસ હંમેશાં પ્રેરણા આપતો રહેશે.



Gopaesha

શ્રી ગોપાલભાઈ વાલજીભાઈ ભાવાણી.
ચેરમેન શ્રી,
સનાતનની શતાબ્દી મહોસત્વ આયોજન સમિતિ
દિનાંક: 25-Mar-2023

પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા, જિલ્લો કચ્છ -ભુજ : ૩૭૦૬૧૫ • Ph: 02835 222149
M: 99090 51360 • 78018 77774

નિવેદન

અભિલેખ - ૧ (૨૦૨૩) થી શબ્દશઃ

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ મુસ્લિમ પીર ઈમામશાહની ધર્મ પરિવર્તનની ચાલમાં પૂરી રીતે ફસાઈ અને અર્ધ મુસ્લિમ આચરણના લીધે, તેને ઊંઝા વિસ્તારમાં પોતાના જ ભાઈ-ભાંડુથી હડધૂત થઈને, કચ્છમાં વસવાટ કરવા માટે મજબુર થવું પડ્યું. પોતાનો મૂળ સનાતન ધર્મ છોડીને તેઓ પીરાણા પંથી અને મુમના તરીકે ઓળખાવવા લાગ્યા. જ્ઞાતિને મુમનાના કલંકમાંથી છોડાવી પુનઃ સનાતન ધર્મમાં પરત લાવવા માટે કેટલાય નરબંકા જ્ઞાતિવીરોએ કરેલ કામગીરીને આજની નવી પેઢી અને ભવિષ્યના ઈતિહાસ ક્ષેત્રના સંશોધનકર્તાઓ માટે મૂળ દસ્તાવેજોને આ ગ્રંથમાં પ્રકાશિત કરેલ છે.

જ્ઞાતિને સનાતન ધર્મમાં પુનઃ લાવવા માટે કરાચી ખાતે ૧૯૨૦, ૧૯૨૨ અને ૧૯૨૪ માં મળેલ જ્ઞાતિ પરિષદની સભાના ૧૦૦ વર્ષની ઉજવણી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ “સનાતની શતાબ્દી મહોત્સવ” તરીકે ઉજવી રહી છે. ત્યારે જ્ઞાતિ સુધારના ચળવળની સભાના રિપોર્ટ, મહત્વપૂર્ણ દસ્તાવેજો, લેખો, મિનીટ્સ અને અન્ય કામગીરીઓ, પત્રિકાઓ વગેરેને આ “અભિલેખ” યાને “Archives” દ્વારા શ્રીસમાજે તેના મૂળ સ્વરૂપે પ્રગટ કરેલ છે.

આ કામગીરી માટે શ્રી સમાજે એક “ઈતિહાસવિદ સમિતિ”ની રચના કરેલ. જેના કન્વીનરની જવાબદારી શ્રી સમાજે મને સોપેલ, જેના થકી એક પ્રકારની નાનકડી સમાજ સેવા કરવાનો મળેલ અવસર બદલ હું સમાજનો આભારી છું. આ કાર્યને આગળ ધપાવવા ઈતિહાસમાં રૂચી ધરાવતા ભારતભરના વિવિધ વિસ્તારમાં રહેતા મિત્રોને આ સમિતિમાં સામેલ કરી વિસ્તૃત ટીમ બનાવવામાં આવી. ટીમ સાથે વિવિધ વિસ્તારમાં કે જ્યાંથી સનાતની ચળવળ માટેનું સાહિત્ય પ્રાપ્ય થઈ શકે તેમ હોય ત્યાં પ્રવાસ કર્યો. ત્યાંના વડીલો, જે તે સંસ્થાના હોદ્દેદારો સાથે આ વિષયની ચર્ચાઓ કરી ઓરીજીનલ (મૂળ) સાહિત્ય સ્કેન કરી પરત પહોચાડવાની શરતે મેળવ્યું.

જુના દસ્તાવેજોમાં દિનાંકો વિક્રમ સંવત મુજબ હતી, અને એમાંય ક્યાંક કચ્છી વિક્રમ સંવત તો ક્યાંક ગુજરાતી વિક્રમ સંવત પ્રમાણે હતા. જેથી ભવિષ્યને ધ્યાને રાખી આ ગ્રંથમાં હાલ પ્રચલિત સર્વમાન્ય આંતરાષ્ટ્રીય કેલેન્ડરના પ્રમાણે દિનાંક કૌંસમાં, મૂળ દિનાંક પછી, જોડેલ છે.

જેમ દેશની સ્વતંત્રતા માટે કેટલાય એકલવીરોએ સંઘર્ષ કરેલ જેની નોંધ રાષ્ટ્રીય ફલક પર પ્રસિધ્ધ નથી થઈ શકેલ. તેવી જ આપણી સનાતની ચળવળના કેટલાય યોદ્ધાઓની લડતની માહિતી અમોને પ્રાપ્ત થઈ. જેને આ સાથે બીજા ઈતિહાસવિદ પુસ્તક **“ઘરવાપસી - પીરાણા સતપંથ થી સનાતન”** માં સમાવિષ્ટ કરવાનો સ્તુત્ય પ્રયાસ કરેલ છે.

આ ગ્રંથના લખાણમાં પ્રૂફરીડીંગ અને શબ્દ સહયોગની સૌથી કપરી સાતત્ય સભર કામગીરી નિભાવનાર સાથી શ્રી સૂર્યકાંતભાઈ ધનાણીનો ખાસ આભાર વ્યક્ત કરું છું.

જુના દસ્તાવેજોને વર્ષોથી સાચવી રાખનાર સૌ સહયોગી રતનસી ખીમજી ખેતાણી પરિવાર (વિરાણી મોટી), કાન્તિલાલ મેઘજી છાભૈયા પરિવાર (કોટડા જડોદર –મુંબઈ), પ્રિ. રતિલાલ લધાભાઈ છાભૈયા (તલોદ), ડો. વસંતભાઈ અજરણ ઘોળુ (તલોદ), કોટડા જડોદર સમાજ, શ્રી અમૃતભાઈ રતનશી રામાણી અને ડો. અશોકભાઈ જયંતીલાલ ભાવાણી (ધનસુરા) અને સ્વ. પ્રેમજીભાઈ ભાણજી કેશરાણી (માનકુવા-મુંબઈ) પરિવાર તેમજ અન્ય સહયોગી સભ્યોનો ખાસ આભાર વ્યક્ત કરું છું.

ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને કુળદેવી મા ઉમિયાએ જે રીતે અમને સુજવ્યું એ રીતે ઈતિહાસવિદ સમિતિએ પૂરી નિષ્ઠાથી આ કામ કરેલ છે. છતાં અનાયાસે કોઈ ભૂલચૂક રહી ગઈ હોય તો એ ભૂલચૂક સમિતિની છે, સમાજની નથી અને એ ભૂલચૂક બદલ સમિતિ વતીથી હું ક્ષમાપાર્થી છું.

આ કાર્યમાં સહયોગી બનનાર મારી ઈતિહાસવિદ સમિતિના સર્વે સભ્યો (જેની યાદી અલાયદી પ્રિન્ટ કરેલ છે), તેમજ ઈતિહાસને સાચવી રાખનાર સજ્જનો અને જાણકારી આપનાર સૌ વડલા સમાન વડીલોનો અને અમોને આ ઐતિહાસિક કામગીરીની જવાબદારી આપવા માટે શ્રીસમાજનો સમિતિ વતી હું આભાર વ્યક્ત કરું છું.



CA ચંદ્રકાંત કાંતિલાલ પટેલ / છાભૈયા

કન્વીનર - ઈતિહાસ વિદ સમિતિ

દિનાંક ૨૨-માર્ચ-૨૦૨૩, ગુડી પડવો

ઈતિહાસવિદ સમિતિના સભ્યો ની યાદી

ક્રમ	નામ	હાલમાં ગામ	કચ્છમાં ગામ
૧	શ્રી ચંદ્રકાંત કાન્તિલાલ છાભૈયા	મુંબઇ	કોટડા-જ.
૨	પ્રો. ડો. વસંતલાલ અરજણભાઈ ધોળુ	તલોદ	વિથોણ
૩	ગૌરાંગભાઈ ખેતાભાઇ ધનાણી	કડોદરા	નખત્રાણા
૪	કીર્તિભાઈ દિનેશભાઈ દિવાણી	મુંબઇ	કોટડા-જ.
૫	શ્રી રમેશભાઈ માવજીભાઈ વાગડિયા	બેંગ્લોર	ખોંભડી
૬	સૂર્યકાંતભાઈ પરસોત્તમભાઈ ધનાણી	વિરાણી મોટી	વિરાણી મોટી
૭	કાંતિલાલ લખમસીભાઈ લીંબાણી	મુંબઇ	ઘડુલી
૮	રાજેશભાઈ મેઘજી દિવાણી	કોટડા-જ.	કોટડા-જ.
૯	પ્રવીણભાઈ નારણભાઈ ધોળુ	નાગલપર	નાગલપર
૧૦	મોહનભાઈ રતનશી રામજીયાણી	મુંબઇ	મદનપુરા
૧૧	અમૃતભાઈ રતનસીભાઈ રામાણી	રાજપુર કંપા	કોટડા-જ.
૧૨	હરિભાઈ માવજીભાઈ વાગડીયા	કોલ્હાપુર	ધારેશી
૧૩	ડો. શાંતિલાલ મેઘજીભાઈ સેંઘાણી	નખત્રાણા	કોટડા-જ.
૧૪	વિનોદભાઈ માવજીભાઈ ભગત	ભુજ	વિથોણ
૧૫	શાંતિલાલ અબજીભાઈ લીંબાણી	વિથોણ	આણંદસર
૧૬	અમૃતલાલ પ્રેમજીભાઈ ભાવાણી	ચેન્નઈ	વિરાણી મોટી
૧૭	જયશ્રીબેન પરસોત્તમ ભાઈ નાથાણી	બેંગ્લોર	નખત્રાણા
૧૮	બાબુભાઈ ભાણજીભાઈ કેશરાણી	માનકુઆ	અંગિયા નાના
૧૯	જયશ્રીબેન પ્રકાશભાઈ છાભૈયા	બલ્લારસા	નખત્રાણા
૨૦	નમિતાબેન હિતેશ માધાણી	ગોઆ	વિરાણી મોટી
૨૧	હાર્દિક જયંતીલાલ ડોસાણી	કોટડા-જ.	કોટડા-જ.
૨૨	સુનીલભાઈ પરસોત્તમભાઈ ભગત	કોટડા-જ.	કોટડા-જ.
૨૩	ભગવાનદાસ વિઠ્ઠલભાઈ રવાણી	અમદાવાદ	ખોંભડી
૨૪	કરશનભાઈ વિશ્રામભાઈ પોકાર	દિલ્લી	કાદીયા
૨૫	કપિલ મગનભાઈ લીંબાણી	ભુજ	મથલ

ઈતિહાસવિદ સમિતિના સભ્યો ની યાદી

ક્રમ	નામ	હાલમાં ગામ	કચ્છમાં ગામ
૨૬	રમેશભાઈ વાલજીભાઈ પારસીયા	સુરત	દયાપર
૨૭	અંબાલાલ શીવજીભાઈ પોકાર	ગાંધીધામ	જીયાપર
૨૮	મોહનભાઈ કરશનભાઇ પરવાડિયા	ગઢશીશા	ગઢશીશા
૨૯	ભોગીલાલ નાનજીભાઈ ધોળુ	સવાસલા કંપા	નાગલપર
૩૦	બ્રિજેશ ચંદુભાઈ ભાવાણી	પાટણ	ઘડુલી
૩૧	ભીમજીભાઇ લાલજીભાઈ સેંઘાણી	નાગપુર	વાલ્કા
૩૨	મંગળદાસ ડાહ્યાભાઈ રવાણી	ઔરંગાબાદ	રતડિયા
૩૩	નરેન્દ્રભાઈ વાલજીભાઈ માકાણી	કોલકતા	નેત્રા
૩૪	વસંતભાઇ કેશવલાલ ગોરાણી	ઉડીપી	વિઘોડી
૩૫	કાંતિભાઈ પ્રેમજીભાઇ ગોરાણી	હૈદરાબાદ	રવાપર
૩૬	ભીમજીભાઇ કરમશીભાઈ જાદવાણી	ઇન્દોર	રવાપર
૩૭	વિઠ્ઠલદાસ કાનજીભાઈ નાયાણી	રાયપુર	વિથોણ
૩૮	જીતેન્દ્ર છગનભાઈ રામાણી	મુંબઇ	મદનપુરા
૩૯	વસંતભાઈ રાજાભાઈ લીંબાણી	મોડાસા	નખત્રાણા
૪૦	ઉમેશભાઇ હંસરાજભાઈ રંગાણી	નાગપુર	રવાપર
૪૧	ધીરજભાઈ લધ્ધારામભાઈ ભગત	વિથોણ	વિથોણ
૪૨	અનસુયાબેન કનુભાઈ કાનાણી	સુરત	વિરાણી મોટી
૪૩	મણીલાલ કેશરાભાઈ માવાણી	વરજડી	વરજડી

ટૂંકાક્ષર / સંક્ષિપ્ત શબ્દો / વિશેષ શબ્દોના અર્થ

પરસ્પર સંદર્ભ વિરોધી અર્થ કે ભાવાર્થ ના હોય ત્યારે..

ટૂંકાક્ષાર	=	સંપૂર્ણ સ્વરૂપ
Kutch	=	Kachchh, Cutch, Katch = કચ્છ
o))	=	તિથિ: અમાવાસ્ય / અમાસ / અંધારિયા પક્ષનો છેલ્લો દિવસ
VSA	=	વિક્રમ સંવત અષાઢ (કચ્છી કેલેન્ડર/દિનદર્શિકા) – દરેક અષાઢ સુદ ૧ થી નવું વર્ષ શરૂ થાય. અષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો મહિના VSKથી 1 વર્ષ **આગળ** હોય.
VSAK	=	VSA અને VSK બન્ને કેલેન્ડર/દિનદર્શિકા પ્રમાણે. કારતક, માગશર, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ મહિનામાં આવતી તિથિઓ બન્ને કેલેન્ડર પ્રમાણે **એકજ** વર્ષમાં આવે.
VSC	=	વિક્રમ સંવત ચૈત્ર (અન્ય પ્રાંતનું કેલેન્ડર/દિનદર્શિકા) – ચૈત્ર મહિનાના **સુદ** ૧ થી નવું વર્ષ શરૂ થાય. ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો મહિના VSKથી 1 વર્ષ **આગળ** હોય. **ધ્યાન રહે:** અમુક પ્રાંતોમાં **વદ** 1 થી નવો મહિનો બદલે છે, ત્યારે અમુક પ્રાંતોમાં **સુદ** 1 થી મહિનો બદલે છે.
VSK	=	વિક્રમ સંવત કારતક (ગુજરાતી કેલેન્ડર/દિનદર્શિકા) – દરેક કારતક સુદ ૧ થી નવું વર્ષ શરૂ થાય. અષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો મહિના VSAથી 1 વર્ષ **પાછળ** હોય. **Default Calendar / ચોખવટના હોય ત્યારે આ કેલેન્ડર ગણવામાં આવેલ છે.**
અ.ભ.ક.ક.પા. સમાજ (A.B.K.K.P. Samaj)	=	શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (જૂનું નામ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ)
ક.ક.પા. (K.K.P.)	=	કચ્છ કડવા પાટીદાર
ક.ક.પા. સમાજ	=	શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ (નવું નામ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ)
કણબી	=	કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ
કેન્દ્રીય સમાજ / માતૃ સમાજ / શ્રી સમાજ	=	શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ (ક. ક. પા. સનાતન જ્ઞાતિની માતૃ સંસ્થા)
ખાના / ખાનું	=	સતપંથની ધાર્મિક સ્થળ જેનું મૂળ નામ છે; **જમાતખાના.** ત્યારબાદ સમયાંતરે અપભ્રંશના કારણે અને તાકીયાનો ઉપયોગ કરીને ધાર્મિક ઓળખ છુપાવવા માટે એને.. જમાતખાના પરથી ખાના, ખાના પરથી ખાનું. જગ્યા પરથી જગ્યું, જ્યોત પરથી જ્યોતિ ધામ, જ્યોતિ મંદિર, સતપંથ મંદિર,

		હજરત મૌલા અલીના સતપંથી નામ એટલે નકલંકી નારાયણ પરથી નકલંકી/નિષ્કલંકી ધામ, નકલંકી/નિષ્કલંકી મંદિર.. વગેરે .. સમય-સમય પર જુદા જુદા નામો રાખવામાં આવ્યા છે.
ખેપિઓ	=	એક ગામથી બીજા ગામ સુરક્ષિત આવજવા માટે રસ્તામાં સથવારો આપનાર જિમ્મેદાર વ્યક્તિ.
ગેઢેરા	=	સ્વઘોષિત આગેવાનો/નેતાઓ/લિડરો
જૂનો ધર્મ	=	ક. ક. પા. જ્ઞાતિમાં જૂનો ધર્મ એટલે સતપંથ ધર્મ, પીરાણા પંથ, પીરાણા સતપંથ ધર્મ, ઈમામશાહી મત, કલ્પિત ધર્મ, મામદાહીન્દુ પંથ [45:Page 9], વગેરે નામથી ઓળખતો ધર્મ.
જ્ઞાતિ	=	સંદર્ભ અનુસાર.. કડવા પાટીદાર જ્ઞાતિ, અથવા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ, અથવા કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિ
તા.	=	તારીક અથવા તારીખ
દા. ત. / દા.xત.	=	દાખલા તરીકે
દી.	=	દિનાંક
નવો ધર્મ	=	સાચો સનાતન હિન્દુ ધર્મ
પાંચાડો / પાંચાડા	=	વિસ્તાર. કચ્છમાં કણબીઓનો વિસ્તાર ત્રણ પાંચાડામાં વહેંચાયેલ છે. ઉગામણા (પૂર્વ) પાંચાડો, વચલો પાંચાડો અને આથમણો (પશ્ચિમ) પાંચાડો. એટલે ત્રણ પાંચાડાની જ્ઞાત પણ કહેવામાં આવે છે. પાંચાડા પ્રમાણે ગામોની યાદી માટે જુઓ અભિલેખ ૧ (૨૦૨૩) પેજ ૨૭૧ થી ૨૭૩ (3 rd Parishad)
પાંટીઆ	=	ઘરો ઘર જઇને લોકોને સંદેશો પહોંચાડવાવાળો વ્યક્તિ
પાંટીઓ	=	ઘરોઘર જઇને લોકોને સંદેશો પહોંચાડવાવાળો તેમજ ગામમાં જાહેર હાકલ (public announcement) નાખનાર વ્યક્તિ.
પાનમૂર્તિ	=	ભગવાનની છબી, ચિત્ર, ફોટો, છાયા ચિત્ર
પાવળ / નૂર / અમી	=	હિન્દુ મંદિરમાં દર્શન પછી જેમ ચરણામૃત આપવામાં આવે છે, તેમ સતપંથના ધાર્મિક સ્થળ એટલે ખાનામાં પીરાણાથી આવેલ એક ગોળીને પાણીમાં પિગળાવીને તૈયાર કરેલું પાણી આપવામાં આવે છે. આ ગોળીને પાવળ / નૂર / અમીની ગોળી કહેવામાં આવે છે. P
ભોમવાર	=	મંગળવાર
રા. રા.	=	રાજ્યમાન રાજશ્રી
સનાતન / સનાતની જ્ઞાતિ	=	કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિ
સનાતન / સનાતની સમાજ	=	કચ્છ કડવા પાટીદાર સનાતન જ્ઞાતિનો સમાજ
સમાજ	=	કેન્દ્રીય સમાજ, માતૃ સમાજ, અ.ભ.ક.ક.પા. સમાજ, સનાતન સમાજ

આણ પાણ પદ્ધતિ – રકમ લકવાની જૂની પદ્ધતિ

(ભારતમાં દશાંશ પદ્ધતિ અપનાવવાથી પહેલાંની પ્રચલિત પદ્ધતિ)

Aan Paan Method (Old) of Noting / Writing Amounts

(This method of noting was followed prior to the adoption of Decimal system of noting Rupees and Paisa adopted by India)

1. **Formula (for Old Rupee) / ફોર્મુલા:**

		Old System	New System
1 Rupees	=	64 Old Paisa	96 New Paisa
1 Rupees	=	16 Aana	16 Aana
1 Aana	=	**4 "Old" Paisa**	**6 "New" Paisa**

Note: The difference between "Old Paisa" and "New Paisa"
For Paisa the conversion Rate is: 4 Old Paisa = 6 New Paisa

2. **Conversion Rate - Aana Paisa to New Rupees / આના અને જૂના પૈસા થી "નવા પૈસા"માં રૂપાંતર કરવાનો દર:**


(New Rupees - in decimal format, was introduced in 1957)
(દશાંશ પદ્ધતિમાં રૂપિયા અને "નવા" પૈસાની પદ્ધતિને સને ૧૯૫૭માં બહાર પાડવામાં આવ્યા)

Aana Old Paisa		New Rupee (Present System)
1 Rupee	=	96 New Paisa (rounded off to 100 paisa)
16 Aana	=	1 Rupee
1 Aana	=	6 Paisa
4 Aana	=	25 Paisa (rounded off from 24 to 25 paisa)
8 Aana	=	50 Paisa (rounded off from 48 to 50 paisa)
12 Aana	=	75 Paisa (rounded off from 72 to 75 paisa)
16 Aana	=	1 Rupee (rounded off from 96 to 100 paisa)

3. **Typical Noting / નોંધ કરવાનો નમૂનો:**

25 ||| ≡ |||

4. How to read the above Noting / ઉપર જણાવેલ નમૂનાને કેવી રીતે વંચાય:



Applying the above method, the result will be;						
Notation	(R) Rupees	(A) Aanas	(P) Paisa		(R) Rupees	(P) Paisa
25 ||| ☰ |||	25	15 (12 + 3)	3	OR	25	63 (15 X 4 = 60 p + 3 p)

5. <u>Examples of Aan Paan Method of Noting / આણપાણ પદ્ધતિથી લખવામાં આવતા આંકડાઓના અમુક નમુનાઓ:</u>

Sr. No	Noting	(R) Rupees	(A) Aanas	(P) Paisa
1	25 =	25	2	0
2	8 o =	8	0	2
3	12 | o |||	12	4	3
4	3 || - |	3	9 '||' = 8 Aana & '-' = 1 Aana	1
5	o |	0	4	0
6	o ||	0	8	0
7	o -	0	1	0
8	o ☰	0	3	0
9	70 o ||	70	0	2

અનુક્રમણિકા

અનુક્રમણિકા

પાટીદાર પ્રકાશના તકલેદી લેખનું ખંડન

ભાગ ૧ લાના લખનાર

પટેલ ફકીરદાસ ગોપાલદાસને

જવાબ

છપાવી પ્રસિદ્ધ કરનાર

મી. નારાણજી રામજી કોન્ટ્રાકટર

કચ્છ વીરાણીવાળા

નવસારી - "આર્ય વિજય પ્રેસ" માં

શા. હરીવલ્લભદાસ પ્રા. પારેખે છાપ્યો તા. ૧૧-૭-૧૮

Online Text Based
(can use for translation)

Source Document

૧. પટેલ ફકીરદાસ ગોપાલદાસને જવાબ - દી. 11-July-1918

પટેલ ફકીરદાસ ગોપાલદાસ પીરસદગોરનુરની દરગાહ સરીફમાં ઉપદેશકની સેવામાં

સ્વસ્થાન નવસારી

આપના તરફથી પાટીદાર પ્રકાશના તકલેદી લેખનું ખંડન ભાગ ૧ લો છપાયેલ છે. તે થોડા દિવસ થયાં મારા એક સ્નેહી તરફથી વાંચવા મળેલ છે. તેમાં કચ્છના કણબીઓનો વિસ્તાર એ લેખ ઉપર તેમજ કુર્મી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ નામના પુસ્તક ઉપર આપે કરેલી ટીકા વાંચ્યા પછી વિચાર કરતાં આપને વ્યાજબી જવાબ આપવાની થોડી જવાબદારી મારા ઉપર પણ રહે છે. કુર્મી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસની ટીકાનો જવાબ તેના કર્તા તરફથી થવો જોઈએ. પાટીદાર પ્રકાશ નામના માસીકની ટીકાનો જવાબ તેના તંત્રી તરફથી થોડો અપાયો છે એમ સાંભળ્યું છે. પરંતુ મારા તરફથી અંગત ટીકાનો જવાબ મારેજ આપવો જોઈએ એમ ધારી વ્યાજબી હકીકત આપની જાણ માટે અને અમારા પીરાણાપંથી ભાઈઓને વિશેષ ઉપયોગી થઈ પડશે એવું જાણી શુદ્ધ હૃદયથી લખી છે અને તે બીના ઉપર આપનું ધ્યાન ખેંચુ છું.

પાટીદાર પ્રકાશના અંક ૧૨ મા સંબંધી તમારા તરફથી જે બુક પ્રગટ થઈ છે તે બુક પાને ૩૪ ની ચોખવટ નંબર ૨૩ નો જવાબ પોતાનું કુટુંબ પીરાણા ધર્મને અનુસરનારૂં હોવાથી ન હિન્દુ કે ન મુસલમાન. આએ હકીકતથી સતપંથની મોટી સંખ્યાને હાનિ, સંતાપ, અણગમો અને કડવાશની લાગણી ઉત્પન્ન કરનારૂં છે એમ આપ લખો છો. તેના જવાબમાં લખવાનું કે આપનું લખવું સતપંથને નુકશાનકારક જણાય છે. તેવીજ રીતે શુદ્ધ કણબીઓ ક્ષત્રિય હોવા છતાં પીરાણાના અર્ધદગ્ધ પંથનો સ્વીકાર કરવાથી ન હિન્દુમાં કે ન મુસલમાનપણાની ગણત્રીમાં આવી ગયા છે અને તે જગત જાહેર વાત છે એમાં આપ શું કહી શકો તેમ છો. પીરાણા ધર્મ અથવા સતપંથ ધર્મ એ હિન્દુ ધર્મ તો નથી જ. કારણકે જે ધર્મોમાં કલમો પઢાય અને લગ્ન વિધિ ચોરી ઈત્યાદી આર્યોના પવિત્ર સંસ્કારના બદલે જુદી જ રીતે લગ્ન વિધિ બ્રાહ્મણો સિવાય ચલાવી લેવાય. મરણ વખતની ક્રિયા ઘરોદ કલમાને આધાર રૂપ ગણી દફનાવી દેવાની જે રીત અથવા પીરાણાના ધર્મની માન્યતા તે કોઈ કાળે પણ હિન્દુ ધર્મને માન્ય છે જ નહીં. ત્યારે પીરાણા પંથીઓ મુસલમાન શા માટે નથી ગણાતા તેનું એટલુંજ કારણ છે કે કચ્છના પીરાણા પંથી કણબીઓ સુન્નત કરાવતા નથી, દાઢી રખાવતા નથી, તાબુત કાઢતા નથી તેમજ મુસલમાનોનું ખાતા નથી. માત્ર એટલા જ પુરતા તેઓ હિન્દુ છે એમાં જરા પણ શક નથી. એ ઉપરથી એમ નક્કી સિધ્ધ થાય છે કે પીરાણાનું ધર્મ ન હિન્દુ ધર્મ છે તેમજ ન મુસલમાની ધર્મ છે. કચ્છ દેશના અંજાર ગામના રહીશ ડૉકટર આત્મારામભાઈએ પોતાના બનાવેલા આત્મારામ અનુભવ નામના ગ્રંથમાં પીરાણા ધર્મને અર્ધદગ્ધ પંથ તરીકે માનેલ છે અને હું તે વાતનો સ્વીકાર કરૂં છું અને ઉપર લખી બીનાથી એ વાત સિધ્ધ થાય છે.

૧. પટેલ ફકીરદાસ ગોપાલદાસને જવાબ - દી. 11-July-1918

આપના લખેલા પુસ્તકના પાને ૩૮નો જવાબ :- પીરાણા પંથનો અભ્યાસ કર્યો તેમાં તદ્દન પોલ માલુમ પડી. એના જવાબમાં લખવાનું કે થોડાં વર્ષો થયાં પીરાણા ધર્મ સબંધે ઘણી ટીકાઓ થઈ છે એ ગુપ્ત ધર્મને જ્યાં સુધી લોકો જાણતાં નોતા ત્યાં સુધીજ એ ધર્મની મહત્તા જળવાઈ રહી હતી. પરંતુ દુનિયાની નજર આગળ જ્યારે દશમો કલંકી અવતાર, મુખીની તમામ ક્રિયા, મુળ બંધનો ચોપડો, શ્રાધાદી કર્મ વખતે રાંધેલું અનાજ ખાનામાં લઈ તેની ક્રિયા, બાવની ક્રિયા વિગેરે હકીકતો મારા વાંચવામાં આવી ત્યારથી પાકી ખાત્રી થઈ છે કે પીરાણા ધર્મની જે માન્યતા છે તે સાચી હોય કે ખોટી હોય તેની સાથે મારે કાંઈ લેવાદેવા નથી. પરંતુ તે હિન્દુ ધર્મને શરમાવે તેવી રીતે આર્ય ધર્મનું અપમાન કરનારી તો ચોક્કસ છે. એ ગ્રંથો વાંચવાથી વાંચનારને ખાત્રી થશે. પીરાણા ધર્મના રહસ્યનો મુળ ગ્રંથ દશમો નકલંકી અવતારનો મેં જ્યારે અભ્યાસ કર્યો ત્યારથી મારી પીરાણા ધર્મ પ્રત્યે આસ્થા ઉઠી ગઈ અને તેમાં તદ્દન કલપીત અને અસંભવીત ખોટી વાતોની ગપ્પો મારી છે. ભોળા લોકોને ભરમાવવાને તેમાં કાળીંગા દૈત્યનું આખ્યાન લખ્યું છે તે પણ તદ્દન ખોટી રીતે દૈત્ય કાળીંગાનો પુત્ર કમળાકુંવરને પિતાદ્રોહી તેમજ સુંરજા રાણીને પતિભક્તિથી વિમુખ એક નીચ અને હલકી સ્ત્રીના જેવા કૃત્યવાળી આલેખી છે. રાક્ષસ રાજાની સ્ત્રીઓએ પણ પતિવ્રતા ધર્મ પાળ્યાનું શાસ્ત્રોમાં લખ્યું છે. જાલંધર રાક્ષસ હતો અને તે દેવોને દુઃખ દેતો હતો છતાં તેની સ્ત્રી વૃંદાના પતિવ્રતાના પ્રભાવથી ભગવાન શંકર અને વિષ્ણુએ પણ સખ્ત હાર ખાધી હતી. લંકાધીપતિ રાવણની સ્ત્રી મંદોદરી જ્ઞાની હતી તો પણ પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું નથી અને તે પણ સતી તરીકે શાસ્ત્રોમાં તેની ગણના છે ત્યારે કાળીંગા દૈત્યની સ્ત્રી કાળીંગા દૈત્યનું મૃત્યુ કરે છે. પતિવ્રતા ધર્મથી ભ્રષ્ટ થાય છે. તે સિવાય પણ અનેક એવાં દ્રષ્ટાંતો લખવામાં આવ્યા છે કે સત યુગમાં સતપંથ ધર્મના મુખી રાજા હરીશચંદ્ર, રાણી તારામતી અને કુંવર રોહીદાસ હતા. હીરણ્યાકષ્યપના પુત્ર પ્રહલાદજી પણ સતપંથ ધર્મના મુખી હતા. દ્વાપર યુગમાં ભગવાન વેદવ્યાસ પણ એજ ધર્મને માનતા હતા. પાંડવો પણ એજ ધર્મ પાળતા હતા. ધર્માત્મા મહારાજા યુધિષ્ઠર એ ધર્મના મુખી હતા. આવી અનેક ગપ કથાઓ લખી ભોળા માણસોને ભુલ થાપ ખવરાવવાની અનેક હકીકત દશમા નકલંકી અવતાર નામના હસ્તલિખિત ગ્રંથમાં છે. તે વાંચવાથી પીરાણા ધર્મની હિન્દુપણાની પોલ જણાઈ આવશે.

આપના પુસ્તકના પાને ૪૧ માં પોતાના પુરાણા પીરાણા પંથ પ્રતિ પુષ્કળ તિરસ્કાર આવવા લાગ્યો. એના જવાબમાં લખવાનું કે -- મહા પ્રતાપી સૂર્યવંશ કુળ ભુષણ સત્યવાદી મહારાજા હરીશચંદ્રના ઈતિહાસથી જેમના વંશમાં સોળેકળા ગુણ સંપન્ન પુરણ પુરૂષોત્તમ મર્યાદા ભગવાન પ્રભુ રામચંદ્રજીનો જન્મ થયો છે એવા ઉત્તમ કુળ દીપક વશીષ્ટ મુનિના શિષ્ય મહારાજા હરીશચંદ્રના ઈતિહાસથી અથવા મહાભારત અને ભાગવતના કર્તા ભગવાન વેદ વ્યાસજીએ પાંડવોના ઈતિહાસમાં તેમજ પાંડવોના સખા કૃષ્ણ પરમાત્માના ગીતાના બોધમાં ફરમાનજી બીસમીલા હર રહેમાન નર રહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈર ઈમામશાહ નરઅલી તે માહમદશાહ નબીનુર સતગોર તમારી દુવા આવા અર્ધદગ્ધ ફકરાઓને પૂજતા તેમજ તેનો જાપ કરતાં કોઈપણ હિન્દુઓએ સાંભળ્યું નથી તેમજ શાસ્ત્રોમાં તેમજ પુરાણોમાં કોઈ ઠેકાણે છે જ નહીં. પવિત્ર મહાત્માઓના ઉજ્જવળ ચારીત્રને કલંક લગાડી હોલ હિન્દુ ધર્મનું સતપંથ કહો કે પીરાણા પંથ કહો તેમાં ખાસ અપમાન કરવામાં આવ્યું છે. તે જ્યાં સુધી સનાતન ધર્મના ધર્મગુરૂઓ આ વાત જાણતાં નથી ત્યાં સુધીજ આ પોલ અંધારામાં રહી છે અને તેનું કારણ એ છે કે સતપંથ કહો કે પીરાણા પંથ કહો તેનાં દરેક પુસ્તક હસ્તલિખીત છે અને તે તેનાં અનુયાયીઓ સિવાય બીજાને

વાંચવા મળતાં નથી. તેથી જ આ વાત આજ દિવસ સુધી અંધારામાં રહી છે. કચ્છના કણબીઓએ પીરાણાનું ધર્મ અંગીકાર કર્યા પછી અને હમણાંના જાગૃતીના સમયમાં દુનિયાના લોકો જ્યારથી એમ સમજતા થયા છે કે પીરાણા ધર્મને અર્ધ દગ્ધ પંથ તરીકે કોઈ રીતમાં નથી ત્યારથી પીરાણાના ધર્મને માનનાર કચ્છના કણબીઓને મુમના કણબીના ઉપનામથી બોલાવે છે. તેઓ શરમના માર્યા કણબીઓ કશો પણ વાદવિવાદ કર્યા વગર નીચી મુંડીએ તેનો સ્વીકાર પરાણે પણ કરે જાય છે. કણબી પટેલ મટી મુમના કણબી કહેવાય છે એ આપના પીરાણા ધર્મનો પ્રતાપ છે અને તે ધર્મમાં ભોળા લોકોને ભરમાવીને એવી એવી લાલચો ધર્મની કહેવામાં આવે છે કે પીરાણા ધર્મ જેવું કોઈ ધર્મ નથી અને જે સતપંથ ધર્મ પાળશે તેજ તરી પાર ઉતરશે. ભગવાનના દશ અવતાર થઈ ગયા તેને માનવાની જરૂર નથી. નકલંકી અવતારને માનવું અને કમાઈમાંથી દસોદ ધર્માદા તરીકે આપવાથી જનમ મરણના ફેરા ટળે છે વિગેરે અનેક પ્રકારની હકીકતો લખી છે. સતપંથ ધર્મની એક એવી પણ માન્યતા છે કે તેમના સેવકોએ પોતાના ધર્મની વાત કયાંય પણ બહાર કરવી નહીં. પોતાના ધર્મના સેવકોને ધર્મ ઉપર વધુ આસ્થા બેસે તેવો જ હંમેશા બોધ થાય છે વિગેરે હકીકતોનો સાર ફકીરભાઈને ટુંકામાં જણાવું છું અને આએ હકીકતથી દુનિયા જાણી શકશે કે પીરાણા ધર્મ પણ એક અજબ પંથ છે.

. કુર્મીય ક્ષત્રિય ઉત્પત્તિના પ્રગટ કર્તાને પટેલ ફકીરભાઈ ધમકી આપે છે કે મીસ્ત્રી નારાણજી રામજીભાઈની એકતરફી હકીકત સાંભળી પોતાના લખેલા ઈતિહાસમા ખોટી હકીકતના ભોગ થઈ પડયા છે અને તે બાબતે ફકીરભાઈ સુચના કરે છે કે મજકુર ઈતિહાસિક બુકમાં સુધારો કરી પીરાણા ધર્મ સબંધી જે હકીકત લખવામાં આવી છે તે કાઢી નાખવા ભલામણ કરે છે.

આપની બુકના પાને ૪૨ માં આપ લખો છો કે દેશમાંથી કણબીઓ લાખો કોરીઓ દર વર્ષે પીરાણે મોકલે છે તે ન મોકલતાં ગરીબોને ઓછે વ્યાજે ધીરે તો તેમને સાચા ખોટા દેવામાં વંશ પરંપરા દટાઈ મરવું ન પડે :--- આએ તમારા લખેલા શબ્દો ઉપર જો હું લખવા બેસું તો ઘણું લખાય એમ છે. તો પણ ટુંકામાં જણાવીશ કે ફકીરભાઈ આપ પણ એક પાટીદાર કણબી છો અને હું પણ કણબી છું. તમને સતપંથ ધર્મની લાગણી છે ત્યારે મને મારા ગરીબ કણબીભાઈ પ્રત્યે લાગણી છે. હું મારા પીરાણા પંથી ભાઈઓથી દશેક વર્ષ થયાં છુટો પડયો છું, છતાં મારું હૃદય તેમના તરફ ભાતૃભાવથી જુવે છે. તેમના સુખ દુઃખના માટે મને ઘણું લાગી આવે છે અને એટલા જ માટે હું પીરાણાપંથી મારા જ્ઞાતિબંધુઓમાં સુધારો કરવા ચાહું છું. દર સાલ લાખો કોરીઓ પીરાણા જાય છે તે જાણે મારી પોતાનીજ જાય છે એવું મને દુઃખ લાગે છે. કારણકે તે કોરીઓમાંથી જેવું જોઈએ તેવું હિન્દુઓને શોભે તેવું અમારી જ્ઞાતિને પુન્યવાન બનાવવાનું કાર્ય થતું હોય તેમ જણાયું નથી. એટલા જ માટે એ કોરીઓ ઓછા વ્યાજે ગરીબ કણબી ખેડુતો કે જેઓ કરજમાં દટાઈ ગયા છે તેમને ધીરવી અથવા તો ખેતીવાડીના સુધારામાં અને કેળવણીમાં વાપરવી કે જેથી ભવિષ્યમાં કણબીની પ્રજા જે તદ્દન અભણ અને અજ્ઞાન છે તે વિદ્યા અભ્યાસ કરવાથી પોતાની ઉન્નતિ જોઈ શકે. અને તે પુન્ય પ્રતાપથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષના માટે સત્યાસત્યનો નિર્ણય કરી શકે. વિશેષમાં ફકીરભાઈ જણાવે છે કે પીરાણા પંથ અથવા સતપંથમાં વ્યાજ ખાવાની મનાઈ છે. એટલુંજ નહીં પણ તેમાં પાપ છે જેના માટે લાંબુ વિવેચન કરવાની ફકીરભાઈએ ખાસ તસ્દી લીધી છે. મારે દિલગીરી સાથે જણાવવું પડે છે કે પીરાણા ધર્મના ધર્મગુરૂ આચાર્યશ્રી ગાદીપતિ લક્ષ્મણકાકા કચ્છમાંથી તેમજ પીરાણા ધર્મના અન્ય સેવકો

પાસેથી જે પૈસા આવે તે પીરાણા જાગીરનું ખર્ચ બાદ કરતાં બાકીના પૈસા અમદાવાદની મીલોના શેરની ખરીદીમાં વ્યાજ તથા નફો મેળવવામાં વપરાય છે જે વાત જગત જાહેર છે અને કચ્છના કણબીઓએ તે બાબતે વાંધો લીધો હતો. તે આપ જાણતા હશો તો પછી જે ધર્મમાં વ્યાજ ખાવાની મનાઈ છે, જેને પાપ સમજવામાં આવે છે તેવું હલકું અને ધર્મગુરૂને ન શોભતું કાર્ય લક્ષ્મણકાકા કેમ કરે છે તેનો કંઈ જવાબ હોય તો જણાવશો. આપની બુક પાને ૪૪ નારણભાઈ પોતે ગુજરાતમાં આવ્યા ને ગુપ્તવેશે પીરાણે ગયા અને ત્યાંની હૃદયભંગ સ્થિતિ જોઈ આવ્યા. આ હકીકત આપને કનીષ્ટ, લુલી, લંગડી, સ્વબળ ભાંજક અને અસત્ય ઉઘાડું પાડે છે. નારાણજીભાઈએ પીરાણામાં હૃદયભંગ સ્થિતિ જોઈ તે શું કેવી અને કેમ તેનું કંઈ નામ નિશાનનો કંચીત ઈશારો પણ મળે નહીં. આએ હકીકતનો જવાબ કુર્મી ક્ષત્રિય ઉત્પત્તિમાં લખાયો નથી એ એક દિલગીરી ભરી વાત છે. જેના માટે મને પણ દિલગીરી થાય છે. મારૂં હૃદયભંગ થયાની હકીકત ઈતિહાસમાં ન લખાઈ એ ઠીક જ હતું. પરંતુ એનો આપ જવાબ માગો છો તો સાંભળો.

પ્રથમ તો હું જ્યારે પીરાણા ધર્મનો અભ્યાસ કરતો હતો ત્યારે પીરાણા ધર્મનું પીરાણા ગામનું પીરાણાના રોજાનું ગંગુઆકુવા, નગીનાગોમતી નામની બાવાની બેઠકનું અને બ્રાહ્મણો તથા અન્ય જ્ઞાતિઓની જનોઈઉતરાવી સતપંથની દીક્ષા દેતી વખતે સવા મણજનોઇઓ ઉતારી છે તેનું, લોખંડની બેડીઓ પોતાની મેળે ઉઘડી જાય છે વિગેરે હકીકતોનો અભ્યાસ ચાલતો હતો. ત્યારે એ દૈવભૂમિમાં પગ મુકતાંજ જાણે વૈકુંઠનો ભાસ થશે કે સ્વર્ગની છાયા દેખાશે, આવી જે હૃદયની માન્યતા હતી તે નજરે જોતાં સાંભળેલી હકીકત જેવું કશું નથી. મકાનો અને દેવાલયો બાંધવાનું શિલ્પી કામ હું કરૂં છું. મોહમયી મુંબઈ નગરીમાં એવાં એવાં અનેક મકાનો છે કે જેની તુલના રોજા કરતાં ચઢી જાય તેમ છે. નગીનાગોમતી નામની બેઠક તો તદ્દન એક સાદી બેઠક છે. ગંગુઓકુવાના માટે અમારૂં ગામ વીરાણીના મુખી કેશરા ભાણાજી જેવોનો સ્વર્ગવાસ થયો છે તેઓની પાસેથી સાંભળ્યું હતું કે ચીનમાં ચીરના નગરી છે જ્યાં કાળીંગો દૈત્ય રાજ્ય કરતો હતો. ત્યાંથી એક પાણીની નહેર છે અને તે નહેર ગંગુઆકુવામાં મળે છે. કાશીની ગંગા પણ આ કુવામાં આવે છે તેવા પવિત્ર ગંગુઆકુવાની જ્યારે ઝાંખી કરી ત્યારે તે કુવા ઉપર ઘાસ ઉગી ગયું હતું. કુવામાં સમારકામની જરૂર જણાતી હતી અને પાણીનો એક છાંટો સરખો પણ દેખાતો નો'તો. મને નવાઈ લાગી કે જેમાં ગંગાનો પ્રવાહ આવતો હોય અને તે કુવામાં પાણી ન મળે. ઘણીજ નવાઈની વાત છતાં મનને સમાધાન કર્યું કે ઉનાળાનો દિવસ છે તેથી પાણી ખુટી ગયું હશે. ગંગુઆકુવાના માટે બીજી પણ અનેક હકીકતો સાંભળી છે પરંતુ તે બધી અતિશયોક્તિ ભરેલી છે. ઘણા કાળ પુર્વે જનોઈઓ ઉતારેલી હજુ કાયમ છે તેમાં પણ થોડી જનોઈઓ દેખાડવા માટે રાખી છે. પગમાં બેડીઓ પેરે છે અને સાચા ખોટાની ખાત્રી માટે તે પોતાની મેળે ઉઘડી જાય છે તેમાં પણ કંઈ સાર નથી. ખુદ બાવા ઈમામશાહનાં જેને દર્શન કરવા હોય તેને નાભી કમળમાંથી અમી નીકળે છે અને તેની ગોળીઓ દરેક ઠેકાણે મોકલવામાં આવે છે તે પણ કંઈ પરચા જેવું કશું નથી અને વિશેષમાં ક્ષોભ તો એ થયો કે પીરાણા ધર્મના ધર્મગુરૂઓ ફકત લખી વાંચી શકે એટલું ગુજરાતી ભણેલા છે. અન્ય કાકાઓ પણ કાંઈ વિશેષ ભણ્યા હોય તેમ જણાતું નથી. આટલી હકીકત જાણ્યા પછી મારા હૃદયની હૃદયભંગતા આપે જોઈ લીધી હશે અને હું આશા રાખું છું કે સાથે સાથે આ હકીકત જાણ્યા પછી આપના હૃદયની પણ ગંભીર સ્થિતિ થઈ ન જાય તો સારૂં. તે સિવાય ગુપ્તવેશે જવાના કારણ માટે આપ ટીકા કરો

છો તેના જવાબમાં લખવાનું કે જ્યારે મેં પીરાણા ધર્મને તજી દઈ એક લેખ કચ્છ કેશરી નામના પેપરમાં લખેલ. તે વખતે પીરાણા ધર્મના અનુયાયીઓએ મને તેમજ મારા માતાપિતાને એવી ધમકીના કાગળો અને હકીકતો પહોંચાડી છે કે પીરાણા ધર્મની હકીકત બહાર પાડી છે માટે નારાણને કોઈ જાનથી મારી નાંખશે. એવી પહેલી ખબર મારા મુરબ્બી મામા ડાહ્યા ભાણજી ધોળુએ મારા પિતાશ્રીને પહોંચાડી હતી પરંતુ તેથી ડરવાનું કંઈ કામ નો'તું. સત્ય હકીકત દુનિયાની જાણ માટે ખુલ્લી પાડવી એ કંઈ ગુનોહ નથી. અને મારૂં મૃત્યુ કોઈ સતપંથી કે પીરાણા પંથીના હાથે જ હશે તો તે કંઈ ટળવાનું નથી. પોતાના જ્ઞાતિબંધુઓને હિન્દુ ધર્મ સમજાવવાના પ્રયત્નમાં પ્રાણની આહુતિ આપવી પડે તો તેની દિલગીરી મને તેમજ મારા કુટુંબને થશે નહીં. તો પણ પતંગીયાની પેઠે દિવામાં જંપલાવવામાં ડહાપણ નથી એવા હેતુથી હું કચ્છના વીરાણી ગામનો ફલાણા નામનો કણબી છું એવું પીરાણામાં જાહેર કર્યું નો'તું. ઈતિહાસકર્તાએ ગુપ્ત રીતે ગયાનું જે લખ્યું છે તેના માટે ફકીરભાઈને ટીકા કરતાં આનંદ થાય છે અને ગુપ્તવેશનો ચીતાર પારસી, મુસલમાન, ખ્રીસ્તી, પુરૂષ, સ્ત્રી કે છાણના પુતળાં કે રમકડાંનો આપી ફકીરભાઈ પોતાના હૃદયમાં ઘણાં દિવસની ભરાઈ રહેલી ઉંડી દાઝની લાગણીનો પ્રસંગ નાનકડી બુકમાં આપ લાવી શકયા છો તેના માટે હું આપને ધન્યવાદ આપું છું.

કચ્છના કણબીઓનો વિસ્તાર બુક પાને ૪૫ માં આપ લખો છો કે ડગલે પગલે ભુલો કરી છે. જેને લગતી ચોખવટ કરવા ધારે તો મોટો ગ્રંથ લખાય પરંતુ કાગળની મોંઘવારી ધ્યાનમાં લઈ કેટલીક બાબતો આપે હાથ ધરી નથી એ કેમ જાણે અમારા ઉપર મોટો ઉપકાર કર્યો ન હોય એમ આપનું ધારવું છે. કણબી બંધુ ફકીરભાઈ મને આએ તમારા લખાણ ઉપર પુષ્કળ હસવું આવે છે. અને જવાબમાં તમને શું લખવું એ મોટો વિચાર થાય છે. હૃદયને કાબુમાં રાખી તમને તમારા લખાણનો જવાબ આપવાની જે ફરજ ઉભી થઈ છે તે કાગળની મોંઘવારી હોવા છતાંએ આપવો પડે છે. કચ્છના કણબીઓનો વિસ્તાર એ ઉપર આપનાથી એક અક્ષર પણ લખાય એવો માર્ગ આપના માટે છે નહીં અને તમે જે બુક લખી સતપંથ અથવા પીરાણા પંથને હિન્દુ ધર્મ છે એમ મારી મચડીને ગીતા અને શ્રુતીઓના શ્લોકો ટાંકી બતાવવા જે પ્રયત્ન કર્યો છે તે માત્ર સ્વપ્નવત છે. કેવળ વખતનો ભોગ અને થોડા પૈસાની બરબાદી કરવા સિવાય નફામાં તમે અમારો જવાબ પ્રાપ્ત કર્યો છે. કાગળની મોંઘવારીની દલીલ આપની ખોટી છે. તમારો પક્ષ કરનાર તમારી પાછળ પુષ્કળ પૈસા ખર્ચ કરનાર સતપંથ પ્રકાશક મહામંડળ છે. જે મોટાં મોટાં ઈનામો જાહેર કરે છે. તેમને બે પાંચ રૂ. જો આપે વધુ લખ્યું હોત તો ખર્ચ થાય તેથી મંડળને શું ટોટો આવી જતો હતો? નામદાર પીરજાદા મીર પ્યારે સાહેબ પોતાના સતપંથના પુસ્તકો લખાવવામાં અને છપાવવામાં સેંકડો રૂ. ખર્ચે છે તો આપના તરફથી પાંચ રૂ. વધુ ખર્ચ કરવા પડત તો નામદાર પ્યારે સાહેબને ભારે પડત નહીં એવું મારૂં ખાસ માનવું છે. પરંતુ ખરી રીતે આપ કંઈ લખી શકો એવું કશું આપના હાથમાં ન હોવાથી આપે લખવું બંધ કર્યું છે અને લેખને અપૂર્ણ રાખ્યો છે. હું પણ મારો લેખ આટલેથી જ બંધ કરૂં છું. વળી આપ લખશો અને જવાબ દેવા યોગ્ય હશે તો આપની સેવા ઉઠાવવા સેવક તત્પર રહેશે.

પટેલ ફકીરભાઈ ગોપાલદાસને છેવટની એક વિનંતી :-- આપ પીરાણા ધર્મનું અથવા સતપંથ ધર્મનું તે ધર્મ હિન્દુ ધર્મ છે એવું રક્ષણ કરવા માંગો છો અને જેવી રીતે પોલંમપોલ ચાલે છે તેવીજ રીતે ચાલે તેમ ઈચ્છો છો અને તેટલા જ માટે આપ સતપંથના ઉપદેશક તરીકેનું આપનું જીવન ગાળો છો. પરંતુ બંધુ તે હવે અશકય છે. જમાનો

આગળ વધતો જાય છે તેમજ દરેક જ્ઞાતિઓમાં દરેક ધર્મના પંથોમાં સુધારાવધારા થતા જાય છે. તેવી જ રીતે પીરાણા ધર્મના માટે બને તો તે અયોગ્ય નહીંજ ગણાય. કચ્છમાં પીરાણા ધર્મના માટે હવે લોકો સમજતા થઈ ગયા છે. શુદ્ધ કણબીઓ સનાતન હિન્દુ ધર્મને સમજતા થતા જાય છે. પીરાણા ધર્મના ખાનામાં ભાગવત રામાયણ અને મહાભારતના પ્રાચીન હિન્દુઓના ધર્મશાસ્ત્રો વંચાય છે. જ્યાં સૈયદોને ઉતારા આપવામાં આવતા હતા તે સૈયદોને કચ્છમાં આવતા બંધ કરવામાં આવ્યા છે અને તે જગ્યામાં સાધુ સન્યાસીઓ ઉતરે છે. ખાનું એવાં નામ સરનામા પીરાણા પંથીઓ હવે જ્યોતિધામ એવા નામના પાટીયાં લગાડે છે.આટલું વાતાવરણ બદલ્યું છે. આપ હજુ અંધારામાં છો. પીરાણે દર સાલ જે કોરીઓ જાય છે તેમાં પણ ઘણા ગામના લોકો તે પૈસા પીરાણે ન મોકલતાં ત્યાંજ તેની યોગ્ય વ્યવસ્થા કરવા માગે છે. અને આપ વધુ કહેવા દેઓ તો કહીશ કે પીરાણા ધર્મના રક્ષક કાકાઓએ ખાસ મારી રૂબરૂ તેમજ કચ્છના પીરાણા પંથી કણબીઓને હિન્દુ તરીકે ઓળખાય તેટલા માટે મરણ વખતે અગ્નિસંસ્કાર અને લગ્ન વિધી બ્રાહ્મણોના હાથે ચોરી બાંધી વૈદિક વિધિસર કરવા ભલામણ કરે છે. મારો પોતાનો ખાસ અભિપ્રાય તથા લાગણી બાવા ઈમામશાહ તથા કબીરદીન-સદરદીન સાહેબ પ્રત્યે પૂજ્ય ભાવથી છે કારણકે તેઓ કરામતવાળા પીર હતા. દરેક હિન્દુઓ મુસલમાની પીરને માનની લાગણીથી જુએ છે. તેમજ હું પણ તેઓને જોઉં છું. પરંતુ મારે વાંધો એટલો જ છે કે તેઓ શક્તિવાળા હતા અને હિન્દુઓએ પૂજ્ય ભાવથી માન આપ્યું તો પછી ધર્મ પળાવવામાં જો તેઓએ મુસલમાની ઉપદેશ કર્યો હોત તો કોઈપણ પ્રકારની તકરાર નહોતી. આ અધવચમાં લટકાવી રાખ્યા છે. જેથી બીજી અન્ય જ્ઞાતિઓમાં જે શરમાવું પડે છે અને નીચું જોવું પડે છે તે ન થાત. સતપંથ કે પીરાણા પંથના ધર્મગુરૂઓ અને આપ જેવા ઉપદેશક પણ સત્ય વાત પોતાના સેવકોને જણાવતાં નથી. જેથીજ આ તકરાર ઉભી થાય છે.

થોડા દિવસો ઉપર નામદાર આગાખાને પોતાના હિન્દુ સેવકોને ખાસ કહી દીધું હતું કે તમે દૂધમાં અને દહીંમાં પગ રાખો છો તે ઠીક નથી. જો તમારે આગાખાની ધર્મ ઠીક ન લાગતું હોય તો તે છોડી દેવો અને જેને ધર્મ પ્રિય હોય તેમણે મુસલમાનીપણું અંગીકાર કરવું. જે ઉપરથી ઘણા હિન્દુઓએ પોતાના નામ જે ગુલાબભાઈ હતું તે ગુલામઅલી ઈત્યાદી ધારણ કરી શુદ્ધ ભાવથી આગાખાની ધર્મ પાળે છે અને ઘણાં જણાઓએ પ્રાયશ્ચિત કરી હિન્દુ ધર્મમાં દાખલ થયા છે એ વાત આપના ધ્યાન બહાર નહીં હોય. આતો ન હિન્દુપણામાં તેમ ન મુસલમાની પણામાં. અધવચ્ચે લટકવું, હિન્દુ છતાં મુમના તરીકે ઓળખાવું એ બીલકુલ ઠીક નથી. કચ્છના કણબીઓ હવે છડેચોક ખુલ્લા હૃદયથી કહે છે કે પીરાણા ધર્મ પાળવાથી તેમજ મુમના કણબી તરીકે કોઈ કહે છે તો તેમને ગાળ દીધા બરાબર લાગે છે માટેજ હું સુધારો કરવા આપને કહું છું. ઘણા દિવસો થયા મને પીરાણાના કાકા તરફથી સુચના રૂબરૂમાં કરવામાં આવી હતી. તેમજ કચ્છના પીરાણા પંથી કણબી આગેવાનો તરફથી પણ લેખીત સુચના કરવામાં આવી હતી. અને તે નમ્ર ભાવે કે પીરાણા ધર્મ તમને પ્રિય નથી તો તમે ભલે તેનો ત્યાગ કરો પરંતુ વિશેષ કંઈ લખીને બહાર પાડવાથી અમારા ધર્મની નિંદા થાય છે. જેથી તમારે કશું લખવું નહીં એટલી મહેરબાની કરશો. આ વિનંતીથી મેં ઘણા દિવસ થયાં લખવું બંધ કર્યું હતું. પરંતુ દૈવયોગે આપના લખેલા પુસ્તકમાં મારી જાતની અંગત ટીકા કરવામાં આવી છે અને તે દરગુજર કરીએ તો ચાલે. પરંતુ જવાબ ન આપવાથી દુનિયાની નજરમાં સત્યાસત્યનો નિર્ણય લટકતો રહે. તેથી જવાબ આપવાની ઉભી થયેલી ફરજ હું અદા કરૂં છું અને સાથે સાથે

૧. પટેલ ફકીરદાસ ગોપાલદાસને જવાબ - દી. 11-July-1918

આપને પણ વિનંતી કરૂં છું કે ફરી આવી પંચાતમાં ન ઉતરાય તો સારૂં. આપ ખચીત માનજો કે પીરાણા ધર્મને આપ હિન્દુ ધર્મ તરીકે કોઈપણ રીતે સિધ્ધ નહીંજ કરી શકો. છતાં આપની આતુર ઈચ્છા હોય તો મારી કોઈ પ્રકારે મનાઈ નથી. હું વાદવિવાદ કરવા તૈયાર છું. આપ કોઈપણ હિન્દુ આચાર્યમાંથી જેવા કે જગતગુરૂ શંકરાચાર્ય, વલભી સંપ્રદાયના આચાર્ય, સ્વામીનારાયણ ધર્મના આચાર્ય, વૈદિક ધર્મ પ્રચારક આર્ય ધર્મના આચાર્ય કોઈનું પણ આપ સર્ટીફીકેટ રજુ કરશો કે આએ સતપંથ ધર્મ હિન્દુ ધર્મ છે અને તે ધર્મના સેવકો હિન્દુ કહી શકાય. તો મારે કોઈપણ પ્રકારે વાંધો નથી. હું જે હાલે વૈદિક ધર્મની રીતે ઉપવીત અંગીકાર કરી સંધ્યા ગાયત્રી ઈત્યાદી કર્મ કરૂં છું તે છોડી દઈ ફરીથી સતપંથનો સ્વીકાર કરીશ. આપની માફક ફકીર નામ ધારણ કરી જીંદગી પર્યંત આપનો સેવક થઈ રહીશ.

Online Text Based
(can use for translation)

Source Document

શું સદગોર નહીં જાગે ?

પીરાણાની ગાદીના અધ્યક્ષ કાકા લક્ષ્મણ કરમશીને કચ્છના કડવા કણબી જ્ઞાતિના આગેવાન ગેઢેરાઓ અને પીરાણાના કહેવાતા હરિવંશી સૈયદો જોગ :-

જત લખવાનું કે આપ મહાત્માઓ આજે આખા કચ્છ દેશને કાનમાં જાલી જુલાવી રહ્યા છો અને મોજ મજા ઉડાવી રહ્યા છો તેને જોઈને "દે દાતાર ને પેટ કુટે ભંડારી" તે મુજબ આપણા મુંબઈવાસી અને કચ્છ વિરાણીવાસી યુવક બંધુઓ આપની સત્તાને તોડવા પ્રયત્નો કરી રહ્યા છે તે એટલે સુધી કે તેનું વર્ણન કરતાં અમારી કલમ કંપે છે. પણ કહેવા વગર અમારાથી રહી નહિ શકાવાથી આપ મહાશયોને જણાવીએ છીએ કે :-

પ્રથમ તો અમારે પીરાણાના હરિવંશી સૈયદોને કહેવું જોઈએ કે તમો તો હવે એકદમ મુન ગ્રહણ કરીને બેસી રહ્યા છો તેનું કારણ શું? અમને તો તેનું કારણ કંઈ વિચિત્ર લાગે છે. કહ્યું છે કે "સાચતો ઉભી નાચ" તેથી તમો જો ખરા હરિવંશી બ્રાહ્મણ હો ને માંસ આહાર ન કરતા હો ને શુદ્ધ સનાતની અર્થવ વેદ મુજબ વરતતા હો તો તમારી સત્યતા બતાવો અને જાહેરમાં આવીને અમારી જ્ઞાતિના આગેવાન ગેઢેરાઓ જેઓ આપના શિષ્યો છે અને જેણે આટલા દિવસ તમારા વચનો ઉપર વિશ્વાસ રાખીને જે નીચ કૃત્યો કરી રહ્યા છે અને તમારા પેટો ભરી રહ્યા છે તેની આબરૂની ફજેતી ઘરો ઘર ગવાઈ રહી છે તેને બચાવો અને બચાવવા મદદ કરો. કાં સંતાઈને બેઠા છો? જો કદી તમો હરિવંશી બ્રાહ્મણો ન હો ને સનાતની અર્થવ વેદ મુજબ ન વરતતા હો અને માંસાહાર કરતા હો તો (કરો છો જ) કહો કે અમો હરિવંશી તો શું પણ એક શુદ્ધ હિન્દુ પણ નથી. અમો તો ચોખ્ખા મુસલમાન (યવન) છીએ અને વેદ તેમ કુરાનથી વિમુખ વર્તનારા છીએ. તેથી તમોએ અમારી વાત ઉપર આટલા દિવસ વિશ્વાસ રાખ્યો પણ હવેથી અમારા ઉપર આધાર રાખવો મુકી દીધો. કારણ કે અમો કોઈ પણ માણસ અને તમારા સુધરેલા ભાઈઓને કાંઈ પણ જવાબ આપી શકીશું નહિ એવી ખુલાસાવાર છાપા દ્વારા ખબર ફેલાવો કે જેથી તેઓ તો બિચારા પોતાનું સંભાળે અને સુધારાવાળાની પાછળ કોદાળી અને પાવડા ઉપાડેલ છે તે તો મુકી દે અને પોતાનો જે ધર્મ (વેદધર્મ) તે પાળીને શુદ્ધ કડવા કણબી તો થાય તેથી અમો તમોને વિનંતી કરીને કહીએ છીએ કે તમારાથી તો અમારા સુધરેલા ભાઈઓને કંઈ પણ જવાબ આપી શકાશે નહિ એવી અમોને ખાત્રી છે માટે નાહક અમારા ભોળા હૃદયના વડીલોને આંધળા બનાવી ખાડામાં કાં નાખો? ને તેની પવિત્ર ઈજ્જતને ઘરોઘર કાં વગોવાવો છો ? હવે તેનો કેડો મુકી દીઓ ને જો નહીં મુકો તો અમારા વિશ્વાસુ વડીલોએ જે આટલા દિવસ સુધી તમારા વચનો ઉપર વિશ્વાસ રાખ્યો છે તેનું વિશ્વાસઘાતનું પાપ થાશે તેનું ફળ ને આજ દિવસ સુધી તેઓ પોતાના ખરા ઈષ્ટદેવથી વિમુખ ચાલ્યા છે તેનું ફળ અને પોતાના ગરીબ ભાઈઓ ઉપર જુલ્મ ગુજાર્યો તેના પાપનું ફળ તમોને ભોગવવું પડશે.

૨. શું સદગોર નહીં જાગે? - દિ. 01-Jul-1920

અમારા વહાલા આગેવાન ગેઢેરાઓ અને પીરાણાના કહેવાતા ભક્તરાજો હવે તો તમારા ગોરને જગાડો અને પીરાણા પંથનો બચાવ કરાવો નહી તો પછી પસ્તાવું પડશે. કદી આપ તે સતગોરને જગાડી ન શકતા હો તો તેના ગાદીપતિ કાકા લક્ષ્મણને કહો કે તે જગાડે. અરે કાકા શ્રી તો ધન ભેગું કરવાના કામમાં રોકાણા છે કેમકે કહ્યું છે કે :-

ઘર ઘરમેં જર હય તો, તો દુનિયામેં લહર હય,
વિના જરકી જિંદગાની, કાતીલ ઝહર હય.

તેથી તેઓ મિલોના શેર સટ્ટામાં, લીમીટેડ કંપનીઓના ડાયરેક્ટર (ભાગીદાર) થવામાં, બેંકોમાં હિસાબ કરવામાં અને મોટરોની ખરીદી કરવામાં રોકાણા છે તેથી તેઓ પણ જગાડી શકે તેમ નથી. કદી પીરાણાના ભક્ત મંડળ જગાડે તો તે પણ પોતાના શિષ્યોને આડું ઉંધું સમજાવવામાં રોકાઈ ગયા છે તેથી તેને પણ કહી શકાય તેમ નથી. તો પછી આપ જ્ઞાતિ આગેવાન ગેઢેરાઓ જગાડો પણ આપને પણ ફુરસદ મળતી નહી હોય કારણ કે આપના ઉપર પણ એક મહા મુશ્કેલીનો ધંધો ખડો છે. તે એક બિચારા ગરીબ જ્ઞાતિ બંધુઓને મારીઝુડી દંડ કરી, નાણાં ભેગાં કરીને કાકાશ્રીને આપવા અને સાથે પોતાના પાપી પેટ ભરવા તેથી તમો પણ જગાડી શકો તેમ નથી. તો શું થયું? પીરાણા પંથી ગોર પોતે તો અંતરયામી છે તો તે શું નહિ જાણતા હોય ને તે જો જાણતા હોય તો પોતે કાં ન જાગે ને પોતાના ભક્તોને સહાય કાં ન કરે. અરે તે પણ બિચારો કરે શું કે તેનો કાંઈ ઉપાય નથી કારણ કે તેના પુજારીઓ અને ભક્તો તો ખાલી જગતને ધુતવામાં જ પુરા છે. બિચારા પીરાણાપંથી ગોરને તો કોઈ પુછતુંય નથી કે તમો ક્યાં પડ્યા છો તેથી તે બિચારા પોતે એવી કુંભકરણની અઘોર નિંદ્રા લઈ સુતા છે કે તે કોઈ પણ ઉપાય કરે પણ જાગે તેમ નથી. અરે હોય ! ત્યારે શું સદગોર નહિ જાગે ! ના, જાગશે તો ખરા પણ જ્યારે પીરાણાના અધ્યક્ષ કાકા લખમણ અને જ્ઞાતિ આગેવાનો સત રસ્તે ચાલીને પોતાના અનુયાયીઓને તેના ખરા ઈષ્ટ દેવની ઓળખાણ કરાવશે અને પીરાણા પંથના સતશાસ્ત્રોનો સત બોધ કરશે ત્યારે હાલ તો ભલે કાકાઓ સૈયદો અને પેલા પીરાણાના અંધશ્રદ્ધાળુ ભક્તો માથા કુટી કુટીને મરે અને આખી રાત અને દિવસ નુર પીધા કરે અને નુરનામા, બાજનામા પડ્યા કરે પણ કશું વળવાનું નથી અને ખાલી જગતની નજરે ચડીને ફજેત થવાનું છે. તેથી બંધુઓ તમો પીરાણા પંથ ધર્મ અનુયાયી થયા છો તો તેના મુળ સિદ્ધાંત સમજ્યા વગર જેટલી બકવાદ કરશો તેટલી સર્વે નકામી છે તો ખાલી અંધશ્રદ્ધા રાખવી મુકી દીયો અને તમો શુદ્ધ કડવા કણબી હો તો પોતાના ખરા ઈષ્ટ દેવની શોધ કરો અને કમર કસો. પોતાના સ્વરૂપો ઓળખો અને મુસલમાન યુવનોનો સંગ મુકો અને પોતાના ખરા ધર્મને ઓળખો કે જેથી તમારા કામની અંદર વિઘ્ન આવતા અટકે અને નિર્વિઘ્ને તમારું કામ પુરણ થાય.... અસ્તુ.

લી.શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ

તા.૧-૭-૧૯૨૦ **ઠે.રણછોડ લાઈન દેશલ બજાર - કરાંચી.**

<u>હિતેચ્છુ પ્રેસ - કરાંચી</u>

ॐ

"सत्याननास्ति परो धर्मः।"

પવિત્ર વેદધર્મનો પ્રકાશ
અને
પીરાણા સતપંથનાં પાખંડ !

સૈયદ બાવાસાહેબ અહેમદઅલી ખાકીના
પ્રેમોદ્‌ગારનો સ્નેહ સત્કાર !
તથા
સત્યશોધક ધર્મબંધુઓને વિજયમાળ !

"धर्मस्य त्वरिता गतिः॥"

લેખક અને પ્રકાશક
પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાકટર
(કચ્છ વીરાણીવાળા) હાલ ઘાટકોપર (થાણા)

મુલ્ય -
નિષ્પક્ષપાત ન્યાય અને સત્યનું શોધન

સુરત બરાનપુરી ભાગળ ઉપર આવેલા
શ્રી અનાવિલબંધુ પ્રિન્ટીંગ પ્રેસમાં ગોવિંદજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યું.

Online Text Based
(can use for translation)

Source Document

૩. પીરાણા સતપંથના પાંખડ - વર્ષ 1921

સઘળા સત્યશોધક અને સત્યપ્રેમી સજ્જનોને આ ઉલ્લેખનું ઉદ્દેશદર્શક નિવેદન

પૂજ્ય સ્વધર્માભિમાની આર્યબંધુઓ ! ઈશ્વરી 'સત્ય' ને ચાહનારા સજ્જનો તથા વ્હાલા કચ્છી કડવા પાટીદાર ભાઈઓ,

આ ચર્ચાત્મક લેખ આપની સેવામાં હાજર કરતી વખતે આપ સર્વને સવિનય નિવેદન કરવાનું કે પરમકૃપાળુ પરમાત્મા અને પવિત્ર માતાજી ગંગાજીને પ્રતાપે જ આ બરાબર વખતસરની ચર્ચા ઉભી થઈ ગઈ છે. માતા ગંગાજીની કૃપાથીજ બનાવટી ગંગાનું નવું પાખંડ ઉભુ કરવાનો પીરાણા સતપંથી કાર્યવાહકોને પ્હાનો ચ્હડી આવ્યો છે. કહેવત છે કે જ્યારે ઘો મરવાની થાય ત્યારે જ વાઘરી વાડે જાય છે. અને માણસ જ્યારે મોતની નજીક આવે ત્યારે જ બુદ્ધિ બગડી જાય છે. બીજી કહેવત છે કે **"વિનાશકાળે વિપરીત બુદ્ધિ"** એ ન્યાયે પીરાણાના પુન્યો પરવારેલાં હોવાથી તેમને આવું એક હડહડતું પાખંડ ઉભુ કરવાનો હાલ ઉભરો ચડી આવ્યો છે. એ પાખંડી પીરાણા સતપંથની જાળમાં અજ્ઞાન કે અંધશ્રધ્ધાથીજ પૂર્વના પાપે ફસાઈ ગયેલા બિચારા ભોળા હિન્દુભાઈઓને જાગુત કરવા માટે અને પવિત્ર હિન્દુજનતાને એ જીદ-પાશમાંથી છોડાવવા માટેજ કલિમહારાજે એ પાખંડીઓને કુબુદ્ધિ સૂઝાડેલી જણાય છે. એથી જ આજે સત્યધર્મ તેમજ સત્ય કર્મને શોધવા તેમજ ઓળખી લેવાનો, લાગતા વળગતા સર્વ ભાઈઓને આ ઉત્તમ પ્રસંગ અને સોનેરી સમય પ્રાપ્ત થયો છે. પરમાત્મા આપણ સર્વને તેનો લાભ લઈ લેવાની સુબુદ્ધિ આપો.

વિશેષ અમારી ખાત્રી છે કે આ મહત્વની ચર્ચાથી પ્રપંચીઓના પાપ અને પીરાણાના પોગળ પ્રકાશમાં આવશે અને કાવત્રાબાજોની કપટજાળમાંથી અમારા ઉદાર અને ભલા-ભોળા કડવા પાટીદાર બંધુઓ હંમેશને માટે છુટા થશે. અમારી એ માન્યતા પ્રમાણે જો આ પ્રયત્નથી   અમારી જ્ઞાતિ એ મહાપાતકમાંથી મુકત થશે. તો આપણ સૌને હજારો ગાય છોડાવ્યાનું અને પવિત્ર હિન્દુ ધર્મનું વખતસર રક્ષણ કરવાનું મહાન પૂણ્ય પ્રાપ્ત થશે.

આ વખતે મારે તો એ પ્રપંચી લોકોનો પણ ખાસ આભાર માનવો જોઈએ. કે જેમણે પીરાણામાં ગંગાજી પ્રગટ થવાની ગપથી આ અમૂલ્ય પ્રસંગ અમને મેળવી દીધો છે અને દયાળુ પરમાત્મા પણ જે કાંઈ કરે છે તે જગતના કલ્યાણ માટે તેમજ અજ્ઞાન લોકોને સત્ય સમજાવવા માટે જ કરે છે. એટલે આ ચર્ચાનો વિષય અમને આજે અહોભાગ્યથી જ પ્રાપ્ત થયો હોય તેમ લાગે છે.

અને આપ સર્વ આત્મબંધુઓને પણ શરૂઆતમાં મારી નમ્રતાપૂર્વક ખાસ વિનંતી છે કે હિન્દુ જાતિની આ મહાન સેવાના તેમજ અમારી વિશાળ કડવા પાટીદાર જ્ઞાતિના ઉધ્ધારના આ મહત્વના સવાલની રસભરી ચર્ચામાં આપ સર્વભાઈઓ પણ રસપૂર્વક ભાગ લઈને ધર્મ-સેવાનો અને આત્મકલ્યાણનો મહાન લાભ ઉઠાવો, તેમજ આ ચર્ચા સબંધી આપમાંથી કોઈને જે કંઈ શંકા રહેતી હોય કે સૂચના આપવી યોગ્ય જણાતી હોય તે શુદ્ધ હૃદયથી મને આપીને આ ધર્મ અને જ્ઞાતિ સેવાને આભારી કરશોજી.

હું છુ આપ સર્વનો શુભચિન્તક સેવક
પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાકટર
(કચ્છવીરાણીવાળા) - ઘાટકોપર

પવિત્ર વેદધર્મના ખરા વિરોધી કોણ ?

અને

"સતપંથ" નામધારી બનાવટી વેદધર્મનો પોગળપ્રકાશ !

પીરાણા " સતપંથ " માં છુપાયેલુ હળાહળ ઝેર !

આ લેખ બરાબર ધ્યાનપૂર્વક વાંચવાથી આપને સ્પષ્ટ સમજાશે કે બાવા ઈમામશાહે ચલાવેલો, પીરાણા સતપંથ, એજ સાચો વેદ ધર્મ હોય એવો ખોટો ડોળ ઘાલીને કબ્રસ્તાની મામદા હિન્દુ પંથવાળા કેટલાક સૈયદો અને કાકાઓ વગેરે અર્ધદગ્ધ લોકો ભોળા હિન્દુઓને કેવી રીતે ઠગે છે,વટલાવે છે અને ઉંધે માર્ગે દોરી જાય છે. તેની અનેક વખત વિસ્તારથી પ્રપંચ પોલો ઉઘાડીને અમે કેટલાક લેખો અને પુસ્તકો આજ સુધી પ્રગટ કર્યા છે. માત્ર એટલુંજ નહીં પણ એ પ્રપંચી પંથ જો ખરો વેદધર્મ કે હિન્દુધર્મ છે એવું તેઓમાંનો કોઈ સાબિત કરી આપે તો તેને રૂ. ૧૦૦૦૦/ દશ હજારનું ઈનામ આપવાની અમે જાહેર પત્રોમાં ચેલેન્જ કરેલી છે. છતાં પણ એ પંથનો કોઈ પણ કાંધીયો પોતાની સચ્ચાઈ પૂરવાર કરવાને આજસુધી બહાર આવ્યો નથી. એજ સાબિત કરી આપે છે કે ખોટા ડોળઘાલુના જુઠાણા તેમજ ભોળા લોકોને ઠગવાની ઉંડી લુચ્ચાઈ ભરેલા ધતિંગો સિવાય એ ખીચડીયા પંથમાં બીજું કંઈજ સત્ય તત્વ નથી.

કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ બંધુઓને એક નમ્ર અરજ

આ બધી હકીકત જગજાહેર હોવા છતાં હજુ પણ મારા કેટલાંક કચ્છી કડવા પાટીદાર બંધુઓની આંખો ઉઘડતી નથી અને એ પાખંડી પંથના પાપી પાસલાઓમાંથી તેઓ છેકજ છૂટા થઈ શકતા નથી. એ જોઈને મારા જેવા એક જ્ઞાતિ-માતાની લાગણીવાળાના હૃદયમાં કેવો દાહ થતો હશે, તે એક પરમાત્મા જ જાણે છે. મને અફસોસ તો એટલો જ થાય છે કે અમારા ઘણાં સમજુ કડવા પાટીદાર બંધુઓ જેઓ કચ્છ બહાર વસે છે. સુધરેલી સમાજના જાહેર જીવનમાં પણ પોતાની ફરજ સમજી રસપૂર્વક ભાગ લે છે અને એ પ્રપંચી પાપી પંથની કપટકળાને પૂરેપુરી જાણી ગયા છે. તેઓમાંના કેટલાક પણ હજુ સુધી પોતાની જાહેર હિંમત બતાવીને એ મેલડીના વળગાડમાંથી મુક્તિ મેળવી શકતા નથી. તેઓ એમ માને છે કે નાત સાથેજ રહીને અમે ધીરે ધીરે સુધારો કરતા જઈશુ અને ક્રમે ક્રમે આપણા પવિત્ર ધર્મક્ષેત્રમાં પ્રવેશ કરશું. પણ તેમને ભાન નથી કે આવી શિથિલતા અને મોળાપણાથી તો આપણા હૃદયનો ધાર્મિક જુસ્સો કાળે કરીને મરી જાય છે અને આપણી સંખ્યામાંથી પણ **આશાભર્યા અનેક જીવડાઓ ખપી જતાં, કળકળતાં કાળજાની ખરી દાઝ અને કાળજીવાળા સમજુ કાર્યકર્તાઓ દિવસે દિવસે ઓછા થતા જાય છે.** માત્ર એટલુંજ નહીં પણ આપણી બેદરકારી અને ઢીલનો લાભ લઈને એ પ્રપંચી સતપંથના કુટિલ કાંધીયાઓ પોતાના દાવપેચ અને કાવાદાવા આગળ વધારતાજ જાય છે અને પોતાની જાળમાં ભોળા હિન્દુ સેવકોને વધારે મજબુત રીતે જકડી રાખવાની અનેક છળભેદભરી યુક્તિઓ કરતા જ રહ્યા છે. બનાવટી ચમત્કારો બતાવીને, બેહેસ્તની ખોટી લાલચો આપીને તેમજ જાહેર કે આડકતરી રીતે લાંચ-રૂશ્વત વડે

દેશના ગઢેરા અને મુખી લોકોની મારફતે દબાણ ચલાવીને તેઓ પોતાના હાલ દિવસે દિવસે તુટવા લાગેલા આકડાના માંડવાને - સડેલા વાંસના તકલાદી ટેકાઓ આપી રહ્યા છે.

"સતપંથ"નો શયતાની જુલમ

એ બધું ઉપર જણાવેલા સમજુ અને સુધરેલા કડવા પાટીદારો હજી સુધી આંખો સામે જોઈ અને સહી રહ્યા છે. એ કેટલી અફસોસની વાત છે ? અરે! બંધુઓ ! તમારી ધર્મભાવના, તમારી લાગણી, તમારા વચનો અને તમારા નિશ્ચયનું બળ કયાં ગયું ? તમે આ ઠગાઈ અને જુલમ હજી કેમ સહન કરી રહ્યા છો ? તમે દેશમાં જાઓ ત્યારે એ ઢોંગી અને પાખંડીઓ તમારી પાસેથી ટેકસ અને લાગાનો દંડ લીધા વિના તેમજ તમને તન-મનથી ભ્રષ્ટ કરનારી ગટરના ગંદવાડ જેવી મલીન અને ગંધાતી અમીની ગોળી પીવરાવ્યા વિના, સગા-કુટુંબ, મા-બાપ, ભાઈ-બહેન કે ઘરની સ્ત્રી અને બાળબચ્ચાઓ સાથે પણ તમને મળવા દેતા નથી. આવો પશુઓ પણ ન વેઠી શકે, એવો ત્રાસ તેઓ વરતાવી રહ્યા છે અને તમે તે મુંગે મોંઢે વેઠી રહ્યાછો ! એ કેવી દુઃખની વાત છે.

એટલું જ નહીં પણ જે પવિત્ર વેદનું નામ દેવાનો શુદ્રોને સુધ્ધા અધિકાર નથી, એ વેદની જગજાહેર રીતે ઠઠ્ઠા મશ્કરીઓ કરીને, વેદને નામે મુસલમાની કલમા અને દુવાનું કલ્પિત કચુંબર પઢાવે છે. સતપંથની સંધ્યા, સતપંથના યજ્ઞ, હોમ, ગાયત્રી જપ વગેરે વગેર હડહડતા જુઠાણાં ચિતરી કહાડી, તેમને ધર્મવિધિ અને ધર્મ પુસ્તકો તરીકે ઘુસાડી દે છે. અને **ઘટ પાટ તેમજ એવીજ બીજી કપોળકલ્પિત કુટિલ ક્રિયાઓ કરાવી નિર્લજ નફટાઈથી આપણને પણ નકટા બનાવીને જગતની હાંસી અને નિંદાને પાત્ર ઠરાવે છે;** જેથી એ પ્રપંચી સતપંથ પાળવા માટે આપણા સુધારક ભાઈઓ પણ ઠામ ઠામ હડધુત થાય છે અને બીજી બધી હિન્દુકોમોના અપમાન અને તિરસ્કારની જયાં જયાં જાય ત્યાં પડતાલ સહન કરી રહ્યા છે. એ શું ઓછી શરમની કે અફસોસની વાત છે ? ચેતો, ચેતો, વ્હાલા બંધુઓ ! એ મહાપાપની ફાંસીમાંથી હવે તો પ્રભુની ખાતર અને જ્ઞાતિમાતા તથા દેશના હિતની ખાતર છૂટા થાઓ.

આપેલ પવિત્ર વચનોની યાદી

બંધુ, પરિષદ વચ્ચે તેમજ અનેક મિત્રો અને ભાઈઓની સામે તમે કરેલી પ્રતિજ્ઞાઓ પાળી બતાવી. પવિત્ર પાટીદાર જ્ઞાતિનું હવે તો પાણી રાખો. વ્હાલા ભાઈઓ ! એકવાર યાદ કરો, સભાસદ થતી વખતે તેમજ જાહેરમાં ભાષણો કરતી વખતે, તમે હૃદયની ખરી લાગણી બતાવીને, અમુક દિવસોમાં કે અમુક મહિનાઓમાંજ નાત અને સગાઓને મળ્યા પછી તરત જ એ મહાપાતકમાંથી મુકત થવાનો ધર્મપૂર્વક તમે નિશ્ચય કર્યો હતો અને પરિષદના પીરાણા સતપંથને જડમૂળથી ઉખેડી નાખવાનો ઠરાવ, તમે એ ઠરાવપત્રક ઉપર સહી કરીને સ્વીકાર્યો હતો. એ વાતને આજે લગભગ પંદર પંદર મહિના વીતી ગયા છે, છતાં આળસ અને બેદરકારીથી અથવા શરમ કે દબાણથી, તમો એ પવિત્ર વચન, ફરજ અને પ્રતિજ્ઞાઓને હજી પાળી શકયા નથી. ત્યારે વિરોધીઓ તો પોતાની કપટની કરવત અંદર ને અંદર ચલાવતા રહી મકકમ પગલે આપણી સુધારક હિલચાલના મૂળો કાપવાને મહાભારત માથાફોડ કરી રહ્યા છે. અરે, આપણા પવિત્ર વેદ, દેવ દેવીઓ અને ધર્મશાસ્ત્રોનો તેઓ ભયંકર દ્રોહ કરી રહ્યા છે અને પૂજ્ય રૂષિ-મુનીઓ, દેવો, બ્રાહ્મણો તેમજ હિન્દુ ધર્મ પાળનારા આપણા સર્વ ભાઈઓને પણ છડેચોક ગાળો સંભળાવી રહ્યા છે. તે તમે કયા હૃદયથી સાંભળી શકો છો ? શાસ્ત્રો તો કહે છે કે **વેદ અથવા**

દેવતાઓને ગાળો દેનાર અથવા તેમનું અપમાન કરનાર પાખંડીની જીભ જ ખેંચી કાઢવી જોઈએ. એ જાણવા છતાં કેમ જાગતા નથી ? અરે ! આપણને તેમજ સતપંથી સિવાયના બધા હિન્દુ અને અન્ય ધર્મીઓને **"વર્ણશંકર"** કહી ગાળો દે, તે છતાં તમો હજી જાગતા નથી અને એવા પાપીઓના ખોટા દબાણથી હતાશ થઈને તમારા પવિત્ર વચનોને કેમ વિસારી બેઠા છો ? **વ્હાલા આત્મબંધુઓ, જાગો, જાગો, એ માંસાહારી, દુરાચારી, પરધર્મ અને પરધનને હરનારા, મુસલમાની સૈયદો તેમજ વટલીને વંઠી ગયેલા સતપંથના કાકાઓ તથા આપણી જ્ઞાતિના આપ મતલબી, દુરાચારી તેમજ જુલ્મગાર આગેવાનોની ગોઝારી ગુલામી-અરે ! રૌ રૌ નરકમાં નાખનારી એ મહાપાપની અધર્મી ઝુંસરીમાંથી હવે તો છૂટા થાઓ.** જે ગુમાની અને અર્ધમુસલમાની ગઢેરાઓ પોતે ધર્મ ગુમાવી, જેમને અડકીને પણ ન્હાઈ નાખવું જોઈએ, એવા મ્લેચ્છ સૈયદોના ચરણામૃત પીએ અને પીવરાવે છે. તથા તેમની ગટરમાં ફેંકવા જેવી એંઠ અને જુઠણનો પવિત્ર પ્રસાદ મનાવી પોતે ખાઈને બીજાને ખવરાવી હિન્દુજાતિનું સત્યનાશ કાઢી રહ્યા છે અને ફરજીયાત તરીકે મુડદા દાટવાના મસાણ અને કબ્રસ્તાન જેવા અપવિત્ર સ્થાનોમાં ઉજાણીઓ, જમાડવા જેવા ભૂંડા કામો કરાવે છે. આપણી જાતિના મુડદાઓને જમીનમાં દફનાવી હિન્દુના પવિત્ર શરીરોને માટીના કીડાનો ભોગ ધરાવવાનો મહાન અધર્મ ચલાવે છે. લગ્ન જેવી પવિત્ર ક્રિયામાં પણ ધર્મશાસ્ત્રની વિધિને બદલે બનાવટી મુસલમાની દુવાઓ પઢાવે છે અને ગાય-પીપળાની તેમજ વેદ દેવતાઓની પૂજાઓ તજાવી દઈ દુવા અને કલમા પઢાવી આપણને મામદા હિન્દુ - છુપા મુસલમાનો બનાવે છે. એવા ધર્મનાશના ઈજારદારોની સાથે હે પવિત્ર ભાઈઓ, તમારા જેવા સદાચારી, સમજુ અને સુધરેલા ભાઈઓને કોઈપણ જાતનો સબંધ કે સહકાર એક પળવાર પણ ન શોભે તે નજ શોભે.

વ્હાલા ભાઈઓ, આપણે તો આજ સુધી બેદરકારી અને આળસની પાપ પથારીમાં આખો મીચીને ઉંઘીએ છીએ. ત્યારે પેલી તરફ સામો પક્ષ પોતાની પાખંડ જાળ નિભાવી રાખવા આકાશ પાતાળ એક કરી રહ્યો છે. પરંતુ હજારો પ્રયત્નો કરવા છતાં પાપ અને અસત્ય ફાવી નજ શકે. એ કુદરતી નિયમ પ્રમાણે તેમની લુચ્ચાઈમાં જોકે તેઓ ફાવી શકતા નથી અને કેટલાંક સુધારકો તેમનો પીછો પકડી તેમના પાપપ્રપંચો ઉઘાડા પાડી, તેમને હરાવી-હંફાવી-જગતમાં ફજેત ફજેત કરી રહ્યા છે. તો પણ હરામનો ચસરકો લાગેલો, એટલે હરામખોરી કરવાની પરંપરા પડેલી તેમની ટેવ ટળતી નથી અને એની પૂંછડી સેંકડોવાર મરડીને સીધી કરવા છતાં હજી સીધે રસ્તે વળતી નથી.

મુસલમાન સૈયદ બાવાસાહેબ અહમદઅલી "ખાકી"નાં તરફડીયાં !

એ પીરાણા સતપંથને નામે હિન્દુઓને ધૂતી ખાનારા અને ધર્મભ્રષ્ટ કરનારા પ્રપંચી એ કબ્રસ્તાની અને ખીચડીયા પંથના કેટલાક મુખ્ય ખટપટીયા ખેલાડીઓમાંના ખાસ એક મુસલમાની સૈયદ બાવામીયાં અહેમદઅલી ખાકી હાલમાં એ સડેલા સતપંથનો બચાવ કરવાને બહાર પડયા છે. એ ખરૂં જ છે કે હરાયા ઢોરની પેઠે પારકી વાડીઓમાં ઘુસી જઈને જેમને હરામનું જ ખાવાની વંશ પરંપરાથી બુરી આદત પડી ગઈ હોય તેને સત્ય અને પ્રમાણિક માર્ગ તે શી રીતે સુઝે કે સાચી સલાહ તે શી રીતે રૂચે ?

ગંગવો કુવો અને ગંગાજીનો ગપગોળો

અમારા વિચારવાન વાચકો તો જાણે જ છે કે થોડા જ મહિના અગાઉ એવા કેટલાક હરામખાઉ અને પરવારતા સતપંથી પ્રપંચી જીવડાઓએ જગતની આંખમાં ધૂળ નાખવા માટે એક વિચિત્ર નવી બાજી ગોઠવી હતી અને પીરાણામાં ગંગાજી ફુટી નીકળવાનો બનાવટી ચમત્કાર ઉભો કરી પોતાના વિખરાઈ જતા સેવકોરૂપી ઘેટાના ટોળાને એ કબ્રસ્તાની વાડામાં પાછા પુરવાને એક નવો નાટક ઉભો કીધો હતો. પણ એ લુચ્ચાઈ અમારા જાણવામાં આવતા તરત જ અમે જાહેરપત્રોમાં તેમજ છૂટા લેખો દ્વારા તેમનો એ કુટિલ પાપનો ઘડો તડકાભેર ફોડી નાખ્યો હતો. એથી પેલા દલદલ ઘોડાની લાદ ઉઠાવનારા અને પીરાણાનો ધર્માદા ખીચડો ચાટનારા સૈયદ મી ખાકીના કાળજામાં તો ખળભળાટનો એક મહાન હિમાલય ખળભળી ઉઠયો.

શિવજીભાઈનો સપાટો

મી.ખાકીએ જ્યારે જાણ્યું કે પ્રપંચી ચમત્કારનું આ ધતીંગ ઉઘાડુ પડતા પોગળ ફુટી જવાથી અમારા ખીચડીયા ખાનાઓને કે કુકર્મના કારખાનાઓને હવે તો જરૂર તાળા જ દેવાઈ જશે અને અમારા પેટનો પાપી ખાડો પુરવાનો રસ્તો પણ હંમેશને માટે બંધ થઈ જશે. તો અમારા પીરાણાપંથી સૈયદોના તો જરૂર બાર જ વાગી જશે. કેમકે મુલમજુરી કરવા જતા પણ કોઈ ચાર આના દેવાનું નથી અને હરામના માલ મલીદા ખાધેલા એટલે મહેનતનું કંઈ કામ થવાનું નથી. માટે સાચો ખોટો કંઈક જવાબ તો ગોઠવી દેવો જ જોઈએ. વળી બીજા સૈયદો અને સેવકોએ પણ કંઈક ખુલાસો છપાવવા માટે દબાણ ચલાવ્યું. એટલે આજે સત્તર વરસે પીરાણાની પાપ જાળમાંથી ભોડુ બહાર કાઢી **"મહાન ધૂર્તબાજની પોલ"** એવા નામનું એક પંદર વીસ લીટીનું પતાકડા જેવું હેન્ડબીલનું ચીથરીયુ બહાર પાડયું. તેને અમે ઘટતી રીતે માન-પાન આપીને તરત જ વધાવી લીધું. અને ગયા મહીનામાં જ તેના એક્કે એક શબ્દનો સચોટ જવાબ અને ખુલાસો અમે પ્રસિદ્ધ કર્યો છે. અમારો એ જવાબ છપાઈને બહાર પાડવામાં થોડાક દિવસોની ઢીલ થઈ. એથી કરાંચી યુવક મંડળ તરફથી તેના સેક્રેટરી **સ્નેહી ભાઈ શ્રી શિવજી કાનજીએ પણ સૈયદ મી.ખાકીના** એ હેન્ડબીલનો દાંડીઠોક જવાબ છપાવીને પ્રકટ કર્યો. એથી તો ખાકીમીયાંના કાનના પડદાજ ઉઘડી ગયા જણાય છે. ત્યાર પછીના અમારા ખુલાસાથી તો એ સટરપટરીયા સૈયદ સાહેબનુ કાળજુ જ બંધ થઈ ગયું હોય એમ જણાય છે. એટલે 'સતપંથ' ની સત્યતા જાહેર કરવાનુ તેમનું લખાણ અમારે પૈસે છપાવી આપવાનું જણાવ્યું છતાં પણ મીંયાજીના મોઢા પર લાગેલું સીલ હજી સુધી ઉઘડયું નથી. બોલો મીયાં બોલો, જમાનો તમારા મોંમા આગળી ઘાલી પડખામાં ગોદા મારી મારીને બોલાવે છે. છતાંય તમે કેમ મિંયાજીની મીંદડી બનીને, પેલા તમારા ગંધાતા ગંગવા કુવાની બખોલના કબુતરો ભેગા પારેવડું બનીને મુંગામંતર બેસી રહ્યા છો ? બીજાને જવાબ આપવાને તો તરત જ મોઢું બહાર કાઢો છો. ત્યારે અમને જવાબ કેમ દેતા નથી ? **સદરહુ શિવજીભાઈએ** લગાવેલા સપાટાના જવાબમાં એ **સૈયદ બાવાસાહેબ ખાકીએ હાલ એક નવું ખુલાસાપત્ર** છપાવ્યું છે. તેમા અમારા નામનો પણ ઉલ્લેખ કરીને આડકતરા આક્ષેપો કરવાના તરફડીયા માર્યા છે. એથી જ આ લેખમાં ખાસ અમારે વિસ્તારથી તેનો જવાબ લેવો પડે છે. ખાકીએ પોતાના ખુલાસા પત્રનું નામ રાખ્યું છે **"વેદના વિરોધી પ્રતે પ્રેમોદ્ગાર"** એટલે એ નામ ઉપરથી જ સહજ સૂચિત થાય છે કે તે પોતાના ખીચડીયા પંથને વેદમાર્ગ જણાવવાની સીફતથી હુલડાઈ

કરે છે. અને પીરાણાની પોલો ઉઘાડનારાઓ માટે વેદના વિરોધીઓનું વિશેષણ વાપરે છે! **કેટલી બધી તુમાખી ! કેવો ધર્મ ઢોંગ ? કેવી બદમાશી ?** ઓ સૈયદમીયાં ! બસ કરો હવે બસ કરો. વેદનું પવિત્ર નામ લેવાનો પણ માંસાહારી વિધર્મીઓને હકક નથી. તમારા પાખંડી પંથ સાથે અને તમારા જેવા પરન્યાત-જાતને ભોળવી ભીખી ખાનારા ફકીરો સાથે પવિત્ર વેદ કે વેદ ધર્મને કશું લાગતુ વળગતુ કે સ્નાન-સુતક જ નથી.

હાસમી વંશ કે હરિ વંશ ?

સૈયદ બહાદુર ! તમે અને તમારા પૂર્વજો, બાપદાદે ઈસ્લામી થઈને પારકે ખોળે બેસી જઈ પોતાને હરિ વંશના કહેવરાવતા અને **હરિની ઓલાદમાં પોતાનું નામ ગણાવી,પોતાની જ માતાને પોતાને હાથે ગાળ લગાડતાં પણ તમે શું શરમાતા નથી ?** કોઈ શુદ્ધ મુસલમાન બચ્ચો તો મરતા પણ પોતાને હિન્દુ વંશમાં પેદા થયેલા તરીકે નહીં જ ઓળખાવે. અરેરે ! પાપી પેટ ભરવા માટે તો આ જગતમાં તમારા સતપંથ પ્રવર્તકો સિવાય બીજા કોઈ પણ છેક છેલ્લે પાટલે બેઠેલા હશે, તે પણ પોતાના બાપ-દાદા બદલાવીને પરધર્મી પરકોમના પુત્ર થઈ બેસવાનું સાહસ નહીં જ કરે. કહો તો ખરા, હરિના વંશમાં કયા પુરૂષનું પુત્રપદ તમારા પૂર્વજોએ શોભાવ્યું હતુ કે તમે પોતાને હરિવંશના કહેવરાવો છો ? કોઈ ઈતિહાસ કે દંતકથાનું કંઈ પણ પ્રમાણ બતાવશો કે ? વળી મી. ખાકી ! તમારા બાપદાદાઓએ હરિવંશની અટક કયા દહાડાથી ધારણ કરી ? હરિવંશ સાથે તમારો કેવો સબંધ ? તમારા પૂર્વજોમાં હરિવંશનો પહેલો છોકરો કોણ થયો ? તેનો કોઈ જાહેર ઈતિહાસ બતાવી શકશો ? અરેરે ! આવી રીતે પરધર્મ અને પરકોમનું નામ પચાવી, પરાણે પારકાં છોકરા બની જવાથી કંઈ પેટ નહીં જ ભરાય. મી.ખાકી કંઈક શરમ રાખો શરમ રાખો. માતા-પિતાની તો કંઈક આબરૂ જાળવો. હાથે કરીને હરિવંશના કહેવરાવવાથી તમને કેવી ભૂંડી ગાળ બેસે છે. તેનો કંઈ ખ્યાલ કર્યો છે ? વારૂ, તેનો તમે નિરાંતે વિચારીને ખુલાસો લખજો. હવે તમારા **“પ્રેમોદ્‌ગારની”** શરૂઆત કરતા જ તમે લખો છો કે “વીરા! એની અદેખાઈ ના કરો. સતપંથનો નાશ નહીં કરી શકો. સૂર્ય ઉપર ધૂળ નાખી મોઢું ભ્રષ્ટ કર્યું છે ” ઓ મીયાંજી ! આ પ્રેમવચનોની શરૂઆત કે તમારા કુલના પ્રેમોદ્‌ગાર આવા પ્રકારના જ થતા હશે. મી.ખાકી ઘેર ઘેર ભીખ માગી, પાપ પ્રપંચથી પેટ ભરનારની તે અદેખાઈ કોણ કરે ? અને શા માટે કરે ? તમને એવી તે કઈ બાદશાહી કે નામના મળી ગઈ છે કે બીજા તમારી અદેખાઈ કરે ? ફકીર બહાદુર ! જરા જાત સંભાળો પછી બીજાને ઘટતા અણઘટતા વચનો ઓચરો.

શિવજીભાઈને બદલે પોતાના જ પૂર્વજોને ભાંડયા

ઉપરનું મંગલાચરણ કરીને ત્યાર પછી એ ઉસ્તાદ સાંઈમૌલા પોતાનું ડહાપણ આગળ ચલાવતાં લખે છે કે “ કચ્છી કડવા પાટીદાર યુવક મંડળના સેક્રેટરી શીવજી કાનજીની કુટિલતાની સર્ચલાઈટ નામના હેન્ડબીલ વિષે ” ‘પીરાણા પંથ ’ એ નામ યોજનારાઓના પડળો જ્યાં સુધી ઉતર્યા ના હોય ત્યાં સુધી એવાઓ સત્ય જોવા ભાગ્યશાળી કેમ નીવડે ? મીયાજી ! વાત તો સાવ સાચી છે. આ વખતે તો કુદરત તમારે મોઢે સાચું જ કહેવડાવે છે. પીરાણા ‘સતપંથ’ એ નામ યોજનાર ઈમામશાહ અને તમારા પૂર્વજો તેમની આંખે પ્રપંચના પડળો ચડેલા તે તમારા જેવા કોઈ સપુતે આજ સુધી ઉતાર્યા નથી. એટલે એઓ બિચારા સત્ય જોવાને ભાગ્યશાળી કેમ નીવડી શકે ?

બનાવટી ગંગાજીનો બનાવટી બચાવ

ત્યારપછી મી.ખાકી લખે છે કે "ગંગાજીના નામથી આકળ વિકળ બની જનારાઓએ શઠતામા ગુંગળાઈ સ્વપાત્રતાનો પડઘો પાડી સ્વપોત પ્રકાશી દીધું છે " આ વાકય પણ તમારી પાસે કુદરતે છેક સાચું જ લખાવ્યું છે. પવિત્ર વેદધર્મી હિન્દુઓ તો આજે અનેક યુગો થયા ગંગાજીના નામથી અને સ્નાનથી સદાય પરમ શાંતિ જ ભોગવે છે. પણ ગંગાજીના નામથી આકળવિકળ બનેલાઓએ જ તમારા પાખંડ ધર્મનો પ્રચાર કરી, મુડદાના હાડકાવાળી કબ્રસ્તાની અપવિત્ર ભૂમિના એક ગંધાતા ગટરીયા કુવાને ગંગવા- કુવાનું નામ આપ્યું છે. અને પોતાની શઠતામા ગુંગળાઈ તેમણે જ પોતાની જાતમાતનું પોત પરખાવ્યું છે. બાકી કથીરમાં કનક, થોરના છીરમા દૂધ, કાક વિષ્ટામાં પ્રસાદ અને લીંમડાના પાનમાં કદાચ સાકરની મીઠાશ હોય તો પણ પીરાણાની કબ્રસ્તાની ભૂમિમાં કે ગંગવા-કુવામાં તો ગંગાજીનો એક લેશ પણ ન હોઈ શકે.

મી.ખાકી કહે છે કે "બુદ્ધાવતારનો સમય પૂર્ણ થતાંજ શ્રી ગંગાજી પીરાણે પધારેલા છે. દાભડાવાળા પ્રદેશમાં ગંગાજી પધારશે તેવું વૈદિકશાસ્ત્રો કહે છે. તેને સાચુ માનવુ, તે વેદ માનનારાઓ માટે છે "

મી.ખાકી આ વાત કયા ઈતિહાસમાં કે વૈદિક શાસ્ત્રોમાં વાંચી આવ્યા છો ? તમે તમારી હંમેશની ટેવ મુજબ કોઈ નવો ગંર્ધવ વેદ તો નથી લખ્યો ? જેમ તમારા બનાવટી અને તરકટી ખોટા બુદ્ધાવતારમાં તમે ધોળે દહાડે રાત બતાવી, પાંડવોને ગોહત્યા કરનારા જણાવી જે નીચ વાતો ઠોકી ઘાલીને, હિન્દુ ધર્મનું હડહડતુ અપમાન કર્યું છે. તેવો એ કોઈ નવો વેદ તો નથી અડાવ્યો ? એ બુદ્ધાવતારમાં તમારા ગંગવા કુવાની ગટરને ગંગા તો શું પણ ક્ષીરસાગરનો વડદાદો કહો તો પણ તમને કોણ રોકી શકે તેમ છે ? એમ તો કુંભાર પણ કહે છે કે મારો ગધેડો રાજાના હાથી કરતાંએ વધારે પરાક્રમી છે. પણ એથી જગત કંઈ એ માની લેશે ? હિન્દુના કોઈ પણ પવિત્ર ધર્મગ્રન્થમાં તમારા કબ્રસ્તાની પીરાણાનું નામ પણ લખાયેલું નથી. પરંતુ એ તો બધી તમારી અને તમારા મતલબી પૂર્વજોનીજ પ્રપંચી બનાવટ છે.

આખા કાશી સાથે ગંગાજી પીરાણે આવ્યાં ! માર તોપ !

ઉપરના ફકરાની નીચે જ ગંગાજી પ્રગટ થવા બાબત મી.ખાકી લખે છે કે -

'શ્રી સદ્ગોર પીર ઈમામશાહ બાવાના સમયે **પીરાણામાં ગંગાજી કાશી જેવા પવિત્ર ક્ષેત્ર સહિત પધારી હજારો માણસોને પવિત્ર કરી પ્રખ્યાતિ પામેલ છે.** આજ કાંઈ નવાઈની વાત નથી." સંવત ૧૯૮૦ ના ભાદરવા માસ {VSAK: Between 31-Aug-1924 and 28-Sep-1924} માં મહિજડા ગામે શ્રી ગંગાજીએ એક વિચિત્ર સ્થળે પ્રગટ થઈ સાક્ષાત એક બાળકન્યા રૂપે ત્યાંના સામયિક યાત્રાળુઓને દર્શન આપી સૂચના કરી હતી કે "(૬) છઠ્ઠ માસે હું પીરાણે પ્રગટ થઈશ " એ કથા દર્શને આવનારા મહિજડાના યાત્રીઓ કહેતા હતા - હજુ કહે છે ને કહેશે. ખાત્રી કરવી હોય તો ત્યાં પધારી ખાત્રી કરી જુઓ. શાબાશ સૈયદ ખાકી ! આ તો ઘણી આબાદ તોપ ફેકી. પણ ટાઢા જ પ્હોરની હો ! ઈમામશાહની સાથે કાશી જેવા પવિત્ર ક્ષેત્ર સહિત ગંગાજી પીરાણે પધાર્યા ત્યારે તે એવડું મોટુ કાશીક્ષેત્ર અને એવડા અનંત જલભર્યા ગંગાજી પીરાણાની કઈ કબરમાં છૂપાઈ બેઠા ? ગંગાજી આવ્યા તો પીરાણા તેમાં ડૂબી કેમ ન ગયું ? શુ ઈમામશાહ બાજીગર હતા કે તેણે ગંગાજીને તથા કાશી જેવા વિશાળ ક્ષેત્રને પણ

કોઈ બીજુ જ નાનું રૂપ આપી દીધું. કાશીજીનો પોપટ બનાવ્યો કે કબુતર ? અરે ખાકીજી ! તમે તો ખાકીને તમારી બધી વાતોય ખાકી. એટલે તમે તોપ હાંકવામાં કંઈ ના રાખ્યું બાકી ! ફકીર મૌલા ! આવી લાલ બુજરંગ જેવી વાતો કોઈ જંગલના ભીલોને સંભળાવી હોત તો આજે તે પણ ખોટી કહીને હસી કહાડત. ત્યારે આ વિજ્ઞાન અને સભ્યતાના પ્રકાશિત જમાનામાં એવી અરેબીયન નાઈટસ જેવી તોપોને તે કોણ માનવાનું છે ?

ત્યારે બોલ્યા બાવા ઈમામશાહ

વળી તમારા ધૂર્તશિરોમણી ઈમામશાહ તો લખે છે કે ભારતના અડસઠે તીર્થો પીરાણાના ગંગવા કુવામાં આવીને રહ્યા છે. એથી તમારી એકવીસે પેઢી તરી ગઈ અને બેહેસ્તની બાદશાહી પણ તમને જ મળી ગઈ. ત્યારે પછી બિચારા ગરીબ, નિર્ધન, મજુરી કરી પેટ ભરનારા, કણબી, કોળી, કાછીયા, ગોલા જેવા અભણ સેવકોને લૂંટીને અંધશ્રધ્ધાળુ જનોની પાસેથી લડી વઢી શા માટે પૈસા નીચોવી કાઢો છો. બેહેસ્તનો ખજાનો મળ્યો છે, છતાંય ભીખ ન છુટી? વળી મી.ખાકી ! જો ઈમામશાહ બાવા પોતાની હૈયાતીમાં જ **કાશી અને ગંગાજીને પીરાણે લાવ્યા** તો પછી ત્યાંથી નાસી જઈને મહિજડા ગામમાં એક વિચિત્ર સ્થળે સાક્ષાત્ એક બાળ કન્યારૂપે તે કેવીરીતે પ્રગટ થયા ? અને તે વળી કોઈ વિચિત્ર સ્થળે ! **વિચિત્ર સ્થળ તો સંડાસ કે મુતરડીજ હોય**. તો મહિજડાના કયા વિચિત્ર સ્થળે તે પ્રગટ થયા એ જણાવશો કે અને એ કન્યારૂપ ગંગાજીએ કહ્યું કે “ હું છઠ્ઠે માસે પીરાણે પ્રગટ થઈશ ” ત્યારે એ છ મહિના સુધી તેઓ કયાં ભટકતા હતા ? અરે મી.ખાકી ! આ જ્ઞાનભૂષિત જમાનામાં આવી નમાલી, બનાવટી, કુદરત વિરૂધ્ધ વાહિયાત વાતોથી તમે કોને બનાવવા માગો છો. હવે તો તમારા મેંઢા જેવા સેવકો પણ સમજીને ચેતી ગયા છે. એટલે એવા કોઈ ભાડુતી યાત્રાળુઓને ભણાવી રાખીને બનાવટી ચમત્કારોની બાંગ પોકારશો, એટલા તમે જ જગતમાં વધારે બની જશો એ નકકી જાણજો. વધારામાં ભોઠાં પડશો અને ભૂંડા ગણાશો. માટે હવે તો એવા પાખંડો અને ધતીંગો તમે જવા જ દેજો. વળી ખાકીજી ! જો ગંગાજી છ મહિને પીરાણે પ્રગટ થવાના હતા તો એટલો વખત તમારો ગંગવો કુવો અને પાપધામ પીરાણુ તો ગંગાજી વગરના જ બની રહ્યા હશે. એ તમારા પોતાના શબ્દોથી જ સિધ્ધ થાય છે, ખરૂં ને .

મી.ખાકી ખરૂં પૂછો તો જ્યાં માંસાહારી મ્લેચ્છો જ મુખ્ય ભાગે વસતા હોય, જ્યાં કબ્રસ્તાનમાં દાટેલા મુડદાઓથી જમીન અપવિત્ર બની રહી હોય, જ્યાં પવિત્ર આર્યોને ઠગીને વટલાવવામાં આવતા હોય એવા પ્રપંચી પાપધામમાં ગંગાજી પ્રગટ થવાની વાતો તો સસલાને શીંગડા ઉગાડવા જેવી અને વાંઝણીના છોકરા રમાડવા જેવીજ બનાવટી જાણવી.

હિન્દુજાતિ ઉપર ભયંકર આરોપ

સૈયદ બાવાસાહેબ ખાકીનું ખાકી પુતલું આગળ જતા જણાવે છે કે “ ગંગાજી પોતાને સ્થળેથી જીવહત્યાના મહાદોષોએ કંટાળી ગુજરાતમાં આવ્યા છે. ગંગાતટવાસીઓની ઘણી કોમો તેમજ તમારા ગુરૂજનો બ્રાહ્મણાદિ સર્વ માંસ માછલાના ભોગી બનેલા જોઈ શ્રી ગંગાજી પીરાણે આવતા રહ્યા. ગુરૂ માંસાહારી તેના યજમાનો કાંઈ તેથી ઓછા ન હોય. ”

મી.ખાકી ! જેવું અન્ન તેવો જ ઓડકાર. તમે જેવા છો તેવા જ બીજાને કહો છો અને નીચ યુક્તિઓથી હિન્દુઓના પવિત્ર ક્ષેત્રોને બદનામ કરી તમારા કબ્રસ્તાનનો ખોટો જ મહિમા વધારી રહ્યા છો. ગંગાતટવાસી પવિત્ર આર્યજાતિને તેમજ બ્રાહ્મણો, ગુરૂઓ અને યજમાનોને બધાને માંસાહારી કરી તમે અખિલ હિન્દુજાતિની ભયંકર બદનક્ષી કરો છો. જો ન્યાયાસન સમક્ષ તમારી આ નીચ હરામખોરીનો જવાબ લેવાને કોઈ પણ ધર્માભિમાની હિન્દુ તૈયાર થશે તો જરૂર તમને ભારી પડશે. તમારી બડાઈની ડાકલી તમે ભલે તેમ વગાડો પણ પારકા ધર્મની નિંદા કરવા જતાં સંભાળજો. વખતે તમને ભોંય પણ ભારી થઈ ન પડે. વળી મી.ખાકી પોતાના હેન્ડબીલને છઠે પાને નવી તોપ ગોઠવે છે કે " પીરાણે ગંગાજી પ્રગટ થાશે તેવી ભવિષ્યવાણી ભવિષ્યપુરાણાદિ પુસ્તકોમાં છે. જુઓ પછી પૂછવા આવો. શ્રી સદ્ગોર ઈમામશાહ તો ઘણી વાર લખી ગયા છે કે ગંગાજી પીરાણામાં આવશે. " મી.ખાકી ! આવું હડહડતું જુઠું તમે કયા ભવને માટે લખો છો ? કોઈ પણ વ્યાસકૃત પુરાણમાં જો તમે પીરાણાનું નામ પણ બતાવો તો તમને અમારૂં આગળ જણાવેલું ઈનામ આપવાને અમો તૈયાર છીએ, નહીં તો તમે પીરાણાના પાખંડો છોડી તમારા મૂળ ઈસ્લામી ધર્મને પકડી જરા નીતિ અને નેકીનો માર્ગ ગ્રહણ કરતા શીખો.

વંઠેલાઓની વેદ સેવા

તમારી ભીખના ખુલાસાઓમાં એ છઠ્ઠે પાનેજ તમે લખો છો કે **"વેદની સેવા માટે પૈસા માંગવા અતિ ઉત્તમ છે"** ખાકી ! તમે વેદની કેવી સેવા કરો છો, એ શું જગત નથી જાણતું ? વેદધર્મીઓને વટલાવી, મુમના બનાવી, કલમા પઢાવવા અને નુરની ભ્રષ્ટ ગોળીઓ ચટાડવી એજ તમારી વેદની સેવા કે? વાહરે કલિયુગી વેદસેવક, તમારી આ વેદ સેવાનો અલ્લાહ તાલા કેવો જવાબ લેશે એનો તમે કંઈ ખ્યાલ કર્યો છે ? તમારા ઈમામશાહે તો એક ગંગાજી જ નહીં પણ અડસઠ તીર્થ પીરાણે આવ્યાનું અનેક વાર જણાવ્યું છે અને એ પ્રપંચી જુઠાણું આખું જગત જાણી પણ ચુકયું છે. ઈમામશાહે દાઈ તરીકે કરેલી નિઝારીઓની દલાલીથી હવે કોણ અજાણ્યું છે.

શ્રી રામચંદ્ર અને કૃષ્ણચંદ્રની નિંદા

મી.ખાકી વળી આગળ લખે છે કે -

" શ્રી રામચંદ્ર શત્રુવટમાં બ્રાહ્મણ કોમ ઉભરાઈ નીકળી. આખી જગતને વેદથી વિમુખ કરી દીધી ત્યાં સુધી કે શ્રી રામચંદ્રજીના જીવના શત્રુ અઢાર ક્ષોણી બ્રાહ્મણો થઈ પડયા " શ્રી કૃષ્ણનો નાશ કરવા ઘણી યુક્તિઓ સમાજ કરતો હતો. શ્રીજીને ચોર, પીંઢારો, છીનાળવો, વર્ણશંકરાદિ પદવીઓથી પ્રસિદ્ધ કરતા હતા. સૈયદ ખાકી આવા હડહડતા જુઠાણાથી અતિ નીચ નાપાક શબ્દો બોલી હિન્દુજાતિનો ભયંકર દ્રોહ કરતી વખતે તમારી જીભમાં કાંટા કેમ નથી ઉગતા ? આ બધો ખોટો બકવાશ તમે કોની સામે કરો છો ? આ વાતો તમે કયા ઈતિહાસમાં વાંચી આવ્યા છો. તે સ્પષ્ટ જણાવી તમારી સચ્ચાઈને સિધ્ધ કરી બતાવો. નહીં તો ખબરદાર કોઈ કમજાત ગોલાને પણ ન છાજે એવી રીતે તમે અમારા પરમ પૂજ્ય ઈશ્વરાવતારોને આવા શબ્દો લખો છો તેનું પરિણામ તમારે ઘણું જ સખત વેઠવું પડશે. બીજાનો ધર્મ અને જાતિદ્રોહ કરનારને બ્રિટીશ ન્યાયથી શિક્ષા કરે છે તે તમે જાણો છો કે ? જરા પીનલકોડ ધ્યાનથી વાંચી જજો.

ઈમામશાહનું રગસીયું ગાડું

વળી પોતાના પ્રપંચી પૂર્વજોની બહાદુરી બતાવવા મી. ખાકી લખે છે કે " શ્રી સદ્ગોર ઈમામશાહ બાવાનું વેદનું ગાડુ અસંખ્ય વરસથી રગસ રગસ ચાલતું જ આવ્યું છે. " મી. ખાકી ! તમારા પૂર્વજોનું એ વેદનું નહીં, પણ ઠગાઈ અને પાખંડનું ગાડુ અને તે પણ એક દાઈ એટલે દલાલ થઈને પોતાના શેઠ ઈસમાઈલી નિઝારી ઈમામોનુ હરામખોરીથી પચાવી પાડેલુ, કલજુગના અંધારાને પ્રતાપે જરૂર રગસ રગસ એટલે પડતું આખડતું જ આજ સુધી તો ચાલ્યું. પણ હવે તો એ પાપનો ઘડો પૂરેપૂરો ભરાઈ ગયો છે. રાઈના પાડ રાતે વહી ગયા. તમારી ઠગબજારનું મુખ્ય થાણું કચ્છ, જ્યાંથી તમને લાખ લાખ રૂપીયાની દર વરસે દશોદ મળતી. ત્યાંથી આજે ફકત દશમો હિસ્સો જ માંડમાડ મળે છે. અનેક ગામોએ તો દશોંદ મોકલવી બિલકુલ બંધ કરી દીધી છે. અને હજારો સેવકો તમારી ઘોર કુકર્મી પ્રપંચજાળની પાપ દોરીઓને તોડી નાખી, દરરોજ તમારાથી છૂટા થતાં જાય છે એ બધું તમારા જાણવામાં તો છે, પણ શું કરો ? પાપી પેટની વેઠ ખાતર ખોટા બણગાં પણ તમારે ફુંકવા જ પડે. સૈયદ ખાકી વળી ત્રીજે પાને લખે છે કે **"દુધ અમૃત છે પણ રોગીને ઝેર થાય, તેમાં દુધનો કેવો દોષ ?"** મી.ખાકી ! એ ખરી વાત છે. અમારી દૂધ જેવી, અમૃત જેવી, સલાહ તમને હજી પણ ઝેર જેવી જ લાગે છે અને તમે તમારા પાખંડ છોડતા જ નથી. એમાં અમારી શિખામણનો તેમ જ તમારો પણ કંઈ દોષ નથી. પણ ઠગાઈથી હરામનું ચાટવાનો જે તમને લાંબા વખતથી ભયંકર રોગ લાગુ પડયો છે તેનોજ બધો દોષ છે. મી.ખાકી પોકારે કે કોણ કહે છે રાપીનો ઘા ? તેનો એજ ખુલાસો હોઈ શકે કે ભવિષ્યના અરીસામાં તમારા પોતાના કર્મોનો ચ્હોરો જુઓ, હાથ કંકણને આરસીની શી જરૂર છે. તમે બેહેસ્તના ઈજારાદાર પોતે ભીખ માંગતા જ રહ્યા છો અને તમે પોતે લખો છો અને કબુલ કરો છો તેમ **" હડધુત કેવા થયા છો , તે આખા દેશમાં પ્રગટ થઈ ગયું છે."**

અમારા ઉપર આક્ષેપનો ઘા !

એ હેન્ડબીલને ત્રીજે પાને છેલ્લા ફકરામાં મી.ખાકી સૂર્ય સામે ખાક ઉરાડવાનો યત્ન કરી જાતે જ આંધળા બનવા માટે છાતી ફુલાવીને લખે છે કે

" તમારા જ્ઞાતિસુધારક (દઝાડક) મી. નારાણજી રામજીભાઈ પોતાના લેખમાં યુક્તિએ હમારી શાન્તિનો ભંગ કરવા ને કાકા સૈયદો સાથે વઢાડવા પ્રપંચ કર્યો હતો તે પૂરતો જ મારે જવાબ દેવો પડયો. તે સત્યતાએ આપ્યો. તેમાં કંઈ વાત હમારી ખોટી છે તે લખવું હતુ કા પ્રાસંગિક ચર્ચા સહવિવેકે કરવી હતી. આમ અવળુ બોલી ગાળો ભાંડવામાં બહાદુરી નહીં ગણાય. તમે મારા લેખનો જવાબ આપ્યોએ નહીં ગણાય. મારા લેખનું ખંડન પ્રમાણસહ કરી ખોટું કરી દેખાડવુ હતુ. આમ ગાળો ન ભડાય. હમારા લેખમાં બિભસ્તતા ને નિંદા કયાં છે, આતો તમો તમારૂ સ્વરૂપ જોઈ ભડકી પોકાર પાડો છો. "

ખાકીની બેધારી બાજી

મી.ખાકી ! તમને કાકા અને સૈયદો સાથે વઢાડવાનો મેં પ્રપંચ કર્યો કે તમારી નીચતાએ તમે સામૈયુ અને વરઘોડો કાઢીને ખેરીયાતની દોલતનું નખોદ વાળવા માટે કોર્ટે ચઢયા હતા. તે મેં ચડાવ્યા કે તમારી અને સૈયદોની નીચ આપ મતલબે ? તમારી કઈ વાત સાચી છે. તમે બાલેબાલ જુઠાઈથી જ ભરેલા છો. લખવુ, બોલવુ, ચાટવું

બધુ જુઠુ અને બધુ જગતને ધૂતી ખાવા માટેનું જ છે. વળી તમે લખો છો કે "મારા લેખનો જવાબ આપ્યો એ નહીં" પણ તમારો લેખ જ કયાં હતો. લેખ માટે તો તમે પૈસાની તેમાં ભીખ માગી હતી અને વધારામાં **પોતાનું થુકેલુ ચાટીને, પોતે જ લખેલા જે લેખને અમે ટાંકી બતાવી તમને માન આપ્યુ, તેનો પણ ઈન્કાર કરી કુટિલ કાકા અને પાખંડી સૈયદોને પુણ્યશાળી કહી તેમને પગે પડયા. રડી કકળીને માફી માગી. પોતે લખેલું પોતે જ રદ કરીને નાલાયકી અને નામર્દાઈ બતાવી.** એજ તમારા લેખનો મહિમા અને એજ તમારી પોપલીલા કે ? જે કાકાને ભર કોર્ટમાં ન્યાયાસનની સામે, ખુદાને નામે, સાચું બોલવાની ગંભીર પ્રતિજ્ઞા લઈને, ઘણા અપકૃત્યો કરનારા, સ્વાર્થી, પૈસાનો ગેરઉપયોગ કરનારા, વ્યભિચારી, અપ્રમાણિક, પારકી મિલ્કત ખાઈ જનારા અને બદચાલના કહ્યા હતા તેમને જ પાછા તમે પૂણ્યશાળી કહેવાને બહાર પડયા છો. ત્યારે એમાં સાચુ શું અને ખોટુ શુ? કોર્ટમાં સોગન પર આપેલી જુબાની ખોટી કે હાલમાં માલપાણી ચાટવાને માટે તમે કરેલી ખુશામત ખોટી. એ બન્ને ઉલટી સુલટી વાતોમાં કઈ ખરી. એ કયે મોઢે બોલ્યા હતા.

મી.ખાકી ! તમારા વર્તનનો વિચાર કરતાં તો કલમ પણ કંપીને કમીકમી ઉઠે છે. મી.ખાકી ! તમે તો ખરેખરા ખાકી જ, એટલે બધુ છેક ખાક જેવું જ કરશો. વળી મી.ખાકી પોતાના હેન્ડબીલમાં બડાઈ ગાઈને મોટે ઉપાડે લખે છે કે હમારા લેખમાં બિભસ્તતા ને નિંદા કયાં છે. એજ ખાકી એજ લીટીની નીચેના પેરામાં લખે છે કે તમો પારસીયા કહેવાવ છો તો તે અટક કયાંથી પડી. પારસી જ્ઞાતિને અને તમારે કેવો સબંધ ? ભાઈ જાત ઉપર ભાત ત્યારે દેખાઈ રહેશે. આ તો જરાપણ બિભસ્ત નિંદા નહીં પણ મીયાં ખાકીના મત પ્રમાણે તો એ ફુલના હાર તોરા કહેવાતા હશે.

ખાકીના પિત્રાઈ ભાઈ જુમ્માની બહાદુરી

વળી તેની નીચેના પેરામાં ખાકી લખે છે કે "નોતીયાર જુમ્મા ગુરૂને પોખણાના દિવસોમાં ઘરે જવાન છોકરીની સાથે રાખી મા-બાપો છ છ સાત સાત રાત્રી દિવસ જંગલમાં જ રહે. રખડેલ પાખંડી લુચ્ચો માણસ પાખંડ કરીને પોષાય" આ પણ બિભત્સ નિંદા નહીં હોય. પણ ખાકીના સતપંથનાં જ્ઞાન. વળી બીજા પાનામાં મી.ખાકી લખે છે કે **"હમારી ગંગા સાચી, માત્ર તેના વિરોધી વર્ણસંકરો જ જુઠા"** આ સુંદર વાણી તો બિભત્સ નિંદા નહી, પણ ખાકીની પવિત્ર વેદવાણી હશે. ધન્ય છે ! **બનાવટી હરિવંશમાં અવતરેલા વર્ણસંકર, ઠગારાઓના વંશધરને ! ખરી રીતે તો પીરાણા સતપંથ વર્ણસંકર, તેણે ગોઠવેલી ચારે યુગની વંશાવલી વર્ણસંકર, તેમનું સાહિત્ય વર્ણસંકર, હરિવંશના ગોઠવેલાં ખટપટી ખોટાં પાટીયાં વર્ણસંકર અને તેના સ્થાપકે રજુ કરેલી પોતાના પરિવારની આલઓલાદ પણ તેને પોતાને હિસાબે અને જોખમે વર્ણસંકરજ !** અને વળી પાપી પીરાણા સાથે પવિત્ર ગંગાજીનું નામ જોડવું એ પણ બદમાશોની વર્ણસંકરતા સિવાય બીજુ શું હોઈ શકે. **મચ્છ, કચ્છ, વારાહ, બુધ્ધ વગેરેના કુળમાં પેદા થયેલા પીર અને સૈયદો !** એમનો કયો વર્ણ હોય. એ તે સંકર કે કંકર ? મી.ખાકી કંઈ છે આનો ખુલાસો કરવાનુ તમારામાં પાણી ? હોય તો મેદાનમાં જાતે જણાવો. પોતે જાતે ધર્મે અને ધંધે જો વર્ણસંકર હોય, તેમ છતાં પોતાના પાખંડ ધર્મનો વિરોધ કરનારી સમગ્ર પવિત્ર પ્રજાને વર્ણસંકર કહેવાની ધૃષ્ટતા કરે તે આગળ તો અધમતાની અવધી જ સમજવી. કહો, હવે તમારી બિભત્સ નિંદાની વધારે લીલા શું બતાવુ ? જ્ઞાતિસેવક અને

સુધારકને "દઝાડક" કહેવા નીકળેલા, દાભડા દેશવાસી દગાબાજ અંગારિયાને તે બીજી કઈ ઉપમા આપવી એજ કંઈ નથી સુઝતુ. મી.ખાકી તમે તો શું પણ તમારા બડાદાદા ઈમામશાહથી આરંભીને આજ સુધીના તમારા બધા સતપંથ પ્રર્વતકોએ દુનિયાના બધા ધર્મોની બિભત્સ રીતે ઘોર નિંદા કરવામાં જ જીંદગી ગુમાવી છે. અને એ બધા સોનેરી ફાગ-ફટાણાની હોળી, તમારા છુપા ધર્મશાસ્ત્રો અને ગીનાનોમા ઠામઠામ ભરેલી છે. જે જાહેર આલમને જણાવવામાં આવતાં જ આખી દુનિયા તમારી દુશ્મન થઈ બેસે એવા તેમના કુકર્મો છે અને થોડી સબુર કરો, હવે તો થોડા જ વખતમાં એ બધી તમારી **પોપલીલા** અમે **"પીરાણા સતપંથની પોલ"** નામના મહાન ઈતિહાસીક ગ્રંથમાં ઢોલ નગારાં વગાડીને જગજાહેર ઉઘાડી પાડીએ છીએ. પછી જગત તમારો કેવો સત્કાર કરે છે તે ઠંડો જીવ રાખીને આરામથી અનુભવી લેજો અને ત્યારે જ તમે કહો છો કે **"સતપંથમાં સપુતો જ હોય છે. ત્યાં વર્ણસંકરતા ના હોય, એતો આપનું આપને સદા અખ્યાતુ રહે !"** એ હડહડતી ગાળનો ઘટસ્ફોટ થશે અને ખરા વર્ણસંકરો કોણ છે તે જગતને ચોખેચોખું દેખાઈ જશે. માટે અહીં તમારી ઢગલાબંધ બિભત્સ નિંદાનું હું વધારે પીષ્ટપેષણ કરવા ચાહતો નથી.

સૈયદો અને કાકાઓને શિરપાવ

મી.ખાકી તમે આ હેન્ડબીલમાં સતપંથી કાકાઓ તથા તમારા સૈયદ ભાઈઓની પણ બહુ સારી ઈજ્જત વધારો છો. તમે લખો છો કે "નથુકાકા અને પૂંજામીયા વિષયનો જે તમારો લેખ છે તેજ ભ્રમ તમને ભૂલાવે છે. ધર્મની શોધ પોતાની બુદ્ધિને સદ્‌ગુણો ઉપર છે. ધર્મના ભોમિયા ધર્મનું શુદ્ધ સ્વરૂપ સમજીને સમજાવી શકે છે. તેમાં બીજાઓના આરોપો મારા માટે રાખી મુકવા. " એ તમારી મૂર્ખાઈ છે. વાહરે, મહાજ્ઞાની ખાકી, તમે તો જાણે બીજો ઈમામશાહનો અવતાર હો એવો ડોળ ઘાલીને પોતાને મહાન બૃદ્ધિમાન અને સદ્‌ગુણી બતાવી, નથુકાકા, પૂંજામીયા વગેરે ધર્મનું શુદ્ધ સ્વરૂપ ન સમજનારા છેક જ મૂર્ખા અને નમાલા બતાવો છો કેમ ? એ લોકો કહે છે કે " સૈયદ બાવામીયા બડો ઢોંગી છે. અને કલ્પિત ઓગણીસમુ પુરાણ બનાવી મુસલમાન થઈ હિન્દુધર્મીનો ડોળ ઘાલી દુનિયાને ઠગે છે તે કંઈ ખોટુ નથી. સૈયદોમાં હડહડતા જુઠાણાંના ઈજારદાર નંબર વન તો તમે જ છો અને ઠગપોથીઓ તમે જ રચો છો. બીજા સૈયદો તો બિચારા જાહેર રીતે જણાવે છે અને કબુલ કરે છે કે અમારો **સતપંથ દીને મહમ્મદી એટલે ઈસલામી ધર્મ જ છે.** આટલું પણ સાચું બોલી ખેરિયાતના ખીચડા ઉપર તે લોકો તો સંતોષ ગુજારે છે. પણ તમારી પાખંડલીલા તો આંદામાનની સફરે મોકલી દેવા જેવી જ છે. છતાં તમે એ બિચારા અજ્ઞાન અને ભોળા કાકા તેમજ સૈયદોને વગોવીને ધર્મનું શુદ્ધ સ્વરૂપ ન સમજનારા, અભણ બુડથલ જણાવી છેક ઉતારી પાડીને પોતાની બડાઈનું એ ભેંસાસુરી ભુંગળુ વગાડી શા માટે ભાડભાઈની પેઠે ભવાઈ ભજવો છો.

વર્ણસંકરની વંઠેલી વાણી

મી.ખાકી ઈમામશાહે તો છેવટ અઢી સતપંથીઓ જ રહેશે એવું લખ્યું છે તે તો તમે કબુલ રાખો છો અને પાછા પડયા પડયા પણ ટંગડી ઉંચી કરીને નફટાઈ લખો છો કે " સ્ત્રી જારિણી બને છે ત્યારે જ પાટીદાર કે કોઈપણ જ્ઞાતિમાં કોળી-ભીલ, લુહાર, સુથાર, મેઘવાળ, ભવૈયા, ભાડ, કાઠોડિયા ગમે તે વર્ણના પુરૂષથી પ્રજા ઉત્પન્ન કરી દે છે. એ વર્ણસંકર પુત્ર સતજ્ઞાની (સતપંથનો) ન થાતા જારી પુરૂષના ગુણવાળો થાય છે. એવી વર્ણસંકરતા વધી પડેથી ફકત અઢી ધર્મી જ રહેશે. " એટલે તમારા નાશકારક પાખંડ પંજામાંથી છુટા થઈને સત્ય અને નીતિના

પવિત્ર ધર્મમાં જે કોઈ જાય તે બધાને તમે આવી મા સામી નાગી ગાળ દેતા લજાઈને બુડી મરતા નથી. પણ વર્ણસંકર કોણ છે એ તો ઉપર અમે તમને બરાબર પ્રમાણોસહિત સ્પષ્ટ બતાવીજ દીધુ છે. તે જોઈએ તો ફરીથી જોઈ લેજો.

રાક્ષસોની ઓળખાણ

મી.ખાકી તમે કહો છો તેમ આગલા જમાનાના દ્વાપરયુગમાં રાક્ષસોની ઓળખાણ મુખની દુર્ગંધથી થતી હશે. પણ આ યુગમાં તો મુખની અને કલમની વાણી ઉપરથી જ થાય છે. તમે અને તમારા સતપંથે (સતપંથના શાસ્ત્રોએ) જે નીચ વાણી અને નીચ નીતિરીતિ ધારણ કરી રાખેલી છે, તેજ ચોખુ બતાવી આપે છે કે ખરા રાક્ષસ કોણ છે ? મિયાભાઈ લાંબો વિચાર કર્યા પહેલા પોતે હોઈએ તેવા જ બીજાને ન જાણીએ અને ન કહીએ.

ખાલી બંદુકનો ખાલી ધડાકો

મી.ખાકી વળી તમે લખો છો કે “કુટણમુઠી ખૂણે રૂવે” એ વાત તમારા આગલા ઈમામોનો બધો ઈતિહાસ વાંચો એટલે તરત તમને દીવા જેવી સમજાઈ જશે કે કેટલી કુટણમુઠીઓને રડવાનો વખત આવ્યો હતો. બાકી ખાલી બંદુક પોતાની મેળે ફુટી જેથી અગ્નિ થઈ ચાર પાંચ માણસો બળીને ભસ્મ થઈ ગયા. એવા હડહડતા ગપગોળા તો બાળકોને સંભળાવજો. આ જમાનામાં તમારી એવી નીચ બનાવટોને કોઈ નહીં માને. તમે જ ખાલી બંદુક ફોડી બતાવો અથવા તમારા પૂર્વજોની ટહાડાપોરે ચલાવેલી તોપોની પેઠે, લોખંડના તપાવેલા તવા ઉપર ચડીને તમારી સત્યતાનો પરચો દેખાડી ખાત્રી આપો તો જ અમે માનીએ કે ખાલી બંદુક ફુટી ખરી.

રાંડીરાંડના છાજીયા

મી.ખાકી વળી આગળ પોતાની જાત જણાવવાને લખે છે કે વગર ભરેલી બંદુક ખુણે ઉભી ઉભી જ ફુટે. તેથી આગ લાગી ૪-૫ માણસોનો ભોગ લે. એ શું ઓછુ પ્રમાણ છે. **તેમજ તમો મુવા, તમારા બળ્યાં-કાળાં મોઢાં થયાં અને વાયરો નીકળી ગયો.** કોઈ રખડું રાંડીરાંડની કે વંઠેલી પાતરની પેઠે આવી બાયલી ગાળો બોલવામાં જ બાવામીયા ખાકીનું જ્ઞાન અને ડહાપણ પગલે પગલે ઉભરાઈ રહ્યું છે. ધન્ય છે, ધર્મઢોંગીઓના કમનસીબ માતા પિતાને કે છેવટે તેમણે આવા જ રત્નો આ જગતમાં ઉત્પન્ન કર્યા.

બરાબર જાત જણાવી

છેવટે સતપંથનો ઢોલ પીટીને મી.ખાકી લખે છે કે “બિચારાને જવાબ દેતા ના આવડયો, જેથી ગાળો ભાડીને પોતાનું ડોળ દેખાડી દીધું છે.” બરાબર આ લખવા જેવું જ ઉપર જણાવ્યા પ્રમાણે એ ખુટેલ ખટપટીયા ખાકીએ કરી બતાવી જેનુ ખાધુ તેનુ ખોદીને, ખાઈ બગાડયું છે. અમારા લાંબા લેખોમાંના એકેનો ઉત્તર તો આજસુધી હજુ નથી અપાયો. છતાં રાંડની પેઠે છાજીયા લઈને ફોકટ છાતી તોડી નાખી છે. એનો જ અમને વધારે અફસોસ થાય છે.

ખાકીનો ખરો ખુલાસો

અંધશ્રદ્ધાળુઓને યુક્તિબાજો અને ધૂર્તો મળે છે, તેથી બેભાન બની સ્વધર્મનું ભાન ભુલી ધૂર્તના નાદ ઉપર મોહી પડી પોતાનું સર્વસ્વ ગુમાવી દે છે ત્યાં સુધી કે ધર્મના અગ્રગણ્ય મહાપુરૂષોનાં વચનો ઉપરનો પ્રેમ ફેરવી

ધૂર્તોએ રમાડેલી રમત ઉપર દોરાઈ જાય છે. ખજાનચે ખુબી મી. ખાકી ઉપરના સોનેરી વચનો તો આબાદ તમારા સઘળા સતપંથ પ્રર્વતકોને, સતપંથી કાકાઓ તેમજ સૈયદોને ઈંચે ઈંચ લાગુ પડે છે. આવા અંતરના સાચા ઉદ્‌ગારો બહાર કાઢી પોતાના પાપોને ઉઘાડા પાડવા અને કબુલ કરવા માટે તમને ખરેખર ધન્યવાદ ઘટે છે. ઘણું જીવો અને કુટિલતા કબુલ કરતા રહો. બીજુ તમને અમે શું કહીએ.

છેવટની અરજ

અંતમાં લખવાનું કે બાવા ઈમામશાહના નવા અવતારના ઢોંગધારી સૈયદ ખાકી મને તો તમારી ગાળો વાંચી-સાંભળીને હસવુ જ આવે છે કે એ રીતે પણ તમારી ગલીચ વાણીથી તમે તો અમારા પાપ જ ધોઈ રહ્યા છો. પણ મને એટલો જ ભય રહે છે કે એ ગલીચ ગાળો ન સહન થવાથી જો કોઈ બીજો ધર્મચુસ્ત હિન્દુ તમારી બરાબર ખબર લેવાને બહાર પડશે તો તમારા પીરાણાના પ્રપંચી પરચાઓનો મોટો પહાડ પણ તમને બચાવી કે સંઘરી નહીં જ શકે. માટે ગુન્હાની તોજેશ કરી, કરેલા કુકર્મોની માફી માગી હજુ પણ બાકી રહેલી જીંદગીના મેલ-પાપ ધોઈ નાખીને માલીકના વ્હાલા થાઓ. અમે ઈચ્છીએ છીએ કે ઈશ્વર તમને છેવટે સદ્‌બુદ્ધિ આપે

લી. શત્રુમિત્ર સર્વનો હિતચિન્તક, સ્વધર્મ અને સ્વજ્ઞાતિને સમર્પિત

સેવક નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાકટર

(કચ્છવીરાણીવાળા) હાલ ઘાટકોપર (જીલ્લો થાણા)

પીરાણા " સતપંથ" નો રસીક અને રહસ્યભર્યો મહાભારત ભેદી ઈતિહાસ !

હિન્દુભાઈઓને છળવા તેમજ વટલાવવાનું એક મહાન પ્રપંચી અને ભયંકર કારસ્તાન

પ્રિય હિન્દુભાઈઓ ! આ વાંચો, ચેતો અને જાગ્રત થાઓ !

પીરાણા સતપંથની પોલ !

કહેવાતા પીરાણા ઈમામશાહી કબ્રસ્તાની અર્ધદગ્ધ **ખીચડીયા સતપંથનો છુપો ઈતિહાસ !** અનેક વરસોની મહેનત અને શોધખોળ, છુપા ગુપ્તપંથી પુસ્તકોના સાધન અને **હજારોના ખર્ચે તૈયાર કરેલો એક અમૂલ્ય ભેદભરેલો મહાન ગ્રંથ!** અદ્‌ભૂત વારતા, નવલકથા, નાટક, કાવ્ય કે ઈતિહાસના રસિક વૃતાંતો કરતા પણ વધારે રસીક, અદ્‌ભૂત અને ભેદી બનાવોથી ભરપૂર, સત્યઘટના, લિખિત પુરાવા, શાસ્ત્રો અને કોર્ટના અનેક પ્રમાણો તેમજ જાતિ અનુભવથી તૈયાર કરલું સુંદર સચિત્ર-નવું જ પુસ્તક

પીરાણા સતપંથનું વિચિત્ર પુરાણ !

જ્યારથી મહંમદ ગીઝનીએ હિંદ ઉપર ચડાઈ કરીને, હિન્દુ મંદિરો, મૂર્તિઓ તેમજ આર્ય ધર્મના નાશને માટે અત્યાચારની તલવાર ઉઠાવી ત્યારથી આજ સુધી એટલે લગભગ એક હજાર વરસો થયા. હિન્દુધર્મના અંતરજગતમાં કેટલાક મતલબી સૈયદો, ફકીરો અને નામધારી પીરોએ કેવા કેવા પ્રપંચ, યુક્તિ-પ્રયુક્તિ અને દાવ-પેચથી, શામ-દામ-દંડ ભેદની-ચારધારી, છલ-નીતિથી, હિન્દુધર્મ અને હિન્દુ જાતિને નષ્ટ કરી, પોતાનો બનાવટી કપોળકલ્પિત પોકળ પંથ ફેલાવવાના ચમત્કારોની વાતો ગોઠવી છે. તેમજ સ્વર્ગ-ભેસ્તની લાલચો આપી ભોળા લોકોને લૂંટી ખાવાને ઠામ ઠામ કેવા ઠગાઈના થાણા જમાવી પોતાનો પાપી પેશો ચલાવવાના ગજબ જેવા મહાન ષડયંત્રો ગોઠવ્યા છે. તેનો રોમાંચક અને શબ્દે શબ્દ સાચો ભેદી ઈતિહાસ જો વાંચવો હોય તો આ એક જ પુસ્તક ખરીદો.

ઈશ્વરી અવતારોની બનાવટી કથા !

એ નવીન હિન્દુધર્મને નામે, વૈદિક ધર્મનું એક કપોળકલ્પિત નામ ધારણ કરી, અરેબિયન નાઈટસના કિસ્સા જેવું ગપગોળાનું બનાવટી ખોખુ ઉભુ કરીને, તેમાં હિન્દુ દેવદેવીઓ તથા બુદ્ધદેવને અને ઈસલામી ઈમામોને એક સાથે ગોઠવી દઈને નુરસતગોર, પીરશમ્સ, પીર સદરદીન, કબી દીન, ઈમામશાહ વગેરે પ્રપંચી પાત્રોએ રચેલી અદ્‌ભૂત ઈંદ્રજાળ ! અમીની ગોળી, બાવાનો પ્રસાદ, પાવન કરનાર છાંટો, ભેસ્તની હુંડી- સ્વર્ગની રજાચીઠ્ઠી- પીરાણાની જાત્રા, ગંગવો કુવો અને કાકા તેમજ મુખીઓની રસભરી અલબેલી રાસલીલા વગેરે વાંચી વાંચીને હસો.

નકલંકી અવતારની એક અદ્‌ભૂત નવી રચના

“ હિન્દુ પુરાણોમાં જણાવેલો ઈશ્વરનો દશમો અવતાર, જે કલિયુગ પુરો થયેથી થવાનો જણાવેલો છે. એતો અરબસ્તાનમાં ઈમામ રૂપે પેદા થઈ પણ ચુકયો છે. બ્રહ્મા, વિષ્ણુ અને શંકરે તો આ વખતે મ્લેચ્છના ઘરમાં અવતારો લઈને નવી લીલા કરેલી છે ” એવી ઠગાઈનો રસીલો અહેવાલ

સતપંથી સૈયદો અને કાકાઓની જાદુઈ કપટજાળ

પંજાબ, સિંધ, કચ્છ, ગુજરાત, ઉત્તર હિંદમાં ઠેકઠેકાણે ખાના અને જમાતો સ્થાપીને જાહેર અને ગુપ્ત રીતે સેવકોની ગતગંગા વહેવરાવી, ઘટ-પાટ-ગાયત્રી અને કલમા-નિમાજ તથા હેજંદાના નવરંગી કચુંબરનો ખીચડો બનાવી લાખો હિન્દુભાઈઓની આંખે પ્રપંચના પાટાઓ લગાવીને કેવી રીતે વટલાવવા તેમજ ઠગવામાં આવે છે અને દશોંદ, વીશોંદ, ખુમ્સ, ખેરિયાત વગેરે બહાને, લાગા-લગવા-કર અને જગાતનાં લાકડાંઓ ઘુસાડી તેમને ખોટી લાલચે કેવી રીતે નીચોવી નીચોવીને પાયમાલ કરવામાં આવે છે તેના અદ્‌ભૂત પ્રસંગો, પ્રમાણો અને પરચાઓ વાંચો.

સૈકાઓથી રાત્રે પાટ બીછાવી ભજવાતા આ નાટકનું અંધારી દીવાલો વચ્ચે દટાઈ રહેલું સતપંથનું હજારો રૂપિયા ખર્ચતા પણ મળી ન શકે એવું સંપૂર્ણ સાહિત્ય. મહોર, નબુવત, રોજા અને દલદલ ઘોડાના સુંદર સપ્તરંગી ચિત્રો અને તેમનો ભેદી ઈતિહાસ. **નુરનામુ, બાજનામુ, રતનનામુ, નાદેઅલી, પીરશાહનો પાઠ, તૈયબનો કલમો, દશ અવતાર, ક્રિયાઓ, ઘટ પાટ, બુદ્ધાવતાર, મૂલબંધ, દશતરી ગાયત્રી, બનાવટી સંધ્યા** વગેરે અનેક ગોઠવી

૩. પીરાણા સતપંથના પાંખડ - વર્ષ 1921

કહાડેલાં વિચિત્ર ગ્રંથોના ચોકઠાથી ઉભા કરેલા **પીરાણા સતપંથ,** નકલંકી, ગુપ્તપંથ વગેરે અનેક છુપા ધર્મોનો સીલસીલાબંધ મહત્વનો મહાભારત ઐતિહાસિક ભેદી ગ્રંથ !

આ એક જ ગ્રંથ વાંચવાથી હિન્દુધર્મને અનેક રીતે હાનિ પહોંચાડનારા અને ભોળા હિન્દુભાઈઓને મહાન પ્રપંચોથી ફોસલાવી, લલચાવી પ્રપંચજાળમાં પકડી, વટાળીને ભ્રષ્ટ કરી ધન-ધર્મ જાતિ તેમજ સન્માનનું હરણ કરી, હિન્દુ ધર્મના દુશ્મન બનાવનારા, કરપીણ કારખાનાઓની કુટિલ કળાઓનો તાદશ્ય ચિતાર આંખો સામે ખડો થશે.

દુનિયાની સપાટી ઉપર અનેક ધર્મીઓને ઠગાઈથી વટલાવવા માટે કેટલાક મહાન ભેજામાંથી ઉપજાવેલું એક પ્રત્યક્ષ બહેસ્ત (ભેસ્ત), તેના ભેદ-ભરમો અને ભોગવિલાસના પ્રપંચ પડદાઓ !

ઉપરના બધા ધર્મોની ઉત્પત્તિ અને આજસુધીની સ્થિતિ તથા જન્મથી મરણપર્યત એ ધર્મના સેવકો અને અનુયાયીઓને કરવાની ક્રિયાઓ તેમજ જગતને ઉંધે રસ્તે ચડાવવાની યુક્તિઓ, હિન્દુઓને ધર્મદ્રોહી, દેવદ્રોહી, જ્ઞાતિ અને દેશદ્રોહી બનાવનારી એક ભીષણ જાળ. ખાના કે રૂહની કત્લગાહ. તેના અદ્‌ભૂત પરચાઓના રદીયા અને સતપંથની ખામીઓ વિગેરે અનેક કલિલીલાઓનો અદ્‌ભૂત ચિત્રપટ. તેમજ કાકા અને મુખીઓના જુલમ-દુરાચાર તેમજ પ્રપંચોનું પોગળ વાંચી વાંચીને તમો જરૂર અજબ બની જશો. આ પુસ્તકનું કદ રોયલ આઠ પેજી (મોટા પાના) લગભગ ચારસો થશે. ગ્લેઝડ ચીકણા કાગળ,સુંદર ચિત્રો,જંતર મંતર અને વંશવાળીના કોઠાઓ, ૫ સોનેરી પૂઠું અને સવિસ્તર ભૂમિકા તેમજ અનુક્રમણિકા. આ મહાન ગ્રંથ હજારોના ખર્ચે તૈયાર કરેલો હોવા છતાં ધર્મસેવા અને જાતિસેવાના હેતુથી તેની પડતર કિંમત ફકત રૂા. ૩/ ત્રણ જ રાખવામાં આવી છે. થોડા જ વખતમાં બહાર પડશે. અગાઉથી ગ્રાહકો થઈ પૈસા ભરનારને પોસ્ટ વી.પી. ખર્ચ માફ. જલ્દી નામો નોંધાવો. ગ્રાહક પુરતા જ પુસ્તકો છપાતા હોવાથી પછી વખત નહીં મળી શકે તો પસ્તાવું પડશે.

લખો : પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાકટર
કચ્છ વીરાણીવાળા - હાલ ઘાટકોપર (જીલ્લો થાણા)

Online Text Based
(can use for translation)

Source Document

૭૮૬ વિનંતી પત્ર

શ્રી ઈમામશાહ સુત નુરઅલી મમદશા બાવાના સતપંથ સમાજના મહાન આચારીઓ તથા મહાન મુજાવરો તથા મુસાફરો તથા મહાન મુખીઓ તથા સતપંથ સમાજ જે કચ્છ દેશમાં વસતા કચ્છી લેવા પાટીદારો જ્ઞાતિ સમસ્ત તથા જ્ઞાતિના આગેવાન નાતીલાઓની પવિત્ર સેવામાં. અરજદાર મોજે કરાંચીમાં વસતા કચ્છી લેવા પાટીદારો સતપંથ સમાજની અરજ એ છે કે હાલના કળીકાળના સમયમાં આપણી જ્ઞાતિ પૈકીના કેટલાક માણસો આપણો અનાદીનો સતપંથ ધર્મ મુકી મુકરી ગયા છે ને ધર્મ તથા અનાદિથી જ્ઞાતિના ચાલતા આવતા રીત-રિવાજોથી પણ વિમુખ થયેલા જણાય છે તે ખુલ્લી રીતે ધર્મમાંથી મુકરીને એક યુવક મંડળ નામનું મંડળ સ્થાપી આપણે પાળીએ છીએ તે ધર્મ ઉપર કેટલીકવાર ખોટા આક્ષેપો કરાંચીના તથા મુંબઈમાંના તથા વિરાણીમાંના જે યુવક મંડળ સ્થાપી બેઠા છે તેઓ કરે છે ને આપણા ધર્મના વેદ વાયેકો શાસ્ત્રો તથા સતપંથની ક્રિયા, આચારો તથા મંત્રો તથા શબ્દો વિગેરેને ખોટા કહે છે તેમ આપણા પૂજનીકો સૈયદ બાવાઓ તથા મુજાવર કાકાઓ તથા આપણી જ્ઞાતિના મુખીઓ તથા નાતીલાઓ વગેરેને ખોટા કહી નિંદા કરે છે તેમ કરી આપણી જ્ઞાતિ પૈકીના કેટલાક લોકોને બલગલાવી સતપંથ ધર્મ ઉપરથી આસ્થા રહિત બનાવ્યા છે ને તે વિશે ખોટાં આર્ટીકલો તથા છાપા દ્વારા ખોટી વગર પતાની વાતો છાપી છાપી આપણી જ્ઞાતિના કેટલાક અજ્ઞાની માણસોના મન ઉશ્કેરી ધર્મ ઉપરથી ઉચિત બનાવી દીધા છે. ને આ સબળ સતપંથ ધર્મ ઉપર નબળા શત્રુઓ ચડી આવે છે તેનું મુખ્ય કારણ એ જ છે કે આપણે આપણા મહાન સતપંથ ધર્મના વેદવચન કે જપ તપ શ્રી સતગોર ઈમામશાહ બાવાના વેદ વચન આપણે આપણા ધંધાના અંગે જાણી શકતા નથી તેથી જ આ વખતની ઉત્પન્ન થતી નવી પ્રજાના મન ઉચિત થાય છે તેનું મુખ્ય કારણ એ છે કે આપણા પૂજનીકો જે આપણાના વંશના સૈયદો ઉપર આપણે અભાવ રાખીએ છે તે જ છે એવું અમો અરજદારોને સંવત ૧૯૭૭ના કારતક વદી ૧૧ને વાર રવિ {VSA:05-Dec-1920} ના રોજ અવાલખના સૈયદ મીરૂ બાવા ડોસુ બાવા પોતાના ખર્ચે હવા બદલ માટે કરાંચીમાં આવી પોતે અલગ જગામાં ઉતર્યા હતા. તેઓ સાહેબના કરાંચીમાં આવ્યાના સમાચાર અમોને મળવાથી તેઓ સાહેબના દર્શન અર્થે અમો અનુક્રમે તેમની પાસે જતા ને તેઓ સાહેબ મહાન સતપંથ ધર્મના વેદવચન શાસ્ત્ર વાણી અમોને સમજાવતા તેઓ અમો શ્રોતાઓને સાચા શબ્દો સાંભળવાથી ઘણો આનંદ પ્રાપ્ત થતો તેમજ હંમેમાં સતપંથ સમાજની મજલીસમાં તેઓ સાહેબની મુખ વાણીથી મહાન વેદોના તેમજ પુરાણોના તેમજ મહાન ગીતાજીના તથા ભાગવત તથા રામાયણ તથા મહાભારત વગેરે ગ્રંથોથી જે આપણે દસમો અવતાર નકલંકી અરબી રૂપે અરબસ્તાનમાં અવતાર લીધો છે તેને સાબિત સાચા ઠરાવી આપતા તેમજ ઉપર બતાવેલા શાસ્ત્ર અર્થના એટલે શ્લોકો, શ્રુતિ, સ્મૃતિ સાથે ચારે યુગના પ્રમાણે ભોમ દાગ તેમજ ઘટપાટ ચોરી તેમજ કલમા કાડી વિગેરે ઉપર બતાવેલા વેદ વચનોથી તેમજ હિન્દ માતાના મહાન પુત્રો જેઓ ભક્તી પદને પામી પોતાના આત્માને અમર કરે છે તેઓના વખાણ વાણીથી સતપંથ ધર્મના ક્રિયા, મંત્ર, જપ, તપ, ક્ષેત્ર, તીર્થ, વ્રત, દાન, દાગ વગેરેને સાબિત કરી દેખાડતા ને તેઓના સત વચન સતપંથ સમાજની

૪. સતપંથીઓનો ૭૮૬ વિનંતી પત્ર અને તેનો સનતાનીઓનો જવાબ - દી. 14-Jan-1921

મજલીસમાં હંમેશાં સતપંથી તેમજ સનાતની ધર્મના મળી આશરે આઠસો હજાર માણસો મજલીસમાં ભાગ લેતા તે સર્વે બાવા સાહેબ મીરૂ બાવાના વચન વેદ અનુસાર સત અને સાચા છે તેમ કબુલ કરતા ને જેવો સતપંથ ધર્મના નબળા શત્રુઓને ખોટાં અને દુવેસી ઠરાવતાં ઉપર પ્રમાણે એકંદરે દિવસ ૧૧ સુધી બાવાજી સાહેબે મજલીસ ભરી મહાન વાક્યો સંભળાવા ને પોતે કેતા કે જો આ વચનો જેને ખોટા કે શંકાશીલ જણાતા હોય તો પ્રશ્ન કરી પુછો ને તેનો ખુલાસો વિશેષ વાક્યોથી કરવામાં આવશે એવું કેવા છતાં પણ કોઇ સતપંથનો શત્રુ પૈકીનો કોઈ શત્રુ ઉભો થઈ પ્રશ્ન કરી શકે નહીં. તેથી અમો સતપંથીઓ પૈકીના ઘણા ખરાના મન એ લોકોના ઉશ્કેરવાથી સતપંથ ધર્મના આચાર વિચાર ઉપરથી ઉઠી ગયા હતા તે પણ બાવાજી મીરૂબાના મુખથી વેદ શાસ્ત્ર પુરાણો વિગેરેના દૃષ્ટાંત, સિદ્ધાંતથી મન સ્થિર થઈ ગયા ને માની લીધું કે સતપંથ ધર્મ તથા ધર્મના મુખ્ય આચાર્યઓ સાચાને સુપાત્ર છે એવું અમો મુરતાવોને નિશ્ચય થયું છે. ઉપર થયેલી મજલીસો દરમિયાન બાવાજી મીરૂ બાવા સાહેબે એક દરખાસ્ત સતપંથ સમાજીઓ સમક્ષ રજૂ કરી તે દરખાસ્ત એવી છે કે કરાંચીમાં વસતા કચ્છી લેવા પાટીદારો જે સતપંથ પીરાણા ધર્મ પાળે છે. પરંતુ કરાંચીમાં વસતા સતપંથી ધર્મી ભાઈઓ માટે સતપંથી અનુયાયીઓની સંખ્યાના પ્રમાણમાં ધર્મની જગા જો કે સતગોર ઈમામશાહ બાવાના જોતપાટ પધરાવાની જગા નથી તે માટે ભાઈઓ તમો સુખાકીયા વરતીથી અને દીર્ઘ દષ્ટિથી વિચાર કરી એક સંપ થઈ જગા ખરીદી ધર્માઉ જગો બાંધી બાવાના જોતપાટ પધરાવવા જોઈએ. તેમજ આપણા પૂજનીકોને ઉતારો પણ ત્યાં જ થવો જોઈએ જેથી પાપા વરતીના લોકો આપણા પૂજનીકોનું અપમાન કરે છે તે પણ કરી શકે નહીં. ઉપર પ્રમાણે બાવાજી સાહેબે દરખાસ્ત ઘણાં દ્રષ્ટાંત સિદ્ધાંતથી સમજુતી આપી કરી તે દરખાસ્ત સતપંથ સમાજે મોટા ઉત્સાહથી ઉંચા હાથ કરી બાવા ઈમામશાહના નામની જય બોલાવી વધાવી લીધી ને તે જ વખતે બક્ષીસ ખરડો બાવા ઈમામશાહના નામનો શરૂ કરો જેમાં આશરે રૂા.ત્રણેક હજારની રકમ લખાઈ છે ને વળી પણ એ ખરડામાં વધારો થશે એવી આશા છે તેમજ સતપંથ સમાજની છેલ્લી મજલીસમાં બાવા સાહેબે કરાંચીમાં વસતા સતપંથ સમાજ સન્મુખ બીજી દરખાસ્ત દર માસે અરધું રોજ જગો માટે બાવાના નામે ધર્માદા કૃષ્ણા અર્પણ આપવા કહ્યું તે પણ સતપંથ સમાજીઓએ બાવા ઈમામશાના નામની જય બોલાવી ઉંચા હાથ કરી વધાવી લીધી ને તે દરખાસ્ત પસાર થઈ છે ને તેમ કરવાને સમાજે કબુલાત આપી છે. ઉપર લખી વગેરે બાવા સાહેબ મીરૂ બાવાના સતસંગ સમાગમ થવાથી થયું ને ઘણા ખરા સમાજીઓ ઉશ્કેરાયેલાઓના મનને સંતોષ પામો ને સ્થિર થઈ સતપંથ તો સાચો છે એમ માનું માટે ઉપર બતાવેલા અમારા મહાન પુજનીકો તથા મુજાવરો તથા કાકાઓ તથા સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ તેમજ જ્ઞાતિના આગેવાનો નાતીલા વિગેરે સાહેબોની પવિત્ર સેવામાં અમો કરાંચીમાં વસતા કચ્છી લેવા પાટીદારો જેઓ સતપંથ સમાજી છે તેઓ સર્વે અરજ ગુજારીએ છીએ કે આપણા સતગોરની આલમમાં જે પાકા સાદાતો જેમકે મીરૂ બાવા જેવા વક્તા ગીનાન, વેદ, પુરાણ, કુરાન, કીતાબ વગેરે બાબતોથી સભામાં ઉભા થઈ હિંમત સાથે ગીનાન ધીયાંનની વૃષ્ટી કરી સતપંથ સમાજને સમજણ આપશે તો જ ધર્મમાં ધીંગાણા થતાં બંધ થશે માટે આપ મહેરબાનો આ અરજ ધ્યાનમાં લઈ સારા વિદ્વાન માણસો હોય તેવા સાહેબોને સમાજ બોલાવે ને મહાન પુજનીકો પણ સંપ સલાહ જાળવવા ખાતર દ્વેષ નહીં ધરાવતાં સંતોષ રાખી આપનામાં કોઈ ચાર મુરતી જમાતમાં જઈ સંતોષ ઉપજાવે તેવા તમારા ભાઈઓ પૈકીના પ્રશ્ન કરી ફરવા મોકલશો તો જ તમારા ધર્મની તેમ તમારા ધર્મના પાળનારાઓની શ્રધ્ધા ઠામ રહેશે ને ધર્મમાં પણ વૃધિ થશે જો તેમ નહીં થાય તો આ સમયમાં ઘણા લોકો નિંદા કરનારાના પંજામાં વગર ખબરે ફસાતા જશે એજ અરજ.

૪. સતપંથીઓનો ૭૮૬ વિનંતી પત્ર અને તેનો સનતાનીઓનો જવાબ - દી. 14-Jan-1921

કરાંચી સતપંથ સમાજીઓ તરફથી

મુખી દેવશી હરભમ કચ્છ ખીરસરા હાલ-કરાંચી	પટેલ વીરજી પંચાણ કચ્છ નખત્રાણા હાલ-કરાંચી
પટેલ કચરા કાનજી કચ્છ ઘડાણી હાલ-કરાંચી	પટેલ કાનજી પંચાણ કચ્છ ઉખેડા હાલ-કરાંચી

પ્રિય જ્ઞાતિ બંધુઓ,

પીરાણા સતપંથી સૈયદોને માનનારા કરાંચીવાળા ભાઈઓએ ઉપરનો વિનંતી પત્ર છપાવેલ છે તે આપણા સનાતની ધર્મથી તેમજ આપણી જ્ઞાતિના રીત-રિવાજોથી તદ્દન ઉલટું છે. આપણો ખરો ધર્મ સનાતની છે તે આપણે સર્વે જાણીએ છીએ છતાં સૈયદોને માનનારા આપણા અજ્ઞાન ભાઈઓએ પોતાનો કક્કો સાચો માનીને તે ચાર પટેલીયાઓએ હમણા ઉપરનો પત્ર છપાવીને બહાર પાડ્યો છે તેનો જવાબ અમો શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ તરફથી છપાવી આ પત્ર સાથે બહાર પાડ્યો છે તે વાંચવા ખાસ વિજ્ઞપ્તી છે.

શ્રી કરાંચીવાસી પીરાણા સતપંથી લેવા પાટીદાર મુખી દેવશી હરભમ તથા વીરજી પચાણ નખત્રાણાવાળા તથા કચરા કાનજી ઘડાણીવાળા તથા કાનજી પચાણ ઉખેડાવાળા વિગેરેને વિદિત હજો.

અમો કરાંચીના યુવક મંડળ તરફથી તમો ચાર ભાઈઓ વિગેરેને જાહેર કરીએ છીએ કે તમારો છપાવેલ કાગળ (વિનંતી પત્ર) અમારા વાંચવામાં આવ્યો તેનો જવાબ આપવાની અમારે કાંઈ જરૂર નહોતી. પરંતુ યુવક મંડળને વાંચીને બેસી રહેવાથી અને તમારા અસત્ય વાક્યોનો કોઈ વખતે ગેરઅર્થ થાય તેટલા જ કારણથી જવાબ આપવો જરૂરનો ધારી આ જવાબ આપ્યો છે.

જો કે તમારો પત્ર છપાવવાથી તમારે એમ તો જરૂર કબુલ કરવું પડશે જ કે અમો મુસલમાની ધર્મ પાળીએ છીએ અને સૈયદોને પુજનીક તરીકે માની અને કલમાંઓ પઢીએ છીએ તો તમારે અવશ્ય મુમના કણબી લખવું જ હતું કારણ કે જે તમારા માફક પીરાણાના સૈયદોને પુજનીક તરીકે માને છે તે ખાસ મુમના મતીઆ વિગેરે કહેવાય છે. તો તે તમોએ પોતાનો અસલ લકબ મુકીને લેવા પાટીદાર લખો છો તે તમારું લખવું બિલકુલ બિનપાયાદાર છે. કારણ કે તમોને મુમના મતીઆ લખતાં શરમ થાય છે એમ અમોને તો પાક્કી ખાતરી છે કે તે ઉપરોક્ત નામથી તમો કદી પણ શરમાઓ નહીં કારણ કે જો શરમ થતી હોય તો તમારા છપાવેલ પત્રને મથાળે જે ૭૮૬ (બીસમીલા હરરહેમાનનરરહીમ)નો આંક લખેલો છેં તે લખતે જ નહીં. તેમ વળી અમારા પુજનીક સૈયદો છે એમ કબુલ કરતે જ નહીં. અરે ભાઈઓ અમોને તો લખતાં દિલગીરી થાય છે પણ સત્યતાને ખાતર લખવું પડે છે કે તમો પોતાનો મતલબ (હુરાઓ વરવાનો) સાધવાને ખાતર બિચારા નિર્દોષ અન્ય ભાઈઓને કાં ફસાવો છો. તમો એ તો નિશ્ચય માનજો કે આખા કચ્છ દેશમાં વસતા આપણા પાટીદાર ભાઈ (પીરાણા પંથી)ઓ કોઈ વખતે પણ મુમના મતીઆ વિગેરે છીએ એમ તો કબુલ નહીં જ કરે. (તમારી માફક ભર સભાની વચ્ચમાં મુમના છીએ તેમ) સૈયદોની બતાવેલી લાલચ (હુરાઓ વરવાની) નહી લે તેથી ભાઈઓ નાહક પોતાના લુગડાં ઉંચા કરવા રહેવા દયો (તમારી બાવાજીની બતાવેલી રાંડો (હુરાઓ) તમોને મુબારક હો)

વળી તમો તમારા પત્રની શરૂઆતની પેલી લાઈનમાં લખો છો કે સતપંથ સમાજના મહાન આચારીઓ તથા મહાન મુજાવરો તથા મુસાફરો વિગેરે.

તો તેમાં પણ તમોએ કાંઈ પણ ખુલાસો નહી કરતાં “મહાન આચારીઓ” લખ્યું છે તે પણ બિલકુલ ખોટું છે કારણ કે દરેક સંપ્રદાય (પંથ)માં એક જ આચાર્ય હોય છે તો તમારા ઘર કુકડા સતપંથમાં (પીરાણા પંથમાં) અનેક આચાર્યો છે કે જેનો કાંઈ પાર જ નહીં કે જેટલા સૈયદો તેટલા આચાર્ય?

તેમ વળી તમો તમારા છપાવેલ કાગળની ચોથી લાઈનમાં લખો છો કે આપણા અનાદિનો સતપંથ ધર્મ મુકીને મુકરી ગયા છે. તો તેમ આપે કેમ જાણ્યું કે આપણો અનાદિનો આ પીરાણા સતપંથ ધર્મ છે. પીરાણા ધર્મનો

ચલાવનાર પીર ઈમામશાહ તો સંવત ૧૪૪૯ {Year :1392-93} માં જ આવેલ હતા. (ઈતિહાસ મુજબ) અને આપણી પાટીદાર જ્ઞાતિતો તેથી આગળની છે તો તમોએ કેમ માન્યું કે આપણો અનાદિનો (પીરાણા) સતપંથ છે.

ને વળી પણ આગળ લખો છો કે આપણા ધર્મના વેદ વાયકો શાસ્ત્રો તથા સતપંથની ક્રિયા આચારો તથા મંત્રો તથા શબ્દો વિગેરેને ખોટાં કહી નિંદા કરે છે. તો ભાઈઓ આ લખવું તમારું તદ્દન ખોટું છે. કારણ કે તમારા માનેલા પીરાણા સતપંથમાં ક્યું પુસ્તક વેદ વાક્યનું છે તેમ તમો પીરાણાના ક્યા શાસ્ત્રના ક્યા વાક્યને મંત્ર તરીકે માનો છો અને તે મંત્ર સનાતની ક્યા વેદના ક્યા પાનામાં લખેલ છે તે જણાવવાની કૃપા કરશો.

અને તેથી પણ આગળ તમારી કલમ ચલાવો છો કે સંવત ૧૯૭૭ના કારતક વદ ૧૧ને વાર રવિ {VSA:05-Dec-1920} ના રોજે અવાખલના સૈયદ મીરૂબાવા ડોસુબાવા પોતાના ખર્ચે હવા બદલ માટે કરાંચીમાં આવી પોતે અલગ જગોમાં ઉતર્યા હતા - "મુળોનાસ્તિક કુતોશાખા" એ વાક્ય અનુસારે તમો તમારું છેક ભાન ભુલીને લખો છો કે સા.૧૯૭૭ના કારતક વદ ૧૧ને રવિવાર {VSA:05-Dec-1920} ના રોજે સૈયદ મીરૂબાવો પોતાના ખર્ચે હવા બદલ માટે કરાંચીમાં પોતે અલગ જગામાં ઉતર્યા હતા.

તે ભાઈઓ આવું છેક હડહડતું જુઠાણું કે મજકુર સૈયદ આવ્યો ત્યારે તમો વરઘોડો લઈને તમે સ્ટેશન ઉપર લેવા ગયા હતા અને ત્રણ દિવસ હેરાન થઈને લાકડાં લુગડાં માગીને ભંગીના પાડામાં છાપરું બાંધ્યું હતું તે કોના સારું તેમ તમો કારતક વદ ૧૧ને રવિવાર {VSA:05-Dec-1920} લખો છો તે પણ ખોટું છે કારણ કે સૈયદ મીરૂ કારતક વદ ૮ને શુક્રવારે {VSAK:03-Dec-1920} કરાંચીમાંથી તમારી આંખોમાં ધુળ નાખી છડેચોક તમોને મુમના મુસલમાન કબુલ કરાવીને પલાયન (કરી) ભાગી ગયો હતો તો પછી તમારી લખેલી કારતક વદ ૧૧ {VSA:05-Dec-1920} ક્યાંથી આવી તે જણાવશો. ભાઈઓ જેને તારીખનું પણ ભાન નથી તે બીજું ખરું ખોટું કેટલું જાણી શકે તે વિચારવાનું અમો વાંચક વર્ગને સોંપીએ છીએ.

વળી તમો તમારા પત્રની વિસમી લાઈનમાં લખો છો કે તેઓ સાહેબની મુખવાણીથી મહાન વેદોના તેમજ પુરાણોના તેમજ મહાન ગીતાજીના તથા ભાગવત તથા રામાણય તથા મહાભારત વિગેરે ગ્રંથોથી આપણે જે દસમો અવતાર અરબી રૂપે અરબસ્તાનમાં અવતાર લીધો છે તે સાબિત સાચો ઠેરાવી આપતા.

તો ભાઈઓ હવે જણાવવાની મહેરબાની કરશો કે તમો ચારે ભાઈઓમાંથી ક્યા ભાઈએ અરબી રૂપે અરબસ્તાનમાં અવતાર લીધો છે કે જેથી તમો લખો છો કે "આપણે જે અરબી રૂપે અરબસ્તાનમાં અવતાર લીધો છે" વહારે ચતુર શિરોમણી ભાઈઓ ધન્ય છે તમારી ચતુરાઈને કે પીરાણા સતપંથના આચાર્ય તો શું પણ ભગવાન પણ તમો પોતે જ બન્યા છો તો બતાવવાની મહેરબાની કરશો કે તમો અવતારી ભગવાનોની કઈ રીતે પૂજા કરવી જોઈએ? શું કરાંચીના અને કચ્છના જ્ઞાતિ ભાઈઓ અને જનસમાજને ખબર નથી કે તમો ચારે વીર આગેવાનો કેવા વિદ્વાન છો કે જે મહાન પુરાણ ગીતાજી, ભાગવત, રામાયણ, મહાભારત આદિ શાસ્ત્રોના પ્રમાણથી સૈયદ મીર ભાષણ કરે તે સત્ય કે ખોટું છે તે જાણી શકો. તમો કાળા અક્ષરને કુટીમારી પોતાની આંખો બંધ કરી **"બાવો કહે તે સત"**ને માનનારા તેણે વળી વેદ શાસ્ત્રો ક્યાંથી જોયા હોય ! અને કદી તમોએ જોયેલા હોય તો બતાવવાની મહેરબાની કરશો કે ઉપરોક્ત ક્યા ગ્રંથના ક્યા પાનામાં તમારું માનેલું અરબી રૂપે (દસમો અવતાર) લખેલું છે તે

જણાવશો. વળી તમો લખો છો કે સતપંથ સમાજની મીજલસમાં હંમેશાં સતપંથી તેમજ સનાતન ધર્મના મળી આશરે આઠસો હજાર માણસો મીજલીસમાં ભાગ લેતા હતા તે સર્વે બાવા સાહેબ મીરૂ બાવાના વચન વેદ અનુસાર સત અને સાચા છે તે કબુલ કરતા.

તો હવે જણાવવાની કૃપા કરશો કે તમારી ઘર કુકડી મીજલસમાં આઠસો હજાર તો શું પણ એકાદ સનાતની આવ્યો હોય અને તેણે તમારું લખેલું અરબી રૂપ કે જે ઉપરોક્ત શાસ્ત્ર (વેદ, પુરાણ, ગીતાજી, શ્રીમદ ભાગવત, રામાયણ, મહાભારત) માંથી કબુલ કર્યું હોય તો તેઓનું નામ ઠામ ગામ ને તારીખ લખી જણાવશો.

અમોને પુરી ખાતરી છે કે આઠસો હજાર તો શું પણ એકાદ વ્યક્તિ જેને સનાતન ધર્મ શાસ્ત્રનું જ્ઞાન હશે અને પોતાની જ્ઞાતિનું અભિમાન હશે તે કદી પણ તમારો લખેલો અને તમારા બાવાનો કહેલ આપણે અરબી રૂપે અરબસ્તાનમાં અવતાર લીધો છે તે કબુલ કરશે જ નહીં અને કદાચ કરશે તો ફક્ત તમારા જેવા અંધશ્રધ્ધાળુ અને કાળા અક્ષરને કુટી મારનાર જ હશે.

આગળ જતાં તમો વળી લખો છો કે પીરાણા સતપંથ ધર્મ તથા ધર્મના મુખ્ય આચાર્યો સાચા અને સુપાત્ર છે એવું અમો મૂરતાઓ (સુરતાઓ) ને નિશ્ચય થયું છે બંધુઓ ! આ લખવું તમારું સત્ય છે? અને કચ્છના આપણી જ્ઞાતિના આગેવાનો અને જ્ઞાતિ ભાઈઓ શું મુર્ખ છે? કે જેણે આપણી જ્ઞાતિમાં તમારા માનેલા આચાર્યો (સૈયદો)ને આવતા બંધ કરેલા છે તો પછી તમે એકલા જ આખી જ્ઞાતિની પાસે તે યવનોને આવવાની રજા લ્યો છો અને આખી જ્ઞાતિને તમારી માફક યવન પૂજક બનાવો છો તેમ ન કરતા તમો એકલા જ (ચાર જણાઓ) યવનના સેવક થઈ જાઓ તો શું.

વળી તમો લખો છો કે આપણા પુજનીકોને ઉતારો પણ ત્યાં જ થવો જોઈએ જેથી પાપ વરતીના લોકો આપણા પુજનીકોનું અપમાન કરે છે તે પણ કરશે નહીં.

અરે મુર્ખ ભાઈઓ ! (ચાર જણાઓ) અમોને ઘડી ઘડી કહેવું પડે છે કે આટલી બે હદ સુધીની પોતાની મૂર્ખાઈ શું ઉડાવી રહ્યા છો કે “પાપ વરતીના લોકો” ભાઈઓ ! શું પીરાણા પંથના સૈયદોને નહી માનનારા બધા પાપ વરતીના છે? ને તમો એકલા જ આંખો બંધ કરીને પાટીદાર જ્ઞાતિને ન છાજતાં એવા હલકા રીવાજોને વળગીને યવન કોમના કહેવા ઉપર નુરનામા બાજનામા અને કલમાઓ વિગેરે પઢો છો તેથી આખી દુનિયાની અંદર તમો ચાર ભાઈઓ ધર્મચાર્યો છો તેની અમોને પુરતી ખબર છે પણ તમો ભાઈઓ તમારા પોતાના કર્તવ્ય સંભારીને વિચાર કરી લેશો અમો આપ ધર્માચાર્યોને વધારે લખતા નથી.

વળી આગળ પણ તમારી જાળ પાથરવી ભુલતા નથી કે મહાન પુજનીકો તથા મુજાવરો તથા કાકાઓ તથા સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ તેમજ જ્ઞાતિના આગેવાન નાતીલા વિગેરે સાહેબોની પવિત્ર સેવામાં અમો કરાંચીમાં વસતા કચ્છી લેવા પાટીદારો અરજ ગુજારીએ છીએ કે આપણા સતગોરની આલમા જેપાકા સાદાતો હોય તેમને સમાજ બોલાવે.

૪. સતપંથીઓનો ૭૮૬ વિનંતી પત્ર અને તેનો સનતાનીઓનો જવાબ - દી. 14-Jan-1921

તમે આપણા ભાઈઓને વઢાડી વઢાડી પાયમાલ કરી પણ તેટલેથી સંતોષ નહીં કરતા વળી હજી પણ આગળ વધી આખી કચ્છની આપણી જ્ઞાતિને વઢાડવાના સારા દાવપેચ કરો છો કે જેણે એક મત થઈ પીરાણાના સૈયદોને કે જેણે આપણને ભોળવીને મુસલમાન બનાવવાની પાયરીએ લઈ જવા માંડ્યા હતા તેને આખી જ્ઞાતિના નાના-મોટા સમસ્ત બંધુઓ મળીને તેને એકદમ આપણી જ્ઞાતિમાં આવતા બંધ કરેલા છે તેને તમો કરાંચીમાં તેડાવ્યા અને કલમો પઢ્યા તેથી પણ તમારા પેટ નહીં ભરાતા ને વળી કચ્છમાં જ્ઞાતિ ભાઈઓને વઢાડવાની કોશીશ કરી છે. તેથી આખી જ્ઞાતિના ભાઈઓ તમો ચાર જણાઓના કહેવા મુજબ તેને તેડાવશે નહી તે અમોને પુરી ખાત્રી છે. તેડાવવાનું બાકી રહ્યું પણ તમો સૈયદોને તેડાવો છો અને જમાડો છો તેનો જવાબ પણ જરૂર લેશે. અસ્તુ

લી. કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ
રણછોડ લાઈન, દેશલ બજાર, કરાંચી
કરાંચી તા. ૧૪-૧-૧૯૨૧

પ્રવાસી પ્રેસમાં ઠા. હીરજી ગોવિંદજીએ છાપ્યું
- કરાંચી

કચ્છ કડવા પાટીદાર ભાઈઓને
કરાંચી કડવા પાટીદાર ભાઈઓ તરફથી
મોકલવામાં આવેલા

ખુલ્લા પત્રનું અવલોકન

(મરાઠી સાખી)

ધર્મ કર્મને ધોઈ નાંખ્યા, ગાડર સમ ઝુકાવી,
ઉપરથી ઉપહાસ્ય કરાવી, ગાંઠનું ગરથ ગુમાવી
આવી, રસમ થકી ભાવી
ભુંસ્યુ શર્મ જરી ના'વી-આવી.

લેખક : નારાયણજી રામજીભાઈ મીસ્ત્રી
ઘાટકોપર (THANA)

સંવત ૧૯૭૮ સને ૧૯૨૨

અમદાવાદ
ઢાલગરવાડમાં આવેલા શ્રી અંબિકા વિજય પ્રિન્ટીંગ પ્રેસમાં
પટેલ લક્ષ્મીચંદ હીરાચંદે છાપ્યો.

Online Text Based
(can use for translation)

Source Document

૫. ખુલ્લા પત્રનું અવલોકન - ભાગ-૧ - 1922

જ્ઞાતિ ભાઈઓના હિતાર્થે બહાર પડે છે ! હિન્દુધર્મના નામે ચાલતા

પીરાણા ધર્મની પોલ

એ નામનું પુસ્તક અમારા તરફથી બહાર પાડવામાં આવનાર છે. સનાતન હિન્દુ પ્રજાને પોતાનો ધર્મ તજી દેવરાવી પીરાણા ધર્મમાં વાળવા માટે અને પીરાણા ધર્મ મુસલમાની ધર્મ જેવો નથી એવું દેખાડવા માટે તે ધર્મના અધ્યાપકો, ધર્મગુરૂઓ, કાકાઓ અને નેતાઓએ હિન્દુ ધર્મમાં પ્રસિદ્ધ રીતે મનાતા અવતારો, મહાપુરૂષો અને દેવદેવીઓને પોતાના પંથમાં ઘુસાડી તેમના નામે અનેક પ્રકારના ગપગોળા અને ખોટી વાતો ફેલાવી છે અને તેમ કરીને સદરહુ ધર્મના પ્રસિદ્ધ અપ્રસિદ્ધ પુસ્તકો, પાઠો અને વ્યાખ્યાનોમાં હિન્દુ ધર્મમાં મનાતી, પવિત્ર વ્યક્તિઓને ઉદ્દેશીને એવી તો અપવિત્ર અને અઘટિત રીતે વર્ણવામાં આવી છે કે જે સાંભળીને કોઈપણ હિન્દુ ભાઈનું હૃદય દ્રવિત થયા સિવાય રહે જ નહિ.

કચ્છ દેશમાં અને તેમાં પણ જે જ્ઞાતિમાં મારો જન્મ થયો છે ત્યાં આ ધર્મની પોલ ચલાવી પીરાણા ધર્મના ઉપાધ્યાયો સેંકડો વર્ષોથી દર વર્ષે હજારો રૂપિયા લુંટી ખાય છે એટલું જ નહિ પણ આડકતરી રીતે આગેવાનો મારફત જ્ઞાતિમાં ત્રાસ વર્તાવી ગરીબ વર્ગ પાસેથી પણ દર વર્ષે પૈસા કઢાવાનો ઉદ્યોગ ચલાવતા આવ્યા છે અને અમારી શુદ્ધ ક્ષત્રિય વર્ણને ન તો હિન્દુ ન મુસલમાન એવી તો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ સ્થિતિમાં ડુબાવી રાખવાનો પ્રયાસ કરે છે જેના ભયંકર પરિણામોએ અમારા જીવન ઉપર અસર કરી અમારી જ્ઞાતિને દુઃખદાયક સ્થિતિમાં લાવી મુકી છે. અનેક જગ્યાએ અમારી માફક જ અન્ય જ્ઞાતિઓની સ્થિતિ પણ આ પીરાણા ધર્મે કરી મુકી છે જે ઉપરથી આવું પુસ્તક બહાર પાડવાની કેટલી આવશ્યકતા છે તે તો જેમણે પીરાણા ધર્મ સંબંધે કાંઈપણ જાણ્યું હશે તેને સમજાયા સિવાય રહેશે નહિ.

આ પુસ્તકમાં પીરાણા ધર્મની ઉત્પત્તિ તથા તે ધર્મની રીતે જન્મથી મરણ પર્યંત તેના અનુયાયીઓ માટે કરવામાં આવતી ક્રિયાઓ, ઈમામશાહનો વંશ, ઘટપાટની ક્રિયાઓ અને એલમો તેમજ કલમાઓમાં આર્ય વ્યક્તિઓને ઘુસેડી હિન્દુ ભાઈઓને ઉંધે રસ્તે દોરી પોતાના પંથમાં વટલાવવા માટે તેના અધ્યાપકોએ જે જે નીચ યુક્તિઓ રચી છે તેનું યથાર્થ વર્ણન આપી અમારા હિન્દુ ભાઈઓને તેની પોલ સ્પષ્ટ રીતે સમજાય તેવા દરેક પ્રયત્ન કરવામાં આવ્યાથી આ પુસ્તક એક અત્યુપયોગી થઈ પડવાનો સંભવ છે.

કચ્છ દેશમાં નેત્રા ગામના એક કેશરા પટેલ કે જેમણે પીરાણા ધર્મને છોડી સ્વામીનારાયણ પંથનો સ્વીકાર કર્યો હતો તેમને વટલાવી પોતાના ધર્મમાં જ રાખવા ખાતર પીરાણા ધર્મને માનનારા વર્ગે જે જુલમ અને ત્રાસ વર્તાવ્યો હતો તેનો હૃદયભેદક પ્રસિદ્ધ બનાવ પણ આ પુસ્તકમાં યોગ્ય સ્થળે આવશે. પુસ્તક સંબંધી બીજી માહિતી નીચેના ઠેકાણેથી મળશે.

સેક્રેટરી **"શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ" રણછોડ લાઈન - કરાંચી.**

લેખક - નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાક્ટર

ઠે. ઉંમરશી રાયશીના કમ્પાઉન્ડમાં,

ઘાટકોપર (THANA)

શ્રી કચ્છ કડવા પાટીદાર ભાઈઓને - કચ્છના કરાંચી નિવાસી કડવા પાટીદાર ભાઈઓની સભા તરફથી મોકલવામાં આવેલા

ખુલ્લા પત્રનું અવલોકન

યુવક મંડળની સહીવાળો ખુલ્લો પત્ર મારા વાંચવામાં આવ્યા પછી મારા હૃદયમાં અનેક જાતના અવનવા વિચારો આવ્યા કરે છે. હું નથી સમજી શકતો કે કરાંચી નિવાસી મારી જ્ઞાતિના વિદ્વાન મિત્રો કઈ દિશા તરફ ઘસડાઈ ગયા છે તેનું તેઓને કશું ભાન રહ્યું છે કે નહીં તે કંઈ સમજી શકાતું નથી.

યુવક બંધુઓના ખુલ્લા પત્રમાં જણાવેલું છે કે : જ્ઞાતિના આગેવાનોએ સૈયદ કોમને આપણી જ્ઞાતિ પાસે આવતા બંધ કર્યા છે છતાં અજ્ઞાન અને ભોળા લોકો હજુ શ્રદ્ધાથી સૈયદોને તેડાવે છે. એ પ્રમાણે કરાંચીમાં દશથી બાર સૈયદો છ મહિનાની મુદ્દતમાં આવી ગયા છે. તેથી સુધારક ભાઈઓને ઘણું માઠું લાગ્યું છે અને આગેવાનો સાથે કરેલી શરત પ્રમાણે પીરાણા ધર્મ તેમજ આગેવાનોની ટીકા કરવાનું યુવક મંડળે મોકુફ રાખેલ છે. હજુ સુધી આગેવાનોએ સુધારો કર્યાનું કંઈ સંભળાતું નથી. સુધારો કર્યામાં ફક્ત ગઈ સાલમાં જે ભાઈઓએ પોતાના છોકરાઓના લગ્ન વેદવિધિથી કરેલ છે તેઓને નાતબાર કર્યા છે અને દંડ લીધા છે તે સિવાય બીજો કશો સુધારો આગેવાનોએ કર્યો નથી. કરાંચી મંડળના ભાઈઓએ મમત કર્યાથી વેદ વિધિ પ્રમાણે લગ્ન કરવાના હઠાગ્રહથી કેટલાક ભાઈઓના છોકરાંઓના લગ્ન થતા અટક્યા છે અને સૈયદોને જાણે છુટ મળી હોય તેમ દેશમાં અને કરાંચીમાં કણબી ભાઈઓની સાથે પીરાણા ધર્મનો બોધ કરવાનું સૈયદોએ ચાલુ રાખવાથી સુધારક ભાઈઓને છાપુ છપાવવાની પરાણે ફરજ પડી છે. જેથી આગેવાનોને વિનંતી કરે છે કે ખુલ્લો પત્ર વાંચ્યા પછી વિચારીને આગેવાનો સુધારો કરવાની કોશીશ કરશે એવી ખાસ ભલામણ કરાંચીનું યુવક મંડળ કરે છે.

લેખની શરૂઆતમાં સુધારક ભાઈઓ જણાવે છે કે શું હજી આપણી જ્ઞાતિમાં સૈયદોની જરૂર છે? હું મારા વિદ્વાન મિત્રોને પૂછું છું કે શું પ્રથમ આપણી જ્ઞાતિને સૈયદોની જરૂર હતી? મારા ધારવા પ્રમાણે અને સમજવા પ્રમાણે તો પ્રથમ તેમજ હમણાં કોઈ વખતે પણ સૈયદોની જરૂર નહોતી. ફક્ત એક જ વાતે સૈયદોની જરૂર હતી અને તે એ કે જ્યાં સુધી તેઓ પાકા મુમના અથવા મુસલમાની અર્ધદગ્ધ ધર્મની રાહત ઉપર ન આવી જાય ત્યાં સુધી જેને પીરાણા કબ્રસ્તાની ધર્મ ઉપર શ્રદ્ધા છે તેને તો સૈયદોની ખાસ જરૂર હતી અને છે. પરંતુ કરાંચીવાસી ભાઈઓને હવે સાફ જ જણાયું છે કે આપણી જ્ઞાતિ હવે બરોબર પીરાણા અર્ધદગ્ધ કબ્રસ્તાની ધર્મની અનુયાયી થઈ રહી છે જેથી તેઓને હવે સૈયદોની જરૂર જણાતી નથી તેથી જ તેને આપણી જ્ઞાતિ સાથેના સંબંધમાંથી કાઢી નાંખવાની ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. પીરાણા અર્ધદગ્ધ ધર્મની જાણે આપણી જ્ઞાતિને ઘણી જ જરૂરિયાત ન હોય તેવી રીતે તેના માટે પીરાણાની ગાદીના અધ્યક્ષ લક્ષ્મણ કાકા આચાર્યશ્રી સર્વે ઉપમા લાયક હોય તો પણ તેનો બચાવ કરવા તેમજ પીરાણા કબ્રસ્તાની ધર્મ અને પીરાણા ધર્મની જાગીરનો કબજો લક્ષ્મણ કાકા પાસે રહે તેના માટે

આગેવાનોને સમજાવે છે કે ત્રણસો ચારસો વર્ષથી પીરાણાની ગાદી ઉપર આપણી જ્ઞાતિનો નિમાયેલ અધ્યક્ષ થઈને બેસે છે, તેજ પ્રમાણે હમણાં જે ગાદી ઉપર લક્ષ્મણ કાકો બીરાજે છે તે પણ આપણી જ્ઞાતિએ જ નિમેલ છે. એવો પુરાવો આપીને કાકો ગમે તેવો પ્રપંચી હોય, સ્વાર્થી હોય પૈસાનો ગમે તેવો ખોટે રસ્તે વ્યય કરતો હોય તો પણ તેને ટકાવી રાખવા આગેવાનોને મજબૂત રીતે કરાંચીના સુધારક ભાઈઓ ખાસ અપીલ કરે છે. વિશેષમાં કણબી આગેવાનોને સુધારક ભાઈઓ જણાવે છે કે સૈયદોએ કાકાશ્રીને નોટીસ આપીને જણાવ્યું છે કે પીરાણાની મિલકત સૈયદોની છે જેમાં કાકાઓનું કંઈ પણ લાગતું વળગતું નથી એટલું જ નહીં પણ કચ્છના કણબી આગેવાનોને પીરાણામાંથી અપમાન કરી કાઢી મેલવાની વાત જે બની હતી, તે વાત તાજી કરી યાદ કરી આપીને આગેવાનોને ખાસ જણાવે છે. સુધારક ભાઈઓની મતલબ એવી જણાય છે કે સૈયદો ઉપર કોઈપણ પ્રકારે કચ્છના આગેવાન કણબીઓને ક્રોધ આવે. વિશેષમાં આગેવાનોને સુધારક ભાઈઓ જણાવે છે કે તમો ઢીલા થશો તો કચ્છમાં જે ગામોગામ કણબીઓના ખાનાં છે તેનો પણ સૈયદો કબજો લેવાની કોશીશો કરી રહ્યા છે. આખી જ્ઞાતિને સંબોધીને સુધારક ભાઈઓ જણાવે છે કે ભાઈઓ ચેતો આવા ધર્મભ્રષ્ટ લોકોના હાથે આપણા આગેવાનો અને આચાર્યશ્રી કાકાઓનું અપમાન થાય તે આપણાથી હવે કેમ સહન થાય !

ધન્ય છે કરાંચી નિવાસી જ્ઞાતિ સુધારક ભાઈઓ ! તમે પણ ખુબ કરી. તમારા જેવા આદર્શ સુધારકો ન હોત તો પીરાણા અર્ધદગ્ધ કબ્રસ્તાની ધર્મ આપણી જ્ઞાતિના માટે તો જરૂર પડી ભાંગત. તેમજ પરમ દયાળુ ગેઢેરાઓનું અને પીરાણાના કાકાઓનું માન પણ ન જ જળવાત. પીરાણા ધર્મ આપણો છે, કાકાઓ પીરાણા ધર્મના રક્ષક છે અને કચ્છના કણબી આગેવાનો એ પ્રપંચી ધર્મના અને કાકાશ્રીના સીમેન્ટ કોંક્રિટના લોખંડી કામ જેવા મજબુત પગ છે, તેનો ખરેખરો બચાવ કરવા જતાં તમોને સૈયદો સાથે ભારે રસાકસી જાગી છે અને સૈયદો તરફ જે તમોને અણગમો ઉત્પન્ન થયો છે તે પણ ખાસ કરીને પીરાણા અર્ધદગ્ધ કબ્રસ્તાની ધર્મ જે ન હિન્દુ ન મુસલમાન એવો ખીચડીયો પંથ હાથમાંથી છુટી ન જાય અને આગેવાનો નબળા ન પડે એના માટે તેમને અસહ્ય સંકટ વોરવું પડ્યું છે એમ કરાંચી યુવક મંડળના સુધારક ભાઈઓના લેખ ઉપરથી સ્પષ્ટ સમજાય છે. લેખમાં આગળ લખતાં સુધારક ભાઈઓ લખી જણાવે છે, કે કરાંચીમાં અવારનવાર સૈયદ લોકો આવે છે અને જે સૈયદોના શિષ્યો છે તેના ઘેર ઉતરે છે. પરંતુ ત્યાં પીરાણા ધર્મનો બોધ કરે છે અને તેને મુસલમાન થવાનું સૈયદો કહેતા હશે તેની વાત કરતાં સુધારક ભાઈઓને શરમ થાય છે ! જેથી વિનંતી પર વિનંતી અને અપીલો પર અપીલ કરી આગેવાનોને સુધારક ભાઈઓ વિનંતીઓ કરે છે કે કરાંચી નિવાસી અજ્ઞાન ભાઈઓને સૈયદોના સંગથી બચાવો. નહીં તો હવે તેઓમાં થોડો માત્ર નામનો હિન્દુ અંશ રહ્યો છે તે પણ રહેવો બિલકુલ મુશ્કેલ છે. કારણમાં સુધારક ભાઈઓ જણાવે છે કે, સૈયદો કણબીઓને છડેચોક અભડાવવાની કોશીશો કરે છે તેથી અન્ય હિન્દુ જ્ઞાતિઓ ટીકા કરે છે. માટે હવે માંસાહારી સૈયદને આપણી જ્ઞાતિમાંથી આવતા બંધ કરો અને જો તમો કહેવાતા આગેવાનો સૈયદોને આવતા બંધ નહીં કરો તો કરાંચીમાંના જ્ઞાતિ સુધારક વીર બન્ધુઓ-આગેવાનો તેમજ પીરાણા ધર્મના માટે લેખ લખશે એવી અલ્ટીમેટમ રૂપે ધમકી આપી લેખ સમાપ્ત કરતાં, આગેવાનો સુધારો નહી કરે તો તેમને જવાબદાર ગણી લેખ સમાપ્ત કર્યો છે.

ઉપર પ્રમાણેની હકીકતનો જાહેર ખુલ્લો પત્ર કરી કરાંચી-નિવાસી ભાઈઓની ખેડોઈથી તે લખપત સુધીના તમામ ગામોના ઓછા વધતા સર્વે ભાઈઓની-સભા તરફથી સભાના વિદ્વાન નેતાઓના ઉંચા મગજથી લખીને

કરાંચી સુધારક ભાઈઓએ જે પોતાની ફરજ અદા કરી છે તેના માટે તો હું તે વિદ્વાન ભાઈઓને ધન્યવાદ આપું છું પરંતુ એ લેખ સભાના તેમજ યુવકમંડળના નિયમો તેમજ ધારા ધોરણથી ઘણો જ વિરુદ્ધ હોવાથી મંડળના મુખ્ય સિદ્ધાંતોના મુદ્દાઓની વાતોમાં મેરૂ અને હિમાલય પર્વત જેવડી ભુલો કરી આજ દિવસ સુધીની કચ્છ વીરાણી મુંબઈ તેમજ કરાંચીના યુવક મંડળની તનતોડ જ્ઞાતિસેવા અને સ્વધર્મની હિલચાલની કફોડી સ્થિતિ કરાંચીના સુધારક ભાઈઓએ કરી મુકી છે, તેના માટે મારે કરાંચી સુધારક ભાઈઓને તેમજ જ્ઞાતિ બન્ધુઓના જાણવા માટે જાહેરમાં કરાંચી સુધારક ભાઈઓની જે ભુલો થઈ છે, તેમાં સત્ય નિષ્ઠાથી સાચું નગ્ન સત્ય શું છે તે કહી બતાવવાનો મારો ધર્મ મને ખુલ્લો જવાબ આપવાની પ્રેરણા કરે છે. જેથી આ લેખ લખવાની મને અનિવાર્ય ફરજ ઉભી થાય છે. હું આશા રાખું છું કે મારી જ્ઞાતિના વિદ્વાન જ્ઞાતિ સુધારક મિત્રો તેમજ જ્ઞાતિના ભાઈઓ સાર ગ્રહણ કરી યોગ્ય ન્યાય આપી જ્ઞાતિમાં યોગ્ય સુધારો કરવાની યોગ્ય હિંમત કરશે.

શરૂઆતમાં હું જણાવીશ કે, કરાંચી મુકામે તા.૮-૮-૧૯૨૦ની સાલમાં શ્રી કચ્છ કડવા પાટીદાર ભાઈઓની પરિષદ હજારોની સંખ્યામાં જ્ઞાતિ બંધુઓની મળી હતી. સભાના પ્રમુખ રા.રા.રાજાભાઈ શામજી ધોળુ ગામ માનકુવાવાળા તેમજ કરાંચી નિવાસી રિસેપ્શન કમિટિના પ્રમુખ ભાઈ નાનજી પચાણ ગામ-નખત્રાણાવાળાએ પીરાણા ધર્મ સંબંધે યોગ્ય ખુલાસો કર્યો છે કે પીરાણા ધર્મ ન હિન્દુ ન મુસલમાન એવો પંથ અર્ધદગ્ધ ધર્મ છે જેને લોકો ખીચડીયો પંથ પણ કહે છે. બંને પ્રમુખોના ભાષણમાં એક જ મતલબના એવા ફકરાઓ બોલાયા છે કે પીરાણા ધર્મ આપણી જ્ઞાતિને શરમાવનારો નીચું જોવડાવનારો છે અને એ પીરાણા ધર્મ આપણી હિન્દુ જ્ઞાતિને કલંકરૂપ છે એવું મેં અનેક વખત કરાંચી તેમજ મુંબઈ અને કચ્છ વીરાણીના યુવક મંડળના સુધારક ભાઈઓના મોઢાથી સાંભળ્યું છે. તે સિવાય મારા સાંભળવા પ્રમાણે અને કરાંચીમાંના જ્ઞાતિ સુધારક ભાઈઓના એક ખાસ આગેવાન ભાઈના મોઢાના ખુલાસાથી પણ જાણ્યું છે કે કરાંચીમાં કણબી જ્ઞાતિના સુધારક યુવક મંડળે પીરાણા ધર્મને તીલાંજલી આપી દીધી છે અને હંમેશના માટે એ કલંકરૂપ પીરાણા ધર્મનો ત્યાગ કર્યો છે. એટલું જ નહીં પણ પીરાણાના ધર્મનો, બાવા ઈમામ શાહના પાટનો તેના ધર્મ અને કર્મના પુસ્તકોને કાઢી નાખી ત્યાં આગળ સિંહાસન ઉપર ભાગવત અને રામાયણના પુસ્તકો પધરાવી તેની સેવા પુજા અને આરતી ધૂપ દીપ કરે છે. આ વાત સાંભળી મુંબઈવાસી જ્ઞાતિ ભાઈઓ તેમજ હું, કરાંચી નિવાસી જ્ઞાતિ સુધારક ભાઈઓની જાહેર હિંમતના માટે ઘણા જ ખુશી થયા હતા. પરંતુ દિલગીરીની વાત એ છે કે, તા.૧૩-૧૧-૧૯૨૧ના કરાંચી સભાના ખુલ્લા પત્રથી જણાય છે કે સુધારક ભાઈઓએ સુધારાની બાબતમાં ફક્ત સૈયદો ઉપર જ પોતાનો ગુસ્સો બહાર પાડી બાકીના જે સુધારાઓ કરવાની જરૂર હતી તે વાતની તદ્દન ચુપકીદી પકડીને ઉલટી રીતે કાકાઓનો તેમજ કણબીની જ્ઞાતિના જુલ્મી આગેવાનોનો ખોટો બચાવ કર્યો છે. ખરી રીતે પીરાણાના કાકાઓના માટે મુંબઈના યુવક મંડળે ઘણું અજવાળું બહાર પાડ્યું છે, તેમજ કરાંચીવાસી ભાઈઓના મોઢાથી પણ કાકાશ્રીના ચારિત્રો સાંભળ્યા છે. વળી આગેવાનોના જુલ્મ સંબંધે કરાંચી મુકામે મળેલી સભામાં તેમજ અનેક વખતોની સભામાં આગેવાનોના જુલ્મ સંબંધી તેઓની પાસેથી પંચના પૈસાનો વહીવટ અને આપણા જ્ઞાતિ ભાઈઓના તેમજ બહેનોના ઉપર જે નિર્દયપણે આગેવાનો જુલ્મ અને ત્રાસ વર્તાવે છે તેને તોડી પાડવાના અનેક વખતે સભાઓમાં સર્વાનુમતે ઠરાવ પસાર થયા છે એ વાત આપ સારી પેઠે જાણો છો તેમજ આગેવાનો ચોખ્ખું સમજે છે કે, પીરાણા ધર્મ મુસલમાની છે

છતાં પણ તેને બળજોરીથી આપણી જ્ઞાતિને પળાવવામાં આગેવાનોનો પાકો સ્વાર્થ સમાયેલો છે એ વાતો કરાંચી તેમજ અન્ય સભાઓમાં કરાંચી ભાઈઓની હાજરીમાં ઘણી વખત ચર્ચાઈ ગઈ છે. તેમજ તમો કરાંચી મંડળના સુધારક ભાઈઓને કચ્છી કણબી જ્ઞાતિના આગેવાનોનો ઘણો જ કડવો અનુભવ પણ થયેલો છે છતાં પણ જાણે કાંઈ ન જાણતા હોઈએ તેવી રીતે કાકાશ્રી તથા આગેવાનો માટે ઉંચો અભિપ્રાય દર્શાવી તેઓની ભુલો જતી કરી, પીરાણા ધર્મ, લક્ષ્મણ કાકાના હાથમાં રહે, જુલ્મી આગેવાનોની સત્તા કાયમ રહે એટલા માટે તમો જ્ઞાતિનું સત્યાનાશ વાળનાર પીરાણા ધર્મના ખાં કણબી આગેવાનો પાસે કગરી વગરીને સૈયદોને કાઢવા માટે અને પીરાણા ધર્મ આપણા કબજામાં રહે ! તેના માટે દીન મુખે આજીજીઓ કરી રહ્યા છો ! મને તો ચોખ્ખું જણાય છે કે તમારામાંના ઘણા ભાઈઓ ડરપોક છે, તેથી આગેવાનોથી ડરી ગયા છો અને તેથી જ તમો સુધારક તરીકેના સત્ય રસ્તાથી પાછા હઠી જઈ તમે જ્ઞાતિ સુધારાનું નિર્દય રીતે ખુન કર્યું છે. આવો આક્ષેપ મુકવાની મને તમારો લેખ ફરજ પાડે છે. આગેવાનો સૈયદોને આવતા બંધ કરે એ આકાશ કુસુમવત વાત છે. આગેવાનો પોતાનો કક્કો તેમજ સ્વાર્થ સારી પેઠે સમજે છે. પીરાણાધર્મ તેમજ કાકાને અને સૈયદોને આગેવાનો છોડી દે તો તેઓની હરામી જ્ઞાતિનું લોહી ચુસવાની - વગર મહેનતની આવક બંધ પડે તેથી જોઈએ તો સૈયદ કાકાઓનું કે કણબી આગેવાનોનું ભારે અપમાન કરે કે પીરાણામાંથી કાઢી મુકે અથવા ગાદીપતિ લક્ષ્મણ કાકાનો અર્થ ગુલામ તરીકે કહી બતાવે અથવા કાકાનો દરજજો ઝાડુ કાઢવાનો અને દરગાહમાં દીવાબત્તી કરવાનો કહે તો પણ લક્ષ્મણ કાકો એવો લોભી માણસ છે કે એને ગાદીપતિની સત્તાનો ત્યાગ કરતાં જીવ ચાલી શકતો નથી. લક્ષ્મણ કાકો તેમજ અન્ય કાકાઓ સારી રીતે સમજે છે કે પીરાણા ધર્મ મુસલમાની છે અને કાકાશ્રીની જ્ઞાતિ હિન્દુ છે છતાં પણ સત્તાનો અને ધર્મ ગુરૂ તરીકે પુજાવાનો અને પૈસાનો સ્વાર્થ તેનાથી છોડી શકાતો નથી જેથી પોતે તેમજ પોતાની જ્ઞાતિ હિન્દુ હોવા છતાં મુસલમાની ધર્મમાં દટાઈ રહે, પોતાનું ગમે તેવું અપમાન થાય તો પણ અધ્યક્ષપણાનો મોભો ગમે તે હાલતમાં જળવાઈ રહે અને કણબીઓ તેને પૈસા આપતા રહે એથી વધારે કાકાને કંઈ લોભ નથી. ત્યારે એક સવાલ એ ઉભો થાય છે કે, પીરાણા ધર્મ મુસલમાની છતાં એ ધર્મ ચલાવનાર મુસલમાન સૈયદોએ આજ દિવસ સુધી પીરાણાધર્મનો વહીવટ કાકાઓ મારફતે કેમ ચલાવ્યો અને હજુ સુધી કેમ ચલાવે છે? તેના જવાબમાં માત્ર એટલું જ કે, સૈયદોએ એના વડીલના પગલે ચાલી પોતાની બીજા પ્રકારની સત્તા ઢીલી રાખવામાં ડહાપણ માનેલું છે. ઈમામશાહની ગાદીના અધ્યક્ષ તરીકે કચ્છના કણબીઓને નિમવામાં તેનો મોટો સ્વાર્થ સમાયેલો છે. સૈયદોના મૂળ પુરૂષ ઈમામશાહ ઘણા જ કાબેલ માણસ હતા, તેઓ જાણતા હતા કે પીરાણા સતપંથ ધર્મ એ અર્ધદગ્ધ ધર્મ છે. એ ધર્મનું આચાર્ય પદ અથવા ધર્મનું ગુરૂપણું તેના વંશના સૈયદોને સોંપે તો પાછળથી એ ધર્મના હિન્દુ સેવકો મુસલમાન ગુરૂને લઈ એ ધર્મ પાળે નહીં, તેથી જ કચ્છ દેશમાંની અજ્ઞાન અને ભોળી કોમના મુખી કણબીઓની જ વધુ પસંદગી કરી તેને પીરાણાની ગાદીના અધ્યક્ષ બનાવી ભગવાં લુગડાંનો વેશ પહેરાવે છે. તેથી ભોળા અને મૂર્ખ લોકો એમ માને છે કે આ મહાન બ્રહ્મચારી સાધુઓના રૂપમાં હિન્દુ જેવા દેખાતા ભગવાધારીઓ હિન્દુ છે અને પીરાણા ધર્મ પણ બહારથી હિન્દુધર્મ જેવો છે એવો ડોળ વેશધારી કાકા સાધુઓ બતાવે છે. જેથી હિન્દુ જ્ઞાતિ હિન્દુ ભાઈઓના હાથે જ પીરાણા કબ્રસ્તાની ન હિન્દુ ન મુસલમાન ધર્મમાં દટાઈ રહે છે. એ ફીલસુફી સૈયદોની અત્યાર સુધી તો નભી રહી. પરંતુ ગાદીપતિ લક્ષ્મણ કાકાના વહીવટમાં અનેક પ્રકારના ગોટાળા અને ધર્મ ગુરૂને ન છાજતાં કામો-મીલોના એજન્ટ વગેરે થવાનું તેમજ મોટર કારો રાખી પૈસા કમાવાનું વગેરેની લાલચમાં કાકો

૫. ખુલ્લા પત્રનું અવલોકન - ભાગ-૧ - 1922

પોતે ગાદીપતિ તેમજ ધર્મગુરૂ છે એ વાત ભુલી જવાથી તેમજ સૈયદો સાથે અનેક પ્રકારની તકરારો થવાથી પીરાણા ધર્મની હયાતી ભયમાં આવી પડી છે એના કારણમાં આપ સમજી શકો તેવી રીતે આગેવાનો એક વર્ષના દહાડામાં ચાર વખત પીરાણે કાકાઓનો બચાવ કરવા અને પીરાણા ધર્મનો કબજો લેવા આવ્યા પરંતુ છેવટે સૈયદોથી અપમાન પામી પાછા દેશમાં જવું પડ્યું છે. પીરાણાના કાકાની તેમજ કણબી આગેવાનોની મૂર્ખાઈ ઉપર મને હસવું આવે છે. આટ આટલા હડધૂત થાય છે તો પણ આગેવાનો પીરાણા ધર્મને છોડે અને જ્ઞાતિને સૈયદોના દોષથી જે શરમાવાપણું દેખાય છે તેમાંથી આગેવાનો બચાવે એવો એક પણ ઉપાય સુજતો નથી કારણ કે, કચ્છની કણબી જ્ઞાતિના મુખ્ય આગેવાન મંગવાણાનો હીરો પટેલ, કુરબઈનો જસો પટેલ, કોટડા જડોદર વાળાનો સામો પટેલ અને નેત્રાનો કરમશી ગેઢેરો આ ચાર આગેવાનોની ઈચ્છા જ્ઞાતિને મુસલમાન બનાવવાની છે. બાકીના જે આગેવાનો છે, તે આ ચાર મહાવીર ! યોદ્ધાઓના હાથના રમકડાં છે અથવા તેઓના ગુલામ જેવા વેચાણ છે ત્યાં સુધી બીજા આગેવાનો પણ તમારું દુઃખ અથવા સૈયદોના ત્રાસમાંથી છોડાવે તેમ નથી. કરાંચી સુધારક ભાઈઓના છેલ્લા લેખના છેલ્લા પેરેગ્રાફમાં લખ્યું છે કે - નીચ મ્લેચ્છ લોકો પણ આપણી જ્ઞાતિમાં પૂજ્ય મનાય, ગુરૂ થવાનો દાવો કરે. અફસોસ પાટીદારો ! તમને અન્ન ખાવા ક્યાંથી મળે ? તમને સુખ ક્યાંથી મળે ? તમો જે એ અહિંસા પરમોધર્મના પાળક તે આજે નીચ માંસાહારી લોકોને ગુરૂ કરી હિંસા કરનારને ઉત્તેજન આપો છો. આ પ્રમાણેનું તમારું લખાણ તદ્દન ગેરવ્યાજબી તેમજ સમજ ફેરનું છે. હું ખાત્રીપૂર્વક માનું છું કે પીરાણા ધર્મ એ અહિંસા પરમોધર્મ છે જ નહીં, હતું જ નહીં અને હવે પછી પણ હોવાનું જ નથી. કારણ કે, એ ધર્મના અંગ રૂપે મુસલમાન સૈયદો માંસાહારી હોય જ અને છે જ તે વાત કચ્છની કણબીની આખી જ્ઞાતિ સારી રીતે જાણે છે, તમો પણ સારી પેઠે જાણો છો તો પછી તમારે માનવું જોઈએ કે પીરાણા ધર્મ જ આપણી જ્ઞાતિના માટે યોગ્ય નથી અને એ અર્ધદગ્ધ ધર્મનો જ્યાં સુધી આપણી જ્ઞાતિ ત્યાગ કરે નહીં ત્યાં સુધી આપણે અહિંસા પરમોધર્મના માનનારા પણ કહેવાઈએ નહીં. જ્ઞાતિ સુધારક ભાઈઓને મારી વિનંતી છે કે આપ જ્યાં સુધી આત્મભોગ આપી શકો નહીં તેમજ હૃદયમાં સત્ય સંકલ્પ કરી શકો નહીં ત્યાં સુધી કરાંચીમાં અને કચ્છમાં સૈયદો આવવાના જ. તમો બીકણ બાયલા થઈ આગેવાનોને વહાલા થવાની ખાતર તેમને કરગરો તેથી એ આગેવાનો અથવા પીરાણાના કાકાઓ તમને માંસાહારી સૈયદોથી બચાવી શકે જ નહીં. કાકાઓની તેમજ કણબી આગેવાનોની તાકાત નથી કે તેઓ પીરાણામાં ઈમામશાહની દરગાહનો કબજો લઈ પીરાણાની મિલકતના માલિક થઈ શકે. ન્યાય બુદ્ધિથી પણ આપણે સમજી શકીએ એવી સીધી અને સરળ વાત તો એ છે કે પીરાણું તેમજ પીરાણાધર્મ અને પીરાણાની જાગીરના ખરા હકદાર માલિક ઈમામશાહના વંશના સૈયદો જ છે. કારણ કે એ મુડી અને મિલકત ઈમામશાહની છે. તેમાં બીજો કોઈ પણ હકદાર માલિક થઈ શકે જ નહીં. તેના કારણમાં હું જણાવીશ કે ગાદીપતિ લક્ષમણ કાકાનો મુખ્ય કારભારી રામજી કાકો પણ ટીલાયત કાકાની માફક જ કાકાશ્રી કરતાં પણ સારી સત્તાથી પીરાણામાં રહેતો હતો પરંતુ તેના ગુજરી જવા ટાણે કચ્છના કણબી આગેવાનોની ત્યાં હાજરી હતી છતાં પણ સૈયદોએ પીરાણા કબ્રસ્તાનમાં દાટવા માટે જબરો વાંધો ઉઠાવ્યો હતો અને કચ્છના આગેવાનોના કાલાવાલાથી સૈયદોએ રૂા.૫૦૦ લઈને પછી દાટવા દીધો હતો. આ વાત તદ્દન ખુલ્લી છે. સમજો તો સમજાઈ શકે તેવી સીધી છે. કહો જોઈએ, હવે લક્ષમણ કાકો તેમજ કચ્છના આગેવાન કણબીઓ શી રીતે પીરાણા ધર્મના માલિક થઈ શકે? સૈયદોએ એક નોટીસમાં કાકાશ્રીને જણાવ્યું છે કે ગાદપતિ લક્ષમણ કાકો પેટીએ ખાવા પીવાનો વગર પગારનો-સૈયદોનો નોકર છે. આ વાત તદ્દન

૫. ખુલ્લા પત્રનું અવલોકન - ભાગ-૧ - 1922

જગત જાહેર છે છતાં પીરાણાના હકની વાત કરવી એ કેટલી મૂર્ખાઈ છે ! પીરાણાના કાકાઓ તેમજ કચ્છના કણબીઓ બહુ બહુ વાતે જોર કરો તો તમો એ પીરાણાના અર્ધદગ્ધ ધર્મ પાળો નહીં, ત્યાં જાઓ નહિ, તેમજ તમો એ ધર્મ પાળો છો તેના અંગે રાજીખુશીથી અથવા ફરજિયાત પીરાણે હુંડી મોકલો છો તે મોકલો નહીં એ રીતે જ તમો સૈયદોથી તેમજ પીરાણા અર્ધદગ્ધ ધર્મથી છુટાછેડા કરી શકો છો. બાકી તમારાથી બીજું કશું બની જ શકે નહીં. પીરાણા ધર્મ, તેની જાગીર, મિલકત એ સર્વ ઈમામશાહના વંશના બની બેઠેલા મુસલમાન સૈયદોની જ છે અને અંતે પણ તેની જ રહેવાની એ વાતમાં કંઈપણ શંકા છે જ નહીં. આટલો ખુલાસો કરાંચી ભાઈઓના ખુલ્લા પત્રનો કર્યા પછી હું ફરી ફરીને જણાવીશ કે, કચ્છના કણબી આગેવાનો તેમજ પીરાણાના કાકાઓ ગમે એટલીવાર સૈયદોથી રિસાય આગેવાનોને પીરાણામાં ખાવા ન મળે તો પણ કોઈ કાળે પણ કોઈ કોઈને છોડે તેમ નથી. સૌને અરસપરસ પાકો સ્વાર્થ સમાયેલો છે એ વાત જ્યારે હૃદયથી સમજાય ત્યારે જ જ્ઞાતિના સુખ દુઃખનું અને ઉજળા આર્ય ધર્મનું ભાવી ઘડવાનું ડહાપણ તમારામાં આવશે. હું ફરીથી પણ તમને કહું છું કે, કચ્છના કણબીની જ્ઞાતિના દુઃખનું, જુલ્મનું અને ગુલામીપણાનું જે અસહ્ય દુઃખ જ્ઞાતિ ભોગવી રહી છે તેની મુક્તિનો માર્ગ ફક્ત એક જ છે અને તે એ કે પીરાણા કબ્રસ્તાની અર્ધદગ્ધ ધર્મનો જ્યાં સુધી ત્યાગ થાય નહીં ત્યાં સુધી કચ્છની કણબીની જ્ઞાતિ ભયમાં છે - મોતના પંજામાં છે. આગેવાનો પાસે દયા માગવાની કે જ્ઞાતિને સુધારવાની ભીખ માગવાનો જમાનો હવે રહ્યો નથી. આગેવાનો પાસે દયા માગવી એનો અર્થ એટલો જ છે કે ફાડી ખાનારાં જાનવરો માંહેલા વાઘઅને વરૂ પાસે એક બકરું પોતાના જીવનની ભીક્ષા માગે ! તેને વાઘ અને વરૂ જીવતો છોડે કે નહીં? એ રાહે તમો જ્ઞાતિના આગેવાનો પાસે દાદ મેળવી શકો છો. સાદી અને સરળ બુદ્ધિથી પણ માની શકાય એવી સીધી વાત તો એ છે કે, મુળો નાસ્તી કુત્તો સાખા ! એ ન્યાયે જો તમારે પાપનું, દુઃખનું અને જુલમીપણામાંથી છુટવાનું હોય તો ફક્ત એક જ બારૂ છે અને તે એ છે કે પીરાણા કબ્રસ્તાની ધર્મનો હંમેશના માટે ત્યાગ. જો તમે પીરાણા અર્ધદગ્ધ ધર્મ ન પાળતા હો તો સૈયદો તમારી પાસે આવે જ નહીં. પીરાણા ધર્મને લઈને અન્ય કોમોમાં જે શરમાવવું પડે છે તેથી બચી જાઓ અને બીજા હિન્દુભાઈઓની સાથે તમો છુટથી બધી વાતના લાભ મેળવી શકો અને પીરાણા ધર્મ પાળવાથી આગેવાનોને ધર્મના બહાને જે તમોને તમારી કમાઈનો દસમો ભાગ એટલે દશોંદ આપવી પડે છે તે તમો પીરાણા ધર્મ પાળતા ન હો તો આપવી પડે નહીં તેથી એની મેળે જ આગેવાનો પણ તમારા જેવા જ થઈ રહે. વર્તમાન સ્થિતિમાં લગભગ પચાસથી સાઠ હજાર કોરી ! દર વર્ષે ! તમો ગરીબ ભાઈઓ પાસેથી જોર જબરીથી આગેવાનો પીરાણા ધર્મના બહાને ઉઘરાવે છે. તેમાંથી લગભગ અડધો અરધ આગેવાનો પોત પોતામાં વહેંચી ખાઈ જાય છે એ ખાવાનું બંધ પડે એટલે તેઓને પણ તમારી જ માફક કામ ધંધો કરવો જ પડે એટલે તે તમારા ઉપરી અથવા આગેવાન બની શકે જ નહીં જેથી તમારા ઉપર જુલ્મ કરવાનું અશક્ય થઈ પડે અને જ્ઞાતિ આખી સુખી થઈ શકે. પરંતુ એ સઘળું હૃદયથી સમજાય અને સમજીને તેનું પાલન કરવામાં આવે તો જ તે બની શકે તેમ છે. મારા ઘણા દિવસના અનુભવથી હું કહી શકું છું કે જ્ઞાતિ સુધારાનું કામ કરનારા ભાઈઓમાં મેં ઘણા ભાઈઓને બીકણ બાયલા સરખા વિચારો દર્શાવતા જોયા છે. ઘણા ભાઈઓની હિંમતની કસોટીઓ થઈ ગઈ છે અને એ કસોટીની પરીક્ષામાં નપાસ થયેલા ભાઈઓ પોતાની ભુલ સુધારવાને બદલે અવળે માર્ગે કામ કરતા હાલમાં માલુમ પડે છે. જ્ઞાતિ સુધારાનું કામ કરનારા ભાઈઓ માટે મને માન છે. સુધારક ભાઈઓ માંહેના થોડા ભાઈઓએ પોતાના અંગત સ્વાર્થનો ત્યાગ કરી યા હોમ જ્ઞાતિ સેવામાં ઝંપલાવ્યું છે અને તેના સંબંધમાં આગેવાનોએ કરેલા જુલ્મ સામે

શાંતિથી આગેવાનોના જુલ્મને તોડી નાખ્યાના દાખલા પણ જ્ઞાતિમાં બનેલા છે. પરંતુ એટલા થોડા દાખલાથી અજ્ઞાન અને અંધકારમાં જ્ઞાતિ ડુબેલી હોય તેને એટલા નાના પ્રકાશથી દેખતી કરી શકાય નહીં. એકાદ વર્ષ પહેલાં અથવા તો પહેલી કરાંચીની જ્ઞાતિ પરિષદ સુધી સુધારક ભાઈઓમાં જે બળ, પ્રતાપ અને સત્યતા ભરેલી તીવ્ર લાગણીઓ પ્રકાશી રહી હતી અને એ પ્રકાશથી આગેવાનો તેમજ પીરાણાના કાકાઓ અને સૈયદો જે થરથરી રહ્યા હતા તે પ્રકાશ કોણ જાણે કોઈ કારણસર એકદમ અંધકારમાં અદશ્ય થઈ ગયો હોય તેમ લગભગ સોળ મહિનાથી એ પ્રકાશની ઝાંખી સરખી પણ થતી નથી. કરાંચી તેમજ મુંબઈના યુવકમંડળના સુકાનીઓ તેમજ કચ્છ વીરાણીના કેટલાક યુવાન ભાઈઓ ગમે તેવી અગવડ હોય તો પણ દુઃખ વેઠી અતિશય આકરા ભોગો આપીને જ્ઞાતિને જાગૃત કરવામાં જે જહેમત ઉઠાવી રહ્યા હતા તે વાતાવરણ હાલમાં દેખાતું નથી એ કચ્છની કણબી જ્ઞાતિના કમભાગ્ય છે. આ ટાણું, આ વખત, આ જમાનો વીજળીના વેગે પ્રયત્ન કરવાનો છે. એટલું જ નહીં પણ પીરાણામાં કાકાઓ અને સૈયદો વચ્ચે જીવ સટોસટની તકરારો ઉભી થઈ છે, કચ્છના કણબી આગેવાનોના પીરાણામાં જોશભેર તિરસ્કાર થઈ રહ્યો છે, ઈમામશાહના હૃદયના ઉંડા ભાગની પીરાણા ધર્મની રચનાનો પાયો પડુંપડું થઈ રહ્યો છે એવા યોગ્ય પ્રસંગે મારા વીર અને બહાદુર મિત્રો જેમણે જ્ઞાતિ સુધારાનું કામ કરતાં ઘણાં જોખમો વોર્યા છે તે બહાદુર ભાઈઓને જાણે થાક લાગ્યો હોય તેમ અત્યારે ઘોર નિંદ્રામાં ઉંઘતા હોય એમ ચોખ્ખું જણાય છે ! મહા પ્રતાપશાળી નરયુવાન જ્ઞાતિના યુવકોમાં પૂજ્ય મનાયેલો વીર કેસરી, અનેક વખતે સભાઓને ગજાવનાર વીરાણી નિવાસી ભાઈ રતનશી ખીમજી ક્યાં છે? કરાંચી પરિષદના પ્રમુખ સાહેબ રા.રા.રાજાભાઈ શામજી ધોળુ ગામ માનકુવાવાળા જેઓએ જ્ઞાતિના મુંબઈ, કચ્છ, ગુજરાત અને છેક નિમાડ માળવા સુધીના બંધુઓને અનેક વખત દિલાસાઓ આપીને શાંત કર્યા હતા અને કચ્છની કણબી જ્ઞાતિને નીચું જોવડાવનારા ન હિન્દુ ન મુસલમાન એવા અર્ધદગ્ધ અધર્મયુક્ત પંથે જતી અટકાવા પોતે સર્વસ્વનો ભોગ આપવા તૈયાર છે એવું અનેકવાર અનેક પ્રસંગે જણાવેલું. તે માટે છેવટે ફકીર થઈ જવાય તો પણ પરવાહ નથી એવી ઉમેદ બતાવેલી તે રાજાભાઈ પણ ક્યાં છે? શું એ ડોળ હતો કે અન્ય મિત્રો તેમને **મુસલમાન** જેવા ન ગણી કહાડે તે પ્રસંગમાંથી બચી જવાની તેમની પ્રસંગને ટાળી દેવાની યુક્તિઓ હતી, કે પછી પ્રમુખની ખુરશીએ ચઢેલા પોતે એક ગૃહસ્થ જેવા જ્ઞાતિમાં ઘેર ઘેર દેખાય તે બતાવવાનો લોભ હતો ? વળી કરાંચીના યુવક મંડળમાંના વિદ્વાન નેતાભાઈ રતનશી શીવજી તથા સેક્રેટરી શીવજી કાનજી તથા મહાન પ્રતાપી કરાંચીના યુવક મંડળના પ્રમુખ ભાઈ નાનજી પચાણ કે જેમણે કરાંચી પરિષદમાં તેમજ મુંબઈની સભામાં જ્ઞાતિના ભાઈઓને જાગૃત કરવા આગેવાનોની સાથે દ્વંદ્વ યુદ્ધની માફક જ્ઞાતિ બંધુઓને સંબોધીને જણાવ્યું હતું કે આપણે ચુડીઓ પહેરી નથી તેમ ઘાઘરા પહેર્યા નથી અને આપણે જાનવર નથી કે ઘાસ ખાતા નથી પણ આપણે મનુષ્ય છીએ, એક મનુષ્ય તરીકેની સ્વતંત્રતા સમજી શકીએ છીએ વિગેરે બોધ વચનોથી જ્ઞાતિ ભાઈઓને જેણે નવું જીવન આપ્યું હતું તે અને તે સિવાયના અનેક આપણી જ્ઞાતિના અમૂલ્ય રત્નો સમાન ભાઈઓ જે એક વર્ષ દહાડા અગાઉ પોતાના બુદ્ધિ બળથી જ્ઞાતિની દાઝ હૃદયમાં ધરી પોતાના સ્વતંત્ર વિચારોનો પ્રકાશ જ્ઞાતિ બંધુઓમાં ફેલાવી રહ્યા હતા તેઓ કોણ જાણે કઈ દિશામાં કઈ પ્રવૃત્તિમાં રોકાયા છે તે કંઈ સમજી શકાતું નથી. જ્ઞાતિના ગરીબ ભાઈઓ એમના લેખની એમના જ્ઞાતિ હિતના માયાળુ અને લાગણીવાળા ભાષણો સાંભળવાની કેટલી મમતા રાખે છે કેટલીએ વિનંતીઓ કરી રહ્યા છે, છતાં જ્ઞાતિ સુધારક ભાઈઓ કેમ પ્રસન્ન

થતા નથી? જ્ઞાતિના દુઃખી ભાઈઓના દુઃખમાં કેમ ભાગ લેતા નથી? તેના માટે કણબી જ્ઞાતિનો જનસમાજ આકુળ વ્યાકુળ થઈ રહ્યો છે. જ્ઞાતિના મોંઘેરા રત્નો સમાન જેની જિંદગીની કિંમત અમૂલ્ય અને કિંમતી જે જ્ઞાતિ હિતના માટે જ સર્જાયેલા છે એવા વીર બંધુઓને મારો સંદેશો છે કે તમો ગમે તેવા પોતાના ખાનગી કામમાં રોકાયેલા હો તો પણ તે કામ છોડી દઈને તમારા માથે સર્જાયેલું જ્ઞાતિ હિતનું ઋણ અદા કરવાને સત્વર બહાર આવો. આપણે કંઈ રાજકીય સુધારા તેમજ પોલીટિકલ બાબતોમાં કામ કરવા માગતા નથી આપણે તો આપણી જ્ઞાતિનું ભલું થાય, આપણી જ્ઞાતિ, જે ઘાતકી માણસોની ભોગ થઈ પડી છે તેમજ જોર જુલ્મથી આગેવાનો પીરાણા ધર્મમાં આપણા ભાઈઓને સબડતા ન રાખે તેની સંભાળ લેવામાં ભાગ લેવાનો છે. **નેક નામદાર મહારાજા ધીરાજ મહારાવ શ્રી ખેંગારજી બહાદુર,** કણબી જ્ઞાતિ સુધરે અને પોતાના સ્વધર્મની ઉન્નતિ સાધી શકે તેના માટે સંપૂર્ણ કાળજી ધરાવે છે. અન્ય દેશવાસી આપણા જ્ઞાતિભાઈઓની આપણા પ્રત્યે સંપૂર્ણ દિલશોજી છે તો પછી તમને તમારો ધર્મ અદા કરતાં ક્યા પ્રકારનો વાંધો આવે છે, તે કંઈ સમજી શકાતું નથી. હાલના કટોકટીના પ્રસંગે, તમો સુધારક ભાઈઓ-તમારામાં આશા અને ઉન્નતિની ઈચ્છા રાખનાર ભાઈઓને નિરાશ કરવાનું સાહસ કરવા પહેલાં તમોએ અનેક વખત જ્ઞાતિના નિર્દોષ અને ગરીબ ભાઈઓને આપેલા સધિયારા અને તમારા સ્વમુખના વચનો યાદ કરશો. હું આશા રાખું છું કે ગમે તે કારણસર સુધારક ભાઈઓમાં ન છાજતી સુસ્તી અને બેદરકારી આવી ગઈ છે તેનો સત્વર ત્યાગ કરી જ્ઞાતિ સેવામાં યા હોમ કરી પોતાના ગરીબ જ્ઞાતિભાઈઓના દુઃખની દાઝ હૃદય ધરશો એવી હું આશા રાખું છું. કરાંચી નિવાસી સુધારક ભાઈઓનો ખુલ્લા પત્રનો જવાબ આપ્યા પછી મેં બધા સુધારકો વિશે ઘણી બાબતોની ચોખવટ કરી છે. મારા ધારવા કરતાં લેખ ઘણો લંબાયો છે તો પણ છેવટે કણબી જ્ઞાતિના સ્વભાવની મને જાણ હોવાથી છેવટે ચોખ્ખે ચોખ્ખું કહી દઉં છું કે જેના હૃદયમાં હિંમત નથી, વાણીમાં તાકાત નથી, સારું ખોટું સમજી શકવાની શક્તિ નથી, વર્તનમાં માનુષી ભાવ નથી, તેમજ જેને પોતાના હિતનું પણ જ્ઞાન નથી તેવા માણસોની આ જનસમાજમાં હયાતીની કિંવા તેમના સુખ દુઃખની આ દુનિયાને શી ગરજ છે ? પ્રભુને તેની શી કિંમત છે ? દુનિયામાં માણસ તરીકે રહેવું હોય તો હિંમત બતાવીને મનુષ્યપણું ખીલવીને, મનુષ્યની મેદનીમાં ફરવું હોય તો હિંમત દાખવીને અને જગતમાં જીવવું હોય તો બહાદુર તરીકે વીરપુરૂષ તરીકે જ. માનુષિક ગુણોથી રહિત જીવન ધારણ કરનારને આ જગત ઉપર જીવવાનો અને પૃથ્વીને ભારે મારવાનો શો અધિકાર છે ? નપુંસકને પણ વીરત્વ પ્રાપ્ત થાય એવા બોધ સાંભળ્યા છતાં પણ તમોએ જો માની જ લીધેલું હોય કે, અમારું જીવન અમારી જ્ઞાતિના આગેવાનોના હાથમાં જ છે અને અમો આગેવાનોના ગુલામ જેવા છીએ તો તમે ગુલામીને લાયક બનશો જ. તમારા આગેવાનો ધર્મગુરૂ કાકાઓ અને સૈયદો, જો ક્રૂર અને જાલીમ રહે જ તો તે યોગ્ય છે. નાલાયકોને અને ગુલામોને સુખ અને સ્વતંત્રતાની છુટ શાની, સુખ સગવડ કેવી ? આજે તો નામર્દ તેમજ બીકણ બાયલાઓના માટે આ દુનિયામાં સ્થાન નથી, કોઈ પણ પ્રકારની માંગણી કરવાનો તેને અધિકાર નથી. કોઈ પણ પ્રકારની યાચના અને અર્જ કરવાની તેને જરૂરિયાત નથી. અમારા દેશના જ્ઞાતિ બંધુઓ તથા મુંબઈ કરાંચી અને અન્ય સ્થળે વસતા સુધારક ભાઈઓના મનની કંગાલતા પણ કેટલી ! નફ્ફટ અને જુલ્મગાર આગેવાનોના જુલ્મને નફ્ફટાઈથી તાબે થવું, તેના ગમે તેવા ગેરવ્યાજબી ગેરકાયદેસર હુકમો સામે શીર ઝુકાવવું કોઈબી અન્યાય કે અત્યાચાર સામે જીભ હલાવતા પહેલાં તપાસી લેવું, ડરી મરવું વિગેરે અમારા કચ્છી કણબીભાઈઓની આ ખાસીયત જોઈને અમારી

૫. ખુલ્લા પત્રનું અવલોકન - ભાગ-૧ - 1922

જ્ઞાતિની આ અધમ દશા માટે મને ઘણો જ ખેદ થાય છે. જ્ઞાતિના ભાવિ માટે અનેક પ્રકારની ચિંતાઓ થાય છે. આખી દુનિયા જાગી ઉઠી છે, પ્રજા હકના હતાશ સ્થળે સ્થળે સળગી ઉઠ્યા છે, જુલ્મો અને અન્યાયો સામે પ્રચંડ યુદ્ધ શરૂ થઈ ચૂક્યા છે એવા જાગતા જમાનામાં જ્ઞાતિને અધોગતિની ઉંડી ખીણમાંથી બહાર કાઢવા હું મારા દેશબંધુઓને વિનંતી કરું છું. હું છેલ્લે છેલ્લું જણાવીશ કે, મારા આત્માની સંપૂર્ણ અને શુદ્ધ નિષ્ઠાવાળી લાગણી, મારા જ્ઞાતિ બંધુઓને દુઃખના દાવાનળમાંથી છુટવાની મુક્તિ આપવાની માંગણી, તેમજ સલાહ આપવામાં જો પાપ ગણાતું હોય તો તે પાપ મેં કર્યું છે. તેના માટે કોઈ પણ પ્રકારની ક્ષમા યાચના કે પશ્ચાતાપ કરવાની મને જરૂર નથી. તે પાપમાં હું આનંદ માનું છું, અમારી પાટીદાર જ્ઞાતિની આર્ય જનતાને હલકી પાડનારી નીચું જોવડાવનારી અને મારા જ્ઞાતિ બંધુઓને સ્વધર્મથી રહિત કરનારી પીરાણાધર્મની પ્રપંચી જાળ તેમજ પીરાણાના કાકાઓ સૈયદો અને કચ્છના કણબી આગેવાનોની ગુલામીની જંજીરો તોડી, ફોડીને ફેંકી દેવાની ભલામણ કરવામાં જો હું ગુન્હો કરતો હોઉં તો મારા જેવો અઠંગ ગુનેહગાર પૃથ્વીની સપાટી ઉપર મળવો મુશ્કેલ છે. ઈશ્વરનો હું પાડ માનું છું કે મારી નિર્દોષ જ્ઞાતિનો ઉદ્ધાર કરવાના એવા ગુન્હાઓ કરવાની મને તેણે પ્રેરણા કરી છે, આ જીવનમાં મને શક્તિ અને હિંમત આપ્યા છે. તે જ મહાન પ્રભુ દયા કરીને મારી કણબી જ્ઞાતિને સત્ય રસ્તો બતાવી નીચ આગેવાનોની અનાચાર ભરી સતામણીની વેદના, ગુલામી ધર્મમાંથી છુટવાની ખાતર, સહી લેવાની જ્ઞાતિના ભાઈઓને હિંમત આપશે જ. જનની કુળદેવી ઉમિયા માતા મારી જ્ઞાતિનો જલદીથી ઉદ્ધાર કરે અને મારી જ્ઞાતિના સુધારક ભાઈઓ જે પોતાની ફરજ વિસરી ગયા છે તે યાદ કરીને જાગૃત થાય અને જ્ઞાતિમાં સુલેહ સંપ વધારીને જ્ઞાતિનો ઉદ્ધાર કરે એજ અંતિમ ઈચ્છા અને આશા રાખી આ લેખ હાલ તો સમાપ્ત કરું છું.

લી. જ્ઞાતિ સેવક
નારાયણજી રામજી મીસ્ત્રી કચ્છ વીરાણી નિવાસી
તા.૩૦-૧૨-૧૯૨૧

કચ્છ કડવા પાટીદાર ભાઈઓને
કરાંચી કડવા પાટીદાર ભાઈઓ તરફથી
મોકલવામાં આવેલા

ખુલ્લા પત્રનું અવલોકન

ભાગ-૨ જો

(મરાઠી સાખી)

ધર્મ કર્મને ધોઈ નાંખ્યા, ગાડર સમ ઝુકાવી,
ઉપરથી ઉપહાસ્ય કરાવી, ગાંઠનું ગરથ ગુમાવી
આવી, રસમ થકી ભાવી
ભુંસ્યુ શર્મ જરી ના'વી-આવી.

લેખક : નારાયણજી રામજીભાઈ મીસ્ત્રી
ઘાટકોપર (THANA)

સંવત ૧૯૭૮ સને ૧૯૨૨

અમદાવાદ
ઢાલગરવાડમાં આવેલા શ્રી અંબિકા વિજય પ્રિન્ટીંગ પ્રેસમાં
પટેલ લક્ષ્મીચંદ હીરાચંદે છાપ્યો.

કચ્છ કડવા પાટીદાર ભાઈઓને
કરાંચી કડવા પાટીદાર ભાઈઓ તરફથી
મોકલવામાં આવેલા

ખુલ્લા પત્રનું અવલોકન

ભાગ-૨ જો

૧. કચ્છ નિવાસી કરાંચીમાં રહેતા કડવા પાટીદાર ભાઈઓએ કચ્છમાં રહેતા કણબી આગેવાનોને જણાવ્યું છે કે - "આગેવાનોના વચન પ્રમાણે લેખ લખવાનું અમે મુલત્વી રાખ્યું છે, આગેવાનો જ્ઞાતિમાં સુધારો કરે તો કરાંચીવાસી ભાઈઓ લેખ ન લખે" પરંતુ આગેવાનોએ સુધારો કર્યાનું કાંઈ જણાતું નથી એટલે સુધારક ભાઈઓને લેખ લખવાની જરૂર જણાઈ છે. કરાંચી નિવાસી ભાઈઓને હું પુછું છું કે તમે આગેવાનોની વિનંતી ઉપરથી છ સાત માસ થયાં છાપાં બંધ કર્યાં છતાં તમારી નજરે જ અંધશ્રદ્ધાળુ ભાઈઓ સૈયદોને તો તેડાવતા જ રહ્યા અને તે પણ ખુદ કરાંચીમાં જ ! ત્યારે હવે ખુલ્લો પત્ર બહાર પાડ્યા પછી કદાચ દેશના આગેવાનો તમારી વિનંતી ન સાંભળે તો તમે શું કરવા ધારો છો? સૈયદોની તમારે જરૂર નથી પરંતુ આગેવાનોને પીરાણાના કબ્રસ્તાની અર્ધદગ્ધ પંથની જરૂર તો છે જ ! અને પીરાણાના નામ સાથે જ સૈયદો તો નિર્માણ થયેલા છે જ. કદાચ આગેવાનો અથવા અભણ અંધશ્રદ્ધાળુ ભાઈઓ સૈયદોનો સંગ ન જ છોડે તો તમે કરાંચીમાં વસતા ખેડોઈથી તે લખપત સુધીના તમામ ગામના ઓછા વધતા ભાઈઓ તો સૈયદોનો સંગ છોડવા અને બીજા ભાઈઓને તેમનો સંગ છોડાવા તૈયાર છો ખરા?

૨. કરાંચીમાં કણબી ભાઈઓ સૈયદોને તેડાવે છે તેમાં તમને દિલગીરી ઉપરાંત બીજું પણ થતું હશે. સૈયદોના નામથી દિલગીરી થાય છે કારણ સૈયદોએ તમને અર્ધદગ્ધ પંથમાં હિન્દુ મટાડી દેવાનો પ્રયત્ન કર્યો છે. ખરેખર પીરાણા ધર્મનો બોધ કરી જેમણે તમારામાં હિન્દુ ધર્મના તત્ત્વો જ રહેવા દીધાં નથી - માત્ર તમે પોતાના મનથી જ હિન્દુ હોવાનું માની લીધું છે - હિન્દુ ધર્મને બોળી નાંખનારા પીરાણા ધર્મના ક્રિયા કર્મ તો હજુ કરો છો તે

જોઈને, જાણીને અને પીરાણા ધર્મને માર્ગે જતાં તમને શું થાય છે એ કેમ કહેતા નથી? દિલગિરિથી તો જરૂર કંઈક વધારે જ થવું જોઈએ, પણ શું થાય છે તમે જ કહો જરૂર કહો.

૩. હું કરાંચી નિવાસી જ્ઞાતિ સુધારક ભાઈઓને પુછું છું કે એક તરફથી તો કડવા પાટીદાર જ્ઞાતિમાં ખપવું છે છતાં "સૈયદોની શું હજુ આપણી જ્ઞાતિમાં જરૂર છે?" એવો વિનય ભર્યો પ્રશ્ન કરવાથી તમારા એ ખુલ્લા પત્ર વડે સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિમાં કેવી અસર થાય તેની તમે કલ્પના કરી શકો છો? કડવા પાટીદાર જ્ઞાતિના ધર્મ અને રહેણીકરણી સાથે તમારે કઈ કઈ વાતે નિસ્બત છે તેનો તમને કંઈ પણ ખ્યાલ આવે છે?

૪. વળી હું એ પણ પુછું છું કે પીરાણાની ઈમામશાહની ગાદી કોના બાપની? શું તમે અથવા કચ્છના આગેવાનો કિંવા પીરાણાના કાકાઓ ઈમામશાહના વંશ જ છો? કે કડવા પાટીદાર છો? શું એ વાત તમે નથી જાણતા કે તમારા દેશ બંધુઓને ગુલામીમાં રાખવા આજે વિદેશી સરકાર હિન્દુસ્તાન દેશના વતનીઓને નાના મોટા પ્રકારના હોદ્દાઓ એટલે ગાદીઓ આપે છે તેથી આ દેશની પ્રજા શું એમ કહી શકે છે કે અમે એ હોદ્દા અને ગાદીના માલિક છીએ ! આ દેશના વતની હોદ્દેદારો અને પીરાણાના કાકાઓની સ્થિતિમાં કેટલું અંતર છે એનો વિચાર કરશો. આપણી જ્ઞાતિના આગેવાનો પીરાણાની ગાદીના માલિક થાય તેમાં શું હજુ તમે કડવા પાટીદાર જ્ઞાતિની ઈજ્જત સમજો છો? તમને શું હજી ઈમામશાહની કબરનો લોભ છે? પીરાણાના અર્ધદગ્ધ પંથ અને ઈમામશાહની ગાદીનો હજી તમને લોભ જરૂર દેખાય છે ! કારણ કે તમારા ખુલ્લા પત્રમાં દયાળુ આગેવાનોની જતી સત્તા અને લખમણ કાકાની જતી ગાદીની બળતરા તમે મોટા અક્ષરે કોતરી કાઢી છે ! અફસોસ,

૫. કરાંચીથી લખાયેલા એક ખુલ્લા પત્રના લેખક અને જ્ઞાતિ સુધારક ભાઈઓ શું તમે કચ્છના કડવા પાટીદાર ઈમામશાહની ગાદી, તેનો રોજો અને તેની મિલકતના તમે માલિક ! શું આ નફ્ફટાઈ ભરેલી વાત તમારું હૃદય કબુલ કરે છે ખરું? સૈયદોએ નોટીસો કહાડી જાહેર કર્યું કે પીરાણાની જગ્યા અને તેની મિલકત સૈયદોના બાપની છે એમાં બીજા કોઈનો હક્ક નથી. તેમની એ જાહેરાતથી તેમણે ઢોંગ કર્યો છે એવું જો તમને દેખાતું હોય તો પછી પીરાણાની અને ઈમામશાહની મિલકતના તમે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિના આગેવાનો માલિક હોવાની વાત જગત્‌ની દૃષ્ટિએ કેવી દેખાય એનો તમોએ કોઈ દિવસ ખ્યાલ કર્યો છે? ઈમામશાહના વંશના જ સૈયદો પોતાના બાપ દાદાની જે મિલકત છે તેના તે માલિક છે અને તે વ્યાજબી રીતે કહે કે અમે અમારા બાપની મિલકતના માલિક છીએ તો તે સૈયદો તમારી નજરે ઢોંગીઓ ગણાય ? કે **જ્યારે તમે કચ્છના કહેવાતા કડવા પાટીદારો કલમાઓ પઢો, કબરોને માનો, રાંધેલું અનાજ સ્મશાનમાં લઈ જઈ ખાઓ અને મરણ વખતે દટાઓ, પરણતી વખતે ધોઆ પડો, ઈમામશાહને બાવા કહીને વંદો, તેના પરિવાર સૈયદોને ગુરૂ અથવા ગોર કહીને પુજો છતાં તમે કડવા પાટીદાર હિન્દુ છો એવું આ જાગતા જમાનામાં કહેવડાવો એ તો કોઈ પ્રકારનો ઢોંગ જ નહીં હોય કેમ?**

૬. જ્ઞાતિ સુધારક ભાઈઓ ! હું આપને કહું છું કે લાંબા વખતના સૈયદો સાથેનો ભેળીશાળાથી તમારી જાત અને સૈયદોમાં કદાચ તમને તફાવત ન જણાતો હોય તો એ દોષ સૈયદોનો તો નથી જ, કારણ કે તમારા જ ભાઈઓ, સૈયદોને પૂજે છે અને સૈયદોને તેડાવે છે જેની તમે ફરિયાદ કરવા નીકળ્યા છો એ દોષ સૈયદોના ખાસ અનુયાયીઓનો જ છે અને પીરાણાની ગાદીનો લોભ હજી જેને હોય તેનો દોષ તો પૂરેપૂરો છે જ.

૭. ખુલ્લા પત્રમાં આપે આગેવાનોને લખ્યું છે કે બે ચારેક સૈયદોના મુંડેલાઓ કહેવાતા હોય તેમને સમજાવો અને સૈયદોને આપણી જ્ઞાતિમાં આવતા બંધ કરો - સુધારક ભાઈઓ ! હું કહું છું કે સૈયદોના મુંડેલા તે તમારા જ માંહેના કે બીજા કોઈ છે? તમે એમની સાથે ખાવા પીવાનો અને બીજી રીતનો વહેવાર શું નથી રાખતા? અને રાખતા હો તો તમે પણ મુંડેલા જ ગણાઓ કે બીજા કોઈ? અને એવો સંબંધ તેમની સાથે તમારે ન હોય તો સૈયદો ગમે તેને મુંડે એની તમારે શી પંચાત? આંખ ઉઘાડવાની હવે કોને છે? જેઓ મુંડાએલા છે એમને કે પછી મુંડાઈ જવાની અને હિન્દુપણું રાખવાની જેને ચિંતા હોય તેમને? સૈયદો આવતા બંધ થાય તો ઠીક એમ તમને લાગે છે પણ તમે એમના ઘેર એટલે પીરાણાના રોજે જવાનું અને કલમાઓ પઢવાનું બંધ કરવા તૈયાર છો કે પછી સૈયદોના બાપદાદાની ગાદીના જ માલિક થવાની હજી ઉમેદ છે?

૮. તમારા લેખથી સમજાય છે કે સૈયદો જે બોધ કરે છે તે ખુલ્લા પત્રોમાં કહેતાં તમને શરમ થાય છે તેનું કારણ બીજી હિન્દુ જ્ઞાતિમાં ફજેતી થઈ રહી છે એજ હશે. "હૈયે તેવું હોઠે !" અસ્તુ. સૈયદો કરાંચીમાં જે ખુલ્લો બોધ કરે છે તે સામે જ માત્ર તમે વાંધો જણાવ્યો છે, જો ખાનગીમાં સૈયદો બોધ કરતા હોત તો કદાચ તમે વાંધો લેત નહિ ! મારા વહાલા બંધુઓ ! હું તમને એ પુછું છું કે જે વાત આપણે માનતા હોઈએ, જેના આપણે અનુયાયી હોઈએ તે વાતનું જે રહસ્ય કે તત્ત્વ હોય એનો ખુલ્લો બોધ કરવામાં અડચણ શી? એમાં જો ફજેતી થતી હોય કે હિન્દુપણામાંથી ટળી જવાનો તમને ભય રહેતો હોય તો એ વાતને અંતઃકરણથી તજી જ દેવી જોઈએ, બીજાની રાહ શા માટે જોવી? અંતઃકરણ કહે તેમજ સૈયદોના મુંડેલા કરે તે તમારા મનથી અભણ કે? "ઉપરકી અચ્છી ઔર ભીતરકી શાહપીર જાણે" એવો ડોળ ઘાલુ અભણ? અંધશ્રદ્ધાળુ કોણ? જેને ધર્મ અધર્મ સમજવાનું જ્ઞાન નથી અને એકજ માર્ગે ચાલ્યા જાય તે કે પછી જે પંથમાં અધર્મ સમજાયા છતાં પણ અધર્મને જ વળગી રહેવાની જે ઈચ્છા રાખે તે? ઈમામશાહની જાગીર, તેની મિલકત અને ગાદીના વંશવારસ સૈયદો પૈસા કઢાવવાની ખાતર તમને ઘડીભર મોટા બનાવી દે અને બેસવા માટે રૂની ભરેલી ગાદી તકીયો આપે તેમાં તમે એવી આશા રાખો કે ગાદીના અમે માલિક છીએ ! તો એ આશા કે શ્રદ્ધા કેવા પ્રકારની? આંધળી કે દેખતી? એજ ગાદીને અને તમારે કાંઈ લાગતું વળગતું નથી એમ કહી સૈયદો તમને તુચ્છકારી કાઢે છતાં તેમાં મોહ અને લોભ રાખવો તેમજ બીજી અન્ય હિન્દુ જ્ઞાતિઓમાં ફતેજ થવાય છતાં પણ ચીલે ચીલે ચાલવાની ભ્રમણામાં ડુબી ભ્રષ્ટ થતા જવાય તો પણ આંખ ઉઘાડવી જ નહિ એ કેટલી મુર્ખતા ભરેલી અંધશ્રદ્ધા ગણાય?

૯. આપે આગેવાનોને વિનંતી કરવામાં જણાવ્યું કે "સૈયદોના સંગથી બચાવો નહિ તો હવે થોડો ઘણો તેઓમાં હિન્દુનો જે અંશ રહ્યો છે તે પણ રહેવો મુશ્કેલ છે." સુધારક ભાઈઓ ! થોડો ઘણો હિન્દુનો અંશ એટલે શું? એ તો જરા સમજાવો ! બે આની, ચાર આની, આઠ આની, કેટલી આની મુસલમાન અને કેટલી આની હિન્દુ? એ અર્ધદગ્ધતાનું પ્રમાણ કેટલું? એક તરફથી કડવા પાટીદારમાં ખપવાનો લોભ મટે નહિ એટલે બીજી તરફથી થતી ફજેતી વિશેની અસહિષ્ણુતાનો ઉભરો આવી ગયો જેથી છેવટે તમારાથી લખાઈ જવાયું કે "થોડો ઘણો હિન્દુનો અંશ રહ્યો છે તે પણ જતો રહેશે" ખરેખર ! જ્ઞાતિમાં થોડો ઘણો હિન્દુપણાનો અંશ રહ્યો છે એવી હિંમત ભરેલી સત્ય કબુલાતના એકરાર માટે હું તો તમારા કરાંચીવાસી સુધારક યુવક મંડળને અંતઃકરણપૂર્વક ધન્યવાદ જ આપું છું.

૬. ખુલ્લા પત્રનું અવલોકન - ભાગ-૨ - 1922

૧૦. તમારા તરફના ખુલ્લા લેખમાં વળી આપ જણાવો છો કે ‘ભાઈઓ ! કરાંચીમાં સૈયદો અવારનવાર આવે જાય છે અને અનેક રીતે છડે ચોક અભડાવાની સૈયદો કોશિષો કરે છે’ પરંતુ ભાઈઓ ! એ વાતના દાખલા આપતાં આપના જેવા સુજ્ઞ સુધારક ભાઈઓની હિંમત ચાલી નથી એટલે મારા ધારવા પ્રમાણે કદાચ સૈયદો કરતાં પોતાના જ પક્ષનો દોષ વિશેષ ખરો. દરેક સમજુ માણસ એટલું તો જાણી શકે કે કોઈની ઈચ્છા વિરુદ્ધ કોઈ કોઈને અભડાવે કે વટલાવે તો પરિણામ શું આવે? એનો આપ સામાન્ય બુદ્ધિથી પણ વિચાર કરો તો સમજી શકાય એવી સાદી વાત છે, એટલે હવે તો એ વાતના પરિણામ ઉપર સુધારક યુવકોમાં નહીં અભડાવાની કેટલી જીજ્ઞાસા છે તે જણાઈ આવવી જોઈએ જ નહીં તો પછી એમની ટીકા કરનારમાં પણ હિન્દુપણાનું કેટલી આની પ્રમાણ છે એની ગણતરી થઈ જશે. પાટીદારપણાનું પ્રમાણ તો પીરાણા પંથના નામના ઈલ્કાબ સાથે જ ખતમ થનારું છે તેમાં વળી પીરાણામાં કાકાઓને પડતી અડચણો દૂર કરવાનો વિચાર સરખો પણ કરવાથી તો ખતમ જ થશે. પાટીદાર કે કડવા પાટીદારના નામે જો કરાંચી નિવાસી જ્ઞાતિ સુધારક યુવકો પોતાને ઓળખાવા માગતા હોય તો તેમણે પીરાણા આપણું છે, કાકાઓ ગાદીપતિ છે અને પીરાણાની જાગીર ઉપરની સત્તા કચ્છના કણબી આગેવાનો પાસે રહેવી જોઈએ એવો લોભ છોડી દેવાની મારી ખાસ તમને ભલામણ છે.

૧૧. સુધારક ભાઈઓના ખુલ્લા પત્રના તદ્દન છેલ્લા ભાગમાં આગેવાનોને નોટીસ આપી જણાવેલું છે કે ખુલ્લો પત્ર મળ્યા પછી એક મહિના દહાડામાં આગેવાનો સૈયદોને આવતા બંધ કરે અને પીરાણામાં કાકાઓને પડતી અડચણો દૂર નહિં કરે તો તમો સુધારક ભાઈઓ લેખ લખશો તેની જવાબદારી તમોએ આગેવાનો ઉપર મુકી છે. તમારા ખુલ્લા પત્રના જવાબમાં આગેવાનોએ કાંઈ કર્યું નથી જેથી હવે તમારે લેખ લખવાનો વખત તો ક્યારનોએ ભરાઈ ગયો છે પરંતુ કરાંચી નિવાસી જ્ઞાતિ સુધારકોમાં કડવા પાટીદારનું પાણી હજી કોઈ ઠેકાણે દેખાયું નથી ! જ્ઞાતિ સુધારક મારા પ્રિય ભાઈઓ ! જેને તમે ગેઢેરા કે આગેવાન સમજો છો અને જેને તમે કરગરીને વિનંતીઓ કરો છો એમના હૃદયને વાંચવાની હાલ તો તમે ભલે ભણેલામાં ખપતા સુધારક યુવકોને પ્રભુ સદ્‌બુદ્ધિ અને બળ આપે એવી ઉમેદથી તમારા ખુલ્લા પત્રના અવલોકનનો આ બીજો ભાગ હાલ અહીં સમાપ્ત કરું છું.

લી. જ્ઞાતિ સેવક
નારાયણજી રામજી વીરાણીવાળા

જ્ઞાતિ ભાઈઓના હિતાર્થે બહાર પડે છે !

હિન્દુધર્મના નામે ચાલતા

પીરાણા ધર્મની પોલ

એ નામનું પુસ્તક અમારા તરફથી બહાર પાડવામાં આવનાર છે. સનાતન હિન્દુ પ્રજાને પોતાનો ધર્મ તજી દેવરાવી પીરાણા ધર્મમાં વાળવા માટે અને પીરાણા ધર્મ મુસલમાની ધર્મ જેવો નથી એવું દેખાડવા માટે તે ધર્મના અધ્યાપકો, ધર્મગુરૂઓ, કાકાઓ અને નેતાઓએ હિન્દુ ધર્મમાં પ્રસિદ્ધ રીતે મનાતા અવતારો, મહાપુરૂષો અને દેવદેવીઓને પોતાના પંથમાં ઘુસાડી તેમના નામે અનેક પ્રકારના ગપગોળા અને ખોટી વાતો ફેલાવી છે અને તેમ કરીને સદરહુ ધર્મના પ્રસિદ્ધ અપ્રસિદ્ધ પુસ્તકો, પાઠો અને વ્યાખ્યાનોમાં હિન્દુ ધર્મમાં મનાતી, પવિત્ર વ્યક્તિઓને ઉદ્દેશીને એવી તો અપવિત્ર અને અઘટિત રીતે વર્ણવામાં આવી છે કે જે સાંભળીને કોઈપણ હિન્દુ ભાઈનું હ્રદય દ્રવિત થયા સિવાય રહે જ નહિ.

કચ્છ દેશમાં અને તેમાં પણ જે જ્ઞાતિમાં મારો જન્મ થયો છે ત્યાં આ ધર્મની પોલ ચલાવી પીરાણા ધર્મના ઉપાધ્યાયો સેંકડો વર્ષોથી દર વર્ષે હજારો રૂપિયા લુંટી ખાય છે એટલું જ નહિ પણ આડકતરી રીતે આગેવાનો મારફત જ્ઞાતિમાં ત્રાસ વર્તાવી ગરીબ વર્ગ પાસેથી પણ દર વર્ષે પૈસા કઢાવાનો ઉદ્યોગ ચલાવતા આવ્યા છે અને અમારી શુદ્ધ ક્ષત્રિય વર્ણને ન તો હિન્દુ ન મુસલમાન એવી અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ સ્થિતિમાં ડુબાવી રાખવાનો પ્રયાસ કરે છે જેના ભયંકર પરિણામોએ અમારા જીવન ઉપર અસર કરી અમારી જ્ઞાતિને દુ:ખદાયક સ્થિતિમાં લાવી મુકી છે. અનેક જગ્યાએ અમારી માફક જ અન્ય જ્ઞાતિઓની સ્થિતિ પણ આ પીરાણા ધર્મે કરી મુકી છે જે ઉપરથી આવું પુસ્તક બહાર પાડવાની કેટલી આવશ્યકતા છે તો તો જેમણે પીરાણા ધર્મ સંબંધે કાંઈપણ જાણ્યું હશે તેને સમજાયા સિવાય રહેશે નહિ.

આ પુસ્તકમાં પીરાણા ધર્મની ઉત્પત્તિ તથા તે ધર્મની રીતે જન્મથી મરણ પર્યંત તેના અનુયાયીઓ માટે કરવામાં આવતી ક્રિયાઓ, ઈમામશાહનો વંશ, ઘટપાટની ક્રિયાઓ અને એલમો તેમજ કલમાઓમાં આર્ય વ્યક્તિઓને ઘુસેડી હિન્દુ ભાઈઓને ઉંધે રસ્તે દોરી પોતાના પંથમાં વટલાવવા માટે તેના અધ્યાપકોએ જે જે નીચ યુક્તિઓ રચી છે તેનું યથાર્થ વર્ણન આપી અમારા હિન્દુ ભાઈઓને તેની પોલ સ્પષ્ટ રીતે સમજાય તેવા દરેક પ્રયત્ન કરવામાં આવ્યાથી આ પુસ્તક એક અત્યુપયોગી થઈ પડવાનો સંભવ છે.

કચ્છ દેશમાં નેત્રા ગામના એક કેશરા પટેલ કે જેમણે પીરાણા ધર્મને છોડી સ્વામીનારાયણ પંથનો સ્વીકાર કર્યો હતો તેમને વટલાવી પોતાના ધર્મમાં જ રાખવા ખાતર પીરાણા ધર્મને માનનારા વર્ગે જે જુલમ અને ત્રાસ વર્તાવ્યો હતો તેનો હ્રદયભેદક પ્રસિદ્ધ બનાવ પણ આ પુસ્તકમાં યોગ્ય સ્થળે આવશે. પુસ્તક સંબંધી બીજી માહિતી નીચેના ઠેકાણેથી મળશે.

લેખક - નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાક્ટર

ઠે. ઉમરશી રાયશીના કમ્પાઉન્ડમાં, ઘાટકોપર

- (THANA)

લેખક : મગનલાલ ગોવિંદલાલ એન્જીનીયર
અમદાવાદ

પીરાણાપંથી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિવર્ગ
અને
કરાંચી પરિષદના રિપોર્ટનું અવલોકન

જ્ઞાતિ હિતાર્થે છપાવી પ્રસિદ્ધ કરનાર
"જ્ઞાતિ હિતચિંતક સ્વધર્મ વર્ધક મંડળ" તરફથી
કાર્યવાહક : નારાયણજી રામજીભાઈ મીસ્ત્રી
જૈન દેરાસર પાસે, ઘાટકોપર - મુંબઈ

સંવત ૧૯૭૮ની શ્રાવણી સને ૧૯૨૨

Online Text Based
(can use for translation)

Source Document

૭. પીરાણાપંથી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિવર્ગ અને કરાચી પરિષદના રિપોર્ટનું અવલોકન - વર્ષ 1922

ઉપોદ્ઘાત

આપણી કચ્છ જ્ઞાતિનો એક વિભાગ પીરાણાના અર્ધદગ્ધ પંથે ચઢી અધોગતિ પ્રાપ્ત કરતો જાય છે એ વાત અમને સમજાયા પછી તેને સનાતન ધર્મ તરફ વાળવાનો ઉદ્દેશ રાખી એક મંડળની અમે સ્થાપના કરેલી જે આજે “જ્ઞાતિ હિત ચિંતક સ્વધર્મ વર્ધક મંડળ”ના નામથી જ્ઞાતિમાં લગભગ ૧૫-૧૬ વર્ષથી પ્રસિદ્ધ છે. સમસ્ત જ્ઞાતિની બેઠકો પ્રસંગે આજ સુધી જોકે આ મંડળ જ્ઞાતિ હિત સાધવાના કાર્યમાં ભાગ લેતું આવ્યું છે. પરંતુ ધાર્મિક અંતરાયને લઈ કચ્છનો જે વિભાગ કોમથી અલગ પડી જવાનો ભય ખડો છે તે ક્ષેત્રમાં આ મંડળ શરૂઆતથી જ અનેક પ્રકારના ભોગ આપતું આવ્યું છે. જ્ઞાતિના યુવકવર્ગને ઉત્તેજિત કરવાનું અને તેમના યોગ્ય પુરૂષાર્થને સજીવન રાખવાનું મહદ્ કાર્ય અતિ મુશ્કેલ છે પરંતુ જેમ જેમ જ્ઞાતિના બુદ્ધિશાળી બંધુઓ અમારા મંડળના કાર્યની કદર કરતા જાય છે તેમ તેમ મંડળને મદદ મળવાની આશા પણ બંધાતી જાય છે અને એ આશા તેમજ અમારા વિભાગના સમજુ વર્ગના પ્રમાદથી ઉત્પન્ન થતી નિરાશા વચ્ચે આ મંડળનો ઉદ્દેશ જીવતો રહ્યો છે. કેટલાક બુદ્ધિશાળી યુવકો જ્ઞાતિ સેવાના કાર્યમાં જોડાયા પછી મંડળનો ઉદ્દેશ બર આવવાની આશા વધારે સતેજ થઈ છે એ વાત અમે ખુલ્લા દિલથી સ્વીકારીએ છીએ. કરાંચી પરિષદ એ કેટલાક યુવકોના ધાર્મિક સેવા ભાવનો જ પ્રભાવ હતો અને એ પરિષદના કાર્યનું આ અવલોકન પણ તેમની શુદ્ધ ભાવનાનું જ પ્રતિબિંબ છે, એમ સમજી લઈ જ્ઞાતિ બંધુઓ તેમાંથી બોધ ગ્રહણ કરશે એવી મંડળ આશા રાખે છે.

કેટલાકને બિલ્ડીંગ નજરે જોયા સિવાય જેમ તેમની રચના સમજાતી નથી, પરંતુ પ્લાન સમજનારના મગજમાં તે મકાનનો ખૂણે ખૂણો ખડો થાય છે, તેમ પીરાણા પંથની રચના અને ક્રિયાઓ-શુદ્ધ હિન્દુ ધર્મની ભાવના, સ્વાર્થ ત્યાગ અને સત્યાસત્ય સમજવાની જેનામાં બુદ્ધિ ન હોય તેને સમજાય નહિ, એટલે પીરાણા ધર્મ એ હિન્દુ ધર્મ નથી અને નથી જ તેનું સ્વબંધુઓને જ્ઞાન કરાવા અનેક રીતે એ વિષયને ચર્ચવો પડે તે સમજી શકાય તેવું છે. સમગ્ર દેશમાં જ્યારે ઐક્ય સાધવાની યોજનાઓ ઘડાતી હોય તે પ્રસંગે કદાચ આવી હિલચાલ રૂચીકર થઈ પડે નહિ પરંતુ આ હિલચાલના ગર્ભમાં ઐક્ય અને પ્રેમને મુખ્યસ્થાન અપાયેલું છે જ એમ અમારું માનવું છે. અમારી કચ્છ જ્ઞાતિ ઉપર તાગડધિન્ના કરતા પીરાણા પંથ ઉપર આજીવિકા ચલાવનારા ને તે અપ્રિય થઈ પડે તો પણ સ્વાર્થી અને મૂર્ખ ધર્મ ગુરૂઓને અંધશ્રદ્ધાળુ કે ભોળા ભક્તો ઉપર આજીવિકા ચલાવવાનો બિલકુલ હક્ક નથી એમ સમજુ વર્ગનું માનવું છે. તે સાથે અમારા જ્ઞાતિ બંધુઓનું હિત સાચવવાનો અમને જે પ્રથમ ધર્મ પ્રાપ્ત થાય છે તેને અમે તજી શકીએ નહિ. જ્ઞાતિ સેવાના પ્રદેશમાં કંઈક વિશેષ અજવાળુ પડે અને યુવકોને રિપોર્ટનું અવલોકન માર્ગદર્શક થાય એ પ્રકારની મંડળની ઈચ્છા ધ્યાનમાં લઈ રા. મગનભાઈ એ તસ્દી લઈ અવલોકન લખ્યું છે તે ખાતે અમારું મંડળ તેમનો સપ્રેમ આભાર માને છે.

નારાયણજી રામજી મીસ્ત્રી, કાર્યવાહક

પીરાણાપંથી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિવર્ગ

અને

કરાંચી પરિષદના રિપોર્ટનું અવલોકન

(લેખક - મગનભાઈ ગોવિંદલાલ એન્જીનીયર - અમદાવાદ)

વિષય અને સંબંધ

કચ્છના પીરાણાપંથી ભાઈઓની જે સભા કરાંચીમાં થયેલી તેના કામકાજનો અહેવાલ કરાંચી યુવક મંડળ તરફથી બહાર પાડવામાં આવ્યો છે તે વાતને આજે ઘણો વખત થયો છે એ રિપોર્ટ જ્યારે બહાર પડ્યો તે પ્રસંગે તેનું અવલોકન લખવાની "સ્વધર્મ વર્ધક" મંડળના ભાઈઓ તરફથી સુચના કરવામાં આવેલી, સભાના પ્રમુખ રાજાભાઈ ધોળુએ પણ ભલામણ કરેલી અને મુંબઈના યુવક મંડળ તરફથી પણ પત્ર દ્વારા સુચનાઓ મળેલી. મારા જેવા એક ગુજરાતી ભાઈને તેઓ શા માટે એ માટે આગ્રહ કરે છે તે હું સમજી પણ ગયેલો. પીરાણાપંથી યુવકોની મુંબઈમાં થતી સભાઓમાં મેં કેટલીક વખત ભાગ લીધેલો, તેમજ સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિની મહાન પરિષદની એક બેઠક જ્યારે મુંબઈ ખાતે થયેલી તે પ્રસંગે પીરાણાપંથી કચ્છી આગેવાનોને ખાસ આગ્રહપૂર્વક ભાગ લેવા માટે આમંત્રણો કરેલા અને તેઓ પૈકી કેટલાક આવેલા પણ ખરા, તે પ્રસંગનો લાભ લઈ તેમની સાથે ખાનગીમાં પીરાણાપંથ આપણે તજી દેવો જોઈએ એ વિષય ઉપર મારે તેમની સાથે સારી વાટાઘાટ થયેલી અને તેમની તરફથી મને સારો સધિયારો મળેલો. તે પ્રસંગે જ્ઞાતિ હિતના કાર્યમાં હું કંઈક ભાગ લેતો હોવાથી એ વિષય તરફ મારી મમતા બંધાયેલી અને તે કાયમ રાખવા માટે "સ્વધર્મવર્ધક મંડળ"ના ભાઈઓ તરફથી મને ખાસ આગ્રહ ચાલુ રહેતો. પરંતુ જ્યારે કરાંચીમાં પરિષદ થઈ અને તેના કામકાજનો રિપોર્ટ બહાર પડ્યો ત્યારે કેટલાક વખત પછી અવલોકન થાય તો સારું એવું મને જણાયેલું અને એજ ભ્રમણામાં, એ તરફથી મારી મમતામાં ત્રૂટી આવવાને લીધે મારાથી એ કાર્ય બની શકેલું નહિ, કરાંચીના યુવકો પણ કંઈક નિંદ્રાધીન દેખાયા, મુંબઈના યુવકોમાં સુસ્તી દેખાઈ અને એ કારણોએ પણ મારી આળસને સારો ટેકો આપ્યો.

હમણાં વળી જાગૃતિ આવી છે અને મારાથી બની શકે તો કચ્છ જ્ઞાતિ હિતાર્થે પુરૂષાર્થ કરવો એવી સુચના રા.રતનશીભાઈ, રામજીભાઈ તથા ભાઈ નારણજીએ કરી અને પ્રથમનો જ વિષય એટલે કરાંચી પરિષદનું અવલોકન, તે સાથે પીરાણાપંથ અને કચ્છ દેશના આગેવાનોના જુલ્મ અને ત્રાસદાયક તેમના કૃત્યો વગેરે ઉપર પણ મારા વિચારો હું પ્રદર્શિત કરી શકું એવું તેમને જણાયાથી તે માટે આગ્રહપૂર્વક ભલામણ કરી છે.

આપણી કડવા પાટીદાર જ્ઞાતિ દેશના જુદા જુદા ભાગોમાં વિસ્તાર પામી છે અને દરેક ઠેકાણે નાતજાતને લગતી તકરારો જ્ઞાતિના સમજુ પુરૂષો મારફત પતાવાનો રિવાજ ઘણો પ્રાચીન થઈ ગયો છે તે જેટલો ઈષ્ટ છે તેટલો જ હાલમાં તો ખાસ કરીને કચ્છ દેશમાં આગેવાનોના સ્વાર્થી અને અન્યાયી દોરનો ભોગ થઈ પડ્યો છે. કચ્છના આગેવાનોની જુલ્મી સત્તા અને અધમતાના ઈતિહાસ લખવા બેસીએ તો કેટલાંય "કરમશીનામાં, અખઈનામાં" અને એવા બીજા નામાંને નામાં લખાય એટલી હકીકત મારી પાસે પડી છે, પરંતુ એ નામાંઓ ઉપર વાર્તિક લખી યુવકોને રિઝવવા કરતાં એ નામાંઓને ભુલાવી દઈ યુવકો તેમજ ગેઢેરાઓને પોતાનો ધર્મ અદા કરવાનો માર્ગ

દેખાડી આપવો એજ ઈષ્ટ છે. તો પણ કોઈ ગેઢેરાએ એવું તો નહીં જ માનવું જોઈએ કે તેમના જુલ્મી દોર અને જ્ઞાતિના રીતરિવાજ, પીરાણાપંથની અધમ ભાવનાઓ અને તેના અંગે જ્ઞાતિમાં પેસી ગયેલા સડાની કોઈ ટીકા જ ન કરી શકે. એવી માન્યતા રાખવી એજ એક જાતની અધમતા અને દીવાનાપણું છે, આગેવાનોના અંધસ્વાર્થ અને જુલ્મની એ ખાત્રી આપનારું થઈ પડે છે. સાથે સાથે હું એ પણ કહી લઉં કે જેનામાં વિચારશક્તિ અને બુદ્ધિ છે, જેને પોતાના ભોળા અને અંધશ્રદ્ધાળુ ભાઈઓ પ્રત્યે લાગણી છે તે તો જરૂર તેમની સ્થિતિ સુધારવામાં જ પોતાનો લાભ પણ જુએ અને તેને તેમ કરતો કોણ રોકી શકે? એટલે એવા પ્રકારનો કંઈક લાભ કિંવા લોભ ગમે તે કહો તે આ લેખક પ્રત્યે પ્રાપ્ત થાય છે. જ્યારે "સ્વધર્મ વર્ધક મંડળ"નો જ્ઞાતિ હિતાર્થે લેખો પ્રસિદ્ધ કરવાનો શિષ્ટાચાર અને પીરાણાપંથ જેવા અધમ અધર્મમાંથી જ્ઞાતિને બહાર કહાડવાનો સતત પુરૂષાર્થ તો ઘેર ઘેર જાણીતો છે જ. તે મંડળની જ્ઞાતિ સેવાની કદર તરીકે હું શું કરી શકું ! એ ભાગ્ય તો ભવિષ્યની પ્રજાના ભાગે નિર્માણ થયેલું સમજાય છે.

પાટીદારનું પતન અને પશ્ચાતાપ

આપણા ભાઈઓ સ્વધર્મને સંભાળી પહેલાં હતા તેવા એકબીજા સાથેના સંબંધમાં આવી જઈએ તો જગતની દૃષ્ટિએ આપણે સાવ હલકી જ્ઞાતિના અને બીગારી જેવા થઈ પડ્યા છીએ તે જરૂર મટી જાય. વળી સનાતન ધર્મને અવલંબી એક ભાઈ બીજા જ્ઞાતિભાઈ પ્રત્યેનો ધર્મ કિંવા ફરજ બજાવતાં શીખે તો આપણી જ્ઞાતિ દેશમાં પુજાતી, મનાતી અને દેશની પાલનહાર ગણાતી તે મહત્તા અને સુખ ભોગવતી આપણે જરૂર જોઈ શકીએ એ વાતમાં મને તો પૂર્ણ શ્રદ્ધા છે. કોઈ ભાઈને એવી કદાચ શંકા થાય કે આપણી જ્ઞાતિ કેવી અને વળી તેને દેશમાં પુજાવાનું કે મનાવાનું કેમ સંભવે ! આપણા માટે તે વળી મોટાઈ હોય? હા. આ માયાવાદના જમાનામાં અને તે પણ આપણા જેવી પછાત રહેલી, દરેક પ્રકારે અજ્ઞાનમાં જ ડૂબેલી જ્ઞાતિમાં આવી અનેક શંકાઓ ઉદ્‌ભવે જ. એ વાતનું એક જ ટુંકું સમાધાન છે. આ દેશમાં જે સંપત્તિ દેખાય છે તે કોઈ શેઠ શાહુકારો કિંવા રાજા મહારાજાઓ પરદેશમાં જઈને કમાઈ લાવ્યા નથી કે કોઈના બાગ બગીચામાંથી ઊગી નીકળેલી નથી પરંતુ આ દેશની ખેતીની ઉત્પન્ન ઉપર જ માત્ર અત્યાર સુધી આ દેશના રાજા અને શેઠ શાહુકારોનો વૈભવ અને પ્રજાનું જીવન પણ ટકી રહ્યું છે. ત્યારે એ ઉત્પન્ન કરનાર આપણા ભાઈઓ જ છે કે બીજા કોઈ? પરંતુ કાળે કરી આપણી ધાર્મિક અને ઉચ્ચ ભાવનાઓ નષ્ટ થતી ગઈ તેમ તેમ આપણી રહેણીકરણી પણ ઉતરતા પ્રકારની થતી આવી. સ્વધર્મના ત્યાગથી જગતને પોષવાની ધાર્મિક ભાવના ઘટતી ગઈ તેમ તેમ આપણી મહત્તા અને ગૌરવ પણ ઘટતું ગયું અને પરિણામે આજે દેખાય છે તેવી માત્ર ખેતી કરવાની મજુરીજ આપણા કર્મે ચોંટી રહી. ખેતી કરવા સાથે પોતાના વિભાગનું રક્ષણ કરવાનો જે ક્ષત્રિ ગુણ એટલે ગામની પ્રજાની સંભાળ રાખવાની આપણી શક્તિ અને સ્થિતિનું રૂપાંતર થતું આવ્યું. આટલો મોટો પલટો કેમ થઈ ગયો અને આ દેશમાં આજે આપણી જગ્યા ક્યાં છે એ વાતનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે આપણી પોતાની જ અજ્ઞાનતા અને ઝાલ્યું ન છોડવાની હઠીલાઈ ઉપર પારાવાર ખેદ થઈ આવે છે. આંખમાંથી આંસુ પડ્યા સિવાય રહેતાં નથી. એટલે અત્યારે આપણને જે ફરજ પ્રાપ્ત થાય છે તે એ છે કે આપણી પ્રાચીન પ્રતિષ્ઠા અને ઈજ્જત દેશમાં વહેલી જામે એવા પગલાં સત્વર ભરવાં અને તે માટે દેશકાળને અનુસરતા ન હોય તેવા રીતરિવાજો અને અધર્મ યુક્ત ભાવનાઓને જડમૂળથી ઉખેડી નાંખવી અને તેમ કરતાં કરાવતાં જે જે મુશ્કેલીઓ ખડી થાય તેને પહોંચી વળી પોતાના બંધુઓનું હિત સાધવામાં માત્ર પ્રભુની જ બીક રાખવી અને બીજા

કોઈ સહાયક પણ ન હોય ત્યારે સહાય પણ તેની જ માગવી. વળી એ પણ જોવાનું તો છે જ કે દેશની બીજી કોમો પોતપોતાના વર્ગનું શ્રેય સાધવામાં અહોરાત પ્રયત્ન કરી રહી છે ત્યારે એ હરીફાઈમાં આપણે મુળે પછાત છીએ છતાં પછાત રાખે એવી ગતિએ ચાલીએ તો જરૂર પછાત જ રહેવાના. આગેવાન કે ગેઢેરાના અયુક્ત અને અયોગ્ય વર્તન ઉપર આજે તે યુવકોને ખેદ પ્રદર્શિત કરવાની વારી આવી છે તેજ યુવકોની વૃદ્ધાવસ્થા થતાં તે સમયના-ભવિષ્યના-યુવકો તેમનો જમાનો જોઈ આજના યુવકો પ્રત્યે કેવું માન ધરાવશે અથવા કેટલો સંતોષ દર્શાવશે એ વિચાર કરવાનો છે અને તે વિચાર આજના મનુષ્ય જેવા હૃદયના યુવકો જો કરી શકે તો જરૂર તેમને જ્ઞાતિહિત સાધવાનો ધર્મ સમજાયા સિવાય રહે નહિ. એક પ્રકારનો આ એક ઈશ્વરી સંકેત છે. તેને આજના યુવકો સમજી જાય એ ખાસ જરૂરનું છે, પછી તેને ફરજ સમજે, ધર્મ માને કિંવા કર્મમાં ઘટાવે તો પણ એ જ તેમને પ્રાપ્ત થાય છે. એટલા માટે જ જો મુંબઈ, કરાંચી કે વીરાણી જેવા સ્થળે યુવક મંડળો સ્થપાયાં હોય તો આપણા ગેઢેરા કે આગેવાનોએ શરમાવાનું કે તેમના પ્રત્યે તિરસ્કાર દર્શાવાનું કંઈ પ્રયોજન નથી. યુવકોના સેવા ધર્મની સાધના વડે જ જ્યારે ત્યારે જ્ઞાતિનો ઉદ્ધાર થવાનો છે એ વાત જેને જ્ઞાતિહિતની જરૂર સમજાય તેણે અવશ્યે માનવી ઘટે છે. આગેવાનોએ તો યુવકોની એ પ્રકારની સાધના તરફ અવશ્યે પોતાનો વિરોધ છોડી દેવો ઘટે. છતાં કોઈ હડૂડ પીરાણા પંથી હોય અને સૈયદોના ભાઈના હાથના સમોસા ખાવાનો જેને સ્વાદ છોડી શકાતો નહિ હોય તેણે પોતાની જીભ કાપી નાંખવી જોઈએ અથવા પોતાની જાતને સૈયદોની જમાતમાં હાજરી આપતી કરી દેવી જોઈએ. કારણ આ જમાનામાં કડવા પાટીદાર કે લેવા પાટીદાર બની રહીને પીરાણાપંથના ગુપ્ત માર્ગમાં ચાલવું એ ભાગ્યે જ બની શકશે.

વડીલો પાસેથી આપણે શીખતા આવ્યા કે “કરણી તેવી પાર ઉતરણી” છતાં એવા ઘણાય ગેઢેરાઓને આપણએ રીબાઈ રીબાઈને પ્રાણ છોડતા જોયા, છતાં એવી અધમ કરણી તજી દેવામાં આપણે વિલંબ કરીએ તો આપણા જેવા મૂર્ખ બીજો કોણ? અધર્મયુક્ત અધમ પંથે ચાલીને આજે આપણી કેવી દશાઓ થઈ છે? “કણબી પશુ ન માનવી.” ઈમામસેની પંથના માર્ગે ચઢવાથી આપણી ભાવનાઓ નષ્ટ ભ્રષ્ટ થઈ ગઈ, રીતરિવાજોમાં પણ અધમતાએ વાસ કર્યો, દેશ છોડાવ્યો અને વેષમાં મુમના જેવા કરી મુક્યા ! વળી એણે કરીને અને એજ વાત કાયમ રાખવાની ખાતર નીચ કર્મો કરવા તરફનો તિરસ્કાર પણ છુટી ગયો અને અધર્મયુક્ત અધમ પંથને વળગી રહેવાની લાલસા વધતી ગઈ પરિણામે જીવન ખારાં ઝેર જેવાં થઈ ગયાં. ધન ગયું, માન ગયું, વિદ્યા ગઈ જેના લીધે બુદ્ધિ નાઠી અને સારું માઠું સમજવાની સાધારણ અક્કલનો પણ લોપ થઈ ગયો. અધર્મ રૂપી ઝેરી ભાવનાઓ પેઢી દર પેઢી ઉતરી આવી. અફસોસ ! બંધુઓ એ સ્થિતિનું જેને ભાન થાય તે તો જરૂર પોતાના ભાઈઓની દયાજનક સ્થિતિ ઉપર આંસુ પાડ્યા સિવાય રહેજ નહિ. પરંતુ તે આંસુ અને હૃદયના ઉભરા ક્યા ધર્મથી પોષાતા હૃદયોમાં આવે? એ વાત કોણ સમજી શકે, અરે, સમજાવવી પણ કોને? સમજવા માટેની વિચાર શક્તિ અને બુદ્ધિ જોઈએ તે ક્યાંથી લાવવી? તે શક્તિ બક્ષનારી વિદ્યાદેવી અને આપણે કેટલી પેઢીઓનું અંતર ! તે મહાદેવી સરસ્વતી આપણા ઉપર પ્રસન્ન પણ કેમ થાય? આપણે તો :-

ધર્મ કર્મને ધોઈ નાખ્યાં, ગાડર સમ ઝુકાવી.
ઉપરથી ઉપહાસ્ય કરાવી, ગાંઠનું ગરથ ગુમાવી
આવી, રસમ થકી ભાવી
ભૂંસ્યું શર્મ જરી ના'વી... આવી.

આંખે પાટા બાંધી ઈમામશાહને ઈન્દ્ર માની લીધો ! અમારા પર મહાલવાની અજ્ઞાન લાલસાએ પાંચે પાંડવોએ મળી ગૌવધ કીધાની અને સતીએ (દેવી પંચાળીએ) મસ્તક ચામડાં લીધાની વાત પણ સાચી માની લીધી અને ફરમાનજી બિસમલ્લાના કલમા પઢતાં પણ શરમાયા નહિ ! સતનો કલમો પઢતાં દર્શોંદના દોકડા ભરી ભરીને ટુટી ગયા અને બેહસ્ત મુકામે પહોંચવા પહેલાં તો પરદેશના ઝાડ જોવા પડ્યાં અને કરવત ખેંચવાની સ્થિતિ પ્રાપ્ત થઈ. બીજું શું થાય ! જ્યારે સગાં, કુટુંબ બેની બાંધવા વગેરે કોઈના હિતનો વિચાર આવે નહિ અને અમરાપર પહોંચવાના ખોટા લોભે લોક લજ્યાનો ખ્યાલ પણ મટી જાય અને એજ ઉપદેશની ગોળીઓ જેમને ગળી લાગે તેમની સ્થિતિ બીજી કઈ રીતે વધારે સારી હોવાનું સંભવે? પરંતુ એ અધર્મને પોષવાના લાગાઓ ભરવા ઉપરાંત જગતની દષ્ટિએ હલકા દેખાવાનું અને નાક કપાવાનું દુઃખ જે ભાઈઓના કરમે આવી પડે અને તે પણ જ્યારે ફરજિયાત જેવું તેને થઈ પડવાનું દુઃખ પ્રાપ્ત થાય તેની કઈ દશા? પાટીદારનું જેનામાં પાણી હોય તે તો જરૂર પોતે જાતે તેમાંથી છુટવા અને બીજાઓને પણ છોડાવા પ્રયત્ન કરે જ. તેમ કરવાનો એને જન્મસિદ્ધ હક્ક પ્રાપ્ત થયેલો હોય છે અને એ વાતનો કોઈથી ઈનકાર પણ થઈ શકે તેમ નથી.

જાગૃતિ કેમ આવી

જે ભાઈઓ ધંધાર્થે દેશ છોડી અન્ય સ્થળે ગયા અને સુખી થયા તેમાં પ્રથમ મુંબઈ અને બીજે નંબરે કરાંચી આવે છે. મુંબઈ દરિયા કિનારે આવેલું છે અને આખા જગતની હવા અને વિચારોનું ત્યાં સંમેલન થાય છે. આળસુ માણસની ત્યાં સુસ્તી ઊડી જાય છે, બુદ્ધિ વગરના હોય છતાં માણસ જેવા હૃદયના માણસનું મગજ પણ ત્યાંની હવા લાગતાં જ વિકાસ પામે છે, એટલે દેશમાંથી આવેલી જડતા અને દરિદ્રતા સહેજે ભાગવા માંડે છે. વળી દરેક જ્ઞાતિના લોકો માટે સ્વધર્મ પાળવાનું મુંબઈમાં ફરજિયાત થઈ પડે છે. ત્યાંની પ્રજા પોતે અમુક ધર્મના અનુયાયી છીએ એવું દેખાડવામાં પોતાનું ગૌરવ અને ઈજ્જત માને છે એટલે એ ચેપ દરેકને ફરજિયાત લાગી જાય છે. જ્યાં સ્વધર્મ પાળવાનું ફરજિયાત જેવું થઈ પડે એ શહેરની પ્રભુતા કેટલી મહાન હોવી જોઈએ ! મુંબઈમાં એ પ્રભુતા સર્વાંશે વ્યાપ્ત થયેલી છે અને તેથી જ ત્યાં કોઈ નાગુ ભૂખ્યું રહેતું નથી. **"મુંબઈ શહેરમાં ભીખારીઓ પણ પોતાનો ધર્મ કે પંથ છુપાવતા નથી."** જે જાતના ભીખારી જે દેવ કે દેવીને માનતા હોય તેના જ પાળે ભીખ માગવા બેસે છે ત્યાં જતા આવતા લોકો પણ પોતાના મંદિરે ભીખ માગવા બેસનારને ઓળખે છે અને બીજા ભીખારીઓ કરતાં એવાને ઝટ ડોઢીઉ કાઢીને આપે છે. કામ ધંધે કે હરવા ફરવા જતાં આવતાં પણ મુંબઈની ભૂમિ ઉપર વિચરતો માણસ ક્યા ધર્મનો અનુયાયી છે એ વાત તો એના ચહેરા ઉપરથી જ જણાઈ આવે છે પછી કર્મમાં દેખાઈ જાય તેની તો નવાઈ જ શું? કોઈ જ્ઞાતિમાં ત્યાં "ગુપ્ત ધર્મ" જેવું કંઈ છે જ નહિ અને અમારો ધર્મ તો ગુપ્ત છે એવું કોઈ કહે તો ત્યાંના લોકો એને દીવાનામાં જ ગણી કહાડે, ત્યાં આપણા ગુપ્ત ધર્મી ભાઈઓની કઈ દશા? કડવા પાટીદાર તરીકે ઓળખાવાનો લોભ કદી છુટી શકે અને છોડાય પણ ખરો ! જ્ઞાતિના નામ સાથે જ જ્યાં ધર્મનો પંથ સમજાઈ આવે ત્યાં ગુપ્ત ધર્મને પ્રસિદ્ધ કરીને ક્યા વર્ગમાં બેસવું ઉઠવું ! એ ગુપ્ત ધર્મને કોઈ હિન્દુ અથવા સાચો કડવો કે લેવો પાટીદાર જાણી જાય તો દશા એ થાય કે પાણી પીવાનું ઠામ પણ સાથે જ લઈને ફરવું પડે. ગુપ્ત ધર્મનો આ અનુભવ કરાંચી કરતાં મુંબઈ શહેરમાં વહેલો થાય એટલે મુંબઈના યુવકોમાં જાગૃતિ પણ વહેલી જ આવવી જોઈએ અને જાગ્યા તેમને બેશક ધન્યવાદ ઘટે છે. વળી તેમના પગલે ચાલવાનો પ્રયાસ કરાંચીના યુવકોએ પણ

કર્યો અને કરાંચીમાં જ પરિષદ બોલાવી તેમના હૃદય બળ અને ઉચ્ચ ધાર્મિક ભાવવાળી અભિલાષા માટે દરેક કડવા પાટીદારે બેશક ખુશી થવાનું છે.

યુવકવર્ગ અને જ્ઞાતિ સેવા

આપણા દેશની પ્રજા જગતમાં બહુ પ્રાચીન ગણાય છે તેમજ આખી દુનિયાને વ્યવહારિક અને ધાર્મિક જ્ઞાન આપવાનું માન પણ તેને જ ઘટે છે. જ્યારે ધાર્મિક આફતો આવી છે ત્યારે ત્યારે કોઈ ગેઢેરાએ તેમાંથી પ્રજાને બચાવી નથી પરંતુ તેનો ઉદ્ધાર દરેક યુગે અને પ્રસંગે તે સમયના યુવકે જ કર્યો છે એમ ઈતિહાસના પાનાં સાક્ષી આપે છે. આજે પણ શું છે? કડવા પાટીદાર જ્ઞાતિનો જ દાખલો લઈએ. ક્યા સ્થળે આગેવાન કે ગેઢેરાઓ જ્ઞાતિના સુખ દુઃખનો વિચાર કરે છે? દરેક કાળે અને સ્થળે એ કાર્ય તો યુવક વર્ગ માટે જ નિર્માણ થયેલું સંભવે. શારીરિક અને માનસિક શક્તિનો વિચાર કરતાં પણ જ્ઞાતિના સુખ દુઃખનો આધાર યુવકવર્ગની ભાવનાઓ અને શક્તિ ઉપર જ લટકી રહેલો જણાશે એટલે આગેવાનો કરતાં યુવકોનો જ્ઞાતિ પ્રત્યેનો ધર્મ બહુ વિકટ જ હોય તેમાં નવાઈ શું ? **આપણી પ્રાચીન મહત્તા અને સુખ સાધન વહેલાં પ્રાપ્ત થાય એવા ઉપાયો સત્વરે લેવા** તેમજ દેશકાળને અનુસરતા ન હોય, અધર્મયુક્ત હોય, આપણી નાલાશી કરનારા હોય અને નીચું જોવડાવનારા ઉપરાંત નુકશાન કરનારા હોય તેવા રીતરિવાજોનો ત્યાગ કરી સ્વધર્મે ચાલવામાં જે જે મુશ્કેલીઓ ખડી થાય તે સહન કરી પોતાના ભાઈઓનું હિત સાધવામાં માત્ર પરમાત્માની જ પરવા રાખી જ્ઞાતિ સુધારાના કાર્યમાં અડગ રહેવું એ **આજના યુવકોનો ધર્મ છે તેમની એ ફરજ છે અને તેમાં જ એમની કીર્તિ અને માન સમાયેલાં છે.** એ વસ્તુ જેને સમજાય છે તે તો જરૂર અન્ય યુવકોની હરીફાઈમાં જ્ઞાતિ સેવા કરવા તત્પર થઈ જાય છે, યુવકોના મંડળ કિંવા સંઘ બનાવે છે અને પોતાનો ઉદ્દેશ બર લાવવા સઘળી તૈયારીઓ કરી જ્ઞાતિ પરિષદ બોલાવી પોતાના વિચારો જાહેર કરે છે અને ઠરાવો પસાર કરી કરાવી તેને સર્વાંશે અનુસરે છે.

પરિષદની બેઠક કરવાનું કાર્ય કંઈ સહેલું નથી. એમાં ક્યારે ગામ કે પાંચાડાની પટલાઈ કરવાની હોય છે ! ત્યાં તો માત્ર જ્ઞાતિ સેવા જ ઉઠાવવાની. દુર દુરથી જે પોતાના જ્ઞાતિ બંધુઓ આવ્યા હોય તેમના માટે સુવા બેસવાની તેમજ નહાવા ધોવા અને જમવા સુદ્ધાંની સગવડ તો કરવી જ પડે અને તે પણ ગામ કે પાંચાડાના આગેવાનોની માફક સત્તા બજાવીને નહિ પરંતુ નિયમપૂર્વક અને સેવાભાવથી દરેક ભાઈઓનું મન સાચવવાનું. આ સ્થિતિમાં નાતના આગેવાનોની માફક કોઈના પ્રત્યે વેર વાળવાનું તો સંભવે જ ક્યાંથી ! પરિષદ બોલાવનારાઓને તો ઉલટી પોતાની સેવામાં ત્રુટી ન આવી જાય એની તો મોટી ભીતી જ હોય એટલે તેઓ નિરંકુશ આગેવાનોની માફક કોઈના ઉપર હુકમ કરી શકે નહિ પરંતુ પધારેલા ભાઈઓના બોલ ઉઠાવવા તેમને તૈયાર રહેવું પડે છે. કોઈના દંડ કરીને કે રંજાડીને આગેવાનોની માફક તેમને પોતાનો ખાનગી સ્વાર્થ સાધી લેવાનો તો સ્વપ્ને પણ ખ્યાલ ન હોય પરંતુ એ સેવકોને તો પોતાના જાત ભાઈઓ માટે વખત, જાતમહેનત અને પોતાના ખાનગી પૈસાનો પણ ભોગ આપવો પડે છે તે ઉપરાંત એકાદ ગેઢેરા કે આગેવાનોનું તે પ્રસંગે મન સાચવી શકાયું ન હોય તો તેમને માથે દુઃખ ઉભું થાય છે તે એકે સગાંવહાલાં અથવા નાત જાતમાં પ્રસંગ પાડી નાતના પટેલો એ સેવક ઉપર વેર વાળવાનો અવશ્યે પ્રયત્ન કરી ચુકે છે. દાખલા ક્યાં નથી? આવા પ્રસંગો પરિષદના અંગે બનવાનું બહુ સંભવિત હોય છે અને પરિષદ બોલાવનારા યુવકોના માંથે એ મોટો ભય છે અને ત્યાં જ યુવકોની કસોટી પણ છે અને સાચા જ્ઞાતિ સેવકો એ વાતનો ભાગ્યે જ ડર રાખે છે.

વળી નાતના આગેવાનો પાંચાડામાં જે દષ્ટિ રાખે છે તેના કરતાં સેવકોએ પરિષદના અંગે હજારગણી વિશાળ દષ્ટિ અને ઉચ્ચ ભાવના રાખવી પડે છે. અંગત સ્વાર્થ કે વેર વાળવાપણું અથવા પક્ષાપક્ષને બાજુએ રાખી સમસ્ત જ્ઞાતિનું હિત સધાય એવી જ પદ્ધતિ અને દષ્ટિ રાખવી પડે છે, ત્યાં સમાન ભાવે દરેક ભાઈ સાથે વર્તવું પડે છે, મારું તારું કરી લાગવગ સાધવામાં તો પાપ જ મનાય છે. પધારેલા દરેક ભાઈઓ એક જ કુટુંબના હોય એવો ભાવ રાખવો પડે છે અને એજ વાતાવરણ સર્વત્ર વ્યાપી રહેલું હોય છે. રાત દિવસ ઉજાગરા વેઠી, મહેનત કરી ગાંઠની ખીચડી ખાઈને શુદ્ધ સેવાભાવથી જે ભાઈઓ આવા પ્રકારની સેવા બજાવે છે તેમાં સેવાધર્મ રહેલો છે અને એજ સેવાધર્મ યોગીઓ માટે પણ અગમ્ય છે એવું શાસ્ત્રમાં કહ્યું છે. એ સેવાભાવનું શુદ્ધ સ્વરૂપ જે સંમેલનોમાં ઓતપ્રોત થયેલું હોય એવા સંમેલનો કોઈ અમુક જ્ઞાતિના જ હોય તો તેને લોકો નાત અથવા ગંગા સ્વરૂપે પતિત્ પાવની માને છે અને એવી જ નાત કે નાતમેળામાં જ્ઞાતિના હિતાહિતના વિચારો થઈ શકે અને ઉદ્દેશ પણ બર આવી શકે. પરંતુ જ્યાં પખે પંચાત અને પખે ન્યાય થતા હોય, ગુન્હાઓની તપાસ કર્યા સિવાય માત્ર સજાઓ જ ફરમાવાતી હોય અને જ્યાં મૂંગે મોઢે આગેવાનો કે ગેઢેરાઓના હુકમ જ ઉઠાવાના હોય એને નાત નહિ, ગંગા નહિ પરંતુ લુંટારાઓનો દરબાર જ કહી શકાય ! કોઈ ગામ કે પાંચાડાના પટેલો એમ કહી શકશે કે જે ભાવથી કરાંચીના યુવકોએ પરિષદ બોલાવી તે ભાવથી જ અમે પણ પાંચાડા એકઠા કરીએ છીએ? દાખલાઓ અને અનુભવ એમ કહે છે કે આગેવાનો સામે ન્યાયની દલીલ કરનારને તેઓ બમણી સજા ફરમાવે છે ! અફસોસ. નાતની પટલાઈ કરનારના ભાગ્યે બેહસ્ત નહિ પરંતુ દોજખ લખાયેલું હોય છે તેનું એજ કારણ છે. તેઓ પોતાને સત્તાધારી કિંવા હુકમદાર માની પોતાનો અન્યાયી દોર સમસ્ત જ્ઞાતિ ઉપર ચાલુ રાખવા પ્રયત્ન કરી છુટે છે તેનું તેમને એ ફળ મળે છે. જ્યારે સેવા ભાવને અંતરમાં રાખી કોઈથી પણ નહીં દબાતાં અંતરના અવાજ પ્રમાણે જ્ઞાતિ હિતના કાર્યમાં અનુસરે છે તે પોતે તરી જાય છે અને બીજાને પણ તારે છે એ સેવા ધર્મની પ્રભુતા છે, પ્રસાદી કિંવા કર્મનું ફળ છે એમ સ્વીકારવું જ જોઈએ.

મુંબઈના યુવકો તેમજ અન્ય નેતાઓની વાત ધ્યાનમાં લઈ કરાંચીના યુવકોએ એ સેવાધર્મનું બીડું ઝડપ્યું. પરિષદ ભરવાની ખબર અને તે સાથે પધારવાના આમંત્રણો પણ યોગ્ય ઠેકાણે મોકલાવી દીધા અને તેમને ઘણી જગ્યાએથી સધિયારો પણ મળી ચુક્યો. ઉતારાની જગ્યાઓ, મંડપ અને રસોડાનું કાર્ય હાથ ધર્યું અને સ્વાગતમાં ખામી ન આવે તેમજ કરાંચી યુવક મંડળ તરફથી પોતાના વિચારો પ્રદર્શિત કરે એવો એક આગેવાન જોઈએ તે માટે "ભાઈ નાનજી પચાણને" મુકરર કરી દીધા. સભાના આગેવાન બની ઉદ્દેશ બર લાવવાની લાયકાત ધરાવનાર તેમજ જ્ઞાતિ સુધારાની નાવ પાર ઉતારવાની લાયકાત ધરાવનાર સભાનો પ્રમુખ જોઈએ તે માટે "માનકુવાના રાજાભાઈ ધોળુ"ને યુવકમંડળે પસંદ કર્યો. એ બંને ભાઈઓએ પોતાનો ધર્મ કેવા પ્રકારે બજાવ્યો તેની સાક્ષી રિપોર્ટના પાના આપી રહ્યા છે. એટલે આપણે તેમના હૃદયબળ, જ્ઞાતિ પ્રત્યેની લાગણી અને સેવાભાવનું અવલોકન કરી લઈએ.

સ્વાગત મંડળના પ્રમુખ?

ભાઈ નાનજી પચાણનું કહેવું યથાર્થ છે કે જ્ઞાતિહિતનો વિચાર કરવા કરાંચી જેવી સભા પહેલાં કદી મળેલી જ નહિ. જગતની પ્રજામાં જાગૃતિ આવવાની અને વેગથી પ્રવૃત્તિ ચાલી રહેલી હોવાની તેમણે વાત કરી અને આપણે તો ઊંઘીએ છીએ એ પણ તેમણે કહી દીધું પરંતુ કઈ પ્રજા જાગે છે કે ઉંઘે છે, કિંવા જાગતું ને ઊંઘતું કોણ કેવી રીતે કહેવાય એ વાત સમજાવવાની જરૂર હતી. કારણ આપણને તે તે વાતનું જ્ઞાન જ નથી. વિદ્યામાં કચ્છ દેશના બંધુઓ ઘણા પછાત છે અને તેથી એ ભાઈએ સભાને પ્રશ્ન કરેલો કે “કણબી પશુ ન માનવી” તે શું ખોટું છે ? વિદ્યા વગરના માણસ પશુ જેવા ગણાય એ સાચી વાત પરંતુ વિદ્યા પ્રાપ્ત ન કરી હોય તેવા દરેક માણસ કંઈ પશુ જ હોતા નથી. ગાય, ભેંસ અને બળદો જેવા પશુઓ આપણે ભલે રાખીએ અને તેમના સહવાસમાં રહીએ તો પણ પશુ જેવા માણસ કેમ થઈ જાય ! થઇ જાય ખરા પણ ક્યારે ? પોતાનો ધર્મ તજી અધર્મને રસ્તે ચડી જવાય ત્યારે. એ સ્થિતિમાં પોતે સ્વીકારેલો અધમ કિંવા અધર્મયુક્ત પંથ પણ એક સતપંથ છે, એક સાચો ધર્મ છે એવો ખોટો ડોળ જગતની આગળ પશુ જેવા માણસો ખડો કરે છે અને જેમ જેમ તેમનો એ ડોળ વધતો જાય છે તેમ તેમ માણસાઈ ઘટતી જાય છે અને પશુત્વ આવતું જાય છે. એટલે બુદ્ધિ વગરના અને વિચારશક્તિની ખામીવાળા ભાઈઓ ખરેખર માની લે છે કે ઈમામશાહ તો આપણો બાવો હતો ! એના પાટ આગળ પૈસા મુકવાથી અને ક્રિયા કરવાથી પાપ ધોવાઈ જતાં હશે અને બાવની ક્રિયા કરવાથી ગુનાહ પણ છુટી જતા હશે ! આવી તદ્દન ગલત વાતો અને અધર્મયુક્ત ભાવનાઓ મગજમાં બેસી જવાનું કારણ માત્ર બુદ્ધિની જ ખામી છે. મરણ પાછળના જમણોથી જે દુર્દશા થાય એના કરતાં કાકાઓને મોજ મજાહ ઉડાડવા અને સૈયદોને કુકડાં કાપવાના કર ભરવાથી તો પેઢી ઉતાર ચાલી જાય એવી અધમ દશા જ પ્રાપ્ત થાય. દશોંદ અને લાગાઓ જો લોક લજ્યા તજીને પણ એવા કાર્યો માટે ભરે જઈએ તો એ પાપનું પ્રાયશ્ચિત કેટલી પેઢી સુધી કરવું પડે? અને કદાચ આપણી કૂર્મિ ક્ષત્રિય કોમને ગીરાસ ચાસ છોડી પરદેશના ઝાડ જોવા પડ્યાં હોય કે લાકડાં વેરી પેટ ભરવાની અધમ દશા પ્રાપ્ત થઈ હોય તો એ દશોંદ અને લાગાઓ ભરવાનો જ પ્રભાવ છે. મરણ પાછળના જમણો, કેળવણીની ખામી અને બાળલગ્નનો રિવાજ એ બાબતો પણ કારણરૂપ હોવા છતાં જ્ઞાતિની પાયમાલી કરનારી જે મુખ્ય વાત તેમણે કહી છે તે એ છે કે :- “આગેવાનોના જુલમને લીધે નઠારા રીતરિવાજો ત્યાગી શકાય નહિ તેવું જ્ઞાતિ બંધન.” તે ભાઈના સમજવા પ્રમાણે વાત સાવ સાચી છે પરંતુ ઝાલીમ કૃત્યોના જુલ્મી અને તેમણે કહ્યા છે તેવા જ્ઞાતિના પૈસા ઉપર તાગડધિન્ના કરનારા આગેવાનો કોઈના ઉપર નાત બહાર કરવાના શસ્ત્રનો પ્રયોગ કરે તો તેમની ખબર ન લઈ શકાય એવું તો કંઈ છે જ નહિ. જે ભાઈઓને પીરાણા પંથના લીધે શરમાવું પડતું હોય અને મુસલમાન સૈયદોને ગુરૂ માનવા પડતા હોય તેમના મોક્ષનો માર્ગ તો બહુ જ સીધો છે. એ રસ્તે જ ન જવું એ માર્ગને તજી દેવો એટલે પત્યું. હિન્દુપણામાંથી ટળી જવાના પાપમાંથી છુટાય અને સ્વધર્મ સચવાય. કદાચ તેમ કરતાં આગેવાનો નાતજાતની રાહે કનડગત ઉભી કરે તો તેમની કોર્ટની રાહે ખબર લઈ શકાય. પરંતુ જેને પીરાણાની મિલ્કત કે ગાદીના વારસોનો લોભ હોય અને કડવા પાટીદારમાંથી ટળી જવાની ઈચ્છા જ હોય તેમના માટે બીજો એકે માર્ગ નથી. એટલે તેમણે તો દશોંદો અને લાગા મુંગે મોંઢે ભરે જવા અને કાકાઓને ઉડાવવાને મોજ મજાહ કરવા અજ્ઞાન ગરીબ ભાઈઓની ખરી મહેનતે કરેલી કમાણીમાંથી ભાગ પાડવાના રાક્ષસી કૃત્યને ઉત્તેજન આપનારા રાક્ષસ તરીકે ઓળખાવું.

નાનજીભાઈ જેવા બુદ્ધિશાળી અને જ્ઞાતિ હિતેચ્છુ માટે ઉપરોક્ત વાત સમજવી મુશ્કેલ હોય એવું કેમ મનાય ? શું એ સમજી શકાય તેવું નથી કે એક કડવા પાટીદાર બંધુને પીરાણાપંથના અધર્મયુક્ત રીતરિવાજો વડે અધર્મમાં જ તેને ડુબતો રાખવાનો કોઈને અધિકાર હોઈ શકે નહિ. ગરીબ ભાઈઓ પાસેથી લાગા અને દશોંદ ઉઘરાવી હુંડીઓ મોકલવામાં અને બીજી રીતે નાણાં હોઈયાં કરી જતાં એ આગેવાનોનું ભાન ઠેકાણે લાવતાં શી વાર ? સ્વધર્મને પંથે જવા ઈચ્છનાર માટે સહાયતાની શી ખોટ ? પરંતુ જ્યાં બુદ્ધિની ખામી અને પશુતાનો વાસ ત્યાં બધી વાતે ખોટ જ હોય. એક ભણ્યા ગણ્યા કાબેલમાં ખપતા અને બુદ્ધિશાળી જેવા દેખાતા વળી કોન્ટ્રાક્ટરના ધંધામાં ભાગીદારી ધરાવતા બંધુ સાથે મારે વાતચીતનો પ્રસંગ નીકળતા પીરાણાની જગ્યા ઉપર પોતાનો હક્ક છે અને એ આપણી મિલ્કત છે એવો દાવો કરતાં મેં સાંભળ્યા ! ક્યાં એક કડવા પાટીદાર અને ક્યાં ઈમામશાના વંશ જ સૈયદો અને પીરાણાના રોજાની મિલકત ! કેટલી ભિન્નતા ! ક્યા પ્રકારની ભાવના અને બુદ્ધિમાં એ વાત ઉતરી શકે અને ઉતરે તો સૈયદોની જમાત અને પીરાણાપંથી પાટીદારોમાં તફાવત શું? વળી તે ભાઈને “ કાકા ” કે “ સૈયદ ” શબ્દ બોલવાનો આવતો ત્યાં ગાદી, આચાર્ય, ગોર વગેરે જાતના શબ્દોનો પ્રયોગ કરવાના વલખાં મારવાં પડતાં પરંતુ તેમના નસીબે બીજા ભાઈઓની હાજરી હોવાથી મેં તે પ્રસંગે તેમને કલમાના શબ્દો યાદ કરી આપ્યા નહિ તો પણ તેમના એ મિથ્યા પ્રયત્નમાં જ્યારે જ્યારે તેમને “ પીરાણા શબ્દ બોલવો પડતો ત્યારે તેમની મુખમુદ્રા ઉપર કંઈક શ્યામ રંગનો દેખાવ થતો અને તે પાસે બેઠેલા ભાઈઓ પણ સમજી શકતા. પીરાણાની ગાદી, રોજો અને મિલ્કત ઉપર હક્ક ક્યા પ્રકારે કરી શકાય એનું પ્રતિપાદન જ્યારે તે કરતા ત્યારે વાત વાતમાં જાણે તેમના ગળામાં કોઈ છૂપાઈ રહેલો દૈવી દૂત તેમની જીભને ટુંકાવી નાંખતો હોય એવું સ્પષ્ટ રીતે જણાઈ આવતું. કેટલી પરાધીનતા ! પોતાના અને પરાયા આત્માને ઠગવાની એ કેટલી ધૃષ્ટતા ! પીરાણાપંથ અને તેના અંગે પોતે સ્વીકારેલા રીતરિવાજોને હિન્દુ ધર્મમાં ઘટાવવાની એ કેટલી નીચતા! ભાઈ નાનજી શું કહે છે? એ તે કેળવણીની ખામી કે અધમતાની પરાકાષ્ટા? જ્યાં સુધી પરિષદના રીપોર્ટવાળા ભાષણ દ્વારા નાનજીભાઈના હૃદયમાં પ્રવેશ કરી શકાય છે ત્યાં સુધી તો આવા પ્રકારના જ માણસો જ્ઞાતિહિત સાધવામાં વિઘ્ન અને પાપના પુંજ રૂપે આડા પડ્યા હોય એવો તેમનો પણ અભિપ્રાય હોવો જોઈએ અને નહીં કે માત્ર ગેઢેરા કે આગેવાનો એકલા જ એ પાપના ભાગી છે. “ પીરાણા ધર્મ જ્ઞાતિને શોભતો નથી ” એમ કહેવા કરતાં ભાઈ નાનજીએ જો સ્પષ્ટ રીતે તે જ્ઞાતિના શીરે કલંકરૂપ છે એમ કહી દીધું હોત તો તેમની નિખાલસતા અને સેવાભાવની વિશેષ કદર થઈ શકત. તો પણ ટુંકામાં પોતાના ભાગે આવેલી ફરજ બજાવવામાં ભાઈ નાનજીએ બુદ્ધિનો કંઈક ઉપયોગ કરી હૃદયના સાચા ઉદ્‌ગારો સભા સમક્ષ કહાડ્યા છે એમ કહેવું જોઈએ. જ્ઞાતિ સેવાનો ઝંડો ઉઠાવનારે સમયને અનુસરી પોતાના અધિકાર પરત્વે સત્ય હકીકત કહેવી જ જોઈએ અને તે એમણે ઘણે અંશે ગોળ ગોળ પણ સર્વ કહી દીધું છે એ ખાતે ભાઈ નાનજીની આપણે પ્રશંસા જ કરવી જોઈએ. વળી સ્ત્રી વર્ગને ઉદ્દેશી તેમણે જે માનપ્રદ શબ્દોમાં વિવેકભર્યો પણ ટુંકો - સ્ત્રી વર્ગથી ન સમજી શકાય તેવો બોધ કર્યો છે તેની પણ સ્ત્રી વર્ગ ઉપર અસર થયા સિવાય રહી નથી અને તે આગળ જતાં ફંડની રકમો અને નામ ઉપરથી સમજાઈ આવે છે. જ્ઞાતિ હિતમાં પછાત નહી રહેવાની તેમણે જે કબુલાત આપી છે તે કેટલે અંશે સાચી હતી તે તો યુવક મંડળના ઈતિહાસના પાના ચિતરાય ત્યારે જ સમજાય. ભાઈ નાનજીની જાણ બહાર તો નહીં જ હોય કે શિવાજી મહારાજ અને અર્જુન જેવા આર્ય રત્નો માતાઓના કૂખે જ ઉત્પન્ન થયેલા પણ તેમને શિક્ષણ આપનાર આર્ય ધર્મ ઉદ્ધારક સમર્થ રામદાસજી અને શ્રીકૃષ્ણ પરમાત્મા જેવા

સર્વજ્ઞ દૈવી પુરુષો હતા, એટલે સ્ત્રીઓ કરતાં પુરૂષવર્ગે એમના જીવનમાંથી ઘણું શીખવાનું અને કરવાનું છે. એ મહાન ગુરૂઓએ પોતાના આપ્ત વર્ગને જે કર્મયોગનું શિક્ષણ આપેલું તેજ યોગનો યથાશક્તિ બોધ આપી મંડળના યુવકોને તૈયાર કરવાની ફરજ તેના અધિષ્ઠાતાઓ - સેક્રેટરી કે પ્રમુખો ઉપર રહે છે. ગુરૂઓની જગ્યા મંડળમાં તેમની ગણાય છે અને મંડળનો ઉદ્દેશ કે સિદ્ધાંત અમલમાં લાવવાની કેળવણી યુવકોને આપવાની અને તેમને જ્ઞાતિ સેવાના કાર્યમાં તૈયાર કરવાનું જરૂરી કાર્ય ભાઈ નાનજી પચાણ જેવા આગેવાનોનું જ છે એ વાત તે વિસારી દેશે નહીં એવી યાદ આપવા સાથે યુવક મંડળના નેતાને ધન્યવાદ આપી આપણે વિષયમાં આગળ વધીએ.

પ્રમુખ કિંવા નેતા એટલે શું ?

પરિષદ ક્યા કારણને લઈને બોલાવવામાં આવી છે અને જ્ઞાતિ હિત સાધવા માટે કેવા પગલાં ભરવાની જરૂર છે તેમજ તે માટે પરિષદ બોલાવનારા વર્ગ તરફથી કેટલી અને કેવા પ્રકારની જ્ઞાતિને મદદ મળી શકે તેમ છે એ સઘળી વસ્તુ સ્વાગત મંડળના પ્રમુખ પોતાના ભાષણમાં સઘળા ભાઈઓને સમજાવી દે છે અને ત્યાર બાદ પરિષદનું કાર્ય નિર્વિઘ્ને પાર ઉતરે અને સભાનો ઉદ્દેશ બર આવે એનો વિચાર પરિષદમાં ભાગ લેનારા સર્વ ભાઈઓ સાથે મળીને કરે છે. પરંતુ દરેક કાર્યમાં દરેક માણસો તેમજ એક જ પ્રકારનો અભિપ્રાય ધરાવતા હોય એવું કોઈ કાળે સંભવતું જ નથી. દરેક માણસમાં બુદ્ધિ અને સારા ખોટાનો વિચાર કરી લેવાની શક્તિ એક જ સરખી હોઈ શકે જ નહિ એટલે દરેક ભાઈઓ ઉદ્દેશ બર લાવવા માટે જુદા જુદા પ્રકારનો મત ધરાવતા હોય એ સંભવિત છે. છતાં ઉદ્દેશ વિરુદ્ધ ન જવાય અને ઉદ્દેશ વહેલો ક્યા પ્રકારે બર આવે તેની તુલના કરવામાં બુદ્ધિશાળી અને અનુભવી માણસની જરૂર પડે છે. જ્યારે મતભેદ વધી પડે કિંવા ઉદ્દેશ વિરુદ્ધ જઈ પડવાનો સંભવ હોય તે પ્રસંગે સઘળા ભાઈઓને સીધે રસ્તે દોરી જાય અને જ્ઞાતિ હિત સાધવાનું સરળ થઈ પડે એવી વ્યક્તિની પસંદગી પ્રથમથી જ કરવામાં આવે છે અને તે સભા બોલાવનાર કરી લે છે, વળી સઘળા ભાઈઓની જાણ માટે સભાની તારીખ બહાર પાડવા ઉપરાંત તેનું પ્રમુખસ્થાન ક્યા ભાઈને આપવાનું છે એ વાત પણ તેમને સાથે સાથે જ જણાવવી પડે છે. સભામાં ભાગ લેવા આવનાર બંધુને સભાનો ઉદ્દેશ બર લાવવાની એ ઉપરથી કંઈક અટકળ પડે છે અને દરેક મેમ્બર પોતા તરફનો જ્ઞાતિ હિતમાં ફાળો આપવા પરિષદમાં હાજરી આપે છે. આ પ્રકારે જ્ઞાતિ હિત સાધવાના કાર્યની મુખ્ય જવાબદારી સભાના પ્રમુખના શીરે આવે છે. મતલબ કે વખત અને પૈસાનો ભોગ આપી દુર દુરથી અગવડો વેઠી જ્ઞાતિ હિત સાધવાના ઈરાદે પોતાની ફરજ કિંવા ધર્મ સમજી જે ભાઈઓ આવે છે તેમની આશા અને નિરાશાનો આધાર પ્રમુખની કાર્ય શક્તિ, તેની જ્ઞાતિ ભક્તિ અને ભાઈઓ પ્રત્યેની લાગણી ઉપર રહે છે, એટલે જે ભાઈને કાર્યવાહકો તરફથી પ્રમુખ થવાનું આમંત્રણ કરવામાં આવે તે પ્રમુખ પોતાની જ્ઞાતિ હિત સાધવાની શક્તિ વિશે પ્રથમ વિચાર કરી લે છે. સભાના ઉદ્દેશ અને જ્ઞાતિના વાતાવરણનો તેને સ્વાભાવિક ખ્યાલ તો હોય જ એટલે જ્ઞાતિ હિત સાધવાનું સુકાન હાથમાં લે તે પહેલાં સમજી શકે છે કે પોતે એક પવિત્ર નાવમાં બેસીને અન્ય ભાઈઓને પાર ઉતારવાનું કાર્ય સાધવાનું માંથે લે છે કિંવા ઈશ્વર સાક્ષીએ જ્ઞાતિને વચન આપે છે, ફરજ સ્વીકારે છે અને નેતા તરીકે બહાર આવવાનું સાહસ ખેડે છે. પોતાની ફરજ અદા કરવાનો માર્ગ કેટલો સહેલો કિંવા વિકટ છે એનું તો પ્રમુખને જ્ઞાન હોય જ છતાં એક પવિત્ર કાર્ય સાધવામાં **॥ कार्य साधयामि वा देहं पातयामि ।** એવો પાકો નિશ્ચય કરી લઈને પોતાના જ્ઞાતિ બંધુઓ માટે સર્વસ્વનો ભોગ આપવા તૈયાર થાય છે એટલે તેનામાં

જ્ઞાતિબંધુઓ દરેક પ્રકારની શ્રદ્ધા મુકે છે, તે માગે તે પહેલાં જ પોતા તરફના શુભ આશીર્વાદ અર્પે છે, તેના માન અને પ્રતિષ્ઠા સાચવવાની દરેક સમજુભાઈ પુરતી કાળજી રાખે છે અને સભાના શિષ્ટાચાર મુજબ તે ભાઈ જ્યારે પરિષદના મંડપમાં પધારે ત્યારે પોતાની પસંદગી તેમની જય બોલીને તાળીઓના અવાજથી દર્શાવે છે. છતાં એટલેથી જ પતી જતું નથી. એ શિષ્ટાચાર સ્વાગત મંડળના પ્રમુખનું ભાષણ ખતમ થતાં બીજું સ્વરૂપ ધારણ કરે છે. જુદા જુદા ભાગમાંથી પધારેલા ભાઈઓ પોતા તરફની પસંદગી ઠરાવ કરીને દર્શાવે છે એટલે એક ભાઈ અમુક માણસને આપણે આ સભાના પ્રમુખ ઠરાવીએ છીએ એવી દરખાસ્ત લાવે છે અને બીજા એ વાતને ટેકો આપે છે, એટલે પ્રમુખને સભાનું કાર્ય ઈશ્વર સાક્ષિએ પદ્ધતિ અને ન્યાયી રીતે ચલાવવાની સત્તા આપે છે એ વાતની પ્રમુખને ખાત્રી થાય છે અને ત્યાર બાદ પ્રમુખને કાયદેસર સભાનો ઉદ્દેશ બર લાવવાની સત્તા મળે છે. પ્રસંગોપાત પ્રમુખ પણ પોતા તરફની ફરજ અદા કરવા બંધાય છે એવા ઉલ્લેખ સાથે દરેક ભાઈઓની મદદ પણ માગી લેવાનો વિવેક દર્શાવે છે. ઉપર જણાવેલી સઘળી વસ્તુસ્થિતિ સભા કિંવા પરિષદ અને પ્રમુખ કિંવા આગેવાન નેતાના અંગે ખડી થાય છે અને તે સઘળી પદ્ધતિસર કરાંચી પરિષદમાં થયેલી જોઈ આપણા સમજુ ભાઈઓને આપણી સ્થિતિ સુધારવા તરફની જ્ઞાતિની જીજ્ઞાસા કેટલી પ્રદિપ્ત થયેલી છે એ સમજાયા સિવાય રહેતું નથી.
પદ્ધતિસર સભાના પ્રમુખ તરીકે :-

રાજાભાઈ શામજીભાઈ ધોળુ પ્રમુખ

ગામ માનકુવાવાળાએ પોતાની ખુરશી લીધા બાદ જ્ઞાતિ પરિષદને ઉદ્દેશી જે ભાષણ આપેલું છે તેમાં ઘણું જાણવા જેવું છે. પ્રથમ તો માનકુવા જેવા ગામના રહીશ પ્રમુખ મેળવવા માટે કરાંચી યુવક મંડળને ધન્યવાદ ઘટે છે એમ કહેવું જોઈએ. આપણી જ્ઞાતિ પશુ સમાન ગણાતી હતી તે થોડા વખતે અમુક દરજ્જે પહોંચી છે એવો ભાવ દર્શાવીને જ્ઞાતિમાં પેઠેલો સડો દૂર કરવાનો જનોઈવાળા ભાઈઓ (સ્વધર્મ વર્ધક મંડળના) એ પાયો રચવાની રાજાભાઈએ સભાને યાદ આપી છે. મતલબ કે એ પાયા ઉપર હવે ઈમારત ખડી કરવાનું કાર્ય તેમના અને પરિષદના માથે ખડુ થાય છે. મુંબઈ, વિરાણી અને કરાંચીના યુવક મંડળોએ જે કાર્ય કર્યું છે તે માત્ર બેજ શબ્દોમાં તેમણે કહી બતાવી યુવક મંડળોને ખાસ અન્યાય તો નહિ પરંતુ તેમની તે યોગ્ય કદર કરી શક્યા નથી એમ કહેવું જોઈએ. વિરાણી યુવક મંડળે આગેવાનોની ઉંઘ ઉડાડવા પ્રયત્ન કર્યો તેમાં રાજાભાઈને એ જણાયું છે કે "આગેવાનોના કુકર્મી કર્મોનો શ્યામ પડદો ઉંચકાય છે." યુવકોના કાર્યની તે બરાબર કદર કરી શક્યા નથી તેનું કારણ માત્ર એટલું જ હોઈ શકે કે પીરાણા ધર્મને તેઓ વગોવતા તે પોતાથી સહન થતું નહોતું છતાં સભા સમક્ષ પોતે એ વાતની કબુલાત આપવાની જે હિંમત કરી છે તે એમના પ્રસંગોપાતની સમય સુચકતા પુરવાર કરવા માટે પુરતી છે. વિષયમાં પોતે જેમ ઊંડા ઉતરતા ગયેલા તેમ તેમ પીરાણાના કાકાઓની રહેણી કરણી, સૈયદોની ડોળ અને ખુદ પીરાણા ધર્મનાં પોકળ તેમને જણાયેલા એટલે સુધારાવાળાઓએ હૃદયબળ વાપરી સત્ય હકીકત પ્રસિદ્ધ કરી છે એવી તેમને ખાત્રી થયાની પોતે સભાને કબુલાત આપી છે અને પીરાણા ધર્મ ખરું કહીએ તો મુસલમાની કર્મકાંડ જેવો છે એમ પોતે જણાવી દીધું છે. પોતાના માનવા પ્રમાણે રાજાભાઈ કહે છે કે "પીરાણા ધર્મ હિન્દુ ધર્મ તો નથી જ !" એટલે તેને માનવો કે નહિ એ વિશે પોતે તટસ્થપણું બતાવે છે. પરંતુ અહીં અનેક શંકાઓ ઉદ્ભવે છે કે, પીરાણા ધર્મ હિન્દુ ધર્મ શા માટે નથી એના જે કારણો પ્રમુખે દેખાડવા જોઈએ તે વિશે રાજાભાઈએ શું કર્યું છે? તે

હિન્દુ ધર્મ નથી અને આપણી કુર્મી ક્ષત્રિય કોમને પુજવા યોગ્ય નથી એના કારણો વિશે તેમણે ક્યાં પ્રમાણ આપ્યાં છે? અન્ય જ્ઞાતિઓમાં આપણી જ્ઞાતિ સારું સ્થાન પામે એ જોવાની સભા અને પોતા તરફની આતુરતા દર્શાવનાર પ્રમુખ સાહેબે જ્ઞાતિ ક્યાં કારણોને લઈ સારાથી ઉલટું એવું નઠારું સ્થાન પામી છે એ ક્યાં દર્શાવ્યું છે? અધમ રીતરિવાજો અને કલંકરૂપ કારણો દૂર કરવાં જોઈએ એમ પોતે જણાવે છે પણ કયા રીતરિવાજ અધમ છે અને કલંકરૂપ કારણો ક્યાં છે તેનું દિગ્દર્શન નહીં કરાવામાં પ્રમુખે પોતાની નબળાઈ અને ભીરૂતા બતાવી આપી છે. ગુજરાત વગેરે સ્થળે જ્ઞાતિની સભાઓ થાય છે ત્યાં તેમણે કેળવણીની ખામી, બાળલગ્નનો રિવાજ અને મરણ પાછળના જમણો વિશે જે સાંભળેલું તેજ વાત ડીટેડીટો પોતાની યાદ પ્રમાણે કહી દીધી છે.

કેળવણીની ખામી એટલે માત્ર તેમના મનથી અક્ષરજ્ઞાન જ હોય એમ કહેતા સમજાય છે, કામ ધંધાની મહેનત જોતાં આપણે દુ:ખી છીએ એમ કહેવામાં આપણે ભણ્યા નથી એટલે ધનહીન રહ્યા છીએ એવો ભાવ દેખાડે છે. પરંતુ કલેશ અને ઈર્ષ્યા તજી નિષ્કલંક જીવન ક્યારે ગાળી શકાય? માણસમાં ઉદારતા, સજ્જનતા, આત્મૈક્ય એટલે બંધુભાવ, નિખાલસતા, સત્યતા, નિર્વેરપણુ, સારા પ્રકારની રહેણીકરણી, આચાર વિચાર અને સારા લક્ષણ કે સદ્‌ગુણ જેવા મનુષ્યને માટે જરૂરી ગુણો માત્ર અક્ષર જ્ઞાનથી જ આવતા નથી તે તો પેઢી દર પેઢીના ધાર્મિક સંસ્કારો અને મનુષ્યની ધાર્મિક ભાવનાઓ અને શિક્ષણ વડે જ ઉત્પન્ન થાય છે અને એજ તેને પોષે છે.

“કુણમી મીણી ગાલીએ સારા અને ઉત્તમ અયો પણ અજો ધર્મ ન હિંદુ તીંન મુસલમાન, મરે તડે દટાજો અને પેણે તડે ધોવા પડો.”

આ વ્યવહારિક કલમો તો રાજાભાઈના કાન ઉપર જ રોજ પડતો હશે અને એજ કારણને લઈ કદાચ પોતાને “પીરાણા ધર્મ એ હિન્દુ ધર્મ નથી” એમ કહેવાની ટેવ પણ પડી ગઈ હશે. જોડા પડે તો પણ ધોઆ પડે ત્યાં સુધી કલંક કેમ દૂર થાય ! અને કલંક દૂર ન થાય ત્યાં સુધી ‘કણબી પશુ ન માનવી’ એ ઈલ્કાબ તો કાયમ જ રહે જ ! એક પણ સદ્‌ગુણ આવે ખરો? કદાચ મહેનતુ ધંધાને અંગે અક્ષર જ્ઞાનથી વિશેષ લાભ થાય પરંતુ જ્યાં સુધી ગજ કે ટેપની ડબી હાથમાં લઈ દશોંદના દોકડા ભરવાના ખાડા કેટલા ઉંડા છે તેનું માપ કહાડી શકાય નહિ ત્યાં સુધી એ અક્ષર જ્ઞાન પણ શા કામનું? પેથાભાઈ જેવા ઘણા ભાઈઓ ભણી ગણીને હાથમાં ટેપની ડાબડી પકડતા થયા છે તેમાંથી એ ખાડાનું માપ કેટલાએ કહાડ્યું? અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરીને પણ પીરાણાના રોજા અને ઈમામશાની કબરને પુજીએ, એટલે ઈમામસેની સેવીએ, મડદાંને દાટીએ અને ધોઆ પડીએ છતાં અમે કડવા પાટીદાર અને ઉપરથી વળી કૂર્મી ક્ષત્રિય છીએ એવો ડોળ રાખીએ એ ક્યાં સુધી નભે ! શું આ જમાનાના લોક આંખે પાટા બાંધીને ફરતા હશે? ક્યા પ્રકારની કેળવણીની ખામી છે એ વાતથી રાજાભાઈ કદાચ અજ્ઞાન હોય કિંવા કહી બતાવવાની તેમનામાં હિંમત ન હોય એ વાત તેમના ભાષણ ઉપરથી તરત જ સમજાઈ આવે છે. બાળલગ્નની રૂઢી નુકસાન કારક છે એ વાતની કોઈથી ના કહી શકાય તેમ નથી પરંતુ કચ્છ દેશના હવા પાણી અને સ્ત્રી પુરૂષોને સંસારમાં જોડાવાની હદ વગેરે જોતાં ગુજરાત કરતાં કચ્છ દેશની જ્ઞાતિને ઓછું નુકસાન થાય છે. જે વાત ગુજરાતને લાગુ પડે છે એટલી જ તેમણે કચ્છના અંગે પણ કરી છે પરંતુ લગ્નક્રિયાની પદ્ધતિ કેવા પ્રકારની છે અને આગેવાનો કિંવા ગેઢેરાઓની પરાયા સ્ત્રી પુરૂષો ઉપર કેવા પ્રકાર સત્તા ચાલે છે અને પાંચાડામાં તેના અંગે કેવા અન્યાય થાય છે એ વાત ગેઢેરાપણું કરી આવેલા કરાંચી સભાના પ્રમુખની જાણ બહાર હોય એવું માની શકાય જ નહી અને એનો

તેમણે લેશ પણ ઉલ્લેખ કર્યો નથી એ સભાના પ્રમુખ માટે થોડું અજાયબી ભરેલું નથી ! પ્રમુખનું હૃદયબળ અને જ્ઞાતિ ભક્તિની ત્યાં પણ એક પ્રકારની કિંમત અંકાય છે. કલંકીત અને નિષ્કલંકીત જ્ઞાતિ સેવા બજાવાની એ સહેજે તક મળે છે જેનો રાજાભાઈએ ઈરાદાપૂર્વક ત્યાગ કરી તેમની જય બોલનારા ભોળા ભાઈઓને ઠગવાનો જ પ્રયત્ન કર્યો સમજાય છે. મનુષ્ય જિંદગીનો પાયો ધાર્મિક લગ્ન ક્રિયાથી નંખાય છે અને તેના ઉપર સ્ત્રી અને પુરૂષ બંને સાથે મળી પોતાના ગૃહસ્થાશ્રમની ઈમારત ચણે છે. તેમનો એ પાયો કિંવા ઈમારત ગેઢેરાઓની એક ફુંકથી તુટી પડે છે એ કચ્છ દેશની કડવા પાટીદાર જ્ઞાતિની સ્થિતિ છે ! તેનું કારણ શું? એ પાયો જ મૂળે અધર્મ રૂપી રેતથી પુરાય છે એટલે કોઈ કોઈ વાર તો ધોઆ પડતાં જ ધોવાઈ જાય છે. વળી ઈમારત પણ એવા જ પ્રકારની માટી જેવી ભાવનાથી ચણાય છે. એટલે હળાહળ વિષથી ભરેલા નર્કાસુરોના મુખાર્વિંદની એક લહેરી આવતાં તે ઈમારત તુટી પડે છે. શું એ વસ્તુસ્થિતિ કોઈથી અજાણી રહી છે કે રાજાભાઈના અનુભવ કે અભ્યાસ બહારની એ વાત છે?

મરણ પાછળના જમણો કરવાથી પૈસાદાર થવાય છે એવું અમારા ગુજરાતમાં એક ગેઢેરો વાત વાતમાં કહેતો, તે એક વેપારી હતો અને વેપારી દષ્ટિએ તે વાતનું સારું પ્રતિપાદન કરતો પરંતુ આપણો મુખ્ય ધંધો તો ખેતીવાડીનો છે એ વાત જ્યારે તેને કોઈ કહેતું ત્યારે એની તમામ દલીલો તૂટી પડતી ! કારજ કરવાથી ઘર તડકે થાય છે એ વાત સાચી પરંતુ જે કોઈ કારજ કરીને ખર્ચ કરે તેનું ઘર જ તડકે થવા કિંવા ગજા ઉપરાંત ખર્ચ કરનારનું થાય. એ રિવાજ કેમ દાખલ થયો તે વિશે તો અનેક અટકળો થઈ શકે છે પરંતુ એકંદરે તે રિવાજ હાનિકારક છે એમાં કાંઈ શક નથી. કચ્છ દેશમાં આગેવાનો ફરજિયાત રીતે ગરીબોના ઘર તડકે કરાવે છે એવું અન્ય સ્થળે બનતું નથી. આપણે જે જમીન જાગીરદાર હતા. ગરાસ ચાસ હતો તે આપણી પાસેથી કેમ જતો રહ્યો? એવો પ્રશ્ન કરી રાજાભાઈ પુછે છે કે શું આપણે મહાન યજ્ઞ કર્યો હતો કે તેમાં એ પૈસા ખર્ચાયા છે? રાજાભાઈના મુખમાંથી યજ્ઞ કરવાના શબ્દો સાંભળી એક જાતનું આશ્ચર્ય થાય છે. ખાનાંમાં બેસી જારત જમનાર કચ્છ દેશની પીરાણાપંથી જ્ઞાતિને યજ્ઞ સાથે શું લાગે વળગે છે? રાજાભાઈના સ્વપ્નામાં પણ જે શબ્દનો પ્રવેશ સંભવતો નથી તે જાગૃત સ્થિતિમાં અને વળી સભા સમક્ષ ભાષણ દ્વારા ! કદાચ કોઈએ લખવા કે છાપવા છપાવામાં ટાયલુ તો નહીં કર્યું હોય? ગમે તે હોય આપણે તો તેમના એ હૃદયના જ ઉદ્‌ગાર માની લેવાના છે. ઘરડાઓએ મિજલસ કરવાનો શંકાસ્પદ પ્રશ્ન કદાચ યોગ્ય ગણી શકાય અને ખાનાંઓમાં મિજલસો કરવાની કલ્પના ઘટી શકે છે. ઘરડાઓના અંગે તેમણે કહ્યો છે તેવો ગોહરજાનનો જલસો ઘટાવાની વાત સુપુત્રો માટે યોગ્ય નથી. ત્યાર યજ્ઞ કે મિજલસોને જ ઘટાવીએ. દેવ દેવીઓની તૃપ્તિ અર્થે અનેક પ્રકારના યજ્ઞો કરવાનું હિન્દુ શાસ્ત્રોમાં કહ્યું છે. જેવા પ્રકારનો યજ્ઞ કરવામાં આવે તેવા પ્રકારનું ફળ પ્રાપ્ત થાય છે. પરંતુ દરેક ગૃહસ્થાશ્રમીઓ માટે જે યજ્ઞ ઠરાવ્યો છે તે એ છે કે પોતે કરેલી પેદાશમાંથી દરેક માણસ ગુજરાન ચલાવે અને તેના રસોડે જે રસોઈ થાય તેમાંથી ગાય, કુતરુ, સાધુ સન્યાસી વગેરે માટે પંચ ભાગ કાઢીને પછી જમે. એજ સાચો યજ્ઞ છે. પીરાણાપંથીઓ પોતાની પેદાશમાંથી દશોંદ કે વિશોંદ ભાગ આપે એ પણ એક જાતનો યજ્ઞ માનીએ પણ તે ભાગ કોરીઓ જે માર્ગે વપરાય તેવું ફળ તેમને મળે. જો આગેવાનો અને કાકાઓને એ કોરીઓના પ્રભાવે તાગડધિન્ના કરવાનો લાભ પ્રાપ્ત થાય તો એમના કર્મના અને સૈયદોને કુકડાં કાપવા કે બીજા પ્રકારની હિંસા કરવાનું એ કોરીઓ વડે ઉત્તેજન મળે તો તેનું ફળ અથવા એજ કોરીઓ સીધી કિંવા આડકતરી રીતે પણ જ્ઞાતિના પુત્ર પુત્રીઓ ઉપર ત્રાસ વર્તાવનાર કિંવા જ્ઞાતિની અધોગતિ

અને પાયમાલી કરનારા અને મનુષ્યમાંથી પશુત્વ પ્રાપ્ત કરાવનારા પીરાણા પંથમાં તેમને ડૂબતા રાખવાના કાર્યને ઉત્તેજન આપવામાં વપરાય તો એનું ફળ પણ લાગા કે દશોંદ ભરનારાઓને પ્રાપ્ત થાય જ. રાજાભાઈ કહે છે કે જમણવારો કરવાથી આપણું ઉઠમણું થઈ ગયું છે, ખોટી લાજુ રાખવા જતાં ઈજ્જતનું લીલામ થઈ ગયું ! પીરાણા પંથમાં વળી લોક લજ્યા કેવી? "ભાઈ લોક લજ્યા નવ રાખીએ લાજે વણસે જીવોના કામ" એ ઉપદેશની ગોળીઓ તો રોજાના અંધારામાં ગળી ગળી ગણીને ગળી જનારને લોક લજ્યાનો ખ્યાલ સરખો પણ ક્યાંથી સંભવે? ઉધાં જ ખેતર ખેડનાર અને ખેડાવનારને કલકત્તા, કરાંચી કે મુંબઈના ઝાડ નહીં પણ દરિયાના ખારાં પાણીની હવા લેવાનું પ્રાપ્ત થાય અને લાકડાં વેરવાં પડે કે પથ્થર સાથે માથાં ફોડવાં પડે તેની નવાઈ શું? એમાં દિલગિરી શાની? ખારાં પાણી જંગીને લોહીને ટીંપે જે પૈસા કમાયા તેમાંથી વિશોંદ આપીએ છીએ તેનો સદુપયોગ આપણી જ્ઞાતિ હિતમાં થાય એવા ભરોસે આગેવાનોમાં શ્રદ્ધા રાખીને આપીએ છીએ એવું રાજાભાઈએ સભાને કહ્યું છે. પરંતુ સદુપયોગ અને જ્ઞાતિ હિત એ શબ્દોના ભાવાર્થ તરફ દષ્ટિ ફેરવીએ તો એ વાત સહેજે પ્રતિપાદન થઈ જાય તેવી છે કે આપણે દૂરઉપયોગ કરવા અને જ્ઞાતિનું અહિત સાધવાના કાર્યમાં મદદ કરવા જ જાણી બુઝીને આગેવાનોને પૈસા આપીએ છીએ. સૈયદો માંસાહારી છે એમ કબુલ કરવા છતાં તેમને પૈસા આપવા જ નહિ એવું કહેતાં તેમને ડર લાગ્યો છે. ધન્ય છે એમની હિંમતને ! "ઈમામશા બાવાની રહેણીકરણી જુદી હતી એટલે કદી તેમને માન આપીએ !" આ શબ્દો કરાંચી પરિષદના પ્રમુખના હૃદય અને ભાવનો પડઘો પાડે છે. પીરાણાના રોજા ઉપરની મમતા એ સાહેબને કેટલી બધી હશે? ઈમામશાહ એક સૈયદ અને તે વળી એમનો બાવો ! તેને માન આપીએ એટલે પીરાણાના રોજામાં તેની કબર છે એના દર્શને જઈએ? એવું ઠસાવાનો ભાવ જણાય છે. કાજળની કોટડીમાં પેસીએ પણ લૂગડે કે શરીરે કાંઈ કાળાશ લાગવા દઈએ નહિ એ વાત જેવો એમનો ઉપદેશ છે. ઈમામશા દૈવી પુરુષ હતા એમ રાજાભાઈ કહે છે. હિન્દુઓને પોતાના પંથમાં લાવવા માટે હિન્દુ ધર્મના દેવદેવીઓ અને આર્ય રત્નોને ફાવતી રીતે વખોડી અજ્ઞાનવર્ગ પાસેથી પૈસા કઢાવી ભોળા વર્ગને છેતરવામાં જ તેમનું દૈવીપણું હતું કે બીજું કંઈ ! જ્યારે તેના વંશ જ સૈયદોને પીરાણા ધર્મ સાથે કંઈ લાગતું વળગતું નથી ત્યારે ઈમામશાના બનાવેલા સતપંથ (?) સાથે કડવા પાટીદારને શું લાગે વળગે છે ! રાજાભાઈ પાસે એ વાતનો કંઈ આધાર છે? કડવા પાટીદારની જાણ માટે ઈમામશાના દૈવીપણાની અને તેણે સ્થાપેલા સતપંથની સત્યતા કિંવા અસત્યતાને કંઈ પોતે જાણતા હોય તે પ્રસિદ્ધ કરશે તો કચ્છ જ્ઞાતિ ઉપર તેમનો ઉપકાર થશે. છેવટે "આ બધી હકીકતો કણબી જ્ઞાતિને શોભતી નથી" એવું તેમણે કહ્યું છે, પણ એ હકીકતો કઈ કઈ તે એમણે જણાવી નથી. ગુજરાત માળવા ખાનદેશ, કાઠીયાવાડ વગેરે સ્થળે તેમના કહેવા પ્રમાણે કડવા પાટીદાર ભાઈઓ વસે છે પરંતુ તેમના અને કચ્છના પીરાણાપંથીઓ વચ્ચે જે મોટો ધાર્મિક અંતરાય છે એ વાતનું સ્વરૂપ સભા સમક્ષ ખડુ કરતાં તેમને કદાચ ઉતરી જવા પણું દેખાયું હશે એટલે પોતે એ વિષયને યોગ્ય રીતે ચર્ચાવી શક્યા નથી. પરંતુ એ વાત તો રાજાભાઈ જાણતા જ હોવા જોઈએ કે જ્યાં સુધી પીરાણા પંથને તિલાંજલી આપી તે પોતે અને તેમના ભાઈઓ અધર્મયુક્ત કર્મોના પ્રાયશ્ચિત કરી પોતાની જાતને પવિત્ર કરે નહિ ત્યાં સુધી કડવા પાટીદાર જ્ઞાતિમાં તેમને ભેળાવું એ કેવળ અશક્ય વસ્તુ છે. પોતે જ્ઞાતિ વિસ્તારના બીજા ભાગોમાં ભાગ લીધેલો છે અને જાણે અનુભવ મેળવ્યો છે એવો ડોળ કરતાં કહે છે કે "પીરાણાધર્મની છાપ આપણા ઉપર ન હોય તો વખતે એવું પણ બને કે આપણી કચ્છની જ્ઞાતિ આપણા દેશના બીજા ભાઈઓ કરતાં

ઓછે દરજ્જે ગણાય નહિ." પોતાની જ્ઞાતિને ઉંચે દરજ્જે ગણાવાનો લોભ દરેક સાચા જ્ઞાતિ પુત્રને હોવો જ જોઇએ અને તે લોભ રાજાભાઇમાં હોય તો બેશક ખુશી થવા જેવું છે. પરંતુ એમના એ શબ્દો કેટલા વિચિત્ર છે ! વળી તે કહે છે કે "ગુજરાત ઈત્યાદિ દેશોમાં આપણી જ્ઞાતિમાં કદાચ કુધારા હશે તેવા આપણી કચ્છની જ્ઞાતિમાં નહિ પણ હોય?" આ શબ્દો ઉચ્ચારીને તો પોતે જે ગેઢેરાપણું કરતા તેની સભાને યાદી આપી હોય એવું જ દેખાય છે. એ શબ્દો સખત ટીકાને પાત્ર છે પરંતુ તેમ કરવાથી કંઈ લાભ સાધી શકાય નહિ એટલે એ શબ્દોમાં રાજાભાઈ પ્રસંગોપાત સુધારો કરી લઈ પોતાની જાત અને જ્ઞાતિભાઈઓને કડવા પાટીદારની હરોલમાં મુકવાને શક્તિમાન થાય એટલી જ આશા રાખીએ એ જ ઈષ્ટ છે. છેવટે પોતે આપણા ઉપર કાળુ કલંક છે એમ કહી તે મટાડી દેવા સભાને વિનંતી કરી ભાષણ ખતમ કરે છે.

એકંદરે જોતાં તેમના ભાષણમાંથી એટલો જ સાર નીકળે છે કે પીરાણાપંથ કિંવા ધર્મ આપણા ઉપર કલંકરૂપ છે એટલે તેને તજી દેવો જોઈએ. પરંતુ એ વાત અજ્ઞાન વર્ગથી સમજી શકાય એવી તેમણે ભાવના જ રાખી નથી. સ્પષ્ટ રીતે અને ખુલ્લા હૃદયે સભાના પ્રમુખે જે હકીકત સભા સમક્ષ કહેવી જોઈએ અને જ્ઞાતિની પરિસ્થિતિ પણ સમજાવવી જોઈએ તે કાર્યશક્તિની ખામી તેમનામાં આરપાર જણાઈ આવે છે. કદાચ ઈરાદાપૂર્વક પણ તેમણે એવી વલણ અખત્યાર કરી હોય અને જો એ સત્ય ઠરે તો ભવિષ્યમાં તેમના નામ સાથે ક્યું વિશેષણ જ્ઞાતિવર્ગ લગાડશે એનો વિચાર રાજાભાઈએ જ કરી લેવાનો છે. જ્ઞાતિ સેવાના કાર્યમાં આગળ પડનાર વ્યક્તિ માટે તેની જિંદગી પર્યંત આશા રાખી શકાય એટલે તેમના પ્રત્યે માનભરી દૃષ્ટિથી જોવું જોઈએ. માનકુવા જેવા સ્થળે રહી ગેઢેરાઈ કરી આવેલા હોવા છતાં સભાના પ્રમુખ થવાની તેમણે જે વાત સ્વીકારી છે એજ સંતોષ માનવા જેવું છે અને તે વાત ભુલી જવાય તો સભાએ કિંવા જ્ઞાતિએ રાજાભાઈને અન્યાય કર્યો લેખાય. ઈમામશા પ્રત્યે તેમને માન ભલે હોય પરંતુ જ્યાં સુધી પીરાણાના રોજા અને કબર કે પીરાણાપંથી ખાનાંઓથી અલગ રહી પોતે જ્ઞાતિ હિતનું કાર્ય સાધે જાય ત્યાં સુધી એમના પ્રત્યે દરેક ડાહ્યા પુરૂષે માનભરી દૃષ્ટિથી જોવું જોઈએ અને પરિષદની ઉંચી બેઠકેથી તેમણે જે આશા આપી હોય તેમાં શ્રદ્ધા રાખી તેમની પાસેથી કામ લેવું જોઈએ.

પરિષદનું શુદ્ધ સ્વરૂપ

પરિષદમાં ભાગ લેનાર દરેક ભાઈઓ પોતે શા માટે આવ્યા છે અને જ્ઞાતિ હિત સાધવા માટે શું શું કરવાની જરૂર છે, તે સ્વાગતમંડળ અને પ્રમુખના ભાષણ ઉપરથી સમજી જાય છે. બંને ભાઈઓના ભાષણ ઉપરથી જણાય છે કે જ્ઞાતિની જરૂરિયાત મેમ્બર વર્ગને સમજવામાં આવે એવું તેમણે કંઈ કહ્યું નથી, જ્ઞાતિની દુઃખદ સ્થિતિનો ચિતાર મેમ્બર વર્ગ સમક્ષ રજુ કરવામાં બંને ભાઈઓ નિષ્ફળ ગયા છે અને શ્રોતાવર્ગના હૃદય ઉપર જ્ઞાતિ હિત સાધવાની અસર ઉત્પન્ન કરે એવું તેઓ કંઈ કરી શક્યા નથી. બુદ્ધિપૂર્વક વસ્તુસ્થિતિ શ્રોતાઓને સમજવામાં આવે ત્યારે જ જ્ઞાતિહિત સાધવાની જરૂર સમજાય અને તે સાધવાનું પણ સરળ થઈ જાય. બંને ભાઈઓએ જ્ઞાતિહિત સાધવાની જરૂર છે, એટલું તો કહી દીધું છે અને એટલા પુરતો જ સંતોષ માનવાનો છે. સભા બોલાવનાર વર્ગ અને સભાને સીધે રસ્તે ઉદ્દેશ તરફ લઈ જનાર પ્રમુખનું બોલવું સાંભળી લઈ જુદા જુદા વિભાગમાંથી આવેલા બંધુઓ પણ પોતા તરફની વસ્તુસ્થિતિ સમજાવી શકે એટલા માટે સભામાંથી પસંદ કરેલા મેમ્બરોની એક કમિટિ નિમવામાં આવે છે. જેને સબજેક્ટ કમિટિ કહે છે. તે કમિટિ સભાનો ઉદ્દેશ બર લાવવા માટે જે જે જરૂરી પગલાં ભરવાના હોય તેની ચર્ચા ચલાવી સભા સમક્ષ પોતાના વિચારો ઠરાવના રૂપમાં રજુ કરે છે.

પરિષદ અથવા જ્ઞાતિ સમાજની કાર્ય પદ્ધતિ એજ નિયમે રચાય છે અને કરાંચી પરિષદના કાર્યવાહકોએ પણ એજ પદ્ધતિ અંગીકાર કરી સભાના કાર્યને શોભાવી તેના ગૌરવમાં વધારો કર્યો છે. મેમ્બરની સંખ્યાના પ્રમાણમાં જોતાં સબજેક્ટ કમિટિમાં નિમાયેલા ભાઈઓની સંખ્યા વિશેષ દેખાય છે એટલે ૬૮ ભાઈઓની એક કમિટિ નીમવામાં આવી છે અને કચ્છ દેશના તમામ આગેવાન ગામોના ભાઈઓ તેમાં આવી ગયા છે. એટલું તો ચોક્કસ છે કે જેમ બને તેમ વધારે ભાઈઓ કમિટિમાં આવે તેમ વધારે સારું પરંતુ તેમ કરતાં સભાના અંગે મુશ્કેલી ઉભી થવાનો પણ સંભવ રહે છે. મતમતાંતર વધી જાય તો પક્ષા પક્ષ બંધાય અને સભાનો વખત અને કદાચ ઉદ્દેશ પણ અફળ જાય. એવું કંઈ બન્યું નથી અને સર્વ કાર્ય સર્વાનુમતે પસાર થયું છે એ ખુશી થવા જેવું છે. પ્રમુખ સાહેબે ઉપસંહાર કરતાં તે માટે જે ઉદ્ગાર કાઢ્યા છે તે આપણા જેવી જ્ઞાતિ માટે શુભ આશાજનક અને ઉન્નતિની વધારે નજીક લઈ જવાની ખાત્રી આપનારા લેખી શકાય.

ઠરાવો ઘડનારી કમિટિના કામકાજ પ્રસંગે તેમાં ચુંટાયેલા મેમ્બરો સિવાય દાખલ કરવામાં આવતાં નથી છતાં સભાનું વાતાવરણ નિર્મળ અને શાંત દેખાયાથી પ્રમુખ અને કાર્યવાહકોએ ઠરાવો ઘડવાના કાર્ય પ્રસંગે અન્ય બંધુઓને પણ તેમાં દાખલ કરેલા જણાય છે એટલે લગભગ કમિટિના મેમ્બરો જેટલી સંખ્યામાં બીજા નહીં ચુંટાયેલા ભાઈઓએ પણ ભાગ લીધો હતો. આ બનાવથી સભાનું કાર્ય ઘણું સુધરી ગયેલું સમજાય છે. ઠરાવો ઘડ્યા પછી તેને સભા સમક્ષ રજુ કરી શકે અને તેનો હેતુ બરાબર સમજાવી શકે તેવા લાયક મેમ્બરને પસંદ કરી તેને યોગ્ય ઠરાવ તેને રજુ કરવાનું કહેવામાં આવે છે. અને તેજ ઠરાવને અનુમોદન આપનાર ભાઈની પણ તે કમિટિ જ પસંદગી કરી લે છે. પરંતુ જે ઠરાવો વિશે મતભેદ જ સંભવતો ન હોય તેવા ઠરાવો પ્રમુખ તરફથી રજુ કરવામાં આવે છે અને તેમને જરૂર જણાય તો તે વિશે વિવેચન કરે છે અને સભામાં પસાર થાય છે.

પરિષદનો ઉદ્દેશ અને કાર્ય

દરેક સભાઓના ઉદ્દેશ ઘણા મહાન હોય છે પરંતુ સંયોગો અને સમયનો વિચાર કરી જે જે પ્રસંગે જેટલું જરૂરી અને બની શકે તેવું હોય તેટલા પ્રમાણમાં આગળ વધવાના ઠરાવો પસાર કરવામાં આવે છે, પરંતુ એટલી વાત તો ચોક્કસ કે જ્ઞાતિહિત સાધવાનો જે ઉદ્દેશ અને નેમ હોય તેને અનુસરતા જ ઠરાવો હોઈ શકે એટલે પરિષદનો ઉદ્દેશ સભાના ઠરાવો ઉપરથી સમજાય છે.

૧ લો ઠરાવ - પ્રમુખ તરફથી મહારાવશ્રીનું સહકુટુંબ દીર્ઘાયુષ્ય ઈચ્છવાને લગતો રજુ કરવામાં આવેલો તાળીઓનો અવાજ વચ્ચે પસાર કરી સભાએ રાજભક્તિ પ્રદર્શિત કરી છે. સભાના અંગે એ ઠરાવ જરૂરી હોવાથી તે પસાર કરવાનું વિસરી જવામાં આવ્યું નથી એ ખુશી થવા જેવું છે.

૨ જો ઠરાવ - ભાઈ રતનશી કરસન ગઢશીશાવાળાએ રજુ કરેલો જેની મતલબ બાળલગ્નનો અધર્મયુક્ત અને હાનિકારક રિવાજ નાબુદ કરવા વિગેરે પ્રકારની છે. બાળલગ્નથી જ્ઞાતિની કેવા પ્રકારે ખરાબી થાય છે તેનો ચિતાર રતનશીભાઈએ એક દાખલાથી બતાવી આપ્યો છે, પરંતુ પીરાણા પંથને અંગે જે અધર્મ યુક્ત ક્રિયાઓ ખાનાના મુખીઓના હાથે થાય છે તે સંબંધી તેમણે કંઈ કહ્યું નથી. એકંદરે જોતાં તેમણે આપેલું દષ્ટાંત શ્રોતા વર્ગને બાળલગ્ન નાબુદ કરવાની જરૂર સમજાવે તેવું છે.

ભાઈ ખેતા ડોસા પોકારે એ ઠરાવને અનુમોદન આપતા લગ્ન કેવા પ્રકારના હોવા જોઈએ એ તરફ સભાનું ધ્યાન ખેંચ્યું છે. તેમની શરૂઆતની યુક્તિ ઠીક છે પરંતુ સમર્થન જોઈએ તેવું કરી શક્યા નથી. તેમણે શાસ્ત્રો અને વિદ્વાનોના અભિપ્રાયને માન આપવાની જરૂર બતાવી છે, છતાં અભિપ્રાય કેવા છે તે તો કહ્યું જ નથી પરંતુ લગ્ન સંબંધી સર્વ દેશી વિચારો સ્વીકારવાનો તેમણે જે આગ્રહ બતાવ્યો છે તે યોગ્ય જ છે.

ભાઈ શીવદાસ કાનજી સોમજીયાણીએ એ રિવાજના અંગે અંધાધુની ચાલે છે તે દર્શાવનાર એક સચોટ દષ્ટાંત આપી જ્ઞાતિની પરિસ્થિતિ બરાબર સમજાવી છે અને લગ્ન જેવા શુભ ટાણે અને ખાનગી બાબતમાં પણ ગેઢેરાઓ હાથ ઘાલવાની સત્તા ધરાવે છે અને નિચતા બતાવે છે તે પણ એમણે ટુંકામાં સમજાવી દીધી છે અને એકંદરે જોતાં ઠરાવ પસાર કરવાની જરૂર તેમણે યોગ્ય રીતે દર્શાવી છે એમ કહેવું જોઈએ.

ભાઈ ભાણજી ડાહ્યાએ ગાયેલી કવિતા ઠરાવને બરાબર ટેકો આપે છે. નાતની અંદર અધર્મ રૂપી સડો પેસવાથી કુધારે ચઢી ગયા છીએ અને એ કુધારા સાચા ધર્મને પ્રવેશ થવા દેતા નથી એ વાતથી કવિતાની શરૂઆત થાય છે. અધર્મ જો પોષાય તો જ પોતાનો સ્વાર્થ સધાય એવી નીચ વૃત્તિના માણસો અધર્મને ધર્મના રૂપમાં ખડો કરી બાળલગ્નનું લાકડું ઘુસાડી રાખે છે, સાચા લગ્નો કરવા દેતા નથી અને વરકન્યાની યોગ્યતાનો વિચાર કરવાની જે મુખ્ય જરૂર તેનો તો ભોળા જ્ઞાતિભાઈઓને ખ્યાલ પણ આવવા દેતા નથી એ વાત તેમણે કવિતાની કડીઓમાં સમાવી પટલાઈ કરનારનો દોર જ્ઞાતિ ઉપર કેવો ચાલે છે તેનું અર્થસુચક ભાન કરાવ્યું છે. સારાસારનો વિચાર નહીં થઈ શકવાના પરિણામે કન્યાઓ દુઃખી થાય છે અને તેમને દુઃખ ઉભું કરનાર માબાપો નર્કે જાય છે એ વાત કવિતામાં સારી રીતે ઘટાવી છે. એકંદરે ભાઈ શીવજી અને ભાણજીએ લીધેલો પરિશ્રમ પ્રશંસાયુક્ત અને ઉત્તેજનને પાત્ર છે.

૩ જો ઠરાવ - નાયાભાઈ શીવજી વિરાણીવાળાએ, મરણ પાછળના જમણો બંધ કરવાનો રજુ કરતાં તે રિવાજ કેટલો ખર્ચાળ, દુર્દશા કરાવનાર, અયુક્ત અને શાસ્ત્ર વિરુદ્ધ છે એનો ચિતાર ખડો કરી ઠરાવ પસાર કરવાની આવશ્યકતા તેમણે બતાવી આપી છે. ઠરાવના દરેક શબ્દો યોગ્ય રીતે સભા સમક્ષ રજુ કરી, વસ્તુ સ્થિતિ સમજાવાનો તેમણે યોગ્ય માર્ગ ગ્રહણ કર્યો છે પરંતુ એ પદ્ધતિસરની અને ખપ પુરતું જ ટુંકું ને ટચ કહી દેવાની પદ્ધતિની એ સ્થાને તો ભાગ્યે જ કદર થાય. ઠરાવનું સમર્થન કરનારી તેમની ભાષા ગૌરવશાળી અને વિદ્વતા ભરેલી છે અને એક જ્ઞાતિબંધુના મરણ નિમિત્તે બીજો જ્ઞાતિભાઈ જમે એ વાત કેટલી અયુક્ત અને નીચુ જોવડાવનારી છે એ તેમણે અસરકારક રીતે સમજાવીને ઠરાવને સારી પુષ્ટી આપી છે.

રતનશીભાઈએ ઠરાવને ટેકો આપતાં એક પ્રસિદ્ધ દષ્ટાંત આપ્યું છે અને જ્ઞાતિમાં ગરીબાઈ કેમ આવી ગઈ અને ઘણા ભાઈઓની ઉઠાંતરી કેમ થઈ ગઈ એ સભાને બરાબર સમજાવી દીધું છે. આ દુર્દશાએ પહોંચાડનાર રિવાજના પ્રથમ તો પોતે જ કેવી રીતે ભોગ થઈ પડેલા અને કેટલી મુસીબતોએ તેમાંથી છૂટેલા એ નિખાલસ દિલથી તેમણે સભાને બતાવી આપ્યું છે. સન્માર્ગે અનુસરવાનું બીજાને કહેતાં સત્ય હકીકત છુપાવી નહીં રાખવાની ભેદભાવ વગરની તેમની વૃત્તિ બેશક ધન્યવાદને પાત્ર લેખાય. ઠરાવ પસાર કરીને જ બેસી રહેવું નહિ પરંતુ એવા ખરચો કરવા નહિ અને જમવા પણ જવું નહિ એ વાત તેમણે સભા સમક્ષ કહી દેવામાં બહુ જ દીર્ઘ દષ્ટિ

વાપરી છે અને ત્યારે જ એવાં જમણો બંધ થઈ જશે એવું તેમણે જે કહ્યું છે ને તદ્દન સત્ય અને અનુભવસિદ્ધ કહ્યું છે. આગેવાનોનો સત્તાધારી દોર ચાલુ હોય કિંવા નહોય તો પણ એ ઉઠાંતરી કરાવનારો રિવાજ નાબુદ કરવાની જેની શુદ્ધ નેમ હોય તેમણે રતનશીભાઈના શબ્દોનું ખાસ મનન કરવાની જરૂર છે. કાળમિંઢ જેવા પાષાણ હૃદયના પોતે નથી અને પોતામાં માણસપણું તો જરૂર છે એ વાત જો કોઈને બતાવી આપવી હોય તો પ્રથમ મરણ પાછળના જમણોનો ત્યાગ કરીને જ સારી રીતે બતાવી શકાય છે.

૪ થો ઠરાવ - વિશ્રામભાઈ પાંચા વિરાણીવાળાએ વિદ્યા પ્રાપ્ત કરવા કરાવવા સંબંધી રજુ કરતાં વગર ઈચ્છાએ આપણામાં ઈર્ષ્યા રૂપી કેવણી આવી ગઈ છે એ જણાવ્યું છે. ઈર્ષ્યારૂપી દોષ અથવા અવગુણ કહી શકાય. કેળવણી શબ્દની ઈર્ષ્યા સાથે સંધી કરી દેવાનો પ્રયોગ એ સ્થળે ભાષાજ્ઞાનની જો કે ખામી બતાવે છે પરંતુ તેમ કરીને તેમણે કંઈ અનર્થ તો ઉભો કર્યો નથી. પોતાની શક્તિ અને જ્ઞાન પ્રમાણે તેમણે વિષયનું ગાંભિર્ય બતાવાનો પ્રયત્ન કર્યો છે. એ ઈર્ષ્યારૂપી ઝેરે પોતાનામાં કેટલેક અંશે પ્રવેશ કરેલો તેની સભા સમક્ષ કબુલાત આપી પોતાની જાતને તેમણે નિર્દોષ કરી છે. એટલે પોતાને જે વાતનું જ્ઞાન ન હોય તે બીજા પાસેથી ગ્રહણ કરવાની અથવા તેમના એજ આશયમાં કહીએ તો સારો માણસ એજ કહેવાય કે જેને બોલતાં આવડતું ન હોય તે બીજાનું સાંભળવાની જરૂર સમજે તેમના એ વિચારો ઘણા ઉત્તમ છે, વિદ્યારૂપી કેળવણી લેવાથી આપણને ક્યા પ્રકારના લાભ થાત એ તેમણે ઠીક સમજાવ્યું છે અને તે સમજાવતાં વિષયને વ્યાવહારિક દાખલામાં ઘટાવ્યો છે. કેળવણીના ભેદ તેમણે જુદા જુદા ગણાવ્યા છે. પરંતુ અક્ષરજ્ઞાન પુરતી જ તેમણે ચર્ચા કરી છે છતાં એ વાત કહેવાનું તે ભુલી ગયા નથી કે મુંબઈવાળા ભાઈઓ ભણ્યા છે થોડું પણ તેઓએ બીજા પ્રકારની કેળવણીઓ ઘણી લીધી છે. મતલબ કે મુંબઈવાળા ભાઈઓ તેમના કરતા વિચારશ્રેણી અને બુદ્ધિમત્તામાં શ્રેષ્ઠ છે તેનું કારણ કંઈ અક્ષરજ્ઞાન જ નથી. સભાના પ્રમુખ અને મુંબઈવાસી ભાઈઓ વિશ્રામભાઈના એ શબ્દોથી ખુશી થયા હશે પરંતુ તેમને એ ખ્યાલ તો ભાગ્યે જ આવ્યો હશે કે કેળવણી એટલે માત્ર અક્ષર જ્ઞાન જ સમજવાનું નથી. જેનામાં જે પ્રકારની ધાર્મિક ભાવના અને જેના જેવા સંસ્કાર તેવી તેની વિચારશ્રેણી અને બુદ્ધિમત્તા. મુંબઈના યુવકોએ પીરાણા ધર્મને તિલાંજલી આપી દેવાનો ઠરાવ સને ૧૯૧૮માં કરેલો જ્યારે એજ મુંબઈ શહેરની હવામાં હરતા ફરતા પ્રમુખ સાહેબ સને ૧૯૨૦માં કરાંચી પરિષદના સભ્યોને કહે છે "ઈમામશા બાવાને આપણે માન આપીએ કેમકે તેમની રહેણીકરણી જુદી હતી, તેઓ દૈવી પુરૂષ હતા." જાણે પોતાના એ બાવાનો રાજાભાઈને જાત અનુભવ જ હોય ! ધાર્મિક ભાવના અને સંસ્કાર વડે જ માણસની બુદ્ધિ અને વિચારો પણ ઘડાય છે એ વાત અહીં જ સમજાઈ આવે છે.

ખેતાભાઈએ ઠરાવને ટેકો આપતાં બીજું કંઈ બોલ્યા નથી પણ વિદ્યા ભણાવા તરફ આગેવાનો કે ગેઢેરાઓને કેમ અરૂચિ આવે છે તે કહ્યું છે. પોતે કહે છે આગેવાનો જ્યારે ભેગા થાય ત્યારે એવું કહે છે કે, છોકરાને ભણાવવા નહી નહી તો વિરાણીવાળા નારણની ગોડે ઉતરી જશે અને નાતને વગોવશે ! ભાઈ વિશ્રામના એ શબ્દો સાચા જ હશે. કારણ ગધેડાના ગળામાં સાકરનો કાંકરો ખૂંચે તેમ પીરાણાના હડુડ ભક્તો અને પંચાત કરનારા સ્વાર્થી ગેઢેરાઓની આંખમાં એ વીરપુરૂષ ગજવેલની રજ માફક ખુંચે છે. જ્ઞાતિના લોહી ઉપર જ જીવન વિતાડનારા અધમ પુરૂષોને ક્યાંથી ભાન હોય કે કચ્છ દેશમાં પણ આપણી જ્ઞાતિ વસે છે એવો સંદેશો તો એ વીર જ્ઞાતિ ભક્તે જ કડવા પાટીદાર આલમને પહોંચાડ્યો છે ! એવાઓની દષ્ટિએ સ્વધર્મવર્ધક મંડળના જનોઈઓવાળા ઉતરી ગયેલા

જ દેખાય ! કારણ અધર્મને રસ્તે જતી જ્ઞાતિને રોકનાર બીજા કોણ? અને એ જ્ઞાતિમાં ચરી ખાનારાઓ પશુઓના માર્ગમાં સ્થાઈ પથરાયેલા વિધ્યાંચળ જેવા અચળ બીજા કોણ દેખાય ઉતરી જવાપણું જેના રૂંવે રૂંવે ફરફરતું હોય, જેના મગજમાં રાતદિન અધર્મયુક્ત ભાવનાઓ જ રમી રહી હોય, જે રહેણી-કરણીમાં છેલ્લી હદે ઉતરી જ ગયેલા હોય એને એજ દેખાય કે જ્ઞાતિ હિતનો વિચાર કરનારા પણ સઘળા ઉતરી જ ગયેલા છે ! ખેતાભાઈ તેમજ સભાની દષ્ટિએ એ વીર પુરુષ અને મુંબઈવાળા બીજા સુધારકો, જ્ઞાતિ ઉદ્ધારક જણાય છે અને તેમણે બતાવેલા માર્ગે જવા સભાએ ઠરાવો પસાર કર્યા છે એ થોડા સંતોષની વાત નથી.

ભાઈ રતનશી શીવજીએ ઠરાવને અનુમોદન આપતાં ખેતી જેવી સખત મજુરી કરવા છતાં પણ જ્ઞાતિની અધમ દશા કેમ થઈ છે એ સમજાવતાં સારું નરસું નહીં સમજી શકવાનો દષ્ટિમાં જે અંધકાર છવાયો છે એને કારણરૂપ લીધો છે. ભીરૂતાનો અડગ પડદો ચીરી નાંખવાની ઈશારત કરતાં તેમણે જે કહ્યું છે તેનો એ સાર છે કે, તેમની દષ્ટિએ પડતા સભાના વીર પુરૂષો ઝુંઝે તો ઉદય જલદી થાય. કેળવણી લેવાના ઠરાવમાં કૃષિ વિષય ઘુસેડવા છતાં વિદ્યા પ્રાપ્ત કરવાની જરૂર ભાઈ રતનશીએ ઠીક બતાવી છે.

ભાણજી ડાહ્યા રૂડાણીએ વિદ્યાના ગુણાનુવાદ કવિતાના રૂપમાં ગાઈને સભા પાસે તે માટે મદદ માગનારી અપીલ ગુજારી છે. વિષયનું ખરું પ્રતિપાદન તો એજ કવિતામાં થયેલું છે અને તેની પાદપૂર્તિ પણ એજ કવિતા વડે થઈ છે પરંતુ તેનું જોઈએ તેવું પરિણામ આવી શક્યું નથી એમ સખેદ કહેવું પડે છે. કવિતાનો અંત નીચેની કડીઓથી આવે છે :-

અમે જ્ઞાતિ તણા બાળે, દીઠી ના અન્ય કો બારી,
તમારા ચર્ણમાં આવી, અમે આ અર્જ ઉર ધારી.

કવિતાના દરેક શબ્દો મનન કરવા યોગ્ય છે, હૃદયને પીગળાવી નાંખનારી સાદી અને સરળ અરજનો ધ્વનિ જ્યારે શ્રોતાઓના હૃદયને સ્પર્શ કરતો સભા મંડપમાંથી પસાર થતો હશે તે પ્રસંગે તેમના મનની કેવી સ્થિતિ થઈ હશે ! વિદ્યાર્થી વર્ગની અપીલનો જવાબ દશોંદ અને લાગા ભરી ભરીને તુટી જવાના અનુભવે ચઢેલી સભાએ કેવો આપ્યો એનો વિચાર કરીએ તો સહેજે એ વાત યાદ આવે છે કે, વિદ્યાર્થીઓની દિલ પીગળાવનારી અપીલ તો સાચી પરંતુ પીરાણાપંથ અને વિદ્યાને શી સગાઈ ! ગરીબ ભાઈઓના લોહી ચૂસવાના અને સૈયદોને કૂકડાં કાપવાના અર્થે ઉત્પન્ન થતી લાખો કોરીઓનો એ માર્ગે વ્યય ક્યાંથી સંભવે? રોજાની ગોળીઓ વડે ઠસાયેલાં ગળામાંથી વિદ્યાર્થીઓને મદદ કરવાના ઉદ્ગાર નિકળવા કેવા ! અફસોસ બંધુઓ ! આલ ઈમામસેનીના સૈન્યમાં વિદ્યાર્થીઓનો પોકાર કેવળ અસ્થાને નિવડેલો જોઈ સાચા કડવા પાટીદારને ખેદ થયા સિવાય રહેશે નહિ.

૫ મો ઠરાવ - ભાઈ નારણજીએ રજુ કરેલો તેની મતલબ છુટાછેડાનો રિવાજ સદંતર નાબુદ કરવાને લગતો છે. એ ઠરાવ વાંચતાં જ તે ભાઈને તો કમકમાટી છુટેલી તો પછી એ રિવાજનું તો પુછવું જ શું? એ રિવાજનું કારણ જ્ઞાતિમાં બાળલગ્નો થતાં હોવાનું તેમણે કહ્યું છે અને કજોડાં થવાના કારણે છુટાછેડા થાય છે અને એ ભાઈના કહેવા મુજબ ગુજરાતમાં પણ એ રિવાજ છે જ. પરંતુ કચ્છ દેશમાં છુટાછેડાનો રિવાજ માત્ર બાળલગ્નના લીધે જ અસ્તિત્વમાં હોય એવું કંઈ નથી. ગુજરાતમાં તો માત્ર કજોડાંના કારણે જ છુટાછેડા થાય છે જ્યારે કચ્છ દેશની જ્ઞાતિમાં વર કન્યા એકબીજાનો સંબંધ કાયમ રાખવા ઈચ્છતાં હોય છતાં જબરાઈએ તેમના છુટકા થાય છે અને તેને

જ શરમાવનારું, નિર્લજ અને અધમ કૃત્ય કહી શકાય અને એવા નિર્લજ અને ઘોર કૃત્યો ભાઈ નારણજીની દષ્ટિએ આવવા માંડ્યા છે અને તેના દાખલા પણ એ ભાઈએ આપી દીધા છે. સામા પટેલ અને મનજી પટેલ જેવા ફરિયાદી ગુજરાતમાં હોતા જ નથી, તેમ ગુજરાતમાં કોઈ પણ ઠેકાણે નાતના આગેવાનો કે નાત મળીને છુટાછેડા કરી શકતી જ નથી. વર કન્યા પોતે જ સમજીને કરી લે છે અને તે પણ બંનેમાંથી કોઈને બીજો ઉપાય દેખાતો ન હોય અને વડીલોની તેમાં સંમતિ હોય ત્યારે જ ગુજરાતમાં કોઈ ઠેકાણે કેલો નિવેડવામાં કે નાત જાતની પટલાઈ કરવામાં કોઈના ખીસ્સા ભરાતાં જ નથી, કારણ કે કોઈની ખાનગી બાબતમાં ગુજરાતના કોઈ ગામની નાત હાથ ઘાલી શકતી નથી. એટલે ગામ કે નાત ઉપર દોર ચલાવનારા આગેવાનો ગુજરાતમાં નથી એ વાત ભાઈ નારણજીની જાણ બહાર ભાગ્યે જ હોઈ શકે.

આ નિર્લજ રૂઢી પ્રત્યે ભાઈ નારણજીએ જે સભા સમક્ષ તિરસ્કાર દર્શાવ્યો છે એ કાંઈ રિવાજના જડ શબ્દોને લાગુ પડતો નથી, પરંતુ કોને લાગુ પડે છે એ વાત ભાઈ નારણજીએ ખુલ્લે ખુલ્લી સમજાવી હોત તો ઠીક દેખાત. લગ્નની ગાંઠને પવિત્ર શા માટે કહી શકાય, એ વાતનું સ્પષ્ટીકરણ કરી મનુષ્ય જીવન, પશુ જીવન કરતાં ક્યા પ્રકારે શ્રેષ્ઠ છે તે શ્રોતાઓને સમજાવતાં બાળલગ્ન અને તેના અંગે ઉભા થતા આ નઠારા રિવાજ વગેરેથી થતી જ્ઞાતિની પાયમાલીનો ચિતાર ખડો કરવાની ભાઈ નારણજી જેવા સંસ્કારી અને અનુભવી માણસે જરૂર હતી. ત્યારે જ પોતાની સ્ત્રી એટલે અર્ધાંગના, અને ગૃહલક્ષ્મી એટલે શું એ વાત શ્રોતાઓના મગજમાં ઉતરી શકે. ભાઈ નારણજીએ પોતાના એક વિદ્વાન મિત્રોના શબ્દોમાં રિવાજ પ્રત્યે જે તિરસ્કાર બતાવનારી ભાષા વાપરી છે અને તેને વિશેષ તિરસ્કારયુક્ત બનાવવા પોતા તરફના શબ્દોનો પણ ઉમેરો કરી પોતાનું હૈયું હળવું કરવા મથ્યા છે તે શબ્દો સર્વાંશે એ રિવાજનો ગેરઉપયોગ કરનારા વર્ગને લાગુ પડે છે એવું શ્રોતાઓના સમજવામાં આવી ગયું હોય ત્યારે જ એમણે લીધેલો પરિશ્રમ સફળ નીવડ્યો લેખાય, એવા અનેક દાખલાઓ કલ્પી શકાય અને બને છે પણ ખરા કે જે પ્રસંગે એ રિવાજ નિર્લજ અને નઠારો હોવા છતાં પરિસ્થિતિના અંગે તેને આવકાર દાયક લેખવો પડે છે. કેટલાક પદાર્થો એવા છે કે જેનું પચન થઈ શકે નહિ અને તે ખાવાથી પ્રાણી માત્રનું મૃત્યુ થાય. છતાં તે પદાર્થોની યોગ્ય પ્રસંગે જરૂર તો દેખાય છે જ. પુરુષ વર્ગમાંથી જેમ કોઈ નિર્લજ પાકે છે તેમ સ્ત્રી વર્ગમાંથી પણ નિર્લજ પાકે જ અને એ વાતને ભાઈ નારણજીની રજુઆતમાં જ ટેકો મળે છે. કુળની પ્રતિષ્ઠા બેશક સાચવવી જ જોઈએ અને તેનું જેને ભાન હોય તે જ માણસ ગણાય પછી ભલે તે સ્ત્રી હોય કે પુરૂષ પરંતુ એ કુળનું ભાન કોને હોય અને કુળની ભાવના ક્યારે ટકી રહે છે એ વાત ભાઈ નારણજી જેવા વિદ્વાન પુરૂષે શ્રોતાઓને સમજાવાની ખાસ જરૂર હતી. તેમના જેવા અગ્રગણ્ય અને મુખ્ય શિક્ષકે જ્ઞાતિના યુવક વર્ગને એ શિક્ષણ તો કક્કાની બારાક્ષરીની પેરે જ આપવું ઘટે. સ્વધર્મ વર્ધકના એ કાર્યવાહક અને કડવા પાટીદાર કોમના અમૂલ્ય રત્નના ભાષણનું આટલું અવલોકન કરતાં તે ભાઈને યાદ આપીશું કે :-

હતાં જે બંધનો જુઠ્ઠાં, ક્યાં તે તો તમે બુઠ્ઠાં,
જલાવો જે રહ્યાં ઠુઠ્ઠાં, નથી જાગ્યા તમે સૂવા.
વડાઈ વીર છે લીધી, નથી તેમાં ખરી સિદ્ધિ,
બતાવો ટેક જે કીધી, નથી જાગ્યા તમે સૂવા.
સજો સહુ શસ્ત્ર પ્રિતિનાં, ફુટે જો વૃક્ષ ભીતીના,

કરાવો કાર્ય નીતિનાં, નથી જાગ્યા તમે સૂવા.
જનેતા જાગતી જ્યોતિ, સકળના પાપ જે ધોતી,
તમારા આંસુ એ લહોતી, નથી જાગ્યા તમે સૂવા.

૬ ઠો ઠરાવ - કરાંચી યુવક મંડળના સેક્રેટરી ભાઈ શીવજીએ રજુ કરેલો જેનો સાર એ છે કે આગેવાનોના જુલમને અટકાવવો અને તેનો બંદોબસ્ત કરવો. ઠરાવ ઠીક છે પણ તે બંદોબસ્ત કરે કોણ એ પ્રશ્ન સ્વાભાવિક રીતે ખડો થાય છે. ઠરાવમાં જણાવ્યા પ્રમાણે જ્ઞાતિ બંધુઓને આગ્રહ કરવાનો ઈરાદો અર્થ વગરનો છે, તે માટે એક કમિટિ નિમવાની જરૂર હતી. ફંડની યોજના કરી છે એ ડહાપણ વાપર્યું છે, તે સાથે એવા કાર્યો કરવા માટે પ્રમુખ તથા બીજાઓને બારમા ઠરાવની રૂએ સત્તા આપી છે અને પરિષદનો ઉદ્દેશ બર લાવવાની તેમના શીરે જવાબદારી મુકી છે, જે ભાઈઓએ એ સ્વીકારી છે તેઓ ઠરાવોનો કેવી રીતે અમલ કરી પોતાની ફરજ બજાવે છે એ તરફ દૃષ્ટિ રાખીને જ અન્ય બંધુઓ બેસી નહીં રહેતા તેમનામાં સુસ્તી જણાય તો તે ઉડાડવા પણ બનતું કરશે તો જ પરિષદ ભરવાનો હેતુ અને પરિશ્રમ બર આવ્યો લેખાશે.

ભાઈ શીવજીએ આગેવાનો જ્ઞાતિ સાથે કેવો વહેવાર રાખે છે એ બરાબર સમજાવ્યું છે. વીરાણી ગામના આગેવાનો અને યુવકો તેમનું ભાન ઠેકાણે લાવવા જે પ્રયત્ન કરે છે તેની પ્રશંસા કરી વસ્તુસ્થિતિ બરાબર સમજાવી છે, તેમ કરવાની ખાસ જરૂર હતી. તે ઉપરાંત અધર્મો અને પાપી કૃત્યો ઉપર ધાર્મિક ભાવનાઓ કેટલી સહેલાઈથી અને ત્વરાએ વિજય મેળવી શકે છે એ વાત શ્રોતાઓને તેમણે સમજાવવામાં પણ ઠીક ડહાપણ વાપર્યું છે. વળી જ્ઞાતિના પુત્ર પુત્રીઓને જે જુજ આગેવાનો સતાવીને ત્રાસ આપી રહ્યા છે તેમને કોર્ટમાં ઘસડીને સિધ્ધા કરવાની વાત સ્પષ્ટ રીતે કહી દેવામાં કરાંચી યુવક મંડળના સેક્રેટરીની માનપ્રદ જગ્યાનું એમણે ગૌરવ વધાર્યું છે એમ કહેવું જોઈએ. જો તેમના ભાષણ ઉપરથી જ આપણે અટકળ બાંધીએ તો ભાઈ શીવજી એક વાર જ્ઞાતિ સુધારક અને દિલસોજ જ્ઞાતિ સેવક નીવડશે એમ કહી શકાય. જેને કાર્યવાહકો કહેવામાં આવે છે તેમાં પણ હંમેશા સેક્રેટરીઓ જ વિશેષ લાયકાતવાળા હોય છે અને એ વાતની સાક્ષી ભાઈ શીવજીનું ભાષણ આપે છે. જ્ઞાતિને નિષ્કલંક બનાવાનું તેમણે બીડું ઝડપ્યું છે એટલે ઝાડની ડાળે ઉંધા માથે ટટળતી વાગોળના મનસુબા જુઠ્ઠા પાડી બાળક બુદ્ધિ અને નાદાનીઅત અમારામાં તો નથી જ એ વાત ખાસ કરીને કરાંચી યુવક મંડળના સેક્રેટરીએ જ્ઞાતિને દેખાડી આપવી જોઈએ. એ ભાઈના કહેવા પ્રમાણે સત્ય અને પ્રભુ સુધારાવાળાની તરફેણમાં છે જ. પણ તે ક્યારે? સુધારાવાળા પોતાનો ધર્મ સમજે તોજ અને ત્યારે જ પાંડવોની સહાય જેમ શ્રીકૃષ્ણે કરી તેમ સુધારાવાળા કરાંચી યુવક મંડળની સહાયે પણ પ્રભુ આવે. ભાઈ શીવજી અને યુવક બંધુઓએ એ વાત પણ ભુલવી જોઈએ નહિ કે સત્યને ઓળખી પોતાના ભાગે આવેલું કર્મ બજાવા જે ભાઈઓ તૈયાર થાય તેમને જ તે પ્રભુ સહાય કરે છે. કર્મવીર ધર્મનિષ્ટ અર્જુને શું કર્યું હતું? તેના ભાગે ધર્મ અને કર્મનો લોપ થઈ જતો અટકાવવાની ફરજ આવેલી અને તે ધર્મ બજાવામાં તેને પોતાના સ્નેહી સંબંધી, ગુરૂ બાંધવ અને આર્યભૂમિના સંતોને પણ હણવાનો વિચાર કરવો પડ્યો અને ત્યારે જ તે અમર થઈ શક્યો. વાતો કરીને બેસી રહેવાથી જ જ્ઞાતિ નિષ્કલંક થઈ શકતી નથી એ વાત જ્ઞાતિના જે યુવકોના હૃદયમાં ઉતરશે અને એ બુદ્ધિ પૂર્વકની માન્યતા ધરાવી જ્ઞાતિ હિતાર્થે જે બંધુ પોતાનો ધર્મ અદા કરવા અને પોતે ગ્રહણ કરેલી સત્ય ધર્મને વળગી રહેવાની નિષ્ઠાને જો વળગી રહેશે તો તેમના જેવા સંતાન ધરાવા માટે આ ભોળી અને વિશ્વાસુ જ્ઞાતિ બેશક મગરૂર થશે અને પ્રભુ તેમને સહાય કરશે જ.

નેત્રાવાળા ભાઈ નાનજી વિશ્રામે ઠરાવને ટેકો આપતાં જણાવ્યું છે કે આજે સભામાં સહુ બોલે છે તેવું પહેલાં કોઈ બોલતું નહોતું. એ વાત સાચી હશે પરંતુ પરિષદના કાર્યવાહકોએ સભાની એ વસ્તુસ્થિતિ સમજીને શું કર્યું? તે સ્થિતિને પોષવાના કાર્યમાં સભાના પ્રમુખ અને આગેવાનો નિષ્ફળ નિવડ્યા છે એમ ખાસ ભાર દઈને કહેવું પડે છે, કારણ હાલની પરિસ્થિતિ એવા પ્રકારની છે કે જાણે કંઈ બન્યું જ નથી ! પ્રમુખ અને સેક્રેટરીઓ એટલે શોભાના ગાંગડા ! તે ભાઈ કહે છે કે હવે નાત એક થઈ છે એટલે આગેવાનો જ નાત બહાર રહેનારા છે. પરંતુ જ્યારે એ શબ્દો તે ભાઈએ ઉચાર્યા હશે ત્યારે એમને ભાગ્યે જ ખ્યાલ હશે કે ત્યાં તો સુધારાવાળાના પુરૂષાર્થનો પણ અંત આવી જાય છે. જોહુકમીનો દોર ક્યારે નરમ પડે? સર્વ ભાઈઓને પોતાનો ધર્મ સમજાય ત્યારે જ અને તે સમજવા સમજાવવાની તો આ લડત જ છે, એમાં ક્યાં કોઈના ગરાસ ચાસ પડાવી લેવા છે ! એક ભાઈને પોતાનો ધર્મ સંભાળી અધર્મને તજી દેવાનું કહેવું એમાં મુશ્કેલી કઈ ! અને જેને એમાં મુશ્કેલી દેખાતી હોય તેણે શોભાનો ગાંગડો શા માટે બનવું જોઈએ ! ઉપર કી અચ્છી બની ભીતરકી શાહપીર જાણે ! એના જેવો ડોળ કરી બીજાઓને છેતરવાનું પાપ તેણે શા માટે વહોરી લેવું જોઈએ એ વાતનો દરેક કાર્યવાહકોએ વિચાર કરવો ઘટે છે.

ભાઈ કાનજી વિરાણીવાળાએ જણાવ્યું છે કે નાતમાં આગેવાનો માત્ર કોંટણપાજ કરવા ભેગા થાય છે, સુધારાવાળાભાઈઓ ખાઈ પીને ગેઢેરાઓની વાંસે પડ્યા છે એટલે ગેઢેરા હવે જરૂર ડાહ્યા થશે. આ ભાઈ હજી ગેઢેરાના સ્વભાવથી કંઈક અજાણ્યા દેખાય છે. અમીની ગોળીઓ ગળવાનો સ્વાદ છુટે, નાક કપાવાની બીકે મુડદાને દાટવાને બદલે બાળવાની પ્રથા પાછી ચાલુ કરાય, સમોસા ખાય ને જીભ કહોવાઈ જાય એટલે એ પણ છુટે અને પીરાણામાંથી સૈયદોના હાથના ધોકા પડે એટલે કદાચ કલંકમાંથી પશુત્વમાંથી પણ છુટાય પરંતુ નાતની પટલાઈ અને જોહુકમી ચલાવાનો મદીરામસ્ત મદ તો ત્યારે જ ઉતરે કે ગેઢેરાઓને પેટ ભરીને પશ્ચાતાપ કરાવનારા જ્ઞાતિના વીર કર્મયોગીઓ સાથે ભેટો થાય અને ત્યારે જ તે ડાહ્યા થાય. તે સિવાય તેમને ડાહ્યા થવાની કે કરાવાની વાત પાણી વલોવીને માખણ ખાવાની આશા રાખવા જેવી છે એ વાત ભાઈ નાનજી અને કાનજીની કંપનીએ યાદ રાખવાની જરૂર છે.

સુપ્રસિદ્ધ જ્ઞાતિ સુધારક ભાઈ રતનશી ખીમજીએ આ ઠરાવને ટેકો આપતા આગેવાનોની મુખત્યારી અને સત્તા અને તે આગેવાનોમાં પણ ફક્ત ચાર જ જણા નાતને રાંકડી બનાવી એક લાકડીએ હાંકે છે તેનો સચોટ રદીઓ આપ્યો છે. આગેવાનોના કૃત્યો ઉપર દેખરેખ રાખી જ્ઞાતિ બંધુઓની સ્થિતિ તપાસતા રહેવાની, જ્ઞાતિ સંબંધી હિલચાલની દરેક હકીકત મેળવી તેના ઉપર સમય પરત્વે જ્ઞાતિ બંધુઓનું ધ્યાન ખેંચવાની અને સ્વાર્થી આગેવાનો લાભ ન લઈ જાય તે માટે જ્ઞાતિને વાકેફ રાખવાની જીજ્ઞાસા એ ભાઈમાં ઓતપ્રોત થયેલી જણાય છે. યુવક વર્ગમાં અધ્યક્ષ પદ શોભાવાની, કિંવા તેમના નેતા બની જ્ઞાતિ હિત સાધવાની શક્તિ તેમના શબ્દે શબ્દે ઝળકી ઊઠે છે. જ્ઞાતિ સ્વભાવના એ અભ્યાસકની વસ્તુ સ્થિતિ સમજાવનારી મીઠી ભાષા તેના મગજની શાંતી અને સ્વબંધુઓને સુધારાના શિખરે લઈ જવાનો તનમનાટ એના રૂંવે રૂંવે ઝળકી રહેલો દેખાય છે. શ્રોતાઓના હૃદયને જીતી લેનારી અનુભવ અને સમયોચિત દ્દષ્ટાંતથી ભરપુર વાક્ધારા એક સારા વિદ્વાનને પણ હઠાવી દેનારી જણાય છે. કચ્છ દેશની અને તેમાં પણ અધર્મ પંથે ચડેલી અજડ સ્વભાવની જ્ઞાતિને આવા એક સંસ્કારી પુત્રની ભેટ કરવામાં કુળદેવીનો કંઈક સંકેત હોવાનું ભાન થઈ આવે છે. અસ્તુ. તે ભાઈને હાલતો એટલું જ કહીશું કે :-

કરો જ્ઞાતિ તણી સેવા, સુધા સમ મિષ્ટ એ મેવા,
પડે તેવા સહી લેવા, નથી જાગ્યા તમે સૂવા.
ભલે ખોટા કહે મોટા, વળી મોટા બને ખોટા,
તમે છોટા થતાં મોટા, નથી જાગ્યા હવે સૂવા.

ભાણજીભાઈ ડાહ્યાએ ઠરાવની પૂર્ણાહુતિ કરતાં એક કવિતા ગાઈ છે તેમાં આગેવાનોના કૃત્યો અને સૈયદો તેમજ કાકાઓને જે પૈસા આપવામાં આવે છે તેનો કેવો દુરુપયોગ થાય છે એ બતાવ્યું છે. ઠરાવ પસાર કરવાની મતલબ એ એક જ કવિતામાં સમાઈ જાય છે, તે પદ્યમાં ઉતારી શ્રોતાઓનું ઠરાવ તરફ ધ્યાન ખેંચવાથી મુખપાઠ થઈ જતાં હંમેશા આગેવાનોના કાર્યો તરફ દષ્ટિ રહ્યા જ કરે એ સ્વાભાવિક છે. એકંદરે જોતાં ભાઈ ભાણજીએ લીધેલો પરિશ્રમ ઘણે અંશે કાર્ય સાધક લેખાય.

સ્વામી રેવાનંદજીએ છેલ્લા દિવસે શરૂઆતમાં પરમાત્માને નમસ્કાર કરી પોતાના થયેલા કચ્છ કડવા પાટીદારોના સ્વભાવનું બ્યાન આપી તે વિશે જે જે વાતો સભામાં ચર્ચાઈ ગયેલી અને સઘળાના અનુભવની હતી તેજ કહી દીધી છે એટલે સ્વામીજીએ પોતા તરફથી કંઈ નવીન જાણવા જેવી હકીકત શ્રોતાઓને કહી નથી. ઉપદેશના રૂપમાં આંધળા અને ઠગની વાર્તા કહી સંભળાવેલી અને તે કેટલે અંશે જ્ઞાતિના ભોળા પુરૂષો અને સૈયદો તેમજ કાકાઓ સાથે બંધ બેસતી આવે છે તે બતાવ્યું છે. દષ્ટાંત ઠીક છે વસ્તુસ્થિતિ સાથે ઉપમા અને ઉપમેય વધારે સ્પષ્ટ રીતે સમજાવ્યા હોત તો વધારે સારી અસર થાત. સ્વામીજી લાંબા વખતથી આ જ્ઞાતિની ઉન્નતિ અર્થે પ્રયાસ કરે છે અને હંમેશા કરે જ જશે એ પ્રકારનું અભય આપી તેમણે જ્ઞાતિને આભારી બનાવી છે એનો કાર્યવાહકોએ ખાસ વિચાર કરવો ઘટે છે. સ્વધર્મ એટલે શું અને તેના સિવાય મનુષ્ય જીવનનો કંઈ અર્થ જ નથી એ વાત સ્વામીજીએ શ્રોતાઓને જણાવાની જરૂર હતી, ધાર્મિક દષ્ટિએ મનુષ્ય અને પશુજીવનના ભેદ દર્શાવાની અગત્ય સ્વામીજીની ધ્યાન બહાર જ રહી છે એ ખેદયુક્ત છે. કદાચ વિષયને ચર્ચવાનો તેમને પુરતો સમય નહીં મળ્યો હોય એવી કલ્પના કરી શકાય છે. અધુરાં કાર્યો ઉકેલી લેવાની ધમાલમાં સ્વામીજીના જ્ઞાનોપદેશનો લાભ લેવાની તક પ્રમુખ સાહેબે જતી કરી છે એ તેમની કાર્યદક્ષતામાં ખામી બતાવે છે. ફંડ એકઠું કરવાની જરૂર અનિવાર્ય જ લેખાય અને તે તક સાધવામાં આવી છે. સ્ત્રી વર્ગનું એ તરફ ખાસ ધ્યાન ખેંચવા માટે **જમના બહેનને** ખાસ ધન્યવાદ ઘટે છે, શુભ સંસ્કાર અને ધાર્મિક ભાવનાઓ શું નથી કરી શકતી !

૭ મો ઠરાવ - મુડદાંને દાટવાને બદલે બાળવાનો અને

૮મો ઠરાવ - કડવા પાટીદાર પરિષદના પગલે ચાલવાનો પ્રમુખ તરફથી રજુ કરવામાં આવ્યા છે બંને ઠરાવો ઉપર વિવેચન કરવાની જરૂર હતી.

૯મો ઠરાવ - શ્રીમંત મહારાજા ગાયકવાડનું દીર્ઘાયુષ્ય ઈચ્છવાનો અને

૧૦મો ઠરાવ - જ્ઞાતિ ભક્ત સ્વ.કર્મવીર પુરૂષોતમભાઈ તંત્રીએ બજાવેલી જ્ઞાતિ સેવાની નોંધ લેવાનો, તેમના સ્મારક માટે કડવા પાટીદાર કોમે ઠરાવો પસાર કરવા છતાં કાંઈ કાર્યસાધક પગલાં લેવાયાં નથી તે માટે ખેદ પ્રદર્શિત કરવાનો અને મહાન જ્ઞાતિ સંસ્થાના મેમ્બરોને તે માટે ભલામણ કરી યથાશક્તિ કચ્છ જ્ઞાતિએ પણ મદદ

કરવાનો ઠરાવ પસાર થયો છે. આ છેલ્લો ઠરાવ નાયાભાઈ શીવજીએ રજુ કરેલો જેને રતનશીભાઈએ તથા યુવક મંડળના સેક્રેટરીએ ટેકો આપેલો છે. ઠરાવની આવશ્યકતા સમજાવાની ભાગ્યે જ જરૂર છે કારણ કે વીર જ્ઞાતિબંધુની જ્ઞાતિસેવાથી કોણ અજાણ્યું છે? પરંતુ કડવા પાટીદાર જ્ઞાતિના આગેવાનોને એ ઋણ અદા કરવાની ફરજ ક્યાંથી સમજાય ! એની સુપ્રસિદ્ધ ચારે દિશાની અડગ જ્ઞાતિ સેવા એજ તેનું સ્મારક દેખાય છે ! બાળલગ્નનો અધર્મયુક્ત રિવાજ જ્ઞાતિમાં જડ ઘાલી બેઠેલો તેને જડમૂળથી ઉખેડી નાંખવાનો એ ભાઈનો સતત પુરુષાર્થ અને તેના અંગે ઉપસ્થિત થતી પરિસ્થિતિને પહોંચી વળવાનો ખંત, અનુભવ, જ્ઞાન અને સારાસારનો વિચાર કરી કાર્ય સાધવાની વિવેક બુદ્ધિ અને શક્તિ તેમજ જ્ઞાતિ હિતમાં તદાકાર થઈ જવાની અને પોતાના સર્વસ્વનો ભોગ આપવાનો સેવાભાવ આજે બીજે ક્યાં દેખાય છે? જ્ઞાતિએ બીજા ક્યા પુરૂષમાં અને ક્યા કાળે અનુભવ્યો છે? એ મહાપુરૂષના કર્મયોગની ઝાંખી કડવા પાટીદાર જ્ઞાતિને બીજા ક્યા સંતાનમાં અને ક્યારે થશે એની તો અત્યારે કલ્પના પણ થઈ શકતી નથી. સમસ્ત કડવા પાટીદારની પરિષદે એ ભાઈની જ્ઞાતિસેવાના ઋણમાંથી મુક્ત થવા અને તેની સેવાની યાદગીરી કાયમ રાખવા માટે એક સ્મારક ઉભું કરવાના ઠરાવો કર્યા છે, પરંતુ કાર્યસાધક પગલાં ભરવામાં આવ્યાં નથી એ માટે કરાંચી પરિષદે જે ખેદ જાહેર કર્યો છે તે વિચારવા યોગ્ય છે જ. એવી જ રીતે વળી કોઈ મુંબઈ કે અમદાવાદી પરિષદ, કરાંચી પરિષદ માટે પણ ખેદ જાહેર કરે અને એજ વંશ પરંપરા ચલાવી આપણી કોમ પાટીદારીનું પદ જાળવી રાખે તો નવાઈ જેવું નથી ! મોટી પરિષદના પગલે ચાલવા પુરતા આશયથી જ કરાંચી પરિષદે એ ઠરાવ કર્યો નથી એવું જ્ઞાતિને દેખાડી આપવું હોય અને સદ્‌ગતની જ્ઞાતિ સેવાનું ઋણ અદા કરવાની જરૂર કચ્છ જ્ઞાતિને ગળે ઉતરતી હોય તો એ કાર્યના કાર્યસાધક પગલાં તેણે જ ભરી દેવાની પહેલ કરી અન્ય વિભાગના સમજુ અને ગૃહસ્થ જ્ઞાતિબંધુઓને બતાવી આપવા જોઈએ કે કરાંચી પરિષદે કરેલો ઠરાવ અંતઃકરણ પૂર્વકની લાગણીથી પસાર કરવામાં આવ્યો છે. અસ્તુ.

૧૧મો ઠરાવ - આગેવાનો જ્ઞાતિ પંચના પૈસાનો વહીવટ કરે છે. તેનો હિસાબ બહાર પાડવાની તેમને વિનંતી કરવાનો અને તેઓ તેમ કરે નહીં તો તેમની ન્યાયની કોર્ટમાં ખબર લેવાનો ઠરાવ સ્વાગત કમિટિના પ્રમુખ ભાઈ નાનજી પચાણે રજુ કરેલો પસાર થયો છે. આ ઠરાવનો અમલ કરવા માટે જોઈતા નાણાં અને માણસોની કાર્ય સાધક ગોઠવણ પરિષદે કરી છે. ઠરાવ તદ્દન સિધ્ધો અને ખાસ જરૂરી છે અને બિનતકરારી હોવા છતાં પણ જેના અંગે એ કાર્ય બજાવાનું આવે છે તેમણે શું કર્યું એ તરફ ધ્યાન ખેંચાય એ સ્વાભાવિક જ છે અને જ્ઞાતિ હિતેચ્છુઓ તેનો વિચાર કરશે જ.

૧૨મો ઠરાવ - પરિષદનો હેતુ બર લાવવા અને ઠરાવોનો અમલ કરવાની સત્તા કરાંચી યુવક મંડળના વ્યવસ્થાપકો અને પ્રમુખને આપવાનો ઠરાવ પસાર થયો છે એટલે તેમના માંથે એ ફરજ આવી છે તેનો જવાબ એ ભાઈઓ કેવા પ્રકારે આપે છે અને જ્ઞાતિ ઋણમાંથી મુક્ત થાય છે એ જોવાનું છે. પરિષદે જે ભાઈઓને સત્તા આપી છે તેનો એ અર્થ થાય છે કે પરિષદે તેમને પોતાના વિશ્વાસપાત્ર કિંવા ટ્રસ્ટીઓ ઠરાવ્યા છે. એ જવાબદારી કઈ રીતે ઓછી ગણાય?

છેલ્લા બે ઠરાવો સભાના અંગે જેમણે મદદ કરી હોય તેમનો આભાર માનવાના છે અને એ વિશે દર્શાવાની જરૂર હતી જ. પરિષદની બેઠકના કાર્યની પૂર્ણાહુતિ પ્રમુખ સાહેબે કરતાં ઉપસંહારમાં જે કહ્યું છે તેનો એ સાર છે કે

"જ્ઞાતિનું કાર્ય નિર્વિઘ્ને પાર પડ્યું છે એ ભગવતી ઉમિયાદેવીની કૃપા સમજું છું. સભામાં બોલનારે જાહેરમાં જે વિચારો દર્શાવ્યા છે તેમને ધન્યવાદ આપું છું. ઢેડ ભંગીની જ્ઞાતિમાં પણ સુધારા થવા માંડ્યા છે. જુવાનીઆઓના હૃદયમાં જ્ઞાતિ ભક્તિના અંકુરો ફુટ્યાં છે તેનું રૂડું પરિણામ આ પરિષદમાં દેખાય છે. હવે સૈયદો ઠગીને ખાઈ જાય એમ બનશે નહિ, આગેવાનો સાથે રહીને મેં ગેઢેરાપણું કર્યું છે, મારા અનુભવ પ્રમાણે હું કહી શકું છું કે જ્ઞાતિમાં શુદ્ધ ન્યાય નથી, થોડા જ આગેવાનો કલંક વગરના છે. પક્ષાપક્ષનું બંધારણ જબરજસ્ત છે. માતાઓ અને બહેનોએ ભાગ લેવાથી આપણો વિજય થયો છે અને એવી આ અપૂર્વ ગંજાવર સભા તો પહેલી જ છે, એક સંપ અને શુદ્ધ હૃદયના સંકલ્પો ધારેલું કાર્ય સાધી શકે છે." વગેરે.

પ્રમુખના છેલ્લા ઉદ્ગાર એટલે સભાજનોના મનનું સાંત્વન. પ્રમુખ સાહેબના ઉદ્ગાર મુજબ સભાનું કાર્ય નિર્વિઘ્ને પાર પડ્યું તે ખુશી થવા જેવું છે અને તે માટે કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે. ઉમિયાદેવીની કૃપા તો બેશક ખરી જ, કારણ માતા ઓછી જ પોતાના કોઈ ગંદા કે મેલા અને પાપી પુત્રને ખોળામાંથી ફેંકી દે છે ! એમ કરતાં માતાને તો પોતાના માતૃધર્મ કિંવા સંતાનો પ્રત્યેની મમતામાં ખામી આવતી દેખાય છે. જ્યારે તેના સંતાનો દુઃખથી પીડાય છે અને તેની સ્તુતિ કરે છે ત્યારે પોતાના દીન સંતાનોનું દુઃખ જોઈ સેંકડો બલ્કે હજારો હૃદયો, ભુજાઓ અને મસ્તકોમાં પ્રવેશ કરી તેમાં ઉન્નતિ સાધક બળ અને બુદ્ધિ પ્રેરે છે, કૃપા કરે છે, કષ્ટો દુર કરે છે અને તેમને અવળે માર્ગે જતા અટકાવી ધર્મ પંથે વાળે છે. દીન સંતાનોની કાકલુદી ભરેલી વાણી સાંભળી એ કુળદેવી સભાના દરેક કાર્યવાહકોમાં અદશ્યરૂપે પ્રવેશ કરે છે, જ્યાં તેમની ભુલ થવાનો સંભવ હોય ત્યાંથી પાછા વાળી સન્માર્ગે જવાની વિચાર શક્તિ બક્ષે છે, માત્ર હૃદયની શુદ્ધતા જ એ જુએ છે અને જ્યાં એ દેખાય ત્યાં કૃપા કરી પધારે છે જ, પરંતુ સંતાનો પોતાના ધર્મમાંથી ક્યારે મુક્ત થાય છે? સભા સમક્ષ ઉચ્ચારેલા શબ્દોને વળગી રહી પોતાના ભાગે આવેલી ફરજ અને ધર્મ બજાવે ત્યારે જ, નહીં તો એવા માતૃદ્રોહી-જ્ઞાતિદ્રોહી સંતાનોની અધોગતિ થાય છે, અતોત તો ભ્રષ્ટ સ્થિતિમાં કલંકિત જીવન પુરું થતાં અંતે નરકે જાય છે. તેમાં સત્ગોર ઈમામશા કે નરઅલી મહમદશાના ગજ વાગતા નથી. અધર્મના પૂંજ પાખંડી પીરાણા પંથના કલંકમાંથી અને તેના પોષક ગેઢેરાઓની જાળમાંથી છુટી જવાની સત્ય હકીકત પોતાના ભાઈઓની સમક્ષ કહેવામાં ઘણાઓને જોખમ સમાયેલું દેખાય છે અને તેથી જ પોતે જ્ઞાતિના સપુત પુત્રોને સાચી હકીકત બોલવા માટે ધન્યવાદ આપતા જણાય છે, ઢેડ ભંગીની નાતમાં પણ સુધારા થયા છે એ વાત તેમણે ઉચ્ચારી છે છતાં કડવા પાટીદાર જ્ઞાતિમાં સુધારા થઈ શકશે તેની ખાતરી એમનું હૃદય આપી શક્યું નથી એ કેટલા અફસોસની વાત છે ! ઈમામસેની સૈન્યના એ એક વખતના અનુભવી નાયકને પોતાના પુરાણા દોસ્તોના પરાક્રમ યાદ આવવાથી સત્ય હકીકત પ્રદર્શિત કરતાં ધ્રુજ વછુટી હશે? ખૂબી એ થઈ છે કે એક તરફથી એ પરાક્રમના તાજાં સ્વપ્નાં અને બીજી તરફથી પોતાને પ્રત્યક્ષ થતી જ્ઞાતિના સપુત યુવકોની તે સ્વપ્નાની સૃષ્ટિને જડમુળથી ઉખેડી નાખવાની શુદ્ધ ભાવના અને પુરૂષાર્થે તેમના મનને હાલક ડોલક સ્થિતિમાં લાવી મૂક્યું છે, એટલે તેમણે કરેલા ગેઢેરાપણાની સભા પાસે માફી માગી લેવાની જાગૃતિ આવેલી દેખાય છે. સૈયદો જ્ઞાતિને ઠગીને ખાઈ જાય એમ બનશે જ નહિ એવું કહેવાનો એ અર્થ છે કે જ્ઞાતિમાં જોઈએ તેવી જાગૃતિ છે, તેમના માનવા પ્રમાણે યુવકોએ પુરૂષાર્થ પણ સારો કર્યો છે પરંતુ તે કહેવા કરતાં તેને પોષવાનું કાર્ય કેટલું મહત્ત્વનું છે એ જણાવવું પ્રમુખ વિસરી ગયા છે, માતાઓ અને બહેનોએ પરિષદમાં ભાગ લેવાથી કોઈને સભાનું ગંજાવરપણું દેખાયું હોય અને વિજય પ્રાપ્ત થયેલો જણાતો હોય તો એ વાત પણ માલ

વગરની જ છે. સ્ત્રી વર્ગની મદદ જ્ઞાતિ હિતના કાર્યોમાં જરૂરની ખરી પરંતુ તે વર્ગને ઉન્નત કરવા તેમના હિતાર્થે પરિષદે શું કર્યું છે? પૈસા કઢાવવાનું જ કે બીજું કંઈ ! જ્ઞાતિમાં સ્ત્રી વર્ગની કેવી કફોડી સ્થિતિ છે એનો ખ્યાલ ગેઢેરાપણું કરી આવેલા પ્રમુખ સાહેબ અને શ્રોતાઓને હોવો જ જોઈએ. એક સંપ અને શુદ્ધ હૃદયના સંકલ્પો ધારેલું કાર્ય સાધી શકે એ વાત ઠીક છે, પરંતુ માત્ર વાતો કરવાથી જ કે ભાષણો કરીને બેસી રહેવાથી એક સંપ થઈ જતો નથી અને ધારેલા કાર્ય સાધી શકાતા નથી. પ્રમુખ સાહેબ એ વાત તો જાણતા જ હશે કે જ્યાં સુધી મન, વચન અને કર્મે કરી પીરાણા ધર્મ કે પંથને ઉત્તેજન આપવાના કાર્યથી અલગ રહેવાય ત્યાં સુધી એક માણસની ભક્તિ નિષ્કલંક ગણાય અને તે પંથને જ્ઞાતિબંધુઓ કોઈ પણ પ્રકારે વળગી રહે એવી ભાવના પણ જેનામાં હોય તેની જ્ઞાતિ સેવા જુઠ્ઠી, બુઠ્ઠી અધમ અને માન ખાટવા પુરતી જ એટલે કૃત્રિમ લેખાય.

જ્ઞાતિ સુધારાના કાર્યમાં આગળ પડતો ભાગ લઈ પોતે જ્ઞાતિ સેવા કરવાની જે તક સાધી છે એ લાભ કોઈ પણ રીતે પોતે જવા દેશે નહિ. યુવક વર્ગ અને જ્ઞાતિએ તેમનામાં શ્રદ્ધા રાખી જે માન ભરી દષ્ટિએ તેમના પ્રત્યે પૂજ્યભાવ દર્શાવ્યો છે એનો બદલો પોતે યોગ્ય રીતે આપી જ્ઞાતિને અન્યાય કરવાના અઘોર પાપમાંથી મુક્ત થશે અને સભાએ જે જે ઠરાવો કર્યા હોય તેને અમલમાં મુકવા પોતાના હિતનો કદાચ ભોગ આપવો પડે તેમ હોય તો તે આપીને પણ એક પવિત્ર ફરજ અદા કરવાની માણસાઈ જરૂર બતાવી આપશે. અસ્તુ

ઉપસંહાર

પરિષદમાં ચાલેલા કામકાજ તેમજ પસાર થયેલા ઠરાવો અને ભાષણોનું અવલોકન કરી ગયા. આપણી કોમ મોટે ભાગે અજ્ઞાન હોવાથી કેટલીક જગ્યાએ વિષય અને હેતુઓ સમજાવા માટે લેખને અનુવાદનું રૂપ આપવું પડ્યું છે અને તેમ કરતાં જ્ઞાતિહિત સાધવાનો હેતુ જલદી બર આવે એ ખાતર શુદ્ધ ભાવના રાખી ટકોર કરવાની પણ છુટ લીધી છે. ભાષણ કર્તાના વિચારો તરફ માત્ર સંમતિ દર્શાવીને જ બેસી રહેવું, કિંવા તેની હાએ હા કરવી એ એક પ્રકારનું જેમ દૌર્બલ્ય છે તેમ કોઈને ઉતારી પાડવા કે ચડાવી દેવાની ભાવના પોષવા, તાણી તોષીને પણ કોઈની ખોટી પ્રશંસા કે નિંદાયુક્ત ટીકા કરવી એ પણ દ્વેષ, ઈર્ષ્યા અને કુસંપના જ્ઞાતિમાં બીજ રોપવા સમાન છે અને તેના જેવું બીજું કોઈ પાપ નથી, તેમ છતાં પીરાણાપંથના કલંકમાંથી મુક્ત થવું એ પરિષદનો મુખ્ય ઉદ્દેશ હોવા છતાં જરૂર પુરતી જ પીરાણાધર્મની છેડ કરી છે. જે ધર્મમાં પવિત્ર દેવ દેવીઓ અને આર્યસંતાનોની નિંદા જ કરી હોય, બિસમિલ્લા નર રહીમના કલમા પઢાતા હોય, ખુદ જેના આચાર્યો જ માંસાહારી સૈયદો હોય, રોજા અને કબરોને પગે લાગવાનું હોય, ઘટપાટના ષડયંત્રોમાં માત્ર હિન્દુઓને પોતાના ધર્મથી વંચિત કરી દેવાના જ ઘાટ ઘડાયા હોય તેને કોઈ હિન્દુધર્મ તરીકે ઓળખાવા માગે તો લેખકો કેટલી છુટથી તેની ટીકા કરી શકે એ વાતનો જેને પાકો ખ્યાલ હશે તેને તો આ અવલોકનમાં ટીકા કર્યા જેવું કંઈ લાગશે જ નહિ. આ પ્રસંગ પીરાણાધર્મ એ હિન્દુધર્મ નથી એ વાતની પોલ બતાવાનો નથી પરંતુ આપણી જ્ઞાતિમાંથી એ સત્વર દૂર થાય એ ખાતર વ્યક્તિગત ભાષણનું અવલોકન કરવામાં આવ્યું છે અને તેમાં પણ યોગ્ય કાળજી રાખી છે. વળી આપણે એકબીજાના દોષ શોધ્યા કરીશું ત્યાં સુધી ઐક્ય અને પ્રેમની વૃદ્ધિ કરી શકીશું નહિ. એ વાત પણ મારી સમજમાં બહુ અગત્યની દેખાય છે. છતાં દૌર્બલ્ય કિંવા ભીરૂતાને વશ થઈ સત્ય હકીકત છુપાવી રાખવાની કોઈ બુદ્ધિવાન પુરૂષ ઈચ્છા રાખે જ નહિ એ તો સ્પષ્ટ છે જ.

૭. પીરાણાપંથી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિવર્ગ અને કરાચી પરિષદના રિપોર્ટનું અવલોકન - વર્ષ 1922

વસ્તુ સ્થિતિનું યોગ્ય સ્વરૂપ આપણને જ્યાં સુધી સમજાય નહિ ત્યાં સુધી મતભેદ મટી શકતો નથી એટલે પ્રમાણિક મતભેદ હંમેશા રહેવાનો જ. પરંતુ જાણી જોઈને સત્ય વસ્તુ સમજાયા છતાં માત્ર પોતાના જ વિચારો પ્રદર્શિત કરાવા અને તે અમલમાં મુકાયેલા જોવાની ગેઢેરા તરફની અપ્રમાણિક ખેંચતાણ થાય છે તે કેવળ અનિષ્ટ કાર્ય છે એટલા માટે ડાહ્યા પુરૂષોએ જ્ઞાતિ હિત સાધવાના પુરૂષાર્થમાં જ હંમેશાં વળગી રહેવું જોઈએ અને જે યોજના કિંવા કાર્ય વિશેષ ફળદાઈ દેખાય તેનો સત્વર અમલ કરવા અને કરાવા તરફ પોતાની સહાનુભૂતિ રાખવી જોઈએ. પીરાણાના અર્ધદગ્ધ પંથે ચઢી હાથે કરીને આપણે જે અધોગતિ માગી લીધેલી તેનો આજે આપણને પેટ ભરીને પસ્તાવો થાય છે. આપણે મુમના જેવા દેખાઈએ છીએ કિંવા બીજી હિન્દુ જ્ઞાતિઓ આપણું નાક કાપે છે એટલા જ ખાતર જો આપણને પસ્તાવો થતો હોય તો આજે પણ આપણી જડતા મટી નથી એમ માનવું જોઈએ અને તે મટાડવા બુદ્ધિના વિકાસ અર્થે પુષ્કળ માનસિક ઉદ્યોગ કરવાની જરૂર છે એમ આપણે સમજવું જોઈએ. પશુ જેવી અજ્ઞાન દશામાંથી નીકળી બુદ્ધિનો ઉપયોગ કરતાં જ્યારે આપણે શીખીશું ત્યારે જ પીરાણા ધર્મ એ હિન્દુધર્મ નથી એવું સમજાયા ઉપરાંત પાપ અને પુણ્ય, ધર્મ અને અધર્મ, ઉંચતા અને નીચતાના ભેદ આપણા સમજવામાં આવ્યા હશે પરંતુ જ્યાં સુધી મનુષ્ય અને પશુ જેવા વહેવારના ભેદ આપણા સમજવામાં નહિ આવ્યા હોય ત્યાં સુધી કોઈ કાળે આપણી દુઃખદ અધોગતિ મટનારી નથી, પછી ભલે આપણે મોટા મોટા કોન્ટ્રાક્ટરના બિઝનેસ કરતા હોઈએ કિંવા લાકડાં વહેરીને પેટ ભરતા હોઈએ. કેટલાક બુદ્ધિશાળી ભાઈઓને આજે જે ખેદ થાય છે તે એ છે કે આપણા ભોળા ભાઈઓ અત્યાર સુધી જ્ઞાતિને પીરાણાના ગુપ્ત માર્ગમાં ઘસડી જવાની દુષ્ટ અભિલાષા અને યોજનાને પુરેપુરી સમજ્યા નથી અને જે કોઈ સમજવા પ્રયત્ન કરે તેના ઉપર ગેઢેરાઓનું એટલું દબાણ હોય છે કે તેઓ પોતાના મત પણ દર્શાવી શકતા નથી ! અન્ય જ્ઞાતિના સહૃદય ગૃહસ્થોને આ માન્યતા કંઈક અતિશયોક્તિ ભરેલી લાગશે પરંતુ મારી તેમને વિનંતી છે કે :-

તેમના પ્રસંગમાં જે જે પીરાણા પંથી કોન્ટ્રાક્ટર કિંવા મજુર આવે તેને પુછીને જ ખુલાસો કરી લેવો. હિન્દુપણાના સંસ્કાર તેમનામાં કેટલા છે એ તો વાત કરતાં જ સમજાશે અને કોઈ પણ હિન્દુધર્મના અનુયાયીના હૃદયને ચીરી નાંખનારી ઘટપાટની ક્રિયા અને કલમા પઢતાં એ અર્ધદગ્ધ કડવા પાટીદારની કરોડરજ્જૂ દશોંદના લાગા ભરી ભરીને કેટલી લચી ગઈ છે એનો તરત જ ખ્યાલ આવશે. વળી એક શુદ્ધ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી ટળી જઈ ન હિન્દુ ન મુસલમાન જેવી દશા પ્રાપ્ત કરવાનો સત્ગોર ! સૈયદ ! પાસેથી ચાંદ મેળવવાની અને પીરાણાના રોજાની મિલ્કત ઉપર હક્ક ધરાવાની તેની લાલસા કેટલી જીવતી જાગતી છે એ પણ જણાઈ આવશે. છેવટે આપને સંતોષ પણ થશે કે એ દુઃખદાયક સ્થિતિ કેટલા ડાહ્યા પુરૂષો સમજ્યા છે અને તેમાંથી બહાર નીકળી પોતાની કોમને નિષ્કલંક કરવા પુરૂષાર્થ પણ કરી રહ્યા છે. અસ્તુ.

એ પુરૂષાર્થ એટલે શું? માનસિક ઉદ્યોગ મુંબઈના યુવક મંડળે મુંબઈ અને વિરાણીમાં અને કરાંચીના યુવકોએ કરાંચી સ્થળે એ ઉદ્યોગ આરંભ્યો તેના પરિણામે અનેક સભાઓ થઈ અને રિપોર્ટો છપાયા, આ લેખ પણ એજ ઉદ્યોગના પરિણામનું રૂપક છે. મન, વચન અને કર્મે કરી કચ્છ દેશના કડવા પાટીદારો રાજભક્તિ દર્શાવતા આવ્યા છે એ વાત મહારાવશ્રીની જાણ બહાર હોઈ શકે નહિ, પરંતુ આપણા જેવી મહેનતુ અને તેમની ભોળી અજ્ઞાન પ્રજાના સુખાર્થે મહારાજા શું કરી શકે એ વાત જો ઠરાવ દ્વારા આપણે તે નામદારના લક્ષ ઉપર મુકી હોત તો

કંઈ અયોગ્ય લેખાત નહિ. વિરાણી સભામાં ભાઈ લધા વિશ્રામે ખુદાવિંદની હજુરમાં આપણા દુ:ખો જણાવી કંઈક મુક્તિ મેળવી શકાય તેમ છે એવા વિચારો દર્શાવેલા છે તે કરાંચી પરિષદ ગ્રહણ કરી શકી નથી, કાર્યવાહકોની જાણ બહાર એ વાત રહી ગઈ છે જે ભવિષ્યમાં સુધારી લેવાની જરૂર છે. બાળલગ્નો હાનીકારક છે એટલે દરેક કોમ તેને તજી દેવાને આગ્રહ ધરાવે છે પરંતુ તેનું બુરામાં બુરું પરિણામ તો કડવા પાટીદાર કોમ જ આખા જગતમાં ભોગવી રહી છે. જે વાત તદ્દન સાચી છે. આપણે સમજ્યા છીએ છતાં એ પ્રકારના રીતરિવાજમાં ફેરફાર કરી શકતા નથી અને દીકરા દીકરીઓના અંતઃકરણના શ્રાપ લીધે જ જઈએ છીએ એ શું આપણા મનની ઓછી કંગાલિયત દર્શાવે છે? વરકન્યાની યોગ્યતા આપણે વિચાર્યા સિવાય વડીલો કિંવા ગેઢેરાના બોલ ઉપાડી લેવાની ખાતર જ અયોગ્ય જોડાં જોડી કજોડાં કરીએ છીએ એ શું આપણા મનની ઓછી નબળાઈ છે? એ તે ધર્મ છે કે અધર્મ? આપણે પેદા કરેલા ધન કિંવા રાચરચીલા જેવી જડ વસ્તુઓનો આપણે જેમ ભાવતો ઉપયોગ કરીએ છીએ તેમ પુત્ર પુત્રીઓના સંબંધમાં કરતા બંધ થઈએ ત્યારે જ, “ કણબી પશુ મટી માનવી ગણાય. ” ખોટી લાજુ રાખવા જતાં માબાપ પોતાના સંતાનો પ્રત્યેનો ધર્મ ભુલી જાય છે અને મુંગા મોંઢાથી પણ બીકણ બની એકબીજાની પાછળ જ જવાની નબળાઈ બતાવે છે ! કેટલાક રિવાજનું કારણ માની લે છે ! પરંતુ રિવાજ આપણા માટે છે. આપણે નઠારા રિવાજને જીવતો રાખવા જન્મ્યા નથી. જે કાળે જે વર્તન આપણને યોગ્ય લાગે તેનું નામ જ રિવાજ રિવાજને જન્મ આપવો કિંવા તેને દફે કરવો એ આપણી મનસુફીની વાત છે. આપણે કંઈ રિવાજના ગુલામ નથી તેમજ કોઈ રિવાજ ઉપર આજીવિકા ચલાવનારાના આપણે કંઈ વેચાણ નથી, એટલે દેશકાળને યોગ્ય આપણને હિતકર્તા રિવાજો બાંધીએ કિંવા અહિતકર્તા રિવાજોને દફે કરીએ તેમાં કંઈ પાપ નથી પરંતુ એજ ધર્મ છે. બાળલગ્નની પ્રથા ચાલુ રહી તેમ મરણ પાછળ માબાપનો દાડો કરવાના રિવાજનું પુંછડું પણ આપણે એટલા જ જોરથી પકડી રાખ્યું ! ગીરાસ ચાસ ગીરો મુકાય ! ઘર તડકે થાય ! અને તેથી ખારાં પાણી જંગવાં પડે તો પણ માબાપનો દાડો તો કરવો જ પડે અને ત્યારે જ ઈજ્જતુ રહે ! કેટલી ગજબ મૂર્ખાઈ ભરેલી આ માન્યતા લેખાય ! અનુભવસિદ્ધ એ મૂર્ખાઈ ઘસારે ઘસારે ઓછી થતી આવે છે પરંતુ આગેવાનો જબરાઈએ દાડો કરાવતા બંધ થઈ જાય એ ઉપાય યોજવાની તત્કાળ જરૂર છે. એક ભાઈએ એમ કહ્યું છે કે જમાડનારને જો પુન્ય થતું હોય તો જમનાર મરનારનું પાપ ખાય છે ! વળી બીજું એવું જ સત્ય એ છે કે મરણ પાછળના શાસ્ત્રવિરુદ્ધ અને ઘર તડકે કરાવનારા જમણ જમનાર-મરનાર અને તેના વારસોના લોહીના લાડુ જમે છે એટલે મરણ પાછળના જમણ નહીં જમવાની પ્રતિજ્ઞા તો દરેક સમજુ ભાઈએ લેવી જ જોઈએ. ઘણા ભાઈઓ આ વાત સમજ્યા છે અને સાથે પ્રતિજ્ઞા પણ કરી લેશે તો જ્ઞાતિનું વહેલું શ્રેય થશે.

વિદ્યા પ્રાપ્ત કરવાની જરૂર જ્ઞાતિને સમજાઈ ચૂકી છે “ ભણાવીએ તો ઉતરી જાય ” એવી માન્યતાવાળા તો બાજરામાં કાંકરા જેટલા પણ નથી એટલે એ વાતની આપણે ભીતી રાખવાની નથી. વિદ્યા પ્રાપ્ત નહીં થઈ શકવાનું સત્ય કારણ આપણી ગરીબાઈ છે. કામ ધંધો કરવાને યોગ્ય ઉંમરે પહોંચ્યા પહેલાં બાળકો પાસેથી કામ લેવાની જરૂર ઉભી થાય છે? આ વાત જેટલી દયા અને કરૂણાજનક સ્થિતિ બીજી કઈ હોઈ શકે? રાજા અને પ્રજાને પોષનારી મહેનતુ પણ ઘેટાં જેવી મુંગી પ્રજાની કોણ દયા ખાય ! આપણી મુક્તિના બે માર્ગ છે. કાં તો આપણે જમાનાને યોગ થવું કિંવા આપણે માટે યોગ્ય જમાનો બનાવવો. જમાનો ઘડવાની શક્તિ આજે આપણામાં રહી નથી એટલે જમાનાને યોગ્ય આપણે બનવાનું છે અને એટલા માટે જ વિદ્યા અવશ્યે પ્રાપ્ત કરવી જોઈએ. અયોગ્ય ખર્ચો બંધ કરી આપણે યોગ્ય કરકસર કરી આપણી આર્થિક સ્થિતિ સુધારવી અને કાકા, સૈયદો કે આગેવાનોના અર્થે લાગા

અને દશોંદના દોકડા ગંગવા કૂવામાં નહીં નાખતા પોતાની કોમના પુત્ર પુત્રીઓના હિતાર્થે વાપરવાની બુદ્ધિપૂર્વક યોજનાઓ ઘડવી અને વળી બાળકો પાસેથી કામ લેવાના સંયોગો જે માબાપને ખડા થતા હોય તેમનો પણ તેમાં વિચાર કરી લેવો આ કાર્ય અજ્ઞાન દશાવાળાને પહાડ જેવું મોટુ દેખાશે પરંતુ સહૃદય બુધ્ધિવાન પુરુષો તેને સામાન્ય જ લેખશે નાતજાતની પટલાઈ કરનારા આગેવાનો તો દરેક ઠેકાણે હોય જ છે પરંતુ અખઈ મુખી અને કરમશી જેવા ગેઢેરાઓ ભાગ્યે જ બીજે હશે ! કચ્છ જ્ઞાતિ માટે એટલું તો ચોક્કસ છે કે છઠ્ઠા ઠરાવનો જો યોગ્ય અમલ થાય તો ઘણું ખરું દુઃખ ઓછું થઈ જાય. મડદાંને દાટવાને બદલે બાળવાના ઠરાવ સાથે પીરાણા પંથનું કલંક ટાળી દેવાનો ઠરાવ જોઈએ તે પરિષદ કરી શકી નથી એ ઉપરથી સમજાય છે કે નામચિન્હ ગેઢેરાઓની જ્વાળામુખી ફુંક મુંબઈ જેટલે દુર તો નહિ પરંતુ કચ્છથી કરાંચી સુધી તો પહોંચી શકી છે. સ્વાગત મંડળથી માંડીને સ્વામી રેવાનંદજી સુધીના વક્તા પૈકી કોઈ પીરાણા પંથને લીધે થતી અધોગતિનું ભાન કરાવાની હિંમત કરી શક્યા નથી એના જેવું ખેદયુક્ત બીજું એક પણ નથી, પછી ભલે તે વક્તાઓની ખામી હોય કે શ્રોતાઓની સાંભળવા તરફ નારાજી હોય પરંતુ રિપોર્ટ ઉપરથી એટલું તો સહેજે પ્રતિપાદન થઈ શકે છે કે **કરાંચી પરિષદનો ઉદ્દેશ ગર્ભમાં જ રહ્યો છે.**

બંધુઓ ! પીરાણાના પાખંડી કલમા પઢતા રહી આપણાં બાળ બચ્ચાંને દેશી ખ્રિસ્તીઓની જાત નાતમાં ભળવાનો વારસો આપતા જઈશું કે કડવા પાટીદાર કોમને યોગ્ય સન્માન મળે તેવા સંસ્કારોથી આપણે તેમને વિભુષિત કરી ઉતરી જવાના રસ્તામાંથી મુક્ત કરતા જઈશું? આપનું અંતઃકરણ શું કહે છે? અંતરનો અવાજ ખોલો અને તમારી પ્રબળ ઈચ્છા શક્તિને એટલી છુટથી વહેવા દો કે જેથી પીરાણા પાખંડની જ્ઞાતિમાંથી જડ ઉખડી જાય અને ખાનાંઓના ભુતને દફે કરી નાખે ! સ્વાર્થમુલક ખળભળાટના પડદા નીચે છુપાઈ રહેલા તમારા પુરૂષાર્થને વધારે જોશથી પ્રદિપ્ત કરો અને જુઓ કે તેના એક જ સપાટે ગેઢેરાઓના અંધ સ્વાર્થ અને કુકર્મોનો અંત આવી જાય છે ! પરંતુ એટલું યાદ રાખજો કે તમારે કાર્યવાહકોમાં તો ઐક્ય અને પ્રેમની જ્યોત બુઝાવા દેવાની નથી, એના વગરની તમારી સાધના કોઈ દિવસ ફળીભૂત થશે નહિ. બીજું પણ કહી લઉં કે ઘણીવાર તમારા કાર્યો અને વિચારોના અજ્ઞાન બંધુઓ ભાવતા અર્થ કરશે, કદાચ થાકી જવાશે, ખુણે પડ્યું રહેવું પડશે કિંવા નાત બહાર થઈ રહેવાના સંયોગો પણ ખડા થશે પરંતુ તમે મનશા, વાચા અને કર્મણામાં બની શકે તેટલું ઐક્ય જ બતાવજો. પવિત્ર ભાવનાનો કદી નાશ થતો જ નથી એ વાત તમે જરૂર સત્ય માનજો, કેટલીયે પેઢીઓના મહાપાપ તમારે ભષ્મ કરવાના છે તેનો વિચાર કરી જોજો, પરોપકાર બુદ્ધિ અને સત્યનિષ્ઠાથી આદરેલો પુરૂષાર્થ હંમેશા વિજયી નીવડે છે એ વાતમાં શ્રદ્ધા રાખજો, તમારી ઉન્નતિને અંતરાયરૂપ રિવાજો કિંવા વિચારોને દફે કરવા તમે જાતે તમારી રહેણીકરણીમાં ફેરફાર કરજો.

સ્વામી રામતીર્થજી કહે છે કે :-

"પરિવર્તન એટલે ફેરફાર એ સૃષ્ટિનો ઉગ્ર મંત્ર છે એટલે પરિવર્તન કરો નહિ તો મરો. તમારા નસીબના સ્વામી તમે જ છો, તમારે જોઈએ તો ભય અને નરકની અંદર અથડાતા નીચ ગુલામો રહો અને જોઈએ તો જન્મ સિદ્ધ હક્કનો વૈભવશાળી મુકુટ ધારણ કરો તમારે ફાવે તે તમારી યોગ્યતા પ્રમાણે પસંદગી કરો."

ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ



અમદાવાદ
ઢાલગરવાડમાં આવેલા શ્રી અંબિકા વિજય પ્રીન્ટિંગ પ્રેસમાં
પટેલ લક્ષ્મીચંદ હીરાચંદે છાપ્યો

જ્ઞાતિ ભાઈઓના હિતાર્થે બહાર પડે છે !

હિન્દુધર્મના નામે ચાલતા

પીરાણા ધર્મની પોલ

એ નામનું પુસ્તક અમારા તરફથી બહાર પાડવામાં આવનાર છે. સનાતન હિન્દુ પ્રજાને પોતાનો ધર્મ તજી દેવરાવી પીરાણા ધર્મમાં પાળવા માટે અને પીરાણા ધર્મ મુસલમાની ધર્મ જેવો નથી એવું દેખાડવા માટે તે ધર્મના અધ્યાપકો, ધર્મગુરૂઓ, કાકાઓ અને નેતાઓએ હિન્દુ ધર્મમાં પ્રસિદ્ધ રીતે મનાતા અવતારો, મહાપુરૂષો અને દેવદેવીઓને પોતાના પંથમાં ઘુસાડી તેમના નામે અનેક પ્રકારના ગપગોળા અને ખોટી વાતો ફેલાવી છે અને તેમ કરીને સદરહુ ધર્મના પ્રસિદ્ધ અપ્રસિદ્ધ પુસ્તકો, પાઠો અને વ્યાખ્યાનોમાં હિન્દુ ધર્મમાં મનાતી, પવિત્ર વ્યક્તિઓને એવી તો અપવિત્ર અને અઘટિત રીતે વર્ણવામાં આવી છે કે જે સાંભળીને કોઈપણ હિન્દુ ભાઈનું હૃદય દ્રવિત થયા સિવાય રહે જ નહિ.

કચ્છ દેશમાં અને તેમાં પણ જે જ્ઞાતિમાં મારો જન્મ થયો છે ત્યાં આ ધર્મની પોલ ચલાવી પીરાણા ધર્મના ઉપાધ્યાયો સેંકડો વર્ષોથી દર વર્ષે હજારો રૂપિયા લુંટી ખાય છે એટલું જ નહિ પણ આડકતરી રીતે આગેવાનો મારફત જ્ઞાતિમાં ત્રાસ વર્તાવી ગરીબ વર્ગ પાસેથી પણ દર વર્ષે પૈસા કઢાવાનો ઉદ્યોગ ચલાવતા આવ્યા છે અને અમારી શુદ્ધ ક્ષત્રિય વર્ણને ન તો હિન્દુ ન મુસલમાન એવી અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ સ્થિતિમાં ડુબાવી રાખવાનો પ્રયાસ કરે છે જેના ભયંકર પરિણામોએ અમારા જીવન ઉપર અસર કરી અમારી જ્ઞાતિને દુ:ખદાયક સ્થિતિમાં લાવી મુકી છે. અનેક જગ્યાએ અમારી માફક જ અન્ય જ્ઞાતિઓની સ્થિતિ પણ આ પીરાણા ધર્મે કરી મુકી છે જે ઉપરથી આવું પુસ્તક બહાર પાડવાની કેટલી આવશ્યકતા છે તે તો જેમણે પીરાણા ધર્મ સંબંધે કાંઈપણ જાણ્યું હશે તેને સમજાયા સિવાય રહેશે નહિ.

આ પુસ્તકમાં પીરાણા ધર્મની ઉત્પત્તિ તથા તે ધર્મની રીતે જન્મથી મરણ પર્યંત તેના અનુયાયીઓ માટે કરવામાં આવતી ક્રિયાઓ, ઈમામશાહનો વંશ, ઘટપાટની ક્રિયાઓ અને એલમો તેમજ કલમાઓમાં આર્ય વ્યક્તિઓને ઘુસેડી હિન્દુ ભાઈઓને ઉંધે રસ્તે દોરી પોતાના પંથમાં વટલાવવા માટે તેના અધ્યાપકોએ જે જે નીચ યુક્તિઓ રચી છે તેનું યથાર્થ વર્ણન આપી અમારા હિન્દુ ભાઈઓને તેની પોલ સ્પષ્ટ રીતે સમજાય તેવા દરેક પ્રયત્ન કરવામાં આવ્યાથી આ પુસ્તક એક અત્યુપયોગી થઈ પડવાનો સંભવ છે.

કચ્છ દેશમાં નેત્રા ગામના એક કેશરા પટેલ કે જેમણે પીરાણા ધર્મને છોડી સ્વામીનારાયણ પંથનો સ્વીકાર કર્યો હતો તેમને વટલાવી પોતાના ધર્મમાં જ રાખવા ખાતર પીરાણા ધર્મને માનનારા વર્ગે જે જુલમ અને ત્રાસ વર્તાવ્યો હતો તેનો હૃદય ભેદક પ્રસિદ્ધ બનાવ પણ આ પુસ્તકમાં યોગ્ય સ્થળે આવશે. પુસ્તક સંબંધી બીજી માહિતી નીચેના ઠેકાણેથી મળશે.

લેખક - નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાકટર (મીસ્ત્રી)
ઠે. ઉમરશી રાયશીના કમ્પાઉન્ડમાં,
ઘાટકોપર (THANA)

દેશ પરદેશમાં સ્થપાયેલાં
શ્રી કચ્છ કડવા પાટીદાર યુવકમંડળોના કામકાજનું

અવલોકન

શ્રી અંબિકા વિજય પ્રિન્ટીંગ પ્રેસમાં **પટેલ લક્ષ્મીચંદ હીરાચંદે છાપ્યું.**
ઢાલગરવાડ-અમદાવાદ

દેશ પરદેશમાં સ્થપાયેલાં
શ્રી કચ્છ કડવા પાટીદાર યુવકમંડળોના કામકાજનું

અવલોકન

કરાંચીના જ્ઞાતિ સુધારક ભાઈઓ તરફથી ખુલ્લો પત્ર છપાઈને બહાર પડ્યો અને તે ખુલ્લા પત્રનું અવલોકન મારા તરફથી છપાઈને બહાર પડ્યું છે. ત્યારબાદ મુંબઈ, કરાંચી અને વિરાણીવાળા યુવક મંડળો તરફથી જે પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેની જાણવા જોગ હકીકતની આ સમાલોચના એટલા માટે કરવાની જરૂર છે કે દેશ વિદેશમાં રહેતા આપણા કડવા પાટીદાર જ્ઞાતિ ભાઈઓને જ્ઞાતિસુધારાની હિલચાલનું મહત્ત્વ અને જરૂરીયાત સમજાય અને જ્ઞાતિહિતના કાર્યમાં પોતાથી બનતો ફાળો પણ આપે એજ આ લેખનો હેતુ છે.

કચ્છ વિરાણીમાં આપણા યુવક મંડળના સાહસિક અને ઉત્સાહી વીરો પોતાથી બનતી જ્ઞાતિ સેવા શુદ્ધ હૃદયથી કરે જાય છે પરંતુ તે મંડળ પાસે લેખો અને હેવાલો પ્રસિદ્ધ કરવાનું - છપાવવાનું - સાધન નહીં હોવાથી તે મંડળના કેટલાક સ્તુતિપાત્ર કાર્યોની નોંધ જ્ઞાતિના ઘણા ભાઈઓ લઈ શકતા નથી. દેશમાં જ્ઞાતિના જુલમગાર આગેવાન ગેઢેરાઓના ત્રાસમાંથી ઘણા અજ્ઞાન જ્ઞાતિ ભાઈ-બહેનોને બચાવાનું કાર્ય વિરાણીના યુવકો કરી રહ્યા છે એ બીજા યુવક મંડળો કરતાં તેમની પ્રતિષ્ઠામાં વધારો કરનારું ગણી શકાય પરંતુ તે સાથે વિરાણી ગામના આગેવાન પટેલો અને જ્ઞાતિમાં પંચાત કરનારા વયોવૃદ્ધ વડીલોની પણ તે મંડળના યુવકોને સહાય છે એ વાત પણ કહેવી જોઈએ એટલે વિરાણી ગામના જ્ઞાતિના વડીલો સમજુ અને પોતાની ફરજ સમજનારા છે અને તે વખત આવે અદા પણ કરે છે અને વિરાણીના યુવક મંડળને પ્રસંગોપાત મદદ કરતા આવ્યા છે એ વાત સહુ કોઈની જાણમાં જ છે. વિરાણીના યુવક મંડળ અને ત્યાંના આગેવાનોની એક દીલી અને સ્વજ્ઞાતિના ભાઈબહેનો પ્રત્યેની લાગણીથી હમણાં બે એક માસ ઉપર એક નિર્દોષ બાળાનો ભવ બિગડતો અટકી ગયો છે. દેશમાં જે જુલમગાર આગેવાનો છે અને ગેઢેરા જેવા છે તેમના હાથે તે બગડવાનો પૂરો સંભવ હતો, આ બાઈને ફસામણ ઉભી કરાવામાં તેમને હરામના પૈસા મળવાના હતા તે યુવક મંડળના ઉત્સાહી ભાઈઓ અને તે બાઈના મામાના બળ પ્રતાપે અટકી ગયા છે અને તે નિર્દોષ ગાય જેવી બહેન કસાઈ જેવા કામ કરનાર ક્રુર કસાઈ આગેવાનોના ફંદામાંથી છુટી થઈ પોતાની ઈચ્છાપૂર્વક સુખી થઈ શકી છે. આ બનાવ માટે પ્રભુનો પાડ માનતાં તે બાઈનું હૃદયબળ અને યુવક મંડળની જાહેર હિંમત પણ ખરેખર સ્તુતિપાત્ર છે એ ભુલવું જોઈએ નહીં. ખરેખર તેમને ધન્યવાદ ઘટે છે. કચ્છ દેશમાં ત્રણે પાંચાડાના આગેવાન ગેઢેરાઓ વિરાણીના યુવક મંડળ અને જ્ઞાતિ આગેવાનોને તોડી પાડી પોતાનો માર્ગ ચોખો રાખવા એટલે કસાઈખાના જેવો પોતાનો ધંધો ચાલુ રાખવા અનેક પ્રયત્નો કરે છે. પોતાનો

જુલ્મી દોર બન્યો રાખવા તનતોડ પ્રયાસ અનેક રીતે કરી ચુક્યા, વિરાણી ગામમાં આગેવાનો અને યુવક મંડળ વચ્ચે કુસંપ ઉભો કરાવવા પણ મથી ચૂક્યા પરંતુ તે બંનેની એક સંપી અને તેમનામાં જ્ઞાતિ પ્રત્યેની સાચી ભક્તિ હોવાથી ફાટફૂટ પડાવાનો પુરૂષાર્થ કરનારાઓ ફાવી શક્યા નથી. એટલું જ નહિ પરંતુ દેશના જુલ્મગાર આગેવાનોથી વિરાણીમાં હવે કોઇ ડરી જાય એવા નથી. પીરાણા પંથના નામે ચાલતો ખાનાનો સહુથી પહેલો ત્યાગ વિરાણી ગામે કર્યો છે અને જ્યોતિધામના મંદિરથી પ્રખ્યાત થયેલા વિરાણી ગામને આજે કચ્છ દેશની જ્ઞાતિ બરાબર જાણી ગઈ છે. જુલમગાર આગેવાનો હાથ ઘસતા રહ્યા છે એ બનાવ વિરાણી ગામ સમસ્તના ભાઈઓ માટે ઓછો કીર્તિવંત નથી. સૈયદોના કુટુંબને પીરાણામાં નભાવવા અને કાકાઓને મોજ મજાની સાહયબી ઉડાવા દેશના જુલ્મી આગેવાનો કચ્છ જ્ઞાતિમાં ઘેર ઘેર ફરી દંડ અને ધર્માદાના નામે કોરીઓ ઉઘરાવી ખાય છે તે કારમો દંડ વિરાણી ગામે આજે પાંચ છ વર્ષથી આપવો બંધ કર્યો છે એટલું જ નહિ પણ પીરાણા પંથની અધર્મયુક્ત પ્રણાલી તજી દઈ તે પંથના રીતરિવાજ મુજબ લગ્ન નહી કરતાં શુદ્ધ વૈદિક ધર્મ પ્રમાણે વિરાણી ગામના કણબી ભાઈઓએ ગયા વિવાહ પ્રસંગે લગ્નો કર્યાં છે. હિન્દુ જ્ઞાતિના રિવાજ મુજબ ચોરી અને વેદી બાંધી શાસ્ત્રોક્ત પદ્ધતિએ લગ્નવિધિ કરવાના તજી દેવાયેલા માર્ગનો પુનરોદ્ધાર કરી પોતે હિન્દુ છે અને હિન્દુશાસ્ત્રોને માનનારા છે એવું જ્ઞાતિના અન્ય વર્ગને બતાવી આપ્યું છે. વિરાણી ગામના પગલે ચાલવાની જાહેર હિંમત, નખત્રાણા, દેવીસર, કોટડા વગેરે મળી આઠેક ગામોએ પણ બતાવી છે અને પીરાણાના અર્ધદગ્ધ પંથમાં ડુબતી પોતાની જ્ઞાતિને બચાવી લઈ પોતે કડવા પાટીદાર હોવાનો શુદ્ધ દાખલો બેસાડ્યો છે. તેમનો આ ઉત્તમ અને ખાસ જરૂરી પ્રયાસ દેશ પરદેશમાં પણ પ્રશંસા પામ્યો છે અને વિરાણી ગામની જાહેર હિંમત અને હિન્દુપણામાંથી નહી ટળી જવાના શુભ પ્રયાસના ઘેર ઘેર વખાણ થાય છે. તે ગામના યુવકો, વડીલો અને બહેનોને પ્રભુ વિશેષ આત્મબળ અને બુદ્ધિ બક્ષો એવી દેશ પરદેશના જ્ઞાતિ ભાઈઓની સાથે આ લેખકની પણ પ્રાર્થના છે.

ખુલ્લા પત્રનું મારા તરફથી અવલોકન બહાર પડ્યા પછી વળી કરાંચીમાં એક શ્રી પાટીદાર ઉદય નામનું મંડળ સ્થપાયું છે. એ મંડળ તરફથી એક હેન્ડબીલ “સ્વધર્મને ત્યાગી પાપી પીરાણા ધર્મમાં ફસાયેલા પાટીદારોના ઉદ્ધાર માટે” વાળો લેખ લખાયો છે. તે વાંચ્યા પછી એ વીર મંડળ જ્ઞાતિના ભાઈઓને પીરાણા કબ્રસ્તાની ધર્મથી છોડાવવાને કેસરીયાં કરી ધર્મ યુદ્ધે બહાર પડ્યું હોય એવું લેખ વાંચતાં આપણને થાય છે. હિન્દુ ભાઈઓને સમજાવીને સનાતન ધર્મ તરફ દોરવાના વિચારથી પાટીદાર ઉદય મંડળ ઉભું થયું છે. તેજ વિચારમાં મંડળ મક્કમ પણે નીડરતાથી કામ કરી જ્ઞાતિ સેવા કરશે તો જરૂર જ્ઞાતિના ભાઈઓ અને તે સિવાયના હિન્દુ ભાઈઓ જે વગર સમજે પીરાણા કબ્રસ્તાની પંથમાં સંડોવાયા છે, તેનો ઉદ્ધાર આ મંડળના હાથે થાય એવો સંભવ છે. માટે જ્ઞાતિના દરેક ભાઈઓ તેમજ બહેનોને કરાંચીમાં જન્મ પામેલા ઉદય મંડળને દરેક રીતે ફતેહમંદ કરવા અને તે મંડળની જે ધારણા છે તેને સફળ કરવા પોતાથી બને તે મદદ કરવા મારી વિનંતી છે.

આ શ્રી પાટીદાર ઉદય મંડળના માટે જન સમાજના હિતને ખાતર એક ઉલ્લેખ કરવાની પણ જરૂર છે :- કરાંચીમાં શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ હયાત હોવા છતાં આવું બીજું મંડળ ઉભું કરવાની ખાસ જરૂર કેમ ઉભી થઈ? કડવા પાટીદાર યુવક મંડળે ગયા શ્રાવણ વદ ૮ {VSK: 15-Aug-1922} ના રોજે તદ્દન પીરાણા ધર્મનો ત્યાગ કરી જ્ઞાતિ ભાઈઓને તેમાંથી મુક્ત કરવા અને શુદ્ધ સનાતન ધર્મ પ્રમાણે વર્તવા બાવીસ

ભાઈઓની કાર્યવાહક કમિટિ નિમેલી તે કમિટિએ શું કર્યુ? તેમનો પ્રયત્ન શું નિષ્ફળ ગયો છે? જરૂર કાંઈક દાળમાં કાળું દેખાય છે. કારણ કે કરાંચી જ્ઞાતિ સુધારક ભાઈઓની સભા તરફથી જે ખુલ્લો પત્ર બહાર પડેલ છે તે ઉપરથી સુધારક ભાઈઓની ઈચ્છા એવી જણાય છે કે પીરાણામાં આપણો કબજો રહે અને કાકાઓ ગાદિપતિ કાયમ રહે ! અને સૈયદોનો હક્ક તોડી પાડવાને તનતોડ મહેનત કરવી !! એ ઉપરથી એવું અનુમાન નીકળી શકે છે કે જ્ઞાતિ સુધારક યુવક મંડળના ભાઈઓ હજુ પીરાણાને છોડવા તદ્દન તૈયાર નથી તેથી જ આ નવીન શ્રી પાટીદાર ઉદય મંડળને જન્મ લેવાનું બન્યું હોય એ બનવા જોગ છે.

પત્રદ્વારા તપાસ કરાવી તો યુવક મંડળના મુખ્ય આગેવાનોથી મને ખબર મળ્યા કે પાટીદાર ઉદય મંડળમાં કોણ કોણ મેમ્બરો છે, તેની તેઓને ખબર નથી ! જ્યારે યુવક મંડળના સભ્યો ઉદય મંડળમાં જોડાયા નથી ત્યારે આ ઉદય મંડળ કોના તરફથી ઉભું કરવામાં આવ્યું છે? લેખના નીચે કોઈ ભાઈના નામની સહી નથી જેથી મારી માફક ઘણા ભાઈઓને એ શંકા થતી હશે અરે ખુદ કરાંચીમાં જ જ્ઞાતિ સુધારક ભાઈઓ જાણતા નથી તો પછી બીજા દેશના ભાઈઓ ઉદય મંડળના સભ્યોને કેવી રીતે જાણી શકે ! ઉદય મંડળે પણ કરાંચી યુવક મંડળની માફક કોઈનું નામ ન આપવામાં જ ડહાપણ માનેલું હોય તો મારે ખાસ કહેવું જોઈએ કે એ બીક નકામી છે. કરાંચીમાં કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ તરફથી કેટલાક લેખો બહાર પડ્યા છે પરંતુ કોઈ લેખની નીચે સેક્રેટરી અથવા પ્રમુખનું નામ બહાર પાડવામાં આવ્યું નથી ! આમ કરવાનું ખાસ અને ખુલ્લું કારણ એ જણાય છે કે, લેખના નીચે કોઈ ભાઈનું નામ છપાય તો દેશના આગેવાનો તે ભાઈ ઉપર જુલમ ગુજારે ! એવી જ મનની નબળાઈથી કોઈ નામ આપતા નથી. ઉદય મંડળે પણ યુવક મંડળની નકલ કરી જણાય છે. પોતે મહાન પ્રતાપી વીર મંડળ હોવા છતાં દેશના આગેવાનોથી ડરતા હોય એમ દેખાય છે. તેથી જ યુવક મંડળની માફક ગેરે ઘા કરવો સારો આમ ધારીને જો નામ ન આપ્યું હોય તો મહાન પ્રતાપી ઉદય મંડળની શરૂઆતમાં જ નબળાઈ પુરવાર થાય છે. માટે શ્રી પાટીદાર ઉદય મંડળના કાર્યવાહકો પોતા તરફનો યોગ્ય ખુલાસો કરશે એવી આશા છે.

અસલનું જુનું કરાંચીમાં શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ હાલમાં ખુલ્લો પત્ર બહાર પાડ્યા પછી તદ્દન શાંત છે. નવીન હિલચાલની કંઈ ખબર મળી નથી. યુવક મંડળના સેક્રેટરી ભાઈ શીવજી કાનજી પારસીયા તથા કરાંચી મંડળના મુખ્ય લેખક ભાઈ રતનશી શીવજી નાકરાણી ગામ-રવાપરવાળાના અંતિમ પ્રયાસથી કરાંચીમાં પરિષદ વખતે અગ્નિ સંસ્કાર કરાવવાનો ઠરાવ પસાર થયો હતો તેને અમલમાં મુકવાને આ બે યુવકોની તનતોડ મહેનત અંતે ફળીભુત થઈ છે. પરદેશમાં બધે ઠેકાણે જ્યાં જ્યાં આપણી જ્ઞાતિના ભાઈઓ વસે છે ત્યાં મરણ વખતે અગ્નિ સંસ્કાર કરવામાં આવે છે તેજ પ્રમાણે કરાંચીમાં યુવક મંડળના સભ્યોની હિંમતથી અગ્નિ સંસ્કાર ચાલુ થયો છે. એ જાણીને જ્ઞાતિના ભાઈઓ ઘણા જ ખુશી થશે. કરાંચીમાં જુના વિચારના ભાઈઓ પણ ઘણા છે છતાં હિંમતથી. અગ્નિસંસ્કારની શરૂઆત કરવાની પહેલ કરવા માટે ભાઈ રતનશી શીવજી તથા ભાઈ શીવજી કાનજી પારસીયાને તેમના સ્તુતિપાત્ર કાર્યોના માટે ધન્યવાદ ઘટે છે. તે સિવાય ભાઈ રતનશી શીવજી નાકરાણી ગામ રવાપરવાળાના પત્રથી એવા પણ શુભ સમાચાર જાણ્યા છે કે કરાંચીમાંથી ભાઈ શીવજી કાનજી પારસીયા તથા ભાઈ રતનશી શીવજી નાકરાણીના પ્રયાસથી કરાંચીમાં શ્રી પાટીદાર ઉદય નામનું માસિક

પેપર થોડા દિવસમાં બહાર પડશે. બંને ભાઈઓના લખવા પ્રમાણે માસિકનું ડેકલેરેશન કરાવવાનું હતું તે થઈ ગયું હશે. ખચીત આ શુભ સમાચાર અને માસિક કાઢવાના સાહસને જ્ઞાતિના દરેક ભાઈઓએ પોતા તરફની ફરજ સમજી મદદ કરવી જ જોઈએ. માસિક જેવું વાજીંત્ર હાથમાં હોય તો આખી જ્ઞાતિના નવા જુના ખબરો દરેક ભાઈઓને મળી શકે જેથી આવું જ્ઞાતિને ઉત્તેજન આપનારું માસિક નિકળવાથી આપણે જ્ઞાતિસેવાના ઘણા જરૂરી કામો કરી શકીશું. એના માટે ભાઈ શીવજી કાનજી પારસીયા તથા ભાઈ રતનશી શીવજી નાકરાણી ગામ રવાપરવાળાને જ્ઞાતિમાં ઘણું માન પ્રાપ્ત થશે. જગનીયંતા પ્રભુ એમને જ્ઞાતિસેવા કરવાની અનુપમ શક્તિ આપે, એજ અંતિમ ઈચ્છા અને પ્રાર્થના છે.

મુંબઈ ઘાટકોપર મધ્યે કરાંચીના ખુલ્લા પત્રનું અવલોકન છપાઈ બહાર પડ્યા પછી ઘણા જ અવનવા ફેરફારો થવા પામ્યા છે. રા. રા.રાજાભાઈ શામજી ધોળુ ગામ માનકુવાવાળાને અવલોકનથી ખોટું લાગ્યું છે. એમ તેઓના ઉદ્‌ગારથી મેં જાણ્યું છે. ભાઈશ્રી રાજાભાઈ શામજીને અંગ ખોટું લાગે તેવું જુઠું લખાણ મેં કંઈ કર્યું નથી. દરેક મંડળોમાં સુસ્તી અને બેદરકારી આવી ગઈ હતી તે સુસ્તી ઉડાવાના માટે મેં નમ્રભાવે સુચનાઓ કરી હતી તેમજ કરાંચીમાંના જ્ઞાતિ સુધારક ભાઈઓએ સભા તરફથી જે ખુલ્લો પત્ર બહાર પાડી અનર્થ ઉભો કર્યો હતો તેથી જ જાહેર પત્રનો જાહેર જવાબ વાળવામાં મેં કોઈ પ્રકારની ભુલ કરી નથી. જ્ઞાતિ સેવાનો ધર્મ અંગીકાર કર્યા પછી સારું અથવા ખોટું લગાડવાને અવકાશ જ ક્યાં છે?

રાજાભાઈ શામજી જેવા બાહોશ જ્ઞાતિ સુધારક ભાઈ પોતાને કોઈક વાતનું વચકલું પડવાથી કરાંચી મંડળને અવળે રસ્તે દોરવાનો પ્રયત્ન કરે એના જેવું બીજું દુઃખદાઈ શું કહેવાય? ઘાટકોપરની અંદર કોઈ ભાઈ જ્ઞાતિ સુધારામાં આગળ પડતો ભાગ લઈ પીરાણા ધર્મ હિન્દુધર્મ નથી એમ બોલે તેને બોલતાં બંધ કરે અથવા તો એ ભાઈ પ્રત્યે રાજાભાઈના પક્ષવાળા પીરાણા વિરુદ્ધ બોલવાવાળા ભાઈ ઉપર ગુસ્સો કરી ન છાજતો હુમલો કરે છતાં પણ રાજાભાઈ છાનામાના બેસી રહે એ વાત રાજાભાઈ શામજીને બિલકુલ શોભતી નથી. સમયની પણ બલિહારી છે. એક વખત એવો પણ હતો કે રાજાભાઈ શામજીના હાથે કચ્છના કણબી જ્ઞાતિમાના જુલ્મગાર આગેવાન ગેઢેરાઓના પાટનગર માનકુવા ગામમાં જ મગવાણાનો હીરો પટેલ, કુરબઈનો જશો પટેલ, દેશલપરનો મનજી પટેલ અને લુડવા ગામનો રવજી પટેલ. આ મુખ્ય આગેવાનોની સામે શતરૂવટ કરી. પીરાણા પંથના ધર્મ કર્મને ઘસી નાંખી ખુદ માનકુવા ગામના સોમજી પટેલ તથા રામજી પટેલ તથા ગામ માનકુવાના આગેવાન પટેલોની છાતી ઉપર પીરાણાધર્મની વિરુદ્ધ પોતાની સાળીની દીકરીને દીકરી કરી રાખેલ. બેન વેલબાઈના લગ્ન વેદ વિધિ અનુસાર મોટો વરઘોડો ચઢાવીને જ્ઞાતિ સુધારક ભાઈઓમાં જાહેર હિંમત ફેલાવવા અને પીરાણા અર્ધદગ્ધ પંથના મુસલમાની ક્રિયા કર્મને તુચ્છકારીને વેદ વિધિ અનુસાર મોટા માંગલિક મંડપો બાંધીને પોતાની કરી રાખેલ દીકરીના ધામધુમથી છુટા લગ્ન કરેલ તે રાજાભાઈના વિચારોમાં આજે ગજબ પરિવર્તન થઈ ગયું છે. ઘણી જ અજાયબીની વાત છે કે બેન વેલબાઈના લગ્નપ્રસંગે રાજાભાઈના સ્નેહી વર્ગને આમંત્રણથી માનકુવા ગામમાં રાજાભાઈએ બોલાવેલ અને મોટા ઉત્સાહપૂર્વક માનકુવા ગામના દરબારશ્રી ઠાકોર સાહેબ સામતજી બાવાની

અનુમતિથી વેપારી વર્ગ અને મહાજનના સમુદાય સમક્ષ બેન વેલબાઈના લગ્નપ્રસંગે પીરાણા ધર્મના ખંડનની સભા રાજાભાઈ શામજીના ઘર આગળ થયેલી એ રાજાભાઈના આત્મબળનું પરિણામ હતું એ પણ એક કણબીની જ્ઞાતિમાં યાદગાર દિવસે સોનેરી અક્ષરે કોતરાઈ ગયો છે. એ વખતના રાજાભાઈના વિચારોને લઈ તેમના આત્મબળની સૌ કોઈ યુવક શુદ્ધ હૃદયથી રાજાભાઈના વિચારોનું હૃદયમાં પુજન કરતા હતા અને અત્યારના રાજાભાઈના પીરાણા ધર્મનું રક્ષણ કરવાના વિચારથી ઘાટકોપરના યુવક મંડળમાં મોટી ઉથલપાથલ કરી નાખી છે. ખરેખર જગનીયંતા પ્રભુનો કોપ કચ્છની યુવકોની કસોટી કરવાનો વખત આવી ગયો હોય ગમે તે હોય. પરંતુ ઘાટકોપરમાં જે હાલમાં મતભેદ ઉભો થયો છે. એ તો જરૂર જ્ઞાતિના કમભાગ્યની નિશાની જ ગણાય. જગનીયંતા પ્રભુ સૌને સદ્‌બુદ્ધિ આપે.

કચ્છના કડવા પાટીદારોમાં જ્ઞાતિ સુધારાનું કામ કરવા માટે ઘાટકોપરનું યુવક મંડળ, અગ્રેસર પણે કામ કરતું હતું. ઘાટકોપરનું યુવક મંડળ આજ દિવસ સુધી એક ગુજરાતના કડવા પાટીદાર યુવક મંડળની એક શાખા તરીકે ઓળખાતું હતું. એ મંડળના પ્રતાપે જ્ઞાતિમાં અનેક સભાઓ થઈ છે. જ્ઞાતિમાં ઘણા સુધારા વધારા થયા છે. એટલું જ નહીં પણ કરાંચીમાં તેમજ મુંબઈમાં હોલ કડવા પાટીદાર પરિષદ મેળવવાને પણ ભાગ્યશાળી થયું છે. પરંતુ કરાંચીવાળા ખુલ્લા પત્રના અવલોકન છપાયા પછી રા.રા.રાજાભાઈ શામજી ધોળુ ગામ માનકુવાવાળા તથા ભાઈશ્રી માવજી શામજી લીંબાણી ગામ દેશલપરવાળાના અભિપ્રાયથી છેવટે એમ ચોક્કસ થયું કે ગુજરાતના કડવા પાટીદારોના મંડળની શાખા તરીકે ઘાટકોપરના મંડળને જોડેલું રાખવામાં હવે કંઈ જરૂર નથી. જેથી સ્વતંત્ર ફક્ત કચ્છના જ કડવા પાટીદારોનું આગવું મંડળ સ્થાપન કરવું. ઘાટકોપરના કડવા પાટીદાર યુવક મંડળમાં જ્ઞાતિના ભાઈઓને દોરવવાને ત્રણ ભાઈઓ લાગવગ ધરાવે છે. એક તો વિરાણીવાળા ભાઈ રતનશી ખીમજી તથા બીજા ભાઈ રાજાભાઈ શામજી અને મોટામાં મોટી લાગવગવાળા અને ઘણા ભાઈઓ ઉપર કાબુ ધરાવનારા ભાઈ માવજી શામજી લીંબાણી ગામ દેશલપરવાળા છે. જેથી સ્વતંત્ર મંડળ સ્થાપવાને ભાઈશ્રી રાજાભાઈ શામજી અને ભાઈ માવજી શામજીના વિચારોથી એમ નક્કી થયું કે ગુજરાતના કડવા પાટીદાર ભાઈઓ પીરાણા ધર્મને માનતા નથી તેમજ કચ્છના જનોઈવાળા તથા સ્વામીનારાયણ સંપ્રદાયનો ધર્મ પાળવાવાળા પણ પીરાણા ધર્મને માનતા નથી જેથી તે અને ગુજરાત કાઠીયાવાડના જુદા જુદા ગામના ઘાટકોપરમાં વસતા ભાઈઓ જે પ્રથમ યુવક મંડળમાં સામેલ હતા અને મેમ્બરો હતા તેથી છુટાછેડા કરી ફક્ત પીરાણા ધર્મમાં જ જે રહેલા હોય તેવા ભાઈઓના સમુહનું એક નવું મંડળ ભાઈ રાજાભાઈ શામજી ધોળુ તથા ભાઈ માવજી શામજી લીંબાણી ગામ દેશલપરવાળાની લાગવાગ નીચે શરૂઆતમાં તા.૩૧-૧-૧૯૨૨ના રોજે ભાઈશ્રી રાજાભાઈ શામજીના ઘર આગળ એટલે ઘાટકોપરમાં શેઠ ઘેલાભાઈ લખમશીના બંગલાની કંપાનમાં ઘાટકોપરમાં વસ્તા પીરાણા પંથી ભાઈઓની સભા મેળવી અને નક્કી કર્યું કે આપણે ગુજરાતમાંના પાટીદાર ભાઈઓના જોડાયેલા મંડળથી જુદું ફક્ત કચ્છના જ પીરાણાપંથી કડવા પાટીદારોનું નવું મંડળ સ્થાપવું છે તેથી મુંબઈમાં વસ્તા ઘાટકોપર અને બીજા પરાઓમાં જ્યાં જ્યાં આપણા પીરાણા પંથી ભાઈઓ હોય તેને પત્ર લખી સુચના આપવી કે મહાશિવરાત્રીના દિવસે રાજાભાઈ શામજીના ઘર આગળ સૌ ભાઈઓએ ભેગા થવું. એ પ્રમાણેની દરેક ઠેકાણે સુચના અપાઈ અને પત્ર લખાયા. નિમેલી તારીખે એટલે મહા વદી ૧૪ને શનિવારે {VSAK: 25-Feb-1922} સવારના નવ વાગે રા.રા.રાજાભાઈ

શામજીના રહેવાના ઘર આગળ એક સભા મંડપમાં કચ્છના કડવા પાટીદાર પીરાણા પંથની ઘાટકોપરમાંના તથા મુંબઈના અડખા પડખાંમાં વસ્તા પીરાણાપંથી ભાઈઓની એક સભા મળી હતી. એ સભાનું મુહૂર્ત રા.રા.ભાઈશ્રી વીરજી ખીમજી છભાણી ગામ મહુવાળાના પ્રમુખપદે કર્યું છે. મંડળનું નામ શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ એવું ઠેરવ્યું છે, મંડળનો મુખ્ય ઉદ્દેશ કચ્છમાંના જુલ્મી કણબી જ્ઞાતિના આગેવાન ગેઢેરાઓની અણછાજતી જુલ્મી સત્તા નિર્મુળ કરવા અને જ્ઞાતિના રીતરિવાજોમાં યોગ્ય સુધારાં વધારા કરવા માટે નિર્માણ થયેલું છે. ઘાટકોપરમાં ઉપર જણાવેલી તારીખે કચ્છના કડવા પાટીદારોનું નવું મંડળ સ્થપાયું છે. શરૂઆતમાં ૬૯ મેમ્બરોએ મંડળમાં નામ નોંધાવ્યા છે. મંડળના સભાસદ થવાની મેમ્બર ફી મહિને દહાડે ચાર આના ઠરાવી છે. મંડળના ધારા ધોરણ તથા ખાસ નિયમો હવે પછીની સભામાં જાહેર થશે. મંડળના કાયમના પ્રમુખ અથવા સેક્રેટરી પણ હજુ નિમાયા નથી. સેક્રેટરી તરીકે ગામ વિરાણીવાળા લોકપ્રિય ભાઈ રતનશી ખીમજીનું નામ ઘણા ભાઈઓએ સૂચવ્યું હતું પરંતુ ભાઈશ્રી રતનશી ખીમજીએ એવા કારણસર સેક્રેટરી થવાની ના પાડી કે મેં પ્રથમ ઘણી સભાઓમાં પીરાણા ધર્મ વિરુદ્ધ ઘણી જ હિલચાલ કરી છે અને હજુ કરું છું અને ભવિષ્યમાં મારાથી બની શકશે તેટલી પીરાણા ધર્મ હિન્દુ ધર્મ નથી એવું જ્ઞાતિના ભાઈઓને તેમજ પીરાણા ધર્મમાં બીજી અન્ય હિન્દુ જ્ઞાતિઓ ફસાયેલી હશે તેને પીરાણા ધર્મ તજી દેવાનો બોધ હું જીવન પર્યંત કરે જ રાખીશ જેથી આ મંડળનો હું સેક્રેટરી તરીકે રહી શકું નહીં. ત્યારબાદ ભાઈશ્રી રાજાભાઈ શામજી તથા ભાઈ માવજી શામજીએ સભાના કાયમ પ્રમુખ તરીકે ગામ માનકુવાવાળા સુપ્રસિદ્ધ કોન્ટ્રાક્ટર ભાઈ જીવરાજ વસ્તાની દરખાસ્ત કરેલ અને તેને ઘણા ભાઈઓએ ટેકો આપેલ પરંતુ ભાઈ જીવરાજ વસ્તાએ એવા મતલબથી પ્રમુખ થવાની ના પાડી કે હું ઘાટકોપરનો સ્થાઈ રહેવાવાળો નથી જેથી હું મંડળનો પ્રમુખ થઈ શકું નહીં. બીજા કોઈ યોગ્ય ભાઈની નિમણુંક કરો તો સારું. આ પ્રમાણેની વાટાઘાટમાં સેક્રેટરી અને પ્રમુખના માટે કોઈ પ્રકારની ચોખવટ થઈ નથી જેથી આગળ ઉપર ચોક્કસ નિર્ણય થશે. હાલમાં કામ ચલાઉ પ્રમુખ અને સેક્રેટરી તરીકે રા.રા.રાજાભાઈ શામજી ધોળુ પોતે (નિમાયા સિવાય) પોતાના નામથી સેક્રેટરી તરીકે મેમ્બર ફીના ચાર આના ઉઘરાવે છે અને મંડળના કામકાજની કાળજીપૂર્વક દેખરેખ રાખે છે. ભાઈ શ્રી માવજી શામજી પોતાના કામકાજના વખતનો ભોગ આપી જ્યાં જ્યાં આપણા કચ્છના પાટીદારો કામકાજ કરે છે, ત્યાં જઈ તેમને સમજાવી જ્ઞાતિ સેવાના કામમાં જોડાવાને વિનંતીઓ કરી તનતોડ મહેનત કરે છે. ભાઈશ્રી રાજાભાઈ શામજી તથા ભાઈશ્રી માવજી શામજીની જ્ઞાતિ સેવા જોઈ દરેકના મનમાં તેઓ પ્રત્યે માન ઉત્પન્ન થાય એવા પ્રકારે કાર્ય કરી રહ્યા છે. એના માટે કોઈથી ના થાય તેમ નથી તો પણ હું હિંમતપૂર્વક ખાતરીથી ભાઈશ્રી રાજાભાઈ શામજીને વિનંતી કરું છું કે આપ ભલે મુંબઈમાં વસતા મહાલક્ષ્મી પરેલ દાદર માટુંગા વિગેરે ઠેકાણે લાકડાં વેરવાવાળા જ્ઞાતિના અજ્ઞાન ભાઈઓને કચ્છની કણબી જ્ઞાતિના જુલ્મગાર આગેવાનોના નફ્ફટાઈ ભરેલા ત્રાસદાયક જુલ્મને એક સંપથી સામે થવા સમજાવો પરંતુ તેથી એ ભાઈઓનો કંઈ ઉદ્ધાર થશે નહીં જ્યાં સુધી તમે પોતે પ્રથમ અંગીકાર કરેલા કરાંચી સભાના પ્રમુખપદેથી જે શબ્દો ઉચ્ચારેલા તેજ પ્રમાણે પીરાણા પંથની જ્ઞાતિના ભાઈઓ અને બહેનોને છોડાવો નહીં ત્યાં સુધી આગેવાનોના કૃત્યોને સામે થવાથી જ્ઞાતિના ભાઈઓનો ઉદ્ધાર થશે નહીં તે સિવાય કેટલાક જુના ઘાટકોપરમાં કચ્છના યુવક મંડળના ભાઈઓ કે જે પીરાણા ધર્મના કટર વિરોધી છે. તેઓના અંતઃકરણને દુઃખાવાનું પાપ વોરવા કરતાં એકવાર ફરીથી વિચાર કરી લેવા હું આપને વિનંતી કરું છું. કચ્છ દેશમાં માનકુવા ગામમાં આપશ્રીએ જ્ઞાતિ આગેવાનોની વિરુદ્ધ તમારી

દીકરીના હિન્દુ ધર્મ પ્રમાણે વેદ વિધિ અનુસાર આપે લગ્ન કર્યાં તે વખતે જે જ્ઞાતિ સુધારક યુવક મંડળના ભાઈઓએ તમને અણીના પ્રસંગે ઘણી જ કિંમતી મદદ કરી છે અને આપની જતી આબરૂ બચાવી છે. એવા વીર અને બહાદુર ભાઈઓને નિરાશ કરો તે પહેલાં એકવાર આપના હૃદયને પુછી જુઓ કે પીરાણા ધર્મ જ્ઞાતિના અને તમારા માટે ઠીક છે કે કેમ ? પીરાણા પંથના વિરોધી ઘાટકોપરવાળા યુવક મંડળના ભાઈઓએ તમારા સ્નેહને લઈ તમારી આગળની જ્ઞાતિ સેવાઓ યાદ કરી તમને માનકુવા ગામના કણબી આગેવાનોએ નાત બહાર કરેલ છે, છતાં પણ ઘાટકોપરમાં સૌ ભાઈઓ તમારાથી કંઈ પણ જુદાઈ રાખ્યા સિવાય આગેવાનોના હુકમને ઘસી પી ગયા છે અને તમને એક જ્ઞાતિભક્ત અથવા તો મુરબ્બી તરીકે માને છે. એ વાત યાદ કરીને પણ તમે પીરાણા ધર્મ પાળી શકો નહીં. તમારા મનમાં સુધારા માટે ગમે તે પ્રકારની આંટી પડી ગઈ હોય અથવા તો કોઈ વ્યક્તિ પરત્વે અણગમો ઉત્પન્ન થયો હોય તેથી જન સમાજને નુકસાન થાય એવું કામ પણ આપ કરી શકો નહીં. તમે જ્ઞાતિ હિતના માટે આગેવાનો તેમજ પીરાણાના લક્ષ્મણકાકા સાથે તકરારોમાં ઉતરી વ્યાજબી ન્યાય જ્ઞાતિને અપાવવા હજારો રૂપિયા જ્ઞાતિ સેવામાં આપે આપ્યા છે. તે સિવાય પણ આપશ્રીની અનેક પ્રકારની જ્ઞાતિ સેવાઓ જગ જાહેર છે. જગનીયંતા પ્રભુ એક બીજાના મતભેદો દૂર કરી સરળ રસ્તે જ્ઞાતિ સેવા એક સંપથી થાય એવી સૌને દયાળુ પ્રભુ સદ્‌બુદ્ધિ આપે એજ ઈચ્છા.

લી. જ્ઞાતિ સેવક
નારાયણજીરામજી ગામ-વિરાણીવાળાના પ્રણામ

॥ श्री उमादेव्याः कृपास्तु ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંના જુલ્મી આગેવાનોનાં કાળાં કૃત્યો ઉપર સર્ચલાઈટ

પીરાણા સતપંથને હિન્દુ ધર્મમાં ઘુસેડવાના લક્ષ્મણ કાકાના પ્રપંચ ઉપર પ્રકાશ

એક પ્રાસ્તાવિક નિબંધ

મરાઠી સાખી

ધર્મને કર્મને ધોઈ નાખ્યાં, ગાડર સમ ઝુકાવી
ઉપરથી ઉપહાસ્ય કરાવી, ગાંઠનું ગરથ ગુમાવી,
આવી રસમ થકી ભાવિ,
ભુસ્યું શર્મ જરી ના"વી-આવી

લેખક અને પ્રકાશક
પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાકટર
ઘાટકોપર (THANA)

સંવત : ૧૯૮૦ સને : ૧૯૨૪

મુદ્રણ સ્થાન : આદિત્યમુદ્રાણાલય, રાયખડરોડ-અમદાવાદ
મુદ્રક : પ્રાણજીવન વિશ્વનાથ પાઠક

Online Text Based
(can use for translation)

Source Document

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

હિન્દુ ધર્મના બહાને હિન્દુ જ્ઞાતિઓ કેવી રીતે પતિત્ થાય છે તે જાણવા વાંચો !
પરમાત્માના અવતારમાંથી ફુટી નીકળેલા ઈરાની સૈયદ ઈમામશાના કારસ્તાન
હિન્દુ ધર્મના નામે ચાલતા

પીરાણા સતપંથનો અર્ધદગ્ધ પંથ અને તેની પોલ

હિન્દુ જ્ઞાતિઓના હિતાર્થે થોડા વખતમાં છપાઈ બહાર પડશે

એ નામનું પુસ્તક અમારા તરફથી બહાર પાડવામાં આવનાર છે. સનાતન હિન્દુ પ્રજાને પોતાનો ધર્મ તજી દેવરાવી પીરાણા સતપંથ ધર્મમાં વાળવા માટે અને પીરાણા સતપંથ ધર્મ મુસલમાની ધર્મ જેવા નથી એવું દેખાડવા માટે તે ધર્મના અધ્યાપકો મુજાવરકાકાઓ અને નેતાઓએ હિન્દુધર્મમાં પ્રસિધ્ધ રીતે મનાતા અવતારો આર્ય પુત્રો અને દેવ દેવીઓને પીરાણા સતપંથ નામના કબ્રસ્તાની પંથમાં સંડોવી હિન્દુ ભાઈઓને પોતાનો પંથ ગળે ઉતારવા એ મહા પવિત્ર વ્યકિતઓને એ પંથમાં એવી તો અઘટીત રીતે વર્ણવામાં આવી છે કે તે સાંભળીને હિન્દુભાઈઓનાં હૃદય દ્રવિત થયા સિવાય રહે જ નહી તદુપરાંત પોતાનો ઉદ્દેશ બર લાવવાની નીચ યુક્તિ કરતાં હિન્દુ ભાઈઓને ભેસ્ત (સ્વર્ગ)ની લાલચો-આપવાના કાવા દાવા ખેલતાં સૈયદ ઈમામ સાહેબ તેમજ તેના વંશના સૈયદોએ પીરાણા સતપંથ ધર્મની ક્રિયાકર્મ કરવાના માટે ભોળા અને અજ્ઞાન હિન્દુભાઈઓને લલચાવવા માટે મોરનબુવત, બાજનામુ, રતનનામું, નાદલી, તૈયબના કલમો, પીરસાહનો જાપ વિગેરેના પાઠો કરવાથી સ્વર્ગમાં જાહોજલાલી મળી શકે છે. તે અને એ પીરાણા સતપંથ ધર્મની ઉત્પતિ તથા તે ધર્મની રીતે જન્મથી મરણ પર્યંત તેના અનુયાયીઓ માટે કરવામાં આવતી ઘટપાટની મુસલમાની ક્રિયાઓમાં હિન્દુ દેવોને ઘૂસેડી હિન્દુ ભાઈઓને ઉંધે રસ્તે દોરી પોતાના પંથમાં વટલાવવા માટે જે જે નીચ યુક્તિઓ રચી છે. તેથી પરિણામે એ પંથે ચડેલા ઘણાં હિન્દુ કુટુંબો પતિત થઈ અજ્ઞાનતાને લીધે ધર્મ અને જ્ઞાતિ દ્રોહી બને છે અને તેમના સંબંધમાં આવતી હિન્દુ જ્ઞાતિઓમાં એ ભ્રષ્ટતાનો સડો ગુપ્ત રીતે વધતો જાય છે આ દુ:ખકારક વસ્તુ સ્થિતિનો જલ્દી અંત આવવો જોઈએ એટલે દરેક હિન્દુભાઈ એ માર્ગે પુરૂષાર્થ કરે એ ફરજના આધારે પીરાણા સતપંથનો અર્ધદગ્ધ પંથ અને તેની પોલ એ નામનું પુસ્તક અમારા તરફથી બહાર પાડવામાં આવશે.

પીરાણા સતપંથ નામનો અર્ધદગ્ન પંથ ખાસ હિન્દુ ધર્મને ઉંધો વાળવા અને હિન્દુઓને વટલાવવા માટે જ ઉભો કરવામાં આવ્યો છે અને તે હિન્દુ ધર્મ નથી જ એટલે તે માર્ગે જતા હિન્દુપણું મટી જાય છે. વળી સદરહુ પુસ્તકમાં કચ્છ ગુજરાત વગેરે સ્થળોની પાટીદાર (લેવા અને કડવા) જેવી ઉત્તમ કોમને એ અધર્મના માર્ગે જતી અટકાવવા માટે પ્રયાસ કરવામાં આવ્યો છે. દેશના જુદા જુદા ગામોમાં રહેતા અન્ય જ્ઞાતિ બંધુઓ સાથે ઐક્યતા સાચવી રાખવાની કેટલી જરૂર છે અને પીરાણા સતપંથના અર્ધદગ્ધ પંથે ચડી જવાથી જ્ઞાતિથી અલગ થઈ જવામાં કેવું ભયંકર નુકશાન રહેલું છે એ વિષય પણ ઈતિહાસના આધારે લખાશૈ જે ઘણો ઉપયોગી થઈ પડશે.

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

હિન્દુ ધર્મના નામે ચાલતા પીરાણા સતપંથ ધર્મની પોલ એ નામના પુસ્તકનું કદ વગેરે નક્કી થઇ ગયા પછી કિંમત બહાર પાડવામાં આવશે. પરંતુ જે ભાઇઓ પુસ્તકના ગ્રાહક થવા ઇચ્છતા હશે તેમના નામ રજીસ્ટ્રર કરવામાં આવશે અને તે બહાર પડતા જ તેમને મોકલી આપવામાં આવશે. પુસ્તક સંબંધી દરેક પ્રકારની માહીતી માટે અને બીજી પુછપરછમાં ઇચ્છા થાય તેમણે નીચેના સરનામે કરવી.

લેખક : પટેલ નારાયણજી રામજીભાઇ કોન્ટ્રાકટર
ઠે. શેઠ ઉમરશી રાયસીના કમ્પાઉન્ડમાં મુ. ઘાટકોપર, જીલ્લો : થાણા, જી.આઇ.પી.

॥ ॐ ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંના જુલ્મી આગેવાનોના કાળાં કૃત્યો ઉપર સર્ચલાઈટ

પીરાણા સતપંથને હિન્દુ ધર્મમાં ઘુસેડવાના લક્ષ્મણ કાકાના પ્રપંચ ઉપર પ્રકાશ

એક પ્રાસ્તાવિક નિબંધ

પ્રિય જ્ઞાતિભાઈઓ અને દેશ પ્રેમી બંધુઓ,

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની કરાંચીમાં મળેલી બીજી પરિષદના કામકાજનો રિપોર્ટ બહાર પડ્યા પછી કચ્છ દેશની કડવા પાટીદાર જ્ઞાતિમાં જે અવનવા ફેરફારો થઈ રહ્યા છે, તેનું અવલોકન જનસમાજ આગળ રજુ કરવાની હું મારી ફરજ સમજું છું અને હું આશા રાખું છું કે જ્ઞાતિમાંનો કેટલોક સમજુ વર્ગ અને જ્ઞાતિ સુધારક ભાઈઓને આ લેખ વાંચ્યા પછી ઘણું જાણવાનું મળશે.

કરાંચીમાં મળેલી બીજી પરિષદના છપાયેલા રિપોર્ટના પાને પાને, લીટીએ લીટીએ, અરે શબ્દે શબ્દે, કચ્છની કડવા પાટીદાર જ્ઞાતિની અધોગતિ કેમ થઈ છે, તેનું આરપાર દીગદર્શન થાય છે. કચ્છ દેશમાંના કડવા પાટીદાર ઉર્ફે મુમના કણબી કોમના આગેવાનો હોવાનો દાવો કરનારા પટેલીયાઓ કેવા નિર્લજ નફટ અને નાલાયક વર્તણુંકવાળા છે, એટલું જ નહીં પણ જ્ઞાતિના ભાઈઓ તેમજ બહેનોના ઉપર કેવો ત્રાસદાયક જુલ્મ ગુજારી રહ્યા છે, એ જુલ્મની હકીકતવાળાં ગોઝારાં પાનાં વાંચતા ત્રાસ છૂટે છે. કોઈ પણ દેશ અથવા કોઈ પણ જ્ઞાતિમાં જ્ઞાતિના ભાઈઓના હાથે આવો જુલ્મ થયાનું સાંભળ્યું નથી. દરેકે દરેક જ્ઞાતિમાં જ્ઞાતિ પંચ મારફતે જ્ઞાતિ રીતરિવાજના ન્યાય અપાય છે. પરંતુ કચ્છની કડવા પાટીદાર જ્ઞાતિમાં ન્યાય આપનાર તરીકે કેટલાક આગેવાનો હોવાનો દાવો કરનારા સ્વાર્થી આગેવાનોએ જુલ્મી સત્તા ચલાવી કચ્છની કણબી કોમને તદન નામર્દ કરી નાખી છે, એવું અમોએ બીજી કોઈ જ્ઞાતિમાં સાંભળ્યું નથી. કચ્છની કણબી જ્ઞાતિનું હીર અને વીરત્વને બાળીને નપુંશક જેવી દશામાં આખી જ્ઞાતિને ગુલામગીરીમાં રખડતી રઝળતી કરી મુકવાનો દોષ કહેવાતા આગેવાનોનો છે. અને બીજો દોષ એ ગુલામી દશા ભોગવનાર અજ્ઞાન કણબી કોમનો પણ છે. કે જેઓ સ્વતંત્રતાના જમાનામાં પણ પશુઓની માફક જીવી શકે છે અને જુલ્મગાર આગેવાનોના સ્વાર્થી જુલ્મને જીરવી શકે છે. કચ્છના કણબી ખેડૂતોની નિર્દોષ

પ્રજાના ભોગે અનેક જ્ઞાતિઓ અને આખો કચ્છ દેશ આબાદ થયો છે, છતાં એ દુઃખી જ્ઞાતિની દાઝ હૃદયમાં ધરે એવો કોઈ વીર દેશભક્ત હજુ કોઈ અમારી દષ્ટિએ પડ્યો નથી. એ કંઈ ઓછા અફસોસની વાત નથી. કચ્છમાંની અન્ય હિન્દુ જ્ઞાતિઓ જેઓ આ કણબી જ્ઞાતિની દુખદ દશા જાણે છે. છતાં કેમ જાણે આ જ્ઞાતિ કેવળ મૂર્ખજ રહે તેમાં જ લાભ છે, એવું જાણીને અથવા તો કેમ જાણે તેઓનો એ ધર્મ જ ન હોય, તેમ ગમે તેવા લાચાર નિર્દોષ કણબીઓને સહાયતા કરવામાં પાપ ન લાગતું હોય તેમ માનીને કોઈ દુખી લાચારની નતો કોઈ દાદ કે ફરિયાદ સાંભળતું નથી. આવી કઢંગી દશામાં કચ્છના કણબીઓનું જીવન ચાલ્યું જાય છે.

આ વીસમી સદીના દેખાતા જમાનામાં સૌ કોઈ દુનિયાની પ્રજા સ્વતંત્રતા અને સ્વમાનને ચાહે છે. પોતાના રાજકર્તા પાસેથી સ્વમાન અને સ્વતંત્રતાના હકો માગે છે. એવા જમાનામાં કચ્છના સ્વાર્થી પટેલીયાઓ પોતાના નીચ સ્વાર્થની ખાતર પોતાના જાત ભાઈઓ ઉપર કેવા અમાનુષિક જુલ્મો ગુજારે છે તેનું દિગ્દર્શન જ્ઞાતિ સુધારક ભાઈઓની જાણ માટે તથા દુનિયામાં દરેક કોમના માટે સ્વતંત્રતા અને સ્વમાન પ્રાપ્ત કરાવવા રાષ્ટ્રની ઉન્નતિ કરનારા દેશ ભક્તોને પણ મારી નમ્રતાપૂર્વક અરજ એ છે કે અમારી કચ્છમાં વસતી કણબી જ્ઞાતિની અધોગતિ તરફ પણ આપ ધ્યાન આપશો. આ પણ એક પુન્યવંતુ કામ છે. અમારી જ્ઞાતિમાં પેસી ગયેલી પીરાણાના પાખંડી પંથમાં ઘણા ભાઈઓ ફસાયેલા છે અને તે ન હિન્દુ ન મુસલમાન એવા કબ્રસ્તાની ખીચડીયા પંથમાંથી છૂટી જવાને ઘણા ભાઈઓ તેમજ બહેનો વલખાં મારી રહ્યા છે, પરંતુ કણબી જ્ઞાતિમાં કહેવાતા કેટલાક જુલ્મી આગેવાનોની અનેક પ્રકારની કનડગતથી તેઓ છૂટી શકતા નથી તેને મદદ કરો, બચાવો. હિન્દુ ધર્મનું રક્ષણ કરો. આ મારી પ્રાર્થના છે. કચ્છની કણબી જ્ઞાતિ માંહેલાં કેટલાંક કુટુંબોએ પીરાણાના પાખંડી પંથને તજી દઈને શુદ્ધ સનાતન હિન્દુધર્મ સ્વીકાર્યો છે. તેને દરેક પ્રકારે પાયમાલ કરવાના માટે સ્વાર્થમાં અંધ થયેલા કચ્છના પીરાણા પંથના મુજાવર લખમણ કાકાના અને પીરાણાનો પાખંડી સતપંથ નામના ધર્મને સ્થાપનાર સૈયદ ઈમામશાહના વંશના સૈયદોના જે ખાસ એજન્ટો થાય છે, તે પટેલીયાઓ જ્ઞાતિના સુધારક ભાઈઓને તેમજ પીરાણાના અર્ધદગ્ધ પંથને તજી દીધેલા કણબી ભાઈઓને દરેક રીતે રિબાવી રિબાવીને પાયમાલ કરવામાં પોતાની બહાદુરી માને છે. એવા રાક્ષસી હૃદયવાળા જુલ્મગાર કેટલાક કણબી પટેલોથી અમારી નિર્દોષ જ્ઞાતિને, જુના જમાનાના જ્ઞાતિના મૂર્ખાઈ ભર્યા રીતરિવાજો તથા જ્ઞાતિ બંધનની ત્રાસદાયક રૂઢીઓથી જેઓ છૂટવાને તલસી રહ્યા છે તેઓને છોડાવવાને કચ્છ દેશમાંહેની સમગ્ર હિન્દુ જ્ઞાતિઓ અને હિન્દુસ્તાન દેશમાંહેના સમગ્ર હિન્દુ ભાઈઓને મારી નમ્ર પ્રાર્થના છે. હું આશા રાખું છું કે આ મારી પવિત્ર અને નિર્દોષ પ્રાર્થના છેક જ વ્યર્થ તો નહીં જ જાએ. કરાંચીમાં જે બીજી કચ્છ કડવા પાટીદાર પરિષદ મળી હતી અને તે પરિષદમાં જે જે કામ અને ઠરાવો સર્વાનુમતે થયા હતા તેનો રિપોર્ટ છપાઈ બહાર પડ્યા પછી કહેવાતા કણબી પટેલ આગેવાનોએ જ્ઞાતિના ભાઈઓ ઉપર કેવા કેવા અનર્થો જુલ્મો અને ત્રાસ વર્તાવ્યા છે તે તથા પીરાણામાં સૈયદ અને મુજાવર લખમણ કાકા વચ્ચે પીરાણાની મિલકતના હક્કની કોર્ટોમાં ચાલતી તકરારોનું પરિણામ ક્યાં સુધી આવ્યું છે અને એ તકરારમાં કચ્છના કણબી આગેવાનોએ આપેલ ફેંસલો જે ફેંસલો એકતરફી હોવાથી કમિશન મારફતે નખત્રાણા કોર્ટમાં સાક્ષી તરીકે કણબીઓએ આપેલી જુબાનીમાં ઘણું જાણવા જેવું હોવાથી જનસમાજ જ્ઞાતિની પરિસ્થિતિ સમજી શકે એજ હેતુથી આ લેખમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે હકીકતો નીચે પ્રમાણે છે.

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

આટલી પ્રસ્તાવના કર્યા પછી શરૂઆતમાં હું આપને જણાવીશ કે, જ્ઞાતિ સુધારક યુવક મંડળો કચ્છ વીરાણીમાં, કરાંચીમાં તેમજ મુંબઈ ઘાટકોપરમાં સ્થપાયાં અને જ્ઞાતિને સુધારવા પ્રયત્નો શરૂ કર્યા ત્યારથી આગેવાનોએ પણ જુલ્મો કરવાનું દમનનીતિથી કામ લેવાનું જોશ ભેર શરૂ કર્યું છે. આગેવાનોના જુલ્મોના હત્યાકાંડોની જાહેરાત સુધારક ભાઈઓએ પ્રથમ તા.૧-૮-૧૯૧૮ની જાહેર સભાના રિપોર્ટથી શરૂ કરી છે. ત્યાર પછી તા.૧૧-૧-૧૯૧૯ની જાહેર સભાના રિપોર્ટમાં પણ આગેવાનોના પરાક્રમોની ઝાંખી કરી શકીએ છીએ. જેમ જેમ રિપોર્ટ છપાતા ગયા અને કચ્છમાં કણબી જ્ઞાતિમાં તેમજ અન્ય જ્ઞાતિમાં તેનો ફેલાવો થતો ગયો તેમ તેમ યુવકોમાં પણ નવી હિંમત અને વધારો થતો ગયો.

કહેવાતા આગેવાનોએ પણ હવે શરમ છોડી કાળાં કૃત્યો કરવામાં પાછી પાની ન કરી. ખાત્રી કરવી હોય તો સં.૧૯૭૬ના ચૈત્ર સુદ-૯ને રવિવાર { VSAK : 28-Mar-1920 } ના દિવસે ગામ વીરાણીમાં પટેલ લાલજી સેવજી નાકરાણીના પ્રમુખપદે મળેલી તે સભાનો રિપોર્ટ જુવો એટલે આગેવાનોના કાળા કૃત્યોનો નાગો નાચ તમને પ્રત્યક્ષ થશે. આગેવાનોએ માણસાઈ છોડી દઈ નીચતામાં કેવાં શેતાનીયત ભરેલા કામો કર્યાં છે એની સાક્ષી એ રિપોર્ટના પાનાં પુરી રહ્યાં છે.

ત્યાર પછી જે રંગ જામ્યો છે, તે કચ્છની કડવા પાટીદાર જ્ઞાતિમાં નવો પ્રકાશ પાડે છે. આગેવાનોના જુલ્મને ઉઘાડા પાડી તેઓના નીચ કૃત્યો જનસમાજ આગળ રજૂ કરવાને જ્ઞાતિ સુધારક યુવક મંડળો એકત્ર થઈ કાર્ય કરવું એવા નિર્ણય ઉપર આવ્યા અને કરાંચીમાં જ્ઞાતિ પરિષદ બોલાવી. જુદા જુદા મંડળોના ભાઈઓ એકત્ર થયા. વિચારોની આપલે થઈ. પરિષદમાં કામકાજ થયું. ઠરાવો થયાં, તે જનસમાજને વિદીત છે. કરાંચી પહેલી પરિષદમાં બહુ જ શાંતિપૂર્વક આગેવાનોને સારી અસર થશે એવો ખ્યાલ યુવક મંડળના સભ્યોએ ઘણા જ નમ્ર ઠરાવો રજુ કર્યાં, પરંતુ કાળા હૃદયવાળા કચ્છના કણબી પટેલો તે વિવેક ન સમજ્યા, તે ન જ સમજ્યા.

છતાં યુવક મંડળો એ ચાર પાંચ વર્ષથી જે તનતોડ મહેનત જ્ઞાતિ સેવાના માટે ઉઠાવી હતી તે વ્યર્થ તો નથી જ ગઈ. સં.૧૯૭૬ { Year : 1919 -1920 } ના લગ્ન પ્રસંગે લગભગ ૪૦૦ લગ્ન ચોરી બાંધી વેદવિધિ અનુસાર થયાં જે આગેવાનોએ પોતાની જાલીમ સત્તા નભાવી રાખવા વંશ પરંપરા આ જ્ઞાતિને છેવટે મુસલમાન બનાવવા ધારેલી તેમની ધારણા સં.૧૯૭૬ { Year : 1919 -1920 } ના લગ્નથી નિર્મુળ થી. આગેવાનોથી બન્યું તેટલું દુઃખ દેવામાં બાકી ન રાખી. જ્ઞાતિ સુધારક યુવક બંધુઓના ઘણા છોકરા કુંવારા પણ રહી ગયા. કચ્છમાં પરિષદ ભરવાની લાલચે યુવક બંધુઓ ગયેલા પરંતુ સૌને ઘેર લગ્ન એટલે એ કામકાજમાં રોકાઈ ગયા અને પરિષદ ન ભરાણી. એ ખેદ કંઈ જેવો તેવો નોતો તો પણ હિંમત હાર્યા સિવાય જ્ઞાતિના જુલ્મગારોથી બચાવવા સુધારક ભાઈઓએ ફરી કમર કશી અને ફરીવાર શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદની બીજી બેઠક પણ કરાંચીમાં જ ભરી. એ પરિષદમાં ખરેખર જ્ઞાતિ સુધારકોએ કમાલ કરી છે. આગેવાનોની લેશ પણ પરવા કર્યા સિવાય સભાના પ્રમુખે જ સ્વમુખે પોતાના ભાષણમાં એક ઠેકાણે જણાવ્યું કે, આપણી જ્ઞાતિના ભાઈઓને તેમજ બહેનોને જાલીમ આગેવાનોનાં કૃત્યોનું એક મોટું દર્દ લાગુ પડ્યું છે તેનો સત્વર ઉપાય કરી એ દર્દ ઉપર ઓપરેશન નહી કરાવીએ તો આપણું જીવલેણ પણ વખતે નીવડે.

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

આગેવાનોને લેશ પણ શરમ આવતી નથી. ક્યાંથી શરમ આવે ! કારણ કે લાજ આબરૂ અને પ્રતિષ્ઠા તેમજ પ્રમાણિકપણાને તો આગેવાનોએ દેશવટો દીધો છે. ત્યારે હવે તેનામાં બાકી શું રહ્યું તેનો આપણે વિચાર કરવો જોઈએ. મારા મત પ્રમાણે તો હવે તેઓમાં ઈર્ષા અદેખાઈ તુંડ મીજાજ અને બેવકુફાઈનો જ ખજાનો બાકી રહ્યો છે. તે સિવાય પ્રમુખનું ભાષણ એટલું તો તીવ્ર અને લાગણીવાળું છે કે દરેકે દરેક યુવકોના હૃદયમાં વીરતાના અંકુરો સ્ફૂરાવ્યાં છે. સબજેક્ટ કમિટિ જ્યારે ઠરાવો ઘડવા ભેગી થયેલી અને બધા ઠરાવો સર્વાનુમતે પસાર થયા. જ્ઞાતિની આગેવાનો કેવી અધોગતિ કરી રહ્યા છે તે ઠરાવો ઉપર બોલનારા ભાઈઓના ભાષણોમાં પરિષદ બીજીના રિપોર્ટના પાને પાને દષ્ટિગોચર થાય છે. **ભાઈ રતનશી ખીમજી ખેતાણી**ના ભાષણમાં આગેવાનોના જુલ્મની જે હારમાળા ગોઠવી છે. એ જોતાં તો એમ નક્કી જ થાય છે કે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિમાં કહેવાતા આગેવાનો **પોતાની ઘોર ખોદી રહ્યા છે.** પરિષદ બીજી રિપોર્ટ છપાઈ બહાર પડ્યો અને તેની નકલો કચ્છમાં કણબી ભાઈઓ તેમજ અન્ય મહાજન વર્ગમાં વંચાયા પછી હાહાકાર થઈ રહ્યો. આગેવાનોની નફટાઈ અને નિર્લજતાનો પણ આડો આંક વળી ગયો. આગેવાનોનાં ચારિત્રોની કાળી બાજુ સિવાય બીજું કંઈ નજરે પણ પડતું નથી. આવા ચારિત્રવાન માણસો શું ન કરે ! પ્રભુ તેમને સદ્બુદ્ધિ આપે.

પરિષદ બીજીનો રિપોર્ટ આગેવાનોએ વાંચ્યો. કોટડા જડોદરવાળામાં ભેગા થયા, નેત્રામાં મળ્યા, ખોભંડીમાં પણ વાટાઘાટ ચાલી, પરંતુ સુધારાવાળાને કેમ મહાત કરવા તેનો કોઈ રસ્તો મળ્યો નહીં, તેમ હિન્દુ ભાઈઓ પણ હડધૂત કરવા લાગ્યા. કંઈ ઉપાય સુઝ્યો નહીં, ત્યારે જ્ઞાતિ સુધારકો ઉપર વેર શી રીતે વાળવું, તેના ઉપાયો શોધી રહ્યા છે.

કરાંચી પરિષદમાં જુલ્મગાર આગેવાનો તારીખે પંદર આસામીઓ પસંદ કરેલા તેમાં નખત્રાણાનો **સવજી પટેલ સમજી** ગયો. સુધારાવાળાએ જે આગ સળગાવી છે તેમાંથી બચી જવા તેણે તટસ્થતા સ્વીકારી. **કોટડા જડોદરવાળો સામો પટેલ** તો પોતાના પાપ કૃત્યોમાં જ બળી જલી રહેલો. **વિથોણવાળા પ્રેમજી વાલજી પટેલ** પણ પાણીમાં બેઠા. એટલે વચલા પાંચાડામાંના આગેવાનોએ કંઈક પોતાની ભુલો પણ જોઈ અને દુનિયામાં ફરી શકવાના માટે પોતાનો જુલ્મી દોર ઢીલો કર્યો. ઉગમણા પાંચાડાવાળા **હીરા જસાની કંપની** તો પોતાના જાલીમ કૃત્યોને લઈ એક કણબી ભાઈનું ખૂન થયું એ ઝઘડામાંથી પરવારે તેમ નોતું, એટલે **માનકુવાવાળા રામજી પટેલનો** તો ભાવ જ કોણ પૂછે. હવે રહ્યો આથમણો પાંચાડો. એ પાંચાડાવાળા આગેવાનો એમ તરતમાં યુવક મંડળોના કાર્યથી કંટાળી જાએ તેમ નોતા. પોતાની સત્તાના આગેવાનીપણામાં ગણાતા મુખ્ય આગેવાનોમાંના છત્રપતિ તરીકે **કરમશી ગેઢેરાથી** કેમ બેસી રહેવાય. **ખોભંડીના મુખી અરજણ ડાયા** કે જેની ખાસ ઈચ્છા જ્ઞાતિ આખીને મુસલમાન બનાવવાની તેને તે સુખ ક્યાંથી આવે.

રવાપરના મુખી દેવશી લધા કે જેઓએ કાકાના મરેલા બળધીયાને કણબી ભાઈઓના હાથે ઉપડાવી દફનાવ્યો અને તેની ઈચ્છા એ બળદ ઉપર મોટી કબર કરીને કણબી જ્ઞાતિનો મોટો મેળો ભરવાની હતી તે પણ જ્ઞાતિસુધારાના ભાઈના વચનો કેમ સાંખે?

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

કરમશી ગેઢેરાનો આસીસ્ટન્ટ **નાયો ભાદાણી** જે હમણાં થોડા વખતથી, જાલીમ આગેવાનોમાં ભળ્યો છે. આચાર આસામીએ તો નક્કી જ કર્યું કે કોઈ પણ પ્રકારે સુધારાવાળાને પાયમાલ તો કરવા જ. પરંતુ સુધારામાં અગ્ર ભાગ ભજવનારના માટે ફાંફાં તો માર્યા પરંતુ તે પોતાના પાંચાડાના નહીં એટલે શું કરે? તેમ વચલા પાંચાડામાંના આગેવાનો એ તો નક્કી જ કરેલું કે હવે જ્ઞાતિ ઉપર જુલ્મ કરવો પોસાય તેમ નથી. તેથી શાંત થયેલા જેથી **રતનશી ખીમજી** વિગેરેને તો કાંઈ કરી શકાય નહીં ત્યારે સુધારાવાળાનું નાક શી રીતે કાપવું. છેવટે એવા નિર્ણય ઉપર આવ્યા કે **રતનશી શીવજી રવાપર**નો છે તેના છોકરાનું સગપણ નાગવીરીમાં થયેલ છે તે તોડાવવું. એનો ઉપાય પણ કર્યો પરંતુ **રતનશી શીવજી**એ તો સંવત ૧૯૭૬ { Year : 1919 -1920 } ની સાલમાં જ તેના વેવાઈની કોર્ટ મારફતે આવી નાલાયક હીલચાલ દાબી દીધેલી. **વિરાણીવાળા વિશ્રામ સેવજી** પટેલના છોકરાના લગ્ન ગામ કોટડામાં થવાના હતા પરંતુ કોટડાવાળા ધોવા પડી પરણાવવાના વિચારવાળા અને વિરાણીનો પટેલ વિશ્રામ પોતાના છોકરાને ચોરીથી પરણાવવાની મમતથી લગ્ન અટકેલાં. એ સંબંધ તોડી નાંખી, છોકરી બીજે પરણાવવી એમ સામા પટેલ સાથે ભાંગજડ થઈ, પરંતુ **સામા પટેલની** હિંમત ચાલી નહીં.

છેવટે કરમશી ગેઢેરો પોતે તટસ્થ રહી નાયા ભાદાણીને હોળીનું નાળીયેર બનાવી મુખી અરજણ ડાયા ગામ ખોભંડીવાળા તેમજ રવાપરના મુખી દેવશી લધાની આગેવાની નીચે એક કારસ્તાન રચાયું. છેવટે ગામ **નેત્રાના કણબી કરશન માવજી**ની દીકરી પાનબાઈના સંબંધ ગામ **દેશલપરના કણબી પ્રેમજી હરજી**ના દીકરા **મુળજી** વેરે થયેલો, પરંતુ એ સુધારાવાળો છે એમ કહીને ગામ નેત્રાના કરમસી ગેઢેરે સંવત ૧૯૭૬{ Year : 1919 -1920 } માં તે અટકાવેલાં, તેથી રહી ગયેલાં. આ વાત ઉપર મદાર બાંધી, સુધારાવાળાને પરાસ્ત કરવાનો ત્રાગડો રચાવ્યો અને ગામ નેત્રાના કણબી, કરસન માવજીને તેની દીકરીનું સગપણ તોડીને બીજે પરણાવવાના માટે ફરજ નાખવામાં આવી જેથી કરશન માવજીએ ના પાડી જેથી નાતબાર કરવાની ધમકી અપાઈ. છેવટે કરમશી ગેઢેરે અને અરજણ ડાયા ગામ ખોભંડીવાળાએ કરસન માવજીને સમજાવ્યું કે તારી દીકરીના લગ્ન ચોરીથી કરી આપીશ એવો કાગળ તારા વેવાઈ **પ્રેમજી હરજી**ને લખીને તેડાવ. તે પ્રમાણે કણબી કરશન માવજીએ કાગળ લખ્યો. પ્રેમજીને એ કાગળ ઉપર ભરોસો ન આવ્યો તેથી કરશનની પાક્કી ખાતરી કરવા અને દેશમાં આવ્યા પછી હેરાન કરે તો તેનું શું તેની ખાતરી માગી જેનો ફરીથી પાક્કી ખાતરી આપી કરશન માવજીએ પ્રેમજી ઉપર કાગળ લખ્યો જે ઉપરથી પ્રેમજી પોતાના કુટુંબ શીખે કરાંચીથી કામધંધો છોડી દેશમાં પોતાના છોકરાના લગ્ન કરવા આવ્યો, વેવાઈને મળ્યો, વાતચીત કરી લગ્નનું નક્કી કર્યું. પરંતુ નેત્રાના કરમશી પટેલ તેનો આસીસ્ટન્ટ નાયો ભાદાણી, ખોભંડીવાળા અરજણ ડાયા વિગેરેથી નેત્રા ગામમાં કણબીનો દીકરો ચોરીથી પરણે એ એમની સગી આંખોએ કેમ જોયું જાએ? જેથી ફરી નવેસર કણબી કરશન માવજીના ઉપર આ ચંડાળ ચોકડીએ ભીડો ચડાવ્યો અને કરશનને કહ્યું કે તારો વેવાઈ પ્રેમજી હરજી પીરાણા ધર્મના નિયમ પ્રમાણે ધોવા પડી છોકરો પેણાવે એટલું જ નહીં પણ સુધારાવાળામાં એ ભળ્યો છે માટે નાત દંડ કરે તે આપે. તે સિવાય ફરી કોઈ સભામાં જાય નહીં. પીરાણા ધર્મ પાળે એવો કરાર કરી આપે અને એ કરાર પાછળથી ન પાળે તો એ લગ્ન રદ થાએ એવું લખી આપે તો પરણાવવા આપશું. આ હકીકત કરશને પ્રેમજીને કહી, પ્રેમજીને આ વાત નામોશી ભરેલી લાગી તેથી ચોખ્ખી ના પાડી. આ પ્રમાણે હું લખી આપીશ નહીં. ગામ નેત્રામાં એ વાતની ઘણી ચોવટો થઈ. છેવટે પ્રેમજીએ ધોવા પડી પરણાવવાની હા કહી પરંતુ પીરાણા ધર્મ ફરજિયાત પાળવાની ના કહી જેથી લગ્ન અટક્યાં !

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

કરમશી ગેઢેરો અને અરજણ ડાયા પટેલ સુધારાવાળાને પરાસ્ત કરવા માટે નેત્રાના કણબી કરશન માવજીના ઉપર ખૂબ દબાણ કર્યું. બીજે છોકરી પરણાવી દેવાની છડેચોક વાતો થવા લાગી. પ્રેમજી હરજીને હવે કોર્ટનો આશ્રય લેવા સિવાય બીજો કોઈ રસ્તો ન હતો તો પણ તેણે વિરાણી ગામના આગેવાનો પાસે વાત કરી. વિરાણી ગામના આગેવાનો ભેગા મળ્યા અને નેત્રે કરમશી ગેઢેરાને નામે એક કાગળ લખ્યો તેમાં જણાવ્યું કે તમો બળજબરી કરી છોકરી બીજે પરણાવશો તો નાતનું અપમાન થશે. આ કામ નાતનું નથી તેમજ છોકરીના બાપ ઉપર જુલ્મ કરી તમે બીજે છોકરીને પરણાવશો તો કોર્ટમાં નકામા ખર્ચમાં પણ ઉતરશો. માટે આ કામ કરવા જેવું નથી. કાગળ નેત્રે ખેપીઆ મારફતે પહોંચાડ્યો ત્યાં કોણ સાંભળે છે. છેવટે પ્રેમજી હરજીએ પોતાના વેવાઈને કોર્ટ મારફતે પોતાની દીકરીના લગ્ન કાગળ લખવા પ્રમાણે કરી આપવા ફરિયાદ માંડી. તે સિવાય આગેવાનોની હિલચાલ જગત જાહેર હતી કે બીજે પરણાવી દેશે જેના માટે બીજે ન પરણાવાનો મનાઈ હુકમ પણ કરશન માવજી તેનો બાપ છોકરીના દરેક વાલીને કોર્ટ મારફતે લગાડાવ્યો. હુકમ બજી ગયો. એટલે કરસન માવજીને આગેવાનો હવે કનડી નહી શકે એમ માન્યું. પરંતુ આગેવાનો કે જેને પારકા પૈસે અને જોખમે લડત કરવી છે અને વેર વાળવું છે તેને કોર્ટના મનાઈ હુકમ પણ શું કરે. નેત્રાવાળા કરમશી પટેલ ખોભંડીવાળા અરજણ ડાયા, નેત્રાવાળો નાયો ભાદાણી, રવાપર ગામના મુખી દેવશી લધા, આ ચારે ચંડાળ ચોકડીએ ખૂબ વિચાર કર્યો, કામ કોર્ટે તો ગયું, કોર્ટમાં પૈસા ખર્ચવામાં તો જ્ઞાતિ પંચના પૈસા વાપરવામાં તેને અડચણ આવે તેમ નોતું. પરંતુ ખોભંડીમાં રહેતા મેતા **મલુકચંદ**ની સલાહ લેવાઈ. અંતે આગેવાનોએ માન્યું કે **નખત્રાણા કોર્ટમાં** આપણે નહીં જીતીએ તો પણ **ભુજની** વરિષ્ઠ કોર્ટમાં તો ફાવશું. એ હિસાબે નાગગીરી ગામના એક ગરીબ કણબીના છોકરાને વીસ વરસ થયાં સગપણ થતું નોતું. તેમજ તેને કોઈ સગપણ આપતું નોતું, ત્યાં નજર પોચાડી. છોકરાના પક્ષે પણ આ તકરારી સંબંધ કરવા ના પાડી છતાં આ એ ચારે મમતી આગેવાનો પાસે શું ચાલે, છેવટે બળજબરીથી કન્યા નેત્રાથી લઈ આવી. લગ્ન નાગવીરીમાં થયાં. નાગવીરી મેતાઓનું ગામ છે. વળી તે મેતા ભુજ વરિષ્ઠ કોર્ટના ન્યાયાધીશ છે. રાજમાં માનીતા છે. પોતાના ગામમાં બનેલી હકીકતમાં ગામના પટેલોની પ્રતિષ્ઠા જાળવશે એ હિસાબે આથમણા પાંચાડાવાળા આગેવાનોએ નાગવીરી ગામ પસંદ કર્યું છે. તે સિવાય આવાં આગળ પણ કામ નાગવીરીમાં થયા છે. કન્યા નેત્રાથી આગેવાનો ઉપાડી આવ્યા. તેમાં છોકરીનો બાપ સાથે ગયો નોતો. જે દિવસે રાત્રે આ કૃત્રિમ જોડાના લગ્ન કેતાં ધોવા પડવાની હતી તે દિવસે નાગવીરીના દરેકે દરેક ઝાંપે જાપતો રાખવામાં આવ્યો હતો. લગ્ન થયાં તેના બીજા જ દિવસે આ વાત જાહેર થઈ ગઈ. આગેવાનોએ આ કાર્ય કરી પોતાની ઘોર ખોદી છે **એમ સિદ્ધ કર્યું.** પ્રેમજી હરજી દેશલપરવાળાએ કોર્ટમાં કન્યા કબજે લેવા ફરિયાદ માંડી. છોકરીનો બાપ નખત્રાણા કોર્ટમાં આવેલ અને તેણે કોર્ટ રૂબરૂ જે એકરાર કર્યો છે તે નકલ અમોએ મેળવી છે. જે નીચે પ્રમાણે છે. તે ઉપરથી સાફ સાફ જણાય છે કે છોકરીના બાપનો તેમાં કસુર નથી. પરંતુ જુલ્મી આગેવાનો પોતાની શીરજોરીથી કેવાં અમાનુષિક કાર્યો કરી રહ્યા છે તે કોર્ટમાં કરેલા એકરાર ઉપરથી જણાય છે.

કણબી કરશન માવજી ગામ નેત્રાવાળે નખત્રાણા કોર્ટમાં અરજી કરેલ તેની નકલ.

અરજીની નકલ
ગૌબ્રાહ્મણ પ્રતિપાલનોધારા આધાર ધર્મ ધુરંધર
અખંડ પ્રૌઢ પ્રતાપ મહારાજાધિરાજ મીરઝાં મહારાવશ્રી
૭ ખેંગારજી સવાઈ બહાદુર

જી.સી.આઈ.ઈ.ની
શ્રી નખત્રાણા અદાલતમાં

વાદી
કણબી પ્રેમજી હરજી ગામ દેશલપરના
પ્રતિવાદી

૧. કણબી માવજી માના ગામ નેત્રા
૨. કણબી કરશન માવજી ગામ નેત્રા
૩. કણબી માનાની ઘરવાળી ગાંગબાઈ નેત્રા
૪. કા.અરજણ ડાયા ગામ ખોભંડી
૫. કા.પાનબાઈ કરશનના વાલી પ્રતિવાદી નં.૧-૨-૩. નેત્રાના

દાવો

પ્રતિવાદ નં.૫ વાળીનું સગપણ મારા સગીર દીકરા મુળજી વેરે થયેલ તે પ્રમાણે લગ્ન કરી પરણાવી આપવા બાબત.

પ્રતિવાદ નંબર ૨ વાળા કરશન માવજીની માન સાથે અરજ છે કે વાદી તરફથી આ દાવો દાખલ થયા પછી પ્રતિવાદણ ના. ૫ વાળી પાનબાઈને અમારા તરફથી બીજે ઠેકાણે પરણાવી આપવાની હકીકત નામદાર કોર્ટમાં જાહેર કરી તે સંબંધમાં ઘટિત બંદોબસ્ત કરવા માટે ઘટિત માંગણી કરવામાં આવી છે. તે વિશે મારી અરજ કે :-

પ્રતિવાદણ નંબર ૫ વાળી મારી દીકરી થાય છે. પણ તેને આ દાવો થયા પછી મારા તરફથી બીજે ઠેકાણે પરણાવવામાં આવી નથી. બાકી અમારા નાતીલાઓએ આ કામ નાત સંબંધીનું હોવાનું ગણી પોતાની ઈચ્છાથી નાગવીરીના કણબી અબજી કેશરા વેરે પરણાવી આપી છે. એટલે આ કામમાં નાત સંબંધી મારી કાંઈ દરમ્યાનગીરી ચાલે તેમ નહતું, જેથી નંબર ૫ વાળી નાતની સંમતિથી અને નંબર ૫ વાળીની મરજીથી પરણી ગયેલ છે. તે સંબંધમાં મારી કંઈ કસુર નથી. નાત તરફથી ગામ નેત્રા ખોભંડી નાગવીરી વિગેરેના આગેવાનો હતા એજ.

પ્રથમ જેઠ સુદ ૧૦ શુક્રે સંવત ૧૯૭૯ { VSAK : 25-May-1923 } ના.

કણબી કરશન માવજીની સહી દા.શા.રતનશી ભાણજીના ધણીના કેવાથી કણબી કરશન માવજી એકરાર કરું છું કે આમાં લખી

તમામ હકીકત મારા જાણવા માનવા પ્રમાણે ખરેખરી છે. એજ.

કણબી કરશન માવજીની સહી દા.શા. રતનસી ભાણજી ધણીના કેવાથી કામમાં સામેલ

જેઠ વદ ૨ શુક્રે સાં.૧૯૭૯ { VSAK : 30-Jun-1923 }

(સૈ) માધવજી કલ્યાણજી

નખત્રાણા થાણદાર.

એક જામીન કરનાર

મેતા ભાઈ શંકર. વેલજી ધનજી

ખરી નકલ

માધવજી કલ્યાણજી

નખત્રાણા થાણદાર.

વાદીએ નકલ મળવા રિપોર્ટ આપ્યો પ્રથમ જેઠ સુદ ૧૩ સોમે સંવત ૧૯૭૯ { VSAK : 28-May-1923 } નકલ તૈયાર કરી દરખાસ્તથી આપી પ્રથમ જેઠ સુદ ૧૪ ભોમે સંવત ૧૯૭૯ { VSAK : 29-May-1923 }

માધવજી કલ્યાણજી. નખત્રાણા થાણદાર.

દુનિયાની સર્વ પ્રજા જાણી શકશે કે પ્રતિવાદ નં.૨ વાળા કણબી કરશન માવજીએ કોર્ટમાં જે એકરાર કર્યો છે તે તદ્દન સાચો છે. કણબી કરશન માવજી નખત્રાણા કોર્ટમાં અરજ કરે છે તે શબ્દો આ પ્રમાણે છે.

"પ્રતિવાદી નંબર ૨ વાળા કરશન માવજીની માન સાથે અરજ કે વાદી તરફથી આ દાવો દાખલ થયા પછી પ્રતિવાદણના ૫ વાળી પાનબાઈને અમારા તરફથી બીજે ઠેકાણે પરણાવી આપવાની હકીકત નામદાર કોર્ટમાં જાહેર કરી છે. તે સંબંધમાં ઘટિત બંદોબસ્ત કરવા માટે ઘટિત માંગણી કરવામાં આવી છે, તે વિશે મારી અરજ કે.

પ્રતિવાદણ નંબર ૫ વાળી મારી દીકરી થાય છે. પણ તેને આ દાવો થયા પછી મારા તરફથી બીજે ઠેકાણે પરણાવવામાં આવી નથી, બાકી **અમારા નાતીલાઓએ આ કામ નાત સંબંધી હોવાનું ગણી પોતાની ઈચ્છાથી નાગવીરીના કણબી અબજી કેશરા વેરે પરણાવી આપી છે.** એટલે આ કામમાં નાત સંબંધી મારી કોઈ દરમ્યાનગીરી ચાલે તેમ નોતું. આ શબ્દો ખુદ છોકરીના બાપના છે. અરજીમાં કરશન માવજી જણાવે છે કે આમાં મારી કંઈ કસુર નથી. ગામ **નેત્રા ખોભંડી નાગવીરી** વિગેરેના આગેવાનોએ આ કાર્ય કર્યું છે. જેને હૃદય છે, લાગણી છે, પરમાત્મા એ જેને બુદ્ધિ આપી છે. સારાસારનો વિચાર કરી શકે તેવા દુનિયાના માણસોને હું પૂછું છું કે કચ્છના જુલ્મગાર કણબી જ્ઞાતિના આગેવાનો કઈ સત્તાથી પ્રેમજી હરજીના ચડેલા દાગીના કપડાં લત્તાં બાર બાર વર્ષ થયાં થયેલ સંબંધમાં જે જે નાત રીતરિવાજ પ્રમાણે દરેકે દરેક સમય સાચવેલા, તેની સાથે કોઈ પણ પ્રકારની વાટાઘાટ કર્યા સિવાય આ સંબંધ આગેવાનોએ જોર જુલ્મથી છોકરીના બાપની સંમતિ વગર બીજે કરી નાખ્યો. એ શું ઓછા જુલ્મની વાત છે. આ કેસ નખત્રાણા કોર્ટમાં ચાલે છે. એક ફોજદારી કેસ, આગેવાનો પૈસાના બળે ભુજ વરિષ્ઠ કોર્ટમાં લઈ ગયા ત્યાં તેઓએ લાભ પણ મેળવ્યો. હજુ દીવાની કેસ નખત્રાણે ચાલે છે."

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

હું નખત્રાણા કોર્ટને નમ્રતાપૂર્વક અરજ કરું છું કે પ્રેમજીએ કેસ માંડ્યો, મનાઈ હુકમ કોર્ટ મારફતે લગડાવ્યા છતાં કચ્છના જુલ્મગાર આગેવાનોએ કોર્ટનું પણ અપમાન કર્યું.

મનાઈ હુકમ બજી ગયા છતાં છોકરી બીજે પરણાવી એટલું જ નહીં પણ નખત્રાણા કોર્ટના પટાવાળા ગુસાઈ વલમપુરી નથુપુરીએ કોર્ટ સમક્ષ અરજ કરેલી કે “હું નાગવીરી સમન્સ બજાવવા ગયેલો પરંતુ ગામ નાગવીરી આખું મળેલું જેથી જે શખ્સને સમન્સ લગાડવો હતો તે હાજર હતો છતાં સમન્સ લગાડવા દીધો નહીં જેથી પાછો લાવ્યો છું.”

આટઆટલી હકીકત બની ગઈ છે છતાં નખત્રાણા કોર્ટ તરફથી જતા મનાઈ હુકમનું અપમાન કરવા બદલ, પટાવાળાને સમન્સ ન બજાવવા દીધો એ ગુના બદલ નખત્રાણા કોર્ટે હજુ કંઈ પગલાં લીધા નથી, એ ઘણી જ દીલગીરીની વાત છે. આ તો કોર્ટના હુકમનો અનાદર કરવાની બાબતમાં પણ કોર્ટ બેદરકાર રહી છે, એ ઘણા જ અફસોસની વાત છે. આજે નવ નવ મહિના થયા હજુ કેસનો ખુલાસો થતો નથી એ પારાવાર ખેદની વાત છે.

ઘાટકોપર, કરાંચી વિગેરે સ્થપાયેલ જ્ઞાતિ સુધારક યુવક મંડળે ચોક્કસ કરેલું કે, જ્યાં સુધી કોર્ટમાં પ્રેમજી હરજીનો કેસ ચાલે છે ત્યાં સુધી કંઈ પણ અભિપ્રાય એ કેસ સંબંધ ન ઉચ્ચારવો પરંતુ મૌન વ્રત ક્યાં સુધી ધારણ કરવું. એવું જાણીને આજે હું આ પ્રેમજીના કેસ સંબંધે કેવળ મારી પોતાની જવાબદારી ઉપર જ આટલા શબ્દો બોલ્યો છું. દુનિયાના ભાઈઓને કચ્છની કોર્ટોને અને જેને આ કેસ સાથે સંબંધ છે એવા દરેકે દરેક મનુષ્યને આ કેસ કેવા પ્રકારે ઉત્પન્ન થયો છે. તેની જાણ કરવા માટે જ મારો આ પ્રયત્ન છે. સાચી વાત તો એ છે કે સ્વાર્થમાં અંધ બનેલા કહેવાતા કચ્છના કણબી આગેવાનો પોતાના સ્વાર્થને લીધે મમતાના લીધે પોતાના ઉદર પોષણ અર્થે તેઓ એવું કૃત્ય કરી રહ્યા છે કે તેને ભાન નથી કે આતે અમે શું કરીએ છીએ, જ્ઞાતિને કેવા પ્રકારનો ન્યાય આપીએ છીએ. પોતાના સ્વાર્થી કાર્યોમાં ભાન ભુલેલા, કચ્છના કણબી આગેવાનોની મને દયા આવે છે. તેની વિચિત્ર મનોદશા માટે હસવું આવે છે. દીન અને દુનિયા બંનેને ભુલી જઈને સંસારનો સમન્યાયી પરમાત્માનું વિસ્મરણ કરીને કચ્છના કણબી જ્ઞાતિના જુલ્મગાર આગેવાનો ભલે સત્યના સૂર્યને ઢાંકવા પ્રયત્ન કરે પણ સત્યનો સૂર્ય આખરે તો પ્રકાશવાનો. અંધકારને ફેડવાનો. આખરે આખી કચ્છી પ્રજાની આંખ ખુલવાથી અને આ જાલિમોનાં કૃત્યો નિહાળવાની જ. આ ટાણે તો કચ્છમાં કણબી જ્ઞાતિમાં જુલ્મ અત્યાચાર અને ત્રાસ વર્તાવવામાં જેટલા સાધનો એકઠાં કરી શકાય, તેટલાં એકઠાં કરી, આગેવાનો રાક્ષસી સ્વરૂપ ધારણ કરી નિર્લજતાથી જેમ ખેલાય તેમ ખેલી રહ્યા છે. અને જ્ઞાતિ સુધારક ભાઈઓને પાયમાલ જે રીતે કરાય તે રીતે કરી રહ્યા છે. આવા જાલીમ શેતાનોને હું કહું છું કે, તમારા કાર્ય અને તમારી પ્રવૃત્તિઓ કેવળ દુષ્ટ અને અમંગળ છે. મારી તેમજ જ્ઞાતિ સુધારકોની પ્રબળ ઈચ્છા તમારી નાદીરસાઈનો જુલ્મી દોર તોડી ફોડી જમીનદોસ્ત કરવામાં જ જ્ઞાતિનું શ્રેય સમાયેલું છે. એમ અમે માનીએ છીએ અને દુનિયાને બતાવી આપવા માગીએ છીએ કે, કચ્છના જુલ્મગાર કણબી આગેવાનોના જુલ્મી દોરથી પ્રજાની કેવી પાયમાલી થાય છે. અત્યારે કચ્છની કણબી જ્ઞાતિની પ્રજા અસહ્ય દુખમાં છે, ભયમાં છે. મોતના મોંમાં છે. તેથી જ અમો એ કચ્છના જુલ્મી આગેવાનો સામે જ્ઞાતિને બચાવવા કમર કસી છે. આગેવાનોએ જ્ઞાતિના પૈસાની વિનાફોકટ પાયમાલી કરી છે. જ્ઞાતિનો વિશ્વાસઘાત કર્યો છે તેમજ અનેક જ્ઞાતિના ગરીબ કુટુંબોને રંજાડીને પાયમાલ કર્યા છે. તેનો આગેવાનો પશ્ચાતાપ ન કરે, પોતાનું પાપનું પ્રાયશ્ચિત ન કરે, ત્યાં સુધી

કોઈ પણ જ્ઞાતિ સુધારક જંપીને ન બેસે એવી પ્રતિજ્ઞા પણ કરી છે. એ પ્રતિજ્ઞાના પવિત્ર ઉદ્દેશથી આજે કચ્છ દેશમાં જુદા જુદા ગામોમાંના જ્ઞાતિ ભાઈઓએ આગેવાનોના જુલ્મી દોરને ઠોકર મારી, પીરાણાના પાખંડી મતને ફેંકી દઈ પોતે સ્વતંત્ર અને સ્વમાનને ચાહી, શુદ્ધ સનાતન હિન્દુ આર્ય ધર્મને માનતા થઈ ગયા છે. તેની નોંધ દુનિયાના સઘળા વર્ગના ભાઈઓ જાણી શકે એવા હેતુથી નીચે પ્રમાણે જણાવવામાં આવી છે. તે ઉપર સર્વે ભાઈઓ લક્ષ આપશે. એવી મારી નમ્ર પ્રાર્થના છે.

સં.૧૯૭૯ના પ્રથમ જેઠ સુદ ૫ સોમવારે { VSAK : 21-May-1923 } ગામ દયાપરમાં કણબી ભાઈઓએ પીરાણાના પાખંડી ધર્મને તજી દઈ, શુદ્ધ સનાતન વૈદિક ધર્મ અંગીકાર કર્યો છે. આ દયાપર ગામના ભાઈઓ તેમજ બહેનોની જાહેર હિંમતની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. આ ગામ પીરાણા પંથમાં એટલું તો આગળ વધેલું કે કઈ ઘડીએ મુસલમાન થઈ જઈએ. કેટલાક ભાઈઓ તો સુનત કરાવવા પણ તૈયાર થયેલા, પરંતુ જ્ઞાતિ સુધારકો તરફના રિપોર્ટથી આ ગામના કેટલાક ભાઈઓની આંખો ઉઘડેલી. નેવું નેવું વર્ષની વયોવૃદ્ધ માતાઓને મેં પૂછ્યું કે તમો શું સમજીને દેહ શુદ્ધ પ્રાયશ્ચિત કરાવો છો? ત્યારે તેઓએ પવિત્રપણે જે જે જવાબો આપેલા તે સાંભળી હૃદયમાં ઘણો જ આનંદ થયેલો. પરમાત્માની પૂર્ણ કૃપા માની, શરૂઆતમાં ગામ દયાપરના આગેવાનો પટેલોએ અમારી સાથે પત્ર વહેવાર કરેલો. લગ્ન પ્રસંગે અમો શરૂઆતના જનોઈવાળા તરીકે ઓળખાતા ભાઈઓ ગયા. વૈશાખ મહિનામાં દેશમાં આવેલા ત્યારે, એક ડેપ્યુટેશન ગામ દયાપરના ભાઈઓનું અમારી પાસે આવેલું ત્યારે અમારામાંના ઘણા ભાઈઓએ તેમનું આ સાહસ નભી શકશે કે કેમ તેના અનેક પ્રશ્નો પૂછ્યા, છેવટે દયાપરવાસી ભાઈઓની અડગ શ્રદ્ધા જોઈ અમે પણ સંમતિ આપી અને છેવટે પ્રથમ જેઠ સુદ ૫ સોમવારે સાં.૧૯૭૯ { VSAK : 21-May-1923 } ના દિવસે દેહશુદ્ધ પ્રાયશ્ચિતનો દિવસ નક્કી કર્યો તે પ્રમાણે શુદ્ધીના સર્વ સાધનો દયાપરવાસી ભાઈએ તૈયાર કર્યા, એટલું જ નહીં, પણ સ્વામિનારાયણનો ધર્મ પાળતી અમારી જ્ઞાતિ સમસ્તને આમંત્રણ કર્યું. તદુપરાંત લખપત બંદરથી વહીવટદાર, ફોજદાર તેમજ સંભવિત ગૃહસ્થોને પણ આ કાર્યમાં ભાગ લેવાને આમંત્રણ કર્યું. માતાજીના મઢથી **રા.રા.જટાશંકર કાળીદાસ** તથા તેમના ચિ.ને પણ ખાસ બોલાવેલા અને મોટી ધામધૂમથી ગઢશીશાવાળા સુવિખ્યાત પંડિત **પારાશર શર્માના** હાથે તેમજ બીજા અન્ય બ્રાહ્મણોને બોલાવી એક મોટો યજ્ઞ કરી દેહશુદ્ધી પ્રાયશ્ચિત કરાવ્યું, તે વખતનો દેખાવ કંઈ અલૌકિક જ હતો. દાયપર ગામમાં હજુ થોડો ભાગ પીરાણાપંથી છે, તેણે આ કાર્ય નિર્વિઘ્ને પાર ન ઉતારવા દેવાનો અથાગ પ્રયત્ન કરેલો. પરંતુ તેમાં તે ફાવ્યા નહીં, વિરુદ્ધ પાર્ટી તરીકે પીરાણા ધર્મનું રક્ષણ કરનારામાં મુખ્ય ભાગ ભાઈશ્રી **ખેતા સોમજી ભગતે** જ ભજવ્યો હતો. છતાં એ ભાઈએ પણ તનતોડ મહેનત કરી. આ ઓચ્છવ મંગળને વધારે સારો ન દેખાય અથવા તેમાં ફાટફુટ પાડી શકાય એવા હેતુથી દયાપરને લગતાં આઠ ગામના કણબી ભાઈઓને શુદ્ધિના દિવસે ગામ દયાપરમાં બોલાવેલા અને તેઓએ પણ શુદ્ધિવાળા ભાઈઓની માફક મિષ્ટાન ભોજન કરી આઠે ગામના લોકોને જમાડેલા, પરંતુ અધિકારી વર્ગ હાજર હોવાથી કોઈ પ્રકારે તુફાન કરી શક્યા નહીં પરંતુ શુદ્ધીના કાર્યમાં વિરુદ્ધ પાર્ટીનો આનંદ પણ સમાઈ ગયો અને જયજયકાર થઈ રહ્યો. આ કાર્યમાં **રા.રા.મગનલાલભાઈ લખપતવાળા** તેમજ **ફોજદાર સાહેબ બાપાલાલ** સીંધી ઈન્સ્પેક્ટર સાહેબ તથા **રા.રા.જટાશંકર કાલીદાસ** માતાજીના મઢવાળા જેઓ કણબી જ્ઞાતિ સુધારકોને ચાહનારા તેમજ તેઓને દરેક રીતે

સહાનુભૂતિ આપનારા મુરબ્બીઓની હાજરી ઘણી જ ઉપયોગી હતી. આ અરસામાં ગામ દયાપરમાં જ્ઞાતિની એકાદ બે સભા પણ મળેલી અને તે સભામાં શુદ્ધીવાળા ભાઈઓ તેમજ બહેનોને કોઈ પણ પ્રકારે પીરાણાપંથી ભાઈઓ સાથે અથડામણમાં ન આવવું પડે, તેમ શાંતિ જાળવવા માટે ખાસ બોધ કરવામાં આવેલો. તેમાં જટાશંકરભાઈનું ખાસ ભાષણ મનન કરવાલાયક હતું. ગઢશીશાવાળા પ્રખ્યાત પંડિત પારાશર શર્માના બોધદાયક વ્યાખ્યાને જ્ઞાતિ ભાઈઓ તેમજ મહાજન વર્ગના ભાઈઓને સારી અસર કરી હતી. છેવટે આનંદ આનંદ વચ્ચે જે જે ભાઈ તેમજ બહેનોએ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરેલું તેની નોંધ નીચે પ્રમાણે.

ગામ દયાપરમાં પીરાણા ધર્મ તજી દેહશુદ્ધ પ્રાયશ્ચિત લેનારના નામ

૧. પટેલ લાલજી રૈયા નુંખે લીંબાણી
૨. સૌ.પદમાબાઈ તે પટેલ લાલજી રૈયાના ધર્મ પત્ની.
૩. ચિ. ચનુલાલજી
૪. ચિ.વાલજી
૫. ચિ.હંસરાજ
૬. ચિ.મેઘજી
(૩–૬) તે પટેલ લાલજી રૈયાના પુત્રો
૭. પટેલ ડાયા રૈયા નુંખે લીંબાણી
૮. સૌ.નાનાબાઈ તે પટેલ ડાયા રૈયાના ધર્મ પત્ની.
૯. ચિ.બહેન પુરબાઈ
૧૦. ચિ.બહેન રાજબાઈ
૧૧. ચિ.બહેન દેવકીબાઈ
(૯–૧૧) તે પા. ડાયા રૈયાની સુપુત્રીઓ
૧૨. પટેલ મુલજી રૈયા નુંખે લીંબાણી.
૧૩. સૌ રામબાઈ તે પા.મુલજીભાઈના ધર્મ પત્ની.
૧૪. ચિ.ફકુભાઈ
૧૫. ચિ.બહેન હાંસબાઈ
૧૬. ચિ.બહેન કેશરબાઈ
(૧૪–૧૬) તે પા.મુળજીભાઈની પુત્ર-પુત્રીઓ.
૧૭. પટેલ નારણ રૈયા. નુંખે લીંબાણી.
૧૮. સૌ.જાનબાઈ તે પા.નારણભાઈના ધર્મપત્ની.

૧૯. ચિ.ભાઈ વિશ્રામ ૨૦. ચિ.બહેન દાનાબાઈ ૨૧. ચિ. ભાઈ નાનજી ૨૨. ચિ.ભાઈ માવજી ૨૩. ચિ.બહેન પરમાબાઈ ૨૪. ચિ.બહેન લાલબાઈ	તે પા.નારણભાઈના પુત્ર-પુત્રીઓ

૨૫. પટેલ રામજી વસ્તા નુંખે લીંબાણી
૨૬. સો.કુંવરબાઈ તે પા.રામજીભાઈના ધર્મ પત્ની.
૨૭. માતાજી જમનાબાઈ તે પા.રામજીભાઈના પૂ.માતુશ્રી

૨૮. ચિ.ભાઈ હંસરાજ ૨૯. ચિ.બહેન હાંસબાઈ ૩૦. ચિ.બહેન પુરબાઈ ૩૧. ચિ.બહેન કેશરબાઈ	તે પા.રામજીભાઈના પુત્ર-પુત્રીઓ

૩૨. પટેલ શીવજી મેઘજી નુંખે લીંબાણી
૩૩. પૌત્ર ધનજી લધા નુંખે લીંબાણી
૩૪. સૌ. કેશરબાઈ તે પા.ધનજીભાઈના ધર્મપત્ની.
૩૫. પટેલ રામજી હીરજી નુંખે લીંબાણી
૩૬. સૌ. રામબા તે પા.રામજીભાઈના ધર્મપત્ની.
૩૭. ચિ.બહેન દેવકીબાઈ તે, પા.રામજી ભાઈના પુત્રી
૩૮. પટેલ હરજી મુલજી નુંખે ચૌધરી
૩૯. સૌ.જાનબાઈ તે પા.હરજીભાઈના ધર્મપત્ની.
૪૦. રાજબાઈ તે સૌ.જાનબાઈના માતુશ્રી

૪૧. ચિ.ભીમજી ૪૨. ચિ.દેવજી ૪૩. ચિ. બહેન મરઘાંબાઈ ૪૪. ચિ.બહેન માનબાઈ	તે પા.હરજીભાઈના પુત્ર-પુત્રીઓ

૪૫. પટેલ કરમશી લાલજી નુંખે ચૌધરી
૪૬. બહેન ધનબાઈ તે પા.કરમશીની પુત્રી
૪૭. પટેલ મનજી જીવા નુંખે નાથાણી
૪૮. ચિ.મેઘજી
૪૯. સૌ કેશરબાઈ તે પા.મેઘજીના ધર્મપત્ની.

૫૦. ચિ.ધનજી } તે પા.મેઘજીના પુત્ર-પુત્રીઓ
૫૧. ચિ. બહેન લાલબાઈ
૫૨. પટેલ લાલજી વીરજી નુંખે ડોસાણી
૫૩ પટેલ અરજણ વીરજી નુંખે ડોસાણી
૫૪. સૌ લાછબાઈ તે પા.અરજણની ધર્મપત્ની
૫૬. પટેલ જીવરાજ રામજી નુંખે ડોસાણી
૫૭. સૌ.રામબાઈ તે પટેલ જીવરાજના ધર્મપત્ની
૫૮. ચિ.લાલજી
૫૯. ચિ.બહેન પાનબાઈ } તે પા.જીવરાજના પુત્ર-પુત્રીઓ
૬૦. ચિ.બહેન ગાંગબાઈ
૬૧. ચિ.બહેન લક્ષ્મીબાઈ
૬૨. પટેલ વીરજી વિશ્રામ નુંખે મૈયાત
૬૩. સૌ. માનબાઈ તે પા.વીરજીના ધર્મપત્ની
૬૪. ચિ.મનુ
૬૫. ચિ.માવજી
૬૬. ચિ.બહેન ડાહીબાઈ } તે પા.વીરજીના પુત્ર-પુત્રીઓ
૬૭. ચિ.બહેન પુરબાઈ
૬૮. ચિ.બહેન જેઠીબાઈ
૬૯. પટેલ જીવરાજ ખીમજી નુંખે રંગાણી
૭૦. માતુશ્રી જાનબાઈ તે પા.જીવરાજના માતુશ્રી
૭૧. ધનબાઈ તે પા.જીવરાજના ભાભી
૭૨. ચિ.બહેન પાનબાઈ } તે ધનબાઈની દીકરીઓ
૭૩. ચિ.બહેન નાનબાઈ
૭૪. પટેલ માધા માંડણ નુંખે જાદવાણી
૭૫. સૌ. માનબાઈ તે પા.માધાભાઈના ધર્મપત્ની
૭૬. ચિ.વાલજી તે પા.માધાભાઈનો પુત્ર
૭૭. પટેલ શવગણ ડાયા નુંખે વાગડીયા
૭૮. સૌ.જીવાબાઈ તે પા.શવગણના ધર્મપત્ની
૭૯. ચિ.હંસરાજ
૮૦. ચિ.પ્રેમજી } તે પા. સવગણના પુત્ર-પુત્રીઓ
૮૧. ચિ.રતનશી
૮૨. ચિ.બહેન કાનબાઈ

૮૩. પટેલ શિવદાસ કાનજી નુંખે વાગડીઆ
૮૪. સૌ.કાનબાઈ તે પા.શીવદાસના ધર્મપત્ની
૮૫. ચિ.બહેન નાનબાઈ તે પા.શીવદાસની પુત્રી
૮૬. પટેલ ધનજી નારણ નુંખે લાખાણી
૮૭. સૌભાગ્યવંતા તેમના પત્ની.
૮૮. ચિ.બહેન રાજબાઈ તે પા.ધનજીની પુત્રી
૮૯. પટેલ મેઘજી ખીમજી નુંખે સાંખલા
૯૦. સૌ.વાલબાઈ તે પા.મેઘજીના ધર્મપત્ની
૯૧. ચિ.હીરજી
૯૨. ચિ.શીવજી
૯૩. ચિ.રતનશી
૯૪. ચિ.બહેન લાલબાઈ
} તે પા.મેઘજીના પુત્ર-પુત્રીઓ
૯૫. પટેલ કાનજી ખીમજી નુંખે સાંખલા
૯૬. સૌ.પુરબાઈ તે પા. કાનજીના ધર્મપત્ની
૯૭. માતુશ્રી ગોમતીબાઈ તે પા.કાનજીના માતુશ્રી
૯૮. ચિ.પુંજો
૯૯. ચિ.વાલજી
૧૦૦. ચિ.બહેન બચીબાઈ
૧૦૧. ચિ.બહેન જેઠીબાઈ
} તે પા.કાનજીના પુત્ર-પુત્રીઓ
૧૦૨. પટેલ જેઠા પાંચા નુંખે ગોગારી
૧૦૩. સૌ ગોમતીબાઈ તે પા.જેઠાભાઈના ધર્મપત્ની
૧૦૪. ચિ.જીવરાજ
૧૦૫. ચિ.બહેન વેલબાઈ
} તે પા.જેઠાભાઈના પુત્ર-પુત્રીઓ
૧૦૬. પટેલ વિશ્રામ પાંચા નુંખે ગોગારી
૧૦૭. સૌ.ગોમતીબાઈ તે પા.વિશ્રામના ધર્મપત્ની
૧૦૮. ચિ.પુંજો તે પા.વિશ્રામનો પુત્ર
૧૦૯. ચિ.ભીમજી
૧૧૦. ચિ.બહેન કાનબાઈ
૧૧૧. ચિ.બહેન રતનબાઈ
} તે પા.વિશ્રામભાઈના પુત્ર-પુત્રીઓ
૧૧૨. પટેલ મેઘજી ભીમજી નુંખે કેશરાણી
૧૧૩. સૌ.રામબાઈ તે પા.મેઘજીના ધર્મપત્ની.
૧૧૪. માતુશ્રી વાલબાઈ તે. મેઘજીના માતુશ્રી

૧૧૫. ચિ.માવજી
૧૧૬. ચિ.રૈયો
૧૧૭. ચિ.હરજી
૧૧૮. ચિ.બહેન લાલબાઈ
} તે પા.મેઘજીના પુત્ર-પુત્રીઓ

૧૧૯. પટેલ સોમજી ભીમજી નુંખે કેશરાણી
૧૨૦. સૌ.ડાહીબાઈ તે પા.સોમજીના ધર્મપત્ની

૧૨૧. ચિ.દેવજી
૧૨૨. ચિ.ડાહ્યો
} તે પા.મેઘજીના પુત્રો

૧૨૩. પટેલ લાલજી ડાહ્યા નુંખે પારસીયા
૧૨૪. સૌ.હીરબાઈ તે પા.લાલજીના ધર્મપત્ની
૧૨૫. માતુશ્રી બાઈ આખાઈ તે પા.લાલજીના માતુશ્રી
૧૨૬. ચિ.માવજી તે પા.લાલજીના પુત્ર
૧૨૭. સૌ.કેશરબાઈ તે પા.માવજીના ધર્મપત્ની

૧૨૮. ચિ.ભીમજી
૧૨૯. ચિ.કરસન
૧૩૦. ચિ.ખેતો
} તે પા. માવજીના પુત્રો

૧૩૧. પટેલ રતનશી દાના નુંખે પારસીઆ
૧૩૨. સૌ.હીરબાઈ તે પા.રતનશીના ધર્મપત્ની

૧૩૩. ચિ.લખમશી
૧૩૪. બહેન પદમાબાઈ
૧૩૫. બહેન ગોમતીબાઈ
} તે પા.રતનશીના પુત્ર-પુત્રીઓ

૧૩૬. પટેલ કાનજી કેશરા નુંખે પારસીઆ
૧૩૭. સૌ.ધનબાઈ તે પા.કાનજીના ધર્મપત્ની

૧૩૮. ચિ.સોમજી
૧૩૯. ચિ.કરસન
૧૪૦. ચિ.બહેન લાલબાઈ
} તે પા.કાનજીના પુત્ર-પુત્રીઓ

૧૪૧. પટેલ દેવશી કેશરા નુંખે પારસીઆ
૧૪૨. સૌ.રામબાઈ તે પા.દેવશીના ધર્મપત્ની

૧૪૩. ચિ.માવજી
૧૪૪. ચિ.ધનજી
૧૪૫. ચિ.બહેન દેવકીબાઈ
} તે પા.દેવશીના પુત્ર-પુત્રીઓ

૧૪૬. પટેલ દેવજી કેશરા નુંખે પારસીયા

૧૪૭. સૌ.જશુબાઈ તે પા.દેવજીના ધર્મપત્ની.
૧૪૮. માતુશ્રી પુરબાઈ તે પા.દેવજીના માતુશ્રી
૧૪૯. ચિ.મનજી
૧૫૦. ચિ.પ્રેમજી
૧૫૧. ચિ.કરમશી } તે પા.દેવજીભાઈના પુત્ર-પુત્રીઓ
૧૫૨.ચિ.બહેન લક્ષ્મીબાઈ
૧૫૩. ચિ.બહેન ગોમતીબાઈ
૧૫૪. પટેલ રામજી રતનશી નુખે ભાવાણી ગામ-અકરીવાળા.
૧૫૫. સૌ.હીરબાઈ તે પા.રામજીના ધર્મપત્ની
૧૫૬. ચિ.ધનજી
૧૫૭. ચિ. ડાયા
૧૫૮. ચિ. રણમલ } તે. પા.રામજીના પુત્ર-પુત્રીઓ
૧૬૦. ચિ.હાંસબાઈ
૧૬૧. ચિ.બહેન લાલબાઈ
૧૬૨. પટેલ નથુ માંડણ નુખે ભાવાણી
૧૬૩. પટેલ માવજી માંડણ નુખે ભાવાણી તે રામજી રતનશીના ભત્રીજા.

ઉપર જણાવ્યા પ્રમાણે ગામ **દયાપર કુલે ૧૬૩ માણસે દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કરાવા** કચ્છના જુલ્મી આગેવાનોના જુલ્મી દોરને નાબુદ કરી પીરાણાના સતપંથ નામના ખીચડીયા પંથને તિલાંજલી આપી વૈદિક ધર્મની દીક્ષા લીધાની વાત ગામો ગામ જાહેરથઈ. ભાઈશ્રી ખેતા સોમજી ભગતે શુદ્ધિ કરાવેલા ભાઈઓ તેમજ બહેનોને હેરાન કરવાના ત્યાર પછી અનેક કારણો આપ્યા. પરંતુ એ કારણો અને દુઃખોને લેશ પણ ગણકાર્યા સિવાય પોતાના અંગિકાર કરેલા વૃત પ્રમાણે શુદ્ધીવાળા ભાઈઓ વર્તતા હોવાથી ખેતા સોમજી ભગતનું કંઈ ચાલ્યું નથી. પોતે ખાસ દયાપરમાં જ અળખામણાં થઈ પડ્યા છે.

દયાપરવાસી ભાઈઓએ શુદ્ધિ કરાવવાની વાત મુંબઈ ઘાટકોપર પહોંચી. ઘાટકોપરના યુવક મંડળના ભાઈઓ જ્ઞાતિ સુધારામાં અગ્ર ભાગ લેનારા ગણાય છે. તેઓને આ વાતથી ઘણો જ આનંદ થયોપરંતુ સાથે સાથે એમ પણ લાગ્યું કે દયાપરવાસી ભાઈઓ આ જશ પહેલો ખાટી ગયાની ઈર્ષા કર્યા વગર સં.૧૯૭૯ના અષાઢ સુદ-૧ શનિવારે{ VSK : 14-Jul-1923 }રાત્રે યુવક મંડળની સભા બોલાવી અને એ સભામાં દયાપરવાસી ભાઈઓનું અનુકરણ કરવાં પોતા માથે હજુ પીરાણાના પાખંડી મતનું કલંક છે તે ધોઈ નાખવા અનેક પ્રકારની વાટાઘાટ ચાલી સારા નસીબે અમદાવાદવાળા જ્ઞાતિ સુધારક કર્મવીર ભાઈ શ્રી મગનલાલ ગોવિંદલાલની હાજરી પણ એજ સભામાં હતી. આ ભાઈએ યુવક મંડળની થતી વાટાઘાટ સાંભળી પોતાના જ્ઞાતિ બંધુ તરીકે પોતે નિખાલશ હૃદયથી પીરાણાના પાખંડી ધર્મમાંથી નીકળી શુદ્ધ કડવા પાટીદાર થનારા ભાઈઓને પોતા તરફની સહાનુભૂતિ આપી એટલું જ નહીં પણ મુંબઈ વસતા પીરાણા પંથને તજી દીધેલા ૨૦૦ ભાઈઓને બીજે દિવસે

બોલાવી પોતાની હાજરીમાં ઘાટકોપરમાં વસતા વિદ્વાન બ્રાહ્મણોમાં મુખ્ય શુક્લ છગનલાલ કાનજી ગામ હળવદવાળાના હાથે દેહ શુદ્ધિ પ્રાયશ્ચિતની ક્રિયા કરાવી. ભાઈ શ્રી મગનલાલ ગોવિંદલાલે તદ્ઉપરાંત શુદ્ધિવાળાને તેમજ પ્રથમ શુદ્ધિ કરાવેલા બસો ભાઈઓને પોતા તરફથી મિષ્ટાન જમણ આપી દરેક ભાઈને પોતા તરફ ખેંચ્યા છે. પોતાના જ ભાઈઓ અજ્ઞાનતાથી ભાન ભુલી અવળે રસ્તે ચડેલા તેઓને આ પ્રમાણે પ્રાયશ્ચિત અપાવી પોતામાં ભેળવવાની એક ગુજરાતી જ્ઞાતિભાઈએ જે ઉદારતા બતાવી છે, તે ખાતે ઘાટકોપરના યુવક મંડળના ભાઈઓ ભાઈ શ્રી મગનલાલ ગોવિંદલાલના હંમેશના માટે ઋણી રહેશે. મુંબઈ ઘાટકોપરમાં વસતા કચ્છી કડવા પાટીદાર ભાઈઓએ પીરાણા પાખંડી મતને તજી દઈને આગેવાનોના જુલ્મને ઠોકરો મારી પોતાની સ્વતંત્રતા અને સ્વમાનની જિંદગી ગાળવા માટે નીચે જણાવેલા ભાઈઓ તેમજ બહેનોએ સં.૧૯૭૯ના અષાઢ સુદ-૩ સોમવાર { VSK : 16-Jul-1923 } ના રોજે શેઠ ઉમરસી રાયશીની વાડીમાં દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કરાવ્યું છે. જેની નોંધ નીચે પ્રમાણે છે.

ઘાટકોપરમાં દેહશુદ્ધ પ્રાયશ્ચિત લેનારના નામ

૧ ભાઈ શ્રી રતનશી ખીમજી ખેતાણી ગામ-વિરાણીવાળા ઘાટકોપર યુવક મંડળના સેક્રેટરી.
૨ વેલજી ખીમજી ખેતાણી ગામ-વિરાણી
૩ જીવરાજ ખીમજી ખેતાણી ગામ-વિરાણી
૪ સૌ.મેઘબાઈ તે રતનશી ખીમજીના ધર્મપત્ની
૫ ચિ.બેન જમનાબાઈ તે જીવરાજ ખીમજીના દીકરી
૬ પા.નાનજી દેવજી પોકાર ગામ-વિરાણી
૭ માતાજી ડાઈબાઈ તે નાનજી દેવજીના માતુશ્રી
૮ સૌ.રામબાઈ તે નાનજી દેવજીના ધર્મપત્ની
૯ ચિ.સવજી નાનજીનો પુત્ર
૧૦ ચિ.બેન પાનબાઈ તે નાનજીની દીકરી
૧૧ પટેલ લધા વિશ્રામ માનાણી ગામ-વિરાણી
૧૨ માતાજી નાથીબાઈ તે લધા વિશ્રામની માતાજી
૧૩ સૌ.ભાણબાઈ તે લધા વિશ્રામના ધર્મપત્ની
૧૪ ચિ.મોંઘીબાઈ તે લધા વિશ્રામની દીકરી
૧૫ ચિ.કરમસી રૂડા માનાણીનો ભત્રીજો - વિરાણી
૧૬ ચિ.જખુ-હીરા માનાણીનો દીકરો - વિરાણી
૧૭ પા.નારણ રૈયા લીંબાણી ગામ-દયાપર
૧૮ પા.કાનજી કેશરા પારસીયા ગામ-દયાપર
૧૯ પા.રામજી હરજી લીંબાણી ગામ-દયાપર
૨૦ પા.સોમજી ભીમજી કેશરાણી ગામ-દયાપર

૨૧ પા.ધનજી નારાણ લાખાણી ગામ-દયાપર
૨૨ પા.હીરજી શામજી વાડીઆ ગામ-દયાપર
૨૩ પા.હીરજી રૂડા છાભાણી ગામ-કોટડા જડોદરવાળા
૨૪ સૌ.પાનબાઈ તે હીરજી રૂડાના ધર્મપત્ની
૨૫ ચિ.જાનબાઈ
૨૬ ચિ.ગોમાતબાઈ } તે હીરજી રૂડાના છોકરાં
૨૭ ચિ.છોરૂ વેલજી
૨૮ પા.રામજી કાનજી ચૌધરી ગામ-ઘડુલી
૨૯ સૌ.બાઈ કાનબાઈ તે રામજી કાનજીના ધર્મપત્ની
૩૦ ચિ.અરજણ રામજી
૩૧ ચિ.બેન કેશરબાઈ તે રામજીની દીકરી
૩૨ પા.કાનજી ઉકેડા પોકાર ગામ-મંગવાણા
૩૩ પા.રામજી કાનજી પોકાર ગામ-મંગવાણા
૩૪ પા.વિશ્રામ કરશન પોકાર ગામ-મંગવાણા
૩૫ સૌ.જમનાબાઈ તે રામજી કાનજીના ધર્મપત્ની

ઉપર જણાવેલા જણ પાંત્રિસે અષાઢ સુદ-૩ સોમવારે સં.૧૯૭૯ { VSK : 16-Jul-1923 } ના દિને દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કરાવ્યું છે.

ત્યાર પછી ગામ પાનેલીમાં માતાજીના મઢના કારભારી રા.રા.જટાશંકર કાળીદાસભાઈની સહાયતાથી દયાપરવાળા કણબી જ્ઞાતિના હિતેચ્છુ મણીશંકર અંબારામ ત્રવાડીના હાથે સાં.૧૯૭૯ અને કચ્છી સાં.૧૯૮૦ના આસો સુદ-૧૦ શુક્રવારે (વિજ્યા દસમી){ VSK : 19-Oct-1923 } ના દિને ગામ પાનેલીમાં નીચે પ્રમાણે જ્ઞાતિભાઈઓ તેમજ બહેનોએ પીરાણા ધર્મ તજીને શુદ્ધ સનાતન હિન્દુ ધર્મની દીક્ષા લીધી છે જેના નામ નીચે પ્રમાણે છે.

પ્રાયશ્ચિત લેનારના નામ

૧ પા.રામજી પરબત નુખે વાગડીઆ ગામ-પાનેલી
૨ સૌભાગ્યવતી બેન જસુબાઈ તે રામજી પરબતના ધર્મપત્ની
૩ હરજી રામજી તે રામજી પરબતનો દીકરો
૪ સોમજી રામજી તે રામજી પરબતનો દીકરો
૫ સૌભાગ્યવતી બેન પુરબાઈ તે હરજી રામજીના ધર્મપત્ની
૬ ચિ.અરજણ હરજી તે હરજી રામજીનો પુત્ર
૭ પટેલ હીરજી રામજી વાગડીઆ ગામ-પાનેલી
૮ સૌ.બેન કુંવરબાઈ તે હરજી રામજીના પત્ની

૯ ચિ.બેન કેશરબાઈ } હીરજી રામજીની દીકરીઓ
૧૦ ચિ.બેન જીવાબાઈ
૧૧ પટેલ વિશ્રામ રામજી નુખે વાગડીઆ
૧૨ સૌ.લાલબાઈ તે પા.વિશ્રામના ધર્મપત્ની
૧૩ ચિ.બહેન ડાહીબાઈ તે પા.વિશ્રામની પુત્રી
૧૪ પટેલ મુળજી પરબત નુખે વાગડીઆ
૧૫ સૌ.કાનબાઈ તે પા.મુળજીના ધર્મપત્ની
૧૬ પટેલ કરશન મુળજી
૧૭ સૌ. મેઘબાઈ તે પા.કરશનના ધર્મપત્ની
૧૮ ચિ.બહેન રતનબાઈ
૧૯ ચિ.બહેન મરઘાંબાઈ } પા.કરસનના પુત્ર-પુત્રીઓ
૨૦ ચિ.લધારામ
૨૧ પટેલ શીવજી મુળજી નુખે વાગડીઆ
૨૨ સૌ.પ્રેમાબાઈ તે પા.શીવજીના ધર્મપત્ની
૨૩ પટેલ જેઠા મુળજી નુખે વાગડીઆ
૨૪ પટેલ હંસરાજ મુળજી નુખે વાગડીઆ
૨૫ ચિ.બહેન ગાંગબાઈ તે પા.હંસરાજ તથા પા.જેઠાભાઈની બહેન
૨૬ પટેલ રામજી રાજા નુખે નાથાણી
૨૭ સૌ.કંકુબાઈ તે ચિ.રામજીના ધર્મપત્ની
૨૮ પટેલ કરશન લાલજી નુખે નાથાણી
૨૯ સૌ.મરઘાંબાઈ તે પા.નારાણજીના ધર્મપત્ની
૩૦ પટેલ કરશન લાલજી નુખે નાથાણી
૩૧ સૌ.બચીબાઈ ઉર્ફે નાનબાઈ તે પા.કરશનના ધર્મપત્ની
૩૨ ચિ.બહેન ભાણબાઈ તે કરશન લાલજીની દીકરી
૩૩ સૌ.માનબાઈ તે પા.રામજી ભીમજી નુખે કેશરાણીના ધર્મપત્ની
૩૪ ચિ.બહેન દેવકીબાઈ
૩૫ ચિ.બહેન હાસબાઈ } તે પા.પાનબાઈના પુત્ર-પુત્રીઓ
૩૬ ચિ.બહેન જાનબાઈ
૩૭ ચિ.રતનશી
૩૮ પટેલ ખેતજી કેશરા નુખે વાગડીઆ
૩૯ ચિ.ગોમતીબાઈ તે પા.ખેતશીની દીકરી
૪૦ પટેલ દાના ખેતશી નુખે વાગડીઆ

૪૧ સૌ.લાલબાઈ તે પા.દાનાના ધર્મપત્ની
૪૨ પટેલ મેઘજી ખેતશી નુખે વાગડીઆ
૪૩ સૌ.પુરબાઈ તે પા.મેઘજીના ધર્મપત્ની
૪૪ ચિ.શીવગણ
૪૫ ચિ. રામજી } તે પા.મેઘજીના પુત્ર-પુત્રીઓ
૪૬ ચિ. બહેન લક્ષ્મીબાઈ
૪૭ પા.કરમશી ખેતશી નુખે વાગડીઆ
૪૮ સૌ.હીરબાઈ તે પા.કરમશીના ધર્મપત્ની
૪૯ ચિ.બહેન બચીબાઈ } તે કરમશી ખેતશીના પુત્ર-પુત્રીઓ
૫૦ ચિ.વેલજી
૫૧ પટેલ વાલજી ખેતશી નુખે વાગડીઆ
૫૨ સૌ.રતનબાઈ તે પા.વાલજીના ધર્મપત્ની
૫૩ ચિ.બહેન ગોમતીબાઈ } તે પા.વાલજીના પુત્ર-પુત્રીઓ
૫૪ ચિ.કાનજી
૫૫ પટેલ માવજી ખેતશી નુખે વાગડીઆ
૫૬ સૌ.હીરબાઈ તે પા.માવજીના ધર્મપત્ની
૫૭ ચિ.માવજી } તે પા.માવજીના પુત્ર-પુત્રીઓ
૫૮ ચિ.બહેન વાલબાઈ
૫૯ પટેલ માવજી ભીમજી નુખે દીવાણી ગામ-દયાપરવાળા
૬૦ સૌ.વાલબાઈ તે પા.માવજીના ધર્મપત્ની
૬૧ ચિ.રામજી } તે પા.માવજીના પુત્રો
૬૨ ચિ. રતનશી
૬૩ પા.કાનજી લાલજી નુખે નાકરાણી ગામ-દયાપરવાળા
૬૪ સૌ.ધનબાઈ તે પા.કાનજીના ધર્મપત્ની
૬૫ ચિ.વિશ્રામ } તે પા.કાનજીના પુત્ર-પુત્રી
૬૬ ચિ.બહેન પુરબાઈ
૬૭ સૌ.જાનબાઈ તે પા.હીરજી દાના નુખે પારસીયાના ધર્મપત્ની

ઉપર જણાવેલા પાનેલીમાં ઘર-૧૬ અને એકંદરે માણસોની સંખ્યા ૬૭ જેમણે દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી છે. કચ્છના કણબી જુલ્મી આગેવાનોની જુલ્મી જોંસરીને ફેંકી દીધી છે, તેમજ પીરાણા કબ્રસ્તાની પંથની સાથે તદ્દન છુટાછેડા કરી હિન્દુ ધર્મની પાછી દીક્ષા લીધી છે. આ વાત સાંભળીને દરેકે દરેક હિન્દુભાઈઓને આનંદ થવો જ જોઈએ. પરંતુ અદેખા-ઈર્ષાળુ લોકોને દ્વેષની આગ સળગે છે તેને બીજા શું કરે? પાનેલીવાળા ભાઈઓને દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત ન કરવા દેવામાં **ગામ-પાનેલીવાળા ભાઈ મનજી તથા નથુ ખીમા** જેઓ નવા મુખી થઈ પીરાણા પંથની મુસલમાની ક્રિયા કરવામાં આગેવાની ભર્યા હાલમાં ભાગ ભજવે છે તથા **નાનજી હીરજી પારસીયા** જે

ભાઈ જુવાન છે, જ્ઞાતિ સુધારકોને પાયમાલ કરવામાં અગ્ર ભાગ ભજવવાથી હાલમાં તે પણ પીરાણા પંથના જુલ્મી આગેવાનોની ગણતરીમાં ઉમેદવાર તરીકે આવી શકે છે. તે સિવાય દયાપરવાળા જગ બત્રિસીએ ચડેલા ભાઈ શ્રી ખેતાભાઈ સોમજી ભગત, કે જેમણે રાત દિવસ નિંદ્રાનો ત્યાગ કરી સુધારાવાળાને પાયમાલ કરવાથી ગેઢેરામાં ખપી શકાશે અથવા તો પીરાણા ધર્મની રક્ષા કરવાથી ભેસ્તમાં પચાસ હુરાંઓની સાથે રંગરાગ ભોગવી શકાશે એ લાલચે પાનેલી ગામમાં પણ પહોંચેલા પરંતુ માતાજીના મઢવાળા, **કાકા જટાશંકર કાળીદાસ**ની છાયા ત્યાં પણ નડેલી, તેથી વિલે મોંઢે પાછા ફરેલા. આ આદમી પીરાણા પંથના ભારે રક્ષક છે. જ્યાં ત્યાં હડધૂત થાય છે તો પણ પોતાના પાસા ફેંકવામાં ના હિંમતવાન નથી. હું આ ભાઈની હિંમતના માટે તેમજ પીરાણા ધર્મનું રક્ષણ કરવામાં પોતાની બધી શક્તિઓનો ઉપયોગ કરનારા છતાં નાસીપાસ થતા ભાઈને શાબાસી આપું છું.

ભાઈશ્રી **ખેતા સોમજી ભગતે** ગામ પાનેલીમાં હણમાર તો ઘણી કરી, પરંતુ છેવટે કંઈ વળ્યું નહીં ત્યારે તેણે એકબીજો દાવ અજમાવેલો તે આબેહુબ સિદ્ધ થયેલો અને તેમાં તેને સંપૂર્ણ ફતેહ પણ મળેલી જે હકીકત આ પ્રમાણે છે. પાનેલીના **કણબી રામજી રાજા નાથાણી**ના ધર્મપત્ની સૌભાગ્યવતી બેન **કંકુબાઈ**એ પોતાના પતિ સાથે દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવ્યું તેથી ભાઈ ખેતા સોમજીએ બેન કંકુબાઈના બાપ **ખેતા જીવરાજ મુખી**ને ચડાવ્યો. મુખીએ પોતાના જમાઈ તથા દીકરી પાસે ખૂબ ધામધૂમ કરી પણ કંઈ વળ્યું નહીં તેથી છેવટે પોતા તરફથી જે દાગીના કંકુબાઈને આપવામાં આવ્યા હતા તે બળજબરીથી ઉતારીને પોતાની દીકરી કંકુબાઈને મુવેલી, માની સંતોષ માન્યો. ધન્ય છે એ બાપને?

કરાંચી પરિષદ બીજીનો રિપોર્ટ છપાઈ બહાર પડ્યા પછી ઘણા ભાઈઓને પીરાણાના પાખંડી મતમાં રહેવું એ એક શરમ ભરેલું છે એમ લાગ્યું પણ એ કબ્રસ્તાની પંથથી છૂટાછેડા કરવાની પહેલ કેમ કરવી, એમાં જ મુંજાતા હતા. હવે તો દયાપર પાનેલી ઘાટકોપર ઈત્યાદિ સ્થળે દેહશુદ્ધિ પ્રાયશ્ચિતનાં કાર્યો ઝપાટા બંધ થતાં જોઈ કચ્છમાં પણ અકેક બબે ઘરવાળાએ પણ આ કાર્ય કરવામાં હિંમત બતાવી છે, જેનો દાખલો ગામ **રવાપર**માંથી આપણે જાણી શકીશું. સંવત ૧૯૮૦ના કારતક સુદ-૨ શનિવાર { VSAK : 10-Nov-1923 } ના રોજે **જોશી નારણજી ગોકળજી**ના હાથે ગામ રવાપરના નીચે જણાવેલા ભાઈઓએ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવ્યું છે જેની નોંધ આ પ્રમાણે છે.

૧ કણબી અખૈઈ ખેતા પોકાર ગામ-રવાપર
૨ સૌભાગ્યવતી બાઈ કુંવરબાઈ તે અખૈઈ ખેતાના ધર્મપત્ની
૩ સૌ.પાનબાઈ તે અખૈઈના દીકરા વિશ્રામના ધર્મપત્ની
૪ રામજી વિશ્રામ
૫ ચિ.હરજી વિશ્રામ
૬ ચિ.નારણ વિશ્રામ
} પોકાર ગામ-રવાપર (૪–૬)

હવે દેહ શુદ્ધિ પ્રાયશ્ચિતનું કાર્ય આગળ વધ્યું. મુંબઈ ઘાટકોપરમાં સંવત ૧૯૮૦ના કારતક સુદ-૩ રવિવાર { VSAK : 11-Nov-1923 } ના દિને નીચે પ્રમાણે ભાઈઓએ હળવદવાળા શુક્લ છગનલાલ કાનજીના હાથે પ્રાયશ્ચિત કરાવ્યું જેની નોંધ નીચે પ્રમાણે છે.

૧	મુખી અરજણ રામજી લીંબાણી	ગામ-દયાપર
૨	પટેલ હીરજી દાના પારસીયા	ગામ-દયાપર
૩	પા.કરમશી દેવજી બાથાણી	ગામ-ખીરસરા
૪	પા.રામજી ભીમજી કેશરાણી	ગામ-પાનેલી
૫	પા.વાલજી ભીમજી ભગત	ગામ-પાનેલી
૬	પા.લધા તેજા છાભૈયા	ગામ-પાનેલી
૭	પા.કાનજી તેજા છાભૈયા	ગામ-પાનેલી
૮	પા.શીવદાસ કરશન ભાદાણી	ગામ-ઘડુલી

આ પ્રમાણે ભાઈઓએ પીરાણા સતપંથને ત્યાગી શુદ્ધ સનાતન હિન્દુ ધર્મ સ્વીકાર્યો છે. તે સિવાય ઘાટકોપરમાં સંવત ૧૯૮૦ના કારતક વદ-૩ સોમવાર { VSAK : 26-Nov-1923 } ના રોજ હળવદવાળા પ્રખ્યાત પંડિત શુક્લ છગનલાલ કાનજીના હાથે દેહશુદ્ધિ પ્રાયશ્ચિત નીચે જણાવેલા ભાઈઓએ લીધું છે.

૧	પટેલ વેલજી ખીમજી ખેતાણી	ગામ-વિરાણીવાળા
૨	માતાજી સોનબાઈ	તે વેલજી ખીમજીના માતુશ્રી
૩	સૌભાગ્યવતી લાલબાઈ	તે વેલજી ખીમજીના ધર્મપત્ની
૪	સૌ.પુરબાઈ	તે જીવરાજ ખીમજીના ધર્મપત્ની
૫	ચિ.દેવજી જીવરાજ	
૬	ચિ.મોંઘીબાઈ જીવરાજ	
૭	ચિ.ધનબાઈ તે વેલજીના દીકરી	
૮	પા.વિશ્રામ અખેઈ પોકાર	ગામ-રવાપરવાળા
૯	પા.પ્રેમજી અખેઈ પોકાર	ગામ-રવાપરવાળા

ત્યાર બાદ મુંબઈ માટુંગામાં સંવત ૧૯૮૦ કારતક વદ-૦))(અમાસ) શનિવાર તા.૮-૧૨-૧૯૨૩ { VSAK : 08-Dec-1923 } ના રોજે હળવદવાળા શુક્લ છગનલાલ કાનજીના હાથે નીચે પ્રમાણે ભાઈઓ તેમજ બહેનોએ પીરાણા પંથને તિલાંજલી આપી વૈદિક ધર્મ અંગીકાર કર્યો છે. જેના નામની નોંધ નીચે પ્રમાણે છે.

૧	પા.પચાણ રૂડા રૂડાણી	ગામ-વિથોણવાળા
૨	પા.માવજી લાલજી	ગામ-વિથોણવાળા
૩	પા.નથુ દેવશી	ગામ-વિથોણવાળા
૪	સૌભાગ્યવતી રામબાઈ	તે પચાણ રૂડાના ધર્મપત્ની
૫	સૌ.દેવકીબાઈ	તે માવજી લાલજીના ધર્મપત્ની
૬	સૌ.લક્ષ્મીબેન	તે નથુ દેવશીના ધર્મપત્ની
૭	ચિ.ધનબાઈ	તે પચાણ રૂડાની દીકરી
૮	ચિ.વેલબાઈ	તે માવજી લાલજીની દીકરી

૯	પા. પચાણ દેવશી કાનાણી	ગામ-વિરાણી
૧૦	પા.જેઠા દેવશી કાનાણી	ગામ-વિરાણી
૧૧	પા.રામજી જેઠા વાગાણી	ગામ-વિરાણી

આ હિસાબે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિમાં જે ચળવળ ચાલી રહી છે તે જોઈ દરેક સાચા હિન્દુ ભાઈઓને આનંદ થયો જ હશે. પ્રભુ કૃપાએ મને **કરાંચી** યુવક મંડળ તરફથી કેટલાક કાગળો આવેલા છે અને તે લગભગ બસોની સંખ્યામાં દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લેવા માગે છે. આ ભાઈઓ ઘાટકોપર યુવકમંડળના કાર્યવાહકોને આમંત્રણો કરી રહ્યા છે, મહા મહિનામાં શુદ્ધિ કરાવવાના નિર્ણય ઉપર આવ્યા છે. જ્યારે ઘાટકોપરમાં વસ્તા ભાઈઓ એવી ઉમિદ બાંધી રહ્યા છે કે ઘાટકોપરમાં પરિષદ ભરવાની હિલચાલ ચાલે છે તે પાર ઉતર્યા પછી એ કાર્ય હાથ ધરવાને વખત લંબાવે છે. ઘાટકોપરવાસી ભાઈઓનો ઊંડો ઊંડો એવો પણ વિચાર છે કે ખુદ ઘાટકોપર કરાંચી અને કચ્છમાં મળી કુલ્લે સંખ્યા ત્રણ હજારની પ્રાયશ્ચિત કરાવવા તૈયાર છે તેને પરિષદના કાર્યથી ભારે ઉત્તેજન મળશે એ લાલચે આ કાર્ય થોભાવ્યું છે, એવું મેં કેટલાક જ્ઞાતિ સુધારક યુવક મંડળના ભાઈઓના મોંઢાથી સાંભળ્યું છે. વળી એવા પણ સમાચાર મળ્યા છે કે કરાંચીમાં ત્રણ કુટુંબે તો દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લીધું છે જેની સંખ્યા તેરની છે. પ્રભુ કૃપાએ મારી તો ખાતરી જ છે કે હવે જો યુવક મંડળના ભાઈઓ થોડો વધારે ભોગ આપવા તૈયાર થશે તો હજારોની સંખ્યામાં આપણી જ્ઞાતિને મુસલમાની રાહ ઉપર જતા અટકાવી શકીશું. અન્ય હિન્દુ જ્ઞાતિના ભાઈઓ પણ આ કાર્ય તરફ સંપૂર્ણ દિલશોજી બતાવે છે એટલું જ નહીં પણ આર્થિક મદદ પણ કરવાને પોતાનો હાથ લંબાવી રહ્યા છે. ધન્ય છે એવા ધર્મપ્રેમી બંધુઓને. આ ઉપરથી જન સમાજ જાણી શકશે કે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના સતત પ્રયાસને લઈ જ્ઞાતિમાં કેવો અવનવો ફેરફાર સપાટા બંધ થતો જાય છે. છતાં અજ્ઞાન અને મૂર્ખ લોકો આ કાર્યને હસી રહ્યા છે, એ કેટલું દિલગીર ભર્યું છે. દયાપર-પાનેલી-રવાપર અને ઘાટકોપર અને કરાંચીમાં મળી કુલે ૩૧૨ માણસોની સંખ્યા જ્ઞાતિથી જુદી પડે અને પોતાનો ધર્મ બદલે એને સાધારણ કેમ કહેવાય.

આ પ્રમાણે ની હિલચાલ જ્યારે કચ્છની કણબી જ્ઞાતિમાં ચાલી રહી છે, ત્યારે કેટલાક પીરાણા પંથને પકડી રાખવા પીરાણા જાગીરની મિલકત અને વહીવટના માલિક થવામાં લાભ છે એમાં જ પોતાની આબરૂ માની અને પ્રતિષ્ઠા વધે છે એમ જાણી પીરાણાનો મુજાવર લક્ષ્મણ કાકો તથા કેટલાક પીરાણાપંથી કણબીઓ સૈયદો સાથે તકરારમાં ઉતર્યા છે. આગળના પીરાણાના મુજાવર કાકાઓ પીરાણાનો વહીવટ કરતા આવ્યા છે પરંતુ તેઓ એક જ પોલીસીથી કામ લેતા આવતા હતા જેથી સતપંથના સેવકોમાં કોઈ વખત ખળભળાટ થયો નહોતો. સૈયદ ઈમામશાહે હિન્દુઓને વટલાવવા માટે અનેક યુક્તિઓ રચી છે. એ બધી હકીકતની નોંધ મેં પીરાણા ધર્મની પોલમાં ખુલ્લી પાડી છે, જે છપાયેથી તમો જાણી શકશો. પીર સદરુદીન કબીરદીન, પીરસમ્સ નુરસતગોર ઈત્યાદિ પીરોએ તો હિન્દુઓને વટલાવી મુસલમાન કર્યા છે પરંતુ પીર ઈમામશાહે જે સતપંથ પોતાના વડીલોએ ચલાવેલો તે જ રસ્તે હિન્દુઓને વટલાવી મુસલમાન કરવા ધારેલા પરંતુ તેઓ પોતાની હયાતિમાં તેમ કરી શક્યા નહોતા, તો પણ તેણે પીરાણા સતપંથનું બંધારણ એવા પ્રકારે ઘડ્યું છે કે એ ધર્મમાં ફસાયેલા માણસ અંતે તો મુસલમાન જ થાય. સૈયદ ઈમામશાહે દીર્ઘદષ્ટિ વાપરી પોતાના વંશજોને આમદાની મળે અને પોતાનું અધુરું રહેલું કાર્ય જે હિન્દુઓને વટલાવી મુસલમાન કરવાનું તે પણ બની શકે એવા હેતુથી, એક હિન્દુ જે ભગવું લુગડું માથે બાંધે અને

તે એક સન્યાસીના જેવો દેખાવ કરે તેવા માણસને પસંદ કરી **મુજાવર** તરીકે નિમવાની પ્રથા રાખી છે. તે ઈમામશાહની મિલકત સતપંથના સેવકો તરફથી જે દશોંદ કેતાં કમાઈનો દશમો ભાગ આવે તે સૈયદોને બંધારણપૂર્વક વહેંચી આપે કે જેથી સૈયદોમાં આપસ-આપસમાં ટંટો ફસાદ થાય નહીં અને સતપંથમાં કોઈ દખલગીરી કરે નહીં એ હેતુ ધ્યાનમાં રાખી ઈમામશાહે આ રસ્તો બાંધેલો. મુજાવર તરીકે રહેનાર માણસનું મુખ્ય કામ દશોંદ ઉઘરાવવી ઈમામશાહ રોજાને ધૂપ લોબાન કરવો અને કોઈ આવે જાય તેની ખાતર બરદાસ રાખવી. **આવા મુજાવર ને કાકો કહેવામાં આવે છે.** તે કાકો પોતાના હાથ નીચે બીજા માણસો રાખે તે પણ સાધુ તરીકે જિંદગી ગાળે અને મુજાવર કાકાને મદદ કરે આવા કાકા થનારાઓને ખાવું-પીવું અને લુગડાં લતાં સિવાય બીજો પગાર કંઈપણ મળતો નથી.

સૈયદ ઈમામશાહે પોતાના હાથે મુજાવર કાકાઓ નીમવાની પ્રથા પાડી છે. જેની એકંદર સંખ્યા આજ દિન સુધી નીચે પ્રમાણે છે.

૧ કાકા નાયા ઉર્ફે નસીરોદીન
૨ કાકા સાણા
૩ કાકા શેરમહમદ
૪ કાકા અબ્દુલ્લાહ
૫ કાકા ઈભરાહીમ
૬ કાકા રહીમ
૭ કાકા કરીમ મહમદ
૮ કાકા સામદ
૯ કાકા હસન
૧૦ કાકા રહીમ
૧૧ કાકા રાજેમહમદ
૧૨ કાકા રાજેમદ
૧૩ કાકા નુરમહમદ
૧૪ કાકા ભુલા
૧૫ કાકા પોચા
૧૬ કાકા પ્રાગજી
૧૭ કાકા નથુ
૧૮ કાકા દીપા (ઉર્ફે અબદુર રહીમ)
૧૯ કાકા મનજી
૨૦ કાકા નથુ
૨૧ કાકા નાગજી
૨૨ કાકા સામજી
૨૩ કાકા નથુ
૨૪ કાકા પેથા
૨૫ કાકા નથુ
૨૬ કાકા કરમસી
૨૭ કાકા લખમણ

ઉપર બતાવ્યા પ્રમાણે ભાઈઓની સત્તાવીસમી પેઢીએ **લખમણ** કાકો આવે છે. આથી આગળના કાકાઓએ સૈયદ ઈમામશાહના આંકેલા માર્ગે જ ચાલવાનું પસંદ કરેલ. પરંતુ લખમણ કાકાના વહીવટ દરમ્યાન અનેક પ્રકારની જુદી જુદી હિલચાલો લખમણકાકે કરેલી. સાંભળવા પ્રમાણે મિલોના શેરનો સટો, તે સિવાય ધી પાટણ સ્પીનીંગ એન્ડ વીવીંગ મિલ્સ કંપની લીમીટેડના ડાયરેક્ટર પણ થયેલા તે સિવાય અમદાવાદમાં મોટર સર્વિસ પણ કાઢેલી. આ બધા કામોમાં નફા તોટાનો સવાલ હોવાથી સૈયદો કાકાઓ વચ્ચે તકરાર થયેલી. નોટીસપત્રીઓ ચાલેલી તે ઉપરથી કાકા શ્રી લખમણ કરમશીએ પીરાણાની મિલ્કત તેના કુલ વહીવટનું કુલ મુખતિયારનામું એક શેખ જેઠાલાલ નુરભાઈ ઉર્ફે મુલજી રહેવાસી નડીયાદ અગર વસોનો જાતે શેખ, ધર્મે મુસલમાનને કરી આપ્યું. તે

ઉપરથી સૈયદોએ કમર કસી મુખત્યારનામું રદ કરાવ્યું. છેવટે સૈયદોનો શો હક્ક છે અને કાકા લખમણની કેટલી સત્તા છે. એ સંબંધે સૈયદોના પંચે અમદાવાદ કોર્ટમાં એક દાવો* રજુ કર્યો છે. જે દાવો આ પ્રમાણે છે.

* દાવાની વિગત ગુજરાતી પંચ તા.૧૨ ફબ્રુઆરી ૧૯૨૨ ના અંકમાંથી લીધેલી છે.

જાહેર નોટીસ

અમદાવાદના મે.જોઈન્ટ સબ જજ સાહેબની કોર્ટમાં

દિ.મુ.નંબર ૧૪૫૨ સને ૧૯૨૧

વાદીઓ

૧. સૈયદ અહેમદ હુસેનમીયાં સાહેબ
૨. સૈયદ અમીરસાહેબ જાફરઅલી
૩. સૈયદ આબેદઅલી અલીમીયાં
૪. સૈયદ મીરસાહેબ ડોસામીયાં
૫. સૈયદ અસરફઅલી કાસમઅલી આવાખલ
૬. સૈયદ ગુલામહુસેન અસગરઅલી

રહેનાર નંબર ૧-૩ પેટલાદ નંબર-૨ પીરાણા ને નંબર ૪ અવાખલ તાલુકે સિનોરને નંબર ૫ પુનિયાત તાલુકે સિનોરને નંબર-૬ પીરાણાના.

વિરુદ્ધ

૧. પ્રતિવાદી કાકા લખમણ કરમસી ગામ-પીરાણાના

દાવો રૂા.૨૮૦-૦૦નો

વાદીઓએ આ દાવો તમામ જલાલશાહી તથા નુરશાહી સૈયદો તરફથી આ સાથેની દાવા અરજીની નકલમાં લખ્યા મુજબ દાદ મેળવવા કરેલો છે. મજકુર જલાલશાહી તથા નુરશાહી તમામ હક સંબંધ ધરાવતા સૈયદોને આ દાવામાં દાખલ કરવા અશક્ય છે, તેથી વાદીઓએ સી.પ્રો. કોડ ઓડર ૧ના રૂલ ૮ મુજબ પરવાનગી મેળવવા અરજી કરી છે માટે આ ઉપરથી તમામ જલાલશાહી તથા નુરશાહી સૈયદોને ખબર આપવામાં આવે છે કે આ કામમાં જે લોકોનું હિત હોય તેમણે તે સંબંધી અરજિ કરવી હોય તો તેઓએ તા.૮ માર્ચ, સને ૧૯૨૨ના એજ દિવસના ૧૦.૩૦ વાગતાં કોર્ટમાં હાજર થવું જો તે પ્રમાણે કરવામાં ચુકશો તો તમારી ગેરહાજરીમાં યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૪ માંહે ફેબ્રુઆરી સને ૧૯૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો	M.C. Mehta
સિક્કો	કલાર્ક ઓફ ધી કોર્ટ

અમદાવાદ મે.ફ.ક.સબ જજ સાહેબની કોર્ટમાં

દિ.મુ.નંબર ૧૪૫૨ સને ૧૯૨૧

વાદીઓ

	નામ	ઉંમર	કસબ	રહેનાર
૧	સૈયદ એહમદહુસેન મીયાસાહેબ	૬૧	વજીફરાદી	પેટલાદ
૨	સૈયદ અમીરસાહેબ જફરઅલી	૬૫	વજીફરાદી	પીરાણા
૩	સૈયદ આબેદઅલી અલીમીયાં	૪૭	વજીફરાદી	પેટલાદ
૪	સૈયદ મીરસાહેબ ડોસામીયાં	૪૭	વજીફરાદી	અવાખલ (તાલુકે સિનોર)
૫	સૈયદ અસરફઅલી કાસમઅલી	૩૫	વજીફદારી	પુનિયાત
૬	સૈયદ ગુલામહુસેન અસગરઅલી	૪૦	વજીફદારી	પીરાણા

સર્વે ધર્મે મુસલમાન જાતના સૈયદ

પ્રતિવાદી કાકા લક્ષ્મણ કરમશી ધર્મે મુસલમાન પીરાણાનો. જાતના મોમના કણબી ઉમર વરસ ૫૮ કસબ મુજાવરીનો, રહેનાર મોજે પીરાણા તાલુકે દક્ષિણ દસક્રોઈ.

દાવો રૂા.૨૮૦-૦૦નો

આ કામમાં અમો વાદીઓના દાવાની બીના નીચે મુજબ

૧. સુમારે છસો વરસ ઉપર પંજાબ તાલુકે મુલતાન શહેર પાસે મોજે ઉંચસરીફમાં એક હજરત સૈયદ કબીરૂદ્દીન ઉર્ફે સીકન એરાકી નામના મહાન પરાક્રમી પુરૂષ હતા અને ધર્મનો ફેલાવો કરવો એ એમનો મુખ્ય હેતુ હતો અને તેઓ મોટા પીરસાહેબ કહેવાતા. તે અમો વાદીઓના વડીલ થતા હતા. તેમને સત્તર દીકરા હતા. તેમાંથી સૌથી નાના દીકરા જેનું નામ હજરત ઈમામુદ્દીન ઉર્ફે ઈમામશાહ હતું તે પણ તેમના પિતા જેવા જ હતા અને પોતાના પિતાશ્રીના ચલણ મુજબ ચાલતા હતા.

૨. મજકુર સૈયદ હજરત ઈમામુદ્દીન સાહેબનો વિચાર પોતાના પિતાના મુજબ બીજા મુલકોમાં ધર્મની વૃદ્ધિ કરવાનો થયો તેથી તે મોજે ઉંચસરીફ છોડી સિંધમાં થઈ કચ્છના મુલકમાં થઈ કાઠીયાવાડમાં થઈ ગુજરાતના મુલકમાં આવ્યા ને ઠેકાણે ઠેકાણે પોતાના સેવકો કરતા આવ્યા.

૩. ગુજરાતના મુલકમાં જે વખતે હજરત ઈમામુદ્દીન સાહેબ પધાર્યા તે વખતે શહેર અમદાવાદ વસવાને લગભગ પચાસેક વરસ થયા હતા. પોતે પોતાના મુકામ મોજે ગીરમથા ગામની સીમમાં કર્યો હતો ત્યાં પોતે રહેવાને માટે એક મોટું કમ્પાઉન્ડ બાંધ્યો. તેમાં મકાનો કર્યા ને પોતાની હયાતી બાદ પોતાના શબને દફન થવા સારું તે કમ્પાઉન્ડમાં દરગાહ પોતાની હયાતીમાં બંધાવી તેને હજરત ઈમામશાહની દરગાહ તથા કમ્પાઉન્ડ કહેવાય છે.

૪. આ પ્રમાણે હજરત ઈમામુદ્દીન સાહેબ પીર તરીકે ઓળખાતા એટલે જે જગાએ પોતે મુકામ કર્યો તે જગ્યાનું નામ પીરાણા પાડ્યું અને સેવકો તેને હીમપુર તથા જંબુદ્વીપ તથા ઈમામપુરી નગરી પણ કહે છે.

૫. જે ધર્મ સેવકોને તે પળાવતા તે ધર્મ સેવકો પાળતા. તેને સેવકોમાં સતપંથ ધર્મ કહેવાય છે. સેવકો પછી જે સેવકો જાહેર ધર્મ પાળે છે તે પ્રગટીમોમીન કહેવાય છે અને છુપી રીતે જે ધર્મ પાળે છે તે ગુપ્તિ કહેવાય છે.

૬. દિનપ્રતિદિન સેવકો વધવા લાગ્યા. સુમાર્ગનો રસ્તો મળવાના કારણથી સેવકો હરસાલ તેમને પોતાની પેદાશમાંથી દસમો હિસ્સો તેમના હક્કનો આપતા. તે હક્કને દસાઉંસ ઉર્ફે દશોંદ કહેવાતો અને કહેવાય છે. તે ઉપરાંત મજકુર પીરસાહેબને પ્રકાર પ્રકારની ભેટો અર્પણ કરતા. દાગીના આપતા, જમીનો આપતા એટલા સુધી સેવકોની આસ્થા વધી કે હરસાલ પેદાશનો દસાઉંશ આપીએ છીએ તે મુજબ દસ છોકરા થાય તેમાંથી એક છોકરો પીરસાહેબની તાબેદારીમાં અર્પણ કરવો.

૭. સુમારે ૬૩ વરસની ઉંમરે હજરત ઈમામુદ્દીન સાહેબ ગુજરી ગયા, ને પીરાણામાં પોતાની બનાવેલી દરગાહમાં દફન થયા. તેમના ચિરંજીવી હજરત નુરમહમદ ઉર્ફે નરઅલી મહમદશાહ કરીને હતા તે તેમની ગાદી ઉપર આવ્યા ને તેમની તમામ મિલકતના તે માલિક થયા. તેઓ પણ તેમના બાપદાદાઓ જેવા પરાક્રમી હતા. અને તેઓએ પણ સંખ્યા બંધ સેવકો કર્યા. તેમની મોટી જાહોજલાલી હતી. અને તેમના વખતમાં પણ તેમના પિતાશ્રીના રીવાજ મુજબ કાકા અને મુજાવર રખાતા અને કામ ચાલતું. તેઓ પણ પીરાણામાં ગુજરી ગયા અને તેજ દરગાહમાં પોતાના બાપની પાસે દફન થયા. તે ગાદી ઈમામશાહ સુતનરઅલી મહમદશાહની ગાદી કહેવાય છે.

૮. મજકુર હજરત નરઅલી મહમદશાહની ઓલાદમાં વધારો થયો અને જલાલશાહ તથા નુરશાહ તેમના પુત્ર થતા હતા અને કેટલીએક શાખાઓ થઈ તેમાં કેટલાક પુરૂષો તેમના બાપદાદા જેવા થયા. તેમણે પણ નવા સેવકો ઘણા કર્યા અને દરગાહો બંધાવી. દિવસે દિવસે તેમની ઓલાદ વધતી ગઈ એટલે જલાલશાહે તથા નુરશાહે શાખામાં ઉપર પ્રમાણેની ઉપજ ભાગે પડતી આવવા લાગી.

૯. દરમ્યાન ઉઘરાણી લાવવાનું કામ પોતાના નોકરો પછી જેને સાચો પ્રમાણિક અને ધર્મનીસ્ટ જાણતા તેને સોંપતા અને તેને કાકા કહેતા. કાકા ફારસી શબ્દ છે. તેનો અર્થ ગુલામ થાય છે. અને દરગાહમાં દીવાબત્તી કરવાનું કામ તથા ઝાડું કાઢવાનું કામ તેમને સોંપતા અને તેમને મુજાવર પણ કહેતા અને આ કાકાઓ ઓળખાણ માટે એક વિરક્ત ભગવું કપડું પોતાની પાસે રાખતા. વખત અનુસારે તેમની પાસેથી લખાણો લખાવતા જેથી ચાલતી પ્રણાલિકા તેઓ ઉલ્લંઘન કરે નહીં અને કામ ચાલે છે તેમ ચાલ્યા કરે. તે પછી સંવત ૧૯૧૪ના પહેલા જેઠ વદ-૮ {VSAK : 05-Jun-1858} ના રોજ કાકા તેજા વિગેરેએ લખી આપેલ છે. તથા તા. ૨૪-૫-૧૮૬૦ના રોજ કાકા નથુએ દસ્તાવેજો લખી આપેલ છે. ત્યારબાદ અને એ પહેલાં પણ વખતો વખત દસ્તાવેજો થયેલ છે.

૧૦. ઉપર પ્રમાણે હાલનો પ્રતિવાદી કાકા મુજાવર છે અને અમો વાદીઓ જલાલશાહી તથા નુરશાહી શાખામાંના સૈયદો છીએ.

૧૧. પ્રતિવાદીએ ચાલતા આવેલા રીવાજ મુજબ વર્તવા કબુલ કરવાથી તેની નિમણુંક સાદાતો તરફથી કરવામાં આવી છે.

૧૨. ઉપર બતાવ્યા પ્રમાણે મજકુર સૈયદો તરફથી પ્રતિવાદીને કાકા મુજાવર તરીકે નીમવામાં આવ્યો અને તેનો દસ્તાવેજ સંવત ૧૯૫૮ના ચૈત્ર વદી-૬ { VSAK : 29-Apr-1902 } ના રોજ કરી આપ્યો તેમાં પ્રતિવાદીએ સહી કરી છે અને તેની રૂઈએ તે સૈયદો તરફથી વહીવટ કરે છે અને તે દસ્તાવેજ પ્રમાણે વર્તવા બંધાયેલ છે. તેમજ સંવત ૧૯૭૧ના માગસર વદી-૧૨ { VSAK : 14-Dec-1914 } ના રોજ રજીસ્ટર દસ્તાવેજ પ્રતિવાદીએ કરી આપ્યો છે તેમાં પણ પ્રથમના દસ્તાવેજ પ્રમાણે કેટલીક જવાબદારી કબુલ કરી છે.

૧૩. પ્રતિવાદી કાકા મુજાવરે જુના ચાલતા આવેલા રીવાજ મુજબ કપડા પહેરવા જોઈએ અને સફેદ પાઘડી બુખારાશાહી બાંધવી જોઈએ અને વિરક્ત રહેવું જોઈએ તે મુજબ પણ પ્રતિવાદી વર્તતો નથી. તેમ પ્રતિવાદી ગાદીનો અધિકારી લખતો હોવાથી તેને અટકાવવામાં આવ્યો ત્યારે તેણે ગાદીના અધિકારી નહીં લખતાં મુજાવર લખીશું અને એમ લખાણ પણ સંવત ૧૯૬૮ના જેઠ સુદી-૧૦ { VSAK : 26-May-1912 } ના રોજ કરી આપ્યું છે.

૧૪. અમો સૈયદો પૈકી કેટલાક વખતો વખત રકમો લેવા દાવા કરેલા અને તેમાં હુકમ નામા થયેલા.

૧૫. ઉપર મુજબ છતાં કેટલીક શરતોનો ભંગ આ પ્રતિવાદી કરતો હોવાથી તે બાબતમાં વખતો વખત નોટીસો થયેલી.

૧. વિરક્ત પણે નહીં રહેનારને રેવા દે છે.

૨. રૂપિયા ૫૦૦ કરતાં વધારે ખર્ચ કરે છે.

૩. પોતે વિરક્ત પણે વર્તતો નથી.

૪. ભગવું આપવાના કામમાં નકામી તકરારો કરવાથી જાહેરનોટીસો નાનજી લખમણ વિગેરેના સંબંધમાં એ પ્રમાણે થયેલી છે.

૫. સૈયદ મીર સાહેબ ડોસામીયાંએ મુકદમો નંબર ૪૮૭ અને ૧૯૦૭નો દાવો કરેલો તે દાવામાં આ પ્રતિવાદીએ માલિક હોવાનો ડોળ કરવાથી તે બાબત મુદ્દો નીકળેલો અને તેમાં આસીસ્ટન્ટ જજ સાહેબે તા. ૨૭-૭-૧૯૦૮ના રોજ આ પ્રતિવાદી વિરુદ્ધ ઠરાવ્યું છે. પ્રતિવાદી પીરાણાનો મુજાવર છે અને મુજાવર તરીકે વહીવટ કરે છે. પણ તે ગાદીનો માલિક નથી તેમ માલિક તરીકે તેનો વહીવટ તે કરતો નથી, આમ છતાં પ્રતિવાદી માલિક હોય તેવી રીતે વર્તે છે.

૬. ધર્મના ફરમાન પ્રમાણે વર્તતો નથી, તેમ તેનો તેને ખરી રીતે બોધ પણ નથી. દાખલા તરીકે તા. ૨૮-૪-૧૯ના રોજ જાહેરખબર આપી પીરાણા સતપંથ હિન્દુ ધર્મ વિજય પતાકા પાના એકથી બાર સુધીમાં પ્રશ્ન આ પ્રતિવાદી તરફથી લખાયેલા તે તેને પાછા ખેંચાવી લેવા પડેલા.

૭. પ્રતિવાદી પોતે જ અમારો એજન્ટ યાને નોકર હોવાથી તેને મુખત્યાર નીમવાનો અધિકાર નહીં છતાં એક શેખ જેઠાલાલ નુરભાઈ ઉર્ફે મુલજીને કુલ મુખત્યાર નીમવાથી અમો સૈયદો પૈકી એ તા. ૨૬-૬-૧૯ તથા ૨૪-૭-૧૯ના રોજ જાહેર ખબર કાઢવી પડેલી.

૮. તા.૩૦-૪-૨૧ના રોજ અધિપતિ નહીં છતાં માલિક યાને અધિપતિ બની અમોને પુછ્યા સિવાય ડોળ કરવા તથા પોતાની ગેરવ્યવસ્થા ઢાંકવા એક જાહેર ખબર આ પ્રતિવાદીએ છપાવી. તે પત્રિકા તા.૪-૬-૨૧ના રોજ આ પ્રતિવાદીને રદ કરવી પડી છે.

૯. આ પ્રતિવાદી મિલકત વેચી ખાવાનો પ્રયત્ન કરતા હોવાથી તા.૨૪-૭-૨૧ના રોજ અમો સૈયદોને જાહેરખબર કાઢવી પડેલી તેમ તેને વેપાર કરવાનો હક્ક નથી. ઉપર પ્રમાણે આ પ્રતિવાદી તદ્દન અપકૃત્ય કરતો હોવાથી અમોને ચોપડા બતાવવા વિગેરે બાબત દબાણ કરવાથી ખોટી રીતે અમારા પૈકી કેટલાક ઉપર દબાણ કરવા અમો સૈયદો પૈકી ઉપર ખોટી રીતે લહેણું કાઢી નોટીસો આપેલી તેના જવાબો પણ આપવામાં આવ્યા છે.

૧૬. પ્રતિવાદી નં.૧ સૈયદો તરફથી વહીવટદાર છે અને તેમની ગેરવર્તણુંક હોય તો તેને દૂર કરવા સૈયદોને અખત્યાર છે. આમ છતાં કેટલાક વખત ગાદીના અધિકારી તથા ગાદીના અધિપતિ એવી રીતે પ્રતિવાદી પોતાના માટે લખાવે છે. તેમજ સૈયદોને અથવા સૈયદોના પંચને પુછ્યા સિવાય આ મિલકતનો ઉપયોગ કરે છે અને જાણે કે પોતાની માલિકીની મિલકત હોય તેવી રીતે વર્તન કરે છે.

૧૭. પણ અમો સદરહુ કુટુંબના સૈયદોનો વિસ્તાર વધવાથી તથા જુદે જુદે સ્થળે રહેતા હોવાથી અમોને દરગાહની આવકમાંથી દરેક માણસને દર સાલ અને વખતો વખત નીચે મુજબ લેવાની સમજુતી કર્યાથી નીચે મુજબ લઈએ છીએ અને મિલકતના વધારાનો ભાગ તથા ઉપર મુજબ મળતા હક્કોમાં જરૂરિયાત પ્રમાણે વધારો કરવાનો હક્ક સમસ્ત પંચનો છે.

૧. દસાઉસ સુકરીત ઉર્ફે સુખડીના રૂપિયા ૩૦
૨. સુખડીની વિદાયગીરીના રૂા.૨૦
૩. ઘરડાના ફાતીયાના હકના રૂા.૪-૮-૦
૪. બિસમિલ્લાના રૂા.૧૦
૫. સાદીના હક્કના રૂા.૨૦
૬. મોટી મૈયતના રૂા.૨૦
૭. નાની મૈયતના રૂા.૧૦
૮. ઓઢણા ચુડીઓના રૂા.૩
૯. ધરો આઠમના રૂા. ૦-૪-૦
૧૦. બે ઈદોના રોકડા તથા ચોખાના મળી રૂા. ૦-૧૨-૦
૧૧. સુખડી ચુકવતી વખતે રોજાની વિદાયગીરીના રૂા.૨
૧૨. સુવાવડના છલ્લાનો રૂપિયો એક તથા નાળીએર
૧૩. બિસમિલ્લા દરગાહ ઉપર પડાવવામાં આવે તે વખતે રૂપિયા એક તથા નાળીએર
૧૪. સાદીના વરઘોડાનો સલામના દરગાહનો રૂપિયો એક તથા નાળીએર

૧૫. ઓરસના હક્કના રૂા.૩ તથા ઘી શેર ત્રણ

૧૬. બે હપ્તાના હક્કના ડાંગર મણ ૪, મગ મણ ૧. બાજરી મણ ૧. ઘી શેર ૯, દીવેલ શેર ૩ાાા ચાંદતારાના રૂા.૪-૮-૦

૧૭. સુબરાત તથા મહોરમના ચોખા શેર ૮

૧૮. ગીલેફ નંગ ૧ કબરો ઉપરથી ઉતારેલા કીનખાબનો

૧૯. કપડાના ગીલેફ યાને ચાદરો કબર ઉપરથી ઉતારેલી નંગ એક

૨૦. હંમેશની રોજાની વિદાયગીરી. અમદાવાદનો રૂ.૧ અને નાળીએર કચ્છ જાય તો રૂા.૫ તથા નાળીએર કાઠીયાવાડ જાય તો રૂા.૩ તથા નાળીએર ધોલકે જાય તો રૂા.૨ તથા નાળીએર. મુંબઈ, સુરત તથા કોઈ પણ ઠેકાણે જાય તો રૂા.૪ તથા નાળીએર

૨૧. મૈયતની ભાતીની ખીચડી મૈયતના દિવસે જેટલા માણસો હોય તેટલાની

૨૨. કેરીઓ મણ એક

૨૩. મોદીખાના કોટડી ઉપરથી સીધું જરૂર પડે તે વખતે ઘી, તેલ, લોટ, ચોખા, દાળ, ખાંડ, દૂધ વિગેરે.

૨૪. રસોડાથી એક દિવસની અંતરે જમણ.

૨૫. કાકા મુજાવર મુસાફરી જાય ત્યારે કચ્છ જાય તો રૂા.૫૦ સુરત જિલ્લામાં જાય તો રૂા.૨૦, કાઠીયાવાડ ભાવનગર જાય તો રૂા.૧૦ ધોળકે જાય તો રૂા.૧૦ ચરોતરમાં જાય તો રૂા.૧૦ કાનમમાં જાય તો રૂા.૨૦

૨૬. દરગાહના કમ્પાઉન્ડમાં કોઈપણ મૈયતને દફન કરવામાં આવે તો તેના ભોંયવાડાના, રૂપિયા લેવાનો હક્ક

૨૭. દરગાહ ઉપર જે કોઈ માનતાવાળા તોળાવવાની બાધા રાખી હોય ને તે જે પદાર્થે તોળાવ તે તે તોલાએલા પદાર્થ સૈયદોને લેવાનો હક્ક

૨૮. માનતાવાળો દરગાહની ચારે બાજુ જે ચીજ લઈ પ્રદક્ષિણા કરે તે ચીજ લેવાનો હક્ક

૨૯. દરગાહમાંથી ખાંડ ઘી તથા વાપરવા સારું પૈસા

૩૦. સવારી માટે પીરાણાથી અમદાવાદ આવતા તથા જતા તથા લગન વખતે વાહન ઘોડા બળદગાડી વિગેરે જે હોય તે

૩૧. મોહરમના તાજીયાનું ખર્ચ જે થાય તે લેવાનો હક્ક. વિગેરે વિગેરે હક્ક છતાં પ્રતિવાદી મારફત પંચ તરફથી આપવામાં આવે છે તે જાણે કે ધર્માદા આપતા હોય તેવી રીતે ચોપડામાં ધર્માદા લખીને આપે છે. આથી પ્રતિવાદી એવો પુરાવો ઉભો કરવા માગે છે કે જાણે કે તેઓ અમે વાદીઓના જલાલશાહી તથા નરશાહી સૈયદો તરફથી ન હતા પણ પોતે જ માલીક છે અને સૈયદોને કાંઈ હક્ક નથી. પરંતુ ધર્માદા તરીકે પ્રતિવાદીની મરજી અનુસાર મળે છે આથી વસ્તુસ્થિતિ બદલાઈ જાય છે અને અમો જલાલશાહી તથા નુરશાહી સૈયદોના વહીવટદાર એ માલીક બની જાય છે. ને અમારો હક્ક નષ્ટ થાય છે. તેને નુકસાન થાય નહીં તેથી આ દાવો લાવવાની જરૂર પડી છે.

૧૮. વળી પરાપૂર્વથી કાકા સૈયદો તરફથી વહીવટદાર છે અને કાયદા પ્રમાણે વહીવટદારનો અમો હિસાબ જોવા હક્કદાર છીએ છતાં અમોને બાના કાઢી હિસાબ પ્રતિવાદી બતાવતો નથી, અમો સારી પેઠે માનીએ છીએ કે પ્રતિવાદીએ ગેર વ્યવસ્થા ઘણી કરી છે અને ઘણા અપકૃત્યો કર્યા છે. સ્વચ્છંદપણે પૈસા ઉડાવે છે **અને જે ઉદ્દેશથી તે પૈસા એકઠા કરવામાં આવે છે તેને માટે ખર્ચવામાં આવતા નથી. પરંતુ સ્વભોગમાં પોતાની મરજીમાં આવે છે તે પ્રમાણે પૈસા ઉડાવે છે. તથા ગાદીના પૈસાથી મિલકતો ગાદીના નામની ન ખરીદ કરતાં પોતાના નામથી ખરીદ કરે છે. આ છુપાવવાની ખાતર ચોપડા બતાવવા પ્રતિવાદી આનાકાની કરે છે** અને જ્યાં સુધી ચોપડા અમો જોઈએ નહીં ત્યાં સુધી પુરેપુરી રીતે અમો કહી શકીએ નહીં કે કેટલી ગેરવ્યવસ્થા પ્રતિવાદીએ કરી છે. તેથી કરી આ દાવો લાવવાની જરૂર પડી છે. પ્રતિવાદીની કાંઈ ખાનગી મિલકત નથી અને હોઈ શકે પણ નહીં છતાં હોય તો અમારી દરગાહની માલીકીની જ છે.

૧૯. પ્રતિવાદી અને અમારા વચ્ચે કેટલીક આ સંબંધી નોટીસો થઈ પરંતુ અમારો હક્ક ઈનકાર કરતા હોવાથી આ દાવો લાવીએ છીએ.

૨૦. માટે દાદ માગીએ છીએ કે?

એ. પ્રતિવાદી સૈયદો પંચ તરફથી એટલે અમો જલાલશાહી તથા નુરશાહી વંશના સાદાતોના પંચ તરફથી અમારા વડીલ હજરત ઈમામશાહની દરગાહની તમામ મિલકતના તથા આવકના વહીવટદાર કાકા મુજાવર તરીકે પ્રતિવાદીને નીમવામાં આવ્યો છે અને તે સમસ્ત અમો સૈયદોના પંચ તરફથી વહીવટ કરે છે. અને તે વહીવટ અમો વાદીઓને જોવા અખત્યાર છે અને વહીવટ શી રીતે ચલાવવો તથા આવકની શી વ્યવસ્થા કરાવી તે ઠરાવવા સૈયદોનું પંચ હકદાર છે. તથા વહીવટ નીતિસર અને દરગાહના ફાયદા માટે તથા અસલ હજરત ઈમામશાહ જે ઉદ્દેશના માટે આ સંસ્થા ઉભી કરી છે તેમાં પૈસા ન ખર્ચાય અને બીજી જગ્યાએ ખર્ચાય તે અટકાવવાને સૈયદોને હક્ક છે. ટુંકામાં સદરહુ દરગાહની મિલકતને તેની આવકની વ્યવસ્થા સૈયદોના હાથમાં છે અને પ્રતિવાદી તો ફક્ત વહીવટદાર છે અને સૈયદોના કહેવા પ્રમાણે પ્રતિવાદી બંધાયેલો છે અને તે ગાદીના અધિપતિ કે અધિકારી નથી અને તેઓને અમો સૈયદોના પંચ દુર કરી શકીએ છીએ. એવું ઠરાવો. તેનો આંક રૂ.૧૩૦નો બાંધ્યો છે.

બી. પ્રતિવાદીનો વહીવટ જોઈ દાવા અરજીમાં બતાવ્યા પ્રમાણે જે ઉદ્દેશ માટે આ સંસ્થા ઉભી કરવામાં આવી છે તે ઉદ્દેશ વિરુદ્ધ પ્રતિવાદીએ પૈસા ખર્ચ્યા હોય તેવું માલુમ પડે તો તે પૈસા પાછા પ્રતિવાદી ભરી દે તે દાદનો આંક રૂ.૧૩૦નો બાંધ્યો છે.

સી. દાવા અરજીના પેરેગ્રાફ ૧૭માં અમોએ જણાવ્યું છે તે પ્રમાણે સૈયદોને લેવાનો હક્ક છે. છતાં પ્રતિવાદી સારી રીતે આપતો નથી અને આપે છે તો તે ધર્માદા લખે છે. ને ભવિષ્યમાં વંશપરંપરાના હક્ક તરીકે સૈયદોને આપે જાય તેવો કાયમનો મનાઈ હુકમ પ્રતિવાદીને આપશો. તેનો આંક રૂ.૫નો બાંધ્યો છે.

ડી. પ્રતિવાદી ગાદીનો અધિપતિ કે અધિકારી લખે નહી તેવો તેને કાયમનો મનાઈ હુકમ આપશો તેનો આંક રૂ.૫નો બાંધ્યો છે.

ઈ. પ્રતિવાદીના નામ ઉપર જે મિલકત ચાલતી હોય તે હજરત ઈમામશાહ સુતનુરઅલી મહમદશાહની ગાદીની માલીકીની છે એવું ઠરાવી તેમના વહીવટદાર મુજાવર કાકા તરીકે પ્રતિવાદી હાલ કરે છે તેવું ઠરાવી તેનો વહીવટ મુજાવર કાકા તરીકે કરવા જાથુની તાકીદ આપશો તેનો આંક રૂા.૫નો બાંધ્યો છે.

એફ. અત્યાર સુધી તમામ ચોપડા વહીવટ અમોને પ્રતિવાદી બતાવે તેવો હુકમ કરશો. તેનો આંક રૂા.૫નો બાંધ્યો છે.

જી. આ પ્રતિવાદી ભવિષ્યમાં તમામ વહીવટ તથા હિસાબ જોતાં અમોને હરકત કરે કરાવે નહી તેનો તેમને મનાઈ હુકમ આપશો તે દાદ. માટે રૂા.૫નો આંક બાંધીએ છીએ.

એચ. આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવશો.

આઈ. નામદાર કોર્ટને બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તે દાદ અપાવશો.

૨૧. આ દાવાની અંદર તમામ જલાલશાહી તથા નુરશાહી સૈયદોનું હીત છે અને અમો પણ જલાલશાહી તથા નુરશાહી શાખામાંના સૈયદો છીએ અને જલાલશાહી તથા નુરશાહી સૈયદો પીરાણામાં કાનમમાં પેટલાદમાં તથા સુરતમાં તથા અમદાવાદમાં વિગેરે ઠેકાણે રહે છે અને તેમની સંખ્યા મોટી છે. તેથી બધાને વાદીમાં દાખલ કરવામાં ઘણી અડચણ પડે છે અને અમો વાદીઓ જલાલશાહી તથા નુરશાહી સૈયદોના તરફથી આ દાવો લાવીએ છીએ. માટે સીવીલ પ્રોસીજર કોડ ૧ રૂલ આઠ મુજબ બધા સૈયદો તરફથી દાવો લાવવાની પરવાનગી આપવા મહેરબાની કરશો અને દાવો ચલાવશો.

૨૨. દાવાનું કારણ સને ૧૯૨૦-૨૧ની સાલમાં અથવા તે અરસામાં આ કોર્ટની હકુમતમાં પીરાણામાં ઉત્પન્ન થયું છે.

૨૩. આ દાવાની કોર્ટ ફી જ્યુરીસડીક્શન તથા વકીલ ફી માટે એક જ આંક બાંધ્યો છે.

૨૪. પક્ષકારો પૈકી કોઈ ખેડત નથી.

૨૫. આ સાથે વકીલપત્ર તથા લીસ્ટ તથા બ્યાન રજુ કરીએ છીએ. આ દાવાને રૂા.૨૧-૮-૦નો સ્ટેમ્પ વાપર્યો છે.

તા.૨૨ ઓક્ટોબર સને ૧૯૨૧.

(સહીઓ)

૧ સૈયદ એહમદહુસેન મીયાંસાહેબ સઈ દા.પોતે
૧ સૈયદ મીરસાહેબ જાફરઅલી સહી દા.પોતે
૧ સૈયદ આબેદઅલી અલીમીયાં સહી દા.પોતે
૧ સૈયદ મીરસાહેબ ડોસામીયાં સહી દા.પોતે
૧ સૈયદ ગુલામહુસેન અસગરઅલી સહી દા.પોતે
૧ સૈયદ અસરફઅલી કાસમઅલી સહી દા.પોતે

(સહી) K.P.Mody

અમો ઉપર કહેલા વાદીઓ ઈકરાર કરીએ છીએ કે ઉપર લખેલ મજકુર અમારા જાણવા પ્રમાણે ખરો છે. તા.૨૧-૧૦-૨૧ના રોજ આ ઈકરાર શહેર અમદાવાદમાં કર્યો.
(સહીઓ)

સૈયદ એહમદહુસેન મીયાંસાહેબ સઈ	દા.પોતે
સૈયદ મીરસાહેબ જાફરઅલી સહી	દા.પોતે
સૈયદ આબેદઅલી અલીમીયાં સઈ	દા.પોતે
સૈયદ મીરસાહેબ ડોસામીયાં સઈ	દા.પોતે
સૈયદ ગુલામહુસેન અસગરઅલી સહી	દા.પોતે
સૈયદ અસરફઅલી કાસમઅલી સહી	દા.પોતે

ખરી નકલ
M.C.M
કલાર્ક

ઉપલા દાવામાં તમામ હકીકત સ્પષ્ટ લખાઈ છે એટલે તે ઉપર ટીકા કરવા જેવું કંઈ છે જ નહીં, તો પણ અમારા કચ્છના સતપંથી કણબી ભાઈઓની જાણ માટે જણાવવાનું કે, સૈયદો કહે છે કે પ્રતિવાદી કાકા લખમણ કરમશી ધર્મ મુસલમાન પીરાણાનો, જાતના મોમના કણબી. હવે કચ્છી કણબી ભાઈઓને ખાતરી થવી જોઈએ કે આપણે લખમણ કાકાને ગુરૂ માનીએ છીએ તેમજ કેટલાક ધર્મ જનુનીયો સૈયદોને ગુરૂ કરે છે તેમને હવે તો ખાતરી થઈ હશે કે સૈયદો જ જ્યારે લખમણ કાકાને મુમના કણબી અને ધર્મ મુસલમાન ગણે છે. તો પછી લખમણ કાકો તમારી જ કણબીની નાતનો જો ધર્મ મુસલમાન અને જાતે મુમનો કણબી ઠરે તો પછી આપણા માટે શું કહેવાય? પીરાણાનો પાખંડી સતપંથ ધર્મ પાળવાથી હિન્દુપણું ટળે છે. મુમનાની ગણતરીમાં ખપીએ છીએ અને ધર્મે મુસલમાન ઠરીએ છીએ. આવું ચોખ્ખું વાંચ્યા પછી પણ જ્ઞાતિમાં અંધ થયેલા પીરાણા સતપંથીઓ સમજશે કે પોતે જે ધર્મ પાળે છે તે હિન્દુ ધર્મ નથી પણ ખાસ મુસલમાની ધર્મ છે. કાકાની નિમણુંક કરવાની બાબતમાં સા.૧૯૫૮માં ચૈત્ર વદી-૬ તા.૨૯-૪-૧૯૦૨ની સાલે કાકા લખમણ કરમશીએ સૈયદોને દસ્તાવેજ કરી આપ્યો છે અને તેમાં કાકે સહી કરી છે. તે ઉપરથી એમ સિદ્ધ થાય છે કે સૈયદો તરફથી જ કાકો વહીવટ કરે છે. ત્યાર પછી સા.૧૯૭૧ના માગસર વદી-૧૨ { VSAK : 14-Dec-1914 } ના રોજે રજીસ્ટર દસ્તાવેજ લક્ષ્મણ કાકાએ કરી આપ્યો છે અને જવાબદારી કબુલી છે. સૈયદો જણાવે છે કે લક્ષ્મણ કાકો પીરાણામાં વિરક્તપણે નહી રહેનારને રહેવા આપે છે. અને પોતે પણ વિરક્ત પણે વર્તતો નથી? આ કેવી ગંભીર બાબત છે? કાકાને આપણે બ્રહ્મચર્ય પાળે છે એમ માનીએ છીએ, ત્યારે સૈયદો કોર્ટમાં એકરાર કરે છે કે વિરક્તપણે કાકો વર્તતો નથી? ત્યારે કાકો શું ઘરબારી થઈને રહેતો હશે. સૈયદોના કહેવા પ્રમાણે તે વાત સાચી હોય તો તમે કચ્છના કણબીઓ સતપંથ પાળી રહ્યા છો અને તમારી ખરી કમાઈના પૈસામાંથી દશોંદ જે કાકા મારફતે પહોંચાડો છો તે કાકો કેવા ચારિત્રવાળો છે અને તે સંબંધે સૈયદો શું કહે છે તેના ઉપરથી વિચાર કરશો જ, એવી હું આશા રાખું છું. સૈયદોએ કાકા ઉપર કરેલા દાવામાં કલમ અઢારમીમાં જણાવે છે કેઃ-

“પરાપૂર્વથી કાકા સૈયદો તરફથી વહીવટદાર છે અને કાયદા પ્રમાણે વહીવટદારનો અમો હિસાબ જોવા હક્કદાર છીએ. છતાં અમોને બાનાં કાઢી હિસાબ પ્રતિવાદી બતાવતો નથી. અમે સારી પેઠે માનીએ છીએ કે પ્રતિવાદીએ ગેરવ્યવસ્થા ઘણી કરી છે અને ઘણાં અપકૃત્યો કર્યા છે. સ્વચ્છંદપણે પૈસા ઉડાવે છે અને જે ઉદ્દેશથી તે પૈસા એકઠા કરવામાં આવે છે તેને માટે ખર્ચવામાં આવતા નથી. પરંતુ સ્વભોગમાં પોતાની મરજીમાં આવે છે તે પ્રમાણે પૈસા ઉડાવે છે. તથા ગાદીના પૈસાથી મિલકતો ગાદીના નામથી ન ખરીદ કરતાં પોતાના નામથી ખરીદ કરે છે, આ છુપાવવાની ખાતર ચોપડા બતાવવા પ્રતિવાદી આનાકાની કરે છે.” આ પ્રમાણે સૈયદોએ દાવો કરેલો તે તમે વાંચ્યો.

હવે લખમણ કાકાએ તેનો કોર્ટમાં કેવા પ્રકારે જવાબ વાળ્યો છે તે વાંચવાથી સ્પષ્ટ સમજાશે. એટલું જ નહીં પણ લખમણ કાકાએ કેવો જવાબ આપ્યો છે અને નાણાંની કેવી પાયમાલી કરી રહ્યા છે તે પણ તમને સાથે સાથે સમજાશે, વળી અધિકારી બની ગાદીપતિ થવાના લોભમાં કેવાં ફાંફાં મારી રહ્યા છે તે પણ સમજાશે. અમદાવાદની કોર્ટને આ દાવો સાંભળવાનો અખત્યાર નથી વિગેરે વિગેરે દાવાના જવાબમાં કહીને કાકા શ્રી લખમણ કરમશી નાણાની કેવી બરબાદી કરી રહ્યા છે એ તરફ હું વાચકોનું ધ્યાન ખેંચું છું.

કાકાશ્રી લખમણ કરમશીએ દાવાનો વાળેલો જવાબ નીચે પ્રમાણે.

અમદાવાદના મે. જો. સે. ક. સબ જજ સાહેબની કોર્ટમાં દિ.મુ.

નંબર ૧૪૫૨ સને ૧૯૨૧

સૈયદ એહમદહુસેન મીયાં સાહેબ વગેરે વાદી.

વિરુદ્ધ

કાકા લક્ષ્મણ કરમશી - પ્રતિવાદી

દાવો રૂા.૨૮૦-૦-૦ નો.

અમો પ્રતિવાદી વાદીઓના દાવા વિરુદ્ધ હકીકત આપીએ છીએ કે,

૧. વાદીઓનો દાવો ખોટો છે અને દાવા અરજીમાં લખેલી અમારા વિરુદ્ધની તમામ હકીકત ખોટી છે.

૨. વાદીઓએ જેવા સ્વરૂપમાં દાવો કર્યો છે તેવા સ્વરૂપમાં તેઓનો દાવો ચાલી શકતો નથી.

૩. વાદીઓના દાવાને સ્પેસીફીક રીલીફ એકટની કલમ ૪૨નો બાધ આવે છે તે કારણથી પણ વાદીઓનો દાવો ચાલી શકતો નથી.

૪. દાવા વાલી મિલકતની કિંમત અને દાવાનો વિષય રૂા.૫૦૦૦ કરતાં ઘણા વધારે મિલકતનો હોવાથી આ દાવો સાંભળવાને આ કોર્ટને અધિકાર નથી.

૫. વાદીઓ પોતાને તથા બીજા સૈયદોને દાવાવાળી મિલકતના માલીક હોવાનું બતાવે છે અને પ્રતિવાદીઓને પોતાના તરફથી વહીવટ કરવાને નીમવામાં આવેલાનું બતાવે છે, અને માલીક તરીકે પ્રતિવાદીને વહીવટમાંથી દુર કરવાને પોતાનો હક્ક હોવાનું બતાવે છે તો દાવાવાળી મિલકત જે લાખો રૂપિયાની ભારે કિંમતની મિલકત છે તે તમામ મિલકતની કિંમત પ્રમાણે દાવાનો આંક બાંધી યોગ્ય કોર્ટ ફી આપ્યા સિવાય વાદીઓનો દાવો ચાલી શકતો નથી.

૬. દાવાવાળી મિલકત સાર્વજનિક ધર્માદા મિલકત છે અને સેવકો તરફથી જે ઉપજ આવે છે તે મધ્યેથી ધર્માદા મિલકતનો તથા સદાવ્રત હંમેશથી અપાય છે તેનો ખર્ચ આપવામાં આવે છે અને તે મિલકતમાં તમામ સેવકોનું હીત રહેલું છે. તેઓને પક્ષકાર કર્યા સિવાય અને સીવીલ પ્રોસીજર કોડની કલમ ૯૨ પ્રમાણે કલેક્ટર સાહેબની પરવાનગી લીધા સિવાય આ દાવો ચાલી શકતો નથી. તેથી પણ આ દાવો સાંભળવાને આ કોર્ટને અધિકાર નથી અને તે સંબંધનો દાવો ડીસ્ટ્રીક કોર્ટમાં કરવો જોઈએ.

૭. વાદીઓ અમો પ્રા.ને દાવાવાળી મિલકતના વહીવટમાંથી દૂર કરી શકે છે એવું કરાવવાને જે દાવો કર્યો છે તેઓ ફક્ત દાવો કાયદેસર ચાલી શકતો નથી તેથી પણ વાદીઓનો આ દાવો રદ થવો જોઈએ.

૮. (અમારી નોંધ : મુળ દસ્તાવેજમાં આ ક્રમ નથી.)

૯. વાદીઓ અમો પ્રા.ને વહીવટમાંથી દૂર કરી શકે છે, એમ ઠરાવવાને અને તેની સાથેજ અમો વંશપરંપરાના હક્ક તરીકે જે આપતા આવ્યા છીએ તે પ્રમાણે અમો આપ્યા જઈએ, તેમજ અમો વહીવટ કરીએ તે મુજાવર કાકા તરીકે લખીને કરીએ, એવી એક એકથી ઉલટી દાદો માગી વાદીઓએ જે દાવો કર્યો છે તેવો દાવો ચાલી શકતો નથી.

૧૦. વાદીઓ પોતે માલીક હોવાનું અને અમો તેઓના તરફથી વહીવટ કરીએ છીએ એવું કહે છે તેમ છતાં અમો તેઓને વહીવટના ચોપડા બતાવીએ એવો હુકમ કરવા માટે જે દાવો કર્યો છે, તે કાયદેસર ચાલી શકતો નથી.

૧૧. દાવા અરજીની પહેલી અને બીજી કલમમાં લખેલી હકીકત વીસે અમો કાંઈ પણ જાણતા નહી હોવાથી તે હકીકત અમો કબુલ કરતા નથી અને વાદીઓ પોતાને હજરત સૈયદ કબીરુદીન તરફથી ઉતરી આવેલાનું બતાવે છે તે હકીકત અમો કબુલ કરતા નથી. વાલીઓને સતર દીકરા હતા અને હજરત ઈમામુદીન સૌથી નાના હતા એમ વાદીઓ લખે છે તો હજરત ઈમામુદ્દીનની મિલકત ઉપર તેઓનો કાંઈ પણ હક હોઈ શકે નહિ તે કારણથી પણ વાદીઓને માલીક હકથી દાવો કરવાનો કાંઈ પણ હક્ક નથી.

૧૨. હજરત ઈમામશાહને દાવાવાળી દરગાહમાં દફન કરવામાં આવ્યા છે તે સિવાયની દાવા અરજીની ત્રીજી કલમમાં લખેલી હકીકત અમો કબુલ કરતા નથી.

૧૩. દાવા અરજીની ચોથી કલમમાં હજરત ઈમામુદ્દીન સાહેબ પીર તરીકે ઓળખાતા એવું લખ્યું છે, તે સિવાયની બીજી હકીકત અમો કબુલ કરતા નથી.

૧૪. દાવા અરજીના પાંચમાં પેરેગ્રાફમાં વાદીઓ લખે છે કે જે સેવકો જાહેર ધર્મ પાળે તે પરઘટી મોમીન કહેવાય છે. તે હકીકત ખોટી છે પણ તેઓને પરઘટી કહેવાય છે, એ સિવાયની મજકુર પેરીગ્રાફની હકીકત વીસે અમારે તકરાર નથી.

૧૫. દાવા અરજીના છઠ્ઠા પેરેગ્રાફના સંબંધમાં જણાવવાનું કે ઈમામશાહે સેવકો કરેલા તેમાં કેટલાક પોતાની પેદાશમાંથી દસમો હિસ્સો કહી દશોંદ આપે છે તેમજ તે સ્વસ્થાનમાં ભેટો પણ આપે છે પણ તે રકમ તથા

ચીજો જાણે ઘણી મોટી હોય એ વાદીઓ બતાવવા માંગે છે તે હકીકત ખોટી છે, દસ છોકરામાંથી એક છોકરો સ્વસ્થાને અર્પણ કર્યા સંબંધમાં જણાવવાનું કે મારી જાણમાં એવો કોઈ પણ દાખલો બનેલો નથી.

૧૬. દાવા અરજીના સાતમા પેરેગ્રાફમાં લખેલી હકીકત બરાબર નથી. પીર ઈમામુદ્દીન ગુજર્યા ત્યારે તેમને એક દીકરા નામે હજરત નુરમહમદ હતા, તેઓ ગુજર્યા ત્યારે તેમને તેમના પિતાની બાજુમાં દફન કર્યા. તેથી બંનેની ભેગી કબર એક જગ્યામાં હોવાથી હજરત ઈમામશાહ સુતનર અલીના નામથી ઓળખાય છે. પરંતુ મરનાર ઈમામશાહે પોતાની સ્વસ્થાને વહીવટ કરવાને શાણા કાકાને સ્વતંત્ર અખત્યાર સોંપેલો તેથી તેનો સ્વતંત્ર રીતે વહીવટ કરતા હતા અને તેજ પ્રમાણે અમો વહીવટ કરીએ છીએ, વાદીઓ લખે છે કે ઈમામશાહની તમામ મિલકતના માલીક હજરત નુરમહમદ થયા તે વાત ખોટી છે અને તે અમો કબુલ કરતા નથી. ઈમામશાહની કાંઈ પણ મિલકત નહોતી અને જે મિલકત હતી અને તે સ્વસ્થાનના સેવકો તરફથી જે આવક આવે છે તેથી થયેલી છે.

૧૭. દાવા અરજીની આઠમી કલમમાં લખેલી હકીકત ખરી નથી અને તે અમો કબુલ કરતા નથી.

૧૮. દાવા અરજીની નવમી કલમમાં લખેલી હકીકત અમો કબુલ કરતા નથી. કાકા સ્વતંત્રપણે વહીવટ કરે છે અને કાકાનો ઈલ્કાબ ચાલતા આવેલા રીવાજ પ્રમાણે સાણા કાકાને જે પ્રમાણે મળેલો તે પ્રમાણે ગાદીના અધિકારીની રૂએ લખે છે અને તેઓ સેવકોના ગુરૂ તરીકે મનાય છે અને તે વિરુદ્ધ વાદીઓ જે લખે છે તે હકીકત દ્વેષ બુદ્ધિથી પોતાના હીત માટે ખોટી લખી છે. સંવત ૧૯૧૪ { Year : 1857-1858 } નો જે દસ્તાવેજ તેઓ બતાવે છે તે ખોટો અને બનાવટી છે. તે હકીકત દસ્તાવેજ જોવાથી સાફ માલુમ પડી આવે છે અને તા.૨૪-૫-૧૮૬૦નો જે દસ્તાવેજ બતાવે છે તે વખતે કાકા નથુ ગાદીપતિ તરીકે નહોતા અને દસ્તાવેજ વાંચવાથી જણાય છે કે ફક્ત સૈયદોને હાથમાં લેવા માટે મજકુર લખાણ કરી આપેલું હોય એમ દેખાય છે અને તેનું ખરાપણું અમો કબુલ કરતા નથી અને જો તે ખરે પ્રકારે થયેલો સાબીત થાય તો પણ અધિકાર બહારનો હોવાથી તે કોઈ પણ રીતે બંધન કર્તા નથી અને તે રદ બાતલ છે.

૧૯. દાવા અરજીના દસમા પેરેગ્રાફમાં બાબતમાં જણાવવાનું કે અમો ઉપર પ્રમાણે અધિકારવાળા ગાદીવાળા કાકા છીએ અને વાદીઓ પીરાણા વગેરે ગામના સૈયદો છે.

૨૦. દાવા અરજીના અગીયારમાં પેરેગ્રાફમાં લખેલી હકીકત ખોટી છે. હરકોઈ ગાદીવાળા કાકા ગુજરી જાય ત્યારે, ત્યારબાદ સેવકો તરફથી ગાદીવાળા કાકાની નવી નિમણુંક કરવામાં આવે છે.

૨૧. દાવા અરજીના બારમાં પેરેગ્રાફમાં લખેલી હકીકત ખોટી છે અને અમો પ્રતિવાદીની નિમણુંક માટે ગામો ગામના આશરે આઠથી દસ હજાર સેવકો ભેગા થયેલા અને તેઓએ ગાદી ઉપર અમારી નિમણુંક કરી અને તે વખતે રામજી કાકા સાથે અમારે તકરાર હોવાથી રામજી કાકાએ અમારા ડેપ્યુટી અને કારભારી તરીકે શું શું થયું કરવું તે નક્કી કરવાનું હતું તે ઉપરથી કેટલાક સૈયદો તે બાબતનું મજકુર લખાણ છે એમ કહી એક છેલ્લા કાગળ ઉપર મારી સહી કરાવી પણ જ્યારે મજકુર લખાણ એક સ્ટેમ્પના કાગળ ઉપરના લખાણને અનુસંધાને છે એમ મારા જોવામાં આવ્યું એટલે તુરત જ મેં મારી મજકુર સહી ચેકી નાખી, વાદીઓ મજકુર

કહેવાતો અસલ દસ્તાવેજ હજુ સુધી રજુ પણ કરતા નથી એટલે તે દસ્તાવેજ રજુ થશે તો તે વિશે બધો ખુલાસો આપવાનો અમારો હક્ક કાયમ રાખીએ છીએ. વળી મજકુર પેરેગ્રાફમાં સંવત ૧૯૭૧ { Year : 1914-1915 } ના દસ્તાવેજ બાબત લખ્યું છે તે દસ્તાવેજ વખતે પણ અમોને રામજી કાકા સાથે તકરાર કરાવી તેઓને કાઢી મુક્યા, માટે એ દસ્તાવેજ તેઓને મદદ માટે અધિકાર આપવા માટે તે છે એમ કહી તેના ઉપર અમારી સહી લીધેલી તે કારણથી તે દસ્તાવેજ પણ નિરર્થક અને રદબાતલ છે અને તે સંબંધમાં અમોએ સંવત ૧૯૧૫ { Month : Jul-1968 } નો જે કાગળ સૈયદોના વકીલને લખેલો છે. તેમાં પણ અમે સ્પષ્ટ રીતે જણાવી ચુક્યા છીએ.

૨૨. દાવા અરજીના તેરમાં પેરેગ્રાફમાં લખેલી હકીકત ખોટી છે. સૈયદોને જે જે ધર્માદા આપવામાં આવે છે તે સંબંધમાં તેઓની સહીઓ લેવાતી તે ઉપર સંવત ૧૯૬૮ { Year : 1911-1912 } માં કેટલાક સૈયદોએ અમોને એમ જણાવ્યું કે તેઓને જે જે હક્કો આપવામાં આવે છે તે બાબતનું લખાણ અમોએ તેઓને કરી આપવું એમ કહી એક કાગળ ઉપર લખાણ કરાવી વાદી તેના ઉપર મારી સહી માગવામાં આવી તે ઉપરથી મેં તે કાગળ વાંચ્યા વગર તેના ઉપર સહી કરી અને તે સંબંધી જ્યારે સને ૧૯૧૫માં કેટલાક સૈયદો તરફથી એક કાગળ આવ્યો, ત્યારે મને તેઓના મજકુર દગાની ખબર પડી એટલે તુરત જ અમોએ સને ૧૯૧૫ના જુલાઈ માસમાં અમારા કાગળમાં મજકુર હકીકત તેઓને જણાવી છે. મજકુર લખાણ પછીની તારીખોએ સૈયદોએ અમોને દસ્તાવેજ કરી આપ્યા છે, તેમાં અમોને અધિકારી લખીને દસ્તાવેજો કરી આપેલા છે, તે ઉપરથી પણ મજકુર લખાણ સંબંધીનું કપટ સાફ રીતે જણાઈ આવે છે, વળી અમો જુના રીવાજ પ્રમાણે હંમેશથી વર્તીએ છીએ, તે વિરોધ વાદીઓ જે લખે છે તે તદ્દન ખોટું છે.

૨૩. દાવા અરજીના કલમ ચૌદમાં લખેલી હકીકત બરાબર નથી. આ કામના વાદીના જ તથા તેનામાએ જે ધર્માદા અપાતું હતું તે કેટલા કારણસર તેને આપવામાં બંધ કરવામાં આવેલું તે ઉપરથી, તેઓએ દાવા કરેલા અને તે કામમાં અમોએ અમારા જવાબો રજુ કરેલા ત્યાર બાદ જે કારણસર તેઓને મળતી ધર્માદા રકમ બંધ કરવામાં આવે તે કારણ દૂર થવાથી તે ધર્માદા તેને આપવાનું નક્કી થયેલું, તે આપવાનું હતું તેમ છતાં એક તરફી કામ ચલાવી તેઓએ જે જજમેન્ટ લખ્યા છે તેમાં લખેલી અમારા વિરુદ્ધની કોઈ પણ હકીકત અમોને બંધન કરતા નથી.

૨૪. દાવા અરજીના પંદરમાં પેરેગ્રાફમાં અમોએ શરતોનો ભંગ કર્યો એમ વાદીઓ લખે તે ખોટું વાદીઓને અમારી પાસેથી કાંઈ પણ શરતો કરાવી લેવાનો હક્ક નથી. ભગવું આપવા બાબતની તકરારો વિશે તેઓ લખે તે ભગવું આપવાનો હક્ક અમારો છે અને વાદીઓને કાંઈ પણ હક્ક નથી અને જેને ભગવું અમો આપીએ તે અમારો ચેલો થતો હોવાથી ગુરૂ તરીકે અમારું નામ તેના બાપની જગ્યાએ લખે છે, તે ઉપરથી તે સંબંધમાં વાદીઓ જે લખે છે તે તદ્દન ખોટું છે એમ સ્પષ્ટ જણાશે. વળી અમો સૈયદો તરફથી વહીવટદાર છીએ એવું તેઓ લખે છે તે વગેરે તમામ હકીકત બિનપાયાદાર છે.

૨૫. દાવા અરજીની સોળમી કલમમાં લખેલી હકીકત તદ્દન ખોટી ને બિનપાયેદાર છે.

૨૬. દાવા અરજીના સત્તરમાં પેરેગ્રાફમાં લખેલી હકીકત તદ્દન ખોટી છે. સૈયદોને સંસ્થામાં આવતી સેવકો તરફથી ધર્માદા ઉપજમાંથી ધર્માદા તરીકે અપાય છે, પણ તેઓને હક્ક તરીકે મળે છે એમ વાદીઓ લખે છે, અને તેમાં વધારો કરવાને તેઓને હક્ક છે એમ જણાવે છે તે હકીકત તદ્દન ખોટી છે. મજકુર ધર્માદા આવક મધ્યેથી સદાવ્રત વગેરેનો મોટો ખર્ચો અમો કરીએ છીએ અને સૈયદોને પણ ધર્માદા તરીકે કેટલુંક અપાય છે અને રકમો સેવકોની સંમતિ અપાય છે અને તેમાં વધારો ઘટાડો કરવાનો હક્ક સેવકોનો તથા અમો ગાદીવાળાનો છે અને મજકુર પેરેગ્રાફમાં તેમના હક્કો કહી જે હક્કોની વિગત આપે છે તે ખોટી છે અને તેઓને જે ધર્માદા તરીકે અપાય છે અને તેમાં પ્રતિવાદી પોતાની મુનસફીથી કોઈ કોઈ વખતે ફેરફાર કરે છે.

૨૭. દાવા અરજીના અઢારમાં પેરેગ્રાફમાં લખેલી હકીકત તદ્દન ખોટી છે. મજકુર સ્વસ્થાનની મિલકત ઉપર આ વાદીઓનો કાંઈ પણ હક્ક નથી અને તેનો હિસાબ જોવાને પણ તેઓ કોઈપણ રીતે હક્કદાર નથી અને હજુ સુધી કોઈપણ વખતે એ હિસાબ જોવા માગ્યો નથી તે ઉપરથી પણ સાફ જણાશે કે તેઓ મજકુર દાવો તદ્દન ખોટો અને બિનપાયાદાર છે.

૨૮. દાવા અરજીની ઓગણીસમી કલમ સંબંધમાં અમો જણાવીએ છીએ કે સૈયદોએ વારંવાર તેઓને કાંઈ પણ હક્ક નહી હોવા છતાં ખોટી નોટીસો આપેલી અને બને તેમ દબાણ કરી રૂપિયા કઢાવવાની કોશીશો કરી હતી, તેનો અમોએ વ્યાજબી અને ઘટતો જવાબ આપવાથી તેઓ કાંઈ પણ કરી શક્યા નહિ અને હાલમાં પણ તેવી જ રીતે અમારા ઉપર દબાણ કરવાને આ ખોટો દાવો કર્યો છે અને તેવા જ પ્રકારનો બીજો એક દાવો સને ૧૯૭૭ની સાલમાં કેટલાક સૈયદોએ કરેલો અને તેઓએ પાછો ખેંચી લીધેલો.

૨૯. દાવા અરજીના વીસમાં પેરેગ્રાફમાં બતાવેલી કોઈ પણ દાદ મેળવવાને વાદીઓ હક્કદાર નથી.

૩૦. વાદીઓએ અમોને જાણીબુઝીને ખરાબ લગાડવાના હેતુથી અમો લેવા પાટીદાર હોવા છતાં, અમોને ધર્મે મુસલમાન હોવાનું જણાવ્યું છે અને જાતના મોમના એવું ખોટું લખાણ કર્યું છે અને અમો ગાદીપતિ કાકા હોવા છતાં અમોને ખોટી રીતે ઈરાદાપૂર્વક મુજાવર લખ્યા છે.

૩૧. આ જવાબમાં જે જે હકીકતોનો ઈકરાર કર્યો છે, તે સિવાયની દાવા અરજીની બીજી કોઈપણ હકીકતનું ખરાપણું અમો કબુલ કરતા નથી. વાદીઓનો દાવો ખોટો છે અને તે દાવો લાવવાને તેઓને કાંઈ પણ હક્ક નથી અને તેઓનો દાવો આ કોર્ટમાં ચાલી શકતો નથી, એ વગેરે ઉપર બતાવેલા કારણો ધ્યાનમાં લઈ વાદીનો દાવો ખર્ચ સાથે રદ કરશો.

તા.૨૪ માર્ચ સને ૧૯૨૨

વકીલ મી.હોસંગજી બરજોરજી.

આ પ્રમાણે કાકા શ્રી લખમણ કરમશી તરફથી દાવાનો જવાબ આપવામાં આવ્યો છે. તે આપણે વાંચી ગયા. આ દાવાથી કચ્છના કણબી સતપંથીઓમાં પણ ભારે હોહાકાર ચાલી રહ્યો છે. ગયા ફાગણ ચૈત્ર મહિનામાં કચ્છથી સંઘ કાઢી પીરાણે જાત્રા કરવા કણબીઓ આવેલા. તેથી અગાઉ પીરાણાની ગાદી લખમણ કાકો ભેસ્તમાં પહોંચી જાય ત્યાર પછીના ઉમેદવાર નથુકાકાએ કચ્છના કેટલાક કણબી આગેવાનોને સૈયદો અને કાકા વચ્ચેની તકરારનો

નિવેડો લાવવા સમજાવેલા તેમજ સૈયદ તરફથી પણ કચ્છના કણબીઓને પતાવટ કરવા સમજાવવામાં આવેલું, જે ઉપરથી પીરાણે સંઘ જાત્રા કરવા ગયેલો તે સાથે સાથે ખોંભડીના કણબી અરજણ ડાયા તથા નાગવીરીના કણબી અરજણ માવજી તથા વિથોણના કણબી શીવદાસ-હીરજી તથા સાંયરાના કણબી ખીમા - જીવા તથા મંગવાણાના પટેલ હીરજી ખીમા વિગેરે પણ ગયેલા. આ પાંચે આસામી એવા પહોંચેલા છે કે સૈયદો તેમજ લક્ષ્મણ કાકાને ઘસીને પી જાય તો પણ સૈયદો તથા કાકાને ગમ પડે નહિ, તો પણ જે આસામી તરફથી વધુ લાભ મળે તેના તરફ ઉતરી શકે એવા પ્રમાણિક માણસોને આ કામ કેતા સૈયદો અને કાકા વચ્ચે અમદાવાદની કોર્ટમાં હક્કની જે તકરાર ચાલે છે તેનો ફેંસલો કરવા સોંપેલું. સૈયદોએ તો માનેલું કે આ પાંચે આસામી સૈયદોનો જ પક્ષ કરશે અને તે સૈયદો તો સુકા ખાકી બંગાલી એમાં એમનું વળે તેમ નહોતું. કાકો તો માલદાર કહેવાય છેવટે રેશમી કોરની પાઘડી પણ બંધાવે. એટલું જ નહી પણ કાકાનો ખાસ સલાહકાર **એ.જી.પંડિતની** બુદ્ધિએ જ બધું કામ થનારું. આ કણબીઓને તો મતું જ મારી દેવાનું હતું. ન્યાય કે ઈન્સાફની સાથે આ પાંચે પ્રમાણિક ભાઈઓને બારમો ચંદ્રમાં હોવાથી, ન્યાય કે ઈન્સાફની જાજી પર્વા નહોતી. પરંતુ આવડો મોટો કેસ તેનો ફેંસલો કરવાનો લાભ મળ્યો છે એ ઘણું છે એમ માનેલું. સૈયદો તથા કાકાની અનુમતિથી કણબી પંચોએ ફેંસલો આપેલો. અને તે ફેંસલાની નકલ કોર્ટમાં રજુ કરી કણબી પંચોએ કચ્છ તરફ પ્રયાણ કર્યું.

કાકા લખમણ કરમસી અને સૈયદો તરફથી નીમાયેલ પંચ કણબી અરજણ ડાયા ગામ ખોંભડીવાળા તથા નાગવીરીના કણબી અરજણ માવજી તથા વિથોણના કણબી શીવદાસ હીરજી તથા સાંયરાના પટેલ ખીમા જીવા તથા મંગવાણાના પટેલ હીરજી ખીમાએ અમદાવાદ કોર્ટમાં સૈયદો તથા લખમણ કાકા વચ્ચે ચાલતી હક્કની તકરારનો જે ફેંસલો આપ્યો છે તે નીચે પ્રમાણે છે.

આં.૭૩. લવાદનો એવાર્ડ.

દા.તા.૧૨-૪-૨૩

C.P.P.

એ.જો.સબ જજ

અમદાવાદના મે.એ.જો.સે.ક. સબ જજ સાહેબની કોર્ટમાં મુ.નંબર ૧૪૫૨

સને ૧૯૨૧

વાદી. સૈયદ એહમદ હુસેન મીયાં સાહેબ વિગેરે.

વિરુદ્ધ

પ્રતિવાદી કાકા લક્ષ્મણ કરમશી.

દાવો રૂા.

આ કામમાં અમો નીચે સહીઓ કરનારાઓને આ કામમાં લવાદો નામદાર કોર્ટે નીમેલા છે. તેથી સદરહુ કામમાં અમો અમારે નીચે મુજબ ઠરાવ કરીએ છીએ.

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

૧. દાવાવાળી હજરત પીર ઈમામશાહ સુદ નુરઅલી મમદશાહ બાવાના નામની સંસ્થાનો વહીવટ ઘણો હોવાથી ગાદીવાળા કાકાને તે વહીવટ સ્વતંત્ર રીતે કર્યા સિવાય ચાલે નહિ, તેથી તેમને સદરહુ સંસ્થાનું તમામ વહીવટ કરવા પ્રથમથી ધર્મીઓના પંચ તથા સાદાતોના પંચ મળી અખત્યાર સોંપ્યો છે અને તેવો રીવાજ છે.

૨. સાદાતોના જે જે હક્કો આપવામાં આવે છે તે સદરહુ જગ્યાના ધર્મીઓની આવતી ધર્માદા પેદાશમાંથી અપાય છે. તે ચોપડે લેખિતવાર હોય તે ગાદીવાળાએ આપવું.

૩. ગાદીવાળા કાકાએ પોતાની ખાનગી મિલકત હોય તેવી રીતે કોઈ મિલકત રાખવી નહિ. અને હોય અથવા થાય તો તે ગાદીની છે એમ ગણવી.

૪. ગાદીવાળા કાકાએ કોઈ પણ જાતનો ખાનગી ધંધો કે વહેપાર કરવો નહિ. અને કોઈ પણ ખાનગી ધંધો કે વહેપાર કરતાં માલુમ પડે તો બંને પંચોએ અટકાવવાનો અખત્યાર છે.

૫. હાલ ગાદીવાળા કાકાએ એકંદર રીતે તપાસ કરતાં સંસ્થાનું કાંઈ પણ હીત બગાડ્યું માલુમ પડતું નથી. હવેથી સંસ્થાનું કાંઈ પણ જોખમકારક કામ કરતાં પહેલાં સેવકોના પંચે સાદાતોના પંચની સલાહ લઈ સુચના કરવી.

૬. સદાવ્રતોના પંચના આગેવાનોએ ગાદીવાળા કાકાની તથા સંસ્થાના સાધુની આબરૂ જાળવવી અને માન મરતબાથી વર્તવું. તેવી સદાવ્રતોને સુચના કરવી. જે સાદાત સંસ્થાના ઉપર બતાવેલા સખ્શોનો માન મરતબો નહિ જાળવે તો અપાતા હક્કોમાંથી ગુનોહ ગાદીવાળાના કહેવાથી બે પંચો મળી ગુનો લેવાનો અધિકાર છે.

૭. આ સંસ્થાના સાધુ તથા ગાદીવાળા સેવકો હિન્દુઓ છે અને આ ધર્મ સતપંથ હિન્દુધર્મ છે. માટે સાદાતોએ કોઈને લાગણી દુખાવવી નહિ.

આ દાવા સંબંધીની બીજી તકરારો રદ કરવામાં આવે છે. એજ. સંવત ૧૯૭૯ના ચૈત્ર વદી-૧૨ ગુરુવારના {VSAK : 12-Apr-1923}

(સહી) મુખી અરજણ ડાહ્યાની સહી. દા.પોતે

(સહી) પા.હીરજી ખીમજીની સહી દા.પોતે

(સહી) અરજણ માવજીની સહી દા.પટેલ હીરજી ખીમજી ધણીના કહેવાથી અંગુઠાનું નિશાન.

(સહી) શિવદાસ હીરજી સહી દા.ખીમજી ઉકેડા ધણીના કહેવાથી અંગુઠો

(સહી) પટેલ ખીમજી જીવરાજની સહી.

દા.નારણભાઈ છગનભાઈ ધણીના કહેવાથી સહી કરી છે ને ડાબા હાથનું નિશાન કરાવ્યું છે.

(અંગુઠાનું નિશાન છે)

Award produce by the punch to day that is on 12th April 1923. To be kept on the record

12th April 1923

Sd/C.P. PAREKH

2nd Joint Sub Judge

આ પ્રમાણે ફેંસલો આપી અમદાવાદ કોર્ટમાં રજુ કરી કણબી પંચો કચ્છ તરફ રવાના થઈ ગયા. ત્યારબાદ પાછળથી સાંભળવા પ્રમાણે જે ફેંસલો કણબી પંચોએ આપેલો તે સૈયદોને વંચાવેલ નહીં હોવાથી અને તે એક તરફી કાકા લખમણ કરમસીના લાભમાં કરેલો હોવાથી સૈયદોએ વાંધો ઉઠાવ્યો, જેના પરિણામે અમદાવાદ કોર્ટે કચ્છના કણબી પટેલીયાને રૂબરૂ ન બોલાવી શકવાથી કમિશન મારફતે કચ્છથી તેઓની ફરી જુબાની લેવા ઠરાવેલું. જે ઉપરથી લખમણ કાકો પોતાના સ્ટાફના માણસોને લઈ તેમજ સૈયદો તરફથી સૈયદ પુંજામીયાં, હુસેનમીયાં તથા ગુલામઅલી વિગેરે કચ્છમાં ગયા. શ્રાવણ માસના ગયેલા અને ત્યાં નખત્રાણા કોર્ટમાં પાંચ સાક્ષીઓની જુબાની થઈ. જે નીચે પ્રમાણે જણાવવામાં આવી છે. તે સંબંધે વાંચનારાઓના ધ્યાનમાં આવે એવા હેતુથી નીચે પ્રમાણે છે.

વાદીનો સાક્ષી શ્રી નખત્રાણા કોર્ટ કમિશન

શ્રાવણ વદી-૧૦ બુધ સં. ૧૯૮૦ {VSA: 05-Sep-1923}

ધર્મની પ્રતિજ્ઞાથી ખરું લખાવીશ.

મારું નામ **અરજણ** બાપનું નામ **ડાયા** જાતે કણબી ઉંમર વર્ષ ૬૦ આશરેની, ધંધો ખેડનો રહેવાસી **ખોંભડીનો.**

મુખ્ય ઈમામશાહ સુતનરઅલી માહમદશાહનો બતાવેલો સતપંથ ધર્મ પાળું છું અને તે ધર્મનો હું મુખી છું. મુખીનો ધર્મ શું શું છે તે જાણું છું. ઈમામશાહનું જીવનચરિત્ર હું જાણતો નથી. પીરાણે ફાગણ કે ચૈત્રમાં આવેલ હતો, સાદાત અમને તેડવા આવેલ હતા. બે ત્રણ વખત આવેલા હતા, તે પરથી એક વખત અમે ભેગા થઈને ગયા હતા જાતે આવેલ હતા. નામ મને યાદ નથી. કોણ કોણ તેડવા આવેલ. પીરાણે જઈને બને ધણીને બોલાવેલા અને પૂછ્યું કે અમને શું કરવા બોલાવ્યા ત્યારે તેમણે કહ્યું કે અમારે ને કાકાને ખટપટ છે. તેથી તેની સમાધાની કરવાને તેડાવ્યા છે. પછી અમે કહ્યું કે અમને પંચનામું લખી આપો. પંચ કેવી રીતે નીમાયા અને ફેંસલો કેવી રીતે કરવાનો તે મોઢે યાદ નથી. પંચ સાદાત સાહેબો અને કાકાએ નીમેલા હતા. પંચ નીમાઈને વહીવટ જોઈને જે પ્રમાણે અમને મગજમાં આવ્યું તે પ્રમાણે ફેંસલો કરી આપ્યો. **ફેંસલો તે દી.મુ.નાં ૧૪૫૨**નો કરવાને સોંપેલ હતો **તે દાવો સૈયદોએ શી બાબતનો કરેલો તે હું** જાણતો નથી. એ દાવામાં વાદી કોણ છે તે હું જાણતો નથી. **ફરી કહું છું કે વાદી સાદાત છે.** એ દાવાના મુદ્દા શું નીકળ્યા તે જાણતો નથી. તેમ વાંચ્યા નથી. દાવા અરજીની દરેક તકરારનો ફેંસલો કરી તકરાર ન થાય તેમ સમજી આપેલ છે. તેમાં સહીયો અમે ગણી નથી. કરી તેમાં ફેંસલો આપ્યો છે કે કેમ તે **હું જાણતો નથી**. પણ ફરી તકરાર તેઓ વચ્ચે ન થાય એમ સમજી ફેંસલો આપેલ છે. બાકી જાણતો નથી. પ્રતિવાદી અને હું એક જ નાતના છીએ. લક્ષ્મણ કાકાની નુખની મને ખબર નથી. હું ચવાણનુખ છું. લખમણ કાકા મારો કંઈ સંબંધી નથી. ગાદીપતિ છે. જેથી નમવાનું છે. લખમણ કાકો પીરાણાની ગાદીનો મુજાવર હોવાનું હું સમજતો નથી. પીરાણે અમે જઈએ છીએ અને ત્યાં રહીએ છીએ, તેટલા દિવસ બરદાસ ચાકરી કાકા કરે છે. ને તે જગ્યાના પૈસાથી થાય છે કે કેમ તે હું જાણતો નથી. **અમે પૈસા પીરાણે મોકલીએ છીએ તેટલું જાણીએ છીએ. ત્યાં વહીવટ શી રીતે થાય છે તે તેઓને ખબર.** કાકા જે મુખત્યાર ગાદી પર બેસે છે તેને શાસ્ત્ર વાંચવા બોધ કરવો અને સાદાત લોકોના હક્ક આપવાનું તથા સદાવ્રત ચલાવવાનું કામ કરે છે. ગાદીવાળા કાકાએ કોઈ પણ જાતનો ખાનગી ધંધો

કે વેપાર કરવો નહીં અને કોઈ પણ ખાનગી કરતાં માલુમ પડે તો એ બે પંચોએ અટકાવવાનો અખત્યાર છે. એવું અમે પંચના ફેંસલામાં લખ્યું છે. કાકાએ કંઈ પણ મિલકતની ગેરવ્યવસ્થા કરી નથી. એમ અમે પંચના ફેંસલામાં લખ્યું છે. તે વાતચીત કંઈ સમજીને તથા અમને જે મનમાં અનુભવ્યું તે ઉપરથી લખ્યું છે જે ચોપડા તથા સ્થાનથી વાદી તથા પ્રતિવાદી સાથે એ બાબતમાં અમે પુછી સમજેલ વાતચીત થઈ હતી. પ્રતિવાદી પાસેથી અમે એ સંબંધમાં આધાર માગવાની મને ખબર નથી. સાદાતોને જગ્યામાંથી શું શું હક્કો મળે છે તે હું જાણતો નથી. **ધર્મીઓના પંચ આ દાવામાં પક્ષકાર છે કે કેમ તે પક્ષકાર એટલું શું તે હું જાણતો નથી.** દાવાવાળી હજરત ઈમામશાહ સુતનરઅલી મહમદશાહ બાવાના નામની સંસ્થાનો વહીવટ ઘણો હોવાથી ગાદીવાળા કાકાને વહીવટ સ્વતંત્ર રીતે કર્યા સિવાય ચાલે નહીં તેથી તેમને સંસ્થાનો તમામ વહીવટ કરવા પ્રથમથી ધર્મીઓના પંચ તથા સાદાતોના પંચ મળી અખત્યાર આપેલ છે. એવું પંચના ફેંસલામાં લખાણું હશે ઘણા વખતની વાત છે. તેથી યાદ નથી. ધર્મીઓના પંચનો હક્ક નથી. સંભાળવાનો હક્ક છે. એવો લખાણ પુરાવો હશે તો મારા પાસે એકલા પાસે નથી. ઠામ ઠેકાણે હશે. પંચ તરીકે અમે જે ઠરાવ લખ્યો છે, તેમાં વાદીઓ કરનાર તમામ હાજર હતા. અહમદ હુસેનમીયાંને ઓળખતો નથી. અબદેઅલી અલીમીયાંને ઓળખતો નથી. હું કોઈ સૈયદના નામ જાણતો નથી. વાદી પૈકી ક્યા સૈયદને વાત પુછેલી તે નામ જાણતો નથી. પંચમાં અમે છ જણા હતા તે છએ જણાએ સૈયદ વાળાઓને હારે બેસાડી પૂછેલું હતું, હું તેના નામ જાણતો નથી. વાદી સૈયદોના કોઈ મારફત અમે પંચ હતા એટલે તેનો ખુલાસો કરી કોર્ટને સોંપ્યો. અમે પક્ષકારોને તેના ખબર નોટીસથી આપેલા નથી. બંને પક્ષકારો તરફથી કંઈ લખી હકીકત લીધી નથી. પ્રતિવાદીએ શું શું મિલકત વેચી છે તે હું જાણતો નથી. પીરાણાનો ધર્મ હિન્દુ ધર્મ છે. **એમ મેં લખાવ્યું છે તે હિન્દુ ધર્મ છે એમ સમજીને અમે લખાવ્યું છે.** દાવા અરજીમાં હિન્દુ અને મુસલમાન ધર્મ સંબંધી માગણી છે કે કેમ તે મને ખબર નથી. પ્રતિવાદીના જવાબમાં એવું લખાયેલની મને ખબર નથી. અમને જણાયું તે તે લખાવ્યું છે. **અમે હિન્દુ છીએ તે જાણીએ છીએ તેથી હિન્દુ ધર્મ છે એમ સમજીએ છીએ. ઈમામશાહ જે ધર્મ પાળતા તે ધર્મ અમને બતાવ્યો છે. ઈમામશાહનો ધર્મ હિન્દુ હતો કે મુસલમાની તે આગલી વાતની મને ખબર નથી.** ઈમામશાહ ક્યાંના હતા તે હું જાણતો નથી **તેમ કોણ હતા તે હું જાણતો નથી.** સૈયદ હતા કે કેમ તે હું જાણતો નથી. નરઅલી માહમદશાહ ઈમામશાહના દીકરાના લગ્ન અમદાવાદના મહમદ બેગડાની દીકરી બુજરગ બેગમ સાથે થયા હતા કે કેમ તે હું જાણતો નથી. ઈમામશાના લગ્ન સૈયદ મહમદ યુધાહીસાની દીકરી વેરે થયા હતા કે કેમ તે હું જાણતો નથી. કબીરુદ્દીનના કેટલા દીકરા હતા તે હું જાણતો નથી.

ઉલટ. સતપંથ ધર્મ પંથ છે. તે અમે હિન્દુ માનીએ છીએ **હું ખોભંડીનો મુખી** છું. બીજા ગામોનો નથી. કાકા અને સૈયદોની ખટપટ છે એમ સૈયદોએ તેમજ કાકાએ કહેલું હતું જે અમે પંચનો ઠરાવ કીધો તે સૈયદો અને કાકાની વાતો સમજીને કરેલ હતો. તકરાર શું હતી તે સૈયદો તથા કાકાએ અમને મોએ કહેલ હતી અને તે ઉપરથી અમે નિકાલ આપ્યો. અમે પંચ નીમાણા તેથી પહેલાં હું અને કાકો એકજ જાતના છીએ એમ સૈયદો જાણતા હતા કે કેમ તેના જવાબમાં કે તે તેમને ખબર. કાકાને અમે મુજાવર સમજતા નથી, ગાદીપતિ સમજીએ છીએ. હું સમજું છું ત્યારથી કાકો પીરાણાનું સ્વતંત્ર વહીવટ કરે છે. કોઈને દેવું લેવું તથા સંભાળવું એ કાકાની અખત્યારી છે. કઈ મિલકત લેવી હોય કે વેહેંચવી હોય તે કાકાની મરજી અને તેવો રીવાજ આજ સુધી સળંગ ચાલ્યો આવે છે. પીરાણે

જઈએ છીએ ત્યાં કાકો યાત્રાળુ જાણી અમારી બરદાસ કરે છે અને અહીં જતી વખતે પૈસા જગ્યામાં મુકીએ છીએ. સાદાતોને અમારા તરફથી દરેક ધર્માદો જાય તેમાંથી હક્ક હોય તે સૈયદોને મળે છે. તે અગાઉથી તેમને મળે છે. તે દાખલો સૈયદોને તેમાંથી મળે છે. સૈયદો અને કાકાની હકીકત સમજવાથી ચોપડા જોવાની અમને જરૂર લાગી નહોતી. જે સૈયદોએ સહી આપી અને હાજર હતા તેને ત્યાં હોઈએ તો મોઢે ઓળખીયે. આ ટાણે કહી શકાય નહીં. સહીઓવાળા કેટલા હતા તે લખ્યા ન હતા. આશરે દસ વીસ જણા હતા અને તે સિવાય બીજા પણ હશે. પંચનામું આપી પહેલાં સૈયદોએ તથા કાકાએ માનકુવે કરી આપેલ હતું. જેના તરફથી પંચ નીમાયા હોય ને તેમાં ત્રીજાનો હક્ક હોય તો તેને નુકસાન થાય એમ પંચ કરે નહીં. **પંચનામામાં જે હકીકત લખી છે તે બીજાને હરકત ન આવે તેટલા માટે લખી છે.** સેવકના પંચને લખમણ કાકો ધર્મે હિન્દુ મુસલમાન નહીં. અરજીમાં મુસલમાની ધર્મ કાકાનો લખ્યો છે. એમ કાકાએ અમને કહેલું હતું. ઈમામશાહને અમો ગોર બ્રહ્માનો અવતાર માનીએ છીએ. મુસલમાન માનતા નથી અને સતપંથના ધર્મમાં પણ એવી હકીકત લખી છે. સતપંથ ઈમામશાહના લખાવવાથી ગોર બ્રહ્માનો અવતાર માનો છો કે ભાગવત ગીતાજીમાં જે લખ્યું છે, તે પ્રમાણે માનો છો તેના જવાબમાં કે **ઈમામશાહનું લખવું અને ભાગવત ગીતાજીનું લખવું એક સમજીએ છીએ**. ઈમામશાહના બીજા ફરમાનો છે, તે હું જાણતો નથી. અમે હમણાં કાકાને **પૈસા આપ્યા હતા. સ્વતંત્ર વહીવટ કાકા કરે છે. તેવો લેખીત આધાર અમારી પાસે હશે. પા.અરજણ ડાયાની સહી દા.પોતાના રૂબરૂ સહી માધવજી - કલ્યાણજી નખત્રાણા થાણદાર**

એક જામીન કરનાર

મેતાભાઈશંકર-રેવાશંકર, ગૌરીશંકર વેલજી.

ખરી નકલ સહી માધવજી - કલ્યાણજી નખત્રાણા થાણદાર

વાદીએ નકલ મળવા રીપોર્ટ આપ્યો. શ્રાવણ વદ ૧૨ શુક્રે સાં. ૧૯૮૦ { VSA : 07-Sep-1923 }

સ્ટેમ્પ તપાસી આપવા હુકમ થયો શ્રાવણ વદ ૧૨ શુક્રે સાં. ૧૯૮૦ { VSA : 07-Sep-1923 }

નકલ તૈયાર કરી દરખાસ્તથી આપી શ્રાવણ વદ ૧૩ શની સાં.૧૯૮૦ { VSA : 08-Sep-1923 }

સહી માધવજી કલ્યાણજી નખત્રાણા થાણદાર

વાદીનો સાક્ષી શ્રી નખત્રાણા કોર્ટ કમિશન

શ્રાવણ વદી-૧૦ બુધે સાં.૧૯૮૦ { VSA : 05-Sep-1923 }

ધર્મની પ્રતિજ્ઞાથી ખરું લખાવીશ

મારું નામ **અરજણ** બાપનું નામ **માવજી** જાતે કણબી ઉંમર વર્ષ ૬૦ આશરેની ધંધો ખેડનો રહેવાસી **નાગવીરી.** મુખ્ય **નાગવીરી**માં હું ખાનાનું લેવડદેવડ કરું છું. મુખી નથી આગેવાન તરીકે મુખી તથા પટેલ હોય. પીરાણાના સતપંથી ધર્મને માનું છું. મુળ ઉપદેશક અમારા કોણ હતા, તે હું જાણતો નથી. સૈયદો ઈમામશાહ બાવાના પંથના છે અને સૈયદોના ઈમામશાહ બાવા વડીલ થાય, તે હું જાણતો નથી. **ઈમામશાહ બાવાએ જે ધર્મ બતાવ્યો તે ધર્મ અને તેની નીતિ તે હું જાણતો નથી.** દશોંદ બારે મહિને આપીએ છીએ તે કાકાને આપીએ છીએ. કાકાને દશોંદ હક્ક તરીકે આપીએ છીએ. ઈમામશાહ બાવાનું ફરમાન દશોંદ કાકાને આપવાનું છે કે કેમ તે હું

જાણતો નથી. લખુ કાકાને ઓળખું છું. તે અને હું એક જ નાતના છીએ. લખુ કાકા ક્યા ગામના અને નુંખે કેવા છે, તે હું જાણતો નથી. ગઢશીશા પાસે વિરાણીના લખુ કાકા છે કે કેમ તેની મને ખબર નથી. ઈમામશાહ બાવા અને તેની જગ્યાની કોઈ પણ હકીકતથી હું વાકેફ નથી. પીરાણે હું ચૈત્ર મહિને ગયો હતો અને કાકા અને સૈયદો વચ્ચે તકરાર હતી. તેટલા માટે જવું પડેલ હતું અને નથુ કાકા તેટલા માટે બોલાવવા આવેલ હતો. તેણે અમને કહ્યું કે પંચ થઈને તકરાર છે તે ઓળખી આપો. તે તકરાર સૈયદે કોર્ટમાં ફરિયાદ કરી છે, તે તકરાર માટે. એ તકરાર શી બાબતની છે તે અમે જાણતા નથી. તેમ સૈયદોએ શી બાબતનો દાવો કરેલ છે તે અમને ખબર નથી. જે અમે પંચોએ ફેંસલો કરેલ છે તે હંમેશની રીતે ખાઓપીઓ દયો લ્યો એવા ફેંસલા કર્યા છે. એ ફેંસલો અમે ખાનગી કર્યો ને પછી કોર્ટમાં રજુ કર્યો. અમે છ જણા હતા. અમને બંને પક્ષકાર તરફથી લવાદનામું લખી આપવામાં આવેલ હતું. તે લવાદ નામામાં શું લખેલ હતું તે મને ઘણા દિવસની વાત છે તેથી યાદ નથી. સૈયદોની શું માગણી હતી તે ઘણા દિવસની વાત છે તેથી યાદ નથી. બંને તરફથી અમે લેખિત હકીકત લીધી નથી. વાદી પ્રતિવાદી વિરુદ્ધ શું શું બચાવ લીધો છે તે હું જાણતો નથી. દાવા અરજીની માંગણી સંબંધમાં એ દાવાના મુદ્દા શું નીકળ્યા હતા તે હું જાણતો નથી. હું ભણેલ નથી, અક્ષર જાણતો નથી. પંચનો ખુલાસો ભણેલ નથી તેથી હીરજી ખીમાએ લખેલ છે, તે કાચો અને પાકો વાણીયા પાસે લખાવેલ હતો તે કોર્ટમાં આપ્યો. તે વાણીયો કોણ હતો તે હું જાણતો નથી. જે વખતે ફેંસલો લખાણો તે વખતે હું બહાર હતો, ત્યાં ન હતો. પાકો લખાણો તે વખતે અમે કોઈ ન હતા, ફરી કહું છું કે હું ન હતો. મુખી નાગવીરી તે ખોંભડીના એ લખાવ્યો બીજા ક્યા હતા તે ખબર નથી. અમારા છમાંથી એ વાણીયાને કોણ બોલાવી લાવ્યો તેની મને ખબર નથી. અમે જે ફેંસલો આપ્યો છે, તે વાદીને પ્રતિવાદીની તકરારોનો આપ્યો છે. વાદીઓની દાવા અરજીમાં શું દાદ છે તે મેં વાંચી નથી, ફેંસલામાં જે સૈયદોએ માંગણી કરેલ હતી તે બધી વાત આવી હતી, તેમાંથી છોડી દીધી નહોતી. પંચ અમને વાદી-પ્રતિવાદીએ નીમેલ હતા અને તેઓ બંનેની તકરાર સાંભળી અમે ફેંસલો આપેલ હતો. લેખિત યા મોઢે તકરાર સાંભળી હતી. લેખિત તકરારના કાગળીયા અમારી પાસે નથી. કોની પાસે છે તેની મને ખબર નથી. અમદાવાદ જતાં જ ને અમે પંચ નીમાયા હતા. ફેંસલો ૫-૬ દહાડા પછી આપ્યો. વાદીઓને ઓળખીએ છીએ. પુંજામીયાં તથા ગુલામહુસેનને બીજાના નામ નથી આવડતા. બીજાને ઓળખતો નથી. વાદીમાંથી પુંજામીયાંને પૂછેલું હતું. પુંજામીયાં અને ગુલામહુસેન એ બંને મુખત્યાર હતા એ બંને મુખત્યાર છે એમ લખી તે વાતની મને મોંએ યાદ નથી. આ દાવામાં પક્ષકાર કોણ કોણ છે તે જાણતો નથી. અમે પંચ આ દાવામાં પક્ષકાર નથી. ધર્મીઓના પંચ તથા સાદાતોના પંચ મળી અખત્યાર સોંપ્યો છે. તેનું એમ છે કે સૈયદોના પંચોએ અને અમારી જમાતના સેવકોના પંચ મળી લખમણ કાકાને ગાદીએ બેસાડેલ છે. તેમાં બીજી જમાતો કહ્યા સિવાયની જમાતો પણ છે. તે બધા ભેગા થઈને સોંપેલ છે. તેનું લેખિત કરાર અમારી પાસે નથી. કાકા પાસે હોય તો ભલે. સૈયદોએ લક્ષ્મણ કાકા પાસેથી લેખિત કરાવી લીધેલ છે કે નહીં તેની મને ખબર નથી, કેમકે હું તે વખતે નહોતો. લખમણ કાકાને કેવી રીતે વહીવટ સોંપ્યો તે મારા ધ્યાનમાં નથી. દાવાના રજુ કરેલ કાગળો પૈકી કોઈ પણ કાગળ અગર તેની નકલો મેં જોઈ નથી. તેમ પક્ષકારો પાસેથી મેં માગી નથી તેમ બને પક્ષકારોની મેં જુબાની લીધી નથી. ફેંસલો આપતાં પહેલાં વાદીઓ અમુક વખતે અમુક ઠેકાણે હાજર થવાને અમે ખબર આપ્યા નથી. વાદી અને પ્રતિવાદી વચ્ચે શું તકરાર હતી તે મારા જાણવામાં નથી. આ ફેંસલો અમે પાંચ છ

જણને દિલથી ઉકલ્યો તે પ્રમાણે અમે પાંચ છ જણાએ કર્યો છે. મેં કલમ લખાવી હશે તો પાંચ છ મહિનાની વાત છે એટલે યાદ નથી કે કલમ લખાવી. સાદાતોને શું હક્ક આપવામાં આવે છે તે અમે ચોપડામાં પણ જોયું નથી. તેમ જાણતો નથી. ગાદીવાળા કાકા પોતાની ખાનગી મિલકત રાખી શકે નહીં અને જે મિલકત રાખે તે ઈમામશાહ સુતનરઅલીની ગાદીની છે. એમ અમે લખ્યું છે. કાકાએ એવી મિલકત કોઈ પણ વખત રાખી એવું મારા જાણવામાં નથી ને અજાણ અમે એટલે તે વાત ફેંસલામાં લખી. જાણત તો લખત નહીં. ગાદીવાળા કાકાને કોઈ ખાનગી ધંધો કરવાનો અધિકાર નથી. જો ગાદીવાળા કાકા એવો ધંધો કરે તો સાદાતોના પંચો અને ધર્મના પંચો અટકાવે, અમારામાં એવું ફરમાનથી ધર્મનો બોધ કરે. લખુ કાકાએ દીવાસળીની મીલ કરવાનું હું જાણતો નથી. ધી ઈમામશાહ ટ્રાન્સફર કંપની કરવાનો હું જાણતો નથી. તેમજ મોટરનું કારખાનું કાઢ્યું હતું કે નહીં તેની મને ખબર નથી. અમે મોટા કાકાએ જગ્યામાં રહી કાંઈ બગાડ્યું નથી એમ લખ્યું છે, તે હાલચાલ જોઈને લખ્યું છે. ચોપડા જોઈને લખ્યું નથી. ફેંસલામાં આબરૂ જાળવવાનું લખ્યું છે તે એટલા ઉપરથી કે **સાધુઓને સૈયદ બાવા એલફેલ બોલતા તે ન બોલે એટલા સારું તે લખ્યું છે.** દાવા અરજીમાં તે વાત નથી. મુસલમાની ધર્મ લખે છે તેથી હું હિન્દુ ધર્મ અમે છીએ તેટલા સારું તે ફેંસલામાં તે લખેલ છે. **ઈમામશાહ સૈયદ હતા ને તે કેવો ધર્મ પાળતા તે ખબર નથી. બાકી તેમણે અમને હિન્દુના શાસ્ત્રો બતાવ્યાં છે ને હિન્દુનો ધર્મ દીધો છે. ક્યા શાસ્ત્રનો આપ્યો છે તે હું અભણ છું તેથી જાણું નહીં.**

ઉલટ – ઈમામશાહના વંશજોના ક્યા ક્યા સૈયદો તે હું જાણતો નથી. લખમણ કાકા સાથે હવે ગરનો કોઈપણ જાતનો વહીવટ કરતા નથી. કેમકે સાધુ થઈ ગયા માટે. લખમણ કાકો આશરે ચાલીસ વર્ષ થયા સાધુ થયેલ હશે. સૈયદો અને કાકાની તકરારોમાંથી સાંભળીને ફેંસલો કર્યો. પુંજો બાવો કાગળીયા લાવેલ હતા. સાક્ષી પોતાની મેળે કહે છે કે હું ભણેલ નહીં તેથી વાંચ્યા નહીં. કાચો ફેંસલો લખાણો તે વખતે હું હતો, પાકો લખાણો તે કાચા ઉપરથી ઉતાર કર્યો. હાલ બે સૈયદોને ઓળખું છું, તે સિવાય બધાને ઓળખતો નથી. બેએક જણાને મોઢે ઓળખું અમારી પાસે દશેક સૈયદો આવેલા હતા. કાકાને ગાદી દેવાય છે તેના અક્ષરો થવાની મને ખબર નથી. પુંજા બાવા તથા ગુલામહુસેનને પૂછેલ હતું તેથી ફેંસલા વખતે બોલાવવાની જરૂર નહતી. તેથી બોલાવેલ નહતા, જાગીરમાં કંઈ ચીજ ખપતી હોય તો તે કાકા લઈ શકે અને વેચવી હોય તો વેચી શકે. લખમણ કાકાનો ધર્મ હિન્દુનો છે.

ફરી તપાસ. કાકો મોટો વેપાર કે મીલો કરી શકે નહીં. બાકી જાગીરમાં ખપતો દાણો કે બળદ લઈ શકે. વેપાર કરી શકે નહીં.

કણબી અરજણ માવજીની સહી દા.કા.માવજી પચાણ ધણીના કહેવાથી.

રૂબરૂ

સહી માધવજી - કલ્યાણજી નખત્રાણા થાણદાર.

એક જામીન કરનાર

મેતા ભાઈશંકર-રેવાશંકર ગવરીશંકર વેલજી

ખરી નકલ

માધવજી કલ્યાણજીની સહી

નખત્રાણા થાણાદાર.

વાદીએ નકલ મળવા રીપોર્ટ આપ્યો. શ્રાવણ વદ ૧ ૨ શુક્રે સાં. ૧૯૮૦ {VSA : 07-Sep-1923}

સ્ટેમ્પ તપાસી આપવા હુકમ થયો શ્રાવણ વદ ૧ ૨ શુક્રે સાં. ૧૯૮૦ {VSA : 07-Sep-1923}

નકલ તૈયાર કરી દરખાસ્તથી આપી શ્રાવણ વદ ૧ ૩ શની સાં. ૧૯૮૦ {VSA : 08-Sep-1923}

સહી માધવજી કલ્યાણજી

નખત્રાણા થાણદાર

વાદીનો સાક્ષી શ્રી નખત્રાણા કોર્ટ કમિશન

શ્રાવણ વદી-૧૧ ગુરુ સાં. ૧૯૮૦ {VSA: 06-Sep-1923}

ધર્મની પ્રતિજ્ઞાથી ખરું લખાવીશ

મારું નામ **શીવદાસ** બાપનું નામ **હીરજી** જાતે કણબી ઉંમર વર્ષ ૪૮ આશરેની ધંધો ખેડનો રહેવાસી **વિથોણ.**

મુખ્ય હું અમદાવાદ ગયેલ છું. કાકાની અને સાદાતની સરખામણી માટે. સાદાતની તરફથી કચ્છમાં ગુલામહુસેન અને બીજા પાંચ છ જણા જેના નામ જાણતો નથી તે બોલાવવા આવેલ હતા. કાકા તરફથી કોઈ બોલાવવા આવેલ નહતો. સરખામણી કરવા ત્યાં ગયા પછી પંદર વીસ દિવસ પછી પંચનામું આપ્યું. પંચનામું લખી આપતી વખતે સાદાત તરફથી પુંજામીયાં તથા ગુલામહુસેન જેઓ કોર્ટમાં બેઠા છે, તે અને તે સિવાય બીજા ઘણા હતા તેના નામ યાદ નથી. સાદાત તરફથી પાંચ માણસોએ પંચનામામાં સહી કરી હતી, સૈયદ પુંજામીયાં હુસેનઅલી, સૈયદ ઈનાયતઅલી બંદેઅલી, સૈયદ ફતેઅલી હસનઅલી, સૈયદ મહમદહસન, હૈદરઅલી, સૈયદ અકબરઅલી મીયાંસાહેબ, સૈયદ આહમદમીયાં અડામીયાં, સૈયદ અલીયાક ગુલામઅલી, સૈયદ અહમદઅલી બાવામીયાં, સૈયદ પુંજામીયાં શેરઅલી, સૈયદ દાદમીયાં બાકરઅલી, આ નામવાળામાંથી પંચનામામાં કોઈએ

સહી કરેલ હતી કે કેમ પ્રતિવાદી તરફથી આ સવાલ સંબંધ જે નામનો બતાવી પૂછવામાં આવેલ છે. તે દાવા પ્લેન્ટમાં દાવો કરતી વખતે વાદીમાં દાખલ નથી, તો આ સવાલ પુછી શકતા નથી એવો વાંધો છે. તો આ વિશે બંનેની હકીકત રૂબરૂ રજુઆત થતાં સમજતા દાવા પ્લેન્ટ અહીં આવેલ નથી અને પંચનામું રદ થતા વિગેરે બાબતમાં તકરાર જણાય છે તો કોર્ટ ઠરાવે છે કે આ સવાલ પૂછવામાં આવે છે કે, પંચનામા ઉપર સહી કરેલી હતી તે કોણે કરેલ હતી તેના નામ જાણતો નથી. ઉપરના નામવાળાઓને રૂબરૂમાં ઓળખી શકું અને તેઓએ મારા રૂબરૂ પંચનામાં ઉપર સહીઓ કરેલ છે. ઈમામશાહની દરગાહની લાગતોમાં ઈમામશાહ બાવાના વંશજોની તમામનો સમાન હક્ક છે કે કેમ તે કાકાને ખબર. પંચનામું શી બાબતનું હતું, તેના જવાબમાં કે અરસપરસ તકરાર હતી, તે બાબતનું હતું. પંચનામામાં શું તકરાર હતી તે ફેંસલામાં હશે મને યાદ નથી. ફેંસલો પંચનામાંના કર્યા અગાઉ કોર્ટના આ દાવાના કાગળો વાંચ્યા નહોતા, કેમકે હું અભણ છું. પણ પુંજામીયાંએ વાંચી સંભળાવ્યા હતા. એ દાવામાં વાદીનો તથા પ્રતિવાદી વચ્ચે શી તકરાર હતી તે અરજીમાં હોય તે ખરી મને યાદ નથી. મેં દરગાહનું દફતર તપાસ્યું નથી. વાદી અને પ્રતિવાદીના હક્કોની મને માહિતી નથી. હક્ક વિશે કંઈ જોયેલ નહીં પણ કાકાના અને સાદાતના જે હક્કો હોય તે અપાવવા એમ લખ્યું છે. હું પોતે સતપંથનો સેવક છું. એ સતપંથ મુળ ઈમામશાહ બાવાએ ચલાવેલ છે. લાગા લગત ક્યારથી અપાય છે તેની મને ખબર નથી. પંચનામામાં ફેંસલો અમે છ પંચોએ મળીને કાચો લખ્યો હતો અને તે કાચા ઉપરથી પાકો લખાવ્યો, જે અમદાવાદનો વાણીયો હતો તેને આઠ આના આપી પાકો લખાવ્યો હતો. પાકો ફેંસલો અમે બોલીએ છીએ તેવી ભાષામાં ગુજરાતીમાં લખાવ્યો હતો. પાકો ફેંસલો તથા કાચો ફેંસલો હું ભણેલ નથી, તેથી હાથે લખ્યો નથી. કાચો ફેંસલો અમે રાખ્યો નથી ત્યારે જ તોડી નાખ્યો. જેવો ફેંસલો અમે કીધો તેવો ને તેવો ફેંસલો તેવી બાંધણીથી હવે હું લખાવી શકું નહીં. પાકો ફેંસલો લખાતી વખતે અમે પાંચ જણા તથા લખનાર એમ છ જણા હતા. સિવાય કોઈ ન હતો. આ દાવામાં સાધુના નામની કોઈ વ્યક્તિ પક્ષકાર ન હતી. તેને પંચ પક્ષકારમાં ન હતું. સતપંથના સેવકો આ દાવામાં પક્ષકાર ન હતા, જે કામમાં પક્ષકારો ન હોય તેવા કામનો પંચ નિકાલ કરી શકે કે કેમ તેના જવાબમાં કે પંચનામું લખી આપે તો પંચ ફેંસલો કરી શકે કે દાવા અરજીમાં માંગેલ તમામ બાબતો અમે પંચનામું લખ્યું તેમાં આવી ગઈ છે કે કેમ તેની ખબર નથી. પંચનામું તે ફેંસલો. અમે આ કામના વાદીને પ્રતિવાદીને બોલાવી, તેઓની સંમતિ લીધી તેમ અમને જાણવાની જરૂર ન હતી. દરગાહમાં શું શું રિવાજો છે તે જાણવાની અમને જરૂર ન હતી. વાદી તથા પ્રતિવાદીનો પુરાવો લીધો હતો કે કેમ તેના જવાબમાં કહું છું કે બંને પક્ષકારોએ આપસમાં તકરાર થાય છે તે માટે નીવેડ થવા સમજાવી પંચનામું કરી લખી આપેલ, તે અમારી ઉકેલ પ્રમાણે પંચનામું લખેલ, સિવાય કંઈ લેખિત પુરાવો લીધો નથી. ફેંસલામાં સાદાતના પંચના અને આગેવાનો અને ગાદીવાળા કાકાના તથા સંસ્થાના સાધુના આબરૂ જાળવવા માન મરતબાથી વર્તવું. એ શખ્સો માન મરતબો ન જાળવે તો અપાતા હક્કોમાંથી ગુના ગાદીવાળાના કહેવાથી બે પંચ મળી ગુનો લેવાનો અધિકાર છે. તો તે બે પંચ કોણ તેના જવાબમાં કે અમારી જમાતના અને એક સાદાતના પંચોમાંથી. આ દાવામાં કોઈ પક્ષકાર નોતો એ સાદાત પંચે અને કચ્છના પંચો જેમને આજે દાવાનો તમે ફેંસલો કીધો તે દાવામાં પક્ષકાર નથી, તો પછી તેને ગુનો લીધાનો અધિકાર છે. એવા અધિકાર તે પંચોએ શા આધારે આપ્યા તેના જવાબમાં કે કોઈ વઢે નહીં એટલા સારું દાખલા માટે લખ્યું છે. કચ્છના સેવકોમાં મારો માણસ છે. એ ફેંસલામાં સતપંથને અમે સતપંથ ધર્મ ઠરાવ્યો છે. **સતપંથ ધર્મ એ સ્વતંત્ર ધર્મ છે અને તે બીજા કોઈ ધર્મનો**

ભાગ નથી. સતપંથ હિન્દુ ધર્મ છે. તેથી અમે અમારા ખુલાસામાં લખ્યું હતું. મરનારના પછવાડે અમે શ્રાધાદીક ક્રિયા કરતા નથી. અમે ચોરીએ લગ્ન પ્રસંગે ચડીએ છીએ. ગાયત્રી પુજા મેં કોઈ વખત કરી નથી. તેમ બ્રાહ્મણ કે પીપળાની પુજા પણ કરી નથી. તુલસીના ઝાડને અમે અમારા ઘર પાસે રાખતા નથી. અને રામ-શંકર એવી જુની મૂર્તિની પુજા કરતા નથી. અમે મુસલમાની ધર્મ પ્રમાણે નીકા પડતા નથી, અમે કોઈ મસ્જિદમાં બંદગી કરવા જતા નથી. તેમ કલમો અમે પડતા નથી, કુરાન શરીફ જોયું નથી તેમ સાંભળ્યું નથી. અમે જે જે ક્રિયાઓ કરીએ છીએ તે ઈમામશાહ સતગોરે બતાવેલી ક્રિયા અમે કરીએ છીએ અને તેને **અમે ધર્મ ગુરૂ માનીએ છીએ.** ઈમામશાહની દરગાહને અમે જે જે લાગતો આપીએ છીએ તે અમે તેમના સેવક તરીકે આપીએ છીએ. સતગોર ઈમામશાહના વાદીઓના વંશજો છે કે કેમ તેની ખબર નથી. ઈમામશાહના બીજા વંશજો હોવાનું મારા ધારવામાં નથી. કાકા જે છે તે અમારી નાતવાળામાંથી છે, તે ઈમામશાહના વંશજો નથી. બેસાડેલા છે. વાદીઓ સાથે અમારે બનાવ નથી આ વાદીઓને ઉતારો આપેલ છે કે કેમ તે હું નખત્રાણાનો રહેવાસી નથી તેની ખબર નથી. કાકા સાથે બનાવ છે. પંચનામું અમારું અમદાવાદમાં બે ત્રણવાર થયું હતું તે ફાડ્યું હતું, પેલા પંચનામાંમાં કોઈએ પસંદ કરેલ નહીં પસંદ ન પડ્યું તેથી ફાડી નાખતા, બીજા પંચનામાંમાં કોણે કોણે સહીઓ કરી તે ઘણા દિવસની વાત છે તેથી યાદ નથી. પંચનામાનો ફેંસલો નિકાલ પેટીમાં છે હાજર નથી તેથી ઈમામશાહ સુતનરઅલી બાવાની સંસ્થાનો વહીવટ સંબંધમાં બંને પંચોનો મુખત્યારી લખવાનો તમને શો અધિકાર હતો, તેના જવાબમાં કે પેલી કલમમાં એ કેમ લખાણ છે તે મને કંઈ એમાં સમજણ પડતી નથી. સંસ્થાનો અર્થ હું જાણતો નથી, જે અમે પંચનામાંમાં ફેંસલો કર્યો છે, તે વિચારો બતાવવામાં આવે તો તેનો શબ્દેશબ્દનો આટાણે કરી શકું નહીં. ફેંસલો લખ્યો તે અમે બરાબર સમજ્યા હતા, ફેંસલો અમો પંચોએ તદ્દન સાથે હતા, તેમણે કોર્ટમાં રજુ કર્યો છે. કાકાએ હંમેશ રીતે બરદાસ પીરાણે ગયા હતા ત્યારે અમારી કરી હતી. સાદાતવાળા અમને પંચ તરીકે ન માને તો અમે તેના લાગા લગત ન અટકાવીએ ઉપર લખ્યા નામવાળા સૈયદોની મંજુરી માંગીને અમે ફેંસલો કીધો છે. એ મંજુરી મોંએ લીધી હતી. લખાવી લીધેલ ન હતી. ફેંસલાની કલમ ચોથીમાં ગાદીવાળા કાકાને કોઈ પણ જાતનો ખાનગી ધંધો કરે તો તેને અટકાવવાનો બે પંચને અધિકાર છે. તે બે પંચ ૧ સાદાતનો અને એક અમારી જમાતનો, એમ બે પંચ એ બે પંચો નીમાયેલા કોઈ નથી. કાકા અને સાદાત તથા અમારા જમાતના પંચોએ આવી રીતે અટકાવવાને દાખલો હાલ બન્યો નથી. તેમ આગળ બનેલો મારા ધારવામાં નથી. **કાકા ખાનગી ધંધો કરે તો તેને સાદાતવાળા એકલા અટકાવી શકે.** કાકો વધુ પગ ન ભરે તેટલા માટે પંચના પ્રકરણ સંબંધમાં લખ્યું છે. આ દાવા સંબંધીની બીજી તકરારો રદ કરવામાં આવે છે. એવું પંચના ફેંસલામાં લખાયેલ હશે તો હાલ મને યાદ નથી. પંચનો ફેંસલો કોર્ટમાં રજુ કરવા પેલા સાદાતોમાંના આ બે સિવાય બીજા પક્ષકારને બોલાવ્યા નોતા જ બેજ પક્ષકાર હતા. પુંજા બાવાએ કઈ કઈ બાબતો સમજાવેલ હતી તે હાલ યાદ નથી, તેમ ગુલામહુસેને શું શું બાબતો વાંચી સંભળાવેલી તે આ ટાણે યાદ નથી.

ઉલટ - પીરાણે ગયો હતો તેમનો એમ હતો. સૈયદો તેડવા આવ્યા હતા. તેથી પેલા કાગળ તેના આવેલ હતા. **અમે ધર્મે હિન્દુ અને કાકો પણ ધર્મે હિન્દુ અને સતપંથ તે હિન્દુનો. અમારી જગ્યામાં પાટ તે બ્રહ્માનો અને ત્યાં કને જોત બ્રહ્માજીની, બીજું અને માહેસની સ્થાપના કરીએ છીએ. અમારા ધર્મમાં ગાયત્રી છે અને અવતાર છે.**

તો તેટલા અમે માનીએ છીએ. પંચનામું થયા પછી ખુલાસો પાંચ છ દિવસે અમે લખ્યો હતો. ખુલાસો અમે કાચો શબ્દેશબ્દ લખેલ હતો. તે પરથી વાણીયાએ પાકો પાકે શબ્દે શબ્દ લખ્યા હતા, પક્ષકાર એટલે શું તે હું જાણતો નથી. અમે જે ખુલાસો કીધો હતો તે કાકાને સૈયદોએ બંનેની હકીકત તમામ સાંભળીને કરેલ હતો. કોર્ટમાં શું ફરિયાદ કરી છે, તેવું પુંજામીયાંએ અમને વાંચી સંભળાવી હતી. હકીકત કહી અને પંચનામું લખાણું, તે વખતે બધા વીસ પચીસ સૈયદો હતા. લાગા લગત દરગાહને આપીએ છીએ તે કાકાને પહોંચાડીએ છીએ. જગ્યાની દેતી લેતીનો બધો વહીવટ કરવો તે મુખત્યારી કાકાની છે. બનાવ એટલે શું તે હું જાણતો નથી. આગળ કાકા સ્વતંત્ર વહીવટ કરતા કે કેમ તેની મને ખબર નથી, પણ હાલ તો લખમણ કાકો સ્વતંત્ર વહીવટ કરે છે. કાકાએ અમારી બરદાસ કરી તેમ સાદાતોએ પણ અમારી બરદાસ પંચ હતા તેથી કરી હતી. અમે તથા સાદાતો તથા કાકો જગ્યામાં જમતા. કાકા કે સાદાતો ઉપર અમને ઈર્ષા નહતી. ફેંસલો જે અમે કીધો તે અમે અમારા ધર્મ ઉપર કરી દીધો છે. કોઈની તરફ તણાયા નથી, આગેવાન પંચ ન કહેવાય તમામ પંચ કહેવાય.

ફરી તપાસ. પીરાણામાં કબર પુજાય છે. તેને બદલ પાટ અહીં પુજાય છે કે નહીં તેની મને ખબર નથી. હું ગામ મીંજાણનો નથી દસમો અવતાર ક્યો તે મને ખબર નથી. નુરઅલી અહમદશાહને અવતાર તરીકે અમે માનતા નથી. બંને પક્ષકારની હકીકત સાંભળી હતી તો શું શું હકીકત સાંભળી હતી, તે યાદ નથી. તેથી લખાવી શકું નહીં. વીસ પચીસ સૈયદો પંચનામા વખતે હતા, તે બધાની સહીઓ અમે લીધી ન હતી. સ્વતંત્ર વહીવટ ચલાવવાનો કાકાને અમે કહેલ છે. બાકી લખત નથી. બનાવ સૈયદો સાથે નથી, એમ તથા ઈર્ષા નથી એમ જે લખાવ્યું છે તેમાંથી ખરું શું તે હું આ ટાણે કંઈ સમજી શકતો નથી, સૈયદો સાથે અમને પ્રથમ તકરાર આ દાવા પહેલાં થઈ નથી. સૈયદો ઉપર નોટીસ કરવા સંબંધીની હકીકત મારા જાણવામાં નથી.

કા.શીવદાસ. હીરજીની સહી દા.ઠા.મોતીરામ ગોકલદાસની ધણીના કહેવાથી.

રૂબરૂ

સહી માધવજી - કલ્યાણજી નખત્રાણા થાણદાર.

એક જામીન કરનાર

મેતા ભાઈશંકર-રેવાશંકર ગવરીશંકર વેલજી

ખરી નકલ

માધવજી કલ્યાણજી

નખત્રાણા થાણાદાર.

વાદીએ નકલ મળવા રીપોર્ટ આપ્યો. શ્રાવણ વદ ૧૨ શુક્રે સાં. ૧૯૮૦ { VSA : 07-Sep-1923 }

સ્ટેમ્પ તપાસી નકલ કરી આપવા હુકમ થયો શ્રાવણ વદ ૧૨ શુક્રે સાં. ૧૯૮૦ { VSA:07-Sep-1923 }

નકલ તૈયાર કરી દરખાસ્તથી આપી શ્રાવણ વદ ૧૩ શની સાં.૧૯૮૦ { VSA : 08-Sep-1923 }

સહી માધવજી કલ્યાણજી

નખત્રાણા થાણદાર

વાદીનો સાક્ષી **શ્રી નખત્રાણા** **કોર્ટ કમિશન**

શ્રાવણ વદ ૧૧ ગુરુ સાં.૧૯૮૦{VSA: 06-Sep-1923}

ધર્મની પ્રતિજ્ઞાથી ખરું લખાવીશ

મારું નામ **ખીમા.** બાપનું નામ જીવો. જાતે કણબી ઉંમર વર્ષ ૭૦ આશરે ધંધો ખેડનો. રહેવાસી **સાંયરાના.**

મુખ્ય પીરાણે હું ગયો છું. કાકા અને સૈયદોની ખટપટ હતી, તેટલા માટે પીરાણે ગયેલ હતો. મને બોલાવ્યો હતો. તમને કોણે બોલાવ્યા હતા તેના જવાબમાં માનકુવે અમે ગયા હતા, ત્યાં નથુ કાકો તથા બે ત્રણ સૈયદો હતા, તેમણે પીરાણે મોકલવાની વાત કરતાં અમે છ જણા પીરાણે ત્યાંથી ગયા હતા. કાકાની અને સૈયદોની દીધા લીધાની તકરાર હતી. સૈયદોએ કહ્યું કે કાકો બગાડે છે. તે પરથી અમે તપાસ કરી તો, બગાડ્યાનું અમને કાંઈ જાણવામાં ન આવ્યું. સૈયદોએ કહ્યું કે કાકાએ અમારા હક્ક બંધ કર્યા છે. તેનો ખુલાસો કરી દ્યો, તે પરથી અમે કહ્યું કે, તમારી ચોવટ તો કરીએ કે અમને પંચનામું, સૈયદો બાવો અને કાકો લખી આપે, કેમકે તેમનો કેસ કોર્ટમાં હતો. પંચાતનામું કરવા કાકા તથા સૈયદોએ હા પાડી. સૈયદોમાં પુંજા બાવા મુરાદઅલી, ગીસુ બાવો અમીરશાહ તથા પેટલાદનો હતો જેનું નામ હૈદરઅલી કહે છે. ઘણાય તે સિવાય સૈયદો બીજા બે ત્રણ જણા હતા. ખરા સહીમાં પાંચ સૈયદ હતા અને ૧ કાકો હતો. સૈયદો છે તેમાં કોણે સહી આપી અને કોણે ન આપી તે યાદ નથી. ગીસુ બાવાએ પંચનામાંમાં સહી કરી હતી કે નહીં તેની મને ખબર નથી. ફરી કહું છું કે યાદ નથી. હૈદરઅલીની સહી હતી કે નહીં તે ખબર નથી, મુરાદઅલીની સહી હતી કે નહીં તેની યાદ નથી. સૈયદોએ જે પંચનામામાં સહીઓ કરી હતી તે પક્ષકારોમાંના તા.સૈયદ પુંજામીયાં હસનઅલી. સૈયદ પુજામીયાં હસનમીયાં, સૈયદ અનામતઅલી બંદેઅલી, સૈયદ ફતેઅલી હસનઅલી, સૈયદ મહમદ અલીહુસેન, હૈદરઅલી, અકબરઅલી મીયાંસાહેબ, સૈયદ આમદમીયાં અડામીયાં, સૈયદ અલીરજાક ગુલામનબી, સૈયદ અહમદઅલી બાવામીયાં વિગેરેમાંથી પંચનામું કરવાને અમને કેવાવાળા હતા ને તે વખતે પંચો અમે જણાવેલા હતા. આ કામમાં વાદી કોણ કોણ તથા પ્રતિવાદી કોણ કોણ હતા તેના નામ હું લખાવી શકું નહીં. સૈયદોએ કોર્ટમાં ફરિયાદ કરી છે તે દાવા અરજી અમે વાંચી નથી. દાવા જવાબ પ્રતિવાદી તરફથી કેવો હતો તે હું જાણતો નથી. વાદી પ્રતિવાદીના જવાબ પરથી કોર્ટે ક્યા ક્યા મુદ્દા કાઢેલા તે મારા જાણવામાં નથી. વાદી પ્રતિવાદીનો પુરાવો એટલે સાક્ષી, અમે લીધા નોતા. વાદી પ્રતિવાદી પાસેથી અમે દાવાને લગતી કંઈ હકીકત લખાવી લીધી નહોતી અને લેવાને કંઈ હકીકત લખાવી લીધી નહોતી અને લેવાને કંઈ જરૂર નહતી. પીર ઈમામની જગ્યાનું અમે કંઈ દફતર જોયું નહતું. વાદી અને પ્રતિવાદીની જુબાની લીધી નહોતી, પંચનામું લખ્યું હતું, ખુલાસો કીધો નથી. હું બારે પાસ ગયો, હું તે વાસે કંઈ કરેલ હોય તો તેમને ખબર. **ઈમામશાહને સતપંથના ગુરૂ તરીકે અમને પાલવે તો માનીએ. ઈમામશાહને માન્યા છતાં હવે મેલી દીધા. ઈમામશાહની જગ્યાને અમે દશોંદ દેતા નથી.** પાંચ પૈસા કાકાને મુકીએ છીએ તેમાંથી સદાવ્રત ચલાવે છે. ઈમામશાહના વંશજો વાદીઓ છે કે કેમ તેની મને ખબર નથી. સતપંથી ધર્મ સ્વતંત્ર છે. બીજા પંથ માયલા છે. તે હું અજાણ છું. તેથી મને ખબર નથી. અમે જે પૈસા કાકાને મુકીએ છીએ તેમાંથી સદાવ્રત સિવાય બીજું કંઈ થતું હશે તો તે કાકાને ખબર. અમે જે પૈસા મુકીએ તે કાકો પોતાની અખત્યારે ગમે તેવી રીતે વાપરી શકે છે. એ પૈસામાંથી સૈયદોને કંઈ અપાય છે કે નહીં તેની કાકાને ખબર. મને ખબર નથી. ત્યારે તે વિશેની તપાસ કરવાની જરૂર હતી. પંચનામું કરી વાદી પ્રતિવાદીની સહી લઈ કોર્ટમાં રજુ કર્યું, ને કોર્ટમાં રજા આપી તેથી તેજ રોજે ગાડીમાં રવાને થઈ

ગયા, કોર્ટમાં પંચનામા સિવાય બીજી કંઈ હકીકત રજુ કરી નથી, હું ભણેલ નથી, તેથી મારા નામની સહી બીજા પાસેથી કરાવું. પંચનામા સિવાય મેં અમદાવાદની કચેરીમાં મારા નામની મેં સહી કરાવેલ નથી, પંચનામું તે વરસ તથા પ્રતિવાદીએ લખી આપેલ હતું તે પંચનામું હાલ અમે સૈયદોથી વિરુદ્ધ નથી, સૈયદો લડતા હોય તો ભલે અથવા તે આવવા દેતા નથી. પીર ઈમામશાહ એવું નામ મેં સાંભળ્યું છે. **અમે ખાનામાં જઈ બંદગી કરીએ છીએ** તે બંદગીમાં સતગોર ઈમામશાહ એમ બોલતા નથી. સતપંથમાં પંથો ઘણા હશે હું જાણતો નથી. સૈયદોનો શું હક્ક અને કાકાનો શું હક્ક તે હું જાણતો નથી. કાકા કેવી રીતે વર્તે અને સૈયદો કેવી રીતે વર્તે તે હું જાણતો નથી. સતપંથના મુખી માણસ ગામો ગામમાં છે. એ ઉપર ઉપરી પણું હતું તે હું જાણતો નથી. અમારો સતપંથ ધર્મ બીજા કોઈના નામથી બોલાય છે કે નહીં તેની મને ખબર નથી. પીર ઈમામશાહ હતા તે હું જાણું છું. પીર ઈમામશાહની સામે કોઈ હક્ક દાવો એવો હતો કે કેમ તેના જવાબમાં કે હું લખમણ કાકાનો મામો નથી. બાકી મોટો છું તેથી મામો કહે છે. સગપણે મામો નથી. લખમણ કાકો અમારી નાતનો છે. પીરાણાનો રહીશ હશે તો તે મને ખબર નથી. કંઈ તકરાર પડે તો ચાર જણ ભેગા થઈ લાંબું ટૂંકું કરી આપીએ તેનું નામ ખુલાસો. લખમણ કાકાના વડીલો મુળ મજુરીનો ધંધો કરતા એવી વખત હશે એમ સાંભળેલ હતું.

ઉલટ તપાસ, પીરાણે ગયેલ તે મને બરોબર યાદ નથી કે ક્યો હતો હું ભણેલ નથી. તેથી દાવા અરજી કે જવાબ કાંઈ વાંચી ન શકું. પંચનામું કાકાએ તથા સૈયદોએ લખી આપેલું તેની હકીકત બને પક્ષથી સાંભળી નિરાકરણ કરી કોર્ટમાં આપ્યું. પંચનામાનો નિકાલ કરીને જે કોર્ટમાં આપ્યું તે તે ખુલાસો જે પંચનામું કોર્ટમાં રજુ કર્યું તે ફરિયાદ કાકાએ સૈયદો પર કીધી, કે સૈયદોએ કાકા ઉપર કીધી તેની મને ખબર નથી. મારે મોટી અવસ્થાને લીધે જાજા દિવસની વાત ભુલી જાઉં. પીરાણાની જગ્યાનું ગાદીપતિ લખમણ કાકો અને તેની સાથેના તેનો વહેવાર અમે રાખતા નથી. કાકો હિન્દુ અમારો ધર્મ હિન્દુનો જગ્યામાં જોતપાટ છે તે બ્રહ્માનો. **ફેર તપાસ.** લખમણ કાકો પેલાં કરમશી કાકો હતા. ગાદીપતિ હતો કે તેથી પેલાં કોણ કોણ કાકા ગાદીપતિ હતા તે હું લખાવી ન શકું. પીરાણાની ગાદી ક્યાંથી હાલી આવે છે, તે હું જાણતો નથી. પીરાણાની જગ્યા એ **ઈમામશાહની છે કે કેમ તેમાં તેનું સ્થાનક છે.** લખમણ કાકો અને કરમશી કાકો ઈમામશાહની જાતના નથી. પંચનામું બે જણાએ લખી આપ્યું તે પંચનામું.

ખીમા જીવરાજની સહી દા.ઠા.વિશ્રામ દેવચંદ ધણીના કહેવાથી

રૂબરૂ સહી માધવજી - કલ્યાણજી નખત્રાણા થાણદાર.

એક જામીન કરનાર

મેતા ભાઈશંકર-રેવાશંકર ગૌરીશંકર વેલજી

ખરી નકલ

સહી માધવજી કલ્યાણજી નખત્રાણા થાણાદાર.

વાદીએ નકલ મળવા રીપોર્ટ આપ્યો. શ્રાવણ વદ ૧૨ શુક્રે સાં. ૧૯૮૦ { VSA : 07-Sep-1923 }

સ્ટેમ્પ તપાસી પેસ કરી નકલ આપવા હુકમ થયો શ્રાવણ વદ શુક્રે સાં. ૧૯૮૦ { VSA : 07-Sep-1923 }

નકલ તૈયાર કરી દરખાસ્તથી આપી શ્રાવણ વદ ૧૩ શની સાં.૧૯૮૦ { VSA : 08-Sep-1923 }

સહી માધવજી કલ્યાણજી નખત્રાણા થાણદાર

વાદીનો સાક્ષી　　　　　　શ્રી નખત્રાણા　　　　　　કોર્ટ કમિશન

શ્રાવણ વદ ૧ ૨ શુક્રે સાં.૧૯૮૦{VSA: 07-Sep-1923}

ધર્મની પ્રતિજ્ઞાથી ખરું લખાવીશ

મારું નામ **હીરજી** બાપનું નામ **ખીમો** જાતે કણબી ઉંમર વર્ષ ૫૩ આશરેની ધંધો ખેડનો **રહેવાસી મંગવાણા.** મુખ્ય હું પીરાણે ગયો હતો. કાકા તથા સાદાતોની તકરાર હતી તે માટે હું ગયો હતો. સાદાતને કાકાના બોલાવવાથી ગયો હતો. સાદાતને કાકા તરફથી આંહી માણસો હતા ને વાતચીત ચાલતી હતી. અમારી નાત પાસે એમણે વાત કરેલી હશે કે ચાર જણા આવી અમારી સમાધાની કરાવી આપો. સાદાત તરફતી પાંચ સાત આસામીયો આવેલ હતા. અમે ગયા તે વખતે કોઈ આવેલ ન હતું. પ્રથમ આવેલા હતા. જે વખતે સાદાત તરફથી પાંચ સાત માણસો આવેલા, તે વખતે કાકા તરફથી માણસ નથુ કાકો આવેલ હતો. પછી અમારી નાતે ભેગા થઈ ઠરાવ કરેલ કે ચાર જણ જાઓ, એટલે ચારથી છ જણાઓ જાઓ. આ ઠરાવ કોટડામાંથી થયેલ હતો, બીજે માનકુવામાં વાતચીત ચાલી હતી. અમદાવાદ પછી ગયા. પ્રથમ પીરાણે ગયા પીરાણામાં પૂછ્યું ત્યારે અમને તેઓએ કહ્યું કે પંચો ફેંસલો કરો, એ અમારે કબુલ છે. સાદાતો તરફથી અબદઅલીમીયાં પુંજામીયાં અમીર સાહેબ અને તે સિવાય બીજા ઘણા માણસો હતા. તેઓનો પંચ ભેગો હતો. કાકા તરફથી નથુ કાકા હતા, પંચનામા ઉપર કોની સહીઓ હતી, તે બધી મને યાદ નથી. પણ જે નામ મેં લખાવ્યાં તેની સહીઓ હતી. કાકા તરફથી પોતે કાકાની જ સહી હતી. જે કામમાં અમે પંચ નીમાયા હતા તે કામ અદાલતમાં ચાલતું હતું. પંચનામું કોઈની પરવાનગી માગી મળેલ હતું. તે પંચનામાની રૂએ દાવા સંબંધીનો નિકાલ કરવાનો હતો કે કઈ બાબતનો તે મોંએથી લખાવી ન શકું. એ કામના વાદીઓ કોણ કોણ હતા તેના નામ લખાવી શકીશ. સૈયદ અહમદહુસેન, સૈયદ અબદલઅલી, સૈયદ અમીર સાહેબ, સૈયદ મીરૂમીયાં, સૈયદ અસરફઅલી, સૈયદ ગુલામહુસેન. વાદીઓએ શું શું દાદ કોર્ટ પાસે માંગેલી હતી, તે મોઢે લખાવી ન શકું. દાવા અરજીમાં હોય તે ખરું, મોઢે યાદ નથી. પ્રતિવાદીના દાવા જવાબની હકીકત હું જાણતો નથી. દાવાના મુદ્દા કેટલા ને ક્યા હતા તે ઘણા દિવસની વાત છે, તેથી યાદ નથી. અમે અમારા પંચનો ખુલાસો અમે જ લખી આપ્યો હતો. મુદ્દાવાર લખ્યો ન હતો જે સંબંધીની તકરાર હતી તે સંબંધી સમજી સમજીને ખુલાસો લખી આપ્યો હતો. હાલ કઈ કઈ બાબતનો ખુલાસો આપેલ તે યાદ નથી. કાગળીયા હોય તો કહી શકું. વાદી તથા પ્રતિવાદીની સાક્ષી કે જુબાની લીધી ન હતી. અમે કાચો ફેંસલો અમારે હાથે કર્યો હતો. ને પાકો ફેંસલો કોર્ટમાં આપ્યો તે લખાવી આપેલ હતો. બીજા પાસે કાચો ફેંસલો અમારામાંથી જે લખ્યો હતો. પાકો ફેંસલો ત્યાંના બીજા માણસ પાસે લખાવેલ હતો તેને ઓળખું નહીં. વાણીયો હતો કે બીજો તે ઓળખું નહીં. એ માણસને અમે પાંચ છ જણા હતા તેમાંથી કોણ બોલાવી લાવેલ તે અમારા મુખીને ખબર મને ખબર નથી. અમારા કાચા ફેંસલા પરથી પાકો ફેંસલો શબ્દે શબ્દ લખ્યો હતો. અમારા ફેંસલામાં સંસ્થા લખેલ છે. તેનો અર્થ સેવકો ધર્મીઓ અમારા ફેંસલામાં બે પંચ એ લખેલ છે. તે બે પંચ એટલે ૧ સાદાતનો પંચ અને એક અમારી નાતનો પંચ સાદાતોનો પંચ. તે સાદાતોમાં જે આગેવાન હોય અને અમારી નાતમાં જે આગેવાન હોય તે પંચ મુકરર પંચના નામની ખબર મને નથી. ફરી લખાવું કે સાદાતોની મને ખબર નથી. બાકી અમારી નાતમાં માનકુવાને નખત્રાણા વિગેરેના આગેવાનો છે. સાદાતોના પંચનું મંડળ અને

ધર્મીઓના પંચનું મંડળ, અમારી નાતમાં તકરાર થાય ત્યારે અમારી નાતમાં ભેગાથઈ નિર્ણય કરીએ છીએ. મેં ઉપર જે નામ વાદીઓના લખાવ્યાં તે સિવાય બીજા વાદીઓમાં હતા કે કેમ તે મારા જાણવામાં આવેલ નથી. પંચનામા ઉપર આ છ સિવાય બીજા સૈયદોએ સહી કરેલી હતી કે કેમ તે મારા જાણવામાં નથી. અમે જે ખુલાસો લખ્યો તેવો શબ્દેશબ્દનો ખુલાસો આજે ન લખી શકાય. એ ખુલાસો વાદીને પ્રતિવાદીઓને બોલાવી ખબર આપી વાંચી સંભળાવી સહીઓ લીધેલ ન હતી, કાકાના અધિકારના સંબંધમાં તમારા ફેંસલામાં શું લખ્યું છે, તેના જવાબમાં કે તે હું મોઢેથી કહી શકું નહીં. કાકાના અધિકાર સંબંધમાં કાકાને ગાદીવાળા કાકા કહીએ છીએ, તે સિવાય જાણતો નથી, સૈયદોના હક્કો સંબંધી મોઢેથી મને પુછે માહિતી નથી. મારી પાસે લખેલું નથી, પીરાણાના વહીવટમાં લખેલું હોય તે ખરું. હક્ક સંબંધમાં હમણાં અમે વહીવટ પીરાણાનો જોયો ન હતો. અમે જે દાવાનો નિકાલ કર્યો તેમાં સાદાતોના પંચ તથા ધર્મીઓનું પંચ પક્ષકાર હતા. એટલા માટે તમે તમારા ખુલાસામાં એ બે હું પક્ષકારને અધિકાર આપ્યો છે. તેના જવાબમાં કે આ ખુલાસામાં સાદાતોના પંચ તથા ધર્મીઓના પંચ તે સંબંધમાં હું બરોબર સમજી શકતો નથી. એ ખુલાસો અમે કાચો લખ્યો ત્યારે કોઈની સલાહ લીધી ન હતી. આગળ પેલી લીધી હોય તો ભલે. ક્યા માણસની સલાહ પ્રથમ લીધેલ તે માણસનું નામ હું લેવા જરૂર જાણતો નથી. કાકાએ સલાહ નોતી આપી **પીર ઈમામશાહની દરગાહને દરવર્ષે દશોંદ આપીએ છીએ. પીર ઈમામશાહે ચલાવેલ સતપંથને અમે માનીએ છીએ.** સૈયદો એટલે સાદાતો. પીર ઈમામશાહના વંશજો છે એમ સૈયદોના કેવાથી જાણું છું. પીર ઈમામશાહનું નામ મેં મારા વડવાઓના મોએથી સાંભળ્યું છે. ઈમામશાહના વખતમાં કાકા અમારા ધર્મમાં હતા. હંમેશથી છે. તે વખતના કાકાનું નામ **શાસ્ત્રો ઉપરથી સાણા કાકા હતું.** એ હું જાણું છું. તમારા ખુલાસાની કલમ પેલીમાં જે લખ્યું છે. તે સંબંધમાં ગાદીવાળા કાકા છે અને ગાદીવાળા કાકા વહીવટ કરે છે. તેથી લખ્યું છે. ખુલાસાની કલમ બીજીમાં સાદાતોને શું શું આપવું, તે વિશે તમારે મોગમ ખુલાસો કરવાનું કારણ તેના જવાબમાં કે વહીવટમાં લખેલ હોય તેથી મોગમ લખેલ છે. વહીવટના દફતર અમે તપાસ્યાં હતા. પ્રથમ દફતર ન જોયાનું લખાવ્યું છે. ને હાલ દફતર જોયાનું લખાવું છું તે બેમાં જોવાનું લખાવ્યું છે તે ખરું છે. ખાનગી મિલકત ગાદીવાળા કાકાએ કંઈ ન રાખવી એમ જે ઠરાવેલ. મુળ દાવા અરજીમાં એ વાત લખી તે મોઢે યાદ નથી. દાવા અરજીમાં ગાદીવાળા કાકાઓ છે. ને તે જે કરે તો બે પંચ મળી સુચના કરે એવી દાવા અરજીમાં છે કે નહીં તે મોઢે યાદ નથી. પણ મિલ કે શેર કરવાની તકરાર હતી તે ન કરે એ માટે એ કલમમાં લખ્યું છે. ખુલાસાના બંધકારમાં આ દાવા સંબંધીની બીજી તકરારો રદ કરવામાં આવે છે. એમ લખ્યું છે તે કઈ તકરારો તે હમણાં મોઢે કહી શકાય નહીં. રદ કરેલી તકરારો અમે અમારા ખુલાસામાં બાબતવાર લખી નથી. ખુલાસામાં કોઈ વાત વિગતથી લખેલી નથી. મોગમ લખેલી છે. ઉલટ દાવા અરજી મને વાંચી સંભળાવ્યા વગર દાવા અરજીમાં શું શું તકરાર છે, તે ખબર ન પડે તેમ વાંચ્યા સિવાય કહી ન શકું. તેમ અમે પંચોએ કરેલ ફેંસલો જોયા સિવાય શું કરેલ છે તે કહી શકું નહીં. અમે ફેંસલો કર્યો તેમાં કોઈને લાલચ અપાયાનું હું જાણતો નથી તેમ એ ફેંસલો પક્ષપાત થવાનું મારા જાણવામાં આવેલ નથી. **અમારો સતપંથ ધર્મ હિન્દુ ધર્મ છે. કાકા હિન્દુ છે** અને અમારા જાતભાઈ છે. સાણો કાકો અમારો નાતીલો હતો એમ કહેવાય છે. પીરાણાની ગાદીનો વહીવટ આગળથી કાકા કરતા આવે છે, એમ કહે છે અને હાલ કરે છે.

ફરી તપાસ સતપંથ ધર્મનો ચલાવનાર ઈમામશાહ બાવો છે.

કા. પટેલ હીરજી ખીમાની સહી દા.પોતે

રૂબરૂ સહી માધવજી - કલ્યાણજી નખત્રાણા થાણદાર.

એક જામીન કરનાર

મેતા ભાઈશંકર-રેવાશંકર ગૌરીશંકર વેલજી

ખરી નકલ

માધવજી કલ્યાણજી નખત્રાણા થાણાદાર.

વાદી તરફથી નકલ મળવા રીપોર્ટ આપ્યો. શ્રાવણ વદ ૧૨ શુક્રે સાં. ૧૯૮૦ { VSA : 07-Sep-1923 }

સ્ટેમ્પ તપાસી આપવા હુકમ થયો શ્રાવણ વદ ૧૨ શુક્રે સાં. ૧૯૮૦ { VSA : 07-Sep-1923 }

નકલ તૈયાર કરી દરખાસ્તથી આપી શ્રાવણ વદ ૧૩ શની સાં.૧૯૮૦ { VSA : 08-Sep-1923 }

સહી માધવજી કલ્યાણજી નખત્રાણા થાણદાર

નખત્રાણા કોર્ટમાં સાક્ષીઓ જણ ૫ એ જે જુબાની આપી તે આપણે વાંચી ગયા. આ જુબાની ઉપર ટીકા કરવાનું હું વાંચનારાઓ ઉપર છોડું છું. વાસ્તવિક રીતે આપણે સાક્ષીઓ લક્ષ્મણ કાકા તેમજ સૈયદો તરફથી પંચ તરીકે નીમાયા હતા અને તે પંચોને સૈયદોએ જે દાવો કાકા લક્ષ્મણ ઉપર માંડ્યો છે તેનો ફેંસલો કરવા સોંપેલું પરંતુ દરેક સાક્ષી, પોતાની જુબાનીની દાવા સંબંધી માહિતી નથી એમ જ બોલેલો. ત્યારે એ પંચોએ નિકાલ શો કર્યો? ખરું કહીએ તો એમ કહી શકાય કે, લખમણ કાકાના વહીવટ ઉપર આંખ મીંચામણું કરી સૈયદોએ જે પોતાના હક્કની ફરિયાદ માંડી છે તેના ઉપર લીંપણ વાળ્યું છે. નખત્રાણા કોર્ટમાં સાક્ષીઓએ જે જુબાની આપી તેના ઉપર નિર્ણય કરી ન્યાય આપવાનું કામ અમદાવાદ કોર્ટનું છે. એટલે એ જુબાની ઉપર હું વિશેષ કહી શકતો નથી. મારે તો માત્ર કચ્છના અમારા કણબી જ્ઞાતિના ભાઈઓ જાણી શકે કે લખમણ કાકો કચ્છની કણબી જ્ઞાતિને આંખે પાટા બંધાવી પીરાણા સતપંથને હિન્દુ ધર્મમાં ઘૂસેડી પોતે ગાદીપતિ થવાના લોભે કેવા કેવા અનર્થો તેમજ હિન્દુજ્ઞાતિના ભાઈઓને પીરાણા સતપંથમાં જીવતા દાટી રાખવા અને હિન્દુ ધર્મથી પતિત કરવા અને મુસલમાની ધર્મમાં ભેળવી દેવાના કેવા નીચ પ્રયત્નો કરે છે તેજ બતાવવા મારો આ પ્રયત્ન છે. વળી લખમણ કાકાએ ફેજપુરના એક મુકદમામાં સાક્ષી તરીકે અમદાવાદ કોર્ટમાં જુબાની આપી છે તે ખાસ જાણવા જેવી હોવાથી આ લેખમાં તેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ફેજપુરવાલો મુકરદમો નીચે પ્રમાણે :-

ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ અમદાવાદ

તા.૫-૭-૧૯૨૩

બ ડીવીઝન મેજીસ્ટ્રેટ વર્ગ ૧ જલગામ પૂર્વ ખાનદેશ.

ફોજદારી મુ.નં.૧૨ સને ૧૯૨૩

ફરિયાદ આનંદા લાહનુંકીરંગે મુ.ફેજપુર.

તોહમતદાર આત્મનંદ ગુરૂ પ્રેમાનંદ બ્રહ્મચારી મું.ફેજપુર.

ઈન્ડિયન પીનલકોડ કલમ ૪૯૯.

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે મારું નામ કાકા લક્ષ્મણ કરમશી ધર્મે સંતપંથી જાત સાધુ ઉંમર આશરે સાઠ વરસની, ધંધો ધર્મ ઉપદેશનો રહેવાસી ગામ-પીરાણા ડી.અમદાવાદ.

સર તપાસ.

મારી જાત લેવા પાટીદાર છે. મારો ધર્મ હિન્દુ છે. મારો પંથ સતપંથ કહેવાય છે. હું સતપંથનો ગુરૂ છું. સતપંથના મુળ ગુરૂ ઈમામશાહ છે. ઈમામશાહના વંશજો ગુરૂમાં નહીં સતપંથી લોકો હિન્દુ કહેવાય છે. તેઓ કુરાનને માનતા નથી, સતપંથી લોકો સુનત કરાવતા નથી. તેઓ નમાજ પડતા નથી. હિન્દુઓના વેદ ગ્રંથોને આ લોકો માને છે. તેમ ભાગવત રામાયણને પણ માને છે. આ પંથના લોકો જે ગ્રંથો તરફ માનની લાગણીથી જુવે છે તે શિક્ષાપત્રી મુળબંધ અને ગુરૂવાણી છે. આ ત્રણે પુસ્તકો ઈમામશાહના લખેલા છે. આ ગ્રંથો હસ્ત લેખિત છે. ઈમામશાહના વંશજોએ લખેલા ગ્રંથો ધાર્મિક પુસ્તકો ગણાતાં નથી. તેમજ તેમના અનુયાયીઓ તેને માનતા નથી. અનવરે હિદાયત. **અનવરે હિદાયત** નામનો અમારો ધર્મગ્રંથ નથી. **અમારા પંથના માણસો લગ્ન મરણ પ્રસંગે હિન્દુ રીત-રિવાજો પાળે** છે. અમારા પંથના માણસો કેટલાક શબને દાટે છે અને કેટલાક બાળે છે. આના સંબંધમાં જે સુચનાઓ ઈમામશાહે કરેલ છે તે પાળવી જોઈએ તેમ નથી. આ પ્રમાણે નહીં પાળે તે સતપંથી કહેવાય નહીં. બાળવું કે દાટવું તે દેશના રીવાજ મુજબ છે. સતપંથી લોકો રમજાન અને બકરીઈદ અને મોહરમ પાળતા નથી. સતપંથી લોકો એકાદશી, રામનવમી, ગોકુળ આઠમ વિગેરે હિન્દુના તહેવારો પાળે છે. સતપંથી લોકો પૈકી જેની મરજીમાં આવે તે એકાદશી, રામનવમી વિગેરે દિવસે ઉપવાસ કરે છે. સતપંથી લોકો હિન્દુઓની માફક દશ અવતાર માને છે. સતપંથી લોકોને ગાય પાળવાની છે, ગાયોને પૂજ્ય તરીકે ગણે છે અને કસાઈને ત્યાંથી છોડાવાને પુણ્ય ગણે છે અને ગૌમૂત્રને પવિત્ર પ્રાયશ્ચિત વિગેરેમાં માને છે. સતપંથમાં ઘણી કોમના હિન્દુઓ છે. સતપંથમાં બ્રાહ્મણ, વાણીયા, પાટીદાર, સોની, કોળી હોય છે એ લોકો સહુ સહુની જાતથી ઓળખાય છે. સતપંથમાં બ્રાહ્મણ, વાણીયા અંદરો અંદર જમતા નથી. તેમ કન્યા પણ આપતા નથી. તેમની નાતમાં જ બધા વહેવાર થાય છે. સતપંથી બ્રાહ્મણ સિવાયના બ્રાહ્મણ સાથે વહેવાર રાખે છે. જમે છે. કન્યા આપે છે. બ્રાહ્મણ વિશે મેં કહ્યું તેમજ પ્રમાણે બીજી જાતો વર્તે છે. સતપંથમાં કોઈ મુસલમાન નથી, સતપંથી હિંસા ધર્મને માનતા નથી. અહિંસાને માને છે. સતપંથી ગૌભક્ષ છે તેમ કોઈ કહેતું હોય તો તે ખોટું છે. કોઈ મને ગૌભક્ષ કહે તો મને માથું વાઢ્યા બરાબર લાગણી થાય છે.

એન, એજી. આ સવાલ તોહમતદારના તરફથી વાંધો લેવામાં આવે છે. સતપંથીમાં લોટની ગાય કરીને ખાવાનો રીવાજ નથી. મને બતાવી તે જાહેર ખબર મરાઠીની એકની ત્રણ મેં છપાવી છે. ખાનદેશના સતપંથીઓએ મારી પાસે આવીને તોહમતદારે કાઢેલ જાહેર ખબર બાબત કહ્યું. તેથી મેં અંગ્રેજી નિશાન ૩ની જાહેર ખબર કાઢી મેં આ બાબત ગુલામહુસેનને કહી ને તેણે ચારની જાહેર ખબર પ્રસિદ્ધ કરી ત્રણની હકીકત ખરી છે. ચારની પણ ખરી છે. પીરાણાની દરગાહની પશ્ચિમ તરફના લોઢાના દરવાજા ઉપર અંગ્રેજી બેમાં લખ્યા મુજબ કલમા લખેલા નથી. તેમજ બ્રાહ્મણોની ઈમામશાહે ઉતારી લીધેલી જનોઈઓ દરગાહમાં નથી. સુતરના કટકા બાંધી મૂકવામાં આવે તેના દરગાહમાં પડેલા છે. અહીં જે મોમના લોકો છે તે સતપંથી નથી. સતપંથી લોકો મુમના કહેવાતા નથી. સતપંથી લોકોના સંબંધી તેમની નાતમાં છે. નથી એમ જે કહે છે તે ખોટી વાત છે. કુરાનમાં લખેલું

સતપંથી માને છે. તે વાત ખોટી છે. અંગ્રેજી ૨ નો જવાબ જે અંગ્રેજી ત્રણમાં આપેલો છે તે મરાઠીમાં છે. હું મરાઠી જાણતો નથી. મી.એ.જી.પંડિત જે એન્જિનિયર છે અને મારા મકાનમાં રહે છે, તેમને મેં ગુજરાતીમાં હકીકત કહી. તે પ્રમાણે તેમણે મરાઠીમાં લખાણ કર્યું. તે પછી મને વંચાવ્યું ને તે પછી મેં ગુજરાતીમાં તેમના ઉપર સહી કરી.

ઉલટ તપાસ. ઈમામશાહ સતપંથના સ્થાપનાર તેઓ ઈમામોદ્દીન કહેવાતા નહોતા. પીરાણા ગીરમથાની હદમાં આવેલું છે. પીરાણાની આસપાસ કોટ છે. તેની અંદર હાલ પણ ઘણી કબરો છે અને ઈમામશાહની કબર પણ રોજામાં છે. ઈમામશાહની ડાબી બાજુએ ઈમામશાહના વડવા સેદખાનનો રોજો છે, **તે દરવાજા ઉપર કલમા છે કે નહી તે હું જાણતો નથી.** કારણ કે હું ત્યાં જતો નથી. સેદખાનના રોજાની આથમણી બાજુ વીસ ત્રીસ ફુટના છેટે જેમાં ધાતુનો પંજો છે એ હું જાણતો નથી. ત્રીસેક વર્ષ ઉપર એક ત્રિશુળ ઉપર સુતરના કટકા જોયા હતા તે જનોઈઓ નહોતી આ સુતરના કટકા ઘણા વખતથી છે. બ્રાહ્મણો જનોઈ પહેરે છે તે મેં જોઈ છે. સુતરના કટકા જનોઈ નથી, તે વખતે મેં આ કકડા જોયા હતા તે જનોઈઓ નહોતી. સતપંથીનો વધારે ભાગ કચ્છમાં છે. ગુજરાતના ભાગોમાં પણ છે. ઈમામશાહની ગાદી પીરાણામાં છે. બીજી ત્રણ જગ્યાએ ધર્મશાળા છે. નવસારીમાં પીરાણાની ધર્મશાળા નથી. નવસારીમાં મીરપ્યારે સાહેબ છે તે ત્યાંના સતપંથીના આગેવાન છે. બુરાનપુરમાં પીરાણાની ધર્મશાળા નથી. ફેજપુરમાં એક છે ત્યાં માણસ રહે છે. અમદાવાદમાં ધર્મશાળા છે. અમદાવાદમાં હું આગેવાન છું અને પટાવાળો રહે છે. ઈમામશાહના વંશજો સૈયદ કહેવાય છે. અને તેઓ પીરાણામાં રહે છે. **પીરાણાની ઈમામશાહની માલિકી તેઓ ધરાવે છે** તે બાબતની તકરાર છે. તેઓ મુસલમાની ધર્મ પાળે છે, સેદખાનના રોજાની આથમણી બાજુએ મસ્જિદ છે. સતપંથમાં પાંચીયા, સાતીયા, આઠીયા નુરશાહી ઈમામશાહી એ રીતે પાંચ પેટા વિભાગો પડેલા છે. પાંચેના નિયમો જુદા જુદા છે. પાંચીયાને સાતીયા ઈમામશાહને માનતા નથી. ઈમામશાહને માનનારા આ પાંચમાં નથી. ઈમામશાહના વંશજોને માનતા નથી. પાંચીયા તેઓ બાલા મહમદશાહને માને છે. સાતીયા બી.બી.રાજે બાઈને માને છે. બને ઈમામશાહના વંશજો છે. કચ્છીઓ ઈમામશાહને માને છે. ગુજરાતના કણબી વિગેરે પાંચીયા સાતીયા વિગેરેની હવેલીને માને છે. ગુજરાતના કણબી મતીયા કહેવાતા નથી. નવસારીના મતીઆ કહેવાય છે. મરણ પ્રસંગની ક્રિયા વખતે કાકા અગર તેના માણસની જરૂર ખરી. અગર લોબાન જલે ફુલ બલા ટળે દીન જાગે કફન માગે. એ શબ્દો બોલતા નથી. ઈમામશાહે કહેલા શબ્દોની પ્રાર્થના કરીએ છીએ. તે ગુજરાતીમાં કરીએ છીએ. **બીસમિલ્લા અલ્લા રહેમાન રહીમ, શત ગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ આદ વીસ નવ નીરંજન નરઅલી મહમદશાહ તુમારી દોવા. એ શબ્દોની મને માહિતી નથી.** પાપ નિવારણ માટે ક્રિયા કરવામાં આવે છે અને તે અમો કરીએ છીએ. અગર અમારા સાધુ કરે છે. ક્રિયા કરવામાં તેત્રીસ કરોડ દેવતાને આરાધન કરીને પાણી છાંટવામાં આવે છે, ત્યારથી તે છોકરો પંથનો ગણાય છે. પીરાણાના મકાન અગર કંપાઉન્ડ ઉપર કોઈ પણ અથરવેદ અવતારની મુરતી નથી. કાકા તરીકે મારે નમાજ પડવાની નથી, તાબુત ઉપાડવા હું જતો નથી. રમજાન મહિનામાં ઉપવાસ પણ હું કરતો નથી. મારી જાતના પાટીદાર જેઓ સતપંથી, તેઓની સાથે હું જમ્યો છું, પણ છેલ્લે બે વર્ષમાં નહીં તેથી નામ આપી શકું નહીં. જમ્યા પછી મારી ક્રિયા કરવી પડે છે. સતપંથના પાટીદારો સાથે સતપંથી સિવાયના પાટીદારને કન્યા આપવાનો દાખલો હું આપી શકું

તેમ નથી. તેમની સાથે બેસીને જમ્યાનો પ્રસંગ હું બતાવી શકું નહીં, બે ત્રણ વર્ષ પહેલાં આગાખાન સાહેબ સતપંથી અનરીતે જો તકરાર હતી પણ તેનો નિકાલ થઈ ગયો છે. હાલ કંઈ તકરાર નથી. આગાખાનની સાથે તકરાર થઈ નથી. અબુતાલીબના રોજા સાથે તકરાર થઈ હતી. **સ્વધર્મ વર્ધક મંડળ** નામની સ્થાપનાની મને માહિતી નથી. હું અથરવેદ અને સતપંથને માનું છું. અથરવેદનો કોઈ પણ સિદ્ધાંત સતપંથમાં આવે છે તે હું જોયા સિવાય કહી શકું નહી. **કાકા મરી જાય ત્યારે એના શબ ઉપર કબર કરવામાં આવતી નથી.** તોમતદારને અમારા ઉપર આક્ષેપ મૂકવા બાબત ફરિયાદ કરવાની નોટીસ આપી. અમો ફેજપુરમાં તોતારામ બદુને હું ઓળખું છું. તે નોટીસ તોતારામે લખી નહતી પણ મીસ્ટર પંડિતે લખી હતી. નોટીસના એક જ પેજ ઉપર ઠેકાણું મી. પંડિતે લખ્યું હતું. એક જ (૨)ની નોટીસ ઉપર મારી સહી છે તેથી તે મારી આપેલી હશે. સતપંથના ધર્મ સંબંધમાં તા.૨૪-૪-૧૯૨૩ના ગુજરાતી પંચમાં આપેલી હકીકત મારા જાણવામાં આવી નથી. ગીરમથાના શીવલાલ ડાહ્યાભાઈને હું ઓળખું છું. શીવલાલ ડાહ્યાભાઈએ છપાવેલી જાહેરાત ૧ મારા જાણવામાં છે. સૈયદોના લાભ માટે પાટીદારોને ખબર આપવા માટે આ જાહેરાત પ્રસિદ્ધ થયેલ છે. દાવો થયો ત્યારથી આ ધર્મ ઉપર તે મુસલમાની છે એમ આર્ટીકલ થયા છે, તેમ હું જાણું છું. પહેલાં કાંઈ પણ આક્ષેપો થયા નહોતા. ધાર્મિક પુસ્તકો રજુ કરવાને વકીલ માંગણી કરે છે. પણ કોર્ટ ના પાડે છે, રોજામાં પ્રાર્થના થતી નથી. પણ અલગ ઓરડામાં કરવામાં આવે છે. **તે ગુપ્ત રીતે કરવામાં આવે છે.** એટલે સતપંથીઓને એક જ જગ્યામાં ભેગા કરવામાં આવે છે. પંજેતન મુસકીલકું આસાન કરો, એ મંત્ર સૈયદો બોલે છે, અમે બોલતા નથી. ઈમામશાહનો ધર્મ અમો પાળીએ છીએ તે સૈયદો પાળતા નથી. તેઓ મુસલમાની ધર્મ પાળે છે. કળશ પુજા કરવામાં આવે છે તે વખતે મંત્રો બોલાય છે. સાતીયા લોકો બીસમિલ્લા વિગેરે શબ્દો પૂજા વખતે વાપરે છે. કારણ કે તેઓ શેખ છે. અમે વાપરતા નથી. સાતીયા હિન્દુ છે કે મુસલમાન તે હું જાણતો નથી. દુવાના પેલા શબ્દો આદી નારાયણ આદી બ્રહ્મા વિગેરેથી શરૂ થાય છે, ઉઠતી વખતે હે ઈમામશાહ હે ભગવાન એ શબ્દો બોલવામાં આવે છે. વીસ વર્ષથી હું કાકા તરીકે છું. ચાલીશ વર્ષથી હું ગુજરાતમાં છું. સતપંથી કણબી પાટીદારના સંબંધમાં હું આવેલ છું. બીજાના સંબંધમાં હું નથી આવ્યો. કન્યા આપવા સંબધમાં મારે કોઈ પણ વાટાઘાટ તેમની સાથે કરવાના પ્રસંગમાં આવ્યો નથી.

ફરી તપાસ.

પીરાણાના રોજામાં અમારે નમાજ પડવાની છેજ નહીં, સતપંથી કચ્છ સિવાય હિન્દુસ્તાનના ઘણા ભાગોમાં છે. નવસારીમાં મીર પ્યારે સાહેબ નુરશાહી રોજાના આગેવાન છે. અમારા નથી. સતપંથ સિવાય તેવા પાટીદારના પરિચયમાં આવેલો છું પણ તેમની સાથે સંબંધમાં આવ્યો નથી.

તા.૫-૭-૧૯૨૩

ડી.મા.સાહેબ

પીરાણાવાળા મુજાવર કાકા લક્ષ્મણ કરમશીએ ફેજપુરવાળા ફોજદારી મું. નાં. ૧૨માં ફરિયાદી આનંદા લાહનુંકીરંગેના સાક્ષી તરીકે અમદાવાદમાં તા.૫-૭-૧૯૨૩ના રોજે ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ પાસે જે સાક્ષી આપી છે તે આપણે વાંચી ગયા. હવે તે સાક્ષીમાં કાકે શું શું કહ્યું છે. તે સતપંથી કણબી ભાઈઓ કચ્છના જાણી શકે એવા હેતુથી અને તે ઘણી જ ઉપયોગી થશે એ ઈરાદે એ પ્રશ્ન નીચે ચર્ચવામાં આવ્યો છે.

સર તપાસમાં લક્ષ્મણ કાકો જણાવે છે કે મારી જાત લેવા પાટીદાર. મારો ધર્મ હિન્દુ, હું સતપંથનો ગુરૂ છું. મુળ ગુરૂ ઈમામશાહ હતા. આ શબ્દોમાં સત્ય શું છે, તે આપણે જાણવું જોઈએ. દિલગીરીની વાત તો એ છે કે લખમણ કાકાને સાઠ વર્ષ થયા છે, છતાં તે કઈ જાતના કણબી છે, એ જાણતા નથી હું ખાતરીથી કહું છું કે લક્ષ્મણ કાકાના પૂર્વજો કડવા પાટીદાર હતા, એ વાત જાણવાની લક્ષ્મણ કાકાને ઈચ્છા હોય તો હું તેમને બતાવી આપવા તૈયાર છું. કાકા લક્ષ્મણ કહે છે કે મારો ધર્મ હિન્દુ, મારો પંથ સતપંથ ! આ કેવી નવાઈ? કોઈ પણ હિન્દુ ધર્મવાળા માણસોનો પંથ, ઈમામશાહે બતાવેલો હોઈ શકે ખરો? ઈમામશાહ શું હિન્દુ હતો? નહીં જ, કારણ કે જે પંથમાં માણસ હોય તેજ તેનો ધર્મ કહેવાય. લક્ષ્મણ કાકો કેવું જુઠું બોલ્યા છે? ઈમામશાહે બતાવેલો સતપંથ, કોઈ કાળે હિન્દુ ધર્મ છે જ નહીં. અને તે વાત અનેક પુસ્તકો તેમજ લેખો વડે પ્રસિદ્ધ થઈ ચૂકેલી છે. વળી લક્ષ્મણ કાકો એમ પણ જણાવે છે કે સતપંથના મૂળ ગુરૂ ઈમામશાહ હતા, હમણાં પોતે છે એટલે સતપંથીઓએ લક્ષ્મણ કાકાને ઈમામશાહ જેવા જ માનવા ! આ તે કેવા પ્રકારની ઘટના કહેવાય ! વળી તે જણાવે છે કે હિન્દુઓના વેદગ્રંથોને આ લોકો માને છે. તેમજ ભગવાન રામાયણને પણ માને છે. જેમ ડુબતો માણસ તરણું પકડીને આરે જવાના હવાતીયા મારે, તેમ ઈમામશાહીના આ મુજાવરને ના છુટકે એ પવિત્ર પુસ્તકોના નામનું શરણ લેવું પડ્યું છે. બાકી હિન્દુ ધર્મના એક પણ શાસ્ત્રને પીરાણા સતપંથીઓ માનતા નથી, તેમજ રામાયણ અને ભાગવતના કોઈ પુસ્તકને પીરાણા સતપંથીઓ પુજતા પણ નથી. એ વાત ખાનામાં જનારા ક્યા ભાઈથી અજાણી છે. કાકા લક્ષ્મણનું આ જુઠાણું તો ગજબ છે. આગળ ચાલતાં જણાવે છે કે અનવરે હિદાયત નામનો અમારો કોઈ ધર્મ ગ્રંથ નથી ! એ વાત કદાચ સાચી હોય તો પણ કચ્છના સતપંથીઓમાં આ ચોપડી પ્રસિદ્ધ છે અને સતપંથના અનુયાયીઓ અનવરે હિદાયત નામના ગ્રંથમાં લખેલી હકીકત પ્રમાણે નમાજ બંદગી કરતા શીખ્યા છે, જેના સેંકડો દાખલા મળી શકે એમ છે. એ વાતના ગુરૂઓ કદાચ સૈયદો હશે પરંતુ તે વાત લક્ષ્મણ કાકો જાણતા છતાં પોતાના સ્વાર્થની ખાતર જ્ઞાતિ ભાઈઓને મુસલમાની રાહત પર લઈ જવાના પ્રપંચનો પડદો ઉઘડી ન જાય એ ઈરાદે તેમજ પોતાના બચાવ માટે એમ કહી રહ્યા છે, જુબાનીમાં જણાવે છે કે અમારા પંથના કેટલાંક સતપંથને માનનારા માણસો લગ્ન મરણ પ્રસંગે હિન્દુ રીત-રિવાજો પાળે છે. આ વાત તો તદ્દન ખોટી જ છે. **મરણ પ્રસંગે દટાય છે અને લગ્ન પ્રસંગે ધોવા પઢવામાં આવે છે.** કલમાના જાપ જપાય છે તેમજ ડગલે ને પગલે ફરમાનજી બીસમિલ્લા બોલાય છે અને એમાં જ પીરાણાનો સતપંથ સમાય છે, એ વાત હવે ક્યાં છુપી રહી છે. ઈમામશાહ જે સતપંથના મૂળ ગુરૂ લક્ષ્મણ કાકો કહે છે તેજ આસામી જનત નામામાં એક ઠેકાણે કહે છે કે ભાઈ રે જેની આ દુનિયામાં માટી (મડદુ) બળે તેના તે મોઢાં કાળાં થાયે એ ઉપદેશને લઈને તો સતપંથીઓને ખાશ દફનાવામાં આવે છે. છતાં લક્ષ્મણ કાકો કોર્ટ સમક્ષ કેટલું જુઠું બોલે છે. તેનો વાંચનાર ખ્યાલ કરશે જ, છતાં પોતાની જાતના બચાવ અર્થે લક્ષ્મણ કાકાને કહેવું પડે છે કે અમારા પંથના માણસો કેટલાક દટાય છે અને કેટલાક બળે છે, પરંતુ જે બળે છે તે તો પરદેશમાં. મુંબઈ, કલકત્તા, નાગપુર ઈત્યાદિ સ્થળે, કારણ તેમ ન કરે તો હિન્દુ લોકો મુસલમાનમાં ગણી કાઢે, એ અપવાદથી જ મુડદાં બાળે છે. બાકી કચ્છમાં પીરાણા સતપંથીઓનો જે મોટો ભાગ છે. તે બધાં દટાય છે અને કોઈ બાળવાની વાત કરે તો નાત બહાર થાય એ વાત જગજાહેર છે અને લક્ષ્મણ કાકો પૂરેપૂરી રીતે જાણે છે અને સમજે છે. સતપંથીઓ રામ નવમી, એકાદશી કે ગોકળ આઠમના ઉપવાસ કરતા નથી, પરંતુ રોજા મહિનામાં ખાસ ઈમાની લોકો થોડા રોજા

રાખે છે. એ વાત હવે ક્યાં સુધી છાની રહેવાની છે. પોતાની નિર્લજતાના બચાવમાં હિન્દુમાં ખપવાની જીજ્ઞાસાવાળો લક્ષમણ કાકો જણાવે છે કે સતપંથી લોકો હિન્દુઓની માફક દસ અવતારને માને છે? હું એ વાતની ચોખ્ખી ઘસીને ના પાડું છું. હા દસ અવતારને માને છે, પણ તે હિન્દુઓના નહીં પણ ઈમામશાહે બતાવેલા જેમાં હિન્દુ દેવોનું ખાસ અપમાન કરવામાં આવ્યું છે અને ભોળા હિન્દુઓને ઠગવાનો પ્રપંચ કરવામાં આવ્યો છે. કાકો જણાવે છે કે સતપંથી લોકોને ગાય પાળવાની છે. ગાયોને પૂજ્ય તરીકે ગણે છે. કસાઈવાડેથી છોડવામાં પુન્ય માને છે. ગૌમૂત્રને પવિત્ર પ્રાયશ્ચિત વિગેરેમાં માને છે. આ સંબંધે કહેવાનું કે ગાયને સતપંથીઓ અપવિત્ર માને છે તેનું દૂધ પુજામાં વાપરતા નથી તો પછી ગૌમૂત્રની પવિત્રતાનો સવાલ જ ક્યાં રહ્યો છે?

ઈમામશાહના કૃત નવમા બુધા અવતારમાં જણાવેલું છે કે “ પાંડવોના હાથે બુધ ભગવાને ગૌવધ કરાવ્યો વગેરે હકીકત વિસ્તારથી પીરાણા સતપંથના પોલના પુસ્તકમાં આવશે. માનકુવા ઈત્યાદિ ગામોના સતપંથીઓએ દીકરીને દાનમાં ગાય આપવાના બદલે ભેંસો આપવા ઠરાવેલું અને વળી એ પંથની પુજામાં ગાયનું દૂધ ન વાપરવાના મનાઈ હુકમો ક્યાં ઓછા નીકળ્યા છે. જેવી રીતે કેટલાક અજ્ઞાન મુસલમાનો ગાયના માટે માને છે. તેટલા જે દરજે ધર્મજનુની સતપંથીઓ ગાયના માટે માને છે. બાકી કચ્છના સતપંથી કણબીઓ કદાચ ગાયો રાખે છે. પરંતુ તે રીતે તો મુસલમાનો પણ ગાયો રાખે છે, બાકી ગાયને કે તેના દૂધને તેમજ ગૌમૂત્રને ઈમામશાહી સતપંથી પવિત્ર ગણતો જ નથી. કાકો લક્ષમણ કોર્ટમાં જે એકરાર કરે છે તે તદ્દન ખોટો છે. આગળ ચાલતાં કાકાશ્રી જણાવે છે કે સતપંથ ધર્મને માનનારા મુમના કહેવાતા નથી. હું કહું છું કે કચ્છના પીરાણા સતપંથી કણબીઓને લોકો મુમના કણબી કહે છે. એ વાતની સાક્ષી તો કચ્છમાં વસ્તાં પાંચ લાખ માણસ પુરી શકે તેવી છે. પીરાણાની દરગાહમાં જે જનોઈઓ ટાંગી રાખી છે તેને લક્ષમણ કાકો પોતાના સ્વાર્થ માટે હવે સુતરના કટકા કોર્ટ સમક્ષ કહેવા તૈયાર થાય છે. ત્યારે જે જે યાત્રાળુ લોકો પીરાણે આવે છે, તેને એમ શા માટે કેવામાં આવે છે કે આ તમારી જનોઈઓ બાવાએ ઉતરાવી અને તમને સતપંથ ધર્મ આપ્યો. આજે લખમણ કાકાને ખરા સુતરના કટકા એ કટકા જ લાગ્યા અને તે પણ કોર્ટમાં કહેવું પડ્યું એ એક ઘણા જ આનંદની વાત છે. હું તો કચ્છના કણબી જ્ઞાતિના ભાઈઓ જેઓ સતપંથ ધર્મ માની રહ્યા છે, તેમને જણાવું છું કે હવે તમે સમજ્યા હશો કે જે જનોઈઓ તમારી છે અને તે બાવાએ ઉતરાવી છે, એમ સમજી ત્યાં તમે પૈસા મુકો છો તે હવે મુકશો નહીં. લક્ષમણ કાકો પોતે જ તેને સુતરના કટકા હોવાનું કહે છે. કાકાશ્રી જણાવે છે કે ઈમામશાહની ડાબી બાજુએ ઈમામશાહના વડવા સેદખાનનો રોજો છે. તે દરવાજા ઉપર કલમા છે કે નહીં તે હું જાણતો નથી. કારણમાં જણાવે છે કે હું ત્યાં જતો નથી. સેદખાનના રોજાની આથમણી બાજુ વીસ ત્રીસ ફુટના છેટે જે ધાતુનો પંજો છે એ હું જાણતો નથી. આ તે કેવી નવાઈ. ચાળીસ વર્ષથી લક્ષમણ કાકો પીરાણામાં રહે છે છતાં સેદખાનના રોજાના દરવાજા ઉપર કલમા લખ્યા છે તે દરેક સતપંથી જાણે છે, તેમજ ધાતુનો પંજો પણ મોજુદ છે, છતાં કાકો ચાલીસ વર્ષમાં તે તરફ ગયા નથી એમ કહીને હિન્દુમાં ખપવાનો બચાવ શોધી રહ્યો છે. આગળ બોલતાં લક્ષમણ કાકો પોતાની જુબાનીમાં જણાવે છે કે, બીસમિલ્લ અલ્લા રહેમાન રહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ આદવીશનવ નીરંજન નરઅલી મહમદશાહ તમારી દોવા એ શબ્દોની મને માહિતી નથી. કેટલું જુઠું. તમામ સતપંથીઓ સમજી શકશે કે, કાકાશ્રી ખોટું બોલવાની પણ કંઈક હદ હોય તે હદ પણ કાકો કુદાવી ગયો છે. પીરાણા સતપંથની ચોસઠ ક્રિયાની ધોવાઓમાં તેમજ પીરાણા સતપંથના શાસ્ત્રોમાં શરૂઆતમાં ફરમાનજી બીસમિલ્લાહરહેમાન નરરહીમ સતગોરપાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ

આદવીશનવ નીરંજન નરઅલી મહમદશાહ તમારી દોવા અને છેવટે **હકલા એલાહા ઈલલ્લાહો મહમદુર રસુલીલ્લાહે આમ ચોખ્ખું બોલાય છે,** છતાં લક્ષમણ કાકો એ શબ્દોનો કોર્ટ સમક્ષ ઈનકાર કરે છે. આ ઉપરથી સર્વે સતપંથીઓ જાણી શકશે કે લક્ષમણ કાકાએ પીરાણા સતપંથને પોતાના સ્વાર્થ માટે હિન્દુ ધર્મમાં ખપાવવા કેવાં ફાંફાં મારી રહ્યા છે. એટલું જ નહીં પણ પોતે શું બોલે છે, તેનું પણ કંઈ ભાન રાખ્યું જણાતું નથી. વળી આ ઉપરથી તો લક્ષમણ કાકો એકવાર નહીં હજારવાર નહીં પણ લાખવાર જુઠું બોલે છે, એમ સ્પષ્ટ રીતે સાબિત થઈ ગયું છે."

સાક્ષી લખમણ કાકો આગળ બોલતા જણાવે છે કે પાપ નિવારણ માટે ક્રિયા કરવામાં આવે છે અને તે અમો કરીએ છીએ. અગર અમારા સાધુ કરે છે. ક્રિયા કરવામાં તે તૈત્રીસ કરોડી દેવતાને આરાધન કરીને, પાણી છાંટવામાં આવે છે. ત્યારથી તે છોકરો પંથનો ગણાય છે. આમ કાકાશ્રી બોલ્યા છે કે પાપ નિવારણ માટે ક્રિયા કરવામાં આવે છે અને તે અમો કરીએ છીએ. પરંતુ શી રીતે ક્રિયા કરવામાં આવે છે તે જણાવ્યું નથી. માટે દુનિયાના તમામ માણસો જાણી શકે કે પાણી છાંટીને તેત્રીસ કરોડી દેવનું આરાધન પીરાણા સત પંથમાં કેવી રીતે થાય છે અને છોકરો પંથમાં કેવી રીતે ભળે છે તે જાણવા માટે સતપંથ ધર્મમાં મુખીની ક્રિયાની એકાવનમી ક્રિયામાં જણાવેલું તે આ પ્રમાણે :-

દોવા બાળક તથા નવા ધર્મા ને કાંકણ બાંધવાની

બીસમિલ્લા હર રહેમાન નર રહીમ સતગોર પાત્ર બરમા ઈંદ્ર ઈમામશાહ આદવીસનવ નીરંજન નરઅલી મહંમદ સાહા સતગોર પીર કબીરદીનસતગોરપીર સુદરદીન, સતગોરપીર સાહેબદીન, સતગોરપીર નસીરદીન, સતગોર પીર સમસદીન, સતગોરપીર સલાઉદીન, નર અસલાંમ સાહા નર અલીમહમદ સાહા નરઅલી નીરંજન નામ નબીનુર સતગોર તમારી દોવા. સ્વામી તમે આદ નીરંજન, ધંધુકાર જીવપંડના સુરજનહાર, બરમાવાચા, વીસ નવવાંચા, માહેશ્વર વાંચા, સવસક્તીનીવાચા, શ્રી મચ્છની વાચા, શ્રી કોરંભની વાચા શ્રી વરાહની વાચા, શ્રી નરસીંહની વાચા, શ્રી વામનની વાચા, શ્રી ફરસરામની વાચા, શ્રી રામનીવાચા, શ્રી કરશનની વાચા, શ્રી બુધની વાચા, શ્રી નકળંકી નારાણયની વાચા, **હક મલાંણા સાહામુરતજા અલી નબી નુરસતગોર નર અસલામ સાહા વેદવારાનાં મરદ સતગોર ઈમામશાહ નરઅલી મહમદ સાહા** સેત્ર સેસત્ર હોસેની કોલ કાયમના પરવાર જાંબુદીપ ભરતખંડે કુંવારકાં ક્ષેત્રમાં હુવા દસમા અવતાર નકળંકી નારાણ પાત્ર બ્રહ્મા નરહરી અથરવેદની કાંડી ભણીને જીવનાં કાંકણ બાંધીએ તો જીવની કાયા નુરાણી થાએ તે જીવ અમરાપર જાએ તે જીવ ફેરાથી છુટે. અમર આસણબેઠો મનમકો અમારો ગજ સંકો તમારો એ જીવને કમળા કુવરની સોબતમાં રાખો. તેત્રીસ કરોડીના મેળા આપો ચાંદસુરજ પવન પાણી જમી આકાર અસટકળ પરબત નવકુળનાગ ચારકુળ મેઘ, ચારખાણ ચારવાણ, ચારવેદ, ચાર કતેલ, તેત્રીસ કરોડીની પુરીસાંખ ત્રિલોકની દીધી વાચા સ્વામી તમારે નીમ કાંકણે તમારે કરમે ધરમે એ જીવને સતપંથના મારગમાં રાખો. ગોરનરના દેદાર આપો, એ જીવના ગુના બકસો અમરાપરમાં વાસ આપો, એ જીવની ચિંતા તમને છે એ જીવને પાકપાવન કરો, **સતગોર ઈંદ્રઈમામશાહા નરઅલીમહમદસાહા હકલાએલાહા ઈલલ્લાહો મહમદુર રસુલીલ્લાહે** વાંચનાર સમજી શક્યા હશે કે લક્ષમણ કાકાએ કહ્યું તે પ્રમાણે તેત્રીસ કરોડ દેવતાનું આરાધન - મે જે ધોવા કહી તે પ્રમાણે થાય છે. એમાં હિન્દુ દેવોની અને મુસલમાન પીરોના નામના ખીચડા સિવાય બીજું કાંઈ નજરે પડતું નથી. આગળ બોલતાં કાકા શ્રી જણાવે છે કે પીરાણાના મકાન

અગર કંપાઉન્ડ ઉપર કોઈ પણ અથરવેદ અવતારની મૂર્તિ નથી. ક્યાંથી હોય ! કાકા તરીકે મારે નમાજ પડવાની નથી, તાબુત ઉપાડવા હું જતો નથી, રમજાન મહિનામાં ઉપવાસ પણ હું કરતો નથી. ખુદ પીરાણામાં તાબુત કાઢવામાં આવે છે અને છેલ્લા તાબુત થયા ત્યાં સુધીના ખર્ચમાં પીરાણાના વહીવટદાર મુજાવર લખમણ કાકા તરફથી દશોંદના નાણામાંથી તાબુત પેટે રૂા.પાંચ અપાય છે અને રૂા.પાંચ પાંચીયાની હવેલી તરફથી મળે છે અને સાતીયાની દરગાહ તરફથી પણ અપાય છે અને તે પૈસામાંથી જ તાજીયા બંધાય છે. દશે દિવસ ફકીરો જમે છે. જેની નોંધ કાકાના વહીવટના ચોપડામાં છે. તાજીયા ઉપાડવા કાકાઓ આવે છે. ખુદ લખમણ કાકો તાજીયાને ચમર ઢોળે છે. નાળીયેર તથા રોકડા પૈસા કાકો મૂકી પગે લાગે ત્યાર પછી તાબુત ઉપડે છે. એ વાત જાહેર છે છતાં તાબુત ઉપાડવા હું જતો નથી એવો ઈકરાર કરવાથી કંઈ પીરાણા ધર્મ હિન્દુ થઈ જવાનો નથી. અમારા સાંભળવા પ્રમાણે સૈયદોથી બે વર્ષ થયા તકરાર છે. ત્યારથી કેતાં બે વર્ષ પહેલાં ખુદ લખમણ કાકાને બંને ઈદોના દિવસે નમાજ પડવા પણ જવું પડતું હતું, આટલે દરજે કાકાએ પોતાની જાત પરતંત્ર કરેલી છતાં આજે હિન્દુ થવાનો તેમજ પીરાણા સતપંથ ધર્મને હિન્દુ કેવાને કાકો નીકળ્યો છે, એ પણ અજબ જેવું છે, કાકો કહે છે કે મારી જાતના પાટીદાર જેઓ સતપંથી નથી તેઓની સાથે હું જમ્યો છું, પણ છેલ્લાં બે વર્ષમાં નહિ તેથી નામ આપી શકું નહિ આ કેવી વિચિત્ર દલીલ, શું કાકો બે વર્ષમાં પાટીદારને ત્યાં એક જ ભાણે જમેલા એ વાત તેઓ ભુલી ગયા હોય તે કેમ માની શકાય. કદાચ અજાણ્યા માણસોને પોતે લેવા પાટીદાર છે, એમ કહી જમ્યા હશે, પરંતુ પીરાણાપંથી અથવા સતપંથી તરીકે પોતાને ઓળખાવે તો હું ખાતરીથી કહું છું કે કોઈ પણ પાટીદાર કાકાનો છાંટો સરખો પણ લે નહીં.

સ્વધર્મ વર્ધક મંડળ નામની સ્થાપનાની કાકાશ્રીને ખબર નથી, એ પણ નવાઈની વાત કહેવાય. કાકાશ્રી જણાવે છે કે હું અથરવેદ અને સતપંથને માનું છું. અથરવેદનો કોઈ પણ સિદ્ધાંત સતપંથમાં આવે છે. તે હું જોયા સિવાય કહી શકું નહીં. લ્યો સાંભળો. શરૂઆતમાં કાકાશ્રી કહે છે કે હું સતપંથનો ગુરૂ છું અને સતપંથ એ અથરવેદના વાયકે ચાલે છે, તો પછી એજ પંથના ગુરૂને સતપંથ જોયા સિવાય કહી શકાતું નથી કે સતપંથમાં અથરવેદનું કંઈ રહસ્ય છે કે નહીં? આ વાતમાં પણ કાકે ખાસ ગુલાટ મારી છે, હું ખાત્રીથી કહું છું કે અથરવેદ સંસ્કૃતમાં છે. જ્યારે સતપંથ એ હાથ ઘડાઉ એક ખીચડીઓ પંથ છે તેમાં તે વળી અથરવેદની વાત શી હોય ! કાકાશ્રી પોતે એમ માનતા લાગે છે કે કોર્ટમાં ગમે તેમ બોલી સતપંથને હિન્દુ ધર્મમાં ઘુસાડી દેવું. તેનો કોણ ભાવ પૂછશે ! ખરેખર કાકો **એક કાચની કોઠીમાં** ભરાઈ બેઠો છે અને મનમાં જાણે છે કે મને કોઈ દેખતું નથી. પરંતુ કાકાશ્રી પોતે તેમજ તેનું હૃદય આરપાર દેખાઈ જાય છે. એ બાબત કાકાશ્રી ભુલી ગયા છે. આગળ બોલતાં કાકો જણાવે છે કે કાકા મરી જાયે ત્યારે એના શબ ઉપર કબર કરવામાં આવતી નથી, ત્યારે શું કરવામાં આવે છે તે કાકાશ્રીએ કેમ ન જણાવ્યું? શાને જણાવે. આ તો કાકાએ હવે હાકે જ રાખ્યું છે. હું ખાત્રીથી કહું છું કે જેટલા જેટલા કાકાઓ પીરાણામાં મુવા છે તે દટાયા છે અને ઘણાની કબરો પણ છે અને ઘણાને કબર નહી કરી હોય તો દાટીને ઉપર પાણો પણ ખોડ્યો છે, એટલું જ નહીં પણ કાકાઓને પીરાણાની જગ્યામાં દાટવા બદલ સૈયદોના પંચને અમુક પૈસા કાકો જે મુજાવર હોય તે આપે, ત્યારે ઘોર ખોદવા દેવામાં આવે છે. જેની નોંધ સં.૧૮૯૨{ Year:1835-1836 } ની સાલથી અમને મળી છે. જે જનસમાજ જાણી શકે એવા હેતુથી લખી છે. તેના ઉપર વાંચનારાઓનું હું ધ્યાન ખેંચું છું.

સંવત ૧૮૯૨ના ભાદરવા વદ ૦)){ VSA : 22-Sep-1835 } સૈયદોના પંચનો હિસાબ જે મુજાવર તથા કાકાઓ મરે તેની કબરની ભોંય સૈયદો પાસેથી વેચાતી લે ત્યારે દાટવા દે આ પ્રમાણે ઠરાવ હોવાથી

નીચે જણાવેલા આસામીઓની કબર માટે સૈયદોએ પૈસા લીધેલા તેની નોંધ,

રૂા.૧૯૦) કાકા નથુ ઉર્ફે નાથાની કબરના ભોંયના લઈ જમીન આપી છે, સાં.૧૮૯૨ના ભાદરવા વદ ૦))(અમાસ) { VSA : 22-Sep-1835 }

રૂા.૧૮૦) કાકા નાગજીની કબરના ભોંયના લઈ ભોંય આપી છે. સંવત ૧૮૯૩ના માગસર સુદ { VSAK : 09 to 22 Dec-1836 }

રૂા.૧૬૫) કાકા શામજીની કબર લઈને ભોંય આપી છે. સંવત ૧૯૧૪ના પોષ સુદ-૧૦ { VSAK : 26-Nov-1857 }

રૂા.૧૯૦) કાકા લાલાની કબરના લઈ ભોંય આપી છે. સંવત ૧૯૧૭ના મહા સુદ-૧ { VSAK : 10-Feb-1861 }

રૂા.૧૭૫) કાકા ચંપાની કબરના લઈ ભોંય આપી છે. સંવત ૧૯૨૩ના મહા વદ-૮ { VSAK : 12-Feb-1867 }

રૂા. ૪૫) કાકા નાગરની કબરના લઈ ભોંય આપી છે. સંવત ૧૯૨૫ના ચૈત્ર સુદ-૫ { VSAK : 18-Mar-1869 }

રૂા. ૩૫) કાકા જીવાની કબરના લઈ ભોંય આપી છે. હસ્તે મુખી ભાયચંદ ધનજી સંવત ૧૯૨૭ના શ્રાવણ સુદી-૯ બુધવાર { VSK : 26-Jul-1871 } .

રૂા.૧૦૦) કાકા ગેલાની કબરના લઈ ભોંય આપી છે. સંવત ૧૯૩૨ના ચૈત્ર વદ-૧૪ { VSAK :23-Apr-1876 }

રૂા. ૫૫) કાકા તેજાની કબરના લઈ ભોંય આપી છે. સંવત ૧૯૩૨ના મહા સુદ-૩ { VSAK :29-Jan-1876 }

રૂા. ૧૨॥ ગામ દેવ મરાડીના ખોજા વીશરામની કબરના લઈ ભોંય આપી છે. સંવત ૧૯૩૩ના કારતક સુદ-૭ { VSAK :24-Oct-1876 }

રૂા.૨૫૦) ગામ નડીયાદના ભગત રણછોડ પ્રભુદાસ. રામજી કાકાના બાપના સંવત ૧૯૫૨ના પહેલો જેઠ વદ-૨ ગુરૂવાર { VSAK :28-May-1896 } ના કબર માટે ભોંયના લીધા

રૂા.૭૫૭) કાકા નાથાની કબરના ભોંયના સંવત ૧૯૫૫ { Year :1898-90 } ની સાલે

રૂા.૫૦૦) કાકા કરમશીની કબરના ભોંયના સંવત ૧૯૫૮ના કારતક સુદ-૧૦ ગુરૂ { VSAK :21-Nov-1901 } લીધા છે.

રૂા.૨૫૦) બાઈ કસળ રામજી કાકાની માની કબરના ભોંયના સં.૧૯૬૮ના ફાગણ વદી-૧૨ શુક્રવાર { VSAK : 15-Mar-1912 } ના લીધા છે.

રૂા.૫૦૦) કાકા રામજી કરમશીની કબરના ભોંયના સં.૧૯૭૭ના માગસર સુદ-૨ રવિવાર { VSAK :12-Dec-1920 } .

તે સિવાય **સૈયદોના પંચનો** પણ પીરાણાની દરગાહમાં મુડદાંને દાટવા દેવા સંબંધે એક ઠરાવ થયેલો છે. તે આ પ્રમાણે છે.

ઠરાવ કોર્ટનો આંક ૪૯

અમો નીચે સહીઓ કરનાર હજરતપીર ઈમામશાહ સુત નરઅલી મહમદસાની ઓલાદના જલાલસાહી નુરસાઈ સૈયદો. પીરાણા કાનમ પેટલાદ સુરત વિગેરે પંચ સમસ્ત આ ઠરાવ કરીએ છીએ કે આપણા વડીલની દરગાહની કંપાઉન્ડમાં જે મુડદાં દટાય છે તથા ફુલ દટાય છે. તેમાં જે જમાત તથા કાકાઓના ભોંયભાડાના રૂપિયા જે પેટીઓ વિગેરે પાસેથી લેવામાં આવે છે તે જનરલ પંચના કામ બદલ પાંચ માણસ મળી વાપરવાને તેનો હિસાબ

રાખવો ને જ્યારે જનરલ પંચ હિસાબ માગે ત્યારે બતાવે ને પરચુરણ જનરલ પંચનું કામ હોય તો તે પીરાણાવાળા વગર પરવાનગીએ એ રકમમાંથી વાપરે ને જ્યારે પંચનું કામ પડે ત્યારે માત્ર પચીસ રૂા. વાપરે તેનો અમે જનરલ પંચ ઈનકાર કરીએ નહીં. એ અમો નીચે સહીઓ કરનાર કબુલ મંજુર છે, સાં.૧૯૬૮ના જેઠ વદ-૩ રવિવાર { VSAK: 02-Jun-1912 } ના રોજે ઉપર લખેલા સો-બસોની રકમ ઉપર લીટીઓ ત્રણ મારી છે તે ઉપર લખે રૂપિયાની રકમ જે આવે તે શાહુકારને ત્યાં વ્યાજે મુકવામાં આવે. **લી.બાવાસાહેબ એહમદ અલી પીરાણા.**

સહીઓ

૧	**સૈયદ અમીરસાહેબ જાફરઅલીની સહી દા.પોતે**	**પીરાણા**
૨	**સૈયદ મીરઅલી નજરઅલી સહી દા.પોતે**	**પીરાણા**
૩	**સૈયદ પુંજામીયા હુસેનમીયાં સહી દા.પોતે**	**પીરાણા**
૪	**સૈયદ ફતેલી હસનઅલી સહી દા.પોતે**	**પીરાણા**
૫	**સૈયદ ગુલામઅલી અસકરઅલી સહી દા.પોતે**	**પીરાણા**
૬	**સૈયદ સીકન્દરઅલી પીરસાહેબ સહી દા.પોતે**	**કાનમ**
૭	**સૈયદ મીરસાહેબ હસનસા સહી દા.પોતે**	**કાનમ**
૮	**સૈયદ અલીમીયાં નુરઅલી સહી દા.પોતે**	**કાનમ**
૯	**સૈયદ અસરફલી કાસમઅલી સહી દા.પોતે**	**કાનમ**
૧૦	**સૈયદ દરવેશઅલી નજફલી સહી દા.પોતે**	**કાનમ**
૧૧	**કાકા લખમણ કરમસીની સહી દા.પોતે**	**પીરાણા**
૧૨	**સૈયદ મીરસાહેબ ડોસામીયાં સહી પોતે**	**કાનમ**
૧૩	**સૈયદ અલીમીયાં નુરસા સહી દા. પોતે**	**કાનમ**
૧૪	**સૈયદ મુરતુજા ફતેઅલી સહી દા.પોતે**	**સુરત**
૧૫	**સૈયદ બાવાસાબ ફતેઅલી સહી દા.પોતે**	**પેટલાદ**
૧૬	**સૈયદ એહમદઅલી મેરઅલી સહી દા.પોતે**	**કાનમ**

ઉપર પ્રમાણેનો ઠરાવ સૈયદોના પંચનો થયેલો છે. આ ઠરાવ ઉપરથી તેમજ કાકાઓ તથા પીરાણા સતપંથીઓમાંથી મરી જાય છે, ત્યારે તેને ખાસ **દાટવામાં** આવે છે અને તેની કબર પણ કરવામાં આવે છે છતાં લખમણકાકો કોર્ટ સમક્ષ કહે છે કે કાકાઓ મરી જાય છે ત્યારે એના શબ ઉપર કબર કરવામાં આવતી નથી. એ વાત કેટલું સત્ય છે તે વાંચનારાઓ સમજી શક્યા હશે,

કાકાશ્રી લક્ષમણ કરમસી તથા પીરાણા સતપંથમાં અંધ થયેલા કચ્છના પાટીદારો પ્રત્યે જણાવવાનું કે :-

કચ્છના કડવા પાટીદાર છતાં તમારા કહેવા પ્રમાણે લેવા પાટીદાર ઉર્ફે મુમના કણબી સતપંથીઓ ધર્મ હિન્દુ તેમજ તમારો પંથ સૈયદ ઈમામશાહે બતાવેલો પીરાણા સતપંથ છે તે સતપંથ સંબંધી ચોખવટ કરીએ, જેથી એ પીરાણા સતપંથમાં હિન્દુ ધર્મનો કેટલો અંશ નીકળે છે. જે જન સમાજ જાણી શકે.

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

પીરાણા સતપંથના સ્થાપનાર સૈયદ ઈમામશાહ તેઓ જાતે મુસલમાન તે કોઈ કાળે હિન્દુ ધર્મ બતાવે એ વાત જ સત્યથી વેગળી છે. છતાં કાકાશ્રી લખમણ કરમશી તથા કેટલાક મમતી મુમનભાઈ જે પીરાણા સતપંથ હિન્દુ ધર્મ છે, એવું પૂછડું જાલી રહ્યા છે, તેઓને જણાવવાનું કે તમારા પીરાણા સતપંથની દરેકે દરેક ક્રિયામાં **ફરમાનજી બીસમીલ્લા હર રહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહા નરઅલી મહમદશાહા તમારી દોવા.** એ શરૂઆતમાં અને છેવટના ભાગમાં **હકલાએલાહા ઈલલ્લાહો મહમદુર રસુલીલ્લાહે** આ પ્રમાણે શબ્દો આવે છે. તેની તો તમે પીરાણા સતપંથીઓ ના પાડી શકો તેમ નથી, છતાં પીરાણા સતપંથ ધર્મ હિન્દુ ધર્મ છે એમ કહેવું એ ચોખ્ખી રીતે ભોળા અને અજ્ઞાન માણસોને ફસાવાની યુક્તિ કર્યા બરોબર જ છે. કાકા સાહેબ લખમણ કરમશીએ પોતાના સ્વમુખે કોર્ટ સમક્ષ આપેલી જુબાનીમાં ચોખ્ખું જણાવેલું છે કે ઈમામશાહને માનનારામાંનો મોટો ભાગ કચ્છમાં છે અને કાકાશ્રી પણ કચ્છના છે. જેથી કચ્છ તરફ પીરાણા સતપંથીઓનું કેવું વર્તણુંક છે તે સંબંધે જ મારી ચોખવટ છે. પીરાણા સતપંથીઓની ધર્મની જગ્યાને ખાનું કહેવામાં આવ છે અને પીરાણા સતપંથીઓ ઈમામશાહના પાટને તેમજ કબરને માને છે, તે ઉપરથી એમ નક્કી થાય છે કે, ખાનું - કબર વિગેરેને પુજવાનું હિન્દુઓને હોય જ નહીં. પીરાણા સતપંથીઓ **નુરમાનું બાજનામું રતનનામું નાદલી દુવાએ ગંજાુલઅર્શ અને મોરનબુવત** જે તમામ મુસલમાની ઈલ્મ છે તેનો પાટ કરે છે. તે સિવાય માળા ફેરવતી વખતે પીરસાહનો જાપ. **હકલા એલલ્લાહો મહમદુર રસુલીલ્લાહેનો** કલમો અને પીરાણા સતપંથના ધર્મમાં ધર્માન્ધ થયેલા ઘણા સતપંથીઓ તૈયબનો કલમો આ પ્રમાણે પડે છે.

અવલ કલમે તૈયબ. દોહમ કલમે સાહાદત્ત અસોદહેઆન.

હકલા ઈલલ્લાહો મહમદુર રસુલીલ્લાહે વાએદહુઅલ્લા.

શરીકલહુ અસેહેદવન મહમદીન અબ્દહુ વેરસુલહુ.

આ કલમાનો જાપ દરેક પીરાણા સતપંથીને અવશ્ય પઠવો જ જોઈએ. તે સિવાય પીરાણા સતપંથીઓમાં કોઈ મરી જાય ત્યારે પીરાણા સતપંથના ધર્મ અને નિયમ પ્રમાણે તેને દફનાવવો જ જોઈએ. દાટી દેવાના માટે પીરાણા સતપંથમાં કહેવામાં આવ્યું છે કે, હેજી દુનિયામાં જેની માટી બળે તેના મોઢાં તે કાળાં થાયે. મરી જવા પછી અગ્નિ સંસ્કાર જેને થાય છે તેના મોઢાં કાળાં થશે અને પીરાણા સતપંથીઓના મોઢાં ઉજળાં રહે એ ખાતર તેને દાટી દેવામાં આવે છે ! પીરાણા સતપંથીઓ લગ્ન પ્રસંગે કોઈ બ્રાહ્મણ પાસે હિન્દુ ક્રિયા કરાવતા નથી. પણ પીરાણા સતપંથ ધર્મને માનનારાઓનો મુખી પીરાણા સતપંથની મુસલમાની ધોવા પડીને લગ્ન કરાવે છે. છતાં પીરાણા સતપંથ હિન્દુ ધર્મ છે. આમ કહેવું એ ચોખ્ખી દુષ્ટતા જ છે. જે ધર્મમાં **કબ્રસ્તાન**માં રાંધીને ખાવાનો રીવાજ હોય, મરી જનારના પાછળ ત્રીજે દિવસે **જારત** થતી હોય કોઈ પણ પ્રકારનું સુતક સનાન ન લાગતું હોય, તેમજ કાળજુ ચીરી નાખે એવા **કલમાઓ** પડાતા હોય છતાં એવા પાખંડી પીરાણા સતપંથને લખમણ કાકો મારી મચડીને હિન્દુ ધર્મ ઠરાવાની ધૃષ્ટતા કરે છે, એ કેટલું શરમ ભરેલું છે. દરેકે દરેક હિન્દુ જ્ઞાતિઓ જો આ ગુપ્ત પીરાણા સતપંથનું રહસ્ય જાણે તો ખાતરીથી એમ જ કહે કે હિન્દુઓને વટલાવીને મુસલમાન કરવાનું પીરાણા સતપંથ એક કારસ્તાની કારખાનું છે. એમાં જરાપણ સંશય નથી. પીરાણા સતપંથ ધર્મ મુસલમાની છે. ખુદ સૈયદ ઈમામશાહ જે કાકા લખમણ કરમશીના ગોર નર થાય છે તેમણે જ પોતાના **સ્વમુખે જનતનામા**માં આ પ્રમાણે કહ્યું છે.

હિન્દુ ફેરી તેણે મુસલમાન કીધા અને કીધા તે બહુએ અપાર.
તેને મુસલમાન કરી ગુરૂએ બોધીયા તેણે રાખ્યો સાહાસું વહેવાર.
તે વારો હતો શ્રીઈસલામસાહાનો બ્રહ્મા તે પીરહસન કબીરદીન જાણ.
અઢાર ફરજંદ તેના કહીએ તે સાત હુરમથી જાણ.
એક તેની બેટી કહીએ બાઈ બુઢાઈ તેનું નામ.
જાફરી તેનો મહઝબ કહીએ જાફર સાદક ઈમામ.
અલી અમારો દાદો કહીએ અને દાદી તે બીબી ફાતમા જાણ.
હસન હુસેન સાહા અલીનાં કહીએ, આલ ઈમામશાહ તેનો પરિવાર
રસુલ અમારા નાના કહીએ તે અબદલાનો પરિવાર
બીબી અમીના તેની માતા કહીએ તે કહીએ અબદલાની નાર
બીબી ખતીજાં અમારી નાની કહીએ તે જુઓને એલમ વિચાર
સમજુ હશે તે સમજશે અને ભુલ્યા તે મુરખ ગમાર
આલ ઈમામ તેના ગુરૂ જાણ જો તેના તાત પીરહસન કબીરદીન જાણ
ત્યારે નુરસાહની વાર છે. એમ બોલીયા પીર ઈમામશાહ પ્રમાણ
પીર ઈમામશાહે રચેલા જનતનામામાં બીજું આ પ્રમાણે જણાવ્યું છે કે,
સતપંથીના ખોટા કહીએ અને ખોટાં તે સર્વેધામ
જો આલઈમામની સેવીએ તો પોચીએ ભેસ્ત મુકામ

કાકા લક્ષ્મણ કરમશીને હવે ખાત્રી થવી જ જોઈએ કે પીરાણા સતપંથ ધર્મ ઈમામશાહે હિન્દુઓને વટલાવીને મુસલમાન કરવા માટે જ ઉભો કર્યો છે. એટલું જ નહીં પણ દુનિયાના બધા ધર્મો અને ધામ ખોટાં છે. ફક્ત ઈમામશાહની આલ કે જેઓ પીરાણાના સૈયદો છે, તેના પગ પુજીએ તો ભેસ્તમાં જવાય. આવી ચોખ્ખી તમારા ગોરનર ઈમામશાહની આજ્ઞા છે. છતાં તમો પીરાણા સતપંથના ગુરૂ થઈને તમારા આધ્યગુરૂ ગોરનરની આજ્ઞાનો ભંગ કરી ફોગટ સૈયદોની સાથે તકરારમાં ઉતર્યા છો. જેથી તમારા ગોરનરની આજ્ઞાનું તમે ઉલ્લંઘન કરો છો. તેથી તમને ભેસ્ત તો નહીં જ મળે. એટલું જ નહીં પણ તમારા ગોરનરની ઈચ્છા હિન્દુઓને વટલાવી મુસલમાન કરવાની હતી તે વાત તમે જાણો છો છતાં તમારા જાતભાઈઓ તેમજ બીજી અનેક હિન્દુ જ્ઞાતિઓ પીરાણા સતપંથને હિન્દુ ધર્મ માની ફસી પડી છે તેને તમો ઈરાદાપૂર્વક ફસાવી રહ્યા છો. એ પાપ જો તમે હિન્દુ ધર્મ કેવડાવતા હો તો ભગવાન જરૂર નહીં જ સાંખે. કાકા લખમણ કરમશીને હું ચેલેન્જ કરીને કહું છું કે પીરાણા સતપંથ ધર્મ હિન્દુ ધર્મ તો નથી જ, પરંતુ મહાન હિન્દુ આર્ય ધર્મનો કટ્ટો વિરોધી, હિન્દુ ધર્મના દેવ-દેવીઓ મંદિરો તીર્થસ્થળો અને મહાન ધર્મ ધુરંધર મહાત્માઓના ઉજ્જવળ ચારિત્રોને કલંકરૂપ બનાવનાર પીરાણા સતપંથ ધર્મ છે. પીરાણા સતપંથ ધર્મમાં હિન્દુ ધર્મનું સત્યનાશ વાળવાના કલમાઓ પડાએ **એવા પાખંડી ધર્મને હિન્દુ ધર્મ**

કહેનારે પોતાની જાત મુસલમાનોને વેચી છે તે સિવાય તેને બીજું કંઈ પણ ન કહેવાય. ઈમામશાહી પીરાણા સતપંથમાં દશમો **નકલંકી** અવતાર આવે છે, તેમાં ઈમામશાહ જણાવે છે કે

જે કોઈ આ દુનિયામાં **પથ્થર મુરતીની** પૂજા કરે તે બહુત પૂજા પાખંડ દેવળ દેરામાં ધરે, હુંડીપત્રીને પથ્થર મૂર્તિની પૂજા કરે તે મુવા પછી સવાપોર લગી છાતી ઉપર લઈને ફરે, જે કોઈ ઈઆં દુનિયામાં **તીરથપાણીની** જાત્રા કરે, તેણે દિન સવાપોર લગી મુવા પછી નતનત પાણીમાં **ડુબી મરે.** જે કોઈ આજ આ દુનિયામાં **બ્રાહ્મણ જોગી સેવડા સન્યાસીની પૂજા કરે** તે મુવા પછી દિન સવાપોર લગી ખાંધે લઈને રડવડતા ફરે. જે કોઈ આજ દુનિયામાં **ગાય પીપળાને** પૂજશે તે મુવા પછી સવાપોર લગી ગાય અને પીપળાને છાતી ઉપર લઈને ફરશે. જે કોઈ માણસ આ દુનિયામાં વ્રત અને અપવાસ કરશે તે મુવા પછી **લાકડાં** અને **ઘાસ** વેંચીને ભુખે મરશે. જે કોઈ આજ દુનિયામાં ગોર ઈમામશાહના જપ પીરસાહની પૂજા કરશે તેને સ્વર્ગમાં અનેરા સુખના ફળ મળશે. જે કોઈ ગોરનીઆલ સૈયદોને જમાડશે અથવા દાન આપશે તેને ગોર ઈમામશાહ ઈઆંને ઈઆં સોગણું પાછું આપે – સહી.

કાકા લખમણ કરમશી તથા સતપંથના ભાવિક ભક્તોને હું પૂછું છું કે ઉપર બતાવ્યો તે ઈમામશાહે દશમો નકલંકી અવતાર તમારી મુક્તિ માટે રચેલો. એ તમારા નકલંકી અવતારમાં ગાય **પીપળો દેવસ્થાન તીરથ સ્થળને** ન માનવાનું ચોખ્ખું ફરમાન છે. છતાં તમારો સતપંથ હિન્દુધર્મ છે એમ કેતાં તમે શરમાતા પણ નથી. તે સિવાય આર્ય હિન્દુઓનું સખ્ત અપમાન કરવાવાળો પીરાણા સતપંથનો નવમો **બુદ્ધા અવતાર જે** તદ્દન ગપગોળાથી ભરપુર તેમજ ધર્માવતાર **પાંડવો** જેઓ **શ્રીકૃષ્ણપર્રભુ ગૌપાલક ગોપાલના** જેઓ ખાસ ભક્ત હતા તેમણે પીરાણા સતપંથ ધર્મે કેવી ભુંડી દશામાં ચીતર્યા છે. **જે વાંચી એકેએક હિન્દુનું હૃદય કકળી ઉઠ્યા સિવાય રહેજ નહીં,** તેવી દશામાં પાંડવોને એ પીરાણા પાખંડી સતપંથમાં કેવી રીતે સંડોવ્યા છે. જેનો ટુંક સાર આ પ્રમાણે છે. ઈમામશાહી બુધા અવતારના સ્વરૂપની ઓળખાણમાં જણાવ્યું છે કે બુધ ભગવાનનું મોઢું ગોળ પગ વાંકા અને શરીરે કદરૂપાનો વેશ લઈ પાંડવો જ્યાં રાયસુયજ્ઞ કરતા હતા ત્યાં આવ્યા. મુખ્ય દરવાજે ભીમની ચોકી હતી તેથી આવા કદરૂપા શરીરવાળા બુધને અટકાવી ભીમે પૂછ્યું કે તું ક્યાં જાય છે? ત્યારે બુદ્ધે જણાવ્યું કે મને ભૂખ લાગી છે. તેથી રાજા ધર્મની પાસે જાઉં છું. ભીમે કહ્યું કે રાજા યજ્ઞ કરાવે છે અને બ્રાહ્મણો વેદ ભણે છે. ત્યાં તારા જેવી અપવિત્ર વ્યક્તિને જવા નહીં આપું. તું કોઈ પાપી માણસ છે. માટે તારે યજ્ઞમાં જવું નહીં, ત્યારે બુદ્ધે કહ્યું કે ભીમ, હું પાપી નથી પરંતુ જે બ્રાહ્મણો યજ્ઞ કરાવે છે, તે બધા અશુદ્ધ અને પાતકી છે. અવતાર પાત્રને જે જાણતા નથી. માત્ર પેટ ભરવાની ખાતર ઠાલા ઠાલા વેદ વાંચે છે. આજે તો હવે **બ્રાહ્મણમાંથી બ્રહ્મા ગયા તે ગુરૂ બ્રહ્માજીનું રૂપ તે નબી મહંમદ થયા છે.** એ બ્રાહ્મણો અથરવેદને જાણતા નથી અને ત્રણ યુગના વેદને જાણે છે તે આજે ચંડાળ સરખા છે. તે બહુજ વેદ વાંચે ને **અડસઠ તીર્થની જાત્રાએ જાય અને નીતનીત ગંગામાં નાય, આજ પથ્થર મૂર્તિની પૂજા કરે તે ચંડાળ પાક શી રીતે થાય?** આ પ્રમાણે ભીમ સાથે બુદ્ધે વાત કરવાથી, ભીમને આ બુદ્ધની વાતમાં ભારે શંકા થઈ. ને મનમાં જાણ્યું કે આ કોઈ દેવમૂર્તિ છે. તેથી ભીમે કહ્યું કે મહારાજ તમે ઉભા રહો, હું રાજા ધર્મને તમારી વાત કરું છું. એમ કહી ભીમ તેને દરવાજે ઉભા રાખી ધર્મરાજાની સાથે વાત કરી, કે મહારાજ કોઈ મહાન પુરૂષ દરવાજે ઉભા છે. તે અગમ નીગમની વાતો કરે છે. શરીરે કદરૂપા, પગ વાંકા, ગળતકોડ શરીરે વહે છે. આવી જ્યારે ભીમે વાત કરી,

ત્યારે ધર્મરાજાએ પાંચે પાંડવ સાથે સહદેવને પૂછ્યું કે ભાઈ એ કોણ છે. ત્યારે સહદેવ જોશીએ કહ્યું કે બુદ્ધ અવતાર તે શ્રીકૃષ્ણજી થયા છે. માટે તમે જગનને મૂકીને મળવા જાઓ. આવો પ્રસંગ ફરી નહી મળે, આમ જ્યારે સહદેવ જોશીએ કહ્યું ત્યારે સઘળા બ્રાહ્મણો બોલી ઉઠ્યા કે મહારાજ, એવા ચંડાળનું મુખ જોવામાં પાપ છે. માટે તમે ત્યાં ન જશો. એટલે ભીમે બ્રાહ્મણોના હાથ જાલી બાર કાઢ્યા અને પાંડવો તો બુદ્ધ ભગવાનને મળવા ગયા અને બ્રાહ્મણોએ દેવને ઓળખ્યા નહીં. **તેથી આજ કળયુગમાં ભીખ માગીને પેટ ભરે છે.** પાંડવોએ બુદ્ધનાં દર્શન કર્યા અને સમજ્યાં કે આપણા પાપ સર્વે ગયાં અને આપણો યજ્ઞ પૂરો થયો. ધર્મરાજાને બુદ્ધે કહ્યું કે રાજા ધર્મ, તમે યજ્ઞ શા માટે કરો છો, ત્યારે ધર્મે કહ્યું કે પાપ ઉતારવા માટે. બ્રાહ્મણોના કહેવાથી, ત્યારે ભગવાન બુદ્ધે કહ્યું, કે જો તમોને પાપ ઉતારવું હોય તો **ઈમાન** રાખો અને **ગાયને વરોધો તો તમે વૈકુંઠમાં જશો.** ત્યારે પાંચે પાંડવે સ્વામી બુદ્ધનું કેવું કબુલ કર્યું અને ગાયને કાપ્યાનો વિચાર નક્કી કર્યો એટલે પાંડવો કામધેનું ગાયને લાવ્યા. કામધેનું ગાયે બુદ્ધનું વિકરાળ સ્વરૂપ દેખી પાંડવોને કહ્યું કે તમો આ ચંડાળના કહેવાથી મારો વધ કેમ કરો છો, હિન્દુ આર્યધર્મની સઘળી દુનિયા ગાય બ્રાહ્મણને પુજે છે અને તમે આ પાપીના કહેવાથી મને મારો છો માટે કંઈક વિચાર કરો. ચંડાળ અને પાપી વિગેરે શબ્દો બુદ્ધને કહેવાથી ગાયને બુદ્ધ ભગવાને શ્રાપ આપ્યો કે અત્યારે ગળું કપાવીને કળજુગમાં તું વિષ્ટા ખાજે, આ પ્રમાણે કામધેનું ગાય અને બુદ્ધ ભગવાનનો સંવાદ થયો અને **પાંચે પાંડવોએ મળીને ગૌવધ કીધો. ગાયનું માથું રાજા ધર્મે માથે લીધું અને ચાર પગને ચારે ભાઈએ માથે ઉપાડ્યા. ગાયનું ચામડું સતી દ્રોપદીએ ઓઢ્યું,** એટલે બુદ્ધે કહ્યું કે તમે હસ્તીનાપુરના બજારમાં નીકળો ગાયનું લોહી વહે જાય છે અને પાંડવો મુખે બુદ્ધ ભગવાનનું નામ જપે જાય છે. હસ્તીનાપુરમાં હોહાકાર થઈ રહ્યો અને પાંડવોની લોકો નિંદા કરવા લાગ્યા. તેથી પાંડવોનું પાપ ઉતરી ગયું અને પાંડવોના મુગટ સોનાના થયા. એથી લોકોને અચંબો થયો કે, આ તો પાંડવોના મુગટ સોનાના થયા. તેથી પહેલાં બ્રાહ્મણો કે જ્યાં ગાય કાપી હતી ત્યાં ગયા અને ગાયની જે **આંતરડી** પડી હતી, તે ઉપાડી આવ્યા અને તે **આંતરડીની જનોઈ કરીને ગળામાં ઘાલી.** તેથી ભાઈઓ આજ કળજુગમાં **બ્રાહ્મણની જનોઈ તે ગાયની આંતરડી છે.** એમ તમે જાણો. બાકી બ્રાહ્મણની વેળા તો વહી ગઈ. જ્યાં પાંડવોએ ગાય કાપી હતી, ત્યાં યોગી લોકો દોડ્યાં. તેને શીંગડાં હાથ લાગ્યા જેથી જોગીઓ ફોગટ **સીંગી ગળામાં નાખે છે.** આજ કળજુગમાં જોગીની વેળા તો ચાલી ગઈ છે. ત્યાર પછી જ્યા ગાય પાંડવોએ કાપી હતી ત્યાં **અબદુત** લોકો દોડ્યા તેને **ગૌચાંમ** હાથ લાગ્યા તે લાવ્યા. ભાઈ આજ અબદુતની વેળા તો વહી ગઈ બાકી ફોગટ ચાંબડાં કેડે બાંધે છે સહી, ત્યાર પછી જ્યાં પાંડવોએ ગાય કાપી હતી, ત્યાં **વૃત પાળવાવાળા** લોકો ગયા તેને પૂંછડું અને આંચળ મળ્યા તે આજ કળયુગમાં **વૃતની વેળા વહી ગઈ છે. જેથી મૂર્ખ લોકો ગાયના આંચળને અને પૂંછડું દોવરાવે છે.** જ્યાં ગાય કપાણી હતી ત્યાં બ્રાહ્મણ અને કણબીની છોકરીઓ દોડી ગઈ, તેને ગાયનું છાણ હાથમાં આવ્યું તેથી આજ કળયુગમાં કણબી તથા બ્રાહ્મણની છોડીઓ **છાણ મેળે છે**, ત્યાર પછી કેટલાક **ક્ષત્રિય** અને **વૈસ્ય** લોકો **ગાય કપાણી હતી** ત્યાં ગયા, આજ કળયુગમાં ફોગટ ગાયની પૂજા કરે છે અને સંસાર એળે ગુમાવે છે. જો તમે આજ પીરાણા સતપંથ અથરવેદને શોધો તો મળે **દેવ દસમો અવતાર નબી મહમદનો** ત્યાર પછી પાંડવોએ બુદ્ધ સ્વામીજીને કહ્યું કે કળયુગમાં કળી કાળમાંથી ઉગરવાને અમને રસ્તો બતાવો, ત્યારે બુદ્ધ સ્વામીજીએ કળજુગનું કેટલુંક વર્ણન કર્યું અને કહ્યું કે તમે હેમાળે શરીર ગાળો, ત્યારે પાંડવોએ કહ્યું કે પ્રભુ તમારા વગર અમારાથી કેમ રહેવાય, ત્યારે બુદ્ધે કહ્યું કે કળયુગમાં

હું ગુપ્ત રૂપે રહીશ ત્યારે પાંડવોએ કહ્યું કે તમારા ગુપ્ત આવાસનું ઠેકાણું કહો, ત્યારે બુદ્ધે કહ્યું કે પશ્ચિમ દિશામાં **આરબદેશ** ત્યાં હું દસમો મનુષ્ય અવતાર લઇશ અને ભરતખંડમાં **જંબુદીપે કુવારકાં ક્ષેત્રે ઈમામપુરી કેતાં પીરાણામાં ગુરૂ બ્રહ્મા રૂપે હું ગુપ્ત રહીશ. કળયુગમાં ગુરૂ બ્રહ્માનું નામ નબીમહમદ રૂપે છે.** તેને ગાફલ દુનિયા નવ જાણે કોય બીજું ઠેકાણું ગુરૂ બ્રહ્માવીસનું મહેશ રૂપે ત્રણે કાળ લઈ ગુરૂ નબી મહંમદ ફરશે સહી. તેને ગાફલ દુનિયા જાણે નહીં, જ્યાં કહ્યા બુદ્ધ સ્વામીએ **ગુરૂ બ્રહ્મા, નબી મહમદના ઠામ** ત્યારે પાંચે પાંડવ લાગ્યા પાયે, ત્યારે સ્વામી બુદ્ધ દેવ બોલ્યા કે, અમારું ત્રીજું ઠેકાણું જ્યાં **ખાનામાં ગત એકાંત જ હોય** નીતનીત **અમી પીએ** જે કોય. ત્યાં નીત્ય નિત્ય વાસ અમારો હોય અને બુદ્ધ સ્વામી બોલ્યા કે, તમે જ્યારે જ્યારે યાદ કરશો ત્યારે તમારી સમીપ હું હાજર રહીશ. એમ કહી પાંડવોને પોતાના આવાસ મોકલ્યા. એટલે બુદ્ધ સ્વામીની પાસે **અડસઠ તીર્થ આવ્યા,** કે પ્રભુ તમારા વગર અમથી કળયુગમાં કેમ રહેવાય, માટે અમે ક્યાં જઈએ? કારણ કે કળયુગમાં મનુષ્યો પાપ કરીને તીર્થ સ્નાન કરે, તેના પાપ અમ શીર ચડે, તેથી અમે તમારા વગર નહીં રહીએ, ત્યારે બુદ્ધ સ્વામીજીએ કહ્યું કે હું કળયુગમાં પ્રગટ નહીં રહું, પણ ગુપ્તવાસ રહીશ, મારું ઠેકાણું પશ્ચિમ દિશા એરાંકખંડમાં, હું મનુષ્યરૂપે દશમો અવતાર લઈશ. તમો સઘળાં તીર્થ બ્રહ્માજીએ સ્થાપ્યાં છે. માટે તમે કળયુગમાં ગુરૂ **બ્રહ્મા નબીમહમદની કળામાં** જઈ રહેજો. જંબુદ્વીપ નગરીમાં ગુરૂ હસનશાહ રહે તે ગુરૂ નબીમહમદ અંતે કહે, જે ગુરૂના ગરમાં તપસી ફકીરી તેને જોઈ લેજો. ગાફલ દુનિયા તેને જાણશે નહીં, **આજે કળયુગમાં, ઈમામપુરીમાં ગંગુ આ કુવામાં અડસઠ તીર્થ આવી રહ્યા છે.** બુદ્ધ સ્વામીના વચન સાંભળી તીર્થ સૌ ખુશી થયા અને ગંગુઆ કુવામાં ગયા, ત્યાર પછી બુદ્ધ સ્વામીજી પાસે **ભૈરવ ભુત પ્રેત** વિગેરે આવ્યા અને કહેવા લાગ્યા કે પ્રભુ તમે જ્યારે ગુપ્ત રહેશો? ત્યારે અમારું કળજુગમાં શું થાશે? તમારા વગર અમે કેમ રહી શકીએ, ત્યારે બુદ્ધ બોલ્યા કે, આજ કળજુગમાં **અડસઠ તીર્થ તથા દેવ મંદિરોમાંથી સૌ ચાલી ગયા છે અને ઈમામપુરીમાં ગયા છે,** જેથી તેના ઘર ખાલી છે માટે તમે સૌ ભેરવ ભુતપ્રેત વિગેરે તીર્થસ્થળમાં જાઓ અને પરચા પુરજો, ભોળી દુનિયા તમને માનશે. **આજ કળજુગના ભૂલ્યા લોકો ફોગટ તીર્થ જાત્રાએ જાય છે. દંડ મુંડ દેવરાવી ફોગટ હેરાન થાય છે. પથ્થર મૂર્તિ દેવળ દેરામાં જે પુજા થાય તે સર્વે સ્થાને ભૂત પ્રેતની પૂજા થાય છે.** આજ કળયુગમાં સતપંથ અથરવેદની રચના વિના જે પુજા થાય છે તે સર્વે ભૂત પ્રેત ખાઈ જાય છે. આજ કળયુગમાં ગુરૂ નબીમહમદ હાજર ઈમામને ગાફેલ દુનિયા નવ જાણે કોય અને ફોગટ ફાંફાં મારે છેઅને **પથ્થર મૂર્તિ અને મંદિરોમાં ઠાલા ઠાલા સમજ્યા વિના ભૂતપ્રેતોને પગે લાગે છે.** પરંતુ સાચા સતગોરના ગરને કોઈ જાણતું નથી આ પ્રમાણે બુધ ભગવાને કહીને ભૈરવ ભૂત પ્રેતાદીને રવાના કર્યા.

આ પ્રમાણે હિન્દુ ધર્મ કર્મનું, તેમજ હિન્દુઓના દેવ તેમજ તીર્થસ્થળનું, ભારેમાં ભારે અપમાન કરનારો પીરાણા સતપંથનો કહેવાતો બુદ્ધાઅવતારનો તો આ ટુંક સાર મેં કહ્યું જે ઉપરથી દરેક હિન્દુ ભાઈઓ, તેમજ અમારા જ્ઞાતિ ભાઈઓને ઉપરની હકીકતથી એટલી તો સમજણ પડી જ હશે કે પીરાણાનો ધર્મ એ હિન્દુ ધર્મ તો નથી જ. એ પંથની કોઈ પણ ધાર્મિક ક્રિયાઓમાં હિન્દુ ધર્મનો છાંટો સરખો પણ દેખાતો નથી. ક્યાંથી હોય? હિન્દુઓને પોતાના પંથમાં ટાળી દઈ મુસલમાની રાહત ઉપર કેમ સરળતાથી લઈ જવાય અને તેમને બાદશાહી સત્તાના જુલ્મી દોરથી વટલાવી ન શકાય તો બીજો માર્ગ ક્યો હોઈ શકે એનો ઈમામશાહે બહુ વિચાર કરેલો અને એ બીજા માર્ગની યોજના એનું નામ જ પીરાણા સતપંથનો ધર્મ અને એ સતપંથના શાસ્ત્રો પણ એજ અને એની ક્રિયા

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

પણ કોઈ પણ જાતના જોર જુલમ સિવાયની ભોળા હિન્દુઓને માટે, બંધબેસતી આવે તેવી. તે ઉપરાંત એક ખાસ વેપારી દષ્ટિ પણ ઈમામશાહે વાપરી છે. ઈમામશાહના જમાનામાં ગુલામીનો ધંધો ચાલતો ત્યારે ગુલામ ખરીદનાર શેઠ લોકો ગુલામ મેળવી આપનાર દલાલોને, ગુલામની કિંમત કરતાં દલાલીની રકમ ઘણી ભારે આપતા, એજ પ્રમાણે પોતાનો હિન્દુ ધર્મ છોડી મુસલમાની રાહતના વાડામાં પુરાવાનું કોઈ માણસો પસંદ કરે નહિ. ત્યારે તે વાડામાં હિન્દુઓને હાંકી લાવનાર લોકોને આગેવાની આપવી અને તેમનું પણ પેટ સારી રીતે ભરાય તો જ પીરાણા પંથની જમાવટ થાય, એ વાત ઈમામશાહને બરાબર સમજાયેલી અને એ વાત કેવી સ્પષ્ટ રીતે જણાઈ આવે છે? જુઓ તો ખરા ! સૈયદો અને ઘણા લેખકો ખુલ્લી રીતે કહે છે કે પીરાણા પંથ એ હિન્દુ ધર્મ નથી. પીરાણા સતપંથને માનનારા હિન્દુ નથી પણ મુમના છે ! છતાં ઈમામશાની યોજનાના પ્રતાપે પેટ ભરી ચલાવતા અને જ્ઞાતિભાઈઓના ઉપર એ મુમનાપણાના ડામ દેવા, નિમાયેલા ખાનાના મુખીઓ અને તેમના સાથીઓ કહે છે કે, પીરાણા ધર્મ હિન્દુ ધર્મ છે? આ ડામ દેનાર મુખીઓના શિરોમણી કાકાશ્રી કોર્ટમાં, પોતાના બચાવ અર્થે કેટલું હડહડતું જુઠું બોલે છે એ તો આપણે જોઈ ગયા. એક વાત વાંચકો સમક્ષ મારે ખાસ કહેવી જોઈએ. બિચારો કાકો કોર્ટમાં કહે છે કે સ્વધર્મ વર્ધક મંડળ જેવું કોઈ મંડળ છે કે નહિ તેની એને ખબર નથી ! દરેકે દરેક ભાઈઓ જાણે છે કે સુધારાવાળાને પાછા હઠાવવા અને તે સુધારાવાળા જે મંડળને પોતાના ગુરૂ મંડળ જેવું માને છે તે મંડળને પછાત પાડવા એજ લખમણ કાકો કચ્છમાં આવીને કેટલીવાર ઉઘરાણાં કર્યા છે, છતાં એ સ્વધર્મ વર્ધક મંડળની તેને જે ભીતી માની લીધી છે તે તો દિવસે દિવસે વધતી જ જાય છે અને સુધારકોના પ્રહારથી બિચારા કાકાની એવી સ્થિતિ ઉભી થઈ છે, કે હવે પીરાણામાં ઈમામશાહના બેટા થઈને બેસવાનો જમાનો એના માટે વહી ગયો છે, કાકા જાતે કણબી હોવાનું જણાવે છે છતાં ખાય છે કાછીયા, ગોલા, કોળી, ખારવા વગેરે જેવી ઉતરતી કોમોનું? ત્યારે એ કણબી નથી એ તો ચોક્કસ જ છે. બિચારાને એવું તો કહી દેવું જ પડ્યું અને તે પણ કોર્ટમાં કે :- કણબી સાથે બેસીને જમવાનું હમણાંથી તો મને યાદ નથી ! પણ જેનું તેનું ખાઈને આ ઉતરી ગયેલ કાકો, કચ્છના અજ્ઞાન કણબીઓ સાથે બેસીને જમે છે અને કણબીને મુમનાપણાની સણંદો આપતો જાય છે. એ ક્યા ભાઈથી જોઈ શકાય ! કોઈ પણ ભાઈ એ વાત ખુશીથી તો નજ સહન કરી શકે ત્યારે આ પોલ નભે છે કેમ કે તેનો એક જ જવાબ છે અને તે એ કે સ્વાર્થી આગેવાનોના દબાણથી તેમની સહેથી અને ગમે તેવા ડાહ્યા શાણા ધંધાદારી કે નોકરીયાત દેશપરદેશમાં જઈ આવેલા છતાં નાતના આગેવાનોની આગળ ગુલામી દશા ભોગવતા ભાઈઓના મનની નબળાઈથી જ. કાકા લખમણને સુધારકોને પાછા હઠાવવાના બહાને નાતમાંથી નાણાં કઢાવવાનું એક નવું બહાનું હાથ આવ્યું છે. મુખીઓ અને આગેવાનો તો નાતમાંથી નાણાં ઉઘરાવવાનો પ્રસંગ જ શોધતા બેઠા હોય છે ! કાકાની સાથે વાત મેળવી કે તુરત ઉઘરાણું શરૂ થાય અને તેમાં કાકા ભત્રીજાના પેટ ભરાય ! આ સ્થિતિ બીજાઓને ગમે તે પ્રકારે સહન થઈ શકતી હોય પરંતુ તેને હું અંતઃકરણથી મારા ભાઈઓ જ સમજું છું તેમને મુમના બનાવી રાખવા ઉપરાંત તેમની મિલકતો ઉપર જે આ પ્રકારે એ લોકો હક્ક, લાગા ઠોકતા જાય છે તે મારાથી જોયું જતું નથી એટલું જ નહિ પરંતુ મુશ્કેલીએ પોતાનું ગુજરાન ચલાવતા ભાઈઓને કુટુંબના માણસોની ખાસ જરૂરી ચીજો લેવાનું મુલત્વી રાખી એ લાગા ભરવાની ભીતીમાં ફસાયેલા જોઉ છું ત્યારે તો ખરેખર મારા દુઃખનો અવધિ આવી જાય છે.

બંધુઓ ! પોલનું પુસ્તક તો હું બહાર પાડવાની તૈયારીમાં જ છું પરંતુ કેટલાક ભાઈઓ તો એ પુસ્તકનો લાભ સીધી રીતે લઈ શકે તેમ નથી, તેમના માટે મારે તાકીદે શું કરવું જોઈએ તેનો મને ખ્યાલ આવવાથી, આ એક પ્રાસ્તાવિક નિબંધ બહાર પાડવાની મને જરૂર દેખાઈ છે અને તે સાથે :

લક્ષ્મણકાકાને નીચે પ્રમાણે હું ચેલેન્જ કરું છું કે,

૧ તમે જન્મ વખતે કદાચ કડવા પાટીદાર હશો પણ હવે કણબી કે પાટીદારની નાતમાંથી વટલીને તમે ઉતરી ગયેલા છો, મુમના સિવાયના કચ્છ કે ગુજરાતના કણબીઓ તમને કોઈ દિવસ સાથે બેસાડી જમાડે જ નહિ એટલે તમારા કહેવા પ્રમાણે તમે કડવા કે લેવા કણબી હવે નથી રહ્યા.

૨ પીરાણા ધર્મ એ હિન્દુ ધર્મ નથી. હિન્દુ ધર્મની અનેક શાખાઓ છે તેના ધર્મ ગુરૂઓ પણ છે અને તે કોઈ ઈમામશાહ ચલાવેલા તમારા પંથને હિન્દુ ધર્મ તરીકે સ્વીકારતા જ નથી.

૩ જે કણબીઓને તમારા ઈમામી મિશનની પુરેપુરી માહિતી નથી તેમને તમે પીરાણા પંથ એ હિન્દુ ધર્મ છે એમ ખોટી રીતે મનાવો છો અને કચ્છના અમારા જ્ઞાતિ ભાઈઓના પૈસાની એ મુમના પંથમાં ઉપયોગ કરો છો, તે ઘણી વખતે તમારું કાકાપણું ટકાવી રાખવા અને કચ્છના કણબીઓને મુમના બનાવા અને મુસલમાની રાહત ઉપર લઈ જવા જ અત્યાર સુધી વાપરતા આવ્યા છો.

૪ ઉપર જણાવેલા ત્રણે આક્ષેપ તદ્દન જુઠા છે એવું તમે કોર્ટ મારફત અથવા સનાતન હિન્દુ ધર્મના આચાર્યો મારફતે એટલે હિન્દુ ધર્મ શાસ્ત્રોની રાહે સાબિત કરી આપો તો હું રૂા.૧૦૦૦૦ (દશ હજાર) આપને આપવા તૈયાર છું અને એ વાત તમે જો ન સાબિત કરી શકો તો રૂપિયા દસ હજાર તમારે મને આપવા માટેની જવાબદારી માંથે સ્વીકારીવી જોઈશે. નહીં તો હવે પછી :-

ઉપર જણાવેલા આક્ષેપો તમને કબુલ છે એમ અમારા સુધારકો અને અમારું મંડળ માનતું આવ્યું છે તે વાત તમને જાહેર રીતે માન્ય છે એમ દરેક જણને માનવાનું ચોક્કસ થઈ જશે. આ ચેલેન્જનો જવાબ આ નિબંધ તમને પહોંચ્યા પછી એક મહિના સુધીમાં આપવાની તમને છુટ છે.

વાંચક બંધુઓને કદાચ મારી આ ચેલેન્જમાં મારું કંઈક ગર્વ પણું કે ઉદ્ધતપણું ન દેખાય તે ખાતર એક જ્ઞાતિ સેવક તરીકે મારે લખમણ કાકાને કંઈક વિનંતી કરવાની છે અને તે એકે-અત્યાર સુધીમાં તમે જાતે અને બીજાઓની મારફત કણબી ભાઈઓના ઉપર જે કંઈ માઠી રીતભાત ચલાવી હોય તેનો પશ્ચાતાપ કરી એક સાચા હિન્દુ તરીકે હિન્દુ શાસ્ત્રોક્ત રીતે તમારે માટે જે કંઈ પ્રાયશ્ચિત હોય તે લેવું અને ભવિષ્યને માટે કચ્છના કણબીઓનો ઉદ્ધાર થાય અને અન્ય વિભાગના પોતાના જ્ઞાતિ ભાઈઓ સાથે બેસીને જમી શકે, હળીમળી અનેક પ્રકારના સંબંધોથી જોડાઈ શકે એ પ્રકારની તેમને સગવડ કરી આપવાના દરેક પ્રયત્નો કરવા એમાં આપનું ભુષણ છે એજ સન્માર્ગ છે, કણબી જ્ઞાતિમાં આપે જન્મ ધારણ કરવાનું એજ સાર્થક છે. આપ એ વાત જો ધારો તો કરી શકો તેમ છો. આપને શું એ વાત મારે કહેવાની કે સમજાવવાની હોય કે પીરાણા પંથ અને ઈમામશાહી ગાદી કે કબરો રોજા અથવા સૈયદોનો ભેળી સાળો કણબી જ્ઞાતિમાં કેવી રીતે ઘટાવી શકાય ! ખાનાની ક્રિયાઓને હિન્દુ ધર્મશાસ્ત્રોમાં કેવી રીતે ઘટાવાય? શું તેમાં એક અંશ પણ હિન્દુપણું ક્યાંય છે ! ક્યાંય નથી. ચોખ્ખી રીતે હિન્દુઓને વટલાવવા જે એ બધા માર્ગો તમારા પવિત્ર થયેલા હૃદયમાં દેખાવા જોઈએ અને આપને એમજ દેખાય એવી હું પ્રભુ પાસે **પ્રાર્થના કરું છું.**

સાથે સાથે મારે દિલગીરીપૂર્વક અમે પણ આપને ના છુટકે બળતા હૃદયે કહેવું પડે છે કે જો આપ એટલું ન કરી શકો તો તમે જે પંથને માનો છો અને મનાવો છો તે હિન્દુ ધર્મ નથી અને ચોખ્ખો મુસલમાની રાહત ઉપર લઈ જવાનો ધર્મ છે, એમ તમારા સંબંધમાં જે કોઈ આવે તેને સમજાવવું અને તેવો ખુલ્લી રીતે ઈકરાર કરી દેવો.

કચ્છ દેશમાંના કડવા પાટીદાર જ્ઞાતિમાં કહેવાતા આગેવાનો પ્રત્યે

કચ્છના પીરાણા સતપંથી કણબી જ્ઞાતિમાંના કહેવાતા **જુલ્મી** આગેવાનોને મારી નમ્રતાપૂર્વક વિનંતી એ છે કે, તમોએ પીરાણા પંથના નામે જ્ઞાતિના ગરીબ ભાઈઓ પાસેથી જોર જુલ્મથી ધર્માદા દશોંદ નામે નાણાં ઉઘરાવી એ નાણાંનો તમોએ તમારા પોતાના ખાનગી કામકાજોમાં તેમજ તમારા સ્વાર્થ માટે તમો કેટલો બધો દુરુપયોગ કરી રહ્યા છો, તે હવે તમો આ લેખથી તો જરૂર સમજ્યા હશો. તમને કદાચ સમજવું ઠીક ન લાગે કારણ કે તમારો સ્વાર્થ ટળી જાયે એમ છે પરંતુ દુનિયાના લોકો તો જરૂર સમજશે જ અને તમારા પાપી કાર્યોને ધિક્કાર છે જ. તમોએ જ્ઞાતિની પટેલાય કરવામાં તેમજ આગેવાન ગેઢેરા થવામાં જ્ઞાતિના એક પણ ભાઈનું ભલું કર્યું છે? અથવા તો જ્ઞાતિને શુદ્ધ ન્યાય આપ્યો છે. એવો એક પણ **દાખલો** તમારી કારકિર્દીના ઈતિહાસમાં શોધ્યો મળે તેમ નથી. તમોએ જ્ઞાતિમાં ચુકાવેલા ન્યાયના નાટકોમાં એક પણ વાત ભલમનસાહીની કે નીતિની નજરે પડતી નથી. તમારા કુકર્મોના ઈતિહાસોના પાના વાંચતા કંપારી છૂટે છે. આવા દેખાતા જમાનામાં અત્યારે **સ્વતંત્રતા** અને **સ્વમાનની** લડતો ચાલે છે ત્યારે તમો હજુ તમારા **સ્વાર્થ** માટે પીરાણાના **પાખંડી** મનને બળબરીથી જ્ઞાતિને પળાવવામાં કેવો જુલ્મ કરો છો. જ્ઞાતિનો કોઈપણ ભાઈ સતપંથની અમુક ક્રિયા કરવાની ના કહે અથવા તો પીરાણા સતપંથમાં વપરાતી ભ્રષ્ટાચારવાળી ગોળી પીવાની ના કહે, તેને તમે તરત નાત બહાર કરો છો. તમારું મન ન મનાવ્યું હોય અને કોઈ જ્ઞાતિના ભાઈએ પુનર્લગ્ન કર્યું હોય તો તમે તોડાવી નાખો છો અથવા હજારો કોરીઓ દંડ પણ લો છો. એ કચ્છની કણબી જ્ઞાતિની ગુલામી દશાની પણ અવધિ છે.

તમોએ આજ દિવસ સુધીમાં ઘણા અન્યાયો અને જુલ્મનો ત્રાસ જ્ઞાતિ ઉપર વર્તાવ્યો છે. તેમાં પણ મુખ્ય નખત્રાણાવાળા **લધા નાગજીનું** ઘર ધોળે દિવસે ફાડીને **ચોર ડાકુ** પણ એવું કામ ન કરી શકે તેવું તમોએ નખત્રાણા કોર્ટની દરકાર કર્યા સિવાય રાજ્યની સમાધાની તોડવાના **ગુનાને** ભુલાવી દે તેવો ગુનો કરી લધા નાગજીની મેડી ફાડીને કન્યાનું હરણ કરેલું એ વાત જગજાહેર છે. લધા નાગજીને વિરાણીના ખાનામાં કેદ કર્યો. લધાના છોકરાને ગધેડે બેસાડી વિરાણી ગામની બજારમાં બળજબરીથી ફેરવ્યો એટલું જ નહીં પણ બળજબરીથી લધા નાગજી પાસેથી કોરી **૩૫૦૦** દંડ લીધો અને છેવટે આ ગુનાની ફરિયાદ **લધા નાગજી** કોર્ટમાં ન કરે એવું તમે લધા નાગજી પાસેથી લખાવી પણ લીધું. તમો આગેવાનોએ કણબી જ્ઞાતિને નીચું જોવડાવાના કાર્યોમાં બળજબરીથી દેરવટાં કરાવ્યા અને તોડાવ્યા. તમો કહેવાતા આગેવાનોએ નાતના સખ્ત વિરોધ છતાં કરમશી ગેઢેરાની સરદારી નીચે એકજ કુટુંબી ભાઈ બેનના લગ્ન જોડ્યા અને તોડ્યા. તમો કહેવાતા આગેવાનોમાંના એકને કોટડા ગામમાં એક હજામ સાથે તકરાર થવાથી કોટડા ગામની હજામની નાતને એક જ માણસના મમતથી બોયકોટ કીધી. તેથી કણબી ભાઈઓની હજામત કરવા કણબીઓને જ હજામનો ધંધો ફરજિયાત કરવાની તમે બળજબરીથી ફરજ પાડી.

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

હજામતના હથિયારોની ભાની બગલમાં ગાલી કણબીઓ વાડીએ વાડીએ વત્તાં કરવા નીકળ્યા એ તમારા જ પાપે. તમો આગેવાનોના મિથ્યા અભિમાને પીરાણા કબ્રસ્તાની પંથને જ્ઞાતિ ઉપર શીરજોરીથી કાયમ કરવા ખાતર લખમણ કાકાનો **બળદીયો** રવાપરમાં મરી ગયો તેને જ્ઞાતિના ભાઈઓના હાથે ઉપડાવી દફનાવી દેવામાં તમે પીરાણા પંથને જીવતો રાખ્યો. તમારા **જુલ્મ ત્રાસ** અને **પાપે** કેટલીક કણબી જ્ઞાતિની અબળાએ કુવામાં પડી **આપઘાત** કર્યો છે. તમો કહેવાતા આગેવાનોએ પાડાના વાંકે પખાલીને ડામ એ હિસાબે ગામ લુડવાવાળા વીરજી દેવશીએ એક હકીકત રાજના ગુનાની જાહેર કરી તેથી તેને તમે નાત બહાર કર્યો, છતાં એ ભાઈએ નાત બહાર થયાની પરવા કરી નહીં તેથી તમોએ તેની ગેરહાજરીમાં તેની બે દીકરીઓ મરી ગઈ તેને સ્મશાન ન પહોંચાડવાના મનાઈ હુકમ જ્ઞાતિમાં તમો કહેવાતા આગેવાનોમાંનાએ કર્યા અને એ છોકરાઓના **દાદા** તથા **મામા** સ્મશાને લઈ ગયા તેને તમે દંડ કર્યો અને તમારી વેરની **વસુલાત** કરી, તમો આગેવાનોની મલિન બુદ્ધિએ ચાલતાં ઘર તમે તોડાવી છૂટકા કર્યા. ધણી હયાત છતાં બળજબરીથી છોકરીના માબાપોની સંમતિ વગર છોકરીઓને તમોએ બીજે પરણાવાના અમાનુષિક દાખલાઓ તમે ઉભા કર્યા. અને તને પરિણામે જ્ઞાતિમાં મારકુટ અને ખુનામરકી પણ તમારા જ પાપે થઈ એટલું જ નહીં પણ તમારા જ મમતે, એક ભાઈનું ખુન પણ થયું. તમારું મન ન મનાવે તો જ્ઞાતિમાં થયેલા વેવિશાળ તમે તોડાવી નાખી કારમો કેર વર્તાવી રહ્યા છો. આ બધી હકીકત, રિપોર્ટ દ્વારા પ્રસિદ્ધ થઈ ચુકી છે. તે સિવાય તમો કહેવાતા આગેવાનોના અંગત ચારિત્રો ઉપર પણ જ્ઞાતિ સુધારકોએ ભારે પ્રકાશ પાડ્યો છે. તેમાં અમુક આગેવાને પોતાના **સગા ભાઈની વહુ સાથે** તો અમુક આગેવાને પોતાના **દીકરાની વહુ સાથે** તો અમુક આગેવાને **પોતાની દીકરી સાથે વ્યભિચાર** કર્યાના **અમાનુષિક** દાખલાઓ જ્ઞાતિના ચોપડે પણ મોજુદ છે અને ઉપર બતાવ્યા તેવા આસામીઓને દંડ પણ થયા છે. આવી નાલાયકી કર્યા છતાં નાતના પટેલ અને આગેવાન તરીકે દેખાવ કરવામાં તમે શરમાતા પણ નથી. એ પણ એક ભારે નફ્ફટાઈ તમે જાળવી રહ્યા છો. આ તમારી જિંદગીની જાહોજલાલી જ્ઞાતિના ગરીબ ભાઈઓ ઉપર પટલાઈ ભોગવતા આગેવાનોના કીર્તિ સ્થંભોની જાદગીરીના ઈતિહાસના કાળા પાનાં ચિતરવાં એ પણ એક શરમની વાત છે. પરંતુ નિરૂપાએ તે ચિતરવા સિવાય તેમજ દુનિયાની જનતાને સમજાવ્યા સિવાય હવે બીજો કોઈ રસ્તો જ નથી. આ લેખથી પહેલાં અનેક લેખોમાં સભાઓમાં પરિષદોના રિપોર્ટમાં તમારા કાળાં કુકર્મોની નોંધ અનેક વખત લેવાણી છે. છતાં તમને હજુ જરા પણ લાજ કે શરમ નથી આવતી તેથી સાબિત થાય છે કે, પરમકૃપાળુ પરમાત્માનો મહાન કોપ તમારા ઉપર ઉતર્યો છે. આખી દુનિયા તરફ તમે નજર ફેરવશો તો પણ તમને તમારા હાથે જ્ઞાતિની થતી પાયમાલીના ઝુલ્મી દાખલાનો જોટો બીજે ક્યાંય પણ મળશે નહીં. આગળના ઈતિહાસોમાં કોઈપણ જુલ્મી બાદશાહોના રાજ્યમાં પણ કોઈ બાદશાહ કે કોઈપણ રાજા મહારાજાએ તમારા જેવા દુઃખો પ્રજાને આપ્યા નથી, તમારા દુઃખને ત્રાસથી આજે કચ્છની કણબી જ્ઞાતિની પ્રજા ત્રાય ત્રાય પુકારી રહી છે. એ ગરીબોના કકળતા આંતરડાની હાય, તમારું સત્યાનાશ વાળી નાખશે, માટે હજીએ ચેતો તો સારું અને જ્ઞાતિના ભાઈઓ તેમજ બેનો ઉપર જુલ્મ કરવાનું બંધ કરો. હું તમને ચેતાવું છું. તમારો કુટીલ મોભો અને માન હવે કેટલે દરજ્જે રહ્યા છે. તેનો જ વિચાર કરીને માણસાઈપણું રાખો તો

સારું. નહીં તો સમજજો કે થોડા જ વખતમાં તમારી જુલ્મી જોહુકમી સત્તા જમીન દોસ્ત થવાની છે. તમારી નિષ્ઠુરતા અને નાલાયકીનો પવન એટલો બધો જોશભેર ફુંકવાનો છે કે તેને કોઈ રોકી શકે તેમ નથી અને એ પવનના સપાટાની ઝપાટમાં તમે જરૂર આવી જ જવાના. માટે ઈશ્વરથી ડરીને હજુ પણ પાપકર્મો કરતાં અટકો તો સારું. ફરીથી તમને ચેતાવું છું કે આખી દુનિયાની પ્રજા જાણી ચુકી છે અને કદાચ નહીં જાણતી હોય તો, છેવટે આ લેખથી તો જરૂર જાણશે જ કે કચ્છના કણબી જ્ઞાતિના ઉપર પીરાણા કબ્રસ્તાની પંથને જોરજુલ્મથી કણબી જ્ઞાતિના કહેવાતા આગેવાનો પોતાના સ્વાર્થની ખાતર લાખો કોરીઓ લુંટી ખાવાની ખાતર બળજબરીથી એ પાખંડીપંથ પળાવે છે. એવો એક પણ દેશ નથી કે જેમાં ધર્મની સ્વતંત્રતા ન હોય. ખુદ બ્રિટિશ સરકાર અને આપણા દેશી રાજામહારાજાઓ પણ કોઈના ધર્મ કે પંથના માટે કોઈ ઉપર બળજબરી કરતા નથી. છતાં તમો પામર અજ્ઞાન અભણ કચ્છના કણબી જ્ઞાતિના કહેવાતા આગેવાનો, પોતાના જાતભાઈઓને હિન્દુ ધર્મમાંથી ટાળીને મુસલમાન કરાવવા માટે પીરાણાના કબ્રસ્તાની પંથમાં ફરજિયાત દાટી રાખી પોતાનો સ્વાર્થ સાધવા માટેનો તમારો પ્રયત્ન, તમને જ ભારી પડવાનો છે. એ ખાતરીથી માનજો. તમો જેમ જેમ જ્ઞાતિ ઉપર વધુ જુલ્મો કરતા ગયા તેમ તેમ કણબી જ્ઞાતિની પ્રજા હવે તમારું માનવા કે તમારી ગુલામી કરવાના જુલ્મીદોરથી દબાઈ રહેવા બિલકુલ તૈયાર નથી, એ તમે સમજી શકો તો સમજાય તેમ છે. તે સિવાય તમો જ્યાં જ્યાં જાવ છો ત્યાં બીજી દરેકે દરેક કોમ તમને કેવા અલંકારોથી વધાવે છે, એ વાત હવે કહેવાની જરૂર રહી નથી, કારણ કે તમો જ્યાં જાવ છો ત્યાં હડધૂત થાવ છો. એ વાત હવે દરરોજની થઈ પડી છે. એટલે જણાવવાની કશી જરૂર નથી માટે આટલા ઉપર સમજી જઈ, તમોએ કરેલા પાપનું પ્રાયશ્ચિત જલદી કરો તો સારું, મને ખાત્રી છે કે ઉદાર ચિતવાળા આપણી જ્ઞાતિના સુધારકો કે જેઓ જુવાન છે, છતાં તેમનું હૃદય તેમની પવિત્રતા જ્ઞાતિની દાઝ અને રગેરગમાં ફરતું લોહી તમારા કરતાં ઠરેલ છે. તેમની સાથે મળીને જ્ઞાતિનું ભલું થાય એવી વાટાઘાટ કરો અને ભુલોની માફી માગો. પાપોનું પ્રાયશ્ચિત કરો અને ફરીથી સ્વાર્થ કે, નાદાનીયત ભરેલા જુલ્મના રસ્તે ન જવાના તેમજ જ્ઞાતિના ઉપર પીરાણાના પાખંડી મતનું કાળું કલંક કાઢી નાખવાના સોગંદ લો. તો હું ખાત્રીપૂર્વક જણાવું છું કે, ઉદાર ચિતવાળા જ્ઞાતિ સુધારકો તમોએ કરેલા અન્યાય અને જુલ્મોને જરૂર ભુલી જઈને ફરીથી તમોને મુરબ્બી તરીકે માનશે, માટે વેળાસર ચેતીને ચાલવામાં જ્ઞાતિનું તમારું અને સુધારકોનું ભલું છે. ઈશ્વર સૌને સદ્‌બુદ્ધિ આપે એવી મારી પ્રાર્થના છે.

કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિમાંના સુધારકો તથા જ્ઞાતિભાઈઓ અને બહેનોને મારી નમ્રતાપૂર્વક વિનંતી એ છે કે આ લેખમાં કચ્છના કણબી જ્ઞાતિમાંના કહેવાતા જુલ્મી આગેવાનોના ચાલુ કુકર્મોના ઈતિહાસ ઉપર પ્રકાશ પાડી કણબી જ્ઞાતિને કહેવાતા આગેવાનો પોતાના સ્વાર્થ માટે બળજબરીથી, પીરાણા સતપંથના નામે લાખો કોરીઓ ઉઘરાવી તેની કેવી વ્યવસ્થા કરે છે અને જ્ઞાતિના ભાઈઓ તેમજ બહેનોને પીરાણા સતપંથમાં શા માટે જકડી રાખવા પ્રયત્નો કરે છે એ સંબંધે ઘણું કહેવામાં આવ્યું છે. તેથી તમો હવે જરૂર સમજ્યા જ હશો કે, આ બધી સ્વાર્થની વાત છે. પીરાણાવાળો લક્ષમણ કાકો તથા અન્ય કાકાઓ, પોતાના સ્વાર્થ માટે પીરાણા પંથ કે જે તદ્દન હિન્દુઓને વટલાવી મુસલમાની રાહત ઉપર લઈ જવાનું એક કારસ્તાન છે અને તેના પુરાવામાં ખુદ ઈમામશાહના વંશના સૈયદો ખુલ્લી રીતે પોકાર કરીને કહે છે કે, પીરાણા સતપંથ એ મુસલાની ધર્મ છે. છતાં

૯. એક પ્રાસ્તાવિક નિબંધ - વર્ષ 1924

લક્ષ્મણ કાકો, તમારી જ જ્ઞાતિનો તે જનસમાજ આગળ તેમજ કોર્ટ સમક્ષ પીરાણા સતપંથ હિન્દુ ધર્મ છે એવો એકરાર કરતાં શરમાતો નથી. તેનું કારણ એ છે કે, કચ્છની કણબી જ્ઞાતિના પૈસે તેને પીરાણાની ગાદિના અધિપતિ થવું છે. એ લોભ છે. જે કોઈ તેને પૈસા ના આપે તો કાલે જ એ કાકો મુસલમાની ધર્મનો સ્વાર્થની ખાતર જે વેચાણ થયો છે તેજ કાકો લક્ષ્મણ પોકારી ઉઠે કે આ તો મુસલમાની ધર્મ છે, પણ તમે જ્યાં સુધી તેને પૈસા આપતા રહેશો ત્યાં સુધી એ કોઈ કાળે સમજે તેમ નથી. અત્યારે લક્ષ્મણ કાકો લોભવૃત્તિને આધિન થઈ સૈયદો સાથે તકરારમાં ઉતર્યો છે. તેમાં કાકાની વૃત્તિ પીરાણા જાગીર તેમજ પીરાણાની મિલકત જે ઈમામશાહના વંશજોની છે, તેના માલિક થવામાં સૈયદ ઈમામશાહના વારસ થવામાં ઈજ્જત અને આબરૂ માની, કાકો કણબીઓના લોહીના ટીપે ભેગા કરેલા પૈસા કોર્ટોમાં વાપરી હિન્દુ જાત અને પોતે હિન્દુ ધર્મ પાળે છે એવા શબ્દોની કેવી નઠારી કિંમત કરાવી રહ્યો છે. એટલું જ નહિ પણ લક્ષ્મણ કાકો આપણી કચ્છની કણબી જ્ઞાતિને કેવી રીતે ભ્રષ્ટાચારમાં ઉતારીને હલકી વર્ણો સાથે પોતે ભોજન વહેવાર કરી કચ્છના કડવા પાટીદારને ભ્રમણામાં નાંખી વટલાવી રહ્યો છે તે પણ ખુલાસાવાર આ લેખમાં જણાવવામાં આવ્યું છે. માટે કાકાશ્રીની તેમજ કહેવાતા આગેવાનોની લેશપણ પરવા કર્યા સિવાય જે ધર્મ પાળવાથી હિન્દુપણું મટી જતું હોય તદુપરાંત જે ધર્મમાં વટાલ હોય તેવા ધર્મનું કલંક સાચો હિન્દુ એક પલવાર પણ પોતા માથે કેમ રાખી શકે? માટે જ હું પીરાણાના કાકાઓ તેમજ કચ્છના તમામ સતપંથી કણબી ભાઈઓને તેમજ કચ્છ સિવાય અન્ય દેશોમાં જે હિન્દુ ભાઈઓ આ પીરાણા સતપંથમાં ગમે તે રીતે સ્વાર્થમાં લોભાઈ સ્વર્ગમાં હીરા માણેકથી જડીત મહેલોની લાલચે અથવા ૫૦ હુરાંઓ (અપ્સરાઓ)ની સાથે રંગરાગ ભોગવવાની લાલચે ફસાયા હોય એ ખોટી ફસામણમાંથી નીકળીને, પોતે હિન્દુ છે અને તેનો ધર્મ પણ હિન્દુ હોવો જોઈએ એવું સમજી જઈને તરતમાં જ દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી નાંખવું જોઈએ. એમ દરેક સમજુભાઈઓ તેમજ બહેનોને મારી નમ્રતાપૂર્વક પ્રાર્થના છે. હું આશા રાખું છું કે આ મારી નિર્દોષ પ્રાર્થનાને માટે હિન્દુસ્તાન દેશમાં પહેલા હિન્દુ ધર્મના ધર્મગુરૂઓ, વિદ્વાનો પંડિતો અને મર્ઘના આચાર્યો પણ સંમત થઈ પીરાણા સતપંથમાં ફસાયેલા હિન્દુઓનો ઉદ્ધાર કરવા પોતાથી બનતો પ્રયત્ન જરૂર કરશે જ. પીરાણાં સતપંથના પાખંડી મતમાંથી કચ્છના કણબી ભાઈઓ તેમજ બહેનોએ પ્રાયશ્ચિત કરી શુદ્ધ વૈદિક ધર્મની દીક્ષા લીધાની નોંધ આ લેખમાં છે તે ઉપરથી વિરાણી કરાંચી અને ઘાટકોપરમાં વસતા જ્ઞાતિ સુધારકો માંહેલા કે, જેઓએ હજુ સુધી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવ્યું નથી છતાં પીરાણા સતપંથ ઉપર સંપૂર્ણ અભાવ છે તેવાઓને મારી વિનંતી છે કે હવે કોઈની પણ રાહ જોયા સિવાય તમારાથી એક દિવસ પણ પીરાણા સતપંથનું કાળું કલંક લઈ દુનિયામાં ફરવું તે તમારા માટે ઘણું શરમ ભરેલું છે. માટે તે વાતનો વિચાર કરી તુરતમાં દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લઈ હિન્દુ ધર્મનું અભિમાન રાખવું અને રખાવવું એવી ચોખ્ખી ફરજ તમારા ઉપર ઉભી છે તેનો જલ્દીથી અમલ કરવા પ્રભુ તમને સદ્‌બુદ્ધિ આપે. આટલું જણાવ્યા પછી કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિમાં એક એવો પણ વર્ગ છે કે જે તદ્દન અજ્ઞાન અને આળસુ અને બેદરકારપણામાં જીવન ગાળે છે. દુનિયામાં શું થાય છે તેમજ આપણું સ્થાન ક્યાં છે તેની તો સમજણ જ શાની હોય? પરંતુ માત્ર એટલું જ જાણે છે કે અમે કણબી છીએ અને અમે હિન્દુ કહેવાઈએ છીએ એથી વધારે કાંઈ સમજતા નથી. એવા ભાઈઓ તેમજ બહેનોને મારી વિનંતી છે કે જરા આંખ ઉઘાડીને જુઓ કે તમે હિન્દુ છો તેમ જાણો છો છતાં પીરાણા સતપંથ ધર્મના ઈજારદાર કણબી જ્ઞાતિમાં કહેવાતા

આગેવાનોના તમે રમકડાં થઈ તમારી પોતાની જ પાયમાલી કરી રહ્યા છો. તમારા છોકરાં છૈયાના પણ તમે માલિક રહ્યા નથી. ગેઢેરા પોતાની શીરજોરીથી તમારા છોકરાઓના સંબંધ તોડી નાખી પોતાની મરજીમાં આવે ત્યાં આપી દે છે તેનું તમને દુઃખ થાય છે. પણ તેનો ઉપાય તમને સુજતો નથી. તમને કોઈ રસ્તો બતાવે તેનું તમે માનતા નથી. આગેવાનોથી ડરી જાઓ છો. તેમજ પીરાણા સતપંથને જ ખરો હિન્દુ ધર્મ છે એમ માની તમને ખરો તેમજ હિન્દુધર્મનો ઉપદેશ કરે તેને જ ગાળો દીધા કરશો ત્યાં સુધી તમારો ઉદય થવાનો નથી એ ખાત્રીથી માનશો. આટઆટલું તમારા ભલાના માટે કહેવામાં આવે છે છતાં તમારા હૃદયમાં હિંમત નહિ હોય તેમજ સારું ખોટું સમજવાની દરકાર પણ તમે નહિ કરો, પોતાનું હિત થાય છે કે અહિત થાય છે એટલું એ સમજવામાં તમારી સાધારણ બુદ્ધિનો ઉપયોગ નહિ કરો તો પછી તમારા માટે જ્ઞાતિના કેટલાએ ભાઈઓ જે બળતરા કરી રહ્યા છે તેને નિરાશ થયા સિવાય બીજું કંઈ છે જ નહિ. પોતાના ખર્ચે અને જોખમે જે ભાઈઓ તમને સુખી કરવા ઈચ્છે છે તેનું ન માનતા તમે આજ દિવસ સુધી એવું જ માની બેઠા છો કે અમારું જીવન ગેઢેરાઓના હાથમાં છે અને હવે પછી પણ તમારું જીવન કહેવાતા જુલ્મી આગેવાનોના શરણમાં જ રાખવાનું પસંદ કરશો તો, આ દુનિયામાં ગુલામી જીવન સિવાય બીજું કાંઈ તમારા માટે છે જ નહિ. માટે સમજીને એ ગુલામી જીવનમાંથી ઉદ્ધાર કરવો હોય, સુખી થવું હોય, તેમજ શુદ્ધ હિન્દુ થવાની તમારી ઉમેદ હોય તો સ્વાર્થી આગેવાનો, કાકાઓ અને પીરાણા સતપંથનો સત્વર ત્યાગ કરો. અન્ય હિન્દુ જ્ઞાતિઓમાં પીરાણા પંથના કલંકને લઈ ઘણું શરમાવું પડે છે. માટે એવા પાખંડી ધર્મને ત્યાગો તેમાં જ પ્રભુની તમારા ઉપર મીઠી નજર થશે અને તમો સુખી અને સ્વતંત્ર થઈ શકશો. એ ઉમેદે મેં તમને જાગ્રત કરવા આ જાહેર લેખ લખ્યો છે. પરમકૃપાળુ પરમાત્મા અમારા કણબી ભાઈઓના હૃદયમાં વાસ કરી તેમના દુઃખો અને પીરાણા પંથનું કલંક જલ્દીથી ધોઈ નાંખવાની સદ્‌બુદ્ધિ આપે એજ પરમાત્મા પ્રત્યે મારી નમ્ર પ્રાર્થના છે.

Online Text Based
(can use for translation)

Source Document

પાટીદાર ઉદય

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ
લાભાર્થે પ્રગટ થતું ગુજરાતી માસિક પત્ર

SNo.	Issue	Date	Page
1	1st	1923-Jul વિ.સં.૧૯૮૦ અષાઢ	192
2	2nd	1923-Aug વિ.સં.૧૯૮૦ શ્રાવણ	220
3	3rd	1923-Sep વિ.સં.૧૯૮૦ ભાદરવો	248
4	4th (Diwali)	1923-Oct વિ.સં.૧૯૮૦ આસો	273
5	5th & 6th	1923-Nov, Dec વિ.સં.૧૯૮૦ કારતક, માગસર	309
6	7th & 8th	1924-Jan, Feb વિ.સં.૧૯૮૦ પોષ, મહા	344
7	9th, 10th & 11th	1924, Mar, Apr, May વિ.સં.૧૯૮૦ ફાગણ, ચૈત્ર, વૈશાખ	371

નોંધ : ઉપર વાપરેલ સંવત એ વિક્રમ સંવત (કચ્છી) છે (VS-A), જેમાં અષાઢ સુદ ૧ થી નવું વર્ષ ચાલુ થાય.
સામાન્ય રીતે વિક્રમ સંવત (ગુજરાતી) (VS-A)વપરાતું હોય છે.
આમાં કારતક સુદ ૧ થી આવું વર્ષ શૂરું થાય છે.
VS-A ની સરખામણીમાં VS-A માં વર્ષ પહેલાં બદલાય. કારતક મહિનાથી પહેલાં આવતો અષાઢ મહિનાના સુદ ૧ના VS-A નું સાલ બદલાઈ જાય.

Online Text Based
(can use for translation)

Source Document

॥ ओउम् ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સુધારક યુવક મંડળ તરફથી પ્રગટ થતું માસિક પત્ર

પાટીદાર ઉદય

વર્ષ : ૧લું   કરાચી, અષાઢ-સંવત ૧૯૮૦ {VSA Jul-1923}   અંક ૧ લો

પાટીદાર ઉદયના આત્મા શ્રીમાન ખીમજી શીવજી પટેલ મંગવાણા વાલા

વાર્ષિક લવાજમ આગાઉથી રૂા. બે પોસ્ટેજ સાથે



છુટક નકલ આના ચાર

: પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો :
તંત્રી તથા પ્રકાશક રતનસી શીવજી પટેલ
પાટીદાર ઉદય ઓફીસ, રણછોડ લાઈન કરાંચી

પાટીદાર ઉદય માસિકના નિયમો

૦૧. આ માસિકનો મુખ્ય હેતુ પાટીદાર જ્ઞાતિની ઉન્નતિ કરવાનો છે. જેથી દરેક પાટીદાર ભાઈઓની ફરજ છે કે તેમણે માસિકના ગ્રાહક થઈ યોગ્ય મદદ કરવી.

૦૨. આ માસિક દરેક હિન્દુ મહિનાની સુદી ૧૫ ને દિવસે બહાર પડે છે.

૦૩. સ્વજ્ઞાતિના કે અન્ય જ્ઞાતિના કોઈ પણ પુરૂષ અગર સ્ત્રીના લેખો આ માસિકમાં લેવામાં આવશે. પણ લેખો અંગત દ્વેષ કે સ્વાર્થથી લખાયેલા હોવા ન જોઈએ. બને ત્યાં સુધી વિવેકની હદમાં રહી ભૂલો બતાવવી અને ભાઈચારો તથા સંપ વધે તેવા પ્રયત્નો કરવા.

૦૪. લેખો શાહીથી સારા અક્ષરે અને કાગળની એક બાજુ ઉપર લખેલા હોવા જોઈએ. લેખકની ઈચ્છા હશે તો નામ વગરના લેખો છાપવામાં આવશે, પણ લેખકે ખરું નામ અને પૂરું સરનામું અમારી જાણ માટે લખવું, લેખની દરેક જોખમદારી લેખકને શીર રહેશે ; નહિ છપાયેલા લેખો પાછા મોકલવા અમો બંધાતા નથી.

૦૫. કોઈ પણ લેખકના વિચાર સાથે અમારું મળતાપણું છે એમ માની ન લેવું.

૦૬. દેશ-પરદેશમાંથી આપણી જ્ઞાતિમાં વિવાહ જન્મ, મરણ ઈત્યાદી તથા કોઈ ગૃહસ્થને વિદ્યા, હુન્નર, અગર વેપાર અને ખેતીવાડીમાં મળેલી ફતેહના સમાચાર ઘણી જ ખુશીથી દાખલ કરવામાં આવશે.

૦૭. કોઈ ભાઈને આ માસિક સંબંધી કાંઈ પણ ખુલાસો મેળવવો હોય તો જવાબ માટે પોસ્ટની ટીકીટ બીડવી.

૦૮. આ માસિકમાં જ્ઞાતિ સંબંધી તથા આર્થિક ધાર્મિક અને વહેવારીક દરેક બાબતો ચર્ચવામાં આવશે. માટે જે જે ભાઈને જે જે વિષય સંબંધમાં લખવું હોય તેણે તે તે વિષયમાં સહેલી ભાષામાં દાખલા દલીલોથી લખવું. કે જેથી વાચક વર્ગ ઉપર સારી અસર જલદી થાય.

૦૯. જે ભાઈ આ માસિકને મદદ આપશે તેમના મુબારક નામ તેમની ઈચ્છા હશે તેણે આ પત્રમાં છાપવામાં આવશે અને વાર્ષિક રિપોર્ટમાં પણ છપાવી જાહેર કરવામાં આવશે.

૧૦. જે ભાઈ રૂ. ૫૦૦/- પાંચસો કે તેથી વધુ આ માસિકને મદદ કરશે તેમનો ફોટો આ માસિકના મુખપૃષ્ઠ પર લેવામાં આવશે અને ઓફીસમાં તેમનો ફોટો રાખવામાં આવશે.

૧૧. આ માસિકના માટે હંમેશાં યોગ્ય લેખો લખી મોકલનાર લેખક પાસેથી લવાજમ લેવામાં આવશે નહિ.

લી. વ્યવસ્થાપક "પાટીદાર ઉદય"

॥ ओ३म् ॥

પાટીદાર ઉદય

કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિના લાભાર્થે પ્રગટ થતું ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૧લું કરાચી, અષાઢ-સંવત ૧૯૮૦ {VSA: Jul-1923} અંક ૧ લો

પ્રભુ પ્રાર્થના

असतो मासद् गमय। तमसोमां ज्योतिर्गमय।
मृत्यो मांडमृतं गमय। आ विरावी र्भएधिरुदयते
दक्षिणं मूखं तेनमा पाहि नित्यम्

હે સત્યનિધાન પ્રભો ! અસત્‌માંથી અમને સત્યમાં લઈ જાઓ, અંધકારમાંથી અમને જ્યોતિમાં લઈ જાઓ, હે પ્રભો ! તું જ્યોતિર્મય છે, તારું ધામ અંધકાર રહીત છે, હે અમૃત સ્વરૂપ ! મૃત્યુમાંથી અમને અમૃતમાં લઈ જાઓ, હે સ્વયં પ્રકાશ ! તું આપો આપ અમારા ચક્ષુ સમિપ પ્રકાશિત થા. હે પ્રભો ! છેવટે અમો એટલું જ માંગીએ છીએ કે તારા સુંદર સ્વરૂપના પ્રતાપે અમારું નિરંતર રક્ષણ કર.

"ઉપનિષદ"

પાટીદાર ઉદય

અમારી કોમમાં ક્યાં છે ?

(ગઝલ)

સદાએ સુખ કરનારા, અમારી કોમમાં ક્યાં છે ?
દીનનાં દુઃખ હરનારા, અમારી કોમમાં ક્યાં છે ?
રખડતાં ને રીબાતાં કોમનાં, છે બાળકો તેની,
દીલેથી દાઝ લેનારા અમારી કોમમાં ક્યાં છે ?
"રડે છે કેમ બાપુ", કહે શું દુઃખ છે તુજને
શબ્દો એ ઉચ્ચારનારા, અમારી કોમમાં ક્યાં છે ?
ખરેખર કોમની કીર્તી માંહે કીર્તી અમારી છે,
અહોનિશ એજ કહેનારા અમારી કોમમાં ક્યાં છે ?
કુધારા કોમના કાઢી સુધારા સ્થાપવા માટે,
ગુણી થઈને ગરજનારા, અમારી કોમમાં ક્યાં છે ?
કલમ બાજો વધારીને અતિ આનંદની સાથે
સદા સાહિત્ય ચાહનારા, અમારી કોમમાં ક્યાં છે ?
અરેરે ! કોમની કીસ્તી, ખરાબે ખાય છે ટક્કર,
સુકાની તેહના સારા અમારી કોમમાં ક્યાં છે ?

"શયદા"

"ઉદય"

અમારા ઘણા જ્ઞાતિ ભાઈઓને વિચાર થાય છે કે ઉદય એટલે શું ? પ્રાતઃકાળમાં સૂર્યનું પૂર્વ દિશામાં પ્રકાશવું તે, સૂર્યનો ઉદય, રાત્રીના આરંભમાં ચંદ્રનું પ્રગટવું એ ચંદ્રનો ઉદય,ચોમાસામાં દેડકાં કે અળશીયાનું પ્રગટવું તે ઉદય નથી. જેના પ્રગટવા અથવા પ્રકાશવાથી જગતને કોઈ પણ અંશમાં અધિક હીતકર લાભ થાય છે, તેને જ ઉદય થયો કહેવાય છે.

પરમાત્માના અનુગ્રહથી આજે આ માસિક નો ઉદય થાય છે ત્યારે શું તે સૂર્ય કે ચંદ્ર જેવું જ્ઞાતિનું હીત કરશે ? આ પ્રશ્નનો ઉત્તર હાલ કેવી રીતે અપાય ? ભવિષ્ય જ તેનો ઉત્તર આપવાને સમર્થ થશે.

જ્ઞાતિનો ઉદય શું સૂર્ય કે ચંદ્રના ઉદય કરતાં જગતમાં ઓછા મહત્ત્વનો વિષય છે ? અને જ્યારે તે અત્યંત મહત્ત્વનો વિષય છે તો તે ઉદયને કરનાર કારણોને જણાવનાર આ પત્રનો ઉદય પણ જો તે પોતાનું કર્તવ્ય યથાર્થ રીતે કરે તો તે શું ઓછું મહત્ત્વનું છે ?

૧૦.૧ - પાટીદાર ઉદય - અંક ૧ - વિ. સં. ક. ૧૯૮૦ અષાઢ (July-1923)

પાટીદાર જ્ઞાતિના ઉદયની ઈચ્છા કોને નથી ? પરંતુ એકલી ઈચ્છા મનુષ્યના મનને જરા રંજીત કરવા સિવાય અન્ય શું કરી શકે છે ? કશું જ નહિ !

પ્રયત્ન અને તે પણ યથાર્થ, તીવ્ર પ્રયત્ન જ જ્ઞાતિ કે દેશનો અથવા કોઈ પણ પ્રકારના ઉદયમાં કારણ રૂપ છે એ પ્રયત્નનું સ્વરૂપ જાણવું એ ઓછા મહત્ત્વનો વિષય નથી.

જ્ઞાતિનો ઉદય કેવી રીતે થાય છે ?આ પ્રશ્નના ઉત્તરમાં આપણે પણ એ પ્રશ્નપૂછીશું કે સૂર્યનો ઉદય કેવી રીતે થાય છે ? ચંદ્રનો ઉદય શી રીતે થાય છે ? જેવી રીતે તે થાય છે, તેવી જ રીતે જ્ઞાતિનો પણ ઉદય થાય છે. સૂર્ય કે ચંદ્રના ઉદયમાં જગમાં બાહ્ય ક્ષોભ કશો જ થતો નથી તેના ઉદયમાં અથડાઅથડી ચડશા ચડશી થતી નથી ડંડાબાજીઓ ઉપડતી નથી, બહારનો જાણવા જેવો કશો ક્ષોભ થતો નથી પ્રકૃતિ ગત આંતર કારણો જ તેનો શાંત પણે ઉદય કરે છે.

જ્ઞાતિના ઉદયમાં પણ તેવું જ છે કેવળ બહારનો દેખાવ, બહારની ધમાધમ, બહારનાં ભાષણો, બહારના ઠરાવો, બહારનાં લખાણો, બહારના હુલ્લડો કશો જ વાસ્તવિક ઉદય કરતાં નથી જે ભાષણો મનુષ્યની ઉપર ઉપરની જરા જાગૃતિ આણે છે, ઉપર ઉપરનો જરા ગરમાવો પ્રગટાવે છે, તે ભાષણો જ્ઞાતિનો વાસ્તવિક ઉદય નથી, સાધતા. જે લેખો વાંચનારને ઘાસના તાપણાની પેઠે ઉષ્મા લાવી ઓલવાઈ જાય છે. થોડો વખત ગરમી લાવી પછી કાયમને માટે શાંત કરી દેનાર તીવ્ર (તીખાશવાળા) માત્રા જેવા જે લેખો છે તે જ્ઞાતિ કે દેશનો, વાસ્તવિક ઉધાર નથી કરતાં. પ્રકૃતિનો આંતર પ્રયત્ન જ સૂરજ સરખા પ્રખર તેજસ્વી બિંબને પ્રગટાવે છે, તે જ પ્રમાણે માણસના આંતર બળવાન સત્ય પ્રયત્નો જ જ્ઞાતિના ઉદયને શાંતપણે પ્રગટાવે છે, જે જે કાળે જે જે દેશનો જ્ઞાતિનો ઉદય થાય છે, તે તે કાળે કોઈ પણ સ્થળે બાહ્ય ક્ષોભ જે તે પ્રકારના ઉદયને કરનાર થયો હતો, એમ કોઈ પણ જ્ઞાતિનો કે દેશનો ઈતિહાસ સાક્ષી પૂરી શકે એમ છે ?

જે ઈલાજ માણસના અંતરમાં જાગૃતિ આણે છે. માણસમાં રહેલા ઉદયને જાગૃત કરનાર સાચા કારણોને બહાર જાગૃતિ કરે છે, તેજ પ્રયત્ન જ્ઞાતિના ઉદયને સાધે છે.

મનુષ્યમાં પ્રગટાવેલો બહારનો ક્ષોભ અથવા જાગૃતિ થોડા વખતમાં જ સમી જાય છેઅને તેની સાથે તે મનુષ્યને જ ઊલટો દુર્બળ કરી મૂકે છે.

કેવળ બહારથી ઉપજેલા ક્ષોભ અથવા જાગૃતિથી થયેલ કેટલીક સ્થિતિ જેવી કે નાના નાના તડાઓ, પાંચાડાઓ અને ઝઘડાઓ વગેરેએ શાં પરિણામો પ્રગટાવ્યાં છે ? એજ કે અલ્પ સમયમાં તે ગમી ગયા છે તેની સાથે સત્તાવાન આગેવાનોનું બળ જણાતાં તરત તે વિલાઈ ગયા છે અને પરીણામે તેનું સેવન કરનાર મનુષ્યનું જ તેણે અહિત સાધ્યું છે. આંતર બળ વિના બહારની ધમાધમ કશા જ ઉપયોગની ખરેખર થઈ પડતી નથી. જે મનુષ્યમાં ઉદય કરનાર સાચાં કારણને પ્રગટાવે છે, તે વસ્તુ પછી તે ગમે તેવી હલકી ઉપરની નિર્જીવ સરખી જણાતી હોય, તો પણ ઉપયોગની છે એની આજે જ્ઞાતિમાં જરૂર છે, બે શબ્દનું તે ભાષણ હોય કે ચાર અક્ષરનો જ તે લેખ હોય તો પણ તે અત્યંત મૂલ્યવાન છે. બાણ છોડીને સામું નિશાન વિંધવા માટે ઝીણું બાણનું અણીયું જ બસ છે.

૧૦.૧ - પાટીદાર ઉદય - અંક ૧ - વિ. સં. ક. ૧૯૮૦ અષાઢ (July-1923)

સાહસિક વાચક આ વાંચીને તુરત શંકા કરતા જણાય છે કે જ્ઞાતિના ઉદયમાં જ્યારે મનુષ્યમાં સાચા આંતર ક્ષોભની જ જરૂર છે, ત્યારે આ પત્રની આજકાલનો વિચાર કરતાં ઘણાની પ્રવૃત્તિ તો નિરઉપયોગી જ છે ને ? ઉત્તર ના અને હા.

આ માસિક મનુષ્યના અંતરમાં જ્ઞાતિના કે દેશના ઉદયના કોઈ પણ સાચા કારણની એક ઝીણી પણ ચિનગારી (જ્યોત) પ્રગટાવી શકશે, તો આ પ્રવૃત્તિ નિરૂપયોગી નથી જ. અને જો તેવું તે કશું જ ન કરતાં માત્ર બહારના ક્ષોભને પ્રગટાવનારાં તતુંડાં જ ફુંક્યાં કરશે તો અવશ્ય આ માસિકનાં પાનાઓ કચરાની ટોપલીમાં નાખવા સિવાય કંઈ ઉપયોગના નથી.

આમ છતાં એ આ ઉપરથી એમ સમજવાનું નથી કે જ્ઞાતિ જનોના અંતરમાં જ્ઞાતિના ઉદય માટેના સાચા કારણોને પ્રગટાવવાની જવાબદારી કેવળ અમારા ઉપર જ છે, અને જ્ઞાતિ જન માથે કશી જ જવાબદારી નથી. પાટીદારોએ પાટીદાર ઉદયનાં સાચાં કારણને એકાગ્રતાથી શ્રવણ કરવાની અને પછી તે પ્રમાણે અનુસરવાની બધી જવાબદારી તેમને શીરે છે. લેખકોએ અથવા વક્તાઓએ સાચા કારણો જણાવવાની જરૂર છે. તેમ વાચકો તથા શ્રોતાઓએ તે સમજવાની પણ તેટલી જ જરૂર છે. પ્રિય વાચક ! અમારા કાર્યોને અંગે તમો જેટલી આતુરતાથી પ્રશ્ન પૂછો છો તેટલી જ આતુરતાથી તમારી જવાબદારી માટે તમે તમને પોતાને પ્રશ્ન પૂછો છો ખરા ? તમારાં કામો પ્રતિ તમો દષ્ટી પાછી વાળો છો ખરા ? અવશ્ય યુદ્ધમાં સૈનીકોના અણુ અણુમાં સુર ઉત્પન્ન કરવાનું અત્યંત અગત્યનું તથા મહત્ત્વનું કાર્ય રણવાધ (વાજીંત્રો) વગાડનારાનું છે, તે જ પ્રમાણે અમારું લેખકોનું કાર્ય પણ અતિ મહત્ત્વનું છે પરંતુ વાંચનાર સૈનિકો તે શ્રવણ કરવાને પૂરેપૂરા તત્પર રહે છે ! અમારા વાદ્ય પ્રતિ તેમણે પોતાની કર્ણ શક્તિને વાળી છે ખરી !

આ સ્થળે પાટીદાર જ્ઞાતિના એક મહત્ત્વના સાચા કારણને આપણે અનાયાસે પ્રગટ કરીએ છીએ અને તે સહાયકારી કર્તવ્ય જ્ઞાતિ જેમ એક મનુષ્ય નથી, પણ મનુષ્ય સમુહની છે, તેમ જ્ઞાતિ ઉદયનું કર્તવ્ય એક માણસનું નથી, પણ મનુષ્ય સમુહનું છે, પ્રત્યેક સમયમાં એક જ કર્તવ્ય હોતું નથી, પણ સ્થિતિ અનુસાર ભિન્ન ભિન્ન કર્તવ્ય હોય છે. તમો જો સત્યનું કથન કહેવાની સ્થિતિમાં હો તો તમારું કર્તવ્ય તેને પૂર્ણ રીતે શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવાનું અને તેમાંના સત્યને અમારા જીવનમાં ગ્રહણ કરીને તેને અનુસરવાનું છે અને જ્યારે અમો સત્યનું કથન કરતા હોઈએ ત્યારે શાંતિથી શ્રવણ કરીને તેને અનુસરવાનું કામ પણ તમારું છે.

ૐ શાન્તિ...શાન્તિ...શાન્તિ...

ખાવા છે ખાંડ ચોખા ?

કેમ ! અધિપતિરાજ ! છો તો મજામાંને ? ધ્યાન રાખજો હો, ઢીલા થતા નહિ. તમોએ તો મોટું સાહસ કર્યું છે. તમારી જ્ઞાતિ તો સાવ અજ્ઞાનતાના અંધારામાં સડે છે. તેને બહાર લાવવા તમોએ અને તમારા યુવક મંડળે જે સાહસ કર્યું છે તે જોઈ હું તમોને ધન્યવાદ જ આપું છું. પણ ભાઈ ! હિંમત રાખી મેદાનમાં લડાઈ કરશો તો જ બહાદુરીથી તમારા પટેલીઆ પાછા હટશે નહિ તો યાદ રાખશો કે તમારે પાછા હઠવું પડશે !!!

મને હમણાં ખબર મળ્યા છે કે ખોંભડીમાં કડવા ભાઈઓના પટેલીઆ ભેગા થયા હતા, તેમને ઘણાં દિવસ થયાં ખાંડ ચોખા ખાવાનો શોખ થયો હતો, તે ત્યાં ભેગા થઈને ખૂબ પીઠે ખાધા પછી તેના પૈસા વસુલ કરવા માટે એક બિચારા ગરીબ ભાઈનું ઘર તોડ્યું ! તેની બૈરી સાથે તેના ફરજિયાત છુટા છેડા કરી આઠસો કોરી લીધી !!! આમ તમારે ખાંડ ચોખા ખાવા હોય તો તમો પણ બની જાઓ ગધેડા અરે ભુલ્યા ભાઈ નહિં ગેઢેરા ! અને ઉડાવો મફતનો માલ કરો બીજાના માલ પાયમાલ ! તો તમારા થાય કોઈક દાડે ભુંડા હાલ !!!

હમણાં તો પીરાણા ધર્મવાળાની દરેક ઠેકાણે ફતેહ થયાના સમાચાર સંભળાય છે. હાલ થોડાક વખત પર કરાંચીમાં વસતા પીરાણા મતવાળા કડવા ભાઈઓમાં કરશન મુળજી ઘડાણીવાલાનો એકનો એક પુત્ર તેની ઉંમર વર્ષ દસની હતી તે ગુજરી ગયો, ખેર ! ઘણી જ દિલગીરીના પ્રસંગમાં તેણે પોતાના વિચારો સુધારાવાળાને મળતા કર્યા. કે આ કામ પાછળ કંઈ જમણ આદી કરવું નહિ. પણ પેલા મફતનું ખાનારા હરામના મલીદા ઉઠાવનારા પટેલોનું મંડળ તે વાતથી સખત વાંધો ઉઠાવવા લાગ્યું અને અંતે ફરજ પાડી તે પણ તેણે આવા ભયંકર શોકજનક બનાવ પાછળ મીઠો કંસાર કરાવી ખાધો અને પોતાની ફતેહનો વાવટો ઉડાવ્યો !!!!? વાહ ! આવી ફતેહ તે કેટલા દિવસ સુધી હજી થવાની હશે ?

સુધારક ભાઈઓ પણ હવે સમજતા થયા છે તેમના ઘરમાં પણ સુસંસ્કારોની સારી અસર હવે થવા લાગી છે એ વાતના પુરાવામાં હું તમોને એક યાદગાર બનાવ જણાવીશ તે એ કે કરાચીમાં વસ્તા ભાઈ ખેતા ડોસાના ધર્મપત્ની શ્રીમતિ હીરાબહેન, ઘણા લાંબા વખતની બીમારીથી હમણાં થોડાક વખત પર સ્વર્ગવાસ પામ્યા, આવા માઠા દિલગીરીના બનાવ પહેલાં તે બાઈને એમજ લાગ્યું કે હવે મારું શરીર રહે તેમ નથી. એટલે તેમણે પોતાની પાછળ શું વ્યવસ્થા કરવી તે તેમના ઘરના માણસોને જણાવી દીધું હતું. આખરે પ્રસંગ આવ્યો ત્યારે તેમના કહેવા મુજબ ભાઈ ખેતા ડોસાએ તેમના આત્માની શાંતિ માટે લાડુ શીરાનું ભોજન નહિ કરતાં માત્ર પક્ષીઓને તથા અવાચક પ્રાણીઓને મદદ માટે રૂ.૨૦ તથા રૂ.૨૦૦ હરદ્વારમાં શુભ કાર્યમાં ખર્ચવા માટે તથા લાયક બ્રાહ્મણને જે ગીતાનો પાઠ કરતો હોય તેને યોગ્ય દાન આપવું, એ સિવાય પણ બીજી ધર્મકાર્યમાં વપરાય એવી જીણી જીણી ઘણી મદદ આપી છે. પોતે બાઈ ગીતાનો હમેશાં પાઠ કરતાં પીરાણા મુસલમાની ધર્મ પ્રત્યે તેમને સખત તિરસ્કાર હતો. પોતાના વિચારો સુશીલ તથા સાદા હતા જેને પરીણામે તેઓ ખોટા વિચારોમાં ન દોરાતાં શુભ રસ્તે ઉપરની વ્યવસ્થા કરી શક્યા છે. આમ જ્યારે બધે ઠેકાણે થાય ત્યારે પ્રેત ભોજન બંધ પડે !

અધિપતિરાજ ! હમણાં તો એક વળી નવું ફારશ પેદા થયું છે, તે તમોએ તો વાંચ્યું જ હશે. કારણ કે તમો તો એક માસીકના તંત્રી ખરાને એટલે આવી વાત તમારા ખ્યાલ બહાર તો ન જ હોય, પણ બીજા વાંચક ભાઈઓ આ વાત જાણી શકે એટલે મારે ખુલાસો જણાવવાની જરૂર તો રહે છે. ખરી હકીકત આમ છે કે સૈયદ લોકોએ અમદાવાદના **ગુજરાતી પંચ** નામના પત્રમાં એક નોટીસ છપાવી છે તેમાં તેઓ જણાવે છે કે, અમો સર્વ **પીરાણા ધર્મ પાળનારાઓને જણાવી દઈએ છીએ કે પીરાણા ધર્મ એ સાવ તદ્દન મુસલમાની ધર્મ છે.** તો કોઈ પણ એથી વિરૂદ્ધ એટલે એ ધર્મ હિંદુ છે એમ કહેશે કે તેવી રીતે સમજાવવાની કાકા વગેરે ગોઠવણ કરે છે તે તમામ જુઠું અને ગલત છે. **એ તો બરોબર મુસલમાની ધર્મ છે.** આવા ભાવાર્થવાળી તેમની ચેતવણી ખરેખર આપણા ભાઈઓ માટે તો બહુ જ કામની છે. કારણ કે કડવા ભાઈઓ હજી **આ ધર્મને હિંદુ ધર્મ માની બેઠા છે !** જે કોઈ આ વાતને હવે અંધારામાં રાખી હાથે કરી મુસલમાન થવા માંગતા હોય તેણે એવા મતને આધીન થવું, નહિ તો હવે કોઈને પૂછ્યા સિવાય તેનાથી રજા લઈ મુકત થવું એજ ખરો ઉપાય છે. **કેમ વાંચક ! ત્હારો શું વિચાર થયો ?** શું હિંદુ રહીશ કે મુસલમાન થઈશ ?

થોડા વખત અગાઉ એક બે કડવા ભાઈઓએ જેમનું નામ છે પટેલ પેથા રામજી તથા જીવરાજ વસ્તા ! જેમણે એક **પીરાણા સતપંથ હિંદુ ધર્મ વિજય પતાકા** નામનું એક ટ્રેક્ટ છપાવી પ્રગટ કરેલ હતું, તેમાં તેમણે પીરાણા ધર્મને હિંદુ ધર્મ બનાવી દીધો છે. બરાબર સાબિત કરે છે કે પીરાણા ધર્મ મુસલમાની ધર્મ નથી. હવે ઉપરની વાત જ્યારે તેમના ધર્મ ગુરૂઓએ જાહેર કરી ત્યારે શું સારાંશ નીકળે છે કે કોણ ખરા, ગુરૂ કે તેમના ચેલા ! આપણને તો એમ જ લાગે છે કે ગુરૂએ કહ્યું તે ખરું છે ! પણ ચેલા તો ખાલી બક્યા કરે છે અને એમ બક્તાં બકતાં તેઓ પોતાની વાત સમાજને શીખવવા માગે છે, પણ સમાજના બધા માણસો કાંઈ આંધળા નથી કે આવી દીવા જેવી વાતને કે પીરાણા ધર્મ મુસલમાની છે તેને હિંદુ ધર્મ માની લ્યે કદી પણ તેમજ નહિ બને, હવે તો પટેલ જીવરાજ વસ્તા તથા પેથા રામજીએ પોતાનું બોલવું સિદ્ધ કરવા સૈયદોને ઉપરની નોટીસનો તરતમાં જવાબ આપવો જોઈએ, નહિ તો તેમની પોલ બહાર દેખાઈ આવશે અને સત્ય છે તે સમાજ જાણી લેશે ?

લી. નાઠી.

અમારો ઉદ્દેશ

હાલના જમાનામાં દુનિયાના દરેક મનુષ્યો પોતાની ઉન્નતિ કર્યે જાય છે. જ્યાં જોઈશું ત્યાં આપણને એ જ જોવામાં આવશે કે દરેક સમાજ દરેક દેશ દરેક વ્યક્તિ પોતાની ઉન્નતિ કરવાને હંમેશાં પ્રયત્ન કર્યા કરે છે. એવા સમયે આપણી પાટીદાર જ્ઞાતિ પણ યત્કિંચિત્ ઉન્નતિનો રસ્તો શોધી કાઢી પોતાની સમાજમાં શું ખામીઓ છે તે જો દુર કરે તો તે દરેક રીતે વ્યાજબી જ છે. જોકે આપણી જ્ઞાતિમાં તો ઘણી એક ખામીઓ સુધારવા જેવી છે પણ તેમાં એ મુખ્ય ભાગે અજ્ઞાનતા-વિદ્યાની ખામી છે તે સુધારવાની મુખ્ય જરૂર છે ઘણાં જ લાંબા સમયથી કેટલાંક લુચ્ચા અને સ્વાર્થી લોકોના મોહથી આપણી સમાજ ખરો રસ્તો ભુલી અવળે માર્ગે દોરાઈ ગઈ છે તેમાંથી બચાવવા યાને

૧૦.૧ - પાટીદાર ઉદય - અંક ૧ - વિ. સં. ક. ૧૯૮૦ અષાઢ (July-1923)

પીરાણા પંથ રૂપી - મુસલમાની ધર્મમાંથી મુક્ત થઈ ખરા હિંદુપણાનું ભાન કરવાની પ્રથમે જરૂર છે. એ સિવાય જુના રીતરિવાજો કે જે સમાજને છેક અધોગતિએ મુકી દે છે તેમાંથી પણ બહાર આવી નીતિ તથા ન્યાય પરાયણ રસ્તે ચાલવાની ખાસ જરૂર છે. આવા મુખ્ય સુધારા માટે આપણી સમાજમાં કોઈ પત્ર હજી સુધી હતું નહિ અને એ ખોટ ઘણાં જ સમયથી દરેક સુધરેલા જ્ઞાતિ બંધુને જણાતી જ હતી. પણ સંજોગો જ્યારે અનુકૂળ થાય ત્યારે જ આવી ખામી દૂર થાય એમ હોવાથી તે કાર્ય હજી સુધી થઈ શક્યું ન હતું. હાલમાં અમોએ એ ખોટ દુર કરી સમાજમાં સુલેહ શાંતિ તથા નીતિ અને સુરસ્તાનો પ્રચાર કરવા માટે તેમજ પાપી અને નીચ મનુષ્યોને સમાજને લુંટી ખાતાં અટકાવવા અને તેવા અજ્ઞાન ગરીબ ભાઈઓને ખરી સલાહ આપવા માટે અમોએ સાહસ કરી આ **પાટીદાર ઉદય** નામનું પત્ર શરૂ કરેલ છે. અમારી ઈચ્છા એ પત્ર દ્વારા સમાજમાં જ્ઞાન, નીતિ તથા સંપનો પ્રચાર કરી અનીતિ તથા પાપી મનુષ્યોના જુલમ ખુલ્લા કરી તેમને યોગ્ય દંડ અપાવવા બનતી કોશીશ કરવાનો છે. પ્રભુ અમોને આવા સદ્કાર્યમાં હંમેશાં મદદ આપી આ કામોમા આગળ વધવા દરેક શક્તિ આપે એવી અમારી તેમના પ્રત્યે પ્રાર્થના છે.

વળી આવા પત્રને ટકાવવા માટે અમારા જ્ઞાતિ બંધુઓ જો દરેક રીતે પોતાથી બનતી મદદ આપે તો જ આવા કાર્યમાં ફતેહમંદ પરિણામ આવે. કારણ કે પત્રને ચલાવવા હરેક પ્રકારની મદદની જરૂર છે. જેમ કે પૈસાની તથા લેખ ઈત્યાદિકની મદદ મુખ્ય મળવી જોઈએ, તથા સારા વિચારો સમાજમાં ફેલાવીને પણ આવા પત્રને મદદ કરવાની ખાસ જરૂર છે.

અમો તો અમારા જ્ઞાતિ બંધુઓ પાસેથી વધુ આશા રાખીએ છીએ ખરા, પણ હાલે શરૂઆતમાં આવા પત્રને નિભાવવા માટે સાધારણ નામનું લવાજમ ભરી ગ્રાહક થઈ તેનો વધુ પ્રચાર કરવા દરેક સજ્જન જ્ઞાતિ બંધુ પાસે અમારી યાચના છે અને તે યાચનાનો દરેક સમજુ ભાઈ સ્વીકાર કરશો જ. કારણ કે સાલ ભરમાં માત્ર બે એક રૂપીયા ભરીને પણ તેઓ એક પ્રકારની સમાજ સેવા કરે છે એવું તેઓ જો સમજી શકે તો પણ બસ છે, નીતિનો અને જ્ઞાનનો પ્રચાર થતો હોય ત્યાં સમજુ પુરૂષો હજારો રૂપીયા ખર્ચવા પણ તૈયાર રહે છે. ત્યારે માત્ર લવાજમ પત્રના બદલામાં આપવું એ કાંઈ ભારે વાત જ નથી. કેટલાંક શ્રીમંતો છે તેમની તો ચોખ્ખે ચોખ્ખી ફરજ છે કે તેમણે આર્થિક મદદ આપી આવા સાહસને આગળ વધારવા દરેક કોશીશ કરવી. અમોને આશા છે કે અમારા શ્રીમાન ભાઈઓ આ વાત જરૂર લક્ષમાં લેશે જ.

પાટીદાર ઉદય જેવા જ્ઞાતિ સેવા કરવા માટે નવા નીકળતા પત્રને મુખ્યે કરી શ્રીમાન ભાઈ ખીમજી શીવજી પટેલની સહાયતા ન મળી હોત તો તેનો જન્મ આ વખતે થાત કે કેમ ? તે શંકાજન્ય વાત હતી. તેમના જેવા સુધરેલ વિચારવાળા તથા ઉદાર વૃત્તિ વાળા સજ્જનો આપણી જ્ઞાતિમાં હજારો પાકવાની જરૂર છે. કે જેથી આવા કાર્યમાં ઘણી જ સરળતા થાય, તેઓ હમેશાં જ્ઞાતિ સેવા જેવા પવિત્ર કાર્ય માટે તન મન અને ધનથી બનતી મદદ આપી સારો દાખલો બેસાડે છે. તેની બીજા ભાઈઓએ જરૂર નકલ કરવી ઘટે. વળી અમોને આ કાર્ય કરવામાં હંમેશાં બનતી મદદ આપનાર અમારા જુના સુધારક ભાઈશ્રી નારાયણજી રામજી મીસ્ત્રીનો પણ અમારે આભાર માનવાની ખાસ જરૂર છે. કેમ કે તેમની લાગણી આવા કામો માટે હમેશાં તીવ્ર રહે છે. અને તેમની જ મદદ અને સહાયતાથી અમો આ સાહસ ખેડવા તૈયાર થયા છીએ. અમો આશા રાખીએ છીએ કે તેઓ પોતાનું વચન પાળી

અમોને હંમેશાં તન મન અને ધનથી દરેક મદદ કરતા રહેશે. એ સિવાય આપને એક ખરા સ્વરૂપમાં મુકવા, પોતાના અમુલ્ય સમયનો ભોગ આપી, ખરી સલાહ તથા સૂચનાઓ આપી દરેક લેખ તપાસી ગોઠવી સુધારી બનતી લખાણ વગેરેમાં મદદ આપનાર અમારા જુની સ્નેહી વૈદ્યરાજ ગોપાલજી કુંવરજી ઠક્કુરનો પણ આ તકે અમો આભાર માનીએ છીએ. તેમના ઉત્સાહિત વિચારો તથા અનુભવી સલાહ વગર આ પત્ર આટલું તુરતમાં પ્રગટ થઈ શકતે નહિ એ વાત તો નિર્વિવાદ જ છે. છેવટે અમોને આ કાર્યમાં જે કોઈએ કોઈ પણ પ્રકારની મદદ આપી છે તે સર્વનો ફરીને આભાર માનવામાં આવે છે.

ઈતિ શિવમ્,
તંત્રી

જ્ઞાતિ સેવાની પ્રતિજ્ઞા

(લેખક : કે. એન. પટેલ)

વહાલા જ્ઞાતિ ભાઈઓ ! આ દુનિયાનું ઉત્પતિ તત્ત્વ તો આપ સારી રીતે નહિ જાણતા હશો, કદી તેના બધા નિયમો તમો પૂરી રીતે નહિ જાણતા હો પરંતુ એ તત્ત્વનું અનુસરણ શી રીતે થાય છે, તે આપ સર્વ જાણે-અજાણે પણ અનુભવતા હશો. વિશ્વની એ ખુબી છે કે અવનવા મહાન તત્ત્વો અને સિદ્ધાંતો, કે જેના શુદ્ધ સ્વરૂપને જાણવા માટે વિજ્ઞાન વેતાઓ કટી બધ પ્રયત્નો કરે છે અને અનેક આપત્તિઓની સામે ટક્કર ઝીલીને પણ તે સંસાર સાગરની દષ્ટિ મર્યાદામાં ખડા કરી દે છે. છતાં તેજ મહાન સિદ્ધાંત અજ્ઞાન દશામાં રહેનાર માણસને પણ તે સિદ્ધાંતનું નામ નિશાન જાણ્યા સિવાય મુળ દિશામાં જ્ઞાન હોય છે. વિજ્ઞાન શાસ્ત્રીઓ ખેતીના માટે અમુક પ્રકારની ખેડ કરવી જોઈએ, આટલી ઊંડી કરવી જોઈએ કારણ જ્યાં સુધી પૃથ્વી પરની સપાટીનું પડ ભાંગવામાં ન આવે ત્યાં સુધી તે જળને ધારણ કરી શકે નહિ અને તેથી જ સૂર્યની ગરમીને લીધે પાણી વરાળ થઈ ઊડી જાય છે ને પાક સારો આવતો નથી. આવો સિદ્ધાંત સામાન્ય ખેડૂતને અપરીચીત હોવા છતાં અમુક ટેવને લઈને અને તે સિદ્ધાંતના જ્ઞાન સિવાય પણ તેવી જ ખેતી પ્રાચીન સમયના ખેડૂત કરતા હતા અને હજુ પણ કરે છે, તદનુસાર કેટલાક સૃષ્ટિ ઉત્પત્તિ તત્ત્વને અનુસરી જ્ઞાતિઓની યોજના લગભગ વેદ ના સમયથી ચાલી આવે છે, પરંતુ જુના જમાનામાં જે જ્ઞાતિ સેવા ગણાતી હતી તે આજે પણ ગણાતી હોય, પ્રાચીન સમયમાં જે આચાર વિચારને રીત રીવાજોનું પાલન થતું હતું તે આ જમાનાને અનુસરી સુધર્યા હોય તે ધોરણે જ્ઞાતિ સેવાના માર્ગમાં પણ પરિવર્તન થયું હોય તો, તે સ્વાભાવિક છે.

જુના વખતમાં જે અન્ય સામગ્રી વપરાશમાં આવતી હતી, તે અત્યારે ઉપયોગી નથી, પ્રાચીન વખતની કેળવણીની દિશા પણ બદલાઈ ગઈ છે. અરે ! એટલું જ નહિ પણ જુના જમાનાને હાલના માણસોના રીતરિવાજોમાં રહેણી કરણીમાં અને આચાર વિચારમાં ઘણો જ તફાવત જણાય છે. ગીતાના સમયમાં પરીષદો ભરાતી હતી, પણ તે જુદા રૂપમાં, તેની કામ કરવાની ઢબ જ કંઈ જુદી હતી. પણ વખતના બદલવા સાથે બધું બદલ્યું છે. સમયના બદલવા સાથે પ્રાચીન આચાર ફેરવાઈ જઈને રૂપાંતર પામ્યા છે.

૧૦.૧ - પાટીદાર ઉદય - અંક ૧ - વિ. સં. ક. ૧૯૮૦ અષાઢ (July-1923)

પરંતુ આશ્ચર્યકારક ઘટના તો એ છે કે, બીજા દેશો અને જ્ઞાતિમાં સમયને અનુકૂળ થવા મહેનત કરે છે ત્યારે આપણી કણબી જ્ઞાતિમાં ફક્ત ગણ્યા ગાંઠ્યા પુરૂષો જ એવી દીશામાં દેખાય છે. નવા અને જુનાનું યુદ્ધ તો દરેક જગ્યાએ માલુમ પડ્યું છે, સાંજ અને સવાર દિવસ અને રાત્રી આર્ય અને અનાર્ય યુવાન અને વૃદ્ધ પરંતુ તે યુદ્ધમાં હંમેશાં નુતન (નવું) જ ફતેહ પામે છે. કહેવાનો મતલબ એવો નથી પરદેશી કેળવણી યુક્ત અથવા કહેવાતા સુધારાના ભક્ત તેજ નુતન (નવા) નહિ જ નુતનનો અર્થ સમજવામાં જ ભુલ થાય છે, નુતન એટલે સમયના પ્રવાહને ઓળખી તેને અનુકૂળ વર્તન કરવું તે, આ વ્યાખ્યાની અંદર પ્રાચીન અને જુના જમાનાના લોકો કે જેઓએ સમયની સાથે જ મૈત્રી બાંધી છે, તે નુતનની પ્રથમ પંક્તિમાં આવે છે. પરંતુ કેટલાક એવા છે કે “તાતસ્ય કુપોઈથી બ્રુવંન્ત ક્ષારજલ મુખે નરાપિ બન્તી” એટલે કે, ખારું પાણી હોય પણ જો બાપના કુવાનું હોય તો તે પીવામાં જ તે લોકો હઠ કરે છે. અલબત શાસ્ત્રોમાં સનાતન ધર્મની વ્યાખ્યામાં કહ્યું છે કે :

યેનતે પિતરો યાતા યેન યાતા પીતા મહાઃ
તેન માર્ગેણ ગન્તવ્યં ઓષ ધર્મ સનાતનઃ

એટલે બાપ દાદા જે માર્ગે ગયા હોય તે માર્ગનું અનુસરણ કરવું એજ સનાતન ધર્મ છે. પરંતુ આમાં ભાવાર્થ સમજવામાં જ ભુલ થાય છે. કારણ કે, જે માતા, પિતા અને પિતામહ (બાપદાદા) ગયા હોય તે માર્ગ તે લોકોએ શા આધારે યોજી કાઢેલ હતો, યા તો તેઓ તેના વડીલના માર્ગમાં સમય સાથે કંઈ પણ ફેરફાર કરતાં કે નહિ એ તેઓ જોતા જ નથી અને સ્વચ્છંદ પણે સ્વાર્થ પુરતી અનુકૂળતા કરી લે છે, ને તે સિવાયની વાત બાજુએ મુકે છે.
માટે ભાઈઓ !

જેટલું જુનું તે જ સારું ને નવું તે જ ખોટું એવી માન્યતા ભુલ ભરેલી છે, સતપુરુષો (બુદ્ધિમાન પુરુષો) તો સારા સારનો વિચાર કરીને સત્ય વાત ગ્રહણ કરે છે. આટલી નાની વાત પરથી આપ આ નવા આરંભના મહીનામાં પોતાથી બનતી પ્રતિજ્ઞા લો કે બનશે ત્યાં સુધી જ્ઞાતિ હિતના મેદાનમાં નાતના ભલામાં જ્ઞાતિ હિતાર્થે પ્રયત્ન કરીશું. અને જે જે મનુષ્યો તેવા પ્રયત્ન કરતા હશે તેવાઓને બનતી **સહાય કરીશું. તથાસ્તુ.**

દિલ શાદ રહો, આબાદ રહો,
યશ લક્ષ્મી વરો, બહુ માન મળો.
દિલ દાઝ ધરો, કોમી કાર્ય કરો.
નહિ કોથી ડરો, આશીષ ફળો.

હિંદુ સમાજ અને પાટીદાર જ્ઞાતિ

પ્રિય વાચક ! કાળના પરિવર્તનમાં અનેક ફેરફાર હંમેશા થયા કરે છે તેમ જ્ઞાતિ કે સમાજના ધારાધોરણ કે નિયમોમાં પણ ફેરફાર થાય એ બનવા જોગ છે. સેંકડો કે હજારો વર્ષોથી આર્યાવર્તમાં ઘણી જ્ઞાતિઓ થઈ ગઈ છે. તેમાં હિંદુ જ્ઞાતિની એક પેટા શાખા, પાટીદાર જ્ઞાતિ પણ મુખ્ય જ્ઞાતિઓમાં ગણી શકાય. ખેતી વાડીનો ધંધો કરનાર આ જાણીતી કોમ કોઈનાથી હાલે અજાણી નથી હાલમાં પાટીદાર જ્ઞાતિમાં પણ બે ભાગ થઈ ગયા છે. જેમાંના એક ભાગ લેઉઆ પાટીદાર બીજો કડવા પાટીદાર, આ કડવા પાટીદાર, જેને કણબી એવા નામથી કે પટેલ એવા નામથી આપણે ઓળખીએ છીએ, આ જ્ઞાતિ હાલમાં નહિ હિંદુ કે નહિ મુસલમાન એવી અર્ધદગ્ધ રીતે ફસાઇ પડી છે આમ થવાનું કારણ ઢોંગી ધર્મ ગુરૂઓનું તેમને અવળે રસ્તે લઈ જવું એ મુખ્ય છે. હજી પણ એ જ્ઞાતિ રીતરિવાજ હિંદુના જ પાળે છે. તથાપિ તેમનો ધર્મ તો મુસલમાની જ છે. એમાં કશી પણ શંકા નથી, હિંદુ હોઈ શા માટે તેઓ મુસલમાની ધર્મ પાળે છે ! એ આપણે જોશું તો જણાઈ આવે છે કે તેમની જ્ઞાતિમાં થોડાક વર્ષો પહેલાં એક મુસલમાન ધર્મગુરૂએ તેમને અવળું સવળું સમજાવી પોતાના ધર્મમાં ઘણા જ ચમત્કાર તથા સ્વર્ગ છે એવું ખોટું સમજાવી ભોળા આગેવાનોને તે રસ્તામાં દોરી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે આમ કરેલું છે. પણ હવે તો તે જ્ઞાતિમાં કેળવણી તથા સમજ શક્તિ પૂરતી થવાથી તેઓ જાણતા થયા છે કે અત્યારે આપણી હાલત ઘણી જ ભયંકર છે. આવી કફોડી સ્થિતિમાં છીએ એવું જ્યારે એમને લાગ્યું ત્યારે તેમણે હિંદુ ધર્મના રસ્તા જોઈ અને એ ખરા તથા પોતાના જુને રસ્તે ચડ્યા અત્યારે એ જ્ઞાતિમાંથી ઘણાઓ મહેનત કરી રહ્યા છે, અને તે ખરેખર ઈચ્છવા જોગ છે. હમણાં જેવો એમને એ સદ વિચાર સ્ફુર્યો છે અને જો તેઓ તેનો લાભ લઈ ઢોંગી ધર્મગુરૂઓથી મુક્ત થઈ સત્ય સનાતન રસ્તો સમજશે તો તેઓ થોડા વખતમાં શુદ્ધ આર્ય (હિંદુ ધર્મી) થઈ જશે ખરા. એમાં શંકા જેવું નથી.

પાટીદાર જ્ઞાતિમાં મુસલમાન ધર્મગુરૂઓ ધર્મને નામે પાપનો ફેલાવો કરી તે જ્ઞાતિમાંથી દર વર્ષે હજારો રૂપિયા લુંટી જાય છે અને તેનો ઘણો જ દુરપયોગ કરી પોતે જ મોજ કરે છે તથા એ જ્ઞાતિને અજ્ઞાનતાના અંધારામાં રાખી તદ્દન મુસલમાન તથા અંધ શિષ્ય જેવા ગુલામ બનાવી મુકવા હંમેશ પ્રયત્ન કરતા જણાય છે. આવા સ્વાર્થી ધર્મ ગુરુઓના ફંદામાં ન ફસાતા હવે સમયના ફેરફાર પ્રમાણે વિચારોમાં ફેરફાર કરી સારૂં શું છે તેની કદર કરી અંધારાના ખાડામાંથી બહાર આવી સત્ય રસ્તો ગ્રહણ કરવાની ખાસ જરૂર છે. અમારા ધારવા પ્રમાણે આ જ્ઞાતિ હવે તો એ પીરાણા ધર્મનો ત્યાગ ઘણા જોરથી થતો જાય છે અને અમો તો એજ ઈચ્છીએ છીએ કે તેઓ શુદ્ધ ખરાનું હિંદુ ધર્મી બની પોતાની સમાજ તથા દેશનું કલ્યાણ કરવા તૈયાર થાય.

હાલમાં મુંબઇ તથા કરાંચી તેમજ કચ્છના કેટલાક ભાગોમાં **સુધારવાળાને** નામે આ જ્ઞાતિના કેટલાક મુખ્ય પુરૂષોએ બહુ જ શ્રમ કરી પીરાણા ધર્મનો ત્યાગ કરી હિંદુ ધર્મ અખત્યાર કરવા માંડયો છે. તેની સંખ્યા દરરોજ વધતી જાય છે. **હાલમાં પણ એવા સુધારાવાળા શુદ્ધ હિંદુ પાટીદારોની સંખ્યા હજારોની થઇ છે અને કેટલાક તો આખા ગામો પણ એજ વિચારોનું પાલન કરે છે** એ જાણી આપણને આનંદ થવો જોઇએ.

કરાંચીમાં કેટલાક ઉત્સાહી યુવકોએ પોતાના તન મનઅને ધનના ભોગે આ જ્ઞાતિને ખરે રસ્તે ચડાવવા ઘણા શ્રમથી અનેક વખત ઘણા જ ભોગ આપેલ છે, તે અમારી જાણ બહાર નથી. અમો તો આવા ઉત્સાહી યુવકોનો

વિજય જ જોઈએ છીએ. તેમણે સત્ય રસ્તે હંમેશા છાતી ઠોકીને તથા કમર કસીને કામ કર્યે જવું અજ્ઞાનતા દુર થતાં સમાજ આખી તેમજ પોતાની જ થઈ જશે. અત્યારે તેમને જે ગાળો આપતા હશે અથવા તો જેઓ મુસલમાન રહેવા ખુશી હશે, તેવા ભાઈઓ પણ સમજણ થતાં તે તેમના ખરા ભાઈ બની તેમના મદદગાર થઈ પડશે. માટે તેમણે ખાસ કાળજી રાખી કોઈનું પણ દિલ ન દુઃખાવતા પ્રેમથી અને સત્યના બળ વડે સમયને ઓળખીને કામ કરવા હંમેશા તત્પર રહેવું. પ્રભુ તેમની મદદમાં છે એમ જાણી અન્યાયને તોડવા હંમેશા સત્ય ધર્મનો પ્રચાર કરવા તૈયાર રહેવાની ખાસ જરૂર છે. આમ જયારે કાર્ય કરનારા તૈયાર થશે, ત્યારે અત્યારની અર્ધદગ્ધ થયેલી પાટીદાર જ્ઞાતિ શુદ્ધ હિંદુ બની પોતાનું અસલ સ્થાન પ્રાપ્ત કરશે. પ્રભુ તે સમય એ જ્ઞાતિને જલ્દી આપ એજ અમારી પ્રાર્થના છે.

સુધારાની આવશ્યક્તા

(લેખક : રા. તંત્રી)

પ્રિય બન્ધુઓ ! જમાનો જાગૃતિનો આવી પહોંચ્યો છે. ઠામ ઠામ સર્વ જ્ઞાતિઓ પોત પોતામાં યોગ્ય વિચાર કરી અગવડ કરતા રીતરિવાજોને તિલાંજલિ આપી રહી છે, ત્યારે આપણી જ્ઞાતિ હજુ સુધી પોતાની નિંદ્રામાંથી જાગૃત થવાનો વખત વિચારતી નથી છતાં પણ પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપા વડે જ્ઞાતિના કેટલાક સ્થળોમાં સુધારકો પોતાનું પરાક્રમ પ્રકાશતા જણાય છે ખરા,પરંતુ જ્યાં સુધી આવા જ્ઞાતિ હિતેચ્છુ વિરલાઓ એકત્ર મળી પરસ્પર જ્ઞાતિ હિતના વિચારોનું વારંવાર મંથન કરી તેને અમલમાં મૂકવા તૈયાર નથી ત્યાં સુધી.

उधमेन ही सिध्यन्ति कार्याणि न मनोरथैः
नही सुप्तस्य सिंहस्य प्रबिशन्ति मुखे मृगाः

(માત્ર મનોરથ કરવાથી જ કાર્ય સિદ્ધ થતાં નથી પણ ઉદ્યમથી સિદ્ધ થાય છે, સુતેલા સિંહના મુખમાં મૃગલાઓ આવીને પડતા નથી) માત્ર વિચારથી જ કાંઈ ફળ પ્રાપ્તિ થતી નથી, માટે મારા સુધારક વીરાઓ ! તમારા વિચારો હૃદયમાં જ રોકી રાખી જ્ઞાતિની અધમ દશા દેખી નાહક દુભાઓ નહિ પણ યોગ્ય ઉપચાર કરવા તત્પર થાઓ અને પ્રારબ્ધ જે પુરૂષાર્થ હિન, પામર પુરૂષોનું આશ્રમ સ્થાન છે તેને બાજુ મુકી પુરૂષાર્થને વળગી મહા ભગીરથ પ્રયત્ન કરવા તત્પર થાઓ :-અર્થમ્ સાધ્યામિ, વા, દેહંમ પાત્તયામિ

આ સુત્રને તમારા, હૃદય મંદિરમાં મુદ્રિત કરી તમારા વિચારોને વહન આપવા માંડો. મુંગા બેસી રહી "હાય, હાય" કરવાથી કાંઈ પણ બનવાનું નથી. પ્રતિદિન આયુષ ક્ષીણ થતું જાય છે. તમારો મનુષ્ય જન્મ ધારેલો સફળ કરવા અને તમારો વ્યવહાર ધર્મ બજાવવા પાછા ન પડો. વિરાઓ ! જન્મવું, જીવવું અને મરવું એ તો વારંવાર છે જ. પરંતુ જે પુરુષ પોતાનું સારું નામ ઈતિહાસના પાના પર મૂકી જતો નથી તે જેમ અનેક કીટ પતંગાદિ જન્મ મરણ પામે છે. તેમ એક પામરની માફક પૃથ્વીના ક્યા ખૂણામાં મરી જાય છે, તેની કોઈને ખબર પણ પડતી નથી. તેને કોઈ યાદ પણ કરતું નથી. પરમાર્થી પુરૂષો ! તમારી જ્ઞાતિની દશા તરફ દષ્ટિ કરો. ઠામ ઠામ શું જણાય છે ? તમારા જ્ઞાતિ બન્ધુઓ :-

હરિગીત છંદ

ઠામ ઠામ, વિરામ ના કયંઈ,
જ્ઞાતિ બાળક રડવડે
કણના અમે "બની" બીજ,
બાળક અન્ન વિના ટળવળે,
દહીં દૂધ થી નીપજાવનાર,
રતાધ બનીને આથડે,
દાનેશ્વરી બની દાન દેતા,
આજ પર ઘર કર ધરે.

બીચારા ખેડૂત ભાઈઓ ! ટાઢ, તાપ અને વરસાદના મહા દુઃખના દીવસોમાં મહેનત કરી ટુટી જાય છે અને મરી જાય છે છતાં પણ તેમને તથા તેમનાં પત્નિ પુત્ર પુત્રાદીને પૂરા વસ્ત્રો પણ પહેરવાનો વારો આવતો નથી, તેમનું રળેલું કોણ જાણે ક્યાંઈ તણાઈ જાય છે, તેની તેમને ખબર પણ પડતી નથી. અરેરે ! ખબર શાની પડે ? વિદ્યારૂપી દિવ્ય ચક્ષુને માટે તો તે બીચારા કુટુંબ પરિવાર સહીત બે નસીબ જ રહે છે. ખેતીવાડીના ધંધામાં, મજૂરીમાં, ઘાસ લાવવામાં, ઢોર ચારવામાં, અને સીમમાં ખેતરોમાં જવામાં તેમના વિદ્યા અભ્યાસ કરવા યોગ્ય બાળકો ગુંથાઈ રહે છે. તેથી ભણવાની નવરાશ મળતી નથી, તેમજ પૂરા સાધનો પણ હોતા નથી. આપણી જ્ઞાતિની બીજી બાજુ દષ્ટિ કરીશું તો ત્યાં પણ અન્ય પ્રકારની અંધાધુંધિ પ્રવૃત્તિ થઈ રહી છે. બાળાઓના, બળાપા અને કુલીનોના કઢાપા, (અનેક અબળાઓના કુલીન ગણાતા આગેવાનો ઈચ્છા નહીં છતાં છુટાછેડા કરી રહ્યા છે) ઠામ ઠામ ત્રાસ વર્તાઈ રહેલો જોવાય છે, અનેક રીતે ગરીબોના ગળા રેંસાય છે અને નિરૂદ્યમી લોકો અનેકાનેક પ્રકારે જુલમો વરતાવી રહ્યા છે. પ્યારા વાચક ! આવી દુરદશા દેખી શું તમારા હૃદયો રૂદન કરતા નથી ? કેમ નહિ ? કરે જ. પરંતુ પુરૂષાર્થ કર્યા વિના "હાય, હું એકલો શું કરું" આમ ઉચ્ચારી પછી પ્રારબ્ધ પર પોતાના વિચારને આધાર આપી પડ્યા પડ્યા પોકાર કરો છો ત્યારે તમો સમજુ અને અણસમજુમાં જે તફાવત પડવો જોઈએ તે ક્યાં છે ? જ્ઞાતિની દાઝ અને દૂરદશા જાણનાર તમો અને બીજા અજ્ઞાની મુઢ ભ્રાતાઓમાં તફાવત શો ?

અરે આ દશા જાણી જોઈ પુરૂષાર્થ કર્યા વિના માત્ર પડી રહેનાર કરતાં ન જાણનાર સારો છે કારણ કે તે આવી ઊંડી દશાનું ભાન ન હોવાથી તે બીચારો છાણનો કીડો છાણમાં મસ્ત હોય છે પરંતુ તમો તમારા બન્ધુઓની અને જ્ઞાતિની દુઃખદ, દશા દેખી દુબળા થાઓ છો છતાં પણ પુરૂષાર્થ કરવા તત્પર થતા નથી કે મેદાન પડતા નથી અને "હું એકલો શું કરું ? આવડી મોટી નાતમાં મારાથી શું થાય ?" વગેરે નિર્માલ્ય વિચારોથી નિયતાને પ્રાપ્ત કરો છો :-

नचेवात्मा वमन्तव्यः पुरुषेण कदाचन।
नहयात्म परिभूतस्यभूतिर्भवति शोभना ॥
(महाभारत.)

નચેવાત્મા વમનન્તવયઃ પુરૂષેણ કદાચના નહ્યાત્મ પરિભૂતસ્યભૂતિર્ભવતિ શોભના (મહાભારત)

પુરૂષે પોતાનો કદી પણ ધિક્કાર નહિ કરવો તેમ કરવાથી મનુષ્ય કદી ઐશ્વર્ય પ્રાપ્ત કરી શકતો નથી. માટે એવા નીચ વિચારો તજી તમારા સ્વાત્મ બળમાં જેટલી શ્રદ્ધા રખાય તેટલી રાખો તમે સાક્ષાત્ પરમાત્મા થવા ઇચ્છશો તો પણ થઈ શકશો તમો તમારી જાતને પામર પ્રાણી માની કંગાલીયતના કાળા ગ્રહમાં શા માટે હાય મારો છો?

उचिष्टत, जागृत, प्राप्य, वरान्नि बोधत ।

(उपनिषद)

ઉઠો, જાગ્રત થાઓ અને મેળવવા લાયક ઉત્તમ વસ્તુને સમજો, ઊંચા વિચારોને એવી ઉચ્ચ ભાવના રાખો ઉચ્ચ આશયો રાખી ઉચ્ચ પુરૂષાર્થ દઢ અને ઉત્સાહી મનથી કરો પછી જુઓ કે સર્વવ્યાપક પરમાત્મા તમને તમારા હૃદય મંદિરમાં કેવો પ્રાદુર્ભાવ જણાવી "સર્વ પ્રાણી માત્રના સુખમાં જ તમારું સુખ સમાયલું છે." આ મહા મંત્રથી તમને દિક્ષીત કરી કેવો ધર્મ સુજાડે છે? કેવો પરમાર્થ બતાવે છે:-

"વિકલવો વીર્યહીનોયઃ સદૈવ મનુવરતતે ।

ધીરા સંભાવિતાત્માનો નદૈવઃ પર્યુ પાસતે ॥

(રામાયણ)

વીર્યહીન અને વૈક્લવ દૈવને અનુસરીને ચાલે છે પ્રતિષ્ઠિત વીર પુરૂષો દૈવને સેવતા નથી, જમાનો એવો આવ્યો છે કે પ્રથમ જે કામ કરવા મહા ભગીરથ પ્રયત્નની જરૂરત હતી તેવા મહદ કાર્યો માત્ર સ્વલપ પ્રયત્નથી સિદ્ધ થાય તેમ છે. માટે સમજુ પુરૂષો ! હવે તો હદ થઈ છે. તમો અત્યારે પણ વખત વખતનું કામ કરશે "કુદરત પોતે જ સુધારા કરશે" કહી મન વાળી બેસી રહી ટગરટગર દયાજનક દશાને દેખી દુબળા થયા કરશો ત્યારે વખત અને કુદરત ક્યારે અનુકૂળ થશે, સૌભાગ્ય દેવી સાહસિકને જ વળમાળા આરોપે છે. જુઓ ?! જુઓ ?! આપણી આસપાસની અન્ય જ્ઞાતિઓ આજ શા કાર્યમાં મચી રહી છે ? આપણે પાટીદાર છીએ તેથી ઉચ્ચ ગણાતી અન્ય જ્ઞાતિઓનાં પ્રબળ પ્રયત્નને દુર મૂકી આપણાથી હલકી જ્ઞાતિઓ જે શુદ્ર ગણાય છે તેઓ તરફ નજર કરશો તો સહેજ જણાશે કે તેઓ પણ જ્ઞાતિના રૂડા વખતનો લાભ લઈ પોતાની ઉન્નતિ કરવા પ્રબળ પ્રયત્નશાળી બની રહ્યા છે. જ્યારે વસવાયા અને શુદ્ર જેવી હલકી જ્ઞાતિઓ આમ પુરૂષાર્થ કરી ઉન્નતિ કરવા આગળ પડી છે. ત્યારે તમો તમારા શિષ્ટ પુરૂષો અને આગેવાનો ઊંઘે છે. અરે કેવી દશા ! કેટલાક આપણા ગેઢેરા ગણાતા આગેવાનો તો કહે છે કે જ્ઞાતિમાં શું સુધારવાનું છે ? જ્ઞાતિને શું થયું છે ? શું બગડી ગયું છે ? નાહક રાડો પાડી પાડીને લખી, લખીને, અને બોલી બોલીને જ્ઞાતિને ફજેત કરી નાખી. પરંતુ તે બીચારા ભોળા પટેલ બાપા, તેમ કહે તો શું થયું ? તેમને સૈયદો અને કાકાઓ અને નાતના મેળાઓમાં શીરા અને લાપસીઓ નામની મુકી ક્યાં માથું ઊંચું કરી જોવું છે કે અમારી જ્ઞાતિની શી વલે થઈ છે.

છતાં પણ તેઓને એવું બોલતા તો વારંવાર સાંભળીએ છીએ કે હવે તો કમીઓ (હજામ, કુંભાર, મેગવાર ફાટા છે. શું કરીએ વખત બળી ગયો હવે દિવસા દિવસ વખત બળતો જશે અરે ! આગેવાન બાપાઓ ! ઝોકામાને ઝોકામાં વખત તો બળી જશે પણ હજી તો તમારે ને આખી જ્ઞાતિને લુગડે લાય લાગીને બળી જશે અને આપણે દાઝશું ત્યારે ભાન આવશે જે કમીઓ અને તમારાથી ઉતરતી જ્ઞાતિનાં માણસો આજે આવા બળી ગયેલા વખતમાં

પણ "પટેલ" કહી પરા ખસી તમોને માન આપે છે તે જ્યારે પોતાની જ્ઞાતિઓમાં ભણી ગણી સુધારા કરી તેમનાં બાળકોને ભણાવી તમારા બાળકોથી વધારે કેળવાયેલા બનાવી તમારા બાળકોના વિદ્યા ગુરૂ બનશે-મહેતાજી-માસ્તર બનશે. પછી કોણ કોને બાપા કહેશે ? તમોને કોણ માન આપશે ? તમારા કામ કોણ કરશે ?અરે! હજામતો સુદ્ધાં કોણ કરશે ? વિચારો ? વિચારો ? અને જલદી સેવા કરવા મેદાને પડો.

રૂડી પટલાણી*

(લેખક : મહિદાસ પ્રેમજી પટેલ)

આજ અમાવાસ્યા છે. અંધકારે પોતાનું સામ્રાજ્ય ચોતરફ જમાવી દીધું છે. આકાશ ઘનઘોર છવાઈ રહ્યું છે. વીજળી તાંડવનૃત કરી રહી છે માતા ઉમિયાનું મંદિર આજ તદન સુનું સુનું લાગે છે. ઘાઢ અંધકાર ફીટાડવા ખૂણામાં પ્રજવલ્લતો ચાંદીના કોડીઆમાંનો ઘીનો દીવો સંપૂર્ણ યત્ન કરી રહ્યો છે, પણ માતાની દિવ્ય મૂર્તિની સન્મુખ એક બાળાના ઉના નિશ્વાસથી અંધકાર ગાઢ થતો જાય છે. સ્વર્ગની અપ્સરાઓ ચકિત નેત્રે આ દુઃખી અબળાનું મુખ નિહાળે છે. સ્વર્ગની ગોદમાં ખેલતી અપ્સરાઓએ આવું દીન મુખ સ્વપ્ને પણ નહિ જોયું હોય. અબળાના બંને નેત્રો બંધ છે. દર્શન પ્રિય ભક્ત દોડતો આવે, તે વખતે મંદિરના દ્વાર એકાએક બંધ થતાં ભક્તના મનમાં જેવી નિરાશા છવાઈ રહે છે, તેવી જ રીતે તે દુઃખીયારી અબળાનાં નેત્ર દર્શન કરવા ઇચ્છતી અપ્સરાઓ બંને લોચન બંધ હોવાથી નિરાશ થાય છે. માથાનો અંબોડો છુટો મુકાઈ ગયો છે સુંદરીનો કૃષ્ણવર્ણ કલાપ સેષ નાગનાં માન મુકાવે છે. અબળાની ડોકમાં કાંઈ પણ આભરણ નથી, પણ તે ખુલ્લી ડોકના વાંટા ઈન્દ્રાણીને પણ છક કરી નાખતા હતાં.

અબળા ઘુંટણ ઉપર બેઠી હતી. આ બેઠક જોઈ શંકર સામેની બેઠક ધરાવનાર પોઠીઓ શરમાતો હતો. આજુબાજુ ગગનભેદી અંધકાર સામે માતા ઉમીયાની ઓજસ્વી પણ ગંભીર લાગતી મૂર્તિ, તેના ખૂણામાં ટગમગતો ઘીનો દીવો અને ઉપર ચકિત થયેલી અપ્સરાઓ સિવાય આ મંદિરમાં કોઈ હતું નહિ. સર્વત્ર ગાઢ શાંતિ વ્યાપી રહી હતી. આ વખતે સૂર્ય ઉગતાં જેમ કમળની પાંદડી ખુલતી જાય, તેમ અબળાનાં પોપચાં ધીમે ધીમે ખુલવા લાગ્યાં, કંઠમાંથી ઝીણો ઝીણો મધુરો પણ હૃદયભેદક સ્વર નીકળવા લાગ્યો. અવાજ તીણો હતો પણ દુઃખથી ખોખરો થઈ જતો હતો. આ અવાજથી અચરજ પામતી અપ્સરાઓ નીચે ઉતરી અબળાની સન્મુખ આવી ઉભી રહી. આગળ આવી મેનકા પૂછવા લાગી : "દુઃખીયારી બાળા ! આ અવનીમાં શા માટે દુઃખની હોળીમાં સળગ્યા કરે છે ? અંધારી રાત્રે દેવીના મંદિરમાં આવવાની કેમ જરૂર પડી બાળા ? દેવ દેવીઓને વિનવવા ભારત વર્ષની અબળાઓ શું રાતના પણ ભટકતી હશે ? અમે સ્વર્ગના સુખમાં ગુલતાન રહેનારી અપ્સરાઓ આ દુઃખ જોઈ બળી મરીએ છીએ. અમારા દુઃખના ઘા રૂઝવવા બાળા તારી આત્મકથા અમને કહે."

***હિંદુસ્તાનના દિવાળીના ખાસ અંક ઉપરથી**

૧૦.૧ - પાટીદાર ઉદય - અંક ૧ - વિ. સં. ક. ૧૯૮૦ અષાઢ (July-1923)

"અહો સ્વર્ગના સુખમાં રમનારી સ્વર્ગની દેવીઓ ? અમારાં દુઃખો નિહાળી રાક્ષસો પણ ઊભી પૂંછડીએ નાસે છે. એવામાં તમને આ શું સુઝયું ? અમે તો મૃત્યુ લોકનાં કાળા માથાનાં માનવી. અમે દુઃખી, અમારો સંસાર દુઃખી, દુઃખમાં અમારો જન્મ, દુઃખ એજ અમારું ત્રિકાળનું અખૂટ ઝરણું ! એ દુઃખમાં ભાગ લેવાથી આપને શો લાભ દેવીઓ ?"

"મૃત્યુ લોકનાં દુઃખોના માપથી અમારા સ્વર્ગના સુખ મપાય છે બેની ! દુઃખ સાંભળી તને વધુ દુઃખી નહિ કરીએ. દુઃખીયાનાં દુઃખ કાપવાં એજ અમારો ધર્મ !?!"

"નથી" નથી સ્વર્ગનાં રાજાધિરાજ પણ અમારાં દુઃખ ફીટાડવા સમર્થ, તો ફુલની પાંખડી જેવી કોમળ દેવીઓ, આપના શા ભાર ?"

"દીકરી ! દેવની શોભા દેવમાં નથી. જેવા પુજારી એવા દેવ ! અને અમે તો સ્વર્ગના સુખની વાદળીઓ જેટલું સુખ વરસાવીએ તેટલું દેવાધિરાજને મળે. સમજી બેન ? વિશ્વામિત્ર જેવાના તપના ચૂરા કરવામાં પણ અમારો જ હાથ હતો. આજ એજ હાથ તારાં દુઃખો ટાળશે બેની ?"

"દુઃખીઓનાં દુઃખો કાપવાં એજ આપનો ધર્મ હોય તો, બેની સાંભળો. મારી આત્મકથા. તે જરા લાંબી છે ખરી, પણ દુઃખના દારૂણ રસથી રસ બસતી છે, કુમળાં કાળજા કોરનારી છે. પણ સ્વર્ગના શોખીનોનાં હૈડાં તો કઠણ કહેવાય છે ? હું પૃથ્વીના પ્રથમ ખંડમાં ગણાતા ભરતખંડમાં જન્મી છું. ખેતીનો ઉજળો ધંધો કરનાર કણબી કોમમાં મારો જન્મ થયો છે. મારું નામ રૂડી ! મારું કેવું સાદું નામ ? અમારા દેશમાં તો દીકરીઓનાં નામ પાડવાં કોઈ પાછી પાની કરતું જ નથી. દીકરીનાં નામ પાડવામાં અમારા દેશનાં દેવ દેવી, નદીઓ સદા રોકાયલાં જ છે, જીભને બેવડી ચોવડી વાળીએ ત્યારે જ અમારા દેશની કન્યાઓનાં નામ બોલાય ! પણ મારું નામ સાદું ! અમારા માંતો રૂડી રામુ, કડવી, મીઠી, લાડુ, પુરી, દુધી ધોળી એવા બબે અક્ષરનાં જ નામ ! મારો જન્મ થયો, મારું નામ પડ્યું, કે તરત જ મારું વેવિશાળ થયું.

"શું બેન ? વેવિશાળ ? સ્વર્ગના પહેલા પગથીઆ જેવું વેવિશાળ જન્મ થતા જ થઈ ચુક્યું ?"

"આપ તો જન્મ થતાંની વાત કરો છો, પણ મારી કેટલીએક બેનોનાં વેવિશાળ તો માતાના ગર્ભમાંથી જ થાય છે ? બે જીવવાળી માતાને પેટે ચાલ્લો કરવામાં આવે છે. નસીબ જોગે દીકરો આવે તો ભલે સગાઈ તૂટે, પણ પેટે ચાંલ્લો કરવાનો રીવાજ તો ખરો ! હું મોટી અને રમતી ભમતી થઈ ત્યારે મારો સંસારનો નાવી, મારો ભાવી ભરથાર મારે ઘેર મેમાન થઈ આવ્યા ? હું અને એ બંને તેવ તેવડાં ! હું પાંચ વર્ષની અને "એ" ચારના ? અમને જોઈ બધાં હસતાં, શા માટે હસતાં તે હું જાણતી નથી. મારા ઉપર પ્રભુની મહેર હતી જેથી એક દી પણ માંદી પડી નહિ ! પણ "એ" તો મોઢાં જોયાં તેથી છ મહિના માંદા અને છ મહિના સાજા ? આજકાલ કરતાં પદર વરસ ચાલ્યા ગયાં. મારા માબાપ આબરૂદાર ખેડૂત હતાં ઘેર બે ચાર ભેંસનું દુઝાણું હતું. હું ઘરનું કામકાજ કરતી. ઢોર દોતી, છાશ ફેરવતી અને પાંચ પાલી દળણું પણ દળતી. આમ કરતાં મારા સસરા ગાડું લઈ આવ્યા ? પડોશણની કઠણ જીભ બોલી કે રૂડી તું તો હાહરે (સાસરે) જવાનીને ? આ બોલે તો મારા ઉપર વીજળી પાડી ! અમારા પાડોશની બ્રાહ્મણની રંભા તો પંદર વરસે પરણી ! શું મારે ઈમ પરણવાનું નહિ હોય ? પણ મારી આ ભૂલ મારી પાડોશણે

તરત જ ભાંગી. "મુઈ", તારાં લગ્ન તો ક્યારનાયે થઈ ગયાં. તું વરસદીની હતી ત્યારે પરણી ?" પાકી ખાત્રી કરવા મેં માને પૂછી જોયું, તો જવાબમાં ગાલ ઉપર એક તમાચો પડ્યો. શું કણબીની દીકરીઓથી પરણવાનું નામ પણ ન લેવાય ? આ સન્મુખ બીરાજતાં ઉમિયા દેવીને નામે દસ દસ વરસે અમારા લગનની ચીઠીઓ નીકળે ? એક જ લગને અમારી નવ લાખ બેનો ઢીંગલાની માફક પરણે ? આવું કૌતુક કોઈ દેશમાં હશે બેન ? તેમાં કોઈ આઠની તો કોઈ પાંચ વરસની ? કોઇ ત્રણની તો કોઇ વરસ દોઢ વરસની ? મહીના છ મહીનાની કન્યાઓનો તો પાર જ નહિ. આવડા વર્ષની ભરજુવાનીમાં અમે પરણી ઉતરીએ ? અમારા સ્વામીનાથનું તો પૂછવું જ શું ? જેવડી અમે તેવડા તે ? કુળવાન હોય તો અમારાથી નાના જ હોય ? એક કોર ગોરબાપો ? (અમારા કચ્છમાં તો પીરાણાનો થાપેલ મુખી બાપો લગનનો વિધી ભણે, બીજી મેર વર ઊંઘે અને કન્યા રૂવે ? અમારાં આંસુ લુવા અમારા માબાપ તૈયાર ? શું દીકરા દીકરીને પરણાવવાનો લાવો અમારા માબાપ આમ જ લેતા હશે ! અમારાં ભાગ્ય કાજળથી લખાયા હશે ? એ વાત પડતી મુકો બેન, કોઠી ધોવાથી કાદવ જ ઉખડે ? મારી બનેલી વાત સાંભળી લો બીજે દિવસે ગાડીમાં બેસી હું મારે સાસરે ગઈ. હું હતી પંદર વરસની, પણ ગામની બધી બાયડીઓ કહેવા લાગી કે વહુ તો વીસ વરસની છે ? અજાણ્યા ઘરમાં આવી, ટોળાં વિખુટી હરણીની જેવી હું ચક્કર વક્કર ચોતરફ જોઈ રહી, રાક્ષસીને ભુલાવે એવી ખુણામાંથી એક ડોશી નીકળી ! પગે પડો વડસાસુ (દાદીજી) ને !" આવો એક અવાજ પાછળથી આવ્યો. તરત જ એ હુકમને હું તાબે થઈ. વડસાસુએ આશીશ આપી. રાતના વાળું થયાં, કોને હું પરણી એ હજી હું જાણતી નથી. વાળું કરી બહાર નીકળવા જાઉં છું એવામાં મારા કેડના રમકડા જેવડો, ગણપતિના જેવા પેટવાળો એક છોકરો ડરતો રડતો કારમી ચીસ પાડી નાઠો. એ ચીસ સાંભળી અમારો સાથી દોડી આવ્યો. કેમ ડર્યો ? એમાં બીવાનું સે શું ? ઈ તો તારી વહુ સે. એમ કહી સાથીએ ટાઢા ટોળ્યાં !!! મારા ધણીને સમજાવી ઓસરીમાં આણ્યો. મેં મારી લાજમાંથી આ બધું જોઈ લીધું. ઉંડો નીસાસો નાખ્યો, આંખમાં આંસુડાં ભરાઈ આવ્યા આંસુ રોકવા મેં ઘણી મહેનત કરી પણ કોણ જાણે શાથી આ આંસુડા રોકાયાં નહિં મેં લાજ કાઢેલી હતી જેથી મારા આંસુડા કોઈ જોઈ ન શક્યું. આ મારા સાસરવાસાનો અનુપમ ઉત્સવ બેની ? હાથણીની ચાલે મલપતી કણબણ બાળાનો સાસરવાસો આમ ઉજવવો વિધાતાને ગમતો હશે ? એથી વધુ બોલતાં મારી જીભ ઉપડતી નથી. મારું હૃદય ફાટી જાય છે. સોપો પડ્યો, એટલે ઘરના કામકાજથી પરવારી, મારો સુવાનો વારો આવ્યો, હું નવી નવી આવેલી એટલે મારી નણંદને પૂછી જોયું કે મારું સુવાનું ક્યાં છે ? નણંદે સાસુને પૂછ્યું, સાસુ વડસાસુના કાનમાં ગગણ્યાં અને છેવટે પાડોશમાં આવેલી બળદ બાંધવાની કોઢમાં (ડેલામાં) મને ખાટલો પાથરી સુવાનો હુકમ થયો. અરધા ઘરમાં બળદો સારું ચારો રાખેલો અને વખતે બળદો પણ બંધાતા અને અરધામાં મારું સુવાનું થયું ? એના ખુણામાં સરસામાન ભરેલો હતો હું આ ડેલામાં સુતી. થોડી વારે મારા ઘરનું બારણું હડસેલાયું મારો પતિ એકાએક મારા ઘરમાં !!! પણ મને તરત જ સમજ પડી કે બહારથી કોઈએ જોર કરી ધકેલ્યાં હશે ? આ અમારું મધુરું મીલન ? મારો ધણી કમાડ પાસે જ ઉભો રહી મરેલા ઘેટાના જેવી આંખે ટગરટગર મારા સામે જોઈ રહ્યો. છેવટે મારી ધીરજ ખુટી. પાસે જઈ મારા ધણીનો હાથ ઝાલ્યો ? તરત જ "ઓ......મા....ની બુમ પડી. હું ગભરાઈ પણ ધીરજ આણી જેમ તેમ કરી મેં ઈને ટાઢા પાડ્યા. ખાટલા ઉપર સુવા વિનંતી કરી. પણ મારી એ મહેનત ફોકટ. મારા ધણીએ તો નીચે જ સુઈ જવાનો મક્કમ ઠરાવ કર્યો હશે. એમાં હું હારી આથી વધારે કહેતા કેમ જીભ ઉપડે ? આવી સ્થિતિમાં મુકાયેલી કોઈ બાળાને પૂછી જુઓ ? આજથી મારાં લગન ઘંટી સાથે થયાં ગણોને બેન ? મોટે મળસકે

વડસાસુ - “વહુ-વઉ” એમ બૂમો પાડી મને ઉઠાડતાં. અને સાત પાલી જુવારનો સુંડલો મારી આગળ મૂકતાં. હું અજવાળું થતામાં લોટનો સુંડલો તૈયાર કરવા લાગી. પંદર ઢોરનું વાસીદું કરવા લાગી.

પાંચ ભેંસોનું દુઝાણું હતું પણ દૂધના ટીપાની મને બાધા હતી. એટલા દહીંની છાશ મારી પાસે જ ઢસડાવવામાં આવતી. કોઈ વખતે થાકી પાકી આમાં જરા આળસ કરતી. તો સાસુઓની જીભ મારા પર તુટી પડતી. સસરા આગળ ફરીયાદ જતી. કણબીની એક તો (જીભ) જાડી હોય. એમાં આવતી વહુ ઉપર એ જાતી વળે ત્યારે પુછવું જ શું ? આવી રીતે ઘરના કામથી પરવારતી તેવામાં ભાણ (સુરજ) ઉગતો. ટાઢા રોટલાં અને છાશ શીરાવી હું ખેતરે જતી (વાડી) ખેતરમાં મજુર અને દાડીઆની હારે સવારથી સાંજ સુધી હું કામ કરતી. મજુરોને રજા આપ્યા પછી હું ખેતર (પોડા)માંથી લીલું ખડ (ચારો) લેતી. એ ખડની ભારી બે માણસ મારે માથે મુકતા એ ઉપાડી હું ઘેર આવતી. મઠ (કોરડ) જુવારનો ખીચડો અને ખાટી છાશનું વાળું કરી ઘરનો સંજોરો કરતી બધાને સુવાડી હું મારી કોઢમાં સુઈ જતી. માંકડ, મચ્છરનું તો પુછવું જ શું ? છતાં મને ઘસઘસાટ ઊંઘ આવતી. માત્ર કોઈ કોઈ વાર જ સ્વપ્નાં આવતાં એ સ્વપ્નમાં હું બીજું કાંઈ દેખતી નહિ. માત્ર તમારા જેવી બાઈઓ આવી મને ઠપકો દેતી. બાળા ? આ દુઃખ શા માટે સહન કરે છે ? આ દુઃખને ઠોકરે મારી દુર ખસી જા ? આ ઘરના સુખમાં પુળો મૂક ? નથી ઘરનું સુખ તેમ નથી ધણીનું ? નકામી મજુરી કરી જન્મારો નકામો કેમ કાઢે છે.

આવો આવો ઠપકો તે બાઈઓ મને આપતી, હું એને એટલો જ ઉત્તર આપતી. એમ તે કેમ થાય ! હું આબરૂદારની દીકરી “દીકરીને ગાય જ્યાં દોરો ત્યાં જાય” મારા માબાપે મને આ ઘેર સોંપી. આ મારું સોનાનું ઘર બાઇઓ ? સીતાનાં જેવાં તો મારે દુઃખ નથીને એમ કહી હું ટાઢાં ઢોળતી. આમ કરતાં ત્રણ વરસ તો વીતી ગયાં.”

“ત્રણ વર્ષ ?? ત્રણ વર્ષ તો શું પણ ત્રણ દિવસ પણ કાઢવા સ્વર્ગની દેવીઓને દોહેલાં થઈ પડે. બેની ? આવાં દુઃખો તારે લલાટે ત્રણ વર્ષ લખાયાં. બેની નથી રહેવાતું અમારાથી આ દુઃખ સાંભળવા અહીં.”

“ધીરજ ધરો બેની ! ધીરજના ફળ મીઠાં છે. આ તો મારા દુઃખની શરૂઆત જ હતી. ખરાં દુઃખ તો સાંભળો દેવી ? આમ કરતાં મારા નસીબ ફુટ્યાં, મારા ધણી એકાએક માંદા પડ્યા, ગામમાં કોલેરા ચાલતો હતો. એ રોગે મારા નસીબ ફોડ્યાં ? ત્રણ દિવસના મંદવાડમાં તો “એ” દેવલોકમાં સીધાવ્યા. દુઃખી આવી બેનસીબ રાંડીરાડ હું પડી રહી અને “ઈ” તો ગયા. મેં મારાથી બની એટલી ચાકરી કરી. બન્યા એટલાં ઓસડીયા પાયાં પણ વિધાતાએ મારાં નસીબમાં રંડાપો માંયો હસે. એમાં મારો શો ઉપાય ? ધણી મુવા પછી હું કાળમુખી ગણાઈ. રાંડ હોળાયો, સુડકઢી, ભુંડા મોંઢાવાળી, એવું જેવું મોંઢે આવ્યું તેવું મારી સાસુ બોલવા લાગી. ધણીને દેવતુલ્ય ગણનારી ભારતની સ્ત્રીઓને આવો દિવસ આવે ? તો ધણી માર્યાનું આળ પણ અમારા ઉપર જ આવે ? તો ધણી માર્યાનું આળ પર અમારા ઉપર જ આવે રાંડે કામણ કરાવ્યાં હશે. વાલાંમુઈએ મુઠ મરાવી. દોરા ધાગા કરાવ્યા, મારા મોતીઆનો જીવ લીધો. એવું એવું બોલી મારું ઘુંટડે ઘુંટડે લોહી પીધું. આથી પણ મારી સાસુ ધરાયા નહિ સસરાને શીખવી, મને વિદાય કરવાની પેરવી કરી ઘરમાં પેસવાનો હુકમ તો ન હતો. મારી માએ આપેલા લુગડાંને અડકવાનો મારો હક નહોતો, ઘરેણું તો મારી સાસુએ જમીનમાં દાટ્યું હતું. મને નોંધારીને ઉભી નીસરણી જેવીને પિયર તરફ રવાના કરી. અફળાતી, કુટાતી, રખડતી, રવડતી હું પિયર પહોંચી. પિયરમાં પણ રમણનું ભમણ થઈ ગયું છે, માબાપે ઘરનો ભાર ઓછો કરી ભાઈ ભોજાઈને કારબાર સોંપ્યો છે, રાંડેલી નણંદને જીવતી ડાકણ ઘેર

આવી બરોબર ગણવાનો અમારામાં સનાતન રીવાજ હશે કે કેમ તે હું જાણતી નથી. પણ હું નવે અવતાર માવતરને ઘેર આવી. મારા નસીબમાં ટાઢા ટુકડા તો ખાવા જ સરજાયા છે. મારી ભાભી મારી આગળ રાતના ટાઢા ટુકડાની થાળી મુકતી બધાને માથે ચડાવી હું મારું પેટ ભરતી. ખાવાના તો ટાઢા ટુકડા મળતાં પણ રોયું મારું શરીર ? મારું શરીર દેખી ભાભી મોઢું મરડતી એ હું ખુલ્લે ખુલું દેખતી. જેમ તેમ કરી સોગનું વરસ પૂરું કર્યું અમારામાં નાતરા (ઘરઘેણાં)નો રીવાજ છે. ગામ ગામથી મારાં માગાં આવવા લાગ્યાં. કોઈ બાળકની ખોટે,તો કોઇ રોટલા ઘડવાની ખોટે તો કો શોખ ના માર્યા. બે ત્રણ બાયડીઓ કરે તોજ બાપની આબરૂ વધે એવા ખોટા ડોળ ઘાલું બડેખાંઓ મારું માગું કરવા લાગ્યા. રોજ રોજ નવા માંગા આવ્યા લાગ્યા આમાં પસંદગી કરવાનો પણ મારો હક નહિ ? મારા માબાપ અને ભાઈ, ભોજાઈ, મરજીમાં આવે તેવા જવાબ આપવા લાગ્યાં. આમ કરતાં ગઈ કાલે મારા ભાઈ, ભોજાઈએ નક્કી કર્યું કે, પાંચ છોકરાના બાપ પાંસા (પાચા) પટેલ વેરે રૂડીને ઘરઘાવવી !? પટેલનો વાન ભીનો છે, પણ પણ આબરૂદાર કણબી છે. મોંઢે શીળીના ડાઘ છે, પણ એ તો ભગવાનની માયા છે. આંખે જરા અપંગ છે, પણ જુનો સગો છે મારા ભાભી નો મામો એટલે જુનો સગો તો ખરોજ તો ? આ આ મારો બીજી વારનો ધણી બની ? પ્રભુ ? માતા ઉમિયા ? હિંદુ વિધવાનો આવો અવતાર ખરેખર પ્રભુએ સધવા ન રાખી એજ વિધવા ?! મારા એક ભવમાં બે ભવ ! બે બે ધણીએ જન્મની દુઃખયારી ?" આટલું બોલતાં બોલતાં રૂડીની આંખો ધગધગતા અંગારાની માફક લાલ ઘુમ થઈ ગઈ. તેમાં ઝળઝળીયાં ભરાઈ આવ્યાં. શરીર કંપવા લાગ્યું. વધારે બોલવા યત્ન કરવા લાગી, પણ કાંઈ બોલાયું નહિ ? માત્ર ઉમિયા દેવી સામે દષ્ટિએ જોઈ રહી.

સ્વર્ગની અપ્સરાઓ તરત જ સમજી ગઈ. રૂડીનું દુઃખ નિવારવા તેઓ ટમ ટમી રહી. પણ આ બાળા ઉમીયા દેવી ઉપર શા માટે કોપ કરે છે, તે જાણવા અપ્સરાઓ તત્પર થઈ. અને દેવી પ્રત્યે બોલવા લાગી.

"દેવી ! આવાં દુઃખો અહીંની અબળાઓ ઉપર ? નથી સમજતાં આ ભેદ ? આશરે આવેલી બાળા આપ તરફ ઉના નિઃસાસા નાંખે છે. કારણ દાખવી કૃતાર્થ કરો દેવી ! આવાં દુઃખોથી આપનું હૃદય નથી દ્રવતું ? કાં તો છોડાવો કણબી બાળાને અગર છોડો સ્વર્ગને ભુલાવતો મૃત્યુલોકનો તપ રાજવૈભવ !"

સ્વર્ગની દેવીઓ ! ધીરજ ધરો. આ અબળાનાં દુઃખથી કોનો આત્મા નહીં બળતો હોય ? નથી ખમાતા અબળાનાં આવા દુઃખ ? પણ શું કરું દેવીઓ ? કાળા માથાનાં માનવીઓએ તોબા પોકરાવ્યાં છે. દેવ દેવીની નામે હજારો કે લાખો બાળાઓને આવા જ દુઃખોમાં તેઓ નાખે છે. બાપડા ભોળા કણબીઓને ફસાવી ઊંઝાના પટેલીયાઓ અને કામ ધંધા વિનાના નિરક્ષર બ્રાહ્મણો મારે મંદિરે આવી, લગ્નની ચિઠ્ઠીઓ કઢાવે છે અને દેવીએ લગ્ન દીધાં એવું ખોટું બણગું ફુંકાવી એક જ દિવસે લાખો બાળાઓને બાળ લગ્નની બેડીઓ પહેરાવે છે. (પણ અમારા કચ્છ દેશમાં તો પાંચ પંદર ગેઢેરા ગણાતા બડેખાંઓ ભેગા થઈ પીરાણાના ખાનાના પાટ આગળ બેસીને દિવસ નક્કી કરે તેજ ખરો અમારાં દેવ અને દેવીઓ તો એજ ગઢેરા જે ઘણું હરામનું ખાય તે નાતનો મોટો પટેલ કહેવાય) વયનાં, રૂપનાં, સ્વભાવનાં, એવા એવા અનેક, અનેક કજોડાં જન્માવી કણબીની બાળાઓને ધગધગતા અંગારા પર ચલાવે છે. એ મુઆ બડેખાંઓનાં લોહી ચુસતા પણ મારો આત્મા સંતોષાય તેમ નથી.

પણ શું કરું બેન મારા સેવક તદન ભોળા, તદન અભણ-અજાણ અને અક્કલનો ઈજારો રાખનાર નીવડ્યા.નથી કરતાં એની તપાસ ? ખરું શું અને ખોટું સું તેની તપાસ કરતા શી વાર ? સત્ય કરતાં વાર લાગતી

નથી માતાને નામે દીકરીઓને દુઃખ આપનારાઓનું આ ભવમાં તો સારું નહિ થાય ? શંકરને પરણવા મેં બાર બાર વર્ષ તપ કર્યું, અને છેવટે સ્વયંવરથી શંકરને જ પરણી. એ જ દેવીના ઓઠા તળે છ મહીનાની છોકરીઓ પરણાવાય ? આ દુઃખ મારી દીકરીઓનાં નિહાળી હું તો પાષાણવત્ બની અહીં બેઠી છું. પણ સ્વર્ગની દેવીઓ એક કામ કરો. અમારો રાજા વડોદરામાં રહે છે, પહોંચાડો આ વાત એને કાને અને અમારી દીકરીઓના દુઃખો વર્ણવી કસાઈવાડેથી છોડાવો ગરીબડી ગાયોને ? ”

ઉમિયાદેવી ! ધન્ય ધન્ય ! આ ભેદ ભાંગેલો જોઈ અમો રાજી છીએ ઉઠ બાળા તારાં દુઃખો આજથી નાશ પામ્યાં છે. જઈશું વડોદરાને વડલે અને વીનવીશું ધર્મવીર નૃપરાય સયાજી મહારાજને ? એક છળકડે બંધ કરાવીશું એક લગ્ને પરણતી કણબીની દીકરીઓની રાક્ષસી રૂઢીને ? ”

અંતરીક્ષમાંથી ફુલ વરસે છે, દુઃખીયારી બાળાને લઈ અપ્સરાઓ વડોદરા આવે છે. મહારાજાધિરાજ આ વાત સાંભળી ઊંઝાની દેવીને નામે થતાં ઢીગલાં ઢીગલીનાં લગ્ન બંધ કરાવે છે. અપ્સરાઓ રૂડીને લઈ મહારાજાને આશીષ આપતી સ્વર્ગે સિધાવે છે.

ॐ शान्तिं...शान्ति....

જ્ઞાતિ સમાચાર

પીરાણા પંથનો ત્યાગ

અમોને ખબર મળ્યાં છે કે પેલા જેઠ સુદી ૫ ને રોજ ગામ દયાપરના પીરાણા પંથી ભાઈઓમાંથી લગભગ ત્રીસ કુટુંબોએ **“ન હિંદુ ન મુસલમાન”** એવા અર્ધદગ્ધ પીરાણા પંથનો ત્યાગ કર્યો છે (જેનું સવિસ્તાર વર્ણન આવતા અંકમાં આવશે) તેને ગઢશીશાનાં પંડીત પારાશર શર્માએ દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કરાવીને ” શ્રી સત્યનારાયણનું મંદિર બનાવી તે હવેથી તેની ઉપાસના કરે છે.

તેમજ વળી હમણા અમોને ખબર મળ્યા છે કે ઘાટકોપરમાં વસતા ભાઈઓમાંથી ત્રીસ પાંત્રીસ ભાઈઓએ અષાઢ સુદી ૨ ને રોજ દેહ શુદ્ધિ પ્રાયશ્ચિત કરાવીને યજ્ઞોપવિત ધારણ કરી છે અને પીરાણા પંથનો હંમેશના માટે ત્યાગ કર્યો છે. પ્રભુ અમારા પીરાણા પંથી ભાઈઓને જલદી સદ્‌બુદ્ધિ આપ કે જેથી તેઓને પીરાણાનો પંથ ત્યાગ કરવાની હિંમત આવે.

ન્યાય વૃત્તિનો નમૂનો

થોડા દિવસ ઉપર આગેવાનો ગામ ખોંભડીમાં ભેગા થયા હતા.ત્યાં આગળ કોઈ કેસ નહિ મળવાથી પોતાના ખીસાં ભરાણા નહિ તેમ પોતે શીરો લાપસી ખાધા તેના ટકા પણ પેદા થયા નહિ તેથી ગામ ઉખેડાના એક ભાઈને કોણ જાણે કેવા ગુનાહથી તેની બાયડીના છુટકા (છુટાછેડા)ની ફારગતી દેવડાવી અને તેની પાસેથી કોરી ૮૦૦) આઠસો દંડ પણ લીધો. **“જોયુંને આ ન્યાય વૃત્તિનો નમૂનો ?”** પેલા ગરીબ ભાઈની બાયડી તો ગઈ પણ સાથે બીચારાને લુંટી (દંડી)ને ફકીર પણ કરી મુક્યો ! ધિક્કાર છે એવા આગેવાનોને ! જેઓ આવો ન્યાય આપે છે !!!

૧૦.૧ - પાટીદાર ઉદય - અંક ૧ - વિ. સં. ક. ૧૯૮૦ અષાઢ (July-1923)

સાધુના વેશમાં સ્ત્રીનો ઉઠાવગીર :

નેત્રાના રહીશ કણબી શીવજી લધા નુખે માકાણી સિંધમાં ગામ જમડાઉમાં રહે છે. ત્યાં તે પીરાણાના પીરના નામે કે બીજા કોઈ પીરના નામે દોરા ધાગા કરીને અનેક માણસોને લુંટે છે અને અનેક બાયડીઓને ભોળવીને અત્યાચાર પણ કરે છે. તેમાં પણ તેને સંતોષ નહિ થવાથી હમણાં તેજ ગામના એક ગરીબ ભાઈ અખઈ......ની સ્ત્રીને ભોળવીને ઉપાડી ગયો છે (કોણ જાણે કેવા મતલબથી ઉપાડી ગયો છે) તેથી ભાઈ અખઈ બહુ જ મુશ્કેલીમાં આવી પડ્યો છે, કારણ કે તેના બે નાના બાળકો છે. તેને કેવી રીતે સાચવવા તેની મા વિના તે બાળકો રોયા કરે છે. તેની દયા ખાઈને બીજા ભાઈઓએ ઘણી તપાસ કરી, પણ પત્તો લાગ્યો નહિ. તેથી મુંઝાઈને બેસી રહ્યા છે.

વળી અમોને હમણાં ખબર મળ્યા છે કે ગામ નેત્રાવાળા ભાઈ નાનજી વિશ્રામ નાકરાણીએ તેની શોધ કરવા એક સાધુને મોકલ્યો હતો તે ફરી ફરીને સિંધના એક ગામમાં ગયો, ત્યાં ખુબ તપાસ કરી તો ત્યાં ધર્મશાળામાં એક સાધુ અને એક સાધુડીને જોયાં, તો તેના પાસે ગયો અને તપાસ કરી તો તે જ ભાગી ગયેલા કણબી તથા કણબીઆણી જણાયાં, તેના પાસે જઈને પૂછી જોતાં, “ચોરના પગ કાચા” એ કહેવત મુજબ કણબી શીવજી ગભરાણો ને કહેવા લાગ્યો કે, “અમે બાવા હૈ” ત્યારે સાધુએ પૂછ્યું કે કેવા બાવા છો ? તે સાંભળીને તે વિશેષ ગભરાણો અને બાવા કેવા કહેવા તે વિચારવા લાગ્યો, પણ તેને બાવાની જાતો બીચારાને ક્યાંથી યાદ હોય ? કારણ કે તેણે તો જન્મ ભરથી જ બાવા એટલે પીરાણાના નામે લુંટી ખાનારા સૈયદો આટલું જ અનુભવેલું. તેથી જવાબ આપી શક્યો નહિ. તેથી બાવાએ કહ્યું કે તને હું ઓળખું છું. તું ગામ નેત્રાનો શીવજી ભગત છે કે નહિ ? અને આ બાવીના વેષમાં બેઠેલ બાઈ અખઈની વહુ છે કે નહિ ? તે બીચારો અંતે કણબી તો ખરો તેથી તેણે કબુલ કરી લીધું અને સાધુને પગે લાગી કહેવા માંડ્યો કે મહેરબાની કરી મહારાજ અમોને હવે બચાવો, તે સાંભળી સાધુને દયા આવી અને તેને પોલીસને સ્વાધીન નહિ કરતાં, બીજા પાડોશમાં રહેતા આપણા દેશી માણસની પાસે રાખી પોતે પાછો સીધાતપુર આવ્યો અને ત્યાંથી બીજા ભાઈઓને તેડી ગયો આ વરઘોડાને પાછો જમડાઉ લઈ આવ્યો છે, ત્યાં આગળ અમારા સાંભળવા મુજબ તે બાઈ પાછી તેના ધણીને સોંપી છે. અને ભગતને તેના કુટુંબ સહીત ગામમાંથી કાઢી મુક્યો છે. તે બીજે કોઈ ગામ હવેથી રહે છે. કહો ભાઈઓ ! આપણામાં ભગત સાધુઓ કેવા પાકે છે ? એ સર્વ પ્રતાપ પીરાણા ધર્મના ગુરૂઓનો છે કે નહિ ?!!?!

શોકજનક અવસાન

થોડા દિવસ ઉપર ગામ ઘડાણીના પીરાણા પંથી ભાઈ કરશન મુલજી લીંબાણીનો એકનો એક પુત્ર રામશરણ પામ્યો છે. તેને પીરાણાપંથી ધર્મગુરૂઓના ફરમાન મુજબ દફનાવવામાં આવ્યો છે અને તેની પાછળ લાપસીનું જમણ કરેલ છે ! હજી આવી લાપસી ખાનારા જ્ઞાતિમાં રત્નો છે ખરા પ્રભુ ! આવાઓનો અંત ક્યારે આવશે ?

હમણા ગત જેઠ માસમાં ગામ નખત્રાણા વાળા ભાઈ ખેતા ડોસા પોકારના ધર્મપત્ની લાંબા વખતની બીમારી ભોગવી રામશરણ પામ્યાં છે. સનાતન ધર્મ મુજબ તેમના શબને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો છે. અને તેમની પાછળ પ્રેત ભોજન ન કરતાં જુદે જુદે સ્થળે તેમના કહેવા મુજબ નાણાં મોકલાવી આપ્યા છે. આવું દાન બધા પાટીદારોમાં ક્યારે થશે ?!!

થતા સુધારકોને બે બોલ

બન્ધુઓ ! જગતની અંદર જેમ જમાનો બદલાય છે, તેમ ચાલુ જમાનાને માન આપી દરેક કોમ સુધરતી આગળ ચઢવા પ્રયત્ન કરે છે. ત્યારે આપણી જ્ઞાતિ પહાતિમીરમાં એવી તો સુસ્ત થઈને સુતી છે કે તેને ચાલુ જમાનામાં આપણાથી ઉતરતી જ્ઞાતિઓ શું કરે છે અને તે કેમ આગળ વધે છે ? તેનો સ્વપ્ને પણ ખ્યાલ કરતી નથી. પરંતુ આપણી પરિષદે હવે કાંઈક પ્રયાસ કરી તેને જાગૃતિમાં આણવા સારું જ્યોતિ પ્રગટાવી છે અને તે જ્યોતિ જોકે વીજળીની નથી, પરંતુ દિવેલની ઝાંખી જ્યોતિ પ્રગટી છે. જેથી કેટલાક આળસ અને સુસ્ત બની ગાઢ નિંદ્રામાં ઉછરતા આપણા બંધુઓના હૃદયને કંઈક સતેજ કરવા પ્રયત્ન કરે છે.

પરંતુ પરિષદ બીચારી શું કરે ? કારણ કે ઘણા દિવસની નિંદ્રાથી ઘણા પ્રયત્ને કંઈક આગળ પડવાના ઈરાદાથી ટટ્ટાર થયેલા કુમળા સુધારકોને પાછા હટાવનાર અને લોકોમાં મહાન સુધારક આપણા બન્ધુઓ તપશ્ચર્યાથી ભ્રષ્ટ થતા જાય છે. જેથી નવા થતા સુધારકોના મન ડગુમગુ થાય છે. પરંતુ બંધુઓ ! યાદ રાખજો કે સુધારાની મહાન કઠિન તપશ્ચર્યામાં ફતેહ મેળવવી એ નાના છોકરાંની રમત નથી કારણ કે એ તપશ્ચર્યા એવી છે કે મોટા મોટા મુની મહાત્માઓના પણ મન ડગુમગુ બનાવી નાંખે છે. પરંતુ પ્રથમ આપણે જેટલું દુઃખ સહન કરીશું તેટલું જ અને તેથી ઘણું વધારે આપણે તથા આપણાં બાળકો તથા આપણી તમામ જ્ઞાતિને સુખ થવાનું છે.

તમો યાદ રાખજો કે પ્રથમ દુઃખ અને તેની પાછળ જ સુખ સમાયેલું છે. આપણા મનમાં એમ નથી લાવવાનું કે ભાઈ રાજારામ શામજી જેવા મહાન સુધારક તેવી તપશ્ચર્યાથી ડગી ગયા તો આપણું શું ગજું.

પરંતુ તમો એમ વિચારો કે હિરણ્યક સિંધુ જેવા રાક્ષસ આગળ એક પ્રહલાદે અડગ ટેક રાખી હતી, તો તેને અંતે સુખ જ ઉત્પન્ન થયું હતું. તો મારા ઉછરતા બન્ધુઓ આવા બનાવથી આપણે કંઈ પણ પાછી પાની કરવાની નથી, જ્યાં સુધી તમારા હૃદયમાં મનોબળનો જુસ્સો ઉત્પન્ન નહિ કરો, ત્યાં સુધી તમો કાંઈ પણ કામ આગળ વધારી શકવાના નથી. આપણે જે જ્ઞાતિની ખરી સેવા કરવાનો પ્રયત્ન આરંભેલો છે. તેને માટે તમારા હૃદયને બળવાન બનાવી એક નિષ્ઠાથી તમારું પોતાનું કામ ચલાવશો તો અંતે તમારો વિજય થશે. કદાચ થોડા વખતને માટે આપણને કદી મુશ્કેલીઓ પણ નડે. પણ અંતે તો :-

। सत्यमेव जयते ।

બન્ધુઓ ! આપણે હવે બોલીને કે લખીને જણાવવાની કંઈ પણ જરૂર નથી પરંતુ તેના દાખલા રૂપે આપણે મેદાનમાં આગળ આવી ઘણું કામ કરી બતાવવું તે હજાર દરજ્જે ઉત્તમ છે. તો મારા વહાલા ભાઈઓ કમર કસીને તૈયાર થાઓ અને આગેવાનો ગેઢેરાઓને બતાવો કે સુધારો પડી ભાગ્યો નથી સુધારકો હજી ખુટ્યા નથી પણ ઉલટા ખરા તેજમાં છે, કે જેથી આપણી જ જ્ઞાતિના આળસુ અને સુસ્ત બનેલા બંધુઓ સુધારવાની પાછળ કોદાળી અને પાવડો લઈ સુધારાને તોડી પાડવા ધારે છે, તેમના મનને એમ થાય કે હજી સુધારકો થાક્યા નથી પણ ઉલટા ખરા જીગરથી પોતાની પૂર્ણ હિંમતમાં છે. તેથી તેમની આગળ આપણે કોઈ શરમાઈને તેમની પાછળ પાછળ જવા કરતાં પ્રથમ જ જઈએ. તો વધુ સારું.

એમ તેમના હૃદયમાં થાય ત્યારે જ આપણે ખરા અને ત્યારે જ આપણા કામમાં ફતેહ મળી છે. માટે વીરાઓ ! આપણે હવે આપણી ટેકને અડગ કરી આગળ વધવાનો પ્રયત્ન કરવો જોઈએ કે જેથી પરમાત્મા આપણને સહાય કરશે જ.

લી. લાલજી સોમજી પટેલ (કચ્છ રવાપરવાળા)

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ તરફથી જ્ઞાતિના લાભાર્થે પ્રગટ થતું

પાટીદાર ઉદય

તંત્રી તથા પ્રકાશક : રતનશી શીવજી પટેલ
પાટીદાર ઉદય ઓફીસ, રણછોડ લાઈન, કરાંચી

વર્ષ ૧લું　　અષાઢ શા. ૧૯૮૦ {VSA: Jul-1923}　　અંક ૧ લો

એ સિવાય સુચનના નિયમો, જાહેર ખબર ઈત્યાદિ વાર્ષિક લવાજમ રૂ. બે અગાઉથી.
છુટક નકલ ચાર આના પોસ્ટ સાથે
તમામ પત્ર-વ્યવહાર નીચે પ્રમાણે કરવો.

વ્યવસ્થાપક.

પાટીદાર

ઉદય ઓફીસ

જીંદગીને લાભના અમૂલ્ય સૂત્રો

૦૧. હંમેશાં આનંદમાં રહો, ખુશમિજાજ ચહેરો એ એક આરોગ્યતાનું અપૂર્વ ચિહ્ન છે.

૦૨. નવરા કદી બેસો નહિ. વખતની કિંમત સમજી લ્યો. જો આળસુ કે એદી બનશો તો જરૂર બીમાર પડવાના જ. કંઈ પણ ઉદ્યમ કરતા રહેશો તો બીમારી પાસે આવશે પણ નહિ.

૦૩. સદા ઉત્તમ વિચારો લાવો, મનની વિશાળતા અને ઉચ્ચ વિચારો એ જીવનને ઉત્તમ માર્ગમાં લઈ જવાનાં ઉત્તમ સાધનો છે. માટે કદી પણ સંકોચ દષ્ટિ કે ક્ષુલ્લક વિચારો લાવતા નહિ.

૦૪. ચિંતવન કરવાથી દરેક કાર્ય થાય છે. તેમ કદી બીમારીનું ચિંતવન કરશો તો તમે જરૂર માંદા પડવાના, પણ હંમેશાં એવા ઉદ્દગારો કાઢો કે હું નિરોગી છું, તો તમે જરૂર નિરોગી રહેવાના.

૦૫. સાદા જીવનથી આયુષ્ય વધે છે, માટે નકામા ડખલ ઉભા નહિ કરતાં સાદાઈનું વર્તન રાખો.

૦૬. ક્રોધી મનુષ્યનું મોત તરતમાં થાય છે. માટે ક્રોધનો સદંતર ત્યાગ કરો.

૦૭. હંમેશાં હસતાં રહો તો તમારું આયુષ્ય જરૂર વધશે.

૦૮. ખાનપાનની સાદાઈ તથા નિયમિતતા હોય તો મનુષ્ય જરૂર નિરોગી રહી શકે છે.

૦૯. સર્વ બીમારીનું કારણ ઘણે ભાગે ચિંતા હોય છે. માટે તેનાથી હંમેશાં દૂર રહેવા પ્રયત્ન કરી દૂર રહો.

૧૦. ખુલ્લી હવા એ સૌથી ઉત્તમ દવા યાને એક કીમીઓ છે. તેનો અનુભવ લેવા કુદરતની વિશાળ સૃષ્ટિમાં વિચરો. ઘરમાં કે કોટડીમાં ગોંધાઈ રહી જીવન શા માટે બગાડો છો?

૧૧. શહેરી જીવન કરતાં ગ્રામ્ય જીવન ઉત્તમ છે, તેનું ખરું રહસ્ય એ છે કે ત્યાં કુદરતના નિયમોનું જાણે-અજાણે પાલન થાય છે, માટે તમે કુદરતના નિયમોનું પાલન કરવા હંમેશાં તત્પર રહો.

૧૨. સંસારનો ખરો લાભ પ્રભુ ભક્તિમાં છે, એ લાભ લેતાં જો કોઈ રહી ગયો હોય તો તેનું જીવવું નકામું છે.

૧૩. હૃદયને કોમળ રાખો, હંમેશાં દયાવાન બનો, પ્રભુમાં શ્રદ્ધા રાખો, કુદરતને માન આપતાં શીખો, તો પ્રભુ તમોને હંમેશા આરોગ્યવાન અને વિજયી બનાવશે.

લી. વૈદ્ય ગોપાળજી કુંવરજી ઠક્કર
તંત્રી : આરોગ્ય સિન્ધુ, કરાંચી

આ પત્ર તરૂણ સાગર પ્રેસમાં ગિરિશંકર, ગી.ત્રિવેદીએ છાપ્યું,
ન્યુ સ્મોલરોઝ કોર્ટની સામે, કેમ્પબેલ સ્ટ્રીટ, કરાચી

॥ ओ३म् ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સુધારક યુવક મંડળ તરફથી પ્રગટ થતું માસિક પત્ર

પાટીદાર ઉદય

વર્ષ : ૧લું કરાચી, શ્રાવણ-સંવંત ૧૯૮૦ { AUG-1923 } અંક ૨ જો

પાટીદાર ઉદયના આત્મા શ્રીમાન ખીમજી શીવજી પટેલ મંગવાણા વાલા

વાર્ષિક લવાજમ આગાઉથી રૂ. બે પોસ્ટેજ સાથે



છુટક નકલ આના ચાર

: પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો :
તંત્રી તથા પ્રકાશક રતનસી શીવજી પટેલ
પાટીદાર ઉદય ઓફીસ, રણછોડ લાઈન કરાંચી

ગ્રાહકોને નિવેદન

પ્રિય વાંચક બંધુઓ !

પાટીદાર ઉદયનો બીજો અંક આપની સેવામાં રજૂ થાય છે. અમો અમારાથી બનતી ત્વરાએ આ અંક તૈયાર કરી લીધો છે છતાં પણ ધાર્યા કરતાં એકાદ અઠવાડિયું વધુ થઈ ગયું છે તે માટે વાંચક વર્ગ ક્ષમા કરશે જ.

ચાલુ વર્ષનું લવાજમ રૂ. બે અમોને આ અંક મળતાં મળી જવું જોઈએ. કારણ કે શરૂઆતમાં દરેક રીતે ખર્ચને પહોંચી વળવા માટે અમોને પૈસાની બહુ જ જરૂર છે. માટે અમો દરેક ગ્રાહકને વિનંતિ કરીએ છીએ કે તેમણે અમોને અમારા કામમાં સરળતા કરવા ખાતર લવાજમ તરત અહીં અમારી ઓફીસમાં આવી ભરી જવું. લવાજમ ભરનારને છાપેલી પહોંચ તંત્રીની સહીવાળી મળશે તે સંભાળીને લેવી.

બહારગામના અમારા ગ્રાહકોને જણાવવાનું કે તેમણે આ બીજો અંક મળ્યા પછી મનીઓર્ડરમાં પોસ્ટ દ્વારા એ રૂ. ૨ લવાજમના મોકલી દેવા જેથી તેમને ખર્ચમાં ફાયદો થાય તથા અમોને અમારા કામમાં અનુકૂળતા થાય. કદાચ તેમના તરફથી ત્રીજો અંક પ્રગટ થતાં સુધી નહિ આવે તો તેમને

ત્રીજો અંક વી.પી.થી

મોકલવામાં આવશે. અને તે વી.પી. રૂ. ૨ા (બે રૂપીયા ચાર આના) ભરી સ્વીકારી લેવા વિનંતી કરવામાં આવે છે. કદાચ કોઈને તેમ કરવામાં વાંધો હોય તો તેમણે અગાઉથી અમોને ખબર આપવી, કે જેથી અમોને નકામું કડાકુટ તથા ખર્ચમાં ઉતરવું ન પડે. અમોને આશા છે કે અમારી આ વિનંતી પર દરેક ગ્રાહક બંધુઓ લક્ષ્ય આપી અમારા કામને સરળ બનાવશે જ.

અમારું નવું વર્ષ સંવત ૧૯૮૦ {VSA 1923-24}

કચ્છના નિયમ પ્રમાણે અષાઢ માસથી શરૂ થાય છે અને તે ફરી જેઠની માસની આખરમાં પૂરું થશે. ત્યાં સુધી બાર માસના બાર અંકો અમો આપની સેવામાં રજૂ કરીશું અને તેના બદલામાં માત્ર રૂ. ૨ જેવી નજીવી રકમ આપના માટે કંઈ ભારી નથી. ઘણાં માણસો લવાજમ ઉપરાંત પણ મદદ કરી સહાયક વર્ગમાં પોતાનાં મુબારક નામ અમર કરાવી શકે છે. અમોને ખાત્રી છે કે અમારા જ્ઞાતિ બંધુઓ આવા સાહસને મદદ આપી પોતાની યથાશક્તિ ફરજ બજાવશે.

લી. વ્યવસ્થાપક, પાટીદાર ઉદય

॥ ओ३म् ॥

પાટીદાર ઉદય

કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિના લાભાર્થે પ્રગટ થતું ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૧લું   કરાચી, શ્રાવણ-સંવંત ૧૯૮૦ {VSA AUG-1923}   અંક ૨ જો

વ્હાલા વાચક !

સંસાર રૂપી આ ચક્રમાં દરેક પ્રાણી જન્મે છે, મરે છે અને ફરી પાછા એજ ગતિને પ્રાપ્ત થયા કરે છે. તમારે પણ એજ સ્થિતિમાંથી પસાર થવું જ પડે છે. એ સ્થિતિમાંથી મુક્ત થવા ઉન્નતિના રસ્તે ચડવા તેં અત્યાર પહેલાં કંઈ વિચાર કર્યો છે ?

દરેક મનુષ્ય પોતાના માટે દરરોજ વિચારી શકે છે કે, હું કોણ છું, મારો કયો દેશ છે, મારી શું ફરજ છે, હું ક્યાંથી આવ્યો છું, પાછું મારે કયાં જવું છે, મારૂં અહીં આવવાનું સાર્થક શું શા માટે હું અહિં આવ્યો છું, અત્યાર પહેલાં મારી સ્થિતિ શું હતી, જમાનો કેવો ચાલે છે, કેવા રસ્તે ચાલવાથી મારી ઉન્નતિ કે અવનતિ થશે, કયા મનુષ્યો સત્સંગ માટે લાયક છે, મારો ધર્મ શું છે, પ્રભુ પ્રત્યે મારી ફરજ શું છે સંસાર એ શું છે, મારે આ સંસારરૂપી સમુદ્રમાં તરી જવા માટે ક્યો રસ્તો ઉત્તમ છે,તેમજ આ સંસારમાં સતકર્મો કરવા માટે મારે શું કરવું જોઈએ ? આવા દરેક સવાલ પર જો તું વિચાર કરીશ તો જરૂર તું ખરે રસ્તે આવી તારી ઉન્નતિને તું પ્રાપ્ત કરીશ.

T.

જ્યોતિ સ્વરૂપ જગદીશ્વરનું જય મંગલમ્

(અંતર્લાપિકા - મનહર છંદ)

વિદ્યુત પ્રદિપ અને શશિ તારા ગણો
શ્વબુદ્ધિ પ્રકાશ આદિ જ્યોતિના સ્વરૂપ છે.
નાશવંત નામ એ સ્વભાવે કરી સિદ્ધ સદા,
પ્રત્યક્ષ પ્રમાણ એની ગતિ ક્યાં એ ગુપ્ત છે.
કાળથી વિમુખ નથી સર્વ પ્રદિપિકાઓ,
સત્વનો પ્રભાવ એ તો અન્ય વડે વ્યક્ત છે,
રુદ્ર કે વિભૂ શિવાત્મ નિર્ગુણાત્મ આદિ એવાં,
પવિત્ર અનંત જેના નામો પ્રચલિત છે,
સમતા સકળ જેની અખિલ બ્રહ્માંડ વિશે,
રજો કે ! તમો મયી પ્રકૃતિથી વિરક્ત છે,
વાશિષ્ટ માંગલ્ય પ્રદશ્રેય આપનાર સદા,
ત્મધ્નહર જ્યોતિ જ્યાં પ્રકાશી એ પ્રભુત્વ છે,
નૂતન કે પૂર્વ સર્વે અત્વયો અરૂપત્યજી,
પવિત્ર સ્વરૂપ ઐકય થવામાં પ્રમુખ્ય છે,
છેવટનો જ્ઞાન માર્ગ “મૌજી” જાણી વંદુ એવા,

વિશ્વના પ્રકાશ રુપ સર્વાત્મ નુપ છે.

અમારી કોમના યોધા

(ગઝલ)

અમોને જ્ઞાન દેનારા, અમારી કોમના યોધા.
નિર્મળ નામ લેનારા, અમારી કોમના યોધા.
હતા અજ્ઞાનમાં તેને, ચડાવ્યા સત્યના રાહે,
દયાની દાઝ ધરનારા, અમારી કોમના યોધા.
ઉઠાડ્યા ઊંઘથી અમને, નારાયણ નામને ધન્ય છે,
જ્ઞાતિ બોધ દેનારા, અમારી કોમના યોધા.
રડો છો કેમ ઓ ભાઈ, દુઃખો છે શું કહો તમને ?
ખરા શબ્દો ઉચરનારા, અમારી કોમના યોધા.
અમારી કોમની કીર્તિ, વધારી છે ખરે તેણે,
ખરો એ બોધ દેનારા, અમારી કોમના યોધા.
કુધારા કોમના કાઢી, સુધારા તો ઘણા કીધા,
ગુણી થઈને ગરજનારા, અમારી કોમના યોધા.
જુઓ તનમન અને ધનથી, કરી નીજ કોમની સેવા,
સ્વજ્ઞાતિ હિત કરનારા, અમારી કોમના યોધા.
તિમિર અજ્ઞાન દરીયામાં, બચાવી કોમની બેડી,
કોમીઆ કામ કરનારા, અમારી કોમના યોધા.
હમેશાં કોમના દુઃખથી, દુઃખોમાં ભાગ લેનારા,
જીગરથી કામ કરનારા, અમારી કોમના યોધા.

"તંત્રી"

કુળદેવીના સાચા પુત્રો ક્યારે થશે ?

(લેખક : મીસ્ત્રી નાનજી પચાણ નાકરાણી નખત્રાણાવાળા)

અરે મહાસતી ઉમાના સુપુત્રો ! આપણે તે આપણી કુળદેવીના સાચા કુળદિપક પુત્ર તરીકે પંકાવા લાયક છીએ ? અફસોસ ! ના, બિલકુલ નહિ, પરમ શ્રેયસ્કર ભગવાન શંકરનાં શકિત મહા માયા ઉમા સતિ કયાં અને ક્યાં આપણી આજકાલની અજ્ઞાન અવસ્થા, આપણામાં ઘુસેલા પીરાણા પંથરૂપી રાક્ષસે આપણું દ્વિજ તેજ એવું તો ઝાખું કરી નાખ્યું છે કે બીજાને તો તે જણાવું બહુ જ મુશ્કેલ છે. આજે દુનિયા આખી વીજળીના વેગે આગળ વધવા પ્રયત્ન આદરી રહી છે, પોતે પોતાની શ્રેષ્ઠતા સંપાદન કરવા શીર સાટે પ્રયાસ કરી રહી છે, તેમાં હરેક માણસ, હરેક જ્ઞાતિ, હરેક દેશ, હરેક રાજ્ય અને પ્રજા જેણે પોતપોતાનું ગૌરવ ખોયું છે. તે પાછું મેળવવા અન્ય પ્રજાની હરોળમાં ઉભા રહેવા મથે છે, ત્યારે આપણા દેશમાં આપણી શું સ્થિતિ છે ?!?

કહેવાતા આગેવાનો-ગેઢેરાઓ બિલકુલ અભિમાનથી બેદરકાર બની માત્ર મમતને ખાતર પોતાના સ્વાર્થની ખાતર આપણા ગરીબ ભાઈઓને નાહક હેરાન કરી રહ્યા છે. તેમાં જો કોઈ સુધારાની કાંઈ પણ વાત કરે તે પર તો એકદમ અનેક જુલમ કરી દબાવી દેવાની કોશીષો કરે છે. પણ તેને કોઈ પૂછતું જ નથી.

અરે ભાઈઓ ! આપણે તેનો કાંઈક વિચાર કરવો જોઈએ અને જો તેનો વિચાર નહિ કરીએ તો જરૂર આવા જાગતા જમાનામાં પણ આપણે હતા ન હતા થઈ જવાના. અરે ! આગેવાનો ભલે લાખો કોરીઓ પીરાણાના નામે ભેગી કરે અને સૈયદોને પશુઓ મારવાને, કાકાઓને મોજમજા ઉડાવવાને ભલે તે આપે પણ તમારે તો તે બાબત કાંઈ પૂછવું જ નહિ ? અને આવી રીતે શું આપતા જ જવું ?હવે કાંઈક તો વિચાર કરો ? તમો તમારાં વહાલાં બાલુડાંઓ-છોકરાંઓને પૈસો માગે ત્યારે ન આપતાં આજે પૈસો નથી કાલે આપીશ વગેરે બાના કાઢીને રડાવો છો, ને આવા ઠેકાણે હજારો કોરીઓ આપીને ધર્માદા થયું માનો છો ? ધન્ય છે ભાઈઓ તમારા ધર્મ દાનને, કે જે પૈસાથી અનેક પ્રાણીઓનાં પ્રાણ જાય અને લંપટ લોકો સ્વછંદપણે વર્તી અનેક ન કરવાના કામો કરે તેને તમો ધર્મ માનો, એ પણ આપણી બલિહારી છે.

પ્રિય ભાઈઓ ! હવે જાગો, અમો તો તમોને અનેક વખત કહી ગયા છીએ કે, અમો તમોને નથી કહેતા કે તમો ઉતરી ગયા છો, નથી કેતા કે તમો અન્યાય કરો છો, તેમ નથી કહેતાં કે તમો ધર્માદાનાં નાણાં ખાઈ જાઓ છો. ભાઈઓ ! અમો તો તમોને એટલું જ કહીએ છીએ કે હવે આપણી કુળ દેવીની કુખને ન લજાવો, અને કાંઈક તમારી નિંદ્રાનો ત્યાગ કરો. જમાનો ઓળખો, તમારાં આપેલાં ધર્માદા નાણાંની શું વ્યવસ્થા થાય છે તે જુઓ.

બન્ધુઓ !? અમો આપને સાફ સાફ કહીએ છીએ કે પીરાણુ એ આપણને હિંદુમાંથી વટલાવીને મુસલમાન બનાવવાનું કારખાનું છે. તેની અંદરની કહેવાતી આલગાવત્રીમાં કેટલી સત્યતા છે તે અને પીરાણા પંથમાં પીવાતી પાવળની ગોળીમાં કેટલી પવિત્રતા છે તે આપણી જ્ઞાતિના આદ્ય સુધારક ભાઈ નારાયણજી રામજી વીરાણીવાળાના પરિષદના ભાષણમાં પૂરેપૂરું કહેલું છે છતાં પણ તે નહિ વિચારતાં કાકાઓના અને સ્વાર્થી આગેવાનોના કહેવા ઉપર હજી કુદી રહ્યા છો કે મંડળવારા પીરાણા પંથની નિંદા કરે છે, તેને ખોટો કહે છે. તેનો

જવાબ લેવો. શાબાશ ભાઈઓ ?!! તમોએ ખુબ વિચાર કર્યો. જે કાકાઓ તમારી આંખોમાં ધુળ નાખીને અનેક લાલચો બતાવીને નાણાં કઢાવી જાય અને મરજી પડે તેવી તેવી રીતે કોળી, ગોલાઓના ભેગા બેસીને ખાય અને વટલે તે તમોને વટલાવે તેનું કાંઈ પણ નહિ. તે સારા બાકી તમોને સાચી વાત કહેનાર મંડળવાળા ખરાબ !

આજે આગેવાનો ખૂન ચુસી રહ્યા છે તે તમો જોઈ રહ્યા છો, બન્ધુઓ વિચાર કરો અને તમારી આંખે બાંધેલા પીરાણા રૂપી પાટાઓને છોડો અને જુઓ કે પીરાણે તો આપણી બિલકુલ સત્યાનાશ વાળી છે. એ પાપી કાકાઓએ આપણી સાથે બિલકુલ વિશ્વાસઘાત કરેલ છે, તે પોતે કણબી હોવા છતાં પણ સાચું નહિ કહેતાં અંધારામાં રાખીને લુટ્યા છે અને હજી પણ લુંટે છે. માટે કાંઈ પણ તમો તપાસ કરો અને કાકાઓના કાવત્રાને ઓળખો. અને આપણી કુળ દેવીના તરફ દૃષ્ટિ કરો તેના સાચા કુળદીપક પુત્ર થઈને તેનું ઋણ અદા કરો અસ્તુ.

..........•.........

આપણી આશા

(લખનાર લાલજી સોમજી પટેલ રવાપરવાળા)

વહાલા વાંચક ! આશા એ શબ્દ કેવો મીઠો અને અલૌકિક છે. વળી મનને આનંદ આપનાર છે, જેમ સૂર્ય ઉગતાં તિમીર નિશાનો વિનાશ થાય છે, તેમ આશાના ઉમળકાથી ખેદનો નાશ થાય છે, તેમ મનુષ્યો પણ પોતાની તીવ્ર ઇચ્છાઓ પૂર્ણ કરવા આશાના પાસથી બંધાય છે. જન સમૂહના મનમાં જે સંકલ્પો બંધાય છે, તે આશાનાં જ રૂપાંતર છે. આશા પ્રેમનું તત્ત્વ છે. આશા અમૃતથી પણ મીઠી છે. આશા જ્યારે પ્રાણીને સુખી બનાવવા સાથે પીગળી જાય છે ત્યારે તે કૃપા કહેવાય છે. અને કૃપાથી જ મનુષ્યો ઉન્નતિના શીખરે ચડે છે, કાંઈ પણ મળે તેના કરતાં તેની આશા ઘણી જ મધુર હોય છે. સર્વને સંકટ સમય સરલ માર્ગ બતાવનારી અને સાચા માનવને મદદ કરનારી પોતાની આશા જ છે.

આશા રૂપી ખીણ ઘણી ઊંડી છે, તેમાં જે જન ઉતરે છે, તે તેનો પૂરતો અનુભવ મેળવી શકે છે. પ્રવિણ સાગરના ગ્રંથમાં કહ્યું છે કે :-

જીસકો નહીં કિંમત હરદીકી.
વો કયા જાને પ્રેમી દરદીકી.

એટલા માટે અમુલ્ય આશા પૂર્ણ કરવા પૂર્વના મહાન પુરૂષોએ કેવાં કેવાં કાર્ય કર્યાં છે. શ્રી રામચંદ્ર ભગવાને સમુદ્રમાં પાષાણો તાર્યા તે પણ સીતાજીની આશાએ અર્જુને મચ્છ વેધ કર્યો તે પણ દ્રોપદીની આશાએ અને સૂર્યવંશી રાજા ભગીરથે મહાન ઉગ્ર તપ કરી વિષ્ણુ ભગવાનને પ્રસન્ન કર્યા તે પણ પતિત પાવની ગંગાજીની આશાએ જ, તેનો દાખલો એજ કે આશા બાંધવી તો ભગીરથ પ્રયત્ન કરવો જ જોઈએ. એ અલૌકિક વાયદા હાલના જમાનામાં ચાલુ છે. જેમ નિશાન વગરનું તાકવું નકામું છે, તેમ આશા વગરનું જીવન નકામું છે. જેને મનમાં કાંઈ પણ સારું કાર્ય કરી આગળ વધવાની આશા બંધાતી નથી તે દુનિયામાં આવું કાંઈ પણ કાર્ય કરી શકતો નથી.

ભાઈઓ ! જેમ બપૈયો વરસાદના જળની આશા ધારી બેસે છે, તે તેની આશા વૃષ્ટિ થતાં પૂર્ણ થાય છે, તેમ હે બન્ધુઓ ! અમો પણ આપના તરફથી ઉત્તેજન મેળવવા રૂપી આશા, સફળ કરવાની પ્રવૃત્તિમાં આગળ વધ્યા છીએ, તો આ માસિક રૂપી ઉગતી વેલીને આપ સર્વે ભાઈઓ તન મન અને ધનથી જે જેનાથી બને તેણે તેવી મદદ આપી પ્રફુલિત કરશો એવી અમો આપના પ્રત્યે આશા રાખીએ છીએ.

કચ્છની કામધેનુ રૂપ પાટીદાર જ્ઞાતિને પ્રાર્થના

પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી સદીઓથી માર્ગ ભૂલેલા મારા કચ્છી પાટીદાર ભાઈઓમાં આજે જ્યારે જાગૃતિનાં ચિહનો જોઉં છું ત્યારે મારું હૃદય હર્ષથી પ્રફુલિત થાય છે. કોણ જાણે તેમને ક્યા પ્રલોભનો અપાયા હતાં !? પોતાના પરમ પવિત્ર સનાતન વૈદિક ધર્મને છોડી તેમણે હિંસક વૃત્તિ વાળા યવનોનાં કુટિલ માર્ગમાં શા માટે પદાર્પણ કર્યું હશે ? વારંવાર આ પ્રશ્નો મને અને મારા જેવા કેટલાએ ભાઈઓને એટલા તો દુઃખદ લાગ્યા છે કે દુઃખના ઉદગારો જ બહાર નીકળ્યા છે. પ્રભુની આ રમત કેવી વિચિત્ર છે ? સિંહના બચ્ચાઓ આજે શિયાળવાના શિષ્ય મંડળમાં દાખલ થયા છે. પણ ચોવીસ કલાક રાત રહેતી નથી. રાત્રિ પછી ભગવાન સૂર્યનારાયણ પૂર્વ દિશામાં પ્રકાશમાન થાય છે ત્યારે નિશાચરો, ચોરો પોતાની મેળે જ છુપાઈ જાય છે. આજે કચ્છી કડવા પાટીદારોના ભાગ્યાકાશમાં ભગવાન સૂર્યનારાયણના કિરણોએ દર્શન દીધાં છે. આજે એવા વિરાત્માઓ ! પોતાની જ્ઞાતિનો યવનોના પંજામાંથી ઉદ્ધાર કરવાને, બહાર આવ્યા છે. કે જેઓ નિઃસ્વાર્થપણે પોતાના માર્ગ ભૂલેલા ભોળા ભાઈઓના તરફથી થતા અપમાનો, તેમના તરફથી અપાતાં કષ્ટો મુંગે મોંઢે સહન કર્યા કરે છે અને આ સહન શક્તિ જ તેમના આત્મામાં જ્ઞાતિ ઉદ્ધારની આગ બાળ્યા કરે છે. ધન્ય છે ઓ ! વીરાત્માઓ ! નિઃસ્વાર્થપણે કષ્ટો સહન કરનારાંઓ ! તમારાં આ પરાક્રમો તરફ આખી આર્ય જાતિ આતુરતા પૂર્વક જોઈ રહી છે. શું તમે હાથમાં લીધેલા કાર્યને એમને એમ મુકી દેશો ? તમોને કષ્ટ આપનારાઓ ! તમારા સંબંધો તોડી નાખનારાઓ અને તેમને દરેક રીતે ઉતારી પાડવાની કોશીષ કરનારા તમારા ભાઈઓ પર તમે દયા કરો. તેમને ખબર નથી કે તમે આ બધું શા માટે સહન કરો છો ? પણ ઈશ્વર સત્યનો બેલી છે એવો દૃઢ વિશ્વાસ તમારા અંતઃકરણમાં ધારણ કરી તમારા પવિત્ર માર્ગ પર ચાલતા જ રહો. છેવટે વિજય તમારો જ છે. એવી શ્રદ્ધાને હૃદયમાં સ્થાન આપો.

અહીંયા પીરાણા પંથમાં ફસાઈ ગયેલા પાટીદાર ભાઈઓને હું નમ્ર ભાવે પ્રાર્થના કરું છું કે મિત્રો ! શું તમો હિંસક વૃત્તિવાળા યવનોના શિષ્ય થવામાં આનંદ માનો છો ? શું તમને તમારા મહાન પૂર્વજો તરફ લેશ માત્ર પણ પ્રેમ ઉત્પન્ન થાય છે ? રામ, કૃષ્ણ, ભીમ, અર્જુન વગેરે મહાન ક્ષત્રિયોનાં સંતાનો આજે તમે કયા ધર્મનું સેવન કરી રહ્યા છો ?

હું ખરું કહું તો એ યવનોએ પોતાનો સ્વાર્થ સાધવા માટે તમને પોતાની જાળમાં ફસાવી લીધા છે. તમારા ભોળપણાનો લાભ લઈ તેઓ હજી સુધી તમોને ભરમાવ્યા કરે છે. તમારામાં લેશ માત્ર પણ ધાર્મિક લાગણી હોય તો આજે ને આજે એ કુમાર્ગ-પીરાણા પંથનો ત્યાગ કરો. અને અમારી જ્ઞાતિનો ઉદ્ધાર કરવા માટે કષ્ટો સહન કરનારા તમારા ભાઈઓના હાથમાં હાથ મેળવો.

પણ આ વાત ધ્યાનમાં રાખજો કે ઉલમાંથી નીકળી ચુલામાં ન પડતાં, એક જાળમાંથી નીકળી બીજી જાળમાં પડતા નહિ. કરોડો હિન્દુઓ જે સિદ્ધાંતોનો સ્વીકાર કરવાની અભિલાષા ધારણ કરી રહ્યા છે. અને આપણા પૂર્વજોનો જે પ્રાચીન ધર્મ છે તે સનાતન વૈદિક ધર્મ અથવા આર્ય ધર્મ તરફ તમે પણ દોડી આવો, જુઓ ? પરમાત્માની કૃપાથી હવે તમારી જ્ઞાતિમાં જાગૃતિ આવવા માંડી છે. તે સમયે વિલંબ કરતાં નહિ. વેદ ભગવાન આજ્ઞા કરે છે કે :-

હે મનુષ્યો ! તમારા વેદાનુયાયી વિદ્વાન ધર્માત્મા પૂર્વજોને પગલે ચાલો અને પરમાત્મા પાસેથી નિરંતર એજ યાચના કર્યા કરો. પ્રભુ તમને સાત્વિક બુદ્ધિ પ્રદાન કરો ?!

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

શ્રી દયાનંદ વૈદિક	**કેશવદેવ રતેશ્વર**
રાષ્ટ્રીય શાળા,	**કચ્છ-દેશલપર**
કરાચી	**નિવાસી**

અંધારી રાત્રીનું ભયંકર સ્વપ્નું

આસો માસની કાળી ચૌદશને રવિવારની ભયંકર ઘોર અંધારી મધ્ય રાતે હું શાન્તિથી મીઠી ઊંઘમાં મારા ઘરના સુવાના ઓરડામાં સુતો હતો. તે અરસામાં મારો જમણો હાથ છાતી ઉપર ચડી જવાથી તે ઉપર થયેલા દબાણને લઈને સમાન વાયુ ઉર્ધ્વ ગતિમાં આવી જતાં કંઠ પ્રદેશની હીતા નામની અતિ સુક્ષ્મ નાડીમાં પ્રવેશ કરતાંની સાથે મને એ ભયંકર સ્વપ્નાનો ભાસ થયો હતો.

જાણે જગતના મહા દુરાચાર ભરેલા કલ્પિત રીવાજોથી થતા પાપોને લઈને સાક્ષાત વાયુ દેવના અતિશય કોપથી ભયંકર વંટોળી આની ચકરીના સાથે મારી તુટમુખ ખાટલી સહીત હું ગોથા ખાવા લાગ્યો. તે વખતે ભારે સુસવાટો થવાથી આકાશ માર્ગે સપાટા બંધ ચાલતો હોઉં તેવું મને ભાન થવા લાગ્યું. આંખો ઉઘાડી જોવાનો પ્રયત્ન કરું છું. તેવામાં તો ઘણે ઊંચે ચડી એક મોટા ભવ્ય મકાનમાં મારી ખાટલી સહીત હું ઉતરી પડ્યો.

તેમાં બેઠો થઈ આસપાસ નજર કરતાં એવો તો દિવ્ય ચમત્કાર મારા જોવામાં આવ્યો કે તેનું વર્ણન કરતાં હૃદયમાં એવો સજ્જડ આંચકો લાગે છે કે મેં જોયેલા ચમત્કાર ના આઘાતથી મારું હૃદય ફાટી જઈ રખેને હું મૃત્યુના પાશમાં પ્રવેશ કરું !!!

એકી મુહૂર્તે હજારો સૂર્યનારાયણ એક જ વખતે ઉદય થયા હોય, એવા અતિશય પ્રકાશ જોઈ મારી આંખો વારંવાર મીંચાઈ જવા લાગી, પરંતુ મહા મુશ્કેલીએ આંખો ઉઘાડી જોવા લાગ્યો તો અસંખ્ય યોનીના જીવો મહા દુઃખો ભોગવતાં જોવામાં આવ્યા, તેમાં આપણી જ્ઞાતિના કેટલાક બહાદુર ગણાતા અને સર્વોપરી સત્તા ભોગવી બીજાને દબાવતા તેમજ પોતાના અજ્ઞાન વર્ગને દુઃખના મહાસાગરમાં ઝુકાવી રીબાવી નાખવાનું મહાન પાપ કર્મ કરતાં એવા મારા બન્ધુઓ, સગાવહાલાં, નાતવાળા તેમજ ઓળખીતા અસંખ્ય વિરો; મહાન રૌ રૌ નર્કના દુઃખની જ ભરેલી યાતના (સજા) ભોગવતા મારા જોવામાં આવ્યા. અરેરે !!?! મેં તેમને ઓળખ્યા તેમજ તેઓએ મને પણ ઓળખ્યો તેઓની પાસે હું દોડી જઈ તેઓનું અપાર દુઃખ મારાથી નહિ જોઈ શકવાથી હું પોકે પોકે રડવા લાગ્યો ! અને મેં ઘણું કલ્પાત કરવા માંડ્યું ત્યારે તેઓએ પણ લાંબા સાદે રડી પડી તે કરતાં પણ વધારે દુઃખી જણાયા. તેઓનું વર્ણન કરતાં મારી છાતી ચીરાઈ જાય છે, હૈયું ભરાઈ આવે છે. મગજ ભમવા લાગે છે. શરીર જરજરીત થઈ જાય છે. ઓહોહો ! અપાર દુઃખે ભયંકર નર્કમાં ગળા સુધી તેઓને ડુબાવી દીધેલા, નાના પ્રકારના ઝેરી પ્રાણીઓ-વીંછી-સાપ, કાનખજુરા વગેરે તેમના નેત્રો તથા મોં ઉપર ચટકા ભરતાં અને ઉપરથી સળગતા આગનો વરસાદ પડી ચામડી બળીને તે ફાટીને અંદરથી પરૂ વહેલા લાગેલું મારી નજરે પડ્યું. તેઓના ત્રાહે ત્રાહેના પોકારો સાંભળી કોઈ જરા પણ તેઓના ઉપર દયા કરતું નથી, પણ વધારામાં પહેલાા કરતાં અસહ્ય દુઃખો દેવાનો તેમનો પ્રયત્ન ચાલુ જ છે. શું કહું ? તે કહેતાં, અરે તેનું વર્ણન કરતાં મારું કાળજું ફાટી જાય છે. આવું અપાર કષ્ટ શા માટે તેમને ભોગવવું પડતું હશે ? તેનો વિચાર કરું છું તેવામાં એક મોટો રાક્ષસી કદનો પુરૂષ મારી સામે આવી ઉભો રહ્યો, તેને જોઈ મારા તો હાજા જ ગગડી ગયાં, આંખે તમર આવવાથી ચકરી ખાઈ હું નીચે પડી ગયો.

આ મહાન પુરૂષે આવી મને ઠંડુ પાણી છાંટી સચેત કર્યો. એટલું જ નહિ પણ માથે હાથ ફેરવી અભય વચન આપી ખાટલી પાસે લઈ જઈ મને કહેવા લાગ્યો કે અરે મૃત્યુ લોકના **જીવા પટેલ** તું ડરીશ નહિ, આ તો યમરાજાનો દરબાર છે. મૃત્યુલોકના જીવાત્માઓનો પાપ પૂણ્યનો આ ઠેકાણે ન્યાય થાય છે. પુણ્યવાન જીવોને પૂણ્યનો યોગ્ય બદલો મળે છે. તેમજ પાપી જીવોને પાપના પ્રમાણમાં સજા ભોગવવી પડે છે, આ સામેના રૌ રૌ નર્કની યાતના (સજા) ભોગવતા તારા લાગતા વળગતા જીવાત્માઓએ એવા તો મહાન પાપ કરેલાં છે કે તેઓને લાવતાં કૃપાળુ ધર્મ રાજાએ તેમને યોગ્ય સજા ફરમાવેલી છે, જે તું નજરે જોઈ શકે છે. થોડા વખત અગાઉ તું તેઓની પાસે જઈ તેમનું દુઃખ જોઈ રડતો હતો. પરંતુ તેઓના અતિશય પાપ કર્મને લઈને તેઓ આ દશાને પ્રાપ્ત થયા છે. તો પણ તેઓના પાપ કર્મોની બીજી વધારે તપાસ કરીને આ કરતાં પણ ભયંકર શિક્ષા કરવાનું હજી ધર્મરાજાએ મુલતવી રાખેલું છે આ પ્રમાણે તે વિકરાળ પુરૂષનું બોલવું સાંભળી મારી છાતી ધડકવા લાગી અને હું અતિશય ધ્રુજવા લાગ્યો, તેમજ ફરી મુર્છા આવી ગઈ. તે મહાન પુરૂષે મને બીજી વખત સાવધાન કરી મહાશય યમરાજનાં દર્શન કરવા તેડી ગયો. ત્યાં જઈને હું જોઉં છું તો કરોડો સૂર્ય નારાયણના પ્રકાશવાળું અદ્‌ભુત કારીગરીથી ભરેલું આખા બ્રહ્માંડના સ્થંભ રૂપ અલૌકિક સિંહાસન જોવામાં આવ્યું. જેના ઉપર સાક્ષાત ધર્મની મૂર્તિ જ્ઞાન ધન અખંડ આનંદ યુક્ત યમરાજ બિરાજમાન થયેલા જોતાની સાથે જ હું તેમના પરમ રમ્ય ચર્ણાવિંદમાં પડી ગયો અને તોતડી વાણીથી વિનવવા લાગ્યો. દયાળુ ધર્મરાજાએ વરદ હસ્ત મૂકી મને આશીર્વાદ આપી બાજુના નીચેના આસન ઉપર બેસી જવા મને ઈશારાથી સૂચવવામાં આવતા હું બેસી જઈ ત્યાંની અનેક પ્રકારની અલૌકીક રચના નીહાળવા લાગ્યો.

૧૦.૨ - પાટીદાર ઉદય - અંક ૨ - વિ. સં. ક. ૧૯૮૦ શ્રાવણ (Aug-1923)

થોડીવાર થઈ તેવામાં તો મહારાજા ચિત્રગુપ્ત પધાર્યા અને સાક્ષાત ધર્મ મૂર્તિ યમદેવને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પોતાના આસને બીરાજ્યા પછી ભયંકર કાળ જેવા દૂતોને આજ્ઞા કરી કે સામેના મહા રૌ રૌ નરકમાંથી જેઓ મહા નરકની સજા ભોગવે છે. તેઓએ મૃત્યુ લોકમાં આગેવાની ભર્યો ભાગ લઈ ડોળઘાલુ આગેવાન-ગઢેરાઓ થઈ જાણવા છતાં અજ્ઞાન મનુષ્યોને તદ્દન અવળા માર્ગે દોરી અસંખ્ય પ્રકારનાં પાપ કર્મો કરેલા છે. એવા તે મહા પાપી લોકોને મહારાજ યમરાજના સમક્ષ ઉભા કરો. આજ્ઞા થતાંની સાથે જ યમદૂતો દોડી જઈ રૌ રૌ નરકમાં રીબાતા કૃતઘ્નીઓને બહાર કાઢી પરમ કૃપાળુ પરમાત્મા તુલ્ય એવા ધર્મરાજાની સમક્ષ ઉભા કરવામાં આવ્યા.

મહાત્મા ચિત્રગુપ્ત બોલવા લાગ્યા કે મહા પાપના બોજા તળે દબાયેલા અરે ! નરાધમો ! મહા પાપીઓ ! તમો જ્યારે તમારી માતાના ગર્ભવાસમાં ઉંધા મસ્તકે ઝોલાં ખાતા હતા અને પૂર્વના મહા પાપના યોગે ગર્ભમાં વાત, પીત, કફ, માંસ, મજ્જા, મેદ પર અને જઠરાગ્નિથી ભયંકર દુઃખ યાતના ભોગવતા થકી પોકાર કરતા હતા, ત્યારે તે મહાન દુઃખમાંથી મુક્ત થવા ઘણી નમ્રતાથી ભરેલી અરજ ગુજારતા હતા. બહાર નીકળ્યા પછી પ્રમાણિકપણે ચાલવાની તેમજ પરમાર્થ કરવાની સાથે ઈશ્વર ભક્તિ કરવાની અને પવિત્ર સત્ય માર્ગે ચાલવાની અસંખ્ય કબુલાતો આપેલી છે. છતાં બહાર નીકળ્યા પછી કરેલી કબુલાતો પૈકીની એક પણ શરત તમોએ પાળી નથી. પરંતુ ઉલટા ધન, યૌવન, અને મોટાઈના મદમાં છકી જઈ હજારો ગરીબોને અને અનાથ મનુષ્યોને જાણી બુજીને અવળા માર્ગે દોરી જઈ તેઓને અધમ દશામાં લાવી તેમના માથે દુઃખના ઝાડો રોપવામાં તમે કચાશ રાખી નથી. ગમે તેવા પણ નીચ અને અધમ કાર્યો કરવામાં તમે પાછું વાળી જોયું નથી. તેથી તમારા અધમ કૃત્યોની સવિસ્તર હકીકત તમારા જ મુખેથી સાંભળવાની ધર્મ મૂર્તિ યમરાજની ઈચ્છા છે. અને તે અથથી ઈતિ સુધી જણાવો અને તેના બદલામાં ભયંકર નરક યાતનાના દુઃખો ભોગવવાને તૈયાર થાઓ.

ભયંકર પાપરૂપી પુંજમાં ડુબી ગયેલા આ મહા પાપીઓએ સાક્ષાત યમરાજના દરબારમાં પોતે કરેલા અસંખ્ય પાપોનો પ્રકાશ કરવાનો આરંભ કર્યો.

(જે આવતાં અંકમાં આપવામાં આવશે)

ખોંભડીના મુખીની આપખુદી

આપણી જ્ઞાતિના બની બેઠેલા આગેવાનો, જ્યાં જુઓ ત્યાં પોતાની આપખુદીના કારોબારથી ત્રાસ વરસાવી રહ્યા છે. તેમાં કુદકે અને ભુસકે આગળ વધવાનો મુખી સાહેબ અરજણ ડાહ્યા ખોંભડીવારાનો પણ વિચાર થયો જણાય છે, જે વાચકો નીચેની હકીકત ઉપરથી જાણી શકશે.

વહાલા વાચકો ! તમોને યાદ તો હશે કે આસો માસમાં આપણી જ્ઞાતિ પરિષદની બીજી બેઠક કરાંચીમાં જ ભરવામાં આવી હતી (જેનો રીપોર્ટ છપાઈ બહાર પડી ગયો છે) જેની અંદર આથમણા પાંચાડાના ગામોના ભાઈઓએ ભાગ લીધો હતો અને તેના ફંડમાં નાણાં ભર્યા હતા, જેને આ મુખી સાહેબે તેઓને આપખુદીથી નાત બહાર કીધા છે.

૧૦.૨ - પાટીદાર ઉદય - અંક ૨ - વિ. સં. ક. ૧૯૮૦ શ્રાવણ (Aug-1923)

કહેવત છે કે "નવરો બેઠો નખ્ખોદ વાળે" તેમ મુખી અરજણ ડાહ્યાને મારા ધારવા પ્રમાણે કાંઈ ધંધો નહિ હોવાથી તે ગરીબોને સતાવી હેરાન કરવાનો ધંધો હાથ ધરી બેઠો હોય એમ જણાય છે. કારણ કે તેથી નામ તો પ્રસિદ્ધ થશે.

અત્રે હું મુખી અરજણ ડાહ્યાને પુછવાની રજા લઉં છું કે સાહેબ ! તમે ધર્મના ફરમાનથી અને નાતના કયા કાયદા પ્રમાણે કયા ગઢેરાના હુકમથી (કારણ કે તમે તો ગઢેરા નથી જ) ગરીબ ભાઈઓને નાત બહાર કીધા છે ? તે જરા મહેરબાની કરી જણાવશો, તો આપનો મોટો આભાર થશે.

અરે ! પણ હું ભુલ્યો, અહીંયા તો કાયદા કે ધર્મ ઉપર કોણ ધ્યાન આપે છે. અહીંયા તો કોઈ પણ પ્રકારે ખિસ્સા તર કરવાની જરૂર છે. જેમ કે :-

"કોઈ એક ચંડાળે એક નગર શેઠનું નાહક ખૂન કીધું, કેસ ચાલતાં પુછવામાં આવ્યું કે તે આવા ભલા અને ઉદાર વૃત્તિવાળા ગૃહસ્થનું ખુન શા માટે કર્યું ? જવાબમાં તે બદમાશે કહ્યું કે ઇતિહાસમાં મારું નામ દાખલ કરવા ! કારણ કે કોઈ શુભ કામ કરી ઇતિહાસમાં નામ દાખલ કરવાની મારામાં આવડત નહતી, ત્યારે ભલે ખુની ગણાઉં પણ નામ તો પ્રસિદ્ધ થશે તેમ આ મુખી સાહેબ અરજણ ડાહ્યાને પણ સુજ્યું હોય તેમ લાગે છે !

જો મુખી સાહેબને નામ પ્રસિદ્ધ કરવા અથવા મોટી નાતમાં (પંચમાં) માન મેળવવાનો અભખરો થયો હોય તો તે માટે મારે અત્રે બોધ રૂપે બે બોલ કહેવાની જરૂર છે. મુખી સાહેબ ! ગરીબોને હેરાન કરી સતાવીને નામ કાઢવવાથી લાંચો લઇ પૈસા પડાવવાથી ભલા શુ કાંઇ લાભ છે ખરો કે ? મુખી સાહેબ ! આમ આંધળે ઘોડે છેક ન ચડો અભિમાન કોઈનો રહ્યો નથી ને તમારો પણ રહેવાનો નથી માટે કાંઈક તો ભક્ત કવિ તુલસીદાસના વાક્ય ઉપર ધ્યાન તો આપો :-

તુલસી હાય ગરીબકી, કબ હું ખાલી ન જાય,
મુવા ઢોર કે ચામસે, લોહા ભસ્મ હો જાય.

તેવી જ રીતે અરબીમાં એક કહેવત છે "અલહકકો મુર્ફત, વલ્સમરો હુલ્યુન" સાચી વાત કડવી છે પણ તેના ફળ મીઠાં છે.

અરે મુખી સાહેબ ! તમોને માઠું તો લાગ્યું હશે પણ ઉપલી કહેવત મુજબ તેનાં ફળ મીઠાં છે, માટે સાહેબ માઠું ન લગાડતાં આ સેવકની અરજ ધ્યાનમાં લઈ આપ આપની છાતી ઉપર હાથ રાખી વિચાર કરીને આ ગરીબ કણબી ભાઈઓને નાતમાં લઈ આપની ભુલ સુધારી મુખીપણાના હોદ્દાને શોભાવશો નહિ તો એક કહેવત મુજબ "કાલા મોહ લે જાયગા સાહેબ કે દરબાર" એવી આશાએ ઉપલા બોલ કહી હું અત્રે વીરમું છું, તે સાથે ચેતવણી પણ આપું છું કે જો આ આપની થયેલ ભૂલ અહીંયા અરજી વાંચ્યા બાદ સુધારી છે. (ગરીબ ભાઈઓને નાતમાં લીધા છે) એવી આ પત્રમાં "પાટીદાર ઉદય"માં એક માસની અંદર જો ખબર નહિ આપો તો આગળ પછીના અંકમાં જરૂર આપ કડવો અનુભવ વાંચશો. એજ ઈશ્વર આપને સદ્‌બુદ્ધિ આપે !

લી. આપના જુના અને હાલના કામોને જાણનાર આપનો મિત્ર

પાટીદાર જ્ઞાતિ અને પીરાણા પંથ

(લેખક : ઠા. હીરજી વીસનજી સેજપાળ કરાંચી)

સંસારમાં અનેક અત્યાચારો જુલ્મો બહારના અને આંતરીક હુમલાઓ છતાં પણ જે કોઈ જાતિ પોતાનું અસ્તિત્વ ટકાવી રહી હોય તો આપણી જ સનાતન પવિત્ર આર્ય જાતિ છે. ઇતિહાસ આપણને બલ્કે જગતને પાઠ શીખાવે છે કે અનેક પ્રલયકાળના જેવા પ્રચંડ વાવાઝોડામાં અસંખ્ય રાષ્ટ્રો જાતિઓ, જડમૂળથી ઉખડી ગઈ છે. ક્યાં છે આજે પ્રાચીન રોમ, મિશ્ર, ગ્રીસ, ચીન અને યુનાન ? અરે કેટલાકના તો ઇતિહાસમાં નામ કે અસ્તિત્વના ચિહ્નો સુધ્ધાં પણ નષ્ટ થયા છે. હિન્દુ જાતિ ટકી રહી છે. તે તેના ભિન્ન ભિન્ન વિશાળ સુદઢ અવવ્યોના લીધે જ શક્ય છે. કે વર્તમાન કાળમાં આ અવવ્યો પણ શિથિલ થતા જાય છે. ખેડૂતો (કણબીઓ)ના ભારત સમાજ ઉપર અનેક ઉપકાર છે. બલ્કે જગત તેમનું ઋણી છે. ને સદાના માટે રહેશે પૃથ્વીના પાલણહાર મહાન સામ્રાજ્ય વાદીઓ કે મુડીવાદીઓ નથી પણ શીત, ઉષ્ણ અને વર્ષાની ઋતુઓના અનેક કષ્ટો સહી માનવ સમાજનું ઉત્તમ ખેતી દ્વારા કલ્યાણ કરનાર ખેડૂતો એટલે કણબી ભાઈઓ જ છે.

ખરા પૃથ્વી પાલકો તો એજ છે એમને અમારા વંદન હો.

હિન્દુઓની અન્ય જાતિઓની પેઠે અમારા કણબી ભાઈઓની પણ કાળચક્રના બળે વર્તમાન દુર્દશા થઈ છે. જોકે કેટલાક અવગુણો અન્ય ઉચ્ચ ગણાતી જાતિઓમાં પ્રવેશ પામ્યા છે, હજી સુધી સદ્‌ભાગ્યે અમારા કણબી ભાઈઓમાં પ્રવેશી શક્યા નથી. કણબીઓએ દારૂ, ચા, તમાકુ વગેરે દુર્વ્યશનોથી મુક્ત છે. (પ્રવેશ પામ્યા હશે. તો પણ અપવાદ રૂપે જ) જ્યારે આખું હિન્દ વિદેશી વસ્ત્રોના મોહથી (મહાત્માજી સુધ્ધાં) ઘેલું બન્યું હતું ત્યારે પણ અમારા કણબી ભાઈઓ ખાદી પહેરી પોતાના પવિત્ર દેહને શોભાવતા હતાં. કણબી ભાઈઓમાં કેટલીક જગ્યાએ અંધશ્રદ્ધાથી પીરાણા જેવો અર્ધ ઈસ્લામી ધર્મ ઘુસી ગયો છે. જોકે સુધારકોના પ્રયત્નોથી હવે તે દુર થવા લાગ્યો છે અમો તેને જલદી દુર થયેલો જોવા ઉત્સુક છીએ ભાઈઓ હવે પ્હો ફાટ્યો છે તમો હિન્દુ છો હિન્દુ જાતી તમારા જેવા ભાઈઓથી ઉજળી છે. જાગો, ઉઠો અને અંધશ્રદ્ધાના વમળમાંથી બહાર આવી બાળ લગ્ન તથા બીજી બુરી પ્રથાને ત્યાગી શુદ્ધ હિન્દુ બની સનાતન વૈદિક ધર્મની જય જય કાર કરો પ્રભુ તમોને સદ્‌બુદ્ધિ અને આત્મબળ આપો.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

ઉદય માર્ગદર્શન

(માવજી વાસણ પટેલ)

બંધુઓ ! પાનખર ઋતુમાં સખત તાપ છતાં સર્વ વનસ્પતિ નવ પલ્લવ અને નવજીવન ધારણ કરે છે, તેમજ હાલ જગતમાં સર્વત્ર વેર, વિરોધ, ગરીબાઈ, અધર્મ રોગ વગેરે અસંખ્ય આપત્તિઓ રૂપી અસહ્ય તાપ છતાં દરેક દેશમાં દરેક માનવ સમુહ (નાતો, પેટા નાતો, તડો)માં વાસ્તવિક શાંતિ દાયક વ્યવસ્થાઓ માટે ઓછી વત્તી

જાગૃતિ-મથન જણાય છે. મનુષ્યમાં જીવ છે કે મુડદું છે તે શારીરિક પ્રવૃત્તિઓ ઉપરથી જાણી શકાય છે. કેટલીક ખાસ પ્રવૃત્તિઓ બંધ જણાય તે મુડદું ગણી તેનો સર્વથા ત્યાગ કરવાની કુદરતી ફરજ પડે છે. તેજ નિયમ પ્રમાણે બુદ્ધિપૂર્વક યોજના-ગોઠવણ કરેલી કેટલીક પ્રવૃત્તિઓ એજ નાતો કે મંડળોનું જીવન ગણાય છે જે નાતમાં પોતાની ઉન્નતીનું સરંક્ષણ અને જરૂરીયાત માટે વિચારપૂર્વક અને સમયના પ્રમાણમાં જરૂરી પ્રવૃત્તિ ન હોય તો તે નાત નામ માત્ર અથવા મુડદું કહેવા લાયક ગણાય છે અને મુડદાની પેઠે જ કુદરત તેનો ક્ષય કરે છે.

બંધુઓ ! કચ્છી કણબી જ્ઞાતિમાં સમુહ જીવન પોષક તંત્ર તરીકે કોઈ સાધન છે ? કબુલ કરવું જ પડે છે કે નહિ, પણ અવન્નતિ-પડતીમાં મદદ કરનારાં કારણો તો અનેક અતુટ કાર્ય કરી રહેલાં જ છે. “ઉત્તમ ખેતી” (ઈશ્વરાધીન ફળ પ્રાપ્તિનો વિશ્વાસ રાખી સાત્ત્વિક) કર્મ કરી નિર્વાહ ચલાવનારી સર્વથા અહિંસક પ્રજાની હાલ કેવી પરિસ્થિતિ છે આપણો સમુહ કેવાં કેવાં કષ્ટ વેઠે છે, કેવા અન્યાયો સહન કરે છે તે સવિસ્તર કહેવાની જરૂર નથી આપ સર્વ પૂર્ણ રીતે હાલત જાણો છો.

હાલ આપણા (ખેડૂતો - મજુરો - સર્વ ગરીબો) ના ભલા માટે આપણાં નાનકડા રજવાડાં, સરકાર અને દેશના પરોપકારી નેતાઓ તથા જન સમાજના સુજ્ઞ સેવકો તરફથી જુદા જુદા નાના મોટા પ્રયાસો થવા લાગ્યા છે થતાં હશે. છતાં આવા મહાજરૂરી કાર્ય માટેના પ્રયત્નોમાં આપણો હિસ્સો સ્વપ્રયત્ન તરીકે આપવામાં પછાત નથી, તેમ વાંચક અને શ્રોતાઓ કહેવા હિંમત કરી શકશો ? મને કહેવા દો કે આપણે સ્વ પ્રયત્નથી આપણી ચડતી થવાના ઉપાય હજી કર્યાં જ નથી. પડતી થવાના કારણોને મદદ આપતાં પણ આપણે હજી સુધી ડરતા નથી, તો પછી જણનારીમાં જોર ન હોય તો સુયાણી માત્ર શું કરે ? આ કહેવત મુજબ સફળતા ક્યાંથી મળે ? આપણો ઉદય કેમ થાય ? “પર આશ સદા નિરાશ” મોમાં મૂકેલો કોળિયો પણ સ્વ પ્રયાસ વિના ગળે ઉતરે નહિ અને પાચન થયા વિના બળ આવે નહિ તો પછી પડતીમાં પાતાળે પહોંચેલી કોમને ચડતીના શિખરે લઈ જવાના પ્રયાસો વિના મહેનતે વિના દરકારથી અને વિના વિચારે કેમ સફળ થાય ?

સર્વાધાર પરમ પિતા પરમેશ્વરના ન્યાયમાં રચનામાં કે સૃષ્ટિના વ્યવહારમાં ભુલ કે પક્ષપાત હોવાથી આપણી કોમ પછાત રહી એમ કહેવાની કોઈ હિંમત કરી શકે જ નહિ. કર્મના ફળ તરીકે જ સુખ દુઃખના સંયોગો મળે છે. આપણા સમુહોની હાલની દુઃખ રૂપ દશા આપણા કર્મોનું જ ફળ છે આપણે જગત સાથે અનેક પ્રકારે બંધનમાં છીએ આથી દરેક મનુષ્યના સ્વતંત્ર કાર્ય ઉપરાંત કુટુંબ, ગામ, રાજ્ય, જ્ઞાતિ, મંડળી અને જન સમુહનાં એકઠાં કર્મોનું ફળ પણ સારું કે ખરાબ એકબીજાને સાથે ભોગવવું પડે છે, જેમ મનુષ્યને ઉત્તમ બુદ્ધિ તત્ત્વ આપી કર્મ કરવાની સ્વતંત્રતા આપી છે તેમજ તેને શિરે અનેક પ્રકારની ફરજો રાખેલી છે. ઈશ્વરી ફરજ પૂર્ણ બજાવવી એજ મનુષ્યત્વ ગણાય છે અને એજ વાસ્તવિક ધર્મકાર્ય અથવા મોક્ષ માર્ગ છે. પોત પોતાની ફરજ બજાવવામાં પાછળ રહેવું, આળસ કરવી કે બેદરકાર રહેવું વગેરે જેટલી અપૂર્ણતા એટલું પાપ અથવા અધર્મ ગણાય છે. ધર્મ સુખ દાતા અને પાપ દુઃખનું મૂળ છે સર્વ પ્રાણી સુખ ચાહે છે. સુખનાં સાધનો ઈશ્વરી દયામય રચનાથી જ પ્રાપ્ત થાય છે, તો પછી જેને સુખનાં સાધનો છે, સમજવાની શક્તિ છે, બીજાને સમજાવે તેટલો માન મરતબો છે, ખરું ખોટું વિચારવાનો માર્ગ ને સંયોગ છે તેવા ભાગ્યશાળી નર નારીઓની બીજાને સહાય કરવાની કેટલી મોટી ફરજ છે, તેનો વિચાર જરૂર કરવો ઘટે છે.

૧૦.૨ - પાટીદાર ઉદય - અંક ૨ - વિ. સં. ક. ૧૯૮૦ શ્રાવણ (Aug-1923)

આપણને આપણી ફરજથી જાણીતા કરવા આપણો ઉદય ઇચ્છી તન મન ધનના ભોગે વિના સ્વાર્થે જનહિતાર્થે ઘણા પુરૂષોએ ભોગ આપ્યો છે અને આપણને ખરો માર્ગ બતાવ્યો છે, પણ હવે જો આપણે આપણી ફરજ બજાવવામાં ચૂક્યાં, આપણે આપવાનો ભોગ આપતાં અચકાયાં તો પાપ ભાગી આપણે જ રહેવાના છીએ.

નાના મોટા કોઈ પણ સમુહની સર્વ પ્રકારની ચડતી પડતીનો આધાર લાગતા વળગતા સર્વ સાથે સંબંધ ધરાવે છે. કોઈ ઉપયોગી સુંદર ઝાડના પાંદડાં સુકાવા લાગ્યા હોય તે જોઈ માત્ર અફસોસ કરવાથી કે તે જોયા કરવાથી લીલા રહે નહિ, પાંદડાં લીલાં રહેવામાં તેના મૂળ, થડ, છાલ, હવા, પાણી, જમીન, ઋતુ એ સર્વનો સંબંધ જોડાયો છે. તેમજ કીડી ઉધઈને બીજા વિઘ્નકારક કારણો સાથે સંબંધ છે. તેમજ આપણા સમૂહની પડતી હાલત સાથેના સર્વ સંબંધો તપાસવાની ખાસ જરૂર છે અને ત્યારે જ પડતીના કારણો ખસેડી ચડતીના ઉપાયો કરી શકાશે. માટે સુજ્ઞ નર નારીઓ જાગે અને પોત પોતાની ફરજ સમજી લઈ જ્ઞાતિ સેવામાં તત્પર થઈ મનુષ્ય જન્મ સાર્થક કરો આપની સેવામાં અર્પણ થયેલું "પાટીદાર ઉદય" આપને યથાશક્તિ સત્ય માર્ગ બતાવવા બહાર પડ્યું છે. તે ધન્યવાદને પાત્ર છે. તેનો લાભ લઈ સંબંધીઓને લાભ આપવામાં આળસ કરશો નહિ.

સમયાનુસાર કચ્છ કાઠીયાવાડ ગુજરાતની લેઉઆ કડવા કણબી પાટીદાર જ્ઞાતિ સમસ્તમાં અનેક પ્રકારે જાગૃતિ આવેલી જણાય છે. આ સર્વ સમૂહોમાં કચ્છી બંધુઓ વધારે પછાત છે. તેમની પરિસ્થિતિ ખાસ વિચારણીય કક્ષા પર છે એમ તો કહેવું જ પડે છે. આ સમુહના ઉદય-ચઢતી માટે પ્રયાસ કરનાર અને ભોગ આપનાર અસાધારણ વ્યક્તિઓએ ભોગ આપવામાં અર્પૂણતા ન રાખ્યા છતાં, સમૂહમાં જોઈતી જાગૃતિ આવી નથી અને પુરૂષાર્થી પુરૂષોના કર્મોની કદર કરવામાં અમારો કચ્છી બન્ધુઓનો સમૂહ પ્રમાદ વશ રહ્યો છે. પણ આશા છે કે આ વીર બંધુઓ જાગૃત થતાં અમારા બીજા સમૂહોથી સત્વર આગળ નીકળી જશે. કારણ કે ઉત્સાહી યુવકો અને અગ્રેસરો અંતઃકરણના આગ્રહપૂર્વક કાર્ય કરે છે અને હાલ અભણ છતાં પરંપરાથી વિશ્વાસુ અને નિખાલસ કોમને ખરો માર્ગ સમજાતાં અમલ કરતાં વાર લાગશે નહિ અને સત્યનો જય જ સંભવે.

માનવ સમૂહની ચડતી પડતીનો સંબંધ કેળવણી ઉપર આધાર રાખે છે. શારીરિક માનસિક અને આત્મિક કેળવણીનાં પ્રત્યક્ષ અને પરોક્ષ અંગો સંબંધે અને આપણા ખેડૂત વર્ગને હિતકારી સર્વ વ્યવસ્થા સંબંધે યથા શક્તિ વિચાર ચાલુ રાખવા માસિકમાં તંત્રી મહાશય સ્થાન આપતા રહેશે અને વાચક તથા શ્રોતાઓ સમયનું દાન આપી સેવકને ઉપકૃત કરશે. એવી આશા રાખું છું.

(અપૂર્ણ)

આપણો મોહ

(લેખક : રણછોડદાસ દલસુખરામ, અમદાવાદ)

જેનું હૃદય ધડકી રહ્યું નિજ, પીરાણાઓના ધડકારમાં,
એ પુનિત સુંદર હૃદય વરનું, પ્રેમ પૂજન થાય છે.

આપણે મોહ ઘણી જાતના તજવાના છે. પણ પીરાણા મત ઉપરનો આપણો મોહ તજવાનો જેટલો હક છે, તેટલા બીજાને માટે આપણે તૈયાર નથી. પીરાણા નામનો એક મતપંથ છે. એ પંથનો સ્થાપક ઈમામશાહ ઉર્ફે ઈમામુદીન હતો, તે જાતનો મુસલમાન હતો, આજ દિવસ સુધી એ પંથ હિંદુનો સંપ્રદાય ગણાતો હતો, પણ તેઓએ હિંદુ મુસલમાનના મતથી જુદો જ મત બનાવ્યો છે. તેના રક્ષક ખરેખરી રીતે એની ઓલાદના કેટલાક સૈયદો છે. પણ તેઓમાંથી કોઈ પીરાણા પંથનો સેવક નથી. તેના સેવકો હિંદુ જ છે. તેથી તેના મહંત તરીકે એક હિંદુ રાખી લીધો છે. જેનું નામ લક્ષ્મણકાકા છે તે ગામે ગામ સેવકોમાં ફરી શીર બંધી લાવીને કેટલાક સૈયદોનું પોષણ કરે છે. એ પંથની ત્રણ શાખા છે. તે ગાદી નામે ઓળખાય છે. મુખ્ય ગાદી પીરાણાની ગણાય છે. તેના મહંત કાકા નામથી ઓળખાય છે. જેનું નામ ઉપર આવી ગયું છે. તેઓને કેટલાક સેવકો ગુરૂના જેટલું માન આપે છે. પણ તે ધર્મ રહીત પાખંડી છે. ગુરૂના જેવા આચાર વિચાર તેમનામાં નથી, ઉદ્ધત છે, જ્ઞાતિદ્રોહી છે, ભણેલા નથી સહી પણ માંડ માંડ કરી જાણે છે. મીલ રાખે, સટા કરે, મોટરો ભાડે ફેરવે. એ પ્રમાણે ધનહર ધંધો કરે છે. દાઢી રાખે છે, માથે ચોટલી રાખતા નથી, માથાના વાળ મુંડાવતા નથી, માથે ધોળી પાઘડી મુકે-પહેરે છે, કાછડી વાળે છે. અંગરખુ ધોળું, ખાંધે ખેસ રાખે છે. બીજી શાખા ભાભેરામમાં છે તેના મહંત ભગવી પાઘડી માથે મુકે છે, દાઢી રાખતા નથી. ત્રીજી શાખા નાયાકાકા કરીને કહેવાય છે. તેઓ જાતે મુમના છે, તેની પહેલાના પણ મુમનાકાકા હતા, દાઢી રાખતા હતા. માથે ધોળી પાઘડી મુકતા હતા. પણ હાલના કાકા ભગવી પાઘડી પહેરે છે. મુમના મુસલમાનો સાથે ખાવા પીવાનો વહેવાર રાખે છે. એ તેજ કાકાની સાથે હિંદુ સેવકો ખાવા પીવાનો વહેવાર રાખે છે. તે સર્વમોંકાણ બીજી શાખાના મહંત (હાલના) શ્રીયુત કાકાબાવાજીને માલુમ પડવાથી, પીરાણાની અમી કે નુરની **ગોળી*** કે જે પીવા વગર સ્વર્ગ-ઈમામશાહના વિવાહમાં મહાલવા તથા સવા લાખ વર્ષનું હુરાં પરી સાથે રાજ્ય ભોગવવાનો અધિકાર નથી. તે સિદ્ધાંતને કોરે મુકીને નુર પીવાનું બંધ કર્યું છે. તેમજ સેવકોના હાથનું ન ખાતાં પોતાના તરફથી રસોઈઓ રાખીને તેના જ હાથનું જમવાનું રાખ્યુ છે. આ અજબ ફેરફાર છે.

પીરાણામાં રોઝા છે, મુખ્ય રોજો ઈમામશાહનો છે. તેને સેવકો અવતારી પુરૂષ માનીને પૂજા કરે છે. પીરસોદરદીન, પીરકબીરદીન, પીરસાહેબદીન, પીરનસીરદીન અને પીરસમસુદીન એવા પાંચ પીરોને ગુરૂ માને છે. જાતી ભેદ રાખતા નથી, શ્રી રામ કૃષ્ણા દિને અવતારી પુરૂષો માને છે, પણ તેમને હિંદુ ધર્મમાં જે સ્થાન છે તેવું

---

*પીરાણાની પાવળ કે નુરની ગોળી સંબંધી કે તે શેમાંથી બનાવવામાં આવે છે. તેમજ તેનો બનાવનાર કોણ છે. તે કયા વખતથી ચાલુ કરવામાં આવી છે? વગેરે હકીકત કોઇ ભાઈ અમોને લખી મોકલશે તો તે ઘણી ખુશીથી તે દાખલ કરવામાં આવશે.તંત્રી

પીરાણાઓમાં નથી, ગૌ રક્ષાને માને છે કેટલાક પીરાણાઓમાં માંસ, મચ્છી, તાડી, દારૂનો નિષેધ છે, તેઓ પુનર્જન્મને માનતા નથી. મુક્તિને તો માને છે. સેવકોમાંથી કેટલાક બાર માસની બીજ ઉપર રોજા રાખે છે. રમઝાનમાં રોજા રાખે છે, કલમો પઢે છે. કબરને માને છે, કલમો પઢીને મુડદાંને દાટે છે. પણ કુરાને શરીફને ધર્મ ગ્રંથ તરીકે માનતા નથી. કેટલાક પીરાણા પંથીઓ હિંદુના જેવી ઠાઠડીને નાળીયેર બાંધે છે, રામ રામ પોકારતા મુડદાને લઈ જાય છે, પણ હિંદુના વેદને ધર્મશાસ્ત્ર તરીકે માનતા નથી. એ પંથના મંદિરો ખાનાને નામે ઓળખાય છે.તેઓના પુજારી મુખીના નામે ઓળખાય છે તેઓને ગોરના જેટલું માન છે, તેને પાય પડે છે અને તેઓ ફક્ત ૩-૪ ગુજરાતી ચોપડીઓ ભણેલા હોય છે, પણ મોટો ભાગ તો સાવ અભણ હોય છે. (કચ્છના મુખીઓ તો કાળા અક્ષરને કુટી મારે તેવા હોય છે.)

સુધારકો કહે છે તેમ તેઓમાં આચાર હવે મંદ થતો જાય છે. વિચારમાં તો બીજા કેટલાક પંથના સેવકો કરતાં એ ભ્રષ્ટ છે. ખાનામાં કાંઈ નથી, પણ મહોર નબુવંત, દુલ દુલ ઘોડો, તલવાર વગેરેને મૂર્તિ પૂજા જેટલું માન આપે છે. ઈમામશાહના ચમત્કાર ઉપર સેવકોએ મુખ્ય આધાર રાખ્યો છે. તે વિક્રમ સંવત ૧૫૦૫ {VSAK:1448-49} ની સાલમાં ઈરાનથી ગુજરાત આવ્યા છે તેણે સેવકોના પૈસાથી પોતાની કબર દોઢ લાખ રૂપીયા ખરચીને બંધાવી છે. સદાવૃતને નામે ધર્મને બહાને સ્વર્ગ મળવાની લાલચે સેવકો પાસેથી શીરબંધી વિગેરે લાગાઓ લેવામાં આવે છે. સેવકો સુન્નત કરાવતા નથી. દાઢી રાખતા નથી, કેટલાક ચોટલી પણ રાખતા નથી. કેટલાક તો હિંદુના દેવોને પણ માને છે. નમાજ પઢતા નથી, ખાનામાં રાત્રિના સમય ધર્મક્રિયા કરવામાં આવે છે, ત્યાં વૈષ્ણવોના જેવી પ્રસાદી ધરવામાં આવે છે, તે છેવટે સેવકો જમી જાય છે.

મરજાદીઓને પેઠે સેવકો નાહી, ધોહી, ને ખાનામાં જાય છે, સૌ એકઠા મળીને પીર ઈમામુદીન ઉર્ફે ઈમામશાહને જપે છે. વૃદ્ધ હોય કે બાળક હોય તો પણ તેની પાછળ ખર્ચ જમણમાં મિષ્ટાન કરવામાં આવે છે મરનારની પાછળ સજ્જા દાન દેવાય છે.(લુગડા ગોદડાં વગેરે) પણ તે ખાનામાં રહે છે, વર્ષ દિવસે કે કોઈ અનુકૂળ દિવસે તેનું લીલાઉ થાય છે. પીરાણા પંથીઓએ પોતાના ધર્મને ગુપ્ત ધર્મ માન્યો છે, તેઓનાં ધર્મ ગ્રંથો હિન્દુ મુસલમાનથી જુદાં જ છે, અને તે હસ્તાક્ષરે છે તેની ભાષામાં અશુધ્ધ અને જોડેલા શબ્દો ભાગ્યે જ જોવામાં આવે છે, આવું આ ધર્મનું રહસ્ય કચ્છ પ્રાંતમાંથી શ્રીયુત્ નારાયણજી મીસ્ત્રી ગુજરાતમાંથી શ્રીયુત છીમાભાઈ ભગત અને બીજાઓને આભારી છે. એટલે સુધી હવે તો પોકળ જણાયું છે કે ગાદીના મહંતો કાકાઓ સુદ્ધાં આ પંથ છોડવાને તૈયાર છે. પણ બચાવામાં કહે છે કે, "સેવકોના પૈસા વડે હમારી લાડી, વાડી અને ગાડી કાયમ છે, અમો તેઓને પાપ માનીએ છીએ, પણ જ્યાં સુધી તમો બધાએ ફરી ન બેસો ત્યાં સુધી અમારે તેઓના મોઢે ગીત ગાવાં પડશે."

એ પંથના પ્રવેશને તો લગભગ ૪૦૦ વર્ષ થયા છે. તે પૂર્વે પીરાણાઓમાં અગ્નિ સંસ્કાર હતો. બ્રાહ્મણો પાસે લગ્નાદિ ક્રિયાઓ કરાવતા હતા, જનોઈઓ ધારણ કરેલી હતી. પ્રથમ અમદાવાદના કેટલાક પાટીદારોએ એ પંથ ગ્રહણ કીધો. તેઓમાં પક્ષ પડવાથી તેને કચ્છમાં નાસી જવું પડેલું તે આજે મુમના કણબીમાં ખપે છે. તેઓના સહવાસથી કોળી, ગોલા, કણબીમાં પ્રવેશ પામ્યો. ગુજરાતના પાટીદારો મતીઆ તરીકે ઓળખાય છે. હવે તો

કેટલાકની શ્રદ્ધા ઉઠી ગઈ છે. પણ નાતના જુલમ તથા ઘરડાઓનાં મન રાજી રાખવા હૃદયની વિરૂદ્ધ રાખી રહ્યા છે. એ નબળાઈઓ હવે નીકળી જવાને જ્યાં ત્યાં ચળવળ ચાલી રહી છે. ગુજરાતમાં "પાટીદાર પ્રકાશ" નામે માસિક પત્ર કાઢવામાં આવ્યું હતું. તેમજ વળી હાલમાં કચ્છ તરફ "પાટીદાર ઉદય" કાઢવામાં આવ્યું છે. આ બધી વિજયની નિશાની છે. પણ જે કૂતરાઓને મીઠાઈમાં ઝેર ભેળવીને સિપાઈને હાથે ખવડાવવામાં આવે છે. તે અંદરનું ઝેર સમજી શકતા નથી તેથી ખાઈ જાય છે, અને પોતાનું મોત કરે છે. તેવા કૂતરાઓ પૈકી પણ હવે સમજતા થયા છે. તે એવા ઝેરની હવા સુદ્ધા પણ લેતા નથી. અને બીજાને ઉપદેશ આપે છે કે, રખે એ ઝેર ભેળેલ મીઠાઈ હવે ખાતો એ જાગૃતિની લક્ષ્મણકાકા અને બીજા મુખીઓને ખબર પડી ગઈ છે. એટલે તે મીઠાઈમાં ઝેરને ઠેકાણે ધન, દોલત ભેળીને એવા નીચ એવા જ્ઞાતિ દ્રોહીના હાથે બીચારા શીકાર થઈ પડે છે. તેવા હજી સેવકો પડેલા છે. ત્યાં સુધી સુધરતાં વાર લાગશે. લક્ષ્મણકાકાને "ગુલામ" તરીકે ઓળખવામાં સુધારક સૈયદોએ આપણને તક આપી છે. છતાં આપણો મોહ છુટતો નથી.

આપણો આજ દિવસ સુધી પીરાણા મતને હિન્દુ ધર્મ તરીકે ઓળખાવાનો મોહ હતો, તે પણ સુધારક સૈયદોએ જાહેરમાં મુસલમાની ધર્મ લખ્યો છે. છતાં આપણો મોહ છુટતો નથી. તો પછી લક્ષ્મણકાકાનો તો ક્યાંથી છુટે ? અને તેના સાથી મુખીઓ કે જેને ધન લુંટવાનો ધંધો થઈ પડ્યો છે. તેનો મોહ તો ક્યાંથી જ છુટે ? પણ તેમાં આપણો સેવકોનો પૈસો હણાય છે આપણું નાક જતું રહે છે. અને નકટામાં ઓળખાઈએ છીએ, આટલું આપણું વગોણું થાય છે છતાં મોહ છૂટતો નથી એટલું આપણું પાપ છે. લક્ષ્મણકાકા કરતાં શ્રીયુત નારાયણજી મીસ્ત્રી નાનજીભાઈ વગેરે આપણા સુધારક વધારે પૂજ્ય છે. કે જેણે પોતાના તન મન અને ધનનાં ભોગે આપણને જાગૃત કર્યા છે. તો શું હજી આપણે એવા જડવત્‌ની ગણતરીમાં રહીશું ? અને હજી શું આપણા હૃદય નહિ પીગળે ? એના કરતા મરવું બહેતર છે કે હિન્દુ મટી પીરાણા મુસલમાનમાં ખપીએ કે જેના માટે આપણને તિરસ્કાર છે. લક્ષ્મણકાકાને આપણે નોટીસો આપી આપી થાક્યા, પણ પીરાણા મત હિન્દુ છે કે મુસલમાની તે હજી સુધી નીવેડો લાવી શક્યા નથી. તો પછી તે છોડવામાં હજી આપણે કોને પૂછવું છે ? કવિ શામળ ભટ્ટ કહી ગયા છે કે :- "જીવતો નર ભદ્રા પામશે મુવા પછી કોને મળે" એ વાક્યને શું લક્ષ્મણકાકા ખોટું પાડે છે ? "આપ મુવા વિના સ્વર્ગે ન જવાય" એ વાક્ય આપણા હૃદયમાં કોતરાઈ રહેશે. પણ આ તો લાલચ એવી બુરી છે કે ખાનામાં જઈને ગુન્હો ઉતાર્યો એટલે માફ થઈ ગયો, અને સ્વર્ગ મળ્યું. એમ જો સ્વર્ગ મળતું હોય તો પછી રાજા હરિશ્ચંદ્ર, ને રાણી તારામતી, અને કુંવર રોહીદાસ, ને ભક્ત પ્રહલાદને તપ કરવાની શી જરૂર હતી ? એ બધું આપણે ઘણા વર્ષોના પીરાણાઓના સહવાસથી ભુલી ગયા. આપણી દશા હવે એ થઈ પડી છે કે હિન્દુનું ભુલી ગયા, મુસલમાનનું પૂરું જ્ઞાન ન મળે એ તો જે જાલ્યું તે જાલ્યું (તેથી દશા ધોબીના કુતરાની જેમ ન ઘરના ન ઘાટના જેવી થઈ છે.) તેથી જન્મીને જેણે જીવી જાણ્યું છે તેને ધન્ય છે. તેના મૃત્યુ પાછળ સૌની આંખમાં આસું ભરાય છે." લક્ષ્મણકાકા બહુ સુંદર છે. શરીરે જાડાં છે, તેમના આભુષણોથી આપણને મોહ ઉપજે છે. પણ તેમનું હૃદય જયાં સુધી પાક નથી, ત્યાં સુધી તે આપણે માટે નકામા છે.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

"પાટીદાર ઉદય" માસિકમાં જાહેરખબર આપવાના ભાવ

	એક પેજ	અર્ધુ પેજ	પા પેજ
એક વર્ષ	૩૬	૨૦	૧૧
છ માસ	૨૦	૧૧	૬
ત્રણ માસ	૧૧	૬	૩॥
એક માસ	૪	૨॥	૧॥

ઉપર પ્રમાણે ભાવ છે, ટૂંકી જાહેર ખબર માટે ચાર લાઈનનો રૂ. ૧ એક, એક વખતનો છે. જાહેર ખબરના નાણાં અગાઉથી લેવામાં આવશે. વધુ ખુલાસા માટે પૂછો.

વ્યવસ્થાપક, પાટીદાર ઉદય ઓફીસ,
રણછોડ લાઈન, કરાંચી

સત્ય માર્ગ સનાતન ધર્મ

(લેખક : મૌજી મહાજન)

આ નીચેનો સંવાદ છે તેની અંદર મરઘાંબાઈ જુના વિચારના પીરાણા પંથને માનનારાં છે અને લક્ષ્મીબાઈ તો હાલના મંડળવારા જે સુધારાવાળા કહેવાય છે તેમની સ્ત્રી છે તે બંનેનો ભેટો થતાં તે બંને વચ્ચે સંવાદ થાય છે જે પાટીદાર ભાઈઓને અવશ્ય વાંચવા લાયક છે.

મરઘાંબાઈ - બેન તમે શું જાતે કણબી છો ? આ જુઓને તમે જાણે કોઈ મહાજન ના હો !! એવા તમારા બધા ઢંગ લાગે છે.

લક્ષ્મીબાઈ - હા બેન ! એ તો તમને એમ લાગતું હશે ! પણ કણબી કંઈ મહાજન ન કહેવાય શું ?

મરઘાંબાઈ - લ્યો વળી ! કણબી તે મહાજન કહેવાતાં હશે ? એ તો વેપારી ને વાણીયા ને બીજા કેટલાક છે તે બધા મહાજન કહેવાય આપણે તો કણબી કહેવાઈએ. આપણે ક્યા એ બધા હિંદુ મહાજન ભેળા ભળીએ છીએ એ તો આપણામાંથી નોખાને !

લક્ષ્મીબાઈ - એમ કેમ બહેન ! ત્યારે આપણે હિન્દુ નહિ એમ શું તમે માની બેઠા છો ? તમારી ભુલ થાય છે બા ! આપણે હિંદુ જ છીએ તમારી સમજ ફેર થાય છે બેન !! કેમ કે આપણી કોમમાં થોડો વખત થયાં પીરાણા પંથ (અર્ધ મુસલમાની ધર્મની ભેળસેળ ભરેલી પોલ આપણી અજ્ઞાનતાનો લાભ લઈ સૈયદ લોકોએ દાખલ કરી છે. આથી આપણે ન હિંદુ ન મુસલમાન એવી અર્ધદગ્ધ સ્થિતિમાં છીએ. જ્યારથી તે માર્ગે આપણે ચાલવા લાગ્યા ત્યારથી બેન આપણે હિંદુપણું ભુલી ગયા છીએ મહાજન કહેવાતા મટી ગયા છીએ અને લોકોમાં હાંસીપાત્ર બન્યા છીએ. અજ્ઞાનના અંધારામાં હજી સુધી ઘુસી બેઠા તેથી દરેક રીતે આપણે પછાત રહ્યા છીએ.

મરઘાંબાઈ - તમે તો હવે લેબરીવાળાના ઘરવાળાં એટલે તમને હવે એવાં વાનાં બધાં બોલતાં આવડે બેન ! પણ અમારે તો વાડીવાળાને ઘરવાળાને એવા તમારા ફતુર ભાસતા નથી. આપણો ધર્મ તો છે ખાનાનો ને તમે વળી એમાં ઘાલ્યા થાળીયું ના ઝણઝણાટ ! એ કાંઈ આપણા ખાનામાં હોય ? એ તો હિંદુના મંદિરોમાં ભલે હોય, આપણે તો નગારું લોબાન ને પીરનું નામ ત્યાં તમે વળી ખોસી ઘાલ્યું જ્યોતિધામ. તમે તો ખાન બાવાને ગોરના ગુનેગાર થાઓ છો બેની ! ઠાલાં વાટ મુકીને કવાટે ન ચાલો ! જુઓને જાણે ઓળખાતાએ નથી. જાણે હિંદુ વાણીયા જેવા મહાજનના બધા આચાર ! એ શું ? આપણે કણબણોને એ પરવડે ! અમને તો એવી તમારી કઢંગી રીતભાત જરાએ ગમતી નથી અમારા વાડીવાળાએ કહેતા હતા કે લેબરીવાળા તો હમણાં ભારે ઢોંગ કરવા માંડ્યા છે. ભેળા થાય ને વળી ભવાયાની ઘોડે એક બોલીને થાકે ને બીજો ઉઠીને બોલે, વેશના જેમ ચાળા કરીને ફતુર કરવા મંડ્યા છે.

લક્ષ્મીબાઈ - બેન ! તમારી વાત સાચી છે, તમને અત્યારે એમ જ જણાય ! જ્યાં સુધી તમોને હજી સત્યતાનું ભાન થયું નથી, ત્યાં સુધી અસત્યને જ વળગી રહ્યાં છો, બા ! તમારું કહેવું પણ વ્યાજબી છે, કેટલીક વાતે બહુ જ સમજણ લેવા જેવું છે, કેમ કે તમે અમારાથી ચાર દીવસ મોટાં તો ખરાં તેથી અક્કલમાં પણ અમારાથી વધતાં હોય જ, અમારે તમારી વાતને માન આપવું યોગ્ય છે. પણ બેન ! તમોને ખાનાનો ધર્મ વધારે વહાલો છે ખરુબેન ?

મરઘા - એ તો આપણો આદ અંતનો છે તેને તે વળી મેલી દેવાય ?

લક્ષ્મીબાઈ - બા ! તમારું કહેવું તો બહુ જ સારું છે, બેન ત્યારે તમને હિંદુ ધર્મ કરતાં મુસલમાની ધર્મ વધારે વહાલો લાગે છે.

મરઘાંબાઇ - આપણે ક્યાં મુસલમાન છીએ.

લક્ષ્મી - હા બાઈ ! હું એ એમ કહું છું કે પીરાણા મુસલમાની ધર્મ તો પસંદ કરવા જેવો હશે. પણ તમે વળી કહો છો કે આપણે ક્યાં મુસલમાન છીએ તો પછી તમે કોણ ?

મરઘાંબાઇ - તમે એમ પૂછો તે અમને કેમ ખબર પડે બાકી કાંઈ અમે મુસલમાન નથી.

લક્ષ્મી - હા ! બાઈ જો મુસલમાન નહિ તો પછી હિંદુ, બેમાંથી એક તો હોવું જ જોઈએ ! કેમ કે કાં તો મુસલમાન થવું સારું અને કાં તો હિંદુ રહેવું સારું પણ આ તો (પીરાણા પંથ) બેમાંનું એકે નહિ.
મરઘાં- બહેન હિંદુ તો આપણે કહેવાઈએ કાંઈ મુસલમાન ભેળા થોડા જ જમશું ?

લક્ષ્મી- ત્યારે બહેન ! હવે તો તમે સમજ્યાં બરાબર ઠીક કહ્યું. જુઓ બેન આપણે હિંદુ કહેવાઈએ તો પછી ધર્મ પણ હિંદુ જ પાળવા જોઈએ, કહો બેન કોઈ હિંદુ ધર્મમાં કલમા પડાય છે ?

મરઘાં- બેન આપણે ક્યાં અલ્લાને ભજીએ છીએ ? આપણે તો જોતપાટને પુજીએ છીએ કાંઈ મહોર નંબુવતને નથી પુજતાં !

લક્ષ્મી- સાચું બેન પાટજોત એમાં જ ઈશ્વર પૂજનનું ખરું તત્ત્વ છે. એટલે હિંદુનો ભગવાન અને મુસલમાનનો અલ્લા બેન કાં તો બનો મુસલમાન ને ગમે તો રહો હિંદુ પણ આ ન હિંદુ ન મુસલમાન બેન હિંદુ ધર્મ

તમોને સારો લાગે ને હિંદુ રહેવાનું પસંદ કરો છો. ત્યારે તો આપણે હિંદુ ધર્મના જ રસ્તે જ ચાલવું જોઈએનાં કહો બેન ?

મરઘાં- અમે ક્યાં એમાં ના કહીએ છીએ પણ તમે આપણો બધો પહેરવેશ ને આચાર વિચાર પટલાવી નાખ્યો તે ઠીક નથી. જુઓ ને જાણે હોનાના (સોનાના) હાર ને રંગ રંગના હાડલા ને ભાત ભાતના કમખા ને હોનાની (સોનાની) વળી ચુડલી હાથમાં તે શું શોભે ! આપણે તો જાડા જોડીના હાડલાં (સાડલા) કાનમાં અકોટ નાકમાં કડું ને હાથમાં મોટા પટાની રૂપાની ચુડલી એ વિના કણબી કેમ ઓળખાય.

લક્ષ્મી- એ તો જુઓ બેન ! તમારું કહેવું માન આપવા જેવું છે. તમારા વિચાર જુના છે તેથી પસંદ કરવા જેવા છે પણ ! જમાના પ્રમાણે પરિવર્તન પોતાની મેળે જ થયા કરે છે. જુઓ બેન ? આપણે બૈરાં લોકોએ પોતાના પુરૂષોની રહેણી કરણી ને સ્થિતિનો વિચાર કરીને જ ચાલવું જોઈએ, ભલા ઠીક છે બેન ! જાડા જોડીના સાડલા એ તો તમારી વાત મહાત્મા ગાંધીજીને અનુસરતી છે. તેથી હું તે બહુ જ પસંદ કરું છું. પણ કહો જોઈએ ! ચાંદી કરતાં સોનું સારું કે સોના કરતાં ચાંદી સારી !

મરઘાં- એ તો સોનું સારું જ કહેવાય, લ્યો વળી એટલું એ નહિ આવડતું હોય શું ! આપણા કરાચીના ખેતાવાળા શેઠીયાને ઘરે તો હુંડલા (સુંડલા) ભરાય એટલા સોનાના ટોલ કહેવાય છે.

લક્ષ્મી- બેન ! એ તો આપણા ઘરના ધણીની કમાઈ ઉપર આધાર છે. જેની પાસે સોનું ઘણું હોય તે પૈસાવાળા કહેવાય, ગરીબોના ઘરમાં તો રૂપું હોય ખરું ને ?

મરઘાં- હા, એ તો એમ જ છે.

લક્ષ્મી- બેન ? જુઓ આપણા પુરૂષોએ જ્યારે ખરા હિંદુ ધર્મને સત્ય માન્યું. અને આપણા ચાલતા અર્ધદગ્ધ ગોટાળા (પીરાણા) પંથનો ત્યાગ કર્યો ત્યારે તેમને ધંધામાં ને આબરૂમાં ઈશ્વરે સહાયતા આપી છે, ત્યારે જ અમારે અને બીજા ઘણાઓને આવા સોનાના અને ચાંદીના કીંમતી અલંકારોની પ્રાપ્તિ થઈ છે.

મરઘાં- બેન ? એમ છે તો અમે પણ હવે તમે કહો છો તેમ કરીશું. અમને આટલા દીવસ ખબર નહોતી. જેવી રીતે તમોએ અમને કહ્યું તેવી રીતે અમને કોઈએ નહોતું સમજાવ્યું, ભલા સમજ્યા વગર તે શું ખબર પડે બેન ! હવે તો હું અમારા વાડીવાળાને કહીશ કે તમે લેબરીવાળા ભેળા ભળી જાઓ તો ઠીક. પણ લખમીબાઈ ભલા રોજને રોજ નહાવું, ધોવું ને પછે રાંધવું ને ફરફરતાં ફતુર કરવા તે અમને કેમ પરવડે.

લક્ષ્મી- એમાં તો ઘણીએ જાતે સગવડ છે. જુઓની બા ? સવારનાં વહેલાં ઉઠી દાંતણ પાણી કરી પાયખાને જઈ આવી નાહી લઈએ. પછી રસોઈનું કામ કરીએ એમાં તો બહુ જ ચોખાઈ છે. થોડા દિવસ એમ અભ્યાસ રાખવાથી તમો પોતે જ ઈ વાતને પસંદ કરશો અત્યારે તમને જરા મુંઝવણ લાગશે પણ તેથી સુખી થશો-માંદા નહિ પડો.

મરઘાં- પણ બેન બીજાએ ખટરાગ તમે તો ઘણાએ કરો છો તે અમારાથી કેમ બનશે.

લક્ષ્મી- બેન એ ખટરાગ ન હોય, એ તો બધી આપણા સનાતન ધર્મના અંગે અને શારીરિક રક્ષણના માટે પાળવાના આચાર નિયમો છે. અને તે બધાં હું તમને ધીમે ધીમે બતાવીશ. તમે ઘણા ચતુર અને હોશીયાર છો તો તે શીખવામાં તમોને જરાયે મુશ્કેલી નહીં થાય બેન, હમણાં તો તમે આપણા મૂળ હિંદ સનાતન ધર્મને માન આપો.

આપણી કોમના જુઓ અહીં કેટલા ભાઈઓ એ રસ્તે ચાલે છે ? તમે પણ તે રસ્તે ચાલો, એટલે પ્રભુ બધા સારાં વાનાં કરશે.

(અપૂર્ણ)

આરોગ્ય ચર્ચા

લખનાર : વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર, તંત્રી : આરોગ્ય સિન્ધુ, કરાંચી

વહાલા ભાઈઓ !

આપણા સમાજમાં કેળવણીની બહુ જ ખામી છે. આપણે જેમ જમાનો આગળ વધે તેમ કેળવણી તથા વહેવારમાં પણ સુધારો કરવાની જરૂર છે. આપણે જ્યારે દેશમાં વસતા હતા ત્યારે આપણા રીતભાત વહેવાર એવી જાતનાં સાદાં હતા કે આપણે ત્યાં બીમારી જ ઘણે ભાગે નહિ થતી, અહીં પરદેશમાં આવવાથી આપણે એવી રહેણીકરણી તથા ખોરાકના સંબંધમાં આવ્યા કે અહીંની રીતભાતમાં જો સુધારો ન કરીએ અને ગામડાની રીત પ્રમાણે રહેવા જઈએ તો આપણે જરૂર ઘણા દુઃખી થઈએ, આપણામાં ઘણી એક બીમારીઓ ઘર કરી બેસે, અથવા તો ઘણી બીમારીઓમાં આપણે અકાળે મરણના શરણ થઈએ. આમ થવાનું કારણ એ કે અહીંની આબોહવા તથા રીતભાત પ્રમાણે આપણે વર્તતા નથી. પણ જુની રીત પ્રમાણે ગામડાની જ ઢબથી રહીએ છીએ માટે જ નુકશાની વેઠવી પડે છે. હું તમને ખાસ જણાવીશ કે તમો જ્યારે ગામડામાં વસતા હો ત્યારે ભલે તે દેશના રીત રિવાજ મુજબ રહો તેમાં આપણને ઘણે ભાગે હાનિ થવા સંભવ નથી પણ જો આ જમાનામાં ધંધાર્થે આપણે પરદેશ આવી વસતા હોઈએ તો જરૂર શહેરના રીત રિવાજ પ્રમાણે રહેવાની ખાસ જરૂર છે. અહીં શહેરનું જીવન ગામડાથી તદ્દન જુદું

છે. ત્યાંની રીતભાત અને અહીંની રીતભાતમાં ઘણો જ ફરક રહેલો છે. તે માટે હું આપને નીચેનો ખુલાસો જણાવીશ ત્યારે આપ જાણી શકશો કે અહીં વસતા મનુષ્યો માટે ગામડાની રીત કામ ન જ લાગે.

જુઓ આપણે દેશમાં રહેતા ત્યારે ત્યાં આપણને કોઈ પણ વ્યાધિ થતી નહિ, કદાચ ભાગ્યે જ કોઈ કારણવશાત માંદુ પડે તો સાધારણ ઘરગથ્થું દવા કરતાં આરામ થઈ જતો, તેનું કારણ ત્યાંની હવા ખુલ્લી, આરામ પૂરતો મળે, ચિંતા નહિ, કામકાજ પણ એવી જાતનાં કે જેમાં ચિંતા ઓછી રહેતી. તેની સાથે ત્યાંનો ખોરાક સારો પૌષ્ટિક અને સાદો હતો. જ્યારે અહીં આપણે ગામડાની રીતથી રહેતા હોઈએ તો ઘણી વખતે અકાળે મરી જવાનો પ્રસંગ આવી પડે છે. ધારો કે આપણે ત્યાં કોઈ બાળક બીમાર પડ્યું, અને શરદી થઈ, ત્યારે તેને થોડોક શેક, ગરમ કપડાં જોઈતી દવા તથા તેની માતા માટે ખાનપાનની યોગ્ય વ્યવસ્થા કરવાની ખાસ જરૂર છે, કદાચ તેમ નથી કરતા અને દેશની માફક બેફીકર રહીએ તો પછી તેની બીમારી વધી જાય છે. પછી આપણે ગભરાઈએ છીએ અને ડોક્ટર કે વૈદ્ય પાસે જઈએ, દવા લઈએ પણ તે બીમારી વધી જવાથી દવા ઘણે ભાગે સારી અસર પણ કરી શકતી નથી, અથવા કરે છે તો ખાસ કરી ઘણો વખત સુધી દરેક માણસોને હેરાન થવું પડે છે અને પૈસાની પણ ઘણી જ ખરાબી થાય છે ત્યારે કદાચ ફાયદો થાય છે, આમ જ્યારે આપણે બેદરકાર રહીએ છીએ ત્યારે તેના પરિણામ રૂપ આપણને હેરાનગતિ ભોગવવી પડે છે. પણ જો સાવચેત રહી પ્રથમ જ ચાંપતા ઉપાય કરીએ કે કોઈ ડાહ્યા અનુભવી માણસની સલાહ લઈએ તો આમ હેરાન ન થવું પડે. તથા વખત અને પૈસાનો નકામો દુરૂપયોગ પણ ન થાય.

ભાઈઓ ! તેવી જ રીતે આપણે ખોરાકમાં તથા રીતરિવાજમાં પણ અહીં પરદેશમાં આવી પરિવર્તન કરી લેવાની જરૂર છે. હું તમોને એમ નથી કે તો કે તમો બીજા માણસોની નકલ કરો, પણ એટલું તો જરૂર કહીશ કે જો બીજા પાસે સારું હોય તો તેની જરૂર નકલ કરજો, જોકે પ્રથમ વિચાર કરી જોશો કે આમ નકલ કરવાથી નુકસાન તો નથી થવાનું ને ? એનો પ્રથમ વિચાર કરી પછી ભલે સારું ગમે તેનું હોય તો તે લઈ લેવામાં સંકોચ રાખશો નહિ. આપણું હોય ને તે બુરું હોય તો તેનો ત્યાગ કરવામાં કોઈને પણ પુછવા ન જતાં તરત તેનો ત્યાગ કરી દેવો જોઈએ. આ વાતને આપણા વડીલો ડહાપણ અથવા સમય સૂચકતા કહેતા હતા. ભાઈઓ હમણાનો જમાનો સુધરેલો કહેવાય છે. આપણે ભલે સુધરેલા થવા ન માગતા હોઈએ તો પણ સુધારાવાળા શું કહે છે તથા તે શું કરે છે તે તો જરૂર જોવું જોઈએ કદાચ આપણને વખતે તેમની રીત જોવાથી કંઈક લાભ પણ થાય, માટે તેવી વાતનો કદી તિરસ્કાર કરવો નહિ. ઘણાંક ભાઈઓ તો અહીં એવા પડ્યા છે કે બીમાર પડતાં તેઓ એમ જ કહે છે કે પોતાની મેળે મટી જશે. કંઈ દવા કરવાની જરૂર નથી. આમ તેઓ તો અજ્ઞાનતાથી કહે છે પણ સાથે બીજા ભાઈઓને મૂર્ખ બનાવે છે. તેમણે યાદ રાખવું જોઈએ કે મરવું કે બચવું એ કંઈ મનુષ્યના હાથની વાત નથી પણ એટલું તો નક્કી છે કે તરત ઉપાય કરવાથી મરવાનો પ્રસંગ ભાગ્યે જ આવે છે, અથવા તો તકલીફ ઘણી જ ઓછી સહન કરવી પડે છે અને તેટલો ફાયદો પણ જો ઉપાય કરવાથી મળતો હોય તો પછી આ દુનિયામાં જે તમામ સાધનો પ્રભુએ તથા મનુષ્યોએ આપણા માટે બનાવ્યા છે તેનો ઉપયોગ શા માટે ન કરવો ? અમારું તો માનવું છે કે સમયને માન આપી હંમેશા ચાલવું જોઈએ. શહેરમાં રહેતા આપણે જો ગામડાના બનશું તો ઘણી વાતે આપણને કષ્ટ સહન કરવું પડશે અને એ કષ્ટ સાધન હોવા છતાં સહન કરીએ તો આપણી અજ્ઞાનતા અથવા તો આપણો દુરાગ્રહ જ સહન કરાવે છે

એમાં જરાએ શક નથી એના તો ઘણાએક દાખલા આપી શકાય. હું એક જ દાખલો આપી આજની વાત પૂરી કરીશ અને ફરી બીજી વાર આપને આવા વિષયની જ ખુલાસાવાર ઘણી એક વાતો કહેવાની છે તે કહીશ એક માણસ રસ્તે ચાલતાં કે કોઈ પથ્થર કે હથિયારના વાગવાથી જખમી થયો. એણે મનમાં વિચાર્યું કે પોતાની મેળે મટી જશે દવા કરવાની શી જરૂર છે ? બીજા બે ત્રણ જુના વિચારના અજ્ઞાન સાથીઓ તેને મળી ગયા, ઘેર જઈ તેડી ગયા બે દીવસ આરામ કરો મટી જશે. એમ કહી તે પોતાને કામે ચાલ્યા ગયા. આ જખમી ભાઈને તેમાં દરદ વધ્યું અને પીડા થવા લાગી એણે કંઈક ઘરગથ્થું ઉપાય કર્યા. પણ ફાયદો થયો નહિ આખરે ૫ થી ૭ દિવસ ઘરમાં બેઠા પછી પાછો દવાખાને ગયો, વૈદ્યની સલાહ લઈ દવા કરી થોડાક દિવસમાં જ આરામ થઈ ગયો માત્ર ચાર પાંચ રૂપીયા ખર્ચ કરવાથી તે પોતાને કામે ચડ્યો બંધુઓ ! વિચારો કે તેણે કેટલી નુકસાની તથા પીડા ભોગવી ? આઠ દિવસની કમાઈ ખોઈ તથા વ્યાધી સહન કરી. પણ પહેલાંથી જ તેણે કોઈ ડાહ્યા મનુષ્યની સલાહ લીધી હોત તો દુઃખી ન જ થાત. આવી રીતે હંમેશા સમયને માન આપી ચાલવાની જરૂર છે. બસ હવે તો આટલેથી જ પૂરું કરીશું. બીજું વળી આગળ પર વાત.

જાણવા જોગ જ્ઞાતિ સમાચાર

પ્રભુ એમને લાંબુ આયુષ્ય અર્પો ! આપણી જ્ઞાતિના આદ્ય સુધારક શ્રીમાન ભાઈ નારાયણજી રામજી મિસ્ત્રી મુંબઈવાળા જેમને દાઢની નીચે દરદ થઈ તે વધી જવાથી ઓપરેશન કરાવવું પડ્યું હતું. તેઓ હવે સારી હાલતમાં છે. તેમને લગભગ એકાદ બે અઠવાડીયા સુધી આરામ લેવાની જરૂર પડી હતી અને મોટા તથા અનુભવી ડોકટરોની સહાયતાથી ઓપરેશનનું કામ ફતેહમંદીથી પાર પાડ્યું હતું. હવે તેમની તબીયત સુધરતી જાય છે. એવા અમોને ત્યાંથી ખબર મળ્યા છે તે જાણી અમો ખુશી થયા છીએ. પ્રભુ ! અમારા જ્ઞાતિ રત્ન શ્રીયુત નારાયણજીભાઈને સારી તંદુરસ્તી સાથે લાંબુ આયુષ્ય અર્પે કે જે વડે તેઓ જ્ઞાતિની વધુ સેવા કરવા ભાગ્યશાળી થાય.

સુધારક મંડળની સભા : આજકાલ અહીંના (કરાંચીના) આપણા મંડળના સભાસદો બરોબર કામકાજ કરતા નથી અને તેઓ રાત્રીનો સમય મંડળની લાઈબ્રેરીમાં ન ગાળતાં હોટલ વગેરે સ્થળે રખડીને વ્યતિત કરતા હોય એમ સંભળાય છે. તેમણે એવી રીતે સમયનો દુર ઉપયોગ ન કરતાં મંડળની સભાઓ નિયમિત ભરવા માટે મહેનત કરવાની ખાસ જરૂર છે કે જેથી આવેલી જાગૃતિ કાયમ રહે અને વધતી જાય, ગયા માસમાં આ પત્રની ઉન્નતિ ઇચ્છવા તથા સહાયક ભાઈઓનો આભાર માનવા તેમજ આવા પત્રનો પ્રચાર વધારે કરવાના ઉદ્દેશથી ખાસ સભા ભરવામાં આવી હતી, તેમાં કામકાજ ઠીક થયું હતું. કેટલાક જ્ઞાતિના તથા અન્ય બંધુઓએ સભામાં પધારી સદબોધ આપેલ હતો.

પાટીદાર ઉદયને સહાયતા અમોને જણાવતા અત્યંત આનંદ થાય છે કે આપણી જ્ઞાતિના છુપા રત્ન શ્રીમાન નાનજીભાઈ વિશ્રામ નેત્રાવાળા જે હાલ સિદ્ધાંતપુરમાં કોલસાનો ધંધો કરે છે તેમણે આ પત્રની ઉન્નતી થવા માટે

મદદ તરીકે રૂ. ૫૦/- પચાસ આપેલ છે અમો શ્રીમાન શેઠશ્રીનો ખરા અંતઃકરણથી આભાર માની બીજા ભાઈઓને આની નકલ કરવા ભલામણ કરીએ છીએ. શું બીજા એવા રત્નો આપણી જ્ઞાતિમાંથી નીકળશે કે?

ખેદ જનક અવસાન : દેશલપુર નિવાસી પટેલ માધવજી શીવજી તા. ૨૩-૮-૨૩ ના રોજ સવારના પ્લેગની જીવલેણ વ્યાધીથી અકાળે રામ શરણ પામ્યાના સમાચાર જાણી અમોને અત્યંત ખેદ થાય છે. સદ્‌ગત ભાઈ પાક્કા સુધારાવાળાના મતને માનનારા હતા પીરાણા ધર્મ પ્રત્યે તેમને ઘણા વખતથી તિરસ્કાર હતો. તેઓ સ્વભાવે આનંદી અને ઉદ્યોગી હતા. તેમના અવસાનથી તેમના કુટુંબને બહુ જ હાનિ થયેલ છે. અમો સદગતના કુટુંબને અમારા અંતઃકરણથી દિલાસો આપી મરનારના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

વિરાણી નિવાસી પટેલ વેલજી કરશન ગયા અષાઢ વદ ૧ને રોજે એક ગુમડું થવાથી તેની વ્યાધિને લીધે ભરયુવાનીમાં ૨૫ વર્ષની વયે રામ શરણ થવાના સમાચાર જાણી અમોને અત્યંત ખેદ થાય છે, તેઓ પીરાણા પંથના કટ્ટર દુશ્મન હતા તેમણે નાસિક જઈ દેહશુદ્ધિ કરાવી યજ્ઞોપવિત ધારણ કરેલ હતું. તેમને ધાર્મિક ચર્ચા સંબંધી બહુ જ પ્રેમ હતો. તેઓએ પીરાણા ધર્મ સંબંધી થોડીક કવિતાઓ પોતાની સાદી ભાષામાં રચેલી છે તે અમો અમારા વાચકને આગલા અંકોમાં ક્રમવાર આપતા જશું સદગત આત્માને પ્રભુ શાંતિ આપે એવું અમો ઇચ્છીએ છીએ.

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ તરફથી જ્ઞાતિના લાભાર્થે પ્રગટ થતું :

પાટીદાર ઉદય

તંત્રી તથા પ્રકાશક રતનશી શીવજી પટેલ

પાટીદાર ઉદય ઓફીસ, રણછોડ લાઈન્સ, કરાંચી

વર્ષ ૧લું શ્રાવણ શા. ૧૯૮૦ { VSA AUG-1924 } અંક ૨ જો

એ સિવાય સુચના નિયમો જાહેર ખબર ઈત્યાદી વાર્ષિક લવાજમ રૂા. બે અગાઉથી છુટક નકલ ચાર આના પો. સાથે

તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો :

વ્યવસ્થાપક,

પાટીદાર ઉદય ઓફીસ,

રણછોડ લાઈન્સ, કરાંચી

નોંધ : આ પત્રમાં યોગ્ય ભાવથી જાહેર ખબરો લેવામાં આવે છે ખુલાસા માટે પેજ ૨૦ ઉપર વાંચી જોવા

પાટીદાર ઉદય માસિકના નિયમો

૦૧. આ માસિકનો મુખ્ય હેતુ પાટીદાર જ્ઞાતિની ઉન્નતી કરવાનો છે. જેથી દરેક પાટીદાર ભાઈઓની ફરજ છે કે તેમણે માસિકના ગ્રાહક થઈ યોગ્ય મદદ કરવી.

૦૨. આ માસિક દરેક હિન્દુ મહીનાની સુદી ૧૫ ને દિવસે બહાર પડે છે.

૦૩. સ્વજ્ઞાતિના કે અન્ય જ્ઞાતિના કોઈ પણ પુરૂષ અગર સ્ત્રીના લેખો આ માસિકમાં લેવામાં આવશે. પણ લેખો અંગત દ્વેશ કે સ્વાર્થથી લખાયેલા હોવા ન જોઈએ. બને ત્યાં સુધી વિવેકની હદમાં રહી ભૂલો બતાવવી અને ભાઈચારો તથા સંપ વધે તેવા પ્રયત્નો કરવા.

૦૪. લેખો શાહીથી સારા અક્ષરે અને કાગળની એક બાજુ ઉપર લખેલા હોવા જોઈએ. લેખકની ઈચ્છા હશે તો નામ વગરના લેખો છાપવામાં આવશે, પણ લેખકે ખરું નામ અને પૂરું સરનામું અમારી જાણ માટે લખવું, લેખની દરેક જોખમદારી લેખકને શીર રહેશે, નહિ છપાયેલા લેખો પાછા મોકલવા અમો બંધાતા નથી.

૦૫. કોઈ પણ લેખકના વિચાર સાથે અમારું મળતાપણું છે એમ માની ન લેવું.

૦૬. દેશ-પરદેશમાંથી આપણી જ્ઞાતિમાં વિવાહ જન્મ, મરણ ઈત્યાદી તથા કોઈ ગૃહસ્થને વિદ્યા, હુન્નર, અગર વેપાર અને ખેતીવાડીમાં મળેલી ફતેહના સમાચાર ઘણી જ ખુશીથી દાખલ કરવામાં આવશે.

૦૭. કોઈ ભાઈને આ માસિક સંબંધી કાંઈ પણ ખુલાસો મેળવવો હોય તો જવાબ માટે પોસ્ટની ટિકિટ બીડવી.

૦૮. આ માસિકમાં જ્ઞાતિ સંબંધી તથા આર્થિક ધાર્મિક અને વહેવારીક દરેક બાબતો ચર્ચવામાં આવશે. માટે જે જે ભાઈને જે જે વિષય સંબંધમાં લખવું હોય તેણે તે તે વિષયમાં સહેલી ભાષામાં દાખલા દલીલોથી લખવું. કે જેથી વાચક વર્ગ ઉપર સારી અસર જલદી થાય.

૦૯. જે ભાઈ આ માસિકને મદદ આપશે તેમના મુબારક નામ તેમની ઈચ્છા હશે તો આ પત્રમાં છાપવામાં આવશે અને વાર્ષિક રીપોર્ટમાં પણ છપાવી જાહેર કરવામાં આવશે.

૧૦. જે ભાઈ રૂ. ૫૦૦/- પાંચસો કે તેથી વધુ આ માસિકને મદદ કરશે તેમનો ફોટો ઓફીસમાં રાખવામાં આવશે.

૧૧. આ માસિકના માટે હંમેશાં યોગ્ય લેખો લખી મોકલનાર લેખક પાસેથી લવાજમ લેવામાં આવશે નહિ.

લી. વ્યસ્થાપક "પાટીદાર ઉદય"

આ પત્ર તરૂણ સાગર પ્રેસમાં ગિરિશંકર, ગી.ત્રિવેદીએ છાપ્યું,
ન્યુ સ્મોલરોઝ કોર્ટની સામે, કેમ્પબેલ સ્ટ્રીટ, કરાચી

Online Text Based
(can use for translation)

Source Document

॥ ओ३म् ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સુધારક યુવક મંડળ તરફથી પ્રગટ થતું માસિક પત્ર

પાટીદાર ઉદય

વર્ષ : ૧લું   કરાચી, ભાદરવો-સંવત ૧૯૮૦ {VSA SEP-1923}   અંક ૩ જો

પાટીદાર ઉદયના આત્મા શ્રીમાન ખીમજી શીવજી પટેલ મંગવાણા વાલા

વાર્ષિક લવાજમ આગાઉથી રૂ. બે પોસ્ટેજ સાથે



છુટક નકલ આના ચાર

: પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો :
તંત્રી તથા પ્રકાશક રતનસી શીવજી પટેલ
પાટીદાર ઉદય ઓફીસ, રણછોડ લાઈન કરાંચી

લવાજમ સંબંધી ખુલાસો

પાટીદાર ઉદયના ગ્રાહકોમાંથી જે ભાઈઓનાં લવાજમ આવી ગયા છે તેમને અમારો અંક નિયમસર મોકલવામાં આવશે. પણ હજુ સુધી કેટલાંક ભાઈઓનાં લવાજમ નથી આવ્યાં તેમને વિનંતિ પૂર્વક જણાવવામાં આવે છે કે તેમણે કૃપા કરી દિવાળી પહેલાં લવાજમ મોકલી આપવું અથવા વી. પી.થી વસુલ કરવા અમોને ઓર્ડર આપવો વી. પી. મંગાવવાથી આશરે ચાર આના ખર્ચ વધુ લાગશે અને અંક પણ મોડો મળશે માટે મ. ઓ. દ્વારા રવાના કરવું એ ઉભયને માટે સારું છે. તેથી બાકી રહેલ લવાજમ માટે અમારી પ્રાર્થના પર લક્ષ આપી ગ્રાહક મહાશયો તુરતમાં લવાજમ મોકલી આપશો એવી આશા છે.

જેમનાં લવાજમ અમોને

દિવાળી પહેલાં નહિ આવી જાય તેમને ૪થો અંક કે જે ખાસ અંક તરીકે કાઢવાનો અમારો વિચાર છે તે અંક પર તેમનો હક રહેશે નહિ. આ અંકમાં કેટલીક સંગ્રહી રાખવા લાયક હકીકતો ઉપરાંત ઘણાં એક વિદ્વાન જ્ઞાતિ બન્ધુ તથા અન્ય ભાઈઓનાં સારા સારા લેખોનો મોટો સંગ્રહ આવશે જેથી આ અંક દરેક ગ્રાહકોને બહુ જ ઉપયોગી થઈ પડવા સંભવ છે. તો આશા છે કે ગ્રાહક બન્ધુઓ આ ખાસ અંકનો લાભ લેવા ચુકશો નહિ. ખાસ અંકની કોપીઓ ગ્રાહક સંખ્યા પૂરતી જ છપાવવાની છે. માટે જેઓ આ પત્રના હજી સુધી ગ્રાહક ન થયા હોય તેમણે તુરતમાં નામ નોંધાવવા. નહિ તો પછીથી નિરાશ થવું પડશે.

મહાત્માની અમૂલ્ય પ્રસાદીનો આશીર્વાદ

અમારે ત્યાં હાલમાં થોડાક વખતથી એક દવા વેચવા માટે રાખવામાં આવેલી છે. તે દવા એક મહાન પુરૂષના અનુભવથી તૈયાર કરવામાં આવે છે. તે ખાસ કરી કોઈ પણ જાતના તાવ માટે રામબાણ છે. માત્ર એક જ વખત દવા લેવાથી કોઈ પણ પ્રકારનો તાવ ઉતરી જાય છે. જો ફાયદો ન થાય એવું સાબીત કરી આપશો તો પૈસા પાછા આપવામાં આવશે. બહારગામવાળાઓને દવા વી.પી.થી મોકલવામાં આવે છે. ચાર ખોરાક જેટલી દવાની કિંમત રૂ. ૧ અને એક જ વખતની દવાની માત્રા લેનારને પાંચ આના પડશે.

ઠે. પાટીદાર ઉદય ઓફીસ રણછોડ લાઈન, કરાંચી

॥ ओ३म् ॥

પાટીદાર ઉદય

કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિના લાભાર્થે પ્રગટ થતું ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૧લું   કરાચી, ભાદરવા-સંવત ૧૯૮૦ {VSA-SEP-1923} અંક ૩ જો

હવે જાગશો ?

ભાઈ ! રમણિય પ્રાતઃકાળ થયો છે ? નેત્રોને ઉઘાડો અને આળસ અને નિંદ્રાનો ત્યાગ કરો અને તમારા કર્તવ્યમાં લાગો.

ભાઈ ! આજ સુધી બહુ બહુ ઊંઘ્યા, સર્વસ્વ ગુમાવ્યું. પોતાના સ્વરૂપને પણ ન જાણ્યું, હવે તો ઉઠો ? તમને પોતાને જાણો ?

મોહમાં પડ્યા, ક્રોધથી સડ્યા, દુઃખથી રડ્યા, કુસંપમાં લડ્યા, પણ જીવનના રહસ્યને ન જાણ્યું તેને એળે ખોયું. ભાઈ ! હવે તો ટટાર થાઓ ?

હવે જાગશો ? ભુલ્યા પ્રયત્નના માર્ગો, ભુલ્યા ધર્મ અને ભુલ્યા કર્મ, આજ સુધી કાંઈ જ ન કર્યું, ન તો કોઈને સુખ આપ્યું કે ન તો જાતે લીધું, ઉઠો ટટાર થાઓ, આજનો જ સમય તમારે અનુકૂળ છે.

હવે જાગશો ? વર્ષ વહી જાય છે, આયુષ્યમાંથી તે ઓછાં થાય છે, છતાં હજી શું ઊંઘો છો ? કાળનો ભરોસો કોઈને નથી. પ્રાપ્ત કર્તવ્યને અધુરા મુકી અચાનક તેના કબજે થવું પડશે. જ્યારે આવું છે ત્યારે તો કાંઈ વિચાર કરો !

હવે જાગશો ? સમય જાગૃતિનો છે, તમારા નેત્રોની સમક્ષ થઈ રહેલા પરિવર્તનને તો જુઓ ? આખી સૃષ્ટિ પરિવર્તન મય છે. જ્યાં વિકાસ નહિ. ત્યાં મૃત્યુ છે રોજ રોજ વિકાસ પામો, વિકાસને તમારા જીવનનો મહામંત્ર બનાવો.

હવે જાગશો ? પારકી આશ સદા નિરાશ ” એ કહેવતને લક્ષમાં રાખો, કોઈ કાંઈ તમને આપી જવાનું નથી. તમારા પોતાનાં જ પ્રયત્ન વિના તમારો ઉદ્ધાર નથી. સ્વાશ્રયી થાઓ, પોતાના બળ ઉપર ઝઝુમીએ એજ સાચું બળ છે. એમાં જ શક્તિ છે. એમાં જ સ્વાતંત્ર છે, એ બળ પ્રાપ્ત ન હોય તો પ્રથમ તે મેળવવા યત્ન કરો કારણ કે એ મળતાં જ બીજું સઘળું તમને મળી રહેશે.

૧૦.૩ - પાટીદાર ઉદય - અંક ૩ - વિ. સં. ક. ૧૯૮૦ ભાદરવો (Sep-1923)

હવે જાગશો ? ઘાંચીના ઘરના બળદની માફક આજ સુધીના વ્યવહારો કર્યા. સવારના ઉઠ્યા આમ તેમ ફર્યા સમય થયો કે ખાધું અને વેપાર કે નોકરીએ ગયા. રાત થતાં આવી ખાઈને સુઈ ગયા. તેમાં તમારું વાસ્તવ હિત શું સુધાર્યું ? આધ્યાત્મિક ભૂમિકામાં તમે કેટલા આગળ વધ્યા ?મનોબળ કેટલું વધાર્યું ? ચારિત્રને ઉચ્ચ કરવા શું પ્રયત્ન કર્યો ? પારકાના દોષ જોવાની ટેવને કેટલી ભુલ્યા ? પરમાત્માનું નામ સ્મરણ કેટલી વખત કર્યું ? બન્ધુઓ ! વિચાર કરો શાન્ત ચિત્તે હૃદયમાં ઉંડાણપૂર્વક વિચારો, જુઓ ! સર્વનો જવાબ શૂન્યમાં જ આવશે ? તમારી આ સ્થિતિ શું તમને શોભાપ્રદ છે ? કદી નહિ તમે મનુષ્ય છો, મનુષ્યનાએ લક્ષણ ન જ હોય ? એ તો પશુ જીવન છે ભાઈ ? તેની ગણનામાં તમે ન રહેતા મનુષ્યપણામાં આવશો. આગળ વધવું વિકાસને અનુભવવો એ તો મનુષ્યનો જ ધર્મ છે. વધારે આગળ વધી જણાવીએ તો મનુષ્યનું મનુષ્યત્વ જ એમાં રહેલું છે. તમે તેને પ્રાપ્ત કરવા ક્યારે જાગશો ?

"વિશ્વ જ્યોતિ ઉપરથી"

કર્યું શું કામ જ્ઞાતિનું

પીરાણા પંથમાં રહીને, કર્યું શું કામ જ્ઞાતિનું,
અંધારામાં સદા રહીને, કર્યું શું કામ જ્ઞાતિનું,
ન ઈસ્લામી ધર્મને સમજ્યા, ન કીધી રામની સેવા,
વચે રહીને સદા લટક્યા, કર્યું શું કામ જ્ઞાતિનું,
પરણાવી જન્મથી દીધાં, કુમારીકા લગ્ન તો કીધાં,
નીસાસા બાળના લીધા, કર્યું શું કામ જ્ઞાતિનું,
ન શીખાવ્યા પુત્ર ને બાળા, ન કાઢી કોમની શાળા,
રહ્યા ભોળાઈમાં ભોળા, કર્યું શું કામ જ્ઞાતિનું,
ન સમજ્યા નાત પોતાની, ન સમજ્યા જાત પોતાની
ન સમજ્યા કુખ માતાની, કર્યું શું કામ જ્ઞાતિનું,
ન કુરાનને કદી સમજ્યા, ન ગીતા વેદને ભણ્યા,
રહી બે કોમથી અળગા, કર્યું શું કામ જ્ઞાતિનું,
ન પેગમ્બર કીધા પ્રસન, ન કીધા દેવના દર્શન,
ન પોતે ઓળખ્યા કૃષ્ણ, કર્યું શું કામ જ્ઞાતિનું,
ઉઠો ભાઈઓ ઉઠો વહેલાં, કરો કંઈ કોમની સેવા,
આજે આવ્યો "કરીમ" કહેવા કર્યું શું કામ જ્ઞાતિનું,

"કરીમ"

પીરાણા પંથીઓને અપીલ

વહાલા ભાઈઓ તમો જાણો છો કે પીરાણા ધર્મ માટે દરેકને ભિન્ન ભિન્ન વિચાર ઉત્પન્ન થાય છે. પ્રત્યક્ષ રીતે જોતાં ને વિચાર કરતાં એમ લાગે છે કે એ નક્કી હિન્દુ ધર્મ છે તેમ કહી શકાય નહિ અને જો મુસલમાની છે તો પછી મુસલમાન લોકોના નિયમ પ્રમાણે આપણે વર્તતા નથી કેવો ભેદ ભરેલો વિચાર ઉત્પન્ન થાય છે ? અરે આ બાબત સમજવા કોઈને ઈશ્વરે બુદ્ધિ નહિ આપી હોય ? મારા ધારવા પ્રમાણે સર્વે કોઈ સમજી શકે છે. પણ કોઈ બોલી શકતું નથી કારણ કે ખરે ખરું કહેવાને કોઈ ઉભો થાય, તો તેને આગેવાનો તરફથી નાત બહાર કરવાની શિક્ષા જ થાય છે. જેથી ઘણા ખરા સમજે છે પણ બોલી શકતા નથી એ કેવો જુલમ ? સમજે છે છતાં પણ કોઈ સુધારો કરી શકતા નથી. તે માત્ર નાતના આગેવાનોનો જુલમ (ગેરવાજબી દબાણ) છે, તો પછી આ અંધારું કેટલા દિવસ ચાલશે ? તે સમજી શકાતું નથી.

આપ વિચારો કે આપણને કોઈ પૂછે કે તમે કોણ છો ? તો કહેશું કે કણબી છીએ. પાછો તે સવાલ કરે કે કેવા કણબી ? તેના જવાબને માટે આપણને વિચાર કરવો પડશે. તે પછી રહીને કહેશું કે અમો લેઉઆ કણબી છીએ. ત્યારે તે ફરીથી સવાલ કરશે કે તમે તો બાર વર્ષે લગ્ન કરો છો તે ધારો લેઉઆ નો તો નથી ? ત્યારે વળી પાછા મુંઝાઈને કહેશું કે અમે કડવા છીએ, સામો ધણી વળી પૂછે કે તમારી શાખા તથા ગોત્ર શું છે ? તેમજ તમો શું ધર્મ પાળો છો ? એમ પૂછે છે ત્યારે તેનો કાંઈ પણ જવાબ આપણે આપી શકતા નથી. તેથી તે ઠેકાણે મશ્કરી જેવું થાય છે. ત્યારે શરમ છોડી કદી આપણે ખરે ખરું કહીએ કે અમે મુમના કણબી છીએ તો તુરત પેલો માણસ કહેશે કે તમો તો મુસલમાની ધર્મ પાળો છો અને ખાનાને માનો છો. ને હિંદુ છીએ એવો ખોટો વાદ કેમ કરો છો ? ત્યારે પણ શરમાવા જેવું થાય છે.

વહાલા ભાઈઓ ! જો વિચાર કરીએ છીએ તો પરદેશમાં આ પીરાણા પંથ ધર્મ સાચવવા કેટલુંએ સંકટ સહન કરવું પડે છે. જેનું વર્ણન થઈ શકે તેમ નથી. નાતના રિવાજ પ્રમાણે ધર્મ પાળવાથી કેટલી અડચણ ભોગવવી પડે છે તે ધ્યાનમાં લેશો. હું તમોને એક કરાચીનો દાખલો આપું તે સાંભળો ને કાંઈક વિચાર કરી સુધારો કરો.

દર ગુરૂવારે કે નાના મોટા દિવસે થાળ* કરીને ખાનામાં જવું પડે છે. જે ખાનાની જગ્યા એક નાનકડા કંપાઉન્ડમાં છે અને તેમાં બીજા મુસલમાનોના ઘર હોવાથી ત્યાં થાળ લઈ જતા ઘણી અડચણ પડે છે. કદી થાળ તો જેમ તેમ ત્યાં પહોંચાડીએ છીએ, પણ પાછી જે વખતે પૂજા ખલાસ થાય છે. અને લાણ (પ્રસાદ) વહેંચાઈ રહે છે, જ્યારે સ્ત્રીઓ છોકરાં તેડીને લાણ લઈ ઘેર જાય છે. ત્યારે માણસોનો ભરાવો વધારે હોવાથી અને કંપાઉન્ડ નાનું તેથી તેમાં ચાલવાની શેરી પણ સાંકડી છે. અને તે લાચારીથી સર્વે માણસોએ જ નાની શેરીમાંથી લાણ લઈ વચમાં મુસલમાનોના ખાટલા પડેલા હોય છે જેના ઉપર તે લોકો સુતેલા હોય તો પણ તેને અડીને ઘેર જાય છે. તેનો અભડાવવાનો ખ્યાલ રહેતો નથી. (કદી ઘડી ભર આપણે એમ પણ માની લઈએ કે આપણું માનેલું પીરાણા પંથ પણ ઈસમાયલી ધર્મ છે તેથી તેમાં અભડાવવાનું હતું જ ક્યાં) તો તે પણ હંમેશા કેમ ચાલે કારણ કે પાડોશમાં વાણીયા બ્રાહ્મણ આદિ રહે છે તે દેખી જાય અને કહે કે આ તમે શું કરો છો ? તો તે વખતે કાંઈ જવાબ અપાય નહિ

*થાળ એટલે રાંધેલું અનાજ

(કદી મંડળવાળા કહે તો આપણે તેને ઠોલીયા કહીને છુટીએ, પણ બ્રાહ્મણ વાણીયાને તેમ કેમ કહેવાય?)ને મનમાં મુંઝાવું પડે, આમ છાનુંમાનું વર્તવું એ કેવી અડચણ ? ધર્મ સાચવતાં પણ આટલી અડચણ ભોગવવી પડે એ તો નવાઈ જેવું લાગે છે.

આવી સાંકડ હોવા છતાં પણ પીરાણેથી સૈયદો અવાર નવાર આવ્યા જ કરે છે તેથી તે વખતે તો એવી મુસીબત ભોગવવી પડે છે કે કહેવાની વાત જ નહિ, જો સૈયદોને મારા જેવા ભાઈઓ હિંમત કરીને ઉતરવા ન આપે તો આપણી જ્ઞાતિના કેટલાક ભાઈઓ અમોને ગુરૂ દ્રોહી કહે છે અને નાત બહાર કરવાની ધમકીઓ આપે છે અને જો તેમને ખાનામાં બેસાડીએ છીએ તો બીજા પડખામાં રહેતા અન્ય જ્ઞાતિના માણસો અમારું અપમાન કરે છે જેમ કરીએ તેમ દુ:ખ છે, આ બીના જોઈ એક નવીન અને કુદરતી લાગણી ઉત્પન્ન થાય છે. વેદ, પુરાણ અને મનુસ્મૃતિ આદિ ગ્રંથોમાં કહેલું છે કે જે કામ કરવું તેમાં બીજાથી બીવું કે ચોરી રાખવી તેનું નામ જ પાપ છે તો પછી પીરાણા પંથની ક્રિયા કરતાં, પીરાણાપંથ પાળતાં પાપમાં ઉતરવું પડે છે. (રખેને કોઈ જાણી જશે કે આ ઈસમાયલી ધર્મ પાળે છે તો ખોટું દેખાશે ને હિન્દુઓ આપણને હલકી પંક્તિમાં ગણશે. એમ સૌ કોઈ સમજે છે, પણ એ દુ:ખ કોઈ કાઢતું નથી કેવી મુર્ખાઈ ભરેલી વાત છે?)

આટલું દુ:ખ વેઠ્યા છતાં જો મુસલમાની ધર્મ પ્રિય હોય તો પછી અમો હિન્દુ છીએ, અને હિન્દુ ધર્મ પાળીએ છીએ, એવો વાદ પણ શા માટે? અને જો આપણે હિન્દુ છીએ ને હિન્દુ ધર્મ પાળવા વિચાર હોય તો પછી ઈસમાયલી માર્ગ શા માટે જોઈએ ? અને આપણા આગલા ભોળા લોકોએ કરેલી ભુલો શા માટે સુધારવી ન જોઈએ ? મુરબ્બીઓ ! જરા વિચાર કરો કે મુસલમાની ધર્મ પાળતાં હિન્દુ થવું તે ક્યાંથી બને ? તેમ ખરેખર મુસલમાન ધર્મ પાળતા હોઈએ તો મુસલમાન તો અંદેશો ન કરે ! આમાં તો મુસલમાનોનોએ ઠપકો ને હિન્દુ લોકો પણ નિંદા કરવામાં બાકી રાખતા નથી, તેથી જ આપણે આજે ક્યાંય પણ બેસીએ છીએ ત્યાં શરમાવવા સિવાય કાંઈ રહેતું નથી. કારણ કે આપણે ધર્મ ભ્રષ્ટ જેવા છીએ.

જ્ઞાતિ ભાઈઓ અને વડીલો ! આપણે આ સંસારમાં હિંદુ છીએ કે મુસલમાન છીએ એ બાબતનો વિચારવા લાયક એક દાખલો બનેલો છે. જે આપ ભાઈઓને ધ્યાનમાં તો હશે. થોડા વર્ષ પહેલાં શેઠ કાવસજી ડુબાસના એક બંગલાનું કામ ચાલતું હતું તે વખતે ત્યાં લાકડા વેરવાના મજુરી કામનો કોન્ટ્રાક્ટ મારી ભુલ ન થતી હોય તો આપણા મુખી સાહેબ દેવશી હરભમનો હતો તે ત્યાં સુતારનું કામ આપણા કચ્છી ગુર્જર સુતાર કરતા હતા ત્યાં કોઈ કાઠીયાવાડથી નવો આવેલો સુતાર કામે આવ્યો તે કામ કરતાં તરસ લાગી ત્યારે જ્યાં આપણા ભાઈઓ વેરતા હતા ત્યાં ગયો અને પૂછ્યું કે પટેલ તમે કેવા કણબી છો? ત્યારે જોડીવારા ભાઈએ જવાબ દીધો કે અમે લેવા કણબી છીએ તે સાંભળીને પેલા સુતારે પાણી પીધું અને કામે લાગવા મંડ્યો ત્યાં તેની જોડીમાં કામ કરનાર સુતારે પૂછ્યું કે તે પાણી ક્યાંથી પીધું? તેણે જવાબ દીધો કે પટેલના કુંજામાંથી. તે સાંભળીને બીજા સુતારે કહ્યું કે એ કણબી તો પીરાણા પંથી છે. તેથી તેના કુંજાનું પાણી પીને તું અભડાણો તે સાંભળીને પેલા પાણી પીનાર સુતારે તો અફીણ હંમેશાં ખાતો હતો તેથી તેણે ખીસામાંથી દાબડી કાઢીને પોતાના ભાતાના ડાબડામાં અફીણને ગાળ્યું અને તેનું પાણી કરી પીવા લાગ્યો જ્યારે અર્ધું પીધું ત્યારે તેના સાથી સુતાર રામજી ભીમાશરીઆને ખબર પડી તેથી તેણે તે દાબર તેના હાથમાંથી લઈ લીધો અને કહ્યું કે ગાંડા આમ શા માટે કરે છે ? તે કહે મારે હવે જીવીને શું કરવું છે. હું જ્યારે અભડાઈ ગયો ને નાતથી જુદો થયો ત્યારે હવે મારે જીવીને શું કરવું આથી મરવું સારું છે. તે સુતારે તેને લીંબુ વગેરે દવાઓ પાઈને કહ્યું કે તું દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી નાંખ તેથી તેણે હવાબંદર જઈ દેહશુદ્ધિ કરાવી પવિત્ર થયો.

૧૦.૩ - પાટીદાર ઉદય - અંક ૩ - વિ. સં. ક. ૧૯૮૦ ભાદરવો (Sep-1923)

કહો ભાઈઓ આ કેટલી શરમની વાત છે. જે ગુર્જર સુતારોની પંગતે બેસી આપણે જમનારા તેનું ખાલી પાણી પીવાથી સુતાર પ્રાણ ત્યાગ કરવાને તૈયાર થાય. આ શું પ્રતાપ પીરાણા પંથનો નથી ? માટે હવે વહાલા વડીલો અને ભાઈઓ તમે વિચાર કરો કે દેશમાં બેઠેલા જ્ઞાતિ ભાઈઓને ત્યાં કશી અડચણ નથી કારણ કે તે બીચારા રાત-દહાડો ખેડને ધંધે રોકાવાથી તેને સારું અગર બુરું કોણ કહે ? અને સમજે તે સહન કરીને બેસી રહે, જો કોઈ સુધારવા માટે મત આપે તો તેને દંડ કરે ને નાત બહાર મૂકે, અને કહે કે તમો તો બીજો બાપ કરો છો, બાપ દાદાનો ધર્મ તે કેમ મુકાય. ગમે તેવું છે તો પણ તમારે તે પાળવું પડશે જ. અમે પાળીએ છીએ તેમજ તમો પણ પાળો કોઈ પણ રીતે આગળ વધવા પગ ભરાશે નહિ.

ઘણા ખરા હિંદુના ધર્મ આપણે જોઈશું, અથવા મુસલમાન ધર્મ વિશે આપણે પૂછીશું તો પણ હિંદુ અને મુસલમાનની સાથે વર્તણુંક હોય જ નહિ અને સ્પષ્ટ સમજાય છે કે પીરાણા પંથમાં આ સઘળું ગેરવાજબીપણું જોવામાં આવે છે. નહિ તો હિંદુ ધર્મ મુસલમાની ધર્મ સાથે ભેગું થાય નહિ. એમાં કંઈ પણ સંદેહ નથી એમ વિવેકી જનને લાગ્યા સિવાય રહેશે નહિં તેથી હવે હું વધારે નથી લખતો પણ આપને હજી એક વાતની યાદ દેવરાવું છું કે ભાઈઓ શ્રાદ્ધના દિવસો નજીક આવે છે તેથી તે વખતે આપણા પીરાણા પંથના રીવાજ મુજબ "કાગ વાસ" નહિ નાખતા સર્વે ભાઈઓ શ્રાદ્ધની થાળો ખાનામાં જ લઈ જશે અને ત્યાં આગળ ભીડ પણ ઘણી થશે તેમાં પંદર દિવસ લાગલાગટ આવું જ ચાલુ રહેશે તો તે વખતે ભાઈ અભડાવવાના કેટલા દાખલા બનશે માટે મારી એક સલાહ લ્યો તો તે મહેરબાની કરીને ખાનામાં આવતી થાળું ને બંધ કરો તે શ્રાદ્ધ તમારી નિયાણીઓ દીકરીઓ, બેનો, તથા બીજા નાનાં નાનાં છોકરાઓને જમાડી દીઓ તો સારું થાય. મારી આ અરજ ઉપર આપણી પીરાણા પંથી જ્ઞાતિના આગેવાનો જરૂર વિચાર કરશે અને પોતાની જ્ઞાતિને અભડાતી વટલાતી બચાવશે. કદી આમ કરવાથી જો કાંઈ પાપ થશે તો પાપની હિસ્સા પાડીને સર્વે આગેવાન ભાઈઓ વહેંચી લેશો જેની અંદર આ સેવકને હીસે જે પાપ યા પુણ્ય જે આવે તે આપશો તો તે આ સેવક શીર ઉપર ચડાવવાને તૈયાર છે. મારી આ અપીલ વાંચી આપણી જ્ઞાતિના લાણખાઉ ભાઈઓને તો બહુ જ માઠું લાગશે કારણ કે બીચારે કેટલાએ દિવસથી માળા ફેરવી હશે કે શ્રાદ્ધના દીવસોમાં ખૂબ લાણ-પ્રસાદ મળશે તે ખાશું પણ આ અપીલ સાંભળીને તેઓનાં મોંઢા એકદમ ઉતરી જશે પણ હું તે ભાઈઓને વિનંતિ કરું છું કે ભાઈઓ મહેરબાની કરીને તમો જેને ઘેર વીસી જમતા હો ત્યાં જ બાજરાના રોટલા બનાવીને ખાઈ લેશો પણ ખાનાની લાણ ખાવાનો મોહ હવે મુકી અને જ્ઞાતિને ઉતરતી જતી અટકાવો જુઓ આપણે હિંદુ છીએ તે ઠીકરાના-માટીના વાટકામાં લાણ-રાંધેલો પ્રસાદ ખાઈને મોંઢું પૂરું સાફ ન કરતાં એકદમ બહાર નીકળીએ છીએ અને ગમે તેને અડીએ છીએ છતાં જરા પણ અભડાવવાનો ભય નથી રાખતા તો તે શું ગોળીનો પ્રતાપ નથી ? માટે હવે લાણ ખાવી અને ગોળી પીવી બંધ કરીને પોતાની જ્ઞાતિને ડુબતી બચાવો પીરાણા પંથનો ત્યાગ કરો અને ગરીબ ભાઈઓનો આશીર્વાદ લ્યો અસ્તુ.

લી. આપનો સેવક
એક પીરાણા પંથી

(*થાળ એટલે ચોખા રાંધી તેમાં છાંટો ઘીનો તથા થોડાક ગોળ કે ખાંડ નાખીને તથા બાજરા કે ઘઉંના રોટલા ઘડીને તેને ચોળી તેમાં પાણી, ઘી, ગોળનું શાએતર થોડાક નાખીને થાળીમાં ઘાલી ખાનામાં લઈ આવવું તેને થાળ કહેવાય છે) **લેખક.**

ગાડરીઓ પ્રવાહ

જે મનુષ્ય અથવા જ્ઞાતિમાં પોતાની અકલ હોશીયારીથી સમજી બુજીને કાંઈ કામ કરવાની શક્તિ હોતી નથી, પણ બીજાઓનું આંધળું અનુકરણ કરવાની જ ટેવ હોય છે. તેઓને ગાડરીઓ પ્રવાહ કહેવામાં આવે છે. કારણ કે ગાડર-રીઢડામાં એ ખાસ આદત હોય છે કે, ટોળામાંનું એકાદ મેંઢું-ઘેટું બે એં એં એં કરતું ચાલવા માંડે, કે તુરત આખું ટોળું તેની પાછળ નીચાં માથાં કરી પહેલ કરનાર ઘેટાનું અનુકરણ કરે છે, તે જોતાં પણ નથી કે અમો ક્યાં જઈએ છીએ જેઓમાં આવી ખસલત-આદત હોય તેઓને ઘેટાંની ઉપમા બરોબર બંધ બેસતી ગણાય છે. દાખલા તરીકે આપણી જ્ઞાતિમાંના તેવા ભાઈઓ કે જેઓ શુદ્ધ સનાતન વૈદીક ધર્મના આચાર વિચારો પાળવા લાગ્યા છે. તેઓ પોતાના જુના વિચારના ભાઈઓને કે જેઓ હિંદુ સનાતન ધર્મ મુકી અર્ધદગ્ધ પીરાણા પંથના અમુક માણસને પોતાનો કર્તા માની તેની પૂજા કરે છે અને નીચમાં નીચ મનુષ્યનું જ પુછડું પકડી પોતાના જંગલીપણાની મજબુત સાબીતી આપે છે. વળી પોતે પાળતા પંથની સત્યતા કોઈ પણ વ્યાજબી દલીલથી સિદ્ધ કરી શકતા નથી. પરંતુ "બાવો કહે તે સત" એવા ભૂત જેવા વિચારો ધરાવનારાઓને ઉપર લખ્યા સુધારાવાળા સનાતની ભાઈઓ મેંઢાં-ઘેંટાની ઉપમા આપે છે. કારણ કે તેઓ બીચારાઓ અજ્ઞાની અને અભણ હોવાને લીધે આપ મતલબીઆઓ અને ખાલી ધર્મને બહાને શિકાર મારનારા શિકારીઓના તેઓ ભોગ થઈ પડ્યા છે.

જેમ વરૂ-ચરાખ-પોતાને હાથ લાગેલા શિકારનું લોહી ચુસી ખોંખું ફેંકી દે છે, તેમ આ વરૂ આગેવાનો પોતાની કપટ જાળમાં પંજામાં સપડાયેલામાંથી તેઓનું મનુષ્યત્વ ચુસી-ખેંચી લે છે અને ફક્ત માટીનું પૂતળું જ બાકી રાખે છે. લાકડાના પુતળાને જેમ દોરી સંચારથી નચાવાય છે, તેમ આ મનુષ્ય રૂપી માટીના પુતળાને જેમ મરજી પડે તેમ નચાવે છે. તેઓના આગેવાન બની તેઓની સ્ત્રીઓના શિયળ લુંટે છે. પોતાની વહાલી પ્રજા છોકરાઓ કે જેના હિતાહિતનો વિચાર કરવો એ માવિત્રોની ખાસ ફરજ છે. તેમાં પણ આ "માન ન માન મેં તેરા મેમાન"ની જેમ બની બેઠેલા આગેવાનો પોતાની મમતમાં તેઓની ઇચ્છા અનુસાર બાળકોનું હિત કરવા દેતા નથી "બાપને દીકરા સાથે દુશ્મની અને દીકરાને બાપ સાથે દુશ્મની કરતાં એ "અંધામાં કાણીઆ રાજા" જેની ઘોડે બેઠેલા આગેવાનો શીખડાવે છે.

મનુષ્યત્વથી નિરાળા ગરીબ બીચારા ઘેટાંઓ જેવા તેના ગુણ દોષ વિશે કશુંએ પૂછી શકતા નથી તેઓની ગતી બીજાઓનું આંધળું અનુકરણ કરવામાં જ અટકેલી છે.

આવા શિકાર થયેલાઓ ઉપર ગમે તેવા કઠણ દીલવાળાને દયા ઉપજ્યા સિવાય રહે નહિ એ સ્વાભાવિક છે. તેઓને સારી સમજણ આપી તેવા મહા જુલ્મીઓના પંજામાંથી છોડાવી સીધા રસ્તા પર લાવવા એ સર્વ કોઈનો ધર્મ છે તેના ઉલટું કેટલાંક ભાઈઓ તે બીચારાઓ તરફ તિરસ્કારની નજરેથી જુએ છે, મુમના મુમના કહી તેઓને ચીડાવી "પડ્યા પર પાટું"ની કહેવત આ બાને પોતાને લાગુ પાડે છે. જે જોઈ અમોને બહુ જ લાગી આવે છે. આપણા સુધારાવાળા ભાઈઓમાં તે બદી વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે.

મજકુર ભાઈઓને તેમ નહિ કરવાની ભલામણ કરીએ છીએ તો છેડાઈ પડી વળતો જવાબ આપે છે કે, "હા, હા, જોયું તમારું ડહાપણ ! તેઓ વળી અમારાથી ક્યારે ઓછા ઉતરે છે જે અમો તેઓ ઉપર દયા ભાવ

દાખવીએ-રાખીએ." "કુતરા" જેવા તેઓના કહેવાતા આગેવાનોની ઉશ્કેરણીથી તેઓ અમારા ઉપર શું ગુજારવું બાકી રાખે છે. આમ કહેનારા ભાઈઓને અમે પુછીશું કે, "વારૂ કોઈ કુતરો આવી તમોને બચકું ભરે તો શું તમારી ફરજ પણ એ છે કે તમો તે કુતરાને સજા કરી વળતો બદલો લ્યો. કોઈ અજ્ઞાની તમોને ભુંડી ગાળો દે તો વળતી તેને તેવી જ ગાળો દેવી એ શું સભ્યતા કહેવાઈ શકાશે?

ઓ બંધુઓ! પ્રભુ રામ કૃષ્ણની દયા, ક્ષમા, નમ્રતા, ઉદારપણું વગેરે સદગુણોના આજે એકી અવાજે આખી દુનિયા વખાણ કરે છે. આપણે તેઓના જ વંશજો છીએ પણ તે આપણો દાવો સત્ય ત્યારે કહી શકાય કે, આપણે તેના વચનો ઉપર પૂરેપૂરો અમલ કરતા હોઈએ.

માટે હે ભાઈઓ! ક્ષમા જેવા અમુલ્ય રત્નને જતો ન કરો અને આપણા અજ્ઞાન ભાઈઓ ઉપર દયા રાખતા શીખો, કે જેથી પરમાત્મા તમારા ઉપર રાજી થાય, હકીકતમાં નરમાશ એ એક અમુલ્ય મોતી છે. કહેવત છે કે "નમ્યો તે સૌને ગમ્યો" લોહ ચુંબકમાં લોઢાને પોતા તરફ ખેંચવાની જેમ આકર્ષણ શક્તિ છે તેમ મનુષ્યમાં નરમાશ અને ક્ષમા એ સામાને પોતા તરફ ખેંચવાની ખરેખર આકર્ષણ શક્તિ છે.

એક દાખલો છે કે એક મહાત્માને એક અજ્ઞાન કજીયાખોર માણસ સાથે મુલાકાત થઈ, તે માણસે મહાત્માને કંઈ વાત પુછી મહાત્માએ તેનો ખરો જવાબ આપ્યો પણ પેલા નીચ માણસને તે પસંદ ન પડવાથી, અનેક ન છાજતા શબ્દોથી ગાળો આપવા લાગ્યો. પણ મહાત્મા તો નરમાશથી તેને સમજુતી જ આપતા રહ્યા, તે અક્કલનો આંધળો વિશેષ ઉશ્કેરાઈ જઈ અનેક અપશબ્દો કહેવા લાગ્યો, તેટલામાં કોઈ સારો માણસ ત્યાં આવી ચડ્યો, અને મહાત્માને કહેવા લાગ્યો કે "હે મહારાજ તે બેવકૂફ તરફ જેમ તમો નરમાશથી વરતો છો તેમ તેમ તે ઉપર ચડતો જાય છે, તમારે તેની શી દરકાર છે? એ એક સંભળાવે તો તમો બે સંભળાવી દીઓ! મહાત્માએ હસીને જવાબ આપ્યો કે ભલા માણસ કુલડીમાં જે ચીજ હોય છે. તે બહાર ટપકે છે. તેનામાં જે ગુણો છે તે તે બતાવે છે અને હું મારા ગુણો બતાવું છું. તેના શબ્દોથી હું કાંઈ બેવકૂફ બની જવાનો નથી. "પણ મારી વર્તણુંકથી તે સભ્યતા શીખશે."

મહાત્માનાં આ વચનોથી તે નીચ કજીઆ ખોર માણસને કોઇ એવી અસર થઇ કે તેણે ખરાબ ચાલ હંમેશના માટે છોડી દીધી.

માટે ભાઇઓ! જો તમો પણ આપણી જ્ઞાતિના અજ્ઞાનીઓને સુધારવા માગતા હો તો તેઓના અનેક અપશબ્દો અને અન્યાયો સહન કરવાને માટે તૈયાર રહો. તેઓની ભુલ ભરેલી હીલચાલથી તમારે તમારી ધીરજ ગુમાવી દેવી ન જોઇએ. તેમ કરશો ત્યારેજ તમારા કામમાં ફળીભુત થશો. પરમાત્મા સર્વેને સદ્‌બુદ્ધિ આપે કે જેથી અમો અમારી ખરી ફરજ સમજતા થઇએ.

ૐ શાન્તિ શાન્તિ શાન્તિ

ધાર્મિક પ્રચાર

બધા ધર્મના અનુયાયીઓ હંમેશાં એવી ઈચ્છા ધરાવતા હોય છે કે, અમારા મતનો પ્રચાર થાય. કેવળ હિન્દુઓ એ જ આવી ઈચ્છા કરી નથી. તેનું પરિણામ એ આવ્યું છે કે વિધર્મિઓએ એક ઠેકાણે ગોંધાઈ રહેલી હિન્દુ જાતીને પોતાના મતમાં લેવા અનેક છળ પ્રપંચો કર્યા છે. પીરાણા પંથ પણ આવી જ કપટ લીલાનું ફળ છે. કયાં ભગવાન કૃષ્ણ ચંદ્રના સંતાનો અને ક્યાં તેમના આ યવન ગુરૂઓ ? એ ગમે તેમ હોય તો પણ જે ધર્મના ઉપદેશકો આચાર્યો કે વિદ્વાનો લોકોની પાસેથી ધાર્મિક જીવનને બદલે ધનની આશા રાખે અથવા શુદ્ર માનની આશા રાખે તેવા ગુરૂઓ અથવા આચાર્યો જે ધર્મનો ઉપદેશ કરે છે. તે ધર્મ કોઈ કાળે પણ શાન્તીદાયક અથવા સત્ય માર્ગે લઈ જનારો હોઈ જ ન શકે ! જ્યારે પીરાણાના સૈયદો અને કાકાઓ દશોંદ લઈ લોકોને સ્વર્ગ અપાવવાની ઈચ્છા કરે, ત્યારે તે ધર્મની અને તેના પ્રચારકોની પ્રમાણિક્તા માટે શંકા ઉત્પન્ન થયા વગર કેમ રહે ? જ્યાં જ્યાં અવિદ્યા છે ત્યાં સત્ય ધર્મનો પ્રચાર થવામાં ઘણી અડચણો હોય છે. અવિદ્વાન લોકોમાં જ સ્વાર્થીઓનું ટટ્ટુ ચાલી જાય છે. મારા કચ્છી પાટીદાર ભાઈઓને હું પૂછું છું કે આ ઈરાની સૈયદોમાં તમે શું વિશેષ જોયું છે ? તમોને તેઓએ તમારા આર્ય ધર્મથી વિમુખ કર્યા સવાય બીજું કશું શીખવ્યું છે ? તમને જે ચમત્કારો વિશે કહેવામાં આવે છે, તેવા મદારીના ખેલો તો હમણાંએ થયા કરે છે. શું એવા મદારીઓ ધર્મોપદેશક થઈ શકે ખરા ? અહીં હું પાટીદાર ભાઈઓને ખાસ પ્રાર્થના કરું છું કે તેઓએ ગીતા ઉપનિષદાદિ ધર્મ શાસ્ત્રોનું અધ્યયન કરવું ત્યાર પછી તેમને આર્ય ધર્મની મહત્તા સમજાશે.

ધર્મની રક્ષાને નામે જે લોકો પોતાના સુધારક ભાઈઓને વિના કારણે પજવ્યા કરે છે. તેઓને હું કહું છું કે મિત્રો ! તમારી આવી નિષ્ઠુરતા જ તેમના આત્મામાં વધારે ઓજ ઉત્પન્ન કરશે. સૈયદોના શિષ્યો ! તમે એમ સમજતા નહિ કે આ સુધારક ભાઈઓ થોડી સંખ્યામાં છે, તેથી તમો તમારી ઈચ્છા પ્રમાણે તેમને પજવી શકશો ! આખી વેદાંનુ યાયી આર્ય જાતિ તેમની સાથે છે. જો તમે આજ સમજતા હો તો વધારે સારું ! નહિ તો આવતી કાલે તો માણસ એજ સાક્ષી આપશે કે તમે આવીને તમારા ગર્વિષ્ટ માથાં આ સનાતન ધર્મીઓ આગળ નમાવ્યા છે ! સ્વાર્થ સાધુ સૈયદો અને કાકાઓને પણ હું કહી દઉં છું કે આ પ્રદિપ્ત થયેલા અગ્નિ આગળ તમારી કપટ વિદ્યા ચાલવાની નથી. કૃપા કરીને આ અમારા ભોળા ભાઈઓ ઉપરથી તમારા હાથ ઉપાડી લ્યો. જુઓ જ્યાં જ્યાં સુધારકોએ આગળ પગલાં ભર્યાં છે. ત્યાં ત્યાંથી તમારે ઉભી પુંછડીએ નાશી જવું પડ્યું છે. વાર વાર તમારું અપમાન થાય છે છતાં તમારી સ્વાર્થ સાધવાની વૃત્તિ જતી નથી.

મારા સુધારક ભાઈઓ તો એક દિવસ પણ તમારા જેવા યવનોને ગુરૂઓ અથવા ઉપદેશકો માનવાને તૈયાર નથી.તમારી આંખો આગળજ કેટલાએ અમારા ભાઇઓએ તમારી સ્વાર્થી જાળમાંથી મુક્તિ મેળવી છે. તમને જો તમારી સત્યતા વિશે અભિમાન હોય તો સુધારકોના ગામોમાં વિરાણી, નખત્રાણામાં તમારા પીરાણા પંથનો ઉપદેશ કરી જુઓ !

સદીઓથી ધર્મ ભ્રષ્ટ થયેલી આર્ય જાતી આજે પોતાના સનાતન વૈદિક ધર્મ તરફ આવતી જાય છે, એ જાણી કોને હર્ષ ન થાય ! તેથી જ કહેવાય છે કે :

અહો આ આર્ય ભુમિના
અમિત પુણ્યો ઉદય થાશે ?
સમાજો આર્યની જેથી
મહા પાપો પ્રલય થાશે.
- કેશવદેવ રતનેશ્વર.

શ્રી લક્ષ્મણ કાકા (!)*

આપણે રા. લક્ષમણકાકાનું પુજન કરી રહ્યાં છીએ, તેનું રહસ્ય જાણવું જરૂરનું હોવાથી આ ઠેકાણે લખવાનું ઉચીત ધાર્યું છે. આપણા **"પીરાણાવાળા સંપ્રદાયમાં સૈયદ એટલે ઈમામશાહ ઉર્ફે ઈમામુદીનના વંશજો ધર્મગુરૂનો દરજ્જો ભોગવે છે."** તેમને ઠેકાણે આપણે "કાકા"ઓને તે ધર્મગુરૂઓનું માન આપી રહ્યા છીએ ! એની અંદર પાંખડ સમાયેલું છે. આગળના અંકમાં જણાવ્યા પ્રમાણે કાકાઓનું કાર્ય સેવકોમાં ફરી શીરબંધી ઉઘરાવી લાવવાનું છે અને તે **"સૈયદોના પોષણ તથા રોજાની મરામત ઉસ્તવારી વગેરેમાં ખર્ચાય છે."** શુદ્ધ સૈયદોએ એ **કાકાનો અર્થ "ગુલામ" કર્યો છે.** આટલું જાણ્યા પછી પણ આપણે તેને ધર્મગુરૂઓના જેટલું માન આપી રહ્યા છીએ તેણે કાકાઓએ આપણે માટે આટલો બધો કઈ જાતનો ભોગ આપી દીધો છે ? તે ન તપાસતાં આગળની પ્રથા પ્રમાણે ચલાવ્યા જઈએ છીએ એ આ મનુષ્ય દેહ ધારી પ્રાણીઓને શરમ ભરેલું છે, આપણે પીરાણામતને હિન્દુ મત હોવાનો દાવો કરી રહ્યા છીએ, ત્યારે સૈયદોને જો ધર્મગુરૂ તરીકે આપણે જાહેરમાં માન આપીએ તો બીજી હિન્દુ નાતોમાં આપણી પ્રતિષ્ઠાનો ભંગ થાય છે. તેનો વિચાર કરીને સ્વાર્થી મુખીઓએ એવો તોડ કાઢ્યો કે હિન્દુ સેવકોમાં "કાકાઓ"ને મોકલવા તે વખતેથી આગળની રૂઢી ફરી ગઈ. સૈયદ ઈમામશાહ હિન્દુ સેવકોમાં ધર્મગુરૂનો દરજ્જો ભોગવતા હતા. કાકાઓને મુખીઓનો દરજ્જો હતો, અને મુખીઓ પુજારીનો દરજ્જો ભોગવતા હતા. જે હિન્દુ સેવકો પીર ઈમામશાહની ધર્મગુરૂ તરીકે પુજા કરતા હતા, તેઓએ બીજી હિન્દુ જ્ઞાતિઓનો ડર ન રાખ્યો. અને પછી ચેષ્ટા થતા જાહેરમાં વટલી ગયા. એવી રીતે **"વટલેલી લગભગ એંસી નાતો છે."** એમ કહેવામાં આવે છે. **આપણો પંથ ગુપ્તી (ગુપ્ત રીતે મુસલમાન અને બહારથી હિન્દુ)** કહેવાય છે અને સૈયદ ઈમામશાહની વંશના સૈયદો, મુસલમાનો પ્રગટી (**ખુલ્લી રીતે મુસલમાની ધર્મ પાળનારા**) કહેવાય છે. "ખરું જોતાં ધર્મના ઉપદેશને લીધે મુસલમાન ધર્મમાં ભળેલા નથી."

સુલતાન અહમદશાહ પહેલા અને મહમદ બેગડાના જુલમ તથા ત્રાસથી જે રજપૂતો વટલ્યા તે **મોલે સલામ કસબાતી** (ગરાસીઆ) કહેવાયા. કપીલ બ્રાહ્મણો વટલ્યા તે મલેક કહેવાયા? સૈયદ **ઈમામશાહે** જે હજુ પ્રગટ થવાના છે તેના નામનો પંથ ચલાવ્યો હતો પોતે જ **મહેંદી** હોવાનો દાવો કર્યો હતો. (ઈ.સ. ૧૪૯૧) એ પંથને પણ હિન્દુ ધર્મમાંથી નીકળી જઈ ઈસમાયલી બની ટેકો આપનારા નીકળ્યા. પોતે ચમત્કારી હોવાનો દાવો કરતા હતા.

(*આ લેખની સાથે અમારૂં મળતાપણું છે એમ માની ન લેવું)

૧૦.૩ - પાટીદાર ઉદય - અંક ૩ - વિ. સં. ક. ૧૯૮૦ ભાદરવો (Sep-1923)

(મરેલાને જીવતદાન. આંધળાને આંખ, મુંગાને વાચા, આપી શકવાનો વગેરે વગેરે કહેવાય છે. પણ ખરું કે ખોટું તો પરમેશ્વર જાણે ઇતિહાસીક પુરાવા મળતા નથી.)

આ રીતભાત સુન્ની બાદશાહોને ગમતી ન હોવાથી તેમને ઠપકો આપવા માટે બાદશાહના હુકમથી કાજીએ તેડાવેલા. (ઈ.સ. ૧૬૯૧) તેમને મળવા જતાં શાહજીનું મોત થયું. **કોઈ કહે છે કે ઠપકો ન ખમાવાથી ઝેર ખાધું, કોઈ કહે છે કે રાજના માણસે ખવરાવ્યું પરંતુ ગમે તે હો પણ કમોતે એનું મોત થયું એ તો નક્કી જ છે.**

મુસલમાની ધર્મના સ્થાપક સૈયદ ઈમામશાહના ગુરૂ હજરત મહમંદ (સ.)નું ફરમાન છે કે "ધર્મ સંબંધી દબાણ કરવાનું નથી." (પ્રકરણ ૨. ૨૫૬). તેઓ (મહમદ સાહેબ) પોતાને ખુદાના રસુલ એટલે કાસદ કહેવરાવતા હતા અને તેના તરફથી મળેલો સંદેશો પહોંચાડવો. એટલી જ પોતાની ફરજ સમજતા હતા. તેના શિષ્યો પોતે (સૈયદ ઈમામશાહે) પરમેશ્વર હોવાનો દાવો કરી જેઓ અભણ અજ્ઞાની હતા. તે વર્ગને ફસાવી દીધા. તેમાં પોતાને માન, પૈસા, અને અભિમાનનું ઝેર પોતાની આંખમાંથી ઝરતું હતું. તે પ્રસિદ્ધ સૈયદ ઈમામશાહના ચેલા લક્ષ્મણ કાકામાં જોવામાં આવે છે.

હવે જોવાનું આપણે એટલું જ છે કે ગુરૂનાં વચન માનવાં કે તેના શિષ્યોનાં ? આટલી વાત જણાવવાની હું રજા લઉં છુ કે "સૈયદ ઈમામશાહના ગુરૂ હઝરત મહંમદે પોતે "કાસદ" હોવાનો દાવો કર્યો અને તેના શિષ્યે **(સૈયદ ઈમામશાહે)** પોતે પરમેશ્વર હોવાનો દાવો કર્યો. તેના પછીના કાકાઓએ ધર્મગુરૂ હોવાનો દાવો કર્યો. તો હવે મુળ ધર્મગુરૂ કોણ ? **હજરત મહમંદ કે લક્ષ્મણકાકા ?**

આ પ્રમાણે તપાસતા સાફ સાફ જણાય છે કે **"આપણે મુસલમાન હોઈએ તો હઝરત મહમદને ગુરૂ માનો** અને જો હિન્દુ હોઈએ તો પરમેશ્વરને ગુરૂ માનો, બેઉ ના સિદ્ધાંત એક જ પ્રવર્તક છે કે ?

"પરમેશ્વરની છે પ્રજા આ સઘળો સંસાર"

હિન્દુ અને મુસલમાન બેઉ તેનાં સંતાનો છે. તેનો ધર્મ એક જ છે. તો પછી નાહક શું કામ હાય, હાય, આપણે કરવી જોઈએ ? આપણે તો સૈયદ ઈમામશાહને પરમેશ્વર તરીકે માનીએ છીએ પણ તેમણે તો પીરાણાના જ શાસ્ત્રોમાં ફરમાન કાઢેલું છે કે **"હું કોઈને તારવાનો નથી, મેં કોઈને પાર ઉતાર્યા નથી, સૌ સોના કર્મના આધારે પાર પામશે."** આમ છે તો પણ આપણે આ સિદ્ધાંતને કોરે મુકી દઈને એટલી બધી લાલચમાં લપટાયા છીએ કે, લક્ષ્મણકાકા અને સૈયદોને તે દરજ્જો આપી આપીને આપણી આંખ આગળ આપણી વહુ બેટીઓને પગે પાડીએ છીએ અને તેના આશીર્વાદ મેળવીએ છીએ.

સ્ત્રીઓનો ધર્મ પતિની સેવા કરવાનો છે. પતિ-ધણી પુરૂષનો ધર્મ પરમેશ્વરની સેવા કરવાનો છે. સેવાનો અર્થ માળા જપવાનો નથી. તેના ફરમાનો-હુકમો પાળવાનો છે. ઘડી ભર એમ આપણે માની લઈએ કે :-

એક ડોસાને બે દીકરા હતા. એક છોકરો હાથમાં માળા લઈને પિતા પિતા કર્યા કરે અને બીજો દીકરો બાપ કહે તેમ કરે-બાપ કહે તેમ કામ બજાવ્યા કરે. હવે એ બેમાંથી કયો પુત્ર-છોકરો આપણે પ્રિય માનીશું ? બેશક જે પિતાનું કામ બજાવે તેજ પિતા રૂપી પ્રભુની આજ્ઞા બજાવવા-પાળવા વગર આપણે સ્વર્ગમાં જવાની શ્રદ્ધા રાખી ને

૧૦.૩ - પાટીદાર ઉદય - અંક ૩ - વિ. સં. ક. ૧૯૮૦ ભાદરવો (Sep-1923)

"ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને સાધુડા-સૈયદોને સેવું" આપી રહ્યા છીએ. કેટલી ભુલ, પ્રભુએ આપેલી મનુષ્ય દેહની બક્ષીસનો આમ ઉપયોગ કરશું તો પછી પાછા કેરામાં પડ્યા સમજજો. ભક્ત મહાત્માઓ કહી ગયા છે કે :-

ગંગા કે સાગરમાં નાહી,
કરે વ્રત તપ ભારી,
જ્ઞાન વિના સો જન્મે,
પણ મોક્ષ ન પામે નરનારી

લક્ષ્મણ કાકાએ દાઢી વધારવામાં પોતાનો વખત ગુમાવ્યો છે, તેટલો જ જ્ઞાન વધારવામાં ખપાવ્યો હોત તો એક પહેલા વર્ગના સાધુની ગણતરીમાં ગણાત. તેમાં એનો દોષ નથી હિંદુસ્તાનમાં હિંદુઓ ઉપર છપ્પન લાખ સાધુઓ બોજા રૂપ છે તેમાં લક્ષમણકાકા પણ આવી ગયા છે. જ્યારે આપણે ચેલાઓ સાધુઓ પાસેથી જ્ઞાનનું કામ લેતા થઈશું, તે ઘડીએ જ મઠો મંદિરો સ્થાપેલા (સાધુઓના એશ આરામના સાધનો) તડોતડ તૂટી પડશે તે દિવસ ધન્ય હશે કે ફક્ત એક જ પરમાત્માની પૂજા થશે. જ્યાં સુધી નબળાઈની નિશાની રૂપ સાધુ કહેવાતાઓની આપણે પૂજા કરી રહ્યા છીએ ત્યાં સુધી સ્વર્ગ હજી પાછળ છે.

મેં સાંભળ્યું છે કે કચ્છ પ્રાંતની ૪-૫ લાખની વસ્તીમાં એક આની ભાગ પીરાણા પંથના મોહમાં ફસાયેલા છે." તેઓને ખબર નથી કે "એક કુવાના દેડકાની પેઠે આપણે આખી પૃથ્વી તેમાં દેખીએ છીએ." પણ જો બહાર નીકળીને તપાસીએ તો તેનાં કરતાં તો તળાવ મોટું છે. તો સમુદ્રની સીમા જુઓ તો આંખ કહ્યું ન કરે. આપણને ખબર હોવી જોઈએ કે સૈયદ ઈમામશાહ એક ફકીર સ્થિતિનો માણસ હતો. પોતાની ચાલાકીથી અને આપણી અજ્ઞાનતાનો લાભ લઈને આપણને પૈસાથી ચુસી ચુસીને આપણને ખોખરા ફકીર જેવા કરી મુક્યા ને પોતે સંસારી થઈ રહ્યો. આપણી પેઠે છોકરાં છૈયાવાળો થયો. ને બળી મૂવા પછી પણ પોતાની ઓલાદ (સૈયદો)ને વારસો મુકતો ગયો. જે આપણે આંખ મીચીને હજી પણ પૈસા આપી રહ્યા છીએ.

જેને પોતાના કર્મ ઉપર ભરોસો છે, તેના ગુના તો માફ થઈ શકતા જ નથી એવો જેને સંકલ્પ છે તેને **અમી-પાવળની ગોળી** પીવા ઉપર ઈંટ અને ચુનાથી બનાવેલી કબર ઉપર વિશ્વાસ નથી. આપણે મુવા બાદ આપણી કબરને ચુના અને ઈંટથી ચણી લેવામાં આવે, ઉપર ફુલો ચઢે, પણ ઈશ્વરના દરબારમાં તે કબર ઉપર પાણી પણ ન છંટાય.

"જે ઈસમાયલી પંથના પીર શદરૂદીને હિંદુઓને બલકે લોહાણા-ભાટીઆઓને વટલાવી ખોજા બનાવ્યા. તેના પુત્ર **કુતુબુદ્દીન** ઉર્ફે કબીરૂદીનના પુત્ર હઝરત ઈમામશાહે મુલતાનથી ગુજરાતમાં આવીને ઘણા હિંદુઓને (ઉચ્ચ નીચ) મુસલમાન બનાવ્યા. એ અમદાવાદ પાસે પીરાણા ગામમાં રહેતા હતા અને એની કબર ગીરમથામાં છે **મતીઆ કે ખોજાઓ તથા મુમનાઓના ધર્મ સંબંધી મત તથા આચાર વિચારો કેટલેક ભાગે** મળતા આવે છે.

મીરાં તે અહમદીના લેખકનો મત એવો છે કે આ મુમના, મતીઆ, અથવા આઠીયા પંથમાંથી એક શાખા તરીકે ખોજા થયેલા મતીઆ કણબીમાંથી (જલાલપુર, બારડોલી તરફના) વટલેલા, અને કેટલાક અમદાવાદ

તરફના કાછીઆઓ જોકે બીજી બધી રીતે હિંદુ રીત રીવાજ તથા ધર્મને વળગી રહ્યા છે. તો પણ તે પીરાણાના રોજા તથા ઈમામશાહ સૈયદની કબરને પૂજે છે અને પોતાના મુડદાને બાળતી વખત જમણા હાથના અંગુઠાની પાસેની આંગળીનું ટેરવું કાપી લઈ એ રોજાની નજદીકમાં દાટવાને માટે રાખી મુકે છે.

બાકરઅલી નામના પીરાણાના સૈયદ ઈ.સ. ૧૮૪૩-૪૪માં ગુજરી ગયા, તેમણે પણ ગુપ્ત રીતે ઈસમાયલી-મુસલમાન અને બહારથી હિંદુ રહે તેમજ શિક્ષણ રહેવા દીધું. પણ સદ્‌ભાગ્યે આપણા ઉપર પ્રભુની કૃપાથી તેજ સૈયદ ઈમામશાહના કેટલાક શુદ્ધ સંતાનો(સૈયદો)ને સદમતિ આવી છે. "કે પીરાણા મત-પંથ તો મુસલમાની છે." તેમનો આ જગ્યાએ આભાર માનવો ઘટે છે કે આપણને જાગૃત કર્યા છે. તે વાત ગત અંકમાં હું મારા લેખ (આપણો મોહ) માં આપી ગયો છું છતાં આ લેખમાં બીજી વારથી કહું છું કે જે સૈયદોને ધન, અભિમાન અને માનનો મોહ નથી, તેઓ બેશક ખરેખરી શુદ્ધ વાત બતાવી દે અને પીરાણાંઓને જાગૃત કરે. તેઓ આપણા મિત્ર તરીકે માનવા યોગ્ય છે. લક્ષ્મણ કાકાએ આ વાતથી આપણને અંધકારમાં રહેવા દીધેલા. એના જેવો જ્ઞાતિ દ્રોહી-ધર્મદ્રોહી કોણ હોઈ શકે ? જો એને પોતાની આબરૂનું ભાન હોય, તો પછી **"કાકાને ગુલામ"** કહ્યા પછી પણ ગાદીનો મોહ રાખી શકે ? કોઈ પણ સાંખી શકે જ નહિ એ તો લક્ષમણ કાકાને જ શોભે. પણ એક દિવસ એવો આવશે કે જ્યારે આપણે પીરાણા પંથને અને કાકા-સૈયદોને તજી દઈશું. પ્રભુ આપણા પીરાણાપંથી ભાઈઓને સત્વર સદ્‌બુદ્ધિ આપો કે જે ખરો વૈદિક ધર્મ હતો તેને પુન ગ્રહણ કરે.

શાકબજાર-અમદાવાદ | **લી. આપનો સેવક**
તા. ૧૨-૦૯-૨૩ | **રણછોડદાસ દલસુખરામ ભગત**

સત્ય માર્ગ સનાતન ધર્મ

(લેખક : મૌજી મહાજન)

ગયા અંકના પાને ૨૦થી ચાલુ)

મરઘાંબાઈ- ભલા તમારું નામ તો છે લખમાંબાઈ ને તમને કહે છે બધાએ લક્ષ્મીબાઈ તે એવું તો અમે આપણી નાતમાં કયાંયએ નામ નથી સાંભળ્યું.

લક્ષ્મીબાઈ- હા ! બેન તમારું કહેવું ખરું છે, પણ એ બંને નામમાંથી તમને કર્યું નામ સારૂં લાગે છે, બા ?
મરઘાં- લ્યો ! વળી સારૂં નરસું તે એમાં હું શું જાણું ? પણ લક્ષ્મી નામ તો આપણને ન પરવડે બોન ! જુઓને ઈતો જાણે બધાંએ અવર (બીજી) નાતનાં નામ તે આપણે કણબણોને કેમ હારાં લાગે ?

લક્ષ્મી- સારાં શા માટે ન લાગે બેન ? આપણા શાસ્ત્રો કથાઓમાં તમો સાંભળશો તો શ્રી વિષ્ણુ ભગવાનના સ્ત્રીનું નામ લક્ષ્મી દેવી એટલે તે નામનો તો આપણી સઘળી હિન્દુ જ્ઞાતિઓમાં પ્રચાર છે. અને તેનું કારણ એવું છે કે એવાં દેવ દેવીઓનાં નામ આપણને કલ્યાણ કારક છે. તેમના સત્ય વર્તન પ્રમાણે આપણે સુનીતિએ વરતવાનું

છે. ખાલી તેમના પવિત્ર નામો ધારણ કરી અન્ય રસ્તે ચાલવાનું નથી. બેન ! એમાં તો આપણે ઘણી રીતે સમજણ લેવા જેવું છે. હાલમાં આપણી જ્ઞાતિમા એવું બધું ભુલી જવાયું છે, અને તેનું કારણ પણ એજ કે મુળ આપણે આપણા સત્ય માર્ગ સનાતન ધર્મને તજી દઈ અર્ધદગ્ધ પીરાણા પંથમાં પડી ગયા, એટલે ધીમે ધીમે આપણામાંથી સત્યતાના સંસ્કારો પણ ટળી ગયા, ત્યારે બા !! હવે આપણને એ સંબંધી ભાન થયં છે, તો આપણે આપણા નિતી ધર્મ સંબંધી ઘણું જાણવાનું છે જુઓ બેન !! હું તમને એટલું જ પૂછું છું કે, તમારા આ પીરાણા ધર્મના ગ્રંથો-શાસ્ત્રોમાં કે પીરાણા પંથની કથા ઇતિહાસોમાં કોઈ સતી સ્ત્રીઓનાં ચરિત્ર તમો સાંભળ્યા છે ? આપણે સ્ત્રી જાતિના શું શું ધર્મ છે ? આપણે પતિ પ્રત્યેની શી શી ફરજો અદા કરવાની છે ? આપણું ગૃહસ્થાશ્રમ આપણે કેવી રીતે ચલાવવું જોઈએ ? આપણા જીવન સાર્થકનાં આપણને શા શા સાધનોની જરૂર છે ? બાળકોની તંદુરસ્તી જાળવી તેમને કેળવણી આપણે કેવી રીતે આપવાની છે. એ વગેરે કંઈ પણ તમે તમારા પીરાણા પંથનાં પોથાંઓમાંથી કોઈવાર પણ સાંભળ્યું કે જાણ્યું છે ? જુઓ આપણા હિન્દુ ધર્મના પુસ્તકોમાં તો એવાં એવાં અનેક ચરિત્રો, આખ્યાનો મળી આવે છે. તેનો આપણે સાર ગ્રહણ કરી તે રસ્તે ચાલીએ તો આપણે પણ એ દેવીઓના બરોબર થઈ પૂજ્ય ગણાતાં થઈએ. તમે જોશો તો બેન આપણા હિન્દુ ધર્મના કેટલાંક બૈરાંઓ અને નાના નાના બાળકોને એવા સંસ્કારો પડેલા છે કે તેઓ શુદ્ધ સનાતન ધર્મને રસ્તે નિતીમય વાર્તાઓ કહે નિતીમય બોલવું અને નીતિને રસ્તે ચાલવાનું શીખે પણ બેન ! તમારા પીરાણા પાખંડી પંથમાં તો વધારેમાં વધારે **ફરમાનજી બીસમીલ્લાહ અને લાહેલાહ** સિવાય કહો જોઈએ કાંઈ સાંભળ્યું છે ?

મરઘાં- લ્યો ! એમાં તે વળી શું જાણવાનું હતું એ તો બધુંએ અમને આવડે છે. આપણે બાયડીઓનું કામ તે વળી બીજું શું હોય ? ભાયડાને રાંધી ખવરાવવું ને વાડીએ કે ખેતરે ભતાર લઈ જવું, ને ચોપાનાં છાણ વાસીદાં કરવાં, ને ગાયો ને ભેંસું હારૂં ચરો લઈ આવવો, ને વળી બહુ જ તો સીમમાંથી ઈંધણાંની ભારી કરી આવવી તે વગર બીજી આ વાતુમાં તો અમે જરાય નથી હમજતાં. આવળી ફંદને ફતુરનું તે પીરાણા ધર્મમાં કાંઈ લખ્યું હોય ? તેમ વળી આપણને એટલી નવરાશે ક્યાંથી હોય કે હાંભળવાએ બેહીએ, અમે તો જમારાત (ગુરૂવારની રાત) નાં ખાને થાળ લઈ જઈએ છીએ ત્યારે ત્યાં હાંભળીએ છીએ કે :-

સર્વે બાઈ ભાઈ એક એક દોકડો મુકીને દર્શન કરજો. આજ કળજુગમાં આજ દર્શન હાચાં છે. જુઓ માંહે **ધલધલ ઘોડો** બીજો સિંહને ત્રીજું ત્રધારું ખાંડું છે, જે ખાંડુ શાહોજી હાથમાં લેશે **ધલધલ ઘોડા** માથે ચડશે તઈએ કલજુગ ભરાશે, તેથી એ નિશાન આપણા શાહોજીએ આપણને આગળથી વતાડ્યાં છે. તેથી બધાએ દર્શન કરવા જોઈએ. જો દોકડો રોકડો ન હોય તો જાર (જુવાર) બાજરો, ઘઉં કે જવ જે ધાન ઘરમાં હોય તે લઈ આવીને પણ દર્શન જરૂર કરવાં જોઈએ. જેથી આપણો સતગુરૂ ઈમામશાહ રાજી થશે ને આપણા બધાઓનો ઓધાર, ને આપણે જે ગુનાઓથી ચોર કર્યા હશે તે બધાએ છોડશે.

લક્ષ્મી- વહારે બેન ! મરઘાબાઈ !! ત્યારે તો તમને બધુંએ આવડે છે. વહારે ઈમામશાહ તને પણ શાબાશ છે, કે કેવાં બીચારાં મેઢાં જેવા માણસોને ભણાવી મુક્યાં છે. અરે ! બેન !! એ તમારે ધલધલ ઘોડે અને ત્રધારે ખાંડે તો તમોને આજે પાયમાલ કરી મુક્યા છે, જુઓને આજે આખી સૃષ્ટિમાં તમારી જેમ હડધુત કોઈ થાય છે ? જ્યાં

જાઓ ત્યાં મુમના, મતીઆ, અરે ઈસમાયલી વટલેલા વગેરે વાતું વગર બીજી કોઈ વાત તમો સાંભળો છો ? જ્યાં જુઓ ત્યાં તમારા પીરાણા પંથની જ મોકાણ છે. ઘરે દરબારે જ્યાં જુઓ ત્યાં એજ તમારા પીરાણા પંથની જ પીંજણ પીંજાઈ રહી છે. તો પણ હજી બાઈ તમે કાંઈ આંખ ઉઘાડો છો ?

બેન ! જરાક વિચાર તો કરો ? તમારા પાસામાં રહેતાં મહાજનોના કોઈ માણસને પુછી તો જુઓ, કે તમારું પીરાણા ધર્મ કેવું છે ? અને તેમાં ધલધલ ઘોડો ને ખાંડુ (તલવાર) તેમજ તમારા પાવળની ગોળીએ તો તમારી દુર્દશા કરી છે બેન !?

મરઘાં-બોન લખમાં બાઈ ! તમે કો રહ્યાં તે તો બંધુએ હું એ હમજું રહી અમારા ભાણીઆનો બાપ એક દી ઘરે રહ્યા હતા, તઈએ કેતા હતા કે હવે આપણે પણ સૈયદને વરહોંદી (વરસોદી*) દેવી ન જોઈએ અને કાકાઓને પણ પીરાણે પૈસા મુકવા ન જોઈએ એમ ખાનામાં મુખી વાત કરતા હતા, કે આપણા પરદેશવાળા મંડળવાળા છાપા કાઢે છે. તેમાં લખે રહ્યા કે સૈયદો અને કાકાઓ આપણો ધર્માદાનો બધો પૈસો કોર્ટોમાં વાપરે રહ્યા. કેસ હલાવી વકીલોના ઘર ભરે રહ્યા આપણે જે સદાવ્રતનું કહીએ છીએ ઘેગું ચડવાની વાતો કરીએ છીએ તેનું તો મુખીઓ ખાનામાં જમારાતે વાત કરતા હતા કે હવે કળજુગ તો બધા માંહે વ્યાપી ગયો છે. કાકાએ પગ મુકી દીધા, ને ઊંધા ધંધા કરવા મંડ્યા છે. તેમ સૈયદોએ તો હવે બિલકુલ જરાએ માજા રાખી નથી. જ્યાં જુઓ ત્યાં હડકુતો થઈ રહ્યા છે, તેથી પીરાણે પૈસો મુકવામાં હવે જરાએ સાર નથી. પણ શું કરીએ ઓ બધી કોમ હૈયા હમજે તેમ નથી.

લક્ષ્મી-લ્યો ! બાઈ ?! હવે કોણ ખોટું છાપાવાળા કે તમારા કાકા કે સૈયદો કહો જોઈએ બેન ?

મરઘાં- મુકોને કરશે તે ભરશે, એમાં આપણે શું, આપણે તો ધર્માદા દઈએ રહ્યા પછે ભલે ગમે ત્યાં ફગાવે તેમાં આપણને શું ?લ્યો બાઈ હવે હું જાઉં રહી. હજી પાણી ભરવું છે, હજવારી (ઝાડું) કાઢવી છે. તે કાઢશું ત્યાં હુદી દિવસ પણ આથમી જશે.

લક્ષ્મી-બેસોને જવાય છે. બેન મરઘાં બાઈ આહીં તો તમને કાંક વિસામો મળે છે પણ દેશમાં તો ઘણું કામ કરવું પડતું હશે કેમ ?

મરઘાં-બાઈ દેશની તો વાતે શું કરીએ હવારમાં પરો (પોહો) ફુટે કે ન ફુટે ત્યાં તો ઉઠવું પડે તે ઉઠીને ઘેંટી માંડવી તે પાંચ છ પાલી ધાન દળી લઉં ત્યાં હુદી તો ઓણી કોર મુઆં છોરાં ઉઠે તે તો રો કકળ કરી મુકે. તેને હમજાવી ધવરાવીને ચોપાંને ખાણ મુકું, ગાય, ભેંહને દોહું (તો એ છાંય તો અમારો વરહોદીઓ કરે છે), પણ તેના ઠામણાં ઠીકરાં ધોવાં પડે નાં ! ત્યાં બીચારા માણસ છાય લેવા આવે તેને છાંય દેવી તે દઉં ત્યાં હુદી ગાયુ છોડવાનું ટાણું થાય તેને અઢાવું, ત્યાં હુદી શીરામ ભરવાનું ટાણું થાય તે ભરી તૈયાર કરૂં.

લક્ષ્મી- વાહ રે બેન ?! એટલું બધું કામ કે બે ઘડી બેસવાની એ ફુરસદ ન મળે ? ઘણી કામગીરીને લીધે તમોને દાંતણ પાણીનીએ ઘડીની ફુરસદ નહીં મળતી હોય કેમ ?

(*વરસોદી એટલે જેણે સૈયદોને ગુરૂ કર્યા હોય તેણે દર વર્ષે ઘરના માણસ દીઠ સવા રૂપીયો આપવો તે.)

૧૦.૩ - પાટીદાર ઉદય - અંક ૩ - વિ. સં. ક. ૧૯૮૦ ભાદરવો (Sep-1923)

મરઘાં- અરે દાંતણ કરવા તે વળી ઘડી પા ઘડી નવરાંતે બેસી શકાય ? એ તો મોંઢામાં દાંતણ કંઈ ચાવ્યું ન ચાવ્યું ને કઈ એક તો એમ જ પાણીનો કળસીઓ લીધો હાથમાં ને કર્યા બે કોગળા એટલે પત્યું કામ. કંઈ એક તો તેટલી વારમાં વળી બે ત્રણ બીજાંએ કામો પતાવી લઉં છું જો નવરાંતે દાંતણ કરવા બેહું તો દી એમ જ ચડી જાય. તેથી કામથી પરવારીને કંઈએ વાડીએ જવું. ઈયાં તો કેટલીક વાતે ઘણુએ હારૂં છે.

લક્ષ્મી- એમ છે ! ત્યારે તો બેન તમને કાંઈક શાન્તિ વિસામો મળે છે ખરો ! વાહ ! વાહ ! હવે તમો ઘરનું કામકાજ પણ બહુ જ શાન્તપણે કરી શકતા હશો ? ભલા બેન ! દેશ કરતાં આંહી તમોને દરેક રીતે સારું લાગે છે કેમ ?

મરઘાં- ઈયા તો ઠીક છે આપણા કમાવા વાળાને જ્યાં ધંધો હોય ત્યાં આપણે પણ રહેવું જ જોઈએ ના ?

લક્ષ્મી- ધન્ય છે બાઈ એજ સંસ્કારોના લીધે તમો પણ સુખી થવાના છો, આપણા સનાતન હિન્દુ ધર્મનો મુખ્ય પાયો જ પતિ વૃત છે. આપણો સ્ત્રી વર્ગનો મુખ્ય ધર્મ એજ છે કે પતિના સુખે સુખી ને પતિના દુઃખે દુઃખી. તેમની રહેણીકરણી પર જ આપણાં વર્તનની જરૂર છે. તેમની સગવડે જ આપણી બધી સગવડ તેમની આજ્ઞામાં રહી હમેશાં તેમના દરેક કાર્યમાં અનુકૂળતા આપવી એમાં જ આપણા ધર્મનું સાર્થક સમાયેલું છે બેન !
(અપૂર્ણ)

ગેઢેરાઈ અમારી છે.

લેખક : શીવજી કાનજી પારસીયા

બળો કાં જોઈને અમને, ગેઢેરાઈ અમારી છે
ડરીશું ના અમો તમથી, ગેઢેરાઈ અમારી છે.....૧

અમારા રોમ રોમે હાં ગેઢેરાઈ તણી છાપો,
ફીટાડી ના કદી શકશો, ગેઢેરાઈ અમારી છે...૨

અમારી ખાસ આજ્ઞાને, ખુશીથી સૌ સ્વીકારી લ્યો,
નહીં માનો તો પસ્તાશો, ગેઢેરાઈ અમારી છે...૩

કરીશું ન્યાત બહારે ને, વળી સગપણ તોડીશું,
લડીશું પંચના પૈસેથી, ગેઢેરાઈ અમારી છે...૪
કરાવા છુટકા તે તો, અમારો ખાસ ધંધો છે,
તજીએ જીવ જાતાં ના, ગેઢેરાઈ અમારી છે...૫

અગર ખાવા†જો નહિ મળશે, કદાપી મોચડાં જડશે,
મુબારક હો ગેઢેરાઈ ગેઢેરાઈ અમારી છે...૬

અમારા વંશજોને પણ, દઈશું વારસા નામું
ગેઢેરાઈ ગરજ શાની, ગેઢેરાઈ અમારી છે...૭

સભાઓ નોટીસો પરીષદ ઠરાવોની નથી પરવા,
હુકમને હુંડી અમ હાથે, ગેઢેરાઈ અમારી છે...૮

અમારા પેટમાં પૈસો, પીરાણાની હુંડી નો છે,
અમોને માન આપે સૌ ગેઢેરાઈ અમારી છે...૯

તમોથી શું થવાનું છે, જબર સત્તા અમારી છે
અમોથી સૌ રહ્યા ધ્રુજી, ગેઢેરાઈ અમારી છે....૧૦

સુધારો થાય પળમાં પણ, અમારા પેટ ખોટાં છે.
તમારી વાત સાચી હાં ! ગેઢેરાઈ અમારી છે...૧૧

*(ગેઢેરાઈનો હક†હુંડી એટલે ધર્માદાના નાણાં + કરોડોબાર એટલે પીર સોદરદીન આખરને દહાડે બાર કરોડનું ભારણું ભરશે (સ્વર્ગ કે નર્કનું તે તો તે જાણે)

તમારૂં સાચવી બેસો, અમોને હાં ! વગોવોનાં,
ગરીબોને સતાવા દયો, ગેઢેરાઈ અમારી છે...૧૨

જ્ઞાતિનું લોહી પીવાને, અમોએ જન્મ લીધો છે,
અમોને એજ સારું છે, ગેઢેરાઈ અમારી છે...૧૩

મરીને જવાબ દેવો છે, પીરાણા પોલં પોલ ને,
કરોડો બાર+કરવા છે, ગેઢેરાઈ અમારી છે...૧૪

અમારી આપ ખુદીને તમે ખુલ્લી ઘણી પાડી.
હવે તો ચૂપ થઈ રહીશું ગેઢેરાઈ અમારી છે...૧૫

પાટીદાર જ્ઞાતિના એક રત્નનું અકાળે અવસાન

અમોને લખતાં અત્યંત દીલગીરી થાય છે કે ગયા શ્રાવણ માસની વદ, ૧૪ની કાળી રાત્રે આપણી જ્ઞાતિના પૂર્ણ ભક્ત અને સુધારક મંડળના સાચા સલાહકાર તેમજ કચ્છ કડવા પાટીદાર સુધારક યુવક મંડળના ઉપપ્રમુખ, કચ્છ નખત્રાણા નિવાસી ભાઈ ખેતા ડોસા પોકારનું મહાદુષ્ટ પ્લેગના રોગથી અકાળે મૃત્યુ થયું છે. આ ખબર સાંભળતાં સુધારક ભાઈઓમાં અરે ! કરાંચી નિવાસી આખી પાટીદાર જ્ઞાતિ અને અન્ય જ્ઞાતિનાં માણસોમાં ભારે દીલગીરી ફેલાઈ ગઈ હતી. તેથી તે દિવસે સર્વ સુધારક ભાઈઓએ પોતાના કામ ધંધા બંધ કરી સ્વર્ગસ્થના શબને છેલ્લી મંજીલે પહોંચાડવાને માટે તેમના ઘેર ભેગા થયા હતા. તેઓશ્રીના શબને સ્મશાન યાત્રાએ લઈ જતી વખતે સવાસોથી દોઢસો માણસો સ્મશાન સુધી સાથે આવ્યા હતા ત્યાં તે શબને અગ્નિદાહ કરતી વખતે ભારે દીલગીરી જાહેર કરી હતી.

મરહુમ આપણી જ્ઞાતિના એક ચુસ્ત સુધારક હતા. દેશાટન કરી સારું જ્ઞાન અને પથ્થરના શિલ્પી કામનો સારો હુનર હાથ કર્યો હતો. તેઓશ્રીએ આજ લગભગ ત્રણ ચાર વર્ષથી હાથે કામ કરવું મૂકી દઈને કરાચીના પ્રખ્યાત મિલિટરી કોન્ટ્રાક્ટર શેઠ શીવજી ગણેશના પાસે મિસ્ત્રી તરીકેની નોકરી કરતા, શેઠશ્રી પાસેથી એક સારા કોન્ટ્રાક્ટર જેટલું જ્ઞાન મેળવ્યું હતું, તેથી તે હાલ છ સાત માસથી ખાસ ભાગીદાર કું. કરી પોતાના નામ ઉપર કોન્ટ્રાક્ટના કામો લેવા લાગ્યા હતા (જેમાંના બે ત્રણ કામો હાલમાં ચાલે છે) અમો સર્વને આશા હતી કે આ માણસ થોડા દીવસમાં બાહોશ કોન્ટ્રાક્ટર થઈ જશે. પણ તે વિધાતાને નહીં ગમવાથી અને આપણી જ્ઞાતિના સુધારકોનાં નસીબમાં ઓછપ હોવાથી કાળચક્રના પવનથી આ દીવો હોલવાઈ ગયો.

ગયા વીવાને વખતે અમોએ તેમના પાસે હસતાં હસતાં વાત કરી હતી કે આપણે કચ્છમાં બધા ભાઈઓ ભેગા થઈશું. તેથી જો તે વખતે પરિષદ ભરીએ તો કેમ ? આટલી અમારી વાત સાંભળતાં જ એ વીર નરના હૃદયમાં એક નવીન જાતનો આનંદ પેદા થયો અને કરાંચી મુંબઈવાસી તેમજ હૈદ્રાબાદ વગેરે પરદેશમાં વસતા આપણા સુધારક ભાઈઓ સાથે વાટાઘાટ કરીને સૌને એકમત કરી કચ્છમાં પરિષદ ભરવાનું નક્કી કર્યું હતું અને અત્રે

તૈયારી કરવાને તે વખતના સુધારક મંડળના સેક્રેટરી ભાઈ શીવજી કાનજીને કહી પણ દીધું હતું કે તમો કચ્છમાં પરિષદ ભરવાને માટે તૈયારી કરો. જેથી અત્રે ભાઈ શીવજીએ સર્વે ભાઈઓને તૈયાર કર્યા હતા અને બહુ જ ઉત્સાહથી અમો સર્વે કચ્છમાં ગયા હતા. પણ પ્રભુની અવકૃપાથી વીવાના મામેરાને સામૈયા કરતાં ત્યાં દારૂ સળગવાથી તેમાં તેમના કુટુંબના માણસોને ઈજા થઈ હતી. જેથી સર્વથી વધારે તેમના ચિરજીંવીને અને તેમને થઈ હતી. જેથી તે દાઝવાથી તેમના એકના એક પુત્રનું મરણ થયું હતું, તો પણ પુત્ર વિયોગને નહિ સંભારતા અને પોતાના શરીરે અતિશય પીડા હોવા છતાં પણ મુખેથી હંમેશાં એજ ઝંખના હતી કે **“પરિષદની તારીખ કઈ નક્કી કરી છે”**? અહાહા ! આ તેમના બોલ જે વખતે અમો યાદ કરીએ છીએ તે વખતે અમારી આંખોમાંથી દડદડ આંસુ વહેવા લાગે છે કે કેટલી તેમની જ્ઞાતિ ભક્તિ અને કેટલી તેમની હિંમત !! ધન્ય હો આવા વીર નરને.

અમો ત્યાંથી કરાંચી આવ્યા ત્યાં તો પાછળથી તેમની એકની એક પુત્રીના પણ મરણ સમાચાર આવ્યા. અમો તે સાંભળીને અતિશય દિલગીર થયા, પણ તેઓશ્રીએ બિલકુલ ઓછું ન આણતાં એકદમ હિંમતમાં રહીને આગેવાન થઈને જ્ઞાતિ સુધારવાનું કામ કરવા માંડ્યું. જેમાં “પાટીદાર ઉદય” માસિક પત્ર કાઢવાની સલાહ પણ તેઓ શ્રી એ જ અમોને આપી હતી અને ભાઈ શ્રી ખીમજી શીવજીની સાથે મસલત કરીને ઉદય ના માટે મદદ પણ તેઓ શ્રીએજ મેળવી આપી. જેનો એક અંક બહાર પડે તેટલામાં તો તેમનાં ધર્મપત્ની બાઈ હીરબાઈનો પણ સ્વર્ગવાસ થયો. (જેના ખબર આગળના અંકમાં આવી ગયા છે) હવે તેમના ઉપર પૂરેપૂરી આફત આવી પડી. સ્નેહી વર્ગ તેમને કોઈ વખતે કહેતા કે “ઘણું ખોટું થયું” આ સાંભળી તેઓ શ્રી એટલો જ જવાબ દેતા કે “નારાયણની મરજી એમાં આપણાથી શું થાય?”

આવું દુઃખ હોવા છતાં પણ તેઓએ તેને બિલકુલ કોઈ વખતે યાદ કર્યું ન હતું પણ હિંમતથી જ્ઞાતિ સુધારાના કામમાં હવેથી પૂર્ણ વખત આપવા લાગ્યા હતા. તેઓ શ્રી બહુ જ મળતાવડા સ્વભાવના અને માયાળુ હતા, હમેશાં અમોને જ્ઞાતિ સંબંધી સુધારાની સલાહ આપતા હતા.

અહાહા !!! આ વીરનરની અમો કેટલી વાતું યાદ કરીએ ધન્ય છે તેમની હિંમતને **“પ્રભુ અમારી જ્ઞાતિમાં ભક્તો પેદા કરે તો આવા જ કરજે”** પોતાનું ઘર ભંગ થયું, સંતાનો વગરના થયા, તો પણ તેમના મુખ ઉપર ક્યારે પણ ઉદાસીનતા જોવામાં આવી નહોતી, તે હંમેશા આનંદથી રહેતા, ને મુખથી કહેતા કે :

ભલું થયું ભાંગી જંજાળ,
સુખે સુધારીશું જ્ઞાતિબાળ

તો પણ ઈશ્વરને ન ગમ્યું અને અંતે શ્રાવણ સુદ ૧૪ની ઘોર રાત્રીના દોઢ વાગ્યે પોતાના કુટુંબીઓ અને સ્નેહી

..........•..........

મંડળને રોતા મૂકી આ ફાની દુનિયામાંથી ચાલ્યા ગયા છે. પ્રભુ તેમના અમર આત્માને શાંતિ આપો, અને તેમના કુટુંબીઓને તેમનો વિયોગ સહન કરવાની શક્તિ આપો. એવી પ્રભુ પ્રત્યે અમારી પ્રાર્થના છે !

હા ! વજ્રપાત ! ભાઈ ખેતાભાઈ ડોસા પોકાર !

ઓ પરમાત્મન્ તમે આ શો ગજબ કર્યો ? આવો અણધાર્યો વજ્રપાત કડવા પાટીદાર કુળ ભૂષણ, ઉત્સાહી વીર નર, આ સંસારથી વિદાય થઈ આપના ચરણોમાં વાસ કરે છે.

ઓ પરમાત્મન્ જેની અહીં જરૂર છે. તેથી આપને ત્યાં પણ જરૂર છે.

મરનાર સ્વજ્ઞાતિ હીતચિંતક સ્નેહ પૂર્ણ એક યુવાન નર આજ સંસારરૂપી સમુદ્રની મુસાફરી પૂરી કરી, કાળચક્રના શરણે થઈ દેશ વિદેશના પરિવાર ભાઈ, ભત્રીજા, સ્નેહી મિત્ર મંડળને દુઃખના સાગરમાં ડુબાડી સંસારથી વિદાય થયો છે. તેમના ધર્મપત્નીનું અવસાન પણ નજીકમાં આજ વર્ષમાં થયું છે (જેની નોંધ પાટીદાર ઉદયમાં આવી ગઈ છે.)

મરનારની દીલગીરી સર્વ કોઈ ખેદ પૂર્વક કરે છે. તેના સમાગમમાં આવી ગયેલા પ્રત્યેક આ વજ્રપાતના બનાવથી હે રામ ! હે રામ !!! તારી મરજી પોકારી બળજોર નથી એમ સ્વમુખે વદી રહ્યા છે વદી, રહેશે ?

મરનાર યુવાન. ભણેલ વક્તા, તથા જ્ઞાતિ માટે સદૈવ લાગણી ધરાવનાર ફીકર રાખનારો શાહુકારોની નિસ્બત ધરાવનાર, સુખી જિંદગી ગાળી પરમાત્માને શરણ થયો છે.

ગત્ કડવા પાટીદાર પરિષદમાં તથા નખત્રાણાની સભામાં જહેમત ઉઠાવી જ્ઞાતિકીય વિષયમાં રસપૂર્વક ભાગ લીધો હતો. ઓ ! પરમાત્મા દેવ તેના આત્માને જ્ઞાતિકીય ભાવના પુનર્જન્મમાં પણ આપશો એવી પ્રાર્થના છે.

છેવટે પરમ દયાળુ સર્વાધાર સર્વ શક્તિમાન જગદીશ્વર મૃત આત્માને શાન્તિ બક્ષવાની સંગાથે પાછળના દુઃખીત પરિવારને આ વજ્રપાત સમાન વ્યથા સહન કરવાની શક્તિ અર્પો એજ અભ્યર્થના સાથે વિરમતો.

હું છું મૃત આત્માનો મિત્ર.

રામજી વિ. વાલજી

ઘાટકોપરમાં શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળની શોકદર્શક

જાહેર સભા

સ્વર્ગસ્થ જ્ઞાતિ બંધુ કરાચીમાં સ્થપાયેલ શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળના કાર્યવાહક તથા શ્રી કચ્છ દેશના કડવા પાટીદાર જ્ઞાતિની કરાચીમાં મળેલી બીજી પરિષદના સ્વાગત મંડળના પ્રમુખ રા. રા. ખેતાભાઈ ડોસા પોકાર ગામ નખત્રાણાવાળાના અકાળે સ્વર્ગવાસ થવા માટે દીલગીરી દર્શાવવા ઘાટકોપરમાં વસતા કચ્છી કડવા પાટીદાર બંધુઓની એક જાહેર સભા તા. ૧૮-૯-૧૯૨૩ના દીવસે શેઠ ઉમરશી રાયશીના કંમ્પાઉન્ડમાં રા. નારાયણજી રામજીભાઈના રહેવાના મકાને મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન રા. રા. રતનશીભાઈ કરશન ગામ ગઢશીશા વાળાને આપવામાં આવ્યું હતું.

શરૂઆતમાં સભાના પ્રમુખ રા. રતનશીભાઈ કરશને મર્હુમ ખેતાભાઈ ડોસા પોકાર જ્ઞાતિ સુધારાના ચુસ્ત હિમાયતી હતા. એટલું જ નહિ પરંતુ ખેતાભાઈએ તેમજ તેઓના કુટુંબે પીરાણા કબ્રસ્તાની પંથને કેટલાંએ વર્ષો થયાં તિલાંજલી આપી છે અને તેઓ ખરા સનાતન વૈદીક ધર્મના ઉપાસક હતા. સ્વર્ગસ્થે ઉદાર સ્વભાવ અને ઉત્તમ ચારિત્રથી આપણી જ્ઞાતિની અનેક પ્રકારની અમુલ્ય સેવા બજાવી છે વગેરે લંબાણથી વિવેચન કરી અને તેમની જ્ઞાતિ સેવાની પીછાણ કરાવી હતી.

ત્યાર બાદ નીચલો ઠરાવ સભા સમક્ષ જ્ઞાતિ ભક્ત ભાઈશ્રી નારાયણજી રામજી ભાઈ ગામ વિરાણીવાળાએ રજુ કર્યો હતો અને તે સભાએ સ્વર્ગસ્થ બંધુના માનની ખાતર ઉભા થઈને પસાર કર્યો હતો.

ઠરાવ

કચ્છ દેશની કડવા પાટીદાર જ્ઞાતિમાં પ્રખ્યાત થયેલા જ્ઞાતિ હિત ચિંતક કર્મવીર જ્ઞાતિ ભક્ત ભાઈશ્રી ખેતાભાઈ ડોસા પોકારના યુવાવસ્થામાં થયેલા અતિ શોકજનક સ્વર્ગવાસ માટે કચ્છી બંધુઓની જ્ઞાતિ સુધારક યુવક મંડળની આ સભા પોતાના સાચા હૃદયથી અત્યંત દીલગીરી જાહેર કરે છે અને સ્વર્ગસ્થ બંધુના કુટુંબ પ્રત્યે અંતઃકરણની દીલસોજી જાહેર કરી મર્હુમના આત્માને ઈશ્વર શાન્તિ આપે તેવી પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરે છે.

ત્યારબાદ ભાઈશ્રી નારાયણજી રામજીભાઈએ સ્વર્ગવાસી બન્ધુના ગુણગાનનું વિશેષ વર્ણન કરી કેટલીક જાણવા જોગ બાબતોના માટે સભાનું નીચે પ્રમાણે ધ્યાન ખેચ્યું હતું.

પ્રિય જ્ઞાતિ બન્ધુઓ ! આજે આપણે બધાને હૃદયભેદક દીલગીરીના માઠા સમચાર સાંભળી શોકના પ્રબળ અગ્નિથી આપણા હૃદયમાં લાય લાગી રહી છે, ચક્ષુઓમાં અશ્રુઓ વહે જાય છે, આપણા ગાત્ર શિથિલ બન્યાં છે, બુદ્ધિ શુન્યવત્ થઈ ગઈ છે, પણ કરવું શું ? પરમાત્માની ઈચ્છાને આધિન થયા સિવાય મનુષ્ય માત્રનો અન્ય ઉપાય નથી પ્રારબ્ધ જે સંયોગોમાં લાવી મુકે તેની ઈચ્છાએ કે અનિઈચ્છાએ સ્વીકાર કરવો જ પડે છે. આપણી જ્ઞાતિની

સ્થિતિ હજુ ડામાડોળ જેવી સ્થિતિમાં છે. જુલમી આગેવાનો આપણા યુવક મંડળના ભાઈઓ ઉપર પોતાના જુલમી હથિયારો વડે પ્રહાર કરે જ જાય છે. આવા કટોકટીના પ્રસંગે એક વીર બહાદુર આપણા નાયકના સ્વર્ગવાસના સમાચારથી આપણા હૃદય કકળી ઉઠે છે. આવા દુઃખદાયક પ્રસંગો આપણા પ્રારબ્ધમાં નિર્માણ થયા હશે તેને કોણ મિથ્યા કરી શકે ? માટે મારા વીર બન્ધુઓ તમારા મન અને હૃદય પથ્થર સમાન મજબુત બનાવી પ્રારબ્ધને આધિન બની આપણી ફરજો બજાવવા સિવાય આપણને બીજો કોઈ રસ્તો જ નથી.

મારા તે પ્રિય સ્નેહી બાળમિત્ર ભાઈશ્રી ખેતાભાઈ ડોસા પોકારના સ્વર્ગવાસથી કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિને જે ખોટ થઈ છે તે કોઈ રીતે પૂરી શકાય નહિ તેવી છે.

પરમાત્માની લીલા તો જુવો બે વર્ષની અંદર પ્રથમ ખેતા ભાઈના ચિરંજીવીનો સ્વર્ગવાસ પછી પુત્રીનો અને થોડા મહીના પહેલાં તેમના સુશીલ ધર્મપત્ની સતિ સાધવીનો સ્વર્ગવાસ અને આપણે આપણા કર્મ વીર બન્ધુ ખેતાભાઈના સ્વર્ગવાસ નિમિત્તે દિલગીરી દર્શાવવા ભેગા મળ્યા છીએ. દેવની ગતિ વિચિત્ર છે. ખેતાભાઈ એક દેખાતા ગૃહસ્થાશ્રમી તથા અંતરના વિરાગી નિઃસ્વાર્થ પરમાર્થીક જીવન ગાળનાર કર્મયોગીને પરમાત્માએ આપણા વચ્ચેથી બોલાવી લીધા વિધીની વિચિત્ર ઘટનાનો કોણ પાર પામી શકે છે. સ્વર્ગવાસી બન્ધુ સ્વભાવે નમ્ર સમયસુચક હિંમતવાનને દઢ મનના હતા. તેઓ કોઈ પણ કાર્યનો આરંભ પૂર્ણ વિચાર કર્યા સિવાય કરતાં જ નહિ અને જે કાર્ય હાથ ધરતા તેને તે પૂરું થતાં સુધી ખંતપૂર્વક વળગી રહેતા બીજા ભાઈઓને પોતાની સાથે મેળવી લઈ તેમના પાસેથી કામ લેવાની તેમની શક્તિ અજબ પ્રકારની હતી બે વર્ષ થયાં તેમના ઉપરે પોતાના કુટુંબના જે કારી જખમો એક પછી એક ચાલુ જ હતા. બાર વર્ષનો એક નો એક સુકુમાર બાળક ગત થયો એકની એક જ દીકરીને પણ પરમાત્માએ પોતાના દરબારમાં બોલાવી લીધી છેવટે પોતાના સુખ દુઃખની ભાગીદાર સાથી ધર્મપરાયણ સતિ સ્ત્રીના દીલાસાનું સુખ પણ પરમાત્માએ ખુંચવી લીધું તો પણ એ ભાઈએ પોતાની હિંમત હારી ન્હોતી કદી પણ ઉદાસીનતા સેવી ન્હોતી પ્રથમની માફક જ ઉત્સાહ પૂર્વક જ્ઞાતિ સેવામાં અગ્ર ભાગ લેતા હતા. કરાંચી નિવાસી આપણા જ્ઞાતિ સુધારક બન્ધુઓને ખેતાભાઈની ખોટ જણાશે મર્હુમના વિચારો આપણામાના ઘણા ભાઈઓએ કરાચીમાં આપણી બીજી પરિષદની બેઠક મળી ત્યારે જાણ્યા છે. તેમની ઉદાર વૃત્તિ હૃદયનું નીખાલસપણું અને ગમે તેવા ભાઈઓને પણ સાચે સાચું કહી દેવાનો તેમનો સ્વભાવ ખરેખર મનન કરવા યોગ્ય છે.

આપણી જ્ઞાતિના સુધારાનું કાર્ય હાલમાં કરાંચીમાં મુખ્ય કરીને વિશેષ થાય છે. ત્યાંના યુવકોના ઉત્સાહનો ધોધ હજુ જેવોને તેવો ચાલુ જ છે. કેટલાક ભાઈઓના સાહસના પરિણામે ભાઈશ્રી રતનશી શીવજી ગામ રવાપરવાળાએ જ્ઞાતિ સેવા અર્થે પાટીદાર ઉદય નામનું માસિક બે મહિના થયાં કરાંચીમાં પ્રગટ કરે છે તેને મર્હુમ ખેતાભાઈનો મોટો આશ્રય હતો તે હાલ ગત થયો છે. માટે હું આપ સર્વ ભાઈઓને વિનંતી કરું છું કે આપ ભાઈઓને મર્હુમ ખેતાભાઈ તરફ લાગણી કે માન હોય તો તે માનની ખાતર પાટીદાર ઉદય માસિકને તન, મન અને ધનની મદદના ભોગે સજીવન રાખશો અને તેથી જ આપણી જ્ઞાતિ સ્થિતિ આપણે સુધારી શકીશું. આપણી જ્ઞાતિનો ઉદય એજ સ્વર્ગ વાસી બન્ધુની અંતિમ ઈચ્છા. એ ઈચ્છા પાર પાડવાને આપણે બધા કાચા સુતરના તાતણે બંધાયેલા છીએ છેવટે પરમાત્માને પ્રાર્થના કરું છું કે મારો બાળ સ્નેહી પ્રિય મિત્રના આત્માને પ્રભુ શાંતિ આપે.

૧૦.૩ - પાટીદાર ઉદય - અંક ૩ - વિ. સં. ક. ૧૯૮૦ ભાદરવો (Sep-1923)

ત્યારબાદ ઘાટકોપર યુવક મંડળના સેક્રેટરી ભાઈ શ્રી રતનશી ખીમજી ખેતાણીએ મર્હુમના ઉત્તમ ચારિત્ર્યની પ્રશંસા કરતાં જાહેર કર્યું કે ખેતાભાઈ ડોસા પોકાર મારા સગા હતા પરંતુ સગા સંબંધીઓ કરતાં પણ વિશેષ તેઓ મારા અંગત મિત્ર પણ હતાં. કરાંચીની મારી બે વખતની મુસાફરીમાં કરાંચીમાના આપણા યુવક મંડળના સભ્યો અને કાર્ય વાહકોમાં ખેતાભાઈ ડોસા પોકારના જેવા બુદ્ધિશાળી, પ્રભાવશાળી અને સત્ય વક્તા જેવા બીજા ભાઈઓ ભાગ્યે જ હશે. પહેલી પરિષદ વખતે કાંઈ કારણસર તેઓ તટસ્થ હતા. પરંતુ જ્યારે પૂજ્ય શ્રી નારાયણજી ભાઈ અને મારી રૂબરૂમાં તેઓના મનનું સમાધાન કરવામાં આવ્યું હતું. ત્યારથી તે સ્વર્ગવાસી થયા ત્યાં સુધી તેમનામાં કોઈ પ્રકારની ભિન્નતા મેં જોઈ નથી અડગપણે કોઈ પણ વિરોધીની દરકાર કર્યા સિવાય જ્ઞાતિ સેવાનું કાર્ય નિર્ભય પણે કરતા જ હતા. કરાંચી માના યુવક મંડળના તે એક સ્થંભ રૂપ હતા તેમના સ્વર્ગવાસથી આપણા જ્ઞાતિ સુધારક યુવક મંડળોને ભારે ખોટ થઈ છે. મર્હુમનો આત્મા સ્વર્ગમાં પણ આપણી જ્ઞાતિની અધોગતિ નિહાળતો જ હશે. એ અધોગતિ ટળી જાએ અને સ્વર્ગવાસી બન્ધુના હૃદયની અંતિમ ઇચ્છા કચ્છના કડવા પાટીદારોનો ઉદય થયેલો જોવાની હતી. તે પાટીદાર ઉદય માસિકથી થાય કે પછી બીજા ગમે તે પ્રયત્ને આપણી જ્ઞાતિ બીજી અન્ય જ્ઞાતિઓમાં ઉચ્ચ સ્થાનને પામે તેવું કરવાને કમર કસીને આપણી જ્ઞાતિ નો જલદીથી ઉદય થાય એવું કરીએ કે જેથી સ્વર્ગમાં પણ તે બન્ધુના આત્માને શાંતિ મળે આપણે મર્હુમના ગુણોનું કે શોક નું વર્ણન કરે કશું વળવાનું નથી. ખેતા ભાઈના માટે જો આપણને માન હોય તો તેમની ખાલી પડેલી જગ્યા પૂરવા આપણે બધાએ મળીને પુરૂષાર્થ કરવો જ જોઈએ અને ભાઈશ્રી રતનસી શીવજીને પાટીદાર ઉદય નામના આપણા માસિકના માટે આપણે દરેક રીતે અનુકૂળ થઈ તેમનો રસ્તો ખુલ્લો કરવો જોઈએ. છેવટે પ્રભુ પાસે મારી પ્રાર્થના છે કે મર્હુમના કુટુંબને જે કારી જખમ થયો છે. ખેતાભાઈના વિયોગનું દુઃખ ન સહન થઈ શકે તેવું છે. તથા સ્વર્ગવાસી બન્ધુના સગાં મિત્રો અને યુવક મંડળના ભાઈઓ તેમજ મર્હુમના વખાણનારાઓના હૃદયમાં આ કારમું દુઃખ સહન કરવાની પરમાત્મા શક્તિ આપે.

ત્યાર બાદ ભાઈશ્રી વિશ્રામ દેવજી તથા ભાઈશ્રી વાલજી, રામજી તથા અન્ય ભાઈઓએ પણ સ્વર્ગવાસી બન્ધુના માટે દિલગીરી બતાવી હતી અને ત્યાર બાદ મહેરબાન પ્રમુખ સાહેબે પધારેલા જ્ઞાતિ બન્ધુઓનો ઉપકાર માની સભા બરખાસ્ત કરી હતી.

..........●..........

પાટીદાર ઉદયને મળેલી મદદ

૫૦/- મી. નાનજી વિશ્રામ નેત્રાવાલા તરફથી મળ્યાં
(જેની પહોંચ ગયા અંકમાં આવી ગઈ છે.)
૪/- મી. માવજી પુજા જબુવાણી તરફથી મળ્યાં છે.
૫૪/-

આવી જ રીતે દરેકે દરેક ભાઈઓ પોતાનો ઉદાર હાથ આ બાજુ લંબાવી આ બાળક માસિકને મદદ આપશે તો તેનો ઉપકાર માનવામાં આવશે.

પાટીદાર ઉદયના લવાજમની પહોંચ

૨ સ્વ. ખેતા ડોસા નખત્રાણાવાળા
૨ પા. શીવજી લધા નખત્રાણાવાળા
૨ પા. પૂંજા ખેતા નખત્રાણાવાળા
૨ પા. વેલજી પરબત નખત્રાણાવાળા
૨ પા. ડાયા લખુ નખત્રાણાવાળા
૨ પા. વીરજી લખુ નખત્રાણાવાળા
૨ પા. કરસન ખેતા નખત્રાણાવાળા
૨ પા. કાનજી હરજી નખત્રાણાવાળા
૨ પા. ભાણજી લાલજી વિરાણાવાળા
૨ પા. મનજી વસ્તા કોટડા (જડોદર)
૨ પા. રામજી ધનજી
૨ પા. ડો. કે. બી. પટેલ
૨ પા. અરજણ નારાણ વિરાણીવાળા
૨ પા. મેગજી સામજી દેશલપરવાળા
૨ પા. પેથા જશા નખત્રાણાવાળા
૨ પા. વિશ્રામ પાંચા વિરાણીવાળા
૨ પા. વેલજી ગોપાલ દેશલપરવાળા
૨ પા. તેજા પરબત કોટડા (જડોદર)
૨ પા. લાલજી સોમજી રવાપરવાળા
૨ પા. રામજી સોમજી રવાપરવાળા
૨ પા. રતનશી વીરજી દેશલપર ઉગમણી
૨ પા. શામજી વીરજી દેશલપુર ઉગમણી
૨ પા. મનજી ખીમા આણંદસરવાળા
૨ પા. શામજી હરજી ખેડોઈવાળા
૨ પા. ઠા. જાદવજી વાગજી મથલવાળા
૨ મી. નારણ માસ્તર ભાઠા-સુરત
૨ મી. જીવરાજ વાલજી ઘાટકોપર
૨ પા. રતનશી ડુંગરશી તેરા કચ્છ
૨ પા. માવજી પુંજા હૈદ્રાબાદ-સિંધ
૨ પા. કાનજી પચાણ હૈદ્રાબાદ-સિંધ
૨ પા. વીસરામ પુંજા હૈદ્રાબાદ-સિંધ
૨ પા. હરીભાઈ દેવા ભાઠા-સુરત
૨ પા. હંસરાજ વીરજી હૈદ્રાબાદ-દક્ષિણ

સુધારીને વાંચવુ

છાપનારની રહી ગયેલી ભૂલ

ગયા એટલે ૨ જા અંકમાં ૨ જા પેજ ઉપર આવેલ કવિતામાં લીટી પહેલીમાં આઠ અક્ષર પછી સૂર્ય, લીટી પાંચમીમાં દશ અક્ષર પછી એ, લીટી છઠ્ઠીમાં અક્ષર આઠ પછી નો, લીટી તેરમીમાં અક્ષર આઠ પછી અન્વયો. એ પ્રમાણે સુધારીને પછી વાંચવાથી શુદ્ધ જણાશે. એમ તેના લેખક અમોને જણાવે છે.

પાટીદાર ઉદય માસિકના નિયમો

૦૧. આ માસિકનો મુખ્ય હેતુ પાટીદાર જ્ઞાતિની ઉન્નતી કરવાનો છે. જેથી દરેક પાટીદાર ભાઈઓની ફરજ છે કે તેમણે માસિકના ગ્રાહક થઈ યોગ્ય મદદ કરવી.

૦૨. આ માસિક દરેક હિન્દુ મહીનાની સુદી ૧૫ ને દિવસે બહાર પડે છે.

૦૩. સ્વજ્ઞાતિના કે અન્ય જ્ઞાતિના કોઈ પણ પુરૂષ અગર સ્ત્રીના લેખો આ માસિકમાં લેવામાં આવશે. પણ લેખો અંગત દ્વેશ કે સ્વાર્થથી લખાયેલા હોવા ન જોઈએ. બને ત્યાં સુધી વિવેકની હદમાં રહી ભૂલો બતાવવી અને ભાઈચારો તથા સંપ વધે તેવા પ્રયત્નો કરવા.

૦૪. લેખો શાહીથી સારા અક્ષરે અને કાગળની એક બાજુ ઉપર લખેલા હોવા જોઈએ. લેખકની ઈચ્છા હશે તો નામ વગરના લેખો છાપવામાં આવશે, પણ લેખકે ખરું નામ અને પૂરું સરનામું અમારી જાણ માટે લખવું, લેખની દરેક જોખમદારી લેખકને શીર રહેશે, નહિ છપાયેલા લેખો પાછા મોકલવા અમો બંધાતા નથી.

૦૫. કોઈ પણ લેખકના વિચાર સાથે અમારું મળતાપણું છે એમ માની ન લેવું.

૦૬. દેશ-પરદેશમાંથી આપણી જ્ઞાતિમાં વિવાહ જન્મ, મરણ ઈત્યાદી તથા કોઈ ગૃહસ્થને વિદ્યા, હુન્નર, અગર વેપાર અને ખેતીવાડીમાં મળેલી ફતેહના સમાચાર ઘણી જ ખુશીથી દાખલ કરવામાં આવશે.

૦૭. કોઈ ભાઈને આ માસિક સંબંધી કાંઈ પણ ખુલાસો મેળવવો હોય તો જવાબ માટે પોસ્ટની ટિકિટ બીડવી.

૦૮. આ માસિકમાં જ્ઞાતિ સંબંધી તથા આર્થિક ધાર્મિક અને વહેવારીક દરેક બાબતો ચર્ચવામાં આવશે. માટે જે જે ભાઈને જે જે વિષય સંબંધમાં લખવું હોય તેણે તે તે વિષયમાં સહેલી ભાષામાં દાખલા દલીલોથી લખવું. કે જેથી વાચક વર્ગ ઉપર સારી અસર જલદી થાય.

૦૯. જે ભાઈ આ માસિકને મદદ આપશે તેમના મુબારક નામ તેમની ઈચ્છા હશે તો આ પત્રમાં છાપવામાં આવશે અને વાર્ષિક રીપોર્ટમાં પણ છપાવી જાહેર કરવામાં આવશે.

૧૦. જે ભાઈ રૂ. ૫૦૦/- પાંચસો કે તેથી વધુ આ માસિકને મદદ કરશે તેમનો ફોટો ઓફીસમાં રાખવામાં આવશે.

૧૧. આ માસિકના માટે હંમેશાં યોગ્ય લેખો લખી મોકલનાર લેખક પાસેથી લવાજમ લેવામાં આવશે નહિ.

લી. વ્યસ્થાપક "પાટીદાર ઉદય"

આ પત્ર તરૂણ સાગર પ્રેસમાં ગિરિશંકર, ગી.ત્રિવેદીએ છાપ્યું,
ન્યુ સ્મોલરોઝ કોર્ટની સામે, કેમ્પબેલ સ્ટ્રીટ, કરાચી

Online Text Based
(can use for translation)

Source Document

દિપાવલી અંક

॥ ओ३म् ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સુધારક યુવક મંડળ તરફથી પ્રગટ થતું માસિક પત્ર

પાટીદાર ઉદય

વર્ષ : ૧લું કરાચી, આસો-સંવંત ૧૯૮૦ {VSA: Oct-1923} અંક ૪ થો

પાટીદાર ઉદયના આત્મા શ્રીમાન ખીમજી શીવજી પટેલ મંગવાણાવાલા

વાર્ષિક લવાજમ આગાઉથી રૂા. બે પોસ્ટેજ સાથે



છુટક નકલ આના ચાર

: પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો :

તંત્રી તથા પ્રકાશક રતનસી શીવજી પટેલ

પાટીદાર ઉદય ઓફીસ, રણછોડ લાઈન કરાંચી

પાટીદાર ઉદયના લવાજમની પહોંચ

પટેલ ખેતાભાઈ લાલજી	અરલ
પટેલ વેલજીભાઈ રૂડાભાઈ	નખત્રાણા
પટેલ રામજીભાઈ ખેતા	નખત્રાણા
પટેલ કરશનભાઈ વીરજી	વિરાણી
પટેલ શીવગણ લાલજી	વિરાણી
પટેલ નાનજી મેઘજી પોકાર	વિરાણી
પટેલ મેગજી ભાણજી	નખત્રાણા
પટેલ હરજી શીવજી	દેશલપર
પટેલ રામજી વસ્તા	દયાપર
પટેલ હરજી મુરજી	દયાપર
પટેલ નારાણ લધા	નખત્રાણા
પટેલ લખુભાઈ કચરાભાઈ	રવાપુર
પટેલ લધાભાઈ હરજી	કોટડા
પટેલ કરશનભાઈ હશરાજ	વિરાણી
પટેલ રતના લધા	નખત્રાણા
પટેલ રૈયા નાગજી	નખત્રાણા
પટેલ ડાયા પ્રેમજી	નખત્રાણા
પટેલ રતનશી કરશન	નખત્રાણા
પટેલ વાલજી લખુ	નખત્રાણા
પટેલ પેથા ગોપાલ	નખત્રાણા
પટેલ મુરજીભાઈ ડોસા	નખત્રાણા
પટેલ ગોપાલ પેથા	નખત્રાણા
પટેલ રૈયા ખીમા	નૈત્રા
પટેલ નથુભાઈ ધનજી	રવાપુર
પટેલ જેઠાભાઈ નથુ	દેવીસર
પટેલ હરજીભાઈ નથુ	દેવીસર
પટેલ દેવજી ભીમજી	વિરાણી
પટેલ નારાણ સીવજી	વિરાણી
પટેલ ગોપાલ રામજી	વિરાણી
પટેલ જીવરાજ હીરજી	માનકુવા
પટેલ દાનાભાઈ કરશન	નખત્રાણા
શા. માધવજી પદમશી	કરાંચી
જોશી રતનશી માધવજી	દેવીસર

મહાત્માની અમૂલ્ય પ્રસાદીનો આશીર્વાદ

અમારે ત્યાં હાલમાં થોડાક વખતથી એક દવા વેચવા માટે રાખવામાં આવેલી છે. તે દવા એક મહાન પુરૂષના અનુભવથી તૈયાર કરવામાં આવે છે. તે ખાસ કરી કોઈ પણ જાતના તાવ માટે રામબાણ છે. માત્ર એક જ દવા લેવાથી કોઈ પણ પ્રકારનો તાવ ઉતરી જાય છે. જો ફાયદો ન થાય એવું સાબિત કરી આપશો તો પૈસા પાછા આપવામાં આવશે. બહારગામ વાળાઓને દવા વી.પી.થી મોકલવામાં આવે છે. ચાર ખોરાક જેટલી દવાની કિંમત રૂ. ૧ અને એક જ વખતની દવાની માત્રા લેનારને પાંચ આના પડશે.

ઠે. પાટીદાર ઉદય ઓફીસ રણછોડ લાઈન, કરાંચી

॥ ओ३म् ॥

પાટીદાર ઉદય

કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિના લાભાર્થે પ્રગટ થતું ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૧લું કરાચી, આસો-સંવંત ૧૯૮૦ {VSA OCT-1923} અંક ૪ થો

રે ! ખેડૂત તું ખરે જગતનો તાત્ ગણાયો

અહા ! ક્યાં છે અમારા પૂર્વના ખેડૂતો !? શું તેમની જાહોજલાલી ! કોઈ પણ મનુષ્ય કે પ્રાણી તેમાંથી આશા કરે, અને લાભ મેળવે ભલે ખેતીના ધંધાને લોકો તુચ્છકારી કાઢે પણ તે ધંધામાં જે કંઈ ઉદારતા છે તે બીજા કોઈ ધંધામાં નથી. દરેક માણસ તેમાંથી પામે. પ્રાણી માત્રનું પોષણ કરવાનો દાવો કરનાર કોઈ પણ ઉદ્યોગ હોય તો તે ખેતી જ છે, અને એટલા જ માટે લોકોમાં કહેવત છે કે, "ઉત્તમ ખેતી" પણ તો ખેતીની શું અત્યારે તેવી જ દશા છે ? નહિં જ. કારણ કે હાલના ખેડૂતો રાત દહાડો મહેનત કરે, ભૂખે પેટે મજૂરી કરી થાકે, પણ પેટ પૂરતો ખોરાક કે શરીરની મર્યાદા ઢાંકવા પૂરતાં કપડાં પણ મેળવવા મુશ્કેલ થઈ પડ્યાં છે. આવી સ્થિતિ થવાનું કારણ શોધી તે દૂર કર્યા પછી જો આપણાં ખેડૂતો ખેતી કરે તો ખરેખર તેમની દશા સુધરે જ, અને તેઓ દુનિયાને સુધારે પણ ખરા.

પ્રભુ ! અમારા ભારત વર્ષના ખેડૂતોને આવી ઉચ્ચ દશામાં ક્યારે લાવીશ ? કે જેથી તેઓ ખરેખરા જગતના તાત ગણાય.

T.

આનંદ ધ્વની

નવા વર્ષની મુબારક બાદી વસંત તિલકા-વૃત્ત

દિપાવલી દિનમણિ સમ રત્ન માળા,
આ ભારતી મહિ વિષે રચિ રમ્ય બાળા,
વાક્યો મહા શ્રુતિ તણાં ઉચરે રસાળા,
સ્થાપિ સદાય શ્રેય કારિ સુબોધ શાળા,
આનંદ આજ ઉરમાં અતિષે છવાયો,
માંગલ્ય રાગ રસની ધુનિથી ગવાયો,
આર્યાવૃત્તે સગુણ શાંન્ત સમગ્ર છાયો,
પ્રીતે રમા રમણ પુજન મોદ માયો,
નાન્દિ થતી નૂતન વર્ષની ઠામ ઠામે,
આર્યો વિષે સકળ મંગળ સંપ જામે,
એ ઐક્યતા અવનિમાં દઢ રાગ પામે,
તેથી વિભુ જગતનાં સહુ કષ્ટ વામે,
જ્યાં કલેશ લેશ પણ છે ન કંઈ પ્રકારે,
શાન્તિ સ્વદેશ હિત ચિંતક ને વધારે,
દેશોન્નતિનો સમય ધર્મ સદા સુધારે,
"મૌજી" કરો ઉદય આ પ્રભુ દેશ કાળે.

સદ્‌ગતિ ત્યાં થાય છે.

પૂરી થતાં જ્યમ રાત્રને થાયે ઉદય ત્યાં સૂર્યનો,
તેમ પાપ સૌ પૂરાં થતાં થાયે પ્રગટ ત્યાં ધર્મનો
છે નિયમ પ્રાચીન કાળનો જન્મો મરણ તો થાય છે
શા માટે આ અવનિ વિષે ક્યમ આવવાનું થાય છે
પૂરી કરી લે ફરજ તું તો કાળ મિથ્યા જાય છે
આધિ અને વ્યાધિ તણા જંજાલમાં જ ફસાય છે
ભજી લે અરે ભગવાનને જીવ્યું સફળ તો થાય છે
નીતિ તણાં કરમો વડે સંસાર ચક્ર તરાય છે
પ્રાણી રખે તું પાપ કરતો પૂણ્યથી જ પમાય છે
હોંશે કરીને યાદ કરતાં સદ્‌ગતિ ત્યાં થાય છે.

T.

નૂતન વર્ષે અમારી અંતરેચ્છા

પ્રિય વાચક!

આજે વીર વિક્રમાદિત્યનું નવું વર્ષ બેસે છે. આજનું મંગળ પ્રભાત-સુવણ પ્રભાત સર્વ સમાજને આનંદ પ્રદ સમય ગણાય છે. એ દિવસે આપણે એક બીજાને અરસપરસ મળી એકબીજાને ક્ષમા ચાહીએ છીએ અને ગત વર્ષનું સરવૈયું કાઢી શું નફો નુકસાની થઇ તે પણ જોઇએ છીએ. આ પ્રમાણે પૈસાનો હિસાબ તો આપણે કાઢયો હશે, પણ વહેવારીક રીતે આ વર્ષમાં આપણે કેટલી ઉન્નતિ કરી, કેટલા દુઃખી ભાઇઓને આશ્વાસન આપ્યું ભુલેલા ભાઇઓ ને ખરે રસ્તે લાવવા શું શું પ્રયાસો કર્યા અને આપણે પોતાની સામાજીક ઉન્નતિમાં શું ભાગ લીધો આ સવાલ પર વિચાર કરતાં જણાઇ આવશે કે દરેક માણસે આવી બાબતોમાં ભાગ લેવાની જરૂર છે અને તે ફરજ ન બજાવી હોય ત્યાં સુધી આપણે કંઇ લાભ પણ મેળવ્યો નથી એમ ગણવું એ કંઇ ખોટું નથી.

જ્ઞાતિના ગરીબ વર્ગ પર જુલમ ગુજારી પૈસા એકઠા કરી તેનો ગેર ઉપયોગ કરનાર તથા ત્રાસ વર્તાવનાર નીચ આગેવાનોના પંજામાંથી દુર થઈ પોતાની ખરી કમાઈનો સદ્‌ઉપયોગ કરવા માટે આપણે હંમેશા વિચાર કરવાની જરૂર છે. દુઃખી ભાઈઓ પર થતો જુલમ અટકાવી તેને યોગ્ય સહાય આપી તેના સાથી બનવાની પણ તેટલી જ જરૂર છે. રૂઢીએ બેસાડેલા ખોટાં નિયમો-રિવાજો તોડી તે સ્થાને સમયને અનુકૂળ સુધારા-વધારા કરી હાલ તો પ્રજાને ઉપયોગી થાય તેવા બંધારણ-રીત રીવાજો દાખલ કરી જ્ઞાતિ સમાજને ખુલ્લા હૃદયથી વિચારવાની છુટ આપવાની છે. હવે જુનો જમાનો વહી ગયો છે. દરેક વ્યક્તિ સ્વતંત્રતા ચાહે છે અને તે ભોગવવાનો તેમનો કુદરતી હક્ક છે, તે હક છીનવી લઈ તેના પર તેરમી સદીની નાદીરશાહી ચલાવવી એ આ જમાનામાં નભે તેમ નથી. તેથી ધાર્મિક સ્વતંત્રતા તથા વાક સ્વતંત્રતા પર કોઈનો પણ અંકુશ હોવાની જરૂર નથી. દરેક માણસ આવી છુટ ભોગવતો હોય તો તે જરૂર પોતાની ઉન્નતિ કરી શકે છે. જ્ઞાતિ-સમાજમાં ફાટફુટ હોય તો તે દુર કરી ખોટી ઉપાધીઓને ટાળી સંપ વધારવાની જરૂર છે. આપણી જ્ઞાતિમાં પીરાણા પંથની જડ એટલી તો દાખલ થઈ ગઈ છે અને તેના ધર્મગુરૂઓ એ એવી ભ્રમણા ફેલાવી મૂકી છે કે કણબી હોય તે તો પીરાણા ધર્મને જ માને ! અને પીરાણા ધર્મને ન માને તે કણબીની નાતથી નાત બહાર ગણાય ! આવા વિચારો એ ટૂંક મગજ શક્તિનું દષ્ટાંત છે. જ્ઞાતિમાં આવા વિચારોથી ક્લેશ પેદા થાય છે. અમો નવા વર્ષમાં પ્રભુ પ્રત્યે એવી પ્રાર્થના કરીએ છીએ કે અમારા ભુલેલા ભાઈઓ ખરે રસ્તે આવી પોતાની ખરી ફરજ સમજતા થાય. અને તેમને શુદ્ધ વૈદીક રહસ્ય સમજાતાં પીરાણા કબ્રસ્તાની જાળમાંથી છુટા થઈ પોતાની રૂચી અનુસાર સમજી ને સમાજમાં પોતાની સ્થિતિ શું હોવી જોઈએ કે શું છે તે જાણી લે, તે સિવાય કુસંપ મિથ્યાવાદ દુર કરી પોતાની જ્ઞાતિ માટે હંમેશા ધગશ રાખી કામ કરી દુઃખી ભાઈઓની સેવા કરવા તૈયાર રહે. એ સિવાય અમારા અજ્ઞાન ભાઈઓને કેળવણી-જ્ઞાન આપી તેમની અજ્ઞાન અવસ્થામાંથી પ્રભુ તેમને સત્વરે દુર કરે અને જ્ઞાન વડે તેઓ પોતાની જીંદગીનું ખરું સાર્થક શું છે તે સમજતા થઈ તે રસ્તે વિચરતા થાય એજ આ પાટીદાર ઉદયનો ખરો હેતુ છે. તે સફળ થાય. એવું અમો કુળદેવી ઉમીયા માતા પાસે વિનવી નવું વર્ષ અમારા દરેક વાંચનારાઓને તથા અમારી ભારત સમાજને આનંદ તથા વિજયી નીવડે એવું ઇચ્છીએ છીએ.

(તંત્રી)

આપણી ફરજ

જુનું પૂરું થઈને નવું શરૂ થવાનું અને વળી તે પણ જુનું થશે, એમ કાળચક્ર ફરે પણ દિલગીર છીએ કે, આપણામાં જેનાથી કાંઈ જ ફેરફાર ન થયો. જો ફેરફાર કરવા જેવું ન હોય તો, પછી આ ચળવળ આપણે ચલાવી શકીએ નહિ એટલે તેને જુનું કરી નવું ધારણ ન કરી શકીએ, એટલી તાકાત ન હોય તો પણ તેને છોડી તો દેવું જ રહ્યું આપણે ચેતન છીએ. તે પ્રભુની બક્ષિસ છે. તેનો ગેર ઉપયોગ કરીએ, તો પછી અર્ધચેતન વાળામાં અને આપણામાં તફાવત જ નથી એમ સાબીત થાય. એ કાળી ટીલી આપણા કપાળેથી મટાડવી રહી. આટલું લખ્યા પછી કોઈ એમ પ્રશ્ન કરે, તે સ્વાભાવિક છે. કે શું ? અને શાનો ફેરફાર કરવો જે ભાઈઓ "પાટીદાર ઉદય"ના ગ્રાહક છે. તેમાં જ જેણે પોતાના તન, મન, ધનનો ઉપયોગ કરવાનો નિશ્ચય કર્યો છે. તેને તો સમજ પડે કે, આપણે લોહી ચુસનારા "પીરાણા મત"નો ત્યાગ કરીને વૈદિક ધર્મને ગ્રહણ કરવો.એટલી હિંમત જેનામાં ન હોય તે એટલો તો ફેરફાર કરે કે તેમણે "નુરની ગોળી" વાળું પાણી ન પીવું એટલું જે આપણા ભાઈઓ કરી શકે, તેણે આ અવતારમાં ઘણું કર્યું એમ આપણે સંતોષ માનવો રહ્યો. આપણને મહાશય તરીકે લક્ષ્મણ સાથે અદાવત નથી પણ કાકા તરીકે દ્વેષ છે એમને ઠપકો આપવાને-એમના ઉપર કાકા તરીકે જાહેરમાં લખવાનો આપણને જેટલો હક છે તેટલો સૈયદોને માટે આપણને નથી આપણને નવા વર્ષમાં કાકા લક્ષ્મણને એટલું તો કહેવાનો જરૂર હક્ક છે કે તેમણે દાઢી મુંડાવી ચોટલી રાખવી અને જેટલું તેઓ ગુરૂ તરીકે સૈયદોને માટે ભોગ આપે છે તેનાથી અર્ધો આપણા ભલાને માટે આપે અને આપણને આપણા કાર્યમાં મદદ કરવાને આપણા પીરાણામાંથી ભાઈઓને બોધ કરવાને બુદ્ધિનો ઉપયોગ કરે. તેટલો તેઓ ફેરફાર કરે, ગુરૂ તરીકે મનાવતા સૈયદો એટલો ફેરફાર કરેકે તેઓ પોતાના ધર્મને ઓળખે, અને પાપ કરવાનું બંધ રાખે. આપણને સર્વને પેટ તો ઈશ્વરે આપેલું છે જેઓ પેટ પોષવાને માટે ધર્મને ઉંચા મુકે. તેઓ જન્મીને જીવી જાણતા નથી. આ જીંદગી ખાવા પીવાને માટે નથી પણ જીંદગીને ટકાવવા માટે ખાવા પીવાની જરૂર છે ઉપલી ફરજ બજાવવાને આપણને વિનંતી છે.

લી. આજ્ઞાંકિત સેવક

રણછોડદાસ દલસુખરામ ભગત

પાટીદાર ઉદય સંબંધી જ્ઞાતિ બંધુઓને પ્રાર્થના

લેખક : જ્ઞાતિ સેવક નારાયણજી રામજી ગામ વિરાણી વાળા

કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિના ભાવિ ઉદયનો પડઘો પાડનારું પાટીદાર ઉદય નામનું માસીક આપણી જ્ઞાતિના સુપ્રસિદ્ધ જ્ઞાતિ સુધારક ભાઈશ્રી રતનશી શીવજીના તંત્રી પદ નીચે શરૂ થયું છે. એ જાણીને આપણી જ્ઞાતિનો સમજુ વર્ગ તેમજ જ્ઞાતિ સુધારક વર્ગ અને યુવક મંડળોના સભ્યોના હૃદયમાં અત્યંત આનંદ થયો જ હશે.

૧૦.૪ - પાટીદાર ઉદય - અંક ૪ - વિ. સં. ક. ૧૯૮૦ આસો (OCT-1923)

આપણી સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિથી અલગ પાડી દેનાર અને આપણા કચ્છ વિભાગને અધર્મના માર્ગે દોરી જઈ નષ્ટ ભ્રષ્ટ કરનાર **પીરાણા કબ્રસ્તાની પંથને સત્વરે નાબુદ** કરવાની તેમજ જુદા-જુદા સ્થળે રહેતા જ્ઞાતિભાઈઓને સત્ય વસ્તુ સમજાય અને જુલ્મી આગેવાનોના ત્રાસમાંથી જ્ઞાતિના ભાઈઓ તેમજ બહેનોને બચાવવાના માર્ગો આપણા માટે ખુલ્લા થાય અને પોતાની યોગ્ય ફરજ અને ધર્મ સહેલાઈથી સમજાવી શકાય તેના માટે આવા જ્ઞાતિ હીતના માસીકની ઘણી જ જરૂર હતી અને તે ભાઈ **શ્રી રતનશી શીવજીએ** આપણને પૂરી પાડી છે. એ આપણી જ્ઞાતિના ભાગ્યોદયની ખાસ નિશાની રૂપ છે જે બંધુઓને આ માસીકના જીવન સાથે થોડો ઘણો પણ સંબંધ છે તે દરેકને આનંદ થવો જ જોઈએ. જ્ઞાતિ સેવાના મુખ્ય સાધન રૂપ આ બાળ માસીકનું જન્મવું કહેતાં ઉદય થવું. તે **પ્રાતઃકાળમાં સૂર્યનું પૂર્વ દિશામાં પ્રકાશવું તે સૂર્યનો ઉદય રાત્રીના આરંભમાં ચંદ્રનું પ્રગટ થવું એ ચંદ્રનો ઉદય ચોમાસામાં દેડકાં અને અળશિઆનું પ્રગટ થવું એ ઉદય ગણાતું નથી જેના પ્રગટવા અથવા પ્રકાશવાથી જગતને કોઈ પણ અંશમાં અધિક હીતકર લાભ થાય છે તેને જ ઉદય થયો કહેવાય છે.** આ પ્રમાણેની પાટીદાર ઉદય માસીકના પહેલા અંકમાં તંત્રી મહાશય નોંધ છે. આપણે તો આશાવાદી છીએ. પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે પાટીદાર ઉદયનું ઉદય થવું સૂર્યના અને ચંદ્રના ઉદય સમાન અમારી કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિને પૂર્ણ પ્રકાશવાન બનાવે.

સાથે સાથે અમારે જણાવવું જોઈએ કે પાટીદાર ઉદય માસિક પોતાની બાલ્યાવસ્થામાંથી બહાર નીકળી યુવાનીના પૂર્ણ જોશનો દૈવી પ્રકાશ જ્ઞાતિ પ્રદેશમાં પાથરવા માટે તેને હજુ ઘણું પ્રાપ્ત કરવાનું છે. પરંતુ જે શુભ સંકલ્પો વડે તે વિભૂષિત થયું છે. તેમાં શ્રદ્ધા રાખી તેના ભાવિ બળાબળની કલ્પના કરીએ તો આપણને જણાયા સિવાય રહેશે નહિ કે એક દિન એવો અવશ્ય આવશે કે જયારે આજનું આ દૈવી બાળક પોતાના દોર ઉપર સમસ્ત જ્ઞાતિને ચલાવશે. તેના આદર્શ રૂપ લેખો જ્ઞાતિની નીતી રીતીને બનાવશે. તેના સુકાનીઓ જ્ઞાતિની ચડતી તેમજ પડતીના જવાબદાર ઠરશે, જ્ઞાતિનો વિદ્વાન વર્ગ તેમજ સુધારકો આ સર્વ બનાવોના કારણ રૂપ લેખાશે અને પાટીદાર ઉદય માસિક કચ્છના કડવા પાટીદારોના કીર્તિધ્વજ તરીકે ફરકાવવામાં દરેક બંધુ પોતાની ઈજ્જત અને માન સમજશે. આ શુભ ભાવનાના અંતરમાં રહેલી અમારી ભાવના શક્તિ દરેક જ્ઞાતિ બંધુને અરજ કરે છે કે આ માસિક જ્ઞાતિનું છે કોઈનું ખાનગી નથી. માત્ર જ્ઞાતિહિતને જ લક્ષમાં રાખી તેની પ્રવૃત્તિ લંબાય એવું કહેવામાં અમે અમારી ફરજ સમજીએ છીએ તે સાથે જ્ઞાતિના સમજુ વર્ગ અને ખસુસે કરીને પોતાને સુધારક તરીકે ઓળખાવતાં ભાઈઓ તથા યુવક મંડળોના મેમ્બરોએ તો જ્ઞાતિ સેવાના કાર્યમાં આ પાટીદાર ઉદય માસિક ને મજબુત બનાવવાની ફરજને કોઈએ વિસારી દેવી નહિ જોઈએ.

જ્ઞાતિ સુધારાની પ્રવૃત્તિથી દુનિયામાં આપણે પણ કંઈક છીએ એવું જ્યારથી ભાન થયું છે ત્યારથી જાગૃત તો થયા છીએ, પણ જે ત્વરાએ દેશકાળ પરિવર્તન પામે છે અને જનસમાજના વિચારો બદલાય છે તેટલી ઝડપ આપણે કાર્ય કરી શકીએ નહિ. તો પણ વિચારોની આપલે વડે માનસિક સૃષ્ટી ઉચ્ચ બનાવવાના કાર્યમાં પણ જો આપણે પ્રમાદ સેવીએ તો આપણુ સ્થાન તો જ્યાંનું ત્યાં જ રહેવાનું. **"કણબી પશુ ન માનવી".**

એ મુદ્દા ઉપર જ્ઞાતિના સમજુ ભાઈઓ એ ઘણું વિચારવાનું છે અને ઘણું જ કરવાનું છે. સમજવા અને સમજાવવા કંઈક પુરૂષાર્થ થયો તો છે જ પણ કર્તવ્યમાં હજી મોટી ખામી છે તે સમજવાની ખાસ જરૂર છે. પીરાણા કબ્રસ્તાની અર્ધદગ્ધ પંથની હોળીમાંથી આપણા ભાઈઓને બચાવી લેવાના પ્રયત્નો ચાલુ છે છતાં પણ કચ્છમાંના

૧૦.૪ - પાટીદાર ઉદય - અંક ૪ - વિ. સં. ક. ૧૯૮૦ આસો (OCT-1923)

આપણી જ્ઞાતિના કેટલાક આગેવાન તરીકે પોતાને ઓળખાવવાનો દાવો કરનારા કે જેઓ સૈયદોના ખાસ કમીશન એજન્ટો તરીકે સુપ્રસિદ્ધ છે તેઓ એ હમણાં થોડા વખત પર નખત્રાણા કોર્ટમાં સૈયદોના તરફથી સાક્ષી પૂરી છે કે ઈમામશાહ અમારો ગુરૂ છે અને અમે ઈમામશાહના વંશને માનીએ છીએ આવા નાલાયક શબ્દોનો ઉચ્ચાર કરનારા તદ્દન નફ્ફટ ગણી શકાય છતાં પણ જ્ઞાતિ સુધારક ભાઈઓના અંતિમ પ્રયાસી થી જ્ઞાતિના ભાઈઓ તેમજ ઘણી બહેનોએ પીરાણા કબ્રસ્તાનના પંથને માનવામાં પોતાની ભુલ જોઈ છે અને તેથી પોતે ઉચ્ચ સંસ્કારી થવા માટે સેંકડોની સંખ્યામાં ઘણા ભાઈઓ તેમજ બહેનોએ પીરાણા કબ્રસ્તાની પંથની સાથે છુટાછેડા પણ કરી નાંખ્યા છે. એટલું જ નહિ પણ આપણી જ્ઞાતિનો કેટલોક અજ્ઞાન વર્ગ પણ પીરાણા પંથ આપણી હિન્દુ જ્ઞાતિ ને કલંક રૂપ છે. એમ માની તેથી છુટા થવું એવા વિચારમાં છે. આવા અનુકુળ પ્રસંગે આપણે સૌ એકત્ર થઈ જ્ઞાતિ હિતના માટે મત ભેદો દુર કરી એક જ સલાહ સંપે આપણી જ્ઞાતિનો ઉદય કરવા પોતાથી બનતી મહેનત જ્ઞાતિ સેવા કરવાનું શુભ પગલું ભરવા માટે પાટીદાર ઉદયને સજીવન રાખવા અમારી નમ્ર પ્રાર્થના છે. પાટીદાર ઉદય માસિકના માટે વિસ્તારથી વિવેચન કરવામાં પ્રગટ કર્તાના પક્ષપાતનું પ્રયોજન હોવા વિશે ખોટું અનુમાન કરતા નહિ કારણ કે જ્ઞાતિ હિતનું કાર્ય જ્ઞાતિજનોએ જ કરવું જોઈએ જ્ઞાતિ સમુહનું લક્ષ્ય ખેંચવા માટે પાટીદાર ઉદય માસીક એ એક સાધન રૂપ છે કેમ કે તે દ્વારા જ્ઞાતિમાં પડી ગયેલા નઠારા રીત રિવાજો ઈત્યાદી તજી દેવા માટેની સૂચનાઓ સહેલાઈથી ધ્યાન પર આવી શકે છે એમ તો કબુલ કરવું જ જોઈએ કે જે બાબતોના ગુણ દ્વોષના અન્ય વ્યક્તિઓએ કરેલા વિચારો જાણ્યા નથી તેવી અજ્ઞાત બાબતોને કેટલે દરજે માન્ય અથવા અમાન્ય કરવી તેની કદર થઈ શકે નહિ. તેમ તેની જરૂરીયાતના કીંમતીપણાની પણ તુલના થઈ શકે અને જેની આપણને કિંમત કે કદર નથી તેવી બાબતો અમલમાં પણ કેમ મુકી શકાય એટલે તે કારણોને લઈને પણ શરૂઆતમાં આ બાબત ઉપર લક્ષ ખેંચવામાં આવ્યું છે.

કિંમતી સમય ગુજારી શ્રમ ઉઠાવનાર જ્ઞાતિ શુભેચ્છક ભાઈ શ્રી રતનસી શીવજીના તેમજ અન્ય ભાઈઓના વિચારો જાણવામાં પણ આપણે અવકાશ ન લઈએ તો પછી પ્રમાદ સિવાય બીજું શું ધારી શકાય.

પરમ કૃપાળુ ઉમિયા માતાએ કૃપા કરી ને આ માસિકના તંત્રી તથા પ્રકાશક ભાઈ શ્રી રતનશી શીવજીને જ્ઞાતિ સેવાનું જે સ્ફુરણ સ્ફુરાવેલું અને તન મન અને ધનના ભોગે અમલમાં મુકવાનો શ્રમ સેવી અંતરની લાગણીઓ પ્રદર્શિત કરે છે. એ ખરેખર સ્તુતી પાત્ર છે. પરંતુ એ પવિત્ર લાગણીને જો આપણે યથાર્થ રીતે પોષણ નહિ આપીએ તો જેમ તુરતનું ઉગેલું કુમળું વૃક્ષ વિના પોષણ ફળદ્રુપ થવા સિવાય વિનાશને પામે છે તેમજ તંત્રી મહાશયે જે સાહસ કરી પાટીદાર ઉદયને જન્મ આપ્યો છે તે ઉછરતું બાળ પેપર પણ જ્ઞાતિ ભાઈઓની પુરતી મદદ નહિ હોય તો તે ટકી શકશે નહિ એ સ્વાભાવિક છે માટે સ્વ જ્ઞાતિ હીતની વાત ધ્યાનમાં લઈ પાટીદાર ઉદય માસિકનો બહોળો ફેલાવો થાય અને આપણી જ્ઞાતિના બધા ભાઈઓને જાણવામાં આવે તો જ તે લાભપ્રદ નીવડે માટે સઘળા જ્ઞાતિ બંધુઓને નમ્રતા પૂર્વક અરજ એ છે કે પાટીદાર ઉદય માસિકના ગ્રાહક થઈ તમે તમારું સ્વજ્ઞાતિ પ્રત્યેનું અભિમાન પ્રગટ કરો તમારા ભાઈઓ સગા સંબંધીઓ તેમજ તમારા મિત્રોને પાટીદાર ઉદય માસિકના ગ્રાહક બનાવવા પ્રયત્ન કરો. તેની સાથે માસિકમાં પ્રગટ થયેલા લેખો વિચાર પૂર્વક વાંચો અને વંચાવો. એટલું તો ચોક્કસ માનજો કે જ્ઞાતિના ભાગ્યોદયમાં જ તમારો ઉદય છે. જગત જનની પરમ શક્તિ ઉમિયા માતા સર્વને સદબુદ્ધિ આપે.

ઉદય માર્ગ દર્શન

(૨)

(લેખક : માવજી વાસણ પટેલ)

વહાલા બંધુઓ ! "અમે મનુષ્ય છીએ" "અમે અમારી નીતિસરની કમાણી સંપૂર્ણ રીતે અમારી સુખ શાન્તિ માટે ઉપયોગમાં લેવાને હકદાર છીએ" આવી ભાવનાઓ આપના દરેકના અંતઃકરણમાં સર્વદા રમ્યા કરે છે. પરંતુ આપણે જોયા કરીએ છીએ કે રાત-દિવસ સખત મહેનત કરવા છતાં અને નાનાં મોટા સર્વ જેટલો બની શકે તેટલો અતૂટ પ્રયત્ન કરે છે છતાં, જરૂરી ખોરાકી, પોશાકી, તેમજ જન હિતકારી સાર્વજનિક જેવા સાદા ખેતીના ધંધા માટેનાં સાધનો પણ બહુ જ થોડા માણસો પાસે છે. ત્યારે આવી ઉચ્ચાદર્શ કોમનો ઘણો મોટો ભાગ કેવી કંગાળ ને પરાધીન દશામાં છે. ઈશ્વર કૃપા કહો અથવા સંસારની અધમતાનો ધક્કો લાગ્યો કહો પણ હાલ જે બંધુઓ દેશાવરમાં નીકળ્યા છે તે તો જોઈ શકે છે કે દુનિયાની હાલતના પ્રમાણમાં આપણી કોમ ઘણી જ પછાત દશામાં છે એકના અનેક ગણા આપી ચુકવા છતાં લેણદારોનો કોરડો કેવો સતાવે છે. ત્રણ, ચાર કે દશ, બાર રૂપીયાના માસિક પગારના નાના સિપાઈઓ ગામડામાં કેવી સત્તાઓ અને જોર ચલાવે છે તે વર્ણન કરતાં પાર આવે તેમ નથી. આવી પડતી દશામાંથી આપણો ઉદય થાય. આપણી હક્કની કમાણી આપણે વિના અડચણે ભોગવી શકીએ. આપણી ઉછરતી પ્રજા દુનિયાની ચાલુ ધમાલનો વિચાર કરી સારાસાર સમજી શકે અને પોતાનો મોભો સંભાળી શકે તેટલું જ્ઞાન સંપાદન કરે. આપણી દાદ ફરીયાદ આપણાં કદરદાન રાજા રાણીને ઓફીસરોને પહોંચાડી, સમજાવવાની શક્તિ આપણામાં પેદા થાય. મનુષ્ય જન્મ સાર્થક થાય તેવી રહેણીકરણીનો સત્ય માર્ગ સમજાય અને આપણી પડતીનાં સર્વ પ્રકારનાં કારણો આપણે સર્વ સમજી શકીએ વગેરે ખાસ જરૂરના કામો અત્યારે આપણે શિરે આવી પડેલાં છે. આપણને અંધારામાં રાખી તાગડધિન્ન કરનારામાંના કોઈ તે કામો કરી આપે જ નહિ. અજ્ઞાન અને બાળકોથી બને તેમ નથી. માટે જેને કોમની દાઝ રહે છે, સમયનો વિચાર કરી શકે છે અને કામ કરવાનાં કંઈપણ સાધનો અને હિંમત ધરાવે છે, તેવા સ્ત્રી પુરૂષોની ખાસ ફરજ છે કે તન મન ધનના ખાસ ભોગે કોમની સુધારણામાં મંડ્યા રહી બનતું કરવાનું છે. ખેતીવાડી અને મજુરી દુનિયા ચાલે ત્યાં સુધી જરૂરનાં છે અને ખેડૂતો, મજુરો, અને કારીગરોનો નાશ તો થવાનો નથી જ કારણ કે સ્વાર્થી સત્તાધારીઓનાં જીવન તેના ઉપર નિર્ભર છે જેથી નિર્ધન રબારી, ભરવાડ ગાય ભેંસને જેમતેમ જીવાડી બનતો સ્વાર્થ સાધે છે અને નિદર્ય ભાડુત, ભાડુતી ઘોડાનો ઉપયોગ લે છે તેવા સ્વરૂપમાં જીવન નિર્વાહ તો ચાલુ રહેશે જ. પણ પાટીદાર બંધુઓ ! જીવતા રહેવું એટલું જ બસ નથી. હજારે બે ચાર ઘરમાં થોડો પીતળીયાનો ખડખડાટ કે ઉપર ઉપરનો નાતવરાનો ઠઠારો માત્ર બસ નથી. "ખેડૂત તું ખરેખર જગતનો તાત ગણાયો" રાષ્ટ્રનો આત્મા ઝુંપડામાં વસે છે. "ખેડૂતો અમારા જમણા હાથ છે." વગેરે રાજકારણીઓ, કવિ વચનો અને મહાત્માઓની ભાવનાઓને વાસ્તવિક સિદ્ધ કરવા તમારે જાતે જ કમર કસવાની જરૂર છે.

કેળવણી સર્વ પ્રકારની ઉન્નતિનું મૂળ છે પણ થોડા અક્ષરો વાંચતા લખતાં આવડે કે બે પાંચ યુવકો સ ખ બ લ જેવાં નામાં લખી તેલ મરચાં વેચે કે થોડા બંધુઓ મોટા ફીડલ બાંધી સ્વાર્થીઓના કુહાડાના હાથા રૂપ થઈ બેસે

એટલાથી સફળતા મળવાની નથી. તેમાય યુવકો, વકીલ બેરીસ્ટરો બની જાયકે મહાન વિદ્વાનો બની બેસે તે અશક્ય છે. હાલની ચાલુ સ્થિતિમાં કેળવણી લઈ બહાર પડેલાઓ નાતને ઉજાળે તેમ થવાને જમાનાઓ જશે. માટે બંધુઓ ઉઠો ભણેલ કે અભણ ગરીબ કે શ્રીમંત, વૃદ્ધ કે યુવક સર્વ સ્ત્રી-પુરૂષો જે જે કામ-દેશ હિતેષીઓ માર્ગ બતાવે તે પર વિચાર કરી પોતાથી બનતી રીતે કાર્ય કરવા લાગી જશો તો જ સફળતા મળશે. વાર, તહેવાર, સારા માઠા પ્રસંગો કે કોઈ પણ કારણસર જ્યાં એકઠાં થઈ વિચારો થઈ શકે ત્યાં ચડતી પડતીનાં કારણો અને ઉપાયોની ખુબ ચર્ચા અને વાતોની ધુન મચાવો અને જે વાત યોગ્ય જણાય તે તુરત પકડી લઈ તે પ્રમાણે કરવા માંડો તો જ ઉદ્ધાર થશે.

અમે ગરીબ, અમે અભણ, અમે આવા કે તેવાં એવા વિચારોથી બેસી રહેવાનો સમય નથી. જંગલીમાં જંગલી પ્રજાઓ પણ ઉન્નતિના શિખરે પહોંચી શકે છે. તો આપણી કોમ પ્રાચીન કાળથી મહાગૌરવ ધરાવનારી છે હાલમાં પણ જ્ઞાન, બળ, ઉચ્ચ ભાવનાઓનાં ઉત્તમ ઉદાહરણો આપણી કોમ પૂરાં પાડે છે. સંસારના ચઢતાં કાર્યોમાંના કોઈ પણ કાર્ય આપણી કોમના માણસો બજાવી શકે તેમ છે. માત્ર જાગવાની અને આળસ તજવાની જરૂર છે.

(અપૂર્ણ)

અલંકારો કિત્તક કેળવણી પ્રશંસા

(રચનાર : મૌજી મહાજન)

સવૈયા : એકત્રીશા

કેળવણી છે જીવન સુખનું અમૃત રૂપી ઝરણું સાર,
કેળવણી મધુરી વાણીનાં મુક્તા ફળનું મુખ્ય જ દ્વાર,
કેળવણી નિજ મગજ તંતુ, ને વસંત સમ પ્રફુલ્લિત કરનાર,
કેળવણી કુળ ઉદ્ધારક છે નૌકાયંત્ર અબ્ધિ તરનાર. ૧

કેળવણી છે વિનય ક્ષમાનું શાન્તિ ભૂવન અતિ સુખકાર,
કેળવણી કીર્તિ યશ માટે વિદ્યુત વિનાનો સીધો તાર,
કેળવણીને આર્ય ઉન્નતિ કેરું “કલ્પતરૂ” તું ધાર,
કેળવણી અદ્‌ભુત શક્તિની ત્વારીખ લખવા લેખન સાર ૨.

કેળવણીમાં વિવેક પદ્ધતિ મારગ જેનો સ્હેલ ગણાય,
કેળવણી છે દુઃખ ટાળવાનો શસ્ત્રી રૂપ સારો ઉપાય,
કેળવણી છે ગૌરવ જનનું કૌસ્તુભ જેવું રત્ન મનાય,

કેળવણી ગંભીર ગુણથી જન રત્નાકાર સમ તે સરશાય, ૩.

કેળવણી શાન્તિ સંયંમનો શિતલ ચંદ્ર ખરે કહેવાય,
કેળવણી મદ તિમિર પરજ્યમ અર્કરૂપ અરિનો સમુદાય,
કેળવણી મન સ્થિરતા માટે વિન્ધ્યાચળ સમ ટેક ગણાય,
કેળવણી નિર્મળ નભ જેવી પ્રકાશ પૂર્ણપણે ચળકાય, ૪

સભા વિશે શોભા દેનારું કેળવણી ભૂષણ કહેવાય,
સ્નેહ સંપનું મૂળ જ એ છે કેળવણી મહિમા જગમાંય,
હિત અહિત પારખવા કેરું કેળવણી મહા યંત્ર મનાય,
સ્વર્ગતણું સાધન પણ એમાં કેળવણી સઘળે વખણાય ૫.

આર્યબાળકો ખિલવજો સહુ કેળવણીનો અતિ પ્રચાર,
તન મન ધનનો ભોગ દીયો પણ કેળવણીમાં પાયોપાર
ઉદ્યોગી થૈ આગળ વધતાં કેળવણી મળશે બક્ષિશ,
"મૌજી" અજ્ઞ અમોને એવી કરૂણા કરશે શ્રી જગદીશ. ૬.

પાટીદાર જ્ઞાતિ સાહિત્ય

(લેખક : ઉક્ત જ્ઞાતિ હિત ચિન્તક ઠક્કર રામજી વિ. વાલજી વમા નખત્રાણા-કચ્છ)

જ્ઞાતિના ઉત્તમ સિદ્ધાંતોનો પ્રચાર કરવા માટે ઉત્તમ પુસ્તકો પ્રકાશિત કરવાની ઘણી આવશ્યક્તા છે. પુસ્તકો વાંચવાથી પાઠકોના હૃદય ઉપર જે પ્રભાવ પડે છે તે સ્થાઈ હોય છે પરંતુ ખેદ પૂર્વક જોવામાં આવે છે કે પાટીદાર જ્ઞાતિ સમાજમાં ઉંચા ગ્રંથ લખવાનો કાર્ય બહુ જ મંદગતીથી ચાલી રહ્યું છે બલ્કે પતોએ નથી હાલ લગી બહુ જ થોડા પુસ્તક પ્રકાશીત થયા છે કે જેને પાટીદાર જ્ઞાતિ સાહિત્ય નામથી પુકારવું નિરર્થક છે પરંતુ આ વાતની ઘણી આવશ્યક્તા છે.

જ્ઞાતિ વિદ્વાનોની ઓજસ્વિની લેખો દ્વારા ઉત્તમો ઉત્તમ ગ્રન્થ લખાયા કરે જે ભાષા ભાવ છપાઈ સફાઈ સર્વ વિચારોથી નુતન હોય શુદ્ધ સિદ્ધાંતો ઉપર એક બે નહિ અનેક પુસ્તકો લખાયા કરે દેશી-વિદેશી તમામ ભાષામાં એ કાર્ય હોય. જે ભાઈ એક ભાષા નહિ જાણે તે બીજી ભાષામાં ઉંચ સિદ્ધાંતોનો ગ્રન્થ જાણી તેનું આશ્વાસન કરે કારણ કે પ્રત્યેક સમાજ ધર્મની ભિતી તેના સાહિત્ય પર હોય જ છે દરેક સમાજના સાહિત્યથી યદિ દુર જોઈએ તો કંઈપણ બાકી રહેતું નથી છતાં તેમાં પણ અપવાદ છે કે નિરર્થક વિચારો નીકળવાને બદલે ન નીકળે તો સારું છે.

હવે આપણે ત્યાં કડવા "પાટીદાર સુધારક સોસાયટી" થવી જોઈએ તેનું તેમની ઈચ્છા શક્તિ અનુસાર દેશમાં તથા પરદેશમાં કેન્દ્ર સ્થાન સ્થાપવું જોઈએ તેમાં તે જ્ઞાતિના જાહેર પત્રકારને મદદ, વિદ્યાશાળા સ્થાપવી,

સુધારાના પ્રયાસો, વિધવા વિવાહના સત્ય નિયમ, બ્રહ્મચર્ય, સંસ્કાર, વિદ્યા, હુન્નર ઉદ્યોગ માટે મદદ, ગરીબો માટે સગવડ પૂરતા ધંધા તથા સાધનો તાત્કાલિક અણધાર્યા સંકટ નિવારણ ઉપાયોની યોજનાઓ માટે ખાસ વિદ્વાનો કેળવાયલાઓ રોકાઈ કાર્ય કરે તો શું ન થાય ?

અર્ધું કિનારું વીસમી સદીમાં જાગૃતીનું આવ્યું છે તેવામાં આ બધું દસોદના નાણાંથી (દસા ઔંસ ખાના "જગ્યા કે જ્યોતિર્ધામ"માં રહે છે તેમાંથી) થવાની ખાસ જરૂર છે. મનુ મહારાજના વચનો પ્રમાણે દસમો ભાગ કમાણીમાંથી કાઢે છે પણ વ્યવસ્થા સ્થિત થતું નથી વાસ્તે તેમ થવાની ખાસ જરૂર છે આવડી ભવ્ય જ્ઞાતિની અંદર એકે પેપરની ચાલુ નિયમિત જીવીત દશા નહિ એ ખેદ ઓછો તો ખરો, પણ આશ્ચર્યજનક ઘટના માની શકાય.

આ ઉપરથી માની શકાય છે કે જનરલ રીતે જ્યારે પરમાત્મદેવ વિદ્યા સાહિત્યની પ્રસાદીની લહાણ બક્ષીસ વાટણી કરતા હતા ત્યારે આ બન્ધુઓ મહેનતની લહાણના સ્થળે પરમાત્મદેવની દિવ્ય શક્તિમાં હાજર હોતા શું વંચીત રહેલા હશે ? મતલબ તેઓ વિદ્યા સાહિત્યથી બન્ધવા થઈ વંચિત હોય તો કહી શકાય જ નહિ અને તેમાં ખોટું શું ? આ તેમનામાં ખામી છે. જે પ્રગટ થતી પરિસ્થિતિ અટકાવવા ખાસ પ્રચાર માટે એક મિશન ઉભું કરી કાર્ય કરવું જોઈએ તેમાં (પાટીદાર જ્ઞાતિ સાહિત્ય કાર્યાલય) સ્થાપી નીચે પ્રમાણે કાર્ય કરવાની જરૂર છે અથવા તે કાર્યાલય પત્રકારોથી જોડાઈ જવું જોઈએ વાસ્તે હવે પરિષદ ભરાઈ નિશ્ચીતથઈ સાહિત્ય વૃદ્ધિના પુસ્તકો પ્રચાર કરવા માટે તૈયાર કરી વગર મૂલ્યે મગાવનારને આપવા જોઈએ. તેમાં સારી જેવી રકમ રોકવી જોઈએ. દાખલા તરીકે ખ્રિસ્તી ધર્મ પ્રચારકો બાઈબલ સોસાયટીમાંથી મફત પુસ્તકો આપી પ્રચાર કાર્યની વૃદ્ધિ કરી રહ્યાં છે ત્યારે સમજુ શ્રી કુર્મ તનુજો ઉમિયા ઉપાસક થઈ પોતાના સાહિત્ય ક્ષેત્રમાં સંકુચિત દૃષ્ટિ રાખી ઉદ્ધાર કરવાના ઉપાયો ભુલી પરિષદો ભરી બે પરિષદોથી તે દિવસનો વૈરાગ્ય બતાવી પછી સૌ કામે લાગે તેથી કંઈ ખાસ ઉન્નતિ થાય એવું નથી વાસ્તે તત્ક્ષણ તે વિષે ઉપાય લેવા માટે ફરી તેમણે પોતાની પરિષદ દેવીને પ્રસિદ્ધીમાં મુકી તેને પ્રમાણસર દીપાવવા આમંત્રણ આપવા વીરનર બાહેર આવવો જોઈએ વળી વિદ્યા સાહિત્ય વૃદ્ધિ થતી આવશે તો ધાર્મિક પોલ જાણી શકશે પણ વિદ્યા વગર સમજે શું વાસ્તે હે સુધારક બાંન્ધવો ! સમજાવવાની શક્તિનો યત્ન કરો પ્રથમ પંક્તિમાં સમજવાની શક્તિનો યત્ન કર્યા બાદ ધાર્મિક પોલ વિદ્યા રૂપી સાહિત્ય પ્રકાશથી કર્તવ્યા અકર્તવ્યનું ભાન કરાવવું જોઈએ.

માનો કદી ભણાવવામાં આવે પણ જાતિકીય સાહિત્યના અભાવે (ન હોય તો) પછી શું ફતેહ મેળવે ! વાસ્તે ઉપર વર્ણવાથી (પીરાણા પંથ પોલ ગઢેરા પોલ જીવન હેતુ આડમ્બર થી દૂર) આદી પોલો સમજી શકશે. જુઓ ! મી. વી. આર. ભગત (સાહિત્ય સિવાય અંગ્રેજી છઠ્ઠી ભણ્યા છતાં રૂઢ રવૈયાથી રહ્યા કહેવત છે કે શું બાપના કૂવામાં બુડી મરાય ?

હવે કુધારો ત્યાગવાનો કિનારો નજીક આવ્યો છે કાકા અને સૈયદોના કામનો કમીશન નખત્રાણા કોર્ટમાં આવતા સંખ્યાબંધ ત્રણે પાંચાડાના કણબી તથા અન્ય પાટીદાર ધાર્મિક પોલ ગપોળ સમજી મનમાં ગોળ થઈ ગયા છે. વિશેષમાં ઉણપ આ પત્રે ઓછી પાડી છે તેવું કાર્ય ઉપાડનાર એક જ વ્યક્તિ બહાર આવવો જોઈએ.

આપણા પ્રત્યેક સમાજમાં એમ કહેવાય છે કે થોડાથી શું થાય ? એકથી કંઈ ન થાય આપણે થોડા એ ઘણા કાળીંગાની ભારીઓ બધી કોમ એવા શબ્દો ઉચ્ચારી નિરાશાવાદી થાય છે પણ એક જ બસ છે. દાખલા તરીકે એક

જ ત્યાગી હજારો ત્યાગી બનાવી શકશે લાખો મુર્દા એક જીવીતનો ઉપકાર નહિ કરી શકે પરંતુ એક જીવીત કરોડો મુર્દાનો કલ્યાણ કરી શકે છે. અહિંસા ધર્મનો પ્રચારક ભગવાન બુદ્ધ એક હતો અદ્વેત વાદના પ્રચારક ભગવાન શંકરાચાર્ય એક હતા. વૈદિક ધર્મ ઉદ્ધારક મહર્ષિ દયાનંદ સરસ્વતિ એક હતા પરંતુ સર્વ કોઈ પોતાના આદર્શ જીવનથી સહસ્ત્રો પેદા કરી ગયા છે. આદર્શ જીવન એજ પવિત્ર આત્માઓનું બને છે જે સંસારની વ્યક્તિઓની સમાલોચના કરવું છોડી પોતાના જીવનને પવિત્ર બનાવવાને આગળ પગ મુકે છે સાથે સાથે કદી પણ દોષા-વેષણ કરવાનું કોઈ દિવસ પણ યત્ન કરતા નથી. સ્વદોષ નિરક્ષણ કરવાનો પોતાનો પવિત્ર અને મુખ્ય ધર્મ સમજે છે તેવાઓ પોતાનો કરેલા અપરાધો સ્વીકાર કરવામાં કિંચીત શરમાતા નથી. પરંતુ બીજા દ્વારા પોતાના બતાવેલા દોષોનો સંપૂર્ણ અનુભવ કરી સત્ય તેમાંથી મુક્તિ મેળવે છે. વાસ્તે જાગો ! નિંદ્રા ત્યાગો !

..........•..........

પાટીદાર ભાઈઓને પ્રાર્થના

પ્રિય ભાઈઓ ! સમાજની દરેક જ્ઞાતિ કે વ્યક્તિ પોતાની ઉન્નતિ માટે હંમેશાં સતત પ્રયત્ન કરી રહી છે. તેવા સમયમાં આપ પણ એમની પેઠે ઉન્નતિ મેળવવા જે કંઈ હાલ પ્રયત્ન કરો છો તે ખાસ આનંદ જનક છે, તેમાં પણ જે જે ભાઈઓ સમાજના કુધારાઓને તોડી નીતિનો પ્રચાર કરવા ચાહે છે તેમને તમારે ખરા અંતઃકરણથી ટેકો આપવાની જરૂર છે. એક માણસ કંઈ પણ કામ કરતો હોય તેને જો બીજો ટેકો આપે તો તે કામ જરૂર ફળીભૂત થાય, પણ જો તેને બીજા તોડવા પ્રયત્ન કરે તો તે ઘણે ભાગ્યે નિષ્ફળ જ જાય એ દેખીતું છે. તમારી જ્ઞાતિમાં હાલ ધર્મ યુદ્ધ ચાલી રહ્યું છે તમો ઉચ્ચ વર્ણના હિન્દુ હોવા છતાં મુસલમાની ધર્મ કેમ પાળો છો ? એ સવાલ દરેક વ્યક્તિને સહેજ ઉત્પન્ન થયા સિવાય રહેતો નથી. તમો તેનું આવા સમયમાં યોગ્ય નિરાકરણ નહિ કરો તો તેનું પરિણામ ભવિષ્ય માટે તમોને સારું નહિ જ આવે. ધાર્મિક વિચારો માટે સમાજમાં ખોટો અંકુશ હોય તે કંઈ ઇચ્છવા યોગ્ય નથી પણ અલબત ઊંચી ગણાતી હિન્દુ કોમો જો મુસલમાની ધર્મ પાળે તો પછી તે હિન્દુ કહેવડાવવા માટે લાયક રહેતી નથી. માટે તમારે તમારી જ્ઞાતિમાંથી ઉન્નતિ કરવાનાં દરેક પગલામાં પ્રથમ આ વાત પર ખાસ ધ્યાન આપી અર્ધદગ્ધ મુસલમાની ધર્મનો ત્યાગ કરી દેવો જોઈએ.

બીજું ધર્મ ગુરૂઓ પણ આપણને નીતિનો રસ્તો બતાવી ઉન્નતિના રસ્તે લઈ જતા હોય તેવા જ જોઈએ અસલથી ચાલ્યા આવતા નામના ધર્મ ગુરૂઓ સાથે સંબંધ રાખવાથી કદી જો હાનિ થતી હોય તો તેનો પણ સત્વરે ત્યાગ કરી દેવો જોઈએ એમ ન કરવાથી આપણને ઘણી જ હાનિ થાય છે એટલા માટે વિદ્વાન તથા કર્તવ્ય નિષ્ઠ ધર્મગુરૂ રાખવાની ખાસ જરૂર છે અને તેનો ઉદ્દેશ પણ આપણામાંથી મફતના પૈસા લુંટી પોતે મોજ કરે એવો ન હોવો જોઈએ અને જો તેવો ઉદ્દેશ હોય તો તે પોતાને તથા પોતાના મતમાં ચાલતા સમાજને ખાડામાં નાંખી તેનું અધઃપતન કરાવે છે એ નક્કી છે. તેથી અર્ધદગ્ધ ધર્મ ત્યાગી સાથે તેવા ધર્મ ગુરૂઓનો પણ સત્વરે ત્યાગ કરી દેવો એ બીજી ફરજ છે.

૧૦.૪ - પાટીદાર ઉદય - અંક ૪ - વિ. સં. ક. ૧૯૮૦ આસો (OCT-1923)

તે સિવાય જ્ઞાતિનું તંત્ર ચલાવનાર ડાહ્યા અને પ્રતિષ્ઠિત પુરૂષો કે જેના હૃદયમાં જ્ઞાતિની સેવા કરવાની ધગશ હોય તથા તેમનું જીવન આવા કામ માટે જ બાકી ખર્ચવું હોય તેવા શુદ્ધ અંતઃકરણવાળા તથા પરોપકારી અને બીજાનું દુઃખ જાણનારા એવા પવિત્ર પુરૂષોને ચુંટી કાઢવા જોઈએ અગાઉથી પોતાની મેળે બની બેઠેલા ધરાર પટેલો કે જેઓ માત્ર પોતાનું સ્વાર્થ જ સાધી જાણે છે બીજાનું સુખ દુઃખ ન જોતાં બીજાને નીચોવી પાયમાલ કરીને પોતે મોજશોખ કરે છે તેવા નીચ વિચારવાળા બડેખાંઓને જ્ઞાતિના અધિકારી કદી ન બનાવવા જોઈએ અને જો તેવા અધિકારીઓ હાલ હોય તો તેને તે પદથી સત્વરે દુર કરી તેની જગ્યાએ ઉપર જણાવી ગયા તેવા લાયક સજ્જનો નીમી જ્ઞાતિની ઉન્નતિ કરવા તથા વ્યવસ્થા ચલાવવાનું કામ તેમને સોંપવું જોઈએ. આવી રીતથી આપણે ક્રમે ક્રમે એક-એક વાત લઈ તેને યોગ્ય રસ્તે લાવવા જોઈએ તો આપણી ઉન્નતિ અવશ્ય સત્વરે થવા પામે એ નિઃસંશય છે અને આમ કાર્ય કરવા તૈયાર થવું દરેક વ્યક્તિની પ્રથમ ફરજ છે.

લી. આપનો સેવક

વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

જ્ઞાતિ સુધારા અર્થે

(રચનાર : મૌજી મહાજન)

છંદ-સવૈયા એકત્રીશા

પ્રિય જ્ઞાતિના જ્ઞાત બંધુઓ જ્ઞાતિનું શ્રેય કરવા કાજ,
ઉમંગથી આગળ વધજો સૌ જ્ઞાતિની મન ધરિને દાઝ,
જ્ઞાતિનું હિત કરવા માટે પ્રથમ સંપની છેય જરૂર,
સંપ જગતમાં મહા વસ્તુ છે સંપ વિના સઘળું છે દુર ૧

સંપ થતાં કંઈ કલેશ અને વળી દ્વેષ બુદ્ધિ પણ થશે વિનાશ,
સંપ તણી મહતા છે મોટી સંપથી સારી રાખો આશ,
સંપ તજી જે કુસંપ સેવે તર્ત જ તેનો આવે અંત,
કુસંપની જડ નષ્ટ થવાને આળશ તજી ઉર ધરજો ખંત ૨

જુઓ દાખલા કુસંપના કે શાસ્ત્ર અને સોધી ઈતિહાસ,
કુસંપમાં એક જ કુળનાં જન કૌરવ પાંડવ થયા વિનાશ,
અનેક એવા એ સિવાય પણ અન્ય દાખલા છે મોજુદ,
લખતાં ગ્રંથ લખાયે મોટું જરૂર જેનું તે કહું ખુદ ૩

કુસંપમાં આ આજ કાલ જે જ્ઞાતિ આપણી પડી પછાત,
કુસંપનું જ્યાં બી રોપાયું ત્યાં કહો કોણ થયાં વિખ્યાત,
પાપ બુદ્ધિ એ દ્વેષ રૂપમાં આપણ સૌને કર્યાં પ્રખ્યાત,
તેથી જ્ઞાતિનું ગૌરવ જે અંધકાર પેઠું અજ્ઞાત ૪

શુદ્ધ સનાતન સત્ય ધર્મ પણ તજ્યું આપણે વગર વિચાર,
ધર્મ ત્યાજ્યનાં મહાપાપથી ભ્રષ્ટ મતીનો થયો પ્રચાર,
અનાચાર આપણામાં આજે થતાં તેહ, નવ જોઈ શકાય,
એ સર્વે આ ધર્મ ભ્રષ્ટથી બગડેલી બાજી કહેવાય ૫

જુઓ આપણી કેળવણી પણ નષ્ટ પામતી નાઠી આજ,
જરૂર જેની સૌથી પેલાં તેહ ગુમાવી વગર ઈલાજ,
મતી હીણ આપણ થૈ બેઠાં માન ભંગ આપણનાં કાજ,
સરસાઈ સઘળી હાર્યા ને નિંદક બનતાં ના'વી લાજ ૬

ઉપજ અને વળી ખર્ચ તણો પણ અડસટ્ટો નવ આપણપાસ,
ફુલણજીની પેઠે જાણે સૌથી મોટો દરજો ખાસ,

કર્મ કરીશું કુડાં અંદર રાખીશું મન મોટી આશ,
કલંક રૂપી કાજળ વિણશું મળશે જ્યાં ખોયો વિશ્વાસ ૭

નાશ થવાની નૌકા નબળી જીર્ણ થયેલી ધરિને હાથ,
પાર ઉતરવા અબ્ધિ મંહિ વિણ ઉપાય શાને ભીડો બાથ;
બુદ્ધિ આપણી અલ્પ થઈ એ પાપ કર્મનું છે પરિણામ,
દિર્ઘ વિચારો સર્વ તજાયાં રહ્યું ન ધર્મ તણું કંઈ ભાન ૮

તથાપિ કંઈના દિલ પર લઈએ ધરિએ કા નવ કંઈ દરકાર,
જુઓ કમાઇ હોય નહિ પણ ખર્ચ ચાલતા ધમધોકાર,
વગર વિચાર્યું પગલું ભરતાં આપણને ના લાગે વાર,
પોતાનું જ અહિત કરવામાં બન્યા આપણે બહુ હુશિયાર ૯

જગત તણાં વ્યવહાર કાર્યમાં કેળવણીની અતિ જરૂર,
તે ક્યાં છે આપણની પાસે મિથ્યા ત્હોય બન્યા મગરૂર,
ભૂલ આપણી છતાંય પોતે સમજ્યા નહીં તો ખામી એજ,
દોષ પછી બીજાને દઈયે મૂર્ખતાઈનાં લક્ષણ છે જ. ૧૦

કુસંપ, કલેશ, દ્વેષ, કરવામાં શૂરા સહુથી થયા વિષેશ,
શોશ ખરે હા ! તેનો નહિ કંઈ આપણને મનમાં પણ લેશ
પ્રતિ ઘડી મન સ્ફૂર્તી ને આ બંધન મુક્ત થવાને કાજ,
સત્ય ધર્મને સદ્ વિદ્યાથી સરસે સઘળાં સારાં કાજ ૧૧

એમ ઉન્નતિ આપણ સહુની રહી શુદ્ધ વર્તનથી જાણ,
અને સંપ સાંપડશે એથી સ્થિતિ સરસ એથી પરમાણ,
શુભ કર્મોથી આપણે નક્કી સાર વસ્તુ મળશે મનધાર,
સત્કર્મોની તંગી ત્યાં સદ્ વસ્તુને ક્યાંથી તું ભાળ ૧૨

સત્ય કર્મની ટેક ગ્રહિ મન ઈશ્વરમાં રાખી વિશ્વાસ,
કાર્ય સદા જગમાં કરવાં છે સત્ય ધર્મમાં સારી આશ,
પ્રમાદનો પરિત્યાગ કરીને ઉદ્યોગે સ્થિરતા મન રાખ,
હિંમતબાજ બની નર આગળ વધતાં તારી વધશે સાંખ ૧૩

શ્રેષ્ઠ સર્વ લોકોમાં થૈને સત્ય થકી મળશે યશ માન,
સત્ય આત્મ જ્યોતિ શુદ્ધ થાતાં સત્ય વડે સાંપડશે જ્ઞાન,
વિશ્વ વિષે સાચાંનો બેલી સ્વયં સ્હાય કરશે જગદીશ
મૌજી સત્ય શ્રદ્ધાથી મારગ સત્ય ધર્મ ધરજો હરનીશ ૧૪

પીરાણા પંથની દશતરી ગાવંત્રી*

(શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદની કરાચી મુકામે થયેલી બીજી બેઠકમાં શ્રીયુત મીસ્ત્રી નારાયણજી રામજી વીરાણીવાળાએ પીરાણાના ઠરાવ ઉપર આપેલું ભાષણ)

પ્રિય બન્ધુઓ ! મારી સામે પ્રથમ એ પ્રશ્ન ઊભો થાય છે કે પીરાણાના કબ્રસ્તાની ધર્મને તજી દેવાનો ઠરાવ આ સભામાં મારે શા માટે રજૂ કરવો ? હિંદુઓને અર્ધદગ્ધ બનાવી દઈ છેવટે પોતાની નાત જાતમાંથી ટાળી દેવાની જે યુક્તિઓ તેમાં રચવામાં આવી છે તેને મારે શા માટે આપની સમક્ષ રજૂ કરવી અને તે ક્યા સ્વાર્થની ખાતર ? આપ વિચાર કરી જોશો તો સમજાશે કે પીરાણા ધર્મને અનુસરનારો આપણી કચ્છ જ્ઞાતિનો એક ભાગ એમ જ ધારે છે કે પીરાણા પંથ એ હિંદુ ધર્મ છે. પરંતુ વાસ્તવિક રીતે આપણા શાસ્ત્રોમાં પીરાણા નામે કોઈ પંથ નથી અથવા પીરાણા નામનો કોઈ ધર્મ નથી. પીરાણા નામનું એક ગામ છે અને તે ઈમામુદીને વસાવ્યું કહેવાય છે અને જે પીરાણા પંથની વાત આપણે કરીએ છીએ તે તો સતપંથને નામે ઓળખાય છે. એ કપોળ કલ્પિત પંથમાં આર્ય હિન્દુ ધર્મની ઈરાદાપૂર્વક એટલી તો નિંદા કરવામાં આવી છે કે તે આપણાથી સાંખી જાય તેવી નથી. છતાં કમનસીબે કેટલાક હિંદુઓ અને ખાસ કરીને આપણી કચ્છ જ્ઞાતિ, એ કબ્રસ્તાની પંથની ભોગ થઈ પડી છે એ વિચાર જ્યારે જ્યારે મારા મગજમાં આવે છે ત્યારે મને તે અસહ્ય થઈ પડે છે. ક્યાં **પીરાણાનો અર્ધદગ્ધ પંથ** અને **ક્યાં આપણી હિંદુ જ્ઞાતિ ?** કેટલો અંતર ! કેટલી શરમની વાત ! હું એક મનુષ્ય છું આર્ય છું, સનાતન ધર્મનો અનુયાયી છું અને મારા બંધુઓ પણ મારા જેવા જ પવિત્ર અંતઃકરણના છે એ વિચારને હું તજી શકતો નથી એટલે ખાસ કરીને મારી જ્ઞાતિના તેમજ અન્ય હિંદુ જ્ઞાતિના ભાઈઓને એ પીરાણાના કબ્રસ્તાની પંથની પ્રપંચી જાળમાં ફસાયેલા જોઉં છું ત્યારે તેમને સન્માર્ગે દોરવાનો અને એ પ્રપંચી જાળને ઉકેલી સત્ય હકીકત પ્રદર્શિત કરવાનો મને મારો ધર્મ સમજાય છે. મનુષ્યના જીવન માટે પ્રથમ નિર્માણ થયેલો જે ધર્મ તેને તજી દેવાથી મનુષ્ય તરીકે જીવન ગાળી શકાય જ નહિ એ વાત આપ જરૂર યાદ રાખજો. એ મનુષ્યને ધર્મને ભુલાવી દેનારી અને હિન્દુઓને વટલાવી અર્ધદગ્ધ બનાવી દેવાની ઈમામશાહ જેવાઓએ જે યુક્તિ રચી છે તે પીરાણાની પોલ નામે પુસ્તકમાં બહાર પાડવાનો મારો ઈરાદો હું જાહેર કરી ચુક્યો છું અને ઘણા આધારો અને સાધનો મને મળી શક્યાં છે અને એ દિશામાં મારો પુરૂષાર્થ ચાલુ છે જ. પરંતુ આ ઠરાવના અંગે મારાથી બની શકે તેટલી હકીકત આપની સમક્ષ રજૂ કરી-એ કબ્રસ્તાની પંથને તજી દેવાનો બોધ કરવાની આપણી સબજેક્ટ કમિટીએ ભલામણ કરી છે અને હું આપને એજ ભલામણ કરું છું કે જો તમે હિન્દુપણું રાખવા ઇચ્છતા હો, પોતે હિન્દુ હોવાનો દાવો કરતા હો તો જ મારી વાત સાંભળજો અને હિન્દુપણામાંથી ટળી જઈ શુદ્ધ કડવા પાટીદાર જ્ઞાતિથી વિમુખ બની મુમના કિંવા અર્ધદગ્ધ મુસલમાન થઈ જવા ઇચ્છતા હો તો મારો ઉપદેશ તમારા માટે નથી એમ સમજજો.

(*ઉપરનું લખાણ અમોએ બીજી પરિષદના રિપોર્ટ ઉપરથી ઉપયોગી સમજીને અહીં દાખલ કર્યું છે અને તેનો બાકીનો ભાગ હવે પછીના અંકોમાં આવશે.)

બન્ધુઓ ! તમે હિંદુ છો એ વાત શું મારે તમને સમજાવવાની છે ? આપણી કુર્મી ક્ષત્રિય જ્ઞાતિએ શું એટલી બધી અધોગતિ પ્રાપ્ત કરી છે કે તમે હિંદુ છો, હિંદુ શાસ્ત્રોને માનનારા છો અને તમારા પૂર્વજો પણ હિંદુ જ હતા એ વાત તમને મારે સમજાવવી પડે ! નહીં જ. ત્યારે આ કમનસીબી કેવા પ્રકારની ! કબ્રસ્તાની પંથ અને કડવા પાટીદાર જે આપણી કોમ તેને ક્યાંથી ભેળી સાટો થયો એ બાબત ઐતિહાસિક છે એટલે હું જવા દઉં છું અને આ પંથને તજી દેવાની જરૂર પુરતું જ હું આપને કહીશ.

પીરાણાનો અર્ધદગ્ધ પંથ

ઈસ્લામ ધર્મના અનુયાયી જે પીરોએ હિંદુઓને વટલાવી પોતાનો નવો પંથ ઊભો કરવાની યુક્તિ રચી, તેમાં પ્રથમ તો હિંદુ શાસ્ત્રોની વાતો લઈ પોતે નવાં ગપાષ્ટક શાસ્ત્રો બનાવ્યાં, તેમાં તદ્દન જુઠી અને ઢંગ ધડા વગરની બનાવટી કિસ્સા કહાણીઓ લખી અને તેમાં મુસલમાની તત્ત્વો દાખલ કર્યાં. પછી ભોળા અને **ધર્મ શાસ્ત્રોથી અજ્ઞાત રહેલા હિંદુઓને શોધી શોધીને એ કુટીલ માર્ગમાં** સામેલ કર્યા, એ કબ્રસ્તાની પંથના પુસ્તકોમાં વેદોનાં નામ જેવા બનાવટી શબ્દો વાપરી, હિંદુઓના તીર્થસ્થળો અને મહાપુરૂષોના નામોનો ઉમેરો કર્યો. અને યુક્તિ પ્રયુક્તિથી ફેરફાર ઉત્પન્ન કરી પોતાના રચેલા, હાથનાં લખેલા પુસ્તકોને પીરાણા કબ્રસ્તાની પંથના સેવકોના હાથમાં આપીને કહ્યું કે “એ અથરવેદ છે ! હમણાં આ લેખના અર્થવેદનો વારો છે અને તેમાં જે લખ્યું છે એજ સાચું છે અને એજ પ્રમાણે પીરાણાના સત્‌પંથીઓએ વર્તવું.” ધીમે ધીમે પોતાની જાળમાં ફસાતા અજ્ઞાન હિંદુઓને જલદી મુસલમાની રાહત ઉપર લઈ જવા પીર સોદરદીને કહ્યું કે :-

“હિંદુ શાસ્ત્રો અને પુરાણોમાં નકલંકી અવતાર થવાનો છે એમ જે કહ્યું છે તે અવતાર તો ક્યારનોયે થઈ ગયો છે અને તે દશમો અવતાર થવાનું જે જાહેર થયું છે તે મ્લેચ્છ રૂપે મક્કામાં હજરતઅલી રૂપે જાહેર થયો છે.” મુસલમાનોમાં ભગવાને અવતાર લીધો એ કારણનું સમાધાન પોતાના મતિવિભ્રમ અજ્ઞાન હિંદુ સેવકોને એવી રીતે કરાવ્યું કે :-

“શ્રી કૃષ્ણ ભગવાન જે ઈશ્વરનો અવતાર હતા તેમણે પાંડવો અને કૌરવો વચ્ચે યુદ્ધ કરાવી પાપી કૌરવોનો સંહાર કરાવ્યો અને પાંડવોને ઉપદેશ આપવા અર્થે અને અજ્ઞાનતામાં પાંડવો કદાચ એમ ન સમજે કે અમારા હાથે જ અમારા કુટુંબીજનોનો નાશ થયો છે. તે માટે શ્રી કૃષ્ણ ભગવાને ગીતા રૂપે ઉપદેશ આપી પાંડવોના સંશયને દૂર કર્યો હતો પરંતુ તે વખતના બ્રાહ્મણોએ ઊંધું ચતું સમજાવી મહાભારતના યુદ્ધનું જે પાપ થયું તેથી મુક્ત થવા એક યજ્ઞ કરાવ્યો જેથી પાંડવોએ રાયસુ યજ્ઞ આદર્યો તેથી (પીર સદરદીનના કહેવા પ્રમાણે) બ્રાહ્મણો ઉપર કોપ કરીને શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે : હું દશમો અવતાર હિંદુમાં જ લેવાનો હતો પરંતુ બ્રાહ્મણોએ આડુંઅવળું સમજાવી પાંડવોના હાથે યજ્ઞ કરાવ્યો તેથી હવે **હું દશમો અવતાર મલેચ્છ રૂપે અરબસ્તાનમાં** આવેલા મક્કા શહેરમાં **હજરતઅલી રૂપે લઈશ** !!! આ પ્રમાણે દશમો અવતાર બ્રાહ્મણો ઉપર રીસે ભરાઈ **શ્રી કૃષ્ણ પ્રભુએ** મક્કા શહેરમાં લીધો છે માટે હજરતઅલી એજ ભગવાનનો અવતાર છે માટે હિંદુઓ ! હમણાં ભગવાનના અવતારનો વારો તો ઈસ્માયલી મુસલમાનીમાં છે માટે તેને જ માનવું.”

વળી હજરત અલીના માટે આ પીરોએ એક કવિતા રચીને જણાવ્યું કે :

તમે ઓળખીને ધાવો આજ રે
મૂરખ લોકોને આવે છે લાજ રે, ટેક.
જીરે કૃષ્ણ બોલતા તે અમૃત વાણી રે,
હવે અરબી ભાષા ક્યાંથી આણી રે, તમે.
જીરે કૃષ્ણ ચાલતા તે તિલક તાણી રે,
હવે કલીમાંહે વધારી છે દાઢીરે તમે.
જીરે કૃષ્ણ પહેરતા પીતામ્બર ધોતી રે,
હવે કલીમાંહે પહેરી છે કફની ને ટોપીરે. તમે.
જીરે કૃષ્ણ જમતા તે સુવર્ણ થાળી રે,
હવે માટીના સહાનક ધારીરે તમે.
જીરે કૃષ્ણ ચાલતા તે બ્રાહ્મણ વેશેરે,
હવે આવી બેઠા તે આરબ દેશેરે. તમે.
જીરે કૃષ્ણ રૂપે તે જાપ જપાવ્યો રે,
હવે કલીમાંહે **મોહંમદ** નામ ભણાવ્યોરે તમે.

બન્ધુઓ ! આ વાત આપને કેવી લાગે છે ? **મક્કા** શરીફમાં શ્રી કૃષ્ણનો અવતાર અને તે હજરતઅલી રૂપે ! શું તમને આ વાત માન્ય છે ? કોઈને એ વાત સાચી લાગે છે ? આપણા શાસ્ત્રોમાં ભગવાનના અવતાર એજ મુખ્ય વાત છે એવું એ લોકોને લાગવાથી ભગવાનના દશ અવતારનું તેમણે એક શાસ્ત્ર ઉપજાવી કાઢ્યું છે અને તેના પુંછડે છેવટે એ કબ્રસ્તાની બધા ઈસમાયલી પીરોને લટકાવ્યા છે. તેમણે લખેલા અવતારની વાતો તદ્દન જુઠી અને બનાવટી છે એટલું જ નહિ પરંતુ હિન્દુ ધર્મનું એ કેટલું હડહડતું અપમાન કરનારી છે એ વાત આપને પ્રત્યક્ષ કરાવવાની મારે જરૂર છે. વળી ભોળા હિન્દુ ભાઈઓને ઈમાન બેસાડવાની ખાતર તેમાં કેવી યુક્તિ રચી છે અને તેના પુંછડે પોતે કેમ લટક્યા છે એ આપ ધ્યાન દઈને સાંભળજો. આપણને તો **મોઠો** દીધો હોય તો ફક્ત ઈમામશાહે જ દીધો છે તેણે રચેલા અથરવેદમાં દશ અવતાર આવે છે અને જે **દશતરી** ગાવંત્રી કહેવાય છે તે સૃષ્ટિની ઉત્પત્તિથી ! શરૂ થાય છે તેમાં લખ્યું છે કે :-

દશતરી ગાવંત્રી

સત, સત્ ઉપર દત્, દત્ ઉપર ક્ષમા, ક્ષમા ઉપર ગજા, ગજા ઉપર નીલ, નીલ ઉપર શેષનાગ, શેષનાગ ઉપર ધબળોધોરી, ધબળાધોરીના શીંગડા ઉપર એક રાઈ અને એ રાઈ ઉપર સ્વામીજીએ સૃષ્ટિ નીપાઈ ! પછી સ્વામીજીએ રૂપ લીધા તેમાં પ્રથમ નામ અહુંકાર, ભહુંકાર, વહુકાર, નીલ, અનીલસુન, સાન, નાન, ગેઆન, માન, નુર, તેજ, બંબ, જલ, કમલ, કદમ, આદબુંદ, નાદબુંદ, તેજતત્ત્વ, પ્રેમતત્ત્વ, આદપુરૂષ, આદપુરૂષથી નાભીચકર, નાભીચકરથી ભવેત ગોર બ્રહ્મા ! સત્ ગોર બ્રહ્મા થકી સર્વે સૃષ્ટિની ઉત્પત્તિ હુઈ, જે ચાર કલફના અવતાર પાત્ર અને જ્યાં થકી ગોરનરે અવતાર લીધા તેમાં પ્રથમ અહું. ઉનાદ, અધીગત, એહદ, હવ, કવ તથા

૧૦.૪ - પાટીદાર ઉદય - અંક ૪ - વિ. સં. ક. ૧૯૮૦ આસો (OCT-1923)

ધર્મ, તેજ કેવલ નાદ ઓત્રા હરીતક પુર્વા, અતીત વંસીના પરેમ રૂખ, તેના વંશમાં શ્રી મચ્છા અવતાર ! મચ્છની માતા તો સંખાવતી, પિતા તો પરેમરૂખ, શક્તિ દેવી ચંડીકા, ગોર તો માનધાતા, રહેવાનું સ્થાન હેમપુર ક્ષેત્ર તો દ્વારામતી, નરદળો દાણવ સંખાસુર તે વિચારતો ઋગવેદ. તે સંખાસુરને મારી સાતે પાતાળના રાજાને વચન આપી ગોર બ્રહ્માના વેદને વાળી, સવા કરોડીશું રાજા રૂષમાગતને તારી-**શ્રી મચ્છા અવતાર ભલે પધાર્યા !** મચ્છા અવતારના વંશમાં મનાએત, મનાએતના ઉગ્રસેન ઉગ્રસેનના અજાુવત, અજાુવતના ભ્રેસપત, ભ્રેસપતના આસોમંત્ર, આસો મંત્રના પરીકમ રૂખ, પરીકમ રૂખના કુર્મ ભગવાન ! કુર્મ ભગવાનની માતા કમળાવતી, તેની શક્તિ દેવી બૌચરાજી, ગોર તો એકારૂખી, રહેવાનું સ્થાન બગપોર ક્ષેત્ર તો માનસરોવર, ત્યાં નરદળો દાણવ મધુકેટભ તે વિચારનો ઋગવેદ. તેને મારીને કુર્મ ભગવાને સવા કરોડીસુ રાજા અમરીશને તારી **શ્રી કુર્મ ભગવાન ભલે અવતર્યા !**

શ્રી કુર્મના વંશમાં પ્રથમ વસરતના દકાઈએત, ના કાજમ, ના પરજાપત, ના દાઢમરૂખી તેના વંશમાં શ્રી વારાહ ભગવાન અવતર્યા ! તે વારાહ ભગવાનની માતા તો પદમાવતી, શક્તિ દેવી સોમયા, ગોર તો એકાસુર, રહેવાનું સ્થાન માયાપોર, ક્ષેત્ર તો ભેંકાસુર, ત્યાં નરદળો દાણવ મોરધ્વજ વીચારતો ઋગવેદ તે મોરધ્વજ દૈત્યને મારી, સવા કરોડીસુ રાજા ધ્રુવને તારી **ભલે અવતર્યા શ્રી વારાહ ભગવાન !** શ્રી વારાહ ભગવાનના પુત્ર રૂપંકના ખલીપત, ના ગઉતમ, ના અમરીખ, તેના પુત્ર શ્રી નૃસીંહા અવતાર ! તે શ્રી નૃસિંહા ભગવાનની માતા ચંદ્રાવતી, શક્તિ દેવી તુળજા ભવાની ગોર તો અમરતેજ, રહેવાનું સ્થાન તો કાશ્મીર, ક્ષેત્ર તો ચરણાપરી, ત્યાં નરદળો દાણવ હરણાકસ વીચાર તો રઘુવેદ, તેને શ્રી નૃસીંહ ભગવાને મારી સવા કરોડી શુ ભક્ત પ્રહલાદને તારી ભલે અવતર્યા **શ્રી નૃસીંહ અવતાર !** શ્રી નૃસીંહા અવતારના ! વશમાં તેના પુત્ર મનાએત, ના વંશવરણ, ના વીર લોચન, ના કાસમરૂખી, તેના વંશમાં શ્રી વામન ભગવાન ! તેની માતા તો લીલાવતી શક્તિ દેવી કોકીલા, ગોર તો સેહેજાનંદ રહેવાનું સ્થાન કોયલા પાટણ, ક્ષેત્ર તો વનથળી, ત્યાં નરદળો દાણવ બળીરાજા વીચારતા યજુરવેદ. તેને વામન ભગવાને મારી ઋષિઓને થાપી તમે **ભલે અવતર્યા વામન ભગવાન !** વામન ભગવાનના વંશમાં તેમના પુત્ર માનધાતા, ના પૃથ્વીજે, ના અસરત, ના જમદગ્ની તેમના પુત્ર શ્રી ફરસુરામ તેમની માતા રેણુકા, ગોર તો જનક વીદેહી, રહેવાનું સ્થાન માઆપર, ક્ષેત્ર તો કોયલા પાટણ ત્યાં નરદળો દાણવ સહસ્ત્રા અર્જુન તે વીચારતો રઘુવેદ, તે સહસ્ત્રા અર્જુનને મારી, શ્રી ફરસુરામે ઋષિઓને સ્થાપી **ભલે અવતર્યાં તમે ફરસુરામ ભગવાન !** હવે ફરસુરામના વંશમાં તેમના પુત્ર રઘુ, ના નગુ ના જેજાઈએત, ના કેવળીક, ના અજેપાળ, ના દશરથ, ના પુત્ર શ્રી રામ ! ક્ષેત્ર તો લંકાપુરી, ત્યાં નરદળો દાણવ દશ માથાવાળો રાવણ તે વીચારતો યજૂરવેદ. તે રાવણને મારી સાત કરોડીસુ રાજા હરીશ્ચંદ્રને તારી **ભલે અવતર્યા તમે શ્રી રામદેવ મોરારી !** તેની માતા કૌશલ્યા, શક્તિ દેવી સીતાજી. ગોર તો વશિષ્ટ, રહેવાનું સ્થાન અયોધ્યાપુરી, શ્રી રામના વંશમાં તેમના પુત્ર લવ. ના પદમ, ના પરિખત, ના વીરપાળ, ના વાસુદેવ, ના વંશમાં શ્રી કૃષ્ણ ભગવાન ! તેમની માતા દેવકીજી, શક્તિ દેવી રૂકમની, ગોર તો વેદવ્યાસજી, રહેવાનું સ્થાન ગોકુલ, ક્ષેત્ર તો મથુરા ત્યાં નરદળો દાણવ કંસાસુર તે વિચાર તો સામવેદ તે કંસાસુરને મારી ઋષીઓને સ્થાપી, સહદેવ ભક્તને તારી તમે **ભલે અવતર્યા શ્રી કૃષ્ણ મોરારી !** શ્રી કૃષ્ણના વંશમાં તેના પુત્ર પ્રદુમનના, સેંસસ્થાનના બેલસ્થાનના, વેણીવછરાજના, સંહીરાજ, તેમના વંશ, તો શ્રી બુદ્ધ ભગવાન ! તે બુદ્ધની

૧૦.૪ - પાટીદાર ઉદય - અંક ૪ - વિ. સં. ક. ૧૯૮૦ આસો (OCT-1923)

માતા તો રેણુંકાવવતી, શક્તિ દેવી હરસીહ, ગોર તો હંસરાજ રહેવાનું સ્થાન હીમપરી, ક્ષેત્ર તો કુરૂક્ષેત્ર, ત્યાં નરદળો દાણવ દરજોધન તે વિચાર તો સામવેદ તેને મારી નવ કરોડીસુ રાજા યુધિષ્ઠિરને તારી **ભલે અવતર્યા તમે બુદ્ધ ભગવાન દેવ મોરારી !** શ્રી બુધા અવતારના વંશમાં તેમના પુત્ર શીષ, ના સામ, ના સલુકાન, ના હારૂન, ના અસલામ, ના આદમ, ના નીઝાર, ના મીઝાર, ના એલીઆસ, ના મલીઆસ ના મુલકાનના કાજંસ, ના કાહેર, ના કાએમ, ના ગાલેબ, ના એલબ, ના કાયમ, ના મોરાદ ના મુનાલેફ, ના હાસમ ના મતલબ, ના અબુતાલબ, ના વંશમાં તો **શ્રી નકલકી નારાયણ શાહ ! મુરતજાઅલી.** તે અલીની માતા બીબી ફાતમા, પીતા તો અબુતાલેબ, શક્તી દેવી ફાતમા, ગોર તો નબી મોહમદ, રહેવાનું સ્થાન દેલમ દેશ, વરજા શહેર ગામ ક્ષેત્ર તો કુંવારકા, પંચનદી મુલસતાને, તહાં નરદળો દાણવ કાળીગો ધુઝાલબે વિચાર તો અથરવેદ, તે કાળીગા દૈત્યને મારી બાર કરોડીસુ ભક્તને ઓધારસે, ગુપ્ત અવતાર ત્રેસીશ ! **પ્રગટ અવતાર એક સાહ મુરતુજાઅલી !** ના ઈમામ, ઈમામના હસન, ના ઈમામ હોસન, ના ઈમામ જેનલાબદીન, ના ઈમામ મહમદ બાકર, ના ઈમામ જાફર સાદક, ના ઈમામ ઈસમાયલ, ના ઈમામ નુર સત ગોર, ના સૈયદ મુસાફરીન, ના સૈયદ જમાલદીન, ના સૈયદ સાહદકદીન, ના સૈયદ મહેરદીન, ના સૈયદ હાદીન, ના સૈયદ સલાઓદીન, ના સૈયદ ફાજલસાહ, ના સૈયદ કાસમસાહ, ના સૈયદ એહમદશાહ, ના સૈયદ નાસરશાહ, ના સૈયદ મુસાલકશાહ, ના સૈયદ માહાબુ, ના સૈયદ મસતગ, ના સૈયદ મહીઆદીન, ના સૈયદ મુમનસીહ, ના સૈયદ ખાલકશાહ, ના સૈયદ નીઝારસાહ, ના સૈયદ ઈસલામશાહ, ના સૈયદ સલાઓદીન, ના સૈયદ સમસદીન, ના સૈયદ નસીરદીન, ના સૈયદ સાહેબદીન, ના સૈયદ **સતગોરપાત્ર બ્રહ્મા ! ઈંદ્ર ઈમામશાહ ! આદે વીસ નવ નરીજન અરલી મહમદશાહ હકલાએલાહા ઈલલાહો મહમદુર રસુલલાહે. બુદ્ધદેવના વંશમાં પાક્યા તે ઈમામશા !**

આ પ્રમાણે પોતાની વંશાવળીનો છેડો મેળવ્યો છે અને ભગવાનના દીકરા થવાનો લહાવો લીધો છે. હવે તેમાં અને તેના લખેલા દશ અવતારની દશતંરી ગાવંત્રીમાં સત્ય શું છે અને જુઠું શું છે તે આપને ટુંકમાં જણાવીશ. પ્રથમ મચ્છા અવતારની વાત આવે છે. તેમાં મચ્છ ભગવાન સખાવતી નામની સ્ત્રીના ગર્ભથી ઉત્પન્ન થયાનું જણાવે છે ! મચ્છ ભગવાનના પિતા પરમરૂખી એ વાત તદ્દન ગપ છે. મચ્છા અવતાર પછી ઈમામશાહ કૃત દશતરી ગાવંત્રીમાં જણાવ્યા પ્રમાણે મચ્છ ભગવાનના વીર્યથી ઉત્પન્ન થયેલ મનાવત. મનાવતના ઉગ્રસેન એ પ્રમાણે પરીકમ રૂષીના વંશ કહેતા તેના દિકરા કુર્મ ભગવાન ! શું બુદ્ધિનો ઉપયોગ કર્યો છે ? મચ્છ ભગવાન માછલાનું રૂપ, તેમાંથી જન્મ્યા તે બધા માણસ તે છેક પરિકમ રૂષી થકી અને પરિકમ રૂષીની સ્ત્રી કમળાવતીના દીકરા કુર્મ કહેતાં કાચબાનો અવતાર ! ધન્ય ઈમામશાહની બુદ્ધિને અને ધન્ય છે તમને પીરાણા પંથને માનવાવાળા સતપંથી ભાઈઓને ! કુર્મ અવતાર પણ ક્યા કારણને લઈ પરમાત્માનો અવતાર મનાય છે તે જો પીરાણા પંથીઓ હિન્દુ ધર્મના દશ અવતારો વાંચે તો તો આંખ ઉઘડી જાય. પરંતુ તસ્દી કોણ લે. કુર્મ ભગવાન પાછા કાચબાના રૂપે પરણ્યા હશે ત્યારે જ તેમના વીર્યથી પ્રજા ઉત્પન્ન થઈ શકે. દશતરી ગાવંત્રીમાં કુર્મના વંશમાં પાછા માણસો જનમવા માંડ્યા ! કુર્મના દીકરા વંસરત નાદકાઈએત એમ કરતાં કરતાં પરજાપતના દાઢમ ઋષિની સ્ત્રી પદમાવતીના ઉદરથી પાક્યા વારાહ ભગવાન, વારાહ એટલે સુવર, શું ઈમામશાહે નજર પોંચાડીને કામ કર્યું છે ! માણસમાંથી સુવર જન્મે તે પણ ઠીક છે, આપણે તો તેની કથાની ચોખ કરીએ છીએ. કોઈ હૈયા ફુટયાએ વળી

સુવરને પણ કન્યા આપી હશે જેથી વારાહ ભગવાનનો પણ વંશ ચાલુ રહ્યો. વારાહના દીકરા પાછા માણસ. તેનું નામ રૂપક-રૂપકના ખલીપત વગેરેના અમરીખને પાછી ભોછપ ખણવી હશે કે જેથી તેની સ્ત્રી ચંદ્રાવતીના પેટે પાછા શ્રી નૃસીંહ ભગવાન જનમ્યા ! આવી ગપોડ કથાઓ કહેતાં પણ શરમ આવે છે. શું ઈમામશાહ એટલું પણ નહીં સમજ્યો હોય કે હું મારા ધર્મને ગુપત ! રાખવાની વાતો કરું છું પરંતુ આ છાનું ક્યાં સુધી રહેશે ? માછલામાંથી માણસ જન્મે ને વળી માણસમાંથી કાચબો જન્મે ! કાચબાના વંશમાંથી વારાહ જન્મે ! આ પોલંપોલતો જુઓ ! વળી વારાહના વંશથી માણસો જન્મે અને તેથી પાછો સિંહ જન્મે ! ભાઈઓ, નૃસિંહ અવતારની વાતો તો તમે સાંભળી હશે, ઘણાં ભજનોમાં પણ ગવાય છે કે હરણ્યાકંશે પોતાના દીકરા પ્રહલાદને અનેક સંકટો દીધાં પરંતુ તેનો વાંકો વાળ પણ ન થયો. છેવટે તેણે ક્રુર સજા કરવા લોખંડનો થાંભલો ધગધગતો કર્યો અને પ્રહલાદજીને હુકમ કર્યો કે તારો ઈશ્વર સાચો હોય તો આ ધગધગતા થાંભલાને બાથ ભીડ ! તે પ્રહલાદજી પ્રભુનું ધ્યાન ધરી લોહસ્તંભને બાથ ભીડવા જાય છે ત્યાં તો લોહ સ્તંભ ફાટ્યો અને શ્રી નૃસિંહ ભગવાન દેખાયા અને હરણ્યાકંસ માર્યો. આમાં નરસીંહ ભગવાનની ન તો મા હતી કે ન તો બાપ હતાં ! છતાં ઈમામશાહના અદભુત પ્રાકમની પ્રસાદી- પીરાણા સંતપથની દશતરી ગાવંત્રીમાં વારાહના વંશના દીકરા નૃસીંહા અવતાર ! કેટલું જુઠ્ઠં.તમો કાંઈક તો બુદ્ધિનો ઉપયોગ કરો કે હિન્દુઓને ફસાવી વટલાવી પોતાના ફંદામાં કેવા જકડી રાખ્યા છે અને પાછી આ ગુપ્ત ધર્મની વાત ક્યાંય કરવી નહીં ! તમે હિન્દુ છો, હિન્દુ ધર્મના પુસ્તકો, પુરાણો, કથાઓ વાંચી જુવો તો તમને આ ગુપ્ત પંથમાં કેવી રીતે સંડોવ્યાં છે તે જણાઈ આવશે. ભગવાન શ્રી નૃસીંહા અવતાર સિંહ રૂપે હતા તેને પણ કોઈ નીરભાગીએ કન્યા આપી હશે એમ પીરાણા સતપંથના ચાલાક ઈમામશાહે નક્કી કર્યું, તેથી નરસિંહજીનો પણ વંશ વધતો જ રહ્યો. સિંહ રૂપે નરસિંહ ભગવાનના દીકરા મનાએત વગેરે કુમે કાસમ ઋષીના દીકરા વામન ભગવાન. ધન્ય હો ઈમામશાહ ! હવે તો માણસનાં માણસ જન્મ્યાં. પાછાં વામન ભગવાન પરણ્યા તેના દીકરા માનધાતા પૃથ્વીજે. તેના અસરત. અસરતના જમદગ્ની તેના દીકરા ફરસુરામ જમદગ્નીના દીકરા ફરસુરામ એ વાત તો સાચી પરંતુ ફરસુરામ તો અખંડ બ્રહ્માચારી હતા તે કોઈ દિવસ પરણ્યા જ નથી. છતાં તમારા ઈમામશાહે તો તેને પણ પરણવાની લપ વળગાડી દીધી છે. દશતરી ગાવંત્રી ઈમામશાહ ક્રતમાં વળી જણાવ્યું છે કે ફરસુરામના દીકરા રગુ, નગુ, વગેરેના અજેપાળ તેના દશરથ ! દશરથના રામ એ વાત તો સાચી પરંતુ તમે ભાઈઓ બુદ્ધિ હોય તો વિચાર કરો કે ફરશુરામ તો બ્રાહ્મણ હતા તેના વંશમાં સૂર્યવંશીઓ કેમ જનમ્યા ! વળી રામને અવતાર લેવાના કારણમાં ઈમામશાહ જણાવે છે કે રાવણને મારી રાજા હરિશ્ચંદ્રને તાર્યો ! ભાઈઓ, આ તે કાંઈ નાની સુની ગપ કહેવાય ? હરિશ્ચંદ્રની ખાતર જ રામા અવતાર ! ક્યાં રાજા યુધિષ્ઠિર અને ક્યાં શ્રી રામ !?

ઈમામશાહ તો ગુજરી ગયા પરંતુ તેના વંશના સૈયદોને પણ તમો કોઈ પૂછો કે તમો આવી નાલાયક કથા લખી ભોળા લોકોને આંખે પાટા બંધાવી ગંગવા કૂવામાં કેમ નાખો છો ! ભાઈઓ તમે સમજો કે સૈયદોને તો ગમે તેમ કરી તમને મુસલમાન કરવા છે અને પોતાની આજીવીકા હિંદુઓ પાસેથી આવા ઢોંગ ધતુરા કરી મેળવવાની છે તે શા માટે કહે ? એ તો આપણે સમજવાનું છે. આગળ ચાલતાં માણસનાં બધાં માણસો જ જન્મે છે. એટલું જ ઠીક દેખાશે. સૂર્યવંશમાં રામચંદ્રજી સુધી તો આપણે આવ્યા તેમના દીકરા લવ, લવના પદમ. એમ કરતાં કરતાં વાસુદેવના દીકરા શ્રી કૃષ્ણ, વાસુદેવના દીકરા **શ્રી કૃષ્ણ** પ્રભુ એ વાત તો સાચી પરંતુ **સૂર્યવંશ**માંથી પાછો **ચંદ્રવંશ**

આટલો જલ્દી ક્યાંથી નીકળ્યો હોય ! પણ ઈમામશાહના ઈલમમાં કાંઈ ખામી હોય, માણસોમાંથી પશુ અને પશુમાંથી વળી માણસ કરે એવી અદભુત લીલા ઈમામશાહની છે. શ્રીકૃષ્ણના દીકરા પ્રદ્યુમ્ન તેના સેસસ્થાન, બેલસ્થાન વગેરે ચાલે છે પરંતુ **પ્રદ્યુમ્નના દીકરા અનીરૂદ્ધ તો દેખાતા જ નથી ! તેને વખતે ચીત્રલેખા ઉપાડી ગઈ હશે** એટલે બિચારા ઈમામશાને ક્યાંથી દેખાય !

એ બેલસ્થાન પછી અનુક્રમે સહીરાજના દીકરા બુદ્ધ ભગવાન ! ભલે ભલે ઈમામશાહના બુદ્ધ ભગવાન તમે જન્મ્યા તો ખરા, પરંતુ અમારા હિંદુ શાસ્ત્રો કહે છે કે શ્રી કૃષ્ણની સલાહે પાંડવોએ દુર્યોધનને માર્યો પરંતુ ઈમામશાહની સલાહથી તમારા જેવા મહાન યોગી અહીંસા પરમોધર્મનું સુત્ર જગતને શીખાડનાર તે દુર્યોધનને મારવા ક્યાંથી શ્રીકૃષ્ણની આઠમી પેઢીએ ફૂટી નીકળ્યા ! વાહ રે ઈમામશાહ તમારી અકલ ! **પાંડવોને ગૌવધ કરવાની સલાહ આપનાર તે બુધ્ધા અવતાર !** પાંડવોને તારનાર પીર સદરદીન અને કબીરદીનની પાસે ભેસ્તમાં પાંડવો ગયા નહિ પણ ગુપ્તવાસ પીરાણામાં આવી રહ્યા એ પણ ઈમામશાહના પ્રતાપેજ ! ઈમામશાહે હિન્દુ ધર્મનું કેટલું સખત અપમાન કર્યું છે તે જુઓ ! બુધ ભગવાન જે અહીંસા પરમોધર્મનો ઉપદેશ આપનારને **પાંડવોના હાથે ગૌવધ કરાવે !** બુધ ભગવાને સલાહ આપી તે પ્રમાણે પાંડવોએ ગાય મારી ! કેટલી નીચતા ? આવી નાલાયક અને પાપી કથા જે પીરાણા સતપંથીઓ વાંચે છે તે અધમ પ્રકારના હિન્દુ ધર્મદ્રોહી છે, હિન્દુપણાના નામને લજાવનારા છે. ઈમામશાહ તો કાળાં ધોળાં કરી મરી ગયો પરંતુ હજુ પણ કેટલાંક અજ્ઞાન લોકો આવી વાતો રાગડા તાણીને વાંચે છે તેના સૈયદોના કહેલા પ્રમાણે પુણ્ય થાય છે એવું માને છે. આવા રાગડાઓ તાણી અમે હિન્દુ છીએ એમ કહેનારાઓને **લાખોવાર ધિક્કાર** છે. પાછળથી ઈમામશાહે બુદ્ધા અવતારની કેવી વલે કરી છે તે તમે સાંભળો. બુદ્ધ ભગવાનના દીકરા સીસ. તેના સામ એ ક્રમે સુલકાન, હારૂન, અસલામ, આદમ, નીઝાર, મીઝાર વગેરે મુસલમાની પેઢીઓ લગાડી દીધી ! તમને કંઈપણ શરમ થાય છે ?

દાદા આદમના દીકરા સીમ-શામ શો કાન વગેરેની વંશાવલી લઈ છેવટે પોતે પણ દાદા આદમના વંશના છીએ એમ જણાવવા સારું નુરસ્તગોરથી સતપંથ ચાલ્યો છે, તેની વાંસે વાંસે પોતાના નામો ઉમેરી દીધાં અને છેવટે સોદરદીનના દીકરા **કબીરદીન-કબીરદીનના સપુત્ર તે સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ !** હવે છે કંઈ વાંધો ? પાછા **આદે વીસનવ નરીજન નરાકાર** તે મહાપ્રભુ ઈમામશાહના દીકરા **નરઅલી મહમદ** શાહ અને છેવટે હિન્દુપણાનું નામ નિશાન ભુંસાડીને, **હકલા હે લાહા ઈલ્લાહો મહમદુરરસુલીલ્લા હે !** આ પ્રમાણે ઈમામશાહની ઉત્પત્તિ અને તેના કારસ્તાનને કાર્યો રૂપી ઈમામશાહે દશે અવતારો લખીને પીરાણા સતપંથ ધર્મ પાળનારને છેક જ બેવકૂફ બનાવ્યા છે. હજુ એ આવા દેખતા જમાનામાં ઈમામશાહના વંશના સૈયદે, ન હિન્દુ ન મુસલમાન એવા એ અર્ધદગ્ધ પીરાણા કબ્રસ્તાની ધર્મના પોતે આચાર્ય, ગોર અને બાવા તરીકે પુજાવાનાં ફાંફાં મારી રહ્યા છે.
(ચાલુ)

જ્ઞાતિ બંધુઓને બે બોલ

લાલજી સોમજી પટેલ (કચ્છ રવાપરવાળા)

આજ કાલ દરેક જ્ઞાતિ પોતાની ઉન્નતિ માટે તન, મન અને ધનના ભોગે પોતાના બનતા પ્રયત્નો કરી રહી છે ત્યારે આપણી જ્ઞાતિ કુંભકરણની નિંદ્રાનો ત્યાગ કરી શકતી નથી, તેના મુખ્ય કારણ તરફ જરા આપણે નજર કરશું તો કેળવણીની ખામી અને કુસંપની વૃદ્ધિ જણાશે.

બન્ધુઓ ! અન્ય જ્ઞાતિ કરતાં આપણામાં કેળવણી અને ઐક્યતાની ખામી છે, કેળવણી એ શબ્દમાં વિદ્યા, વ્યાપાર, હુન્નર વગેરેનો સમાવેશ થયેલો છે આપણી ઉન્નતિ અને અત્યારના સંસાર સુધારણાનો મુખ્ય આધાર કેળવણી અને વૃદ્ધિ પર જ રહેલો છે માટે ભાઈઓ ! પ્રમાદનો ત્યાગ કરી વિદ્યા રૂપી આપણા કટાયેલા હથિયારો ધારણ કરી મેદાનમાં બહાર પડો. નવો જમાનો સુધારાનો છે માટે આળસ તજી આગળ નહિ વધો તો પછી પસ્તાવાનો વખત આવશે, "જાગ્યા ત્યાંથી સવાર" એ સુત્રાનુસાર આપણા ગુમાવેલ ગૌરવને પ્રાપ્ત કરો, અને આપણે કોણ ? કોના પુત્રો છીએ ? અને આપણી અત્યારની અવનત દશા શા કારણે પ્રાપ્ત થઈ છે ? તેનો વિચાર કરો.

બન્ધુઓ ! આપણા પૂર્વજોએ જે ખ્યાતિ મેળવી હતી, તે આપણે ગુમાવી બેઠા છીએ પણ ફીકર નહિ, નિરાશ થવાની કાંઈ જરૂર નથી કારણ કે આજે આપણને આપણા માસિક પાટીદાર ઉદયમાં આપણી જ્ઞાતિ ઉન્નતિનાં વિચારો જાણવા-વાંચવા તક મળી છે, તે વાંચો અને વિચારો.

ભાઈઓ ! તમને એમ થતું હશે કે અમો માસિક વાંચીએ અને સુધારાવાળા ભેગા થઈ જઈએ પણ અમોને ગઢેરાનો ભય લાગે છે આ કહેવું આપનું મને વાજબી લાગતું નથી કેમ કે આપણને મનુષ્ય જન્મ મળ્યો છે. તો તેમાં જરૂર કંઈ સુકૃત્યો કરવાની જરૂર છે.

જુઓ ભક્ત પ્રહલાદે સત્યતાની ખાતર પોતાના માતા પિતાના દરેક બોલનો અનાદર કર્યો હતો, જેના માટે હિરણ્યકશ્યપુ (પ્રહલાદનો પિતા) એ તેને ઘણું દુઃખ દીધું છતાં પણ પ્રહલાદે પોતાની ટેક છોડી નહિ. તેથી અંતે પરમાત્માને તેની વારે આવવું જ પડ્યું. અંતે હિરણ્યકશ્યપુની હાર થઈ. તો મારા ભાઈઓ ! ભક્ત પ્રહલાદે પોતાની ઉન્નતિ માટે પોતાના પિતાની પણ આજ્ઞા માની નહિ. ત્યારે તમો તો આપણી જ્ઞાતિના બની બેઠેલા સ્વાર્થી આગેવાનોથી ડરો છો ? હવે આપને માટે શું કહેવું તેનો મને વિચાર થાય છે કે તમો કેવી રીતે તમારી અને જ્ઞાતિની ઉન્નતિ કરી શકશો. અરે બન્ધુઓ ! તમો નકી એમજ ધારી લેશો કે ંતે સત્યનો જય છે, કારણ કે આપણે બીન-સ્વાર્થે સનાતન વૈદિક ધર્મની આજ્ઞાઓ પાળવા અને જ્ઞાતિ ઉન્નતિ કરવાને જે-જે પ્રયત્નો કરીએ છીએ, તેમાં જે આડા આવતા હોય તેને ન ગણકારતાં જ્ઞાતિનાં ભાગ્યોદયના માટે ઉત્તમ કાર્ય કરીએ છીએ. જેની અંદર આપણને કોઈ પણ જાતનો (ઉન્નતિ સિવાયનો) સ્વાર્થ નથી તો હવે કોઈથી ડરો નહિ, એક કવિએ કહ્યું છે કે :" "?

દેખી દુઃખ ડરે નહિ, તજેન હિંમત લેશ,
એવાં નિપુણ વીરનો, સહાયક રામ હંમેશ

ઉપરની વાત સમજી કરીને જો આપણને મળેલા આવા ઉત્તમ માનવ દેહને ભયના માર્યા વૃથા ગુમાવશું તો એ આવરણો જરૂરથી આપણો ભક્ષ કરશે.

ભાઈઓ ! તમોને જે આગેવાન ગઢેરાઓનો ભય લાગે છે, તે આગેવાનોના કર્તવ્યો તરફ તો જરા જુઓ ! નાતના ધર્માદાના પૈસા ખાઈ-ખાઈને માતેલા સાંઢ જેવા થઈને અનેક બિચારા ગરીબ ભાઈઓના ઉપર જુલમ વર્તાવી રહ્યા છે અને તેમની વહુ-દીકરીઓના શિયળ ભંગ કરી રહ્યા છે. તેમજ મનુષ્યને શોભે નહિ, તેવા અનેક કામો કરી રહ્યા છે, જેનો અનુભવ આપ ભાઈઓને પણ છે જેથી હું વધારે લખતો નથી, પણ તમોને કહું છું કે એવા ગોરખોદુ ગેઢેરાઓથી હવે બીવાનું મૂકી દીયો અને હીંમત કરી કાર્ય કરો તો :
જરૂર વિજય આપણો જ છે.

ભાઈઓ ! મારે ગેઢેરાઓને ગોરખોદું (વજુડાઓ) કહેવા પડે છે, તેનું કારણ કે ગોરખોદું વજુડ તો મરેલા મુડદાને ખાય છે, પણ આ **મનુષ્ય સ્વરૂપ વજુડાઓ** (ગેઢેરાઓ) તો જ્ઞાતિના જીવતાં ગરીબ ભાઈઓને અનેક રીતે હલાલ કરી-રંજાડીને લુંટી (દંડી) ને નાંણા રૂપી તેનું લોહી પીએ છે અને તેને કાષ્ટના પૂતળા જેવા માંસના લોચા કરી મુકે છે છતાં પણ તેને જરા દયા આવતી નથી. કહો ભાઈઓ ! શું હજી પણ તમો આવા પાષાણ હ્રદયના ગેઢેરાઓનો ભય નહિ છોડો ? **હવે તો હદ થાય છે અરે જ્ઞાતિના યુવાનીયાઓ ! તમારું જુવાનીનું જોર ક્યાં ગયું ?** શું તમોને પણ પીરાણાની **અમી નુરની ગોળીનો ડાઘ** લાગી ગયો શું ? અરે ! બન્ધુઓ જાગો ! જાગો ! હવે તો હદ થાય છે આટ આટલું છાપા દ્વારા તમોને સુધારક ભાઈઓ ચેતાવી રહ્યા છે, અને આગેવાન-ગેઢેરાઓના ધંધા બતાવી રહ્યા છે. છતાં પણ તમો જ્ઞાતિદ્રોહી ગેઢેરાઓનો ભય રાખો છો ! એ પણ તમારી જ બલિહારી છે.

હવે મારે આપને માત્ર થોડું જ કહેવું છે તે એ છે કે આપણે સૌ એક સાથે મળી સંપ કરીને આપણી જ્ઞાતિ ઉન્નતિનો ધ્વજ હસ્તમાં લઈને ગામે ગામ અને ઘરેઘરે ફરીને કહો કે ભાઈઓ હવે જાગો ! આગેવાન ગેઢેરાઓના પાપના ઘડા ભરાઈ ગયા છે. પીરાણા કબ્રસ્તાની પંથના દહાડા પૂરા થયા છે તેઓની ફજેતી ચારે કોરથી થવા માંડી છે કેમ કોર્ટે ચડી ચુક્યા છે. સૈયદો માંસાહારી છે તેઓ તમને વટલાવે છે અને કદી તમો એમ ધારતા હશો કે અમારી જ્ઞાતિમાંથી સાધુ થયેલા કાકાઓ તો અમને નથી લુંટતા અને નથી વટલાવતા ? પણ બન્ધુઓ ! એ નીચ કૃતઘ્ની કાકા-સાધુડાઓના માટે તો જેટલું કહું તેટલું થોડું છે એ જ્ઞાતિદ્રોહી કાકા-ચોરો એ તો જ્ઞાતિને હિન્દુમાંથી ટાળી નાંખી પોતાને મોજ મજા માણવાને માટે આજ દિવસ સુધી આપણને છેતર્યા છે તેઓ હંમેશાં કહેતા આવ્યા છે કે અમો ઘેગું ચડાવી ગરીબોને ખવડાવીએ છીએ સાધુઓને સદાવૃત આપીએ છીએ વગરે વગેરે અનેક ડંફાસો મારીને આપણા પાસેથી નાણાં કાઢી કાઢીને પોતે ખૂબ ખાઈ ખાઈને અલમસ્ત જેવા થઈને ફરે કેડે ચાંદીના કંદોરા હાથે હેમની વીંટીઓ રેશમી કોરોના ધોતીઆઓ પેરે ખાવામાં દૂધ સાકર ખાએ કહો ભાઈઓ ! આ સાધુના લક્ષણ છે ? કદી નહિ માટે કાકાઓને હવે મૂકો અને પીરાણા રૂપી અંધારા કૂવામાંથી નીકળો અને આ વીસમી સદીના જમાનાને જુઓ ! આંખો ખોલો, હવે આમ છેક અંધ ન બનો.

બન્ધુઓ ! હું તમારા પીરાણામાં ચઢતી ઘેગ વીશે પણ તમોને થોડુંક કહું છું તે તમો સાંભળો જે પીરાણામાં ઘેગ ચડે છે તેનો ખીચડો ખાનાર પણ બીજા કોઈ નથી પણ જેઓ તમોને હિંદુમાંથી ટાળી આમ અધવચમાં ધોબીના

કૂતરાની માફક બનાવનાર સૈયદો જ છે બીજા કોઈને તે મળતું જ નથી અને કદી મળે છે તો કોઈક વખત, તેમજ સદાવૃત્ત જે દેવાય છે તે પણ મારા એક મિત્રના કહેવા મુજબ ફક્ત જવને. લોટ તે પણ દિવસ આખામાં આના આઠનો જ તેથી વધારે બીલકુલ નહિ જ કદી કોઈ વખતે ચાર વધારે શિકારીઓ આવી પડે તો બહુ જ તો બે ચાર આનાનો વધારે તેથી તો વધુ બીલકુલ નહીં જ.

માટે હવે કંઈક વિચાર કરો અને આંખ ઉઘાડીને જુઓ કે જ્યાં તમો દર સાલ લાખો કોરીઓ મૂકો છો ત્યાં દરરોજ ફક્ત આઠ આનાનો જ લોટ અપાય અને તે પણ વાઘરી શીકારીઓને ! કહો ભાઈઓ, આ તમારા ધર્માદાના નાણાની વ્યવસ્થા છે. શું હજી પીરાણાનો મોહ નહિ મૂકો ? અને ગેઢેરાઓનો ભય નહિ છોડો.

બન્ધુઓ ! હવે વિચાર કરો, અને આપણા સુધારક ભાઈઓ જે કહી રહ્યા છે તે સાંભળો ને તે મુજબ આગેવાન ગેઢેરાઓનો ભય છોડો, અને આ આદરેલા જ્ઞાતિ ઉન્નતિના યજ્ઞમાં ભાગ લ્યો અને પાટીદાર ઉદય માસિકના ગ્રાહક બની તેમાં આવતા લેખોને વાંચીને મનન કરો અને આ મનુષ્ય જન્મને સફળ કરો બસ હાલતો હું આટલું જ કહું છું વળી આપને આગળ કોઈ વખત તંત્રી સાહેબ જગા આપશે તો થોડુંક લખીશ.

કદી આ લેખમાં મારી ભાષા આપને જરા આકરી તો લાગી હશે, પણ તે મને માફ કરશો કે, પીરાણાપંથની ગોળીનો ડાઘ હવે મારા હૃદયમાંથી ઉપડી ગયો છે. તેથી જરા સત્યનો જોશ આવી જાય છે, આપને પણ કહું છું કે જો તમારે પણ સત્ય વકતા થવું હોય તો પીરાણા પંથની ગોળીનો ત્યાગ કરો અને ગેઢેરાઓનો ભય છોડો.

સ્વજ્ઞાતિ સુધારો

પાટીદાર ઉદયના દિવાળીના ખાસ અંક માટે

(રચનાર : ઠક્કુર રામજી વિ. વાલજી વર્મા)

(ભુજંગી છંદ)

તમોને કહું આજ હું તે વિચારો, કંઈ જ્ઞાતિની દાઝને દિલ ધારો,
ખરા ધર્મને સત્યતાથી સંભાળો, સદા સંપ રાખી સ્વજ્ઞાતિ સુધારો (૧)

થયો સંપને ધર્મનો લોપ જ્યાંથી, ગઈ રિદ્ધી સિદ્ધી બધી આપણાથી,
કરો તે વિષે શુદ્ધ સાચા વિચારો, સદા સંપ રાખી સ્વજ્ઞાતિ સુધારો (૨)

કુસંપે થૈ કૈ તણી પાયમાલી, રહે સંપથી સર્વ જાહોજલાલી,
વિના સંપ ન રાહ કંઈ એક સારો, સદા સંપ રાખી સ્વજ્ઞાતિ સુધારો (૩)

ઉમા માતના આર્ય સંતાન સાચાં, તજી ધર્મને ભૃષ્ટતા માંહી રાચ્યાં,
ધર્યો પાપના પુંજનો કેમ ભારો, સદા સંપ રાખી સ્વજ્ઞાતિ સુધારો (૪)

તમો દ્રવ્ય દશોંદ આપી ગુમાવી, ગણી ક્ષેત્ર દરિયા વિશે ધાન્ય વાવો
કહો વિના લાભ શાને ખુઓ છો હજારો, સદા સંપ રાખી સ્વજ્ઞાતિ સુધારો (૫)

કરી દ્રવ્ય એ એકઠું આજ કાલે, અને તે થકી કૈંક સંસ્થાઓ ચાલે,
ખરું પૂણ્ય જાણી ગરીબો ઉગારો, સદા સંપ રાખી સ્વજ્ઞાતિ સુધારો (૬)

દીઓ અંધકે પંગુને અન્ન વસ્ત્રો, મુંગા પ્રાણીઓ પાળી પૂણ્ય સહસ્ત્રો,
વળી સ્થાપી ઘોજ્ઞાતિ માટે નિશાળો, સદા સંપ રાખી સ્વજ્ઞાતિ સુધારો (૭)

કહે "રામ" અષ્ટક રચ્યું પ્રેમ ભાવે, સુધાર્યું મંહિ "મૌજી" એ મિત્ર દાવે,
કંઈ હિત ઉપદેશ જાણી સ્વીકારો, સદા સંપ રાખી સ્વજ્ઞાતિ સુધારો (૮)

નામ ધારી બનાવટી મુસલમાન સૈયદો

(લખનાર ખલીફા મહમદ ઉમર નુરમામદ કચ્છ અંજારીઆ)

તંત્રી મહાશય ! આપના **"પાટીદાર ઉદય"** માસિકનો પહેલો અને બીજો બંને અંક મને મળ્યા, તેના ઉપકાર સાથે લખવાનું કે આપના અંક પહેલાના પાના નં. ૬માં લખેલું છે કે "પીરાણા સતપંથી" મુસલમાની પંથ છે. પ્રિય મિત્ર જોકે મને તમારા તરફ માન છે ખરું પણ મારા પાક દીન મહમદીનની ફરજ હોવાથી બે બોલ શરા મુજબ લખી મોકલું છું. જે આપ જરૂરથી જાહેર કરશો.

મને સતપંથ પીરાણા પંથના સૈયદોની સાથે પ્રસંગોપાત કરાચીમાં મરહુમ મુખી સાહેબ વિશ્રામ દેવશીના વાડામાં મુલાકાત થયેલ છે. એટલું જ નહિ પણ મેં અમારા દીન ઈસ્લામ સંબંધી થોડોક વાદવિવાદ પણ કરેલ છે. જેથી મને માહિતી છે તેથી લખું છું મને ખરું પુછાવો તો સતપંથ પીરાણા પંથ હિંદુ મુસલમાનથી ન્યારો જ છુપી કારવાઈનો એક અજબ પંથ છે. **"ન હિંદુ ન મુસલમાન"** તેમજ "અતોય ભ્રષ્ટ તતોય ભ્રષ્ટ" જેવો જ છે પણ આટલા દિવસ સુધી હું એમ માનતો હતો કે **"કરશે તે ભરશે એમાં મારે શું ?" "ખાડો ખોદે તે જ પડે"** પણ આજ તમારા માસિકમાં વાંચીને મને વિચાર થાય છે કે રખેને મારા મુસલમાન ભાઈઓ આને ઈસ્લામી ધર્મ માની બીજા હિંદુ ભાઈઓના જેમ ફસાઈ પડે અને પોતાના દીન મહમદીને ભુલી આડે રસ્તે ચડી ન જાય તેથી જ લખવું પડ્યું છે.

મારા મહેરબાન વાંચક સાહેબો ! આજ કાલ વર્તમાન કાળમાં ધર્મ પંથોના જાણે રાફડા ફાટી નીકળ્યા હોય તેવા વાવલીઆ વાવા લાગ્યા છે. ને ધર્મને નામે ધતીંગથી પીખડાંમાંથી સો સો કાગડા ખડા કરી મુકે છે. પણ ભાઈઓ તેનું મૂળ તાત્પર્ય **મોજશોખ, મોટર, હોટલ, લાડી, ગાડી અને વાડી**ના ખાતર અજ્ઞાન ભોળા ભાઈઓને જુઠી લાલચો બતાવીને પૂર્વ કાળથી વંશ પરંપરા બાપદાદાના મુળ શુદ્ધ સાચા ધર્મોથી ફેરવી પાખંડીકૃતવી પંથોમાં ફસાવી દોજકી બનાવી પ્રિય ભારત માતાના સંતાનોમાં કુસંપ ફેલાવી પાયમાલ કરી મુકે છે. એટલું જ નહિ તે હજી

પણ પરમાત્મા જાણે કે છેક પાતાળે લઈ જવાની કોશિશો કરે છે. તેથી ભય રહે છે. માટે જ મને મારા સ્વધર્મના ફરમાન મુજબ ફરજીયાત લખવું પડે છે. આપ જાણો છો કે અમારો ઈસ્લામી પાક મજહબ અતિશય તિક્ષ્ણ તલવારની ધારથી તે જ ઘણો જ બંધનકારક એક જ ખુદાને માનનાર છે.

ત્યારે આ કુટીલ પીરાણા પંથમાં તો માછલાં કાચબા અને જેનું નામ લેવું પણ અમો મુસલમાનોને હરામ છે તેવા સુવર આદીને પરમેશ્વરનાં અવતાર માનેલા છે (લાહોલા).

ભાઈઓ અમારા ઈસ્લામી ધર્મની પાંચ ફરજો તો અવશ્ય પાળવી જોઈએ જ જેવી કે (૧) કલમે શહાદત (૨) પંજગાના નમાજ (૩) જકાત (૪) હજ અને પાંચમી રોજા રમજાન સરીફનાં ઉપલી શરતો જ્યાં સુધી કોઈ મુસલમાન અદા ન કરે, તો તે મુસલમાન ન જ થઈ શકે તેમ ઈસ્લામી દાવો પણ કરવાને તે લાયક નથી.

તો પછી પીરાણા સતપંથના બનાવટી સૈયદો અને વેશધારી કાકા (સાધુ)ઓને પૂછી જુઓ કે ઉપલી શરતોમાં કઈ શરત અદા કરે છે ? મને તો ખાતરી છે કે તેઓ તો **દીનમહમદીનના આચાર વિચાર કીંવા રીતરસમથી નેસ્ત છે,** તો પછી ઈસ્લામી ન જ હોઈ શકે અને છે પણ નહિ.

મારા મહેરબાન વાંચક સાહેબો ! શરામહમદીન તો શું પણ કોઈ પણ ધર્મ ગુપ્ત ન જ હોય શરા જાહેરાત છે. તો આ સતપંથ પીરાણા પંથના સૈયદો અને સાધુડા (કાકાઓ) માફક છુપી કાર્યવાહી કરતાં કોઈ પણ ધર્મમાં બતાવી શકશો કે ? નહિ જ. તો પછી ધર્મ શાનો એ તો ઠગ બાજી સ્વાર્થી સંકલ્પ કહેવાય અને છે પણ તેમજ.

ભાઈઓ ? આપ પણ જાણતા હશો કે ઈસ્લામમાં પ્રથમ છોકરો જન્મતાં તેના કાનમાં આઝાન (બાંગ) પુકારી ઈસ્લામી અસાહબોમાંથી નામ પાડવું. પછી સુન્નત બેસાડવો, ઉંમર લાયક થતાં કુરાને શરીફ પડાવવા, અમારા નબી સાહેબ મહમદ મુસ્તફા (સલ)ના ફરમાનો શીખાડવા મસ્જીદમાં મુકવો તથા હમેશાં પાંચ વખતની નમાજ પઢી બધા મુસલમાન ભાઈઓની સાથે બીસ્મીલ્લાહ કરીને જમે તો જ મુસલમાન હોવાનો દાવો કરી શકે પણ અફસોસની વાત છે કે એમાંનું સંતપંથ પીરાણા પંથના સૈયદો તથા તેના મુરીદોમાં એકે ચિહ્ન જોવામાં આવતું નથી. મુરસીદ સૈયદોનો પ્રથમ ધર્મ તથા ફરજ છે કે પહેલો પોતે ખુદા પાક તથા તેના હબીબ મુકબલના ફરમાન મુજબ વરતે અને પછી પોતાના મુરીદોને સખત ખાસીયત કરી જાહેર રાહ રસ્તા પર ચલાવે બેધડક ખુલંમ ખુલ્લાં ભય વગર ત્યારે જ તે સૈયદ ઈમામ થઈ શકે, એમાં જરા પણ સ્વાર્થ કે નાહિમત, ભય, લજ્જા કે ખુશામત કરે તો તે જનહમ રસીદ થઈ જાય હવે આપ જ કહો કે પીરાણાના સૈયદો પોતાના મુરીદો પાસેથી **વરસોંદી, દશોંદ, વિશોંદ.** વગેરે લેવાનો સ્વાર્થ નથી રાખતા ? તેમ તે ઉપર લખ્યા ફરમાનો મુજબ વરતે છે ? તેમ જો નથી વરતતા તો ખાલી ડોળ ઘાલુથી કાંઈપણ થવાનું નથી. તે તો જરૂરથી જનહમમાં પડવાના પણ બિચારા ભોળા ભાઈઓ તેના પાછળ ખાલી રખડી મરે છે.

૧૦.૪ - પાટીદાર ઉદય - અંક ૪ - વિ. સં. ક. ૧૯૮૦ આસો (OCT-1923)

ભાઈઓ ! મેં પીરાણા પંથી સૈયદોનાં બનાવેલાં પુસ્તકો થોડાં ઘણાં જોયાં છે જેમાં મને યાદ રહેલી વાત તમોને કહું છું તે સાંભળો.

રોવે રોવે હીંદુડા દુજા મુસલમાના
રોવે બ્રાહ્મણ જોશીડા વાંચન પોથ પુરાણા
રોવે મુલ્લાં કાજીડા જીકો પઢણ કુરાના.
રોવેરોવે સઘળો સુનીસંગ જીકો શાહનસીભાણા
રોવે રોવે સંસારી તે સઘળા રોવે.
એક ન રોવે જીને શાહ પીર પાયા
તેમજ
હજ નીમાજ રોજા ધરે
કુડી ક્રિયાએ કામ ન સરે.
અને
એજી એ નર શ્રી ઈશલામ શાહ
અવતાર શાહ અલી તણા
સતગુરૂ હશનશાહ તે તો નબી મહમદનો અવતાર

આમ ઈસ્લામ જ્યારે ખુદા પાકને નિરંજન નિરાકાર માને છે. કોઈ જીવને પુનર્જન્મ છે, એમ કબુલ નથી કરતો ત્યારે આ કુટીલ સતપંથ (પીરાણા પંથ)માં ખુદ ખુદાને ખુદાના રસુલના જ અવતારો બતાવેલા છે. કહો મુસલમાન ભાઈઓ આપ આવા સ્વાર્થીઓને મુસલમાન તરીકે કબુલ કરશો ખરા કે ? કદી નહીં ?

ઉપર મુજબ કૃતવી સેળભેળ કરી સાચી ખોટી ઉપમાઓ આપી "ઘરના ભુવા ને ઘરના જતી" માફક લખી ખુદા પાકના ગુનેગાર થયા છે. થાય છે એટલું જ નહિ પણ કુડાપંથને સતપંથ નામ આપી મોટા ડોળ કરીને ભોળા લોકોને લલચાવીને ફસાવીને તેને પણ નરકવાસી કરે છે. ભાઈઓ ! આ તો તેઓ એ સ્વાર્થની ખાતર રોજગાર પેદા કરવાના સાધન બનાવેલા છે. તેથી મને તો ખાત્રી છે કે સતપંથી-પીરાણા પંથી સાધુ કાકાઓ તથા બનાવટી સૈયદો કદી પણ ઈસ્લામી દાવો કરી જ ન શકે. તેમજ ઈસ્લામી ઉલેમાઓ સામે મુકાબલો કરી જ નહિ શકે.

બાકી હા ? તમારા અજ્ઞાન ભોળા અને ભેઈલમ (અભણ કણબી પાટીદારોને અંધારામાં રાખી ગમે તેમ કરી બોળી મારે તો ભલે. તમો આટલું તો ખચીત માનશો કે ગમે તે એક ધર્મ હિન્દુ યા મુસલમાન જે પૂર્વે પોતાના વંશ પરંપરાનો છે અને વડીલો પાળતા આવ્યા હોય તેજ પાળવો હક છે. એવું ન જોઈએ કે "બાવો બે થી રહે" હાલ અખબારો માસિક પત્રો વગેરે મૂળ ધર્મ ગ્રહણ કરવું ખોટા પતંગીયામાં ન લોભાવવું કહીને પોકારે છે. છતાં પણ અભણ અને ભોળા પીરાણા પંથીઓ મસાલ લઈ નર્કના કુવામાં પડે છે, તો તે તેની કરણીનાં ફળ ને પોતે જ ભોગવશે-ભોગવે છે. "જે કરશે તે ભરશે" પણ દુઃખ માત્ર આટલું જ કે માતૃ ભૂમિ હિંદ માતાને ગુલામ બનાવી ઘરપઘર કરે છે.

૧૦.૪ - પાટીદાર ઉદય - અંક ૪ - વિ. સં. ક. ૧૯૮૦ આસો (OCT-1923)

મિત્ર ધર્મમાં ઢાંક પીછોડો હોય જ નહિ. જે ધર્મો પૂર્વથી ચાલ્યા આવે છે, તે જાહેરીન છે. તેમાં ભય નથી, નિર્ભય છે. સત્ય છે વેદ પુરાણ અને કુરાન મોજુદ છે જે ઓલીયા અંબીયા, દેવ દેવીઓ પાળતાં આવ્યા છે. વાચા અને કર્મથી તેજ માનવું, અને તેમાં જ લીન થવું જોઈએ. પાંખડી પ્રપંચી સ્વાર્થી સાધુડા બગ ભક્તોના ખોટા પતંગીયા રંગમાં અંજાઈ ન જવું જોઈએ. આ તો

બાજીગર બાજી રચી રચ્યા કમળકા ફુલ. દો ઘડીકા દેખના, આખર ધુળકી ધુળ.

જેવો ગોડ વિદ્યા સમાન પંથ છે.

મારા વહાલા વાંચકો હિન્દુ ભાઈઓ મનુષ્યને પ્રથમ આટલું જ વિચારવાનું છે કે જે જે નવા પંથો ફાટી નીકળે છે. ને નીકળ્યાં છે. તેના મહંતો-સુખાનીઓ ક્યા ધર્મના ક્યા અવતાર, પેગમ્બરના ફરમાન મુજબ વરતે છે. તેઓને પુછી જોશો કે તમોએ ક્યા ધર્મના આસરાથી ક્યા અવતાર અને ક્યા પૈગમ્બરથી આ પંથ બનાવ્યો છે. ચાર સનાતન વેદ અને ચાર ઈસ્લામી કિતાબમાંથી કીયા કીતાબમાંથી આ પાંખડી ફુટી છે તે દેખાડી આપશો ? નવા ધર્મો હવે થાય જ ક્યાંથી ઘી માંથી હવે માખણ કેવી રીતે થાય બસ આટલું જ હાલ હું આપને લખી મોકલું છું. તે આપ આપના પત્રમાં છાપીને આભારી કરશો. **“આમીન”**

ગેઢેરે ગોટા વાળ્યા રે

(આ કવિતા અમોને સ્વર્ગસ્થ ભાઈ વેલજી કરશનના પિતાશ્રી કરશનભાઈ હંશરાજ વીરાણીવાળાના તરફથી પ્રગટ કરવા અર્થે મળેલી છે.)

(રાગ : ખુને જીગરકો પ્રીતી હય બસ ગમને તોરે યાર.)

ગેઢેરે ગોટા વાળ્યા રે સૌ સમજો શાણા જન
ઘણાઓ પર કરજો કીધા કઈકોના દંડ જ લીધાં,

મંડળથી હારી બીધારે સૌ સમજો શાણા જન ૧
હોંશે છુટકા છેડા કરતાં ઢોર હરાયાની માફક ફરતાં,
સૈયદોનું એઠું ચરતારે સૌ સમજો શાણા જન ૨

પ્રીતે પીરાણામાં જાય ત્યાં સૈયદોનું એઠું ખાય,
તે ગુરૂ ગણી મનમાંહેરે સૌ સમજો શાણા જન ૩

કાકો પૈસાને શું કરશે સટા શેરોમાં ભરશે,
મોટરમાં બેસી ફરશે રે સૌ સમજો શાણા જન ૪

કાકાને વ્હાલું નાણું સ્વદેશે કર્યું ઉઘરાણું,
વિરાણીએ કર્યું આણું રે, સૌ સમજો શાણા જન ૫

વિરાણીએ વાંધો લીધો કાકે ત્યાગ અન્નનો કીધો,

દુધ છ શેરપર વ્રત લીધો રે સૌ સમજો શાણા જન ૬

અંધ શ્રદ્ધાળું કામ શું કરશે મુવાં ઢોરો કાંધે ધરશે,
ત્યાં જઈને લાણું ચરશે રે સૌ સમજો શાણા જન ૭

તમો માનો ધર્મ છે સાચો એનો ઘડનારો છે પાકો,
એનો એજન્ટ સૈયદ અને કાકારે સૌ સમજો શાણા જન ૮
જુમા રાતે થાળું કરાવો નુર નાંખી કાંકળ પાવો,
ત્રઈયું ખાવા કાંધાવોરે સૌ સમજો શાણા જન ૯

જાતર કરવાં કાં જાઓ પીરાણે પૈસા દઈ આવો,
પડી દુવાં કાં ગુન્હા છોડાવો રે સૌ સમજો શાણા જન ૧૦

લાહીલા લાહીલા એમ કહેતાં વળી વાંકા ને નમાજ પડતાં,
તમે બુદ્ધિની કેવી જડતા રે સૌ સમજો શાણા જન ૧૧

આવું ધર્મ હડાહડ ખોટું તેને કેમ માનો છો મોટું,
એવું આંધળે બૈરું કુટ્યું રે સૌ સમજો શાણા જન ૧૨

આવા ધતીંગ ધર્મને મુકો મારી ઠોકર તે પર થુકો,
ધર્મ સનાતન પર જાુકો રે સૌ સમજો શાણા જન ૧૩

હવે જાગ્યા સુધારક બાળ થયા ખોટા ધર્મના કાળ,
કાકા સૈયદ પીરાણું બાળો રે સૌ સમજો શાણા જન ૧૪

કહીએ ઘડી ઘડી શું તમને હવે લાજ શરમ થાય અમને
દુર કરો એવા યમને રે સૌ સમજો શાણા જન ૧૫

સૌ માતુ ઉમિયાને નમજો સ્વજ્ઞાતિ માટે દુઃખ ખમજો
કહે વેલજી દુષ્ટોને દમજો રે સૌ સમજો શાણા જન ૧૬

વેલજી કરશન પટેલ

..........●..........

કડવા પાટીદાર જ્ઞાતિના ખામીના કુલ સવાલોની યાદી

(લેખક : ઠક્કુર રામજી વિ. વાલજી વર્મા નખત્રાણા કચ્છ.)

પાટીદાર જ્ઞાતિના આ માસિકત્તી ઉત્પત્તિ સ્થિતિ ભોગવટો સ્થાઈ રહે તે માટે પ્રભુની પાસે હિતચિંતક દોસ્તની પ્રાર્થના.

આજ વીસમી સદીનો સદાકાળ ઈતિહાસમાં અમર રહેનારી ભારતના ભવ્ય ભક્ત સંતાનોની મહામંત્ર ફુંકવાની સ્થિતિ પ્રગતી ઉગતી કળી માફક ખીલી પ્રખર સુગંધી દ્રવ્યો સુગંધી આપી રહ્યા છે તેવા સમયમાં આ પત્રની પરિસીમાની યોગ્યતા, કુલ સવાલોની યાદી તારવવી એ સ્થાઈ વિવેચન માટે વાસ્તવિક છે. **લેખકો હિત ચિંતકોને સુગમ પડે** તેટલા માટે અમારી બુદ્ધિ અનુસાર ખામીના સવાલ કોડી એક નીચે તારવવામાં આવે છે.

નૂતન બેસતા વિક્રમી સંવત ૧૯૮૦{VSK 1923-24} ની સાલમાં કુલ સરવાળો આણતાં દોઢ દજન સવાલો સરવાઈએ જ્ઞાતિમાં સમાજ સુધારણાનાં લેણા બાકી છે જે એક કોડી વર્ષમાં પૂરા થશે ?

કડવા પાટીદાર અવલ સરવાઈએ જમા ઉધાર જ્ઞાતિ હિત ચિંતકની યાદી. સવાલ કોડી એક.

જ

૧. વરો, કરજ, ને કાંધીઆ
૨. ચોરી, દુવા, દાટવું, બદલે બાળવું.
૩. જુમારાત,ખાનો, જમાત, પાચાડા, પંચ,મુખી.
૪. પીરાણો, પુજા, અમીની ગોળી, હુરાઓ
૫. ભવૈયા, બાળ લગ્ન, છૂટાછેડા, ઉઠી જવું, આંગળીઓ.
૬. પેટમાં સગપણ,નાના બાળક, ઉગતી કળીનું સત્યાનાશ, ટોપરાની સગપણ પ્રથા.
૭. લગ્ન ક્રિયાનો લીભાડો પાકે.
૮. જીવતે ધણી બીજી કરી ખુશી ના ખુશી.
૯. નાત બહારનો જુલમાટ, આગેવાનોનો અંધો દીસતો ગોરખ ધંધો
૧૦. મુખી, ચૌધરી, ગેઢેરાની પ્રપંચ જાળ.
૧૧. કુવાગરાં, ઉતરાવવાની પ્રથા
૧૨. સૈયદોનો મોહ
૧૩. પાપની બેડી પીરાણે છુટવાની અંધશ્રદ્ધા
૧૪. નીશરણી (લીસેણીનો હેતુ)
૧૫. ભુખ, બારસનો અવતાર (કંગાળીયતનો ઈજારો)
૧૬. ખાંડ ચોખાનો રીવાજ.
૧૭. કજોડાંના આણાં.
૧૮. આઠ આગલે કોરા ગુજાભર ખજુરીઆ
૧૯. ખજુર પર વહાલ.
૨૦. કાકાપર પૂર્ણ પ્રીતી.
૨૦. જુમલે સવાલ નંગવીશ.

ઉ

૧. ખેડ ખાતર, મજુરી, અંગ ધંધો, કરવત, કડીઆ, આદિ, એકંદર જાત મહેનત.
૨. વ્યાપાર , હુન્નર, કોન્ટ્રાક્ટર,ક્વચીત, ક્વચીત લેખક આદી આંગળીને વેઢે ગણ્યા.
૨. એકંદર વ્યવસાયી બે બાકી નંગ ૧૮ ડઝન દોઢ બે પૈકી લેણા છે હસ્તે સમજનારભાઈ વાંચક પોતે.
મુદત એકે સને ૧૯૨૪ સંવત ૧૯૮૦માં આ પૈકી દ્વારા કાંધાથી પૂરા કરી દેવાની શરતે બાકી લેણા હસ્તે ભાઈ રૂડા દા. મહેતા રામ ભક્ત હરદયાળુંવતી ખુદ વર્માના ૨૦) વીસ એકંદર સવાલો

નોધઃ આ લખાણનું સાફ વિવેચન વાંચકની જાણ માટે આવતા અંકમાં આવશે. **લેખક.**

સાભાર સ્વીકાર

કડવા વિજય પુ. ૧૪ અંક ૧૨ મો શ્રી કડવા પાટીદાર પરિષદ તરફથી પ્રકાશક રા. રા. વકીલ પુરુષોત્તમ રણછોડદાસ પટેલ મુ. કડી તરફથી અમોને બદલામાં અભિપ્રાય માટે ઉપરોક્ત અંક મળેલ છે. ઘણા જુના વખતથી પાટીદાર જ્ઞાતિની સેવા બજાવનાર આ પત્ર બહુ જ લોકપ્રિય થઈ ચુકેલ છે. તેમાં પાટીદાર જ્ઞાતિને લગતાં ઘણાં જ સારા અને મનન કરવા લાયક લેખો આવે છે. સદરહુ અંકમાં પાછળના પાના પર છપાયેલ નોંધ તરફ ધ્યાન ખેંચતા તેમની કેટલી બધી મુશ્કેલીઓ છતાં તેઓ પોતાની સેવા કર્યે જ જાય છે. વળી આવા પત્રને અનેક આફતો આવે છતાં તેમાંથી બચાવી તેને ચલાવવું એ ઘણું જ કઠિન કામ છે. તો પણ એમો તેના સંચાલક ભાઈશ્રી પુરુષોત્તમ ભાઈને ખરેખર ધન્યવાદ આપીએ છીએ અને અમારાં વાંચનારાઓનેઆ પત્રના ગ્રાહક થઈ ઉત્તેજન આપવા ભલામણ કરીએ છીએ. વા. લ. રૂ. ૧-૮-૦ જે તદન ઓછું જ ગણી શકાય અને તે ઉપરને ઠેકાણે લખવાથી મળી શકે છે.

ખેતીવાડી વિજ્ઞાન પુ. ૧૨ અંક ૧ લો. અધિપતી રા. રા. દુલેરાય છોટાલાલ અંજારીઆ "ખેતીવાડી વિજ્ઞાન" ઓફીસ ધરમપુર, જીલ્લો સુરત આ પત્ર લગભગ બાર વર્ષ થયા. ખેડૂત ભાઈઓની અચ્છી સેવા બજાવે છે. આ પત્રમાં ખાસ કરી ખેતીનાં જ લેખો આવે છે. અમારા ખેડૂત ભાઈઓને આ પત્ર અવશ્ય વાંચવાની જરૂર છે. દરેક ગામની પંચાયત પાસે આ પત્ર આવતું હોય તો તે બહુ જ લાભદાયક થઈ પડે એમ અમારું માનવું છે. સદરહુ પત્રનું લવાજમ રૂ. ૨ાા છે. જે પ્રમાણમાં જરા વધારે ગણાય તો પણ વિષય તરફ જોતાં તે ભારે પડે તેમ નથી. અમો ભાઈશ્રી અંજારીઆની સેવા બદલ તેમને ધન્યવાદ આપીએ છીએ.

શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળનો વૃતાંત, છપાવી પ્રગટ કરનાર ઉપરોક્ત મંડળના મંત્રી રા. રા. નગીનભાઈ વૃ. પટેલ, મુ. કડી (ગુજરાત) ઉપરોક્ત મંડળની કેળવણી બાબતની પ્રવૃત્તિ પ્રશંસાપાત્ર છે. દાનવીરભાઈઓએ ઘણી જ સારી સારી રકમો એ ફંડમાં ભેટ આપેલી જણાય છે. તેમજ ત્રણ વર્ષનો અહેવાલ તૈયાર કરીને છપાવેલ છે તે જોતાં એ મંડળનું કાર્ય ઘણું જ સારું ગણી શકાય. દરેક હિસાબ વાર બાબતો બરાબર બતાવવામાં આવી છે. આ મંડળ તરફથી એ પ્રાંતમાં કેળવણીનો જે પ્રચાર થાય છે તેવો અમારા કચ્છી પાટીદાર ભાઈઓમાં પ્રચાર કરનારા સુજ્ઞ ભાઈઓ ક્યારે જાગશે ? પ્રભુ ? અમારા કચ્છી ભાઈઓમાં તરત જાગૃતિ લાવે એવું અમો ઈચ્છીએ છીએ. વળી, આ મંડળ તરફથી પાટીદાર વિદ્યાલય (આશ્રમ) ચલાવવામાં આવે છે તે પણ ઘણું જ વખાણવા લાયક છે તેમાં રહેતાં વિદ્યાર્થીઓને સ્તવન તથા શિક્ષણ અને વ્યવસ્થા સંબંધી સદરહુ રીપોર્ટમાં જે વિઝિટોનાં શેરાં ટાંકેલા છ તે ખરેખર ધ્યાન ખેંચનારા છે, ઉત્સાહી કાર્ય વાહકોની મદદ હોય તો જ આ કાર્ય થઈ શકે છે અમો અમારા જ્ઞાતિ બન્ધુઓની આ કાર્યમાં ફતેહ ઈચ્છીએ છીએ. આ મંડળની અને તેની સંસ્થાઓની વિશેષ ઉન્નતિ જોવા ખુશી છીએ. અને અમારા પાટીદાર ભાઈઓને આવી સંસ્થાઓ તરફ પોતાનો ઉદાર હાથ લંબાવવા અરજ કરીએ છીએ.

- તંત્રી

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ તરફથી જ્ઞાતિના લાભાર્થે પ્રગટ થતું

પાટીદાર ઉદય

તંત્રી તથા પ્રકાશક : રતનસી શીવજી પટેલ

વર્ષ: ૧લું　　આસો શા.૧૯૮૦{VSA OCT-1923}　　અંક ૪થો

એ સિવાય સુચના નિયમો જાહેર ખબર ઈત્યાદી વાર્ષિક લવાજમ રૂ. બે અગાઉથી.

છુટક નકલ ચાર આના પો. સાથે

તમામ પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવો

વ્યવસ્થાપક,

પાટીદાર ઉદય માસિકના નિયમો

૦૧. આ માસિકનો મુખ્ય હેતુ પાટીદાર જ્ઞાતિની ઉન્નતી કરવાનો છે. જેથી દરેક પાટીદાર ભાઈઓની ફરજ છે કે તેમણે માસિકના ગ્રાહક થઈ યોગ્ય મદદ કરવી.

૦૨. આ માસિક દરેક હિન્દુ મહીનાની સુદી ૨ બીજને દિવસે બહાર પડે છે.

૦૩. સ્વજ્ઞાતિના કે અન્ય જ્ઞાતિના કોઈ પણ પુરૂષ અગર સ્ત્રીના લેખો આ માસિકમાં લેવામાં આવશે. પણ લેખો અંગત દ્વેશ કે સ્વાર્થથી લખાયેલા હોવા ન જોઈએ. બને ત્યાં સુધી વિવેકની હદમાં રહી ભૂલો બતાવવી અને ભાઈચારો તથા સંપ વધે તેવા પ્રયત્નો કરવા.

૦૪. લેખો શાહીથી સારા અક્ષરે અને કાગળની એક બાજુ ઉપર લખેલા હોવા જોઈએ. લેખકની ઈચ્છા હશે તો નામ વગરના લેખો છાપવામાં આવશે, પણ લેખકે ખરું નામ અને પૂરું સરનામું અમારી જાણ માટે લખવું, લેખની દરેક જોખમદારી લેખકને શીર રહેશે. નહિ છપાયેલા લેખો પાછા મોકલવા અમો બંધાતા નથી.

૦૫. કોઈ પણ લેખકના વિચાર સાથે અમારું મળતાપણું છે એમ માની ન લેવું.

૦૬. દેશ-પરદેશમાંથી આપણી જ્ઞાતિમાં વિવાહ જન્મ, મરણ ઈત્યાદી તથા કોઈ ગ્રહસ્થને વિદ્યા, હુન્નર, અગર વેપાર અને ખેતીવાડીમાં મળેલી ફતેહના સમાચાર ઘણી જ ખુશીથી દાખલ કરવામાં આવશે.

૦૭. કોઈ ભાઈને આ માસિક સંબંધી કાંઈ પણ ખુલાસો મેળવવો હોય તો જવાબ માટે પોસ્ટની ટિકિટ બીડવી.

૦૮. આ માસિકમાં જ્ઞાતિ સંબંધી તથા આર્થિક ધાર્મિક અને વહેવારીક દરેક બાબતો ચર્ચવામાં આવશે. માટે જે જે ભાઈને જે જે વિષય સંબંધમાં લખવું હોય તેણે તે તે વિષયમાં સહેલી ભાષામાં દાખલા દલીલોથી લખવું. કે જેથી વાચક વર્ગ ઉપર સારી અસર જલદી થાય.

૦૯. જે ભાઈ આ માસિકને મદદ આપશે તેમના મુબારક નામ તેમની ઈચ્છા હશે તો આ પત્રમાં છાપવામાં આવશે અને વાર્ષિક રીપોર્ટમાં પણ છપાવી જાહેર કરવામાં આવશે.

૧૦. જે ભાઈ રૂ. ૫૦૦/- પાંચસો કે તેથી વધુ આ માસિકને મદદ કરશે તેમનો ફોટો ઓફીસમાં રાખવામાં આવશે.

૧૧. આ માસિકના માટે હંમેશાં યોગ્ય લેખો લખી મોકલનાર લેખક પાસેથી લવાજમ લેવામાં આવશે નહિ.

લી. વ્યસ્થાપક "પાટીદાર ઉદય"

આ પત્ર તરૂણ સાગર પ્રેસમાં ગિરિજાશંકર, બી.ત્રિવેદીએ છાપ્યું,
ન્યુ સ્મોલકોઝ કોર્ટની સામે,કેમ્પબેલ સ્ટ્રીટ, કરાચી

Online Text Based
(can use for translation)

Source Document

॥ ओ३म् ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સુધારક યુવક મંડળ તરફથી પ્રગટ થતું માસિક પત્ર

પાટીદાર ઉદય

વર્ષ : ૧લું કરાચી, કારતક માગશર ૧૯૮૦ {VSA: Nov, Dec-1923} અંક ૫-૬ ઠો

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम्॥

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे॥

હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની પડતી થાય છે, ત્યારે ત્યારે હું દેહ ધારણ કરું છું. સત પુરૂષોના સંરક્ષણ અર્થે, દુષ્ટોના વિનાશ અર્થે અને ધર્મનું દઢ રીતે સ્થાપન કરવા અર્થે હું યુગે યુગે અવતાર લઉં છું.

.०भ०अ०४श्लोक ७-८.

વાર્ષિક લવાજમ અગાઉથી રૂ. ૨ બે પોસ્ટેજ સાથે.
છુટક નકલ આના ચાર

તંત્રી અને પ્રકાશક :

રતનશી શીવજી પટેલ પાટીદાર ઉદય ઓફીસ,
રણછોડ લાઈન, કરાચી.

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ તરફથી જ્ઞાતિના લાભાર્થે પ્રગટ થતું

પાટીદાર ઉદય

તંત્રી તથા પ્રકાશક : રતનસી શીવજી પટેલ

એ સિવાય સુચના નિયમો જાહેર ખબર ઈત્યાદી વાર્ષિક લવાજમ રૂ. બે અગાઉથી.

છુટક નકલ ચાર આના પો. સાથે
તમામ પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવો

વ્યવસ્થાપક,
પાટીદાર ઉદય ઓફીસ, રણછોડ લાઈન્સ, કરાચી.

॥ ओ३म् ॥

પાટીદાર ઉદય

કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિના લાભાર્થે પ્રગટ થતું ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૧લું કરાચી, કારતક માગશર ૧૯૮૦ {VSA: Nov, Dec-1923} અંક ૫-૬ ઠો

આપણો ઉદય

આપણો ઉદય શામાં રહેલો છે. એ પ્રશ્ન દરેક વ્યક્તિને આવે એ ઈચ્છવા જોગ છે.

પરંતુ જ્યાં સુધી એ સવાલનો આપણે કંઈ પણ વિચારપૂર્વક નીવેડો નહિ કરશું ત્યાં સુધી આપણા પ્રયત્નો કંઈ પણ ફળીભુત થવાનાં નથી!

દરેક મનુષ્ય પોતાનો ઉદય ચાહે છે અને તેને લગતા તે ઉપાયો પણ યોજે છે તો તે જરૂર ઉદય કરવા શક્તિમાન પણ બને છે.

પાટીદાર ભાઈઓ માટે તો મુખ્ય જરૂર છે સંપની, જ્યાં સંપ નથી ત્યાં સુખ કે ઉન્નતિની આશા શી રખાય?

એ સિવાય પ્રથમ આપણે ધર્મ સંબંધી પણ હજી કંઈ નિર્ણય પર આવ્યા નથી. જ્યાં સુધી આપણે રસ્તો નક્કી નહિ કરીશું ત્યાં સુધી આપણી કૂચ મફતમાં અથવા ફાયદા વગરની છે. કારણ કે આપણું ધ્યેય હજી નક્કી નથી મુંબઈનું અને કરાચીનું મંડળ જ્યાં સુધી આપણું ધ્યેય નક્કી નહિ કરે ત્યાં સુધી કરવા ધારેલા સુધારા પણ કંઈ અસર કરી શકે તેમ નથી.

માટે પાટીદાર ભાઈઓ ! ઉઠો ! અને જાગૃત થાઓ ! દુનિયા આખી પોતાની ઉન્નતિ માટે કુચ કરી રહી છે તેમ આપણે પણ આપણું ધ્યેય નક્કી કરી ઈશ્વરને શરણે પડી આપણી કુચ શરૂ કરો, અનેક આફતો જ્યાં સુધી નહિ વેઠશું ત્યાં સુધી ધારેલા મથકે નહિ પહોંચી શકાશે ! એ યાદ રાખશો.

T.

અમારો નિશ્ચય*

ગઝલ

સહીશું કષ્ટ દુર્ઘટ જે, અમારી જ્ઞાતિ હિત માટે,
ધરીશું નહિ જરી પરવા, અમારો એજ નિશ્ચય છે.
ભલે દ્વેષી કરે દ્વેષો, નથી તેની જરી પરવા,
સુધારક જ્ઞાતિના થઈશું, અમારો એજ નિશ્ચય છે.
ભલે આપે તિરસ્કારો, લહીશું પ્રેમથી ગોદે,
વદીશું વેણ જે સાચાં, અમારો એજ નિશ્ચય છે.
કરાવા ઐક્ય જ્ઞાતિમાં, કરીશું જે હશે કહેવું,
બજાવીશું ખરી ફરજો, અમારો એજ નિશ્ચય છે.
કુધારા કોમના કાઢી, સુધારા સ્થાપવા માટે,
દહીશું આત્મ ભોગો, અમારો એજ નિશ્ચય છે.
હૃદય રાખ્યું અમે ખુલ્લું સહેવા "વાગ" બાણોને,
સહીશું સ્નેહથી સર્વે, અમારો એજ નિશ્ચય છે.
ફુંકીશું કર્ણમાં શંખો, સુણાવા જ્ઞાનના નાદો,
જગાવા આત્મની જ્યોતી, અમારો એજ નિશ્ચય છે.
અમારા એજ ઉદગારો, સુધારા સ્થાપવા માટે,
તિલાંજલી દઈ કુધારાને અમારો એજ નિશ્ચય છે.
ખીલવવા બાળ કેળવણી, ગજવશું જ્ઞાનના ઘોષો,
કરાવવા ઐક્યતા મથશું અમારો એજ નિશ્ચય છે.
ધરીને જ્ઞાનની કફની, ધરાવી અન્ય ભ્રાતાને,
ભજવશું ભેખ ભાવોથી, અમારો એજ નિશ્ચય છે.
કર ઓ નાથ કેશવના, કરૂણાળુ માયા દષ્ટિ,
ધરી કર ઉન્નતિમાળા, અમારો એજ નિશ્ચય છે.

---

*ભાવસાર શુભેચ્છક પુ. ૨ અં. ૧.

અમારી મુંઝવણ

પાટીદાર ઉદયનો જન્મ થયે આજે પૂરા છ માસ થઈ ચુક્યા છે અમોએ તેટલા વખતમાં આપ ગ્રાહક બન્ધુઓના કર કમળમાં ચાર અંક દિવાળી સુધી પહોંચતા કરી આપ્યા છે. ત્યાર પછીના બે અંક પ્રગટ થવા જોઈએ, તે આ સાથેના બે અંક ભેગા પ્રગટ થતાં કુલે છ અંક પૂરા થાય છે. અમોને ઘણા એક ગ્રાહકો તરફથી પત્રો આવ્યા છે અને તેઓ એમ પૂછે છે કે શું માસિક બંધ કર્યું ? યા શા કારણે ઢીલ કરી છે. તે સર્વે પત્રોનો અહીં સામટો જવાબ આપીએ છીએ કે પત્ર બંધ કરવાનું કંઈ કારણ નથી તેમ અમારાથી બની શકે તેટલા ભોગે તેને કાયમ ચલાવશું એવો અમારો નિશ્ચય છે, અનેક સાંસારિક મુશ્કેલીઓનું વાતાવરણ અમોને પણ ભોગવવું પડે છે, તેથી કરી આ પત્રને પણ લાભ હાનિ થાય.

પ્રથમ અમારી પોતાની તબીયત સારી નહોતી તે જરા સ્વસ્થ થતાં અમારા ધંધા રોજગારની ખટપટમાં જરૂર એક માસ નીકળી ગયો, એ કામ પૂરું કરતાં અમોએ તરત જ લખાણ તૈયાર કરી આપ્યું તેને આજે એક માસ થવા આવતાં તે કામ પૂરું થાય છે અને એકી સાથે આ બે અંકો અમારા ગ્રાહકોની સેવામાં હાજર કરી પાછી સાતમા અંકની તૈયારી થાય છે. નાણાં ભીડના આ કટોકટીના સમયમાં આવા ખર્ચાળ કામ માટે પણ મુશ્કેલી તો નડે ખરી ! અને તેવી અનેક મુશ્કેલીઓ હોવા છતાં ઈશ્વર આ પત્રને આપ જ્ઞાતિ બંધુઓની સેવા માટે તૈયાર કરી આપે છે તેથી એમનો મોટો ઉપકાર ગણવો જોઈએ. કારણ કે અમો એવા શ્રીમંત નથી કે એવી મોટી ખોટ ખમી આવા સાહસો ખેડી શકીએ. પરંતુ અલબત અમારી બને તેટલો ભોગ આપી વિના સ્વાર્થે અમો આ કામ કરવા ઈચ્છા રાખીએ છીએ. અને પ્રભુમાં અમોને સંપૂર્ણ વિશ્વાસ છે કે તે અમારાં આવાં દરેક કામમાં સહાયતા આપશે જ.

અંતમાં હવે એ તમારા ગ્રાહકો પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે આવી અમારી અનેક મુંઝવણોને લઈને પત્ર મોડું પ્રગટ થાય છે, તેમજ આ બે અંકોના પૃષ્ટોમાં પૃષ્ટ સંખ્યા ઓછી પણ થઈ છે તે દરગુજર ચલાવી લેશો અમો તેનો બદલો હવે પછીના અંકમાં આપી દેશું તે માટે ધીરજ રાખવી અને બીજી પણ અમો અમારા શુભેચ્છકો તથા ગ્રાહકો પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે તેમણે પોતાનું લવાજમ ભરી આપી અમોને મદદગાર બનવું સાથે દરેક ગ્રાહકે એક એક ગ્રાહક અમોને વધારી આપી આ પત્રને વિશેષ બળવાન બનાવવું આ કામ અમારું નથી પણ જ્ઞાતિ બંધુઓ-ગ્રાહક મનુષ્યોનું છે. તે જો પોતાનો અમુલ્ય સમય રોકી આ કામ કરવા ધ્યાન પર લે તો અમારા કાર્યમાં આવતી કેટલીક મુશ્કેલીઓ પોતાની મેળે જ દુર થઈ જાય.

અંતમાં પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે કે તેઓ અમને અમારા કાર્યમાં હમેશાં સરળતા કરી આપે એજ અભ્યર્થના.

તંત્રી

જ્ઞાતિ બંધુઓને આ પત્રને મદદ આપવા માટે વિનંતી

વસંત તિલકા વૃત્ત

જ્ઞાતિ તણું હિત ચહો, મન મોદ આણી,
જ્ઞાતિ સુધારક બનો, અહો ભાગ્ય જાણી,
જ્ઞાતિ વિશે ઉચરશો, નવ દ્વેષ વાણી,
જ્ઞાતિ ભગીરથી સમાન, લહો પ્રમાણી.

ગઝલ.

અમોએ કાર્ય આરંભ્યું, થવા જ્ઞાતિ તણી સેવા.
 અમોએ હામ ભીડી છે, થવા જ્ઞાતિ તણી સેવા.
ઉદય જ્ઞાતિ તણો થાવા, અમોએ એજ ધાર્યું છે
 તથાપી સહાયતા જોઈએ, થવા જ્ઞાતિ તણી સેવા.
મદદ આ પત્રને આપો અમારા વીર બંધુઓ,
 તમારા ખાસ કર્તવ્યો, થવા જ્ઞાતિ તણી સેવા.
તમારા નામ દીપાવો, સ્વજ્ઞાતિને સુધારીને,
 બનાવો શ્વેત કીર્તિને, થવા જ્ઞાતિ તણી સેવા.
તમારી કાર્યવાહીથી બચત ધનની બચાવીને,
 (પાટીદાર) ઉદયને સહાયતા આપો, થવા જ્ઞાતિ તણી સેવા
વિના પાંખે ન પંખીની ગતિ થાયે ગગન વાટે
 અમારી એહ દિલગીરી, થવા જ્ઞાતિ તણી સેવા.
જુઓ આ પત્રની કેવી દશા ભાવી જરા ભાળો
 પ્રભુની પૂર્ણ ભક્તિથી કરો જ્ઞાતિ તણી સેવા.

"મૌજી મહાજન"

. . . .

તું પોતે સુધર

(લેખક : મી. વિશ્રામ પાંચા ગાંગાણી)

મને તંત્રીશ્રી તરફથી લેખ લખવા ફરમાન થયું છે. મને ખબર નથી કે મારે શું લખવું મારામાં લખવાને લાયકાત શી છે. પણ આપણા માસિક તેમજ આ ઉત્સાહી ભાઈ પ્રત્યે મારો અંતરનો ભાવ છે. એટલે હું ના કેમ પાડી શકું હું શરૂઆતમાં જણાવી દઉં કે મારી ઈચ્છા મારા હૃદયમાં વલોવાતા વિચારો ભાવો આપી દેવાની છે. બને તેટલી સહેલી, સરલ-અલંકાર કે ઉપમા વગરની ભાષા વાપરવા પ્રયત્ન કરીશ. હું શરૂઆતમાં જાણું છું કે હું આપણી જ્ઞાતિના અભણ ભાઈઓ અને બેનો તેમજ બાળકો સમજી શકે તેવું લખું તો જ સરવાળે લાભ થાય આ દિશામાં હું બને તેટલો પ્રયત્ન કરીશ.

આજે આપણે નવા યુગમાં પ્રવેશ કરીએ છીએ એટલે જે વિચારોને આપણે આપણા પોતાના કરી દીધેલા જે રસ્તે આપણે જતા હતા તે બધા ખોટા વિચારો હતાં તે રસ્તો ખોટો હતો એવું આપણને લાગ્યું છે. એક રીતે આજે આપણને સમ્યક જ્ઞાન-ખરું જ્ઞાન જાણવું તે થયું એમ ગણાય આપણે હજુ પણ જુના રસ્તાને છોડી શક્યા નથી, એટલે આપણે એવા વખતમાં પસાર થઈએ છીએ કે જ્યારે આપણા વિચારો પરિપક્વ હોતા નથી, તેથી જે વિચારો હું દર્શાવું છું તે આજે ખરા લાગે કાલે ખોટા પડે. આપણા જીવન પર જરા વિચાર કરી જોઈએ તો સહેજ વિચાર કરતાં તરત જ જણાશે કે ઘણું એ જે ખરું ધારતા હતા તે ખોટું માલુમ પડ્યું છે. ઘણીએ વાર આપણે ખરું ધારેલું કાર્ય થોડો સમય પસાર થયા પછી થોડા અનુભવ પછી ખોટું લાગે છે. તેથી હું આજે લખું તે કાલે ન લખું એમ પણ બને પરંતુ કાગળ ઉપર જે આજે લખાય તે હમેશનું. ઘણું ખરું હોય ઉપર તો આપણે એક બનવા જોગ બાબત વર્ણવી જે મારું લખેલું વાંચે એ પોતે વિચારે ખરું હોય તે લે. ખોટું ફેંકી દે મને ઉપદેશ પણ આપે, મારી ભુલો સુધારે, આટલી પ્રસ્તાવના મારા લખાણ કરવા પહેલાં મારે કરવાની જરૂર મેં જોઈ એટલે કરવી પડી. વાંચક ! મને સમજવા પ્રયત્ન કરજો.

આપણી જ્ઞાતિનું સારું કેવી રીતે થાય તેનો વિચાર આપણે કરીએ છીએ, જેટલા લેખો આપણા માસિકમાં લખાય છે. તે લગભગ એજ ચર્ચે છે. તે લગભગ એજ છે કે આપણી જ્ઞાતિમાં ફલાણી ફલાણી જગ્યાએ સડા છે. તેને કાઢવા જોઈએ તેના ઉપાયો ફલાણા ફલાણા છે. માસિકનો હેતુ પણ લગભગ એવો જ છે. જ્ઞાતિમાં સડા છે. તે તો દેખીતું જ છે. પ્રશ્ન એ છે કે તેનું મુળ શું ? જ્ઞાતિ એટલે અમુક વ્યક્તિઓનો જથ્થો ઘણા પુરૂષ અને સ્ત્રી મળીને જ્ઞાતિ થાય છે. ઘણી જ્ઞાતિઓ મળીને આપણું રાષ્ટ્ર થાય છે. આજે જેટલો પશ્ન આપણી જ્ઞાતિની સુધારણાનો વિકટ છે તેટલો જ વિકટ રાષ્ટ્ર પ્રજાની સુધારણાનો છે બધે એક જ ઉપાય છે. સોનાની લગડીને કસોટી લગાવી એ અને જે કિંમત અંકાય તેટલી જ એક રતિ ભર સોનાને કસોટીએ ચડાવીએ તો અંકાય આજે આપણે રાંક પ્રજા છીએ આપણી જ્ઞાતિ તેનો ભાગ છે તે પણ રાંક હોય તેમાં શી નવાઈ ! તેના ઉપાય શા ? સોનાને શોધવા માટે આપણે દેવતામાં નાખીએ આપણી જ્ઞાતિને કુળ જાતની ભઠ્ઠીની જરૂર છે, જેવી ભઠ્ઠીની જરૂર આપણા રાષ્ટ્રને છે, તેવી જ

આપણી જ્ઞાતિને છે. તેવી જ વ્યક્તિને. આજ સુધી આપણે બીજા ઉપર આધાર રાખતા હતા આપણું ઘર બીજા સુધારી દેશે એવું ધારતા હતા. આજે આપણે જાણી લીધું છે કે આપણે જાતે જ બધું સુધારી દેવું પડશે બહારની કોઈ પણ મદદથી આપણે ટટાર ઉભા થવાના નથી દિશા ભુલ થઈ હતી આપણા સુકાની ભાઈ **નારાયણજી રામજીએ** સમજાવ્યું કે, **"તમે ભીંત ભુલ્યા છો"** આપણે ખરે ખર જ આડે માર્ગે જતા હતા હવે આપણને ભાન આવ્યું એટલે હવે જ્ઞાતિ સુધારણાનો પ્રશ્ન ઉકેલવો સહેલો થયો, સહેલો એટલે ઘોરી માર્ગ આપણે જાણ્યો એ દષ્ટિએ જેટલું પુણ્ય તેટલું જ ફળ જેટલું આપણે જીવનમાં ઉતારીએ એટલો જ આપણે રસ્તો કાપીએ. આપણી જ્ઞાતિ સુધારણા કરવા જતાં-કરવાનો વિચાર કરતાં આપણને તરત જ યાદ આવે છે કે.

ભાઈ તું જાતે સુધર દરેક જ્ઞાતિ સુધારવાને તેની વ્યક્તિઓ સંભાળી લે તેથી તું તારા અંતરાત્માને પુછ કે- **"હું કેટલો સુધર્યો ?"** મોટો વિચાર ન કરવા બેસ કે આપણી જ્ઞાતિ કેવી રીતે સુધરશે **તું સુધર એટલે તારી જ્ઞાતિ સુધરશે.** પ્રકાશ અંધકારનું હરણ કરે છે સુવાસ જ્ઞાતિમાં ફેલાવ તારા શુદ્ધ જીવનથી વાતાવરણ પવિત્ર કર. સમજ કે એક ગાંધીએ ફક્ત પોતાના ચારિત્રના તેજથી હિંદનો ચહેરો બદલી નાંખ્યો. જ્ઞાતિ સુધારણાના બણગાં ફુંકવામાં કામ કર ફળની આશા ન રાખ. તારી તપશ્ચર્યાના પ્રમાણમાં ફળ હંમેશા દેખાય કે ન દેખાય પણ મળી જ રહે છે.

વાચક ! એમ ન માનતો કે લેખક ઉપદેશ દેવા નીકળ્યો છે. લેખક એટલો અંધ નથી કે ઉપદેશ આપવાને લાયક પોતાને સમજે એટલો તે દંભી નથી કે જ્ઞાતિ સુધારણાની બાબત ચર્ચવા લેખો લખવા બેસે લેખક એમ પણ માનતો નથી કે તેના લખાણથી લોકો સુધરી જશે જ્ઞાતિ ઉંચે આવી જશે, લેખો લખ્યા એટલે કલ્યાણ થયું. વ્યાખ્યાનો (ભાષણો) કર્યા એટલે ભાગ્ય ઉઘડી ગયું એવું તે ધારતો નથી. તો પ્રશ્ન સ્વભાવિક એ થાય કે આ બધું શું ? તેનો જવાબ છે તે ખરા હૃદયના ઉદ્‌ગાર છે લેખો લખવાનો ઉદ્દેશ વિચાર વિનિમય આપલેનો છે હૃદયમાં જે ઉદ્‌ભવે તે લોકોમાં એક અથવા બીજી રીતે જાણ્યે-અજાણ્યે ભણેલા, અભણ, સ્ત્રી, પુરૂષ, નાના મોટામાં બધામાં ઉદ્‌ભવે છે. કારણ એક ઝરામાંથી બધું ઝરે છે તો લેખક કંઈ પણ કરી શકે તો પ્રેરણા કરી શકે કોઈના મનના વિચારો શબ્દોમાં-સરલ અને સહેલી ભાષામાં ઉતારી શકે, આટલું થાય તો પણ બસ છે.

પણ આ તો બીજી જગ્યાએ દોરાયા. આપણે ઉપર જોઈ ગયા કે જ્ઞાતિ સુધારણાનો માર્ગ પોતાની સુધારણા- આત્મશુદ્ધિમાં છે આત્મ શુદ્ધિ એ ભાવના છે આત્મશુદ્ધિ તે વિશાળ અને કેટલીક વખત ન સમજાય એવી ભાવના છે. આવા ગુઢ વિષયનો આપણે વિચાર કરવાનો છે પરંતુ તે કટકે કટકે જાઈએ તો જ સમજાય અને તો તે વ્યવહારરૂપ પકડી શકે કોઈ એમ પણ ફરીયાદ કરે કે આત્મ શુદ્ધિ એ ઘણો આદર્શ છે જરૂર પરંતુ જે સીડીની ઉપર જવા દશ પગથીયા ચઢવા માગે છે તે થોડે પણ જઈ શકે. આત્મ શુદ્ધિની બાબત પણ આવી જ છે. તેથી ભડકી જવાનું નથી દરેક ચીજ વ્યવહારુ છે. કોણ એવું આઠ માસ ઉપર ધારતું હતું કે દયાપર ગામમાં એકદમ ૧૫૦ માણસો દેહશુદ્ધિ કરાવશે ? શું હજુ પણ એવા કેટલાક નથી પડ્યા કે જે દુનિયાએ જોયું તે અવ્યવહારુ છે. એવું કહે છે, આવી વાતો કરનાર ભાઈઓથી ભડકવાની જરૂર નથી. આજથી જ જો આપણે આપણા મનને પૂછતા થઈ જઈએ તો ધીમે ધીમે આપણે આગળ વધી શકીશું. જો આપણે રાત્રે સુતી વખતે પોતાને પ્રશ્ન પૂછીએ કે આજે મેં શી પ્રવૃત્તિ કરી ? તેથી હું કેટલું ચડ્યો કે પડ્યો? પડ્યો તે શાથી ? વિઘ્ન ક્યાં આવ્યા ? જેણે આપણને પાડ્યા તેને કેવી રીતે દુર કરાય આપણે વધારે સંયમી કેવી રીતે થઈએ ? આજ રસ્તો આત્મ શુદ્ધિનો છે.

૧૦.૫ - પાટીદાર ઉદય - અંક ૫ અને ૬ - વિ. સં. ક. ૧૯૮૦ કારતક અને માગસર (Nov-Dec -1923)

લેખકે પોતે અને દરેક જ્ઞાતિની વ્યક્તિએ ભલે તે સ્ત્રી હો કે પુરુષ ભણેલો હો કે અભણ બધાએ આ પ્રશ્ન પોતાને કરવાનો છે. આજ સોનેરી કુચી છે જેનાથી જ્ઞાતિ સુધારણા પ્રજા સુધારણા થશે જે ચરિત્રમાં ઊંચે ચઢે છે. તે જ નહિ કે લેખો મોટા મોટા લખનાર અથવા લાંબા ભાષણો કરનાર ખરો જ્ઞાતિનો સેવક છે. શુભેચ્છક છે. પ્રજા સેવક છે, દેશ ભક્ત છે, એકવાર મને એક મિત્ર જોડે વાત થઈ તે પોતાની જ્ઞાતિ સુધારણા કરવાની ઉત્કંઠા ઈચ્છા ધરાવનાર છે. તેમણે તેમની જ્ઞાતિના વિદ્યાર્થીઓને લખવા એક નિબંધ આપેલો **"જ્ઞાતિ સુધારણા અને તેના રસ્તાઓ"** તેને લેખકે (મેં) કહ્યું ભાઈ ! નિબંધ લખવાથી રીવાજો સ્થાપવાથી ઠરાવો પસાર કરવાથી કાંઈ પણ બની શક્યું હોય તો હિંદનો ક્યારનો ઉદ્ધાર થઈ ગયો હોત. તમારી જ્ઞાતિમાં એવી થોડી વ્યક્તિ ઉત્પન્ન કરો કે જેઓ એટલી ઉંચી કોટીએ પહોંચે કે જ્ઞાતિ સુધારણા માટે પ્રાણ અર્પવા તૈયાર થાય ખરા સુધારકો થાય. મહાત્મા ગાંધીએ એકવાર કહ્યું હતું કે એક જ સત્યાગ્રહી હિંદને સ્વરાજ્ય અપાવે આનું ખરું રહસ્ય સમજાય તો ઘણીએ ભુલો કરતા આપણે બચી જઈએ. ખોટે રસ્તેથી પ્રભુ આપણને અંધકારથી અજવાળામાં લઈ જાય સુધારાનો સાચો આદર્શ તરફ પ્રયાણ કરવા બળ આપે આમાં જ આપણું આપણી જ્ઞાતિનું આપણી પ્રજાનું અને જગતનું

કલ્યાણ છે.

આપણા ગુરૂનો ચમત્કાર (!)+

"વિક્રમ સંવત ૧૫૦૫{VSAK:1448-49} ની સાલમાં ઈરાનથી સૈયદ ઈમામુદીન ઉર્ફે ઈમામશાહ ગુજરાતમાં આવ્યા ને જરમથા (ગીરમથા) ગામની ભાગોળે ટેકરા ઉપર મુકામ કર્યો. એવામાં બે, ત્રણ વર્ષ સુધી વરસાદ વર્ષેલો નહિ. તેથી ગામના પાટીદારો એ તેને મહાપુરૂષ જાણીને તેમને વિનંતી કરીને વરસાદ માંગ્યો. ત્યારે તેણે કહ્યું કે, **"અબી વરસાદ આયેગા"** પછી તુરત વરસાદ થયો. તેથી પાટીદારોએ તેને ગુરૂ કર્યા. પાટીદારોને કહ્યું કે ગામથી દૂર મારે વાસ્તે એક જગ્યા બંધાવી આપો તેથી તે ઠેકાણે ઝુંપડી બંધાવી આપી એવામાં અમદાવાદનો બાદશાહ (મહમદબેગડો) શિકાર કરવા વાસ્તે આવેલો. તેણે તેમની પરીક્ષા લેવા સારું દૂધમાં ઝેર નાખીને પાયું તો તેથી ઈમામુદીનને ઈજા થઈ નહિ. વળી બાદશાહે બિલાડીનું માંસ રંધાવીને તેની આગળ મુક્યું ત્યારે ઈમામુદીને કહ્યું કે, **"આઓ બચ્ચા કાયકું મરી પડી હૈ"** તેટલામાં બિલાડી જીવતી થઈને તેની પાસે ગઈ. વળી બાદશાહે માંસની રકાબી મોકલી કહ્યું કે આમાં ગુલાબના ફુલ તમારે વાસ્તે મોકલ્યાં છે. એમ કહીને મેજ ઉપર રકાબી મુકી ઈમામુદીને રૂમાલ ઉઘાડ્યો એટલે તેનાં ખરેખરા ફુલ થઈ ગયાં. તે સૌને વહેંચી દીધાં." એ બીના આપણે નજરે જોઈ નથી. પણ દંતકથા ચાલતી આવેલી તે પ્રમાણે ઉપલા ચમત્કારો જ્યાંને ત્યાં રજૂ કરવામાં આવે છે. એક જ ગામમાં એક જ ઘરમાં રહેનારો માણસ જે પ્રમાણે ઘર કુકડો બની રહે છે. તેની નજર હંમેશા સંકુચિત રહેવાથી તેનું મન કદી પણ ખીલેલું હોતું નથી. તે જ પ્રમાણે આપણે આપણા કહેવાતા ગુરૂ સિવાય દુનિયામાં કોઈએ ચમત્કાર કરેલા નથી એમ માની રહેલા છીએ. પણ જે અરસામાં સૈયદ ઈમામુદીને ચમત્કાર દેખાડ્યાનો કહેવાતો દાવો કરવામાં આવે છે તે જ સમયમાં એટલે પંદરમી સદીમાં **ડો. જોન ફોસ્ટ** નામનો એક માણસ વીટન બર્ગ (જર્મનીનાં શહેરમાં હતો.) તેણે પ્રથમ પુસ્તકો છાપવાની કળા શોધી કાઢી અને ધાર્મિક પુસ્તકની ઘણી પ્રતો છાપી નાંખી અને તે જાણે હાથે લખેલી જ છે. એમ બતાવીને તે પ્રતો પેરીસમાં મોંઘા મુલે વેચવા લાગ્યો. પેરીસના મોટા મોટા, વિદ્વાન લોકો સમજી શક્યા નહીં કે આ એકલો માણસ આટલી બધી પ્રતો આટલી જલદી કેવી રીતે લખી શકે છે. આની અંદર કાંઈક જાદુઈ કરામત કિંવા શેતાની અથવા ભૂતપિશાચની કરામત હોવી જોઈએ. એવો શક ગયો. એવો તેના ઉપર આરોપ મુકીને કોર્ટમાં તેનો કેસ ચાલ્યો. ભૂત પિશાચોની સાથે સંબંધ રાખવો. કિંવા જાદુની લાકડીથી ચમત્કાર કરવો એ ધાર્મિક દષ્ટિએ ભયંકર ગુનો હોઈ છુમંતર કરનારા જાદુગરને દેહાંત શિક્ષા-જીવતો બાળવાની ફાંસીને લાકડે લટકાવવાની તે વખતનાં સુધરેલા યુરોપમાં કાયદો હતો હવે **ડો. જોનફોસ્ટે** વિચાર કર્યો કે જો છાપવાની યુક્તિ આ લોકોને નહિ સમજાવું તો મને ચમત્કારી જાણીને ફાંસીને લાકડે લટકાવશે. એવી ધાસ્તી લાગવાથી છેવટે તેણે પોતાની છાપવાની કળા પેરીસનાં પંડીતોને તથા સરકારી અધિકારીઓને ખુલ્લી રીતે સમજાવી અને તેમાં ભૂત કે પિશાચનો કાંઈ હાથ નથી એવી અમલદારોને ખાતરી થવાથી તે બિચારો બચ્યો. ડો. ફોસ્ટની આટલી જ હકીકત હતી. પરંતુ જર્મનીમાં તેનું કથન અત્યંત વિચિત્ર સ્વરૂપ રીતે પ્રાપ્ત થયું. એમ લાગે છે અને તેટલા ઉપરથી તો એક **"શેતાનનો રાજકીય ઈતિહાસ"** નામનો ગ્રંથ રચ્યો છે. તેમાં તેનું ઉપરાણું લઈને ચમત્કારી પુરૂષ આવું સર્ટિફિકેટ આપી દીધું છે ! અને પછીના સ્વાર્થી લોકોએ એટલા બધા ચમત્કારો

+ હાથ ચાલાકીની કળા એનું બીજું રૂપ ચમત્કાર

વર્ણવેલા છે કે ભૂત પિશાચો તેને તાબે હોવાથી તે ગમે ત્યારે ગમે તે ઠેકાણે અચાનક પ્રગટ થઈ શકે છે. કોઈ કહેતા કે તે ગમે તેવા ચમત્કાર બતાવવાનાં ખોટાં વચનો આપીને અને હાથ ચાલાકીની રમતો કરીને તે જંગલી ગામડીઆ લોકોને છેતરે છે. પછી તેણે આખી દુનિયામાં ફરવાની ઈચ્છા કરી. પ્રથમ શેતાનને તન, મન, ધનને આત્મા અર્પણ કરનારા માનવી પ્રાણીને મૃત્યુ પછી જે નર્કમાં ખદબદતાં પડ્યાં રહેવું પડે છે તે નરક લોકનું મરણ પહેલાં દર્શન કરવાની અને સ્વર્ગલોકનો દરવાજા સુધી સ્વર્ગલોકનો રસ્તો કેવો હોય છે. એ જોવાની તેની ઈચ્છા થઈ એ ઈચ્છા તેણે પોતાના મિત્રને જણાવી તે પોતે જ અંતરિક્ષમાં સંચરનારો, પાંખવાળો વેગવાન ઘોડો બન્યો અને ડો. ફોસ્ટને પોતાના ઉપર સવાર થવાનું કહીને આઠ દિવસમાં તેને સારી દુનીયાની સવારી કરાવી. આઠ દિવસમાં આખી દુનીયાની જંગી સફર પૂરી કરીને જે ભયંકર લોકનું તેનું અસ્પષ્ટ દર્શન કરાવ્યું. આ પ્રમાણે તે ક્ષણિક મોજમજામાં આનંદ માનનારો ફોસ્ટ શારીરિક સુખોમાં મશગુલ થઈ ગયો તે પોતે આ પ્રમાણે એશઆરામમાં રહેતો હતો, અને જાતજાતનાં ચમત્કાર કરીને સાધારણ લોકોને આશ્ચર્ય કરતો કિંવા ડરાવતો. એક વખત એક મારવાડી શાહુકાર પાસે જઈને મને કરજે પૈસા આપી શકે ? એમ ડો. ફોસ્ટે તેની પાસે માંગણી કરી તે વખતે તેનો વેષ ભટકતા ભીખારીનો જેવો હતો. ફોસ્ટનો એ પ્રશ્ન સાંભળીને તેનો મેનેજર બોલ્યો. તને પૈસા કરજે શા આધાર ઉપર આપવા ? ફોસ્ટે ઉત્તર આપ્યો મારા હાથ પગ હજી મજબુત છે ગમે તેમ કરીને તને તારા પૈસા પાછા આપીશ શાહુકારે કહ્યું કે કંઈ વસ્તુ ઘરાણે મુક્યા સિવાય હું કોઇને પૈસા આપતો નથી. તું તારો એકાદો હાથ પગ કાપીને ઘરાણે મુકે તો હું તને પૈસા આપું. તરત જ ડો. ફોસ્ટે પોતાનો પગ કરવત વતી કાપ્યો અને **“લે આ મારો કાપેલો પગ અને દે પૈસા !”** એવી તેણે હઠ ધરી આસપાસ સાક્ષીદારો તો હતા જ ફોસ્ટનો કાપેલો પગ લઈને તેને સહેજે પૈસા આપવાની ફરજ પડી. આ પ્રમાણે મારવાડી વૃત્તિવાળા શાહુકારને સુદ્ધાં હાથ બરાબર બતાવ્યો (પગ કાપી દઈને તેની પાસેથી પૈસા લીધા) વળી ફોસ્ટને જ્યોતિષ વિદ્યા આવડતી હોવાથી પચાંગ તૈયાર કરતો અને છાપીને વેચતો તે બધા દાખલાઓ મળતા આવતા કે અમુક દિવસે વરસાદ આવશે કે બરફ પડશે એમ તેના પચાંગમાં લખેલું હોય તો બરોબર તે પ્રમાણે થતું ખરું. પડનારું ભવિષ્ય તે જ્યોતિષ કિંવા ગણિતની મદદથી જણાવતો ન હોઈ ચમત્કાર બધું કરે છે એવું તેના ઉપર આળ હોવાથી તે પંચાગોનો ભાવિક ખ્રિસ્તી લોકો ઉપયોગ કરતા નહીં. ડો. ફોસ્ટને એક શ્રદ્ધાળુ અને ભાવિક પાદરીએ ગાળો દીધી અને ભૂતપિશાચોને તું પોતાનો દેહ વેચીને ગમે તેવા ચમત્કાર બતાવી અઘોર પાપ કરીને તું લોકોને ઠગે છે એમ તેના મોંઢા ઉપર કહીને બીજા માણસોની વચ્ચે તેની આબરૂ લીધી એટલે ફોસ્ટે ગુસ્સે થઈને તેના મિત્રની મદદ વતી તે પાદરીનાં ઘરમાં ભૂત વળગાડ્યું. પેલો પાદરી રાત્રે ઊંઘી જતો એટલે તેની ઓરડીમાં જઈને એ ભૂત જાત જાતનાં અટકચાળાં કરીને તેને ત્રાસ દેતું. પણ પેલો પાદરી ખરો પુણ્યશીલ અને ધાર્મિક વૃત્તિનો હોવાથી તેને કંઈ બીક લાગી નહીં અને ઉલટું તે ભૂત એવા ચાળા કરવા લાગે એટલે તે પાદરી એને ધર્મોપદેશ કરીને પરમેશ્વરની ભક્તિ કરવાનો અને પિશાચ વૃત્તિનો ત્યાગ કરવાનો ઉપદેશ કરતો. છેવટે તે ફોસ્ટને જ એવા પાપી કૃત્ય માટે બીક લાગી. “આવા પ્રકારની જાતજાતની લીલાઓનું અનેક ગ્રંથકારોએ વર્ણન કર્યું છે. તે બધું વર્ણન કરવામાં માલ નથી. આખર ફોસ્ટ જે ઘરમાં રહેતો હતો તે ઘરની આસપાસ ખુબ તોફાન થયું. મધ્ય રાત્રે પવન સુસવાટા ભેર ફુંકાવા લાગ્યો. આકાશમાં ખૂબ ગડગડાટ થયો. વીજળી ચમકવા લાગી. એટલામાં ફોસ્ટને શેતાને ઉંચક્યો અને તેના ટાટીઆ પકડીને તેનું માથું આ ભીંત ઉપરથી સામી ભીંત ઉપર એમ ઝાપટ્યું “મ્હને મારી નાખે છે, દોડો દોડો” એમ ફોસ્ટ બુમો પાડવા લાગ્યો. તેના ઘરમાં સુતેલા વિદ્યાર્થીઓ જાગ્યા, પણ બીકનું માર્યું

કોઈ બહાર આવી શક્યું નહિ. છેવટે માથું ફોડીને અને ગળું મચડીને શેતાને ડો. ફોસ્ટને ઠાર કર્યો અને તેનો આત્મા લઈને શેતાન ચાલ્યો ગયો. અઘોર પંથને નાદે લાગેલા ફોસ્ટને આ ભયંકર રીતે શોચનીય મૃત્યુ આવ્યું, ડો. ફોસ્ટની અને ગુરૂ ઈમામશાહની પાછળ કોઈ શેતાન પીશાચ ભૂત કે જાદુની પાછળ લાગે માટે આપણા ભાઈઓને સદુપદેશ કરવા માટે બેઉનાં ચમત્કારોના મુકાબલા લખ્યા છે, એ બધું સ્વાર્થી લોકોએ પેટને ખાતર લીલાઓ લખીને આપણને ભરમાવ્યા છે. ઈ.સ.ના સોળમા સૈકામાં જ્યારે રોમનો પોપ પોતાની મોજમજા અને એશઆરામ ચાલુ રાખવા મોક્ષની પ્રાપ્તિ માટેની ચિઠ્ઠીઓ વેચવા લાગ્યો. ત્યારે અધર્મ પ્રચાર થતો અટકાવીને ખ્રીસ્તી ધર્મને આગમાંથી તાવી કાઢવા સારું, **માર્ટીન લ્યુથરને** બહાર પડવું પડ્યું એવા કૃત્યો કેટલાક પેટ સ્વાર્થી સૈયદો આપણા માટે રચે છે. તેનું પોકળ ખુલ્લું આપણને જણાય તેટલા ખાતર પ્રભુને પ્રાર્થના છે કે આપણને સદબુદ્ધિ આપે. ડો. ફોસ્ટના ચમત્કારો આપણા કહેવાતા ગુરૂ કરતાં ચઢીઆતા છે. છતાં કોઈ તેનો ધર્મ કે સેવકો નથી. તે જાતે પોતાની યુવાન અવસ્થામાં એશઆરામ ભોગવી ગયો. પણ આખરે તેનું કમોતે મોત થયું ત્યારે તેનો ચમત્કાર જો ખરો હતો તો તે જીવતો રહ્યો હોત પણ આખરે સાથે કાંઈ લઈ નથી ગયો તે પ્રમાણે ડો. ફોસ્ટની શીખામણ માનીને કોઈ અવળે રસ્તે ન દોરવાય એ આપણે માટે તક છે. હજી સમય નથી ગયો. જો આપણને આપણી ભુલ સમજાય તો આપણો આત્મા એજ આપણો દોષ છે. કે દુશ્મન છે. હાલ તો એજ.

રણછોડદાસ ભગત

સુધારાનું પહેલું પગથિયું

અત્યારે જયાં જુઓ ત્યાંથી ઉન્નતિ, સુધારો વગેરે શબ્દો આપણા સાંભળવામાં આવે છે. કેટલાક ઉન્નતિ થવાનું મુખ્ય કારણ લક્ષ્મી માને છે કેટલાક વિદ્યાને માને છે એમ દરેક માણસ પોતાની ઈચ્છા પ્રમાણે ઉન્નતિના ઉંચા શિખર પર જવાનો માર્ગ બતાવે છે. પણ આપણે જરા વિચાર કરી જોઇશું તો આપણને તરત જણાઇ આવશે કે વિદ્યા અને લક્ષ્મી કરતાં પણ જે જરૂર ચીજ આપણને જોઇએ છીએ તે બ્રહ્મચર્ય છે. આપણે ધનવાન હોઇએ પણ અબ્રહ્મચર્યને લીધે આપણું શરીર નિર્બળ હોય કે રોગી હોય તો આપણી પાસેની લક્ષ્મી આપણેને સંતોષ કે સુખ આપી શકે નહીં તેવી જ રીતે આપણે ગમે તેટલા વિદ્વાન હોઇએ તો પણ આપણામાં જાહેર હિંમત કે આત્મિક બળ આવી શકે નહિં આથી બીજી વસ્તુઓને પ્રાપ્ત કરવાં પહેલા બ્રહ્મચર્યને પ્રાપ્ત કરવું અગત્યની આવશ્યકતા છે. આપણા સમજવામાં બ્રહ્મચર્યનો સર્વથા અભાવ હોવાથી આપણે આગળ વધી શકતા નથી આ ઉપરથી કેટલાક ભાઇઓને એમ શંકા થશે કે આ બ્રહ્મચર્ય કયાં મળી શકે છે! હું તેમનેએક ખાસ પ્રાર્થના કરું છું કે મિત્રો બ્રહ્મચર્ય અને એવી જ બીજી બાબતો વિષે તમે જાણવાની જીજ્ઞાસા ધરાવતા હો તો આર્ય સમાજના મહાન સંસ્થા પક આદિત્ય બ્રહ્મચારી ભગવાન દયાનંદ સરસ્વતીનું બનાવેલું સત્યાર્થ પ્રકાશ નામનું પુસ્તક અવશ્ય વાંચવું.

આપણે પોતે તો અબ્રહ્મચર્યના ખાડામાં પડયા હોઇએ છીએ છતાં આપણાં સંતાનોને પણ એ ખાડામાં નાંખ્યા કરીએ છીએ નાની ઉંમરમાં તેમને પરણાવી આપણે તેમની ઉન્નતિના મુળીયા કાપી નાંખીયે છીએ. અમારા કેટલાક ભોળા ભાઇઓને આ વાંચી હસવું આવશે અને તેઓ તરત બોલી ઉઠશે કે આટલા વર્ષોથી કરતા આવ્યાં છીએ તે વખતે તો કોઇ બોલ્યું નથી અને હમણા આ દોઢડાહ્યો આવ્યો છે.?

ભાઈઓ ! જરા ધીરા થાઓ ! અને વિચાર કરો કે કાચી ઉંમરમાં છોકરાઓનો વિવાહ કરી આપણે દુઃખી થયા છીએ આપણે આપણું રાજ્ય ખોયું છે ધર્મ પણ ખોયો છે અને વિદ્યા, લક્ષ્મી તથા કિર્તી એ બધાં રીસાઇગયાં છે તમે કહેશો કે એમ કેમ બને ? જુઓ ! કાચા વીર્યનો ઉપયોગ થવાથી શરીર નબળું પડી જાય છે. મગજ શકિત બુઠી થઈ જાય છે અને આત્મામાં ઓજ પણ રહેતું નથી. જ્યાં આ ત્રણ ચીજો ન હોય ત્યાં વિદ્યા, લક્ષ્મી વગેરે કયાંથી આવી શકે ? પશુઓ એટલે ગાયો, ભેંસો ઘોડીઓ વગેરે તરફ નજર કરીએ તો જણાશે કે તેઓ નાની ઉંમરમાં સંતાન ઉત્પન્ન કરવાની ઈચ્છા પણ કરશે નહીં આપણે દેશમાં જયારે ગાયનું સંતાન સારૂં થાય એમ ઈચ્છતા હોઈએ ત્યારે સારા બળવાન સાંઢ પાસે લઈ જઈએ છીએ ભેંસો અને ઘોડીઓ માટે પણ એમ જ કરીએ છીએ ત્યારે આપણા જ સંતાનોને આપણે કાચી ઉંમરમાં શા માટે પરણાવીએ છીએ ?

આપણા છોકરાં છોકરીઓને જો આપણે વિદ્યા ભણાવી પુખ્ત ઉંમરે પરણાવીએ તો તેમનાં સંતાનો કેવાં દઢ અને મજબુત થાય આપણા ધર્મશાસ્ત્રો તો બ્રહ્મચર્યને ઉન્નતિનું બારણું કહે છે. જો આપણે ઉન્નતિ કરવા માગતા હોઈએ તો બ્રહ્મચર્યનું પાલન કરવું અને કરાવવું ઘણું જરૂરનું છે. જ્યાં સુધી આપણે તેમ નહિ કરીએ ત્યાં સુધી ઉન્નતિ થવાની આશા રાખવી એ મુર્ખતા છે. જે મા બાપો પોતાના સંતાનોને નાની ઉંમરમાં પરણાવી દે છે. તેઓ પોતાના સંતાનોનું આયુષ્ય ઓછું કરી નાખે છે. તેના શરીરમાં વીર્ય હોતું નથી તેનાથી શરદી કે ગરમી કાંઈ પણ સહન થઈ શકતી નથી. હંમેશા તેને ચિંતાઓનાં વાદળાથી દબાઈ રહેવું પડે છે.

તેથી મિત્રો જો તમે તમારી પોતાની તમારા કુટુંબની તમારી જ્ઞાતિની કે તમારા દેશની ઉન્નતિ કરવા માંગતા હો તો બ્રહ્મચર્યનું પાલન કરો અને કરાવો, નાની ઉંમરનાં છોકરાં છોકરીઓનાં વિવાહ ન કરો તેમને મોટા થતાં સુધી વિદ્યા ભણાવો પછી જુઓ કે તમારી ઉન્નતિ થાય છે કે નહિ ?

વેદમાં કહ્યું છે કે :**ब्रह्मचर्येण तपसा देवा मृत्यु मुपाघन्त** અર્થાત્ બ્રહ્મચર્ય વડે દેવતાઓએ મૃત્યુને જીત્યો હતો. તેથી ઉન્નતિને ચાહનારા મારા પાટીદાર ભાઈઓ ! તમે બીજું કાંઈ પણ કરો ત્યાર પહેલાં તમારાં સંતાનોને બ્રહ્મચારી અને બ્રહ્મચારીણી બનાવો.

પરમાત્મા હંમેશાં બ્રહ્મચારીઓનો સહાયક છે તે પરમાત્મા તમારી પણ સહાયતા કરો એવી પ્રાર્થના સહિત.
- કેશવદેવ રતેશ્વર

સત્ય માર્ગ સનાતન ધર્મ

(લેખક : મૌજી મહાજન)

(ત્રીજા અંકના પાના ૧૬થી ચાલુ)

મરઘાંબાઈ- આ લ્યો ! હવારમાં એક તો ટાઢ વાયે ને ટાઢા પાણીએ નાવું એ ભલા કેમ થઈ શકે ? રસોડામાં વળી નાયા વિના જઈએ તો કહેશે કે રસોડાને તે અડાતું હશે આવા બધાં રોદડાં ઈતે કેમ પરવડે ?

લક્ષ્મીબાઈ-આવો મરઘાંબાઈ આવો બેસો, કેવાં રોદડાં લઈ આવ્યાં.

મરઘાંબાઈ- બીજું શું હોય જુઓને હવે શિયાળાની મોસમને, તેનાં વળી કરાંચીની ટાઢ આપણા દેશમાં કંઈ એવી ટાઢ ન હોય તેમ નાહવાનીએ ચિંતા નહોય ભલા લખમીબાઈ આવી ટાઢમાં કેમ નહવાય.

લક્ષ્મીબાઈ- હા, ખરું છે બેન આપણાં દેશ કરતાં આઈ ટાઢ હમેશાં વધારે રહે છે. પણ શરીરને માફક આવે તો ગરમ પાણીએ નહાવામાં ટાઢ ઓછી વાય છે. વળી પાછું આપણે તો નહાઈ કરાવીને રસોઈનું કામ કરવાનું હોય તો પછી ગરમી આગળ ટાઢ કમતી થઈ જાય.

મરઘાંબાઈ- હા ? ઈતો હું એ હમજુ રી. પણ મુઆં રોજનાં રોજ એમ નાહવાં ધોવાનું તો અમથી કાંઈ નહિ થાય તમારા લેબરી વાળાનાં બધા એવા જ ફતુરને ફાંદા બેન એવા દુઃખ અમથી તો નહિ વેઠાય, તમે જાણોને તમારું ધરમ જાણે અમારે તો ખાનાં બાવા ખાહાં મજાનાં કે બીજા ઢોંગ ધતુરાં તો ન મળે.

લક્ષ્મીબાઈ- હરી ! હરી ! બ્હેન વળી પાછા એજ વાત પર આવી ગયાં મરઘાંબાઈ ફકત નહાવાની બાબતમાં જ કંટાળી ગયા અરે ! વાહ રે બેન ! એમ તે કંટાળી જવાતું હશે કે ? આપણે સ્ત્રી વર્ગને તો બિલકુલ શાંત સ્વભાવ રાખી દરેક કાર્યમાં બહુ જ નમ્રપણે વર્તવાનું છે જુઓને આપણે પ્રભાતે વ્હેલાં ઉઠીએ છીએ ત્યારે આપણે એટલી બધી દેશની પેઠે આંઈ એવી શું ઉતાવળ હોય છે. સારી રીતે દાંતણ પાણી કરવા નિરાંતે નહાવું રસોઈ પાણી વગેરે ઘરનું કામ કરી આપણા પુરૂષ અને કુટુંબનાં સર્વને જમવાનું આપી પછીથી બીજા કામો કરવા આવી સરખી રીતે અને ઘણી જ શાંત પ્રકૃતિ વડે જો તેમ કરવાને હંમેશાં આપણે પ્રવર્તીએ તો તેવી આપણની હમેશને માટે ટેવ જ પડી જાય છે એટલે પછીથી આપણને કંઈ પણ કંટાળવા જેવું રહેતું નથી. બ્હેન જુઓ વળી ન્હાવામાં કેટલી બધી પવિત્રતા છે. દરરોજ સહવારે ન્હાવાથી કેટલી જાતના ફાયદા થાય છે તે હું તમોને કહું છું પહેલાં તો આપણે પાયખાને ગયા હોઈએ અને પછી ભલેને તેના માટે જુદા જ કપડાં આપણે પહેરવા માટે રાખેલા હોય તો પણ બ્હેન એ દેશની પેઠે તો આંઈ થોડુંક છે કે ક્યાંઈ જંગલમાં જવાનું બની શકે ? તો પછી આપણે એવા મળ ત્યાગ કરવાના અપવિત્ર સ્થાનમાં ગયા હોઈએ એટલે આપણા મનને જ પહેલે કેવું ગંદુ ગંદુ જણાય. પોતાની મેળેજ આપણી વૃત્તિ નહાવા તરફ ખેંચાય ત્યાં સુધી એટલે કે નહાવાથી પેલાં કોઈ વસ્તુને અડવાનું આપણું પોતાનું જ મન અટકી જાય કહો જોઈએ મરઘાંબાઈ તમને પણ એવું થાય છે કે નહિ વારું ?

મરઘાં- અરર ! બ્હેન લખમીબાઈ એની તો વાતે મેલી દયો બાઈ ઈતો સવારમાં ઉઠીને પીટ્યાં ગંધખાનામાં જવું પડે તયેં તો અમારું મુવું મને મુંજાઈ જાય. પણ શું કરીએ દેશની ગોડે આંઈ બાર ખુલાસાવાળી જગ્યા ન મળે એટલે પછી તો ગયા વિના ઉપાય શું ! પણ આ તો ટાઢમાં નાવાનું રોજને રોજ તમારી વાતે ખરી બાઈ એવાં છટારામાંથી નીકળીએ એટલે નાયા વિના ચાલે પણ નહિ અને ટાઢમાં નવાય પણ નહિ ! એવાં એવાં અમને ગણાએ દુઃખ થઈ પડ્યા છે બાઈ અમે તો હવે દેશ જતાં રેશું અમારા ભાણીયાના બાપને હું તો કઈશ કે કાં તો બધાંએ દેશ હાલો અને કાંતો મને જ એકલી દેશ મુકી આવો અમથી આવી આવી રોજની પંચાત નથી વેઠાતી ભલા માજનની ગોડે આપણાથી કેમ થાય. તે પણ વળી રોજનાં રોજ ભલા એક બે દીનું હોય તો પણ ઠીક કેવાય જેમ તેમ સુખે દુઃખે પતાવાય હવે તો હું જાઉંરી લખમીબાઈ તમે આવજો.

લક્ષ્મી- અરે ! બેસો ! બેસો ! ભલાબાઈ આ તો તમે ભારે કરી જુઓની બેન એમ તે જવાતું હશે ? કે ? હું તમને એક હાલ ટાઢની મોસમમાં સહેલો રસ્તો બતાવું તેમ તમે કરો મરઘાંબાઈ વળી જ્યારે ટાઢ કમતી થાય ત્યારે વળી બરોબર દરરોજની ટેવ રાખજો હાલમાં તો જ્યારે શનાસે જવું પડે ત્યારે એક શનાસને માટે અલગ રાખેલું કપડું તમારે પેરી લેવું. હવે ત્યાં જઈ આવીને હાથ પગ બરોબર રીતે ધોઈ નાખવા કપડું પાછું બદલી નાંખવું એટલે હાલમાં કદાચ તેમ પણ ચાલી શકશે પણ જો જો હો ? ટાઢ ઘટે એટલે પાછી નાવાની ટેવ જરૂર રાખતાં ભુલી જતાં નહિ કદાચ બની શકે તો આમ જ થવું જોઈએ. એક લોઢાની સગડી પર ઘરની બાર ચાલીમાં પાણીનો કળશો ગરમ થવા રાખી દેવો. શનાસે જઈ આવીને ઝટ ગરમ પાણીએ નાઈ લેવું. મરઘાંબાઈ બે દિવસ તમે એમ કરી તો જુઓ હું ધારું છું કે એ રીત તમને અનુકુળ આવશે કેમ કે ? નહાવાથી આપણા શરીરને માટે ઘણી જાતે ફાયદા છે.

મરઘાંબાઈ- તે તો અમારા ભાણીયાના બાપને પણ દેશમાં એવું કાંઈ જાજું નાતા નોતું આવડતું આંઈઆ આવ્યા પછીથી તો એવા હળી ગયા છે કે વેલા ઉઠીને પોતીઉ ઉપાડતાં કને જાય તે એવી ટાઢમાં એ નાઈ આવીને ટાઢ ન પડે ને ઉલટાં કહે છે કે નલનાં પાણી કેવાં ઉના હોય કે ટાઢે ઉડી જાય લ્યો બાઈ વળી એમ પણ કરીએ પણ લખમીબાઈ અમને તો ટાઢ હગડે મેલતી નથી ને એમને તો હવે ટેવ જ પડી ગઈ.

લક્ષ્મીબાઈ- હા ? બરોબર છે આપણે પણ એવી જ રીતે ટેવ પાડવી જોઈએ પહેલાં બે દિવસ એવું જણાએ ખરું પણ એટલું આપણું મન નબળું મનને જરા મજબુત બનાવીએ એટલે પછી થયું ટેવ પડી તો પછી થયું મરઘાબાઈ તમો દેશમાં કેમ વહેલાં પરોડે ઉઠીને બારના કામકાજ કરો છો ત્યારે ટાઢ નથી વાતી ક્યારેક તો વળી માવઠાનાં વરસાદ થયા હોયને પ્રભાતે વહેલાં વાડી કે ખેત્રે જવું હોય ત્યારે કેવું હોય છે અને આંઈ કેમ આટલાં બધાં નરમ થયા છો બિલકુલ નહિ બાઈ તમો હિંમત રાખીને દરરોજ નાવાનું ચાલુ જ રાખો નહાવાથી ટાઢ ઓછી જ થવાની ટાઢ વાય છે એમ કહી બેસી રહેવું એ આપણી નબળાઈ અને આળસુપણાનાં લક્ષણ છે. માટે મારું કહ્યું તમે કરો તો ઘણી જ સારી વાત છે. જુઓ આપણી કોમના આંહી રહેતા આપણાં લાઈબ્રેરીવાળાં અને મંડળવાળા સનાતનીઓ સર્વેને પુરૂષોને બૈરાઓને અને છોકરાઓને સુધા બધાને હવે નહાવા વગેરે પવિત્રતા રાખવાની તથા નિત્ય નિયમ સંધ્યા ગાયત્રી ઈત્યાદી સત્કર્મોની ટેવ પડી ગઈ છે કે ? એ સઘળું તો હવે એક જાતનું નિત્ય કરવાનું કાર્ય માત્ર થઈ પડ્યું છે.

મરઘાંબાઈ- તે ગાવંત્રી તો આપણાં ખાનાપંથી બધી બધાએને આવડેરી તમે તો લખમીબાઈ કોરીયા તેને આપણાં ખાનાં બાવાના પીરાણાં પંથમાં મળું એક જ હે. બાઈ તમે વળી આવા મંડળનાં ને લેબરીના શીહારુ ફેન ફતુર ફરોરહયાં. અમથા વળી એક ટળીને બીજું થવું બાકી ફેર ફક્ત નાવાનાને આ તમારા ઠાકર સેવાના વાના તમે કરોરીયાં તે વળી એટલું વધુ કરો રહ્યાં બીજું શું અહ ? તેમાં વળી લેબરીવાળા તરી જશે ને ખાનાં વાળાં બુડી જશે. ઠાલાં વગવાં મેલોને.

લક્ષ્મીબાઈ- ધન્ય ? મરઘાંબાઈ તમારી બુદ્ધિ તે આવી જ રહેવાની કે કાંઈ સુધરવા માટે આગળ વધવાની બ્હેન ગાવંત્રી તે શું એનો કંઈ અર્થ તમે જાણો છો અને ગાયત્રી તે શું એ કાંઈ ભાન છે ? તમારા મુખી વગેરે જ તમારી ગાવત્રીનાં શબ્દને ગોખી રાખી તેને ગાયા કરે છે તેમને પણ તે વિશે કાંઈ સમજણ છે ? એવું તમે ક્યારેક અનુભવી

જો જો બાઈ તેમને ક્યારેક પુછી જોતો ખરાં કે આ ગાવંત્રી તે શું અને શા કામમાં આવે છે, ખાવામાં કે પેરવા ઓઢવામાં જરા પતો તો મેળવજો બાઈ શું જવાબ મળે છે વળી ખાનું ખાનું કર્યા કરો છો ને ખાનું એટલે શું પીરાણું એટલે શું એ વિશે પણ તમારે પુરતી રીતે વાકેફ થવાની જરૂર છે તમોને આવા અશુદ્ધ સંસ્કારો જ્યાં સુધી છે ત્યાં સુધી તમારી બુદ્ધિની શુદ્ધિ નથી થવાની મરઘાંબાઈ જુઓને હું તમને સંશયમાં કહું છું જરા કાન દઈને સાંભળો જુઓ ? બા.

મરઘાંબાઈ- તે હમણાં મને નવરાશ નથી રાંધણાં ટાણું થયું છે ને પછી મોડું થઈ જાય તો વળી ભોગ મળે ઈ તરામાં ફાંદા હધાએ હમજુરી હારાં હારાં લુગડાને મલુક હેના રૂપાનાં ટોલ તમે જા જાં બધા પેરીયાં તે રૂપાળા લાગવા હારૂ તે અમને હંધીએ ખબર છે તે હવે અમે એવાં રૂપાળાં ન લાગાં તો ગોયરીયો ને વળી રોજને રોજ તમારાં ઈનાંઈ ટાયલાં હાંભળવાં તમે તો નવરા લાગોરીયાં બાઈ અમને વાહે ઘણીએ પંચાત પડી છે ભલા તમને બીજું શું કામ હોય ?

લક્ષ્મીબાઈ- મરઘાંબાઈ તમોને શું ? આવી વાતોમાં ગમત નથી આવતી ખરું ના ત્યારે હવે ખોટું ન લગાડતાં હો ! બા ? કાલે તમે આવજો આપણ બીજી વાતો કરીશું. હો ! બ્હેન જો જો હો ! મરઘાબાઈ કચવાતાં નહિ. મારે તો બહેન નવરાં બેઠે એવી જરા ટેવ પડી ગઇ છે કે કંઇને કંઇ તમ જેવા પાસે બે ઉપદેશની વાતો કરવી પણ તમને જ્યારે એ વાત હજુ સુધી થોડી પસંદ છે તો આવતીકાલે તમને જેમાં જરા ગમત અને સમજણ આવશે એવી વાતો કહીશ બા. પણ આવવું જરૂર હો ભુલી જતાં નહિ.

મરઘાંબાઈ- તે કાંઈ અમને ઓંજું બોંજુ નથી લાગતું ભલેને તમે કેતાં જાઓ. અમારા હારા હારું કોરીયાં તેમાંઅમને ઓજું જરાએ ન લાગે બાકી મારું મન જ મુંવું એવું છે કે જાજી ઉં વાતું થાય તેમાં પછે મુળગી હું તો મુંજાઈ જાઉં.

લક્ષ્મીબાઈ- ધન્ય છે મરઘાંબાઈ મારી વાતોનો તમે ઠીક અર્થ કર્યો એટલે હું ધારું છું કે બહેન તમને મારો ઉપદેશ પછી ભલે બેદી મોડાં કે વેલાં પણ અસર કરશે ? અને તેમાં તમારું હિત સમાયલું છે બહેન મારે એમાં નિ:સ્વાર્થપણું છે તમોને ઈશ્વર તમારા ગૃહસ્થાશ્રમમાં સફળતા આપે. જગતમાં વંદનિય બનો એમાં અમોને આનંદ બહેન ભલે જાઓ તમોને અત્યારે કામ હશે તો કાલે વ્હેલાં પરવારીને આવજો.

મરઘાંબાઈ- હોવે ! લક્ષ્મીબાઈ તમે આવજો કયેંક તો અમારે ઘરે તમે પણ આવતા જાઓ હું તો હરરોજ દોડતી આવું રી જુઓ ને કેટલાએ દી થયાં તમે એક દીએ આવ્યાં હો અમારે ઘરે ? (અપૂર્ણ)

"ઉદય માર્ગદર્શન"

(૩)

(માવજી વાસણ પટેલ)

પ્રિય વાંચકો તમે વંશ પરંપરાથી ખરા ખેડૂતો છો વાવણી પહેલાં જ બીજ-જમીન-ઋતુનો વિચાર ખરો ખેડૂત જ કરે. બધો વિચાર કરીને વાવણી કરે, છતાં સમય પ્રમાણે છોડનો ઉગાવો ન જોવામાં આવે તો તે વખતે કેટલો ઉચાટ અને દિલગીરી ઉત્પન્ન થાય તે આપના અનુભવની વાત છે. આ ઉદાહરણ આપણા આ જ્ઞાતિ સુધાર રૂપ ખેતીને પણ બધી રીતે લાગુ પડે છે.

આપ સર્વ સમજો છો કે સભાઓ ભરીને-ભાષણો કરીને-લેખો લખીને અને સર્વ પ્રકારે ચર્ચાઓ કરીને જ્ઞાતિનો ઉદય થવા, યુવકો અને હિતેચ્છુઓ કેટલો પ્રયાસ કરે છે ? હવે આ માનસ ખેતીમાં જો સદ્‌વિચાર અને શુભ પ્રયાસ રૂપી છોડ ઉગેલો જ્ઞાતિમાં સેવકોમાં જોવામાં ન આવે તો કેટલો અફસોસ થાય તેનો આપ પ્રતિપળ વિચાર કરતાં હશો જ.

દિવસો-મહીનાઓ અને વર્ષોની મહેનતના પ્રમાણમાં જ્ઞાતિ રૂપી છોડ ફળ્યો-ફાલ્યો-જાગ્યો કે નહિ તે નિરંતર જોતા-જાણતા રહેવાની સર્વ જ્ઞાતિ જનોની મોટી ફરજ છે.

ઉદય-અસ્ત, ઉન્નતિ-અવન્નતિ, એ શબ્દોના અર્થ સમજાવવાની હવે જરૂર ન હોય. આટલા પ્રયાસથી સર્વના સમજવામાં આવ્યું જ હશે કે "પાટીદાર ઉદય"નો હેતુ કેવો સ્તુત્ય છે અને તે સમજી સમજાવી સફળ કરવાની કેટલી બધી જરૂર છે.

જ્યાં પહોંચવું હોય ત્યાંનો માર્ગ સંપૂર્ણ રીતે જાણી,ધ્યાન આપી તે માર્ગે ચાલવામાં આવે તો ધારેલા સ્થળે પહોંચાય છે. માર્ગ ભુલ ભરેલો હોય, કે ધ્યાન ન આપી અન્ય માર્ગે પકડ્યો હોય તો ધારેલે ઠેકાણે સુખ રૂપ પહોંચાય નહિ. જ્યારે આપણે તો આખા જ્ઞાતિ સમુહને બહુ જ ભુલા પડેલા રસ્તાથી ખરે માર્ગે ચઢાવી બહુ દૂર પડી ગયેલા સ્થળે પહોંચવું છે. એટલે આપણા થોડા-નજીવાં સાધનો અને શક્તિ વડે જ દુનિયાના ચાલુ જમાનામાં બહુ પછાત હાલતમાંથી આપણી આર્ય ભૂમિનાં ગૌરવશાળી ક્ષત્રિય વૈશ્ય કોમનાં ખરા સ્વરૂપે પહોંચવા હામ ભીડી છે ત્યારે તો જરા પણ આળસ કરવી ચાલે તેમ નથી. આપણા હિતના અને અહિતના શબ્દે શબ્દનો વિચાર કરી ચાલીએ તો જ સફળતા પ્રાપ્ત થાય.

સર્વ ભાઈઓ અને બહેનો જાણો છો કે ભયંકર દુકાળમાં મહામુશ્કેલીએ મળી આવેલું બીયારણ, વાવણી વખતે બેદરકાર રહી, નદી નાળાનાં તણાઈ જવા દઈ વાવણીનો સમય ગુમાવે તેનું નવું વર્ષ કેટલું ભયંકર થઈ પડે ? એજ આપણે આજે આપણા ઉત્સાહી બંધુઓ સેવા ભાવે તન-મન-ધનના ભોગે જે હિતકર માર્ગ શોધી સમજી બતાવી રહ્યા છે તેને અભિમાનથી, મમત્વથી-દ્વેષ ભાવથી કે મુર્ખતાથી નિષ્ફળ બનાવી મુકશો-બની જવા દેશો તો ઈશ્વર કૃપાએ બહાર પડેલો આ સમુહ હતોત્સાહી-નિરાશ બની જઈ, ધારેલી ઉન્નતિનો લાભ ન મળતાં હંમેશ બુરી દશા થતી રહેવાની નિ:સ્વાર્થપણાથી અને સેવા ભાવથી બતાવેલો હિતેચ્છુઓનો રસ્તો જો વિચાર કરશો તો

ભલું કરનારાઓ જ જોઈ શકશો. આપની આગળ રજૂ થતાં વિચારો કંઈ રંક લેખકો અને સેવકોના મન ઘડિત નથી. નિઃસ્વાર્થી મહાત્માઓ અને અનુભવી અગ્રેસરોના દેશહિત અને જનહિતના સાચા સિદ્ધાંતો મુજબ વિચારેલી ભલામણો અને યાચનાઓ છે. છતાં આપણો સમુહ બેદરકાર જ રહ્યો તો ખરેખર મોટી ભુલ કરો છો એમ જાણજો.

પાટીદાર- કણબી ખેડૂત જ્ઞાતિનાં દિલ ઉદાર અને દાની ગણવામાં આવે છે. દુર્બળ હાલતોમાં પણ યાચકને નિરાશ ન કરવો એવી આપણી કોમની ખાસ વૃત્તિ ગણાય છે. હાલ જ્યારે આપની પાસે આપની જ અવાચક કોમનાં બાળકો જ્ઞાતિ હિત માટે આ બધી યાચનાઓ કરે છે ત્યાં તો આપની કોમની ઉદારતામાં ઉણપ જણાવા દેવી જોઈએ જ નહિ.

“કોમનો ઉદય ક્યારે થયો ગણાય. શા શા ઉપાયોથી કોમની ચઢતી થાય, કેવી અધોગતિએ કોમ પહોંચી છે.” વગેરે બાબતો ખરા ને જરૂરી રુપમાં તમારી આગળ અનુભવીઓ એ આજ સુધીમાં આ ચોપાનીયામાં બતાવેલી છે. જેમ સૂર્યનો ઉદય થતાં અંધકાર દૂર થઈ સર્વ દિશાઓ સ્પષ્ટ દેખાય છે. સર્વ પદાર્થોનું શુદ્ધ જ્ઞાન થાય છે. તેમ આ “પાટીદાર ઉદય” વાંચનાર અને સાંભળનારને પોતાની જ્ઞાતિની ખરી હાલતનું ભાન કરાવવા પ્રકાશે છે. એજ હેતુને સાર્થક કરવા મારા ચાલુ “ઉદય માર્ગદર્શન” લેખ યથાશક્તિ જ્ઞાતિના ઉદયના માર્ગનું દિગ્દર્શન કરાવવામાં મદદ રૂપ થતો હશે તો હું આભારી થઈશ.

આવા સર્વ પ્રયત્નોથી આપના જ્ઞાતિ રૂપી સૂર્યનો ઉદય થાય છે કે તે સૂર્યદેવ તો હજી જ્યાંના ત્યાં જ હઠ ધરી બેઠા છે ને પ્રયાસ કરનારા સૂર્ય દેવનો રથ ખેંચવા મથેલા રેતીમાં વાવે છે, તેની સાબિતી તો જ્ઞાતિ સમુહનાં અંતઃકરણો અને કામોથી જાણવાનું ભવિષ્ય પર રહેલું છે.

ઈશ્વર પર સર્વ વિશ્વાસ રાખી ફળવંતી જમીનમાં નાખેલાં બીજ જમીન છુપાવી રાખતી જ નથી, તો અમારી ઉચ્ચતાનો દાવો નહિ ભુલેલી કોમના દાના અગ્રેસરોનાં માનસ ક્ષેત્રોમાં સોંપેલાં આ ચોપાનીયાના યાચનાઓ રૂપી બીજોની થાપણ આપનાં ઉદાર દિલોમાં ઓળવાઈ જાય એવો ભય હાલ તો કોઈને રહેતો નહિ જ હોય.

જ્ઞાતિ હિતનો દાવો ધરાવનારાઓ એ પોતાના સર્વ વિચારો અને ધારણાઓ પ્રમાણે જ્ઞાતિએ ચાલવું એવો ઈજારો રાખેલો નથી. માટે બંધુઓ જાગો, વાંચો, વિચારો ને અયોગ્ય માર્ગ જાણવામાં આવે વિચારો અધુરા કે ખોટા જણાય તેની દલીલ તથા પ્રતિવાદ કરવાનો સર્વને સંપૂર્ણ હક્ક છે. આ “પાટીદાર ઉદય”ના પ્રકાશક બંધુ આપની સર્વ દલીલો વિરૂદ્ધતાઓને પણ છપાવી જાહેર કરશે. લેખકો પોતાના વિચારો માટે જવાબો આપશે. માટે બંધુઓ આપનામાં જીવન હજી છે એમ સાબિત કરવા બહાર પડો. સાચી જ માનેલી બીનાનો અમલ કરતા થાઓ. શંકાઓના ખુલાસા માગો અસત્ય હોય તેને નિર્ભય પણે તોડો અને જ્ઞાતિ હિત કરો. (અપૂર્ણ)

આરોગ્ય રક્ષક ઉપદેશ માળા
મણકો ૧ લો

લેખક : વૈધરાજ ગોપાલજી કુંવરજી ઠક્કુર

૧. હંમેશા સવારે વહેલા ઉઠવું અને રાત્રે વહેલાં સુવું.
૨. પ્રાતઃકાળમાં સુર્યોદય પહેલાં દરરોજ પાણી પીવાથી શરીરને ફાયદો થાય છે.
૩. મળ ત્યાગવા બની શકે તો દુર જંગલમાં જવું.
૪. દાંત હંમેશાં સાફ રાખો કંઈ પણ પદાર્થ ખવાય કે તરત જ મોંઢું ધોઈ નાખવું.
૫. દિવસમાં બે ત્રણ વખત દરરોજ આંખો ઉપર ઠંડુ પાણી છાટવાથી સારો ફાયદો થાય છે.
૬. નહાવા માટે બનતાં સુધી ઠંડું પાણી જ વાપરો અને તે છુટથી વાપરવું જોઈએ.
૭. નહાયા પછી સુકા ટુવાલથી શરીરને સાફ રાખો.
૮. માથામાં, પગના તળીયામાં તથ આખા શરીરે તેલ ઘસાવવાની ટેવ રાખો.
૯. ભુલે ચૂકે પણ કાન ખોતરતાં નહિ.
૧૦. બહુ બોલવા કરતાં થોડું બોલો અને વધુ સાંભળવાની ટેવ રાખો.
૧૧. દિવસના તમામ કલાકોમાં કામ કરો પણ રાત્રે તેવી જ રીતે આરામ મેળવો.
૧૨. રાત્રે સુતા પહેલાં હંમેશાં પ્રભુનું સ્મરણ કરવાનું ચુકતા નહિ.
૧૩. જમ્યા પછી રાત્રે સુવાનું વખત થાય તેની વચ્ચે ઓછામાં ઓછા ત્રણ કલાક રાખો.
૧૪. રાત્રીનું ભોજન હલકું રાખો અને તેમાં પણ ખાસ કરી પ્રવાહી પદાર્થો વધુ લેતા નહિ.
૧૫. દરરોજ કુદરતી દેખાવ અને બાગબગીચા તરફ ફરવાની ટેવ રાખો.
૧૬. આંખને માટે હરીયાળી જમીન યા તો લીલા રંગના પદાર્થો જોવા ફાયદાકારક છે.
૧૭. જુલાબની દવા બનતાં સુધી નજ લ્યો કબજીયાત હોય તો રાત્રે સુતી વખતે થોડું દુધ પીવું ચાલુ રાખો.
૧૮. ખોરાક હંમેશાં શાંતિથી અને ધીમેથી ચાવી ચાવીને ખાવાની આદત રાખો.
૧૯. બહુ જ ગરમ હોય તેવો તેમજ વાસી થઈ ગયો હોય તેવો ઠંડો ખોરાક લેવાનું બંધ રાખો.
૨૦. પોતાની ખાવાની ઈચ્છા હોય તેનાથી થોડુંક ઓછું ખાવાની ટેવ પાડો. બીજાના કહેવા પર ધ્યાન આપતાં પહેલાં તમારી હોજરીને પૂછો.
૨૧. જમતાં જમતાં વચ્ચે થોડુંક પાણી પીઓ, તેથી ખોરાક જલ્દી પચે છે.
૨૨. ખાઈ કરી કસરત કરવી નહિ. પણ થોડોક વખત આરામ કરો.
૨૩. દરરોજ ખુલ્લી હવા લેવાની ટેવ રાખો.
૨૪. કસરત કરવાથી શરીરનું લોહી ઠીક ફરે છે, પસીના વાટે મેલ બહાર નીકળી જાય છે. તેથી હંમેશા કસરત કરો.

૨૫. હંમેશા મિજાજ હસમુખો રાખો તેથી તંદુરસ્તી સારી રહે છે.

૨૬. સુતી વખતે મોંઢુ ખુલ્લું રાખી સુઓ. ખુલ્લી હવાથી ઊંઘ સારી આવે છે.

૨૭. વાંચતી વખતે ચોપડી આંખથી તે દૂર રહે અને તેનું પ્રમાણ આશરે દશ ઈંચ રહે તેમ રાખો.

૨૮. બહુ જ ઝીણાં અક્ષરોવાળું વાંચન રાત્રે ઘણો વખત સુધી વાંચતા નહિ. ઝાંખો દીવો હોય ત્યાં વાંચવું નહિ.

૨૯. શરીરને દરરોજ હવાથી, ગરમીથી, તથા પાણીથી એમ જુદી જુદી રીતે સ્નાન કરવા દો.

૩૦. પ્રાણાયામ કરવાની ટેવ રાખો તેનાથી હૃદય બળવાન અને ફેફસાં સાફ થાય છે.

૩૧. ખાધાં ઉપર ફરી ખાધાથી મનુષ્ય બીમાર પડે છે. તેમ કરતાં નહિ.

૩૨. ખાધા પછી તરત જ સ્નાન કરવું નહિ.

૩૩. માથા પર ગરમ પાણી નાંખવું નહિ.

૩૪. બતીની સામે ઘણી વખત જોવું નહિ.

૩૫. ખાવાનો ખરો વખત ખરી ભૂખ લાગે ત્યારે જ થયો સમજવો.

૩૬. દરેક કામમાં નિયમિત બનો.

૩૭. દુષ્ટ મનુષ્યોની સોબતમાં ન રહો.

૩૮. શાસ્ત્રનું વાંચન કરો ને તેવું વર્તન રાખો.

દુનીઆઈ બનાવનો ભાવી વર્તારો

સને ૧૯૨૪માં યુરોપ આદી ચારે ખંડોમાં મહાન યાદવાસ્થળી જાગશે.

બ્રિટીશ સરકાર વિરૂદ્ધ તેમના કેટલાક મિત્ર રાજ્યો તેમજ દુનીયાના ઘણા રાજ્યો પડશે અને અંદર ફાટફુટ પડી મહાયુદ્ધ જાગશે અને તેથી હજારો માણસોનો નાશ થશે.

હિંદની નિઃશસ્ત્ર પ્રજાને ભારે જોખમો ખેડવા પડશે. ધાડ, લુંટ, આગ, પવન, વરસાદ, રોગ વગેરે કારણોથી મહા દુઃખો વેઠવા પડશે રાજ્યો પતોની પ્રજાને બહુ ત્રાસ આપશે અને તેથી પ્રજામાં અસંતોષ ફેલાશે જેથી પ્રજા રાજ્યનીસામે ખળભળાટ મચાવશે. સને ૧૯૨૪ના માર્ચની તા. ૨૨મીએ લગભગ પંચમહાલ જીલ્લામાં બંડ જાગશે અને અસહકારીઓના હાથથી મહાત્મા ગાંધીજી મુક્ત થશે. મહાત્મા ગાંધીજીનો અહિંસાત્મક અસહકાર લોકો છોડી દેશે.

સને ૧૯૨૪ના સપ્ટેમ્બર મહીનાથી આખી દુનીયા યુદ્ધના વાદળ તળે ઘરાશે અને હિંદમાં પણ યુદ્ધ જેવું જાગશે. બંગાળ, મહારાષ્ટ્ર, પંજાબ અને ગુજરાત ઉપર વાદળ ઘેરાશે. કાઠીયાવાડ, ચરોતર જીલ્લો પણ બહાર પડશે. ઓક્ટોબર માસમાં હિંદના કેટલાક બંદરોવાળા શહેરોનો કેટલોક ભાગ નો નાશ થશે. હિંદના ભારે બળવામાં ભાગ લેવા નવેમ્બર માસમાં અમુક સરકાર હિંદની વ્હારે ચઢી આવશે. જેથી બ્રિટીશ સરકાર કદાચ

ભયમાં આવી પડશે. વળી એ અરસામાં ગુજરાતમાંથી ભીલો તથા તીરકામઠાંવાળા વિચિત્ર ભાગ ભજવશે. તેમ કેટલાક ગુપ્ત રહેલા યોગીષ્ટો તેમ મહાત્માઓ હિંદની વ્હારે થશે. આવા કેટલાક સબળ સબબોને લીધે બ્રિટીશ સરકાર સુલેહ કરશે અને સ્વરાજ્ય આપવામાં ઘણી મોટી છુટો આપશે. દરેક વેપાર રોજગાર ભયમાં આવી પડશે, અને મોટે ભાગે ઘણા લોકો દેવાળા કાઢશે. મીલો જીનો કારખાના વગેરે નુકસાનમાં આવશે સાધુઓ સન્યાસીઓ, બાવાઓ, જોગીઓ, ફકીરો, ભીખારીઓ વગેરેને ટુકડા રોટલાનાં પણ ફાંફાં પડશે. વળી તેઓનામાં રહેલું માન મરતબો નાશ પામશે. પરદેશી માલની ભરેલી વખારો કુદરતી રીતે નાશ પામશે. કેટલીક બેન્કો, કંપનીઓ અને ધર્મના સ્થાનોની તિજોરીઓ તળીઆ ઝાટક થશે. સ્ત્રીઓના માથે ઘણું સંકટ પડશે. છેવટે હિંદને સંપૂર્ણ સ્વરાજ્ય સને ૧૯૨૫ના માર્ચ માસમાં મળશે. સને ૧૯૨૪ના મે માસમાં પેગંબર જેવા શક્તિશાળો એટલે દૈવી શક્તિવાળો એક માણસ બહાર પડશે.

સને ૧૯૨૪ના એપ્રીલ મે માસમાં પવન ઘણો જ ફુંકાશે તેમ આગની ઉત્પત્તિ પણ ઘણી થશે સને ૧૯૨૪ના જાન્યુઆરી અને ફેબ્રુઆરી માસમાં ભારે માવઠાં ભારે વરસાદ જેવા થશે.

અને જીવજંતુના, બરફના, કરાના, અનાજના દાણા જેવા વિચિત્ર પ્રકારના વરસાદ થશે. વરસાદ કેટલીક જગ્યાએ ચોમાસામાં મુદલે થશે નહીં અને કેટલીક જગ્યાએ સામટો થશે પણ એક બે દિવસ જ એટલે આ વર્ષમાં ચોમાસુ દેશમાં મોટા ભાગે નિષ્ફળ જશે અને તેથી દુકાળ કહેવાશે. દરેક અનાજના ભાવ વધશે અને કેટલીક જગ્યાએ અનાજ મળવું પણ મુશ્કેલ થશે. ઢોરોમાં ઉપદ્રવ થશે તેથી ઘણા ઢોરોનો નાશ થશે. મનુષ્યમાં રોગોના ઉપદ્રવ થશે અને તેમાં સ્ત્રીઓ અને છોકરાઓનાં મરણ વધારે થશે. મે માસ પછી જે સ્ત્રીઓ ગર્ભ ધારણ કરશે તે સ્ત્રીઓને વિશેષ કરીને જોડલાં છોકરાં અવતરશે મહાત્મા ગાંધીજી અને મૌલાના મહમદઅલીને શરીરે પીડાકારી ઘણી થશે. સોનાનો ભાવ વધીને ૩૩-૩૪ સુધી જશે. ચાંદીનો ભાવ વધીને સો તોલાના ૧૦૮ થી ૧૧૦ સુધી જશે. ભરૂચ કોટનનો ભાવ ઉંચામાં ઉંચો ૮૨૫ સુધી જશે અને નીચામાં નીચો ભાવ આસપાસ ૩૯૬ થશે. ઘી, તેલ વગેરે રસકસ મોંઘું થશે. શેરોના ભાવ એકદમ મંદી થશે. ઝવેરાતના ભાવોમાં મંદી થશે.

સને ૧૯૨૪ની સાલ દરેક રીતે દરેકને ખરાબ છે.

લી શા. મંગળદાસ હેમચંદ પરોપકારી

તા. ૧૬.૧૨-૨૩ઠે. દેસાઈ પોળ, સુરત.

(ગડગડાટ પત્ર ઉપરથી તા. ૨૪-૧૨-૨૩)

પીરાણા પંથની દશતરી ગાવંત્રી

શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદની કરાચી મુકામે થયેલી બીજી બેઠકમાં શ્રીયુત મીસ્ત્રી નારાયણજી રામજી વીરાણીવાળાએ પીરાણાના ઠરાવ ઉપર આપેલું ભાષણ

(ગયા અંકના પાના નં. ૨૨થી ચાલુ)

સ્વર્ગના વાયદાની હુંડી

દશોંદ ભરીને ખરીદો !

સૈયદ ઈમામશાહે હિન્દુઓને ફસાવવા પોતાના રચેલા બનાવટી સતપંથમાં આવનારને અપરંપાર લાલચો આપી છે. ઈમામશાહ કહે છે પીરાણા કબ્રસ્તાની ધર્મનાં બનાવટી પુસ્તકોમાં જે હિન્દુ ધર્મ કર્મનું સત્યાનાશ વાળવાના કલમાઓ છે તે પઢો અને મુસલમાનની ક્રિયા કર્મથી શણગારવામાં આવેલા ખીચડીઆ પંથને પાળો અને તમે તમારી કમાણીનો દશમો ભાગ મારા વંશના સૈયદોને આપતા રહેશો તો સ્વર્ગમાં પીરાણા કબ્રસ્તાની પંથને માનનારા મુમનને જગતનું સવા લાખ વર્ષ સુધી રાજ્ય કરવાનું મળશે અને રાજ્ય સુખ ભોગવ્યા પછી સ્વર્ગમાં હંમેશના માટે સોના રૂપાની ઈંટો અને કેશર કસ્તુરીની ગારથી બનેલા રત્નજડીત ચળકાટ મારતા પાચસો માઈલનાં ઘેરાવામાં આવેલા આલીશાન મહેલો બાગ-બગીચાઓ સહીત મળશે કે જેની અંદર **શરાબ (દારૂ), દૂધ, મધ** અને અમૃતના વહેતા ઝરાઓ અને **સોના રૂપા** તથા અગણીત **હીરાથી જડીત થયેલા હોજો** કુંવારાઓના સાથે અને ચકચકીત કરી નાખે એવી સ્વર્ગની પચાસ હુરાઓ (અપ્સરાઓ) પ્રથમથી જ તૈયાર કરી રાખેલા પાંચસો છોકરાઓ અને પાંચસો **નુરી ફીરસ્તાઓ** સેવામાં હાજર ! અને તે સિવાય અનેક પ્રકારની અચરજ પમાડનારી હજારો જાતની કિંમતી જણસો મુવા પછી ઈમામશાહના સેવકોને જરૂર મળશે. એવો વાયદાનો સોદો કરીને પ્રથમથી પીરાણા કબ્રસ્તાની ધર્મને માનનારા પોતાના મુમન શિષ્યો પાસેથી કમાણીનો દશમો ભાગ લઈ લેવો અને ઈમામશાહની કબરની તેમજ ઈમામશાહના વંશના મુસલમાન સૈયદોની પીરાણા ધર્મી મુમનભાઈએ પુજા કરવી. આવો રોજને રોજનો ચાલુ બોધ ત્યાં પછી મુમનભાઈઓ સૈયદોની સેવા કરવામાં અને તેના બોલેલા બોલો ઉપાડી લેવામાં સેની વાર કરે ? જન્નતનામામાં સૈયદ ઈમામશાહે પોતાના શિષ્યોને સંબોધીને કહ્યું કે હે મુમનભાઈઓ, **"પીરાણા સતપંથ વિના તે ખોટા કહીએ અને ખોટાં તે સર્વ ધામ, જો ફક્ત આલ ઈમામની સેવીએ તો પોચીએ ભેસ્ત મુકામ."** ફક્ત ઈમામશાહના વંશની ઓલાદના સૈયદોના પગ પુંજીએ, તેમનું એઠું ખાઈએ અને દસોંદ (ખાવા ન હોય તો પણ કરજ કરીને પણ) ભરતા રહીએ તો ભેસ્ત મુકામ કહેતાં સ્વર્ગમાં જવાય ! આવા ઉપદેશો સંભળાવીને રાત્રી દીવસ સૈયદો અને સૈયદોના એજન્ટ કાકાઓ અને કચ્છના કણબી જ્ઞાતિના જુલમગાર આગેવાનો અનેક પ્રકારના પ્રપંચો કરી ભોળા અને અજ્ઞાન હિન્દુ ભાઈઓને ભરમાવીને પોતાનું પાપી પેટ ભરે જાય છે.

સૈયદ ઈમામશાહે તેમજ તેના વંશના સૈયદોએ પીરાણા પંથી સેવકોને સ્વર્ગની જુઠી લાલચો આપી પૈસા કઢાવવા. દસોદના લાગાના કર વિશે ભારે ભાર મેલીને બોધ કર્યો છે અને હમણાંના સૈયદો પણ એજ બોધ કરે છે. ઈમામશાહે પોતાના સેવકોને દશોંદ દેવા માટે **મુમન ચેતામણીમાં** કરેલી સૂચનાઓ એવી છે કે :-

એજી લક્ષ ચોરાસી તો છુટીએ, જો રહીએ આપણા સતગુરૂ કે ફરમાન માંહે,
દસોંદ દીજે સતગુરૂ મુખે, તો વાસો હોવે અમરાપુરી માંહે.

એજી અમરાપરી છે આગળે, તેનાં સુખ કહ્યાં નવ જાય,
સતગુરૂએ કેતાં ઈમામશાહે દીઠી તેવી કહી છે. ત્યાં હુરમ લાયક માંહે.
એજી અનંત મેવા છે તે મહેલમાં તે ઘરની શોભા છે ત્યાંય,

મોમન રખીસર તે મહેલમાં લીણા લાડ કરશે ત્યાંય.
એજી એવાં ઘર તે જીવ પામશે જે ચાલસે આપણા સતપંથ માંયે
ખરા દસોંદી સુફીતવંતા તેની શાખ છે એલમ માંય માટે-ચેતો.

X X X X

વળી ઈમામશાહે દશોંદ માટે કહ્યું છે કે :-

એજી એ ઘર દસોંદ જ દીજીએ, તે માંહે આળસ ન કરીએ લગાર,
અનેક જીવ આગે ઓધર્યાં તેણે ઓળખીઓ પોતાનો ભરથાર,
એજી દસોંદ જ વિના નહીં છુટસો સાંભળો મુનીવરો કહું છું વારંવાર.

X X X X

દશોંદમાં મુમન ન સમજે તેટલા માટે ઈમામશાહે ખુલાસો કર્યો છે :-

એજી દસોંદ તે કમાણીની દશમી પાંતી કહીએ તે તો આલે એ નરજીશું અહાર,
ચાલીઓ તે પીર મુખે આલીએ, એ છે મુમન તણો ખાસ વહેવાર,
એજી દશોંદ દેતાં જે જીવ ડોલાવશે તેનું હાલમાલ નહીં રહે પરિવાર !!!
ક્રિયા હીણા જીવ નહીં તરે, સતગુરૂ ઈમામશાહ કહે છે પુકાર.
એજી કલજુગની સંગ છે દોહલી, એ મુમનભાઈ તમે રહેજો હુશીઆર,
દસોંદ દેજો આ સતગુરૂ મુખે (કહેતાં ઈમામશાહને) તેથી ઉતરો પેલે પાર.
એજી દશોંદ નહીં દેશે સતગુરૂ મુખે તે તો કાયર થાશે ને ખાસેરે માર.
તેના હૈડામાંથી અગ્નિ ઉઠશે તારે જીવડો તે કરશે રે પુકાર ! ચેતનહારા તમે ચેતજો.

X X X X

એજી મહારે પદાર્થ સરીખો આ માનખો તેને સદગુરૂજીએ ધર્મ દીધો સંભાળ,
તે માંહે સાચા મુનીવર આપણા તેને શામી રાજો લેશે ઉગાર.
(ખાસ કરીને તો) એજી તે માંહે ખરા દસોંદી જે સુફીતવંતા તેણે તો બાંધી પુરની પાર.
તે જ્ઞાન વિચારી ચાલશે તેને કળયુગ નહીં લોપસે લગાર.

X X X X

ખરી દશોંદ તેને આલીએ તે તો ખટ્યાની રે સંભાર.
એજી તે સતગુરૂની પાંતી અળગી કરો અને બાકીનો કરો પોતાનો આહાર.

X X X X

તે માંહે થાશે બરકત ઘણી (ભુખની !) તેનો સેસો મ આણજો લગાર
ભાઈરે દશોંદ આપણને દીધા વિના નહીં ચાલશે, એ ગુરૂનર લોભી નહીં રે લગાર !

X X X X

એજી દશોંદ તે દશમી પાંતી કહીએ તે દેજો નરઅલીજીને અહાર.
ચાળીઓ અમારો આલજો એ પીર મુરીદનો છે વેવાર.

એજી સતગુરૂના વાયકે તે સાચા ચાલજો દેજો સતગુરૂ મુખે દશોંદનો અહાર.
ચાળીઓ તે પીર મુખે આપજો અને કરજો તે સુકીત અપાર.

X X X X

એજી ખરા દસોંદી સુકીતવંતા તે તો આવશે અમારે દુવાર (પીરાણામાં)
આખરની વેળા જ્યારે આવશે ત્યારે ઉતરશે પહેલે પાર.

X X X X

ઈમામશાહે ભાર દઈને પોતાના શિષ્ય મુમનોને કહે છે કે :-

એજી ઈમામશાહનો વંશ સૈયદો જેવાને સુપાત્રે દાન દેતાં ઓછું આણસે -
અને બીજે પાંખડે રાખસે વેવાર,
તેને શ્રી સત ગોરજી (ઈમામશાહ) પોતાનો નહિ કરે તે તો જાસે નરકને દોવાર.

X X X X

એજી જે સૈયદ જેવા સુપાત્ર દાન દેતા ઓછું આણસે અને ચારે ચરબટે તે રહેસે હુશીયાર
પણ ભાઈ મુમનો સતપંથ વિના ધર્મ છે જેટલાં તે તો સર્વે મીથ્યા સાર
એજી જેણે સતગુરૂએ ધર્મ દઈને ઈમામશાહનો વંશ સૈયદ દેખાડીઆ !
પ્રગટ હાજર જામું પાત્ર અવતાર.
બીજા સંસારથી ગુપ્ત જ રહીએ એક સતગુરૂ સૈયદ મુખે રાખીએ વિચાર.

બન્ધુઓ ! આ કબ્રસ્તાની પંથે ચડેલા પોતાના શિષ્યોને તેમની શ્રદ્ધા જોઈ જોઈને ફુંકી ફુંકીને ફોલી ખાવાની યુક્તિ રચી છે તે સાથે કંઈ સામ ભેદનો પણ ઉપયોગ કર્યો છે. દસોંદ દેવામાં જરા પણ મન કચવાય તો ઈમામશાહ કહે છે કે, એ મુમનનો હાલ માલને પરિવાર પણ નહિ રહે એટલે તેનું નખોદ જસે ! હૈડામાંથી અગ્નિ ઉઠશે ! બીજી આજ્ઞાઓ પાળે છતાં દસોંદ ન ભરે તો ક્રિયા હીન કહેવાય એટલે તે તરસે નહિ એવું ઈમામશાહ પોકારીને કહે છે. ઈમામશાહને પોતાને જ નહિ પણ તેના પરિવાર સૈયદોને પણ દસોંદ આપવી ! જુઓ તો ખરા પોતાની પાછળ પેઢીની પેઢી સુધીના સૈયદોને પેટની પણ તે બીચારા જીવને કેટલી ચિંતા થઈ હતી. તેને તો ખબર હતી જ કે આગળ જતાં બધું પોગળ ઉઘાડું થશે એટલે કહી રાખ્યું છે કે બીજા સંસારી માણસો અને તેમના ધર્મ કર્મ કે વહેવારમાં જોડાવું નહિ ! માત્ર સૈયદોના મુખનો જ વહેવાર રાખવો ! બિચારા અંધ શ્રદ્ધાળુ અને અજ્ઞાન લોકો આ ઉપદેશ સાંભળી સૈયદોના મુખની પ્રસાદીને જ ઉત્તમ માનતા આવ્યા ! કહો ભાઈઓ આ કેટલી દિલગીર થવા જેવી અને નીચું ઘાલવા જેવી બાબત છે ? સૈયદોના મુખનો વહેવાર રાખનારાને કોઈ હિન્દુભાઈ પાસે પણ ઉભવા દે ખરો! વળી ઈમામશાહ કહે છે કે સૈયદોને દાન દેતાં જે ઓછું આણશે અને બીજા પાખંડ બીજા ધર્મો સાથે વહેવાર રાખશે તે નર્કે જાશે ! જુઓ તો ખરા જાણે હિન્દુપણામાંથી ભ્રષ્ટ થયેલાને જ ભીસ્વ મુકામે લઈ જવાની પેટન્ટ મેળવીને ઈમામશાહ ન આવ્યો હોય તેમ મુમનાઓને ગળે ઘુટડાં ઉતારે છે. વળી હમણાંના સૈયદો, પોતાના દાદા ઈમામશાહે રચેલાં શાસ્ત્રના આધારે વાયદાની હુંડીઓ લખી દશોંદના નાણાં ઉપાડે જાય છે અને કહે છે કે તમો પીરાણા સતપંથીઓ જો તમારી કમાઈનો દશમો ભાગ (દશોદં) રાજી ખુશીથી આપતા રહેશો તો તમારા માટે મુક્તિ અને સ્વર્ગના દરવાજા હંમેશાં માટે ખુલ્લા છે !

બાવાની કાંકણની લાગવગ કયાં સુધી પહોંચે છે ?

જે સતપંથીઓ દશોંદના લાગા ભરતા હશે તેમનાં પાપ કે ગુનાનું પુછાણું જ્યારે આખરના દહાડે થશે ત્યારે ધર્મ અને પાપનો હિસાબ પીરાણા કબ્રસ્તાનમાં ઈમામશાહની બેઠક નગીના ગોમતી ઉપર ખુદા તાલાની હજુરમાં થશે અને જેટલા પીરાણા ધર્મી છે અને બાવાના જેને કાંકણ છે. અને જે મરતી વખતે દટાણા છે એવા મુમનોની સિફારીશ ખુદાતાલાની હજુરમાં પીર કબીરદીન ઉભા થઈને કરશે અને પોતાના શિષ્યોને મુકતી અથવા સ્વર્ગમાં દાખલ કરાવશે એટલું જ નહિ પણ પીરાણા ધર્મીના પાપ અને પુણ્ય જ્યારે કાંટા ઉપર તોળાશે ત્યારે ખુદા તાલાની રૂબરૂમાં કોઈ મુમન ભાઈના ગુના ઘણા હશે તો પણ, પીર કબીરદીન ધર્મના પલ્લાને દબાવી તે પાપ કરતા પુણ્ય ઘણું છે એમ કરી બતા વશે ! ખુદાતાલા તેને જોઈ હસીને કબીરદીનના સામું જોઇ મોઢું બીજી તરફ ફેરવશે, એટલે કબીરદીન પોતે તેમજ પોતાના વંશજોએ ખાધેલ દશોંદની હુંડી પાકતી હોવાથી તેને સ્વર્ગમાં ધકેલી દેશે. માટે સ્વર્ગ કે મોક્ષની ઈચ્છા અથવા ઉમેદવારી કરનારે સૈયદોને સંતોષવા અને તેને ખુશી કરવા તેનું એઠું ખાવું વગેરે. સૈયદોની દરેક ઈચ્છાને આધીન થનારા પીરાણા પંથી મુમન જોઈએ તેટલા ગુના કરે, પાપ કરે કે અનેક પ્રકારના અન્યાયો કરે તેના માટે મુવા પછી ધર્મરાજ કે યમ ભગવાન એનું નામ સરખું પણ લઈ શકે નહિ. કારણ કે બાવો ઈમામશાહ અને કબીરદીન ત્યાં ખુદાતાલાની હજુરમાં સિફારીશ કરવા તૈયાર જ ઉભા છે ! આવા કળીકાળમાં મુક્તિ અને સ્વર્ગે પહોંચવાનું કાર્ય એટલું બધું ઈમામશાહ તો મરી ગયા છે પરંતુ તેના વંશના સૈયદોથી પણ થઈ શકે તેવું સહેલું છે ! અને તે એ કે ફક્ત પોતાની કમાઈનો દશમો ભાગ સૈયદોને આપો એટલે જાણે ડરબીની લોટરીવાળી મોટી સોરટી લાગીં જ એમ માની લેજો ! એટલું જ નહિ પણ સ્વર્ગમાં સવા લાખ વર્ષ રાજ્ય ભોગવવાનું અને વળી સ્વર્ગની અપ્સરાઓ સાથે અમનચમન કરવાનું જુદું. તેમાં વળી સ્વર્ગની અપ્સરાઓ સાથે રંગ રાગ ભોગવવાને નશો કરવો જોઈએ એટલે સ્વર્ગમાં દારૂના હોજ ભરેલા પણ તૈયાર !

બન્ધુઓ ! આવા સ્વર્ગની તમે ઈચ્છા રાખો છો ? જે સ્વર્ગમાં દારૂના હોજ ભર્યાં હોય ત્યાં જઈને તમે શું કરશો ? જ્યાં દારૂના નિસા અને વ્યભિચાર થતા હોય એ તે સ્વર્ગ કહેવાય કે નર્ક ? અરે, કેટલી અફસોસની વાત છે કે આ ખીચડીઓ પંથ કે જે તમને હિંદુઓને મુમના બનાવી દેવા ખાતર ઉભો કર્યો છે, તેમાં જે અનેક જુઠી બનાવટી અને અધર્મથી ભરેલી વાતો કરવામાં આવી છે તે પણ તમે સમજી શકતા નથી ! તે પંથના ચાલાકો અંદર ખાનેથી અસાધારણ હિંમત અને હદ ઉપરાંતની નીચતા વાપરી તમને ફસાવા માટે ખોટી ખોટી લાલચુ આપી રહ્યા છે અને તમારા પવિત્ર આર્યધર્મનું ખંડન કરી તમને અજ્ઞાન અને ભોટ સમજી વટલાવી રહ્યા છે. વળી પોતાનું પાપી પેટ ભરવાની ખાતર પરમેશ્વરના ઘરની કપોળ કલ્પીત વાતો તમને સમજાવી રહ્યા છે તમને ખોટી આશાઓ આપી રહ્યા છે તે તમે હજી પણ સમજી શકતા નથી એ તે તમારી બાળક બુદ્ધિ કેવા પ્રકારની કહેવાય ! જો આ સ્થિતિમાં પણ આપણે ન સમજી જઈએ તો પછી ક્યારે સમજવાના પુરા મુમનાજ થઈ રહેશો ત્યારે ન તો તમને કોઈ હિન્દુ સાથ દેશે કે ન તો કોઈ મુસલમાનભાઈ તમને પેસવા દેશે. ઝાલ્યું ન છોડવાની હઠીલાઈ હવે મુકી દો, આ કુટીલ કારસ્તાનથી ભરેલા પંથને તિલાંજલી આપો અને એકવાર તો આંખો ઉઘાડીને જુઓ કે તમે હિન્દુ રહ્યા છો કે મુમના બન્યા છો ? મારા પ્રિય ભાઈઓ ! તમે એ કબ્રસ્તાની પંથની ક્રિયા કર્મ કરશો, ફરમાનજી બિસમિલ્લાના કલમા પઢશો, મડદાંને દફનાવી દેશો લગ્ન પ્રસંગે ધોઆઓ પઢસો, રાંધેલું અનાજ ખાનામાં લઈ જઈને ખાશો,

કબ્રસ્તાનમાં પણ સાથે બેસી બિસમિલ્લા બોલશો અને સૈયદોથી વટલશો ! છતાં અમે હિંદુ છીએ ! એવું તમે કહી શકશો ખરાં કે ? જેના પૂર્વજોએ ગુજરાતની પવિત્ર ભૂમિને યવનોના હાથમાંથી બચાવી હિન્દુ ધર્મનું જીવ સાટે રક્ષણ કર્યું છે. તેના તમે પુત્રો આજે એ કબ્રસ્તાની ધર્મને ખાતર જીવો છો ? એ કેટલી ગજબ નીચતા કહેવાય. તમારા જેવી ઉચ્ચ આર્યકોમને એ પીરાણાના કબ્રસ્તાન સાથે સંબંધ હોઈ શકે ખરો ! અને, જો તમે રાખવા માંગતા હો તો તમે એ પણ વિચાર કરી લેજો કે તમે કંઈ નાતમાં રહેશો ?

કબ્રસ્તાની પંથની પોલંપોલ

પીરાણા પંથમાં કે તેના ગંગુઆ કૂવામાં ન તો તીર્થ છે કે નતો પવિત્રતા છે. એમ કહેવામાં આવે છે કે બાવા ઈમામશાહની કબરમાંથી અમી નીકળે છે એવો મહાન ચમત્કાર છે ! એ ચમત્કારને નામે આપ નમસ્કાર કરતા હો તો તમારી મોટી ભુલ છે. એ તદન બનાવટી વાત છે. કળીયુગમાં ભોળા અને અજ્ઞાન લોકોને છેતરવાની આ એક યુક્તિ છે, આપને હું ખાત્રીપૂર્વક કહું છું કે એ તદન બનાવટી વાત છે. તે સિવાય પીરાણા પંથીઓમાં એવી પણ એક માન્યતા છે કે સત્ય અસત્યની પરીક્ષા કરવા માટે પીરાણાના રોજામાં લોખંડની બેડીઓ લોકો પહેરે છે. જે સાચો હોય તેની ઉઘડી જાયે અને જુઠા માણસની ઉઘડતી નથી ! આ વાત પણ ઉપર જણાવ્યા જેવી તદ્દન પ્રપંચી છે. એ કંઈ ખરી બેડીઓ નથી પણ લોખંડના વાળા હોય છે અને તે યુક્તિસર પહેરાવવામાં આવે છે. જેની બેડીઓ ઉઘાડવી હોય તેની ઉઘડે અને જેને વધુ ખુવાર કરવો હોય તેવા માણસની ન ઉઘડે એવો પ્રપંચ બેડી પહેરાવનાર કરી શકે છે. છતાં પણ હું તો સાચી વાત ત્યારે માનું કે, સૈયદો જે પવિત્ર કહેવાય છે તેને અથવા ટીલાયત લખુ કાકાને અથવા તો હડુડ પીરાણા પંથીને મારા હાથે બેડીઓ પહેરાવું અને બેડીઓ ઉઘડી જાય ત્યારે ખરી વાત કહેવાય, બાકી તો આ ચોખો ઠગબાજીનો ધંધો છે અને આવા જ છળકપટ કરવાથી આ પીરાણા પંથની માઠી દશા આવી છે. તે સિવાય પીરાણા પંથીઓમાં એવી માન્યતા છે કે, મરી જનારના ગુના છોડાવીએ અને લગભગ ૧૦૦ કોરીની ઉઠોતરી કરીએ તો ગમે તેવા ગુના કર્યા હોય તો પણ તેનું પુછાણું નથી ! આ કેવળ ધર્માન્ધતા છે. તે સિવાય પીરાણા ધર્મની જે રચના ઈમામશાહે કરી છે તેમાં મુખ્ય કરીને એવો ઘાટ રાખ્યો છે કે અમીની ગોળી એજ પીરાણા ધર્મ ! આ ગોળી પીરાણા ધર્મની ક્રિયા કરતી વખતે વપરાય છે. છોકરાંને નીમતી વખતે એટલે પીરાણાના વાડામાં ઘાલવા માટે તેમજ લગ્ન અને મરણ વખતે અને પરદેશથી કોઈ માણસ દેશમાં જાય ત્યારે (અ)પવિત્ર કરવા માટે આ ગોળી ગળીને પાવામાં આવે છે. સુતક સ્નાનમાં પણ ગોળીનો ઉપયોગ થાય છે. પરંતુ આ ગોળી શાની બનાવવામાં આવે છે એની હજી સુધી કોઈ પીરાણા પંથીએ શોધ કરી નથી એ મોટી દિલગીરીની વાત છે. એ ગોળીથી પીરાણા પંથી હિંદુને વટલાવવામાં આવે છે અને તે યવન સૈયદોના હાથે આ ગોળી બને છે. ઘણા કાકાઓને પૂછ્યું તો તે પણ એવો જ જવાબ આપે કે અમને ખબર નથી. ઘણા કણબી ભક્તો પીરાણા ધર્મમાં અંધ થયેલા છે, જાણે આજે જ મુસલમાન થઈ જઈએ એવા જ્ઞાતિ દ્રોહી હિંદુ ધર્મદોહીને પૂછતાં પણ ગોળી શાની બને છે એ વાત કોઈ જાણતા નથી. આ ગોળી શાની બને તે મેં ખુબ તપાસ કરાવી કેટલાક સંપ્રમાણોથી સિદ્ધ કરી ખાત્રીપૂર્વક જાણ્યું છે કે હિન્દુઓને નષ્ટ ભ્રષ્ટ કરવા માટે જ આ ગોળીનો ઉપયોગ છે અને તે જો કોઈ પીરાણાપંથી ન પીએ તો તેને બળજબરીથી ખાસ પાવામાં આવે છે. અને તે છતાં પણ હઠાગ્રહ કરે અને જો કોઈ ગોળી કહેતાં અમી અને અમી કહેતાં સૈયદોની થુંક ? ન પીએ તો તેને નાત બહાર કરવામાં આવે છે ! જેના સેંકડો નહીં બલકે હજારો દાખલાઓ

તમારી પાસે મોજુદ છે. આ ગોળી પ્રકરણ મેં પીરાણા ધર્મની પોલ નામની બુકમાં લખ્યું છે. પરંતુ અહીં ટૂંકમાં જણાવું છું કે ગોળીનો ઉપયોગ એ માત્ર હિન્દુઓને વટલાવી તેમની બુદ્ધિ ભ્રષ્ટ કરવા માટેનો એક તાંત્રિક પ્રયોગ છે. પીરાણા ધર્મી કોઈ પણ માણસ, દેશ છોડી પરદેશ જાય અગર તીરથ જાત્રા કરી ગંગા ગોદાવરી કે હરદ્વાર અને સેતુબંધ રામેશ્વરની જાત્રા કરી પાછો દેશમાં જાય ત્યારે એ માણસ પીરાણા ધર્મથી વિમુખ થયો છે એમ પીરાણા ધર્મની માન્યતા હોવાથી તે ભાઈને પાવન કરવા ખાનામાં અમીની ગોળી પીવી પડે છે ત્યારબાદ મુખી તેને પવિત્ર કરી છાંટ નાંખે છે ! તેની ધોવા પઢતાં મુખી જે કલમો પઢે છે તે સાંભળો !

"ફરમાનજી-બીસમીલ્લાહ, હરરહેમાન, નરરહીમ, સતગોર પાત્ર બ્રહ્મા એંદર ઈમામશાહ નરઅલી તે મહમદશાહ નબી નુર સતગોર તમારી દોવા, અથ વેદ કાયમ પાયા, અવલ આખર દેદાર આપો. ઈમાન સલામત રાખો, સત સબુરી આપો, કરોડ કરોડ ગુના કાપો, ખોળે તે છુટે ડરે સો તરે નુર નકસેકી પીર શાહા નુર જે રખેસર પીએ, જે રખેસર પીએ તે જીવ અનંત કરોડીની સોબતે મળે. સતગોર ઈમામશાહ નરઅલી મહમદશાહ, હકલી એલાહા ઈકલલા હો મહમદર રસુલલા હે."

ભાઈઓ ! આ પ્રયોગમાં હિંદુપણાની ક્યાં છાંટ સરખી પણ તમને દેખાય છે, અરે ! તમને હિંદુ રહેવા દેવાનો ઈરાદો જ ક્યાં છે ! કદાચ તમે હિંદુ છો એમ સમજી જાત્રાઓ કરો કે હિંદુઓ સાથે મુસાફરી કરીને ઘેર આવો કે તરત જ સૈયદોના થુંકની ગોળી પાવા મુખો તૈયાર જહોય ! તમારે પીવી જ પડે ! મતલબ કે તમે મુસલમાન ઠર્યા એટલે જીવો ત્યાં સુધી તમારે તો માત્ર સૈયદોના મુખનો જ વહેવાર રાખવાનો અને તમારે ઘેર છોકરાઓ જન્મે તેમને પણ કાંકણદોરા એ બાવાના જ ! જુઓ તો ખરા, દેખાય છે ક્યાંઈ તમારી ગુલામી દશાનો છેડો ? છે ક્યાંઈ તમને હિંદુ રહેવા દેશની ભાવના ? વળી તમારા બાળકોને એ ખાનાનું ભૂત કેમ વળગે છે. જ્યારે તમારે ઘેર બાળક જન્મે છે ત્યારે તે બાળક દિવસ નવ અથવા પંદર વીસનું અને મોટામાં મોટું ચાલીસ દીવસનું થાય ત્યારે તો તેને ફરજીયાત ખાનામાં લઈ જઈને પીરાણા ધર્મી તરીકે નીમાવું પડે છે અને તમે બાળકોના ખાનામાં મુખી પાસે લઈ જાઓ છો એટલે મુખી બાળકને નીમે છે અને કાંકણ બાંધે છે ત્યારે તે કેવા પ્રકારની ક્રિયા કરે છે, હિંદુને લગતી કે મુમનાસાઈ ! તમને કદાચ યાદ નહીં હોય પણ :

મુખી કાંકણ બાંધતા બોલે છે કે :-

"ફરમાનજી-બીસ્મીલ્લા-હરરહેમાન, નરરહીમ, સતગોર બ્રહ્મા એંદર ઈમામશાહ નરઅલી મહમદશાહ નબી નુર સતગોર તમારી દોવા. આદ નરીજન ધધુકાર, જીવ ઉપનોકરો નીસતાર. જીવ ઉપના સરજનહાર બ્રહ્મા વાચા, વીસ નવ વાચા, શ્રી મહેશ્વર વાચા, શ્રીમચ્છની વાચા શ્રીકોરંભની વાચા, શ્રી વારાહની વાચા, શ્રી નરસીંહની વાચા, શ્રીવામનની વાચા, શ્રીફરસરામની વાચા, શ્રી રામનીવાચા, શ્રી કરશનની વાચા, શ્રી બુધનો વાચા, નકલંકીની વાચા, હક મોહોલા સાહા મુરતજાઅલી નબી નુર સતગોર નર અસલામશાહ, વારાના મરદ સત ગોર સલાઉ દીન, સતગોર પીર સમસદીન, પીર નસીરદીન, પીર સાહેબદીન, પીર સોદરદીન, પીર કબીરદીન, પીર ઈમામશાહ, નરઅલી મહદમસાહા, સીત્ર, સીત્ર, હોસેની કુલકાએમનો પરવાર જાંબુ દીપે ભરતખંડે કુવારકાં ક્ષેત્રમાં હુવા દશમા અવતાર, નરીજન નકલંકી, નારાયેણ પાત્ર બ્રહ્મા, નરહરી અથરવેદની

કાંડી ભણીને જીવના કાંકણ બાંધીએ તો જીવની કાયા નુરાણી થાએ, તે જીવ અમરાપર જાએ તે જીવ ફેરાથી છુટે અમરાપર આસણ જઈ બેઠો. મનમકો અમર ગજસકો તમારો એ જીવને કમળા કુંવરની સોબતમાં રાખો ત્રેત્રીસ કરોડની મેળા આપો, ચાંદા સુરજ તારા પવન, પાણી, જમીન, આકાશ, એસટ કળપર બત, નવકુળ નાગ ચારકમ મેઘ, ચારખાણ ચાર વારણ ચાર વેદ. ચાર કેતાબ, ત્રેત્રીસ કરોડની પૂરી સાંખ, ત્રીલોકની દીધી વાચા સ્વામી તમારી નીમ કાંકણે. તમારે કરમેં તમારે ઘરમેં એ જીવને સતપંથના મારગમાંહે રાખો, ગોર નરનાં દેદાર આપો એ જીવના ગુના બકસો અમારાપરમાં વાસ આપો, એ જીવ જગો જગ તમારો છે. એ જીવની ચિંતા તમને છે. એ જીવને પાક પાવન કરો સતગોર ઈમામશાહ નરઅલી મહમદશાહ હકલા એલાહા ઈલલા હો મહદમર રસુલેલા હો.”

બન્ધુઓ ! આ કાંકણ દોરા બાંધવાનો કલમો તમે સાંભળી ગયા તેમાં હિન્દુ મુસલમાની ભાષાનો ભુંડો ખીચડો રાંધ્યો છે અને બાળકને શરૂઆતથી જ એ ખીચડાની ગરથુથી અપાય છે એ વાત પણ તમે જાણો છો જ જ્યાં જાઓ ત્યાં ફરમાનજી બિસમિલ્લા અને છેવટે મહમદ અસુલેલાહો ! વહેવારની હોય કે ધર્મની ક્રિયા હોય જ્યાંને ત્યાં એજ વાત અને એજ સંસ્કાર પછી પીરાણા પંથમાં તમને હીન્દુપણું ક્યાં ભરાઈ રહેલું દેખાય છે ? ક્યાંઈ નથી, એ કબ્રસ્તાની પંથના મીસ્ત્રીઓએ એવી રચના કરી છે કે જ્યાં જુઓ ત્યાં ફરમાનજી બિસમિલ્લા સિવાય તમને બીજું દેખાય જ નહિ, તમે હિન્દુ અને વળી કડવા પાટીદાર એટલે નાતના રીવાજ પ્રમાણે કદાચ દશે વર્ષે વિવાહ કરતા હશો પણ ચોરીને અને ચિતાને તો તમે દેશવટો દીધો છે. લગ્નમાં પણ શું છે ! તમારે બ્રાહ્મણની તો જરૂર ક્યાંથી ? કારણ મુખી જ વિધિ કરે છે એટલે લગ્ન અથવા તો પુનઃ લગ્ન વખતે વરકન્યાને કાંકણ બાંધે છે, હસ્તમેળાપ પણ તે જ વખતે કરે છે અને શું બોલે છે તે સાંભળો ? “ફરમાનજી-બીસમીલ્લાહ હર રહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા એંદર ઈમામશાહ આદ વીસનવ નરીજન નરઅલી મહમદશાહ સતગોર પીર કબીરદીન, સતગોર પીર સદરદીન, સતગોર પીર સાહેબદીન, સતગોર પીર નસરદીન, સતગોર પીર સમસદીન સતગોર પીર સલાઉદીન સતગોર પીર ઈમામશાહ નર અસલામશાહા નરઅલી નરીજનનામ નબીનુર સતગોર તમારી દોવા ! નર વાચા રોદ્ર શકતી વાચા બ્રહ્મા વાચા વીસનવ વાચા માહેશ્વર વાચા ફરમાન નારાયણનું સતવાચા દતવાચા વેદવાચા આદે આલ સતપંથી વાચા નવખંડ પ્રથમની વાચા ચોવીસ ગુલકની વાચા એ સકળ પરવતની વાચા નવકુળ નાગની વાચા સળ પરવતની વાચા નવકુળ નાગની વાચા ચારકુળ મેઘની વાચા સાત સાહેરની વાચા નવસે નવાણું નદીઉની વાચા, ચારખાણ ચારવાણની વાચા, ચાર વેદ ચાર કેતાબની વાચા અઢાર ભાર વનસ્પતિની વાચા ચંદા સુરજની વાચા અજ્ઞીતેજ અનદેવની વાચા ધંધુકાર કલફની વાચા જડ બંધણ જુગની વાચા ઈક છેદાની વાચા દયા ક્ષેમાની વાચા સતી જતીની વાચા સત સંતો કરેણીની વાચા અડસઢ તીરથની વાચા અઠાસી સહસ્ત્ર રૂષીની વાચા નવનાથને ચોરાસી સિંહની વાચા એક લાખ એસી હજાર પીર પેગમ્બરની વાચા નવાણું કરોડી જાખાની વાચા છપન કરોડી મેઘની વાચા બત્રીસ કરોડી કેનરની વાચા પાંચ કરોડી પ્રહલાદની વાચા સાત કરોડી હરીચંદની વાચા નવ કરોડી જજેસ્ટળની વાચા બાર કરોડી કમળા કુંવરની વાચા અનંત કરોડીના પીર હસનશાહની વાચા ચોસઠ લાખ દેવીઉની વાચા સહસ્ત્ર હોસેની કોલ કાયમની પરીવારની વાચા આદે ઉનાદે અહુકારે ધર્મ સ્થાપી સતગોરે કીધો વિસ્તાર આદ સતપંથની સ્થાપના કરીને વેદ વીસે તો આવ્યા હરીથાપના

કરીને દેખાડયાં ધર્મ રખેસર જીવુનાં ઉતારવા કરમ પેલા સરજ્યા વેદને વાણ પછે સરજ્યા ચારે ખાણ, જે જીવ સતપંથમાં મળ્યા તેને આવા ગમનનો ફેરો ટળ્યો ફરમાન તમારું સત, દત, વાચા, તમે ફરીયાદ વિનંતી અમો સતગોર ઈમામશાહ નરઅલી મહમદશાહ હકલા એલાહા ઈલલ્લા હો મહદર રસુલલ્લા હૈ."

મારા વહાલા ભાઈઓ ! હું તમને ખાસ ભલામણ કરું છું કે હિંદુ શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે જ્યાં લગ્ન અથવા પુનઃર્લગ્નની ક્રિયાઓ થતી હોય ત્યાં ખાસ જજો એટલે હિંદુ ધર્મની પવિત્રતા તમને જરૂર સમજાશે. તમે વિચાર કરી જુઓ કે આ સંસારમાં સ્ત્રીને પુરૂષ એક બીજા સાથે જોડાય છે અને વહેવાર ચલાવે છે એ કાર્ય કેટલું મુદ્દાનું છે, તમારા જીવનની એજ મુખ્ય વસ્તુ છે એ તમે નથી જોઈ શકતા ત્યારે જીવનના આધાર રૂપ ક્રિયામાં કેટલી પવિત્રતા અને સ્ત્રી પુરૂષોના હૃદય ઉપર છાપ પાડનારી કેટલી ઉચ્ચ ધર્મભાવના હોવી જોઈએ ? ક્યાં ખાનાનો મુખી, ક્યાં તમે સાંભળી ગયા તે ગયાષ્ટક વાર્તા જેવી ધોઆ અને ક્યાં સપ્તપદીના મંત્રો વડે પ્રતિજ્ઞા લેતાં હિન્દુ સ્ત્રી પુરૂષોની લગ્ન વિધિ ! તમારી ધોઆ પડવાની વિધિ જોનાર તમને હિન્દુમાં ગણશે ખરો ? નહીં જ છતાં કેટલાંક આંધળાઓને એ ખીચડીઆ પંથની ધોઆઓમાં પણ ચમત્કાર દેખાય છે એ કેટલી અફસોસની વાત છે ! વળી એ અર્ધદગ્ધ પંથના કેટલાક ધુતારા ભક્તો જે પરચા બતાવે છે અને ભોળા લોકોને ઠગી પોતાના નિર્વાહ ચલાવે છે તેમની પોલતો પીરાણા પંથની પોલમાં સારી રીતે ખુલ્લી પાડવામાં આવશે.

ભાઈઓ ! તમને એ વાત સમજાતી નથી કે આપણા જેવી ઉચ્ચ હિંદુ કોમને સૈયદો કે જેઓ મુસલમાન છે તેમની સાથે સંબંધ જ ન હોઈ શકે ? છતાં આપણા પૈકીના કેટલાક તો તેમને પોતાના ગુરૂ-ગોર-માની લઈ આંધળા બની તેમના મુખની પ્રસાદીની ઈચ્છા રાખે છે, તેઓનું રાંધેલું ખાવામાં એક જાતની મહત્તા માની લે છે એ કેટલી શરમની વાત છે ! શું એવા શિષ્ય થનારા વટલેલ માણસોને તમે આપણી નાતમાં ભેળવવા રાજી છો ? ઘણા ભાઈઓ એ વાત કહે છે કે શિષ્ય થનારા વટલે છે છતાં તમે એ લોકોને નાત બહાર ન કરી શકો એ તમારી કેટલી પરાધીનતા સુચવે છે ? તમે એ સઘળું સહન કરો તો તમારામાં અને તેમનામાં પણ કંઈ ફરક રહે નહિ તેમજ સૈયદો પણ અજ્ઞાન ભાઈઓ અને બહેનોને વટલાવવાનું ચાલુ જ રાખે એટલે તમે ન હિંદુ ન મુસલમાન ! એ પ્રકારે હિન્દુ ધર્મનું સત્યાનાશ વાળવાનાં ઈમામશાહની ઉમેદ બર આવે અને તમે એના વાડામાં એવી કઢંગી રીતે પુરાઈ જાઓ કે તમને તેમાંથી બહાર કાઢવાની અને પોતાના માથે બેસાડવાની કોઈ હિંદુ ભાઈને ઈચ્છા પણ થાય નહીં. સૈયદોને હવે ખાત્રી થઈ ગઈ છે કે તેઓનો ફરેબ લાંબો વખત ચાલશે નહિ. પરંતુ ફરીથી હિંદુ જ્ઞાતિમાં ભળી શકે નહિ. એવા જો તમને એ બનાવી શકે તો જ તેમનું ટટું નભે ! એટલે પોતાના વાડાને ફરતો મજબુત કિલ્લો બાંધવાની તેમને જરૂર દેખાય છે અને તે કિલ્લો ક્યો ? તે કિલ્લો અથવા ગઢ એટલે જગજાહેર એવું ઠરાવી દેવું કે "કચ્છના કણબી તો અમારું ખાય છે ! વટલેલ છે, મુમના છે." જે વાડામાં અત્યાર સુધી તમે અજ્ઞાનપણે પુરાઈ રહ્યા છો તેમાંથી મુક્ત થવા જો પ્રયત્ન કરો તો તમારી સામે ઉગામવાનું તેમની પાસે જે હથિયાર છે તે પણ એ જ છે. અને એ જ હથિયાર ઉપર મુસ્તાક રહી આજ સુધી તે લોકો તમને લુંટી ખાતા આવ્યા છે એ વાત તમે બરોબર સમજો એ તમને મારી ખાસ વિનંતી છે. (ચાલુ)

---

*ખેતીવાડી વિજ્ઞાન ઉપરથી

*એક ખેડૂતની કરૂણાજનક કહાણી

યાને

વેપારીનો દોર

(૧)

અષાઢ મહીનો આવ્યો સર્વત્ર વાવણીનો વરસાદ થયો. ખેડૂતોનાં મન આનંદમાં તરબોળ થયા રૂડો પટેલ હાથમાં હોકો લઈ તેમાંથી ધીમી ધીમી ફુંકો ખેંચતા ચાલ્યા રસ્તામાં કોઈ સામું મળતું તેને કહેતા કે વાવણીઆનું મુરત ક્યારે છે ? બ્રાહ્મણ પાસે જોવરાવ્યું છે ? તમે બધા તો જટ વાવણીઆ (પોખના દંતાળ) જોડશો પણ મારે તો હજી બિયારણનું ઠેકાણું નથી. આમ કહેતાં વાણીઆની દુકાન ઉપર પગ મુકતા જ હોકામાંથી ફુંક ખેંચીને બોલ્યો કે, "કેમ શેઠ કાંઈ બિયારણ (બીજ) આપશો કે ? વાવણી થઈ ગઈ છે. અમારે બિયારણ જોશે."

વાણીઓ-"બિયારણ (બીજ) જોશે તો આપશું, પણ આ સાલ એવો રીવાજ કાઢ્યો છે કે કપાસની માંડણી થાય ત્યારે જે પૈસા થાય તે આપી દેવા, ખળાં આવે ત્યાં સુધી ખમવાનું નથી જો વિચાર હોય તો લઈ જાઓ."

રૂડો પટેલ-"એમ હોય ! કપાસ ખપે પૈસા આપશું અને કઢારો કરશો (લખશો) તે ખળામાં આપશું આમ મારી નાખવાની વાત કરોમાં."

વાણીઓ-"ના એમ નહિ બને મારે તો કપાસ માંડણીમાં જ જોઈએ, તમને ન પાલવતું હોય તો બીજેથી લ્યો મારે આપવાનું નથી."

રૂડાને કોઈ આપે એમ હતું નહિ.તેથી દયામણે મોઢે હા પાડી અને બોલ્યો કે ત્યારે એમ ! જે લેશો તે દેશું. મારે જાજું જોતું નથી વીસ માણા જુવાર, બે માણા બાજરો પાંચ માણા કોરડ બે માણા મગ અને બે મણ કપાસીયા એટલું જોશું તે આપો.

વાણીઓ-મારે ઓણ આપવાનો વિચાર તો નથી પણ તમારે ને અમારે જુનો નાતો છે એટલે મોં શરમે ના પાડાય નહિ. તેથી આપ્યા વિના છુટકો નથી. માટે લઈ જાઓ અને ખાતું પાડી આપો.

પટેલે ખાતું પાડવાની હા પાડી. વાણીઓ હિસાબ ગણવા લાગ્યો કે **સોળ પંચા બયાસી તેમાં બે છુટના મુક્યા બાકી રહ્યા એંસી** એમ આંગળીઓના વેઢા ગણતો જાય અને પછી બોલ્યો કે ભાભા ! સાંભળો **વીશ માણા જુવારના પચીસ રૂપીયા બે માણા બાજરાના ત્રણ રૂપીયા બે માણા મગનાં પાંચ રૂપીયા** અને **પાંચ માણા કોરડના સવા છ રૂપીયા આ બધા મળીને પચીશ રૂપીયા થયા.** વળી કપાસીયાનો કપાસ બરોબર એટલે થોડોક વધારે આપો તો ખુશી નહિ તો બરોબર આપજો અને આ બીજા રૂપીયા ભાદરવા મહીનામાં આપજો. આમ કહી બીજા ભણેલાને બોલાવી ખાતું લખાવી લીધું અને પટેલને કહેવા લાગ્યો કે ભાભા ! તમારી વાડીમાં કપાસ સારો થાશે માટે પહેલો કપાસ વાવજો દિવાળીઓ કપાસ વહેલો વવાય તેમ સારું. વળી કપાસ થયો હોય તો વેવાર સચવાય વેવારને કાંઈ હાથ પગ છે ? દીધે લીધે વેવાર વધે જુઓ તમને બી આપ્યું તે પતી જાય તો વળી પાંચ પચીસ ધીરવાનું મન થાય માટે વેવારમાં તારું જેવું રેવું આવી રીતે વેપારીએ શીખામણ દીધી, એટલે પટેલ બીજ લઈ ઘરે આવ્યા અને બધાની સાથે વાવવા લાગ્યા.

૧૦.૫ - પાટીદાર ઉદય - અંક ૫ અને ૬ - વિ. સં. ક. ૧૯૮૦ કારતક અને માગસર (Nov-Dec -1923)

વાવણી પૂરી થઈ બેલીઉ (વીખેડું) જુતી મોલ ઢુઢાઈ ગયા (વીખેડાઈ ગયા) વરસાદ સારો હોવાથી મોલ સારા થયા ખડ બહુ જ થયું તેથી નિંદામણની જરૂર પડી તેથી રૂડો પટેલ પાછા વાણીયાને ઘેર આવ્યા અને બોલ્યા કે **"શેઠ ! આપણે બાજરો ને કપાસ સારા છે હો ? ઓણ તો ઉપજ સારી આવશે તમારું આગલું ને પાછલું બધું દેવાઈ જશે.** આમ આડીઅવળી વાતો કરીને બોલ્યા કે આપણે નીંદવાની જરૂર પડશે જો નહીં નીંદાવ્યા તો ખડ બહુ થયું છે. તે મોલને થાવા દેશે નહિ. માટે વીસ રૂપીયા આપો તો નીંદાવાય."

વાણીઓ- બીજા રૂપિયાનો વાયદો હવે નજીક આવ્યો છે, પંદર દિવસની વાર છે માટે બધું ભેગું કરી નાખો (ભેળું ખાતું લખી આપો) તો એકંદર થાય આવું સાંભળી પટેલ કહે કે તેમ કરીએ, વાણીઓ કહે ત્યારે સાંભળો હું તમને રસ્તો કરી આપું. અત્યારે કપાસના ભાવ મોળા છે, પણ તૈયાર થયે ભાવ ચડશે માટે કપાસ મંડાવવો નહિ પણ તમારી પાસે ચાલીસ રૂપીયા છે તેના સવાયા અને આજ વીસ લઈ જાઓ તેના સવાયા એટલે ચાલીસના પચાસ અને વીસના પચીસ મળી પોણો સો રૂપીયા થયા. આ રૂપીયા કારતક સુદ ૨ બીજ ઉપર આપજો આમ કહી ખાતું પાડી દીધું.

પટેલે મજુર રાખી મોલ નીંદાવ્યો અને આસો મહિનો આવ્યો એટલે કોશ, વરત, વરતડીની જરૂર પડી તેથી વળી પટેલ વાણીયા પાસે આવ્યા અને કહ્યું કે શેઠ ! કોશ, વરત જોશે માટે કોશ વરતના રૂપીયા આપો. "દસ રૂપીયા કોશના બે વરતના અને બે વરતડીના અને એક રૂપીયો તેલનો જોશે તો પંદર રૂપીયા આપો." આવું પટેલનું સાંભળી વાણીઓ કહે કે "ભલે ! પંદર એ અને પાંચના દાણા." એમ વીસ લઈ જાઓ અને તેના સવાયા રૂપીયા કારતક સુદ ૨ બીજી ઉપર આપજો પહેલાં પોણો સો થયા છે અને તેનું ખાતું છે તે નીચે કપાસનું ખાતું પાડી આપો. એટલે સો રૂપીયા થશે તે કારતક સુદ ૨ બીજે આપવા જ પડશે. જો નહિ આપો તો સવાયા ચડશે."

પટેલ- દિવાળીને મહીનો બાકી છે તો મહીનાના સવાયા ?

વાણીઓ- "હા, જરૂર હોય તો લ્યો તમે તો મહીને સવાયા કહો છો પણ પંદર દિવસમાં પણ સવાયા કરીએ છીએ, સાત વખત ગરજ હોય તે જ લઈ જાય." આવું સાંભળી લાચાર થઈ પટેલે સવાયા લખી આપ્યા.

દિવાળી આવી જુવાર બાજરાનાં ખળાં તૈયાર થયાં. વાણીઆનો વાયદો આવ્યો ત્યારે પટેલ પાસે ઉઘરાણી કરવા માંડી, એટલે પટેલે કહ્યું કે "થોડા દિવસ ખમો તો બાજરો વગેરે વેંચીને આપું પણ વાણીઓ ઉતાવળ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે જ્યારે લેવું હતું ત્યારે ઉતાવળા થયા હતા અને દેવા વખતે આવા જવાબ આપો છો તો ફરી ને આપશે કોણ ? આમ કહીને જોર બતાવવા લાગ્યો. ત્યારે પટેલ આ "થી બોલ્યા કે શેઠ ! હું હજી ખળામાંથી ઘરે લાવ્યો નથી જો તમારી મરજી હશે તો ખળામાં દાણા છે તે આજ સાંજે ખળું ભરાશે ત્યારે તમે જેમ કહેશો તેમ કરીશ, આમ કહી રૂડો પટેલ પોતાનું કામ કરવા લાગ્યો. સાંજ પડી એટલે શેઠ દરબારના કામદાર હોવાથી ખળું ભરવા આવ્યા. જુવાર પાંચ કળસી થઈ બાજરો અઢી કળસી થયો તેમાંથી એક કળસી જુવાર વાઢવાના મજુરમાં ગઈ ચાર કળસી રહી તેમાંથી દરબારી લાગાની પચીસ માણા, પચીસ માણા ઝાંપાની તથા બીજા લાગાની પચીસ માણા લીધી પછી એક વખત પટેલથી કાંઈ ગુનો થયો હશે તેના પચીસ માણા દંડની લીધી વળી પગી મુખી અને બીજાને દરબારે અપાવી. કામદારે ખોળો પાથર્યો એક કામદાર અને ધીરધાર કરનાર શેઠ પોતે હોવાથી દસ માણા

પટેલે આપી તો પણ રીજ્યા નહિ તેથી બે માણા વધુ આપી આવી રીતે પચીસ માણા જુવાર ગઈ. દરબાર ચીડાયા હતા તેથી પડધારો (તળ) મુક્યું નહિ. કેમ કે કામદારે કહ્યું કે બુરીમાં દાણા રાખ્યા છે. પીછામાં પણ દાણા છે, આવું સાંભળતાં દરબારનો મીજાજ ગયો કેમ કે આ વખતે દરબારનું અફીણ ઉતરી ગયું હતું તેથી પડધારો (તળ) મુક્યું નહિ અને દોઢ કળસી રાજ ભાગની લીધી અને દોઢ કળસી ખેડૂત રૂડા પટેલને આપી. બાજરાનું ખળું પણ એવી ભર્યું તેમાંથી પટેલને બધું આપતાં એક કળસી બાજરો આવ્યો બધું થઈને પટેલને દોઢ કળસી જુવારને એક કળસી બાજરો આ રીતે અઢી કળસી દાણા આવ્યા એટલે શેઠ બોલ્યા કે પટેલ હવે ચોખ કરો, ત્યારે પટેલે કહ્યું કે તમો કહો તેમ ચોખ કરું ત્યારે શેઠે કહ્યું કે તમારા પાસે સો રૂપીયા લેણા છે તેમાં જુવાર બાજરો આપો.પટેલ કહે કળસી બાજરો અને કળસી જુવાર લઈ જાઓ, હારો જુવાર રહેશે તે ખાવા રાખીશ. શેઠ કહે તેમ નહિ બધા દાણા આપો, અને આવતી કાલે જોઈએ તેટલા દાણા લઈ જજો. તમે આમ કરશો તો ફરીને કોઈ આપશે નહિ આમ કહી શેઠ અસભ્યતાનો પરિચય કરાવવા લાગ્યા. એટલે કંટાળીને પટેલે કહ્યું કે લઈ જાઓ. એટલે બધા દાણા ગાડામાં ભરાવી શેઠને ઘેર મોકલાવ્યા એટલે શેઠ બોલ્યા કે જુઓ જુવાર દોઢ કળસી છે તેના રૂપીયા ત્રીસ થયા અને બાજરાના પચીસ થયા આ બધા મળીને પંચાવન રૂપીયા જમા થશે હવે બાકી રૂપીયા પીસ્તાળીસ રહયા તેને શું કરવું છે ? ત્યારે પટેલ કહે કે બાકી રહ્યા તે તલ ચણામાં આપશું શેઠ કહે ત્યાં સુધી હું ખમીશ નહિ. મારે દાવો-ફરીયાદ કરવી પડશે. ફરીયાદની વાત સાંભળતા કોર્ટ નજરે આવી પટેલ થરથર ધ્રુજવા લાગ્યો તેથી આંખમાં આંસુ લાવીને પાઘડી ઉતારી બોલ્યો કે તમે ઉઠીને મને હેરાન કરશો ? આ તો ઓછું પાક્યું તેથી તેનો ઉપાય શો ? તલને ચણામાં ચુકતું કરીશું. આવું સાંભળી શેઠ કહે ઠીક ફેરવી આપો ત્યારે તો પટેલ રાજી થયા અને નોર કરવાનું કહ્યું પણ ઘઉંનું બીજ જોશે તેમ કહ્યું. ત્યારે શેઠ કહે કે હું તમને એક રસ્તો બતાવું તેમ કરશો ? પટેલ કહે તમે કહો તેમ કરું. ત્યારે શેઠ કહે કે તમારે ઘઉં કેટલા વાવવાના જોશે ? પટેલ કહે પચાસ માણા ત્યારે એમ કરો ઘઉં એક કળસીના તેત્રીસ રૂપીયા ભાવ છે તમારા પાસે પીસ્તાળીસ રૂપીયા બાકી છે. તેના એક કળસીને પાંત્રીસ માણા ઘઉં આપજો અને ઓણસાલ ઘઉંના બીજનો ભાવ સવાબે ગણો છે તેથી પચાસ માણાના એક કળસીને બાર માણા થયા બધાને થઇને બે કળશી ને સુણતાલીસ માણા ઘઉં જોખી આપો. પટેલને તલ ચણામાં દેવાનું હતું.
(અપૂર્ણ)

ખેડૂતોની દાદ કોણ સાંભળે છે !

છૈયા છાશ વિનાનાં ઝુરે, તે દુઝાણે સુકું ખાય,
અમલદારને હાજર કરવું, પળી* દૂધ જે દેતી જાય,
તે પણ ધુળ પરે જેમ લીપણ પાડ નહિ કે નહિ તે દાન,
કોણ દાદ સુણે કણબીની ? હુકમને નહિ આંખો કાન...ટેક....
અનાવૃષ્ટીથી કદીક અમને નીરણની પણ પુરણ ભીડ,
ભોગ જોગથી કોક વખત પણ ત્રાસ પમાડે પુરણ તીડ,
બળદો ભુખ્યા હોય ભલે પણ ઘોડી સારું લીલાં પાન...કોણ દાદ...

ભૂખ્યા તરસ્યા તાપે વરસ્યા કે ઠંડીમાં કરતા કામ,
તન તોડી મહેનત કરવી સુખના સ્વપનાનું નહિ નામ,
જાર તણા પણ કો દીન સાંસા ઢગલા મોઢે કરતા ધાન…કોણ દાદા…
ભુપતિના ભંડાર મહીં પણ હળપતિઓના લોભે લાભ,
તોપણ કોય ન ટાળે ત્રુટ્યો ખેડૂત શીર જે દુઃખનો આભ
અંધ બની હુદા મદથી કો થપડ ચઢાવે પકડી કાન…કોણ દાદ…
વેઠ તણી પણ પુરણ પીડા સારે નરસો અવસર હોય,
લણી હોય વાવણી હોય પણ વેઠ કદી મીથ્યા ન હોય,
કહો ગુલામી કર નહિ તો આ વેઠ તણું શું બીજું નામ ?…કોણ દાદ…
અભણ અને અજ્ઞાનપણાથી તે લેખણ ઘર લુંટીને ખાય,
સાચો ખોટો કોણ તપાસે ? ગરીબ ખેડૂત માર્યો જાય,
ગરજ પડવાથી કરજ કરે જે કરજે પુરણ પામે હાણ…કોણ દાદ…
અમલદારને હાથ અમારા જીવન દોરી જાણો આપ,
જો રૂઠે તો જાણો પેલા ભવનાં મળીયાં પુરણ પાપ,
કદી ચડે કોરટમાં તોપણ મોટે મોઢે મોટાં દાન…કોણ દાદ…
લખે લેખ પાનામાં કંઈ વળી કઈ જન ધરતાં દીલમાં દાઝ
બેરા આગળ શંખ વગાડયો અંધ કર દરપણ સમ આજ,
થાય બધું દુઃખ થાય અમોને કહો કોણ દે છે ત્યાં કાન ?…કોણ દાદ…
અલ્પ મતિ જો હોય કદી તો, અલ્પ વિચાર કરોને ઉર,
ખેતી સમ આ જગમાં કોની દીસે, સત્ય જરૂર ?
અરિસિંહ અંતર સાખ પુરે તો, કર ઝટપટ ખેડૂત પર ધ્યાન,
કોણ દાદ સુણે કણબીની, હુકમને નહિ આંખો કાન. …કોણ દાદ…

(ખેતીવાડી વિજ્ઞાન ઉપરથી)

પળી* = પાશેર ૨ ભણેલો વર્ગ = વ્યાપારી અમલદાર વગેરે

પાટીદાર ઉદય માસિકના નિયમો

૦૧. આ માસિકનો મુખ્ય હેતુ પાટીદાર જ્ઞાતિની ઉન્નતી કરવાનો છે. જેથી દરેક પાટીદાર ભાઈઓની ફરજ છે કે તેમણે માસિકના ગ્રાહક થઈ યોગ્ય મદદ કરવી.

૦૨. આ માસિક દરેક હિન્દુ મહીનાની સુદી ૨ બીજ ને દિવસે બહાર પડે છે.

૦૩. સ્વજ્ઞાતિના કે અન્ય જ્ઞાતિના કોઈ પણ પુરૂષ અગર સ્ત્રીના લેખો આ માસિકમાં લેવામાં આવશે. પણ લેખો અંગત દ્વેશ કે સ્વાર્થથી લખાયેલા હોવા ન જોઈએ. બને ત્યાં સુધી વિવેકની હદમાં રહી ભૂલો બતાવવી અને ભાઈચારો તથા સંપ વધે તેવા પ્રયત્નો કરવા.

૦૪. લેખો શાહીથી સારા અક્ષરે અને કાગળની એક બાજુ ઉપર લખેલા હોવા જોઈએ. લેખકની ઈચ્છા હશે તો નામ વગરના લેખો છાપવામાં આવશે, પણ લેખકે ખરું નામ અને પૂરું સરનામું અમારી જાણ માટે લખવું, લેખની દરેક જોખમદારી લેખકને શીર રહેશે. નહિ છપાયેલા લેખો પાછા મોકલવા અમો બંધાતા નથી.

૦૫. કોઈ પણ લેખકના વિચાર સાથે અમારું મળતાપણું છે એમ માની ન લેવું.

૦૬. દેશ-પરદેશમાંથી આપણી જ્ઞાતિમાં વિવાહ જન્મ, મરણ ઈત્યાદી તથા કોઈ ગ્રહસ્થને વિદ્યા, હુન્નર, અગર વેપાર અને ખેતીવાડીમાં મળેલી ફતેહના સમાચાર ઘણી જ ખુશીથી દાખલ કરવામાં આવશે.

૦૭. કોઈ ભાઈને આ માસિક સંબંધી કાંઈ પણ ખુલાસો મેળવવો હોય તો જવાબ માટે પોસ્ટની ટિકિટ બીડવી.

૦૮. આ માસિકમાં જ્ઞાતિ સંબંધી તથા આર્થિક ધાર્મિક અને વહેવારીક દરેક બાબતો ચર્ચવામાં આવશે. માટે જે જે ભાઈને જે જે વિષય સંબંધમાં લખવું હોય તેણે તે તે વિષયમાં સહેલી ભાષામાં દાખલા દલીલોથી લખવું. કે જેથી વાચક વર્ગ ઉપર સારી અસર જલદી થાય.

૦૯. જે ભાઈ આ માસિકને મદદ આપશે તેમના મુબારક નામ તેમની ઈચ્છા હશે તો આ પત્રમાં છાપવામાં આવશે અને વાર્ષિક રીપોર્ટમાં પણ છપાવી જાહેર કરવામાં આવશે.

૧૦. જે ભાઈ રૂ. ૫૦૦/- પાંચસો કે તેથી વધુ આ માસિકને મદદ કરશે તેમનો ફોટો ઓફીસમાં રાખવામાં આવશે.

૧૧. આ માસિકના માટે હંમેશાં યોગ્ય લેખો લખી મોકલનાર લેખક પાસેથી લવાજમ લેવામાં આવશે નહિ.

લી. વ્યસ્થાપક "પાટીદાર ઉદય"

મદદ કરો ! મદદ કરો ! મદદ કરો !

તમારા દાનનાં ઝરણો વહે છે માંગ અવળે તે.
કમી કરવા બદલ બીજાં નવા દુઃખો ઉમેરે તે
હવે તે દાનના ઝરણા અનુકૂળ ક્ષેત્રમાં વાળો
જમાનો જેમ બદલાયો સુધારો દાનનો ધારો.

ગરીબ જ્ઞાતિ ભાઈઓની હાલત જોઈને તમારું હૃદય કંપી ઉઠતું હોય
તમારા દેશ પરદેશ વસતાં ભાંડુઓના સમાચાર જાણવા હોય,
તમારે તમારી જ્ઞાતિમાંથી કોહેલા રિવજો કાઢવા હય,
તમારે આગેવાન ગેઢેરાઓના ત્રાસથી જુલમથી બચવું હોય,
તમારે પીરાણા પંથની પ્રપંચી જાળમાંથી છુટવું હોય
અને તમારી ભાવિ પ્રજાને છોડાવી સુખી કરવી હોય
તો
"પાટીદાર ઉદય"ના ગ્રાહક થાઓ અને તે ખરીદો. ખરીદીને તેમાં
આવતા લેખોને વાંચો વિચારો અને મનન કરો.

તમારે જ્યારે કોઈ પણ દાન કરવું હોય ત્યારે આ પાટીદાર ઉદયને ભૂલતા નહિ.
નાની મોટી દરેક રકમનો સ્વીકાર થાય છે તે તેના નીભાવવા અર્થે જ ખર્ચાય છે.
માટે
કોઈ પણ ધર્માદા કાઢેલી રકમ ખર્ચતી વખતે પુણ્ય દાન કે ધર્મ કરતી વખતે
લગ્ન ખુશાલીના પ્રસંગે કે વડીલોના સ્મરણ ચિન્હ તરીકે જુજ રકમ પણ
"પાટીદાર ઉદય"ના ફંડમાં મોકલવા ચુકશો નહિ.
આજે જ લખો :
વ્યવસ્થાપક, પાટીદાર ઉદય ઓફીસ, રણછોડ લાઈન્સ, કરાચી.

આ પત્ર "તરૂણ સાગર" પ્રેસમાં ગિરિજાશંકર બી. ત્રિવેદીએ છાપ્યું
ન્યુ સ્મોલકોઝ કોર્ટના સામે કેમ્પબેલ સ્ટ્રીટ કરાચી

Online Text Based
(can use for translation)

Source Document

॥ ओ३म् ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સુધારક યુવક મંડળ તરફથી પ્રગટ થતું માસિક પત્ર

પાટીદાર ઉદય

વર્ષ : ૧લું કરાચી, પોષ મહા-સંવંત ૧૯૮૦ {VSA: Jan, Feb-1924} અંક ૭-૮મો

તમે તમારા પગ ઉપર ઉભા રહેતા શીખો. પોતાની મદદ જાતે કરવાની છે. બીજાની મદદની વાટ જોઈ બેસી રહેતા નહિં.

આજે જ કાર્યનો આરંભ કરો, ઉન્નતિના માર્ગમાં તોજ તમે આગળ વધી શકશો. તમે કર્તવ્ય શાળી હશો તો મદદ તમોને ગમે ત્યાંથી આવી મળશે, કર્તવ્યમાં જ મંડયા રહો પરિણામે તમારો વિજય જ છે.

આત્મબળથી મનુષ્ય ધારે તે કરી શકવા સમર્થ થાય છે. તે દરેકને પ્રાપ્ત છે, જેટલા પ્રમાણમાં મનુષ્ય તેનો અવિસ્કાર કરે છે, તેટલા પ્રમાણમાં સુખ તેને પ્રાપ્ત થાય છે.

જાગ્રત થા ! ઉત્થાન પામ ! અને જ્યાં સુધી લક્ષ્ય સ્થાન પર પહોંચે નહિ ત્યાં સુધી શાંત ન થા !

વાર્ષિક લાવજમ અગાઉથી રૂા. ૨ બે પોસ્ટેજ સાથે.

છુટક નકલ આના ચાર

તંત્રી અને પ્રકાશક

રતનશી શીવજી પટેલ

પાટીદાર ઉદય ઓફીસ, રણછોડ લાઈન-કરાચી

અનુક્રમણિકા

સુચના

આ માસિકના વાંચનારની મમદારીઓ ભારે છે. માસીક નવરાશની વખતે વિનોદ ખાતર વાંચવા કે જ્ઞાતિનું છે તે જાણી મંગાવી ખુણામાં નાખી દેવા મંગાવવાનું નથી, પણ દરેક ગ્રાહકે તેમાં આવતા લેખો પુરેપુરા ધ્યાનથી વાંચી તે ઉપર મનન કરી જે વાત ઠીક લાગે તે બીજાઓને ઠરાવવા પ્રયત્ન કરવાના છે, એટલુંજ નહિ પણ જ્ઞાતિના જે ભાઈઓ સાધન સંપન્ન હોય કે ગરીબ હોય અને તેમને માસીક તરફ પ્રેમ ન હોય તેવા ભાઈઓને માસીકના શુદ્ધ હેતુથી વાકેફ કરી તેમને ગ્રાહક થવા લલચાવવા જોઈએ. અમારૂં દ્રઢતાપૂર્વક માનવું છે કે દરેક જ્ઞાતિ ભાઈઓ અમારી ઉપરની સુચનાઓ તરફ ધ્યાન આપી, માસીકને પગભર કરવા તેના ગ્રાહકો વધારવાનું કામ માથે લે,તથા માસીકમાં આવતા વિષયો તરફ માસીકના વાંચનારાઓનું ધ્યાન ખેંચે તો ટુંક મુદતમાંજ આ માસીકને ગ્રાહકો સબંધી બુમ મારવાનું કારણજ ન રહે.

આપણે બધા જાણીએ છીએ કે આપણી જ્ઞાતિમાં અજ્ઞાનતા ભારે છે. આપણી વસ્તી બહોળી હોવા છતાં આપણે એકબીજાથી એટલા બધા છુટા છવાયા વહેંચાઈ ગયા છીએ કે આપણી સમગ્ર જ્ઞાતિનું હીત અહિત ભેગા મળીને વિચારવાનો આપણને અવકાશ જ નથી, આપણી આવી દશામાં આપણી અજ્ઞાનતાનું ભાન ઘેર ઘેર કરવા ઈચ્છતા હોઈએ તો આપણી ફરજ છે કે જ્ઞાતિ ઉન્નતીના વિચારો દરમાસે ઘેર ઘેર પહોંચાડે તેવા જ્ઞાતિના આ એકના એક સાધનને ઘેર ઘેર દાખલ કરવુંજ જોઈએ. આપણાજ જેવી પછાત જ્ઞાતિઓમાં આવા સાહસો કરવામાં આવ્યા

પણ ગ્રાહકોના અભાવે તેને બંધ કરવા પડયાં. આપણી જ્ઞાતિનું જીગરથી ભલું ઈચ્છનાર કેટલાક ભાઈઓના આશ્રયથી આ માસીક જે જ્ઞાતિ સેવા કરે છે, તેને જ્ઞાતિના દરેકે દરેક ભાઈએ આશ્રય આપી પોષવાની જરૂર છે. સુંદરમાં સુંદર વાડી પણ જળ પાનાર માળી ખેડુ વિના કરમાય સુકાય છે. આ માસીક પણ એના ગુણને ગ્રહણ કરનાર ગ્રાહકો નહી મળે તો કરમાશેજ. એટલા માટે અમારા ગ્રાહકોને અમો આગ્રહપૂર્વક વિનવણી કરીએ છીએ કે દરેકે આ માસીકના હેતુ પોતાના લાગતા વળગતાને સમજાવી માસીકના ગ્રાહકો વધારવા ખાસ પ્રયત્ન કરવા તેમ કરતા અવકા કાઢનારા દરેકને મળશે તે અમારી જાણમાં છે. તેવાઓને અમારે જણાવવાનું કે આપણાં (અવકા) કાઢવા સહેલા છે પણ ખાપણથી અલગ રહે છે ! તે જરા જણાવશો.

અત્યારે દેશમાં એકતાનો મંત્ર જોરથી ફુંકાઈ રહ્યો છે, હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રીસ્તી કે યહુદી ગમે તે કોમમાં જનમ્યો હોય તો પણ જે આ દેશના અન્ન, જળ અને હવાથી પોતાનું શરીરપોસી રહ્યો હોય તે દરેકે અત્યારે પોતાના સામાન્ય મતભેદને બાજુએ મુકી બધા એકજ દેશના જાયા છીએ. તેથી ભાઈ તરીકેનો પ્રેમ એકબીજા તરફ બતાવી એક બીજાના સુખ દુઃખમાં રસ લેતા થઈ જોડાઈ જવા તૈયાર રહેવું જોઈએ. આ રીતનું જોડાણ કરવાના મહા પ્રયાસો ચોમેર ચાલુ થયા છે, તેમ ઘણે ભાગે તે સફળ પણ થયા છે. જો આ વખતે આપણી જ્ઞાતિના આગેવાનોનો દિવસ ન ફર્યો હોય. સાદી અકલનો ઉપયોગ કરવાની શક્તિ ન ગુમાવી હોય તો આપણી જ્ઞાતિમાં ઝગડા જગાવનારા પીરાણા પંથનો પાયો નાબુદ કરીને જ્ઞાતિમાં પડી જતા ભંગાણને અટકાવવું જોઈએ. અને આખી જ્ઞાતિના સમસ્ત ભાઈઓએ (નહી કે એકલા આગેવાનો એજ) એક જગ્યાએ ભેગા મળીને એક સંપી કરવી જોઈએ અને હાલમાં ચાલતા રીવાજો ઉપર વિચાર કરવો જોઈએ અને જે જે રીવાજ આપણે અડચણ કરતા હોય તે રદ કરીને તેની જગ્યાએ નવા દાખલ કરવા જોઈએ.

આપણી જ્ઞાતિના પ્રત્યેક પુરુષ આપણો ભાઈ છે તે આદર્શ ને સાચવી ન શકયા ત્યારે આપણા આજ આ હાલ થયા છે. જેથી આપણે ચોવીસે કલાક કમાઈએ છીએ છતાં પણ સુખની ઘડી દેખતા નથી.

આપણામાં અત્યારે પ્રમાણીક માણસની જીત નથી જે સાચું કહે તેનેજ આપણે મારવા માંડીએ છીએ અને ઠગી ખાનારાઓ અને આખી જ્ઞાતિને ખાડામાં ઓરનારાઓનેજ આપણે માન આપીએ છીએ. તો હવે આપણે તેમ નહી કરતાં સાચી સુચનાઓને સ્વિકારવી જોઈએ. દરેક ભાઈ અમારી આ સુચનાને ધ્યાનમાં રાખીને સમજી જશે. પ્રભુ અમારા દરેક જ્ઞાતિ ભાઈઓને સદ્‌બુદ્ધિ આપે કે જેથી જ્ઞાતિ ઉન્નતિનો ધોરી રસ્તો તે દેખે.

તંત્રી

॥ ओ३म् ॥

પાટીદાર ઉદય

કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિના લાભાર્થે પ્રગટ થતું ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૧લું   કરાચી. પોષ-મહા સંવંત ૧૯૮૦ {VSA JAN, FEB -1924}   અંક ૭-૮ મો

વહાલા વીરા ઉભો રહે !

ઉભો રહે ! વહાલા વીરા ઉભો રહે ! એ મોહ જાળથી લચી પચી રહેલી દુનિયાની નાશવંત ઘટમાળમાંથી એક ડોકીયું આ તરફ કર ! ઈશ્વરી સંદેશને ભુલી જતાં સર્વ પ્રકારે પાયમાલ થયેલી તારી ગરીબ જ્ઞાતિ પર એક કૃપા ભરી દષ્ટિ ફેંક ! સંસાર યાત્રા ખેડવા જતાં અન્ય રસ્તે ચઢી ગયેલા ઓ વ્હાલા વીર થોભ! એ તો કંટક વનની વાડ છે.એ તો તારા દૈવી જીવનો લુંટારો છે તારા જ શસ્ત્રો વડે અધોગતિને આહ્‌વાન થાય છે.

\+ + + + + + + + + +

તું ક્યાંથી આવ્યો ? શા સારું આવ્યો ? કઈ શરતોનો સ્વીકાર કરીને આવ્યો ? આંખ ઉઘાડ મનને સ્થિર કર ! ક્યાં ઊભો છે ? તારા સ્થાનથી દુરને દુર જવામાં તને કોણ ધકેલે છે ?તારી આસપાસ આદુરાચરણોનું ટોળું કેમ મોઢું ફાડી જાણે યાહોમ કરવાની તૈયારી કરતું હોય એમ ઊભું છે ? દૈવી અને પાશવ વૃત્તિના ભોગ થયેલા માનવ પ્રાણી પાશવ વૃત્તિની જ મિત્રાચારીના વ્યાપારનું સરવૈયું તપાસ્યું છે ! તારાં કર્તવ્ય ધર્મથી વિરૂદ્ધ થઈ જતાં ઓ વીરા તારા અને તારી જ્ઞાતિના જીવનના હક આજે છડે ચોક ચગદાઈ જાય છે. એ જોઈ તારા કર્તવ્યનું સુકાન બદલવાની ફરજ તને નથી સમજાતી ?

આજે કુદકે અને ભૂસકે વધતી જતી દુનિયાની પુંઠ જ તું પથારીમાં પડ્યો પડ્યો કેમ જોયાં કરે છે ? ભારત વર્ષની પ્રજા આજે વ્યાપાર, ઉદ્યોગ, કેળવણી, કળા અને ગૃહ જીવનની રચનાઓ ચીવટથી સુંદર રીતે યોજી રહી છે. ત્યારે તું તે મુગ્ધ બનીને આશ્રયના સાગરમાં કેમ પડી ગયો છે ? સ્વ ધંધા માથે છીણી મુકાય છે, અન્ય ધંધા તરીકે કે નોકરીની ગુલામી સ્વીકારી માંડ માંડ ગાડું ગબડાવે છે. અને એ રીતે દેશની આબાદીમાં અમુક સ્થાન ભોગવતી તારી કળા પગ દળે ચગદાઈ જતી જોઈ તારા હૃદયે કદી અરેકાર અનુભવ્યો છે ? તારી જ્ઞાતિના સ્ત્રી સમાજની અવદશાનો તો છેડો જ નથી. લગ્નની ઉચ્ચ ભાવના અને સ્વીકારેલી સંસારની જવાબદારીનું કોકડું

વાળી એક ખુણામાં ફેંકી દેવાયું છે. ગૃહસ્થાશ્રમના સ્વર્ગીય આ દેશની જગ્યાએ આજે ક્લેશ, કંકાસ, કુસંપ અને એવી અનેક જાતની બદીઓનું જ દર્શન કેમ થયા કરે છે ? આપણે હાથે ઉછરતી ભાવી પ્રજા આજે નિસ્તેજ અને ગુલામી જ સ્વીકારવાનું પસંદ કરતી કેમ જણાય છે ? લગ્ન એ આજે આવી પડેલી ઘોંસરી કેમ મનાય છે ? સંતતી પેદા કરવી જીવનનો પ્રાધાન્ય હેતુ કેમ ગણાતો હશે ? સંસાર યાત્રાની છેલ્લી હરોળમાં પણ તારું સ્થાન કેમ નથી ? યુવાન વર્ગ આજે અવનવા ઉત્સાહમાં તનમનાટ કરવાને બદલે વિધવિધ ચિંતાના ભારથી બંધાયેલ કેમ માલુમ પડે છે ? શું ઈશ્વરે હક અને સત્તાની વહેંચણી કરતા તને અન્યાય આપ્યો છે ? ના બિલકુલ નહિ.

ડાહ્યા અને બુદ્ધિના ઈજારદાર આગેવાનો પણ આમાં જેવી તેવી ભુલ નથી કરતા. તેમને તો આજે સત્તા અને અહંપણાનો ચઢેલો મદ લોક કલ્યાણનો વિચાર સરખો પણ નથી કરવા દેતો. જ્હાન્નમમાં જાઓ એ જ્ઞાતિ, પુત્રો એ પ્રગતિમાં, એમને તો અનેક ચિંતાઓથી ઘેરાયેલાં પોતાના ભાઈ બહેનો પર સત્તા જોઈએ છીએ, એમના જીવન વહેવારની સત્તા એમના હાથમાં જોઈએ છીએ, એ સ્થિતિમાં ફેરફાર કરવાનો પ્રશ્ન પણ જેવો તેવો નથી. એમની પાસે રહેલી ઉપયોગી શક્તિઓનું વહન આ દિશામાં કરાવવાનું બીડું ઝડપવામાં પણ બુદ્ધિને કુશળતા અને તાલીમની જરૂર છે.

આજે તારી ભાગ્યદેવી ચોધાર આંસુએ રડે છે, પોતાના પ્રાણ પ્રિય બાળકોની નામર્દાઈ પર પારાવાર દુઃખ અનુભવે છે, તારા જીવનનો બુઝાતો દીવો ક્યાં અંધકારમાં ફેંકી દેશે એનો વિચાર કરવામાં બુદ્ધિ કામે નથી લાગતી. તારાં ભાઈ-બહેનોની વફાદારી ભુલી જવાતાં ઈશ્વરી વફાદારી પણ તારામાંથી નાશ પામી છે, તને ભુલેલાને એ કલ્યાણનો માર્ગ કોણ બતાવે ?

વીરા એ વ્યાપી રહેલા અંધકારને શી રીતે ચીરીશ ? નીતી અને ધર્મના શિથીલ થઇ ગયેલા પાયાને મજબુત શી રીતે બનાવીશ ? તમાચો મારી મોઢું લાલ રાખવાની ખોટી નીતિની જગ્યાએ સાચી લાલી વદન પર ક્યારે લાવીશ ? કંટાળામય લાગતા જીવનમાં રસ, સૌંદર્ય અને પ્રભુતાનું મિશ્રણ શી રીતે કરીશ ? આ પ્રશ્નોના જવાબ તું આપી શકે બીજો ?

મનને સ્થિર કર ! આત્માને જગાડ ! પ્રભુના દ્વારે આવીને કહે કે મારે તને વફાદાર થવું છે. મારાં ભાઈ બહેનોની સાચી દુવા હાથ કરવી છે. તું મને મદદગાર નહીં થાય ?

(હરિગીત છંદ)

(રચનાર : પુંજાભાઈ ખેતસીંહ પટેલ નખત્રાણાવાળા)

પ્રિય બંધુ પાટીદાર આ, વિનંતી જરા ઉરમાં ધરો,
કરીને પ્રફુલીત મન, સુણવા કર્ણને તત્પર કરો (૧)
બાળક બિચારા આપણા, તે પારણે પરણી જતાં,
નિર્માલ્ય અંગો એમનાં, બળ બુદ્ધિ હીણ એથી થતાં (૨)
આ બાળ લગ્ન રિવાજથી, હાની જુઓને થાય છે
એ મુળથી ટાળો વૃથા, સૌ વ્યક્તિમાં બોલાય છે (૩)
તો તે વિષે કંઈ લક્ષથી, જ્ઞાતિ રિવાજો બદલવા
પ્રિય બંધુઓ આગળ વધો, અતિ ક્રૂર મારગ કાપવા (૪)
સદ્ વિદ્યા ભણવાનો સમો, નિર્થક સહુ વહી જાય છે
એ બાળ લગ્ને લ્હાય મોટી, અંતરે સળગાય છે (૫)
આ શરીરને શોભાવનાર, તત્ત્વ હીંણુ થઈ જાય છે
કુમળાં બિચારા બાળકોને, રોગ કૈંક ભરાય છે (૬)
કોઈ કહે મમ બાળ બહુએ, તાવથી પીડાય છે,
વ્યાધિ વધી છે પેટમાં, નવ અન્ન પૂરું ખાય છે (૭)
વળી કો કહે મુજ છોકરો, નિસ્તેજ કેમ દેખાય છે
કંઈ ભૂત વળગ્યું કે, વ્હેમ એવો ખાય છે (૮)
જોશી ભુવા જોગીઓની, રાખ રક્ષાઓ થવા
આ કોમ અંધશ્રદ્ધાળુ આજે, વ્યર્થ જાતા રઝળવા (૯)
છે કંઈ નહિ એ મંહિ, શાને તમો ભરમાઓ છો
આ નાનપણના લગ્ન કરતાં, કાં નહિ શરમાઓ છો (૧૦)
નીજ બાળકોનાં દુઃખ હંમેશાં, શું તમે જોતા નથી
નીજ હૃદય રાખી વજ્ર સમ, કરતાં એ અચકાતા નથી (૧૧)
પણ આજથી લઈ દઢ તો બાળ લગ્ન તજી દીઓ
પરણ્યા વિના રાખો ભલે, પણ રૂઢી તજતાં ના બીઓ (૧૨)
જાલીમ હૃદયના રાક્ષસો, દુઃખ કંઈ અરે નહિ થાય છે
આ બાળ લગ્ન રીવાજથી, આયું નિર્થક વહી જાય છે (૧૩)
બંધુ હવે સમજી જજો, ને સારું થવાનું હું કહું
આળસ તજી દયોને હવે, નીજ શ્રેય કરવાને સહુ (૧૪)
નિજ જ્ઞાતિનો સેવક છું કહે, આ અરજ મારી એક છે
બાળલગ્નો બંધ કરવાની, ગ્રહો વ્હેલી ટેકને (૧૫)

કર્તવ્ય

પ્રિય પાઠક ! જાગૃત થા, તારા કર્તવ્યને તું વિચાર આજ સુધી ઘોર નિંદ્રામાં પડી તે ઘણું ઘણું ગુમાવ્યું છે. શીર ઉપર અનેક પ્રકારનાં દુઃખોને સહ્યા છે. તેનાથી ત્રાસ પામી મદદને માટે બુમો પાડી છે. અંધકારમાં અથડાઈ ગોથા ખાધાં છે હવે તો નેત્રને ઉઘાડ ! નિંદ્રાને પરિત્યાગ ! બહાર દૃષ્ટિ કરીને જો ? સમય તારે અનુકુળ છે, તું સમયને અનુકુળ નથી સર્વ પર તારી સત્તા પ્રવર્તે છે.

પ્રિય પાઠક ! તારી સત્તાનો તું ઉપયોગ કર, એ સત્તાના બળ વળે કરી તું ત્રિભુવનને વશ વરતાવી શકીશ દશ દિકપાળોને ગર્જાવી શકીશ. અનંત સમુદ્રને ખળભળાવી શકીશ, પાતાળને સ્વર્ગમાં પણ તારો ધ્વનિ તું સંભળાવી શકીશ, તારું સામર્થ્ય તારી સત્તા, અમર્યાદ છે હાથે કરીને કૂવામાં રહેલા દેડકાની માફક મર્યાદીત ન કરીશ.

પ્રિય પાઠક ! તારામાં ચિદ્‌જ્યોતિ વિલસી રહી છે, તેની પ્રતિ તું જો એ જ્યોતિનો પ્રકાશ સર્વત્ર ઝળહળાવ જગતને બતાવી આપ કે તું બીકણ નથી. તોપોનો ગડગડાટ અને બંદુકોની ગોળીના સણસણાટની મધ્યમાં પણ તું વિરત્વને ધારી શકે છે. આત્મા અમર છે, નાશ સ્થુળ દેહનો છે ત્યારે તારે શા માટે ગભરાવું, તારા આત્માનું બળ અનુપમ છે તેમાં દૈવી અંશ સમાયલો છે, શસ્ત્ર અસ્ત્ર રૂપી આસુરી બળની ઉપર અવશ્ય તે વિજય મેળવી શકે છે દેવી બળ એ તો તારો વારસો જ છે.

પ્રિય પાઠક ! જો પાછું વાળી જો, જે સુખને તું રાત્રી દિવસ શોધે છે જેની પ્રાપ્તિને અર્થે તારા સઘળા પ્રયત્નો છે, જેને અર્થે તું તલસે છે, તે સુખ અને શાંતિ અન્ય ક્યાંય પણ નથી તે તો તારી પાસે છે. મારાં આ વાક્ય ન સમજાય તો પુનઃ પુનઃ વાંચ તેનું મનન કર સઘળું રહસ્ય તારી મતીમાં સમજી શકીશ.

તું જાતે જ સુખ સ્વરૂપ છે, તું પોતે જ આનંદ સ્વરૂપ છે, તું જાતે જ મુક્ત સ્વરૂપ છે. જે જોઈએ તે તારામાં છે. તારા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કર શાંત બની તારા આત્માથી અભિમુખ થા, તારું એક જ એ પરમ કર્તવ્ય છે.

(વિશ્વજ્યોતિ)

એક ખેડૂતની કરૂણાજનક કહાણી
યાને
વેપારીનો દોર

(અનુસંધાન અંક ૬ પાના ૩૧ {340} થી)

તેને બદલે શેઠે રાજી થઈ ઘઉંના ખળાનું કહ્યું, તેથી પટેલ રાજી થયા, અને હળવેથી બોલ્યા કે કાંઈ દાણા આપશો કે? શેઠ કહે ભલે લઈ જાઓ, હમણાં વીસ માણા જુવાર લઈ જાઓ પછી બીજી લઈ જજો અને બધાનું એકી સાથે ખાતું પાડશું, આપણે હમણાં કાંઈ ઉતાવળ છે?

પટેલ તો આવું સાંભળી આનંદમાં આવ્યા શેઠે દાવો બાંધવાનું કહીને પટેલને દુઃખ લગાડ્યું હતું તે બધું ભુલી ગયા, અને બહુ આનંદમાં આવી શેઠની વાહ વાહ કરવા લાગ્યા. પછી પટેલ વીસ માણા જુવાર લઈને ઘેર ગયા અને કોશ વરત વગેરે તૈયાર કરીને ઘઉંના ઓરવણાં (કોરવણ) જોડ્યાં અને નીરાંતથી ઘઉં વાવવાની તૈયારી કરવા લાગ્યા થોડા દિવસમાં ઘઉં વાવી રહ્યા સીમમાંથી કડબ કાટો ભેગો કર્યો. સીમમાં તલ ચણા ઠીક હતા. દીવાળીઓ કપાસ વીણાયા પણ કપાસ સારા થયા નહિ. તેથી રૂડા પટેલને ભાગે વીસ મણ કપાસ આવ્યો તેમાંથી બી વગેરેનો ગયો, તેમાંથી રૂ કરાવવા કપાસ રાખ્યો. થોડો કપાસ રહ્યો તે વેચ્યો તે છુટમુટ અને સાથીના મસારા (પગાર)માં પૈસા વપરાઈ ગયા અને દાણાં પણ ખુટી ગયાં.

(૪)

રૂડા પટેલની ઉપજ બધી લેણામાં ગઈ છતાં હવે શું ખાવું તે વિચાર થઈ આવ્યો પોતાનો શેઠ આપશે કે કેમ? તેમ ચિંતા થવા લાગી. પોતાને ઘઉંના કોશ જોડવા હતા. પણ દાણા વિના શું કરવું? આ ચિંતાએ ઘર કર્યું કોઈ દાડીઓ (મજુર) મળે તો કોશ હાંકવા મોકલું. આમ વિચાર કરી ગામમાં દાડીઆ (મજુર)ને ગોતવા ચાલ્યા. પણ દાડીઓ આવવા કોઈ હા પાડે નહિ પટેલ પાસે ખાવા દાણા નથી, તેથી તે મજુરી આપતાં વાર લગાડે, આમ વિચારી કોઈ દાડીએ આવવાને સમત થયું નહિ તેથી કોશ છોડી મુકયો અને શેઠ દાદાની સેવામાં હાજર થયા.
પટેલ જઈને શેઠને ઘેર બેઠા શેઠે જાણ્યું કે આજે કાંઈક કામે આવેલ હશે, તેથી પોતે અનાજની ગુણો ફેરવવા લાગ્યા, પટેલને તો શેઠને ભલું મનાવવું હતું, તેથી શેઠના પાસેથી કામ લઈ પોતે ગુણો ફેરવવા લાગ્યા, બધી ગુણોની થપ્પી કરાવી ત્યાર પછી કહ્યું કે પટેલ! ભેંસ તરસી છે તમે આંહી બેસો તો પાઈ આવું.

પટેલ-**"હું પાઈ આવું તમે શું જાતાતા."**

ઠીક ત્યારે જાઓ અને ભેગાભેગું કોટમાંથી ખડ કાઢી નીરતા (નાખતા) આવજો પટેલ ભેંસને પાઈ આવ્યા, કોઢમાંથી ખડ કાઢી નીરણ કરી પાછા આવ્યા, અને શેઠની સામું જોઈ બેઠા.
શેઠ તો ચોપડા લઈ બેઠા. પટેલના સામું પણ જુવે નહિ પટેલ મુંઝાણા અને બોલ્યા કે,
શેઠ! આજે કોશ છોડીને ઘેર રહ્યો છું ઘઉંમાં પાણીની તાણ છે પણ અણછુટકે કોશ છોડ્યો છે.

બોલો ! શું કામ છે ? શેઠે જરા સામું જોઈ મોઢું મરકાવી કહ્યું.
કામ તો બીજું શું હોય ! "દાણા નથી" પટેલે દયામણા ચહેરે કહ્યું.

જુઓ તમને હવે દઈ દઈને હું ડુલી ગયો, તમારા પાસે ઘઉં લેણા છે તે, નોંધી દીધા પછી જુવાર લઈ ગયા. પણ તેની નોંધ કરાવવા આવ્યા નહિ તમારે ગરજ હોય તો પાધારા ચાલો ગરજ મટી એટલે થયું.

હું ક્યાં ના પાડું છું નોંધી દેવાની ! તે દિવસે પણ નોંધ કરવાનું મેં કહ્યું હતું. પણ તમે નોંધ લીધી નહિ, તેથી મારો ઉપાય શો ? અત્યારે નોંધી લ્યો.

શેઠે ચોપડો કાઢ્યો, બે કળશીને શુણ તાલીશ માણા ઘઉં તમારી પાસે લેણાં છે તે ઉપરાંત વીસ માણા જુવાર લઈ ગયા છો તેના દોઢા લેખે ત્રીસ માણાઘઉં થયા.
જે થશે તે આપશું, આ વખતે બે કોશના ઘઉં છે, વળી તમારું જાજું લેણું નથી તેથી પતી જાશે પટેલે કહ્યું.
બે કોશના ઘઉં કેટલા થશે શેઠે જરા ધીરા પડી પૂછ્યું.
બારેક કળશી થશે પટેલે જવાબ આપ્યો.
ઘઉં પાકતા સુધી તમારે કેટલા દાણા જોશે?
પટેલ-ઘઉં પાકે ત્યાં સુધી બે કળસી દાણા જોશે.

શેઠ કહે ઠીક ત્યારે આમ કરો, બે કળસીને સુણતાલીસ માણાં છે, તેમાં ત્રીસમાણાં ઉમેરીએ એટલે બે કળસીને સીત્તોતેર માણા થાય, બે કળસી જુવાર લઈ જાજો અને બધાં થઈને પાંચ કળસીને સીત્તોતેર માણા નોંધી દીયો.

પટેલને એમ હતું કે થોડા દાણા પણ આપતા આનાકાની કરશે. ત્યાં તો સામટા આપવાનું કહ્યું તેથી રાજી થયા, પાંચ કળશી સીત્તોતેર માણાનું ખાતું પાડી આપ્યું અને જુવાર ભરી જવા તૈયાર થયા.

જુવાર અંગારા અને બુરાંવાળી હતી તેના સાથે કાંકરા પણ ઘણા હતા તેથી પટેલ કહે શેઠ ! આ તો મોળી જુવાર છે. સારી હોય તો આપોને !

શેઠ કહે બીજી જુવાર મારા પાસે નથી. જોઈતી હોય તો આ છે તે લઈ જાઓ. નહિ તો બીજેથી લ્યો.

પટેલ છાનામાના થઈ ગયા શું કરે ? બીજી સારી જુવાર દુકાનમાં તો ઘણી હતી પણ જો રકજક કરીશ તો તો ના પાડશે. એવા ડરથી જેવી આપી તેવી લઈ ગયો, ઘરે તેની સ્ત્રીએ કહ્યું કે, "આવી જુવારને બદલે ગળોઢું જેવા ઘઉં આપવા પડશે તે પણ દોઢા લેખે" જારમાં કાંઈ નથી અરધું તો કજોહણ નીકળશે, પટેલે નીઃસાસો નાખ્યો શું કરવું. જ્યાં સુધી કરમની કઠણાઈ હોય, ત્યાં સુધી જેવું આપે તેવું ખાવું આમ કહી વાડીએ ગયા. અને પટલાણીએ ઘંટી માંડી.

દાણાની ચિંતા મટી હવે નિરાંતે કોશ હાંકીને ઘઉં પકવીશું આવા વિચારમાં પટેલ આનંદમાં આવ્યા, ત્યાં કર્મ સંજોગે બળદે પાછી મુકી અને સારો બળદ હતો તેનો પગ ભાંગ્યો, બે કોશના ઘઉં હતા તેમાં એક કોશ છુટી પડ્યો, હવે બીજો બળદ ન લાવે તો કોશ ચાલે તેમ નહોતું, તેથી વળી શેઠ પાસે ગયા, રોકડા રૂપીયા આપવાની પ્રથમ તો

શેઠે ના પાડી પણ ઘણી આનાકાનીએ ત્રીસ રૂપીયાના કળશીના ભાવથી ઘઉં માંડવાનું કહ્યું. પટેલને ઓછે ભાવે ઘઉં આપવા (ઝળપવા) પાલવે તેમ નહોતું, પણ બીજો ઉપાય ન હોતો, એટલે અઢી કળશી ઘઉં મંડાવી પોણોસો રૂપીયા લીધાં અને બધા મળી સવા આઠ કળશી ઘઉં નોંધી લીધા, કરાર એવો કર્યો કે જો ન અપાય તો પાળે પાળે દોઢા વધે.

બનાવ એવો બન્યો કે ઘઉંમાં ગેરૂ આવ્યો એટલે સમુળગા આઠજ કળસી થયા તેમાં રાજભાગના બે કળસી ગયા, પચાસ માણા ખળા જાતના ગયા. બાકી રહ્યા સાડા પાંચ કળસી તે બધા વેપારીને ભરી દીધા, બાકી અઢી કળસી દેવા રહ્યા. વેપારી પાસેથી કળસી જુવાર લીધી, તેના પચાસ રૂપીયા ભાવ કર્યો અને તે પણ ચાર મહીને સવાયા આપવા એવો કરાર કર્યો. અષાઢ મહીનો આવ્યો બીયામણ વગેરે લેવા પટેલ ગયા, ત્યારે સમજણ કરવા કહ્યું શેઠે તેથી સમજણ કરવા બેઠા.

અઢી કળસી ઘઉંના છાછટીઆનું પાળું ચડ્યું, તેથી પોણા ચાર કળસી થયા, તેનો દર કળસીનો પાણોસો રૂપીયાનો ભાવ ગણ્યો એટલે છુટ મુકતાં બસેંને એકાસી રૂપિયા થયા, તેમાં જુવાર કણસી એકના પચાસના સવાયા સાઢી બાસઠ ઉમેરી કરીને ત્રણસેં ને તેતાલીસ નક્કી કર્યા. બી અને ખાવાના દાણા વગેરે થઈને ચારસેંનો મેળ કર્યો. કપાસનું મંડાણ થાય ત્યારે પાછા આપવા ત્યાં સુધી ઉછીના ઉધારા રાખવા એમ નક્કી થવાથી પટેલ રાજી થયા, આવડી મોટી રકમ મહીનો દોઢ મહીનો ઉછીની (ઉધારી) રહેવા દે છે તેથી તેનો ઉપકાર માનવા લાગ્યા. શેઠે કહ્યું ઈતો હું તમને જાળવું છું બીજે જઈતો જો જો બીજા ગળું કરે તેવા છે, આ તો તમારા સાથે નાતો થયો, એટલે ધીર્યા વિના છુટકો નથી નહિ તો આમાં કમાણી નથી પટેલ ઉપકાર માની ઘેર ગયા.

ભાદરવા મહીનાના પંદર દિવસ ગયા શેઠે ઉઘરાણી કરવા માંડી કે પૈસા આપો પટેલ કહે અત્યારે ક્યાંથી આપવા ? શેઠ કહે કપાસ મંડાવી (ઝળપી)ને આપો, આટલા દિવસ ઉછીના (ઉધારા રાખ્યા તે મારો ગુનો ?) પટેલ શરમાઈ ગયા. શેઠને કપાસ માંડવા કહ્યું પ્રથમ તો શેઠે આનાકાની કરી. પછી ચાર રૂપીયાના ભાવથી ૧૦૦ મણ કપાસ માંડી લીધો, તે ઉપરાંત દાણા અને લુગડા લતાં અને પરચુરણ વગેરે થઈને બીજો ૨૫) મણ માંડ્યો.

પાંચસેં રૂપિયામાં સવાસો મણ કપાસ માંડી લીધો કપાસની મૌસમ આવી પચાસ મણ કપાસ તુટ્યો, આ વખતે મણના આઠ રૂપિયા ભાવ હતો, તેથી ચારસે રૂપિયા ઠરાવી તેના સવાયા હુતાસણી (હોળી)એ પાંચસેં દેવા કર્યા. જુવાર વગેરે ખાવા રાખી તલ ચણા બીજા પરચુરણમાં ગયા. સાથીનો પગાર વગેરે જાતાં ઘઉં પણ થોડા જ રહ્યા. પટેલ મુંઝાણાં આ કરજ (દેવા)માંથી શી રીતે નીકળાશે ? આમ વિચાર કરી ચારસેં રૂપિયામાં ચાર બળદ આપ્યા. કાંઈક ઘઉં આપ્યા, ગાડું એક આપ્યું, આમ કરીને શેઠનું લેણું ચુકતું કર્યું.

પટેલની બધી ઉપજ શેઠને ત્યાં જાતી સારા દાણા નીપજાવી, ઓખા (હલકા) દાણા ખાવા પડતાં, શેઠની ઓશીયાળનો પાર નહોતો સુખેથી કામ થતું નહિ રાત્રી દીવસ ચિંતા થયા કરતી, હવે નિરાંત વળી, ગામડું છોડી શહેરમાં ગયા, ત્યાં મીલમાં કામ કરવા લાગ્યા પગારે પગારે રૂપીયા આવવા માંડ્યા. તેથી ખેતીનો તિરસ્કાર કરવા લાગ્યા, અને શહેરનો સ્વાદ ચાખવા લાગ્યા. વેપારી બંધુઓ તમારી આવી લેણ દેણથી ઘણા ખેડૂતો ખેતી છોડી મીલ મજૂરો બન્યા છે. તેથી ખેતીને કેટલું નુકસાન થયું છે ? તેનો વિચાર કરશો ? પરમાત્મા અમારા વેપારીને સદ્‌બુદ્ધિ આપે અસ્તુ !

ખેડૂતને ખરી ખંતથી
- મોં માગી મદદો આપજો

(હરિગીત)

(૧)
કદી રંક કિંવા રાયકે ચાકર યદિ ઠાકર બનો,
શીરો જમણ કે જાર વળી ખાવા મળે વનના ફળો,
પણ ના વિસરજો બાપ સૌ પૃથ્વી ખેડે જે હળો,
(તે) ખેડૂતને ખરી ખંતથી મોં માંગી મદદો આપજો
(૨)
દિવાન કદી ફોજદાર કે યદિ ગ્રામના મુખી બનો,
વસુલાતી અધિકારી બનો કે, કલાર્ક પણ તેના બનો,
પાવર જરી નહિ રાખજો સત્તા તણા મદની મહીં,
(પણ) ખેડૂતને ખરી ખંતથી મોં માંગી મદદો આપજો.
(૩)
મદદો દીયો કે નવ દીયો પણ લુંટી ખાશો ના જરી
ખેડૂતના હૈયા તણી કદિ હાયને વરશો નહિ
ધનથી નહિ તો વાણી કે કંઈ દેહથી ખુશ રાખજો,
(જરૂર) ખેડૂતને ખરી ખંતથી, મોં માગી મદદો આપજો

ખેતીવાડી વિજ્ઞાન ઉપરથી ૧. કલાર્ક-કારકુન-નોકર ૨. પાવર-ખોટી સત્તા અહંકાર ૩. હાય-નિઃશાસા

કેળવણી

મારા પ્રિય પાટીદાર બંધુઓ ! વર્તમાન સમયમાં જ્યાં ત્યાં માત્ર કેળવણી જ મનુષ્ય માત્રને આગળ લાવનાર છે. કેળવણી શું ચીજ છે. તેનો કેવો પ્રભાવ છે. તેનામાં કેટલા ગુણ સમાયેલા છે ? એ વાતથી દુનિયામાં કોઈ ભાગ્યે જ અજાણ્યું હશે અને જો અજાણ્યા હોય તો તે માત્ર આપણા જ્ઞાતિ બંધુઓ જ.

આપ જાણો છો કે એક પથ્થર જેવી નિર્જીવ ચીજને કારીગર કેળવે છે અને કારીગર ઘાટ કાઢે છે, ત્યારે તેની

કિંમત અંકાય છે. માટે તેવી નિર્જીવ વસ્તુને પણ કેળવણીથી કેવી સારી કિંમત ઉપજે છે, અને હરીફાઈ પણ થાય છે. નિર્જીવ વસ્તુને પણ કેળવવાથી આટલો ફાયદો થાય છે, તો મનુષ્ય જેવું અમુલ્ય રત્ન કે જે કાદવ કીચડમાં દટાઈ ગયેલું હોય તેને ઉત્તમ કેળવણી આપવાથી કેટલો તફાવત પડે ? તે સમજવા તથા તેની કિંમત કરવાનું કામ આપણા જ્ઞાતિ બંધુઓના હસ્તગત ધરું છું. શરમની વાત છે કે આટલી બધી આપણી બહોળી કોમ છે, છતાં પૈસામાં તથા કળા કૌશલ્યમાં તથા વિદ્યામાં તદ્દન પછાત ! અરે લખવાથી મારી કલમ અટકે છે, મારો હાથ કંપે છે, મારું હૈયું ભરાઈ આવે છે, કે જેને આપણે તદન હલકી કોમ ગણીએ છીએ, જેને આપણે અડકતા અભડાઈએ છીએ તેવી જે અત્યંજ કોમ તે પણ પોતાનું શ્રેય શામાં છે, તથા પોતાની સ્થિતિ કેમ અધમ દશાને પ્રાપ્ત થઈ ? વગેરે હકીકતોનું ભાન પોતાને કરવા કેટલી બધી ચળવળ કરી રહ્યા છે ? છતાં પણ આપણી આવી મોટી કોમ છતાં આપણી ખરી સ્થિતિનું ભાન થતું નથી એ નવાઈ જેવી બાબત છે.

સુજ્ઞબંધુઓ ! આટલા દિવસો ઊંઘમાં કાઢ્યા હજુ પણ ઘોર નિંદ્રામાં સુતા છો અરે બંધુઓ ? આટલી બધી તમારી ગાઢ નિંદ્રા ક્યારે ઉડશે ! અરે મારા વહાલા ભાઈઓ આટલી બધી આળસ ક્યારે દુર થશે ? ખરેખર આટલું આળસ જ આપણી અવદશાનું મુળ છે ભાઈઓ તમો તમારા વ્હાલાં બચ્ચાને બાળપણથી લાડ લડાવી સારો ખોરાક ખવડાવી પીવરાવી ઉછેરો છો તે મોટા થઈ તમને મદદ રૂપ થવાની આશા રાખો છો. તેથી જ તમારાં કુમળા બચ્ચાં ઉપર તમોએ ઉપકાર કર્યો એમ જાહેર કરી તેનો બદલો મેળવવા તમારા અજ્ઞાન બચ્ચા ઉપર દાવો ધરાવો છો, અરે મને કહેવા દો કે તમો તમારા વ્હાલા બચ્ચાના ઉપકારી નથી પણ દુશ્મન છો, તમો પાળી પોષી મોટા કરતા નથી પણ તેમની આ અમૂલ્ય જીંદગીમાંથી પોતાનું ખરું રહસ્ય શામાં છે તે વાતથી તદ્દન અંધારામાં રાખી વખત બરબાદ કરો છો, અરે બંધુઓ તેટલું જ નહિ પણ આખરે પસ્તાવામાં નાંખો છો, ચોધારે આંસુડે રોવાનો ને પરીણામે આ અમુલ્ય જીંદગીને ખારી ઝેર જેવી બનાવવાનો વખત નજીક લાવતા જાઓ છો, તો કહો કે તમો તમારાં વ્હાલા બચ્ચાંને પાળી પોષી મોટા કરો છો કે તેમની જીંદગી બરબાદ કરો છો? બંધુઓ ! યાદ રાખો કે મનુષ્ય તો શું પણ માટી જેવી નજીવી વસ્તુને કેળવી તેનો શોધખોળ કરી એવી કિંમતી બનાવે છે કે તે માટી રૂપાંતર થઈ આપણા હાથમાં આવે છે. ત્યારે તેની ખરી હકીકત સમજવા જેટલી પણ આપણામાં શકિત હોતી નથી. ને તેના આપણે મોં માંગ્યા દામ આપીએ છીએ.

ભાઈઓ તમો એટલું તો જાણો છો કે ઈંગ્લેન્ડ, અમેરીકા, અને જર્મની વગેરે દેશો કે જે આપણે જોયા પણ નથી, છતાં પણ હર હંમેશ આપણી નજરે ફરે છે ને દિવસમાં હર ઘડી યાદ કરવા પડે છે, તે **દેશોની કારીગરી વિના આપણાથી એક ઘડી ભર રહી શકાતું નથી** કારણ કે એ દેશો વિદ્યા, કળા, કૌશલ્યમાં તેમજ સુધારામાં બહુ જ આગળ પડતા છે ને તેને લીધે જ તે આખા ઈન્ડિયામાં ઘેર ઘેર ગવાઈ રહ્યા છે. ભાઈઓ મને કહેતાં શરમ આવે છે કે જે દિવસથી પાટીદાર જ્ઞાતિ ઉત્પન્ન થઈ તે દિવસથી આજ સુધી કંઈ પણ ફેરફાર વગરની જ છે, જો કે સમય બદલાય છે. છતાં આપણી સ્થિતિ ન બદલાઈ સ્થિતિ તો શું પણ ધંધો શરૂ કર્યો હશે ત્યાંથી આજ સુધી જેવી ને તેવી સ્થિતિ આજ પર્યંત કાયમ જ છે. શરમની વાત છે કે દરેક વસ્તુની સ્થિતિ સમયે સમયે બદલાય છે, વખત ઓળખે છે. છતાં આપણે કંઈ બદલાયા નહિ શાના બદલાય ? કોની બુદ્ધિથી બદલાય ? કહો કે આપણા ધંધામાં પણ આપણે પછાત પડી ગયા પણ શું કરે ? બાર સુધી ભણ્યા ન હોય, તે સરાફની પેઢીમાં મુનીમની જગ્યા કોણ આપે ? જો

કાગળ વાચતાં જ ન આવડે તો સરકાર પણ હાઈકોર્ટના જજની જગ્યા શી રીતે આપી શકે ? **"પાટીદારનું નસીબ પથરે"** એ કહેવત આજે સાચી કરવાની હોય એમ ભાસે છે, અરે આ શું આપણી ઓછી અવદશા છે ? ઓછું કંગાલપણું છે ? મારા કેટલાક બંધુઓ એમ વિચાર કરતા હશે કે આપણા છોકરાને ભણાવી ક્યાં બેરીસ્ટર-એટ-લો બનાવવા છે ? પણ હું એમ કહું છું કે **"ખિસકોલીને સાકરના સ્વાદની ક્યાંથી ખબર હોય"** જો તમો ધારો તો તમારા બચ્ચાં બેરીસ્ટર-એટ-લો તો શું ? પણ એથીએ વધારે ડિગ્રી મેળવવા હિંમતવાન થાય પણ મા બાપ જ દુશ્મનની ગરજ સારે તો પછી બીજો કોણ મિત્રની ગરજ સારે તેમ છે ? મારા વહાલા બંધુઓ, હું ઘણા શહેરોમાં જોઉં છું તો આપણી જ્ઞાતિની વસ્તી (ખેતીને ધંધાને તિલાંજલિ આપી આવેલા) કરાંચીમાં મળી આવે છે. તેમાંથી એકાદ તો શોધી આપો કે જે વકીલ, બેરીસ્ટર, મામલતદાર અગર જજની પદવી ભોગવતો હોય અરે એવડી મોટી પદવી તો શું પણ મ્યુનિસિપાલિટી જેવી સમાજની શાખામાં એક મેમ્બર તો બતાવો ? અરે એક મેટ્રીક કે બી. એ. સુધી કેળવણી પામેલો બતાવો ? ખરે શરમની વાત છે કે જો હું ન ભુલતો હોઉં તો મારા જાણવામાં કોઈ નહિ હોય અને કદાચ દેવયોગે એકાદ જણ નીકળે તો મારો તો શું પણ આપણી આખી કોમના સદભાગ્ય, ભાઈઓ ખેર, ડિગ્રીવાળા તો તમે વખતે ન બન્યા તો ઠીક પણ હવે તમારા બચ્ચાંને બનાવજો એમ પણ કહેશો કે આટલી વસ્તીમાંથી કરાંચીમાં કે મુંબઈમાં ફલાણા ભાઈ કચ્છી પાટીદારની દુકાન અથવા પેઢી છે, ખરે કોઈ જ નહિ અરે ? તો આટલી બધી વસ્તી ભેગી થઈ છે. તે શું ધંધો કરતા હશે કાંઈ જ નહિ માત્ર કરવતનો તથા પથ્થરનો તથા મજુરનો બીજો કંઈ જ નહિ અરે ઓ મ્હારા જ્ઞાતિ બંધુઓ આ લખતાં જ્ઞાતિ મારી આંખે અશ્રૃ ઝરે છે, કે મારી વ્હાલી જ્ઞાતિ ક્યાં સુધી અધમ દશાના પંજામાં સપડાયેલી રહેશે ? અરે ! ઓ ઈશ્વર ! ઓ !! જગતપિતા આનું પરિણામ ક્યારે સારું આવશે ? કે હું નજરે જોઈ મારા બળતા હૃદયને શાંત કરું.

મારા બન્ધુઓ !! મન આજે આથી વિશેષ લખવા ઉત્સુક બન્યું છે, પણ તે પછી લખીશ. ભાઈઓ ! હું વક્તા નથી તેમ કવિ પણ નથી પણ માત્ર આપણી અવદશાનું હું ઘણા દિવસથી દિગ્દર્શન કરું છું તેથી આજે મને આવો અમૂલ્ય ટાઈમ સરસ જોગવાઈ મળવાથી લખું છું.

લી. ખીમજીભાઈ કચરા મૈયાત (કચ્છ, રવાપર વાળા)

બાળ લગ્ન

(લેખક : લાલજી સોમજી પટેલ રવાપરવાળા)

બન્ધુઓ ! બાળ લગ્ન સંબંધીના ભવેડાઓ. અરે ! કજોડાની ભુગળ વિનાની ભવાઈઓ તમે ઘરે ઘર જોઈ હશે. અરે ! જેના દુઃખના ચિતારો આપણી પાટીદાર જ્ઞાતિમાં કેટલાંએક ભાઈ અને બહેનોને પરણ્યા છતાં પણ વૈધવ્ય સ્થિતિ ગુજારવી પડે છે. એટલે એ વિષય ઉપર વધુ લખવું એ સોના ઉપર ગલેટ ચડાવવા બરોબર છે. પણ એ વિષય ઘણો જ અગત્યનો હોવાથી મારા બંધુઓ!! તો એ રાક્ષસી રૂઢીની જાળમાં એટલે સુધી ફસાયા છે કે જેનો ન્યાય કરવાને કેટલાક વખતે આડા કાન કરવા પડે છે તો એ વિષય ઉપર કંઈક લખીશ તો તે અયોગ્ય અથવા તો અસ્થાને નહિ જ ગણાય.

૧૦.૬ - પાટીદાર ઉદય - અંક ૭ અને ૮ - વિ. સં. ક. ૧૯૮૦ પોષ અને મહા (Jan-Feb-1924)

બન્ધુઓ ! બાળકને આપણે રમવાના રમકડાં ગણીએ છીએ. મુર્ખ મા બાપો તેની કિંમત સમજ્યા જ નહિ. જ્યારે નાના બાળકો રમત કરે છે, ત્યારે માટીના ઘર બનાવે છે, લાકડાના ઢીંગલા ઢીંગલીને કપડાં પહેરાવી તેમના લગ્ન કરે છે પોતે તેમના મા બાપ બને છે, અને નાના ચુલા બનાવી તે ઉપર લાકડાના તપેલાં ચઢાવી લાપશી રાંધવાનો ડોળ કરે છે, પછી વિવાહની ધામધુમ કરે છે. પોતે વેવાઈ થાય છે અને ઢીંગલાને માટીના ઘોડા ઉપર બેસાડી વરઘોડો કાઢે છે અને ગીતો ગાય છે આ દશ્ય જોનાર મોટા માણસને હસવું આવે છે. તેમને લાગે છે કે આ બાળકો મિથ્યા ખેલ કરે છે. ઢીંગલા ઢીંગલીના કદી વિવાહ થાય ? હમણાં જ તેઓ વેવાઈ થયા છે અને થોડા વખતમાં કલેહ (કજીઆ) કરશે. વર વહુના મા-બાપ બનેલા બાળકો લગ્ન વિશે શું સમજે ! વગેરે કલ્પનાઓ કરી તેઓ મશ્કરી કરે છે, પણ મને કહેવા દો કે આપણે પણ તેમના જેવા જ લગ્ન કરીએ છીએ ? નહીં રે નહિ ! આપણે તો તેના કરતાં પણ વધારે મૂર્ખતા વાપરીએ છીએ. છોકરાઓ તો અલ્પ સમયના માટે જ રમત દાખલ આ ખેલ રચે છે. ત્યારે આપણે ખરા પુત્ર પુત્રીઓના મા બાપો તો જીંદગી પર્યંતના બંધનમાં નાખવાને પણ છતી આંખે આંધળા થઈ લાકડે માંકડું વળગાડી બળતી હોળીમાં હોમી દઈએ છીએ. પાંચ કે છ વર્ષના બાળકો શું સમજે કે લગ્ન એટલે શું ? પતિની શી ફરજો છે ? કે પત્નીનો શો ધર્મ છે ? કે લગ્નનો શો હેતુ છે ? લગ્નમાં કેટલું જોખમ છે ? અને પતિની શી જવાબદારી છે ?

બન્ધુઓ ! જે પોતાના પેટનું પૂરું કરી શકતો નથી તે પોતાની પછવાડે આવેલી અર્ધાંગનાનું શું લીલું કરશે ? ખરેખર બાળકમાં શું છે ? તે આપણે સમજ્યા નથી, આવા લગ્નથી બાળકની શક્તિ વિકસવાને બદલે તે સંકોચ પામે છે ગુલાબની કળી ખીલ્યા સિવાય જો તેને તોડી અગ્નિ પાસે રાખવામાં આવે તો તે જેમ કરમાઈ જાય અને તેની શક્તિનો નાશ થાય છે તેજ પ્રમાણે બાળકની અંદર રહેલી અગાધ શક્તિ બાળ લગ્ન રૂપી અધમ રીવાજથી નષ્ટ થાય છે.

ભાઈઓ ! ખરેખર તમારી ભુલ થાય છે, જે શક્તિ મુસલમાનોના જુલમથી મુક્ત કરનાર વીર શીવાજીમાં હતી, તે શક્તિ ગુપ્તપણે વડના બીજની શક્તિની જેમ બાળકોમાં ગુપ્તપણે રહી છે. જે મનોબળ **મહાત્મા ગાંધીજીમાં** અત્યારે તમને પ્રત્યક્ષ થાય છે, તે જ મનો બળથી અદભુત શક્તિએ બાળકોમાં પ્રચ્છન્ન રૂપે રહેલી છે અને જે વક્તૃત્વ શક્તિ અત્યારે તમને આપણા આદ્ય સુધારક **ભાઈ નારણજીમાં** દેખાય છે તે જ શક્તિ બાળકોમાં ગુપ્તપણે સમાયેલી છે, જે ઉચ્ચ વિચારની ઉત્તમોત્તમ દશા દેશ ભક્ત **લાલા લજપતરાયમાં** તમે જુઓ છો, તેજ વિચારની અત્યો-તમ શક્તિ બાળકોના હૃદયના ઉંડામાં ઉંડા ભાગમાં રહેલી છે, જે દેશ દાઝ **શ્રીયુત બાળ ગંગાધર** તીલકમાં હતી તેવી જ દેશ દાઝ આ બાળ રૂપે પધારેલાં મહાત્માઓમાં નિવાસ સ્થાન ભોગવે છે.

વીરાઓ ! જાગો ! જાગો ! ચેતો ! ચેતો ! પ્રમાદનો ત્યાગ કરો ! આળસને દુર કરો આંખને ઉઘાડો !! અધોગતિના મુળ રૂપ બાળ લગ્નનો જડ મુળથી નાશ કરો ! અને ઉન્નતિનો ખરો પાયો એક બ્રહ્મચર્ય ઉપર ચણો.

અરે ! અન્ય દેશોની ઉન્નતિ જોઈ શું વિસ્મય પામો છો !!! જુઓ જાપાનની શુરવીરતા, ધૈર્યતા, સહનશીલતા અને કળા કૌશલ્યતા નિહાળી શું ચકીત થાઓ છો. તમારા બાળકોમાં જાપાનીઓ કરતાં અધિક પ્રમાણમાં શુરવીરતા અને સહનશીલતા સમાયેલી છે. પણ માત્ર તે પ્રગટ થાય તેટલા માટે તેને કેળવણી આપો,

બાળ લગ્નથી તેની શક્તિનો રોધ ન કરો. અમેરીકાની શોધ ખોળથી શું આશ્ચર્ય પામો છો ! અરે ! એ પ્રજાઓના પૂર્વના ઈતિહાસ વાંચો, જાપાન, અમેરીકા અને યુરોપની થોડા સૈકા પૂર્વની સ્થિતિ નિહાળો, તમને આર્ય દેશ કરતાં અધમ અરે નીચ જણાશે તે માત્ર કેળવણી, ઉદ્યોગ, મનોબળ ઇત્યાદી સત્ સાધનોનું જ ચિત્ર છે. તમારા સંતાનો બાળકોમાં તે ગુપ્તપણે રહેલાં છે, તેમને બહાર આવવા માર્ગ આપો, બાળ લગ્ન રૂપી આડી દીવાલ બાંધીને તમો તેનો રોધ કરો છો ? જેમ એક ક્યારામાં પાણી જવા ન પામે તેના માટે તેનું મોઢું બંધ કરવામાં આવે છે, તેજ પ્રમાણે તમારા બાળકોમાં ઉપરોક્ત સદગુણો જવા ન પામે તેને માટે બાળ લગ્ન રૂપી આડી દીવાલ વાળો છો.

બન્ધુઓ ! હવે એ માટી દુરવાળો અને બાળક રત્નના હૃદય ખુલ્લાં મુકો **નેપોલિયન બોનાપાર્ટ,ગેરીબાલ્ડી, સોક્રેટિસ, મેઝોનીથીઓડોરપારકર** અને **માર્ટિન લ્યુથર** કોણ હતાં ? તેઓ એક વખત માટીમાં રમનાર બાળકો હતા. જ્યારે તેઓ ઘોડીઆમાં ઝુલતા હતા ત્યારે એવી કલ્પના ભાગ્યે જ તેમના કોઈએ કરી હશે કે, એક દિવસ તેઓ દેશ તેમજ ધર્મનો ઉદ્ધાર કરતા પુરૂષો હશે.

યુરોપને ધ્રુજાવનાર નેપોલિયન બોનાપાર્ટનું જીવન વૃત્તાંત વાંચો. ઈટાલીને સ્વતંત્ર કરનાર દેશ ભક્ત ગેરી બાલ્ડીની શક્તિનો ખ્યાલ કરો, સત્યને ખાતર ઝેરને પીનાર વીર સોક્રેટિસની દઢતા જુઓ. ગુલામી વહેવારને અટકાવનાર થીઓડોર પારકરની સાહસિકની તપાસ કરો, અને પોપોની સત્તાને શિથિલ કરનાર માર્ટીન લ્યુથરની સત્તાનું મનન કરો.

નવાઈ જેવું એટલું જ લાગે છે કે આપણે કુંભારને ત્યાં ઘડો લેવા માટે જઈએ છીએ તો તેને પાંચ પચીસ વાર ટકોરાં મારી ફુટેલો નથી એવી ચોક્કસ કર્યા બાદ આપણે લઈએ છીએ તો બજારમાં શાકભાજી લેવા જઇએ તો તેને તપાસી વાસી અને પાકું ન આવે તેના માટે કાળજી લઈએ છીએ. અરે ! દરજીને કપડાં સીવવા આપો છો તો તે વખતે હાથનું, છાતીનું, નીચાણનું માપ બરોબર કાળજીથી આપો છો અને તૈયાર થયા પછી પણ તેને પહેરી બેસતું આવે ત્યારે જ પસંદ કરો છો. પણ આપણી સંતતીને માટે આખી જીંદગીનું સુખદ સ્થિતિ ભોગવવાનું સાધન વહોરવા માટે લેશ પણ કાળજી ન આપતા લાકડે માંકડું જોડી દઈએ છીએ, એ શું મા બાપોને ઓછું શરમ ઉપજાવે એવું છે ? કહેવા દો કે મા-બાપો બાળકોના “રક્ષક” નહીં પણ “ભક્ષક” છે જો રક્ષક હો તો તમારા બાળકોને પરણાવવા પહેલા એક વિદ્યા વીર બનાવવાને ઉત્તમ પ્રકારની કેળવણી આપો અને પછી યોગ્ય વયનો એટલે વીસ વરસનો બાળક થયે સુશિક્ષિત અને સદગુણી બાર વર્ષની બાળા સાથે લગ્ન કરાવો, કે જેથી હાલ ઘરોઘર વર વહુ વચ્ચે કુસંપ થઈ રહ્યો છે. તે મટી આનંદમય જીવન વ્યતિત કરે. બાળ લગ્નથી આપણી જ્ઞાતિ અરે ! આખા ભારત વર્ષની અધમ દશા થઈ છે. એમ કહીશ તો તે અયોગ્ય નહિ જ ગણાય, જુઓ ! અમેરિકાની પ્રજાને સરખાવો તેની સાથે આપણી નિર્માલ્ય નિસ્તેજ અને ઢીંગલા જેવી ઠીંગણી પ્રજા કહેતાં હૃદય ભેંદાય છે કે જ્યારે અમેરીકામાં જન્મતા જ બાળકો ૨૦ રતલના જન્મે છે. ત્યારે કમભાગ્યે અફસોસની સાથે જણાવવું પડે છે કે ભારત વર્ષમાં નોળીઆના જેટલાં વજનમાં પ્રજા ઉત્પન્ન થાય છે. તમે કદાચ એમ કહેશો કે એ તો પરમેશ્વરની કરામત છે, એમાં આપણે શું કરીએ ?! પણ જેવા અન્યાય અને પક્ષપાત તમારામાં છે, તેવો અન્યાય અને પક્ષપાત તે મહાન પિતા પરમેશ્વરમાં નથી. તે તો માણસ માત્રને પછી ભલે તે ગોરો હોય કે કાળો હોય, અમેરીકન હો કે બંગાળી હોય ગમે તે હોય તે તો તમને દરેકને સુખદ સ્થિતિમાં આવેલા જોવા ઇચ્છે છે, પણ માણસો પોતાના નિયમાનુસાર કર્મો અને

નિતી થી ઉલટા કર્મો કરે છે, અર્થાત્ પોતાના હાથે જ પોતાન પગમાં **કુહાડો મારી દુઃખ ભોગવે છે.** તે **દયાળુ પિતા એવા અન્યાયી નથી** કે **અમેરીકાને** સશક્ત અને બાહોશ વીર્યવાન પ્રજા આપે અને ભારત વાસીઓને નોળીયા જેવી પ્રજા આપે મને તો એમાં પણ શંકા થાય છે કે જો હજુ આપણી ભુલને ન છોડી બાળ લગ્ન કર્યાં જ કરીશું તો વેંતીઆ માણસની દંતકથા જે ચાલે છે કે તે પાતાળમાં રહે છે અને બહાર નીકળે તો આ પૃથ્વીનો પવન લાગતાં જ મરણ પામે છે, તેમજ તમારા બાળકો જન્મતાં જ આ સૃષ્ટિની હવા લાગતાં જ મરણને શરણ થશે.

શું તમારા બાળકોમાંથી **નેપોલિયન** અને **ગેરીબાલ્ડી** નહીં નીકળે ? શું **થીઓડોરપારકર** અને **માર્ટિનલ્યુથર** જેવા ખરાં હિંમતવાન, વીર્યવાન, ધૈર્યવાન પુરૂષો નથી જોતા ? બન્ધુઓ વિચાર કરો !! એક નહિ પણ અનેક એવા અને એથી પણ અધિક શક્તિ ધરાવનાર બુદ્ધિમાન દેશભક્તો હું તમારા બાળકોમાં જોઉં છું. માત્ર શક્તિનો વિકાસ થાય તેવાં સાધનો તેમની સન્મુખ તૈયાર રાખો તો મને ખાતરી છે કે તમારા બાળકોમાંથી પણ એવા વીર પુરૂષો પેદા થશે કે જે અધમ રૂઢીઓનું જડમૂળથી નીકંદન કરી સત્સાધનોનો પ્રચાર કરશે. બાળ લગ્નો બંધ કરશો તો તમે ન ધારો તેવા વક્તાઓ તમારા સંતાનોમાંથી પેદા થશે.

વ્હાલા ભાઈઓ ! મોટા મોટા વિચારો કરવાથી અને કાગળ ઉપર ઠરાવ કરવાથી કાંઈ પણ આપણો દિવસ વળે એમ નથી. જ્યાં સુધી આપણા વિચારો અમલમાં મુકાશે નહિ ત્યાં સુધી હું હિંમતથી કહીશ કે તે ઠરાવો નકામાં જ છે.

આપણી અપૂર્ણતા (!)

આપણો ધર્મ સતપંથી ! આપણા ધર્મનું સ્થાન પીરાણા તે અમદાવાદ શહેરથી સાત માઈલ ઉપર છે. આપણા ધર્મના સ્થાનને આપણે જંબુદીય ઈમામપુરી તથા હીમપુર પણ કહીએ છીએ, વાત સાચી આજે કળીયુગમાં ધર્મનું સ્થાન આ છે ! બીજા બધાં નકામા છે ! હવે કળીયુગ ક્યારથી શરૂ થયો તે તપાસીએ.

"અમદાવાદ શહેર વસ્યાને લગભગ ૫૫૦ વર્ષ થયા. અહમદશાહ બાદશાહે જ્યારે આ શહેર વસાવ્યું ત્યારે તેમાં કોઈ પણ હિંદુને વસવા દેવામાં નહોતો આવ્યો માત્ર આ શહેર ખાસ મુસલમાનોને જ માટે વસાવવામાં આવ્યું હતું અને તેમાં સાંભળવા પ્રમાણે માત્ર એક જ હિંદુ કુટુંબને રહેવા દેવામાં આવ્યું હતું. અમદાવાદ વસ્યા પછી લગભગ ૨૦૦ વર્ષે હિંદુઓનો તેમાં વસવાટ થયો હતો. એટલે ૩૦૦-૩૫૦ વર્ષ ઉપર જ તેમાં હિંદુઓ આવી વસ્યા હતા. શરૂઆતમાં હિંદુઓ ફક્ત ગરીબ વર્ગના જ લોકો આવી વસ્યા હતા. આગળના અંકમાં જણાવ્યા પ્રમાણે ૨-૩ વર્ષ સુધી વરસાદ વરસેલો નહિ તેથી આ ગરીબ પાટીદારોએ તેને મહાપુરૂષ જાણીને તેમને વિનંતી કરીને વરસાદ માંગ્યો ત્યારે તેમણે કહ્યું કે "અબી વર્ષાદ આયેગા" પછી તુરત વર્ષાદ થયો. તેથી પાટીદારોએ તેને ગુરૂ કર્યા. પાટીદારોને કહ્યું કે ગામથી દુર મારે વાસ્તે એક જગા બંધાવી આપો. તેથી ગીરમથા ગામની સીમમાં એક ઝુંપડી બંધાવી આપી. "ત્યારથી આપણા ધર્મનું સ્થાન આ પીરાણા થઈ પડ્યું, તેને આજે બહુ બહુ તો ૪૦૦ વર્ષ થયાં હશે. એથી વધારે ગણીએ તો ૬૦૦ વર્ષ, પણ તેથી વધુ તો નહીં જ." તો ત્યાંથી કળીયુગ શરૂ થયો કે ? તે પૂર્વે ? અને તે પૂર્વે કળીયુગ હતો તો, કળીયુગમાં તો કોઈ બીજો ખુદા અવતર્યો હોવો જોઈએ ! આ વાતની આપણે હજી

સુધી શોધ કરી નથી અને પછી આ કલ્પીત પંથને બાપદાદાનો ધર્મ માની લઈ પાળતા આવ્યા. તેમ ચાલીએ ! તો શું આપણા બાપદાદાઓનો ધર્મ આપણે ગુમાવ્યો કે આપણામાંથી જેઓ નીકળી જઈને **સત્યનારાયણની કથા** કરાવે. **ઓમ્‌નો** મંત્ર ભણે તેણે ગુમાવ્યો ? આ પ્રથમ આપણી અપૂર્ણતા છે !

આપણે હિંદુપણાનું અભિમાન ધરાવીએ ! હિંદુ ધર્મ હોવાનો દાવો કરીએ !! પણ આપણા જેવા જેઓ હિંદુઓ છે, તેના ધર્મના સિદ્ધાંતોનો અને આપણા ધર્મના ફરમાનોમાં કયા ભુલ થાય છે !!! તે તપાસવા માટે આપણું શાસ્ત્ર ના પાડે છે ! તો પછી આ વાતમાં જ પોકળપણું સાબીત થાય છે, ખરી રીતે આપણા ધર્મનું નામ ઈસ્માઈલી પંથ છે. અને તે બનાવનારનો મુળ સિદ્ધાંત હિંદુમાંથી અલગ બનાવી દેવા તે મતની નકલ ગુજરાતમાં ૩૦૦ વર્ષથી થઈ લાગે છે. સ્થાપક સૈયદ ઈમામુદીન ઉર્ફે ઈમામશાહ હતા, તે આપણા ખુદા ! રોઝે કયામતને દિને આપણા પુણ્ય પાપનો હિસાબ તે લેશે !!! પણ તેનો ધર્મ કહે છે કે, "કયામત ક્યારે થશે, એ ખુદા સિવાય કોઈ જાણતું નથી" વળી આપણે ઈમામુદીન સૈયદ ને ખુદા માનીએ છીએ, "પણ **એલેક** હું સાક્ષી આપું છું કે, ખુદા વગર કોઈ પુજ્ય નથી. તે એકલો છે, તેનો કોઈ ભાગ્યો નથી. અને હું સાક્ષી આપું છું કે, હઝરત મોહમંદ (સલ) તેના બંદા છે, તેના રસુલ છે." "વળી ઈમામુદીનના દીકરા મહમદશાહ એ બેનું નામ અમર રાખવા માટે આપણને **૧૦૮** મણકાની માળા આપી છે અને છેલ્લે એક મોટો મણકો કલમાનો."

માળામાં જપવાનો મંત્ર "પીરશાહ" અર્થાત્ ઈમામુદીન અને તેના દીકરા મહમદ શાહનો સમાવેશ કીધો છે ?!! ત્યારે એ સૈયદો કોનો જાપ જપ્યા હતા ? તે પણ આપણે તપાસ કરી નથી !! એ બીજી આપણી અપૂર્ણતા છે. વળી આપણા મતમાં બ્રાહ્મણને માનવાની ના પાડી છે !! પણ બારમા, તેરમાએ તો તેની જરૂર ચાર દિવસે અને બારમા તેરમાએ મિષ્ટાન !!! પછી કહો આપણે આ મત શું કામ તજીએ ! આપણા ધર્મની જગ્યાનું નામ ખાનું ! એવા કોઈ હિંદુના ધર્મની જગ્યાને ખાનું કહે છે ? તેની પણ આપણે હજી સુધી શોધખોળ કરી નથી !!! એ આપણે ત્રીજી અપૂર્ણતા છે ! એવા ખાનામાં કોઈ ગામે ૪-૫ પણ હોય છે. ત્યાં દરેક ખાનામાં ૩૩ કરોડી દેવતા આવે છે. હવે બીજને દિવસે બધે જ એક જ સમયે પૂજા થાય છે તો દરેક ખાનામાં કેટ કેટલા દેવ જતા હશે !! તે પણ આપણે ગણતરી રાખતા નથી !! આ આપણી ચોથી અપૂર્ણતા છે. આમ આપણા મતમાં ઢગલે ઢગલા ભૂલો ચાલે છે. છતાં આપણે માનીએ કે આપણો જ સતપંથ બાકીના બધા દની તે કોઈ માની શકે આપણે જ કોઈનું માનતા નથી ?!

આપણા મતનો રચનાર મુળ પુરૂષ નુર સતગોર ઉર્ફે નુરૂદન લગભગ ૬૦૦ વર્ષ ઉપર થઈ ગયા તે ઉપરથી નકલ થઈ **મતીઆ** જે ઈસ્માઈલી પીર સદરૂદીને હિન્દુઓને બલકે ભાટીઆઓને વટલાવી **ખોજા** બનાવ્યા. તેના પૌત્ર હઝરત ઈમામશાહ સૈયદે મુલતાનથી ગુજરાતનાં અમદાવાદ શહેરમાં આવી ઘણા હિન્દુઓને (ઉંચ-નીચ) આ મતથી મુસલમાન બનાવ્યા.

આપણો મત ફેલાવવામાં બે મુખ્ય નિયમ રાખવામાં આવેલા છે.

૧. પોતાના ધર્મના વિચારો છુપા રાખવા.

૨. જેઓને પોતાના ધર્મમાં લાવવા માંગતા હોય તેના ધર્મનો મોટો ભાગ પોતાનો કહી કબુલ રાખવા.

એ નિયમ મુજબ આ પીરોએ હિન્દુના ધર્મોનો ઘણો બારીક અભ્યાસ કર્યો. પોતાનું નામ સહદેવ, ઉર્ફે

હરિશ્ચંદ્ર રાખ્યું. હિન્દુ ધર્મના બધા અવતારો કબુલ રાખી છેલ્લો કલંકી અવતાર તે હઝરત અલ્લીનો છે એવી રીતનો ઉપદેશ આપ્યો. આ પ્રમાણે પારકા ધર્મમાં ભળી જઈ, પોતાને હિન્દુ કહેવડાવી ! આ પણ હિન્દુઓને ભ્રમમાં નાંખી !!! વટાલ્યા છે !!! એવી રીતે લગભગ ૮૦ જાતો ફસાયેલી છે જોકે આપણે (પીરાણા) બીજી બધી રીતે હિન્દુના રીતરીવાજ તથા વેદ ધર્મને વળગી રહ્યા છે તો પણ આપણી અજ્ઞાનતાને લીધે પીરાણાના રોજા, તથા ઈમામોને પૂજીએ છીએ. આપણા સંપ્રદાયમાં સૈયદ એટલે ઈમામશાહના વંશજો ધર્મ ગુરૂનો દરજ્જો ભોગવે છે આપણો ધર્મ કહે છે કે એ વખતમાં સૈયદોને ઝકાત આપવી દરૂસ્ત છે. પણ તેઓનો ધર્મ કહે છે કે "એ તેઓની ભુલ છે. કારણ કે રસુલુલ્લાહ ફરમાવે છે કે ઝકાતનો માલ તે મેલ છે. તો તે મેલ તેની પાસે હાજતથી વધારે ઘરમાં વાસણ અથવા કપડાં મળીને રૂ. ૫૨) બાવનની કીંમતનો હોય અને રોકડ કાંઈ નહિ હોય, તો પણ તે પૈસાવાળાની ગણતરીમાં છે. એટલે તેણે દસોંદ (ઝકાત) લેવી અને તેને દેવી દુરસ્ત નથી." વળી આપણા મતમાં મૂર્તિ પૂજાનું ખંડન છે, છતાં કબરને મૂર્તિના જેવો કારભાર કરીએ છીએ ! પણ તેઓનો ધર્મ કહે છે કે "કબરોને જોઈને પોતાની મોત યાદ કરે, આ કબરવાળા આપણી માફક ચાલતા ફરતા હતા, ઘરબારવાળા હતા, આખર તે સર્વ મુકી મરી ગયા. માત્ર સારા કામો જ તેઓની સાથે જ ગયા છે. તેઓનું દેહ કેવું સાફ હતું આખર માટી થયું છે, આવા ગુણ કબરને માટે હોવા છતાં જે કબર પર હરામ કામો થતાં હોય, તે કબર પર ઓરતોને જવું હરામ છે." (હનફીયેના કાયદા પ્રમાણે ગુ.મો.) વળી મુડદાઓની કબર પર દીવા બાળવા હરામ છે. તે વિષે હઝરત (સલ) શું કહે છે તે જોઈએ. "ઈબને હજરનીજના ઝેર પુષ્ટ **૧૨૯માં** છે." જરા સરખો દીવો પણ કબર પર બાળવો હરામ છે. કબર પર દીવો બાળવાથી પેંગબરની લાનત ઓરવી છે. આગળ જતાં જણાવે છે કે : કબ્રસ્તાનમાં કોઈ ચીજ ખાય નહિ, પીએ નહિ, સુએ નહિ તે જગ્યાં અગ્નિ સળગાવે નહિ, કબર પર ગીલાફ ઓઢાવે નહિ વગેરે (ગુ. મો.)

આપણને જાગૃત કરવામાં તેમને* એમ લાગ્યું કે, "જો અમે અમારા પીરાણા ભાઈઓને તેના અજાણપણાનું ભાન કરાવીએ તો, તેમાં અમે પ્રભુ સેવા કરીએ છીએ અને તે સેવા અમે પસંદ કરી છે." તેથી તેમના ઉપર આપણી ઈતરાજી વધી છે અને તેમને આપણે ન્યાત બહાર કરીએ, ધર્મ બહાર કરીએ ગાળો ભાંડીએ, તેટલેથી પણ સંતોષ ન માનીએ તો મારી નાંખવાની ધમકીઓ આપીએ, આ બધું ધર્મ વિરૂદ્ધ છે, એક જાતની હિંસા છે, આપણે આપણો સ્વાર્થ ઢાંકવા ખાતર બધાના કાન તેઓની વિરૂદ્ધ ખોટી રીતે ભંભેરીએ, (તેવા આગેવાનો આપણામાંથી જેઓ નવરા છે, મુખી સૈયદો કારભારી છે) એ પણ હિંસા છે તેઓ આપણને વિનંતી કરે છે કે, "તમે અહિંસાને મુખ્ય અંગ માનતા હો તો અમે કાલે આ ચળવળ છોડી દઈએ વળી તેઓ આપણને ભુલો બતાવે છે કે, આપણામાં વ્યસન અને વિષયને માટે એક જ નિયમ રાખેલો છે એ ગુનાને માટે અમુક રોકડ ભેટ ધરવાથી માફ થઈ જાય છે ! પણ કાકા અને સૈયદો, કોની આગળ ગુનો ઉતારે છે ? તે આપણે શંકા સમાધાન કોની આગળ કરવું !! મતલબ કે પૈસા હરણ સિવાય કોઈ પણ સામાજીક સેવા નથી." તે વાત તેઓની સાચી છે એમ આપણું હૃદય તો કબુલ કરે છે. તો હૃદય વિરૂદ્ધ અસત્ય વાતને નીભાવી લેવી તેના જેવી હિંસા એકે નથી. આપણા પૈકીના કહે છે કે આપણે એકલા શું કરીએ ? એકલ દોકલને ન્યાત બહાર મુકી દે ! તેવાઓને આપણે વિનંતી કરવાનો હક છે, ચાલતા રીવાજ ગમે તેવા ખરાબ હોય તો પણ તે વિરૂદ્ધ ખંડન ન થાય. અલબત આ તેઓની નબળાઈ બતાવે છે. તેઓનું આત્મિક બળ ઓછું છે સંસાર ભરની અંદર જે જે હાનિકારક રીવાજો દાખલ થવા પામ્યા છે તેનો મુળ કર્તા એક જ હોવો જોઈએ.

* આપણા માટે ત્તન,મન, ધનનો ભોગ આપનાર વિગેરે.

તેના ઈતિહાસ લખાતા નથી પણ લાભદાયક રીત રીવાજોને દાખલ કરનારના અથવા સદાચારને ફેલાવનારના તો ઈતિહાસ અથવા જીવનચરિત્રો લખાયેલાં છે તેવા ઈતિહાસો ઉપરથી જણાઈ આવે છે કે, તેના કર્તા પણ એક જ હતો. ઈશ્વર નિમિત્તે યજ્ઞમાં પશુ, પક્ષી અને મનુષ્યોના ભોગ આપનારા બ્રહ્મરાક્ષસોની સામે થઈ, યજ્ઞ યાગનો નાશ કરાવી, નિરિશ્વર વાદને ફેલાવનાર બૌદ્ધ સ્વામી એકલા જ હતા, બૌદ્ધ સ્વામીના જીવ અને પ્રકૃતિવાદનું ખંડન કરી, કેવળ બ્રાહ્મવાદનું મંડન કરનાર બાળ બ્રહ્મચારી સ્વામી શંકરાચાર્ય એકલા જ હતા હિન્દુ મુસલમાનનો ભેદ તજાવી ઐક્ય કરાવનાર.

ગુરૂ નાનક સાહેબ એકલા જ હતા. યવનોનો દુષ્ટાચાર હઠાવી આર્ય નામનો નાશ થતો અટકાવનાર શુરવીર શિવાજી એકલા જ હતા. અનેક જાતિનાં ભેદનાં ઝઘડાને દુર કરાવી અને અનેક ઈશ્વરને તજાવી, ચાર જાતિ, એક જ ઈશ્વર અને વેદ એજ આર્ય ધર્મનો પાયો છે. એવા સિદ્ધાંત આગળ ધરનાર સ્વામી દયાનંદ સરસ્વતી મહારાજ એકલા જ હતા. આધુનિક જમાનાના મહાત્મા ગાંધીજી પણ એકલાએ જ ઉપાધી ઉપાડી લીધી છે, આપણામાંથી મહાશય નારણજી મિસ્ત્રીએ પણ એકલાએ જ પીરાણા પંથ નાબુદ કરવા કમર બાંધી છે. “બંધુઓ અમે સુધારક છીએ, એવો અમારો દાવો નથી. અમે કોઈના ઉપર ઉપકાર કરતા નથી. અમે જે કરીએ છીએ, તે અમારા અંગત લાભને માટે છે. તેમજ અમે જ્ઞાતિ હીતને માટે કરીએ છીએ, એવું જો કોઈ અમારામાંથી કહેતો હોય તો તેની ભુલ છે. પ્રથમ હીત તો અમારું જ સમાયેલું છે.” ટૂંકમાં સદવર્તનની સામે કોઈનો અવાજ નથી. સદવર્તન એજ ભાઈ, નીજ જ્ઞાતિ, એજ મિત્ર અને એજ છોકરાં છે, સિવાય બીજું અહીં જ છે. સદગુણ કરતાં દોલત અથવા બીજી વસ્તુ વધારે વહાલી ગણે, તે તેઓમાં કાંઈ નહિ હોવા છતાં છેવટ પોતાને મ્હોટા માને તો તેઓ ઠપકાને પાત્ર છે.

આપણે જાણીને ખુશી થયા કે : પીરાણાઓ શુદ્ધ થતાં જાય છે, એજ વિજયની નિશાની છે, આપણામાં અજ્ઞાનતાને કારણે જ મમત છોડી શકતા નથી. આ મતથી આપણે વધારે વહેમી, ઉદ્ધત, અને પાપ કરતાં નિડર બન્યા. એટલું જ નહિ, પણ ગુનાહ ઉતરી જાય છે, એ સિદ્ધાંતથી અમે મરદપણાનો હક ગુમાવી બેઠા. એક વાત જ જણાવવાની રહી છે. કેટલાક પીરોના નામ પર બકરો,મરઘો, પાળીને નિયાઝ કરે છે.” એવી વાતોથી પીર નારાજ થાય છે અને લોક ઘણા ગુનેગાર થાય છે. એટલું જ નહિ પણ એવા પશુઓનું માંસ ખાવું કેટલાક ઓલમાઓએ હરામ કહ્યું છે. વળી કબરોને સિજદો કરવો હરામ છે. અને તેને ચોતરફ કુરબાન થવું તેની માનતા માનવી, તેની રોશની કરવી અને તેઓથી દુવા માંગવી ઘણું બુરું છે, તેના નામની બેડીઓ પહેરવી નાણાં નાંખવાં પણ બુરાં છે, માથામાં તેઓનાં નામની વાળની ચોટલી રાખવી, પણ ઘણી બુરી છે, એ રસમો જાહીલોની છે.” એવું કુરાનમાં ના પાડેલી હોવા છતાં અમારામાંથી કેટલાક આ રીવાજોનો કારભાર કરે છે. વળી એક વાત બીજી પણ અમારામાં ખામી ભરેલી છે, તેને માટે તેનો ધર્મ કહે છે કે : મુલ્લા અલી કારી (રહ) રહ શરહ એનુલ ઈલમમાં લખે છે. “કબરને, તાબુતને અને કબરની દીવાલને હાથ અડકે નહિ, કેમ કે જ્યારે નબી (સલ)ની કબર જેવીને માટે મના થઈ તો બીજાઓની કબરોનો શો હાલ” આટલી બધી અજ્ઞાનતા અમારામાં હોવા છતાં, અમને અમારો મત મુસલમાન કોઈ કહે તો તીવ્ર લાગણી ઉત્પન્ન થાય છે, એજ અમારામાં હિન્દુપણાનું લોહી હોવાના ચિહ્નો છે.

૧૦.૬ - પાટીદાર ઉદય - અંક ૭ અને ૮ - વિ. સં. ક. ૧૯૮૦ પોષ અને મહા (Jan-Feb-1924)

વળી અમારા સતપંથ ધર્મે હિન્દુ મુસલમાન સાથે કુસંપ રખાવ્યો છે, તેને માટે એક શાસ્ત્ર ભાખ્યું છે કે, "હિન્દુ અંધા, મુસલમાન કાણાં, દોની બીચમેં સતપંથ સમાણા "!!! એવું માનનારા અમે વધુમાં વધુ ૪૦-૫૦ હજાર હશે. અમારા ધર્મનો બીજો નમુનો એ છે કે : આપણા ધર્મમાં (સતપંથ) અવતાર લીધા સિવાય કોઈની મુકિત નથી" !!! ત્રીજો નિયમ એ છે જે "આપણા ધર્મની કોઈને વાતો કરે તો પાપ લાગે"!!!

આ બધા સંજોગોમાં અમારું માનવું એમ છે કે : ભલે અમે હિન્દુ, ઈસ્લામના ધર્મને ખરાબ માનીએ ! પણ અમારે મહાત્મા ગાંધીજીનો સિદ્ધાંત તો કબુલ કરવો જ પડશે કે "સ્વર્ગમાં સ્થાન પામવા જેવા પવિત્ર ન હોઈએ તો દુનિયામાં ફરી અવતરવું જ પડે." અમારો જ ધર્મ સાચો એમ કહી અમારા ધર્મગુરૂઓએ વાડા બાંધી વિચારને સંકુચિત બનાવ્યો છે, એટલું જ નથી, પણ વહેવાર પણ તેવો જ બનાવી મુક્યો છે કે જ્યાં અમારી મર્યાદા સચવાતી નથી. વગેરે ધાર્મિક હિંસા છે, મનુષ્યનિ દષ્ટિ શુભ હોય તો તેની નજરે કદી અશુભના દર્શન થાય નહિ, મનુષ્ય અમુક ધર્મમાં જન્મ લેવાથી કોઈ ધાર્મિક કહેવાતો નથી. ભ્રાતૃ ભાવના વિચાર હિન્દુ ઈસ્લામમાં ધર્મની દષ્ટિએ એક છે, જ્યાં ઈશ્વર પોતાના પ્રાણી માત્ર સંતાન છે, અને તેથી આપણે બધા ભાઈઓ છીએ. એવું માનનારને દેવળ કે મંદીરમાં પણ જવાની જરૂર નથી, ધારે તો પોતાના ઘરના કોઈ એકાંત ખુણામાં બેસીને પણ તે જગતમાં પણ ભાતૃ ભાવની ભાવનાને પોષી શકે છે, છેલ્લામાં છેલ્લું અમારું માનવું એમ છે કે, જ્યાં "યાં ખુદા મારું બુરું કરે તો તેનું બુરું કરજે, હું કોઈનું બુરું કરું તો માફ કરજો" ! એવું જે ધર્મમાં મનાતું હોય તો તેનાથી અલગા રહેવું જ જોઈએ એમ માની અમે પીરાણા-સતપંથનો ત્યાગ કરીએ તો તેમાં ખોટું શું ?

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

રણછોડદાસ ભગત

જાહેર વિનંતિ

પીરાણા મત માનનારા ભાઈઓ આથી કાંઈ ધડો લેશે કે ? બાણું (૯૨)ને નામે ઓળખાતી માનધાતા નળબદા સર્વે કોળી ભાઈઓ જોગ.

અમે બાણું પૈકી ઈચ્છાપુર વિભાગના સાત ગામના કોળી લોકો એક બાઈના છુટાછેડા કરવા બદલ ઈચ્છાપુર ગામે ભેગા થયા હતા તે સમય **"કચ્છી પીરાણા ભાઈઓએ"** જે પીરાણા પંથી રિપોર્ટ તા. **૧૮-૧૯-૧૮**નો બહાર પાડ્યો છે જે સાંભળતા તે મત હિંદુ લોકોને માનવા લાયક નથી અને તેટલા જ ખાતર અઠવા, ભીમપુરમાં એ મતના કોળી અનુયાયીઓ સાથે વૈષ્ણવ મત પાળનારા કોળી લોકો એ કોઈ પણ જાતનો સંબંધ નહિ રાખવા ઠરાવો કરી ઉપર સહીઓ કરી છે, છતાં આપના ખાસ લક્ષ્ય ઉપર લાવવા એ મતના ટુંક મુદ્દાઓ નીચે ટાંક્યા છે, તે ઉપરથી જણાશે કે **પીરાણાઓ (હિંદુ) સાથે સંબંધ નહીં રાખવા જોઈએ. સબબ એ મતના સિદ્ધાંતો મુસલમાની છે અને તે માન્ય છે. "તેથી અમે સાત ગામના લોકો ખાવા-પીવા વહેવાર રાખે છે તે હવે બંધ કરવામાં આવ્યો છે."** માટે આ વાત ગામના પૈકી જે તે તોડશે તેની પાસેથી રૂ. ૫૧) એકાવન દંડ લેવામાં આવશે, આ પ્રમાણેનો અમે ઠરાવ કીધો છે, તે સર્વના લક્ષ ઉપર આવે તેટલા ખાતર પ્રસિદ્ધમાં મુક્યો છે, એ મતવાળા જે પીરાણા મત પાળે છે, તે (સનાતની હિંદુ) ધર્મ આમ સાબીત કરે તો આગળ ચાલતું હતું તેવું ચાલવામાં વાંધો નથી.

પીરાણા મતના મુદ્દાઓ

૧. એ મતના સ્થાપક સદરીદીન છે અને તમને મુસલમાન સરદારે મોકલ્યા છે.
૨. એ મતવાળા કલમો પઢે છે, અને દુવા પઢે છે.
૩. એ લોકોની ઘટપાટની પૂજા ઉપરથી જણાય છે કે એ લોકો મુખ્ય પ્રધાનપણે **ઈમામશાહને** માને છે. ઈમામશાહ મુસલમાન છે.
૪. જેમ હિંદુ લોકો બ્રાહ્મણને માને છે, તેમ એ લોકો સૈયદોને માને છે, દાન પણ સૈયદોને આપે છે. **સૈયદ એ મુસલમાન છે.**
૫. ફરમાનજી, બીસમલ્લા, હર રહેમાનનર રહીમ, સતગોર પાત્ર ઈમામશાહ નરઅલી મહમદશાહ સતગોર પીર કબીર દીન, સતગોર પીર સાહેબદીન સગોરપીર સમસદીન નરઅલી નામ નબી નુર સતગોર તમારી દુવા.
૬. જમાતખાનામાં દુવા પઢે છે, સતગોર ઈમામશાહ નરઅલી મહમદશાહ હકેલાએ લાહે લલાહે મહમદુર રસુસ્લાહેં.
૭. તે સિવાય આ લોકો નાદેઅલી, નુરનામું, બાજનામું, રતન નામું તેમજ તૈયબનો કલમો પઢે છે, તે સિવાય રોઝા પાળે છે, ચાંદરાત માને છે.
આ બધું જોતાં એ લોકો હિંદુ ધર્મ પાળતા નથી આમ અમને માલુમ પડ્યું છે તેથી અમે ઠરાવ કીધો છે.
લી. સેવકો.
ઈચ્છાપુર, કવાસ, મલગામા, સેવાગા, છામા, બરબોધન, પાલણપોર, પાલના પંચના પટેલો.

કુદરત અને મનુષ્ય

હે પ્રભુ ! ત્હારી કૃતિ ન્યારી છે, ત્હારું કામ અકલિત અને અમાપ છે. મનુષ્યોનાં ખિન્ન હૃદયો ત્હારા અવર્ણનીય અને સુશોભિત કામો નિહાળી શાંતિ પામે છે. ત્હારાં કામો કેટલીકવાર અમારા નશ્વ દેહોને રંજાડે છે અને રમાડે છે, પૃથ્વીના વિશાળ પટ ઉપર સ્વચ્છ પાણીવાળી વહેતી નદીઓ જન સમુદાયને આહાહા ! કેટલું બધું સુખ આપે છે ! શું માનવ જાતિ ત્હારા ઉપકાર નીચે દબાએલી નથી ? શું ત્હારું કામ એક પળ પણ ભુલાય તેમ છે ? ત્હેં પ્રાણીઓને જોઈતું પાણી ખાવાને ખોરાક જીવવાને જીવન વાયુ, બાળવાને બળતણ અને ઘણીએ અમુલ્ય વસ્તુઓ મનુષ્ય જાતિને બક્ષી છે. શું આ ત્હારા કરેલાં કામો ત્હારી અસ્તિત્વની સાક્ષી નથી પુરતાં ? પૂરે છે, પરંતુ મ્હારા અક્કલહીન અને તેજોહીન બંધુઓને ત્હારાં કૃત્યોની કયાં કદર છે ? તેઓ તો પોતાના અધમ કૃત્યોએ પવિત્ર આત્માના રહેવાના ધામને વણસાડે છે અને ભાવિ પ્રજાને વાસ્તે વારસામાં દુઃખની મુડી મુકતા જાય છે. કુદરત હર હંમેશ માનવ જાતિને નીતિના પાઠો પઢાવે છે, તે છતાં ક્યાં છે મનુષ્યોનાં હૃદય કુદરતની શીખામણો જીલવાને તૈયાર કુદરત એ ઈશ્વરી કામ છે માટે કુદરતને ચ્હાવી એ ઈશ્વરને ચ્હાવા બરાબર છે. શું કુદરત માનવ જાતિને નવાં સ્વરૂપ ધારણ કરવાનું નથી શીખવતી ? એ તો હંમેશાં નવિન પાઠો પઢાવે છે. પરંતુ મનુષ્યો કેયાં સમજે છે તારા પઢાએલા પાઠોને.

૧૦.૬ - પાટીદાર ઉદય - અંક ૭ અને ૮ - વિ. સં. ક. ૧૯૮૦ પોષ અને મહા (Jan-Feb-1924)

વૃક્ષો, વેલા, અને વરસાદ દ્વારા કુદરત પ્રત્યેકને પ્રાણી પ્રત્યે પરોપકાર વૃત્તિ શીખવે છે માટે ઓ સત્તાધારીઓ અને શ્રીમંતાઈથી તર બનેલા ધનિકો ! ત્હમારી મોટાઈ ફક્ત ઐહિક સુખો માળવાને માટે નથી પરંતુ પારકાના ભલા માટે અને સદકામો કરી ઈશ્વરની સમીપ જવાને માટે છે.

હે બુદ્ધિવાળા ઉત્તમ મનુષ્યો ! જ્યારે બુદ્ધિ વિનાના કુદરતી કામો પારકાના ભલા માટે સદા કામ કરી રહ્યા છે, ત્યારે શું તમો સ્વાર્થી અને લોભી થઈને તમારી મનસા દેહને આ દુનિયામાં એક જંગલી પશુ કરતાં પણ ક્ષુલ્લક ગણશો કુદરત અને મનુષ્ય એકબીજા સાથે જોડાયેલા છે. કુદરત તમારા માટે બધું કરે છે, ત્યારે શું તમો કુદરત સામે તમારા કામો થોડીવાર બંધ રાખી જરાએ નહિ જુઓ ધન્ય છે ? આપણી જન્મભૂમિને કે જે આપણને દરેક જોઈતી વસ્તુઓ પૂરી પાડે છે. ઉત્તમ અને દરેક જાતની હવા જોઈતું પાણી ઘણી જાતની ધાતુઓ દરેક જાતની વનસ્પતિ અને ખોરાક ઉત્તરની પ્રજાઓના જુલમી હુમલામાંથી રક્ષણ કરતી આપણી ઈશ્વરના પવિત્ર ધામવાળી હિમગીરીની ઉચ્ચ ટેકરીઓ આવેલી છે તે છતાં ક્યાં છે આ સર્વને માટે તેના પુત્ર પુત્રીઓને અભિમાન.

જે રાષ્ટ્ર કુદરતના અર્પેલા કામોનો ઉપયોગ નથી કરતું તે રાષ્ટ્ર પડે છે અને રહે છે દુઃખમાં અને પરવશતામાં આપણા કૃત્યો અનુસાર કુદરત ફરે છે, કુદરતના ફેરફારને નહીં નીંદતા, નિંદજો તમારી જાતને જે બેવફા છે ઈશ્વરના સર્જેલા કામો પ્રત્યે.

હે મનુષ્ય ! તું કુદરતના કર્તાને ઓળખ અને કર જેમ કુદરત શીખવાડે તેમ પ્રભુતાના કામો જો તું ત્હારા જીવન નાવને આનંદ ધામમાં લઈ જવાને માંગતો હોય.

કુદરતના પક્ષીઓ પ્રાતઃકાળે પોતાના મધુર સ્વરે વૃક્ષોની ઘટામાં અને નભમંડળે ભમીને મધુર ગાન કરીને આનંદ આપે છે તો શું તમોને તે પક્ષીઓ નથી કહેતા કે મનુષ્યો ! બનો નિર્ભય અને રહો સુખ શાંતિમાં અને સંતોષમાં જેમ અમો રહીએ છીએ તેમ પરંતુ બધિર કર્ણવાળા આપણે ક્યાં ઉતારીએ છીએ ને અવાચ પક્ષીઓના સદ્‌બોધને આપણા હૃદય સાગરે.

મનુષ્યને કુદરત પોષે છે જ્યાં સુધી તે જાય છે કુદરતના દોરેલા માર્ગે અને મનુષ્યની પડતી ત્યારે કે જ્યારે તે ત્યજી દે છે કુદરતના કાનુનોને પછીથી તે પોતાના અવિચારી કામોને માટે સદૈવ પસ્તાય છે.

હજુ આપણા અધમ કૃત્યો સામું કુદરત જોતી નથી કારણ કે તેનામાં દયાનો અંશ છે. પરંતુ જ્યારે કુદરત કોપશે ત્યારે આપણી હસ્તીને માટે મોટો સવાલ થઈ પડશે માટે મ્હારા બંધુઓ! ચાલો પ્રભુતાના પંથે અને નિહાળો કુદરતના કામો અને ઉતારો કુદરતનો સદબોધ તમારા હૃદય મંદિરમાં અને પછી ભણાવો નીતિ પાઠો તમારા સ્વદેશીઓને જો તમો સુખી થવાને માંગતા હો.

હે પ્રભુ ! તું અમારા હૃદયોને વિકસાવ જેથી અમો તારા બાળકો ઝીલીએ ત્હારા સદબોધને અને અહોનિશ તારું જ ગાન ગાઈ પવિત્ર જીવન ગાળી કરીએ આ મર્ત્ય ભૂમિને છેલ્લા પ્રણામ આજ અમારી અંતર પ્રાર્થના હો. ઈત્યોમ.

ઉત્તરસંડા-ડાહ્યાબાઈ દેસાઈભાઈ પટેલ

ભલાઈનો નમુનો

અધિપતિરાજ ! આપે તો ખુબ કરી પાટીદાર ઉદયનો ૭ મો અંક પણ પ્રગટ કરવા ને તૈયાર થયા છો ? પણ ? સંભાળજો બાપા ! વખત બહુ જ બારીક આવ્યો છે. હો ? ક્યાંક ફસાઈ ન પડતા જુઓને પેલા બિચારા ભક્તરાજ શીવજી માકાણી પણ હમણાં ફસાઈ પડ્યા છે. તેણે લગીરેક ગુનો કર્યો ફક્ત બીજા ભાઈ બાયડીને સાધુડી બનાવવાનો.

ધર્મ કરતાં ધાડ ઉઠે જુઓને ધર્માત્મા ભક્ત શીવજી માકાણી બીચારો ધર્મ કરતા કેમ ફસાઈ પડ્યો. ધર્મ કરવું તેમાંય શું ગુનો કહેવાતો હશે ? હોય બાપલા ? કળીજુગ છે.

તેણે પોતે તો સંસારનો ત્યાગ કર્યો પણ બીચારાને હજુએ નામ રાખવાનું તો ખરું ને ! તેથી તેણે એક મોટું ધર્માદાનું કામ કર્યું તે એકે મીરા બાઈનો અવતાર બાઈ જમનાબાઈ જે નેત્રાવાલા ભાઈ અખઈના ધર્મપત્ની થાય છે. તેને પણ તેણે ભાન કરાવ્યું અને સંસાર છોડાવી માથું મુંડાવ્યું ધન્ય છે, શીવજી ભગત તમોને.

આજ કાલ કાંઈ અદેખાઈ થોડી વરતાઈ રહી છે. જ્યાં જુઓ ત્યાં અદેખાઈ અદેખાઈ ઈર્ષાના વાજાં વાગી રહ્યા છે.

જાણવા જોગ ખબરો

માછલીઓનો વરસાદ

ખબર પત્રી લખી જણાવે છે કે ખેરપુર રાજ્યના તાલુકા મીરવાં ગામ તાલપુરમાં માછલીઓનો મુશળધાર વરસાદ વરસ્યો હતો. માછલીઓ એક આંખવાળી હતી. લોકોએ ખોરાક માટે ટોપલાના ટોપલા ભરી લીધા હતાં.
હિંદુ તા. ૧૨-૧-૨૪

પુરૂષને પેટે જન્મેલા બે બાળકો

૧૯૨૩ના ૨૫મી ઓક્ટોબરે સર્વીયાના એક ગામડાના રહીશે બેલગ્રેડમાં આવી દાક્તર પાસે પોતાના દરદની ફરીયાદ કરી. દાક્ટરે તેનું પેટ ચીર્યું તો ડાબી બાજુએથી બે બચ્ચાં નીકળ્યાં, જેમાંનું એક ૨૫ સેન્ટીમેન્ટનું અને બીજું તેથી સહેજ નાનું છે. મોટાના મોંમાં ચાર દાંત હતા. દાક્તર એવું અનુમાન કરે છે કે સદરહુ ઈસમ જ્યારે ગર્ભમાં હશે, ત્યારે જ આ બાળકો તેની સાથે જોડાયેલા હોવા જોઈએ. માણસ મરી ગયેલ છે. અજમેરમાં હીજડાના પેટે થયાની યાદગીરી હજુ કાયમ છે. પણ યુરોપમાં તો હવે મર્દોએ પહેલ કરી જણાય છે.
હિતેચ્છુ તા. ૨-૧-૨૪, બુધવાર

દોઢ ફુટ ઉંચાઈનો ઠીંગણો માણસ

અત્યારે વીસમી સદીમાં એક ઠીંગણો (વામનજી) બેલ્જીઅમના એન્ટવર્પમાં રહેતો મેજર ગ્રેહામ છે, તેની ઉંચાઈ અઢાર ઈંચ અને વજન સતર શેર.
હિતેચ્છુ તા. ૨-૧-૨૪ બુધવાર

મરદનું સરેરાશ વજન ૧૪૦ રતલ હોય છે તેના હાડકાની સંખ્યા ૨૪૦ હોય છે.

૧૦.૬ - પાટીદાર ઉદય - અંક ૭ અને ૮ - વિ. સં. ક. ૧૯૮૦ પોષ અને મહા (Jan-Feb-1924)

મીસ ઓપલ વ્હાઈટ લે નામની જાણીતી સ્ત્રી લેખકે છ વરસની ઉંમરથી લખવા માંડ્યું હતું. એનો બાપ કઠીઆરો હતો તેણે તેનું બધું લખાણ એકવાર ગુસ્સામાં ફાડી નાખ્યું. આજે એજ ૨૩ વરસની જુવાન બાળાએ પોતાની લેખન શક્તિથી ભલભલા વાઈકાઉન્ટ ગ્રે જેવાને પણ મુગ્ધ કરી નાખ્યાં છે.

આપણી ઊંચાઈ હમેશા રાત્રે જ વધે છે :-આપણી કોલેજો

ત્રીસ કરોડની વસ્તીના હિન્દમાં ૧૩૦ કોલેજો છે ૮।। કરોડની વસ્તીવાળા અમેરીકામાં ૫૦૦ કોલેજો છે. હિન્દુસ્તાનમાં કુલ ચોપાનીયા, પેપરો વગેરે મળી ૧૮૦૦ છે. અમેરીકામાં ૨૩૫૦ તો ફક્ત દૈનિકો જ છે. ચોપાનીયા અને અઠવાડીકો તો ૪૦૦૦૦ છે.

ઓટાવા આગળ નવી રૂપાની ખાણો જડી છે. લોકોનો ત્યાં ઘસારો ચાલુ છે. સોનું દેખી મુનીવર ચળે તો રૂપું દેખી માણસ તો ચળે જ ને?

તહેરાનમાં ખુબ વરસાદ પડ્યાથી ભારે ખુવારી થઈ છે. સ્વર્ગમાં વસતી ખુટી હોવી જોઈએ, નહિ તો આટલા બધાને ત્યાં નોતરાય નહિ.

ટેલીફોનથી ચિઠ્ઠી

અનેક વેળા ટેલીફોનથી આપણે જેની સામે વાત કરવા ધારીએ છીએ તે વ્યક્તિ ઘેર હોતી નથી. તે વેળા ભારે પંચાત પડે છે. કામ ખુબ જરૂરનું હોય આવે વખતે કેલીફોરનિયાની એક શોધકે યોજેલી યુક્તિ બહુ કામ લાગે તેવી છે. તેણે ટેલીફોન અને ટેલિગ્રાફનું સાંધણ કર્યું છે. આપણને જે કહેવાનું હોય તે બોલવાથી (પેલું ટેલિગ્રાફ યંત્ર તેની સાથે લાગુ કરેલું હોય છે તેના વડે) ત્યાં લખાઈ જાય છે. અને પેલી વ્યક્તિ બહારથી પાછી ફરે ત્યારે તેને ખબર પડે છે.

તોપ તા. ૧૦-૨-૨૪ રવિવાર ઉતારો

ચાર બાળકોનો એકી સાથે જન્મ !

કાઠીયાવાડમાં લીલીયા નામે ગામમાં ત્યાંના એક બાઈને એક જ વખતે બે જીવતાં બાળકો તથા બે મુવેલાં બાળકોનો જન્મ થયો છે. આવા બનાવ ઘણી જગ્યાએ કોઈ કોઈ વખતે બનતા સંભળાય છે. (કા. ટા.)

બનાવટી ગાય

અમેરીકામાં હેન્રી ફોર્ડ નામના એક શોધકે ધાતુ-લોખંડ વગેરેમાંથી એક બનાવટી ગાય બનાવવાની શરૂઆત કરી છે. તે કહે છે કે આ ગાય બીજી ગાયોની માફક ઘાસ વગેરે ખાશે તથા દૂધ પણ સાચી ગાયોની માફક આપશે. આવી ગાયો દૂધ આપશે તો પછી તમને જીવતી ગાયોની દૂધ માટે જરૂર નહિ જ રહે ! (ચિ. જ.)

દરરોજ બે મણ દુઝતી ગાય

લખનૌની લશ્કરી ડેરાના મેનેજર જણાવે છે કે ત્યાં એક એડના નામની ગાય છે. તેણે પાંચમા વેતરમાં ૩૬૦ દીવસની અંદર ૧૫,૩૨૪ રતલ દુધ આપ્યું હતું, અને તે જ ગાયે પેલા વેતરમા ૪૩૮ દીવસમાં ૬૫૨૧ રતલ દુધ આપેલ હતું. છેલ્લી વખતે ૭ દિવસમાં ૬૨૨ રતલ અને ૩૦ દિવસમાં ૨૩૮૮ રતલ દુધ આપેલ છે. આ ઉપરથી

જણાય છે કે ગાયોને સારી રીતે ખવરાવાને ચાકરી કરવામાં અને તેની કતલ થતી અટકે તો ભારત વર્ષમાં ઘી, દુધ અને છાશની પાછી અસલના જેવી જ લહેર થાય ખરી ખરેખર ! ગાયને જો પોતાના કુટુંબનું પ્રાણી ગણી સંભાળ રાખવામાં આવે તો આપણા ઉડી ગયેલા તેજ બળ અને આરોગ્ય એ સર્વ પાછા પ્રાપ્ત થાય.

આપણી ઉંમર

હિન્દના પ્રત્યેક માણસની સરેરાશ ઉંમર પ્રમાણ ૧૯૨૧ની સાલની ગણતરી મુજબ ૨૨ વરસનું જણાય છે. જ્યારે અમેરીકામાં દરેક મનુષ્યની વય ૫૬ વરસની ગણાય છે. હિંદમાં મનુષ્યની ઉંમરનું પ્રમાણ ઘટતું જાય છે ત્યારે અમેરીકામાં દીન પ્રતીદિન વધતું જાય છે.

હિતેચ્છુ

જ્ઞાતિ સમાચાર

સિન્ધ હૈદ્રાબાદના ખબરો.

ગયા જાન્યુઆરી માસમાં અહીં કરાંચીવાળા ભાઈ રતનશી શીવજી જેઓ પાટીદાર ઉદયના તંત્રી છે તેઓ પોતાના અંગત કામકાજ માટે અહીં પધારેલા હતા. ગામમાં વસતા પાટીદાર ભાઈઓને આ વાતની ખબર પડતાં કેટલાંક ભાઈઓ તેમને મળવા માટે ભાઈ માવજી પુંજા મીસ્ત્રીને ત્યાં ડેપ્યુટેશનના રૂપમાં ગયા હતા. ત્યાં ધાર્મિક ચર્ચા કેટલોક વખત થયા બાદ તેમના વિચારો અમોને ઠીક જણાતાં, તેમની સલાહ તથા અહીંના સ્થાનિક ભાઈઓના ઉત્સાહથી અહીં એક કચ્છ કડવા પાટીદાર સુધારક મંડળની શાખા ખોલવામાં આવી છે અને તેનું કામકાજ ચાલુ રાખવામાં આવેલ છે. દર શનિવારે એક સભા મળે છે, જેમાં સુધારા કરવા બાબત ચાલું ચર્ચા કરવામાં આવે છે. તદુપરાંત તેમની હાજરીમાં આપણી જ્ઞાતિની સેવા માટે પ્રગટ થતા પાટીદાર ઉદય પત્રને ટેકો આપવા ફરી બીજી વખત એક સભા ભરવામાં આવી હતી. તે વખતે ઘણાંક ઉત્સાહી ભાઈઓની મદદથી એ પત્રના આશરે વીસેક ગ્રાહક તેજ વખતે નોંધાયા હતાં, તદુપરાંત મદદ તરીકે ત્યાંના મંડળના પ્રમુખ ભાઈશ્રી નાનજી પુંજાભાઈએ રૂ.૧૦ આપ્યા છે તે સિવાય રૂ.૧૦ ભાઈ મુળજી દેવજી તરફથી મળ્યા હતા. રૂ. ૫ ભાઈ નારાણ કરશન તરફથી મળ્યા હતા. આ પ્રમાણે આપણા ઉગતા એક પત્રને મદદ આપનાર ભાઈઓનો તથા ગ્રાહક મહાશયોનો તે જ વખતે આભાર માનવામાં આવ્યો હતો અને ફરી પણ આવી જ રીતે મદદ કરવાનું કહી ભાઈશ્રી રતનશી ભાઈએ પણ સર્વ હૈદ્રાબાદ વાસી પાટીદાર ભાઈઓનો આભાર માની લીધા બાદ તેમના માનમાં એક પાર્ટી કરવામાં આવી હતી તેમાં આશરે દોઢસો સુધી ભાઈઓની હાજરી હતી. તે વખતે ઘણી જ ખુશાલીમાં દરેક ભાઈઓએ ચાહપાણી લીધા બાદ મેળાવળો વિસર્જન કરવામાં આવ્યો હતો. આવા પ્રસંગે બહાર ગામથી આવેલા અતિથી મહેમાનની સરભરા કરવામાં દરેક ભાઈઓએ જે ઉત્સાહ બતાવ્યો હતો તે ખરેખર વખાણવા લાયક હતો.

એક પત્રકારે માંગેલી માફી

અહીં કરાંચીના એક કોમીક પત્રકાર જોશી **મોરારજી સુંદરજી* લ્હેરૂ** એ થોડા વખત પહેલાં અમારા ઉપર રિવ્યુ માટે પોતાના પેપરનો એક અંક મુક્યો હતો તે અંક સાથે એક હેન્ડબીલમાં અહીંના જાણીતા દેશી વૈદ **ગોપાલજી કુંવરજી ઠક્કુર** વિરૂદ્ધ કેટલાક અઘટીત આક્ષેપો ખરાબ ભાષામાં લખેલા હતા, તે વખતે તો અમોને રિવ્યુ લેવાનું યોગ્ય ન લાગ્યું. કારણ કે સદરહુ વૈદરાજને અમો સારી રીતે ઓળખીએ છીએ અને તેમના હેન્ડબીલનું લખાણ અમોને તદન બીન પાયાદાર જોવામાં આવ્યું. થોડા વખત બાદ સદરહુ વૈદરાજે મજકુર જોશી ઉપર કેસ માંડતા અમોને સાક્ષીમાં પણ જવું પડ્યું હતું. ત્યાં અમારી સમક્ષ તે જોશી શ્રી ઉપર ફોજદારી કાયદાની કલમ ૫૦૦ પ્રમાણે આરોપ મુકવામાં આવ્યો હતો. તેના થોડા વખત પછી ઘરમેળે પતાવટ થતાં નીચે પ્રમાણે **માફી પત્ર** જાહેર થયું છે, જેની એક નકલ અમોને પણ મળી છે, જે અમો અમારા વાંચકોની જાણ માટે આ નીચે સદાબરો ઉતારી લઈએ છીએ.

હેન્ડબીલની નકલ

હું નીચે સહી કરનાર મેં વૈદ ગોપાલજી કુંવરજીની વિરૂદ્ધ જે જે બાબતો અને આક્ષેપો નીચે જણાવેલ લેખોમાં કરેલા છે. તે સર્વ વિના શરતે પાછા ખેંચી લઉં છું.

(૧) તા. ૨૭-૯-૧૯૨૨ની રોજનો લેખ “વૈદ ગોપાલજી કુંવરજી ઠક્કુર-અખતરો અને ચમત્કાર” મથાળાવાળો જે તા. ૧૭-૧૨-૧૯૨૨ના રોજ મારા પત્ર “સારસ્વત દર્પણ”માં પ્રસિદ્ધ થયો હતો અને જે મેં કરાચીમાં હેન્ડબીલો વહેંચી પ્રસિદ્ધ કર્યો હતો.

(૨) તા. ૩૦-૮-૧૯૨૩ની રોજનો લેખ “ડોસાણીના દીલોજાન દોસ્ત-વૈદ ગોપાલજી કુંવરજી ઠક્કુરને ખુલ્લા પ્રશ્નો અને જન સમાજને જાહેર ચેતવણી”ના મથાળા વાળો જે લેખ હેન્ડબીલો વહેંચી છપાવેલ અને પ્રસિદ્ધ કર્યો હતો.

તેમજ હું સર્વ બાબતો અને આક્ષેપો લખવા અને પ્રસિદ્ધ કરવા માટે અતિશય દીલગીર છું **અને જે હવે મને બીનપાયેદાર માલુમ પડે છે.**

કરાંચી તા. ૩૧-૧-૧૯૨૪

મોરારજી વિશનજી લ્હેરુ, તંત્રી સારસ્વત દર્પણ

***એક સુધારો :** “એક પત્રકારે માંગેલી માફી” આ લેખની બીજી લાઇનમ?ાં મોરારજી સુંદરજી ભુલથી છપાયે?લ છે તેની બદલીમાં? મોરારજી વિશનજી વાંચવાનું છે.(Original પેજ ૨૨ પરથી)

મદદ કરો ! મદદ કરો ! મદદ કરો !

તમારા દાનનાં ઝરણો વહે માર્ગ અવળે તે.
કમી કરવા બદલ બીજાં નવા દુઃખો ઉમેરે તે
હવે તે દાનના ઝરણો અનુકૂળ ક્ષેત્રમાં વાળો
જમાનો જેમ બદલાયો સુધારો દાનનો ધારો.

ગરીબ જ્ઞાતિ ભાઈઓની હાલત જોઈને તમારું હૃદય કંપી ઉઠતું હોય
તમારા દેશ પરદેશ વસતાં ભાંડુઓના સમાચાર જાણવા હોય,
તમે તમારી જ્ઞાતિમાંથી કોહેલા રિવાજા કાઢવા હોય,
તમારે આગેવાન ગેઢેરાઓના ત્રાસથી જુલમથી બચવું હોય,
તમારે પીરાણા પંથની પ્રપંચી જાળમાંથી છુટવું હોય
અને તમારી ભાવિ પ્રજાને છોડાવી સુખી કરવી હોય
તો
"પાટીદાર ઉદય"ના ગ્રાહક થાઓ અને તે ખરીદો. ખરીદીને તેમાં
આવતા લેખોને વાંચો વિચારો અને મદદ કરો.

તમારે જ્યારે કોઈ પણ દાન કરવું હોય ત્યારે આ પાટીદાર ઉદયને ભૂલતા નહિ.
નાની મોટી દરેક રકમનો સ્વીકાર થાય છે તે તેના નીભાવવા અર્થે જ ખર્ચાય છે.
માટે
કોઈ પણ ધર્માદા કાઢેલી રકમ ખર્ચતી વખતે પુણ્ય દાન કે ધર્મ કરતી વખતે
લગ્ન ખુશાલીના પ્રસંગે કે વડીલોના સ્મરણ ચિન્હ તરીકે જુજ રકમ પણ
"પાટીદાર ઉદય"ના ફંડમાં મોકલવી ચુકશો નહિ.

આજે જ લખો :
વ્યવસ્થાપક, પાટીદાર ઉદય ઓફીસ, રણછોડ લાઈન્સ, કરાચી.

આ પત્ર "તરૂણ સાગર" પ્રેસમાં ગિરિજાશંકર બી. ત્રિવેદીએ છાપ્યું
ન્યુ સ્મોલકોઝ કોર્ટની સામે કેમ્પબેલ સ્ટ્રીટ કરાચી

Online Text Based
(can use for translation)

Source Document

॥ ओ३म् ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સુધારક યુવક મંડળ તરફથી પ્રગટ થતું માસિક પત્ર

પાટીદાર ઉદય

વર્ષ :૧લું   કરાચી, ફાગણ-ચૈત્ર-વૈશાખ વિ.સં.૧૯૮૦ {VSA: Mar, Apr, May-1924}   અંક ૯-૧૦-૧૧

ઈશ્વરી સંદેશ

ગઝલ

કરેજા કાર્ય ત્હારું તું, જરૂર તે તો સફળ થાશે,
ફલે જો ના હયાતીમાં, ફલો તુજ છોકરા ખાશે,
મળે જયમાલ નહીં તોએ, કર્યું તે વ્યર્થ ન જાશે,
કર્યાનું દામ મેળવશે, ધપ્યો જા ભાઈ ઉલ્લાશે.

જડ આચારને, જડ વિચારને, જડ જ્ઞાનને ખોળે માથું મુકી બહુ ઉંઘ્યા, હવે તો જાગવું જોઈશે, ઉઠવું જોઈશે, સત્યને, ભગવાનને, અંતરને પામવું જોઈશે. પડદા તોડી નાંખીને સાચી સ્થિતિ અનુભવવી પડશે એ વિના બીજી ગતિ નથી જાણવું જોઈશે. જે એ પંથ કાંઈ સહેલો નથી, બહુ કઠણ છે. તીખી કરેલી છરાની ધાર ઉપર ચાલવા જેવો કઠણ છે, એમ રૂષી જનો કહે છે. છતાં એ પંથે પડવું જોઈશે એ સિવાય બીજો આરો નથી, બીજી ગતિ નથી, ના નથી નથી જ.

ઉપનિષદ-

વાર્ષિક લવાજમ અગાઉથી રૂ. ૨ બે પોસ્ટેજ સાથે.
છુટક નકલ આના ચાર.

તંત્રી અને પ્રકાશક
રતનશી શીવજી પટેલ
પાટીદાર ઉદય ઓફીસ, રણછોડ લાઈન - કરાચી.

અનુક્રમણિકા

અમારો અંક

આ વખતનો અમારો અંક તેના નિયમિતપણાથી મોટો અને મોડો છે. તે મોટો હોવાના કારણમાં અમારો ખુલાસો આપ સર્વે જ્ઞાતિ બંધુઓની સમક્ષ વિદિત કરતાં અમે જણાવીશું કે અમારી કેટલીક રોકાણો અને આર્થિક સહાયતાના પૂરતા અભાવે ફાગણ, ચૈત્ર, વૈશાખ, માસના અંકો ખોરંભે પડી ગયા હતા. જેનો બદલો એકી વખતે વાળવા સાથે અને આપણી જ્ઞાતિ પરિષદનો સંપૂર્ણ હેવાલ એક ખાસ અંક દ્વારા આપ સર્વે સન્મુખ રજૂ કરવાનો અમારો ઈરાદો હતો. જે બધાનો સળંગ **આ આજના અંકથી વળી ગયેલો આપ જોઈ શકશો.**

આ માસિક પત્રની નાણા સંબંધી હાલત તદ્દ્ન તંગ હોવાથી તેના નિયમિતપણામાં બાધ આવે એ દેખીતું જ છે અને તે જ કારણો વશાત આ અંક મોડો નીકળવા પામ્યો છે જે માટે અમે અમારા કદરદાન સદગૃહસ્થો અને જ્ઞાતિ બંધુઓ પાસે ક્ષમા યાચીએ છીએ.

અંતિમમાં એટલું વધુ ઉમેરીએ છીએ કે આ પત્રનો પહેલા વર્ષનો છેલ્લો અંક હવે થોડા દિવસમાં પ્રગટ થશે. માટે ગ્રાહક બન્ધુઓએ જેણે પૂરા થતા વર્ષનું લવાજમ હજી સુધી મુક્યું નથી તેઓએ મહેરબાની કરીને આ અંક મળતાંની સાથે મોકલી આપવા કૃપા કરવી અને જે જે બન્ધુને નવા વર્ષના ગ્રાહક તરીકે ન રહેવા મરજી હોય તેણે અમોને લખી મોકલવું કારણ કે બીજા વર્ષનો પહેલો અંક જેઓના લવાજમ નહિ મળ્યા હોય તેમને વી.પી.થી મોકલવામાં આવશે. તો તેઓએ સ્વીકારી લેવી. અગર આગળથી ખબર આપવી. કે જેથી અમારે નાહક ખર્ચમાં ઉતરવું ન પડે. કારણ કે પત્રની નાણાં સંબંધની સ્થિતિ બિલકુલ કફોડી છે માટે આ પત્રને નીભાવવા અને આપણી જ્ઞાતિમાં પેઠેલા અંધશ્રદ્ધાના સડાને દુર કરવા આ માસિક પત્ર ઉચ્ચત્તર સ્થિતિએ પહોંચે એવા ઈરાદાથી આપ આપની બનતી સહાય આપવા કૃપા કરશો. એવી અમારી વિનંતી છે.

વ્યવસ્થાપક "પાટીદાર ઉદય"

॥ ओ३म् ॥

પાટીદાર ઉદય

કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિના લાભાર્થે પ્રગટ થતું ગુજરાતી માસિકપત્ર

વર્ષ :૧લું   કરાચી, ફાગણ-ચૈત્ર-વૈશાખ વિ.સં.૧૯૮૦ {VSA: Mar, Apr, May-1924}   અંક ૯-૧૦-૧૧

ભૂલભૂલામણીનું ચક્કર ! *

(લખનાર : ઈમામશાહીથી મુક્ત થયેલો મુમનો)

લોભી ગુરૂ લાલચુ ચેલા, દોનોં નરકમેં ઠેલંઠેલા

સૃષ્ટિ નિયમે સત્ય જે, તેજ સત્ય કહેવાય,
બાકી સર્વે કલ્પના નક્કી કૂડમાં જાય.

વર્ષો થયા અમારા પીરાણા બંધુઓ સતપંથની ભ્રમજાળમાં ગોથા ખાયા કરે છે ! વરસાદની મૌસમમાં જેમ દેડકા વધી પડે છે, તેમ પાટીદાર, કાછીયા, કુંભાર, ગોલડ, ઘાંચી વગેરે નાતના હિંદુઓ, અજ્ઞાન, અભણ અને અક્ક્લહીણ થતાં, આ દેશમાં અનેક સતપંથોનો રાફડો ફાટ્યો. તેમાં સતપંથના ધતીંગનો પણ એક ઉમેરો થયો. દુનિયા ખાધેલ પહોંચેલ બુટ્ટી **હજરત ઈમામશાહે** અથર્વવેદના ઓઠા હેઠળ લોકોને રૂચતી વાતો કહીને તથા જાદુગરના જેવા ખેલ તમાશા અને ચમત્કાર બતાવીને, હિંદુઓના ગળામાં મુસલમાનીનો ઘંટ એવી ચાલાકીથી બાંધી દીધો કે, આ સતપંથના ફાસામાં સેંકડો ભોળા હિંદુ પંખીડા ફસાઈ પડ્યાં. ઈશ્વરનો અવતાર થવો એ વેદ અને કુરાનથી વિરૂદ્ધની વાત હોવા છતાં **ઈમામશાહ** એ ઈશ્વરનો સૌથી શ્રેષ્ઠ અવતાર છે એવું પકડેલું પૂછડું કોઈથી છોડાતું નથી. મુમના બનીને મુડદાંને દાટવાની કુપ્રથા જે સાયન્સ, આરોગ્યશાસ્ત્ર અને અથર્વવેદથી તદ્દન વિરૂદ્ધ છે તેને સનાતન ધર્મ માની લીધો છે. આકેલા સાંઢ જેવા

*બહાર ગામથી આવેલા એક હસ્ત પત્રક ઉપરથી.

કાકાઓ અને કબરપસ્ત સૈયદોને ધર્મગુરૂ તરીકેનો વંશપરંપરાનો ઈજારો આપી દીધો છે. અઘોરી બાવાઓની માફક મસાણમાં ઉજાણીઓ ઉડાવવા માંડી છે. વિવાહમાં પવિત્ર વેદમંત્રો અને ચોરી હવનને બદલે નિકાહથી નાડા બાંધી લેવાનું પસંદ કર્યું છે. સુન્નતનું લફરું ઘુસાડી ઈશ્વરથી ડાહ્યા થવાનું ડહાપણ ડહોળ્યું છે. બૈરાઓને માસિક અટકાવ પાળતાં બંધ કરી વામ માર્ગીઓના કાન કાપ્યા છે. મરેલાનું સ્નાન સુતક કાઢી નાખી કાશ્મીરના કોકશાસ્ત્રીઓને મ્હાત કર્યા છે. આ બધાનું પરિણામ એ થયું કે, બોલે ચાલે, ખાવેપીવે અને પહેરવેશે હિંદુ જેવા દેખાવા છતાં ચોખંડીઆટ લોકોમાં પીરાણીઓની ગણતરી થતી નથી. રખડતા ભીખારીઓ અને ભીલ વાઘરી જેવા પણ પીરાણા અને મુમનાના પાણીનો છાંટો લેતા બીએ છે. સત્યાનાશી સૈયદોએ બનાવેલી **અમીની ગોળીઓ** ખાવા છતાં પણ કોઈની દેહશુદ્ધિ થઈ નહિ ! પીરના રોજાઓને સોના રૂપાનાં બારણાં કરાવી આપવા છતાં પણ કોઈની મુર્ખતા ટળી નહિ !! સતપંથના ગુરૂઘંટાળે પાંડવો પાસે ગોહત્યા કરાવી તેમને વૈકુંઠમાં મોકલ્યા છતાં, પીરાણાઓ હજુ કાળમીંઢ પથ્થર જેવા દુનિયામાં હડધુત થયા કરે છે !!! અર્ધદગ્ધ પીરાણા પંથની કંઠી બાંધનારાઓને નરસિંહા અવતાર પેઠે માણસમાં ગણવા કે પશુમાં ગણવા તેની સમજણ કોઈને પડતી નથી. ગાયને બદલે ભેંસનું દાન કરવાનો મમત કરનારની પાડા જેવી સ્થુળ બુદ્ધિનાં શાં વખાણ કરીએ ? સ્વાર્થી સૈયદો અને સટોરીઆ લક્ષમણકાકા, સતપંથની જાુગજાુગની જોડી કાઢેલી બનાવટી વાતો કહે, તેને સાચી માનનારને શું કહેવું ? શાહપીરને શરણે જવાથી સ્વર્ગમાં હીરા માણેકથી મઢેલા મહેલો અને ૫૦ હુરાંઓ મળવાની લાલચથી મ્હોડાની લાળ ટપકવા માંડે છે. ભયંકર પાપો માફ થવાની ખોટી આશા કેમે કરી છુટી શકતી નથી. હિંદુ દેવો અને પીરોના નામની ખીચડીઓ દુવાથી ધાવણાં બાળકોને કાંકણ બાંધવાનું પુણ્ય માની લીધું છે. અજ્ઞાનતાના ઘનઘોર વાદળ પાસે જ્ઞાનનો પ્રકાશ ક્યાંથી પડે ? પીરાણાઓ શુદ્ધ હિંદુઓ કેવી રીતે રહી શકે ? ભાઈઓ ! તમે બહુ ભરમાયા બહુ ભોળવાયાં અને બહુ ઠગાયા. હવે જરા આંખ ઉઘાડો અને જુઓ કે આ જ્ઞાનના જમાનામાં તમારી આજુબાજુ શું થઈ રહ્યું છે ? ઈસ્લામનો અજગર તમને અણિશુદ્ધ ગળી જઈ ડકાર લેવા બંધ કરે, તે પહેલાં વેળાસર જાગૃત થઈને તપાસો, કે સતપંથમાં કહેલી વાતો સૃષ્ટિનિયમ અને શાસ્ત્ર પ્રમાણે ખરી છે, કે કેવળ કપોલકલ્પિત ગપોડાં માત્ર છે ? આ સ્વતંત્રતાના યુગમાં **કાકા** એટલે **ગુલામની** ગુલામી ક્યાં સુધી કરશો ? સૈયદો પાછળ તન, મન, અને ધનથી ક્યાં સુધી ખરાબ થશો ? જરદા પુલાવ અને ગુડાકુ ક્યાં સુધી પૂરા પાડશો ? જો તમારે અસલ જેવા શુદ્ધ હિંદુ બનવું હોય, જો તમારે લાગેલું લાંછન ધોઈ નાંખવું હોય, જો તમારે અહિંસક બનવું હોય, જો તમને સત્ય તરફ પ્રેમ હોય, જો તમે કલમાની કારમી ચીસોથી કંટાળી ગયા હો જો તમે પીરોને સેજદો કરતાં થાકી ગયા હો, જો તમે જંતર મંતર અને દોરા ધાગાથી ધરાઈ ગયા હો, જો તમારે નિમાજ અને રોજાના ભૂતવળગાડથી છુટવું હોય, જો તમારે તમારા સંતાનોને મજબૂત, સ્વતંત્ર અને શિક્ષિત બનાવવા હોય, એટલું નહિ પણ જો તમે હરેક પ્રકારે સુખી થઈ શાંતિ મેળવવા ઇચ્છતા હો, સંસારને સ્વર્ગધામ બનાવવા માંગતા હો તો આજે જ કાકા અને સૈયદોને છેવટની સલામ કરી તેમની ગુલામીનું જાુસરું એકદમ ફેંકી દેજો. અધિક શું લખીએ ? જેને આંખ હશે તે વાંચશે, કાન હશે તે સાંભળશે અને બુદ્ધિ હશે તે વિચારશે. ઇત્યોમ.

આપણી પરિષદ અને અમે

આ સાલના **એપ્રિલ મહીનાની ૧૮મી તારીખ** અને શુક્રવારનો દિવસ આપણી જ્ઞાતિના **ઈતિહાસમાં સોનેરી અક્ષરે કોતરાઈ રહેશે.**

આ દિવસ એજ હતો કે જે દીને આપણા હીતના આખી ન્યાતના હિતના અને આપણા વંશવેલાના અનેક હિતકારક કાર્યો કરવાને આપણી જ્ઞાતિનો સમુદાય મુંબઈ ખાતે ઘાટકોપર મુકામે એક પરિષદ અથવા તો "નાત"ના રૂપમાં એકઠો થયો હતો, આ દિવસોનો સોનેરી સૂર્ય તેના પૂર્ણ પ્રકાશમાં પ્રકાશિત હતો અને તેથી અમે હિંમતથી એટલું કહી શકીએ કે તે જ દિવસની સોનેરી ઝળકતી યાદમાં થયેલા કામકાજો, ધારાધોરણો, ઠરાવો અને બીજા કેટલાક આપણા હીતના કામોનો અમલ આપણે આપણાથી બનતી ઉતાવળે કરવા મથીએ.

આ અનુપમ અને ઉજળા દિવસની યાદ અમે અને આપણું આ પાટીદાર ઉદય તેના જીવન પ્રવાહમાં કદાપિ કાળે પણ નહિ ભુલે અને તે પ્રત્યે આપણી સમસ્ત જ્ઞાતિનું લક્ષ્ય ખેંચાયે એવા એક ઉદ્દેશી આ પાટીદાર ઉદયને પૂર્ણ રીતે શણગારવામાં આવ્યું છે એ તમારી જ્ઞાતિ સમસ્તની સેવાનો એક અંશ ગણી લઈ વધાવી લેશો એવી આશા સાથે અમો આગળ લંબાવીશું.

પરિષદના સ્વાગત મંડળના સરનશીન અને પરિષદના પ્રમુખે જ્ઞાતિની દાઝ દીલમાં ધરી આપણી અધમ અવસ્થાનો જે કાંઈ થોડો ઘણો ચિતાર આપણી સામે ચીતર્યો છે તે ઉપર અલ્પ દૃષ્ટિ રાખવી એ કોઈ પણ રીતે યોગ્ય નહિ કહેવાય. પરંતુ પરિષદની ગણનાનો વિચાર કરી તેમાં થયેલા ધારાધોરણો અને ઠરાવોનો અમલ જો આપણે દીર્ઘ દૃષ્ટિથી કરીએ તો આપણી જ્ઞાતિને અવનત દશામાંથી બહાર કાઢવાનું પૂણ્ય મેળવી શકીયે અને અધર્મમાં રહી અંધ પ્રયાણ કરતા આપણા જ્ઞાતિ ભાઈઓમાંના કેટલાક સભ્યોને સત્ય માર્ગે દોરી શકીએ એમ કરવાથી દેશ, જ્ઞાતિ અને આપણા ઉછરતા સંતાનોની આબાદી બતાવી શકવાને આપણે સમર્થ રહીશું.

અંતમાં વધુ વિવેચન મુલતવી રાખી આજના અંકમાં આપણી પરિષદના હેવાલ ઉપર અમે સમસ્ત જ્ઞાતિ બંધુઓનું ધ્યાન ખેંચીશું એટલું જ નહિ પરંતુ તે મુજબ અમલ કરવાનું વિનવી પ્રભુ પાસે એટલું જ માંગીશું કે પરધર્મમાં વટલી ગયેલા અમારા અજ્ઞાન ભાઈઓને હે પ્રભુ ! સત્ય માર્ગ અને સ્વધર્મ શિખવે એવી અમારી અંતિમ યાચના છે.

આપણી પરિષદ

વીર હાલક સાંભળો-અધર્મથી બચો અને સત્ય માર્ગે પ્રયાણ કરો

આપણી પરિષદ મુંબઈમાં ઘાટકોપર મુકામે એપ્રીલ મહિનામાં ભેગી મળી હતી. જેમાં થયેલ કામકાજ નિર્વિઘ્ને પસાર થયું છે અને હવે આપણે બીજી જ્ઞાતિઓને પેઠે જાગૃત થવાની જરૂર જોતાં એટલું કહી શકાય કે આવી આવી પરિષદોમાં સર્વાનુમતે જે જે ઠરાવો થાય છે, ધારા ધોરણો ઘડાય છે તેને પાળવાને આપણે હૃદયપૂર્વક તૈયાર રહેવું જોઈએ.

આ પરિષદનો હેવાલ અમે ટૂંકમાં નીચે રજુ કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે હવે આપણે વધુ વખત ઉંઘમાં નહિ રહેતાં કર્મ અને ધર્મને ઓળખી લેશું અને સનાતન વૈદિક ધર્મની શુદ્ધિ પવિત્રતા સાથે તેમાં રહેલી ઈશ્વરની કરૂણા અને કુદરતની ગતિને ઓળખી લઈશું.

ઘાટકોપર ખાતેના ખુલ્લા મેદાનમાં આપણી આ પરીષદની બેઠકોની શરૂઆત થઈ હતી. ગામે ગામથી આવેલા આપણા ભાઈઓ માટે ઉતારાની અને બીજી દરરોજની જરૂરી સગવડોનો પૂર્ણ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. બધા ભાઈઓનો હર્ષ માયો સમાતો ન હોતો અને તેઓ બધા જાણે આજે ઈશ્વરનો મહિમા નીરખવા અથવા તો ઈંદ્ર મહારાજને ભેટવા આવ્યા હોય એવો દેખાવ નજરે પડતો હતો. આનંદમાં ને આનંદમાં બધા દિવસો વ્યતીત થઈ ગયા અને ભેગા થનાર ભાઈઓએ અને સ્વાગત મંડળના સરનશીને જુદાં જુદાં વ્યાખ્યાનોની હારમાળા કે પુષ્પહારો આપણી સામે સુગંધ દેતા મુકી ગયા છે. આપણી ફરજ છે કે આ ધારા ધોરણો રૂપી મધુર અને સુવાસિક ફુલડાં ચુંટી ચુંટી સુંઘી એ અને બીજા જ્ઞાતિ બંધુઓને, બહેનોને અને માતાઓને તેમજ આપણાં ઉછરતાં બાળકોને તે સુંદર સુવાસ લેવડાવીએ તો આપણા કાર્યની સાફલ્યતા ગણી શકાય.

પરિષદના દિવસની કાગને ડોળે વાટ જોતાં આપણા ભાઈઓ સમીપ આ દિવસો આવ્યા અને તેમાં થયેલા ઠરાવોની નોંધ જ્યારે તેઓના જાણવામાં આવી ત્યારે અને તે પહેલાં જ પરિષદના મંડપમાં આપણા ભાઈઓએ આપણામાં ઘર ઘાલી બેઠેલાં પેલા પીરાણા પંથના તંતને તોડી નાંખી સ્વધર્મને ઓળખવા ઉભા થયા. છાતી કાઢી હિંમત ધરી જાહેરમાં તેઓ બોલી ઉઠ્યા કે, "અલબત્ત, અલબત્ત ! અમારો સનાતન ધર્મ અમને સમજાયો છે, અમે અજ્ઞાનતાથી એક બાજુએ દોરવાઈ ગયા છીએ પણ અમારી તે અજ્ઞાનતા-અરે અમારી તે ભુલ અમને હવે સંપૂર્ણપણે સમજાય છે. અમે પ્રતિજ્ઞાપૂર્વક કહીએ છીએ કે અમે દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લઈ અમારા સ્વધર્મ તરીકે સનાતન વૈદિક ધર્મને અમે આજથી સ્વીકારીશું અને અન્ય ભાઈઓને તેમ સમજાવી ઉન્નત કરીશું."

અહાહા ! અહોભાગ્ય આપણા અને જ્ઞાતિના કે આવા અનુપમ દિવસે જ આપણે પ્રતિજ્ઞા લીધી.

બાદ જ્ઞાતિ સમસ્તે પાળવાના પરિષદે અમુક ઠરાવો કર્યા. તે ઉપર વિવેચનો થયાં અને આપણા હૃદયને વીંધી નાખે એવાં પંડીત કાર્તાતિક તથા નરહરી અને પારાશર અને ભાઈ ગણાત્રા (વસંત)એ અનેક દાખલાઓ આપણી સમક્ષ રજુ કરવાથી આપણને ધર્મ ઝનુન ઉત્પન્ન થયું ? કોણ કહેશે કે આ ધર્મ ભાવના નથી ? કોણ કહેશે કે આપણે આપણી ઉન્નતિ ઓળખી નથી ? પરમાત્માની કૃપાથી સર્વ શાંત થયું અને ઠરાવો એક પછી એક ઘણા જ આનંદ અને ઉમંગ વચ્ચે પસાર થયા. હવે માત્ર તેનો અમલ થવાની જ ખોટી છે. જેમ કરવાની પહેલ આપણા કરાચી શહેરમાં વસતા ૧૬ કુટુંબોના લગભગ ૬૦ આસામીઓએ કીધી છે જેની નામવાર ટીપ આજના આ અંકમાં આપ સર્વે જોઈ શકશો. એ જાણી અત્યંત આનંદ અને જયજયકાર થાય છે.

પરિષદમાં પસાર થયેલા ઠરાવો

પસાર કરવામાં આવેલા ઠરાવો નીચે મુજબ છે :-

ઠરાવ ૧લો

ગૌ બ્રાહ્મણ પ્રતીપાલ નોધારાધાર ધર્મધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ મહારાજાધીરાજ મીરઝાં મહારાવ શ્રી સર ખેંગારજી સવાઈ બહાદુર જી. સી. આઈ. ઈ. નું આ પરીષદ અંતઃકરણપૂર્વક સહકુટુંબ દીર્ઘાયુષ્ય ઈચ્છે છે.

ઠરાવ ૨જો

પીરાણા સતપંથ આપણને સમસ્ત જ્ઞાતિથી અલગ પાડી દેનાર હોવાથી તેમજ તે પંથ આપણને હિંદુપણામાંથી ટાળી દેનારો છે એવી પરીષદને ખાત્રી થવાથી આ પીરાણા સતપંથને આપણી જ્ઞાતિમાંથી નાબુદ કરવાના દરેક ચાંપતા ઉપાયો લેવા તેમજ કોઈએ દશોંદ કે વીશોંદના લાગા ભરવા નહિ તેમજ પીરાણાની અમી કે નુરની ગોળી પીવી નહિ. અને કાકા તેમજ સૈયદોનો પગ પેસારો આપણી જ્ઞાતિમાંથી જલદી દુર થાય તેવા ઉપાયો યોજવા. વળી સ્વજ્ઞાતિ બંધુઓ દેહશુદ્ધ પ્રાયશ્ચિત લઈ જેમ બને તેમ જલ્દી સનાતન વૈદીક ધર્મ તરફ પ્રવૃત્તિ કરે એવા ઉપાય તાત્કાલીક યોજવા એ આ પરીષદના દરેક મેમ્બર પોતાની ફરજ સમજે છે અને દેહશુદ્ધ પ્રાયશ્ચિત લઈ પીરાણા સતપંથને તજી દેનારને દરેક પ્રકારની મદદ કરવાનો આ પરીષદ ઠરાવ કરે છે.

ઠરાવ ૩જો

"આ પરીષદને ખાત્રી થઈ છે કે આપણી જ્ઞાતિના કહેવાતા આગેવાનો પીરાણાના બહાને દશોંદ અને વીશોંદ જેવા લાગા ઉઘરાવી તે પૈકીની મોટી રકમ ખાઈ જાય છે અને ધર્મની છુટનો કાયદો (Freedom of Religion Act) કચ્છ દેશને લાગુ છતાં જે આપણા જ્ઞાતિ બંધુઓ પીરાણાનો ધર્મ છોડી હિંદુ સનાતન ધર્મ પાળવા પોતાની તીવ્ર ઈચ્છા ધરાવતા હોય તેમના ઉપર અને તેમના સગાંવહાલાં અને લાગતા વળગતાઓ ઉપર ત્રાસ કરી પોતાની કહેવાતી પટલાઈની સત્તાનો ગેરકાયદેસર ઉપયોગ કરી તેમને જ્ઞાતિ બહાર મુકી તેમની પાસેથી સખત દંડ લઈ તે રૂપીયા પણ ખાઈ જાય છે જેથી ઉપર જણાવ્યા પ્રમાણે જે નાણાં વિશ્વાસઘાતથી ખાઈ જવામાં આવે છે તેમજ ઉપર જણાવેલા ધર્મની છુટના કાયદાનો ભંગ કરવામાં આવે છે તે થતો અટકાવવા માટે તેમજ અત્યાર સુધીમાં એવાં જે જે કૃત્યો કરવામાં આવ્યા હોય તેની કાયદેસર તજવીજ કરી તેમાં ઘટતું કરવા માટે ગૌ બ્રાહ્મણ પ્રતિપાલ નોધારાધાર ધર્મધુરંધર પ્રૌઢ પ્રતાપ મહારાજા ધીરાજ મીરઝા મહારાવ શ્રી સર ખેંગારજી સવાઈ બહાદુર જી. સી. આઈ. ઈ. નું મુબારક લક્ષ ખેંચવા આ પરીષદ ઠરાવ કરે છે.

ઠરાવ ૪થો

બાળ લગ્નના અધર્મ યુક્ત અને હાનિકારક રીવાજને સત્વરે નાબુદ કરવા આ પરીષદ ઠરાવ કરે છે અને દરેક બંધુને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે શાસ્ત્રોક્ત રીતે અને ચોરી બાંધીને વેદ વિધિ અનુસાર યોગ્ય ઉંમરે આવેલાં જ છોકરાંઓને પરણાવવા.

ઠરાવ ૫મો

વિદ્યા એ સર્વોત્તમ શક્તિ હોવાથી તે પ્રાપ્ત કરવા કરાવવા અને જ્ઞાતિના પુત્ર પુત્રીઓને કેળવણી આપવા આ પરીષદ દરેક ભાઈને વિનંતી કરે છે અને જે જે સ્થળે જ્ઞાતિના ફંડો અને જ્ઞાતિના પૈસા હોય તેનો જ્ઞાતિમાં કેળવણી અર્થે સત્વરે ઉપયોગ કરવાની આ પરીષદ આગેવાનોને સુચના કરવાનો ઠરાવ કરે છે.

ઠરાવ ૬ઠો

મરણ પાછળના કારજો શાસ્ત્ર વિરૂદ્ધ અયુક્ત ખર્ચાળ અને દુર્દશાએ પહોંચાડનાર હોવાથી તેને સદંતર નાબુદ કરવા અને તેવાં જમણો નહીં જમવાનો આ પરીષદ ઠરાવ કરે છે.

ઠરાવ ૭મો

આપણી હિન્દુ ગણાતી જ્ઞાતીઓમાં મુડદાને અગ્નિદાહ દેવાનો રીવાજ પ્રચલિત છે અને આપણી જ્ઞાતિ હિંદુ હોવા છતાં આપણા કચ્છ અને કરાંચીમાં રહેનારા કેટલાક પીરાણાપંથી ભાઈઓ અગ્નિસંસ્કાર કરવાને બદલે મુડદાને દફનાવી દે છે તે રીવાજ અયોગ્ય અને શાસ્ત્ર વિરૂદ્ધ હોવાથી કોઈ બંધુએ મુડદાંને દાટવું નહિ તેમજ દાટવાનાં કાર્યમાં ભાગ પણ લેવો નહિ અને મુડદાંને અગ્નિસંસ્કાર કરવો એવો આ પરીષદ ઠરાવ કરે છે.

ઠરાવ ૮મો

છુટાછેડા એટલે છુટકાના રીવાજને નામે ચાલતા અતી શરમ ભરેલા અને અયોગ્ય રીવાજ તરફ આ પરીષદ તિરસ્કારની દષ્ટિએ જુએ છે અને તેને સદંતર નાબુદ કરવા આ સભા દરેક જ્ઞાતિ ભાઈને આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

ઠરાવ ૯મો

આપણી આ પરીષદનું નામ, તેનો ઉદ્દેશ અને બંધારણ નીચે પ્રમાણે રાખવામાં આવ્યું છે તથા નીચે જણાવેલા ભાઈઓની કાર્યવાહકો તરીકે નિમણુંક કરવાનો આ પરીષદ ઠરાવ કરે છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર પરીષદ ઉદ્દેશ અને નિયમો

આપણી કડવા પાટીદાર જ્ઞાતી કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, નીમાડ, માળવા વગેરે આ દેશના જુદા જુદા ભાગોમાં વસે છે અને તે દરેક વિભાગમાં જ્ઞાતિ સ્થિતિ સુધારવા સંસ્થાઓ કે મંડળો સ્થાપી લાંબા સમયથી પ્રયત્ન કરવામાં આવે છે. આવા દરેક મંડળો સમસ્ત જ્ઞાતિની "શ્રી કડવા પાટીદાર પરીષદ" નામે જે મોટી સંસ્થા છે તેના આશ્રય નીચે રહી પોતપોતાની જરૂરીયાતની મુખ્ય સંસ્થાને જાણ કરે છે અને પરીણામે જ્ઞાતીહીત સાધવાનો માર્ગ સરળ થાય છે. આ મુખ્ય સંસ્થાની સ્થાપના પછી દેશકાળને લઈ જ્ઞાતિમાં ઘર કરી બેઠેલા અધર્મ યુક્ત રીવાજોનો ત્યાગ થતો આવે છે અને ઘણા કાળથી એકબીજાથી જુદા પડી ગયેલા પોતાના જ બંધુઓ સાથે ઐકય સાધવાનું મહત્ત્વનું કાર્ય સિદ્ધ થતું જાય છે. આ શુભ કાર્યમાં આપણા કચ્છ વિભાગે પણ કેટલેક અંશે ભાગ લીધો છે, પરંતુ સમસ્ત જ્ઞાતિથી આપણા વિભાગને અલગ પાડી દેનાર અધર્મ યુક્ત પીરાણા સતપંથનો ત્યાગ કરવાનું જે મહાન કાર્ય આપણા વિભાગે કરવાનું છે તે ઉદ્દેશ અને કાર્ય ધ્યાનમાં લઈ "શ્રી કચ્છ કડવા પાટીદાર પરીષદ" નામે આ સંસ્થા સ્થાપવામાં આવી છે જેનો ઉદ્દેશ અને નીયમો નીચે પ્રમાણે છે:-

ઉદ્દેશ :-

૧. આપણી સમસ્ત જ્ઞાતિથી આપણને અલગ પાડી દેનાર તેમજ હિંદુપણામાંથી આપણને ટાળી દેનાર પીરાણા સતપંથને જ્ઞાતિમાંથી સત્વર નાબુદ કરવો અને કોઈ પણ જોખમે અને ખરચે એ કાર્ય પ્રથમ હાથ ધરવું એ આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે.

૨. આપણને સમસ્ત જ્ઞાતિથી અલગ પાડી દેનારા અથવા જે સનાતન હિંદુ ધર્મ શાસ્ત્રોથી વિરૂદ્ધ હોય તેવા જ્ઞાતિ રીવાજો નાબુદ કરી સમસ્ત જ્ઞાતિ સાથે તે સંબંધ વધારે સચવાય તેવા ઉપાયો યોજવા.

૩. જ્ઞાતીની આર્થિક સ્થિતિ સુધારવા અને ઐક્ય સાધવા માટે ખાસ જરૂરનું છે કે દરેક ભાઈએ પોતાના જ્ઞાતિ બંધુને બનતી મદદ કરવી તેમજ જ્ઞાતિમાં વિદ્યા વધારવી, ખેતીવાડી સુધારવી વળી દેશની અન્ય જ્ઞાતિઓની હરીફાઈમાં આપણી કોમ પછાત રહી જાય નહીં તે માટે જે કંઈ કરવું યોગ્ય જણાય તે કરવું.

૪. ઉપદેશકો રોકીને, સભાઓ ભરીએ ચોપાનીયા કે પુસ્તકો પ્રસિદ્ધ કરીને જ્ઞાતિમાં જ્ઞાનનો ફેલાવો કરવો તેમજ સંસ્થાના ઉદ્દેશો બર લાવવા માટે જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે જ્ઞાતિ બંધુઓની મદદ લઈને કીંવા રાજદરબારે અરજો કરીને પણ દાદ મેળવવાનું કાર્ય જ્ઞાતિ હીતાર્થે કરશે અને સંસ્થાનના કાર્ય માટે પગારદાર અથવા બીન પગારદાર માણસો રાખીને તેમજ યોગ્ય ખરચો કરીને પણ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ બર લાવવામાં આવશે.

૫. સંસ્થાનું દરેક પ્રકારનું કામકાજ કચ્છ દેશના જ રહીશ હોય એવા કડવા પાટીદાર બંધુના હીતાર્થે જ થશે પરંતુ એવો પણ ઉદ્દેશ છે કે આ સંસ્થાની સ્થિતિ સુધરતી હોય તો જ્ઞાતિ વિસ્તારમાં બીજા ભાગો તરફ પણ ધ્યાન આપવામાં આવશે. વળી કોઈપણ પ્રયત્ને સમસ્ત જ્ઞાતિનાં આપણા વિભાગનું પ્રતિનિધિત્વ સાચવી રાખવા આ સંસ્થા બનતા દરેક પ્રયત્નો ચાલુ રાખશે.

નિયમો :-

૧. કોઈ પણ વિભાગના કડવા પાટીદાર બંધુઓ આ સંસ્થાના મેમ્બર થઈ શકશે અને સભા તરફથી નક્કી કરવામાં આવેલી ફી આપવાથી અને સંસ્થાના ઉદ્દેશ અને નીયમોનો અંગીકાર કર્યેથી મેમ્બર તરીકે દરેક હક તેને પ્રાપ્ત થશે.

૨. સંસ્થાની મુખ્ય ઓફીસ મુંબઈ ખાતે રહેશે જરૂર જણાતાં બીજી જગ્યાએ પેટા ઓફીસો ખોલવામાં આવશે.

૩. સંસ્થાનો ઉદ્દેશ બર લાવવા માટે બહુમતીનો ઉપયોગ થશે અને જે જે ભાઈઓ જે જે કાર્ય માટે યોગ્ય જણાશે તેમની કમીટીઓ દ્વારા અથવા તો વ્યક્તિ પ્રત્યે નીમણુંક કરવામાં આવશે. સંસ્થાનો ઉદ્દેશ બર લાવવા અને તેનો વહીવટ કરવા સારું એક વ્યવસ્થાપક મંડળ નીમવામાં આવશે અને તે મંડળને સંસ્થાના ઉદ્દેશના અંગે ઉત્પન્ન થતું દરેક કાર્ય કરવાની સત્તા રહેશે અને તે માટે ખરચ પણ કરી શકશે.

૪. આ સંસ્થાની બેઠક દર વરસે ભરવામાં આવશે અને તે દરમ્યાન વ્યવસ્થાપક મંડળને કોઈ ખાસ સભા બોલાવવાની જરૂર પડે તો તે બોલાવી શકશે. સભા બોલાવવાની ખબર દરેક મેમ્બરને ઓછામાં ઓછા ૧૫ દીવસ અગાઉથી આપવામાં આવશે.

૫. વ્યવસ્થાપક મંડળ પોતાની સભા જ્યારે જ્યારે જરૂર જણાશે ત્યારે બોલાવી શકશે અને ઓછામાં ઓછા ૧/૩ જેટલા મેમ્બરો હાજર હશે તે વખતે સંસ્થાના ઉદ્દેશ વિરૂદ્ધ જતા ન હોય તેવા જરૂર પડતા પેટા નીયમો ઘડવાની તે મંડળને સત્તા રહેશે.

૬. સંસ્થાનો ઉદ્દેશ બર લાવવા માટે સંસ્થાના નિભાવ અર્થે અથવા સભામાં પસાર થયેલા ઠરાવોના અમલ અર્થે જે કાર્ય કરવાનું પ્રાપ્ત થશે તે માટે કોઈ ખાસ ફંડ કરવામાં નહિ આવ્યું હોય તો સંસ્થાના સામાન્ય ફંડના નાણામાંથી તે માટે ખર્ચ કરવામાં આવશે. સંસ્થાના નાણાં અને હીસાબ તેમજ રજીસ્ટરો કે ચોપડા વગેરે રાખવાનો વહીવટ સંસ્થા અગર તેવી સત્તાવાળી કમીટી જે જે વખતે જેવા જેવા ઠરાવો કરશે તેને અનુસરીને રહેશે અને તે તપાસવાનો કોઈ પણ મેમ્બરને સંપૂર્ણ હક રહેશે.

૭. સભાનો સ્તુત્ય હેતુ બર લાવવા માટે જે કોઈ વિઘ્ન રૂપ જણાય તેનો યોગ્ય રીતે નીકાલ લાવવાની વ્યવસ્થાપક કમીટીને સંપૂર્ણ સત્તા રહેશે અથવા તે કમીટી તે કાર્ય માટે પદ્ધતિસર જેની નીમણુંક કરે તેણે કરેલું કાર્ય સંસ્થા તરફથી ઠરેલું ગણાશે.

૮. દરેક સભામાં થતા કામકાજની એક નોંધ વ્યવસ્થાપક કમીટી તરફથી રાખવામાં આવશે. તે પ્રીસાઈડિંગ બુક ગણાશે. દરેક સભા પછી તે મોટી હોય કે વ્યવસ્થાપકોની હોય તેના કાર્યનો હેવાલ લખાઈ ગયા બાદ તે કાર્ય જેના અધ્યક્ષપણા નીચે થયું હોય તે તેના નીચે પોતાની સહી કરશે.

૯. કોઈ પણ મેમ્બર સંસ્થાના ઉદ્દેશ કે હેતુ અને નિયમોથી વિરૂદ્ધ જવાપણું બને તેવો કોઈ પ્રકારનો હક અથવા વર્તન કરી શકશે નહિ.

૧૦. સંસ્થાએ પસાર કરેલા ઠરાવોનો અમલ કરાવવો અને કરવો એ દરેક ભાઈની ફરજ ગણાશે અને જે કાર્ય માટે જેની નીમણુંક કરવામાં આવી હોય તે બંધુ તેના કાર્ય માટે સંસ્થાને જવાબદાર રહેશે. પરંતુ જેની પદ્ધતિસર નીમણુંક નહીં થઈ હોય તેવા કોઈ મેમ્બરના કોઈ પ્રકારના કાર્ય માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ.

૧૧. આ સંસ્થાનું કાર્ય એ જ્ઞાતિહિતનું કાર્ય છે. એમ સમજી જે જે વિભાગના ભાઈઓ આ સંસ્થાને જે જે પ્રકારે મદદ કરશે તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવશે, પરંતુ પરજ્ઞાતિના કોઈ પણ ગૃહસ્થ તરફની આર્થિક મદદ સ્વીકારવી કે નહિ તેનો વ્યવસ્થાપકો સમયને અનુસરી નિર્ણય કરશે.

સુચના : દરેક ભાઈઓ આ સંસ્થાના નિયમો અને ઉદ્દેશને બરોબર જાણીને અને સમજીને મેમ્બર થયા છે એટલે સંસ્થાનો જ્ઞાતીહીત સાચવવાનો ઉદ્દેશ તેમની મદદ વડે જલદીથી બર આવશે એવી સંસ્થાને ખાત્રી રહે તેટલા માટે નીચેનું અંગીકરણ પત્ર ભરી આપી સંસ્થા તરફ મોકલી આપવું અને જ્ઞાતીહીતના કાર્યમાં જોડાવું એવી દરેક જ્ઞાતિ બંધુઓને વિનંતી કરવામાં આવે છે.

વ્યવસ્થાપક મંડળના મેમ્બરોના નામ મેં પ્રમુખ સાહેબ દેસાઈ ચંદુલાલ મણીલાલ, મિસ્ત્રી નારાયણજી રામજીભાઈ ઘાટકોપર, ભાઈ રતનશી ખીમજી ઘાટકોપર, ભાઈ રતનશી શીવજી કરાંચી, વિશ્રામભાઈ દેવજી ઘાટકોપર, વાલજીભાઈ રામજીભાઈ ઘાટકોપર, વિશ્રામભાઈ પાંચા ગાગાણી કરાંચી, ખીમજીભાઈ શીવજી કરાચી, નાયાભાઈ શીવજી ઘાટકોપર, રતનશીભાઈ કરસન ઘાટકોપર, નાનજીભાઈ વિશ્રામ નેત્રા, (સિદ્ધાંતપુર, સિન્ધ).

રા. નારાયણજી રામજીભાઈ જનરલ સેક્રેટરી
અંગીકરણ પત્ર

શ્રી કચ્છ કડવા પાટીદાર પરીષદ મુખ્ય ઓફીસ મુંબઈ ઘાટકોપર, જોગ હું નીચે સહી કરનાર ......નુખે....ઉંમર વર્ષ....ગામ...ઠેકાણું આ ઉપરથી અરજ કરું છું કે સંસ્થાના ઉદ્દેશ અને નિયમો મેં જાતે સમજીને જાણ્યા છે અને જ્ઞાતિહીતના માટે તે ખાસ જરૂરના છે એવી મારી ખાત્રી થઈ છે એટલે તે પાળવા અને પળાવવા હું મારાથી બનતું કરવાનો વિશ્વાસ આપી આ સંસ્થાનો મેમ્બર થવાની માંગણી કરું છું તે સ્વીકારવામાં આવશે એવી આશા છે. સહી...અંગુઠાની છાપ.

ઠરાવ ૧૦ મો

આ પરીષદનો ઉદ્દેશ બર લાવવા માટે પસાર કરેલા ઠરાવો અને તેના અંગે ઉપરથી થતું દરેક પ્રકારનું કામકાજ કરવાની તથા તે માટે ખર્ચ કરવાની આ પરીષદ પ્રમુખ સાહેબ તથા ભાઈશ્રી નારાયણજી રામજીભાઈ જનરલ સેક્રેટરીને સત્તા આપવામાં આવે છે.

ઠરાવ ૧૧ મો

સ્વ. જ્ઞાતિબંધુ ભાઈ ખેતા ડોસા પોકાર તથા આપણી જ્ઞાતિ પ્રત્યે લાગણી ધરાવનાર રા. મનસુખલાલ રવજીભાઈ મહેતાના ખેદજનક અવસાન માટે આ પરીષદ અંતઃકરણપૂર્વક દીલગીરી જાહેર કરે છે અને તેમના આત્માને ઈશ્વર શાશ્વત શાંતિ આપે તે માટે આ પરીષદ અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરે છે.

ઠરાવ ૧૨ મો

આ પરીષદનો ઉદ્દેશ બર લાવવા અને તેને શોભાવવાના કાર્યમાં અમદાવાદ, વિરમગામ, સરઢલ, રૂપાલ, કડી, કલોલ, પાટડી, સુરત, ભાટપુર, ભાઠા અને કાઠીયાવાડના દુર જેવા સ્થળોથી પધારી જે ભાઈઓએ ભાગ લીધો છે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનવાનો ઠરાવ કરે છે.

ઠરાવ ૧૩ મો

શેઠ સાહેબ વેલજીભાઈ શીવજીએ પરીષદના કાર્યમાં સહાયભૂત થઈ પોતાની વાડી પરીષદના કાર્ય માટે વાપરવા આપી છે તે માટે આ પરીષદ તે સાહેબનો અંતઃકરણપૂર્વક આભાર માનવાનો ઠરાવ કરે છે.

ઠરાવ ૧૪ મો

આ પરીષદના કાર્યને દીપાવવા સ્વયં સેવકોએ અને તેના કેપ્ટનોએ શ્રમ લઈ જે જ્ઞાતિ સેવા ઉઠાવી છે અને બહાર ગામથી આવનારા ભાઈઓના ઉતારા અને ભોજન કાર્યમાં તથા સભા મંડપ વગેરેની ઉત્તમ વ્યવસ્થા રાખવા માટે રા. રતનશીભાઈ કરસનદાસ તથા રા. વાલજીભાઈ રામજીભાઈને ધન્યવાદ આપવાનો આ પરીષદ ઠરાવ કરે છે.

ઠરાવ ૧૫ મો

સનાતન વૈદીક ધર્મના સ્તંભરૂપ "જ્યોતીરવીભુષણ", "મહોપદેશક", "વિદ્યા ભાષ્કર" પંડીત કારતાંતીક તથા શાસ્ત્રી નરહરીજી તથા ક્ષત્રિય કુળ દીપક સાક્ષરવર્ય ભાઈશ્રી વસંત અને ગઢસીસાવાળા (કચ્છ) પંડીત

પરાશરજી એ પધારી અતિ શ્રમ લઈ પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી આપણી જ્ઞાતિને સ્વધર્મ તરફ દોરવા માટે આપણને જે અમુલ્ય ઉપદેશ આપ્યો છે તે માટે આ પરીષદ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

ઠરાવ ૧૬ મો

રા.રા. ભાઈશ્રી ચંદુલાલભાઈ મણીલાલે અનેક અગવડો વેઠી આ પરીષદનું પ્રમુખપદ સ્વીકારી બેઠકનું કાર્ય ઉત્તમ રીતે બજાવ્યું છે તે માટે આ પરીષદ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માને છે અને તેમણે સ્વીકારેલી જ્ઞાતિ સેવા બજાવવા માટે પ્રભુ તેમને બળ બુદ્ધિ અને દીર્ઘાયુષ્ય બક્ષે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરે છે.

ઉપરોક્ત ઠરાવો આપણા હિતાર્થ માટે અવશ્યના છે અને તે મુજબ વર્તવાથી આપણી જ્ઞાતિનું ભલુ થશે ઉપરાંત આપણામાં જે અજ્ઞાનતાએ વાસ કીધો છે તે સર્વાંશે નષ્ટ થશે.

પીરાણા પંથના ધતીંગ તરફ આપણી જ્ઞાતિ ભોળવાઈ ગઈ છે એમાંથી બચવા આપણે દરેક કોશિષ કરવી જોઈએ છે અને તેમ કરી આપણા સ્વધર્મ-હિંદુ ધર્મનું સંરક્ષણ કરવાની આપણી ફરજ છે એવું અત્રે ઉમેરીએ છીએ અને આશા રાખીએ છીએ કે આપણાં જ્ઞાતિ બંધુઓ તેનું યથાર્થ પરિપાલન કરવા જ્ઞાતિ સેવા બજાવવા બહાર આવશે અંતમાં પરિષદમાં અને બીજી રીતે ભાષણો અને ઉપદેશ દ્વારા આપણું ભલું ઈચ્છતા અને ઉપદેશ કરતા પંડિત કાર્તાતિક તથા શ્રીયુત નરહરી તથા પારાશર અને ભાઈ ગણાત્રા (વસંતે) જે જે સેવા બજાવી છે તે માટે અમો તેઓ બધાનો એક સામટો આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં તેઓશ્રી આપણને અમુલ્ય બોધ આપી સાચા રસ્તે દોરવાની પરમાત્મા તેમને બુદ્ધિ બળ, અને સામર્થ્ય વધુને વધુ અર્પે એવી શ્રી પરમાત્મા પ્રત્યે અમારી પ્રાર્થના છે.

ઠરાવો પ્રત્યે બોલતાં જ્ઞાતિહીત ચિંતક અને પરિષદના પ્રમુખ તથા સ્વાગત મંડળનાં સરનશીને નિમ્ન યુક્ત ભાષણો પોતાની મધુર વાણીમાં કર્યાં હતાં.

સ્વાગત મંડળના પ્રમુખ શ્રીયુત વિશ્રામભાઈ દેવજી પટેલ વીરાણીવાળાનું ભાષણ

પતીતપાવની ગંગા સ્વરૂપ જ્ઞાતિના પ્રિય બંધુઓ ! દેશપ્રેમી ભાઈઓ !! પુજ્ય માતાઓ અને વંદનીય બહેનો !!! આપ ભાઈઓ અને બહેનો તેમજ દેશપ્રેમી અન્ય જ્ઞાતીના બંધુઓ આપણી જ્ઞાતિની ઉન્નતિ અર્થે જુદા જુદા સ્થળો જેવાં કે કચ્છ-કરાંચી-ગુજરાત અને સિંધ પ્રદેશ માંહેલા હૈદરાબાદ સિદ્ધાંતપુર વગેરે ઠેકાણેથી અતિશ્રમ વેઠી ભારત વર્ષના મુગટ રૂપ ગણાતા મુંબઈ શહેરના એક અંગરૂપ ઘાટકોપરમાં આપણી જ્ઞાતિની ત્રીજી પરીષદને ફતેહમંદ બનાવવા માટે અતીશ્રમ વેઠી પધાર્યા છો એ જાણી મને ભારે આનંદ થાય છે. શિષ્ટાચારના સિદ્ધાંત પ્રમાણે અતીથી સત્કારના નીતિમય નિયમ પ્રમાણે, આપ પધારેલા બંધુઓ અમારા મોંઘેરા મહેમાનોનો સત્કાર કરવાનું કામ અત્રેના અમારા જ્ઞાતિ ભાઈઓએ મને સોંપ્યું છે, જેથી હું મારી જાતને અહોભાગ્યશાળી માનું અને પધારેલા દરેક ભાઈઓ તેમજ બહેનોનો ઉપકાર માનું છું.

જ્ઞાતિ બંધુઓને આવકાર

દેશ-પરદેશથી પધારેલા ભાઈઓને અભિનંદન આપવાનું કાર્ય હું એવું ઈચ્છતો હતો કે તે સ્વાગત કમીટીએ મારા કરતાં કોઈ વધારે લાયક ભાઈને સોંપવું જોઈતું હતું. પરંતુ અત્રેના બધા ભાઈઓની ઈચ્છાથી આ આનંદમય

કાર્ય બજાવવા માટે મારી જ પસંદગી કરી છે. ત્યારે એ કાર્ય હું અત્યંત આનંદીત થઈને બજાવવા તૈયાર થયો છું. ભુતકાળના આપણી જ્ઞાતિ ઉન્નતિના અંધકારમય સમય તરફ મારી દષ્ટિ ફેરવું છું તો મને મારી શક્તિની અલ્પતાનું ભાન થાય છે. આજથી ચાર વર્ષ પહેલાં સને ૧૯૨૦ના ઓગસ્ટની તારીખ આઠમીએ આપણી જ્ઞાતિની પહેલી પરિષદ મળેલી તે પરિષદના બાહોશ અને સામાજીક પ્રશ્નોને પૂરતી રીતે જાણનાર સ્વાગત કમીટીના પ્રમુખ ભાઈશ્રી નાનજી પચાણ નાકરાણી તરફથી વિદ્વતાપૂર્ણ શબ્દોથી આપનું થયેલું સ્વાગત અને ત્યાર પછી સને ૧૯૨૨ના ઓક્ટોબર માસની તા. ૭મીએ આપણી જ્ઞાતિની દ્વિતીય પરીષદના સ્વાગત મંડળના પ્રમુખ માન્યવર ભાઈશ્રી ખેતાભાઈ ડોસા પોકાર ગામ નખત્રાણાવાળા તરફથી એક સારા વિદ્વાનને શોભે તેવું આપનું થયેલું સ્વાગત એ તમો પધારેલા ઘણા ભાઈઓ તેમજ બહેનો જાણો છો. ઉપરોક્ત પ્રસંગોએ જેમ યોગ્યતા સન્માન અને નીયમો જળવાયા છે તેમજ આ પ્રસંગે પણ થવું જોઈએ પરંતુ તે ભાઈઓની વિશાળ બુદ્ધિ અને સાધનોની સગવડતા પાસે અમારાથી કંઈ બની શક્યું નથી. તો પણ હાલના જમાનાને અનુસરીને તમારાં સુખ સાધનો માટે જે કંઈ ગોઠવણો કરવામાં આવી છે તેમાં ન્યુનાધીકતા રહી ગઈ હશે તો તમો સજ્જનો મનમાં ઓછું નહીં આણતાં સંતોષ માનશો એવી આશા છે.

આપણી જ્ઞાતી ઉન્નતિના આ મહાન કાર્યમાં સફળતા મળવાના ઉદ્દેશથી આપે અત્રે પધારવા રસ્તાઓની હાડમારીઓનાં દુઃખો ભોગવી જે શ્રમ અને તસ્દી લઈ અમારા આમંત્રણને માન આપી આપ પધાર્યા છો તેના માટે હું આપને ધન્યવાદ આપ્યા વિના રહી શકતો નથી. આપે અત્રે પધારવામાં જો પોતાનું કર્તવ્ય અને ફરજ માની હોય તો આ કાર્યની સાફલ્યતા ઉલટ અને ફતેહમાં જરા પણ શંકા નથી. આ આપણી જ્ઞાતિના તૃતીય મહોત્સવમાં આ ભવ્ય જ્ઞાતિના મેળાવડામાં આપની આજની હાજરી અને ઉમંગ એવી પૂરેપૂરી ખાત્રી આપે છે કે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિના અભ્યુદયનો આ અચુક પુરાવો છે.

અત્રે એકત્ર થવાનો સબબ શો ?

પ્રિય જ્ઞાતિ બંધુઓ અને દેશપ્રેમી ભાઈઓ આપણે જે અત્રે ભેગા થયા છીએ તે મુંબઈ શહેરની કે તેનાં પરાંઓની રમણીયતા જોવા નહિ તેમજ હુન્નર ઉદ્યોગ કે કળાની ખીલવણી અર્થે પણ આપનું ખાસ ભેગું થવું એમ પણ નથી. પરંતુ ભેગા થવાનું ખાસ કારણ તો એ છે કે આપણી કડવા પાટીદાર જ્ઞાતિમાં કેટલાક નઠારા રીતરીવાજો ઘર કરી બેઠા છે તેને નિર્મુળ કરવા. તેમાં પણ કચ્છ તરફના કડવા પાટીદાર ભાઈઓ જે ધાર્મિક અધોગતી ભોગવે છે તેને સતમાર્ગે દોરવા માટે જ આ પ્રયત્ન છે, અને એ પ્રયત્ન સફળ કરવા માટે આપણી જ્ઞાતિના આપણા ગુજરાતી બંધુઓએ જે મહાન અને કિંમતી વખતનો ભોગ આપી આપણા હીતમાં તેઓએ પોતાનું હીત માન્યું છે. એવા ભાઈઓની સલાહથી તેઓના બુદ્ધિ બળથી આપણે આપણી કચ્છની જ્ઞાતિની અધમ દશા મટાડી શકીશું એવો મને વિશ્વાસ સંપૂર્ણ છે. આજે દુનિયામાં જે મોટી ઉથલપાથલ થઈ રહી છે, પ્રજા પ્રજા વચ્ચે હરીફાઈઓ ચાલી રહી છે. તેવા પ્રસંગે આપણે માંહોમાંહે લડ્યા કરશું તો આપણું સ્થાન ક્યાં હશે ? હાલમાં પણ આપણી સ્થિતિ કેવી કઢંગી અને લજ્જસ્પદ છે તેને સુધારવા પ્રયત્ન નહીં કરીએ તો છેક જ છેલ્લી પાયરીએ આપણું સ્થાન શોભશે. માટે ઘાટકોપરના ભાઈઓએ આપને આમંત્રણ કર્યું છે, તેની યાદ દેવરાવવાની ભાગ્યે જ જરૂર છે. આપણી જ્ઞાતિની સભાનો આ અપૂર્વ અવસર છે અને દરેક વિભાગોમાંથી આપણા બંધુઓ પધારેલા છે એટલે એકબીજાના વિચારો

જાણી જ્ઞાતિમાં સુધારો કરવાનું સુલભ થઈ પડશે અને આપણું કાર્ય ઉત્તમ રીતે સાધી શકાશે. મુંબઈ ઘાટકોપરના વતનીઓ તરફથી મારે આપને જે કંઈ કહેવાનું છે તે હું હમણાં ટૂંકમાં જ કહીશ જેનો આપ દીલસોજી પૂર્વક વિચાર કરશો તો આપનો ઉચ્ચ હેતુ અવશ્ય પાર પડશે જ. આપણી પ્રગતિ છેલ્લા સોળ વરસથી આપણી જ્ઞાતિ સ્થિતિ સુધારવા તરફ આપણે ખાસ લક્ષ આપ્યું છે અને તેના પરીણામે ઘણા વર્ષોથી ચાલ્યા આવતા બાળ લગ્નનો હાનિકારક રીવાજ આપણે કેટલેક અંશે સુધારી શક્યા છીએ. મોટી ઉંમરના દીકરા દીકરીઓના લગ્ન હજુ થોડાક જ થયા છે. તદઉપરાંત લગ્ન જેવી અતી ઉત્તમ ધાર્મિક ક્રીયા પીરાણાના પાખંડી મતના આધારે કચ્છ તરફ કરવામાં આવે છે તે ફક્ત ગયા લગનસરામાં જ્ઞાતી સુધારકોની તનતોડ મહેનતના પરીણામે ચારસો લગ્ન વેદવિધી અનુસાર થયા છે. એ ફતેહ પણ ઘણી મોટી છે જે પ્રમાણે જ્ઞાતિ હીત સાધવાને ઉમંગ ભર જુવાનીયાઓ હાલમાં જે પ્રમાણે મહેનત કરી રહ્યા છે તે જ પ્રમાણે ચાલુ રાખશે તો આવતા લગ્નસરામાં આપણી જ્ઞાતિના બાળકોના લગ્ન વેદવીધી અનુસાર તમામનાં થશે. કુદરત મદદગાર છે. કચ્છના કહેવાતા જુલમી આગેવાનો પોતાના સ્વાર્થ માટે પીરાણા પંથ અને બાળલગ્ન જેવી અશાસ્ત્રોક્ત રૂઢીઓને પોષી રહ્યા છે તે હવે તેમનાથી રાખી રહે તેમ નથી. દુનિયાની તમામ પ્રજા બાળ લગ્નને ધિક્કારે છે પરંતુ તે બાળ લગ્ન બાર અને ચૌદ વરસના છોકરાઓનાં લગ્નના માટે કહે છે. આપણામાં તો બાળ લગ્ન પણ શાના કહેવાય. ચાલીસ દીવસના છોકરાઓના લગ્ન કરી નાખતા શરમાતા નથી. ત્યાં બીજી જ્ઞાતિઓ દશ અને બાર વરસના લગ્ન કરી શરમાય છે તે માટે આપણે કેટલા પછાત છીએ તેનો વિચાર તમો ભાઈઓ સભામાં કરશો.

બાળ લગ્નનાં કજોડાં

બાળ લગ્નના પ્રતાપે કજોડાં થાય છે ચાલીસ દિવસના છોકરાઓના જ્યાં લગ્ન થાય ત્યાં ઉંમરનું પ્રમાણ કન્યા કરતાં વર ઓછામાં ઓછો પાંચ વર્ષ મોટો હોવો જોઈએ એ ક્યાંથી બને ? અરે તે સિવાય કચ્છમાં તો ઘણે ભાગે કન્યાઓ જ મોટી હોય છે અને તે લગ્નનું ટાકણું ન ટળી જાય એટલા માટે વર કરતાં કન્યા બે ત્રણ વર્ષ મોટી હોય. એવા દરેક લગ્ને સેંકડો લગ્ન થાય છે અને તેનાં પરીણામો કેવાં નઠારાં આવે છે તે આપણે આપણી સગી આંખે જોઈએ છીએ. એવા લગ્નોને બાળો જલાવી દીઓ તો જ આપણી જ્ઞાતિનું ભલું થશે એ નાલાયક બાળ લગ્નના પ્રતાપે કજોડાં થાય, કજીયા કંકાસ વધે અને છેવટે છુટાછેડા કરવાના પ્રસંગો કંપારી છુટે તેવા પ્રમાણમાં થાય છે. આ વાતો દરેક સભાઓમાં પરીષદોમાં રસપૂર્વક ચર્ચાઈ છે પરંતુ તેના કરતાં સંગીનપણે તેના ઉપાયો લેવાનો સરળ રસ્તો આપ સર્વે ભાઈઓની સંમતીથી પરીષદમાં ચર્ચાશે એવી હું આશા રાખું છું.

કન્યા વિક્રયની ક્રૂર પ્રથા

કન્યા વિક્રય જેવી ક્રૂર અને ઘાતક પ્રથા જો કે કચ્છ તરફ આપણી જ્ઞાતિમાં નથી તો પણ કોઈ બેનના કમભાગ્યે રંડાપો પ્રાપ્ત થતાં તે કન્યાના માબાપો તો એક ત્રાંબીઓ પણ લઈ ન શકે પરંતુ વિક્રાળ કાળ જેવા આપણી જ્ઞાતિના ગઢેરાઓ તો આવા પ્રસંગો શોધતા રહેતા જ હોય. કન્યાના માબાપો સ્વતંત્ર રીતે લગ્ન કરી શકતા નથી અને જો કરે તો આગેવાનો કહેવાને તૈયાર જ બેઠા છે. કે તમે કાંઈક છાનો કોટણપો કર્યો છે માટે આ સંબંધ નહિ થાય. અંતે તો આગેવાનોના ખીસ્સાં ભરાય એવા ભાઈઓને જ બૈરાંઓ મળી શકે. અછતના પ્રમાણમાં વસ્તુ માત્રના ભાવ વધે છે એ જગતની બજારોનો એક સામાન્ય કાયદો છે પણ કાયદો પશુઓની કિંમત વધારવા ઘટાડવાનાં વહેવાર

સુધી જ આવીને અટક્યો હોત તો ઘણું સારું હતું. પરંતુ કળીકાળમાં માનવ જાતિમાં પણ સ્ત્રી કે પુરૂષોની અછતના પ્રમાણમાં કિંમત વધવા ઘટવા લાગી છે એ એક ઘણું જ ખેદકારક પરીણામ નીપજ્યું છે. સારાં ખાનદાન કુટુંબો પૈસે ટકે સુખી હોય તેને તો કન્યા રંડાએલી કે છુટકાવાળી થોડા ખર્ચે પણ મળી રહે છે. પરંતુ ગરીબ ભાઈઓને હજાર અને પંદરસો કોરીઓ આપે પણ કન્યાઓ મળતી નથી. આપણા દયાળુ ગઢેરાઓ ઘણી વખતે કન્યાઓને કબજે કરી તેનું જાહેર લીલામથી પણ પૈસા ઉત્પન્ન કરે છે. જેનો દાખલો ડજા પર વાળીબાનો હજુ કેસ ચાલે છે તે અને રામજી રતના અકરીવાળાની સ્ત્રીને આગેવાનોએ બારસો કોરીમાં બળજબરીથી વેચી હતી. છોકરીના માબાપોથી કંઈ બોલી શકાય જ નહીં. આ પ્રમાણેનો કચ્છ તરફ કન્યા વિક્રય થાય છે આ સંબંધે સુધારક ભાઈઓ ખાસ મહેનત કરી આગેવાનોથી જે માબાપો ન ડરે અને પોતાની મરજી પ્રમાણે પોતાની દીકરીઓ સુખી થાય ત્યાં આપે તો ગઢેરાઓનું કંઈ પણ ચાલે નહિ અને આપણી જ્ઞાતિમાં જેમ ઢોરોના જાહેર લીલામ થાય છે તેમ આગેવાનો જે હમણાં કરી રહ્યા છે તે તરત અટકી જાય. આ સંબંધે આ પરીષદમાં વાટાઘાટ થશે અને ઠરાવો પણ થશે. તે ઠરાવો ઉપર બોલનારા ભાઈઓ કંઈક વિશેષ અજવાળું પાડશે કે જેથી જ્ઞાતિને શરમાવનારો કન્યા વિક્રયનો નામનો જ માત્ર અપવાદ છે તે દુર થશે.

છુટાછેડાનો રીવાજ

છુટાછેડા કરવાનો રીવાજ આપણી જ્ઞાતિમાં છે અને તે કચ્છમાં પણ છે. પરંતુ તે ખાસ કયા કારણોને લઈને જ કરવામાં આવે છે, તે સિવાય અપવાદ રૂપે બળજબરીથી જે છુટાછેડા થયા છે, પ્રથમ સ્ત્રીના માબાપો પરવાનગી આપો તો જ થાય છે. જ્ઞાતિના રીત રીવાજોમાં આ એક બાબત અપવાદ રૂપે વખાણવા લાયક છે. એ જેમ આપણી જ્ઞાતિને અધોગતીની ઊંડી ખીણ તરફ ઘસેડી જતાં બાળલગ્ન અને તે બાળલગ્નની પેટા શાખામાંથી થતાં કજોડાં છુટાછેડા કન્યા વિક્રયથી જ્ઞાતિની જે પાયમાલી થઈ રહી છે.

અધોગતિનું બીજું કારણ-મરણ પાછળના જમણ

આપણી જ્ઞાતિની અધોગતિ થવામાં બીજું પણ એક કારણ ખાસ સમાયેલું છે અને તે એકે મરણ પાછળના પ્રેત ભોજનો હિંદુ શાસ્ત્રમાંનું એક પણ શાસ્ત્ર કે પુરાણોમાં કોઈ જગ્યાએ શોધ્યું મળતું નથી કે મરી જનારની પાછળ મિષ્ટાનો ઉડાડવાં, આ પ્રથા લગભગ દરેક જ્ઞાતિમાં છે અને તે શાથી આ રિવાજે ઘર કર્યું છે? તે બધી વાતો સભામાં ચર્ચાશે. હું તો માત્ર એટલું જ કહેવા માગું છું કે આપણી જ્ઞાતિને ગરીબ અને તદન કંગાળ જેવી સ્થિતિમાં લાવી મુકનાર રીવાજ કીંવા રૂઢી જે મરણ પાછળના જે ઉંડા ખર્ચોએ જ કરી મુકી છે. મારા દેખતાં મને સાભરે તેમ આપણી જ્ઞાતિના ઘણાં કુટુંબો સુખી હાલતમાં હતાં પરંતુ પોતાના વડીલોની પાછળ પોતાની પ્રતિષ્ઠા જાળવવા ગામોને જમાડવામાં ખરાબ ખસ્ત થઈ ગયા છે, એટલું જ નહિ પણ પોતાના ગરાસ ચાસ રાચરંચીલું દર દાગીનો સઘળું આવા જ કામોમાં ગીરો મુકાયા છે અને છેવટે મજુરી જેવો હલકો ધંધો કરવા જેવી સ્થિતિમાં આવી ગયા છે માટે આ સંબંધે પરીષદમાં યોગ્ય રીતે સમજાવવામાં આવશે તો આ જ્ઞાતિની જે આર્થિક સ્થિતિની પાયમાલી થઈ રહી છે તેને નવું જીવન મળશે. આપણી જ્ઞાતિ કેળવણીના અભાવે કણબી પશુ ન માનવી આ ઈલ્કાબને ધારણ કરી રહી છે તે માત્ર કચ્છના પાટીદારોને જ લાગુ પડે છે.

પીરાણા પાખંડી મતની બદી

કચ્છના કણબી જ્ઞાતિના કહેવાતા આગેવાનોએ તો નક્કી જ કર્યું છે કે કણબીનો દીકરો જો ભણ્યો તો વીરાણીવાળા નારાયણ રામજીના જેવો થશે. પીરાણા ધર્મને તેમજ આગેવાનોને નીંદશે માટે જેમ બને તેમ છોકરાઓને અભણ રાખવા તે સિવાય પીરાણા સતપંથના મુંજાવર કાકાઓ અને એ પંથના ચલાવનારાઓની ઉંડી ઉંડી એ પણ ભાવના છે કે જો કણબીનો દીકરો ભણશે તો બીજા હિંદુ શાસ્ત્રો વાંચશે તો આ પીરાણા પાખંડી મતમાંથી નીકળી જશે. તે સિવાય કચ્છની અન્ય કોમોનો પણ થોડો દોષ છે. તેઓની પણ વખતે એવી પોલીસી હોય કે કણબીઓ જો ભણશે તો તેઓ હિસાબ રાખતા શીખશે એટલે વેપારીઓ તેને મુંડી નહિ શકે આવા અનેક કારણો છે, પરંતુ કચ્છમાં કણબી જ્ઞાતિના માટે વાંચવું અને લખવું એટલે ગુજરાતી પાંચ ચોપડી સુધીના અભ્યાસનાં આજથી વીસ વર્ષ પહેલાં ફક્ત વીસ હજારની જ્ઞાતિમાં દશ ભાઈઓ જ હતા. તેમાં આપણી જ્ઞાતિના શુભેચ્છક ભાઈ નારાયણજી રામજી પણ આવી જાય છે. આ પ્રમાણે જ્યાં કેળવણીનો પ્રચાર હોય ત્યાં અજ્ઞાનતા જડતા અને આળસુપણા સિવાય બીજું શું હોય ? હું કેળવણીની વાત કરું છું આ વિષય તો કોઈ સમર્થ વિદ્વાનના મુખે શોભે હું તો અમારી જ્ઞાતિની અધમ દશા માટે અમારા તરફની હકીકત આ પ્રમાણે છે તે કહી રહ્યો છું. અલબત હમણાં દશેક વર્ષ પછી કણબી જ્ઞાતિના બાળકો વિદ્યાભ્યાસ કરવા વધારે પ્રમાણમાં જાય છે, પરંતુ એ કેળવણી ઉંચામાં ઉંચી ડિગ્રી તો ગુજરાતી પાંચ ચોપડીથી વધુ નહિ. અપવાદ રૂપે એકાદ બે ભાઈઓ અંગ્રેજી ચાર કે પાંચ ચોપડી સુધી પહોંચ્યા છે. આવી અમારી દયા જનક સ્થિતિ ઉપર દયા કરવા અમને સમજાવવા આ સભામાં બેઠેલા વિદ્વાનોને મારી નમ્રતાપૂર્વક વિનંતી છે, કેળવણી એ ભણવું એમાં જ એકલો સમાવેશ થતો નથી. માનસિક કેળવણી, શારીરીક કેળવણી, ધાર્મિક કેળવણી આ બધી કેળવણી જરૂર છે. માનસીક કેળવણીના અભાવે આપણી જ્ઞાતિના ડાહ્યા પુરૂષોમાં ખપતા એવા ભાઈઓ પણ અજ્ઞાન મૂરખ અને મુંઢ આગેવાનથી ડરીને પોતા ઉપર ઘાતકી જુલમો ગુજારે છે, તે મુંગે મોંઢે સહન કરી રહ્યા છે, એ ઘણું જ શોચનીય છે. માનસિક કેળવણીના અંગરૂપ શારીરિક કેળવણીની પણ ઘણી જ જરૂર છે. શરીર નબળું હોય તો મન નબળું થાય છે. નબળા શરીરવાળો કાંઈ પણ કરી શકતો નથી.

ધાર્મિક કેળવણીનો અભાવ

ધાર્મિક કેળવણીના અભાવે આપણે આપણી **જાત-કુરમી ક્ષત્રીય હોવા છતાં એક યવનને ગુરૂ** કર્યા અર્ધદગ્ધ પીરાણાના પંથને સતપંથ માન્યો, પ્રહલાદ, હરિશ્ચંદ્ર અને ધર્માવતાર પાંડવો પણ પીરાણા સતપંથ માનતા હતા એવું માની લીધું. પાંડવોના હાથે ગાય મારવાની વાત આપણે સાચી માની એટલું જ નહિ પણ હિંદુ જ્ઞાતિનો પ્રચલિત રીવાજ લગ્ન અને મરણ પ્રસંગે ચોરી અને ચીતાને આપણે ભૂલી ગયા. બ્રાહ્મણો પાસે લગ્ન કરાવવાથી પાપ થાય, કારણ કે બ્રાહ્મણમાંથી બ્રહ્મા ગયા તે આજ બ્રહ્માજીનું રૂપ ને નબીમામદ પેદા થયા, એમ માની લીધું. મરણ પ્રસંગે અગ્નિ સંસ્કારને બદલે દફનાવી દેવાનું કબુલ કર્યું. મુસલમાની કલમાઓ પઢતાં આપણે શરમાયા નહિ, આવી અધમતા આપણામાં જે આવી ગઈ છે તે માત્ર ધાર્મિક કેળવણીની ખામીને લઈને જ કેળવણીનો વિષય એ મહા મહાન વિષય છે, એનો બોધ વિદ્વાનો કરી શકે. મેં તો તમને આપણી સ્થિતિ કેળવણીના અભાવે કેવી થઈ ગઈ છે તે જ કહ્યું કેળવણીના માટે આ સભામાં પધારેલા વિદ્વાન ભાઈઓ આપણને સમજાવશે અને તેથી

ઘણું જાણવાનું મળશે. કચ્છના કડવા પાટીદારમાં કહેવાતા આગેવાનો સંબંધે મારે બે બોલ કહેવાના છે અને તે એ કે કણબી જ્ઞાતિમાં પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માટે ગરીબ ભાઈઓ તેમજ બહેનોને રંજાડીને પૈસા પ્રાપ્ત કરવાનું એક સાધન તેઓ જે માની બેઠાં છે, તેઓએ હવે એ નીચ વૃત્તિઓ તજવી જોઈએ, આ જમાનામાં તો હવે નહિ ચાલે. હજુ પણ ચેતાય તો સારું. આગેવાનોના જુલમોના ભાષણો કરાંચી પરીષદ બીજીમાં જે થયાં છે તે બધાં સાચાં છે અને આગેવાનોના માટે કલંકરૂપ છે, માણસાઈપણું તજી દઈ અજ્ઞાનતામાં આમાનુષીક કાર્યો કરનાર કોઈ રાજા મહારાજા કે શહેનશાહની રાજગાદી પણ ટકી નથી તો તમો એક સાધારણ માણસો પોતાના જ ભાઈઓ ઉપર નિર્દયતાથી જુલમ ગુજારો છો, તે પ્રભુ અથવા અન્ય કોમો કેમ સહન કરશે, જ્ઞાતિ સુધારકો આગેવાનોના નફટાઈ ભરેલા ચારીત્રો ગાવામાં હદ ઓળંગી ગયા છે, સભ્યતાની ખામી દેખાય છે. પરંતુ જ્યારે આગેવાનોનાં કુટીલ કારસ્તાનો જોતાં સુધારક ભાઈઓને પણ શું કહેવું હવે બહુ થયું છે. સમય વિચારી બંધુ પ્રેમને યાદ કરી એકબીજા તરફ સ્નેહની નજરે જોતાં શીખાય તો સારું નહિ તો અધર્મી કાર્યોનો અંત હવે આવવાનો જ છે અને તેમાં પણ કહેવાતા જુલમી આગેવાનોની સખત હાર થવાની. ઘડીઓ ગણાય છે માટે આગેવાનોને મારી નમ્રતાપૂર્વક વિનંતી છે કે હવે જમાનાને માન આપી પોતાની ભુલો કબુલ કરવામાં ડહાપણ સમાયેલું છે, પ્રભુ તમને સદબુદ્ધિ આપે.

કચ્છની કડવા જ્ઞાતિ પર કાળું કલંક

મારે જે કંઈ કહેવાનું હતું મેં કહ્યું છે. આપનો બહુ જ કીમતી વખત લીધો છે છતાં એક વાત હજુ કહેવાની બાકી રહી જાય છે અને તે વાત એ છે કે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિના શીરે એક કાળું કલંક એ પીરાણા સતપંથને જ્ઞાતિએ ધર્મ માની લીધો છે તે છે, અન્ય જ્ઞાતિના બંધુઓની સમક્ષ મારે આ કથા કહેતા ભારે શરમ થાય છે. છતાં પીરાણાના પાખંડી અર્ધદગ્ધ પંથને ધર્મ સમજી જે અમારા જ્ઞાતિ ભાઈઓ માની બેઠા છે. તેઓને શરમ થતી નથી એ અફસોસની વાત છે.

પીરાણા પંથ સંબંધે આપણી જ્ઞાતિના ભાઈઓ તેમજ આજની પરિષદના સેક્રેટરી ભાઈ નારાયણજી રામજીભાઈએ ઘણું કહ્યું છે અને ઘણા પુસ્તકો લખાયા છે અને એકાદ મહીના પહેલાં જે તેઓના તરફથી એક પ્રાસ્તાવિક નિબંધ બહાર પડ્યો છે. તેમાં હવે બાકી રહ્યું નથી, છતાં આ સભામાં પણ હું આશા રાખું છું કે તેઓ ભાઈશ્રી આપણી અજ્ઞાનતા દુર કરવા ઘણું અજવાળું પાડી આપણને સમજાવશે તે સિવાય ભાઈશ્રી નારાયણજીભાઈ પીરાણાના અર્ધદગ્ધ પંથના પોલની બુક બહાર પાડવાના છે, મને તો નવાઈ એ લાગે છે કે પીરાણાના અર્ધદગ્ધ પંથની આટલી બધી પોલો બહાર આવ્યા પછી હવે બાકી શું રહ્યું છે ? જેટલું બહાર આવ્યું છે તે જોતા એક પોતાને સાચો હિંદુ કહેવરાવનારો માણસ એક પળવાર પણ પીરાણા પંથનું કાળું કલંક કેમ રાખી શકે ? છતાં હજુ કચ્છની કણબી જ્ઞાતિના પીરાણા પંથને સંગ્રહી રાખનારા બહાદુરોના કંઈ ટોટા નથી પડ્યા, ભાઈ નારણજી રામજીભાઈની પ્રતિજ્ઞા છે કે મારી હૈયાતીમાં પીરાણાના પાખંડી મતની કણબી જ્ઞાતિમાંથી જડ કાઢી નાખીશ અને તેમ કરતાં જો એ જડ ન નીકળી તો પુનર્જન્મ ધારણ કરીને પણ એ પાંખડી મતનું જ્ઞાતિમાંથી નિકંદન કરવાનો એ ભાઈના પ્રયાસને આપણે જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે, આવા વીર બહાદુરો જ્ઞાતિમાંથી અધર્મનો નાશ કરવા તન, મન, અને ધનના ભોગો આપી રહ્યા છે, છતાં આપણી જ્ઞાતિના ઘણા ભાઈઓ સમજે

છે છતાં પોતાના મનની નબળાઈ છોડી શકતા નથી અને હિંદુ સમાજમાં ભારે અપમાન સહન કરે છે, છતાં વળગી રહ્યા છે, એવા ભાઈઓની મને દયા આવે છે. સભામાં પધારેલ વિદ્વાનો તેવા ભાઈઓને ખાસ સમજાવશે અને પરમાત્મા તેઓને સદબુદ્ધિ આપે એમ હું ઈચ્છું છું. પીરાણાના પાખંડી મત ઉપર ભાઈ નારણજીભાઈએ તેમજ અન્ય ભાઈઓએ ભારે તૈયારી કરેલી છે. એટલે આ વાત હું અત્યારે બંધ કરું છું.

ભાઈશ્રી નારણજી રામજીના ભાષણોથી તથા લેખોથી તેમજ અન્ય જ્ઞાતિ ભાઈઓનાં ભાષણોથી વિચારીને ગયા આઠ મહીનાની અંદર થોડા થોડા વખતના અંતરે ગામ દયાપર પાનેલી રવાપર ઘાટકોપર અને માટુંગા વગેરે સ્થળે રહેતા ત્રણસો કુટુંબો પીરાણાના પાખંડી મતનું કાળું કલંક ધોઈ નાંખી શુદ્ધ સનાતન હીંદુ ધર્મની દીક્ષા લીધી છે, જેમાંના ઘણા ભાઈઓ આ સભામાં હાજર છે, તેવા દરેક ભાઈઓને હું મારા તરફથી તેમજ સ્વાગત મંડળ તરફથી ખાસ ધન્યવાદ આપું છું પ્રભુ તેઓના ઉત્તમ કાર્યને મદદરૂપ થાય એવી પ્રાર્થના કરું છું તે સિવાય જેટલા ભાઈઓ જે પીરાણા પાખંડી મતને બિલકુલ માનતા નથી છતાં કેટલાક સંયોગો કુટુંબ કલેશના તથા જ્ઞાતિના આગેવાનોના જુલમની બીકથી રહી ગયા છે. તેઓને મારી વિનંતી છે કે બીવા જેવું કાંઈ નથી. જન સમાજમાં ઉંચું મોંઢું કરી ફરવાનું તમને ગમે છે, માટે એ કલંક હવે વધુ વાર રાખવું એ શોભાસ્પદ નથી. તરતમાં જ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લેવા હું વિનંતી કરું છું.

ઉપસંહાર

પ્રિય જ્ઞાતિ ભાઈઓ દેશપ્રેમી બંધુઓ અને બહેનોને જણાવવાનું કે ઘાટકોપરમાં પરીષદ મેળવવાને અમો ઘણા દિવસથી પ્રયત્ન કરતા હતા. પરંતુ વખત અનુકૂળ નહોતો આવતો જોકે અત્યારે પણ જેવો જોઈએ તેવો વખત અનુકૂળ નથી કારણ કે કામ ધંધાની તમામ માઠાર છે. પૈસાનો પણ પૂરો અભાવ છે, છતાં ઘાટકોપરમાં જ્યાં સુધી પરીષદ ન ભરાય ત્યાં સુધી ઘાટકોપરવાસી ભાઈઓને ભારે શરમ જેવું લાગતું હતું. પરંતુ તમો સૌ ભાઈઓના પ્રતાપે કુળદેવી ઉમીયા માતાની ઈચ્છાથી આજે અમે અમારું કર્તવ્ય બજાવવા ભાગ્યશાળી થયા છીએ. આજનો દિવસ અપૂર્વ આનંદનો છે, જ્ઞાતિ હીતને માટે વિચાર કરવાને આ ગામમાં અમને જ્ઞાતિ પરીષદ મેળવવા પ્રથમ પ્રસંગ પ્રાપ્ત થયો છે. ઘાટકોપરવાસી ભાઈઓએ જ્ઞાતિનું હિત એ પોતાનું હીત માન્યું છે, જેથી હું સભાને ખાતરી આપું છું કે જ્ઞાતિ હિતના કાર્યમાં અમો પછાત રહેશું નહિ. જ્ઞાતિ ઉન્નતીના કાર્યોમાં અમારાથી બનતી કોશીશો કરી છે, અને કરીશું. જ્ઞાતિના હીતાર્થે આ પરીષદ મળી છે, તેનું અવશ્ય રૂડું પરીણામ આવશે, આ પરીષદમાં પણ સૌ ભાઈઓ તન, મન અને ધનથી જ્ઞાતિ સેવાનું અમુલ્ય ફળ પ્રાપ્ત થાય એવા જ્ઞાતિ હીતના કાર્યો આ સભામાં હાથ ધરવામાં આવશે એવી મારી નમ્ર પ્રાર્થના છે આ સભામાં જે બહેનોએ પધારી અમને આભારી કર્યાં છે, તેઓને બે બોલ મારે કહેવાના છે અને તે એ કે જ્ઞાતિ હીતના કાર્યોમાં તમારી મદદની ખાસ જરૂર છે, એક હાથથી તાળી પડતી નથી, બે પૈડાં સિવાય ગાડી ચાલી શકે નહિ, ઘણા ભાઈઓની એ ફરીયાદ છે કે પીરાણા ધર્મને તજવામાં ઘર કલેશ થાય છે. માટે તમારે તમારા સ્વામીની ઈચ્છાનુસાર ધર્મ કાર્યમાં તમારી સંપૂર્ણ મદદ વીના તે ન થાય. અમો દયાપર ગામે ગયા હતા ત્યાં પુરૂષ વર્ગ કરતાં બહેનોનો ઉત્સાહ અમે વધુ જોયો અને એ ઉત્સાહના પરીણામે દયાપર ગામે આજે કણબી જ્ઞાતિનું નામ અમર કર્યું છે, રામકૃષ્ણાદી અવતારો, મહારાજા પ્રતાપસિંહજી, શીવાજી, મહાત્મા ગાંધી, તિલક મહારાજ એવા એવા અનેક નર રત્નોને જન્મ આપનારી માતાઓ પણ તમારા જેવી જ હતી.

સીતા દમયંતી અને સાવિત્રી જેવી સતિઓ પણ માતાના પેટે જ અવતરી હતી. આપણી જ જ્ઞાતિનાં સરોજની નાયડુ (મદ્રાસ તરફ કણબી જ્ઞાતિને નાયડુની ઉપમા અપાય છે,) એ પણ તમારી જ બેન છે. આગળનાં દાખલાઓ ન લેતાં આ એક દાખલો અત્યારનો જુઓ. ભારતની દેવકન્યા સમાન શ્રીમતી સરોજની નાયડુ દેશના માટે શું શું કાર્ય કરી રહ્યાં છે, આફ્રિકાની ગોરી પ્રજાને હચમચાવી રહી છે. એ પણ આપણી જ્ઞાતિની જ બેન છે, તો તમે બીજું કાંઈ ન કરી શકો તો પણ આપણી જ્ઞાતિના હીતમાં પોતાના પતિને સહાનુભૂતિ આપ્યા સિવાય કેમ ચાલે તમો તો શક્તિનો અવતાર છો તમો ધારો તે કરી શકો. માટે જ મારી નમ્ર વિનંતી ધ્યાનમાં લેશો અને જ્ઞાતિના ઉદયમાં તમારો પણ હિસ્સો જ હોવો જોઈએ જે ભુલશો નહિ. છેવટે અન્ય જ્ઞાતિના ગૃહસ્થો વિદ્વાનો પંડીતોએ ભારી કૃપા દષ્ટિ કરી અમારી દુઃખી જ્ઞાતિની દાઝ હૃદયમાં ધરી અમારા દુઃખમાં ભાગ લેવા પધાર્યા છો. તેનો ઉપકાર હું શી રીતે વાળું તમને તો મારા નમસ્કાર છે, નમ્રતાપૂર્વક વિનંતી કરું છું કે જેવી રીતે આજે આપ પધાર્યા છો, તેવી જ રીતે અમારી જ્ઞાતિનું કાર્ય ચાલે ત્યાં સુધી બાકીના બે દીવસોએ પધારીને તમારી વીદ્વતાની પ્રસાદી અમારા જ્ઞાતિ ભાઈઓને આપવા કૃપા કરશો એટલું જ નહિ પણ અમારી જ્ઞાતિ અજ્ઞાનતા અંધકારમાં ગોથા ખાય છે, તેનો હાથ પકડી સત્યના સૂર્યના દર્શન કરાવવા તમારાથી બને તેટલું કરી અમને અમારી જ્ઞાતિ સુધારવામાં મદદમાં કરશો એ મારી પ્રાર્થના છે.

સભામાં પધારેલા દરેક ભાઈઓ તથા બહેનોએ મારું ભાષણ શાંતિપૂર્વક સાંભળ્યું છે, એટલું જ નહિ પણ અમારા આમંત્રણને માન આપી આપે ખાસ તસ્દી લઈ અમારા જ્ઞાતિ હીતના કાર્યને દીપાવવા અમને અનુકૂળતા કરી અમારી ઉપર મોટો ઉપકાર કર્યો છે. તેના માટે અમો તમારા હંમેશના ઋણી રહેશું. આટલું બોલી મારું ભાષણ પૂરું કરું છું અને પરીષદના કાર્યમાં જોડાવાને દરેક ભાઈઓ તેમજ બહેનોને વિનંતી કરું છું.

સ્વાગત કમીટીના પ્રમુખનું ભાષણ સમાપ્ત થયા પછી પરિષદના સેક્રેટરી ભાઈ નારાયણજી રામજીએ પરિષદના પ્રમુખ મહાશય હવેથી પોતાનું ભાષણ શરૂ કરશે તે તમો એક ચિતથી સાંભળશો એવું જાણ કરતાં સભાના સર્વ માણસોએ તાળીઓના ગડગડાટ સાથે ઉભા થઈ પરિષદના પ્રમુખ મહાશયને માન આપ્યું હતું અને શેઠ ચંદુલાલ મણીલાલ દેસાઈએ પોતાનું વિદ્વતા ભર્યું વ્યાખ્યાન શરૂ કરેલ જે નીચે મુજબ છે.

પરીષદના પ્રમુખ શેઠ ચંદુલાલ મણિલાલ દેસાઈનું ભાષણ

પ્રિય જ્ઞાતિ બંધુઓ, સદગૃહસ્થો, માતા અને પૂજ્ય બહેનો, મોહમયી મુંબઈનગરીના એક અંગરૂપ ગણાતા ઘાટકોપરમાં શ્રી કચ્છ કડવા પાટીદાર પરીષદના ત્રીજા મહોત્સવના પ્રમુખપણાનું અપૂર્વ અને અનુપમ માન આ સેવકને આપવાની આપ સર્વે ભાઈઓએ કૃપા કરી છે તે માટે હું તમારો અત્યંત આભારી છું.

પ્રમુખપદની દરખાસ્ત મુકનાર શ્રીયુત નારાયણજી રામજીભાઈએ મને ઉદ્દેશીને જે માનપ્રદ શબ્દો ઉચ્ચાર્યા છે, એટલું જ નહિ પણ જે મહાન વિશેષણો વાપર્યા છે, તે મારી મિથ્યાભિમાની વૃત્તિને ઉત્તેજીત કરનારાં છે, એટલું જ નહિ પણ એ સર્વ અતિશયોક્તિ ભરેલાં છે, મારા તરફના તેઓના સ્નેહના પક્ષપાતને લઈ મારાં જે વખાણ કર્યાં છે. તેના માટે તેમનો અને બીજા ભાઈઓએ જે પ્રમુખપદ માટે ટેકો આપ્યો છે, તેઓ સર્વેનો ઉપકાર માનું છું.

ઈશ્વર કૃપાથી આપણી બહોળી જ્ઞાતિમાં તેવાં અનેક નરરત્નો આપણી જ્ઞાતિમાં બીરાજે છે કે જેની આગળ હું અલ્પ સમાન છું. આ સભાની અંદર પણ મારા કરતાં વિદ્વાન બુદ્ધિવાન, નીતિવાન, વિનયવાન, પરોપકારી, કાર્ય

કુશળ અને બીજા અનેક ઉત્તમ સદ્દગુણોથી ભરપૂર સમગ્ર જ્ઞાતિ સમુહને શોભાવે તેઓમાંના કોઈ ભાઈની આ ઉચ્ચ સ્થાને યોજના થઈ હોત તો વ્યવહાર દૃષ્ટિની યોગ્યતા વધારે જળવાત અને કાર્ય સિદ્ધિનો માર્ગ વધારે સરળ થાત.

પ્રિય જ્ઞાતિ બંધુઓ, આવડી મોટી ગંજાવર સભાના પ્રમુખપણાની જિમ્મેદારી કંઈ નાનીસુની નથી, મારા જેવા સાધારણ માણસના ગજા ઉપરનું કામ છે. છતાં આપ સર્વે મુરબ્બી ભાઈઓની આજ્ઞાને માન આપી એ ભાર ઉપાડવાનો સ્વીકાર કરવાનું મેં સાહસ કર્યું છે, તે એવી ઉમેદથી કે, આપણી જ્ઞાતિની પરિષદના કાર્યવાહકો, વિદ્વાનો તથા અન્ય સર્વે ભાઇઓ મારા દોષને તથા અપૂર્ણતાઓને સુધારી લઈ શુદ્ધ અંતઃકરણથી અને ભ્રાતૃભાવથી મારી સહાયતામાં રહેશે એવી આપને પ્રાર્થના કરું છું. સ્વજ્ઞાતિ પ્રત્યેનો સેવાભાવ તો મેં લાંબા સમયથી સ્વીકાર્યો છે અને આજના પ્રસંગથી એ બંધન અધિક બળવાન બને છે. આપે સોંપેલું કાર્ય વિકટ છે, પણ મારી અલ્પ શક્તિ પ્રમાણે બનતી સેવા કરીશ.

આપણો ઈતિહાસ શું દેખાડે છે.

વ્હાલા ભાઈઓ અને બહેનો દેશના જુદા જુદા ભાગોમાંથી તસ્દી લઈ અને સંકટો સહન કરી પૈસાનો ભોગ આપી આપણે અત્રે એકત્ર થયા છીએ, એ ઉપરથી એ અનુમાન થાય છે કે આપણે અત્રે એકઠા થવું ઘણું જરૂરી છે. કોઈ પણ કાર્ય જરૂરીયાત વગર કોઈ કરતું નથી, આ સભા મંડપમાં આપણને હાજરી આપવાથી જે આનંદ થાય છે તે જાણે દૈવી આનંદ ન હોય એવું મને સમજાય છે, કોઈ દુઃખી માણસના દુઃખનું આપણા હાથે નિવારણ થતાં હૃદયમાં જે આનંદ થાય અને તેનું અંતઃકરણ આપણા તરફ જે માયા ભરી દૃષ્ટિ ખેંચાતું હોય તે ભાવથી આજે આપણા અંતઃકરણો એક બીજા બંધુઓના દર્શનથી આનંદીત થાય છે, સ્વ જ્ઞાતિના હીતમાં આપણું પણ હીત સમાયલું છે, તેથી એ ઉદ્દેશ હંમેશા યાદ રાખીને જ્ઞાતિ હિતના કાર્યમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. અહીં આ આપણે એક જ ગામ કે પરગણાના હીત માટે મળ્યા નથી, પરંતુ આપણી જ્ઞાતિ કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, માળવા નીમાડ જેવા દુર દુર દેશોમાં આપણે રહીએ છીએ છતાં એક જ કુટુંબનો આપણો આ પરિવાર છે, તે કોઈ કાળે ભુલવું જોઇએ નહીં. ઘણો કાળ થઈ જવાથી દેશ ચાલ મુજબ આપણા પહેરવેશ અને બોલવામાં એકબીજાથી જુદાપણુ લાગે છે, પરંતુ આપણા મુખ્ય રીવાજો ધર્મ કુળ અને અસલ સ્થળો જોતાં આપણે એક જ જ્ઞાતિના બંધુઓ છીએ એ સમજાયા સિવાય રહેતું નથી. તેના અનેક ઈતિહાસિક દાખલાઓ આજે પણ મોજુદ છે, આપણા વડીલોએ ગામો વસાવ્યાની તેમજ આપણી પ્રાચીન જાહોજલાલી ભરેલી સ્થિતિ જેને જાણવી હોય તેમણે આપણી જ્ઞાતિના નરરત્ન સ્વર્ગસ્થ કર્મવીર બંધુ ભાઈશ્રી પુરૂષોત્તમભાઈ લલ્લુભાઈ એ રચેલાં શ્રી **“કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ”** નામના પુસ્તકનો અભ્યાસ કરવો કણબી ક્ષત્રિય ઉત્પતી અને ઈતિહાસ નામનું પુસ્તક આપણી જ્ઞાતિના માટે **“રામાયણ અને મહાભારત”** ની ઉપયોગિતા જેવું છે. આપણી જ્ઞાતિનો સાચો ઈતિહાસ તેમાં સમાયેલો છે, માટે એ પુસ્તક જ્ઞાતિના દરેક ભાઈએ અવશ્ય વાંચવું અને મનન કરવું જ જોઈએ એ ઈતિહાસમાં આપણી કચ્છ તરફની કડવા પાટીદાર જ્ઞાતિનો પણ ઈતિહાસ છે અને એ ઈતિહાસિક દૃષ્ટિએ આપણો જ્ઞાતિ સંબંધ જે જળવાઈ રહ્યો છે, તે જાણી મને ભારે આનંદ થાય છે. સંવત ૧૫૮૦ {VSAK :1523-24} ની સાલથી તે સંવત ૧૮૩૨{ VSAK :1775-76} ની સાલ સુધી ગુજરાતના જુદા જુદા ગામોમાંથી કચ્છ તરફ પાટીદારો ગયાનો

ઉલ્લેખ કુરમી ક્ષત્રિય ઉત્પતિમાં છે અને એ વાત બરોબર બંધબેસતી આવે છે, કચ્છની રેતાળ અને ડુંગરાળી ભૂમિને નંદનવન સમાન બનાવનાર તમારા જ વડીલો છે અને જુદા જુદા ગામો વસાવી, આબાદ સ્થિતિમાં ત્યાં તમારી પટલાઈ હજુ ચાલુ છે, દેશ કાળના પરિવર્તનથી અજ્ઞાનતામાં આપણી જ્ઞાતિમાં જે અધર્મ યુક્ત રીત રીવાજોએ ઘર કર્યું છે, તેને નિર્મુળ કરવા દેશના જુદા જુદા ભાગોમાં પ્રવૃત્તિઓ ચાલુ છે અને તે જ પ્રમાણે કચ્છમાં પણ જ્ઞાતિ સુધારકોએ એજ હિંમત ઉઠાવી છે, આ બધી અજ્ઞાનતાઓ આપણામાં જે આવી ગઈ છે, તે કેળવણીના અભાવે.

કોમની કેળવણી સંબંધી કંગાળ હાલત

ગુજરાત, કાઠીયાવાડ અને નીમાડ, માળવામાં આપણી જ્ઞાતિ વસે છે, ત્યાં કેળવણીનું જે પ્રમાણ છે, તેથી કચ્છમાં આપણી જ્ઞાતિનું કેળવણી પ્રમાણ તદન કંગાળ હાલતમાં છે, મને ભારે અજાયબી થાય છે કે હિંદુસ્તાન દેશ માંહે નાના મોટા સાતસો રજવાડા છે, કચ્છનું રાજ્ય એ મહારાજ્યની ગણતરીમાં છે, કચ્છ રાજ્ય એ સ્વતંત્ર રાજ્ય છે, બ્રીટીશ સરકારની ઝાઝી દખલગીરી ત્યાં નથી, ચલણી નાણું રાજાના સિક્કામાં ચાલે છે. હથિયારોની ત્યાં તદન છુટ છે, ખેતીવાડી કરવાવાળા ભાઈઓની વીઘોટીનો ત્રાસ નથી, ઉત્પન્નમાંથી અમુક રાજ્ય ભાગ તરીકે અપાય છે, ઉપજ ન હોય તો કશું આપવાનું નથી. રાજ્યમાં નીમકવેરો બિલકુલ નથી, તે સિવાય કચ્છના મહારાવશ્રીએ અનાજનો એક પણ દાણો પરદેશમાં ન જાય તેનો સખત બંદોબસ્ત કાયદાથી કરેલો છે, એટલે એ દેશની પ્રજાને દુકાળના વર્ષોમાં પણ મોંઘવારી નડતી નથી, આવાં બધાં સાધનો જે રાજ્યમાં હોય તે રાજ્યની પ્રજાની ઉન્નતી કેમ ન સંભવે ? છતાં કચ્છમાં કેળવણીની ખામી ભારે દેખાય છે. અને એ કેળવણીના અભાવે આપણી કણબી જ્ઞાતિને જડવત બનાવી મુકી છે, તે તેનું એક મુખ્ય કારણ છે.

આગેવાનોના જુલમોની કથા

મેં કચ્છી પાટીદાર ભાઈઓની ઘણી મીટીંગોમાં ભાગ લીધો છે અને તે મીટીંગોમાં કચ્છી કણબી જ્ઞાતિના આગેવાનોના જુલમોની કથા અને પીરાણા સતપંથની વાતો ઘણે ભાગે વધુ ચર્ચાય છે, એ મારા અનુભવમાં છે. તે સિવાય કચ્છ કડવા પાટીદાર પરીષદ પહેલી અને બીજીના રીપોર્ટો વાંચ્યા પછી મને અનેક પ્રકારના વિચારો થાય છે આપણી કડવા પાટીદાર જ્ઞાતિ દેશના જુદા જુદા ભાગોમાં વિસ્તાર પામેલી છે અને દરેક ઠેકાણે નાત જાતને લગતી તકરારો જ્ઞાતિના સમજુ પુરૂષો મારફત પતાવવાનો રીવાજ ઘણો જ પ્રાચીન થઈ ગયો છે, તે જેટલો ઈષ્ટ છે, તેટલો જ હાલમાં તો ખાસ કરીને કચ્છ દેશમાં આગેવાનોના સ્વાર્થી અને અન્યાયી દોરનો ભોગ થઈ પડ્યો છે. કચ્છના આગેવાનોની જુલમી સત્તા અને અધમતાના ઈતિહાસો કહેવા બેસીએ તો કેટલાએ પુસ્તકો લખાય પરંતુ આપણું કર્તવ્ય અજ્ઞાન અને અધર્મી સ્વાર્થી માણસોની કાળી બાજુ ચીતરવામાં જ સમાયેલું નથી, પરંતુ તેઓને સુધારવા માટે જે જે ઉપાયો લેવા ઘટે તે લેવા દરેક બંધુઓને મારી તો સલાહ એ છે કે તમારા માહેના જ્ઞાતિ સુધારક ભાઈએ આગેવાનોના જુલમની ફરીયાદ કોર્ટ મારફતે નહિ પણ ખુદ મહારાજાની રૂબરૂ જણાવવી જોઈએ.

કચ્છના રાવ પાસે ડેપ્યુટેશન મોકલવાની હીમાયત્

કચ્છના મહારાજશ્રી પોતાની પ્રજાની પાયમાલી પ્રજાના હાથે કેમ થવા પામે તે માટે આ સંબંધે તમારામાંથી થોડા ભાઈઓનું ડેપ્યુટેશન મહારાજા હજુર પાસે જવું જોઈએ અને ધીરજથી તમારી બધી વાતો તેમને યોગ્ય રીતે

સમજાવવી જોઈએ મારી પાકી ખાત્રી છે કે તમને એટલે કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિ, જ્ઞાતિના આગેવાનોથી ગુલામી દશા ભોગવે છે. તેથી જરૂર મુક્ત થઈ શકે, દરેક જ્ઞાતિમાં આગેવાનો હોય છે, તેમને પટલાઈનો મોહ પણ રહે છે, જ્ઞાતિ ભાઈઓ ઉપર જોર જુલમ પણ કરે છે. પરંતુ કચ્છના પટેલોની માફક નહિ પૈસાના સ્વાર્થની ખાતર અમારા તરફના પટેલો આવો જુલમ કરે તો એક દિવસ પણ તેઓની પટલાઈ ચાલે નહિ.

દરેક માણસે પોતાના પગ પર ઉભા રહેતા શીખવું જોઈએ

કચ્છના કણબી જ્ઞાતિના પટેલોના ઈતિહાસ વાંચી હૃદયમાં કંપારી છુટે છે અને તેની સાથે સાથે કચ્છના કડવા પાટીદારોની ભીરૂતા, નીરમાલ્યતા અને મુરખાઈપણાની પણ હદ આવી જાય છે, કરાચીમાં મળેલી બીજી પરીષદના રીપોર્ટમાં જે હેવાલ પ્રગટ થયો છે તે ઉપરથી તો એમ જ કહેવાય કે આ પ્રજા હજુ તદન અજ્ઞાન અને જડ જ છે. દરેક માણસે પોતાના પગ ઉપર ઉભા રહેતા શીખવું જોઈએ, આત્મ બળથી મનુષ્ય ધારે તે કરી શકવા સમર્થ થાય છે, તેના દાખલામાં હું જણાવીશ કે ભાઈશ્રી નારાયણજી રામજીભાઈ તરફથી થોડા વખત પહેલાં એક “પ્રાસ્તાવિક નિબંધ” બહાર પડેલ છે, તેમાં કેટલાંક કુટુંબોએ પીરાણા પંથ અને આગેવાનોના જુલમને ન ગણકારતાં પોતાની સ્વતંત્રતા સિદ્ધ કરી છે, તેજ પ્રમાણે દરેક માણસો જો વરતે તો આજે આપણા ઉપર કોઈ જુલમ કરી શકે તેમ નથી, તે સિવાય પીરાણાના પાખંડી મતના પંથે ચાલીને આજે કચ્છના પાટીદાર ભાઈઓની કેવી અધમ દશા થઈ ગઈ છે, તે સર્વ કોઈના ધ્યાનમાં છે, પ્રાસ્તાવિક નિબંધમાં તેમજ સ્વાગત કમિટીના પ્રમુખના ભાષણમાં એ સંબંધે ઈશારો કરવામાં આવ્યો છે. આપણી ભાવનાઓ ભ્રષ્ટ કાં થઈ?

સૈયદ ઈમામશાહના પંથના માર્ગે ચઢવાથી આપણી ભાવનાઓ નષ્ટ ભ્રષ્ટ થઈ ગઈ છે, કેટલાક રીત રીવાજોમાં પણ અધમતાએ વાસ કર્યો છે, જ્યાં કાચું સોનું પાકે એવા રસાળ ગુજરાત પ્રદેશનો ત્યાગ કરી કચ્છમાં આપણી જ્ઞાતિને જવાનું મૂળ કારણ પણ પીરાણા મતનો સ્વીકાર કરવાથી જ થયું છે. અધર્મ યુક્ત અધમ પંથને વળગી રહેવાની લાલસા વધતી ગઈ, જેના પરીણામે જીવન ખારાં ઝેર જેવાં થઈ ગયાં ધન ગયું, માન ગયું, વિદ્યા ગઈ જેના લીધે બુદ્ધિ ગઈ અને સારું સમજવાની શક્તિનો પણ લોપ થઈ ગયો, અધર્મરૂપી ઝેરી ભાવનાઓ પેઢી દર પેઢી ઉતરતી આવી. અફસોસ બંધુઓ, એ સ્થિતિનું જેને ભાન થાય તે તો જરૂર પોતાના ભાઈઓની દયાજનક સ્થિતિ ઉપર આંસુ પાડ્યા સિવાય રહે જ નહિ પરંતુ એ આંસુ અને હૃદયના ઉભરા કયા ધર્મથી પોસાતા હૃદયોમાં આવે. એ વાત કોણ સમજી શકે. અરે સમજવા પણ કોને ? સમજવા માટેની વિચાર શક્તિ અને બુદ્ધિ જોઈએ તે ક્યાંથી લાવવી ? તે શક્તિ બક્ષનારી વિદ્યાદેવી અને આપણે કેટલી પેઢીઓનું અંતર તે મહાદેવી સરસ્વતી આપણા ઉપર પ્રસન્ન કેમ થાય, આપણે તો -

મરાઠી સાખી

ધર્મ કર્મને ધોઈ નાંખ્યા
ગાડર સમ ઝુકાવી,
ઉપરથી ઉપહાસ્ય કરાવી,
ગાંઠનું ગરથ ગુમાવી આવી,
રસમય થકી ભાવી ભુંસયું
શરમ જરી નાવી-આવી રસમ,

----: અધમ દશા માટે અફસોસ :----

કચ્છના કડવા પાટીદાર ભાઈઓની અધમ દશાના માટે અફસોસ પણ કેટલો કરીએ આંખે પાટા બાંધી ઈમામશાહને ઈન્દ્ર માની લીધો અમરાપુર મહાલવાની અજ્ઞાન લાલસા એ પાંચે પાંડવ મલી ગૌવધ કીધાની અને સતિ પાંચાળીએ મરતક ચામડાં લીધાની વાત પણ સાચી માની લીધી ફરમાનજી બીસમીલ્લાના કલમા પઢતાં પણ શરમાયા નહિ. દશોંદના દોકડા ભરી ભરી તુટી ગયા અને બેસ્ત મુકામે પહોંચ્યા પહેલાં તો પરદેશના ઝાડ જોવા પડયાં કરવત ખેંચવાની સ્થિતિ પ્રાપ્ત થઈ બીજું શું થાય. જ્યારે સગાં કુટુંબ બહેન, ભાઈ વગેરેના હીતનો વિચાર આવે નહિ અને અમરાપર પહોંચવાના ખોટા લોભ લોક લજ્જાનો ખ્યાલ પણ મટી જાય અને પાખંડી પીરાણા મતના ઉપદેશની ગોળીઓ જેમને ગળી લાગે તેમની સ્થિતિ બીજી કઈ રીતે વધારે સારી હોવાનું સંભવે પરંતુ એ ધર્મને પોષવાના લાગાઓ ભરવા ઉપરાંત જગતની દષ્ટિએ હલકા દેખાવાનું અને નાક કપાવવાનું દુઃખ જે ભાઈઓના કર્મે આવી પડે તે પણ જ્યારે ફરજીયાત જેવું તેને થઈ પડવાનું દુઃખ પ્રાપ્ત થાય. તેની કઈ દશા ? પાટીદારનું જેનામાં પાણી હોય તે તો જરૂર પોતે જાતે તેમાંથી છુટવા અને બીજાઓને પણ છોડાવવા પ્રયત્ન કરે જ, તેમ કરવાનો એને જન્મ સિદ્ધ હક પ્રાપ્ત થયેલો હોય છે, અને એ વાતનો કોઈનાથી ઈન્કાર પણ થઈ શકે તેમ નથી, માટે સભામાં બેઠેલા તમામ ભાઈઓ અને બહેનોને મારી નમ્ર વિનંતી છે કે આપણી કડવા પાટીદાર જ્ઞાતિ તેમાં પણ કચ્છ વિભાગમાં, પીરાણા પંથનું જે પાખંડ આપણી જ્ઞાતિમાં ઘુસી ગયું છે, તેને સત્વર નાબુદ કરવા પોતાનાથી બનતો પ્રયત્ન અવશ્ય કરવો, આજ દિવસ સુધી કચ્છના ભાઈઓએ જ આ પ્રવૃત્તિ ચાલુ રાખી છે, પરંતુ અમારા તરફથી પણ હવે તે સંબંધે યોગ્ય બંદોબસ્ત કરવાના ઉપાયો હું અમારા ગુજરાતી ભાઈઓને મળીને કરીશ, આ કાર્ય હિંદુ સમગ્ર જ્ઞાતિએ ઉપાડી લેવાની ખાસ જરૂર છે.

ગુપ્ત પંથનો સડો

મને લાગે છે કે આપણે ઘણા જ મોડાં જાગ્યાં છીએ. અપવાદ રૂપે ગુજરાતમાં કેટલીક હિન્દુ ગણાતી જ્ઞાતિઓમાં આ પંથ છુપી રીતે માનવામાં આવે છે, અને તે પંથને ગુપ્ત પંથ પણ કહેવામાં આવે છે. તેથી જ આ ગુપ્ત પંથનો સડો આગળ વધ્યો છે, આ પંથના યોજકોએ હિન્દુઓને વટલાવીને મુસલમાન કરવા માટે જ આ ગુપ્ત પંથની યોજના કરી છે, તેનો તો દરેક હિન્દુ ભાઈઓએ સાચા હૃદયથી તનતોડ મહેનત કરી એવા ગુપ્ત પાખંડી મતની હિન્દુ સમાજમાંથી જડ કાઢી નાખવી જોઈએ છે. આ વિષયમાં મારે ખાસ કહેવાનું હતું અને તે મારાથી જેટલું કહેવાયું છે, તે તમો સૌ ભાઈઓએ તેમજ બહેનોએ સાંભળ્યું છે, માટે તેનો સત્વર ઉપાય કરવા હું તમોને વિનંતી કરું છું.

બાળ લગ્નની નાશકારક રૂઢી

તે સિવાય આપણી સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિમાં જે બાળલગ્ન કરવાથી આપણી અધોગતિ થઈ રહી છે, તે તમો સર્વ ભાઈઓ જાણો છો, અમારા તરફ ગુજરાતમાં પણ વર કન્યાની લાયકાત જોઈ યોગ્ય ઉંમરે લગ્ન કરવાની પ્રથા શરૂ થઈ ગઈ છે, અને લગ્નો થયા છે, એક જ તીથીએ લગ્ન કરવાની પ્રથા કેવા સંયોગોમાં આપણામાં પેસી ગઈ છે. તે સંબંધે ઘણા મતમતાંતરો છે. પરંતુ તે ગમે તે કારણે આ રૂઢી આપણામાં પ્રચલીત છે, પરંતુ હવે એ જૂના વહેમોને સુધારક ભાઈઓ મચક આપતા નથી, મારા સાંભળવા પ્રમાણે કચ્છમાં પણ આપણી જ્ઞાતિમાં બાળ લગ્નો અને એક જ તીથીએ લગ્ન થાય છે. અને એ બાળ લગ્નની નાશકારક રૂઢીએ આપણી જે

પાયમાલી કરી છે તે તમો સર્વ ભાઈઓના ખ્યાલમાં છે, મને જાણીને ભારે આનંદ થાય છે, કે કચ્છમાં પણ ઘણા ભાઈઓ પોતાના છોકરાઓને એક જ તીથીના લગ્ને પરણાવતા, અનુકૂળ તીથીઓએ અને યોગ્ય ઉંમરે લગ્ન કરવાની વાતો બહાર આવી છે, તમારા માંહેલા ભાઈશ્રી નાયાભાઈ શીવજી ગામ વિરાણીવાળા પોતાની દીકરી ચૌદ પંદર વર્ષની બેન દેવકુંવરના લગ્ન આવતા વૈશાખ માસમાં કરવાના છે, આ શુભ સાહસોથી જુની અને હાનીકારક રૂઢી અશાસ્ત્રોક્ત રૂઢીઓનો જલદી અંત આવશે એ ચોક્કસ જ છે. બાળ લગ્નના સંબંધમાંના દરેક ઠેકાણે સારી પ્રવૃત્તિ ચાલી રહી છે, જેથી આશા છે કે આપણી જ્ઞાતિને ભારે કલંક રૂપ તેમજ હાનીકારક આ રૂઢી હવે નાશ પામવાની જ. બાળલગ્નના પરીણામે કજોડાંનો સંબંધ સંસારને ઝેર રૂપ બનાવે અને તેના પરીણામે છુટાછેડા એટલે છુટકો કરવાનો રીવાજ આપણામાં પડી ગયો છે, તે જો બાળલગ્ન અટકાવે અને યોગ્ય ઉંમરના બાળકોની લાયકાત જોઈ સંબંધો કરવાની આપણે કાળજી રાખીશું તો છુટાછેડા જેવા નામોશી ભર્યા રીવાજનો અંત જ આવેલો જ પડ્યો છે, કન્યા વિક્રય આપણી જ્ઞાતિમાં અપવાદ રૂપે કોઈક જગ્યાએ હશે કચ્છમાં કન્યા વિક્રય થાય છે ગુજરાતમાં પણ અપવાદ રૂપે થતાં હશે, કાઠીયાવાડમાં કન્યા વિક્રય વધારે પ્રમાણમાં થાય છે, એ ભારે નીચું જોવડાવનારું આપણી જ્ઞાતિના શીરે કંલક છે, ગમે તે વિભાગમાં એ અધમ રીવાજ ચાલુ હોય તેનું પણ કલંક તો આપણને લાગે માટે તેનો તાત્કાલીક ઉપાય કરવો જ જોઈએ.

કન્યા વિક્રય કરવો એ ક્રૂરતાનું કામ છે

કન્યા વિક્રય જેવું બીજું કોઈ પાપ નથી. પોતાના શરીર અને લોહીમાંથી ઉત્પન્ન થયેલી કન્યાને વેચનારો પિતા સર્વ પાપીઓમાં મહાપાપી છે. બંધુઓ કન્યા અને ગાય જ્યાં દોરો ત્યાં જાય એ કહેવત પ્રમાણે બિચારી બાળક અજ્ઞાન અને વડીલોની આજ્ઞાને માથે ચડાવનારી કન્યા જ્યારે તેના પેદા કરનાર માતા પિતાના સ્વાર્થનો ભોગ થઈ પડે, ત્યારે પછી જણીને તરત પોતાના બચ્ચાંને ખાઈ જનારી નાગણમાં અને એવાં માતા પીતામાં શો તફાવત રહ્યો. દરેક મનુષ્યનો એ ધર્મ છે કે પોતાનાં બચ્ચાઓને પાળી પોષી યોગ્ય ઉંમરે ઘર સંસાર ચલાવવાને શક્તિવાન બનાવવાં એવો જે ઉત્તમ ધર્મ માતા પિતાનો કહેવાય તે ધર્મ તજીને પોતાના ઉદરથી ઉત્પન્ન થયેલી કન્યાનો વિનાશ કરવા લાગે. પિતા અને માતા જ જ્યારે કસાઈ બનીને કન્યાના ગળામાં લોભ અને સ્વાર્થની ખાતર ફાંસો નાંખે. રક્ષક જ્યારે ભક્ષક થાય, અને વાડ જ્યારે વેલાને ખાય ત્યારે તેમને આધારે રહેલાં બિચારાં ગરીબ બચ્ચાઓનું શું થાએ. ખરેખર કળીયુગમાં અને તે પણ હિંદુ સમાજમાં આ કેવા પ્રકારનું ઘોર કર્મ કહેવાય. પ્રભુ સર્વને સદબુદ્ધિ આપે અને હિંદુ જન સમાજ આવાં નીચ કર્તવ્યો કરતા અટકે એવી મારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

પ્રિય જ્ઞાતિ ભાઈઓ, આપણી જ્ઞાતીમાં જ્ઞાતીની અધોગતી કરનારી અનેક રૂઢીઓ અને રીવાજો છે. તેમાં પણ આપણી જ્ઞાતીની આર્થિક સ્થિતિને ગંભીર નુકસાન પહોંચાડનાર તો મરણ પાછળના અશાસ્ત્રોક્ત જમણો જ છે. જોકે આ રીવાજ બધી જ્ઞાતિઓમાં છે, છતાં પણ આપણી જ્ઞાતિએ આ રીવાજને ઘણું જ વધુ પડતું માન આપવાથી આપણી આર્થિક સ્થિતિની ભયંકર હાલત થઈ ગઈ છે.

મરણ પાછળના જમણવારો

બંધુઓ આપણો ભાઈ, બાપ કે આપણને જન્મ આપનારી માતા, ગુજરી જાય કે જેના મોઢાનું દર્શન આપણે ફરીથી કરવા પામતા નથી, તેમજ આપણા ઘર સંસારનો બોજો ઉપાડનારી આપણી ગૃહિણી કીંવા ધર્મપત્ની

આપણને છોડી જાય, અગર હંમેશના માટે પત્નીનો ત્યાગ કરી તેને એકલી નીરાધાર દુઃખદાયક સ્થિતિમાં છોડી તેનો પતિ સ્વર્ગે સિધાવે. એ પ્રસંગને આપણે ક્યા પ્રકારનો ગણી શકીએ. એવા પ્રસંગે ઘઉં, ઘી, અને સાકરના પદાર્થો વડે બનાવેલા મિષ્ટાન ભોજનો જમાય ખરાં ? આ કૃત્ય તદ્દન અધર્મયુક્ત અને માણસ જેવા પ્રાણીને માટે તો લાયક નથી જ. એટલા માટે આપ તેને તિલાંજલિ આપી તેવાં જમણો નહિ કરવા અને નહિ ખાવા પ્રતિજ્ઞા કરશો તો આપણે ઉઠાવેલા પરીશ્રમનું કાંઈક સાર્થક થયું ગણાશે. અમારી તરફ છેલ્લાં પંદર વર્ષથી અમે આ પ્રકારના પ્રેત ભોજનો જ્ઞાતિમાંથી અટકાવવા પ્રયત્ન કરીએ છીએ, તમારા પૈકીના કેટલાંકે "માંધાના પિતાનું પ્રેત ભોજન" નામે આખ્યાન અમારા વિદ્વાન બંધુ દેસાઈ અમરસીંહજી કરતા હતા તે તમોએ સાંભળ્યું હશે, અમારા તરફ ગુજરાતમાં આ આખ્યાનની સારી અસર થઈ છે, આપણા હિંદુ શાસ્ત્રોમાં મરનારની પાછળ શ્રાદ્ધ ક્રિયા તેમજ પુણ્યદાન કરવાનો વિધિ કહ્યો છે અને તેજ પ્રમાણે દશા એકાદશા શ્રાધાદીક ક્રિયાઓ તો અવશ્ય કરવી જ જોઈએ. પરંતુ મરણ નિમિત્તે જમણો કરવાનું ક્યાંય લખ્યું નથી, પરંતુ ચડસા ચડસીમાં કુટુંબ, નાત અને ગામના ગામો જમાડવાની જે દેખાદેખી પ્રથા વધતી ગઈ, જેના પરીણામે ગામ ગરાસ અને ખેતીવાડી, રાચરચીલાં વેચીને પણ એ અવસર ફરજીયાત કરવાના લીધે આપણી હાલત ખરાબ થઈ ગઈ છે. કચ્છમાં તેમજ ગુજરાતમાં અને બીજા દેશોમાં આ હાનીકારક રીવાજે આપણી આર્થીક સ્થિતિનું ભારે નખોદ વાળ્યું છે, તમો બધા બારીકાઈથી વિચાર કરશો તો તમને સ્પષ્ટ જણાશે કે આપણો દેશ છોડી પરદેશ આવ્યા છીએ તેનું મૂળ કારણ પ્રેત ભોજનનો પ્રતાપ છે, આપણા વડીલોએ મરણ પાછળ એવાં ભારી કારજો કરવાથી ગરીબી હાલતમાં આવી ગયેલા અને તે ગરીબી આપણને વારસામાં મળતી રહી છે, તેનું આ પરીણામ છે.

કુધારાને લીધે થયેલી પાયમાલી

તમારામાંના ઘણા ભાઈઓએ મરણ પાછળ આવા અઘટીત ખર્ચો ન કરવાના અને તેમાં ભાગ ન લેવાના સોગન લીધા છે. તેમ તમો બધા વિચારીને કરશો તો આપણી જ્ઞાતિની આર્થિક સ્થિતિ સુધરવામાં જરા પણ વાર લાગશે નહિ. આટલું જણાવ્યા પછી મારે તમને એક અગત્યની વાત કહેવાની છે, તે એ છે કે આપણામાં આટલા બધા કુધારા પેસી ગયા અને તે આપણી પાયમાલી કરી રહ્યા છે, છતાં આપણે જે સમજી શકતા નથી અથવા સમજીએ છીએ છતાં તે તરફ ધ્યાન આપતા નથી તેનું મુખ્ય કારણ આપણામાં કેળવણીની ઘણી જ ખામી છે. કેળવણીએનો અર્થ નિશાળમાં ભણ્યા એટલે કેળવણી લીધી એવી આપણી માન્યતા હોય તો તેમાં ભુલ થાય છે. હું તેની વ્યાખ્યા કંઈક બીજી જ ઢબે કહેવા માગું છું. કેળવણી એટલે આ લોક અને પરલોક બંનેને સુખરૂપ કરવા માટે જે જ્ઞાન મદદગાર થઈ પડે તે જ સાચી કેળવણી અને તે જ સુવિદ્યા મનાય, ત્યારે જ આપણે ચારે પુરૂષાર્થને પ્રાપ્ત કરી શકીએ, હવે ગમે તે જાતની તે ગમે તેવી કેળવણી પ્રાપ્ત કરવા માટે આપણે પ્રથમ તો ભાષા જ્ઞાનની જરૂર છે, ને તે સંપાદન કરવા નિશાળમાં ભણવું જોઈએ, નીશાળથી ભણી ઉઠ્યા પછી વ્યવહારીક કેળવણીની ખાસ જરૂર છે, સારી રીતે ભણેલાં જો કે બી. એ. કે એમ. એ. થયો હોય પરંતુ વ્યવહારીક કેળવણીના અભાવે તેને કેટલાક લોકો વેદીઓ છે એમ કહેવામાં આવે છે, ભણી ગણીને વેદીઆનું અપમાનની ડિગ્રી ન મળે તેના માટે જન સમાજના વહીવટથી વાકેફ થવું જોઈએ.

સ્ત્રી અને પુરૂષોએ પોતપોતાનો ધર્મ સમજી ઘરસંસાર ચલાવવો જોઈએ. પુરૂષોએ પોતાનો ધર્મ પત્ની પ્રત્યે પ્રેમાળ રહેવું જોઈએ અને સ્ત્રીએ પતિ પ્રત્યે પરમ પૂજ્ય ભાવ રાખી પરમેશ્વર માની વર્તતા શીખવું જોઈએ અને આ કેળવણી બાળવયમાંથી જ પુત્ર પુત્રીઓને માતાપિતાએ ઘરમાં જ આપવી જોઈએ, આવી રીતની ગૃહ કેળવણી જેના પર બીજી વિદ્યા અને જન સ્વભાવનો આધાર બાંધવાનો છે, તેનો તો આજ કાલ આપણામાંથી તદ્દન લોપ થઈ ગયો છે. આવી વ્યવહારિક કેળવણીની ખામીથી આપણા કુટુંબમાં સગાંસંબંધીઓમાં કુસંપના વૃક્ષો ઉભા કરે છે. માટે આ ગૃહ કેળવણી પર ખાસ ધ્યાન આપવા તમો સર્વ ભાઈઓને હું વિનંતી કરું છું વ્યવહારીક, માનસીક, શારીરિક, અને ધાર્મિક કેળવણી આ બધી જાતની કેળવણીની દરેક મનુષ્ય માત્રને જાણવાની ખાસ જરૂર છે. કેળવણીના અભાવે આપણે બાળ લગ્ન કરીએ છીએ, બાળ લગ્નના પ્રતાપે જ કજોડાં થાય છે. તેથી જ છુટાછેડા કરવાનો આપણામાં રીવાજ પડી ગયો છે. જ્યાં છુટાછેડા કરવાનો રીવાજ હોય તો કન્યાવીક્રય સંભવે જ કેળવણીના અભાવે ગજા ઉપરાંત મરણ પાછળના કારજો કરી આપણે આર્થિક સ્થિતિની પાયમાલી કરી રહ્યા છીએ વધું શું કહું ! કેળવણીની ખામીને લઈ આપણી ક્ષત્રીય ગણાતી જ્ઞાતિના ભાઈઓ ઈમામશાહ સૈયદનો બતાવેલો પીરાણા સતપંથ જે તદ્દન અર્ધદગ્ધ મુસલમાની તે પંથને હિન્દુ ધર્મ સમજી માનવા લાગ્યા એ શું બતાવે છે આપણી મુર્ખતાનો અદભુત નમુનો ધાર્મિક કેળવણીની મોટી ખામી, દેવોને પણ દુર્લભ એવો આર્યોનો ઉત્તમ આ હિંદુસ્તાન દેશ તેમાં બાવીસ કરોડ હિંદુઓ વસે છે તે હિંદુ જ્ઞાતિની પવિત્રતા માટે મોટાં અડસઠ તીર્થ સ્થળો પવિત્ર થઈને પરમાત્માના સ્વરૂપમાં લય થવાના જ્ઞાન માર્ગના માટે ચાર વેદ, છ શાસ્ત્ર અઢાર પુરાણ, શ્રૃતિ સ્મૃતિઓ તદઉપરાંત ઉપવાસ કરવા માટે તેત્રીસ કોટી દેવતાઓ ભગવાનના અનેક અવતારી સ્વરૂપો શક્તિ, દેવી ઈત્યાદીમાં જેને હીંદુ ધર્મ ન દેખાયો અને સૈયદ ઈમામશાહે બતાવેલા પીરાણા સંતપથના મુસલમાની કબ્રસ્તાની પંથને હિન્દુ ધર્મ સમજી માનનારા અજ્ઞાન હિન્દુ ભાઈઓની અજ્ઞાનતા એ સિદ્ધ કરે છે. કે તેઓમાં ધાર્મિક કેળવણીની ભારે ખામી છે. કેળવણીનો વિષય એ મહાન વિષય છે. એના ઉપર જેટલું બોલીએ એટલું થોડું છે સભામાં એ બધી વાતો ચર્ચાશે.

પીરાણા પંથનું કલંક

હું મારા કચ્છી પાટીદાર બંધુઓમાંના કેટલાક ભાઈઓના સમાગમમાં ઘણી વખત આવ્યો છું. તેઓની નિખાલસતા અને ભાતૃ ભાવના માટે મને ઘણું માન છે. વ્યવહારીક તેમજ ધાર્મિક કેળવણીવાળા ઘણા ભાઈઓ મારા સમાગમમાં આવ્યા છે. તેવા ભાઈઓની અંતિમ ઇચ્છા ધાર્મિક કેળવણીનો ફેલાવો કરી અજ્ઞાન ભાઈઓને સમજાવી, પીરાણા પંથનું કલંક જ્ઞાતીના ભાઈઓ ઉપરથી દૂર કરવા તનતોડ મહેનત કરી રહ્યા છે. આ પરિષદ મેળાવવાનો મુખ્ય આશય પણ તેજ છે, એવા ભાઈઓને પરમકૃપાળુ પરમાત્મા જરૂર વિજય આપશે જ એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે.

પ્રિય બંધુઓ, મારે જે કહેવાનું હતું તે મેં મારી સમજ પ્રમાણે આપને કહ્યું છે. આપનો ઉપકાર માની છેવટના બે શબ્દો કહેવાની રજા લઉં છું.

છેવટના બે બોલ

આ નાશંવાન શરીરનો કંઈ ઘડીએ નાશ થશે તે કાંઈ કહી શકાતું નથી તો પણ અનેક પ્રકારની સંસારની જે ઉપાધીઓમાં આપણે રચ્યા પચ્યા રહ્યા છીએ છતાં એ બધાનો ત્યાગ કરી આ શરીરને એક દિવસ જવાનું છે, સાથે કાંઈ પણ આવવાનું નથી માત્ર આપણા હાથે કરેલાં સારાં કામ, ધારણ કરેલો ધર્મ, પ્રાપ્ત કરેલું પુણ્ય આપણું સાથી થાય છે. આવા નાશવંત સંસારમાં પરમ કલ્યાણકારી ધર્મ અને યશને સીધી કરનારી જ્ઞાતિ સેવાને આપ બંધુઓ ભુલ્યા નથી, ભવિષ્યમાં કદી પણ ભૂલશો નહિ એવી મારી પ્રાર્થના છે. તમે જે પ્રવૃત્તિ જ્ઞાતિ સેવાના માટે ચલાવી રહ્યા છો તેને ચાલુ જ રાખશો, જેણે જન્મીને પોતાના કુટુંબ કે જ્ઞાતિનું ભલું નથી કર્યું તેની જીંદગીમાં અને પશુઓની જીંદગીમાં કાંઈ ફેર નથી. પોતાના જ્ઞાતિ ભાઈઓનાં દુઃખ જોઈને જેને હૃદયમાં બળતરા થતી નથી, આંખમાં આંસુ અને અંતરમાં જેને ખેદ નથી થતો એવા લાગણી શૂન્ય હૃદયમાં અને પથ્થરમાં કંઈ ફરક નથી. માટે મારા પ્રિય જ્ઞાતિ બંધુઓ મારી તમને એજ ભલામણ છે કે જે પુરૂષાર્થ તમે અત્યારે કરી રહ્યા છો તે જ પ્રમાણે ચાલુ રાખશો તો થોડા વખતમાં આપણી જ્ઞાતિનો ઉદય અવશ્ય થશે જ એવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે. આટલું કહી હું મારું બોલવું પૂરું કરું છું અને તમોએ મારું કહેવું શ્રદ્ધાપૂર્વક સાંભળ્યું છે, એના માટે મને ભારે આનંદ થાય છે.

એટલું જ નહિ પણ તમોએ જે મને અનુપમ ભારે માન આપ્યું છે. તેના માટે ફરીવાર હું આપ સઘળા ભાઈઓ તેમજ બહેનોનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

શાન્તિ શાન્તિ.

અમારા જ્ઞાતિ બંધુઓ આ ભાષણો દ્વારા જાણી શકશો કે આપણી જ્ઞાતિને ઉન્નત કરવાને આપણા બંધુઓ કેટલો શ્રમ અને મહેનત વેઠી રહ્યાં છે. તો આપણી પણ ફરજ છે કે તેઓનાં આ શુભ કાર્યમાં સહાય કરવા તન, મન અને ધનથી બહાર પડવું આવશ્યકનું છે.

- તંત્રી, "પાટીદાર ઉદય"

જ્ઞાતિ પરિષદ વિશે કાંઈક

(પાટીદાર ઉદય માટે લખનાર : નારણજી માસ્તર)

આવી પરીષદમાં મને બોલાવી, બોલવાની તક આપી હતી તેમનો આભાર માનું છું તમારી જ્ઞાતી સાથે મને ધર્મનો સંબંધ છે તેટલાં જ વિષય ઉપર બોલવાનો મારો સ્વાર્થ છે, દરેક જ્ઞાતી પોતાની ઉન્નતિ અર્થે મહેનત લે તે પ્રમાણે તમે પણ તમારું શ્રેય કરવા ભેગા થયા તેની હું પ્રશંસા કરું છું તમારી પાટીદાર જ્ઞાતીનો મુખ્ય ધંધો ખેતી છે, પાટીદારો એ રાજાના આધાર રૂપ છે, હિંદુસ્તાનનું હૃદય છે. હિંદુસ્તાનનું જીવન છે. હિંદુસ્તાન એક ગામડીઓ દેશ છે. તેમાં સાડા આઠ લાખ ગામડાઓ આવેલા છે. પાટીદાર જ્ઞાતિને નામે ૪૫ પેટા જાતો છે. તેઓ આમ જુદી જુદી પરીષદ ભરે અને વિચાર કરે તો તે સમય અને પૈસાની બરબાદી કેટલી થશે ? માટે બધા વિભાગના પાટીદારોએ ઐક્ય કરવું અને તેઓની વચ્ચે જે કૃત્રિમ ભેદો ઉભા થયા છે, તે દુર કરવા તે આ પરીષદનો મોટામાં

મોટો વિષય ગણે તો તે ખોટું નહિ કહેવાય. કોઈક સ્થળના પાટીદારો (દાખલા તરીકે ચરોતરના) ઐક્યતામાં આગળ વધ્યા હશે, તો કોઈક વિભાગના ઘણા ઓછા પછાત હશે, પણ આવી પરીષદમાં ઊંચી કેળવણી પામેલા અને બિલકુલ અભણ પાટીદારો એમ બને પણ એકબીજાની સાથે ભેગા થઈ આખી કોમના હીતની ચર્ચા કરી શકે છે, જેથી તેવાઓને ખાત્રી થશે કે આ પરીષદ માત્ર ફક્ત કચ્છી પાટીદાર માટે નથી પણ સાર્વ દૈશિક પાટીદારોને માટે છે. પરીષદનો સંદેશ ફળીભુત થાય તેને માટે આપ સઘળાઓની સહાયની આવશ્યક્તા છે, આવા પરોપકારનાં કામમાં તમે સઘળાઓ મદદ કરવા પાછી પાની નહિ કરો. તેવી અભિલાષા છે. આપણે ફક્ત ભેગા થઈને અને થોડા ઘણા ઠરાવો પસાર કરી વીખરાઈ જઈએ, તેથી કાંઈ આપણું ભલું નથી પણ પરીષદના ઠરાવો અમલમાં મુકવા અને મુકાવવા બારે માસ કમર કસી મચ્યા રહીએ તો જ આપણું બહેતર કરી શકીએ છીએ. આપણા ગામોમાંથી કોમના કુસંપો પોતાના કૃત્રિમ ભેદોને ભુલી જઈ એક મોટી અને મજબૂત મંડળી બની શકે આ ઉદ્દેશને પાર પાડવા સતત પ્રયત્નની જરૂર છે અને તેવો પ્રયાસ કરવા આપણે પછાત નહિ પડીએ. તેવી શુભ ધારણાને આપણે હૃદયમાં સ્થાન આપવું જોઈએ, ખેતી એ આપણા લોકોનો મુખ્ય ધંધો છે, શહેર અને કસ્બામાં વસતા આપણા ભાઈઓ ખેતીને બદલે વેપાર રોજગાર કરે છે, કેળવણી પામેલા કેટલાંક નોકરી ચાકરીમાં છે, પણ આવા લોકોની સંખ્યા પ્રમાણમાં ઘણી થોડી છે, વસ્તીનો મોટો ભાગ સેકંડે ૮૦ ટકા, જમીનદાર-ખેડૂત તરીકે માત્ર જમીનની પેદાશ ઉપર પોતાની આજીવિકા માટે આધાર રાખે છે, એકાદ વર્ષ કમી વરસાદને લીધે અગર બીજા કારણથી પાક બરોબર થતો નથી તેથી માઠી અસર આપણા ઉપર જ નહિ પણ આખા દેશના વેપાર વગેરે તમામ લોકો ઉપર થાય છે, આપણા લોકો મહેનતુ, કસબી, સહનશીલતાવાળા છે, પરંતુ આપણી તથા આપણી ખેતીની સ્થિતિ તરફ નજર કરીએ છીએ તો તે અપંગ છે, પ્રાચીન કાળમાં જે પ્રકારનાં હળ તથા બીજાં ઓજારો વપરાતા હતાં તે જ વપરાય છે. અને ઢોરનાં છાણ, મુત્ર પણ તે જ ખાતર તરીકે લેવાય છે, પણ પૂરેપૂરું ખાતર તરીકે ન વપરાતાં ગરીબાઈ માટે તેનાં છાણાં, અડાયાં, વેચવામાં બાળવામાં જતું રહે છે, જ્ઞાતિનો મોટો ભાગ અભણ, વહેમી, અને અજ્ઞાન છે, તે એક શત્રુ છે તે એક કુંડાળામાંથી બહાર નીકળવાને નજર કરતો નથી અને તેને લીધે કરજદાર બની ઘણે ભાગે આપણી પાસે આપણી પેદાશ ન રહેતા તેનો મોટો ભાગ દેવામાં ઘસેડાઈ જાય છે. જે મહેનતુ ખેડૂત, ઘણો શ્રમ લઈ ઘઉં, બાજરી પેદા કરે છે. તેને ખાવા માત્ર ઘોંસજ (રાબ) મળે છે. જે ખેડૂતને ઘેર દૂધ, દહીં, ઘી વગેરે થાય છે. તેને તથા તેના છોકરાને છાશ પણ પૂરી મળતી નથી. જે કપાસ કરે છે, તેને પહેરવા માટે પૂરતાં વસ્ત્ર પણ મળતાં નથી તેમની ખેતીનો પાક પાધરો શાહુકારને ત્યાં જાય છે, અને બી સરખું પણ આપણી પાસે રહેતું નથી તે પણ જરૂર વખતે શાહુકારને ત્યાંથી લાવવું પડે છે, આટલું બધું સંકટ હોવા છતાં અનેક પ્રકારના ખોટા રસ્તા પકડી એકબીજાનું નુકસાન કરવા તરફ આપણા લોકોની પ્રવૃત્તિ વિશેષ થયેલી લાગશે. દ્રવ્યનો સંગ્રહ કરવાનો આપણા ખેડૂતો સમજ્યા જ નથી, સારું પાકે યા શાહુકાર આપે તો લગ્ન, મરણ, પ્રસંગે સૌથી જુદો ખર્ચ કરી મિષ્ટાનમાં વાપરે છે, પણ ભવિષ્યનો કાંઈ વિચાર ન કરતા ભાટ, ભાંડ ભવૈયા વગેરેને બહોળે દીલે પેણગી દેવામાં આવે છે, મુત્સદીઓ ખેડૂતો તથા શીલ્પીઓ માટે દરકાર કરતા નથી. આપણને ગંદા ગણી અળગા રહે છે, પણ ખરી માણસ જાત ત્યાંથી શરૂ થાય છે, તેઓ ખોટા દેવોની પૂજામાં નૈવેદ્ય બગાડે છે, મોતી સમુદ્રને તળીએ છે. ઉપરતો કચરો જ છે, ગરીબોનું ભલું કરવા માટે ન્યાય ખાતર કહેવું જોઈએ કે **મહાત્મા ગાંધીજીએ પોતે ગરીબાઈ માંગી** લઈને ગરીબોની સેવા કરવામાં પોતાનું જીવ્યું સફળ માને છે. જો આપણે તેમની પાસેથી સેવા લેવી હોય તો

તેમના સિદ્ધાંતને તેમનાં કાર્યને જુઓ. દાખલા તરીકે કહીશ કે આપણે તો આ કળીયુગમાં સૈયદોને દાન આપવાનું ઉત્તમ ગણ્યું છે, **પીરશાહનો** જાપ જપવાનો શ્રેષ્ઠ માન્યો છે. ચાર દિવસે મરણ પાછળ મિષ્ટાન ખવરાવવું તેમાં જ બધી સેવા કરી દીધી માનવામાં આવે છે. એવા આચારોને હિંદુ ધર્મીઓ કોણ કહી શકે કે આપણે હિંદુ છીએ હિંદમાં તો જુદા જુદા વિરોધી માન્યતાઓ, વહેમો, ભાવનાઓ, પંથો વગેરેનો શંભુ મેળો જ છે. તેની અંદર પીરાણા (વૈભવી પંથનો) પણ સમાવેશ થાય છે. તેવાઓને પોષનારા તમે કચ્છી પાટીદારો છો. બીજી જ્ઞાતીઓ કરતાં **દાન ધર્મની** બાબતમાં કોઈ રીતે ઉતરતી હોય એમ જણાતું નથી પણ ખામી માત્ર કુપાત્રે દાન થાય છે. જેથી તેનો કાંઈ જ ફાયદો મળી શકતો નથી, ઉલટા આપણા પરસેવાથી કમાયેલા પૈસા પાણીમાં જાય છે, આળસુ, તગડા અને નીરૂદ્યમી બાવા અને માંગણોને માલપુડા દૂધપાક આદી મિષ્ટ ભોજન ખવરાવવાથી આળસને ઉત્તેજન મળે છે. અને હરામખોર વધે છે, જનસમાજના માણસોમાંથી બીજાને તેમના જેવા આળસુ અને હરામખોર થવાનું મન થાય છે, અમારા પવિત્ર શાસ્ત્રો બુમો પાડીને કહે છે કે જનસમાજન જ્ઞાનમાં વધારો થાય એવાં કામોમાં પૈસાનું શ્રેષ્ઠ દાન થયેલું ગણાય છે, આપણે જાગૃત થવું જોઈએ છે, હાનિકારક રૂઢી રીવાજોને ધર્મ માનવામાં આવે છે. તે બંધ થવા જોઈએ તેમજ કુપાત્ર થતાં દાન અટકાવવાં જોઈએ, તમારી જ્ઞાતિમાં ન્યાતીલાઓના કહેવાતા જુલમ અને ત્રાસથી ગરીબોને ભારે સોસવું પડે છે, તે સતપંથ ધર્મની નિશાની ન ગણી શકાય. અહિંસા ન માની શકાય આ બાબતમાં લક્ષ્મણકાકા કારણભૂત છે, જોખમદાર છે કારણ કે તે પીરાણા ધર્મનો આગેવાન હોવાનો દાવો કરે છે અને તે જ્યારે આવું આવું જોયા કરે તે શું તેમના અજાણપણામાં માની શકશે ? પણ જેણે ગરીબોને સહાય કરી નથી, તેને બીજા જન ચાહતા નથી અને જે તે :-

"તુલસી હાય ગરીબ કી, કબુ ન ખાલી જાય"
"મુવે ઢોર કે ચામસે, લોહા ભસ્મ હો જાય"

પ્રમાણે ગરીબોની હાયમાં જ દાઝયા કરે છે એવા મનુષ્યને જન સમુહ વારંવાર પોકારી પોકારીને ધિક્કારે છે તેને આપણે સાધુ માની પોષીએ વહુ, બેટીઓને પાયે પાડીએ ! આશીર્વાદ લઈએ ! દીલગીર થવા જેવું છે. આ કાર્યમાં ભાગ લેનારાઓ તેના અભ્યાસી ન હશે તો અનુભવી થવું જોઈએ તેણે વિદ્યાર્થી બનવું જોઈએ, શિક્ષક થઈને ફરે તે ન ચાલે તે પોતાના બાળકને બતાવવું, કચ્છના ઝનૂની પીરાણા પાટીદારોને હું વિનંતી કરીને કહું છું, આગ્રહ પૂર્વક કહું છું કે, જો તમારામાં વિદ્યાનો પ્રતાપ હોય, જો તમારામાં ધનનું જોર હોય, જો તમારામાં બ્રહ્મચર્યનું બળ હોય તો આ પીરાણા વૈભવી પંથ તમે ન જ નિભાવી શકો, પણ તેમાં તમે બાયલા છો. એમ હું હિંમતપૂર્વક કહું છું પ્રાર્થનાની જગ્યાને ધર્મશાળાને બદલે ખાનું કહેવામાં આવે, સવારમાં પૂજા કરવાને ઠેકાણે રાતનાં ચોરની પેઠે ગુપ્ત રીતે તે ક્રિયા કરવામાં આવે, તેને તમારા સિવાય કોણ કહે કે :- એને હિંદુ ધર્મ કહી શકાય. જે જગ્યાએ તેત્રીસ કરોડ દેવની આરાધના થાય એવું લક્ષ્મણ કાકા કહે છે, તે પ્રમાણેના ઠેકાણાને અન્ન આરોગવાનું સ્થાન એવું ક્યા હિન્દુ ધર્મવાળામાં કરવામાં આવે છે. છેક જ અંધારું છે, તેને અજવાળું કેમ કહેવાય ? પીરાણા સંતપથમાં આરબી શબ્દો ઘણાં છે. હિંદુ ધર્મમાં હોય તો સંસ્કૃત શબ્દો હોવા જોઈએ, તેમ કશું દેખાતું નથી. તો પછી પીરાણા હિંદુ ધર્મ કેમ કહેશો. છપ્પન લાખ બાવા પાછળ દર વર્ષે ૨૫ કરોડનો ફક્ત ખાધા ખર્ચનો ધુમાડો થાય છે જે રકમ તેમના જેવાઓને ફોગટની આપી તેઓને એદી બનાવવાના કામને ઉતેજન આપવામાં

થાય છે પાટીદાર વર્ગ ફક્ત ગુજરાત, કાઠીયાવાડ, અને કચ્છમાં જ છે. એમ નથી, ઉત્તર અને દક્ષિણમાં પણ વસે છે. લગભગ ૨૦ લાખને બદલે બે કરોડ ગણવામાં છે. વસ્તુ સ્થિતિ આ પ્રમાણે હોવાથી આપણે હવેના જમાના એકબીજાને ભાઈ તરીકે ગણાવા જોઈએ અને આવા મેળાવડાં જેમ બને તેમ વિશેષ કરવા જોઈએ કે જેથી એકઠા મળી શકીએ અને વિચારોની આપલેમાં આપણા સાંસારીક દુષ્ટ રીવાજોને તજી દઈ શકીએ. એ મેળાવડો તો ફક્ત સમુદ્રમાં સોય જેવો છે, જ્યાં અંધશ્રદ્ધાથી સૈયદોને બ્રાહ્મણ માનવામાં આવે, અને તેને બ્રાહ્મણના જેવું દાન આપવામાં આવે, તો સુધારો કેટલો અધૂરો છે તેની નિશાની છે. માટે આપણે આપણી સાંસારીક સ્થિતિ સુધારવી અને વિદ્યામાં વૃદ્ધિ કરવી જોઈએ, આપણે જે કોઈ મોટી માગણી કરવાને લલચાઈએ તેને લાયક આપણે પહેલાં થવું જોઈએ, જ્યાં સુધી આપણે હિંદુઓ જુદી જુદી નાતો અને જાતોથી વિભક્ત થયેલા જ ચાલુ રહીશું અને નાતોની જુલ્મી બંધારણો રૂપી આડને આપણે તોડીને બહાર ન નીકળશું તો ક્યાં જઈને અટકશું તે કહી શકાતું નથી. આખા હિન્દુસ્તાનના હિતેચ્છુઓ એમ ઈચ્છે છે કે હિંદુ જાતીઓનાં જે હજારો ટુકડા થયેલા છે તે સઘળાં સંધાઈ જવા જોઈએ. અને તેની એક આખી પ્રજા થવી જોઈએ, હિંદુ જાતિનાં જે આટલા બધા વિભાગો બની ગયા છે તે તે છેલ્લા ૨૦૦૦ વર્ષના સમયમાં બન્યું છે તેથી એ પણ ખુલ્લું છે કે તેમાં એકતા કરવી એ પણ ધીમું જ થશે, પણ તે દ્રઢ રીતે થવું જોઈએ. પહેલ વહેલાં તો સઘળા બ્રાહ્મણોએ આપસઆપસમાં રોટી અને બેટી વ્યવહાર કરીને એકત્ર થવું જોઈએ તે પ્રમાણે બીજાઓ જે આત્મિક બળમાં વધે તો વહેલો સુધારો કરી બતાવશે તે ધન્યવાદને પાત્ર છે, દરેક મનુષ્યે પોતે પોતાને જ ઉન્નત કરવો જોઈએ, પોતાને કદી નીચો પાડવો નહિ કારણ પોતે જ પોતાનો મિત્ર છે, પોતે જ પોતાનો દુશ્મન પણ છે, તેથી જ કરીને આપણે જો પછાત છીએ તો તે માટે આપણે જ જોખમદાર છીએ. આપણે આપણી જ્ઞાતીને ઉન્નતિને શિખરે ચઢાવવી હોય તો આપણા પ્રયત્નથી તેમ થઈ શકશે આપણા કમનસીબ માટે આપણે જોખમદાર છીએ અને બીજા કોઈ જ નહિ મનુષ્ય પોતાના કર્મ બળે જ નાનો મોટો થઈ શકે છે, આપણું અજ્ઞાન આપણી અવિદ્યા અને આપણા હાનિહારક રીત રીવાજો એજ આપણને અવનતિમાં લાવી મૂક્યા છે, માટે આ કલંકમાંથી મુક્ત થવું જોઈએ છે, નામના સાધુ નામના સૈયદોને, સુપાત્ર ગણી દાન દેવામાં ક્યું પુણ્ય ? તે બીજા પાટીદારોથી મુકાબલો કરે, શાસ્ત્રમાં દરેક દરદની દવા ફરમાવી છે, પણ મુર્ખતાની દવા ક્યાંય મળતી નથી "મહાત્મા ગાંધીજી કહે છે જે સ્વર્ગમાં સ્થાન પામવા જેવા પવિત્ર ન હોઈએ તો દુનિયામાં ફરી અવતરવું પડે" તો પછી આપણે તો ધર્મ એ શબ્દ માત્રથી સ્વર્ગ પામવા માંગીએ છીએ, પીરાણા (વૈભવી) પંથની નાસ્તીનું મુખ્ય કારણ એ છે જે જેણે આપણને ધર્મ બતાવ્યો તે ધર્મ તેના સંતાનો સૈયદો પાળતા નથી અને આપણી પાસે મનાવે અને આવક ખાવા માંગે એ પાપ ઝાઝા દિવસ ટકે નહિ. જો અહિંસાને મહાત્માજી ન માને આપણને અહિંસા મનાવેતો તે છાપ આપણા ઉપર પડતી નથી પણ આપણે એટલા બધા બેદરકાર બની ગયા છીએ કે આપણે પીરાણા સતપંથની ખરી શોધ જ કરતા નથી કરે તેનું માનતા નથી શ્રી લક્ષ્મણકાકાએ તો કહ્યું છે કે "સતપંથી લોકો રામનવમી, એકાદશી, ગોકળ આઠમ વગેરે હિંદુના તહેવારો પાળે છે, અપવાસ કરે છે. પણ તે તહેવારો પાળનારાઓને સ્થાનિક બહેસ્ત નથી. બહેસ્તનું સુખ ભોગવે પણ તે અમુક વર્ષ પછી પાછા મૃત્યુલોકમાં અવતરે છે અને તેવું પીરાણા સતપંથ અથર્વવેદ કહે છે, વળી પીરાણા અથરવેદ કહે છે કે તે તહેવારો તો "સત્યયુગમાં એકાદશી રવીવારી પાળવામાં આવતી હતી ત્રેતાયુગમાં ચૌદશ મંગળવારી અને દ્વાપર યુગમાં અમાવાસી સોમવારી પાળવામાં આવતી હતી અને આજ કળીયુગમાં તો બીજ શુક્રવારી પાળવામાં આવે તો જ બહેસ્તઃ સતપંથના ગુરૂ ઈમામશાહ છે, એવું લક્ષ્મણ કાકા કહે છે તે ખરું કે ? આપણું પીરાણા અર્થવેદ શાસ્ત્ર ઈશ્વરનો

અવતાર કહે તે ખરું ? હિરણ્યકશ્યપ જ્યારે પોતાનો જાપ જપાવવા માંડ્યો. પોતે ખુદા મનાવવા લાગ્યા, ત્યારે તેનો પુત્ર પ્રહલાદ સામો થયો અને રાક્ષસ કહીને વગોવ્યો અનેક દુઃખો તેને સોંસવા પડતાં તેવું જો તમે ઈમામશાહને માટે માનતા હો તો કોણ જાણે મનુષ્ય સ્વભાવ જ એવો છે જે ચીલામાં પોતાના વ્યવહારનું ગબડતું હોય તો તેમાંથી તેને બહાર કાઢી અન્ય ઇષ્ટ માર્ગ તરફ વાળવાનું મન થતું નથી વળી પ્રચલીત હાનિકારક રૂઢીઓના બંધનોને તોડીને આ યુગના ધર્મો પ્રમાણે વર્તવા જેટલા આત્મબળ અને કર્તવ્ય બુદ્ધિની પ્રતિતી આપણા જનસમાજમાં બહુ વિશાળ છે.

ઠરાવ બીજો

પીરાણા મતથી અળગા

નુરની ગોળીમાં ભ્રષ્ટાચાર છે, એવું સિદ્ધ કરવા પુરાવા જોઈએ ! પણ હવે સૈયદોનો ધર્મ એટલો રહેલો છે. જાહેરમાં તો નહિ, પણ ગુપ્ત રીતે વટલે તેટલો ધર્મ થાય તોએ બહુ છે !! પણ એ સાબીતી આપણે ક્યાં શોધીએ ? આપણા હિન્દુ સ્મશાને જઈએ તો નાહ્યા સિવાય કોઈ ચીજને અડકાય નહિ તો પછી ઈમામશાહના રોજામાં બેસી ખાવું સુવું ને કપડાં સાથે ભક્તી કરવી ? એ ક્યાં હિંદુ ધર્મની નિશાની છે ! સૈયદો આપણે ત્યાં પગ પેસારો રાખે તેને બ્રાહ્મણમાં માનવામાં આવે એ કેવું નીચ છે !!!

આખર વખતે રોજામાં આગાખાન પગ મૂકે તો તે સોનાનો થવાનો છે, એવું શાસ્ત્ર કહે છે. તો પછી તેને સોનાના કમાડ બનાવવાં લક્ષ્મણ કાકાએ ફંડ કરેલું તેમાં પૈસો આપવામાં ક્યું પુણ્ય છે. એટલું હવે સિદ્ધ છે કે સૈયદો કાકા, કારભારીઓએ પીરાણા પંથ માનવાની જરૂર નથી. પણ રાખવાની જરૂર છે. જુએ છે, કચ્છ પ્રાંતમાં ૮૦ ગામો પૈકી ૨૩૮૬૩ માણસો પીરાણા પંથી છે, તેને ધર્મ ઉપર આવેશ કરવો એ માટે ઓછા પ્રયાસની જરૂર નથી. સદભાગ્યે હજુ સુધી કોઈ પણ પીરાણી મુસલમાન થયો નથી માટે ખાનાને મંદિર બનાવો, પીરની બાધા રાખવાથી જો વાંઝણી બાયડીને પુત્ર થયો હોય અને તે પીર ન માને તો તે પુત્ર મરી જશે. એ બીકથી હૃદય વિરૂદ્ધ પણ પીરને માન્યા કરે. તે પ્રમાણે જે મુખી પીરાણા પંથ માન્યા પછી જો છોડી દે તો તેને માટે પણ ધાક મુકેલી છે કે “એ બંદા મૃત્યુલોકને વિશે મોમન હતા. તે સર્વ આચાર પાળતા વેદ, શાસ્ત્ર શીખીને સંભાળીને વીસારી મેલ્યા તેને જુઠા કરીને જાણ્યા જેથી બહેરાને બોબડા થયા છે તે રોજે કયામતને દિને માર ખાશે પચાસ હજાર વર્ષનો એક દીવસ થશે. સાડા ત્રણ દિવસ લગી અજાપ ભોગવશે તે વેદ, કુરાન માહે લખ્યું છે, તે તમે જાણો છો, તમને સાહેબે ઈમામશાહે ફરમાવ્યું છે. તે માટે ચેતીને ચાલજો. આવો ડરનો સતપંથ છે, તો મુકવાનું શું જરૂરીયાત છે. પીરાણા મતમાં ચમત્કાર ઉપર આધાર રાખવામાં આવે છે, તે પર ભરોસો થાય નહિ કારણ કે ધર્મ વધારવા સારું જુઠું બોલવું પાપ નથી. ત્યારે તે ચમત્કારો પણ ધર્મ વધારવાને માટે લખ્યા હોય તે બનવા યોગ્ય છે. પીર ઈમામશાહનો ધર્મ કહે છે કે અલ્લાહ સિવાય કોઈ પૂજ્ય નથી, તે એકલો તેનો કોઈ ભાગીદાર નથી.” તો પછી હિરણ્યકશ્યપની પેઠે પોતે આપણી પાસે ખુદા બનાવે તો પછી આપણે તો તેની સાથે ભક્ત પ્રહલાદની પેઠે અસહકાર જ પાલવે પછી બાપ દીકરો હોય તો તે સિદ્ધાંતની વિરૂદ્ધ જુદા પડવું પડે માટે એટલું સમજીને કેટલાક પાટીદારોમાંથી (કચ્છ) દેહ શુદ્ધ પ્રાયશ્ચિત કરાવીને છુટા પડ્યા, તે ધન્યવાદને પાત્ર છે. પરમાત્મા આપને બળ આપે કે જેથી સ્વાર્થી પીરાણાઓને આત્મીક બળ આપવા નસીબવંત નીવડો.

ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ ૐ શાન્તિઃ

જોઈએ છીએ

જ્ઞાતી સમાચાર લખી મોકલનાર ખબરપત્રીઓ હકીકત સાથે લખો :
વ્યવસ્થાપક, પાટીદાર ઉદય ઓફીસ,
રણછોડ લાઈન-કરાંચી

શ્રી તૃતિય પાટીદાર પરિષદમાં લીધેલી પ્રતિજ્ઞાને પાળી પીરાણા પંથનો કરેલો ત્યાગ

પરિષદનું કામ સંપૂર્ણ થતાં જ કરાંચી વાળા સુપ્રસિદ્ધ કોન્ટ્રાક્ટર ભાઈ ખીમજી શીવજી મિસ્ત્રીએ ઉભા થઈ પરીષદના સેક્રેટરી ભાઈ નારણજી રામજીને કહ્યું કે અમોએ જે પીરાણા પંથનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. તે અમારે આ મંડપમાંજ તેને પુરણ કરવી છે. જેથી અમારે અત્રેજ શુદ્ધિ કરાવવી છે તે સાંભળી ભાઈશ્રી નારણજીએ પ્રમુખ મહાશય આગળ અરજ કરવાથી તેણે પંડીત કારતાંતિક વગેરેની સલાહ લઈ ગઢશીશાના પ્રખ્યાત પંડીત પારાશર (જેણે શા. ૧૯૭૯ના પ્રથમ જેઠ સુદિ{VSAK: 21 May-1923}માં ગામ દયાપરમાં લગભગ ૧૬૯ માણસની શુધ્ધિ કરાવી હતી) તે હુકમ કર્યો તેથી બીજે દિવસે પંડીતશ્રી મુંબઈમાં રહેતા હોવા છતાં પણ સાડા દશ વાગે ઘાટકોપર પહોંચી ગયા હતા. અને ત્યાં આપણા ભાઈઓએ શુદ્ધિના માટે સર્વ સામગ્રી તૈયાર કરી રાખેલ તેથી તેણે શુદ્ધિ કરાવવાનું કામ ચાલુ કર્યું તે વખતે જેટલા ભાઈઓ બેસવાના હતા તે બેસી ગયા અને કામ શરૂ થયું તે જોઈ ગામ વિરાણીવાળા ભાઈ કરમશી માવજી અખીયાણી (નાકરાણી)ના ધર્મપત્નીથી ન રહેવાયું તેથી તેણે પોતાના મનમાં નિશ્ચય કરી દીધો કે મારો ધણી અને મારો સસરો આજે જ આની સાથે શુદ્ધિ કરાવે તો જ મારે અન્ન પાણી લેવું અને બીજાને રાંધીને ખવરાવવું પ્રભુ ભક્તોની વહારે હંમેશા તૈયાર છે, તેથી તે બાઈએ એક માણસ મોકલી પોતાનો ધણી તથા સસરો જ્યાં કામ કરતા હતા ત્યાંથી બોલાવી મંગાવ્યા અને પોતાની લીધેલી પ્રતિજ્ઞા તેને સંભળાવી દીધી તે સાંભળીને કઠોર હૃદયના ભાઈ કરમશી માવજીનું પણ મન પીગળી ગયું અને તેણે પણ બીજા ભાઈઓની સાથે બેસીને પોતાની ગૃહ લક્ષ્મીની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા શુદ્ધિ કરાવી, પ્રભુ અમારી જ્ઞાતિમાં આવી જ દેવીઓ પેદા કરે ત્યાં પરિષદના કામથી પરવારીને કરાચીવાસી ભાઈઓ કરાચીમાં આવ્યા ત્યાં આવીને પોતાની લીધેલી પ્રતિજ્ઞા પોતાના કુટુંબીઓને સંભળાવી અને નિશ્ચય કર્યો કે આપણે જલદીથી હવે શુદ્ધિ કરાવવી જોઈએ તે માટે પ્રતિજ્ઞાવાળા ભાઈઓ ભેગા થયા અને સલાહ કરી કે આપણે આપણી જ્ઞાતિને ભોજન આપવું અને સારા પંડીતના હાથેથી શુદ્ધિ કરાવવી આવો નિશ્ચય કરીને દેવીસરવાળા જોશી રતનશી માધવજીને કોઈ સારાં પંડીતને તેડી લાવવા કહ્યું જેથી વઢવાણવાળા શુક્લ કાળીદાસ ભલુરામને તેડીને શાં. ૧૯૮૦ના માસ વૈશાખ સુદી ૩ અક્ષય ત્રીજ{VSAK: 07 May-1924}ના દિવસે પોતાના રહેવાના મોટા કંપાઉન્ડમાં મંડપ બાંધીને દેહશુદ્ધિ કરાવી હતી જેઓના નામ નીચે મુજબ.

પ્રાયશ્ચિત કરાવી શુદ્ધ થયેલા ભાઈઓની નામાંવલી

કુટુંબ-૧

૧. પટેલ રતનશી શીવજી નાકરાણી રવાપર વાલા તંત્રી "પાટીદાર ઉદય"
૨. સૌ. મેગબાઈ પટેલ રતનશી શીવજીના ધર્મપત્ની
૩. ચી. વીરજી રતનશી (રતનશી શીવજીના પુત્ર)

કુટુંબ-૨

૪. પટેલ લાલજી શોમજી નાકરાણી રવાપરવાળા
૫. સૌ. વાલબાઈ પટેલ લાલજી શોમજીના ધર્મપત્ની

કુટુંબ-૩

૬. પટેલ રામજી શોમજી નાકરાણી રવાપરવાળા
૭. સૌ. કેશરબાઈ પટેલ રામજી શોમજીના ધર્મપત્ની
૮. બેન ગોમતીબાઈ (પટેલ રામજી શોમજીના પુત્રી)

કુટુંબ-૪

૯. પટેલ નથુ ધનજી નાકરાણી રવાપરવાળા
૧૦. સૌ. નાનબાઈ પટેલ નથુ ધનજીના ધર્મપત્ની
૧૧. ચી. દાના પટેલ નથુના પુત્ર
૧૨. પરમાબાઈ પટેલ નથુના પુત્રી

કુટુંબ-૫

૧૩. પટેલ મુળજી ડોસા પોકાર નખત્રાણાવાળા
૧૪. સૌ. દેવકીબાઈ તે મુળજી ડોસાના ધર્મપત્ની
૧૫. ચી. નાનજી પટેલ મુળજી ડોસાના પુત્ર
૧૬. બેન નાનબાઈ મુળજી ડોસાના પુત્રી
૧૭. બેન નર્મદાબાઈ મુળજી ડોસાના પુત્રી

કુટુંબ-૬

૧૮. પટેલ વાલજી લખુ પોકાર નખત્રાણાવાળા
૧૯. સૌ. જમનાબાઈ તે વાલજી લખુની પત્ની
૨૦. ચી. રાજાભાઈ તે વાલજી લખુના પુત્ર
૨૧. ચી. વિશ્રામભાઈ તે વાલજી લખુના પુત્ર
૨૨. ચી. ચીચીબાઈ વાલજી લખુના પુત્રી
૨૩. ચી. તુલસીબાઈ વાલજી લખુના પુત્રી

કુટુંબ-૭
૨૪. પટેલ વીરજી લખુ પોકાર નખત્રાણાવાળા
૨૫. સૌ. ધનબાઈ પટેલ વીરજી લખુના ધર્મપત્ની
૨૬. બેન ડાહીબાઈ પટેલ વીરજી લખુના પુત્રી
૨૭. બેન લક્ષ્મીબાઈ પટેલ વીરજી લખુના પુત્રી

કુટુંબ-૮
૨૮. પટેલ ગોપાલ પેથા પોકાર નખત્રાણાવાળા
૨૯. સૌ લક્ષ્મીબાઈ ગોપાલ પેથાના ધર્મપત્ની
૩૦. ચી. લાલજી પેથા, ગોપાલ પેથાના લઘુબંધુ
૩૧. શીવજી પેથા ગોપાલ પેથાના લઘુબંધુ

કુટુંબ-૯
૩૨. પટેલ શીવજી લધા નાકરાણી નખત્રાણાવાળા
૩૩. સૌ. દેવકીબાઈ લધા નાકરાણીની ધર્મપત્ની
૩૪. ચી. જેઠાલાલ લધા નાકરાણીના પુત્ર

કુટુંબ-૧૦
૩૫. પટેલ નારણજી લધા નાકરાણી નખત્રાણાવાળા
૩૬. ગોમતીબાઈ તે નારણજી લધાના ધર્મપત્ની
૩૭. ચી. નરસિંહ તે નારણજીના પુત્ર
૩૮. અર્જુન તે નારણજીના પુત્ર

કુટુંબ-૧૧
૩૯. પટેલ વિશ્રામ પાંચા પોકાર (ગાંગાણી) વિરાણીવાળા
૪૦. સૌ. લક્ષ્મીબાઈ વિશ્રામ પાંચાના ધર્મપત્ની
૪૧. ચી. લાલજી ઉર્ફે બાબુલાલ વિશ્રામ પાંચાના પુત્ર
૪૨. બેન લાલબાઈ ઉર્ફે બાબુલાલ વિશ્રામ પાંચાની પુત્રી

કુટુંબ-૧૨
૪૩. પટેલ મેઘજી શામજી શાંખલા વિરાણીવાળા
૪૪. સૌ. કુંવરબાઈ મેઘજી શામજીના ધર્મપત્ની
૪૫. ચી. શીવદાસ મેઘજી શામજીના પુત્ર
૪૬. ચી. શીવજી મેઘજી શામજીના પુત્ર
૪૭. બેન રામબાઈ મેઘજી શામજીની પુત્રી

કુટુંબ-૧૩
૪૮. પટેલ દેવજી ભીમજી ગોગારી વિરાણીવાલા
૪૯. સૌ. જશુબાઈ તે દેવજી ભીમજીના ધર્મપત્ની
૫૦. ચી. તુલસીદાસ તે દેવજી ભીમજીના પુત્ર

કુટુંબ-૧૪
૫૧. પટેલ મુરજી ભીમજી ગોગારી વિરાણીવાળા
૫૨. સૌ હીરબાઈ મુરજી ભીમજીના ધર્મપત્ની

કુટુંબ-૧૫
૫૩. પટેલ ડાયા ગોપાલ ગોગારી વિરાણીવાળા

કુટુંબ-૧૬
૫૪. પટેલ રામજી રઈયા વિરાણીવાળા
૫૫. વિધવા કુંવરબાઈ રઈયા તેના પૂજ્ય માતૃશ્રી

ઉપર મુજબના ભાઈઓએ દેહશુદ્ધિ કરાવી છે. પ્રભુ અમારા પાછળ રહેલાં ભાઈઓને હીંમત આપે કે તેઓ હવે તૈયાર થઈ પાપી પીરાણા પંથ અને તેમાં પીવાતી પાવળની ગોળીનો જલ્દી ત્યાગ કરે અસ્તુ.

સાભાર સ્વીકાર

એક પ્રાસ્તાવિક નિબંધ અમોને આપણી જ્ઞાતિના **આદ્ય સુધારક** ભાઈ **નારાયણજી રામજી** વિરાણીવાળા તરફથી મળ્યું છે. જે અમો ઉપકાર સાથે સ્વીકારીએ છીએ, અને તેના માટેનો અમારો અભિપ્રાય તેમજ બીજા ભાઈઓ તરફથી અમોને છાપવા માટે મળેલા અભિપ્રાયો અમો આવતા અંકમાં આપશું વાચક બંધુઓ અમોને ક્ષમા કરશો કે પરીષદની હકીકત લાંબી હોવાથી તે અમોએ બહુ જ ટુંકી કરેલ છતાં પણ જગા અમો બચાવી શક્યા નથી તેથી તે અતિ ઉપયોગી બાબત હોવા છતાં પણ અમો લાચારીથી આપી શક્યા નથી.

ખેતીવાડી વિજ્ઞાન પુસ્તક ૧૨મું અંક ૧૦મો અમોને દુલેરાય સી. અંજારીયા ધરમપુર જીલ્લો સુરત વાર્ષિક લવાજમ રૂ. ૨-૮-૦.

પાટીદાર પુસ્તક ૧લું અંક ૮મો અમોને તેમના પ્રકાશક ભાઈ નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ આણંદ તરફથી મળ્યો છે જેની અંદરની બાબતો ખાસ વાંચવાને માટે તેના ગ્રાહક બની દરેક બાબતની સહાય કરવાની અમો અમારા પાટીદાર ભાઈઓને ભલામણ કરીએ છીએ. વાર્ષિક લવાજમ રૂ. ૨.

મદદ કરો ! મદદ કરો ! મદદ કરો !

તમારા દાનનાં ઝરણો વહે માર્ગ અવળે તે.
કમી કરવા બદલ બીજાં નવા દુઃખો ઉમેરે તે
હવે તે દાનના ઝરણો અનુકૂળ ક્ષેત્રમાં વાળો
જમાનો જેમ બદલાયો સુધારો દાનનો ધારો.

ગરીબ જ્ઞાતિ ભાઈઓની હાલત જોઈને તમારું હૃદય કંપી ઉઠતું હોય
તમારા દેશ પરદેશ વસતાં ભાંડુઓના સમાચાર જાણવા હોય,
તમે તમારી જ્ઞાતિમાંથી કોહેલા રિવાજા કાઢવા હોય,
તમારે આગેવાન ગેઢેરાઓના ત્રાસથી જુલમથી બચવું હોય,
તમારે પીરાણા પંથની પ્રપંચી જાળમાંથી છુટવું હોય
અને તમારી ભાવિ પ્રજાને છોડાવી સુખી કરવી હોય
તો
"પાટીદાર ઉદય"ના ગ્રાહક થાઓ અને તે ખરીદો. ખરીદીને તેમાં
આવતા લેખોને વાંચો વિચારો અને મદદ કરો.

તમારે જ્યારે કોઈ પણ દાન કરવું હોય ત્યારે આ પાટીદાર ઉદયને ભૂલતા નહિ.
નાની મોટી દરેક રકમનો સ્વીકાર થાય છે તે તેના નીભાવવા અર્થે જ ખર્ચાય છે.
માટે
કોઈ પણ ધર્માદા કાઢેલી રકમ ખર્ચતી વખતે પુણ્ય દાન કે ધર્મ કરતી વખતે
લગ્ન ખુશાલીના પ્રસંગે કે વડીલોના સ્મરણ ચિન્હ તરીકે જુજ રકમ પણ
"પાટીદાર ઉદય"ના ફંડમાં મોકલવી ચુકશો નહિ.

આજે જ લખો :
વ્યવસ્થાપક, પાટીદાર ઉદય ઓફીસ, રણછોડ લાઈન્સ, કરાચી.

આ પત્ર "તરૂણ સાગર" પ્રેસમાં ગિરિજાશંકર બી. ત્રિવેદીએ છાપ્યું
ન્યુ સ્મોલકોઝ કોર્ટની સામે કેમ્પબેલ સ્ટ્રીટ કરાચી

મહેરબાનીકરીને વાંચીને વિચાર કરવા કૃપા કરશો
તે બીજા ભાઈઓને વાંચી સંભળાવા મહેરબાની કરશો

॥ यतो धर्म ततो जय ॥

પીરાણાના ભગત લાલજી વસ્તા, ગામ જંજાયવાળાની

ઓશાણીનું ઓસડ

અથવા

ભક્તની ભડવાઈ

લેખક
રતનશી શીવજી પટેલ, રવાપરવાળા

પ્રકાશક
સ્વધર્મ વર્ધક જ્ઞાતિ હિતચિંતક મહામંડળ

રણછોડ લાઈન, કરાંચી

મુલ્ય : સત્યનો સ્વીકાર

તરૂણ સાગર પ્રિન્ટીંગ પ્રેસમાં ગિરિજાશંકર બી. ત્રિવેદીએ
છાપ્યું, કેમ્પબેલ સ્ટ્રીટ-કરાંચી

Online Text Based
(can use for translation)

Source Document

૧૧. ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ - વર્ષ 1925ના અરસામાં

નિવેદન

પ્રિય બંધુઓ !

આપણી ઉન્નતિ અર્થે કેટલાક સમયથી જે શુભ પ્રયાસ ચાલી રહ્યો છે અને જ્ઞાતિના યુવકો તેમજ સમજુ પુરૂષોએ તન, મન, ધનના ભોગે કાર્ય સાધક પ્રગતિ શરૂ કરી જ્ઞાતિનું જે શુદ્ધ સ્વરૂપ ખડું કર્યું છે તેને આજે જ્ઞાતિમાં બની બેઠેલા આગેવાનો અને ઈમામશાહના વંશના સૈયદોની એઠના પીનારા ભગતડાઓ તોડી પાડવાની પેરવીઓ કરી રહ્યા છે જેના બળથી ગામ જંજાયવાળો ભગત નામ ધારી ભીખારી કણબી લાલજી વસ્તા હમણા કચ્છ આખામાં જ્યાં જ્યાં પીરાણા પંથના ખાના છે ત્યાં ફરી ફરીને માથું કુટી કુટીને હાય ! હાય ! કરી રહ્યો છે અને પીરાણાની તારીફના ગીતો ગાઈ ગાઈને માણસોને ભરમાવી રહ્યો છે પણ કચ્છના કણબી ભાઈઓ ઉપર પીરાણાના પાપ પુરણ વળી ગયા છે તેથી તેઓ તેના ગીતનો અર્થ પુરણ સમજી શકતા નથી ને ખોટું વાહ વાહ કરે છે.

અમો તે ગીત સાંભળનાર ભાઈઓને કહીએ છીએ કે ભાઈઓ ! જુઓ આ તમારા ભક્તના ગીતનો અર્થ વાંચો, વિચારો અને પછીથી વાહ વાહ કરો.

અમો એ આ પુસ્તકમાં જે લખ્યું છે તે લાલજી ભગતની ઓશાણીમાં જે તેણે ગાયું છે તેના અર્થ કરીને જ તેવું જ લખ્યું છે એમાં કેટલાક વાચક બંધુઓને કંટાળો આવશે પણ અમોને ક્ષમા કરશે કે અમોને પુરી ખબર છે કે અમારા પીરાણા પંથી ભાઈઓ કાળા અક્ષરને કુટી મારે તેવા છે તેથી અમોએ પણ ગામઠી ભાષામાં કણબીઓ સમજી શકે તેવી રીતે જ લખેલ છે તેથી તમોને જ્યાં જ્યાં અશુદ્ધ જણાય ત્યાં ત્યાં સુધારી વાંચશો.

પીરાણા પંથી ભાઈઓને અમો ચેતાવીએ છીએ કે તમો આ ભગતડાને વારો રોકો નકા હવે તે તમારું બિલકુલ નખોદ જ વાળી નાખશે તેને બિચારાને ખબર નથી કે હું શું બોલું છું તેથી તે ઉધું ચતું લખીને પીરાણે મોકલે છે અને સૈયદો પોતાના મન ભાવતું તેના નામથી છપાવે છે જેમાં તમારું તે કાપી નાખશે અને તમોને મુમના-મુસલમાન વિગેરે નામો આપીને હિન્દુઓથી જુદા કરી નાખશે પછી તમો પસ્તાશો માટે હજી પણ ચેતો અને તે શેતાનોનો સંગ મુકો પ્રભુ તમોને સદ્‌બુદ્ધિ આપે એવું ઈચ્છતા

અમો છીએ આપના શુભેચ્છકો

સ્વધર્મ વર્ધક જ્ઞાતિ હિતચિંતક મહામંડળના મેમ્બરો

ઓશાણીનું ઓસડ

આખી દુનિયાની દરેક જ્ઞાતિઓ પોતાના સ્વધર્મ ને સાચવી ઉન્નત દશાએ પહોંચવાને મંથન કરી રહી છે. ત્યારે કચ્છ વાસી પીરાણા પંથી પાટીદારો જ્ઞાતિના કેટલાક કર્મ ચંડાળ કપુતો પોતાના પાપી પેટની ખાતર જ્ઞાતિના ભાઈઓને આડું ઉંધું સમજાવીને છેક રસાતાળમાં લઈ જવાની કોશિશો કરી રહ્યા છે. જેમાંના ભગતના ઉપનામથી ઓળખાતા પેટ ભરું પટેલ લાલજી વસ્તા પોકાર ગામ જંજાયવાળાએ એક ઓશાણી છપાવીને જ્ઞાતિના સુધારકો ઉપર ખૂબ થુંક ઉડાડી છે જેનો જવાબ તો વખત આવે અમો યોગ્ય સમયે આપીશું પણ હાલમાં તો તેની લખેલ ઓશાણીમાંથી કડવા વાર થોડી ઘણી બાબત ઉપર લખીએ છીએ જે ભગતડાજ જરૂરથી વાંચશે અને તેમાં પુછેલી બાબતોનો ખુલાશો કરશે તો મોટો ઉપકાર થશે. તેમજ અમોને તેમનો પૂર્ણ જવાબ આપવામાં ઢીલ નહિ થાય. અમો તેમની લખેલી ઓશાણી વાંચી જોઈએ છીએ તો તેમાં તેણે વિચાર શક્તિ તો ખૂબ દોડાવી છે જે બધી મહેનતનું તારણ કરતાં ફક્ત એટલો જ સાર નીકળે છે કે જે ધણી પોતાનો સ્વધર્મ ચુકે છે તે વિધર્મી યાને અશુદ્ધ કહેવાય છે. જુઓ તે પોતાની ઓશાણી શરૂ કરતા કડવા પહેલમાં લખે છે કે

હા, લાયબ્રી વાલે લેન મેલીને નાતથી જુદા થાએ
ધર્મ પોતાનું મેલ્યું જેણે, કલમાં કાફર થાએ.

હવે લાલજીભાઈ ખુલાશો કરશો કે ધર્મ કેણે મુક્યો છે અમોએ કે તમોએ કહો જોઈએ તમો કોણ છો? જવાબ કણબી (કારણ કે તમો પુસ્તકના ટાઈટલ પેજ (પુંઠા) ઉપર “ કાં ” લખ્યું છે તેથી) તો કહો જોઈએ કણબીનો સ્વધર્મ ક્યો ! હિન્દુ કે મુસલમાન ! અમો તો હિન્દુ માનીએ છીએ કારણ કે અંતે તાણ્યો વેલો થડમાં જાય તેમ હિન્દુ છીએ એવું આપણા ગુજરાત વાસી અને સુધારાવાળા ભાઈઓ ઉપરથી સાબિત થાય છે તેથી જેનો હિન્દુ ધર્મ હોય અને તે તે પાળતો હોય તેથી તે કાફર નહી કહેવાય પણ તમારા માફક હિન્દુ હોય અને પીરાણા જેવા અધર્મ ખીચડીયા ઈસ્માઈલી પંથના પુજારી થાય અને દોવાઓ પઢે તે જ કાફર થાય છે આ ભાઈશ્રી તમારા લખેલા પહેલા કડવાનું તાત્પર્ય છે કે તમો પોતે પીરાણા પંથીઓ જ કાફર છો. તેમજ તમો વળી કડવા બીજામાં લખો છો કે :-

નાતની લેના લેન ન ચાલે, ધર્મ પોતાનું હરાએ,
ઠેકાણે તેનું ત્રણે ભોવનમાં કહોકી પેરે થીએ.

અમો પણ એમ જ કહીએ છીએ કે ઠેકાણું કહી પેરે થાય ક્યાંથી થાએ જુઓને આખા દેશમાં તમારા જ પીરાણા પંથીની પીંજણ પીંજાય છે અને તેથી તમો કેવા હડધુત થાઓ છો, જ્યાં જાઓ છો ત્યાં મેણાં ટોણાં અને ધકા ધુંબાઓ મળે છે. જેનો આપને અનુભવ તો હશે જ કારણ કે થોડા મહિના પહેલાં જ તમો તમારા ઓધારક વટલાવનાર સૈયદને તેડીને કરાંચીમાં આવ્યા હતા ત્યારે તો અમો તો શું પણ જે ખાસ પીરાણા પંથીઓ છે તેમણે તમોને અને તમારા બાવા સૈયદને કેવા વધાવ્યા અને આદર સત્કાર કીધો કે જેથી તમોને એક ચોરની માફક મુસલમાની મુસાફર ખાનામાં સંતાઈને રહેવું પડ્યું હતું તેથી ભક્તરાજ ઠેકાણું તો ત્રણે ભુવનમાં તમારા જેવા બગ ભક્તોનું નથી તેમજ તમો વળી તમારી ઓશાણીના કડવા ત્રીજામાં લખ્યું છે કે :-

૧૧. ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ - વર્ષ 1925ના અરસામાં

મંડળીઓએ જુલમી કીધી, કીધી નાતની નિંદાએ,
સ્વધર્મનું નિંદન કરે, તેના કાળા મોઢા થાએ.

ભાઈશ્રી અમો મંડળીઓ-સુધારકો એ શું જુલમી કીધી છે? જુલમી તો તમો ભકતડાઓએ કીધી છે કે જેને પુરી ગાંડ ધોવાની પણ ખબર નથી ને ભક્ત બનીને બીજાના પાસે પુજા કરાવો ને વહુ દીકરીઓની લાજ લુંટો છો ને ઉપરથી ડરાવો છો કે, સ્વધર્મનું નિંદન કરે તેના કાળાં મોઢા થાય શાબાશ ઉજળા મોઢાવાળા ભાઈશ્રી તમોને અને તમારા ગુરૂ સૈયદને અરે ભક્તરાજ મંડળ વાળા તો પોતાના ઘરના નાણાં ખર્ચીને તમારા જેવા જુલમી ભકતડાઓને અને અંધશ્રધ્ધાળુ આગેવાનોને ચેતવણી આપી રહ્યા છે કે ખબરદાર ચંડાળો હવે ચેતીને ચાલજો જ્યારે તમો ભકતડાઓને આગેવાનો આજે પણ જેઓ તમારી પોલને જાણી ગયા છે તેઓને હમણા પણ ડરાવી રહ્યા છો, કે જો બોલશો તો તમોને નાત બહાર મુકાવશું. અરે ભાઈ નાત બહાર તો તમો પીરાણા પંથી જ છો તેની તો તપાસ કરો કારણ કે જુઓ તમારો છાંટો લેવામાં આજે દરેક કોમ અચકાય છે અરે પ્રતિબંધ પણ કરે છે કે પીરાણા પંથી કણબીઓ મુમના મુસલમાન છે તેથી તેનો કોઈએ છાંટો લેવો નહીં. આ વાતનો તમોને તો અનુભવ નહી હોય, કારણ કે તમો તો તમારું ઘર સાફ રાખી બેઠા છો તેથી કોઈ અતિથિ આવે જ નહી તેથી તમોને ખબર ન પડે પણ પરદેશ વસતા તમારા પીરાણા પંથી ભાઈઓને પુછી જુઓ કે કેટલી હદ સુધી અડચણ પડે છે તેઓ નારાજ છતાં પણ તમારા જુલમથી તમારું પીરાણા પંથનું પાવળ પીએ છે અને તમોને રોજ જે કહે છે તે તમારા જેવા કાળા મોઢાવાળા જ સાંભળે બાકી બીજાની તાકાત નથી. હવે કડવા ત્રીજામાં તમો લખો છો કે

ઠોલીઆ જાણે નાત નમાવું, અહંકારે ઉભરાએ,
જ્ઞાતિ ગંગાના પ્રવાહ પાસે, ઠોલીઆ સાધાણ થાએ.

હા, અમો સુધારકોને હજુ પણ અહંકાર છે કે જરૂરથી અમો અમારા પાટીદાર ભાઈઓને પીરાણા પંથ રૂપી અઘોર વનમાં તમારા જેવા લુંટારુંઓથી લુંટાતાં બચાવશું તે જરૂરથી જ આજે અમો જે કોશિશ કરી રહ્યા છીએ તેથી તમો પીરાણા પંથના કુલ ભગતડાઓ કાકાઓ અને સૈયદોને થર થરાટી આવી ગઈ છે અને તેના ફળ ચાખવાં પડે છે તેમજ હજી વધારે ચાખવાં પડશે જ. જ્ઞાતિ ગંગાનો પ્રવાહ છે તેથી અમો તે પ્રવાહમાં ભળી ગયા છીએ પણ સાંધણ રૂપ તો ફક્ત તમો પીરાણા પંથી જ રહ્યા છો.

આગળ જતાં તમો કડવા ચોથામાં લખો છો કેઃ-

નાતિ નિંદે તે નરકે પડે, તે તો મહા દુષ્ટ કહેવાય,
નાતની ફીટકાર જેને લાગે તેનું નિષ્ટે ભુંડું થાય.

હા ! ભાઈ નાતની ફિટકાર જેને લાગે તેનું નિષ્ટે ભુડું જ થાય છે. જુઓને નાતની ફીટકાર તમોને જ લાગી છે કે જેથી પોતાના ઘરબાર મુકી બાપના નામને બોળી બેઠા છો અને ગામો ગામ ફરીને કુતરાની માફક પેટ ભરો છો. આથી શું બીજી કોઈ ઓછી ફીટકાર છે ! વળી તમારી ઓશાણીના કડવા પાંચમામાં તમો લખો છો કે :-

નાતને નમીયા તે પ્રભુને ગમીયા, નાત સામા જે થાય
દેવ ગુરૂની નિંદા કરે તે, કુભી નરકમાં જાય

૧૧. ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ - વર્ષ 1925ના અરસામાં

અમો પણ એ જ કહીએ છીએ કે તમો દેવ બ્રહ્મા, વિષ્ણુ, મહેશની નિંદા કરી રહ્યા છો જુઓ તમારા પીરાણા પંથના દશમાં અવતારના પટોળામાં.

તેમજ બુદ્ધા અવતારમાં લખ્યું છે કે પાંડવોના દ્વારે શ્રી વિષ્ણુ નવમા અવતાર બુધ કોઢીયાનું રૂપ લઈને ગયા હતા અને ત્યાં પાંડવોને યજ્ઞ કરતાં જોઈને તેને કહ્યું કે આમ તમારા પાપ નહિ ઉતરે પણ ગાયને વરોંધો અને તેના જુદા જુદા અવયવને ઉપાડીને દીલી હશનાપુરના ચોટા ચોટે ફરો. અરેરે ! ભાઈ લાલજી આવી આવી દેવની નિંદા લખતા તમારા ગુરૂ ઈમામશાહના હાથ કેમ કપાઈ ન પડ્યા અને તેજ ઉપદેશ વાંચનાર ભકતડાઓ તમારી જીભ કેમ નથી કપાઈ પડતી અરે ભાઈ હિન્દુના પવિત્ર દેવ દેવતાઓની નિંદા કરો છો તેથી તમારા માટે તો નરક પણ કુભી નરક તૈયાર છે. તૈયાર.

આગળ કડવા છઠ્ઠામાં લખો છો કે

નાતે મરીએ નાતે તરીએ, નાતને લાગીએ પાય
નાતનું ચર્ણામૃત જો લઈએ, તો ગંગાજીમાં નાય.

આ કડવું તમો લખ્યું છે પણ સમજ વગર જ કારણ કે તમો કહો છો કે નાતનું ચરણામૃત જો લઈએ તો ગંગાજીમાં નાય. ભાઈશ્રી નાતનું ચરણામૃત તો તેને ઠેકાણે રહ્યું પણ તમો તો તમારા બાવા ઈમામશાહની કબરને ધોહીને તેના પાણીનું ચરણામૃત લ્યો છો તેથી શું તમારું ચરણામૃત તે જ છે ! કે જે કબર ઉપર દરેક જ્ઞાતિના માણસો જાત જાતની થાળો લઈ આવીને ચડાવે છે તે પણ આખા વરસ સુધી જેટલો મેલ જમાં થાય છે તેને એક દિવસ ધોહીને તેની મેલની ચરણામૃતની ગોળીઓ બનાવો છો જે તમો હંમેશા પીવો છો અને તેને ગંગાજીનું ફળ થયું માનો છો. ખરેખર ગંગાજી પણ હમણા જે પીરાણામાં સૈયદ મીરૂના વાડામાં ગટર ગંગા નીકળી છે તેમાં જ નાવાનું ફળ થતું હશે. તેથી વધારે તો નહિ તેમજ તમો પાને પાચમે કડવા આઠમા લખો છો કે

કુળ ધર્મની નિંદા કરે, તે નિશ્ચય નરકે જાય,
કૃતઘ્ની તે દેવનો કહીએ ગુરૂનો ગુનઈ થાય.

હવે કહો જોઈએ તમો તમારું કુળ ધર્મ શું મુસલમાની માનો છો? અરે ભાઈ શ્રી કાંઈક તો આંખ ઉઘાડો. તમો કણબી છો તેનું તો ભાન રાખો. કુળ ધર્મની નિંદા અમો કરીએ છીએ કે તમો? જરાક તો વિચારી જુઓ ! આમ છેક ગધેડાની માફક ભોં ભોં ભુકતા તમોને લાજ નથી આવતી? કે "કુળ ધર્મની નિંદા કરે તે નિશ્ચય નરકે જાય" અમો ક્યાં ના કહીએ છીએ, અમો પણ કહીએ છીએ કે જરૂરથી તમો જશો જ. કારણ કે પોતાનું હિન્દુ ધર્મ મુકીને પીરાણારૂપી ઈસમાઈલી ખીચડીયા પંથના પુજારી બન્યા છો તેથી નરકમાં તો નિશ્ચય જશો જ સમજ્યાંને !

વળી તમો તમારા જોશમાં કડવા નવમા લખો છો કે :-
વિચારો તો વાત છે ઘણી ધર્મ મેલે હદ થાયે,

અમો પણ તમો પીરાણા પંથીઓને કહીએ છીએ કે **"વિચારો તો વાત ઘણી જ છે"** કારણ કે તમો જે હિન્દુને પોતાનું હિન્દુ ધર્મ મુકીને અર્ધદગ્ધ ઈસમાયલી પીરાણાપંથને પાળવા મંડી પડ્યા છો. બ્રાહ્મણ, સાધુ, દેવ ને મુકી કરી મુસલમાની કબરોની પૂજા કરો છો. અરે ! ભાઈ લાલજી હવે તો હદ થાય છે કારણ કે એક ધર્મ મુકીને બીજું માનવું-સ્વીકારવું તે ખરેખર બીજો બાપ કરવા બરાબર છે તેમાં તલમાત્ર પણ ફેર નથી. જો બીજો બાપ કરે તો તે વર્ણશંકર પણ જરૂરથી જ કહેવાય, કેમ સાચું છે કે નહિ બોલો જોઈએ.

તેમજ વળી આગળ તમો કડવા દસમાં લખો છો કે :-

વર્ણ ધર્મ સૌ પોતાનું પાળે સાચો તે કહેવાય,
ધર્મ મેલીને ફરતા પરે, બેહરીયા તે કહેવાય.

અમો ક્યાં કહીએ છીએ કે વર્ણ ધર્મ પોતાનું પાળે તે ખોટું કહેવાય. અમો પણ તેજ કહીએ છીએ કે જે પોતાનો વર્ણ ધર્મ પાળે તેજ સાચો કહેવાય છે. હવે કહો જોઈએ તમારો વર્ણ ક્યો? બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર? જો આ ચાર વર્ણનો જ તમારો વર્ણ હશે તો તે અમારા કહેવા મુજબ હિન્દુ ધર્મ જ પાળવો પડશે જ. તેમ નહિ ને બીજા કોઈ મુસલમાની તુરી ફકીરીનો હશે તો તો તમો જાણો. પણ અમો એટલું તો જરૂરથી જાણીએ છીએ કે તમો કણબી છો તેથી તમારા કહેવા મુજબ ધર્મ મેલી દોડતા ફરે બેહરીયાતે કહેવાય આ વાત સાચી છે કે નહિ જુઓ કે તમો તમારું પોતાનું હિન્દુ ધર્મ મુકીને ઈસમાયલી પંથ પાળો છો. તેથી તમો પોતે જ સમજી લ્યો કે બહેરીયા - વર્ણશંકર કોણ છે? અમો તો માનીએ છીએ કે જેણે પોતાનું હિન્દુ ધર્મ તજીને બીજા ભાઈઓને તજાવવાની કોશિશ કરે છે તેજ બહેરીયા - વર્ણશંકર છે, તમે પોતે જ છો.

જુઓ કે તમો તમારી ઓશાણીના કડવા ૧૨ બારમાં લખ્યું કે

ઠોલીયા નાતમાં નરકંશ થયા, ધર્મને કીધુ પાયે,
ઈમામ જેનાં ઉડી ગયાં, નાતમાં નર કંશ થાયે

અમો તમોને પુછીએ છીએ કે નાતના નર કંશ કોણ? અમોને તો તમો ઠોલીયા કહો છો પણ ખરી વાત કહેવા દીયો તો અને તમારી છાતી ઉપર હાથ રાખીને વિચારી જુઓ તો ઠોલીયા તો તે કહેવાયા કે જે માબાપ કે પોતાના ઘરના બાયડી છોકરાંને કમાવી ખવરાવતાં જેને કાટા લાગે તેથી તેને તજીને ભગવા લુગડાં પહેરે ભગતડા બનીને બીજા ભાઈઓની બેન દીકરીના શીયળ લુંટે અને વળી પોતાની પુજા કરાવે છે તેને ઠોલીયા ભામટા વિગેરે કહેવાય છે હવે ઉપરના લક્ષણ તો આપશ્રી માનમાં બધાં એ છે જુઓ સાંભળો તમો પોતાના બાયડી છોકરાંને રખડતાં મૂકી માતા પિતાના ઘરને તાળું મારી ભગતડા બન્યા છો વળી પોતાની પુજા કરાવો છો તેમ પારકી સ્ત્રીઓના ઉપર નજર પણ બહુ જ મીઠી રાખો છો જે હવે અમો નથી કહેતા તે તમો પોતે જાણો છો જ તેથી અમારા ભુધારક તો શું હોલીયા લોફર અને જ્ઞાતિના નરકંશ તો તમો પોતે જ છો.

વળી આગળ તમો કડવા ચૌદમાં લખો છો કે :-

વિના પગે પાયો આદરે, અંતે અધુરો થાએ,
ગોઠ વિનાના જાનૈયા થઈએ, ગીતાં તે કોના ગાએ

ભાઈ લાલજી ! અમારા અરે ! આખી જ્ઞાતિના આદ્ય સુધારક **ભાઈ નારાયણજી**એ આથી આગળ વીસ વરસ પહેલાં કહી દીધું છે કે **ભાઈઓ** આ **પીરાણાપંથ પાયા વગરનો છે**, અધુરો છે **ન હિન્દુ કે ન મુસલમાન** છે માટે તમો ચેતો નકાં જ્યારે જમાનો સુધરશે અને તમારા પીરાણા પંથની ખબર પડશે ત્યારે ગોટ વિનાના જાનૈયાની માફક તમો પણ ધર્મ વિનાના થઈ રહેશો ને આખી દુનિયામાં હડધુત થશો, આ વાત આજે તમોને પણ સાચી લાગતી હશે, કહો જોઈએ ગોટ વિનાના જાનૈયા થઈ રહ્યા છો કે નહિ? એક તો ઘરબાર તજ્યાં, બાયડી છોકરાં રઝળાવ્યાં અને પીરાણા પંથ પણ તુટવા મંડ્યો છે. તેથી હવે ન ઘરના કે ન ઘાટના રહ્યા છો. કારણ કે ન હિન્દુ ધર્મ પાળો છો કે

પછી ન મુસલમાન થાઓ છો. ફક્ત ધોબીના કુતરાની જે વલે થાય તેજ સ્થિતિ તમારી છે. તેથી અમોને તો તમારી બહુ જ દયા આવે છે કે ગીત કોના ગાશો તમારા કે તમારા પીરાણા પંથનાં.

તમો કડવા સોળમાં લખો છો કે

અનેક અવગુણ અપરાધી હોય, નાતને આધિન થાએ,
નાતને ચરણે શિશ નમે તો, કોટી કર્મ મટી જાએ

અમો પણ આપને એ જ સલાહ આપીએ છીએ કે હવે તમો આજ દિવસ સુધી જે કંઈ કર્યું તે મુકીને વળી પાછા જ્ઞાતિના ભાઈઓને પાય પડો કે જેથી તમારું ક્યાંક ઠેકાણું થાય અને આ પીરાણા રૂપી ફાંસી તમારા ગળામાંથી છુટી જાય અમારી તો આ સલાહ છે પછી તો તમો જાણો.

વળી પાના સાતમાં કડવા વીસમામાં લખો છો કે

ભક્તિનું તો ભાન ભુલીને, ભાષણ કરવા જાએ,
કણબી કુળમાં દાણવ પાક્યા, કરમના કાળાએ

ભાઈ વાત સાચી છે આજ દિવસ સુધી જ્ઞાતિના સુધારક ભાઈઓ ભાષણ કરે છે તેને જોઈને તમો પણ પોતાના કાગ સ્વર કાઢવા તો ગયા પણ તેટલામાં તમારા કાળાં કર્મ તમારા મોઢા આગળ આવીને ઉભા રહ્યા જેથી આજે આખા જગતમાં પાધરા થયા છો કે પાટીદાર જ્ઞાતિમાં દાણવ તમો જ છો.

વળી તમો કડવા એકવીસમાં લખ્યું છે કે

ભાન પોતાનું ભુલી ગયાને, અહંકારે ભરિયા એ,
ખરી ખોટ તો કાઢી નહિ, માથે ઉજળા કેમ થાએ.

અમો પણ તમોને કહીએ છીએ કે તમો છેક તમારું ભાન ભુલીને (હિન્દુપણું મુકીને) અહંકારથી રાગ કાઢીને ભુકવા મંડ્યા પણ જે ખરી ખોટ તમારામાં છે તે તો તમોએ કાઢી નથી તેથી સુધારકોની જેમ તમારાથી ભાષણ નહિ થાય અને ઉજળા નહિ કહેવાયા સમજ્યાને !

આગળ કડવા બાવીસમાં તમો કહો છો કે

ધર્મ મેલે તે દેવથી ટળે, એનું મુખ જોયું નવ જાએ,
ધિક્ક જાનની સિદ જાઓ તે? ભાર ભુમિને થાએ

કોણ કહે છે કે દેવથી નથી ટળતો અમો તો આગળ વધીને કહીશું કે દેવથી તો શું પણ તે મનુષ્યથી પણ ટળે છે કારણ કે જે માણસને પોતાના સ્વધર્મનું ભાન નથી અને બીજાના શીખવ્યાથી તેના ધર્મના વખાણ કરી અજ્ઞાન ભાઈઓમાં ભગતડા બનીને લુંટી ખાય છે તેથી અમો પણ કહીએ છીએ કે એની એટલે તમારા જેવા લુંટી ખાનારા ભગતડાઓની માતાઓએ શા માટે તમોને જણ્યા વાંઝણી કેમ ન રહી કે જેથી આવા બિચારીને મેણા તો ન ખાવા પડ્યાં હોત,

વળી કડવા તેવીસમાં લખ્યું છે કે

ધર્મનો તો મર્મ ના જાણ્યો, વેદ પુરાણ જે ગાએ,
બ્રહ્મા વિષ્ણુ મહેશ રૂઠ્યા, તેને તો દેવીને દેવતાએ.

૧૧. ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ - વર્ષ 1925ના અરસામાં

હવે કહો જોઈએ તમો ધર્મનો શું મહિમા જાણ્યો છે? કે જે ધર્મ વેદ બતાવે છે જેને સનાતન વૈદિક ધર્મ કહેવાય છે. તેનું કાંઈ આચરણ તમોએ જાણ્યું છે ના નથી જાણ્યું, તેથી જ તમોને દેવ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ રૂઠ્યા છે કારણ કે કહેવત છે કે ગો મરનારી થાય ત્યારે કુવે પડવા જાય છે તેવી જ રીતે તમારા પાપ ભરાઈ રહ્યા છે અને તમારા કુટણપાના દિવસ પુરા થયા છે ત્યારે જ અમો સુધારક ભાઈઓની તમો છેડ કરી રહ્યા છો પણ ખબરદાર ! રહેશો કે આ તો તમોને જવા દઈએ છીએ પણ જો બીજી વખત તમો કાંઈપણ બોલ્યા તો તમારું પોત બિલકુલ પાધરું થઈ જશે એ ખચિત માનશો.

તમો આગળ કડવા ચોવીસમાં લખો છો કે

સદ્ વિદ્યા તો સતીયા જાણે, ઉધા જાણે અવિદ્યાએ,
કુવાડો ખણી તેને કાંધે બેઠા, શ્રી શારદાજી તો માએ.

અમો પણ એમ જ કહીએ છીએ કે જ્ઞાતિમાં ભાષણો દેવા જ્ઞાતિમાં ખોટા કામો કરનારને તેના મોઢે ચોખ્ખું કહેવું અને જ્ઞાતિ ભાઈઓને પ્રપંચીઓ, ધર્મલુંટારુંઓ, દાંભિકોના હાથમાંથી મુકાવવા તે સતીયા સુધારકોનું કામ છે. કાંઈ તમારા જેવા ભગતડાઓનું નથી કે જેઓ પોતાના હિન્દુ ધર્મના દુશ્મન બનીને બીજાને બનાવવાની કોશિશ કરે છે. તેની કાંધ ઉપર તો ખરેખર શારદાજી કુહાડો તો શું પણ તેથી પણ વધારે તલવાર લઈને બેઠાં છે બોલ્યા કે તેના તો બાર જ વગાડી દે. જુઓને તમોએ તો થોડુંક કહ્યું પણ શારદાજીએ તમોને સલાહ આપી કે તમો સૈયદ પાસે જાઓ અને તેને છપાવો તેથી તમોએ તે છપાવ્યું ત્યારે જ આજે આમ હડધુત થાઓ છો. કાંઈ અમથા નથી થતા શારદાજીનો પ્રતાપ છે સમજ્યાને !

વળી તમો ઓશાણીના પાને ૮ મે કડવા પચીસમાં લખો છો કે :-

શોધી શસ્ત્ર જુએ તેને, ખરી ખબર તો થાએ,
સતપંથની જેને સુદ્ધ નાંવી, બુદ્ધ વિના ભટકાએ.

આ તો તમોએ ખરેખર સાચું કહ્યું છે કે, **શોધી શસ્ત્ર જુએ તેને ખરી ખબર તો થાયે. અરે !!** પીરાણા પંથના ભક્તરાજ તમોને તમારા બાવા ઈમામશાહના કસમ છે કે કહો જોઈએ તમો પીરાણાના શાસ્ત્રો કોઈ દિવસ પણ વાંચીને વિચારી જોયાં છે ! અમોને તો પાક્કી ખાત્રી છે કે તમો તો શું પણ પીરાણા પંથને માનનારા તમારા જેવા બીજા કેટલાએ ભગતડાએ નથી જોયા ને જોયાં હશે તો તે ફક્ત પીરાણાની પુજાની લાણ પ્રસાદી ખાધા પુરતાં જ તેથી ભાઈ શ્રી તમોને તો પીરાણા પંથનો નશો ચડેલો છે તેથી તમારી મરજીમાં આવે તેમ બક્યા જાઓ છો તમો શું બોલો છો તેટલુંએ તમોને ભાન છે તે તો કહો?

આગળ જતાં કડવા સતાવીશમાં લખો છે કે

લાંગ પેરેને લુગી બાંધે, હોય આગળ જુલ ફાએ,
નાતિ પહેરવેશ મેલ્યો તેથી, અળખામણા દેખાએ.

ભાઈ ! લાંગવાળું ધોતીયું પહેરવું અને લોગીકે કોઈ પણ જાતની રેશમી કે સુતરાઉ પાઘડી બાંધવી તે તો દરેક મનુષ્યનો પહેરવેશ છે તેમ ધોતીઓ પહેરીને તેની લાંગ (કછોટો) વાળવો તે દરેક હિન્દુનો ધર્મ છે. તેથી બીજા કોઈ પણ હિન્દુ ભલે કહે કે એ રિવાજ ખરાબ છે? ખરાબ તો તમો જેવાને લાગે છે કે જેઓ પોતે હિન્દુમાંથી મુસલમાન બનવાને તૈયાર છે તેને અને જેઓ સૈયદોના એઠાં વાસણ ઉપાડનાર તેમજ તેમની વધેલ એઠના પાણીના ચરણામૃત

લેનારને જ ખરાબ લાગે છે. ભાઈ લાલજી !! તમો તો શું ગાંડા થઈ ગયા છો કે કાંઈ તમારી ડગળી ખસી ગઈ છે કે જેથી આમ છેક લાજ મુકીને મુસલમાન બનવા બેઠા છો વિચારો ભાઈ વિચારો તમારા લખાણ એવાં છે કે જો કોઈ હિન્દુ મહાજનને ખબર પડશે તો તમારો તો શું પણ બીજા પીરાણા પંથી ભગતડાઓનો છાંટો સરખોએ નહિ લે સમજ્યાને?

તમો આગળના કડવા અઠ્ઠાવીશમાં લખ્યું છે કે,

ઘડીયાળ જેના ગુજામાંહે, અહંકારે ભરીઆ એ,
આંદ અંતના કણબી તે તો, વાણીયા કંઈ પેરે થાએ.

અરે ભાઈ ! આટલી બધી તમારી અદેખાઈ? કે કોક બિચારા ભાઈના ખીસ્સામાં ઘડીયાળ તમો દેખી ગયા. તો પણ તમારાથી શું ન જોઈ શકાયું ! ભાઈ ! ઘડીયાળ રાખવાથી અહંકારી થતા હશે તો તમારા બાપા સૈયદો અરે જે તમારી ઓશાણી છપાવી આપનાર તમારા જેવા બગ ભક્તોનો ગુરુ સૈયદ બાવા સાહેબ અહેમદઅલી ખાકી પણ ઘડીયાળ રાખે છે. તેથી તે પણ શું તમારી નજર આગળ અહંકારી નફ્ફટ જોવામાં આવે છે? અરે ગુરૂને કાંક ગુદરો કહો જોઈએ આ વાત કેવી છે? અમો તો જે ભાઈઓ પોતાના શોખના ખાતર ઘડીયાળ રાખે છે તેને અહંકારી કે લોફર તરીકે નથી ગણતા પણ જેઓના આચરણ તમારા જેવાં હોય છે અને નીચ કંધા કોટણ છે તેને જ લોફર ગણીએ છીએ.

તમો કડવા ઓગણત્રીસમાં કહો છો કે

વાણીયા થાવા વિચાર કરે, ધર્મ મેલીને જાએ,
સ્વધર્મ મેલી બીજું કરે, તેને બાપ બીજો કહેવાય.

અરે ! ભાઈ ! વાણીયા તો શું પણ તેથી એ આગળ આપણા પાટીદારો પહોંચી ગયા છે તેનું તમોને કાંઈ ભાન છે જુઓને આપણી પાટીદાર જ્ઞાતિના વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલ, વલ્લભભાઈ પટેલ અને આખા સૌરાષ્ટ્રનો શીરતાજ ગોપાલદાસ અબાઈદાસ દેસાઈ અરે ! ખુદ આપણી કચ્છવાસી પાટીદાર જ્ઞાતિનો ઉદ્ધારક વીર કેસરી શ્રી નારાયણજી રામજીભાઈ આજે આપણા દરેકના હૃદયમાં રમી રહ્યો છે જે તમોને પોતાથી બનતી તનતોડ મહેનત કરીને પીરાણા પંથીઓને પાપી પંથમાંથી છુટાડવાની કોશિશો કરે છે, કાંઈ તમારા જેમ બાપના કુવામાં પારેવા-કબુતરની માફક ગુ ગુ કરીને બાવો કહે તે શું સત્ માનશે ! આપણે હિન્દુ છીએ તે તો એક નાના છોકરાને પુછશો તો તે પણ કબુલ કરશે ફક્ત નહિ કરે તમારા જેવા સૈયદોની એઠ પીનારા હશે તેજ તેથી હિન્દુ ધર્મ મુકીને જે ઈસમાયલી ખીચડીયો પીરાણા પંથ પાળે છે તેણે જ બીજો ધર્મ લીધો કહેવાય છે. બીજો બાપ કર્યો કહેવાય છે સમજ્યાંને ભક્તલાલજી ભાઈ !!

તમો કડવા ત્રીસમાં લખ્યું છે કે,

દાદા પરદાદા એ ધર્મે ગયા, જ્ઞાતિ પિતાને માએ,
દીકરા તેના દાણવ થયા, કુળમાં કાફર થાએ.

૧૧. ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ - વર્ષ 1925ના અરસામાં

ભાઈ લાલજી અમો પણ તેજ કહીએ છીએ કે પોતાના બાપદાદા અને આખી જ્ઞાતિના માણસો જે રસ્તે ચાલી ગયા છે શાસ્ત્ર પ્રમાણે જે જે રિવાજ બાધ્યા છે તે મુજબ ચાલવું જોઈએ કાંઈ તમારા જેમ નહિ કે. પરણે ત્યારે પીરાણાના પાટ આગળ દીવો કરી મોઢું બાંધીને મુખી જે બબડે તેજ લગ્ન વિધિ માની લેવું અને મુડદાંને હિન્દુ રિવાજથી વિરુદ્ધ દફનાવી દેવું એ જ તમારો ધર્મ અરે આવા ધર્મને પાળવો કે જે ધર્મ ન હિન્દુ કે ન મુસલમાનીમાં ગણી શકાય તેથી ભાઈ કાફર તો તમારા જેવો ધર્મ પાળનાર પીરાણા પંથી જ છે.

આગળ કડવા એકત્રીસમાં તમોએ લખ્યું છે કે :-

જ્ઞાતિ ધર્મની નિંદા કરી, પુરા પાપી એ થાએ,
જમી અસમાનમાં સગ્રે નહિ, તે તો નિશ્ચે નરકે જાએ

આ તો ખરું કહો છો જમીન આસમાન ક્યાંથી સંગરે જેણે પોતાનો હિન્દુ ધર્મ મુકી અર્ધ ઈસમાયલી ખીચડીયા પંથને પાળ્યો હોય તેને જમીન આસમાન પણ નથી સંઘરતાં તે સાચી વાત છે. જુઓને કેટલાક તમારા જેવા ભગતડાઓના મુડદાંને કાગડા કુતરાં ફાડી ખાય છે ત્યારે તમોને સ્વર્ગ ક્યાંથી હોય તેઓને તો નરક છે જ સમજ્યા ને !

વળી તમો ૩૨-૩૩-૩૪ એમ ત્રણે કડવામાં જે નિંદા સંબંધમાં લખો છો તો તે સંબંધે તમોને પુછીએ છીએ કે તમો જે ઘડી ઘડી નિંદા નિંદા કરી રહ્યા છો તે નિંદા તમો કોને કહો છો તે તો કહો ! અમો તો જે જેવું હોય તેને તેવું કહેવું તેજ સત્ય માનીએ છીએ. નિંદા તો તમારા જેમ ભુકે છે તેને જ કહેવાય છે. સમજ્યાને બંધુ ! અમો આપને સલાહ આપીએ છીએ કે નિંદા કરવી હવે મુકી દ્યો અને પોતાની જ્ઞાતિને પાયે પડો નકા તમારું કોઈદી ભવે ભલું નહિ થાય.

કડવા છત્રીસમાં તમો લખો છો કે :-

ગુરૂ વચન ગ્રહણ ન કીધો, આપે ડાહ્યા થાએ,
જમ તેડા તે શિર મારે, જમપુરી લઈ જાએ.

ભાઈ તમોએ તો તમારા ગુરૂના વચનને ખૂબ ગ્રહણ કીધો છે. નથી કીધો તો બીજા પીરાણા પંથીએ કારણ કે તેઓ તમારા માફક બાયડી છોકરાંને રઝળાવીને જો ગામે ગામ ગોદા ખાય તો ગુરૂ વચન ગ્રહણ કર્યો કહેવાય નકા તો ગુરૂના ગુના થાય છે. અરે ભાઈ તમારા ગુરૂ ઈમામશાહે તો તમોને સુન્નત કરાવવાનું કહ્યું છે જુઓ તો હવે તમોએ તે કરાવી છે નથી કરાવી તો હવે જરૂરથી જમના જોડા તમારે શીર પડશે જ સમજ્યા !

વળી તમો કડવા સાડત્રીસમાં લખો છો કે :-

ભાષણ કરતાં ભાન ભુલીને, મનખો ત્યાં ગુમાએ,
ધર્મ મેલી ઓળાતા ફરે, અવળી વાટે અથડાએ.

ભાઈઓ અમો આગળ પણ કહ્યું છે ને વળી પણ કહીએ છીએ કે જ્ઞાતિ સુધારાના કામ કરતાં અમારું આ સ્થુલ શરીર જો ગત થાય તો પણ અમોને તેની ચિંતા નથી પણ આપને જ તેનો ખ્યાલ કરવો જોઈએ કે ભાષણ કરવાના બદલામાં તમો આટલા બધા રાગ મુકીને ઓશાણી છાજીયા ગાયો છો ને તમારો અમૂલ્ય વખત ગુમાવો છો તેથી તમારું ભલું નહિ થાય અને તમોને જમના જોડા પડશે જ કારણ કે તમો પોતે પારકું ખાઈને તેનું જ ખોદો છો તેથી જમરાજના દ્વારે ન તમારા સૈયદો આડા આવશે કે ન તમારો બાવો ઈમામશાહ આડો આવશે સમજ્યાને ! ત્યાં તો તમારા માટે જમપુરી તો તૈયાર જ છે માટે તે સંબંધમાં જેટલા ભાથાં બાંધવા હોય તે બાંધી લ્યો.

વળી તમો કડવા આડત્રીસમાંએ લખ્યું છે કે

ચાલ પોતાની મેલી કરી, ચોરીએ ચડવા જાએ,

હોલી ફેરા સર્વે ફરીયા, મનમાં રાજી થાયે.

વાહ રે ભગત રાજ ! ચોરી બાંધી વેદ વિધિથી લગ્ન કરવા તેને તમો હોલી ફેરા માનો છો એ પણ ઈમામશાહનો જ પ્રતાપ છે ભાઈ નકા કદી પણ હિન્દુ તે પણ કણબી થઈને આમ છેક મુસલમાની કબુલ કરે? એ હવે અમારાથી સહન થતું નથી. અરે ! ભાઈ તમારી આંખો ખોલો અને પીરાણાના પાવળના ગેનમાંથી હવે જાગો જાગો નહીંતર હવે નિશ્ચય તમારું તો ભુંડું જ થવાનું - સત્યાનાશ જવાનું છે અને આખી પીરાણા પંથી **પાટીદાર કોમ ફીટી મુમના મુસલમાન** કહેવાશો તેમજ તમો કડવા ઓગણચાલીસમાં લખો છો કે

દેશ તેવો વેશ કરીએ, સર્વેને સહોવાય,

અતિઘણું અભિમાને કરીએ, તો હે હેકાર થાયે.

તમો જે કહો છો કે દેશ તેવો વેશ કરીએ તો કહો જોઈએ શું કચ્છ દેશ એવો છે કે જેમાં મુગલાઈ ટોપ અને અરબસ્તાની આગડી જરૂર જ પેરવી પડે અરે મુરખના સરદાર કાંકતો વિચારીને બોલ આમ છેક ભાન કેમ ભુલી ગયો છે. વળી તમે કડવા ચાલીસમાં લખ્યું છે કે

પાપ પોતાના પૂણી વળશે, શિર પોતાને આએ,

આપને ભારે આપ ઝુશે, તુરત તમાશા તો થાએ.

તમો લખો છો કે પાપ પોતાના પુણી વળશે આજ દિવસ સુધી અમો પણ એમ જ કહીએ છીએ. તેમજ કચ્છી કહેવત છે કે કાઠી કાઠી જે ભારશે ઝુરી પોંધી ખરેખર બન્યું છે પણ તેમજ કારણ કે આજે ત્રણસો વરસથી તમારા સૈયદો આખા કચ્છ દેશના કણબી જ્ઞાતિને લુંટી ખાતા હતા તે ખાસ તમારા જેવા ભગતડા અને કાકાઓના પ્રતાપથી જ તેઓના પાપ પુણી વળ્યાં અને તમારા ભાગ્ય ફુટ્યાં તેથી કાકાઓ સૈયદોમાં ઝઘડો જાગ્યો અને આપણી જ્ઞાતિના સુધારક બંધુઓ જાગ્યા કે જેથી સૈયદો, કાકાઓ અને તમો પોતે જ પોતાને પાપેથી મરવા મંડ્યા છો અને પીરાણાની ખાખા વિખી થવા માંડી છે એ પણ આપના કહેવા મુજબ જ બન્યું છે. કે પાપ પોતાના પુણી વળ્યા છે ખરું કે નહિ ભલા?

આગળના કડવા એકતાલીસમાં તમો લખો છો કે

સામા ગામથી સામૈયું આવ્યું, સામૈયા સામગ્રી થાએ,

ડ્રેસ પહેરીને પરવાર્યા પછી, પાસ કઢાવવાને જાએ.

મામેરાં આવ્યા અને તેની સામૈયાની તૈયારી કરવામાં આવી પણ તેટલામાં અકસ્માતથી દારૂ સળગી ઊઠ્યો જેથી એકાદ બે ભાઈને શરીરે ઈજા થઈ આમા તો તમો ફુલાઈ ગયા અને કહેવા લાગ્યા છો કે આ ઈમામશાહે તેમનો દારૂ સળગાવ્યો પણ અમો તમોને પુછીએ છીએ કે ગામ વિથોણમાં તથા દેવપરમાં, નખત્રાણામાં અને કાદીયા વિગેરે ગામોમાં બધા બળી ગયા તે વખતે તમારો બાવો ઈમામશાહ ક્યાં ગયો હતો કારણ કે તે તો બિચારા સૈયદની એકનાં ખૂબ ચરણામૃત લે છે, પીરાણાની પાવળની ગોળી પણ ખૂબ પીવે છે છતાં પણ બળી ગયા તે વખતે તમારો ઈમામશાહ શું પછેડો ઓઢી સુઈ ગયો હતો ! તે તો કહો ! ભાઈશ્રી તમો વિચાર તો કરો કે સુધારાવાળા અરે આખો

૧૧. ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ - વર્ષ 1925ના અરસામાં

હિન્દુ સમાજ તમારા પીરાણા પંથને કોદાળી પાવડા વતી ઉખેડી નાખવા મંડ્યા છે તો પણ તમારો ઈમામશાહ કાંઈ બોલતો નથી અને તમો સમજતા નથી કે તમો ચલાવેલ પીરાણા પંથ ખોટો છે અરે ભાઈઓ આજે આખી દુનિયામાં તમારી ફજેતી થાય છે ત્યાં તમારી સહાય કરવા તે આવતો નથી તે આખરને દહાડે તે શું તમારું ધોળશે તે તો વિચારો?

તમો ઓશાણીના કડવા ચુમાલીસમાં લખો છો કે

પોકારને ઘેર પોક પડીને, મોકાણની કેણ જાય,
માથું ફુટવા સરવે મલિયા, અવળા મંગળ ગાય.

ભાઈશ્રી કહો જોઈએ તમો નુખે કેવા છો ! અમારા સાંભળવા મુજબ તમો પણ પોકાર છો તેથી તમોને પોતાને જ પોતાનું સ્વરૂપ યાદ આવે છે અરે ભક્તરાજ અમોને તો લાગે છે કે તમારે ઘેર રોજ પોક પડતી હશે. કારણ કે તમારા સ્વર્ગસ્થ માતા પિતાના આત્મા તમારા ઘરને લાગેલા તાળાં જોઈને પોક નાખતા હશે તેમ તમારા સગાં સંબંધીઓ તમોને તમારા શરીરે અલમસ્ત ગધેડા જેવા જોઈને જરૂરથી પોક નાખતાં હશે. કમાઈ ખાવામાં હાડ હરામના થવાથી બાપના નામને બોળીને માગી ખાવા લાગ્યા છો તેથી તે પોક નાખે તે પણ વ્યાજબી છે તેથી ઉપરનું કહેવું તમારું જે પોકારને ઘરે પોક પડી તે બરાબર છે. ભાઈ શ્રી અધર્મ કોઈનો ચાલતો નથી તે તો તમો જાણો છો છતાં પણ હિન્દુમાંથી મુસલમાન બનાવનાર તમારા ઈમામશાહનો પંથ ક્યાંથી ચાલે તે તો કહો? જરૂરથી નહિ જ ચાલે.

વળી તમો કડવા ઓગણપચાસમાં લખો છો કે

વીરાણી ને તો વિષ્ણુ રૂઠ્યાં ધર્મને કીધું પાય !
ધર્મમાં જેણે ધાડ ઉઠાડી, સિદ્ધ જાયા એની માયે.

બંધુ ! વિષ્ણુને ને તમારે તો સો જોજનનું છેટું છે જેથી તમોને વિષ્ણુનું નામ લેવાનો શું હક્ક છે ! વિષ્ણુ તો હિન્દુનો દેવ છે. કાંઈ તમારા જેવા અર્ધ મુસલમાનોનો નથી. અમો તો કહીએ છીએ કે વીરાણીને વિષ્ણુ રૂઠ્યા નથી પણ તેમના ઉપર રીઝ્યા છે ત્યારે જ તમારો કાકો લખમણ અને તમારા જેવા પેટ ભરું આગેવાનોને ધોળે દહાડે ત્યાંથી ભાગવું પડ્યું હતું તે પણ વિષ્ણુનો જ પ્રતાપ હતો ભાઈ રૂઠ્યા તો તમોને છેક છતી આંખે પીરાણાના સૈયદોની વાતો સાંભળીને પીરાણાના પીરની કબરના ધોએલા પાણી પીઓ છો અને તેના ઉપર ચડાવેલા લાણ ખાઓ છો તેને જ રૂઠ્યા છે સમજ્યાને.

તેમજ વળી કડવા પચાસમાં લખો છો કે

પેરવેશ પાઘડી વાંકી બાંધે, આંખે માથે આંટાએ !
દેશનો વેશ મેલીદે જેથી, દેખાતા વાળંદીઓએ

પહેરવેશ પાઘડી તો આમ હિન્દુ કોમ પહેરે છે કાંઈ વાળંદ એકલા નથી પહેરતા તેમ વાંકી પાઘડી તો મરદનો પુરવેશ છે. વાંકી પાઘડીવાળા તમોને ખુંચે છે તે વાંકી પાઘડી વાળે તમારું શું બગાડ્યું છે તે તો કહો? તેમ મુગલાઈ ટોપ અને અફઘાનિસ્તાનની આંગડી પહેરનારે તમારું શું ભલું કર્યું છે તે તો જણાવો પાટીદાર પરિષદના રિપોર્ટો તો વાંચો કે તમારા મુગલાઈ ટોપ પહેરનાર તમારા બાપાઓના કુકર્મોના પાનેપાનાં ભરેલા છે પણ તે તો જોવાની બુદ્ધિ તમોને ક્યાંથી આવે કારણ કે તમારા ઉપર તો વિષ્ણુ રૂઠ્યાં છે.

૧૧. ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ - વર્ષ 1925ના અરસામાં

આગળ વધીને કડવા એકાવનમાં તમો કહો છો કે :-

હોટલ માંહે હાલતા ફરે, પીવાને પોતે ચાયે,
અઢારે વર્ણ એક પીયાલે પીએ, ભગીથી ભુંડા એ.

હા, અમો પણ હોટલમાં જનારથી તો વિરુદ્ધ છીએ પણ તમારા કહેવા મુજબ નહિ કારણ કે હોટલમાં તો હજી હિન્દુ વર્ણ જ આવે છે પણ તમો તો તેથીએ ઉતરી ગયા છો કેમકે પીરાણાના સૈયદોના જુઠાની પ્રસાદી કરો છો તેમ એઠના ચરણામૃત લ્યો છો તેથી તો હોટલ સો દરજ્જો સારું છે. સમજ્યાને ભાઈ શ્રી હોટલમાં જનારને તમો ભંગી કહો છો પણ જે કહો છો તે તમારું કચ્છમાં જ ચાલે છે પણ જો તમો કોઈ સુધરેલા દેશમાં કહેતા હો તો તે વખતે તમારું શું થાય તે તો તમો જાણો, કચ્છમાં તો તમો ભલે કુવાના કબુતરના જેમ ગુરક્યા કરો તમોને કોણ પુછે છે.

વળી કડવા બાવનમાં તમોએ લખ્યું છે કે :-

અનમા થઈને ઉંચાચાલે, એમ મોટા ન થવાએ,
ત્રાજવે લઈ તોળે તેમાં, નમીયા તે ભારે થાએ.

ભાઈ નમીને ચાલવું તે તમો પસંદ કરો છો તેમજ અમો પણ પસંદ કરીએ છીએ પણ ભાઈશ્રી નમવા નમવામાં ફેર છે સમજ્યા ! તમારા જેવા કુટણોને તો નમીને જ ચાલવું પડે છે કારણ કે જો નમીને ન ચાલો તો તો તમારા કુકર્મો પાધરા થઈ જાય તેથી તમારે તો નમીને જ ચાલવું જોઈએ પણ તમો જે નમીને ચાલવાનું કહો છો તેવું નમીને ચાલવા કરતાં તો અમો મરવું વધારે પસંદ કરીએ છીએ. ભાઈશ્રી ! તેમજ તમારા કહેવા પ્રમાણે ત્રાજવે ગાલીને તોળે તો તેમાં જે ભારે થાય તેને આપ મોટા માનો છો. એ પણ આપની એક ચતુરાઈ જ લેખાય. જુઓને ભારેમાં ભારે તો તમારા પીર ઈમામશાહનો ખલીફો મુજાવર કાકો લખમણ હતો તે કેટલો ભારે હતો તેની કીર્તિ તો દેશોદેશમાં જે ગણાવી છે તે જો કોઈ ભાઈ અમદાવાદની કોર્ટોમાં તપાસ કરે તેમજ પાટીદાર પરિષદોના રિપોર્ટો અને સુધારકોના છપાવેલા પેપરો વાંચો તો ખબર પડે તેથી એ વધારે ભારે નેત્રાવાળો કરમશી શીવજી ગેઢેરો છે કે જેનો ગાંડ ધોવા સુધી હાથ પણ નથી પહોંચતો તેને જો ત્રાજવામાં તોળો તો તમારી આખી નાતને એક છાબડામાં બેસાડો અને એક છાબડામાં એહરામ ખાઉને મુકો તો પણ તે ભારે થશે. તેથી જ તે એક નશીલા કણબીને અમો સુધારકો તરફથી રાવણની ઉપમાં આપવામાં આવી છે તે ઘણી જરૂરથી નમીને જ ચાલે કારણ કે શું કરે ! તે હરામ ખાઉને કુદરત જ નમાવે છે તે ગેઢેરાની મોટાઈ તો તમો પાટીદાર જ્ઞાતિના ગરીબમાં ગરીબ ભાઈઓને પુછો કે (જેના તે રગત ચુસી રહ્યો છે) તો તમોને ખબર પડે માટે ભાઈ શ્રી આખા કચ્છ દેશમાં ભારે વખાણ તો તમારા માનેલા મોટાઓના કેવાં થાય છે તે તો તમો પણ જાણો છો તેથી વધારે લખતા નથી.

આગળ કડવા તેપનમાં લખો છો કે :-

નકટા નાતિની રીત મેલીને, કરિત કરવા જાય,
વોમ કર્યો વિવામાં જેણે તેના વિવા રહ્યા રઝળાએ.

શાબાશ છે બંધુ ! અમો પણ એજ કહેવાના હતા કે **“નકટા નાતિની રીત”** ખરેખર જે પીરાણા પંથને આજે સમજી ગયા છે છતાં એ જે પાળી રહ્યા છે તે જરૂર નકટા જ છે માટે એવી નકટાની નાતના રિવાજ અમારે જરૂરથી મુકવા જ જોઈએ કારણ કે જુઓને જેણે પીરાણાના પાવળના ઘેનમાં એકની પરણેલી છોકરીને વોમ કરીને પોતાના

છોકરાને પરણાવવા ગયો તે ધણી પાછો પોતાના ઘરના પણ દર્શન ન કરી શક્યો અને ત્યાંથી જ પોતાના વિઆને રઝળાવતો ગયો જે હજી સુધી ઘરવખરી દેતાં પણ ઠેકાણું નથી થતું. તેજ પ્રમાણે ભાઈશ્રી બીજો વોમ તમોએ કર્યો કે જે એકદમ કણબી જ્ઞાતિની કવી બની ગયાં પણ તમો તમારી શુદ્ધ ઠેકાણે રાખશો નકાં કવી બનતાં કદી બીજા કાંઈ ન બની જાઓ.

હવે કડવા ચોપનમાં તો તમો જે કહો છો તે તો સાંભળવા જેવું જ છે.

સોવાર નાતે કહી સમજાવ્યા, મત પોતાની ન જાયે,
ગદર્ભની તે પૂજા કરેથી, ગદર્ભ ગાએ નથાએ.

ખરેખર સો વાર તો શું પણ અમો તો લાખ વાર તમોને સમજાવીએ છીએ કે ભાઈ સૈયદોના કહેવા પ્રમાણે ન ચાલો કાંક પોતાની મતે જાઓ પણ સમજે જ કોણ ગમે તેટલી ગદર્ભ(ગધેડા)ની પૂજા કરો પણ કાંઈ ગાય થાય ! કદી નહિ જ થાય તેમજ ભલે પીરાણાના પીરને બ્રહ્માનો અવતાર તેના દીકરાને વિષ્ણુનો અવતાર કહો પણ તે કદી પણ વિષ્ણુ કે બ્રહ્મા થવાના નથી તે તો જે યવન વાઢેલા છે તેજ રહેશે. માટે હજુ પણ જો ચેતો તો વખત છે નકા પછે હાથ પછાડશો ને પસ્તાશો.

આગળ કડવા પંચાવનમાં તમો લખો છો કે

આપ ડાહ્યા તો અતિ થાયે, નાતનું માનેના કાયે,
ગદર્ભ ગંગાજીમાં નાતાં, ગાય સમો નવ થાય.

આ પણ તમોએ સાચું કહ્યું કે, ગધર્વ ગંગાજીમાં નાતાં ગાય સમો નવ થાયે તેમજ ગાય જેવી આપણી પાટીદાર જ્ઞાતિનો કેટલાક વરસોથી તમારા પીરાણા પંથીઓના ગુરુ સૈયદો સંગ કરી રહ્યા છે તો પણ કાંઈ પોતાની ગધેડાની ગું ખાવાની રીતને ભુલ્યા છે, જુઓને તેઓ જ તમારા આપેલા નાણામાંથી કેવા કેવા કર્મો કરી રહ્યા છે અને હજુ કાકાને નોટીસો આપીને ચોખા માટીના પૈસા પણ માગી રહ્યા છે અને આખી દુનિયાને ચેતાવી રહ્યા છે જુઓ અમો કણબીના ધર્માદા નાણાનો કેવો ઉપયોગ કરીએ છીએ. અરે ભાઈઓ. તે ચંડાળો તો તમારો પીછો કદી છોડનાર નથી જ તે તો ઠેઠ જહનમ સુધીના સાથી જ છે માટે જો જો ચેતવું હોય તો ચેતો આપ ડાહ્યા થવા કરતાં બીજા બે ચાર હિન્દુભાઈઓને પુછી જુઓ કે અમે જેને બ્રહ્મા માની રહ્યા છીએ તે ખરેખર બ્રહ્મા છે કે પછી બ્રહ્માના નામથી કોઈ ભઈમાન છે - હંસના પીછામાં કાગ છે.

તમે કડવા ૬૦-૬૧માં લખો છો કે “નાત ધર્મ જેને ખપતું નથી” ખરેખર જેને પોતાની નાતજાત ખપતીનથી તેને સમજાવે શું થાય જુઓને અમો આજે વીસ વરસથી તમો પીરાણા પંથીઓને સમજાવી રહ્યા છીએ કે ભાઈઓ જુઓ આપણા બીજા પાટીદાર જે ચૌદ લાખની સંખ્યામાં છે તે ક્યું ધર્મ પાળે છે તેજ ધર્મ તમો પણ પાળો છતાં પણ તમોને આજ દિવસ સુધી જે પીરાણા પંથના પાવળનું ઘેન ચડેલું છે તેજ ઉતરતું જ નથી. અમારું કહેવું સાંભળીને જાગવું તો રહ્યું પણ ઉલટા ઉડીગારમાં ઉતરવાની કોશિશ કરો છો તે છેક પોતાનું ભાન ભુલીને શું ભસી રહ્યા છો તેનું એ તમોને ભાન નથી.

આગળ કડવા ત્રેસઠમાં તમો લખો છો કે

૧૧. ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ - વર્ષ 1925ના અરસામાં

બે છીપનું જે મોતી હોએ ખોટો કદી નવ થાએ
જેની માતાએ ધર્મ મેલ્યો, તે કણબી કેમ કહેવાય

આ કડવું લખતાં શું તમારી અક્કલ પીરાણાના પીરની કબરમાં ગઈ હતી કે પછી હુરાઓના છોકરાની ગાંડ ધોવા ગઈ હતી કે જેથી તમો કાંઈ પણ વિચાર કરવા સિવાય જ ભક્યા છો જેની માતાએ ધર્મ મેલ્યો તે કણબી કેમ કહેવાય ! આ વાત યાદ કરશો જો તમો માણસના બીજ હશો તો તો તમો જ્યાં સુધી જીવતા હશો ત્યાં સુધી કરાંચીની વાત નહિ ભુલો જુઓને તમો જો કણબી હોત તો કરાંચીમાં કણબીઓના પાચશો ઘર હોવા છતાં પણ મુસલમાનના મુસાફરખાનામાં ઉતરવું ન પડ્યું હોત પણ તમે જ્યારે કણબી પણાથી છુટા છો ત્યારે જ મુસલમાન સાથે રહેવું પડ્યું હતું માટે જો તમારી માતાજી જીવતી હોય તો પુછી જોશો કે માતા શું તું ધર્મ ભુલી છે ! કે કેમ છે કે મને કણબીઓ પોતાની સાથે શા માટે નથી રાખતા ! જો તમો આટલું પુછી ખુલાશો કરશો તો તમોને પોતે જ તમારા લખેલા કડવા ૬૩નું ભાન થશે અને વિચારશો તો દેખાશે કોની માતા ભાન ભુલી છે અને કણબીમાંથી કોણ મટી ગયું છે.

વળી તમો કડવા ૬૫-૬૬માં લખ્યું છે કે

કુળ ઓધારણ કાફર થયા, થયા ચોરાસીના રાએ,
સત્યના ઝાડ સુકાઈ ગયાં, કોની કરવા નિંદાએ

અમો તમોને કહીએ છીએ કે તમો પોતે જ તમારા કુળને ઓધારવા ભક્ત બન્યા છો પણ તે ઓધારવું તો બાજુએ રહ્યું પણ ઉલટા કાફર બન્યા છો કારણ કે પોતે કણબી તે હિન્દુધર્મ મેલીને મુસલમાની ખીચડીયા પંથને પાળવા મંડી પડ્યા છો અને અદ્ધ મુસલમાન બનીને મુસલમાનની એઠના ચરણામૃત લેતા થયા છો અને બીજાને લેવાનું કહો છો તેથી તમારા તેજ કડવાની બીજી લાઈનમાં લખ્યા મુજબ.

સતના ઝાડ સુકાઈ ગયા અને તમારા જેવા ખપના પેદા થયા ત્યારે જ કચ્છના કણબીઓને કણબી પણામાંથી ટાળીને મુમનાનો ઈલકાબ લેતા કર્યા છે.

કડવા છપનનો જવાબ તો ઉપર આવી ગયો છે પણ સતાવનમાં કડવામાં તમો જે લખ્યું છે કે

આદની જેને ઓળખાણ હશે, તેને અનુભવ થાએ,
આદે અંતના દાણવ તે તો ધર્મ મેલી જાએ

આ કડવું લખતાં તમોને તમારા પોતાના જ સ્વરૂપનું ભાન થયું છે કારણ કે તમો કહો છો કે આદની જેને ઓળખાણ હશે તેને અનુભવ થાય આદિ અંતના દાણવને તો ધર્મ મેલીને જાય આ વાતનું જો વિસ્તારથી લખવા બેસીએ તો તો ઘણું જ લખાય પણ તેમ ન કરતા ટુંકામાં જ તમોને કહીએ છીએ કે જ્યારે કોક વિધર્મીનું જ મુખ જેની માતા જુએ છે એટલે તેનાથી આડો વેવાર કરે છે ત્યારે જ તે પુરૂષથી પેદા થયેલા તે સંતાન બાળકને તે પુરૂષનું ધર્મ પાળવાનું મન થાય છે તેથી તમો ટુંકામાં સમજી લેશો કે જો તમો હિન્દુ હશો તો જરૂરથી આ વાંચ્યા પછી હિન્દુ ધર્મ સ્વીકારશો અને તેમ ન કરો તો પછી ઉપર કહ્યા મુજબ જ કુળ ઓધારણ કાફર છો એવું દેખાશે કારણ કે તમારા કહેવા મુજબ આદિ અંતના દાણવ છો. વળી તેમ તમો કડવા અઠાવનમાં લખો છો કે

હંસ હિરાવીના ચારો ના ચરે, જીવ નિકશી જો જાએ,
સાચા ધર્મી ધર્મના મેલે, જો શિરપર કાતી વાએ

૧૧. ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ - વર્ષ 1925ના અરસામાં

અરે ભાઈ ! તમો હજી એજ લખ્યા કરો છો કે હંસ હિરા વિના ચારો ન ચરે આથી તમોને કાંક પણ ભાન થયું દેખાય છે કેમકે પોતે જ વાત કબુલ કરો છો અમો પણ કહીએ છીએ કે જે શુદ્ધ કણબી હિન્દુ હશે તે કદી તમારી માફક મુસલમાની ધર્મ સ્વીકારશે જ નહિ કે તમારા કહેવા મુજબ હંસ હિરા વિના ચારો ન ચરે એમ અમો પણ કહીએ છીએ કે જે ખરેખર હિન્દુ કણબીના બીજ હો તો હવે આવા અર્ધદગ્ધ ખીચડીયા પીરાણા પંથને મુકીને શુદ્ધ હિન્દુ વૈદિક ધર્મની દિક્ષા લઈ લો એવી અમારી ભલામણ છે.

તેમ તમોકડવા ઓગણસાઠમાં લખો છો કે

પ્રતિવૃંતા બ્રિદ પોતાનું પાલે રામ ચુડી એક રાય,
ધર્મ પોતાનું મેલીઓ જેણે એ તો આપ ગુનકા થાયે

કહો જોઈએ ભાઈ ! ધર્મ કેણે મેલ્યું છે અમે કે તમે અમો સુધારકો તો પોતાનું સનાતન વૈદિક ધર્મ પાળી રહ્યા છીએ જ્યારે તમો તમારું ધર્મ મુકીને પીરાણા પંથમાં ફસાણા છો માટે ગુણકાં જેવા તો તમો પોતે જ છો. જે જેવો હોય તે બીજાને પણ તેવો જાણે કહે છે.

વળી કડવા ૬૮માં લખ્યું લખ્યું છે કે

સખી ધન શું વાટે વાપરે, કાફર કુવાટે ખાયે,
ફાળાએ ધન ભેળું કરીને નિંદક છાપાં છપાએ.

આ કડવું તો ખરેખર ભાઈશ્રી તમારા પીરાણા પંથને જ લાગું પડે છે જુઓ કે સખી કચ્છના ભોળા પાટીદાર ભાઈઓ પોતાનું ધન ધર્મ સમજીને (સુવાટ જાણીને) તમારા જેવો ભકતડાને સોંપે છે પણ તમો તો ખોટા કેસો કરીને કોર્ટોમાં અને પોતામાં લાણી કરવામાં જ ખર્ચી નાખો છો તેથી તે બિચારા ભોળા ભાઈઓના ધનના ધર્મને બદલે કર્મના ફળ મળે છે કે જે આજે ભોગવી રહ્યા છે.

વળી એજ પાનાના કડવા ૭૨, ૭૩માં લખ્યું છે કે

લખા પતિતે લખના દેવે, ખમ્યા કરીને ખાય,
અધુરીયા તે ઊફણે ઘણા, તુફાન તરફે જાય.
અધુરીયાને બે કોડી અમુલી, જીરવી કેમ શકાય,
દિ ઉઠ્યો જેણે દેવને નિંદયા નહિ ત્રણે ભવને ઠાએ.

હવે ઉપરના કડવામાં લખો છો તેવું લખા પતિ માણસ તો આખી દુનિયામાં તમો જ છો કે જેણે ચારે વાટ સાફ કરી રાખી છે. જુઓને ૧ પોતે બાયડી છોકરા રઝળાવ્યાં. ૨ સંસારી મટી સાધુ બન્યા. ૩ હિન્દુ મટી પીરાણા પંથના પુજારી બન્યા અને ચોથી વારના તો ન ઘરના ને ધર્મના રહ્યા છો જેથી હવે પીરાણા પંથના ઓશાણીઓ ગાઈ રોદરાં રોતા થયા છો. ગામોગામના ગોદા ખાઓ છો ભાઈ શ્રી બંને બગાડી બેઠા છો છતાં બીજાને કહેવા ઉભા થાઓ છો માટે તમારા જેવા અધુરીઓ અમારે હવે ક્યાંથી લાવવો તમો પોતે જ છો એમ જ માની લ્યો ને.

વળી પાને પંદરમે કડવા ચમોતર પંચોતરમાં લખો છો કે

કમાએ કરાંચી ને કલકતે ઠોલીઆ મુંબઈ જાય,
એટલી કમાણીએ યજ્ઞ કરતાં નાતમાં ન દીઠાએ.

૧૧. ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ - વર્ષ 1925ના અરસામાં

તમો લખો છો કે "દુબળામાં ઘણી નીતિ હોએ" હા ભાઈ તમારા જેવામાં નીતિ કાં ન હોય કે જે નીતિથી કૈકના ઘર બેઠાં કરો છો તેમ વળી લખો છો કે કમાએ કરાંચીને કલકતે અને મુંબઈ જાય. જેટલા કણબીઓ કરાંચી કલકતે અને મુંબઈ કમાય છે તે તો તમારે મન બધાએ ઠોલીઆ જ છે. જુઓ જે બિચારા કરવત તાણી, પાણા કુટી કે પછી મુંબઈના દાણા બંદરમાં ગુણીઓ તાણી તાણીને પોતાની શકમાઈ કરી ચાર પૈસા બચાવીને જે પોતાના બચાંઓના માટે લઈ આવે છે પણ જો તમારા જેવા આખલાઓને તે નથી ખવરાવતા તેથી તે ઠોલીઆ છે એમ તમો કહો છો પણ ખબરદાર રહેશો કે આવું બીજી વખત કહેશો નહિ નકા તમારી તો જરૂરથી જીભ બંધ જ થઈ જશે. આ વખતે તો અમો તેઓને સમજાવીને તમોને જતા કરીએ છીએ.

વળી તમો કડવા છોતેરમાં લખો છો કે

આભને લતું અમથા હણે અધ લખિ થાવા જાએ,
પુનઃની કોઈ પાળ બાધે ત્યારે ખરી ખબર તો થાએ.

ખરેખર જ પુન્યની કોઈ પાળ બાંધે ત્યારે જ ખરી ખબર થાય તો જરા જણાવવા મહેરબાની કરશો કે તમો અને તમારા બાપદાદાએ કઈ સદાવ્રત ચલાવી છે તેમજ ક્યો યજ્ઞ કર્યો છે. અરે યજ્ઞ તો શું પણ કાંઈ દાન દીધું હોય તો તો જણાવો અમોને કહો છો તો સાંભળો ભાઈશ્રી અમોએ તો મોટા દિલ રાખ્યા છે ત્યારે જ તમો આખલાઓ કચ્છની પાટીદાર જ્ઞાતિમાં ચરી રહ્યા છો જો અમો પુરેપુરી આંખ ઉઘાડીએ તો તમારા ગુતરીના ભોયરાના ચાલીસા પુરા કરી દઈએ પણ ખેર હાલમાં તો જતા કરીએ છીએ.

આગળ કડવા સીતોતેરમાં લખો છો કે

જ્ઞાતિ સાથે નમણું ન રાખે, નાતમાં નર કંસ થાએ
ધરમ મેલીને દોડતા ફરે નફટ નાર્કિયા કહેવાય.

હવે કહો જોઈએ જ્ઞાતિ તમો કેને કહો છો ! શું જ્ઞાતિમાં જેટલા કાળા કર્મ કરનાર હોય તેને જ તમો જ્ઞાતિ માનો છો? અરે ભાઈ એવી જ્ઞાતિને અમો તો બિલકુલ જ્ઞાતિ માનશું નહિ તમો ભલે માનો અમો તો જ્ઞાતિના નરકંસ તેમને જ માનીએ છીએ. બાકી તમારી સમજમાં ફેર છે કારણ કે તમારી આંખે પીરાણાના ચશ્મા ચડેલા છે તેથી સત્ય શું છે તે તમોને દેખાતું નથી.

વળી કડવા ઓગણાએસીમાં લખ્યું છે કે

પાપી પ્રગટીયા પૃથ્વી માંહે, ભાર ભોમીને થાએ,
અધર્મી ધર્મની નિંદા કરે, તેનું જડમુળથી જાએ.

કહો જોઈએ પૃથ્વી ઉપર પાપી કોણ પ્રગટ્યા છે ! અમો તો જે પોતાના હિન્દુ ધર્મને મુકીને બીજા ધર્મને માને છે તેને જ પાપી કહીએ છીએ. માનીએ છીએ કે જેથી આખા કચ્છ દેશમાં દુકાળ પડી રહ્યા છે એ પણ તમારા જેવા પાપીથી જ કે જેઓ પોતાના જ્ઞાતિના ગરીબ ભાઈઓને ભલે ટાણા માથે ખાવાનું ન હોય તો પણ તેઓના પાસેથી (પીરાણાના લાગા) વસુલ કરીને નીચ માસાંહારીઓને ખાવાના માટે પોતાના દેશના જ્ઞાતિ ભાઈઓને નિર્ધન કરી દેશની લક્ષ્મીને રાક્ષસોને સોંપે છે તેજ પાપી પ્રગટ્યા છો સમજ્યા ને !

૧૧. ઓશાણીનું ઓશડ અથવા ભક્તની ભડવાઈ - વર્ષ 1925ના અરસામાં

આગળ પાના ૧૬ સોળમાં કડવા એકાશીમાં લખો છો કે

ભમરાળા ઈ તો ભટકે ઘણા, ચોરાસીના રાએ,
શેરીએ તગડાએ સ્વાન સમા, નાતમાં હાહડ થાએ.

ભાઈશ્રી ! ખરેખર ભમરાળા હોય તે જ ઘણા ભટકે છે કે જેમ હાલમાં તમો આપણી જ્ઞાતિમાં ભટકી રહ્યા છો અને શ્વાનની માફક ઘરોઘરના ટુકડાઓ ખાઈ રહ્યા છો કહો જોઈએ તમારું ક્યાંય ઠેકાણું છે? જો ઠેકાણું નથી તો તમો પોતે જ ભમરાળા છો કારણ કે તમો જ્યારે ભમરાળા છો ત્યારે જ તમારા માવિત્રનું નામ બોળી ઘરને તાળું મારીને ભટકો છો સમજ્યાને ભાઈ !

વળી કડવા તેયાશીમાં લખ્યું છે કે

નાતના તાર્યા તો તરીએ, નાતના ડંડે ડંડાએ,
નાત વારું તેનું મુખડું કાળું નાતને લાગીએ પાએ.

આ કડવામાં તો તમોએ છેક છેહ છોડીને લખ્યું છે કે નાતનું વારું તેનું મુખડું કાળું ભાઈશ્રી અમો ક્યાં કહીએ છીએ કે નાત બહારવાળાનું મોં ધોળું કહેવાય અરે ભાઈ જરા લાંબી નજર કરીને જુઓ તો તમોને દેખાશે કે આપણી પાટીદારની ચૌદ લાખની વસ્તીમાં તમો પીરાણા પંથીઓ નાતમાં છો? તમોને કોઈ રાખે છે? જ્યાં જાઓ છો ત્યાં હડધુત થાઓ છો તેથી નાતનું વારું તો તમો પીરાણા પંથીઓને જ છે અને મોઢું કાળું તો તમારું જ છે. તે જરા વિચારરૂપી દર્પણમાં તો તપાસી જુઓ !

બીજા કડવા ચોર્યાસીમાં લખ્યું છે કે

નાતથી ટળીયા બારે બળિયા, એ દુથી મેલે દેવતા,
રામ ધણી જેને રૂઠ્યા તેને નહિ પીર પેગામ્બર સહાએ.

તમો કહો છો કે રામ ધણી જેને રૂઠ્યા તેને નહિ પીર પેગામ્બર સહાએ અરે ભાઈ જેને પોતાનો બાપ કાઢી મુકે તેને બીજો કોણ રાખે તે તો કહો? જ્યારે તમો હિન્દુ ધર્મ મુકી વિષ્ણુ ભગવાનને મુસલમાનને ઘરે અવતાર લેવાનું કહો છો તે કોણ સાચું માને અને નાતમાં અરે હિન્દુ કોમમાં કોણ રાખે ભાઈશ્રી આટઆટલું તમોએ લખ્યું તે વખતે તમોને કોઈએ કાંઈ સારી સલાહ પણ આપી કે તમો છેક ભાન ભુલીને ભુક્યા છો કાંક વિચાર તો કરો હવે જીરે ભાઈનો જમાનો નથી કે જેથી લોકો માની લે હવે તો સુધારાનો જમાનો છે તેથી તમારા બંબ હવે નહિ ચાલે. માટે તમો તમારું કાળું મોઢું લઈને ગુંતલીના ગઢની ગુફામાં જાઓ કે જ્યાં તમો આગળ પણ પ્રસાદી આપી આવ્યા છો ત્યાં જઈને તમારા બાકી રહેલા દિવસ પુરા કરો. હવે તમારું કાંઈ ચાલશે નહિ.

આટલું લખ્યું, અમો ભાઈ લાલજીને કહીએ છીએ તમો જરૂરથી તમારા પીરાણાના ખાનામાં બેસીને વાંચશો અને તેનો વિચાર કરશો કે તમારી લખેલ ઓશાણીનો અર્થ કેવો થાય છે. આ તમો તમારા લખેલાનો જ અર્થ કરેલો છે. આનો જવાબ તો હવે અમો પાછળથી તમારી લખેલી “કાફી”નો જવાબ છપાવશું તેની સાથે આપશું હાલમાં તો આટલેથી જ આપને સંતોષીએ છીએ. વધારે તો હવે પછી રાહ જોશો.

ઓશાણીના કર્તા અને પીરાણાના પાખંડોમાં ફસાયેલા ભાઈઓની આંખ આગળ અજવાળું

(પેલી ધોળી ધજાવાળો કોણ, એ રાગ)
જાગો જાગો બંધુઓ આજ, નારાણજીએ જગાડ્યારે,
ધર્મ ભુલી ગયેલાના નેન, તેઓએ ઉઘાડ્યા રે. ટેક
મુકો મુકો પીરાણા પાખંડ, સત્વર બંધુ જાગો રે,
સમજી વેદ સનાતન ધર્મ, પ્રભુ ચરણે લાગો રે... જાગો
રામચંદ્ર આપણા તાત, તેઓને વિસાર્યા રે,
તેને મુકી સૈયદ કીધો બાપ, મુમના અંતે કહાવ્યા રે... જાગો
તેત્રીસ કરોડી આપણા દેવ, તેની કરો સેવા રે,
નીજ ધર્મ મુકી ખાધી થાત, હવે શું? તમને કેવારે... જાગો
બીજો બાપ કરેલો આજ, બંધુ કંઈ વિચારો રે,
તેની લાવી હૃદયમાં લાજ, કરો પંથ ન્યારો રે... જાગો
પીરાણે સૈયદ ઈમામશાહ, નથી કબરે બેઠો રે,
તમારો ભાઈ નોતો કે બાપ, માંથા શીદને ઠોકો રે... જાગો
દાઈ ફીદાઈને નકીબ, તે માંયલો આવ્યો રે,
જાદુ ખેલ કરી પ્રપંચે, પંથને પળાવ્યો રે... જાગો
ગોળી બેડી ઈત્યાદિ પ્રપંચો, તેમાં શું? ફસાયા રે,
જગમાં કપાળે લઈને કલંક, વિદ્વાનો હસાવ્યા રે... જાગો
નીમ ગુના અને વળી છાંટ, કલમા કુડા મુકો રે,
મૂઢપણાનો ત્યાગ કરી, ખીચડીયાથી છુટો રે... જાગો
હિત કરે છે આપણા ભાઈ, સૈયદે નહિ ઈચ્છયું રે,
અંતે પાખંડ કરીને તમારું તન, ધન લુંટ્યું રે... જાગો
એવા દાંભીકોનો સંગ મૂકી, થજો આપ ન્યારા રે,
કીર્તિ પૂર્વેની સંભારીને, ધરો પ્રાચીન ધારા રે... જાગો
નીંદા નામ તેનું છે ભાઈ, સત્યને વિપરીત કહેવું રે,
સૈયદ કાકા પ્રપંચી છે, ગેઢેરાને કહ્યું એવું રે... જાગો
નઈ સરશે તમારું કામ ખાલી ખોવો દામ રે,
સર્વેશ્વર વિભુ છે એક, તેનું રટવું નામ રે... જાગો

*જેટલા આગેવાનો ગરીબોને વગર ગુનાએ કનગડત કરનારાઓ છે તેઓ જ

ખરી વાતનો કરીને વિવેક ધારણ કરો ટેક રે,
તો જ કીર્તિ વધશે વિશેષ સુધારે રાખો નેક રે... જાગો
મુખ્ય ચેરી ઈત્યાદિ રિવાજ, તેને ફરી કરજો રે,
તો જ આર્ય બનીને આપ, જગતમાં ફરશો રે... જાગો
બુદ્ધિશાળી મારા વીર, કરો નહિ ધીર રે,
નીજ કીર્તિ આપણા માટે, હસતાં અર્પો શીર રે... જાગો
કણબી જ્ઞાતિ પર રાખી પ્રેમ, નિંદ્રાથી જગાડો રે,
ધરી વેદ સનાતન ધર્મ, દુંદુંભી વગાડો રે... જાગો
ધર્મ લક્ષણ કેનું નામ, વિચારો મારા વિરા રે,
ધર્મ ન હોયે પ્રપંચનું ધામ, લુંટી દામ લીધા રે... જાગો
સભા ભરી હિતના વિચાર કરે, સુધારકો જ્યાંય રે,
છોડો પાખંડ સર્વે આજ, ખરું કહેતા ત્યાંય રે... જાગો
તારે આપણને સદ્‌ગુરુ, આપે જ્ઞાન મધુરું રે,
ક્ષોત્રિય અને બ્રહ્મનિષ્ટ, તો શરે કાર્ય જરૂરનું રે... જાગો
આપે વેદો તણી સાંખ, અપરોક્ષ આત્મા જોયે રે,
થવાએ સદ્‌ગુરુનું શિષ્ય પૂર્વેનાં પુન્યો હોય રે... જાગો
સામ દામ ગ્રહિ અધિકારી, જીજ્ઞાસુ થૈને જાયે રે,
લઈ પરીક્ષા આપે છે દીક્ષા, સાધન યુક્ત હોયે રે... જાગો
આજે ઠગોને બગ ભકત, તમોને મળ્યા ઘણા રે,
પોતપોતાનું પ્રકાશવામાં, રાખી નહિ મણા રે... જાગો
લાલજી વસ્તા કરો રે વિચાર, ધરો જ્ઞાતિ દાઝ રે,
ખોટો કર્યો પીરાણા બચાવ, આવી નહિ લાજ રે... જાગો
આને વિચારશે જ્યારે વીરા, પડશે તમને જોડા રે,
કહે સુધારક ચેતાવી આજ, ખમો દિવસ થોડા રે... જાગો
એથી બીજા તમોને જવાબ, લખવા ચાલુ થાએ છે રે,
મૂકો પ્રપંચો જોઈને આજ, નકા મોત આવે છે રે... જાગો
તત્ત્વદર્શી વિવેકી વીરો, કરજો આનો ન્યાય રે,
લેખ કવિતા વિચારી આજ, થશો સુધારે સહાય રે... જાગો
સેવક કહે છે પોકારીને આજ, વીરા મારા જાગો રે,
સત્ય ધર્મનો કરીને નાદ, કુટીલોને ત્યાગો રે... જાગો

ૐ શાંતિ શાંતિ શાંતિ

" सत्यान्नास्ति परोधर्मः "

પીરાણા સતપંથની પોલ

સંબંધી

સૈયદ બાવાસાહેબ અહેમદઅલી

ખાકીને જવાબ

- પ્રકાશક -

મીસ્ત્રી નારાયણજી રામજી કોન્ટ્રાક્ટર

(કચ્છ વીરાણીવાળા) હાલ ઘાટકોપર (થાણા)

સુરત બરાનપુરી ભાગળ, ભાજીવાળી પોળમાં આવેલા
શ્રી "અનાવિલ બંધુ" પ્રી. પ્રેસમાં
ગોવિંદજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યું

- મૂલ્ય -

વાંચન, વિચાર અને સત્યનું શોધન

હિન્દુ જાતિ અને હિન્દુ ધર્મની દુર્દશા

(પીરાણા સતપંથ સંબંધી "સનાતન ધર્મ કેસરી" અઠવાડિક પત્રની માર્મિક ચર્ચા)

"परियन्ति मूढा अन्धेनैव नीयमाना यथान्धाः !" - कठोपनिषद

શ્રુતિ ભગવતી કહે છે કે, "હૃદયચક્ષુ વગરના મૂર્ખ લોકો, ભ્રમિત ચિત્તે સંસારમાં એવી જ રીતે ભટકે છે કે જેવી રીતે અન્ધે બતાવેલા રસ્તા પર અંધજનોની હાર-કતાર ચાલી જતી હોય !" – કઠોપનિષદ

"West is west and east is east, And they shall never meat !"
Rudyard Kipling

આજે ભારતનો વિશાળ જનતાસિંધુ વ્યાકુળ બની રહ્યો છે ! રક્ષણ વગરનો, સહાય વગરનો, આધાર વગરનો અથવા કોઈ દિવ્યદેશી શુદ્ધ સ્નેહી માર્ગદર્શક વગરનો એ મહાન જનસમુદાય આજે ઘોર અંધકારમાં જ ગોથાં ખાય છે ! કોઈ તેને હાથ ઝાલીને દોરનાર નથી, કોઈ તેને સીધો માર્ગ બતાવનાર નથી. તેના દુઃખથી દુઃખી થઈ, તેના હૃદય સાથે હૃદય મિલાવી, કોઈ તેને અંતરના ઉમળકાભર્યાં આશ્વાસન આપનાર નથી ! કેમ જાણે ઈશ્વર પણ આજે તેને છેક વિસરી જ ગયો હોય ! નહીં તો આજે હજારો વર્ષો થયાં, કંઈક શતકો વીત્યાં, એ બિચારા હતભાગી હિન્દવાસી અને ધણી વગરના ઢોર જેવી ઘોર સ્થિતિમાં ચોમેરથી ટપલાં ખાતાં અને પરાધીનતાની ઝૂંસરી વેઠતાં વનવનની કાઠી જેવી દુર્દશા શા માટે ભોગવવી પડે? અનેક સદીયો થયાં તેઓ બીજાના દોરવ્યા દોરવાય છે, ગાડરીયા પ્રવાહની પેઠે, બીજાની પાછળ ઘસડાતા જાય છે ! કંઈક સૈકાંઓ થયાં તેઓ સ્વત્વ અને સ્વતંત્ર વિચારશક્તિ ગુમાવીને, પરકીય ધર્મ અને રાજ્ય બંધારણના કૃતદાસ બની રહ્યા છે ! જે કોઈ હસ્તે મ્હોઢે મીઠી મીઠી વાણી બોલીને, મૃગજળ જેવી ખોટી લાલચો બતાવીને, તેમને જે દિશામાં ખેંચી જવા માંગે, તે દિશામાં આસાનીથી તેઓ ખેંચાઈ જાય છે ! અને 'બાબા વાક્ય' પ્રમાણમ્ માનનારા એ ભોળા લોકો તેમની પાછળ પાછળ અથડાતા-કૂટાતા, અનેક આફતો વેઠવા છતાં અંધશ્રદ્ધાથી આંખો મીંચીને મુંગે મ્હોઢે ઘસડાતા જાય છે. મૃગજળ જેવા ઝાંઝવાના નીરને મીઠા પાણીનો ઝરો સમજી ગ્રીષ્મ ઋતુના પ્રચંડ તાપ વચ્ચે આગ જેવા રેતાળ પ્રદેશમાં તૃષા છીપાવવા માટે બળતાં ઝળતાં આંધળીયાં કરીને પ્રાણ ગુમાવનારા અબુદ્ધ હરણોની પેઠે, તેઓ મતલબી લોકોએ ગોઠવેલી જીવલેણ કપટજાળમાં ગુંચવાઈને, ઉંધે રસ્તે ચડી, વગર મોતે માર્યા જાય છે ! અથવા છેલ્લી ઘડીએ પાપીનો ભેદ ફૂટી જતાં, લોહીના આંસુઓ વરસાવતા અને પશ્ચાતાપનો ભોગ બનતા હાથ ઘસીને બેસી રહે છે ! બીજી કોમો કરતાં પણ હિન્દુ જાતિ અને હિન્દુ ધર્મની સ્થિતિ તો હાલ અસહ્ય દુઃખરૂપ થઈ પડી છે.

નિવેદક - વસંત
પ્રકાશક : "સનાતન ધર્મ કેસરી"

પીરાણા "સતપંથ"નાં ભયંકર કારસ્તાન?
તેની હિન્દુભાઈઓને ધર્મભ્રષ્ટ કરનારી ભેદી અને છુપી હિલચાલ !

આજે તો હિન્દુજાતિ પૂર્વના મહા પાપે જગભાભીની સ્થિતિમાં આવી પડી છે. આ જગતમાં અનાથ નધણીયાતી સ્ત્રીની સૌ કોઈ જેમ ફાવે તેમ છેડ કરે છે, એ પ્રમાણે આજકાલ નાટક, સિનેમા, ફારસ, ભવાઈ, વારતા, નવલકથા અને પરધર્મીઓના નાના મોટાં અનેક પુસ્તકોમાં હિન્દુધર્મ અને દેવદેવીઓની પણ લોકો જેમ ફાવે તેમ ફજેતી અને ઠેકડીઓ કરે છે -

તેમાં પણ ધર્મઢોંગી સતપંથને નામે ચાલતા કેટલાક બનાવટી પંથો તો હિન્દુઓના પરમપવિત્ર દેવ-દેવીઓની અનેક વરસોથી ફાવે તેમ નિંદા અને ઠઠ્ઠા કરે છે, એ પાખંડીઓ પોતે અને પોતાના પ્રપંચી પૂર્વજોને શિવ, વિષ્ણુ અને બ્રહ્માના અવતારો બતાવી-મનાવી રહ્યા છે, સઘળા હિન્દુ, પારસી, જૈન, શિખ અને બૌદ્ધોએ પણ પરમપવિત્ર માનેલી એવી ગાય માતાનો વધ કરવો, એ આ જુગમાં મહાન પુણ્યનું કામ છે, એમ પોતાના બુદ્ધ-અવતારમાં પાંડવોને સાક્ષાત્ બુદ્ધ ભગવાને બોધ કરેલો હોવાનું બતાવીને, પાંડવોને હાથે રૌ રૌ નરકમાં ધકેલનારો ગૌવધ કરાવેલો છે.

હિન્દુઓએ માનેલા ઈશ્વરના બધા અવતારોને ખોટા જણાવી, છેલ્લો દસમો અલિનો અવતાર થયો છે, એજ ખરો માનવાલાયક છે અને હાજરાહજુર ઈશ્વર તો એક અમારા ઈમામ જ છે, એવી હડહડતી પ્રપંચજાળ ગોઠવીને અનેક યુક્તિ-પ્રયુક્તિથી તેઓ હિન્દુઓને વટલાવી ધર્મભ્રષ્ટ અને કર્મભ્રષ્ટ કરે છે. અમદાવાદમાં, તેની પાસે પીરાણામાં, સુરતમાં, રાંદેરમાં, સુરત પાસેના માંગરોળ ગામમાં, નવસારીમાં, આણંદમાં વગેરે અનેક ઠેકાણે ગુજરાતમાં, તેમજ કાઠીયાવાડ, કચ્છ, સિંધ, પંજાબ વગેરે હિંદના ઘણા દેશોમાં તેમના ભવ્ય કારખાનાં અને કારસ્તાનો ચાલી રહ્યા છે. અનેક પેટવડીયા અને પગારદાર દાઈઓ તરીકે ફકીરોને દરવેશોને રાખી, મિશનરી તરીકે ભયંકર ષડ્યંત્રો ગોઠવીને, પોતાનો ઠગાઈનો ધંધો તેઓ ગામેગામ ધમધોકાર ચલાવી રહ્યા છે. એ દાઈઓ અજાણ્યા-ભોળા અભણ લોકોનો શિકાર શોધતા જ ફરે છે. ભીલ, કોળી, કાછીયા, કાળીપરજના લોકો, ઢેડ, અત્યંજ વિગેરે હલકી વરણના હજારો લોકો, તેમની એ કુટિલજાળના ભોગ થઈને સહેલાઈથી ફસાઈ રહ્યા છે, કેમકે હિન્દુઓમાંથી તો કોઈ તેમને સીધો રસ્તો બતાવનાર કે ખરો ધર્મોપદેશ કરનાર નથી - અરે ! વખતસર ચેતવણી આપીને આવા પ્રપંચીઓના પાશમાંથી તેમને કોઈ બચાવી લેનાર પણ નથી ! એટલે એ બિચારા ભોળા લોકો તો એ દાઈ અને દલાલોને ફિરસ્તા જેવા જ સમજી લે છે અને જાણે બેહેસ્ત (સ્વર્ગ)નો પરવાનો પણ તેમની મારફતે જ મળવાનો હોય. એમ સાચું-ખોટું, દિવસ-રાત, કંઈ જોયા તપાસ્યા વિના જ મીયાંજીના કહેવાથી ચાંદે ચાંદ માની લે છે ! એ દાઈઓ અને દરવેશો તેમને ચેલા મુંડે છે, દશોંદને નામે તેમની પાસેથી પૈસા ઓકાવે છે, નૂર અને અમીના ભ્રષ્ટ ગોળીઓ ખવરાવી તેમની દેહ વટલાવે છે અને દશંતરી ગાવંતરી કે દુવાને નામે કલમા અને ફરમાનજી પઢાવી, તેમની દેખતી આંખોમાં ધૂળ છાંટીને તેમને જગજાહેર મામદા હિન્દુ બનાવે છે !

સદરહુ સૈયદ બાવામીયાં અહમદઅલી ખાકી, તેમજ પીરાણા સતપંથી બીજા પણ સૈયદો અને લખમણકાકા વગેરે બધાએ પાખંડી પંથના આગેવાનોને પણ અમે અહીં જાહેર ચેલેન્જ કરીએ છીએ કે, જો તમારો "સતપંથ" એ કોઈપણ જાણીતા હિન્દુ-મુસલમાન-બૌદ્ધ-ખ્રિસ્તી વિગેરે જાહેર ધર્મની શાખા હોય, તો તમે મેદાનમાં બહાર આવીને તે સાબિત કરો, નહીં તો અમે તમારી અને તમારા ઢોંગી સતપંથની જાળમાં ફસાયેલા હજારો ભોળા હિન્દુઓને ચેતાવવાની અમારી ખાસ ફરજ સમજીએ છીએ કે, તમારો સતપંથ, નથી હિન્દુ અને નથી કોઈ મુસલમાન ધર્મની શાખા ! પણ એ તો ભોળા લોકોને ધૂતી અને લૂંટી ખાવાને માટે એક **કલ્પિત ઉભું કરેલું તૂત અને મતલબી બજરબટ્ટુ લોકોએ ચલાવેલું બનાવટી ધતીંગ જ છે** અને તે આજના ન્યાયી સરકારી રાજ્યમાં તેમજ વિદ્યા અને વિજ્ઞાનથી પ્રકાશિત સુધરેલા જમાનામાં કદિપણ ચાલવાનું નથી. તમારા "સતપંથ"ના છુપા જ્ઞાનો અને શાસ્ત્રો જોતાં, તેમાના હડહડતાં જુઠાણા તેમજ પાપકર્મોના પોલ તરત ઉઘાડી પડી જાય છે અને તેનું તારણ કરીને અને આ નીચેના છ મુદ્દાઓ તમારી આંખો સામે અમે ટાંકી બતાવીએ છીએ. તે બધા તમારા પોતાના આચાર, વિચાર, વ્યવહાર અને શાસ્ત્રો તેમજ જ્ઞાનોના જોયેલા, જાણેલા અને ખાત્રીપૂર્વક ટાંકેલા ખરા મુદ્દાઓ છે - તેમાંનો કોઈ ખોટો હોય, તો પ્રકાશમાં આવી, સિદ્ધ કરી તમારી બહાદુરી બતાવો.

અનેક શાસ્ત્રીય, ઐતિહાસિક, સતપંથી અને પ્રત્યક્ષ પ્રમાણોથી એ સ્પષ્ટ સિદ્ધ થાય છે કે :-

(૧) પીરાણા સતપંથ એ કોઈ હિન્દુધર્મની શાખા નથી. તેમજ કોઈ ઈસ્લામી ધર્મની શાખા પણ નથી. એ પંથનો મૂળ સ્થાપક ઈમામશાહ સીયા ઈસ્માઈલી, નિજારી શાખાના ઈરાની ઈમામનો એક પગારદાર દાઈ એટલે મિશનરી હતો, પણ તેણે પોતાના સ્વાર્થ અને લોભની ખાતર એ વખતના ચાલુ સતપંથમાં કેટલાક મનમાન્યતા કપોળ કલ્પિત ફેરફારો કરીને પોતાનો નવો બિન આધાર ખીચડીયા નવો પંથ સ્થાપ્યો છે.

(૨) ઈસલામી ધર્મ, અવતારવાદને, દેવદેવીઓને અથવા ઘટ-પાટ જોત જેવી કોઈ પણ ક્રિયાને માનતો નથી અને તે માનનારને તેઓ કાફીર, નાસ્તિક અને ઈસ્લામના વિરોધી ગણે છે. એટલે એ નિયમાનુસાર "સતપંથ" કોઈ ઈસ્લામી ધર્મ નથી.

(૩) સતપંથમાં ચાલતાં જ્ઞાનો અને ધર્મ-પુસ્તકોમાં જે હકીકતો અને લખાણો આપેલાં છે, તેમનો હિન્દુ ધર્મ, કે શાસ્ત્રો સાથે કંઈ પણ સંબંધ નથી અને એ બધાં લખાણો પરસ્પર વિરોધી વિચારોથી અને બનાવટી હકીકતોથી ભરેલાં છે. એટલે તેમને હિન્દુ ધર્મ સાથે કંઈ પણ લાગતું વળગતું નથી.

(૪) સતપંથના હસ્તલિખિત પુસ્તકોમાં ભોળા-અજ્ઞાન લોકોને આંજી નાખી, લલચાવી, પોતાના નકટા પંથમાં ખેંચવા માટે જે જે ચમત્કારો અને અદ્‌ભુત પરચાઓ આપેલા છે, તે બધા અસંભવિત ગપ્પગોળા અને જૂઠા, કલ્પિત જોડી કાઢેલા ટુચકાઓ છે. કોઈ દેશ કે કોમના કોઈ પણ ઈતિહાસમાં તેમની સત્યતાનો કંઈ પણ પુરાવો મળતો નથી. તેમજ મૂર્ખ માણસો પણ ન માને, એવી હસવા લાયક ગપ્પાનો તે એક તરકટી ખજાનો જ છે.

(૫) એ 'સતપંથ' ચલાવનાર ઈમામશાહના વંશના સૈયદો પોતે જ કોઈ સતપંથના જ્ઞાનો કે ગ્રંથોને માનતા નથી. તેમજ હિન્દુ દેવના અવતારોને પણ માનતા નથી. તેઓ તો કુરાનને માને છે અને સતપંથમાં મનાઈ કરેલી કાંદા, તમાકુ, માસાદિ ચીજોનો સરેબાજાર ઉપયોગ કરે છે.

(૬) સતપંથ પ્રવર્તકો પોતે જ પ્રપંચી અને જુઠા છે, તેમજ તેમના હસ્તલિખિત પુસ્તકો, પુરાણો, જ્ઞાનો અને લખાણો પણ બધાં જુઠાં છે, એટલા માટે જ તેઓ પોતાના સેવકોને વારંવાર તાકીદ કરે છે કે, આ પંથની હકીકત કોઈને કહેવી નહી અને ધર્મક્રિયાઓ તેમજ ભક્તિ કોઈ ન જાણે એવી છૂપી રીતે જ કરવી. વળી પરધર્મીઓને પોતાના ખાનામાં આવવા પણ ન દેવા તેમજ ધર્મના પુસ્તકો વિગેરે તેમને કદિપણ બતાવવા નહી ! તેમના જ્ઞાનમાં અનેક ઠેકાણે એ બાબતની ખાસ ભલામણ કરવામાં આવે છે.

દૃષ્ટાંત તરીકે :-

"સતપંથનો પડદો જે કોઈ ખોલે, તેનો જીવડો દોજખે જાશે જીરે !"

એટલે એક વખત તેમની કપટ જાળમાં ફસાયેલો, કોઈ ઠેકાણે એ પંથનો ભેદ ખોલી શકતો નથી.
જે ધર્મ ન્યાય અને નીતિના ધોરણસર બંધાયો હોય, તેને કદિપણ ગુપ્ત રીતે પડદા પાછળ માનવા કે ફેલાવવામાં આવતો નથી. પણ ચાર્વાક કે વામમાર્ગ જેવો દુરાચાર ફેલાવનારો હોય, અને પ્રપંચના પાટીયાં ગોઠવીને બનાવટી ઉભો કરેલો હોય, તેમને જ ચોરની પેઠે રાત્રિના અંધારામાં પાળવા તેમજ ફેલાવવામાં આવે છે. જો સતપંથીઓમાં સત્યતા કે બહાદુરી હોત, તો તેઓએ આજ સુધી પ્રકાશમાં આવીને પોતાના પંથની સત્યતા ન બતાવી હોત?

(૭) સતપંથની નેમ, ફક્ત એક પોતાના ઈમામની જ ખોટી બડાઈ ગાઈને, હિન્દુ, મુસલમાન, બૌદ્ધ, જૈન વિગેરે દુનિયાના બીજા તમામ ધર્મોની હાંસી અને નિંદા કરવાની છે, તેમજ જગતના બીજા બધા મત-સંપ્રદાયો જૂઠા અને નરકે લઈ જનારા છે. સ્વર્ગનો ઈજારો તો એક અમારા સતપંથે જ રાખેલો છે, એવું ઠસાવી સેવકોને ચોખી રીતે ધૂતી તેમજ લૂંટી ખાવાની જ તેમની બુરી નિષ્ઠા છે. આ છ મુદ્દા તેમના પોતાના પ્રમાણસર આપેલા છે.
પ્રમાણો : જુઓ તેમના ગીનાનમાંથી જ થોડા નમુના અહીં તપાસી જોઈએ.

"હિન્દુ અંધા ઔર મુસલમાન કાણા, દોનો કી બિચમેં સતપંથ સમાણા."

હિન્દુઓ આંધળા છે અને મુસલમાનો કાણા છે એટલે ચોખું છે કે સતપંથ નથી હિન્દુ અને નથી મુસલમાન, એ તો તેમની પોતાની વાણી અને કબુલાત ઉપરથી જ સિદ્ધ થઈ જાય છે -

હવે બધા ધર્મોની તેઓ કેવી નીચ નિંદા કરે છે, તે જુઓ :-
"સતપંથી જ્ઞાનમાં ગાય છે" :-

"રોવે રોવે હિન્દુડા, રોવે મુલ્લાં કાજીડા, રોવે બ્રાહ્મણ જોશીડા, વાંચન પોથાં પુરાણા,
રોવે જંદા જોગીડા, જીકો મરણ મસાણા, રોવે રોવે સંસારી, તે સઘળા રોવે,
એક ન રોવે જેને શાહ પીર પાયા !"

બીજા બધા ધર્મપંથવાળા રૂવે અને એક સતપંથી ભેસ્ત (!)માં ખાજાં ને ખાંડ ખાય, એ ઈજારો ક્યા ખુદાએ તેમને ક્યે દહાડે આપ્યો છે?

બીજે સ્થળે હિન્દુઓના મુખ્ય ત્રણ દેવ, **બ્રહ્મા, વિષ્ણુ, મહેશ**ની તેમજ મુસલમાનોના બાવા આદમ, નબી મહમદ અને અલી ઈમામને અલાહના અને દેવોના અવતારો મનાવી પાક કુરાને શરીફનું પણ હડહડતું અપમાન કરેલું છે. એ બાબતનાં **'ગીનાન'** માં સતપંથીઓ ગાય છે –

"જીરે ભાઈ ! આજ કળયુગમાં ઈશ્વર આદમ નામ ભણાયા,
ગુરૂ બ્રહ્મા તે નબી મહમ્મદ કહાવ્યા ! હોજી રે ભાઈ !
જીરે ભાઈ ! પુરૂષોત્તમ વિષ્ણુજી, અલીરૂપે નામ ભણાયા !
તેણે નામે રખીસરે ધ્યાયાં, હોજી રે ભાઈ !"

આમાં અલીને સાક્ષાત ઈશ્વર-વિષ્ણુનો અવતાર અને હજરત મહમ્મદને તો ફક્ત બ્રહ્માનો અવતાર ઠોકી બેસાડી, એક તરફ હિન્દુઓને અને બીજી તરફથી મુસલમાનોને ઠગ્યા અને બનાવ્યા છે માત્ર એટલેથી જ પુરું થતું નથી. તેમના શાસ્ત્રમાં તો એવી હડહડતી નિંદા કરવામાં આવી છે કે તે વાંચી સાંભળીને કોઈ સાચો હિન્દુ, જૈન કે મુસલમાન પણ તે સહન કરી શકશે નહીં જ. જુઓ થોડા નમુના સતપંથીઓના નવમા બુદ્ધા અવતારમાં ઈમામશાહ લખે છે કે –

"બ્રાહ્મણમાંથી બ્રહ્મા ગયા, તે ગુરૂ બ્રહ્માજીનું રૂપ તે નબી મહમ્મદ થયા."
અડસઠ તીરથની જાત્રાએ જાએ અને નીત નીત ગંગામાં નાએ,
આજ પથ્થર મૂર્તિની પૂજા કરે, તે ચંડાળ પાક શીરી તે થાએ ?

સઘળા મૂર્તિપૂજકોને આમ ચંડાળ કહીને ગાળો દેવી, એ લખનારની પોતાની જ નીચતા જણાવે છે. ખાળકુંડીમાં તો મેલાંની જ વાસ આવે, ત્યાં બીજું શું હોય? વળી એ પાપી પુસ્તકમાં ભગવાન બુદ્ધદેવ, પાંડવો અને ધર્મરાજાને કહે છે કે :-

"પાપ ઉતારવું હોય તો ઈમાન રાખો અને ગાયને વરોધો, તો જ તમે વૈકુંઠમાં જાશો."

"ત્યારે પાંચે પાંડવે સ્વામી બુદ્ધનું કહેવું કબુલ કર્યું અને ગાયને કાપ્યાનો વિચાર નક્કી કર્યો. એટલે પાંડવો કામધેનું ગાયને લાવ્યા અને પાંચે મળીને ગૌવધ કીધો ! ગાયનું માથું રાજા ધર્મે લીધું અને ચાર પગને ચારે ભાઈઓએ માથે ઉપાડ્યા. ગાયનું ચામડું સતી દ્રૌપદીએ ઓઢ્યું ! એટલે બુદ્ધે કહ્યું કે, તમે હસ્તિનાપુરની બજારમાં નીકળો – ગાયનું લોહી વહે જાય છે અને પાંડવો મુખે બુદ્ધનું નામ જપે જાય છે."

એથી પાંડવોના મુગટ સોનાના થયા ! એથી લોકોને અચંબો થયો. એથી પહેલાં બ્રાહ્મણો ગાય કાપી હતી ત્યાં ગયા અને ગાયની જે આંતરડી પડી હતી તે ઉપાડી લાવ્યા અને તેની જનોઈ કરીને ગળામાં ઘાલી તેથી ભાઈઓ ! આજ કલીયુગમાં બ્રાહ્મણની જનોઈ તે ગાયની આંતરડી છે, એમ જાણો. બાકી બ્રાહ્મણની વેળા તો વઈ ગઈ" કેવા નીચ અને હડહડતા પાખંડી અને બનાવટી અધર્મના એ લખનારા હોવા જોઈએ? અફસોસ છે કે, હિન્દુ, જૈન, પારસી વગેરે કોઈપણ ધાર્મિક લાગણીવાળો સમર્થ પુરૂષ, આવા ઘોર અધર્મનો આજ સુધી જવાબ લેનારો જાગ્યો નથી અને આજ સુધી એ લોકો આવો ભયંકર પાપાચાર જગજાહેર ચલાવી રહ્યા છે ! માત્ર એટલું જ નહીં પણ

હજારો હિન્દુઓ પણ છુપી રીતે આ મહા નારકી પંથમાં ભળીને સેવકો તરીકે તેને માને છે. આ પ્રમાણે હિન્દુ ધર્મનો ભયંકર દ્રોહ કર્યા પછી પોતાનો ખોટો મહિમા વધારવા માટે **ઈમામશાહ** લખે છે કે -

"બુદ્ધ ભગવાને કહ્યું કે કળયુગમાં હું ગુપ્ત વેશે રહીશ." પાંડવોએ પૂછ્યું :- "તમારા ગુપ્ત આવાસનું ઠેકાણું કહો." બુદ્ધે કહ્યું કે પશ્ચિમ દિશામાં આરબ દેશ, ત્યાં હું દસમો મનુષ્ય અવતાર લઈશ અને ભરતખંડમાં ઈમામપુરી કેતાં પીરાણામાં ગુરૂ બ્રહ્મારૂપે ગુપ્ત રહીશ. વળી તેના જ ટેકામાં ઈમામશાહ "મુમના ચેતવણી" નામની પોતાની કવિતાની પોથીમાં લખે છે કે :-

એજી અલિતે અલ્લાહ કરી માનશે, તેનો પીર તે નબી મહમ્મદ અવતાર,
જે નબીજીની આલમાંહી ઉતરશે, તે પીર મુસલ્લે સાર, ચેતો.
એજી આલ નબીજીની સહી કરી માનશે, અલી મહમ્મદના આલ ઉપર ધરી પ્યાર,
એજી તેના ઈમાન અમે રાખશું, જ્યારે વરતશે કલજુગ કલી કાળ. ચેતો.
તેને પોતાના કરી રાખશું, આગળ મહા દિનમાંહી ઉતારશું પાર
અલી તે માનજો અલાહ કરી, તે મુખ ખરી દશોંદ દેજો સાર. ચેતો.
આલીયો અમારો આલજો, પીર મુરીદનો એ છે વહેવાર,
અમારે ફરમાને તમે ચાલજો, તો તમારા વધશે પુત્રને પરિવાર. ચેતો.
આ સતપંથ મળીને બાહેર જાશે, ને કરશે જૂઠી નિંદાને ચડાવશે આળ.
અને દશોંદ દેતાં ઓછું આણશે, તેના જીવ તે થર નહીં રહેશે લગાર. ચેતો.
આ સતપંથ ગુપત આરાધવો, તે પંથનો પડદો ફાસ ન કરવો લગાર. ચેતો.

આમાં ઠગાઈ અને બદમાશીની હદ જ કરી છે ને? પોતે સાક્ષાત્ ઈશ્વરનો અવતાર બની બેઠા અને પોતાની આલ-ઓલાદને માટે પણ ત્રાંબાને પતરેં દશોંદનો હક્ક નક્કી કરતા ગયા ! પુત્ર પરિવાર વધારવાનો, સ્વર્ગમાં દાખલ કરવાનો, પ્રલય વખતે ઉદ્ધાર કરવાનો તો એ ઠગ સાંઈમૌલાઓએ ઈજારો જ રાખ્યો છે ! એટલે તેમના વંશ વારસોને પણ પસીનાની ખરી કમાઈનું માખણ સદાય ચટાડ્યા કરો ! તો સોનાના સ્વર્ગની ચાવી તમને જ મળશે, વળી જો દશોંદ ન ચુકાવી તો પાયમાલી ! ખબરદાર ! જો એ પંથનો પડદો ખોલ્યો, ક્યાંય વાત કરી અથવા નિંદા ચુગલીથી આળ ચડાવી, તો તમારા બાર જ વાગી જશે ! મીયાંજી ! જો બિલાડીને કહ્યે જ છીકાં તૂટી જતાં હોય, તો પછી તપસ્વીનો કોણ ભાવ જ પૂછે? આવાં તે કેટલાં પાખંડ લખી બતાવવાં અને તેમની કુટિલતાના કેટલા ગીત ગાવા? તેનો કંઈ પાર આવે એમ જ નથી. એકાએક લખાણ, પરચો અને ચમત્કાર આવી જ લુચ્ચાઈ, જુઠ્ઠાઈ અને હરામખોરીથી ભરેલો છે. એમના ધ્યાનો, જ્ઞાનો, પૂજાપાઠના છુમંત્રો અને ફરમાનજી-કલમા તેમજ દુવામાં સઘળે ઠેકાણે તેમની ઠગાઈ ઉઘાડી પડી જાય છે અને હિન્દુઓને વટલાવી, મુસલમાનોને વગોવી, બંનેને પરસ્પર અથડાવી, પોતાની પાપી પીપુડી બજાવી ખાવાનો તેમનો હેતુ સ્પષ્ટ દેખાઈ આવે છે. એ બાબતનો સવિસ્તર ઈતિહાસ શ્રી નારાયણજી રામજીભાઈનો છપાય છે, તે વાંચવાની ખાસ ભલામણ સાથે -

વિનીત સેવક, વસંત

હિન્દુઓને વટલાવનારા પીરાણા-સતપંથીઓની નવી પ્રપંચી ઈન્દ્રજાળનો ભેદભરમ

વ્હાલા કડવા પાટીદાર બંધુઓ તથા સ્વધર્મપ્રેમી સર્વ હિન્દુભાઈઓની સેવામાં -
સવિનય નિવેદન કે આજથી આશરે બેએક માસ અગાઉ પીરાણા સતપંથીઓના અવનવા ઢોંગ અને પ્રપંચો ઉઘાડા પાડનારું એક હેન્ડબીલ વહેંચવામાં આવ્યું હતું અને એ કળિયુગી ખીચડીયા પંથના આગેવાનો ભોળી અને અજ્ઞાન હિન્દુજાતિઓને કેવી રીતે કુટિલ કળાઓથી લલચાવી વટલાવીને ધર્મભ્રષ્ટ કરે છે તથા ધર્મની સાથે ધનનું પણ હરણ કરે છે, એ તો અમારી પાટીદાર પરિષદની તેમજ યુવક મંડળની જાહેર ચળવળથી ગુજરાતી પ્રજાને સારી રીતે વિદિત થઈ જ ચૂક્યું છે. પણ આજકાલ જ્યારથી શુદ્ધિ અને હિન્દુ મહાસભાની પ્રવૃત્તિઓ વિશેષ પ્રકાશમાં આવી છે, ત્યારથી એ કબ્રસ્તાની પંથવાળાઓને બેવડું ઝનૂન ચડ્યું છે અને તેઓ પોતાના કાવાદાવા તેમજ છલપ્રપંચોમાં વધારે બહાદુરી બતાવવા લાગ્યા છે. છતાં પણ તેમના એ બધા પાખંડો અને પોગળ ઉઘાડા પાડવાના મારા અનેક લેખો, ભાષણો અથવા જાહેર વિરોધોમાંથી એકેનો જવાબ દેવાની કોઈ પણ પીરાણાપંથીમાં આજસુધી તાકાત નહોતી. આજે સત્તર સતર વરસથી હું તેમની પાછળ પડ્યો છું અને આડકતરી રીતે તેઓ પણ મારી પાછળ પડ્યા છે. મને નુકશાન પહોંચાડવાની અનેક જાતની ધમકીઓ તેમજ લાલચો પણ અપાઈ ચૂકી છે - પણ હું મારા પાટીદાર ભાઈઓને સેંકડોની સંખ્યામાં તેમની સત્યનાશી પ્રપંચજાળમાંથી છોડાવીને શુદ્ધ હિન્દુધર્મમાં લાવું છું, ત્યારે અજ્ઞાનના અંધારાથી ઘેરાયેલા અમારા કચ્છ દેશના ગેઢેરા આગેવાનોની મારફતે તેઓ એ જ ભાઈઓ ઉપર દબાણ અને જુલમ ચલાવી, તેમને પાછી પોતાના (અ) સતપંથની ફાંસા દોરી ઘાલવાના પ્રાણતોડ પ્રયાસો કરી રહ્યા છે ! મુખીઓ અને આગેવાનોને મફતનો માલ ખાવાનો મળે છે, એટલે તેમના તો લોભે લક્ષણ જાય, એમાં નવાઈ નથી, પરંતુ ઈશ્વર હંમેશા સત્યના પક્ષમાં જ હોય છે, એથી તેમના સામટા પ્રયાસોથી પણ અમારા પવિત્ર કાર્યને આજ સુધી તો ઈશ્વર કૃપાએ કંઈ પણ હાનિ કે ધક્કો પહોંચ્યો નથી અને જાહેરમાં તેઓ પોતાનો કશો બચાવ કરવા પણ આજ સુધી બહાર પડી શક્યા નથી ! પરંતુ હાલમાં આશરે એકાદ મહિના અગાઉ એક સૈયદ બાવા સાહેબ અહમદઅલી ખાકી નામનો સતપંથી સૈયદ, જેને રજક, રોટલો અને ઓટલો પણ એ પીરાણા સતપંથીને પ્રતાપે જ મળે છે, તેમણે એક હેન્ડબીલ બહાર પાડીને મને અણઘટતા શબ્દોથી ગાળો ભાંડવાની જ બહાદુરી બતાવી છે. તેઓ પોતાના એ હેન્ડબીલમાં મારા એક પણ આક્ષેપનો સીધો ઉત્તર આપવાની તો તાકાત જ નથી ધરાવતા, પણ તેમના એક પુસ્તકમાંથી મેં જે ઉતારાઓ ટાંકેલા હતા, તે એમનો પોતાનો નથી - એવું હડહડતું જૂઠું લખી છપાવવાની તેઓ હાલ વીરતા બતાવી રહ્યા છે ! અને એમના એ જૂઠાણાનો જો રદીયો આપવામાં નહીં આવે, તો વખતે ભોળા લોકોને ઉંધુંચત્તું સમજાવી, તેમને વટલાવવાના પોતાના પાપકાર્યમાં તેઓ વધારે ફાવી જાય, એ માટે તેમના પ્રપંચોનો પડદો ઉઘાડો પાડવાના ખાસ હેતુથી તેમજ ભોળા હિન્દુભાઈઓને તેમની બાજીની ખાસ ચેતવણી આપવા માટે, આ મારું ખુલાસાપત્ર આપની સેવામાં હાજર કરું છું, તેને લક્ષમાં ઉતારી, સ્વધર્મની રક્ષા માટે યોગ્ય ઉપાયો લઈ, મને તેમજ હિન્દુપ્રજાને આભારી કરશોજી.

લી. આપ સર્વનો વિનીત સેવક,

પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રેક્ટર, કચ્છ વિરાણીવાળા - હાલ-ઘાટકોપર-મુંબઈ

એક સતપંથી શઠ સૈયદની શબ્દજાળ !

ખાય તેનું ખોદે અને પૂજે તેમને ખૂંદે, એવા એક ગુણચોર કળજુગી પીરાણા સતપંથી સાંઈમૌલા (?)ની હિંમત ભરેલી હરામખોરી !

સૈયદ બાવાસાહેબ અહમદઅલી ખાકીનો ખાલી ખખડાટ !

--- અને ---

જુઠાણાંથી સત્યને ધોઈ નાખવાના તેમના ફોકટ ફાંફા !

ગંદી ગંધાતી ગટર જેવા પેલા ગંગવા કૂવામાંથી આજે સતર વરસે દેડકાંની પેઠે ડોકું બહાર કાઢીને, એક ખેરીયાતનો ખીચડો ખાનારા ધર્મઢોંગી સૈયદ, પોતાને હાથે જ પોતાના લેખને ગરદન મારવાને કેવી બહાદુરીથી બહાર પડ્યા છે, તેનો એક રસીક ઈતિહાસ ! તથા -

એમનાં હડહડતાં જુઠાણાંને એક જાહેર ચેલેન્જ !

આશરે બેએક મહિના અગાઉ અમોએ ખાસ હેન્ડબીલો છપાવીને પીરાણાની પોલો ખોલીને, તેની નકલો એક સાપ્તાહિક પત્રમાં અને છૂટક વહેંચાવી હતી અને ગંગાજી પ્રગટવાની જાળ બાબતની અમારા ભોળા અને અંધશ્રદ્ધાળુ કડવા પાટીદારોને સમયસરની અમે ખાસ ચેતવણી આપી હતી કે, “પીરાણામાં ગંગાજી ફાટી નીકળ્યાં છે !” એવો એક ગપ્પગોળો ચલાવીને કેટલાક સ્વાર્થ સાધુ, મફત માલકુટ્ટુ પીરાણા સતપંથી સૈયદો અને કાકાએ સાથે મળીને આપણી જ્ઞાતિના તેમજ બીજા હિન્દુ જાતિના આપણા હજારો **ભાઈઓ**ને ધૂતી ખાવાની એક નવી જાળ બિછાવી છે, માટે એ પ્રપંચી ઈન્દ્રજાળથી સાવચેત રહેજો ! એજ હેન્ડબીલમાં પીરાણા સંસ્થાનના એક સૈયદ બાવાસાહેબ અહમદઅલી ખાકીએ પોતાની છપાવેલી ‘બુદ્ધાવતાર’ નામની ચોપડીમાંથી **તેના પોતાના** શબ્દોના ઉતારામાં જ ધર્મઢોંગી અને મતલબી લક્ષ્મણકાકા તથા સૈયદોને લક્ષીને તેણે જે સખ્ત ટીકા કરી હતી, તે અમે ટાંકી બતાવી હતી. પણ એ લખાણની જાણ થતાં જ કાકા તથા કેટલાક સૈયદોએ સદરહુ સૈયદ બાવા સાહેબ ખાકીને સારી રીતે ધમકી, પુષ્પાંજલિ વગેરેનો પ્રસાદ ચખાડ્યો, તેમજ એ સૈયદ અને તેના માતાજીની ખોરાકીનો જન્મસિદ્ધ હક્ક ડુબાવવાની પણ શિક્ષા કરવામાં આવી, એથી મીયાંજીએ ફેરવી બાંધી ! પોતાની ચોપડીના કેટલાક લખાણો કેન્સલ કરવાની પણ કબુલાત આપીને, થૂકેલું ચાટવાની અને બોલેલું પાછું ગળી જવાની તેણે હાલમાં મહાન બહાદુરી બતાવી છે!

સૈયદ બાવા સાહેબને બે હિતવચનો

સૈયદ બાવા મિયાંજી ! હવે તો બહુ થયું ! ઘણાં સૈકાઓ સુધી તમે અને તમારા બાપદાદાઓએ પારકાં ધન અને ધર્મનું હરણ કરીને તથા પાપે પેટ ભરીને, પોતાના અમૂલ્ય મનુષ્ય જીવનને કપટબાજીથી સફળ કરી લીધું છે, પણ હવે તો દુનિયા જાગતી જાય છે ! દેખતી આંખે, દીવો હાથમાં લઈને કુવે પડનારાની સંખ્યા હવે તો દિવસ ઉગતાં ઓછી જ થતી જાય છે ! હવે તો કોઈક જ હૈયાકુટો તમારી ફુંકી ફુંકીને કાતરી ખાનારી પોલીસી અને જૂઠી બાજીની સાણસાજાળમાં સપડાઈને જાતે જ પોતાને ગળે ફાંસો ઘાલવાને તૈયાર થશે, કેમકે દિવસ ઉગતાં તમારા એ અર્ધદગ્ધ મામદાહિન્દુ ખીચડીયા પંથમાંથી લાલચના અને લોભના ભોગે શિકાર બનેલા સેંકડો ભોળા હિન્દુ લોકો પાછા છૂટા પડીને પુનઃ પવિત્ર વેદધર્મનો અંગીકાર કરતા જાય છે અને તેમને લલચાવી-સમજાવી પોતાની જાળમાં જાળવી રાખવાના તમારા બધા પ્રયાસો હવે પાણીમાં જ જાય છે ! ઉપરાંત તમારા પંથના પોગળ માટે વખતો વખત અમે પણ જાહેરમાં ચેલેન્જો કરી, તેનો જવાબ સરખો આપવાનું, તમારા સેંકડો સૈયદો, કાકાઓ કે હજારો સેવક સેવડાંઓમાંથી તો કોઈપણ આજ સુધી પાણી બતાવી શક્યો જ નથી, એજ સ્પષ્ટ બતાવી આપે છે કે, અમોએ જણાવેલા બધા આક્ષેપો અક્ષરશઃ ખરા છે અને તેનો કંઈ ખોટો કે સાચો ખુલાસો કરવાની પણ પીરાણા સતપંથીઓમાંથી કોઈની તાકાત નથી, કહો ત્યારે મહાન ધૂર્તબાજ કોણ? સામાન્યજનોને ઠગવાના કાળા કાવત્રા કોણ કરે છે? અમે કે તમે? તમને તો એ ધૂર્તબાજી અને ઠગાઈના કાવત્રાં કર્યા વગર પેટ ભરવાનો બીજો રસ્તો જ નથી અને અમે તો તમારા એ પાખંડ, ઠગાઈ, પાપ, કાવત્રાં અને પોલોને ઉઘાડા પાડીને, ધોળે દહાડે લૂંટ ચલાવનારા ધર્મ લૂંટારાઓના હાથમાંથી અમારા ભોળા હિન્દુ ભાઈઓને બચાવવા માટે અમારી પસીનાની ખરી કમાઈનો તન, મન, ધનનો હજારોની રકમોનો અને અમૂલ્ય વખત તથા બુદ્ધિશક્તિનો પણ ભોગ આપીને જ્ઞાતિ સેવા અને ધર્મ સેવા આજે વરસોથી કરી રહ્યા છીએ અને તમારા પાખંડ તથા તમારો પાપમાર્ગ અમારી જાતિમાંથી છેક નાબુદ ન થાય, ત્યાં સુધી શહીદ (ધર્મ માટે ઝૂઝનારા) તરીકે અમારી જિંદગીનો ભોગ આપવાની ભીષ્મ પ્રતિજ્ઞા પણ કરી બેઠા છીએ, એ સત્ય તમોને જગ જાહેર જણાવી તેમજ છપાવી-ચર્ચા-સભાઓમાં તેના પોકારો ઉઠાવીને વરસો થયા અમે જગતને પણ બતાવી રહ્યા છીએ, છતાં જો તમારામાં એક છાંટો પણ સચ્ચાઈનો હોય, તો હજી બહાર કેમ નથી આવતા? ઘુવડની પેઠે પીરાણાના ખુણામાં જ ચુડીઓ પેરીને રડતી સુરતે બેસી શા માટે રહ્યા છો? અમે તો હજારોના ઈનામો છપાવ્યાં, છતાંય કોઈ ખુશામતી ટટ્ટુને પણ ખોટો કે ખરો જવાબ દેવાનેય તમે કેમ તૈયાર નથી કરી શક્યા? જો સચ્ચાઈ હોય, તો બહાર પડાયને? હવે કોણ જૂઠું બોલે છે અને લખે છે, તેમજ અનેક જાતના પાપ, પ્રપંચ તેમજ કાવત્રાં કોણ ચલાવે છે, તેની જગત્ સમક્ષ આપણે પરસ્પરના સમાધાન ખાતર ખાત્રી કરીએ.

(પીરાણામાં ગંગાજી પ્રગટ થવાની એક નવી જાળ પાથરવા બાબત હકીકતની પહેલવહેલી જ્યારે અમને જાણ થઈ, ત્યારે અમારા તરફથી લોકોને સાવચેત કરવા માટે છપાવીને મફત વહેંચવામાં આવેલી જાહેર ખબરની નકલ)

પ્રપંચીઓના પાપ !
અને
“કલિ મહારાજની પોપલીલા !”

પીરાણામાં ગંગાજી પ્રગટ થવાનું હાલ ઉભું થયેલું એક નવું ધતીંગ !

“સતપંથ”ના નામે ઓળખાતા ‘ન હિન્દુ ન મુસલમાન’ એવા એ અર્ધદગ્ધ કબ્રસ્તાની કુટિલ પંથની આજકાલ પડતી થતી જોઈને, તેના મુજાવર લક્ષ્મણ કાકાએ પાથરેલી એક નવી - ન મનાય તેવી પ્રપંચ જાળ !

કચ્છના કડવા પાટીદાર તેમજ અન્ય હિન્દુભાઈઓને ખાસ ચેતવણી !

આ સંસ્કૃતિ, વિજ્ઞાન અને સુધારાના જમાનામાં જગતની સઘળી પ્રજાઓ જ્યારે મક્કમ પગલે પોતાની પ્રગતિ કરી રહી છે, મહાન હિન્દુ સમાજની અનેક જ્ઞાતિઓ પણ જ્યારે સ્વદેશ અને સ્વધર્મના સેવાવ્રત સ્વીકારીને પોતાની ઉન્નતિના પ્રબલ પ્રયાસો આદરી રહી છે, ત્યારે આવા પ્રકાશિત જમાનામાં પણ પોતાના પાપી પેટને ખાતર કેટલાક પ્રપંચી લોકો હજુ સુધી પોતાના પાપમાર્ગને છોડતા નથી અને ભોળા હિન્દુઓને ઠગવાની અનેક યુક્તિઓ અજમાવી રહ્યા છે, એ ખરેખર કુટિલ કલિકાલનું જ મહાત્મ્ય છે ! પણ એવા ઠગોને હાથે ધોળે દહાડે હિન્દુ ભાઈઓ દેખતી આંખે આંધળા બની પોતાની સ્વેચ્છાથી લૂંટાય, એ પણ અજ્ઞાનનું કેવું પ્રબલ મહાત્મ્ય ગણાય?

અમદાવાદ પાસેના પીરાણામાં ચાલતા “સતપંથ” સંબંધી ઘણું ઘણું લખાયું છે. હિન્દુઓને અનેક છળ-પ્રપંચોથી વટલાવી મુમના એટલે મામદા હિન્દુ (નહીં હિન્દુ નહીં મુસલમાન) બનાવવાના ખાસ ઈજારદાર એ ખીચડીયા પંથના મુજાવર લક્ષ્મણ કાકાએ જ્યારે જોયું, કે પોતાના ધંધાને સુધારકોના પ્રયત્નોથી બહુ ધક્કો પહોંચ્યો છે અને અંધશ્રદ્ધાની અંધારી ઉતરી જવાથી સંખ્યાબંધ શિષ્યો અને સેવકો તેમાંથી છુટા થતા જાય છે, ત્યારે કંઈક ચમત્કાર બતાવીને નમસ્કાર કરાવવા માટે હમણાં એક નવું ધતીંગ ગોઠવીને તેમણે બહાર પાડ્યું છે ! પોતાના રેવડી - ગંડેરીવાળા, પ્રસાદ ચાટુ કેટલાક સેવકો મારફતે હાલ લક્ષ્મણ કાકાએ એવી અફવા ફેલાવી છે કે, પીરાણામાં તો ગંગાજી પ્રગટ થયાં છે ! અને પીરાણા પંથીઓને પાવન કરવા માટે આ જાત્રાના માસમાં તો એ ગંગાજી ખૂબ નાચી કુદીને પોતાનો પ્રભાવ બતાવશે ! (અને પાપને કે પછી મૂર્ખાઓના પૈસાને પણ ધોઈ જ નાખશે !) આવો એક અજબ ગપગોળો ચલાવ્યો છે !

“એ ગંગાજીના દર્શન અને સ્નાનથી પાવન થઈને સેવકો બાગે બહેસ્તનો (સ્વર્ગનો) ઈજારો મેળવી શકશે, માટે સઘળા સેવકોએ આ સોનેરી તકનો લાભ ગુમાવવો નહીં ! ” (બેહેસ્તનો તો જાણે ઈજારો જ લીધો હોય ને !) આ પ્રમાણે ભોળા હિન્દુઓને ભરમાવવાની આ નવી ગંગાજળ (!) ગોઠવીને લોકોને છેતરી ખાવાનું હાલ આ નવું પાખંડ ઉભું કર્યું છે. હમણા જ અમને એક સ્નેહીના પત્ર દ્વારા ખબર મળી છે કે, જે વાતો હાલ એ બાબત ફેલાવવામાં આવે છે, તેની કપટ રચના આ પ્રકારે જોવામાં આવી છે :-

સૈયદ મીરૂના વાડામાં ગંગાજી ફૂટી નીકળ્યાં !

પીરાણા મુકામે સૈયદ મીરૂબાવાના મકાનની આથમણી અને દક્ષિણાદિ તરફના ખુણામાં એક જુનો અવાવરુ વાડો હતો. એ વાડાની જમીન ફાડીને ગંગા માતાજી પ્રગટ થયાં છે ! અને તેમાંથી ધક ધક કરતો પાણીનો પ્રવાહ વહેવા લાગ્યો છે અને તે પાણીમાં છોકરાંઓ તો નાહ્યાં પણ ખરાં ! પાણી બહુ જ નિર્મળ હતું અને વળી એ ગંગાજળના વધારાના ચમત્કારમાં જણાવે છે કે, જેવી રીતે દીવાની જ્યોત બળે છે, એવી રીતે એ પાણીથી ચોવીસ કલાક સુધી તો જ્યોતિ જાગી ! અને જાત્રાના વખતમાં તેનો હજી એથી પણ વધારે ચમત્કાર નજરે પડશે ! આવી રીતેના ચમત્કારિક ગંગાજીના કાગળો પીરાણાના મુજાવર અને સિદ્ધ સાધકોએ દેશોદેશ લખાવ્યા છે, જેથી તરત દર્શન કરવા અને દશોંદની દક્ષિણા ધરવાને પરદેશી ભોળા સેવકો દોડ્યા આવે છે, તેથી એ કાવત્રાંબાજોની ધારણા કંઈક અંશે સફળ પણ થવા લાગી છે. મૂળ તો એ અર્ધદગ્ધ પંથમાં ભળેલા લોકો છેક જ અજ્ઞાન, કણબી, કોળી, કાછીયા, ગોલારાણા, ભીલ, મોચી, ઘાંચી વિગેરે કાળા અક્ષરને કૂટી મારે તેવા અને ધર્મ ઘેલછાવાળા, તેમને આવી આવી ચમત્કારની વાતો સંભળાવવામાં આવે, એટલે મર્કટને મદિરાપાન જેવું જ પરિણામ આવે, તેમાં શું નવાઈ? એકબીજા ભાઈ લખે છે કે, “આ ગંગાજીના સમાચાર સાંભળીને સુરત, ભરૂચ, અમદાવાદ, ગુજરાત, કચ્છ, કાઠીયાવાડ, કરાંચી અને સિંધ-હૈદરાબાદ જેવા નજીક અને દૂરના ભાગોમાંથી પણ અજ્ઞાન અને કાચા મગજના સેંકડો ભોળા ભગતડાંઓના ટોળાં, પીરાણાની જાત્રાએ આવવા લાગ્યાં છે અને પીરાણાના સૈયદોને તેમજ તેમના મુખ્ય મુજાવર સાધુ લખમણ કાકાને ત્યાં હાલ સારો તડાકો પડવા લાગ્યો છે ! દર સાલ દશોંદના ધોરણથી જે ટંકશાળ પડતી, તેમાં ગંગાજીને પ્રતાપે વીસ-પચીસ હજારનો આ સાલ જરૂર વધારો થશે.” વળી બીજા એક ભાઈ લખે છે કે “આ વાત સાંભળીને હું પણ તપાસ કરવા પીરાણે ગયેલો, પરંતુ મેં તો ગંગાજી કે ગોમતીજી કાંઈ ન જોયાં ! વાડાની પાસેની થોડી જમીન માત્ર ભિનાશવાળી નજરે પડી. વખતે ગંગાજી મારા જેવાથી શરમાઈને છૂપાઈ ગયાં તો નહીં હોય !” છતાં પણ ભક્તોની શ્રદ્ધા ખુટતી નથી, એ નવાઈ છે ને ! પાંડવોને હાથે ગાયની કતલ કરાવનારા અને સૈયદોના મુખની પ્રસાદી પીવરાવનારા કબ્રસ્તાની પીરાણામાં તો મુંબઈની ગંધાતી ગટર પણ પગ મૂકતાં ભ્રષ્ટ થવાના ભયથી અચકાય, ત્યાં શંકરના શિર ઉપર બિરાજતી અને કાશી ક્ષેત્રમાં વસનારી પવિત્ર ગંગાજી તે ફૂટી નીકળે કે? એ વાત તો સસલાને શીંગડાં અથવા તો વાંઝણી કે વિધવાને છોકરાં થવા જેવી જ જણાય છે. અમને તો લાગે છે કે, આસપાસ ભરી રાખેલા કોઈ છૂપા હોજને કે ઢોરોના હવાડાને ખુલ્લો મુકી દઈને આ ગંગાજીનો નાટક દેખાડવામાં આવ્યો હોય, તો કોણ જાણે !

પીરાણા પંથની કેટલીક પોલો !

કચ્છી કડવા પાટીદાર યુવકોનો પ્રાણતોડ પ્રયાસથી પીરાણાની પોલો હવે તો બહુ જ પ્રકાશમાં આવી ગઈ છે. કાકાનો અને સૈયદોનો ભિક્ષાભંડાર ફૂટી જવા લાગ્યો છે અને મુવા પછી સતપંથી મુમનાઓને બેહેસ્તની બાદશાહી તથા પચાસ પચાસ હુરીઓના રંગભોગની લાલચે પણ હવે ભોળા પાટીદારો કે બીજા સેવકોને પૂરેપૂરા ઠગી શકાતા ન હોવાથી, પીરાણા પંથ પ્રચારકોએ આ એક નવો જ પાસો ગોઠવ્યો છે ! એથી અમે સવેળા અમારા પાટીદાર તથા અન્ય હિન્દુ ભાઈઓને આથી ગંભીર ચેતવણી આપીએ છીએ કે, ગંગાજીમાં નહિ પણ પૈસાની પાયમાલીમાં

ન્હાવાને પીરાણે જઈ દેહ વટલાવી ગોલા, ઘાંચી, મોચી, કોળી, કાછીયા તો ઠીક પણ ગોભક્ષક સૈયદોનું પણ એઠું ખાઈને ધર્મ ગુમાવી, ઉભયભ્રષ્ટ થવાની આ પ્રપંચજાળમાં હવે મરતાં પણ તમે ફસાતા નહીં ! અમારી વધારે તપાસ ચાલુ છે અને એ બાબતનું સત્ય અમે પ્રજા આગળ શોધીને રજુ કરશું, કેમકે ખોટા પ્રપંચો તે કેટલાક દિવસ ચાલશે? પાપ તો પાતાળ ચીરીને પણ છેવટે પ્રગટ થયા વગર નહી જ રહેશે, એ નક્કી સમજજો.

પીરાણા પંથ આવા ધતીંગો અને ગોઠવેલી જાલ-બાજીઓ ઉપરજ રચાયેલો છે. ઈમામશાહે પોતે પણ એવા અનેક પ્રપંચ ભરેલા પરચાઓ લખી પ્રસિદ્ધ કરાવી, ભોળા અને અભણ હિન્દુઓને ફસાવવાના તથા વટલાવવાના અને ધૂતી ખાવાના મહાભારત પ્રયત્નો કર્યા હતા, એ આગલા જમાનાની વાતોને દૂર મૂકીને આપણે આજની પરિસ્થિતિ તપાસીએ, તો પણ પાપી પેટને માટે કેટલાક સૈયદો અને કચ્છી કણબી જાતિના કેટલાક કુટિલ આગેવાનો પીરાણાની એ બધી પોલો જાણવા છતાં, કાકાના એજન્ટ તરીકે કેવી પ્રપંચજાળો ગોઠવી રહ્યા છે અને ભોળા લોકોને આવા આવા કલ્પિત ચમત્કારો સંભળાવીને કેવી રીતે ઠગે છે, તેના અહીં અમે ફક્ત થોડાક દાખલા જ આપીએ છીએ.

કેટલાક બનાવટી પરચા !

પીરાણા પંથની પૂજાનું ચિન્હ મહોર-નબુવત છે. એક સૈયદ નજરફઅલીએ કચ્છી અજ્ઞાન પાટીદારોને ભમાવી, ફોસલાવી ખાવા માટે પોતે ઈશ્વરના દશમા કલંકી અવતારનો ઢોંગી વેશ ધારણ કર્યો. નબુવતની મહોરની એક ડાઈ (છાપ) તૈયાર કરાવી અને તે કોઈ વખતે છાતી પર, કોઈ વખતે સાથળમાં કે કોઈવાર પોતાના વાંસામાં એ છાપ લગાવી, સેવકોને બતાવીને પોતે કલંકી અવતાર હોવાનો દાવો કરતો અને કચ્છના ભોળા સેવકોને ધૂતી ખાતો હતો. એ ઠગાઈ પકડી પાડી બીજા સૈયદોએ તેને નાત બહાર મૂક્યો અને પાછળથી સખ્ત દંડ લીધો ત્યારે જ તેને પાછો પોતાની જમાતમાં દાખલ કર્યો હતો.

સૈયદો દશોંદ અને ભીખ ઉઘરાવતી વખતે, તેમજ સેવકોને ગુરૂ મંત્ર આપતી વખતે પાણીમાં કપુર બાળી, હવામાં ફોસ્ફરસ સળગાવી, જયોત પ્રગટાવવાનો ચમત્કાર બતાવે છે. પોતાના મોંમાંથી અત્તર જેવા કંઈ સુગંધી પદાર્થો રાખીને તેનું નુર બનાવી, ગેબમાંથી મેવા મીઠાઈ પણ મંગાવી દે છે ! એવા અનેક ઠગાઈ ભર્યા જાદુઈ ચમત્કારો બતાવીને આજ સુધી કચ્છી કણબી તેમજ બીજા સેવકોને તેઓ ઠગી ખાતા હતા. પણ પરદેશ જઈને પાવરધા થયેલા કેટલાક પાટીદાર યુવકોએ પ્રપંચીઓનું એ પોગળ ફોડી નાંખ્યું. બનાવટી લોખંડની બેડીઓ, જાદુઈ ખેલો કરનારા જેવી વાપરે છે, તેવીનો ઉપયોગ કરીને કરમશી કાકા નામનો એક મુજાવર જ્યારે ગાદીએ બેઠો, ત્યારે પોતાની મેળે બેડીઓ ખોલવાનું ચમત્કારિક પરાક્રમ કરીને તેણે કચ્છી ભોળા પાટીદારોને ઠગ્યા હતા !

હાલના મુજાવર લક્ષ્મણ કાકાએ પણ ગાદીએ બેસતી વખતે એવી જ અજબ ચમત્કારોની કેટલીક તોપો ગોઠવીને જીત મેળવી હતી.

"અમદાવાદમાં હડતાળ છે અને સીધું સામાન કાંઈ મળતું નથી" એવું જણાવીને, આગળથી કરેલી છુપી ગોઠવણ પ્રમાણે 'ઈમામશાહે વાણીયાનું રૂપ લઈને ઘી, ગોળ અનાજની પોઠો મોકલાવી દીધી છે !' એવો ગપાટો ચલાવ્યો હતો. અને ભાડુતી વાણીયા મારફતે સીધુ મોકલાવી પોતાના ભોળા સેવકોમાં આબરૂ વધારી હતી અને મજા હતો એ છે કે એ ચમત્કાર પાછો લક્ષ્મણ કાકાએ પોતે જ છપાવી જાહેર કર્યો છે !

"જેના ગુરૂ આંધળા તેના ચેલા ભીત !" એ કહેવત પ્રમાણે સૈયદો અને કાકાને પગલે ચાલી કેટલાક ઠગ કચ્છી આગેવાનો અને કણબીઓ પણ હાલમાં ચમત્કાર કરતાં શીખ્યા છે ! અને અજ્ઞાન ગરીબ ભોળા પાટીદારોને આંખે પાટા બાંધી તેમને સાચા મનાવી ઠગી રહ્યા છે ! જરા એમની ઠગ લીલા તો જુઓ ! કચ્છ વિથોણનો એક પાટીદાર આકાશમાંથી દુલદુલ ઘોડો ઉતારે છે ! કેટલાક નીચે આગેવાનો રાતે કબ્રસ્તાનમાં ઈમામશાહના દર્શન કરાવે છે ! કેટલાક વળી છોકરાં ન થતાં હોય, તેમને છોકરાં આપવાનો દાવો કરીને, ધોળે દહાડે વ્યભિચાર અને હડહડતા અનાચારો આદરી રહ્યા છે. એવા એવા મહાપાપોને પણ ભોળી કણબી કોમ હજુ સુધી નિભાવી રહી છે, એ કેટલી બધી દુઃખ અને ખેદની વાત છે?

આવા ભૂખ બારસ ભગતોડ જાણે કેમ કુદરત અને ઈશ્વરને પણ પોતાને તાબે કરી બેઠા હોય, તેમ કેવા કેવા અસંભવિત ચમત્કારો બતાવી જગતને ઠગે છે ! કેટલાક કુટિલ દલાલો તો લક્ષ્મણ કાકા પણ ઈશ્વરનો જ અવતાર છે, એમ જણાવીને લોકોને આંધળા બનાવે છે ! વળી એ કાકાનો બળદ પણ ખાસ દેવનો અવતાર પેદા થયો હતો, એમ કહીને રવાપરમાં એ બળદ જ્યારે મરી ગયો, ત્યારે તેનો ઠાઠમાઠથી જનાજો કાઢીને કણબીઓ પાસે તેનું મુડદું ઉંચકાવીને, એક મોટું સરઘસ કાઢ્યું હતું ! ઠગાઈ અને પ્રપંચોની હદ પણ તેઓ કૂદી જ ગયા ને !

આવા આવા તો અગણિત ધતીંગ અને બનાવટી ચમત્કારો, એ પીરાણાનું ભૂતાવળ હજી સુધી ચલાવી રહ્યું છે અને ભોળા કણબી અને બીજા સેવકોને તેઓ ફોલી ખાય છે. તેમજ વટલાવીને ઉભય લોકથી ભ્રષ્ટ બનાવી રહ્યું છે અને દર સાલ એ પ્રપંચ-જાળમાં ફસાયેલા ભોળા હિન્દુઓ હજુ સુધી લાખો રૂપિયાનો ભોગ આપીને અજાણતાં પોતાના ધર્મ અને ધનને ડુબાવે છે.

પીરાણાની બે ચમત્કારિક બાજીઓ તો હજી પણ જાહેર રીતે ચાલુ જ છે. લોખંડની બેડીઓ પહેરાવે અને સાચો હોય, તો પોતાની મેળે ખુલી જાય અને ખોટો હોય તો ન ખુલે ! આ બાજી મારફતે જેના તરફથી સારી લાંચ મળે, એની બેડીઓ તરત ખુલે છે અને બીજાની એટલે જેની બેડીઓ ખોલવી ન હોય, તેમની નથી ખુલતી !

વટલાવનારી અમીની ગોળીઓ

વળી ઈમામશાહની કબરમાંથી નૂર પેદા થવાનો એક બીજો ચમત્કાર પણ ચાલુ છે. સુગંધી અત્તર વિગેરે કબરના કાણામાં ભરીને નુરની જ્યોત જગાવે છે અને એ કબરની માટી, મેલ, ધૂળ વગેરે મેળવીને અમીની ગોળીઓ પ્રસાદને માટે બનાવવામાં આવે છે અને તે ફરજિયાત બધા સેવકોને ખવરાવે છે. અમે જાહેર ચેલેન્જ કરીને ઘણી વખત છપાવ્યું છે કે, એ બંને બાબતો જુઠી, ધતીંગ અને હિન્દુ ભાઈઓને કપટથી ફસાવી વટલાવનારી છે, છતાં આજ સુધી પીરાણા તરફથી કોઈ પણ તેનો બચાવ કરવાને બહાર પડ્યું નથી - લખમણ કાકા તો પોતાના સ્વાર્થને માટે આ પ્રપંચની આવી રીતે જાળ પાથરે, પણ પાટીદારો છતી આંખે તેમાં અંધ બનીને ફસાય, એ કેટલી બધી દિલગીરીની વાત છે? શું સમજુ પાટીદાર ભાઈઓની ફરજ નથી કે આ પ્રપંચ ઉઘાડો પાડી પોતાના હજારો ભોળા બંધુઓને પ્રપંચીઓની આવી કપટજાળમાંથી બચાવવાને માટે કંઈપણ એવા પ્રયત્નો ન કરે?

જે ભાઈઓ અજ્ઞાન અને ભોળપણના લીધે ફસાય, તેમના તરફ અભાવ ન રાખતાં, તેમની તો દયા જ ખાવી ઘટે અને તેમને વેળાસર એ પાપના ફાંસામાંથી બચાવી લઈને આપણી શુદ્ધ ક્ષત્રિય પાટીદાર જાતિને પાછી ઉંચી સ્થિતિમાં લાવવી જોઈએ. એ આપણા સમજુ સુધરેલા અને સારી સ્થિતિ ભોગવતા સઘળા પાટીદાર ભાઈઓની મુખ્ય ફરજ છે. મે લખમણ કાકાના તેમજ પીરાણાના પ્રપંચો ખુલ્લા પાડીને એક વરસ અગાઉ “એક પ્રસ્તાવિક નિબંધ” પ્રસિદ્ધ કર્યો છે, જેમાં જાહેર ચેલેન્જ છાપીને પીરાણાપંથ હિન્દુ ધર્મ તરીકે સાચો ઠરે તો, સાચો ઠરાવનારને દસ હજાર રૂપિયાનું ઈનામ આપવાની શરત કરેલી છે, છતાં આજ સુધી તેનો જવાબ આપવાની પણ કોઈ પીરાણાપંથી હિંમત કરી શક્યો નથી. એજ સ્પષ્ટ સાબિત કરી આપે છે કે, એ પંથ પોલંપોલ અને તદ્દન ધતીંગ જ છે.

વળી સૈયદ બાવા સાહેબ અહેમદઅલી ખાકી નામના એક સૈયદે પણ એવા નીચ સૈયદો અને કપટી કાકા સાધુઓની ખુબ ઝાટકણી કહાડીને તેમના પાપી પ્રપંચો ઉઘાડા પાડ્યા છે. તે પોતાની એક બુકમાં લખે છે કે, “એ સાધુ થયેલાઓ પણ સટ્ટા, સાટાં, વેપાર, જીન, શેર, મિલોના પ્રપંચમાં પડી, ચંડાળવૃત્તિ પોષવાને રાંડો રાખી, મોજમજાહ કરે છે અને પાપી શોખ માણે છે - ધરમનું ખાઈ સેવકોની બહેન દીકરીઓની લાજ ઉપર તરાપ મારે છે અને ધર્મને પૈસે જ્યાં જ્યાં આવાં પાપી કામો થાય, ત્યાં નિર્લજ્જ બનીને પૈસા આપનારા અજ્ઞાની ધર્મીઓ એ જોયા જ કરે એ જ ધર્મના નાશનું મહાન કારણ છે.”

કુટિલ સૈયદો અને સાધુ કાકાઓ માટે બળતાં હૃદયથી એક સૈયદના પોતાના જ આ શબ્દો વાંચીને, સુજ્ઞ કણબી ભાઈઓ ! હવે તો તમારી આંખો ઉઘાડો. અમારું હૃદય આપણી કોમની આ દશા જોઈને ચિરાઈ જાય છે. આંખના આંસુ દિવસ રાત સૂકાતા નથી. છતાં તમને તો કંઈ જ લાગતું નથી - ભગવાન તમારા ઉપર દયા કરે અને તમે પણ અમારા ઉપર દયા કરીને સુધરો, નહીં તો આપણી જાતિનો છેક જ નાશ થઈ જશે એ નક્કી જાણજો, એથી વિશેષ તે હું શું લખી શકું?

લી.સ્વજ્ઞાતિ હિતચિંતક સેવક,
પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાક્ટર
કચ્છ વિરાણીવાળા, હાલ-ઘાટકોપર(થાણા)-મુંબઈ.

અમારા સદરહુ લેખના જવાબમાં સૈયદ મી. ખાકીએ છપાવેલું ચીથરીયું

મહાન ધૂર્ત બાજની પોલ

સામાન્યજનોને ઠગવાનાં કાવત્રાનો જવાબ

સૂર્યથી અંજાઈ સૂર્યની સત્તા નહિ સમજનારા રાતના રાજાઓ રાતે કલોલ કરે છે. ઉમંગે મલકાઈ સૂર્યને શ્રાપો આપે છે. “કદી નહિ જ ઉગે” એ આશાએ બણગાં ફુંકી પોતાના સ્વજનોને ભોળવવા કાઢી મીઠી નિંદાએ હાંસી કરે છે. સૂર્ય તેઓની કાંઈ દરકાર ન કરતાં પોતાનો કર્મ-વ્યુહ સાચવ્યા જ કરે છે.

સતપંથથી અજાણ કંટ્રાક્ટર મી.નારણ રામજીભાઈ એક હોંશિયાર લેખક અને સુધારક તરીકે સ્વજનોમાં સારું માન પામવા જ્ઞાતિ અને કુળમાં કલહ ઉપજાવી પ્રખ્યાત થયા છે. તેઓએ ફક્ત ઈર્ષાના આકર્ષણે ઘણી જ ન થઈ તકરારોના લેખો અવારનવાર એક જ વિષયના છપાવ્યા છે. તેના જવાબો અપાઈ ગયેલા, છતાં પોતાની પાપી પીંજણ મૂકતા નથી. યુક્તિ પ્રયુક્તિએ વાચાળ શક્તિ અજમાવવા સરળ, શુદ્ધ લેખો અને વાતાવરણને ઉલટાવી દ્વેષાગ્નિ પ્રજ્વલિત કરવાના પ્રયત્નો અજમાવ્યા કરે છે. ભોળા લોકો એ મિત્રના ભોગ થએ અથડાય છે, પાછા છુટી ટૂટી નિરાલા થઈ જાય છે. છતાં પોતાની નીચ યુક્તિઓનો છેહ આવવા દેતા નથી.

હાલમાં તેઓએ “પ્રપંચીઓના પાપ” એવા હેડીંગનું એક હસ્ત-પત્રક સરળ વરણનને ઉથલાવી કોમમાં દ્વેષાગ્નિ સળગાવવા ભગીરથ પ્રયત્ન કર્યો છે. તે લેખની છેવટે હમારા લેખ વતિના ઉલ્લેખો જૂઠો પ્રહાર (આક્ષેપ) કર્યો છે. પવિત્ર સતપંથી પુણ્યશાળી સૈયદો અને કાકાઓને ઉતારી પાડવાની નીચ યુક્તિ મારા લેખના બાને પ્રગટ કરવા મથ્યા છે. એ જ એમની કપટી યુક્તિની સીમા છે. મારા લેખની મતલબ એવી છે કે “ધૂર્તો, દગલબાજો, કુકર્મીઓ એવા સાધુઓ જેના હેન્ડબીલો, ફિલમો, નાટકો થયા કરે છે, તેવાઓ સતપંથની નિંદા કરી, સતપંથને શત્રુ માનનારા મહાશયોના ઘરમાં ઉતારા કરી રહે છે. તેઓની બેન દીકરીઓની લાજ ઉપર તરાપો મારે છે. તેમાં રાંડેલીઓના ગર્ભપાત થાય છે. જેના કેસો ભૂજાદિ કોર્ટોમાં ચાલ્યા છે. તેમજ મેઘવાળ જેવી વર્ણના સાધુઓને ઘરમાં રાખી શિષ્ય થઈ વટલે છે, નોતીયારને ગુરૂ કરી ચરણ ધોઈ પીએ છે. તેવાઓને આધિન થઈ પોતાની લાજને નાણાં સોંપે છે. જ્યાં એવા વંઠેલ ધર્મી પોતાને ઉત્તમ ધર્મી કહેવરાવતા હોય ! ને તેવા કુકર્મને જોયા કરે ! એજ એમના ધર્મના નાશનું કારણ છે, તેઓને સતપંથ સૂજે જ નહિ. તેઓ સૈયદો અને કાકાઓની ને શિષ્યોની નિંદા કર્યા કરે” તેવા સાધુઓને ઉદ્દેશીને મારો લેખ હતો. તેમાં ‘સૈયદો’ કે ‘કાકા’ એવો કોઈ શબ્દ જ આવ્યો નથી, છતાં નારાણજીભાઈને દ્વેષાગ્નિ અને મિથ્યા લવરીએ અંધ બનાવી, અમારા નામથી લેખ લેવા ઉશ્કેર્યા છે. એ કુડા લેખનો કોઈએ વિશ્વાસ કરવો નહિ. મારે કોઈપણ વ્યક્તિના વિષયમાં કોઈ પણ લેખની અગત્ય છે જ નહિ. એ સર્વ નારણ રામજીભાઈના ફાંફા છે.

(નારણજી રામજી અને સતપંથને શત્રુ માનનારા મહાશયોના લેખો સંબંધી જવાબોનો એક લેખ અમોએ લખી તૈયાર કરેલો છે. સતપંથીઓ તે છપાવરાવશે તો અમે તે મફત મહેનત કરી તેઓની સેવા કરી આપીશું. આ લેખ ફક્ત નારાણજીભાઈના જૂઠાણાની ઉઘાડનો છે. આખા લેખનો જવાબ નથી. જવાબ અવકાશે પ્રગટ કરીશું.) હાલ એજ.
તા.૨-૪-૨૫ લી.સતપંથનો સેવક,

સૈયદ બાવાસાહેબ અહમદઅલી, ખાકી
મુ.પીરાણી પો.ગીરમથા ડી.અહમદાબાદ.

સૈયદ ખાકીના એ હેન્ડબીલનો ખુલાસો

મી.ખાકી ! તમો કહો છો કે "અમારા લેખવતીના ઉલ્લેખો જૂઠો પ્રહાર કર્યો છે." આ શું તમો સાચું લખો છો? કંઈક તો ખુદાનો ડર રાખો. જુઓ ખાત્રી કરો. તમારા હાલમાં જ પ્રસિદ્ધ કરેલા "નવમો મોટો શ્રી બુદ્ધ અવતાર" ભાગ-૧ લો એ નામના પુસ્તકમાં **"સજ્જનોને બે બોલ"** એ મથાળાંવાળા અગ્રલેખમાં પુસ્તક પાને ચોથે, ચૌદ લીટીઓ મુકીને પછી ફુલસ્ટોપમાં તમે લખો છો કે -

"ધર્મના નામે નાણાં કઢાવવાના મિશનો બાંધીને તેથી આવતાં નાણાએ ઘોડા આદિની શરતોનો જુગાર રમી, શયતાની કાર્ય કરનારાઓ પછી પોતે તો પીર, ઈમામ વગેરે કહેવરાવે છે. સાધુ થયેલા પણ સટ્ટા, સાટા, વેપાર, જીન, શેર, મીલોમાં પડી ચંડાળવૃત્તિ પોષવા રાંડો રાખીને મોજમજાહ શોખ વધારે છે. નાણાવટી બની ધર્મનું ખાઈ બેન દીકરીઓની લાજ ઉપર તરાપો મારે છે ! ધર્મને પૈસે જ્યાં એવા કાર્ય થાયે અને તે નિર્લજ બની પૈસા આપનારા ધર્મીઓ જોયા કરે, એજ ધર્મના નાશનું કારણ છે." આ તમારા પોતાના પુસ્તકમાં તમે જાતે લખી છપાવીને પ્રસિદ્ધ કરેલા તમારા જ શબ્દો છે કે, તમારા કોઈ લાગતા વળગતાએ પાછળથી ઘુસાડી દીધેલા છે? ત્યાર પછી એ જ **"બુદ્ધ અવતાર"** ને પાને અગિયારમે સાત લીટીઓ છોડીને તમે લખો છો કે :-

"જેઓ પોતાને મોટા, પૂજ્ય, સાધુ, ગોર, પીર, ફકીરાદિ વિશેષણોમાં ગોઠવી પૂજાવરાવવાનો ઢોંગ કરે છે અને શાસ્ત્રોએ કહેલી ક્રિયાઓ પાળતા નથી, તેમને પહેલા નંબરના ઠગ કે ચંડાળ કહી એથી બીહતા રહેવું અને તેનો સંગ કદી પણ ન જ કરવો. પોતાના બાળ બચ્ચાંઓને તેથી અળગા રાખવા, નહિં તો તેનો ચેપ લાગવાથી સતપંથીઓ પણ આળશુ, પ્રમાદી, બની દુષ્ટ ચંડાળ થઈ જવાના જ ! એવા ધૂર્તોના હાથમાં ધર્મને નામે કે પુન-ખેરાત-ધર્મ-દાન વગેરે કોઈ પણ રીતે કરી પૈ, પૈસો જવા ના જ દેવો." સતપંથી સૈયદમીયાં ! આ તમારા પોતાના જ શબ્દો ફરી એકવાર આંખો ઉઘાડીને વાંચી જુઓ. એ તમારા છુપી રીતે પાળવામાં આવતા - બહારથી હિન્દુ અને ભીતરથી મુસલમાન બનાવનારા, હિન્દુ મુસલમાન બંનેને ગાળો ભાંડનારા, કબ્રસ્તાની સતપંથના સેવકો અને મુરીદો માટે જ લખાયેલા ખાસ ધર્મશાસ્ત્રના પુસ્તકમાં તમે જાતે લખેલા આ ખાસ **તમારા શબ્દો** તમે કોને માટે લખ્યા છે ? એ તમારા આત્માને જ પૂછી જુઓ, પછી જૂઠું બોલો ! એ પુસ્તક તમારા સતપંથીઓમાં જ ખાસ વેચવા માટે તમોએ છપાવ્યું છે. જે આવું પુસ્તક તમારા વડીલે બનાવેલું હડહડતાં જુઠાણા, પ્રપંચ અને ધર્મ-નિંદાના ઝેરથી જ ભરેલું છે એ પુસ્તકને તમારા સતપંથીઓ સિવાય બીજું કોઈ તો લેતું, વાંચતું કે અડકતું પણ નથી, તેમજ સતપંથીઓ, તમારા સૈયદો, કાકાઓ કે ઢોંગી સાધુઓ સિવાય બીજા કોઈ પણ હિન્દુ બ્રાહ્મણ કે સાધુઓને તમારી પ્રપંચી સમજાવટથી આંગણે પણ ઉભા રહેવા દેતા નથી, એવા અંધશ્રદ્ધાળુ અને અજ્ઞાની સેવક-સેવડાઓની આંખે પ્રપંચના પાટા બાંધવાને ખાસ પ્રગટ કરેલા પુસ્તકમાં ઉપરનો તમારો પોતાનો લેખ, તમોએ માત્ર તમારી જાતના જ બીજા સૈયદભાઈઓ અને તમારા પંથના કાકાઓના ઈર્ષા-દ્વેષથી ઉશ્કેરાઈને ખાસ તેમને માટે જ લખેલો છે - પણ પછી જ્યારે તમારી લુચ્ચાઈથી ચમકેલા કાકા અને તમારા સૈયદભાઈઓના તરફથી તમને સખત ધમકીઓ અપાઈ અને દબાણ થવા લાગ્યું, ત્યારે તમે હવે થૂંકીને ચાટવા તૈયાર થયા છો.

માત્ર એટલું જ નહીં પણ અમારા હેન્ડબીલની એક પણ દલીલનો રીતસર જવાબ આપવાને બદલે "મહાન્ ધૂર્તબાજની પોલ અને સામાન્ય જનોને ઠગવાના કાવત્રાંનો જવાબ !" આવા બદનક્ષી ભર્યા નીચ હેડીંગનું ઉપર જણાવેલું **ચીથરીયું છપાવી, પીરાણા-પ્રપંચના પોલના ફાટેલા આભને જૂઠાઈ અને ઠગાઈના થીંગડાં મારવાની** તમે ફોકટ મહેનત કરી રહ્યા છો, પણ સત્યના સૂર્ય સામે ધૂળ નાખનારું ઘુવડ પોતે જ દિવસના આંધળું બની જાય છે, એની તમને ક્યાં ખબર છે? એ તો અજ્ઞાનના અંધારીયામાં ભલે ગુમાનથી ઘૂ-ઘૂ કરીને બે ઘડી આમતેમ તરફડીયા મારે, પણ પાપ જ્યારે છાપરે ચડીને પોકાર કરવા લાગશે ત્યારે પેટભરાઓની તાકાત નથી, કે તેને તેઓ કોઈ પણ રીતે છૂપાવીને ઢાંકીને બચાવી શકે !

અમારા લેખો તે દીવા જેવું સ્પષ્ટ બતાવી આપે છે કે, પીરાણા સતપંથ તેમજ તેના મુરશીદો અને મુરીદોમાં કેવા પાપ અને પાખંડ ચાલી રહ્યા છે? અને તેમાં અજ્ઞાની, અંધશ્રદ્ધાળુ ભોળા લોકો ગાડરીયા પ્રવાહની પેઠે ભેસ્તની લાલચે અથડાઈ-પટકાઈ તમારો ભોગ બનીને કેવી રીતે ધન તેમજ ધર્મને લૂંટાવી રહ્યા છે? પણ હવે એ પાપનો ઘડો પૂરેપૂરો ભરાઈ રહ્યો છે. પીરાણા પાખંડના પુણ્યો હવે પરવારી ચૂક્યા છે અને સૈયદ સાંઈમૌલા ! તમે પણ વખતસર ચેતીને પ્રમાણિકપણે રોટલો રળી ખાવાની હવે કોઈ બીજી હીકમત શોધી રાખજો, નહીં તો જે વખત જાય છે, તેમાં તમને પણ ભૂખે મરવાનો જ વખત આવશે. પીરાણા પંથની ડુગડુગી હવે આ પ્રકાશિત જમાનામાં વધારે વખત ચાલવાની નથી. પોપાંબાઈના રાજ્ય તો ચાલ્યાં જ ગયા છે, એ ચોક્કસ સમજજો. અમે તો એજ ઈચ્છીએ છીએ કે, તમને કોઈ પણ રીતે આ લેખથી પાનો ચડે અને તમે જો તમારા કબ્રસ્તાની પંથમાં સચ્ચાઈનો જરા એક છાંટો પણ હોય, તો તે પુરવાર કરવાને અને જગતને એ તમારી સચ્ચાઈ અને પવિત્રતા જાહેર રીતે બતાવી દેવાને માટે મેદાનમાં બહાર આવો. આજે વરસો થયા તમારા અનેક પુસ્તકોમાં તમે પ્રગટ કરો છો કે, 'સતપંથની સમજ નામે બુક (જેમાં નારણ ગોપાળ, નારાયણજી રામજી, યુવક મંડળ, રણછોડ આદિનો સામટો જવાબ છે.) એ પુસ્તક અમારી પાસે વરસો થયાં છપાવવાને તૈયાર છે' અને વળી હમણાંના હેન્ડબીલમાં પણ છેલ્લે તમો લખો છો કે, (નારાયણજી રામજી અને સતપંથને શત્રુ માનનારા મહાશયોના લેખો સંબંધી જવાબોનો એક લેખ, અમોએ લખી તૈયાર કરેલો છે. સતપંથીઓ તે છપાવરાવશે તો અમો તેની મફત મહેનત કરી તેઓની સેવા કરી આપીશું.)

જો એ લેખ તમારી પાસે તૈયાર જ હોય, તો આજ સુધી છપાવતા કેમ નથી? આટલાં બધા પ્રપંચી પુસ્તકો છપાવીને સેવકોના હજારો રૂપિયા કાતરી ખાઓ છો, છતાં એટલો જવાબ છપાવવા જેટલી શું તમારી શક્તિ નથી?

વળી દશોંદ ભરીને સ્વર્ગના વાયદાની હૂંડી લખી આપનારા તમારા ખીચડીયા પંથના શાસ્ત્રમાં તમારા ઈમામશાહ તેમજ તમો પણ જણાવો છો કે, "સતપંથ માનનારને સવા લાખ વરસ સુધીનું રાજ્ય મળશે અને પછી સ્વર્ગમાં સોનારૂપાંની ઈંટો અને કેસર-કસ્તુરીની સુવાસિત ગારથી બનાવેલા રત્ન જડિત ચળકાટ મારતા પાંચસો માઈલના ઘેરાવામાં આવેલા ભવ્ય અને આલીશાન મહેલો, બાગબંગલા અને બગીચાઓ સહિત મળશે ! જેની અંદર શરાબ (દારૂ), દૂધ, મધ અને અમૃતના વહેતા ઝરાઓ અને સોના-રૂપા-હીરા-માણેક જડિત હોજો, ફુવારાઓ સાથે ચકચકિત મકાનો મળશે ! એટલું જ નહિ પણ ઘણી જ સુંદર પચાસ હુરીઓ (અપ્સરાઓ) અને તેની સાથે સેવા ઉઠાવનારા પાંચસો છોકરાઓ તથા પાંચસો નુરી ફિરસ્તાઓ અગાઉથી જ ત્યાં હાજર રહેશે ! એ સિવાય

અનેક પ્રકારની હેરત પમાડનારી અમૂલ્ય જણસો અને મનમાન્યા ભોગવિલાસો પણ ત્યાં સતપંથના સેવકોને મળશે !" બાવામીયાં ! જ્યારે તમારા સેવકોને તમો આટલી બધી ભેસ્તની સાહેબી નિવાજી નાંખવાને તૈયાર થયા છો, ત્યારે એક નાનો સરખો લેખ છપાવવાને માટે સતપંથીઓને શા માટે અરજ કરો છો? પોતાના ધર્મના રક્ષણ માટે તમારા સતપંથી સેવકોમાંથી પણ તમને કોઈ એટલી પાંચ પચીસ રૂપિયાની ભીખ શુદ્ધાં નથી આપતો?

વળી તમે સૈયદો અને કાકાઓએ સામસામે કોર્ટે ચડીને ધર્મના લાખો રૂપિયા, જરા પણ આંચકો ખાધા વગર બરબાદ કરવાના પગલા લીધા, પણ તમારા ધર્મના બચાવ માટે અને બીજાના આક્ષેપોનો જવાબ આપવા માટે તો આવી એક નજીવી રકમ પણ તમોને આજ સુધી મળતી નથી?

અમને તો લાગે છે કે, જવાબ આપવાની આ એક સૂકી ગપજ તમે ઉડાવ્યા કરો છો અને સાચી દલીલોનો જરાપણ જવાબ આપવાની તમારામાં કશી તાકાત જ નથી. છતાંય જો ફક્ત છપાવવાના ખર્ચને માટે જ અટકી બેઠા હો, તો અમે તમારો એ ખુલાસો અને જવાબ અમારે પોતાને ખર્ચે છપાવી આપવા તૈયાર છીએ, અથવા કેટલો ખર્ચ થશે તે જણાવો, તો તેનો બંદોબસ્ત કરી આપીએ. તમે એટલા માટે જ મુંઝાઓ છો શું? સૈયદ બાવામીયાં ! તમારા જાતભાઈ કેટલાક સૈયદો પોતે જ કહે છે કે "અમારો પીરાણા સતપંથ તો દીન મહમ્મદી એટલે ઈસલામી ધર્મ છે અને બાવામીયાં, તો મતલબી છે અને પેટને ખાતર જ ઓગણીશમું પુરાણ લખીને બનાવટી ચોપડીઓ પ્રગટ કરી, લોકોને ખોટો ધોખો આપે છે અને કાકા તેમજ સતપંથીઓની ખોટી ખુશામત કરીને તેમને ધૂતી ખાવા માટે જ આવી પ્રપંચબાજી ખેલી હાજીહા કરી રહ્યા છે." તેનો તમે શું જવાબ આપો છો?

તમારા પુસ્તકના એ ફકરાઓ તો આબાદ તમારી જાતના સૈયદો તેમજ લક્ષ્મણ કાકા જેવા મામદા હિન્દુ મુજાવરોને જ લાગુ પડે છે, તેમાં જરા પણ શક નથી, પરંતુ હવે તેમને **"પવિત્ર, સતપંથી પુણ્યશાળી સૈયદો અને કાકાઓ"** કહેવાને બહાર પડ્યા છો, તો મને બતાવશો કે તમારા જ પુસ્તકમાં એ વિશેષણો ક્યાં લખેલા છે? તમે આ હેન્ડબીલમાં છાપેલા વાક્યો અને મૂળ પુસ્તકના અમે ટાંકેલા વાક્યો જરા ખુદાને ખાતર તો મેળવી જુઓ ! આવું હડહડતું જૂઠાણું ચલાવીને તો તમો પોતે ધર્મસંકટમાં સપડાયા અને પીરાણાના સૈયદો તેમજ કાકાઓને નગ્ન સત્ય કહેવા જતાં પોતાની થયેલી ખાખાવીખીથી ગભરાઈને હવે ફેરવી બાંધવાને ખોટો બચાવ કરવા ઉભા થયા છો, પણ એથી કંઈ તમે તમારા સૈયદો અને કાકાઓની આંખમાં ધૂળ નહીં જ નાખી શકશો. "પ્રપંચીઓના પાપ અને કલિ મહારાજની લીલા" વાળા લેખનો સીધો જવાબ આપવાને બદલે 'મહાન્ ધૂર્તબાજની પોલ'ના હેડીંગથી લેખ લખવામાં પણ તમોએ મારેલાં ખોટાં હવાતીયા અને ફાંફા છેક ઉઘાડાં પડી જાય છે.

સનાતન આર્ય-હિન્દુધર્મના સૂર્યની મહાન્ સત્તા અને તેનો પુણ્યશાળી પ્રભાવ નહીં સમજનારા સૈયદ બાવા સાહેબ ! રાતના ઘૂ ઘૂ રાણાની માફક તમે પોતાના અજ્ઞાન અને ભોળા હિન્દુ સેવકોમાં ભલે તોપ ઠોકી મલકાઈને કહો કે, અત્યારે તો સતપંથનો વારો છે પણ એવા ખોટાં બણગાં ફૂંકીને વેદો તથા શ્રુતિ સ્મૃતિઓનો અર્થો પલટાવી, પોતાના વડીલે ઉભા કરેલા અર્ધદગ્ધ ખીચડી પંથની હાલતો એવી રીતે હિન્દુઓમાં તથા ઈસ્લામીઓમાં પણ તમે હાંસી જ કરાવી રહ્યા છો.

મી.ખાકી, તમો જણાવો છો કે મી.નારાણયજી રામજી સતપંથથી અજાણ છે. પણ ખાકી ! હું તમને ખાત્રી આપું છું કે, તમારા સતપંથને હું બરોબર પીછાણું છું. તમારા કરતાં પણ એ પંથના પ્રપંચો, ભેદો અને રહસ્યોને હું વધારે જાણું છું. એ સતપંથ તમારા વડીલોએ હિન્દુઓને દગાથી વટલાવીને મુસલમાન બનાવવા માટે જ ઉભો કર્યો છે. અભણ અને ભોળા કણબી, કાછીયા, કોળી, ગોલા જેવા હિન્દુઓને ફસાવવાની તેમાં અનેક યુક્તિઓ રચેલી છે. હાલના તમો તેના વંશના સૈયદો પણ તમારા વડીલના પગલે ચાલી, હિન્દુઓને વટલાવવાના અનેક પ્રપંચો અને કાવાદાવા ખેલી રહ્યા છો, જેની પોલો અનેક વખત અમારા તરફથી જાહેર રીતે ખુલ્લી પાડવામાં આવી છે અને હજી દરેક પ્રસંગે ખોલવામાં આવે છે, તે તમો સારી રીતે સમજો છો.

વળી મી.ખાકી તમે છેક જુઠું જ લખો છો કે, “એવા લેખોનો જવાબ અપાઈ ગયો છે !” હું છાતી ઠોકીને કહું છું કે, આજ સુધી મારા કોઈ પણ લેખનો એક પણ જવાબ આપ્યો જ નથી. એટલું જ નહીં પણ મારો છેલ્લો જાહેર લેખ **“પ્રપંચીઓના પાપ અને કલિમહારાજની લીલા !”** હેડીંગવાળા હાલના તાજા લેખનો જવાબ પણ તમે નથી આપી શકતા ! આ તો તમારા ઉપર જ્યારે અંગત ભયંકર આફત આવી પડી છે, ત્યારે તે ટાળવાને માટે તમે પહેલવહેલું જ રદ્દી પતાડકું છપાવીને ખોટા બચાવનાં ફોકટ ફાંફા જ માર્યાં છે. અમે ઉપરના ભાગમાં ટાંકેલા તમારા પોતાના જ શબ્દનો અર્થ પલટાવી હવે તમે સૈયદો તેમજ કાકાઓનો છેક જ જુઠ્ઠો અને લૂલો, બચાવ કરવા બનાવટી દેખાવ કર્યો છે, પરંતુ એ દેખાવ કરવા જતાં તમો છેક જ ભાન ભૂલીને તેમને વધારે ઉઘાડા પાડી રહ્યા છો.તમે લખો છો કે - “સતપંથને શત્રુ માનનારા મહાશયના ઘરમાં ઉતારા કરીને કુટીલ સાધુ રહેતા હોય, તેઓની બેન-દીકરીઓના ઉપર તરાપ મારતા હોય, તેમને માટે મેં લખ્યું છે. ને તેની અમે નિંદા કરી છે”. તે વાતને સતપંથના શત્રુને તથા તમારા સદરહુ પુસ્તકને શું સંબંધ છે? સતપંથીઓ બીજા તે કોને માને છે? કચ્છમાં ઘોડા ઈત્યાદિની શરતોનો જુગાર છે જ નહીં. તેમજ સાધુ, પીર કે ફકીર થયેલા પણ સટ્ટા, શેર, મીલ, જીનના વેપારો કરનારા કચ્છમાં કોઈ પીર કે ફકીરો જ નથી. ત્યાં કોઈ મીલ નથી. ત્યાં શેરોને સટો નથી. એ બધું તો તમારા કાકાઓ જ કરતા હતા અને તે માટે તમે કોર્ટે પણ ચઢ્યા હતા. એ બધી તમારી વાતોને હવે પલટાવીને લખવાની તમારી ચાલાકીથી કોણ ઠગાશે? સૈયદજી ! તમારી ચતુરાઈ તો ચૂલે ચઢી ગઈ છે ! એ તમારા લેખને કોઈ માને કે ના માને, તેની સાથે પણ મને તો કંઈ લેવાદેવા નથી, હું તો ફક્ત તમારા અંતરાત્માને જ પૂછું છું કે, જો તમે ઈર્ષાથી તમારા ધર્મ ભાઈઓ માટે જ લખ્યું નહોતું, તો કાકા અને સૈયદોએ તમારો એ લેખ હાલ રદ શા માટે કરાવ્યો? તમારા અને તમારી માજીના હક્કો શા માટે બંધ કર્યા હતા? એ બધો તો તમારા સદરહુ અદેખાઈ ભર્યા લેખોનો જ પ્રતાપ હતો કે નહીં? સૈયદો અને કાકાઓની વચમાં તમારી સ્થિતિ પાછળથી સૂડી વચ્ચે સોપારીના જેવી થઈ ગઈ હતી કે નહીં? અમને તમારી બહુ દયા આવે છે ! એક તરફ તમો દુઃખે પાપે પૈસા પેદા કરીને પેટ ભરો છો, તેમાં વચ્ચે એકાદ વખત કાકા અને સૈયદોને માટે ખરેખરું વાજબી કહ્યું, તે માટે તો તમે તમારા તરફ કંઈક ભાવ પેદા થયો હતો, પરંતુ પાછળથી તમારી આટલી બધી નામર્દાઈ અને ખુશામત વૃત્તિ જોઈને હવે તો મને ભારે દિલગીરી તેમજ દુઃખજ પેદા થાય છે.

હાથીના ચાવવા અને દેખાડવાના દાંતો જુદા હોય છે તે પ્રમાણે તમે પણ જાતે મુસલમાન હોઈને પોતાને ‘સતપંથના સેવક’ લખો છો અને હિન્દુ દેવતાઓની સ્તુતિ અને પૂજા કરો છો એ બાબતમાં અનેક નાના મોટા

પુસ્તકો પણ છપાવી, તેમની આઠ આઠ ગણી કિંમતો રાખીને, ભોળા સતપંથીઓને ધૂતી ખાઓ છો. એ બાજી માત્ર પેટ અને પૈસા માટે જ કે બીજા કોઈ હેતુથી ખેલી રહ્યા છો? દીન મહમદી મુસલમાન હોઈને તમે - મોક્ષ દ્વાર, **સતપંથીની સંધ્યા, બુદ્ધ અવતાર મોટો, સંતવાણી, ભાભારામ સુબોધ, નાંયાકાકાનો સંવાદ, સત્યનું શોધન, ભક્તની શોધ, પરછા, અરજી, સતપંથી આજ્ઞાપત્ર, સતપંથીઓનું કર્મ, સતપંથીઓનું પૂજન, અથરવેદ, ઉપનિષદ અને ગાયત્રી** વગેરે હિન્દુધર્મ અને હિન્દુ દેવતાના નામો, પૂજા, પાઠ ગોઠવીને તમે પુસ્તકો છપાવ્યા છે અને હજારો રૂપિયા તેમાંથી મેળવીને ગડપ કરો છો. એ ધૂર્તબાજી, પોલ અને કાવત્રું નહીં તો બીજું શું? એ બધા પુસ્તકોમાં તમે જે હિન્દુધર્મ, ઈસલામી ધર્મ, જૈનધર્મ, બુદ્ધધર્મ વગેરે દુનિયાના અનેક પવિત્ર ધર્મોની હડહડતી નિંદા અને બદનક્ષી કરેલી છે. તેનો અમોએ અનેક વખત જવાબ પણ માંગ્યો છે અને એ હડહડતાં ભયંકર જૂઠાણાંનો રોમાંચક ઈતિહાસ અમે તૈયાર કર્યો છે, તે પણ પ્રભુની કૃપાથી થોડા જ વખતમાં તમારા કલ્યાણ માટે જ છપાઈ પ્રગટ થશે. એટલે તમને તેમજ જગતને સંપૂર્ણ ખાત્રી થઈ જશે કે, કાવત્રાંબાજ કોણ છે? ખરા ધૂર્ત તે કોણ છે? અને જગતમાં પ્રપંચો તે કોણ ખેલે છે? અરે ! એક પાપી પેટને ખાતર આવી નીચ પ્રપંચજાળ બિછાવીને શા માટે પોતાના અને બીજાના બંને લોક બગાડો છો? મિ.ખાકી ! પ્રભુને ખાતર, ખુદાને ખાતર હવે તો સત્યનો પ્રમાણિક માર્ગ પકડો. સમજુને તો ઈશારો જ બસ હોય ! માટે હજી પણ ચેતીને સીધે રસ્તે ચાલશો?

લી.તમારો શુભચિંતક

પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રેક્ટર

કચ્છ-વિરાણીવાળા - હાલ-ઘાટકોપર (થાણા) મુંબઈ

પીરાણા "સતપંથ"નો રસીક અને રહસ્યભર્યો મહાભારત ભેદી ઈતિહાસ !

હિન્દુભાઈઓને છળવા તેમજ વટલાવવાનું એક મહાન પ્રપંચી અને ભયંકર કારસ્તાન !

પ્રિય હિન્દુભાઈઓ ! આ વાંચો, ચેતો અને જાગૃત થાઓ !

પીરાણા સતપંથની પોલ !

કહેવાતા પીરાણા સતપંથ, સુફી પંથ, જ્યોતિપંથ, ઈસમાઈલી ઈમામી, નિજારીપંથ વગેરે અનેક ઈમામશાહી કબ્રસ્તાની **અર્ધદગ્ધ ખીચડીયા પંથોનો ભેદી** અને છૂપો ઈતિહાસ !

અનેક વરસોની મહેનત, શોધખોળ છૂપા ગુપ્તપંથી પુસ્તકોના સાધન અને હજારોના ખર્ચે તૈયાર કરેલો **એક અમૂલ્ય તેમજ ભેદભરેલો મહાન અદ્‌ભુત ગ્રંથ !**

કોઈ અદ્‌ભુત વારતા, નવલકથા, નાટક, કાવ્ય કે ઈતિહાસના રસિક વૃત્તાંતો કરતાં પણ વધારે રસીક અને ભેદી બનાવોથી ભરપૂર અજાયબી ભરેલો ઈતિહાસ !

સત્યઘટના, લિખિત પુરાવા, અનેક શાસ્ત્રો અને કોર્ટના અનેક પ્રમાણો તેમજ જાતિ અનુભવથી તૈયાર કરેલું સુંદર સચિત્ર નવીન-

વિચિત્ર પીરાણા સતપંથ પુરાણ !

જ્યારથી મહમદ ગીઝનીએ હિંદ ઉપર ચડાઈ કરીને, હિન્દુ મંદિરો, મૂર્તિઓ તેમજ આર્યધર્મના નાશને માટે અત્યાચારની તલવાર ઉઠાવી, ત્યારથી આજ સુધી એટલે લગભગ એક હજાર વરસો સુધી હિન્દુધર્મના અંતરજગતમાં કેટલાક મતલબી સૈયદો, ફકીરો અને નામધારી પીરોએ કેવા કેવા પ્રપંચ, યુક્તિ, પ્રયુક્તિ અને દાવ-પેચથી, શામ-દામ-દંડ-ભેદથી ચારધારી છલ-નીતિથી હિન્દુધર્મ અને હિન્દુ જાતિને નષ્ટ કરીને પોતાનો બનાવટી કપોળ કલ્પિત પોકળ પંથ ફેલાવવાના ચમત્કારોની વાતો ગોઠવી દીધી છે તેમજ સ્વર્ગ-ભેસ્તની લાલચો આપીને ભોળા લોકોને લૂંટી ખાવા માટે ઠામ ઠામ કેવા ઠગાઈના થાણાં જમાવી, પોતાનો પાપી પેશો ચલાવવાના ગજબ જેવા મહાન ષડયંત્રો ગોઠવેલા છે. તેનો રોમાંચક અને શબ્દે શબ્દ સાચો ભેદી ઈતિહાસ વાંચવો હોય, તો આ એક જ પુસ્તક ખરીદો.

ઈશ્વરી અવતારોની બનાવટી કથા !

એ સતપંથ કે નવીન હિન્દુધર્મને નામે વૈદિકધર્મનું એક કપોળ કલ્પિત રૂપ ધારણ કરી અરેબિયન નાઈટસના કિસ્સા જેવું ગપગોળાનું બનાવટી ખોખું ઉભું કરીને, તેમાં હિન્દુ દેવદેવીઓ તથા બુદ્ધ દેવને અને ઈસલામી ઈમામોને એક સાથે સંડોવી ગોઠવી દઈને, નુરસતગોર, ઈમામશાહ, ત્રિકમ ઠક્કર, પીર સદરુદીન, કબીરદીન વગેરે પ્રપંચી પાત્રોએ રચેલી અદ્‌ભુત ઈન્દ્રજાળ ! અમીની ગોળી, ઠાકોરજીનો પ્રસાદ, પાવન કરનારો છાંટો, ભેસ્તની હુંડી - સ્વર્ગની રજાચીઠ્ઠી, પીરાણાની જાત્રા, ગંગવો કુવો અને કાકા તેમજ મુખીઓની રસભરી અલબેલી રાસલીલા ! વગેરે વાંચી વાંચીને પેટ ભરીને હસો.

નકલંકી અવતારની એક અદ્‌ભુત નવી રચના !

"હિન્દુ પુરાણોમાં જણાવેલો ઈશ્વરનો દસમો અવતાર, જે કલિયુગ પુરો થયે નકલંક થવાનો જણાવેલો છે. એ તો અરબસ્તાનમાં ઈમામરૂપે પેદા થઈ પણ ચૂક્યો છે ! બ્રહ્મા, વિષ્ણુ અને શંકરે તો આ વખતે મ્લેચ્છના ઘરમાં અવતારો લઈને નવી લીલા કરેલી છે !" એવી ઠગાઈનો એક રસીલો હેવાલ !

સતપંથી સૈયદો અને કાકાઓની જાદુઈ કપટજાળ !

પંજાબ-સિંધ-કચ્છ-ગુજરાત-ઉત્તરહિંદમાં ઠેકઠેકાણે ખાના અને જમાતો સ્થાપીને, જાહેર અને ગુપ્ત રીતે સેવકોની ગતગંગા વહેવડાવી, ઘટ પાટ-ગાયત્રી અને કલમા-નિમાજ તથા હેજંદાના નવરંગી કચુંબરનો ખીચડો બનાવી, લાખો હિન્દુ ભાઈઓની આંખે પ્રપંચના પાટાઓ લગાવીને, કેવી રીતે તેમને વટલાવવા તેમજ ઠગવામાં આવે છે અને દશોંદ, વીશોંદ, ખુમ્સ, ખેરિયાત વગેરે બહાને લાગા-લગવા-કર અને જકાતના બનાવટી લાકડાંઓ ઘૂસાડી તેમને ખોટી લાલચે કેવી રીતે નીચોવી નીચોવીને પાયમાલ કરવામાં આવે છે, તેના અદ્‌ભુત પ્રસંગો, પ્રમાણો અને પરચાઓ વાંચો !

સૈકાઓ સુધી રાત્રે ઘટપાટ બિછાવી ભજવાતાં આ પ્રપંચ નાટકનું, અંધારી દીવાલો વચ્ચે દટાઈ રહેલું સતપંથનું હજારો રૂપિયા ખર્ચતાં પણ મળી ન શકે એવું, સંપૂર્ણ સાહિત્ય !

મહોર, નબુવત, રોજા અને દલદલ ઘોડાના સુંદર સપ્તરંગી ચિત્રો અને તેમનો ભેદી ઈતિહાસ !

નુરમાનું-બાજનામું-રતનનામું-નાદેઅલી, પીરશાહનો પાઠ, તૈયબનો કલમો, દશ અવતાર, ક્રિયાઓ, ઘટ-પાટ, બુદ્ધાવતાર, મૂલબંધ, દશંતરી ગાવંતરી, બનાવટી સંધ્યા વગેરે અનેક ગોઠવી કહાડેલાં વિચિત્ર ગ્રંથોના ચોકઠાંથી ઉભા કરેલા પીરાણા સતપંથ, પ્રણામીપંથ, આગાખાની, ચિસતીયા, સુફી, જ્યોતિપંથ, નકલંકી, ગુપ્તપંથ, સુફીપંથ, વામ માર્ગ વગેરે અનેક છુપા ધર્મોનો સીલસીલાબંધ મહાભારત ઐતિહાસિક મહત્ત્વવાળો ભેદી ગ્રંથ !

આ એક જ ગ્રંથ વાંચવાથી હિન્દુ ધર્મને અનેક રીતે હાનિ પહોંચાડનારા અને ભોળા હિન્દુ ભાઈઓને મહાન પ્રપંચોથી ફોસલાવી, લલચાવી-પ્રપંચજાળમાં પકડી, વટાળીને ભ્રષ્ટ કરી ધન-ધર્મ-જાતિ તેમજ સન્માનનું પણ હરણ કરી લઈને હિન્દુધર્મના દુશ્મન બનાવનારા, કરપીણ કારખાનાઓની ભયંકર કુટિલ કળાઓનો તાદૃશ્ય ચિતાર તમારી આંખો સામે ખડો થશે !

દુનિયાની સપાટી ઉપર અનેક ધર્મીઓને ઠગાઈથી વટલાવવા માટે કેટલાંક મહાન ભેજાંમાંથી ઉપજાવેલું એક પ્રત્યક્ષ બહેસ્ત (ભેસ્ત) તેના ભેદભરમો અને રસીલા ભોગવિલાસના પ્રપંચ પડદાઓ !

ઉપરના બધા ધર્મોની ઉત્પત્તિ અને આજ સુધીની સ્થિતિ તથા જન્મથી મરણ પર્યંત એ ધર્મના સેવકો અને અનુયાયીઓને કરવાની ક્રિયાઓ તેમજ જગતને ઉંધે રસ્તે ચડાવવાની યુક્તિઓ હિન્દુઓને ધર્મદ્રોહી, દેવદ્રોહી અને દેશદ્રોહી બનાવનારી એક ભીષણ જાળ ! ખાનાં કે રૂહની કત્લગાહ ! તેના તથા અદ્‌ભુત પરચાઓના રદીઆ અને સતપંથની ખામીઓ વિગેરે અનેક કલિલીલાઓનો આ મહાન્ અદ્‌ભુત ચિત્રપટ જુઓ !

સતપંથી કાકા અને મુખીઓના જુલમ-દુરાચાર તેમજ પ્રપંચોનું પોગળ, જે વાંચી વાંચીને તમો જરૂર અજબ બની જશો.

આ પુસ્તકનું કદ રોયલ આઠ પેજી (મોટા પાના) લગભગ ચારસો થશે.
ગ્લેઝડ ચીકણા કાગળ, સુંદર ચિત્રો, જંતર-મંતર અને વંશાવળીના કોઠાઓ, પાકું સોનેરી પુઠું અને સવિસ્તાર ભૂમિકા તેમજ અનુક્રમણિકા સહિતઆ મહાન ગ્રંથ હજારોના ખર્ચે તૈયાર કરેલો હોવા છતાં, ધર્મ સેવા અને જાતિ સેવાના હેતુથી તેની પડતર કિંમત ફક્ત રૂા. ૩ ત્રણ જ રાખવામાં આવી છે.

થોડા જ વખતમાં બહાર પડશે ! અગાઉથી ગ્રાહકો થઇ પૈસા ભરનારને પોસ્ટ વી.પી.ખર્ચ માફ. જલ્દી નામ નોંધાવો.ગ્રાહક પુરતાં જ પુસ્તકો છપાતાં હોવાથી, પછી વખતે નહીં મળી શકે, તો પસ્તાવું પડશે.

લખો - **પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રેક્ટર**
કચ્છ વિરાણીવાળા - હાલ-ઘાટકોપર (જીલ્લો થાણા)

કુટીલોની કુટીલતા ઉપર સર્ચલાઈટ
પીરાણા પંથના કહેવાતા આચાર્યોએ ગંગાજીના નામથી ઉભું કરેલું પાખંડ.
પટેલ નારાયણજીભાઈએ તોડેલી પ્રપંચ જાળ તે જોઈ
સૈયદ બાવાસાહેબે પાડેલી ચીસો અને તેને મળેલો આ જવાબ

આજના સુધરતા જમાનામાં પણ ધર્મના નામે ધુતીખાનારાઓ સત્યતાને વેગળી મુકી રાત્રી દિવસ પોતાના નીચ કર્તવ્યમાં રચ્યા મચ્યા રહી અભણ અને ભોળા માણસોને ફસાવવા પોતાની કપટબાજીની જાળ પાથરતાં રહે છે ને ફસાવીને પોતે પોતાની નીચતાના ગુણોને લઈ મલકાય છે અને પોતાની રચેલી ઠગબાજીની જાળમાંથી કોઈ પણ છટકી જવા ન પામે એવા પ્રયત્ન કરતા રહે છે. પણ આખરે સત્યનો જ જય થાય છે.

સતપંથના નામે ઠગીખાતા કાકા તથા સૈયદો માંહેના એક સૈયદ બાબા સાહેબે ઈમામશાહનું બનાવેલું રગસીયું ગાડું ભાંગી પડતું જોઈ પોતાના કર્મ ઉપર અંધાર પછેડો નાખી પીરાણા પંથનો ખોટો બચાવ કરી ભોળા હૃદયના માણસોમાં પોતાને પવિત્ર તેમજ પુણ્યશાળી બતાવવા સારૂં (પોતાની જ્ઞાતિમાં નહીં) અવાર નવાર ખોટા પાયા વગરના લેખો તેમજ હેન્ડબીલો છપાવ્યા જાય છે. કેમ જાણે સૈયદની આખી કોમમાં એવો બીજો કોઈ પણ વિદ્વાન છે જ નહીં. પોતાના કોમના કટી દુશ્મન તેમજ વિરોધી બનેલા છે ને ઘણી વખત હડધુત થયેલા છે. (પીરાણા ગુરૂ મંડળે તેને ઘણી વખત પીરાણા પંથ બાબત હેન્ડબીલો દ્વારા સવાલ જવાબ પુછેલા છે, પણ બાવા સાહેબથી તેના સાચા જવાબ આપી શકાણા નથી.) છતાં ("જાનમાં કોઈ જાણે નહીં હું લાડાની ફુઈ") એવો હિસાબ છે. તો પણ આગળ આગળ થઈ જ્ઞાતિને ઠગવા પોતાની કુટિલ નીતિ છોડવાનું હજી મન હા કહેતું નથી તેનો દાખલો

હાલમાં અમારા સુધારક જ્ઞાતિની દાઝ ધરનારા પટેલ નારણજી રામજીભાઈએ "પ્રપંચીઓના પાપ ને કલી મહારાજની લીલા" એ નામનું હેન્ડબીલ છપાવીને બહાર પાડેલ છે. તેના સત્યતા ભરેલા લખાણથી કાકા લક્ષ્મણ કરમશીને પોતાની (બાવા સાહેબની) સીખાડેલી પ્રપંચ લીલા ઉઘાડી પડતી જોઈ બાવા સાહેબથી સાંખી શકાણી નહીં. જેથી પોતે કાકાના દલાલ બની (કારણકે કાકો તો કાળા અક્ષરને કુટી મારે છે.) બચાવ કરવાના બહાને "મહાન ધુર્તબાજની પોળ" એ નામનું એક હેન્ડબીલ છપાવીને બહાર પાડેલ છે. તેમાં સત્યતાને છુપાવી પરનિંદા, બિભત્સ તથા જેમ આવડયું તેમ ભસી માર્યું છે. તેમાં નવાઈ શું છે? કહેવત છે "જેવો આહાર તેવો ઓડકાર","જાત વીના ભાત પડે નહીં" ઉપરોકત હેન્ડબીલમાં સાચું શું છે, તે તો સમજુ અને વિદ્વાન ભાઈઓ પોતે જ સમજશે.

૧૩. કુટીલોની કુટિલતા ઉપર સર્ચલાઈટ - દિ. 13-Jun-1925

બાવા સાહેબ આપ આપના હેન્ડબીલમાં કાકાઓ તથા સૈયદોને પવિત્ર અને પુણ્યશાળી કહો છો, તો તમો કેટલા પુણ્યશાળી અને પવિત્ર છો તે જન સમાજથી અજાણ્યું નથી. સૈયદ ઈમામશાહે પાંચસો વરસથી જેમ તેમ થુંક ચોપડી રાખેલો ખીચડીઓ પંથ આજે છીન્નભીન્ન થઈ ગયો છે. તે પણ તમારી અને કાકાઓની પવિત્રતાના પ્રતાપે તમારી ઉભયની આજે એવી દશા થઈ છે કે "ન ત્રણમાં ન તેરમાં ન છપનના મેળમાં" તમોએ તમારા હેન્ડબીલમાં જેમ ફાવે તેમ નીંદા કીધી છે. પણ દીવાની પાછળ અંધારૂં હોય તે પોતાથી જોઈ શકાતું નથી. તમો ઈર્ષાથી અન્ય સાધુઓને ધુર્તો દગાબાજો અને કુકર્મીઓના માન ચાંદો આપો છે. ને તેવાઓના નાટકો ભજવાય છે એમ લખો છો. પણ પોતાના સૈયદોનો વિચાર કરો, તમારામાં એવાતો નરબહાદુર પડયા છે કે પોતાનું તેમજ પોતાના બાપનું ને જાતનું પણ નામ બતાવતા નથી. જેમ વર્ણસંકર પેદા થયેલ હોય ને બાપનું નામ છુપાવતો હોય તેમ છુપાવેલ છે. તેનો પુરાવો સાં.૧૯૭૭ ની સાલમાં પોશ મહિના{Year :1920-21}માં અમુક તારીખે કોઈ ગોરરજાઅલી નામનો સૈયદ કરાંચીમાં કયાંકથી રઝળતો ફુટી નીકળ્યો હતો. તેણે પોતાનું તેમજ બાપનું જુઠું નામ લખાવી જાત બદલી ન હિન્દુ ન મુસલમાન એવો મજકુર સૈયદ હિન્દુનો દીકરો બની પોલીસમાંથી ખોટો પાસ લઈ નામદાર બ્રિટીશ સરકારના અમલદારોને ઠગી બીજા બે ભાડુતી માણસો લઈ રણછોડ લાઈનમાં સનાતની દક્ષીણી બ્રાહ્મણ બની પીરાણા પંથના મતલબનું ગોળમટોળ ભાષણ કરી ભોળા માણસોને ફસાવતો હતો. પણ કુળ હંમેશા છુપું રહી શકતું નથી. જાહેરમાં ભાષણ હતું જેથી કેટલાંએ માણસ ભેગાં થઈ ગયાં ને સવાલ જવાબ કરતા તેની કપટબાજીની જનસમાજને ખબર પડતાં મજકુર સૈયદની શું દશા થઈ ને શું ઈનામ મળ્યું તે તો તે જ જાણે. "રામબાણ" વાગ્યા હોય તે જાણે. બોલો બાવા સાહેબ તમે કહેલા ધુર્તો દંગલબાજો ને કુકર્મીઓ સાધુઓ વધે કે હિન્દુને પોતાનો બાપ બનાવનાર તમારો સૈયદ વધે ? એ તમારે જ સમજવાનું છે.

ઈમામશાહના બનાવેલા નુરનામા, બાજનામા, નાદેઅલી, મોરનબુવત તથા ઘલઘલ ઘોડાના નામથી લલચાવી ભોળવી લુંટ ચલાવતા હતા ને ઠગી ખાતા હતા તે સર્વેના ચમત્કાર આજે કયાં ગયા? આટલા દિવસ તમારા ઈમામશાહે ચલાવેલા સતપંથમાં "નુરની ગોળી" દરેક સારા યા નરશા કામમાં વપરાતી હતી તે "નુરની ગોળી" વિષે અમારી પાટીદાર જ્ઞાતિમાંથી ઘણા માણસોને વહેમ પડવાથી તમોએ પોતાની નીચ યુક્તિ વાપરી કોઈ છટકી જાવા પામે નહીં તે સારૂં પીરાણામાં ગંગાજી પ્રગટ થયેલાં છે એવું ધતીંગ ઉભું કરી માણસોને ઠીક ફસાવવા લાગ્યા છો. પણ તમારે અને ગંગાજીને શું લાગે વળગે ? હિન્દુઓમાં પવિત્ર મનાતાં ગંગાજીને માનનારા બાવીસ કરોડ હિન્દુઓ હજી હસ્તિ ધરાવે છે. છતાં તેને મુકીને તમારા જેવા ધર્મભ્રષ્ટો,વિશ્વાસઘાતી તથા માંસાહારી સૈયદોને ત્યાં પગલાં કરી પોતાનો અલૌકીક ચમત્કાર બતાવી દર્શન દઈ પવિત્ર કરે એવો તમારામાં કયો દૈવી ગુણ છે? પીરાણા પંથના આચાર્યોને ગુરૂઓ તમારી ભુલ થાતી હશે. આજે દુનિયામાં પ્રખ્યાત અને મશહુર જે પતીત પાવની ગંગાજી છે તે નહીં હોય પણ પીરાણા સતપંથ હિન્દુ ધર્મ વિજય પતાકા નામની ચોપડી જે સંવત ૧૯૭૫ સને ૧૯૧૯ની સાલમાં કચ્છ માનકુવાના પટેલ જીવરાજ વસ્તા તથા પેથાભાઈ રામજી ઘોળુ તરફથી પીરાણા પંથનો બચાવ કરવા સારૂ છપાઈને બહાર પડી હતી. તેમાં લખેલ છે કે આગળ એક જગન્નાથ નામના પંડિત હતા. તે વિદ્વાન હતા. તે જ્ઞાતિના કહેવાથી કોઈ એક બાદશાહ પાસે અથર્વવેદ શીખવા ગયા હતા. જ્ઞાતિએ જરૂર પડે તો બાદશાહ સાથે જમવાની છુટ આપી હતી. પણ બાદશાહે હઠ પકડી કે મારી યવની નામની શાહજાદી છે તેની સાથે લગ્ન કરો તો હું શીખવું. આખરે પંડીતે "યવની" સાથે શાદી કરી પછી અથર્વવેદ ભણી "યવની"ને સાથે લઈ

પોતાને ગામ આવ્યા. જ્ઞાતિને સર્વે વાત કરી. જ્ઞાતિએ વાંધો લીધો કે તમોએ તેની સાથે લગ્ન કર્યું માટે અમે તમોને જ્ઞાતિમાં રાખી શકીશું નહીં. પંડીતજીતો કાંઈ પણ બોલ્યાં નહીં પણ એક વખત જ્ઞાતિ ભોજન હોવાથી "યવની" પંગતમાં આવી બેઠી. જેથી જ્ઞાતિના માણસો પંડીતજી પાસે ગયા. તેને સમજાવીને "યવની"ને પંગતમાંથી ઉઠાડી. પંડીતજીએ જ્ઞાતિ પાસે માંગણી કરીકે જો ગંગાજી અમોને પોતાના ચમત્કારથી જો નવરાવીને પવિત્ર કરે તો જ્ઞાતિમાં લેશો કે નહીં ? સર્વેએ હા કહી. બીજે દિવસે પંડીતજી તથા "યવની" ગંગાજીના ઘાટ ઉપર બાવનમે પગથીયે બેઠાં અને દરેક માણસના દેખતાં પંડીતજીએ અથર્વવેદના શ્લોક બોલવા શરૂ કર્યા કે એક એક શ્લોકે એક એક પગથીયું ગંગાજી ઉપર ચડતાં આવ્યા. એવી રીતે બાવનમાં પગથીયાની લગોલગ આવી પહોંચ્યાં. પંડીતજી બાવનમો "યવની" માટેનો શ્લોક બોલતાં જ ગંગાજી પંડીતજીને પવિત્ર કરી સ્નાન કરાવી પોતાને ઠેકાણે બેસી રહ્યા. ને જ્ઞાતિએ પંડીતજીને તથા "યવની"ને પોતાની જ્ઞાતિમાં લીધા. બાવાસાહેબ તે જ તમારા ગંગાજી ન હોય. જેમાં તમોએ ગોળમટોળ કરી મા મુસલમાન અને બાપ હિન્દુથી ઉત્પતિ બતાવી છે. પણ તે વાત માનવામાં આવતી નથી કારણકે તે પુસ્તક વાંચતા જ તમોએ તે પુસ્તક છપાવનાર પટેલ જીવરાજ વસ્તા તથા પેથાભાઈ રામજીને પીરાણે બોલાવી દમદાટી દઈને તે લેખ કેન્સલ(રદ) કરાવ્યો. ઉપરોકત બીના જાણીને તે હકીકત તમોને જ લાગુ પડતી હશે એમ ચોકકસ દેખાઈ આવે છે. ને પોતે પોતાના હાથથી બંધાણા છો એમ જાણી ગયા. જો પોતાની ઉત્પત્તિ કબુલ કરો તો તમારી પેદાશ વર્ણશંકરથી સાબીત થાય અને જો બીજા કોઈ અન્ય મુસલમાનના વાંચવામાં તે પુસ્તક આવે તો તમોને જવાબ આપવો ભારી પડી જાય. જેથી તમોએ કાકાઓ તથા કચ્છના આગેવાનોમાંથી તમારા સલાહકાર પટેલોને પીરાણે બોલાવીને મજકુર ધણીને દબાવીને તે પુસ્તક દબાવી મુકયું. તો હવે અમારે બીજા કયા ગંગાજી સમજવા તેનો જન સમાજ આગળ ખુલાસો કરશો.

યાદ રાખજો કે હવે એ જમાનો વહી ગયો છે કે અમારા કડવા તથા લેવા પાટીદાર ભાઈઓ તમારી જાળમાં ફસાય તમારી તથા કાકાઓની લુચ્ચાઈ પાટીદારો જાણી ગયા છે. અમદાવાદમાં તમો તથા કાકાઓ કોર્ટોમાં કેસ લડી રહ્યા હતા જેના ઘરમેળે પંચ કચ્છના આગેવાનોમાંથી અમુક પીરાણે આવેલ હશે તે થયા હતા. તેની પાછળથી તે કેસમાં સાક્ષીની જરૂર પડતાં કચ્છ નખત્રાણાની કોર્ટમાં કમીશન ગયું. ત્યાં તપાસ ચાલી પંચ (આમીન) થયેલા માણસોની જુબાનીઓ લેવાણી, પીરાણાથી સૈયદ પુંજામીયાં તથા કાકો નથુ પણ આવેલ હતા. જેમાં સૈયદે ખાસ તકરાર લઈ લડત ચલાવી ને કાયદેસર પીરાણા પંથને માનનાર ખાસ ન હિન્દુ કે ન મુસલમાન છે એમ સાબીત કર્યું. તેની પ્રસ્તાવીક નિબંધમાં જુબાનીઓ પણ બહાર પાડેલ છે તેમજ ઘણાં ભાઈઓએ કોર્ટમાં હાજર રહીને સાંભળેલ છે. તે ઉપરાંત ગામ વિથોણના ખાનામાં ત્રણ પાંચડા ભેગા થયાં હતા. જેના રૂબરૂ સ્વર્ગસ્થ નથુકાકાએ (જેમનો આત્મા બાવા ઈમામશાહ પાસે ઈનામ લેવા ગયેલ છે) કહ્યું હતું કે પીરાણા પંથ ભવઈયાની રમતમાં "જંદાના વેશ જેવો છે". આજે એ જ કાકાઓ અને તમે કોર્ટમાં લડી પાછા બંનેએ પોતાની નીચતા વાપરી કણબી જ્ઞાતિને ઠગવા સારૂ ગંગાજીના નામની ગપ ઉડાડી, અરે પાટીદારો શું એટલું પણ નહીં સમજે કે આ બધો પ્રપંચ છે. જો કદી તમારી વાત સાચી હોય ને ગંગાજી પ્રગટ થયાં હોય તો શું ? તમારા વડીલ પીરાણા પંથના સ્થાપક ઈમામશાહમાં અકકલ ન હતી ? કે ખબર ન હતી ? પોતાના પુસ્તકમાં સાફ લખેલ છે કે આખરે અઢી મુંમન રહેશે અને સૈયદો લોટ લઈ જાશે તેને કોઈ રોટલો પણ ઘડી આપશે નહીં. જયારે અમારા પાટીદારોને તથા બીજા ઘણાં માણસોને ફસાવી મારનાર ઈમામશાહને આટલી ખબર હતી ને પોતે લખ્યું છે તો પછી તમારા કહેવાતા ગંગાજીની કેમ ખબર પડી નહીં ? જો

તેણે આગળથી ભાંખ્યું હોત તો હજી પણ થોડા ઘણાં માણસો કબુલ કરત. આતો તમારા ઈમામશાહ કરતાં તમારી અક્કલ વધી ગઈ. હવે કાંતો તમારી ગંગાજી ખોટા ઠરાવો નહીંતો તમારા ઈમામશાહને ખોટા ઠરાવો.

હિન્દુઓમાં પૂજ્ય અને પવિત્ર મનાતા ગંગાજીનું જળ કોઈ પણ હિન્દુ પાસે હોયને કોઈ બીજો હિન્દુ માગણી કરે તો તે આપવામાં અચકાતો નથી. પણ તમારા જેવાં તમારા શિષ્યો કે ઠગભગતો તમારા દલાલો તમારી કહેવાતી બનાવટી ગંગાજીનું પાણી આપતાં અચકાય છે અને ખોટા બહાના બતાવી આપતાં જ નથી. એ તમારી તેમજ તમારી ગંગાજીની સત્યતા સાબિત કરે છે.

તમો તમારા હેન્ડબીલમાં પટેલ નારાયણભાઈના લેખનો જવાબ આપવા સારૂં છપાવવા સારૂ પીરાણા પંથના માનનાર કોઈ પણ વ્યક્તિ પાસે પૈસાની માંગણી કરો છો ! શાબાશ છે ! બાવા સાહેબ ભોળા માણસોને ઠગી ખાવાની ઉસ્તાદી સારી શીખ્યા છો. આ તો સતપંથી પૈસા આપે તો છપાવો. વાહ શી યુક્તિ ! "દાન તુમારા કામ હમારા" એવો તાલ છે. તમારા વડીલ ઈમામશાહે આવો ખજાનો "ઈમીટેશન સોના જેવો" પંથ ચાલુ કરી આપ્યો. સોનાની ખાણ તમારા સારૂં મુકતો ગયો. તેને તમોએ ખૂબ ઉપયોગમાં લીધો. હવે જ્યારે તે પડી ભાંગવા લાગ્યો ને ડગમગી ગયો ત્યારે તેની મરામત કરાવવા સારૂં તમારી પાસે પૈસા નથી. કેટલી શરમની વાત છે ! જયારે તમારાથી આટલી નજીવી રકમ પણ નથી ખરચી શકાતી તો તમારા વડીલ ઉપર ને તેને બનાવેલા પંથ ઉપર તમોને કેવોક પ્રેમ હશે તે દેખાઈ આવે છે.

હવે કાં તો સત્યતાથી જવાબ આપો ને નહીં તો "ગાજરની તુતુડી વાગી ત્યાં સુધી વાગી, નહીં તો ફેંકી દીધી" એવો રસ્તો કરો. કચ્છી કહેવત પ્રમાણે "કુટણ મુઠી ખુણે રુવે" એવો તમારો વખત આવ્યો છે. બાકી હવે તમારૂં ખરાબામાં અથડાયેલું વહાણ પાર ઉતરશે નહીં. કોઈ પણ ઠેકાણે સાચો સત્યતાનો કિનારો જોઈ ઉતરી જાઓ ને ભાંગેલા વહાણને મુકી દો. તેમાં તમારૂં બંનેનું ને અન્યનું પણ શ્રેય છે. નહીં તો બીજાઓનું તો થવાનું હશે તે થશે પણ તમોને વહાણવટીઓની માફક વગર મોતે દરીયામાં ડુબી મરવા જેવો વખત આવશે માટે ચેતો. આખરે સત્યનોજ જય થાય છે ને કુકર્મીઓના કાળા મોંઢા થાય છે. (અસ્તુ)

લી. શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક મંડળના તરફથી

રણછોડ લાઇન કરાંચી તા. ૧૩-૬-૨૫ **સેક્રેટરી પટેલ શીવજી કાનજી**

Online Text Based
(can use for translation)

Source Document

॥ श्री गणेशाय नमः ॥

કચ્છના કડવા પાટીદાર ભાઈઓનો

કીર્તિધ્વજ !

યાને

સંવત ૧૮૩૨ { Year : 1775-76 } માં થયેલા નિંદ્ય ઠરાવનું નિકંદન

છપાવી પ્રસિદ્ધ કરનાર,


કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિના આગેવાનોના હુકમથી
પટેલ જીવરાજ વસ્તા કોન્ટ્રાક્ટર
ગામ-માનકુવાવાળા, તા.કચ્છ-ભુજ

પ્રત ૨૦૦૦ ઈ.સ.૧૯૨૬

મૂલ્ય : સત્યનું પ્રતિપાલન

મુદ્રણ સ્થળ : આદિત્યમુદ્રણાલય, રાયખડ રોડ, અમદાવાદ
મુદ્રક : ગજાનન વિશ્વનાથ પાઠક

કચ્છ દેશમાં શાંતિથી મક્કમપણે પીરાણા સતપંથના પાખંડો ઉઘાડા પાડનાર સુજ્ઞ બંધુ



શ્રી પટેલ વાલજીભાઈ રામજીભાઈ
ગામ-વિરાણીવાળા (કચ્છ)

કચ્છના કડવા પાટીદાર ભાઈઓનો કીર્તિધ્વજ !

યાને

સંવત ૧૮૩૨ { Year : 1775-76} ની સાલમાં થયેલા નિંદ્ય ઠરાવનું નિકંદન !

પીરાણામાં નવા કાકાને ગાદીએ **બેસાડવા નિમિત્તે કચ્છ દેશથી** આવેલા કણબી જ્ઞાતિના આગેવાનોએ જ્ઞાતિના હિત માટે કરેલા ઠરાવો.

સંવત ૧૯૮૨ના પોષ સુદી સાતમને મંગળવાર તા. ૨૨ માંહે ડિસેમ્બર સને ૧૯૨૫.

૧. અમો કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિ સમસ્તના આગેવાનો **અમદાવાદ** મુકામે ભેગા થઈને નીચે પ્રમાણે ઠરાવ કરીએ છીએ કે, આપણી જ્ઞાતિમાં આજે કેટલાક વર્ષો થયા, આપણને ન શોભે તેવા રીતરિવાજો આપણી અજ્ઞાનતા તથા ભોળા સ્વભાવને લઈને ઘુસી ગયા છે. જેથી આપણને વખતો વખત ઘણું સોસવું તથા શરમાવું પડે છે અને હિન્દુજનતાના વ્યવહારમાં પણ આપણને ઘણો મતભેદ પડે છે. તેથી આજના દેખતા જમાનાને અનુસરી, તેમાં યોગ્ય ફેરફારો કરવા જોઈએ, જેથી જગતમાં હાંસીને પાત્ર થતા બચીએ તથા આખી દુનિયામાં સર્વની સાથે દરેક જાતના વ્યવહારમાં ભળતા રહી શકીએ.

૨. આપણી જ્ઞાતિએ સતપંથ ધર્મનો સંવત ૧૫૯૨ના કારતક સુદ ૨ને શુક્રવારે { VSAK : 07-Nov-1535 } સ્વીકાર કર્યો હતો. પરંતુ ત્યાર પછી બસો ચાલીસ (૨૪૦) વર્ષ પછી એટલે સંવત ૧૮૩૨ { Year 1775-76 }ની સાલ સુધીના સઘળા રીતરિવાજો બરાબર હતા. પરંતુ **નખત્રાણા મુકામે આખી જ્ઞાતિના આગેવાનો તથા કાકા પ્રાગજી અને વલીમીયાં સૈયદે જે ઠરાવ સં. ૧૮૩૨ના પોષ વદ ૧૩ { VSAK : 19-Jan-1776 } ના દિને કરેલ છે, તે ઠરાવને અમો આજ દિને આખી જ્ઞાતિના આગેવાનો ભેગા થઈને રદ કરીએ છીએ અને અસલના જુના રીતરિવાજો પાછા ચાલુ કરવાને આખી જ્ઞાતિને છૂટ આપીએ છીએ.**

૩. આપણી જ્ઞાતિમાં લગ્નક્રિયા ચોરીથી શાસ્ત્રવિધિ પ્રમાણે કરવાની તેમજ મરણ ક્રિયા પણ શાસ્ત્રાર્થ વિધિ પ્રમાણે જ કરવી એવો ઠરાવ કરીએ છીએ.

૪. મરણની ક્રિયા અગ્નિદાહથી કરવી, તેમજ હર કોઈ પ્રકારે કરવાની છુટ આપીએ છીએ.

૫. આજ રોજે આપણે ઠરાવ કરીએ છીએ કે, **સૈયદોને** આપણે **કચ્છમાં** આવતા બંધ કરીએ છીએ અને જો કોઈ સૈયદો કચ્છમાં આવે તો આપણી જ્ઞાતિના કોઈ પણ ભાઈએ તેનો સ્વીકાર કરવો નહિ અને તેમને આશરો પણ આપવો નહિ.

૬. આપણી જ્ઞાતિના ધર્મ પાળનારાઓએ સનાતન ધર્મની આજ્ઞા પ્રમાણે વર્તવું અને બરાબર આચારવિચાર પાળવા તથા સંધ્યા કર્મ વિગેરે નિત્યકર્મ કરવા.

૭. આપણી જ્ઞાતિમાં ધર્મ સંબંધી તથા વહેવાર સંબંધી બોલવા ચાલવા તથા આચાર-વિચાર પાળવા અને પહેરવા ઓઢવા વિગેરે બધી બાબતોમાં અયોગ્ય રીવાજો છે, તેને કાઢીને યોગ્ય રિવાજો કરવા, તેનો ઠરાવ કરીએ છીએ.

૮. અનાદિકાળથી સરખો ચાલી આવેલ આપણા **સનાતન ધર્મને** કાંઈ પણ ઊણપ નહિ આવે, એવા યોગ્ય ફેરફારો કરવા.

ઉપરના સઘળા ઠરાવો અમો સઘળા નીચે સહી કરનારાઓ સમસ્ત જ્ઞાતિના આગેવાનોએ એકમતે ભેગા બેસીને સર્વની રાજીખુશીથી કર્યા છે. તે જ્ઞાતિના સર્વ નાના તેમજ મોટા દરેક ભાઈઓને કબૂલ છે.

(૧) પટેલ શીવજી જેઠા ગામ-નખત્રાણાવાળાની સહી.
દા.અબજી વીરજીના ધણીના કહેવાથી.

(૨) પટેલ અબજી વીરજી ગામ-નખત્રાણાવાળાની સહી. દા.પોતે

(૩) પટેલ મેગજી પ્રેમજી ગામ-નખત્રાણાવાળાની સહી.
દા.ગોપાળ રતનાના ધણીના કહેવાથી.

(૪) પટેલ મનજી શીવજી ગામ-નખત્રાણાવાળાની સહી.
દા.ગોપાળ રતનાના ધણીના કહેવાથી.

(૫) પટેલ કરસન પચાણ ગામ-નખત્રાણાવાળાની સહી.
દા.ગોપાળ રતનાના ધણીના કહેવાથી.

(૬) પટેલ ઉકેડા પચાણ ગામ-નખત્રાણાવાળાની સહી. દા.પોતે.

(૭) પટેલ વીરજી માનણ ગામ-નખત્રાણાવાળાની સહી.
દા.ઉકેડા પચાણના ધણીના કહેવાથી.

(૮) પટેલ વીશરામ શામજી ગામ-નખત્રાણાવાળાની સહી.
દા.ગોપાળ રતનાના ધણીના કહેવાથી.

(૯) મુખી ગોપાળ રતના ગામ-વેરસલપરવાળાની સહી દા.પોતે.

(૧૦) પટેલ રાજા વિશરામ વેરસલપર (૧૧) પટેલ ગોપાળ વિસરામ વેરસલપર (૧૨) પટેલ લાલજી વિસરામ વેરસલપર (૧૩) પટેલ અબજી લધા વેરસલપર (૧૪) પટેલ જીવા ગોપાળ વેરસલપર (૧૫) પટેલ દેવશી રૈઆ વેરસલપર (૧૬) પટેલ ધનજી મનજી વેરસલપર	ની સહી.દા.મુખી ગોપાળ રતના

(૧૭) પટેલ મનજી પેથા ગામ-દેશલપરવાળાની સહી
દા.જેઠાલાલ શંકરલાલ ધણીના કહેવાથી.

(૧૮) મુખી વીરજી માધા ગામ-દેશલપરવાળાની સહી
દા.જેઠાલાલ શંકરલાલ ધણીના કહેવાથી.

(૧૯) પટેલ માવજી પેથા ગામ-દેશલપરવાળાની સહી
દા.જેઠાલાલ શંકરલાલ ધણીના કહેવાથી.

(૨૦) પટેલ રવજી લાલજી ગામ-લુડવાવાળાની સહી દા.પોતાના.
(૨૧) પટેલ ભાણજી ખીમજી ગામ-લુડવાવાળાની સહી
દા.પટેલ રવજી લાલજી ધણીના કહેવાથી.
(૨૨) પટેલ વીરજી રામજી ગામ-લુડવાવાળાની સહી દા.પોતાના.
(૨૩) પટેલ અરજણ મનજી ગામ-નવાવાસ (માંડવી)વાળાની સહી
દા.વીરજી રામજી ધણીના કહેવાથી.
(૨૪) પટેલ વીરજી કરસન ગામ નવાવાસ (માંડવી)વાળાની સહી
દા.વીરજી રામજી ધણીના કહેવાથી.
(૨૫) પટેલ વીરજી અબજી ગામ-ભડલીવાળાની સહી
દા.માવજી માનાના ધણીના કહેવાથી.
(૨૬) મુખી માવજી માના ગામ-ભડલીવાળા સહી દા.પોતે
(૨૭) પટેલ કાનજી રતના ગામ-ગઢશીશાવાળાની સહી
દા.નાનજી ભાણજીના ધણીના કહેવાથી
(૨૮) પટેલ માવજી શામજી ગામ-દેશલપરવાળાની સહી દા.પોતે
(૨૯) પટેલ પચાણ રામજી ઉર્ફે પ્રભુદાસ રામભાઈ ગામ-અંગીયાવાળાની સહી દા.પોતે
(૩૦) પટેલ પેથાભાઈ રામજી ગામ-માનકુવાવાળાની સહી દા.પોતે.
(૩૧) પટેલ કાનજી રતના ગામ-માનકુવાવાળાની સહી દા.પોતે
(૩૨) પટેલ અરજણ દેવશી ગામ-માનકુવાવાળાની સહી
દા.પચાણ દેવજી ધણીના કહેવાથી.
(૩૩) પટેલ પચાણ દેવજી ગામ-માનકુવાવાળાની સહી દા.પોતાના
(૩૪) પટેલ ભીમજી રામજી ગામ-માનકુવાવાળાની સહી દા.પોતે
(૩૫) પટેલ જીવરાજ વસ્તા ગામ-માનકુવાવાળાની સહી દા.પોતે

ઉપર પ્રમાણે અમદાવાદમાં જ્ઞાતિના આગેવાનોએ કરેલા ઠરાવો જે ભાઈઓના વાંચવામાં આવે તેવા ભાઈઓએ યોગ્ય લાગે તો સંમતિના પત્રો નીચે જણાવેલા ઠેકાણે મોકલી આપવા.

પટેલ જીવરાજ વસ્તા કોન્ટ્રાક્ટર
ઠેકાણું - જૈન દેરાસરગલી, જિ.થાણા, મુ.ઘાટકોપર.

સંવત ૧૮૩૨{ Year 1775-76 }ની સાલમાં જ્ઞાતિએ કરેલા નિંદ્ય ઠરાવની નકલ

ઠરાવ

"સં.૧૮૩૨ના પોષ **વદ ૧૩** { VSAK :19-Jan-1776 } ના દિને ગામ શ્રી નખત્રાણા મધ્યે જ્ઞાતિપંચ ભેળા થઈ **બારોટ ગવરીદાસ શાંમદાસ** તથા **ગોર જાની દયાશંકર ભગવાનજીને રજા દીધી** છે. આજ દિવસ પછીથી બારોટ પાસે વહીવંચો લખાવવો નહિ, તેમ બારોટને કાંઈ પણ આપવું નહિ, તેમજ ગોર **દયાશંકર ભગવાનજીના** વંશજ, તેમજ કોઈ પણ બ્રાહ્મણ પાસે ચોરી તથા લગ્ન પ્રસંગે પણ કાંઈ કર્મ કરાવવું નહિં, ને કોઈ ભાટ તથા બ્રાહ્મણને માનશે, તે નાતનો ગુનેગાર છે. **બાવા ઈમામશાના** ધર્મને માનનારા આપણા કણબી ભાઈઓ, જેણે સં.**૧૫૯૨**ના કારતક સુદ-૨ શુક્રવારે { VSAK : 07-Nov-1535 } બાવાનો ધર્મ અંગીકાર કરેલ છે. તે ભાઈઓએ આજ દિવસ સુધી વહીવંચો લખાવ્યો છે અને બ્રાહ્મણ પાસે સુતક કર્મ, મરણની ક્રિયા તથા લગ્નની ક્રિયા કરાવી છે, પણ હવેથી આપણા **ગુરૂ ઈમામશાના ધર્મનો** ખરો રસ્તો **બાવા ઈમામશાહના વંશના** સૈયદો તથા હાલે જે **પીરાણાની** ગાદી ઉપર ટિલાયત **કાકા પ્રાગજીના** હુકમથી અને ધર્મને સમજીને બ્રાહ્મણ તથા ભાટને નહિં માનવા. નીચે મુજબ ગામના પટેલીયાનો પંચ ભેગો થઈ ઠરાવ કર્યો છે, તે આપણી આખી નાતને કબુલ મંજુર છે.

(૧) ગામ નેત્રાના પટેલ લખમણ સૂત નારણ નાકરાણી, પટેલ નારણ આબજીઆણી તથા પા.સામા ભાવાણી.
(૨) ગામ વિરાણીના પા.માંડણ તથા રૈયા નાકરાણી, પટેલ પાંચા પાંચાણી, લધા દીવાણી તથા માના બાથાણી.
(૩) ગામ શ્રી વિથોણના પા.દેવજી, ભગત કાનજી, ગણેશ સેંઘાણીવાલા નાથાણી તથા વસરામ સુરાણી.
(૪) ગામ શ્રી નખત્રાણાના પા.ભોજા માનાણી, પા.સૂરા, પા.નાંયા સેંધા, ગોરાવાલા, દેવરાજ તથા કમા સુરાણી.
(૫) ગામ મથલના પા.હરભમ પોકાર, મેઘા નાનજીઆણી તથા રતના ચૌધરી
(૬) ગામ શ્રી ઘડાણીના પા.કેસરા, વીરજી તથા પેથા પોકાર.
(૭) ગામ શ્રી ખોંભડીના પા.પાંચા તથા અબજી પોકાર.
(૮) ગામ શ્રી અંગીયાના પા.અખઈ, મેઘા, માંના તથા કાનજી પારસીયા
(૯) ગામ શ્રી દયાપરના પા.મનજી સોમજીયાણી, પા.સુરા, મુખી જીવા તથા ભીમા રૈયાણી.
(૧૦) ગામ દરશડીના પા.ડુંગર, ગોપાલ, લખમણ, કરસન પોકાર, દેવજી સેંઘાણી, ખેતા પુંજાણી તથા હરભમ.
(૧૧) ગામ શ્રી સરવાના પા.કેસરા તથા કરસન હરજી પબાણા.
(૧૨) ગામ શ્રી કુરબઈના પા.દેવસી તથા મૂળા.
(૧૩) ગામ શ્રી મંગવાણાના પા.ગોરા ચોપડા તથા કચરા
(૧૪) ગામ શ્રી ભડલીના પા.ગોવા ઠાકરાણી તથા માંડણ ભોજાણી
(૧૫) ગામ શ્રી માનકુવાના પા.કરમસી, સુત ભીમજી, ધનજી, રામજી તથા કરસન.

નાત સમસ્ત મળી ખાંનામાં, ગામ નખત્રાણામાં બાવાના પાટ આગળ, ધુપ દીવો કરી **ઈમામશાના** ધર્મના

માટે નક્કી કરી, **ગોર દયાશંકર ભગવાનજી** તથા **ગવરીદાસ શામદાસને** રજા દીધી છે. આખી નાતે મળીને કહ્યું કે સં. ૧૫૯૨ના કારતક સુદ-૨ શુક્રવાર { VSAK : 07-Nov-1535 } ના દહાડાથી ધર્મ **ઈમામશાનું** લીધું છે, તે આજ દીન સુધી ગોર તથા ભાટને પાસે પોતાનો વહીવંચો તથા ક્રિયા કરાવી, હવેથી નહીં, તે દાનકી સંવત ૧૮૩૨ના વરખે પોષ વદ-૧૩ { VSAK : 19-Jan-1776 } ને દિને રજા દીધી છે, તે માટે આજ દિન પછી બ્રાહ્મણ કે ભાટને આવે તો ઉભા રહેવાની આંટ નહિ. આજ દિવસ પછી ગોર તથા ભાટને માનશે તે નાતનો ગુનેગાર થશે. બાવા **ઈમામશાના** ઘરથી નાતબહાર છે. તે ગામ **શ્રી નખત્રાણાના** ખાંનામાં બાવાના પાટ આગળ ધુપ કરીને આખી નાત મળીને લખત કીધું છે. અને **કાકા પ્રાગજીના** તથા બાવા ઈમામશાના વંશના **સૈયદ વલીમીયાંની** રૂબરૂ પ્રતિજ્ઞા કરી છે, તે આખી નાતને વંશ પરંપરા કબુલ મંજુર છે. આ લખતનો મસુદો ગામ **વિરાણીના કણબી માંડણ અખીઆણી તથા વીરજી વેલાણી તથા નાત સમસ્ત મળી** પહોર દિવસ ચડે કર્યો છે. ”

Online Text Based
(can use for translation)

Source Document

॥ उमादेव्याः कृपास्तु ॥

કરાંચીમાં સ્થપાયેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિસુધારક યુવક મંડળના કામકાજનો

રીપોર્ટ

છપાવી પ્રસિદ્ધ કરનાર
શ્રી કચ્છ કડવા પાટીદાર યુવકમંડળના તરફથી

પટેલ શીવજીભાઈ કાનજીભાઈ પારસીયા

- રણછોડલાઈન - કરાંચી

મુદ્રણ સ્થાન : આદિત્ય મુદ્રણાલય, રાયખડરોડ, અમદાવાદ
મુદ્રક : ગજાનન વિશ્વનાથ પ્રકાશક

નિવેદન

આજે કેટલાંએ વર્ષો થયા જ્ઞાતિહિત સાધવાનું કાર્ય જ્ઞાતિના ઉત્સાહી અને કર્મવીર બંધુઓના પુરૂષાર્થથી ચાલી રહ્યું છે. જુદે જુદે ઠેકાણે જ્ઞાતિ સુધારક યુવકમંડળોની સ્થાપના કરી, જ્ઞાતિમાં ઘર કરી બેઠેલો અર્ધદગ્ધ **'પીરાણા સતપંથ'** કે જે ન હિન્દુ તેમજ ન મુસલમાન જેવા પાખંડી પંથની રાહે અમારી જ્ઞાતિ ચડી જવાથી, જ્ઞાતિમાં અનેક અધમ રીતરિવાજો દાખલ થવા પામ્યા છે. તેને નિર્મૂળ કરવા યુવક મંડળના સભ્યો જ્ઞાતિની પરિષદો ભરી, ઠરાવો અને ભાષણો કરી, અનેક રીતે પ્રયત્નો કરી રહ્યા છે અને તેથી જ્ઞાતિમત પણ સારો કેળવાયો છે. છતાં જ્ઞાતિમાં જુલમગાર આગેવાનોના અસહ્ય ત્રાસથી કેટલાક ભાઈઓ હજુ ડરે છે. તેથી જેવો જોઈએ તેવો સુધારો થઈ શક્યો નથી. જ્ઞાતિમાંથી અધમ રીતરિવાજોને દૂર કરવા માટે પ્રથમ કરાંચીમાં જ્ઞાતિ ભાઈઓની પહેલી પરિષદ મળી હતી અને ખરું જોતાં ત્યારથી જ જ્ઞાતિના નવયુવકોમાં બોલવા ચાલવાની હિંમત આવી હતી અને પોતાના દુઃખો અરસપરસ જાહેર કરી શક્યા હતા. પરંતુ જ્ઞાતિમાંથી એ પીરાણા સતપંથનું પાખંડ દુર કરવાનું તથા આગેવાનોની ગુલામીમાંથી છુટા થવાનું સાહસ કોઈ કરી શક્યું ન હતું. પરંતુ ત્યાર પછી બીજી વખતની પરિષદ પણ કરાંચીમાં જ ભરવામાં આવી હતી કે, જેમાં ઘણું વહેવારું કામ થયું હતું અને તેના જ પરિણામે **દયાપર, પાનેલી, રવાપર, (મુંબઈ) ઘાટકોપર** વિગેરે જુદે જુદે સ્થળે રહેતાં અમારી જ્ઞાતિના ઘણા ભાઈઓ તેમજ બહેનોએ પીરાણાના પાખંડી પંથને ત્યાગી દેહશુદ્ધિ કરાવી પાવન થયા હતા. પરંતુ જ્યારે જ્ઞાતિની ત્રીજી પરિષદ **ઘાટકોપર** મુકામે મળી હતી, ત્યારે તો સેંકડો ભાઈઓ તેમજ બહેનોએ ખુલ્લા હૃદયથી આગેવાનોના ખોટા ભયને ત્યજી દઈ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લીધું હતું, જેના રિપોર્ટો પણ છપાયા છે. પરંતુ તે પ્રસંગે પણ અમો જ્ઞાતિ સુધારક ભાઈઓમાંના કેટલાક લોકો એવી દલીલ કરતા હતા કે, જ્ઞાતિ સાથે રહીને જોઈતો સુધારો વધારો કરીશું તો પણ કાર્ય ઘણું સારી રીતે થઈ શકશે. આવા પ્રકારની દલીલો કરવામાં અમારી જ્ઞાતિની પહેલી પરિષદના **પ્રમુખ રા.રાજાભાઈ શામજી ગામ માનકુવાવાળા** મુખ્ય હતા. હું પણ તેમની આ વાતને ટેકો આપનારામાંનો એક હતો, પરંતુ ઘાટકોપર પરિષદ મળી હતી, તેને આજે બે વર્ષ થઈ ગયા છે છતાં પણ જ્ઞાતિમાં રહીને અમો એ મતને માનનારા ભાઈઓ આજ સુધીમાં કશું કરી શક્યા નથી. ઉલટું એવા મતને પ્રતિપાદન કરનારા ભાઈઓ નાત બહાર જ રહ્યા છે. ત્યારે જે ભાઈઓ પીરાણા સતપંતને ત્યાગી દેહશુદ્ધિ કરાવી પાવન થયા છે, તેમની સંખ્યામાં તો વધારો થતો જ રહ્યો છે.

પરંતુ કરાંચીવાસી ભાઈઓમાંના કેટલાક સત્ય સમજવા છતાં માંહોમાંહે મતભેદો કરી રહ્યા હતા, જેના કારણથી કરાંચીમાં સંતોષપૂર્વક કાર્ય થતું નહોતું, જેથી આવા ખોટા મતભેદોથી થતા વિઘ્નો દુર કરવા માટે જ અમો કરાંચીવાસી ભાઈઓએ મુરબ્બીશ્રી નારાયણભાઈને આમંત્રણ મોકલ્યું હતું અને ખરેખર આજે તેમની સમજાવટથી જ અમારા મતભેદો દુર થઈ ગયા છે અને મને પણ પૂર્ણ ખાત્રી થઈ છે કે, **'પીરાણા સતપંથનું કાળું કલંક માથે રાખી પીરાણા સતપંથી ભાઈઓ કે જેઓ સૈયદોથી વટલે છે, નુરની અપવિત્ર ગોળી પીએ છે, તેમજ ફરમાનજી બીસમીલ્લાહનો કલમો ભણે છે એવાઓની સામે દરેક પ્રકારનો વ્યવહાર ચાલુ રાખેથી કાર્ય સિદ્ધી થાય જ નહિ?** તેથી જ મારી જ્ઞાતિના સુજ્ઞભાઈઓ તેમજ બહેનોને ખાસ નમ્રતાપૂર્વક અરજ કરું છું કે, પીરાણા સતપંતનો ત્યાગ કરી, દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી શુદ્ધ સનાતન ધર્મની ફરીથી દીક્ષા લેવી, એના જેવો એકે બીજો ઉત્તમ માર્ગ નથી.'

લી.જ્ઞાતિસેવક, પટેલ શિવજીભાઈ કાનજીભાઈ-ગામ-નખત્રાણાવાળા

કરાંચીમાં સ્થપાયેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવકમંડળની

એક જાહેર સભા

તા.૧૪-૩-૧૯૨૬ને રવિવારની રાત્રે સાડા દશ વાગ્યાના સુમારે કચ્છી કડવા પાટીદાર ભાઈઓની એક જાહેરસભા કચ્છી પાટીદાર ભાઈઓના રહેવાના મોટા કમ્પાઉન્ડમાં જ્ઞાતિ સુધારક યુવક મંડળના પ્રમુખ **ડાહ્યાભાઈ લખુ પટેલના** અગ્રેસરપણા નીચે ભેગી મળી હતી. પ્રથમ શરૂઆતમાં કેટલાક નવયુવકોએ કુળદેવી ઉમિયા માતાની સ્તુતિ કર્યા બાદ યુવક મંડળના સેક્રેટરી ભાઈશ્રી **શીવજી કાનજી** ગામ-નખત્રાણાવાળાએ તે દિવસની સભા બોલાવવાનું કારણ રજુ કરતાં જણાવ્યું હતું કે :-

"આજે આપણી જ્ઞાતિના આદ્યસુધારક, અભણ યુવકોના શીરછત્ર અને પીરાણા સતપંથ જેવા અર્ધદગ્ધ પાખંડી પંથની પોલો હિન્દુ જનતાની સમક્ષ ખુલ્લી કરી એ અર્ધદગ્ધ પંથમાં ફસાઈ પડેલી આપણી ભોળી જ્ઞાતિને ઉગારનાર, આપણા મોંઘેરા મહેમાન પૂજ્ય ભાઈશ્રી **નારાયણજી રામજીભાઈ** તથા તેમની સાથે પધારેલા વિરમગાળાવાળા આપણી જ્ઞાતિના શુભેચ્છક ભાઈશ્રી **માણેકલાલ કુબેરદાસને** માન આપવા, તેમજ અત્રેની આપણા ભાઈઓની સ્થિતિથી તેઓશ્રીને વાકેફ કરવા, તેમજ તેમની પાસેથી આપણી જ્ઞાતિના હિત સંબંધીના કાંઈક નવા ઉદ્‌ગારો સાંભળવા માટે આજની આ સભા બોલવવામાં આવી છે."

ઉપર મુજબનું સંબોધન કર્યા બાદ યુવક મંડળના સેક્રેટરી ભાઈ શીવજી કાનજીએ તાળીઓના ગડગડાટ વચ્ચે રા.રા.ભાઈશ્રી નારાયણજીભાઈ રામજીભાઈ તથા ભાઈશ્રી માણેકલાલ કુબેરદાસને હારતોરા પહેરાવ્યા હતા. ત્યારબાદ વધુ વિવેચન દ્વારા તેમણે જણાવ્યું કે, **"રા. રા. નારાયણજીભાઈને** તો તમો બધા ભાઈઓ તેમજ બહેનો ઓળખો છો, એટલું જ નહિ આપણા કચ્છ દેશના ગામોગામમાં તેઓશ્રીનું નામ મશહુર છે. તેઓશ્રી **પ્રથમ** બે વખત કરાંચીમાં આવી ગયા છે. આપણી જ્ઞાતિના **યુવક મંડળો** તેમજ જ્ઞાતિ હિતની **પરિષદો** પણ એઓ ભાઈશ્રીના અથાગ પરિશ્રમ વડે જ ઊભી થઈ છે. એ વાત સુપ્રસિદ્ધ છે. એટલું જ નહિ પણ જ્ઞાતિ સુધારાની હિલચાલે જે વહેવારું રૂપ કરાંચીમાં આપણી જ્ઞાતિની પહેલવહેલી પરિષદ મળી ત્યારથી જ લીધું છે, કે જેના માટે કરાંચીમાં વસતા આપણા સર્વ ભાઈઓ મગરૂબી ધરાવીએ છીએ, પરંતુ ખરું જોતાં આપણને એવી રીતે મગરૂબ થવાનો પ્રસંગ ભાઈશ્રી નારાયણજીભાઈના જ પ્રયાસોનું ફળ છે. એ ભાઈશ્રીની પ્રથમ મુલાકાત વખતે તો આપણે સર્વે ભાઈઓ એમની સાથે વાતચીત કરતાં પણ ડરતા હતા, કારણ કે તે વખતે આપણી જ્ઞાતિમાં આપણા કહેવાતા

આગેવાનોનો એવો તો સખ્ત ભય અને ત્રાસ હતો કે જેથી આપણે છેક જ નમાલા થઈ ગયા હતા. ભાઈશ્રી **નારાયણજીભાઈની** સાથે વાત કરનારને પણ જ્ઞાતિ નાત બહાર મૂકી દે એવી બીકને લઈ આપણે બધા ભીરૂ હૃદયના થઈ ગયા હતા. પરંતુ એ સર્વ ભીરૂતા અને નમાલાપણું આપણામાંથી દુર કરી આપણને ખરા મનુષ્ય બનાવનાર પણ એ જ બંધુ છે. એટલું જ નહિ પણ પીરાણા સતપંથ જેવા પાખંડી પંથ એટલે કે ન હિન્દુ તેમજ ન મુસલમાન એવા અર્ધદગ્ધ પંથની ફાંસાજાળમાંથી આપણને છોડાવી એ પાપી પંથને માર્ગે જતા અટકાવી શુદ્ધ સનાતન વૈદિક ધર્મને રસ્તે ફરીથી ચડાવનાર પણ એજ બંધુ છે."

તેમની સાથે પધારેલા વિરમગામવાળા ભાઈશ્રી માણેકલાલ કુબેરદાસ પણ આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના હિતચિંતક અને શુભેચ્છક છે. એ ગુજરાતી ભાઈઓનો પણ આપણા ઉપર અનહદ ઉપકાર છે. આપણે જો કે પીરાણા સતપંથ જેવા અર્ધદગ્ધ પંથની રાહે ચડી જઈ પતિત થઈ ગયા હતા, છતાં પણ બંધુભાવ દાખવીને ગુજરાતના એ જ્ઞાતિ સુધારક ભાઈઓએ, તેમજ એ વીર જ્ઞાતિએ આપણને ફરીથી બાથમાં ભીડી દઈ પોતાનો બંધુભાવ દર્શાવી આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે, એમાનાં જ આ સુજ્ઞબંધુ માણેકલાલ પણ આપણું હિત હૈયે ધરી આવી લાંબી મુસાફરી કરીને આપણને મળવા માટે અત્રે પધાર્યા છે. જેથી આજે અમો કરાંચીવાસી ભાઈઓના હૃદયમાં અપૂર્વ આનંદની અતિશય ઉર્મિઓ ઉછળી રહી છે.

આગળ બોલતાં ભાઈ શીવજી કાનજીએ જણાવ્યું હતું કે, "આપણી જ્ઞાતિનું હિત હૈયે ધરી, જ્ઞાતિમાં મૂળ ઘાલી બેસેલા અનેક પ્રકારના નાના સડાઓ દૂર કરાવવાને મુરબ્બીશ્રી નારાયણજીભાઈએ જે જે તનતોડ મહેનતો તથા ઝુંબેશ ઉઠાવી છે, તેનો બદલો તો આપણાથી વાળી શકાય તેમ છે જ નહિ. એમની ઉદાર લાગણી, જ્ઞાતિ પ્રત્યેનો પૂજ્યભાવ અને જ્ઞાતિની કરેલી અમૂલ્ય સેવાનો સરવાળો કે ગણતરી પણ કરી શકાય તેમ નથી.

પીરાણા સતપંથ જેવા અર્ધદગ્ધ પંથના માર્ગે ચડી જવાથી આપણી જ્ઞાતિમાં કેટલાક એવા તો અધમ રીતરિવાજો દાખલ થઈ ગયા છે કે, જેનું ભાઈશ્રી નારાયણજીભાઈએ આપણને ભાન ન કરાવ્યું હોત તો આપણી કુર્મી ક્ષત્રિય જ્ઞાતિ આજે મુમના મુસલમાનમાં ભળી ગઈ હોત એમાં જરાપણ શંકા નથી. આજે પણ આપણે બધા સુધારકો ગણાઈએ છીએ છતાં સૌ કોઈ પોતપોતાના ધંધારોજગારમાં મચ્યા પડ્યા છીએ. પરંતુ ભાઈશ્રી નારાયણજીભાઈએ તો પોતાની હજારોની કમાણીને તિલાંજલી આપી રાત-દિવસ જ્ઞાતિ હિતની ધૂન લગાવી આજે વર્ષો થયાં તો એજ કાર્યની પાછળ મંડ્યા પડ્યા છે. આપણે ઘોર નિંદ્રામાં ઉંઘીએ છીએ, ત્યારે એ ભાઈ આપણા માટે ઉજાગરા વેઠી કરાંચી જેટલા દૂરના પ્રદેશમાં પણ આપણને જાગૃત કરવા, ઘરના પૈસા ખર્ચી અનેક સંકટો સહન કરી આપણને એ કુટીલ પ્રપંચી પંથના કારસ્તાનો ખોલી તેનું ગુઢ રહસ્ય સમજાવવા મથી રહ્યા છે. આથી તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. પરમાત્મા પાસે નમ્ર પ્રાર્થના કરી યાચું છું કે, જ્ઞાતિ સેવા કરવાના કાર્યમાં આપણા નવયુવકોને વધુ જાણકાર બનાવવા માટે તેઓશ્રીને લાંબું આયુષ્ય અર્પે અને શરીરે આરોગ્ય રાખે અને સુખસંપત્તિ અર્પે."

ત્યારબાદ પટેલ **રતનશીભાઈ શીવજી નાકરાણી** ગામ-રવાપરવાળાએ ગદ્‌ગદીત કંઠે બોલતાં જણાવ્યું કે, "મારું હૃદય ભરાઈ ગયું છે, પૂજ્ય મુરબ્બી નારાયણજીભાઈને નજરે જોઈને મારી આંખોમાં સ્નેહના અશ્રુઓ છુટે છે. એ ભાઈશ્રીએ આપણી જ્ઞાતિના માટે જે જે કર્યું છે, તેનું વર્ણન થઈ શકે તેમ નથી. ઈતિહાસ પ્રસિદ્ધ છત્રપતિ

શીવાજી મહારાજના માટે કહેવાય છે કે - **"શીવાજી ન હોત તો સુન્નત હોત સબકી"** એજ પ્રમાણે આપણી જ્ઞાતિના **વીરરત્ન ભાઈશ્રી નારાયણજીએ** પીરાણા સતપંથની વિરુદ્ધ જહેમત ન ઉઠાવી હોત અને આપણને એ ઈંદ્રજાળીક ભેદભરમોથી ભરપૂર ભરેલા ગુપ્ત પંથનું ગૂઢ રહસ્ય સમજાવ્યું ન હોત તો, આજે આપણી જ્ઞાતિ અર્ધદગ્ધ મુમનાઓમાં મળી જતે અને અંતે આપણને મુસલમાન થવું જ પડત. પરંતુ જ્ઞાતિના સદ્‌ભાગ્યે આપણને પૂજ્ય નારાયણજીભાઈ જેવા વીરબહાદુર બંધુ કુળદેવી ઉમિયા માતાજીના પ્રતાપે મળી ગયા છે અને તેથી જ આજે આપણે ઉંચું મુખ કરી દુનિયામાં બોલી શકીએ છીએ. એ બધો પ્રતાપ તેઓ ભાઈશ્રીનો છે, એમાં કોઈનાથી ના કહેવાય જ નહિ. બીજા પણ ઘણા ભાઈઓએ એ દિશામાં કામ કર્યું છે, પરંતુ ખરેખરું કાર્ય અને કસોટીએ કસાઈને અનેક દુ:ખો અને આફતો સહન કરી આપણને ખરા માર્ગે ચડાવવાનું માન તો એઓ મુરબ્બીને જ ઘટે છે.

હજુ પણ આપણા જ્ઞાતિભાઈઓમાંનો ઘણો મોટો સમૂહ પીરાણા સતપંથની પાપી જાળમાં ફસાયેલો જ પડ્યો છે. એટલું જ નહિ પણ આપણામાંના કહેવાતા સુધારકો પણ કેટલાંક કારણોને લીધે હજુ સુધી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી શક્યા નથી, તેથી આપણે ખરેખર શરમાવું ઘટે છે. જ્ઞાતિના દરેક ભાઈઓ તેમજ બહેનોને મારી નમ્ર પ્રાર્થના છે કે, પૂજ્ય ભાઈશ્રી નારાયણજીના માટે તમને બહુ માન છે અને તે હું જાણું છું અને તમો બધા તેમના દર્શન માટે તલપી રહ્યાં હતા તે વખત પ્રભુએ તમને આજે આપ્યો છે. તો તે તમારા પૂજ્ય ભાવની ખાતર પણ તમારા માથે નામનું પણ જે પીરાણા સતપંથનું કલંક છે તે નારાયણજીભાઈની રૂબરૂ કાઢી નાંખી આપણે કૃતાર્થ થવું જોઈએ અને આપણે તેમને બોલાવ્યા છે અને તેઓ અત્રે આવ્યા છે, એ બધું સાર્થક પણ ત્યારે જ થયું ગણાશે કે જ્યારે તેમની હાજરીમાં દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી શુદ્ધ થઈશું ત્યારે. એજ મારી તમો સર્વે ભાઈઓ તેમજ બહેનો પ્રત્યે નમ્ર પ્રાર્થના છે. પરમાત્મા તમને આવા શુભ કાર્યમાં એકમત થવાની સદ્‌બુદ્ધિ અર્પે.

ત્યારબાદ **રા.રા. નારાયણજીભાઈ** રામજીભાઈએ વળતો જવાબ આપવા ઉભા થતાં સર્વ ભાઈઓએ તેમજ બહેનોએ તેમને તાળીઓના અવાજથી અને ઉમિયા માતાની જય ગર્જનાથી વધાવી લીધા હતા. પોતાનું ભાષણ શરૂ કરતાં તેમણે જણાવ્યું કે, "તમો કરાંચીવાસી ભાઈઓએ આજે જે માનથી મારું સ્વાગત કર્યું છે, એના માટે હું તમો સર્વનો ઉપકાર માનું છું. ભાઈશ્રી **શીવજી કાનજી** અને ભાઈશ્રી **રતનશી શીવજીએ** મારા માટે જે જે માનના શબ્દો વાપર્યા છે, તે મારા માટે અતિશયોક્તિ ભરેલા અને હદ ઓળંગી જનારા ગણાય. એવા માન મરતબાને હું હજુ લાયક નથી. હું તો એક જ્ઞાતિ સેવક છું, જ્ઞાતિસેવા એ મારું મુખ્ય ધ્યેય છે. સેવકને માન કે પ્રતિષ્ઠાની દરકાર ન હોય. તમોએ આજે જે શબ્દો બોલી મારું માન વધાર્યું છે. તેજ પ્રમાણે મેં ઘણા ભાઈઓના મોઢાથી જ્ઞાતિનું અહિત કરનાર, જ્ઞાતિનું સત્યાનાશ કાઢનાર તરીકે એવા પણ કેટલાંક વિશેષણો સાંભળ્યા છે. મને તો એવા માન કે અપમાનથી જરા પણ હર્ષ કે શોક થતો નથી. આપણા બધાઓને માથે જ્ઞાતિનું ઋણ છે. તેમાંથી મેં કવચિત પાઈ કે પૈસા જેટલું ઋણ અદા કર્યું હશે, પરંતુ તેટલાથી મારે એમ નથી સમજવાનું કે, હું એ ઋણમાંથી મુક્ત થયો છું ! તેવી જ રીતે તમો સર્વ ભાઈ બહેનોને શીર પણ એ ઋણ તો છે જ. એનો વિચાર એક મનુષ્ય તરીકે તમારે પોતાની બુદ્ધિથી જ કરવાનો છે."

ભાઈઓ ! હું અત્રે પ્રથમ બે વખત આવી ગયો છું. મેં નિહાળેલ પ્રથમની સ્થિતિ અને આજની સ્થિતિ સરખાવતા તેમાં ઘણો ફેરફાર લાગે છે. તમો સર્વ ભાઈઓ બોલેચાલે અને કામકાજ કરવામાં ઠીક તૈયાર થયા લાગો છો. એ જાણી મને હર્ષ પણ થાય છે. તેની સાથે સાથે શોક પણ થાય છે. કારણ કે મને પ્રથમ કરાંચીમાં બોલાવનાર અને જ્ઞાતિ હિતના કાર્યોની વાટાઘાટ કરનાર અને મારા વિચારોમાં સંમત થઈને જ્ઞાતિ હિતનું કાર્ય પ્રથમ હાથ ધરનાર મારા પૂજ્ય મુરબ્બી **નાનજીભાઈ પચાણ નાકરાણી** ગામ-નખત્રાણાવાળા તથા મારા આત્મબંધુ ભાઈશ્રી **ખેતાભાઈ ડોસા** પોકાર જેવા નિરાભિમાની અને શુદ્ધ સાત્વિક બુદ્ધિવાળા જ્ઞાતિના સુપુત્રો આજે આ ફાની દુનિયાને છોડી આપણી વચ્ચેથી ચાલી ગયા છે. એમની ખોટ પુરાય તેમ નથી. ખરું જોતાં એમના જ પ્રતાપથી કરાંચીમાં વસતી આપણી જ્ઞાતિએ અમર નામના મેળવી છે. એ ભાઈઓએ બજાવેલી જ્ઞાતિ સેવા આપણા હાથમાં હજી તાજી જ છે. એમના પ્રતાપે જ કરાંચીમાં વસવાટ કરી રહેલી આપણી જ્ઞાતિમાં આજે આટલો સુધારો થવા પામ્યો છે. આપણી જ્ઞાતિમાં સુધારા કરવાની પહેલ કરનાર એ કરાંચીવાસી ભાઈઓ જ છે. એમ હું આપને પ્રથમ કહી ગયો છું અને કરાંચીમાં જ આપણી જ્ઞાતિની પહેલવહેલી પરિષદ પણ મળી હતી. કરાંચીના નવયુવકોના ઉત્સાહે અને પ્રેમે મને વશ કર્યો છે. એટલે હંમેશાં બીજી દિશાઓ કરતાં મારી પ્રથમ નજર કરાંચી તરફ જ પહોંચે એ સ્વાભાવિક છે. એ સાથે સાથે મારે કરાંચીવાસી ભાઈઓને એટલું તો જણાવવું જ જોઈએ, કે તમોએ મને જે આનંદ અને ઉત્સાહથી અત્રે બોલાવ્યો છે, તમોએ મને જે અપૂર્વ માન આપ્યું છે, એ બધું જો તમે તમારા હૃદયને ઠગ્યા સિવાય સાચા અને શુદ્ધ હૃદયથી કર્યું હોય તો, તમારે મારી એક વાત માનવી જ જોઈએ અને તે એ કે મારા સાંભળવામાં આવ્યું છે કે, 'હમણાં કેટલાક વખતથી કરાંચી યુવક મંડળના ભાઈઓ અને દેહશુદ્ધિ કરાવી પાવન થયેલા ભાઈઓમાં કેટલાક અંશે મતભેદ પડ્યો છે.' તે તમારા જેવા ડાહ્યા અને સમજુ ભાઈઓને ન ઘટે. મતભેદો તો થાય એ શક્ય છે. પરંતુ તેથી કાર્યસિદ્ધિને જ નુકસાન થતું હોય તો તે આપણાથી કેમ સહ્યું જાય ! જ્યાં આપણે સઘળા ભાઈઓ એક સાથે મળી ધર્મયુદ્ધમાં કેસરીયા કરી બહાર પડ્યા છીએ તો પછી તે વખતે માંહોમાંહેના મતભેદોને લઈ કલહ કરીએ તો આપણું ધારેલું કાર્ય સિદ્ધ પણ થઈ શકે નહિ અને પીરાણા સતપંથના પાખંડરૂપી વજ્રમય કિલ્લાને, તેમજ આપણી જ્ઞાતિના કેટલાક ગુમાની ગઢેરાઓ કે જેઓ પોતાના તુચ્છ સ્વાર્થમાં અંધ થઈ જ્ઞાતિની પાયમાલી કરી રહ્યા છે, તેમને પણ આપણે પરાસ્ત કરી શકીએ નહિ. એટલું જ નહિ પણ આપણા ગરીબ ભાઈઓ તેમજ બહેનોને પણ આપણે સ્વતંત્રતા અપાવી શકીએ નહિ. માટે આ મારી માંગણીનું તમો સર્વે ખાસ ધ્યાનપૂર્વક વિચાર કરી તમારા હૃદયમાં એવો કોઈ દ્વેષનો ઝરો હોય તો કાઢી નાંખશો એવી મારી તમો સર્વે પ્રત્યે ખાસ નમ્ર પ્રાર્થના છે.

"આજના આવા કટોકટીના પ્રસંગે ન જેવા મતભેદો ઉભા કરો અને તેને પણ મનની નબળાઈને લઈ છોડી ન શકો અને ઉલટું સામા પક્ષને ઉતારી પાડવાની કોશિશો કરો, એ સઘળું તમારા જેવા ડાહ્યા અને સમજુ પુરૂષોનું કામ નથી. હાલે કરાંચીમાં મુખ્ય આગેવાની કરનારા કેટલાક ભાઈઓ ખોટી મમતને વળગી રહ્યા છે એમ મેં સાંભળ્યું છે, તેઓને પણ મારે એજ કહેવાનું છે કે, કચ્છમાં રહેતી આપણી જ્ઞાતિના કેટલાક આગેવાનો પણ હવે તો ડાહ્યા થઈ ગયા છે. નખત્રાણાના શિવજી પટેલ અને દેશલપરના મનજી પટેલ જેવા માણસો પણ સુધારાની વાતને વધાવી લેવા તૈયાર થઈ ગયા છે. પીરાણામાં રામજીકાકાને મુજાવર નિમતી વખતે આ બંને આગેવાનો પણ આવ્યા હતા અને પીરાણામાં પ્રસરી રહેલા વાતાવરણને જોઈ તેમને ભારે દિલગીરી થઈ હતી, તેમજ ચોક્કસ નિશ્ચય પણ

કર્યો હતો કે, જ્ઞાતિમાં જો વખતસર જોઈતો સુધારો નહિ કરવામાં આવે તો, અંતે તેનું પરિણામ બહુ જ ભયંકર આવશે. જે ઉપરથી તેઓએ જ્ઞાતિની સંમતિ મેળવી સંવત ૧૮૩૨ { Year 1775-76 } માં થયેલ નિંદ્ય ઠરાવને રદ કર્યો છે અને સઘળા જ્ઞાતિભાઈઓને હિન્દુ રીતરિવાજો પ્રમાણે વર્તવાની છુટ પણ આપી દીધી છે. ત્યારે હવે ડરવા જેવું શું રહ્યું છે? કચ્છમાં પણ કોઈ પણ પ્રકારે જ્ઞાતિમાં કનડગતો થતી નથી, તો પછી તમે કરાંચીમાં વસતા ભાઈઓ આવા પ્રસંગે આપસ આપસમાં ખોટી કનડગતો ઉભી કરી વેરઝેર રાખો એ તમોને ન શોભે.

આજે મુસલમાનો જીવ ઉપર આવીને હિન્દુઓને વટલાવવાના અનેક પ્રપંચી પ્રયત્નો આદરી રહ્યા છે, તો પછી તમો સુજ્ઞભાઈઓ આવા પ્રસંગે પણ ચેતો નહિ અને જ્ઞાતિના ભોળા બંધુઓને સમજાવો નહિ, તો જરૂર આપણી જ્ઞાતિમાંના કેટલાક ભાઈઓ મુસલમાન થઈ જશે, કે જેઓ અંતે હિન્દુ ધર્મના કટ્ટર શત્રુ બનશે. ”

વિશેષ જે ભાઈઓએ શુદ્ધિ કરાવી નથી અને અમુક બાબતસર અટક્યા છે, તેઓએ હવે કચ્છ તરફનો તથા બીજા કોઈપણ પ્રકારનો ભય રાખ્યા સિવાય અંતઃકરણથી શુદ્ધિ કરાવવી જ જોઈએ. એવી મારી એ સઘળા ભાઈઓને ખાસ વિનંતી છે. વિશેષ તમોએ મને તેમજ ભાઈશ્રી માણેકલાલને જે માન આપ્યું છે, તેના માટે હું તમો સર્વ ભાઈઓનો આભાર માનું છું પરંતુ તેની ખરી સાર્થકતા તો તમો ભાઈઓ આ અવલંબી રહેલાં કાર્યને પુરું કરશો ત્યારે જ થશે.

ત્યારબાદ ભાઈશ્રી **લાલજી સોમજી ગામ-રવાપરવાળા** તથા ભાઈશ્રી **વિશ્રામ પાંચા** ગામ-વિરાણીવાળાએ સમયાનુચિત વિવેચનો કરી ભાઈશ્રી નારાયણજીભાઈની સમજાવટને અનુમોદન આપતાં કહ્યું હતું કે :-

“આપણી પરિષદો ભરાયા પછીથી જ્ઞાતિમાં જે જે દુષ્ટ રીતરિવાજો જેવા કે, બાળલગ્ન, મરણ પ્રસંગના ખોટા ખર્ચા, એવા એવા અનેક કુધારાઓને કાઢી નાંખવાને ઠરાવવામાં આવ્યું છે. પણ એ પ્રત્યે કચ્છના આપણા આગેવાનોના જુલમ તળે એ કુધારાઓ કાઢવાને હજુ સુધી આપણે કશું કરી શક્યા નથી. વળી આપણા ઉપર **“પીરાણા સતપંથ”** પાળવાનું જે કાળું કલંક ચોંટ્યું છે, એ કલંકનો કાળો ડાઘ પણ આપણે કાઢી ન શકીએ અને આપણે સ્વધર્મ-સનાતન ધર્મનો સ્વીકાર કરી હિન્દુત્વની શોભા ન વધારીએ તો આપણી અધોગતિ થવામાં કાંઈ બાકી રહેશે જ નહિ. ”

ત્યારબાદ હિતેચ્છુ પત્રના રિપોર્ટરે એક ચિઠ્ઠી લખી ભાઈશ્રી નારાયણજીભાઈને ‘પીરાણા સતપંથ’ના સંબંધે કાંઈક ફરીથી બોલવા વિનંતી કરી હતી, જેના જવાબમાં ભાઈશ્રી નારાયણજીભાઈએ જણાવ્યું હતું કે, “એ સંબંધે મારે હવે વિશેષ નવીન કાંઈ કહેવાનું રહ્યું જ નથી. પીરાણા સતપંથ સંબંધે અનેક ભાષણો તેમજ રીપોર્ટો દ્વારા ઘણું કહેવાઈ ગયું છે અને હવે તો દુનિયાની જનતાએ **અર્ધદગ્ધ કબ્રસ્તાની** પંથને બરાબર ઓળખતી પણ થઈ ગઈ છે. એ પંથના ચલાવનારાઓએ અનેક છળપ્રપંચો અને કપટમય કાવાદાવાઓ ખેલી ભોળી હિન્દુ જનતાને કેવી રીતે ફસાવી છે, એ પણ સ્પષ્ટ થઈ ગયું છે. મુસલમાની બાદશાહોના વખતમાં જોરજુલ્મથી હિન્દુઓને વટલાવી મુસલમાન બનાવવાના પ્રયોગો નિષ્ફળ નીવડ્યા, ત્યારે યુક્તિ-પ્રયુક્તિથી વટલાવવાના કાવતરાંઓ રચાયા હતા, એ બધી વાતો ઈતિહાસ પ્રસિદ્ધ છે. એ જો હું અત્યારે કહેવા બેસું તો વાતનો છેડો ન આવે. પરંતુ એ સઘળી બાબતોનો સમાવેશ હાલમાં મારા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ **“પીરાણા સતપંથની પોલ”** નામના ગ્રંથમાં

કરવામાં આવ્યો છે. જે વાંચવાની હું મારા સર્વ જ્ઞાતિ ભાઈઓને તેમજ અન્ય સ્વધર્માભિમાની હિન્દુભાઈઓને ભલામણ કરું છું, એ ગ્રંથમાં એ અર્ધદગ્ધ કબ્રસ્તાની પંથની ઉત્પત્તિ ક્યાંથી અને કેવા કેવા સંજોગો વચ્ચે કોના હસ્તથી થઈ છે, વિગેરે અનેક પ્રકારના ભેદભરમો ખુલ્લા કરવામાં આવ્યા છે. આજે તો હું મારા જ્ઞાતિભાઈઓને એજ કહેવા માગું છું કે, જે ભાઈઓ આજે પણ અંધશ્રદ્ધાથી એ પાખંડી પંથમાં શ્રદ્ધા રાખી બેઠા છે અને રાતદિવસ બાજનામા, નુરનામા, નાદેઅલી વિગેરે મુસલમાની પ્રયોગોના પાઠો કરી ધનવાન થવા પ્રયત્ન કરે છે, તેઓ હજુ પણ પોતાની ગરીબી હાલત કેમ ટાળી શક્યા નથી? ત્યારે બીજી બાજુ જે ભાઈઓએ પીરાણા સતપંથને ત્યાગી શુદ્ધ સનાતન સ્વધર્મને રસ્તે ચડ્યા છે. તેઓ શાંતિમય જીવન વ્યતિત કરે છે એ વાત દીવા જેવી દેખાય છે. છતાં જે ભાઈઓ આ બેમાં સત્ય શું છે તેનો નિર્ણય કરી શકતા નથી, તેઓને મારે એટલું જ કહેવાનું છે કે, તમે પોતે રાતદિવસ મહેનત કરો છો, બૈરાંઓને પણ રાત્રિના ચાર કલાક નિરાંતે ઉંઘવા દેતા નથી અને કામ કામ ને કામ કર્યા કરો છો, છતાં પણ આ તમારી દરિદ્રતા કેમ ટળતી નથી? ક્યાંથી ટળે ! ખરેખરે અધર્મના રસ્તે તમારી ખરી કમાઈના પૈસાઓ ખર્ચાય છે. જેથી એના ફળ પણ એવાં જ મળે છે. તમે જે ધર્માદા પૈસા પીરાણે મોકલો છો, તેમાંથી ખરું જોતાં હિન્દુ ધર્મના કટ્ટર વિરુધ્ધી મુસલમાનો જ પોષાય છે અને તમો તેના બદલામાં નુરની ગોળી એટલે અપવિત્ર કબરોને ધોઈ તેના ઉપર ચડેલા પ્રસાદની એઠ પીઓ છો, એટલે તમારામાં તે શુદ્ધતા કે શાંતિ ક્યાંથી જ સંભવે ! જે માણસ પોતાની જાત અને ધર્મ છુપાવે તે માણસ તરીકે પણ કેમ ઓળખાય ! આ બધી વાતો મેં તમને સ્પષ્ટ રીતે તમો સમજી શકો તેવા સ્વરૂપમાં સાચેસાચી કહી દીધી છે, છતાં તમારામાંના કેટલાક એમ પણ કહેશે કે અમે શું કરીએ ! એ તો બાપદાદા કરતા આવ્યા છે, તેમ અમે પણ કરીએ છીએ. પરંતુ એ કાંઈ જવાબ કે ખુલાશો નથી. તમો સત્ય શું છે એ સ્પષ્ટ જોઈ શકો છો, છતાં પણ એવું પાપકૃત્ય કરતાં ન અટકો તો પછી તમને મનુષ્ય તરીકે પણ કેમ ઓળખી શકાય !”

વધારામાં તમો કચ્છના આગેવાનોના ભયથી પણ ડરો છો, એવી વાત તમો હંમેશા કરતા આવ્યા છો તે પણ હું જાણું છું છતાં તમને કહું છું કે આગેવાનોનો ભય કે ત્રાસ હવે પહેલાનો જેવો રહ્યો નથી અને હોય તો પણ શું થયું ! તમને તમારી શુભ ઈચ્છા પ્રમાણે વર્તવાનો હક જ નથી એવું તમે શા માટે માની લીધું છે ! સુધારકોને જ્ઞાતિના આગેવાનો શું કરી શક્યા ! જે તેઓ તમને પણ કશું કરી શકશે? એ વાત તમે તમારા પોતાના અંતઃકરણને જ પુછી ખાત્રી કરી જુઓ. બાકી ખોટી રીતે આગેવાનોની શેમાં તણાઈ જવાની કાંઈ જરૂર નથી. હું તમને જોર જુલ્મથી સ્વધર્મના રસ્તે ચડાવી શકું નહિ. તેમજ કહેવાતા આગેવાનો પણ શું તમને જોરજુલ્મથી પીરાણાના પાખંડી પંથમાં દબાવી રાખી શકે? નહિ જ ! તમને જો દુનિયામાં મનુષ્ય તરીકે જીવન ગાળવાની ઈચ્છા હોય, તો આ પવિત્ર કાર્ય આદરી એને પુરું કરો, આજે તો સુધારક ભાઈઓની સંખ્યા પણ લગભગ બે હજાર માણસોની થઈ ગઈ છે. છેવટે હું આપ સર્વ ભાઈઓને એજ વિનંતી કરું છું કે, આપસ આપસમાં હું ઉંચો ને તું નીચો આવા વાદવિવાદો કર્યા સિવાય સીધી અને સરળ વાત જે હોય તે પ્રમાણે વર્તવામાં જ આપણું ભુષણ છે. ભાઈઓ ભાઈ વચ્ચેનો વિક્ષેપ ઊભો થતાં જ દુર કરો અને જો તમારે શુદ્ધ આર્ય જીવન ગાળવું હોય તો તે અને તમે ખરેખરા કડવા પાટીદાર છો, એ તમારું ખરું સ્વરૂપ દુનિયાને દેખાડવા માગતા હો તો, એ પીરાણાના અર્ધદગ્ધ ઈસ્લામી પંથને ત્યાગી શુદ્ધ સનાતન વેદ ધર્મનો સ્વીકાર કરશો તોજ તમારું જીવ્યું અને આ દુનિયામાં મનુષ્ય જીવન ગાળ્યું તે સાર્થક થયું ગણાશે અને હું પણ તમો બધા ભાઈઓને શુદ્ધ વેદધર્મી થયેલા જોઈશ, ત્યારે જ મારા જીવનની સાર્થકતા માનીશ.

આટઆટલું તમને સમજાવ્યા છતાં તમો નહિ સમજો અને ઝાલ્યું ન છોડવાની હઠીલાઈ કરી બેસી રહેશો, તો મારું બોલવું પણ વૃથા જશે અને તમોએ જે મને આજે બોલાવી માન આપ્યું છે તે સઘળું પણ ખોટું અને દાંભિક છે એમ હું માનીશ. એટલું જ નહિ પણ મારી નિઃસ્વાર્થ સેવાનું જો કાંઈ પણ ફળ મારા જોવામાં નહિ આવશે, તો હું પણ મારું જીવન નિરર્થક ગયું સમજીશ. આથી વધારે તમારા જેવા સુજ્ઞ બંધુઓને શું કહું? જગત જનની ઉમિયા માતાજી તમો સર્વ ભાઈઓને સત્યપરાયણ થવાની સદ્‌બુદ્ધિ અર્પે એજ અંતિમ પ્રાર્થના છે.

ત્યારબાદ લેવા પાટીદાર જ્ઞાતિના વીરબંધુ **માવજીભાઈ** માસ્તરે પણ સંબોધન કરતાં કહ્યું હતું કે - "હું પણ તમારો ભાઈ છું. તમારા કાર્યમાં આજ પાંચ છ વર્ષથી ભાગ લેતો આવ્યો છું. જ્ઞાતિ સુધારાની હિલચાલો દરેક દેશમાં અને દરેક જ્ઞાતિમાં પૂરજોશથી ચાલી રહી છે. તેમાં પણ તમો કચ્છના કડવા પાટીદારભાઈઓએ તો બીજી અન્ય જ્ઞાતિઓ તેમજ અમારા તરફના જ્ઞાતિ હિતના કાર્યની સરખામણીમાં ઘણું સારું કામ કરી બતાવ્યું છે, એમ કહ્યા સિવાય ચાલે તેમ નથી, પરંતુ એથી હર્ષિત થવા જેવું કંઈ નથી. કારણ કે બે વર્ષ પહેલાં જે ઉત્સાહ તમારા યુવક મંડળમાં દેખાતો હતો તે હમણાં જણાતો નથી. ખરું કહું તો (મુંબઈ) ઘાટકોપરમાં પરિષદ મળી હતી. તેમાં તમોએ જે વિજય મેળવ્યો છે તેથી તમો ફુલાઈને બેસી રહ્યા છો અને હવે એમ સમજો છો કે કાંઈ કામ કરવાનું બાકી રહ્યું નથી, પરંતુ એમ માનશો નહિ. ભાઈશ્રી નારાયણજીભાઈએ આજે તમને ઘણું સારું સમજાવ્યું છે. તમે સર્વે ભાઈઓએ એમને માન પણ એવી જ ઘટતી રીતે આપ્યું છે. પરંતુ તે માન અને મોભો તમે જો સમજી શકતા હો તો તેમના કહેવા પ્રમાણે આપણા કેટલાક ભાઈઓ ઉપર જે હજુ થોડું ઘણું પીરાણા સતપંથનું કલંક છે. તે તેમની હાજરીમાં જ ધોઈ નાખવું જોઈએ. તે સિવાય કેટલાક દૃષ્ટાંતો આપી પીરાણા સતપંથમાં વટલનારાઓને સ્વધર્મ પ્રતિ દોરવાના શિખામણના શબ્દો કહ્યા હતા અને ત્યારબાદ ભાઈશ્રી **નારાયણજીભાઈને** તથા રા.**માણેકલાલભાઈને** સંગીત દ્વારા આવકાર આપી ઉમિયા માતાની જય બોલાવી મોડી રાત્રે સર્વે ભાઈઓ ઘર તરફ ગયા હતા."

તા.૧૫-૩-૧૯૨૬ના દિવસની કાર્યવાહી

તા.૧૪-૩-૨૬ની રાત્રે રા.**નારાયણજીભાઈને** માન આપવા મળેલી સભાના કામકાજથી કેટલાક નવયુવકોના મન ઉપર ઘણી સારી અસર થઈ હતી. જેથી તા.૧૫મીની રાત્રે રા.નારાયણજીભાઈને જ્યાં ઉતારો આપવામાં આવ્યો હતો, ત્યાં કરાંચી યુવક મંડળના મુખ્ય કાર્યકર્તાઓની એક ખાનગી મિટિંગ બોલાવવામાં આવી હતી. ત્યાં આગળ દરેક ભાઈએ પોતપોતાના વિચારો અને તેમાં પડતાં મતભેદો ભાઈશ્રી નારાયણજીભાઈને કહી સંભળાવ્યા હતા. જે ઉપરથી નારાયણજીભાઈએ એકબીજામાં પડતા મતભેદો દુર કરી દરેકને પોતાની ભુલ સમજાવી, જ્ઞાતિ હિતના કાર્યમાં હરકત ન આવે એ ઉદ્દેશ ધ્યાનમાં રાખી, દરેક ભાઈઓને પુરતી સમજુતી આપી હતી અને તેમના વિચારોને દરેક જણે કબુલ પણ રાખ્યા હતા. શુદ્ધિ કરવાનો પ્રશ્ન ઉભો થતાં કેટલાક ભાઈઓએ એવી દલીલ કરી હતી કે અમે પીરાણાની કબરોને માનતા નથી. અમી કે નુરની ગોળી પણ પીતા નથી. પરંતુ પીરાણા સતપંથને પાળનારની સાથે ખાવાપીવાનો વહેવાર રાખીએ છીએ, તેમાં કાંઈ હરકત નથી એવી દલીલો

કરી હતી. તેના જવાબમાં રા.નારાયણજીભાઈએ જણાવ્યું કે પીરાણા સતપંથીઓ સૈયદોથી વટલે છે, ભ્રષ્ટ કરનારી નુરની ગોળી જેવી વસ્તુઓ વાપરે છે, તેવાઓની સાથે શું આપણે ખાવાપીવાનો વહેવાર રાખી શકીએ? એવાઓની સાથે ખાવાપીવાનો વહેવાર ચાલુ રાખીએ તો સુધારાનો અંકુશ દુર થઈ જાય અને વખતના જવા સાથે આપણે આળસુ અને પ્રમાદી બનતાં પાછા એ અધોગતિના ખાડામાં પડી જવાનો પાક્કો ભય રહે છે. અંકુશ વગર કોઈ પણ કાર્ય થતું જ નથી, તેથી હંમેશા કોઈપણ જાતનું એક અંકુશ તો આપણા ઉપર હોવું જ જોઈએ.

એટલું જ નહિ પરંતુ પીરાણા સતપંથી ભાઈઓ કે જેઓ કેટલાક આપણા સહવાસમાં આવે છે, તેમને એમ પણ લાગી આવે છે કે સુધારાવાળા આપણું ખાતા નથી, તેથી જરૂર આપણે પણ શુદ્ધિ કરાવી એમની સાથે મળતા થઈ જવું એવો વિચાર તમોને થાય છે. તેથી જ એક દિવસ એમને સુધારી પ્રાયશ્ચિત કરાવવાનો સમય આવે છે. પરંતુ જો આપણે તેમની સાથે દરેક પ્રકારની ખાવાપીવાની છુટ રાખતા હોઈએ તો તેમને સ્વપ્ને પણ શુદ્ધિ કરાવી પવિત્ર થવાનો પ્રસંગ આવે જ નહિ.

તમારામાંના ઘણા ભાઈઓ તો દરોરજ નાહિધોઈ **રામરક્ષા, ગીતાજી** અને કેટલાક તો **વૈદિક વિધિ અનુસાર** સંધ્યા આદિ કર્મો કરો છો. ત્યારે પીરાણા સતપંથીઓ કે જેની સાથે તમો ખાવાપીવાનો વહેવાર ચાલુ રાખવાનું કહો છો, તેઓ તો નુરની ગોળી પીએ છે અને મહોર નબૂવત આદીને પૂજી કલમાઓ ભણે છે. તમે જ વિચાર કરો શું તમારે અને તેમને કદીયે ઐક્યતા સંભવે ! જો તમો એમની સાથે ખાવાપીવાનો સંબંધ ચાલુ રાખો તો પ્રથમ તો તમો તમારા બાળકોને વેદવિધિ અનુસાર પરણાવી ન શકો, મરણ પ્રસંગે અગ્નિસંસ્કાર ન કરી શકો, તમારે તેમની સાથે સાથે મુડદાંને દાટવાં જ પડે અને લગ્ન પણ અર્ધદગ્ધ મુસલમાની દુવાઓથી જ મુખીઓ પાસે કરાવવા પડે, એ બધું કેમ પાલવી શકે ! જ્યાં સુધી આપણે એમની સાથે પુરેપુરો અસહકાર ન કરીએ, ત્યાં સુધી આપણા કાર્યમાં વિધ્નરૂપી સાંકળ આડી જ આવેલી છે એમ તમારે ચોક્કસ સમજવું કારણ કે, હું તમને આપણી જ્ઞાતિના શુભેચ્છક રાજાભાઈ શામજીનો દાખલો આપું છું, એ ભાઈએ પોતાની દત્તક પુત્રીના લગ્ન વેદવિધિ અનુસાર કર્યા હતા તથા આપણી પરિષદના તેઓ પ્રમુખ બન્યા હતા, જેથી કચ્છની માનકુવાની નાતે તેમને નાતબહાર કર્યા છે. હજુ પણ તેમનું ઠેકાણું પડતું નથી. રાજાભાઈ પણ તમારા જેવી જ દલીલો કરે છે, છતાં પણ નાત તેમના પર ધ્યાન આપતી નથી. માનકુવામાં તેઓને પાક્કી કનડગત ભોગવવી પડે છે. એઓ તો શ્રીમંત છે, એટલે પોતાના પૈસાના બળથી કદાચ નભી શકે, તમે નહિ નભી શકો. પીરાણા સતપંથીઓ સાથે ખાવાપીવાનો વહેવાર ચાલુ રાખો તો તેના લાગાલગમ તમારે આપવા પડે અને દરેક રીતરિવાજો પણ પાળવા પડે, એ કેમ સહ્યું જાય?

તમારામાંના કેટલાક ભાઈઓ અત્રે પરદેશમાં રહો છો, એટલે જેટલો વખત બહાર રહો છો તેટલો વખત કહેવરાવો છો કે અમે પીરાણાને માનતા નથી ! છતાં જ્યારે દેશમાં જવાનું થાય છે ત્યારે તો અમીની એ ભ્રષ્ટ ગોળી પીધા વગર માબાપ કે સ્ત્રી બાળકોને પણ મળી શકાતું નથી અને તમારામાંના ઘણા ભાઈઓ પણ એ પ્રમાણે જ ગોળી પીએ છે અને પાછા અત્રે આવી સુધારાવાળાઓમાં પણ ભળે છે. તેથી એકે કાર્ય થતું નથી, જોકે પીરાણા સતપંથી આગેવાનોએ પહેલાંની માફક સખતાઈ તો નથી રાખી, છતાં પણ સુધારકોને નમાવવા, છાંટ નંખાવે અને અમીની ગોળી પીએ તેને જ નાતમાં લેવામાં આવે છે. એ વાત તમે કેમ ભુલી જાઓ છો !

રાજાભાઈ શામજી અમીની ગોળી પીવાની ના પાડે છે, તેથી જ પીરાણામાંથી નાતવાળા ભાઈઓ એમને સાથે લેતા નથી. પરંતુ રાજાભાઈએ તો હમણાં ગયા શ્રાવણ માસમાં બળજબરી કરી કોર્ટનો આશ્રય મેળવી લીસાણી લીધી હતી, તેમ તમારાથી નહિ લેવાય. માટે સાદો અને સીધો રસ્તો તો સુધારકભાઈઓને માટે એ છે કે જ્યારે તમો, એ પીરાણા સતપંથી નાત સાથે પુરો અસહકાર કરશો તો જ તમે પવિત્ર બની શકશો. તેમજ વીરતા અને પ્રભુતા પણ તમારામાં ત્યારે જ આવી જણાશે.

આ પ્રમાણેનું ભાઈશ્રી નારાયણજીભાઈનું વિવેચન સાંભળ્યા બાદ ભાઈશ્રી **અબજી મનજી સેંઘાણી ગામ-નખત્રાણાવાળા** તથા ભાઈશ્રી લધા હરજી ગામ-કોટડાવાળાએ કહ્યું કે અમે ખુબ સમજ્યા, સમજતા તો પહેલેથી જ હતા પરંતુ આળસમાં રહ્યા હતા. હવે અમે બંને જણા તો સહકુટુંબ પ્રાયશ્ચિત વિધિ તમારી હાજરીમાં જ કરાવીશું. ત્યારપછી બીજા પાંચેક ભાઈઓ પણ એમના વિચારોને સંમત થયા હતા. કેટલાક ભાઈઓએ પોતાના કુટુંબ તથા સ્ત્રી વર્ગોની લાગણી દુખાય છે અને તેથી ગૃહકલેશ ન ઉભો થાય એવા કારણો દર્શાવ્યા હતા. વિગેરે અનેક પ્રકારની મુશ્કેલીઓ બતાવી હતી. ત્યારબાદ યુવક મંડળના હિસાબ વિગેરે કરવાનું કાર્ય ભાઈશ્રી નારાયણજી હસ્તક પાર પાડવામાં આવ્યું હતું અને રાત્રે બે વાગે સૌ ભાઈઓ પોતાના કામકાજથી પરવારી નિવૃત્તિ માટે ગયા હતા.

તા.૧૬-૩-૧૯૨૬ના દિવસની કાર્યવાહી

તા.૧૫મીની રાત્રે મળેલી ખાનગી મિટિંગમાં ચર્ચાયેલી વાતની ખબર સ્ત્રી વર્ગમાં પડતાં અને તેમાં મુખ્યત્વે તેમનો જ (સ્ત્રીઓનો) દોષ પુરૂષો તરફથી બતાવવામાં આવેલો હોવાથી, પોતાના ઉપર આવેલા દોષનું નિવારણ કરી સત્ય જાહેર કરવા કેટલીક બહેનોએ એ બાબતની ફરિયાદ ભાઈશ્રી નારાયણજીભાઈ આગળ કરવા તા.૧૬મીના દિવસે જ્યોતિ ધામમાં બહેનોની એક સભા બોલાવી ભાઈશ્રી નારાયણજીભાઈ આગળ પોતાની ફરિયાદો રજુ કરતાં કેટલીક સુજ્ઞ બહેનોએ કહ્યું હતું કે - “ તમોએ પુરૂષ વર્ગને જે શિક્ષણ આપ્યું છે, તેમાંની અમને કોઈ કાંઈ વાત કરતું નથી. શુદ્ધિ કરાવવાના કાર્યમાં અમો બહેનો આડે આવતી નથી, તેમજ દયાપર અને પાનેલીની કેટલીક બહેનોની માફક અમારામાંથી કોઈ પણ અગ્રેસરપણું લઈ શકતી નથી, એ જ અમારી નબળાઈ છે. આ પ્રમાણેની આ ભોળા હૃદયની બહેનોની વાતો સાંભળી ભાઈશ્રી નારાયણજીને સ્નેહના અશ્રુઓ આવી ગયા હતા અને જણાવ્યું કે :-

“દેવીઓ તમે ખરેખરી દેવીઓ જ છો ! દેવતાઓને જ્યારે દુષ્ટ રાક્ષસોએ ત્રાસ આપ્યો હતો, ત્યારે તેમનો ઉદ્ધાર કરનાર પણ જગદંબા દેવી જ હતી. ખરેખર તમે પણ દેવીઓ જ છો. દયાપર અને પાનેલીમાં બહેનોએ જે ઉદ્‌ગારો કાઢ્યા હતા તેવાં જ વચનો ઉચ્ચારનારી તેમાંની જ તમો બહેનો છો. આજે કાંઈ ઈતિહાસના પાનાં ફેરવવાં પડે તેમ નથી. આ તમારો તાજોતર દાખલો દુનિયાની જનતાને એક નમુનારૂપ થઈ પડશે. છતાં મારે

એટલું કહેવું જોઈએ કે અત્રે ભેગી થયેલી આ સેંકડો બહેનોમાંથી તમો બેચાર બહેનો જ બોલો છો તે શું તમને કાંઈ આ બધી ભેગી મળેલી બહેનોએ જવાબ આપવા માટે ઠરાવેલા છે? કે તમો તમારો પોતાનો જ જવાબ આપો છો? આથી દરેક બહેનોને પોતાને કાંઈ વાંધો હોય તો તે સુચવવા યુવક મંડળના કેપ્ટન ભાઈશ્રી શીવજી લધા તરફથી સુચના કરવામાં આવી હતી, જે ઉપરથી ત્યાં ભેગી મળેલી બહેનોમાં માંહોમાંહે કેટલીક પુછપરછ થયા બાદ કોઈને કશો વાંધો નથી એમ એકમતે જાહેર કરવામાં આવ્યું હતું. આવી રીતે ખુલ્લેખુલ્લું જણાવવાથી અતિશય આનંદ છવાય રહ્યો હતો."

ત્યારબાદ પીરાણા સતપંથ શું છે? એ ટુંકમાં સમજાવવા કેટલીક બહેનો તરફથી ભાઈશ્રી નારાયણજીભાઈએ સૂચના કરવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે :- "માતાઓ પીરાણા સતપંથ" એ શું છે તેની માહિતી આપણી જ્ઞાતિના પુરૂષ વર્ગને પણ નથી તો તમો બહેનો તો ક્યાંથી જ જાણો ! છતાં પણ હું મારી યથાશક્તિ એ વિષય તમને સમજાવવા પ્રયત્ન કરું છું, ખરું જોતાં તો એ પંથ આપણા કડવા પાટીદાર જેવી ઉચ્ચ કોમોને વટલાવી મુસલમાન બનાવવાનું એક કરપીણ કારખાનું છે. એ પંથના સ્થાપકોએ પણ અનેક પ્રકારની ખોટી ખોટી મોટી લાલચો આપી ભોળા હિન્દુઓને પ્રપંચથી ફોસલાવી મુસલમાન બનાવવાના જ પ્રયાસો આદરેલા છે એમ સ્પષ્ટ માલુમ પડે છે. પુરૂષ વર્ગના માટે તો એવી લાલચો આપવામાં આવી છે કે, જે સતપંથ પાળશે અને દશોંદ આપશે તેને સવા લાખ વર્ષ સુધી સ્વર્ગમાં રાજ્ય કરવા મળશે તથા ત્યાં આગળ પચાસ હુરાંઓ તેમની સ્ત્રીઓ થશે તથા પાંચસો છોકરાઓ મફત મળશે તથા હીરા માણેકના મહેલોમાં રહેવાનું મળશે એવી એવી અનેક પ્રકારની ગપકથાઓ લખેલી છે, કે જેથી પુરૂષ વર્ગ એ લાલચમાં ફસાયા. પરંતુ સ્ત્રીઓના માટે તો ઈમામશાહે કાંઈ ગોઠવણ કરેલી હોય એવું માલુમ પડતું નથી. ઉલટી પચાસ શોક્યો તેમના માટે તો ત્યાં તૈયાર થઈ રહેલી હોય છે. એટલે તમને તો આ ધર્મ પાળ્યાથી કશો જ ફાયદો જ નથી. આવા આવા અનેક ગપગોળાની માન્યતા એ પંથમાં ફેલાવવામાં આવેલી છે. મારી સુજ્ઞ બહેનો ! તમે જ વિચાર કરો આ જ્યોતિ ધામમાં તમો પુરૂષોત્તમ માસનું મહાત્મ્ય સાંભળો છો. રામાયણ આદિ શાસ્ત્રદીક ગ્રંથો દરરોજ વંચાય છે. જુઓ એ પૂજ્ય રામનું ચારિત્ર અને સતી સીતા માતાની પવિત્રતા. એવા દૈવી જીવન ગાળનારાઓ આપણને, **ફરમાનજી બીસમીલ્લાહનો કલમો સાંભળતાં શું શરમ ન આવે?**

આપણા વડીલો ગમે તેવા સંયોગોમાં આ ધર્મમાં ફસાયા હોય તેથી શું આપણે પણ એ વાડામાં પુરાઈ રહેવું તે યોગ્ય ગણાય? પીરાણા સતપંથના ગોર સૈયદો અને ગોરાણીઓ જેને તમે માજી કહો છો તેમના દેદાર તરફ તો જરા નજર કરો ! ક્યાં તમે પાટીદારોના ઉચ્ચ સંતાનો અને ક્યાં તે મુસલમાનો ! એનો તો જરા વિચાર કરી જુઓ ! તે સિવાય તમો બ્રાહ્મણ વાણીયા જેવી ઉચ્ચ કોમોના સંબંધમાં વસતા હો અને ત્યાં આગળ એ સૈયદ ગોર આવે તો તમને કેટલું શરમાવું પડે છે? આ બધી આફતોમાંથી તમો બચવા માગતા હો અને ખરા અંતઃકરણથી પ્રભુને પામવાનો રસ્તો શોધતા હો તો એ જ આપણા પરાપૂર્વથી ચાલી આવેલા ઋષિ મુનિઓથી રક્ષાયેલ સનાતન વેદ ધર્મની શુદ્ધિ કરાવી ફરીથી દીક્ષા લઈ આ પીરાણા સતપંથના લાગેલા કાળા ડાઘને ધોઈ નાંખો. ભલે પુરૂષ વર્ગ એને વળગી રહેવા કહેતો હોય તો પણ તમારે તો સત્ય શું છે તે સમજાવી તમારી ફરજ અદા કરવી જ જોઈએ. તમો બહેનોએ આ સભા ભરી મારા મુખથી બે શબ્દો સાંભળવાના હેતુથી મને બોલાવી જે આ ભારે માન આપી આભારી કર્યો છે તેના બદલામાં પરમ કૃપાળુ પરમાત્મા પાસે યાચું છું કે - "હે પ્રભો ! મારી આ બધી સુજ્ઞ બહેનો

અમર નામના મેળવે." તમો સતી સીતા માતાની પુત્રીઓ છો તે તમો સીતા માતાના જેવી જ પતિપરાયાણ થાઓ. પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી થતાં શીખો એવી મારી યાચના છે, આવા પ્રકારના વાટાઘાટમાં અઢી કલાકનો સમય વ્યતિત કરી સૌ આનંદથી છુટા પડ્યાં હતા.

તે જ દિવસે સાંજે છ વાગે **મી. કે.બી. પટેલ** કે જેઓ કચ્છી કડવા પાટીદાર ભાઈઓના શુભેચ્છક તરીકે હંમેશા અવારનવાર આવી ઉપદેશો આપે છે ત્યાં રા.રા.નારાયણજીભાઈને મળવાનું આમંત્રણ હોવાથી ત્યાં નવયુવકોમાંથી ખીમજીભાઈ, શીવજી કાનજી, રતનશી શીવજી, લધા હરજી વિગેરે કેટલાક યુવકો તેમની સાથે ત્યાં ગયા હતા. પ્રસંગોચિત વાતચીત કરતાં આગલા ચાર દિવસોમાં થયેલા કામકાજનો સઘળો વૃત્તાંત **ડૉ.કે.બી.પટેલ**ને કહેવામાં આવતાં તેઓ ઘણા ખુશ થયા હતા અને પોતે પણ કાંઈક વિશેષ એ બાબતમાં કહી શકે, એવા હેતુથી પોતાના ઘરની સિનેમા ફિલ્મ દરેક કચ્છી પાટીદાર ભાઈઓને મફત બતાવી તેમના ઉપર સારી છાપ પાડી શકાય એ હેતુથી જુદા જુદા કમ્પાઉન્ડમાં રહેતા સઘળા ભાઈઓને બીજે દિવસે રાત્રે એક જ ઠેકાણે એકત્ર કરવામાં આવ્યા હતા.

તા.૧૭-૩-૧૯૨૬ના દિવસની કાર્યવાહી

આગલે દિવસે થયેલી ગોઠવણ પ્રમાણે રાત્રે નવ વાગ્યાના સુમારે કચ્છી કણબીઓના રહેવાના મોટા કમ્પાઉન્ડમાં ત્યાં વસતા લગભગ ચૌદસો પાટીદારભાઈઓ પોતાના બાળબચ્ચાં સાથે હાજર થઈ ગયા હતા. બરાબર નવ વાગતાં રા.ડૉ.કે.બી.પટેલ, ભાઈશ્રી નારાયણજીભાઈ રામજીભાઈ, રા.રા.માણેકલાલ કુબેરદાસ તથા માવજી માસ્તર વિગેરે અગ્રગણ્ય ભાઈઓ હાજર થયા હતા અને શરૂઆતમાં સિનેમા ફિલ્મનો પ્રથમ ભાગ ખેતીવાડી કેમ કરવી એ બાબતનો હતો તથા સારી ખેતી ક્યા પ્રકારે થઈ શકે તેમજ અમેરિકન ખેડુતો વધુ પાક શી રીતે લઈ શકે છે એ બતાવવામાં આવ્યું હતું.

પ્રથમ ભાગની સમાપ્તિ થતાં રા.ડૉ.કે.બી.પટેલે કચ્છી પાટીદાર ભાઈઓને ઉદ્દેશીને વહેવારીક તેમજ ધાર્મિક જ્ઞાનનો બોધ કર્યો હતો. ધર્મની બાબતમાં બોલતાં તેમણે જણાવ્યું હતું કે :- "પીરાણા સતપંથ" એક મુસલમાની ધર્મની જ શાખા છે અને તેથી હિન્દુઓએ એ પંથ પાળવો એ એક નિંદ કાર્ય છે અને તેમાં પણ તમારા જેવા કડવા પાટીદારો ક્ષત્રિય હોય અને એ પંથમાં ભળે એટલે તો દુનિયાનો નાશ જ થઈ જાય. વિગેરે ઘણી અસરકારક રીતે એ સંબંધમાં કહ્યું હતું.

ત્યાર પછી સિનેમા ફિલ્મનો બીજો ભાગ બતાવવામાં આવ્યો હતો. જેમાં નાના બાળકોને કેવી રીતે ઉછેરી તંદુરસ્ત બનાવાય છે તે બાબતો દેખાડવામાં આવી હતી. તે ભાગ પુરો થયે રા.નારાયણજીભાઈએ અને માવજીભાઈ માસ્તરે પણ પીરાણા સતપંથના સંબંધમાં ઘણા જ જોરદાર અને અસરકારક ભાષણો કર્યા હતા અને છેવટે ફિલ્મનો ત્રીજો ભાગ બતાવી તે દિવસનો કાર્યક્રમ પૂરો કરવામાં આવ્યો હતો.

તા.૧૮-૧૯-૨૦ સને ૧૯૨૬ માર્ચના ત્રણ દિવસની કાર્યવાહી

તા.૧૮-૧૯-૨૦મીનું કાર્ય ભાઈશ્રી નારાયણજીભાઈના ઉતારે કરવામાં આવ્યું હતું અને ત્યાં પણ હરઘડીએ એના એજ વિષયની ચર્ચા ચાલુ રહેતી હતી અને ત્યાં પણ બસોથી ત્રણસો માણસો રાત્રિના નવ વાગ્યાથી સવારના ચાર વાગ્યા સુધી બેસીને થતી ચર્ચાઓ ધ્યાનપૂર્વક સાંભળતા અને આખરે તા.૨૦મીના દિવસે એકમત થઈને ઘણા ભાઈઓ દેહશુદ્ધિ કરાવવાને બહાર પડ્યા તેઓને ખાસ સુચના કરાવામાં આવી હતી કે શરમાશરમી હા માં હા કરી શુદ્ધિ કરાવ્યા પછી પાછા હઠી જવું એના કરતાં તો શુદ્ધિ ન જ કરાવવી એ વધારે યોગ્ય છે. છતાં પણ પાકો નિશ્ચય કરીને આવેલા ભાઈઓએ તો શુદ્ધિ કરાવવા પોતાનું તથા પોતાના સહકુટુંબી જનોના નામો ભાઈ શીવજી કાનજી પાસે લખાવ્યા અને તા.૨૧મી નો દિવસ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લઈ પાવન થવા માટે નક્કી કરવામાં આવ્યો અને તા.૨૦મીની રાત્રે કણબીઓ રહે છે તે મોટા કમ્પાઉન્ડમાં એક ભવ્ય યજ્ઞ મંડપ બાંધવામાં આવ્યો અને સારાસારા વિદ્વાનો તેમજ અન્ય જ્ઞાતિના વીર બંધુઓને આમંત્રણો મોકલ્યા હતા તથા આખી રાત્રિ જાગીને તા.૨૧મીએ કરવાના કાર્યોની વહેંચણી નવયુવકોમાં કરી આપવામાં આવી હતી.

તા.૨૧મીને રવિવારને પુન્ય પ્રભાતે આગલી રાતના ગોઠવેલા કાર્યક્રમ મુજબ સઘળા ભાઈઓ યજ્ઞમંડપમાં હાજર થઇ ગયા હતા અને ત્યાં આગળ શુદ્ધિ કરાવવા ભેગા થયેલા ભાઈઓએ શાસ્ત્ર સંપન્ન વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વેદવિધિ અનુસાર દેહશુદ્ધિ પ્રાયશ્ચિત ક્રિયા કરાવી હતી. તે ક્રિયા છ કલાક ચાલી હતી અને ત્યાર પછી આગલા દિવસની ગોઠવણ પ્રમાણે શુદ્ધિ કરાવી પાવન થયેલા સઘળા ભાઈઓએ એક સાથે મળી ભોજન લીધું હતું અને એ બધા કાર્યોમાં ડો. કે.બી.પટેલ અને માવજીભાઈ માસ્તર વિગેરે ભાઈઓએ પણ ઘણા રસપૂર્વક ભાગ લઈ અમારી જ્ઞાતિ ઉપર જે ઉપકાર કર્યો છે તેને માટે અમારી જ્ઞાતિ સદાને માટે તેમની ઋણી રહેશે. એ ઉપરાંત એજ વખતે દેહશુદ્ધિ કરાવવા ભેગા મળેલા ભાઈઓનો આનંદિત ચહેરે એક ફોટો પણ લેવામાં આવ્યો છે.

તા.૨૧-૩-૧૯૨૬ના રોજ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લઈ પવિત્ર થયેલા ભાઈ-બહેનોના નામો

શ્રી કરાંચીમાં તા.૨૧-૩-૧૯૨૬ રવિવાર ચૈત્ર સુદી ૮ સં.૧૯૮૨ના રોજ પીરાણા સતપંથને તિલાંજલી આપી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લેનારા ભાઈઓ તથા બહેનોના નામો નીચે પ્રમાણે :-

(૧) પટેલ કાનજીભાઈ રામજીભાઈ પારસીયા ગામ-નખત્રાણાવાળા

(૨) પટેલ શિવજીભાઈ કાનજીભાઈ પારસીયા ગામ-નખત્રાણાવાળા (યુવક મંડળના સેક્રેટરી)

(૩) અ.સૌ.બહેન કંકુબાઈ તે ભાઈ શિવજી કાનજીના ધર્મપત્ની.

(૪) ચિ.નથુ પટેલ કાનજી રામજીના પુત્ર
(૫) ચિ.બચુભાઈ ઉર્ફે રતનશી
(૬) ચિ.બહેન પાનબાઈ } તે પટેલ શિવજી કાનજીના પુત્ર-પુત્રીઓ
(૭) ચિ.બહેન ડાઈબાઈ
(૮) પટેલ ડાહ્યાભાઈ લખુ રૂડાણી ગામ-નખત્રાણાવાળા (યુવક મંડળના પ્રમુખ)
(૯) પટેલ ભાણજીભાઈ ડાહ્યાભાઈ રૂડાણી ગામ-નખત્રાણાવાળા
(૧૦) અ.સૌ.બહેન લક્ષ્મીબાઈ તે ભાઈ ભાણજી ડાહ્યાના ધર્મપત્ની
(૧૧) ચિ.બહેન મરઘાંબાઈ
(૧૨) ચિ.બહેન કેસરબાઈ } તે પટેલ ભાણજી ડાહ્યાની પુત્રીઓ
(૧૩) ચિ.બહેન દેવકીબાઈ
(૧૪) પટેલ વીરજી લખુ રૂડાણી ગામ-નખત્રાણાવાળા
(૧૫) અ.સૌ.બહેન રામબાઈ તે પટેલ વીરજી લખુના ધર્મપત્ની
(૧૬) ચિ.દેવજીભાઈ } તે પટેલ વીરજી લખુના પુત્ર-પુત્રી
(૧૭) ચિ.બહેન ગોમતીબાઈ
(૧૮) પટેલ ખેતા લખુ રૂડાણી ગામ-નખત્રાણાવાળા
(૧૯) અ.સૌ. બહેન કુંવરબાઈ તે પટેલ ખેતા લખુના ધર્મપત્ની
(૨૦) ચિ.પુંજાભાઈ
(૨૧) ચિ.જેઠાલાલ } તે પટેલ ખેતા લખુના
(૨૨) ચિ.લાલજીભાઈ પુત્રો અને પુત્રી
(૨૩) ચિ.બહેન રતનબાઈ
(૨૪) અ.સૌ.બહેન કેશરબાઈ તે પુંજા ખેતાના ધર્મપત્ની
(૨૫) ચિ.બહેન દેવકીબાઈ તે પુંજા ખેતાની પુત્રી
(૨૬) પટેલ અબજી મનજી સેંગાણી ગામ-નખત્રાણાવાળા
(૨૭) અ.સૌ.બહેન ધનબાઈ તે પટેલ અબજી મનજીના ધર્મપત્ની
(૨૮) ચિ.મીઠુભાઈ ઉર્ફે પ્રેમજીભાઈ તે પટેલ અબજી મનજીના પુત્ર
(૨૯) પટેલ વીરજી કરસન સેંગાણી ગામ-નખત્રાણાવાળા.
(૩૦) અ.સૌ. બહેન લક્ષ્મીબાઈ તે ભાઈ વીરજી કરસનના ધર્મપત્ની
(૩૧) માતુશ્રી કેસરબાઈ તે ભાઈ વીરજી કરસનના માતુશ્રી
(૩૨) ચિ.રામજીભાઈ } તે ભાઈ વીરજી કરસનના પુત્ર-પુત્રી
(૩૩) ચિ.બહેન લાલબાઈ
(૩૪) પટેલ કરસન નાનજી નાકરાણી ગામ-નખત્રાણાવાળા
(૩૫) અ.સૌ.બહેન ડાહીબાઈ તે ભાઈ કરસન નાનજીના ધર્મપત્ની

(૩૬) માતુશ્રી વાલબાઈ તે કરસન નાનજીના માતુશ્રી
(૩૭) ચિ.બહેન મણિ } તે પટેલ કરસન નાનજીની પુત્રીઓ
(૩૮) ચિ.બહેન લક્ષ્મી
(૩૯) પટેલ વેલજી ખેતા નાકરાણી ગામ-નખત્રાણાવાળા
(૪૦) અ.સૌ.બહેન કુંવરબાઈ તે ભાઈ વેલજી ખેતાના ધર્મપત્ની
(૪૧) માતુશ્રી કેસરબાઈ તે ભાઈ વેલજી ખેતાના માતુશ્રી
(૪૨) પટેલ શિવજી લધા નાકરાણી ગામ-નખત્રાણાવાળા
(૪૩) અ.સૌ.બહેન દેવકીબાઈ તે ભાઈ શીવજી લધાના ધર્મપત્ની
(૪૪) ચિ.જેઠાલાલ } તે ભાઈ શીવજી લધાના પુત્રો
(૪૫) ચિ.અમૃતલાલ
(૪૬) પટેલ લધા હરજી નાકરાણી ગામ-કોટડા (જડોદરવાળા)
(૪૭) અ.સૌ. બહેન મરઘાંબાઈ તે લધા હરજીના ધર્મપત્ની
(૪૮) ચિ.સોમજીભાઈ
(૪૯) ચિ.શીવજીભાઈ } તે ભાઈ લધા હરજીના પુત્રો અને પુત્રી
(૫૦) ચિ.બહેન જીવાબાઈ
(૫૧) પટેલ મનજી વસ્તા નાકરાણી ગામ કોટડા (જડોદરવાળા)
(૫૨) અ.સૌ.બહેન જાનબાઈ તે મનજી વસ્તાના ધર્મપત્ની
(૫૩) ચિ.પચાણ
(૫૪) ચિ.બહેન કંકુબાઈ } તે મનજી વસ્તાના પુત્ર-પુત્રીઓ
(૫૫) ચિ.બહેન ગોમતીબાઈ
(૫૬) પટેલ પ્રેમજી કાનજી નાકરાણી ગામ-કોટડા (જડોદરવાળા)
(૫૭) પટેલ શીવજી લધા નાકરાણી ગામ-રવાપરવાળા
(૫૮) પટેલ ભાણજી ખીમા ભગત ગામ-હમીરપરવાળા
(૫૯) પટેલ જીવા માનણ સેંગાણી ગામ-નખત્રાણાવાળા
(૬૦) અ.સૌ. બહેન રતનબાઈ તે જીવા માનણના ધર્મપત્ની
(૬૧) પટેલ ભાણજી જીવા સેંગાણી ગામ-નખત્રાણાવાળા
(૬૨) અ.સૌ. બહેન ભચીબાઈ તે ભાણજી જીવાના ધર્મપત્ની
(૬૩) ચિ.પરબતભાઈ
(૬૪) ચિ.બહેન વેલબાઈ } તે ભાણજી જીવાના પુત્ર-પુત્રીઓ
(૬૫) ચિ.બહેન રામબાઈ
(૬૬) પટેલ કરમશી ભાણજી આણદાણી (લીંબાણી) વેરસલપરવાળા
(૬૭) અ.સૌ.બહેન વાલબાઈ તે ભાઈ કરમશી ભાણજીના ધર્મપત્ની

(૬૮) ચિ.બહેન શાંતિ તે કરમશી ભાણજીની પુત્રી
(૬૯) પટેલ શામજી વીરજી રૂડાણી ગામ-દેશલપર (ઉગમણાવાળા)
(૭૦) અ.સૌ. બહેન દેવકીબાઈ તે શામજી વીરજીના ધર્મપત્ની
(૭૧) ચિ.ખેતસિંહ તે શામજી વીરજીના પુત્ર
(૭૨) પટેલ નથુ વીરજી રૂડાણી ગામ-દેશલપર (ઉગમણાવાળા)
(૭૩) અ.સૌ.બહેન હીરબાઈ તે નથુ વીરજીના ધર્મપત્ની
(૭૪) ચિ.જેઠાભાઈ
(૭૫) ચિ.મુળજીભાઈ
(૭૬) ચિ.ડાહ્યાભાઈ
(૭૭) ચિ.રામજીભાઈ
} તે પટેલ નથુ વીરજીના પુત્રો
(૭૮) પટેલ શીવગણ ખીમજીભાઈ ગામ-મંગવાણાવાળા

કરાંચીમાં પ્રથમ ચાર પાંચ વખત દેહશુદ્ધિ પ્રાયશ્ચિતનું કાર્ય કરવામાં આવ્યું હતું, છતાં પણ આ વખતના કાર્યમાં કાંઈક નવીન જ ભવ્યતા પ્રસરાવનારો ભાવ પ્રદર્શિત થતો હતો, એની પ્રતિતિ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લેતી વખતના કાર્યમાં જણાતા આનંદ ઉપરથી તથા ભવ્ય મંડપની અંદર અન્ય જ્ઞાતિના વિદ્વાન બંધુઓએ આપેલી હાજરી પરથી થતી હતી. તે ઉપરાંત કાર્ય એટલી બધી આકર્ષક રીતે થતું હતું કે, જેથી જુદા જુદા કમ્પાઉન્ડમાં રહેતા ઘણા પીરાણા સતપંથી ભાઈઓ પણ તે જોવા આવવાને લલચાયા હતા. તે ઉપરાંત પ્રાયશ્ચિત વિધિની પૂર્ણાહુતિ થતાં જ ઉમિયા માતાજીની કૃપાથી પીરાણા પંથી ભાઈઓમાંથી પણ પચાસેક ભાઈઓ સુધારક મંડળના મેમ્બર થયા હતા અને ત્યારબાદ આનંદમાં સર્વે ભાઈઓએ રાત્રે મિષ્ટાન ભોજન લઈ એકબીજાના હૃદયના ઉભરાઓ ખાલી કરી, હળી મળી મોડી રાત્રે પોતપોતાના સ્થાને ગયા હતા.

તા.૨૨-૩-૧૯૨૬ના દિવસની કાર્યવાહી

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળની એક સભા તા.૨૨-૩-૧૯૨૬ના રોજ રા.નારાયણજી રામજીભાઈના ઉતારે જ મળી હતી. યુવક મંડળના સેક્રેટરી ભાઈ શીવજી કાનજીએ તે દિવસની સભા બોલાવવાનો મુખ્ય ઉદ્દેશ દર્શાવતા કહ્યું હતું કે :-

"જ્ઞાતિ સુધારક યુવક મંડળના જૂના કાર્યકર્તાઓને ફરીથી ચૂંટવા, જ્ઞાતિ સુધારક મંડળના ખાસ નિયમો, બંધારણ અને ધારાધોરણોમાં જોઈતો સુધારો વધારો કરવા તથા ખાસ કરીને આપણે ત્યાંના યુવક મંડળમાં વયોવૃદ્ધ પણ છે જેથી તેમાં યોગ્ય ફેરફાર કરી નવયુવકોને સ્વતંત્ર રીતે કામ કરવાના માટે બાર વર્ષથી તે ચાલીસ વર્ષની અંદરના જ જ્ઞાતિ ભાઈઓને યુવક મંડળના મેમ્બર તરીકે પસંદ કરવા તથા નવેસરથી જ્ઞાતિ સુધારક યુવક મંડળના બંધારણો બાંધવા તથા બીજા પણ અનેક પ્રકારના નિયમો ખાસ ધોરણસર રચવા માટે આજની સભા બોલાવવામાં આવી છે."

ત્યારબાદ તે દિવસ સુધીના જ્ઞાતિ સુધારક યુવક મંડળના કામકાજનો રિપોર્ટ વાંચી સંભળાવવામાં આવ્યો હતો તથા જ્ઞાતિના હિત માટે યુવક મંડળે જે જે કર્યું હતું તે પણ કહી બતાવ્યું હતું. તે ઉપરાંત કહ્યું હતું કે, "આ યુવક મંડળ તરીકે ઓળખાતા મંડળમાં અનેક પ્રકારના ફાંટાઓ છે, જેવા કે જ્ઞાતિપંચ, લાયબ્રેરી ખાતું, જ્યોતિધામ મંદિર તથા જ્ઞાતિમાં થતા કજીયા કંકાસ પતાવવાનું વગેરે સર્વ કામ આ મંડળના હસ્તથી જ થાય છે. તેથી કેટલીક વખત યુવકોમાં ઘણો મતભેદ માલુમ પડતો જોવામાં આવે છે. મોટેરાઓની આગળ યુવકો સ્વતંત્ર રીતે પોતાના વિચારો દર્શાવી શકતા નથી, જેથી ખરું જોતાં જ્ઞાતિની સેવા બરોબર થઈ શકતી નથી અને તેથી જ ૧૨ વર્ષથી ૪૦ વર્ષની અંદરના ભાઈઓને જ જ્ઞાતિ સુધારક યુવક મંડળના મેમ્બરો થવા દેવા જોઈએ, જેથી જ્ઞાતિ સુધારક યુવક મંડળ ફરીથી નવા પાયા પર રચવાની ખાસ જરૂર જણાય છે. ચાલીસ વર્ષથી વધારે વયના ભાઈઓ યુવક મંડળના મુરબ્બી તરીકે રહી કામકાજ બતાવે તો તેનું પરિણામ ઘણું સારું આવશે એમ સિદ્ધ થાય છે. યુવકોને સ્વતંત્ર રીતે કામકાજ કરવા દેવાથી તે કાર્ય વધારે સારું થશે અને તેથી જ ન્યાતપંચાત જ્યોતિધામનું મંદિર વિગેરે બીજા કાર્યોની સંભાળ રાખવાનું જોખમ મોટાઓને સોંપીએ અને અમો યુવકો જ્ઞાતિ સેવાનું કાર્ય અમારા હાથે લઈએ એ બાબતનો પુરતો બંદોબસ્ત કરવો, એજ આજની સભા બોલાવવાનો મુખ્ય હેતુ છે અને તેથી જ આવા મોટા ફેરફાર કરવાના જોખમ ભરેલા કાર્યમાં આપણને યોગ્ય સલાહ આપી શકે એવા ડાહ્યા અને બુદ્ધિશાળી માણસની પણ ખાસ જરૂર છે અને તેના માટે ખરું જોતાં આપણા સદ્‌ભાગ્યે ભાઈશ્રી **નારાયણજી રામજીભાઈ** જેવા આપણી જ્ઞાતિના વીરબંધુ આજે આપણી સમક્ષ છે, તો તેમની સલાહ પ્રમાણે આ કાર્યનો સત્વરે નિવેડો લાવીએ તો ઠીક થાય, એવી અમો યુવકોની ખાસ ઈચ્છા છે અને તેથી જ આજની આ સભાના પ્રમુખ તરીકે હું પૂજ્ય મુરબ્બી **નારાયણજીભાઈની** દરખાસ્ત મુકું છું, તેને આપ સર્વે ભાઈઓ એક મતે સંમત થશો એવી મારી આશા છે."

ઉપલી દરખાસ્તને રા.ડાહ્યાભાઈ લખુભાઈ, ખીમજીભાઈ શીવજી અને શીવજીભાઈ લધા વિગેરે ભાઈઓએ હર્ષથી વધાવી લીધી હતી. ત્યારબાદ રા.નારાયણજીભાઈને તે દિવસની સભાના પ્રમુખ નિમવામાં આવ્યા હતા.

શરૂઆતમાં રા.નારાયણજીભાઈએ પ્રમુખપદ સ્વીકારતા તે દિવસની સભાનો આભાર માનતાં કહ્યું હતું કે, "તમોએ આજની સભાના કામકાજ માટે મારામાં શ્રદ્ધા રાખી મને પ્રમુખ પદ આપી જે માન આપ્યું છે તેના માટે હું તમો સર્વ ભાઈઓનો ઉપકાર માનું છું."

ત્યારબાદ વધુ વિવેચન દ્વારા નવયુવકોને ઉદ્દેશીને કહ્યું હતું કે, બંધુઓ હજુ તમે નવજુવાન છો, તમારી નસોમાં તમારા પ્રતાપી પૂર્વજોનું જોરદાર લોહી ઉછળી રહ્યું છે. આજે દરેક જ્ઞાતિ પોતપોતાની ઉન્નતિના અર્થે અનેક પ્રયાસો કરી રહી છે. ત્યારે તમને પણ જ્ઞાતિ ઉન્નતિ કરવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે અને તેથી જ વડીલોને આરામ આપી આજે તમો જ્ઞાતિ સેવાનું કાર્ય કરવા એક પગે તત્પર થયા છો, એ જાણીને મને પારાવાર આનંદ થાય છે. હું હંમેશાં માનતો આવ્યો છું કે યુવાનો ધારે તો શું ન કરી શકે ! તે ખરેખર સિદ્ધ થતું જણાય છે. ત્યારબાદ યુવકોનો ધર્મ અને જ્ઞાતિ સેવાનું ઋણ જ્ઞાતિના યુવકોના માથે કેવા પ્રકારે રહેલું છે તે સચોટ શબ્દોમાં સમજાવતાં કહ્યું હતું કે : "પોતાના વડીલોના કુળની કીર્તિથી કુળવાન તરીકે ઓળખાવું તેના કરતાં પોતાના હાથે જ યશ પ્રાપ્ત કરી કુળવાન તરીકે નામના મેળવવી એ યુવકોનો મુખ્ય ધર્મ છે. આજે આપણા જ્ઞાતિભાઈઓના શિરે

પીરાણા સતપંથનું જે કાળું કલંક લાગેલું છે તે કલંકને સત્વરે દુર કરવા પોતાનાથી બનતા ઉપાયો દરેક યુવાનોએ આળસ અને પ્રમાદને ત્યાગી પોતાની ફરજ સમજી યોજવા જ જોઈએ. એટલું જ નહી, પરંતુ જ્ઞાતિમાં કહેવાતા આગેવાનોના જુલ્મ અને ત્રાસથી રિબાતા ગરીબ જ્ઞાતિભાઈઓ તેમજ બહેનોને પણ બચાવવા પોતાનાથી બનતા દરેક પ્રયત્ન કરવા જોઈએ. જ્ઞાતિના નિરાધાર બાળકો તેમજ ભાઈઓના દુઃખોમાં હૃદયપૂર્વક ભાગ લઈ તેમની જોઈતી આસના વાસના કરવી, એટલું જ નહિ પણ તેમના માટે ઘટતા બંધારણો અને ધારા ધોરણો કરી પુરતી મદદ કરવી, એ આજના નવયુવકોનું મુખ્ય કર્તવ્ય છે. જો એ પ્રમાણે તમો બધા યુવકો વર્તન રાખશો તોજ તમો ખરા યુવક ગણાશો અને સદાને માટે તમારી નામના અમર થઈ રહેશે, એમાં જરા પણ શંકા નથી." એ પ્રમાણેનો ઉપદેશ આપી રા.નારાયણભાઈએ પોતાનું ભાષણ પુરું કર્યું હતું.

ત્યારબાદ બાર વર્ષથી તે ચાલીસ વર્ષની અંદરના અડતાલીસ મેમ્બરો નિમાયા બાદ તેમાંથી પ્રમુખ ઉપપ્રમુખ સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી અને ખજાનચી વિગેરે ચુંટી કાઢવામાં આવ્યા હતા.

નવા બંધારણ પૂર્વકના જ્ઞાતિ સુધારક યુવક મંડળના મેમ્બરોના નામનું લિસ્ટ

(૧)	મુળજીભાઈ ડોસા	ગામ-નખત્રાણાવાળા
(૨)	ખીમજીભાઈ શીવજીભાઈ	ગામ-મંગવાણાવાળા
(૩)	રતનશીભાઈ શીવજીભાઈ	ગામ-રવાપરવાળા
(૪)	લાલજીભાઈ સોમજીભાઈ	ગામ-રવાપરવાળા
(૫)	જેઠાભાઈ નથુભાઈ	ગામ-દેવીસરવાળા
(૬)	શીવજીભાઈ કાનજીભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૭)	જીવરાજભાઈ હીરજીભાઈ	ગામ-માનકુવાવાળા
(૮)	રામજીભાઈ સોમજીભાઈ	ગામ-રવાપરવાળા
(૯)	વાલજીભાઈ લખુભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૧૦)	શીવજીભાઈ લધાભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૧૧)	વીરજીભાઈ લખુભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૧૨)	નારાણભાઈ લધાભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૧૩)	પુંજાભાઈ ખેતશી	ગામ-નખત્રાણાવાળા
(૧૪)	કેશવજી નાનજીભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૧૫)	પ્રભુદાસ રામજીભાઈ	ગામ-અંગીયાવાળા
(૧૬)	નથુભાઈ ધનજીભાઈ	ગામ-રવાપરવાળા
(૧૭)	શામજીભાઈ વીરજીભાઈ	ગામ-દેશલપર (ઉગમણી)
(૧૮)	શામજીભાઈ હરજીભાઈ	ગામ-ખેડોઈવાળા
(૧૯)	કાનજીભાઈ રામજીભાઈ	ગામ-દેશલપર (ઉગમણી)
(૨૦)	નથુભાઈ વીરજીભાઈ	ગામ-દેશલપર (ઉગમણી)

(૨૧)	કાનજીભાઈ પચાણભાઈ	ગામ-ગઢશીશાવાળા
(૨૨)	પ્રેમજીભાઈ વશરામભાઈ	ગામ-વિરાણીવાળા
(૨૩)	મેઘજીભાઈ પરબતભાઈ	ગામ-કોટડા (જડોદરવાળા)
(૨૪)	વેલજીભાઈ ગોપાલભાઈ	ગામ-દેશલપર (આથમણી)
(૨૫)	સોમજીભાઈ લધાભાઈ	ગામ-કોટડા (જડોદરવાળા)
(૨૬)	ભાણજીભાઈ જીવરાજભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૨૭)	મેઘજીભાઈ નથુભાઈ	ગામ-દેવીસરવાળા
(૨૮)	વેલજીભાઈ પરબતભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૨૯)	દેવજીભાઈ નાનજીભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૩૦)	નાનજીભાઈ માવજીભાઈ	ગામ-કોટડા (જડોદરવાળા)
(૩૧)	ડાહ્યાભાઈ પ્રેમજીભાઈ	ગામ-કોટડા (જડોદરવાળા)
(૩૨)	રૈયાભાઈ નાગજીભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૩૩)	ડાહ્યાભાઈ ગોપાલભાઈ	ગામ-વિરાણીવાળા
(૩૪)	નારણભાઈ શીવજીભાઈ	ગામ-વિરાણીવાળા
(૩૫)	મેઘજીભાઈ કાનજીભાઈ	ગામ-દેવીસરવાળા
(૩૬)	અરજણભાઈ નારણભાઈ	ગામ-વિરાણીવાળા
(૩૭)	રામજીભાઈ કાનજીભાઈ	ગામ-ઘડુલીવાળા
(૩૮)	મેઘજીભાઈ કાનજીભાઈ	ગામ-મમાયમોરાવાળા
(૩૯)	વશરામભાઈ વેલજીભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૪૦)	પેથાભાઈ શીવગણભાઈ	ગામ-કોટડા (જડોદરવાળા)
(૪૧)	રતનશીભાઈ વીરજીભાઈ	ગામ-દેશલપર (ઉગમણી)
(૪૨)	કરમશીભાઈ ભાણજીભાઈ	ગામ-વેરસલપરવાળા
(૪૩)	વેલજીભાઈ દાનાભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૪૪)	ખીમજીભાઈ ગોપાલભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૪૫)	ભાણજીભાઈ ડાહ્યાભાઈ	ગામ-નખત્રાણાવાળા
(૪૬)	હરજીભાઈ નથુભાઈ	ગામ-દેવીસરવાળા
(૪૭)	નારાણભાઈ નથુભાઈ	ગામ-દેવીસરવાળા
(૪૮)	ગોપાલભાઈ પેથાભાઈ	ગામ-નખત્રાણાવાળા

ઉપર જણાવી ગયેલા અડતાલીસ મેમ્બરોમાંથી યુવક મંડળના પ્રમુખ તરીકે ભાઈશ્રી મુળજીભાઈ ડોસા પોકાર ગામ-નખત્રાણાવાળાને વધુ મતે ચુંટી કાઢવામાં આવ્યા છે અને ઉપપ્રમુખ તરીકે ભાઈશ્રી ખીમજીભાઈ શીવજીભાઈ રામાણી ગામ-મંગવાણાવાળાને પસંદ કરવામાં આવ્યા છે અને યુવક મંડળના સેક્રેટરી તરીકે ભાઈશ્રી રતનશીભાઈ શીવજીભાઈ નાકરાણી ગામ-રવાપરવાળાને વધુ મતે પસંદ કરવામાં આવ્યા છે અને

જોઈન્ટ સેક્રેટરી તરીકે ભાઈશ્રી લાલજીભાઈ સોમજી નાકરાણી ગામ-રવાપરવાળાની નિમણુંક કરવામાં આવી છે અને ખજાનચી તરીકે ભાઈશ્રી જેઠાભાઈ નથુભાઈ નાકરાણી ગામ-દેવીસરવાળાની વધુ મતે પસંદગી કરવામાં આવી છે.

એ ઉપરાંત યુવક મંડળના આ અડતાલીસ મેમ્બરોમાંથી વ્યવસ્થાપક મંડળના કાર્યકર્તાઓ તરીકે નીચે જણાવેલા તેર ભાઈઓની સર્વાનુમતે ચુંટણી કરવામાં આવી હતી.

(૧)	ભાઈશ્રી મુળજીભાઈ ડોસા પોકાર	ગામ-નખત્રાણાવાળા (યુવક મંડળના પ્રમુખ)
(૨)	ભાઈશ્રી ખીમજીભાઈ શીવજી રામાણી	ગામ-મંગવાણાવાળા (યુવક મંડળના ઉપપ્રમુખ)
(૩)	ભાઈશ્રી રતનશીભાઈ શીવજી નાકરાણી	ગામ-રવાપરવાળા (યુવક મંડળના સેક્રેટરી)
(૪)	ભાઈશ્રી લાલજીભાઈ સોમજીભાઈ	ગામ-રવાપરવાળા (યુવક મંડળના જો.સેક્રેટરી)
(૫)	ભાઈશ્રી જેઠાભાઈ નથુભાઈ નાકરાણી	ગામ દેવીસરવાળા (યુવક મંડળના ખજાનચી)
(૬)	ભાઈશ્રી જીવરાજ હીરજી ઉકાણી	ગામ-માનકુવાવાળા
(૭)	ભાઈશ્રી શીવજીભાઈ કાનજીભાઈ પારસીયા	ગામ-નખત્રાણાવાળા
(૮)	ભાઈશ્રી નારણભાઈ લધાભાઈ નાકરાણી	ગામ-નખત્રાણાવાળા
(૯)	ભાઈશ્રી પુંજાભાઈ ખેતાભાઈ રૂડાણી	ગામ-નખત્રાણાવાળા
(૧૦)	ભાઈશ્રી રામજીભાઈ સોમજીભાઈ નાકરાણી	ગામ-રવાપરવાળા
(૧૧)	ભાઈશ્રી વાલજીભાઈ લખુભાઈ પોકાર	ગામ-નખત્રાણાવાળા
(૧૨)	ભાઈશ્રી શીવજીભાઈ લધાભાઈ નાકરાણી	ગામ-નખત્રાણાવાળા
(૧૩)	ભાઈશ્રી વીરજીભાઈ લખુભાઈ પોકાર	ગામ-નખત્રાણાવાળા

ત્યારબાદ જ્ઞાતિ સુધારક યુવક મંડળના ધારાધોરણ અને નિયમો શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદ ત્રીજીમાં જ્ઞાતિ હિતાર્થે ઠરાવરૂપે પસાર કરવામાં આવેલ હતા, તેને જ અનુસરી થોડા ઘણા ફેરફારો સાથે તૈયાર કરવા માટે ભાઈશ્રી નારાયણજી તથા રતનશી શીવજી, શીવજી કાનજી તથા ભાઈશ્રી ખીમજીભાઈ શીવજી વિગેરેને એ કાર્ય સોંપવામાં આવ્યું હતું અને તે દિવસનું કાર્ય પુરું થઈ રહ્યા બાદ બાકી રહેલું કાર્ય તા.૨૩-૩-૧૯૨૬ના દિવસના માટે રહેવા દઈ મોડી રાત્રે સર્વે ભાઈઓ પોતપોતાને સ્થાને ગયા હતા.

તા.૨૩-૩-૧૯૨૬ના દિવસની કાર્યવાહી

આગલે દિવસે નક્કી કરેલા ભાઈઓએ જ્ઞાતિ સુધારક યુવક મંડળના ઉદ્દેશ અને નિયમો તેમજ બંધારણનો ખરડો તૈયાર કરેલો હતો, તે સર્વભાઈઓ સમક્ષ વાંચી સંભળાવતાં દરેક ભાઈઓની સંમતિથી તેમાં જોઈતો સુધારો વધારો કરી પસાર કરવામાં આવ્યો હતો, તે નીચે પ્રમાણે છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના ઉદ્દેશ અને નિયમો

આપણી કડવા પાટીદાર જ્ઞાતિ કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, નિમાડ, માળવા વગેરે આ દેશના જુદા જુદા ભાગોમાં વસે છે અને તે દરેક વિભાગમાં જ્ઞાતિ સ્થિતિ સુધારવા સંસ્થાઓ કે મંડળો સ્થાપી લાંબા સમયથી પ્રયત્ન કરવામાં આવે છે. આવા દરેક મંડળો સમસ્ત જ્ઞાતિની "શ્રી કડવા પાટીદાર પરિષદ" નામે જે મોટી સંસ્થા છે તેના આશ્રય નીચે રહી પોતપોતાની જરૂરિયાતની મુખ્ય સંસ્થાને જાણ કરે છે અને પરિણામે જ્ઞાતિ હિત સાધવાનો માર્ગ સરળ થાય છે. આ મુખ્ય સંસ્થાની સ્થાપના થયા પછી દેશકાલને લઈ જ્ઞાતિમાં ઘર કરી બેઠેલા અધર્મયુક્ત રીતરિવાજોનો ત્યાગ થતો આવે છે અને ઘણા કાળથી એકબીજાથી જુદા પડી ગયેલા પોતાના જ બંધુઓ સાથે ઐક્ય સાધવાનું મહત્ત્વનું કાર્ય સિદ્ધ થતું જાય છે. આ શુભ કાર્યમાં આપણા કચ્છ વિભાગે પણ કેટલેક અંશે ભાગ લીધો છે. પરંતુ સમસ્ત જ્ઞાતિથી આપણા વિભાગને અલગ પાડી દેનાર અધર્મયુક્ત પીરાણા સતપંથનો ત્યાગ કરવાનું જે મહાન કાર્ય આપણા વિભાગે કરવાનું છે. તે ઉદ્દેશ અને કાર્ય ધ્યાનમાં લઈ શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદ નામે જે સંસ્થા સ્થાપવામાં આવી છે તેને અનુસરીને તેના પેટા વિભાગ તરીકે જ આ જ્ઞાતિ સુધારક યુવક મંડળની સ્થાપના કરવામાં આવી છે. તેના ઉદ્દેશ અને નિયમો નીચે પ્રમાણે છે.

ઉદ્દેશ

(૧) આપણી સમસ્ત જ્ઞાતિથી આપણને અલગ પાડી દેનાર તેમજ હિન્દુપણામાંથી આપણને ટાળી દેનાર પીરાણા સતપંથને જ્ઞાતિમાંથી નાબુદ કરવો અને કોઈ પણ જોખમે અને ખર્ચે એ કાર્ય પ્રથમ હાથ ધરવું એ આ મંડળનો મુખ્ય ઉદ્દેશ છે.

(૨) બાળલગ્નના અધર્મયુક્ત અને હાનીકારક રિવાજને જ્ઞાતિમાંથી સત્વરે નાબુદ કરવો તે આ મંડળનો મુખ્ય ઉદ્દેશ છે. તેને ખાસ ધ્યાનમાં લઈ જ્ઞાતિ સુધારક યુવક મંડળના મેમ્બરોમાંના કોઈએ પણ બાળલગ્ન ન કરવા અને જ્ઞાતિમાંનો કોઈ પણ ભાઈ પોતાના બાળકોને એવી રીતે બાળલગ્નથી પરણાવતો હોય તો તેને સમજાવી તેમ ન કરવાની સમજુતી આપવી એ આ મંડળના દરેક મેમ્બરોની મુખ્ય ફરજ રહેશે.

(૩) મરણ પાછળના કારજો કરવાનો રિવાજ શાસ્ત્ર વિરુદ્ધ અયુક્ત, ખર્ચાળ અને દુર્દશાએ પહોંચાડનારો હોવાથી તેને સદંતર નાબુદ કરવા અને તેવા જમણો નહિ જમવાનો આપણી જ્ઞાતિની પરિષદે ઠરાવ કરેલ છે, તેને અનુસરીને આ મંડળના કોઈ પણ મેમ્બરે તેવા ખર્ચા નહિ કરવા, તેમજ તેમાં ભાગ પણ નહિ લેવો એ તેમની મુખ્ય ફરજ છે.

(૪) વિદ્યા એ સર્વોત્તમ શક્તિ હોવાથી તેનો બહોળો પ્રચાર જ્ઞાતિના તેમજ પોતાના પુત્ર-પુત્રીઓને પુરતી કેળવણી આપીને કરવાનો ખાસ ઉદ્દેશ ધ્યાનમાં રાખવો, એમાં આ મંડળના મેમ્બરો પોતાની મુખ્ય ફરજ સમજશે.

(૫) જ્ઞાતિની આર્થિક સ્થિતિ સુધારવી અને ઐક્યતા વધારવી એ ખાસ જરૂરનું છે. જેથી દરેક ભાઈએ પોતાના જ્ઞાતિ બંધુઓને બનતી દરેક પ્રકારની મદદ કરવી, તેમજ કામ ધંધામાં આગળ વધારવા તથા ખેતીવાડી વિગેરે બીજા ઉદ્યોગોની કેળવણી મેળવી એકબીજાને સહાયભુત થવું એ આ મંડળનો ખાસ ઉદ્દેશ છે.

(૬) ઉપદેશકો રોકીને, સભાઓ અથવા મિટિંગો ભરીને, ચોપાનીયા કે પુસ્તકો પ્રસિદ્ધ કરીને જ્ઞાતિમાં જ્ઞાનનો ફેલાવો કરવો તથા આ મંડળના ઉદ્દેશો બર લાવવા માટે જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે જ્ઞાતિ બંધુઓની મદદ લઈને પગારદાર અથવા બિન પગારદાર માણસો રોકી યોગ્ય ખર્ચો કરીને આ મંડળનો મુખ્ય ઉદ્દેશ બર લાવવામાં આવશે.

(૭) આ મંડળનું દરેક પ્રકારનું કામકાજ કચ્છ દેશના જ રહીશ હોય એવા કડવા પાટીદાર બંધુઓના હિતાર્થે જ થશે. પરંતુ એવો પણ ઉદ્દેશ છે, કે આ મંડળની સ્થિતિ સુધરતી હોય તો જ્ઞાતિ વિસ્તારના બીજા ભાગો તરફ પણ ધ્યાન આપવામાં આવશે. વળી કોઈપણ પ્રયત્ને સમસ્ત જ્ઞાતિમાં આપણા કચ્છ વિભાગનું પ્રતિનિધિત્વ સાચવી રાખવા આ મંડળ બનતા દરેક પ્રયત્નો ચાલુ રાખશે.

નિયમો :

(૧) કોઈ પણ વિભાગના કડવા પાટીદાર બંધુઓ આ મંડળના મેમ્બર થઈ શકશે અને મંડળ તરફથી નક્કી કરવામાં આવેલી આઠ આના ફી આપવાથી અને મંડળના ઉદ્દેશ અને નિયમોનો અંગીકાર કરેથી મેમ્બર તરીકેના દરેક હક તેને પ્રાપ્ત થશે.

(૨) આ મંડળની સિંધ પ્રદેશ ખાતેની મુખ્ય ઓફીસ કરાંચીમાં રહેશે અને જરૂર જણાતાં બીજી જગ્યાએ પેટા ઓફિસો ખોલવામાં આવશે.

(૩) આ મંડળનો ઉદ્દેશ બર લાવવા માટે બહુમતે ઉપયોગ થશે અને જે જે ભાઈઓ જે જે કાર્ય માટે યોગ્ય જણાશે તેમની કમિટિઓ દ્વારા અથવા વ્યક્તિત્વ પરત્વે નિમણુંક કરવામાં આવશે. તેમજ આ મંડળનો ઉદ્દેશ બર લાવવા અને તેનો વહીવટ કરવા સારું તેર વ્યવસ્થાપકોની કમિટિ નિમવામાં આવી છે, તેને આ મંડળના ઉદ્દેશના અંગે ઉત્પન્ન થતું દરેક કાર્ય કરવાની સત્તા રહેશે અને તે માટે યોગ્ય ખર્ચ પણ કરી શકશે.

આ મંડળની ખાસ મિટિંગ દર મહિનાની અમાવાસ્યાના દિવસે ભરવામાં આવશે અને તે મિટિંગમાં મહિના દિવસમાં થયેલું કામકાજ અને મંડળના અંગે થયેલા ખર્ચનો હિસાબ સેક્રેટરીએ મંડળના મેમ્બરો સમક્ષ વાંચી સંભળાવવો જોઈશે અને તે સિવાય વ્યવસ્થાપક મંડળના સભ્યોને કોઈ ખાસ કારણસર મિટિંગ બોલાવવાની જરૂર પડે તો તે બોલાવી શકશે. આવા પ્રકારની મિટિંગ બોલાવવાની ખબર બે દિવસ અગાઉથી મંડળના સેક્રેટરીએ દરેક મેમ્બરોને આપવી જોઈશે.

(૫) વ્યવસ્થાપક મંડળ પોતાની મિટિંગ જ્યારે જ્યારે જરૂર જણાશે ત્યારે બોલાવી શકશે અને ઓછામાં ઓછા ૧-૩ જેટલા મેમ્બરો હાજર હશે તે વખતે મંડળના ઉદ્દેશને બાધ ન આવે તેવાં જરૂર પડતાં કામકાજો કરવાની વ્યવસ્થાપક મંડળને સત્તા રહેશે.

(૬) મંડળનો ઉદ્દેશ બર લાવવા માટે અને મંડળના નિભાવ અર્થે તેમજ મંડળની મિટિંગોમાં થયેલ કામકાજના હેવાલો છપાવવા અર્થે જે કાંઈ પૈસાની જરૂર પડે તે માટે કોઈ ખાસ ફંડ કરવામાં નહિ આવ્યું હોય તો, મંડળના મેમ્બરોની માસિક ફીના આઠ આનાવાળા ફંડમાંથી ખર્ચ કરવામાં આવશે અથવા તો જૂના જ્ઞાતિપંચ, લાઈબ્રેરી અને પરિષદના એકત્ર ફંડમાંથી આ નવ મંડળને રૂા. ૧૨૫ આપવામાં આવ્યા છે તેમાંથી કરવું.

(૭) આ મંડળની દરેક મિટિંગમાં થતા કામકાજની એક નોંધ વ્યવસ્થાપક કમિટિ તરફથી રાખવામાં આવશે તે પ્રોસીડીંગ બુક ગણાશે, દરેક મિટિંગ પછી તે મોટી હોય કે વ્યવસ્થાપકોની હોય તેના કાર્યનો હેવાલ લખાઈ ગયા બાદ તે કાર્ય જેના પ્રમુખપણા નીચે થયું હોય તે તેના નીચે પોતાની સહી કરશે.

(૮) મંડળનો કોઈ પણ મેમ્બર મંડળના ઉદ્દેશ કે હેતુ અને નિયમોથી વિરુદ્ધ જવાપણું કરી શકશે નહિ અને તેવું વિરુદ્ધ વર્તન કરનારનો મેમ્બર તરીકેનો હક્ક છીનવી લેવામાં આવશે.

(૯) આ મંડળે પસાર કરેલા મંડળના નિયમ અને ઉદ્દેશોનો અમલ કરાવવો અને કરવો એ દરેક ભાઈની ફરજ ગણાશે અને જે કાર્ય માટે જેની નિમણુંક કરવામાં આવી હોય તે બંધુ તેના કાર્ય માટે આ મંડળને જવાબદાર રહેશે. પરંતુ જેની પદ્ધતિસર નિમણુંક નહિ થઈ હોય તેવા કોઈ પણ મેમ્બરના કોઈ પ્રકારના કાર્ય માટે આ મંડળ જવાબદાર રહેશે નહિ.

(૧૦) આ મંડળનું કાર્ય એ જ્ઞાતિહિતનું કાર્ય છે એમ સમજી જે જે વિભાગના ભાઈઓ આ મંડળને જે જે પ્રકારે મદદ કરશે તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવશે, પરંતુ પર જ્ઞાતિના કોઈ પણ ગૃહસ્થ તરફની આર્થિક મદદ સ્વીકારવી કે નહિ તેનો વ્યવસ્થાપકો સમયને અનુસરીને નિર્ણય કરશે.

સૂચના

દરેક ભાઈઓ આ મંડળના નિયમો અને ઉદ્દેશને બરાબર જાણી અને સમજીને મેમ્બર થયા છે, એટલે આ મંડળનો જ્ઞાતિ હિત સાધવાનો ઉદ્દેશ તેમની મદદ વડે જલ્દીથી બર આવશે. એવી આ મંડળને ખાત્રી રહે છે અને હવે પછી નવા થનારા મેમ્બરોએ આ મંડળના ઉદ્દેશ અને નિયમોને વાંચી વિચારી અને પોતાને યોગ્ય લાગે તો બાજુના પાના પરનું અંગીકરણ પત્ર ભરી સેક્રેટરી તરફ મોકલી આપવું અને જ્ઞાતિ હિતના કાર્યમાં જોડાવું, એવી દરેક જ્ઞાતિબંધુઓને વિનંતી કરવામાં આવે છે.

લી. રતનશીભાઈ શીવજીભાઈ સેક્રેટરી
હેડ ઓફિસ કરાંચી રણછોડલાઈન

અંગીકરણ પત્ર
શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના સેક્રેટરી જોગ
હેડ ઓફિસ કરાંચી રણછોડલાઈન

હું નીચે સહી કરનાર ..... નુખે... ઉંમર વર્ષ..... ગામ..... ઠેકાણું .... આ ઉપરથી વિનંતી કરું છું કે, જ્ઞાતિ સુધારક યુવક મંડળના ઉદ્દેશ અને નિયમો મેં જાતે સમજીને જાણ્યા છે અને જ્ઞાતિ હિતના માટે તે ખાસ જરૂરના છે, એવી મારી ખાત્રી થઈ છે એટલે તે પાળવા અને પળાવવા હું મારાથી બનતું કરવાનો વિશ્વાસ આપી આ મંડળનો મેમ્બર થવાની માંગણી કરું છું, તે સ્વીકારવામાં આવશે એવી આશા છે સહી.... દા.પોતે.

ઉપર પ્રમાણેના જ્ઞાતિ સુધારક યુવક મંડળના ઉદ્દેશો અને નિયમોનું બંધારણ નક્કી કર્યા બાદ, બીજી પણ કેટલીક અગત્યની વાટાઘાટો કરી, દરેક ભાઈઓએ એકબીજાના મનનું સમાધાન પ્રાપ્ત કરી હર્ષથી છુટા પડ્યા હતા.

યુવક મંડળના ભાઈઓએ પણ સ્વતંત્ર રીતે જ્ઞાતિ સુધારાનું કામ કરી દેખાડવા માટે ભાઈશ્રી નારાયણજીભાઈને ઉત્સાહપૂર્વક વચન આપ્યું હતું તથા તેમને દરેક પ્રકારે મદદ કર્તા થઈ પડશે એમ જણાવ્યું હતું.

તા.૨૪મીના દિવસે ભાઈશ્રી નારાયણજીભાઈએ પોતાના સગાસંબંધી તેમજ મિત્રોને ઘેર જઈ સૌ સાથે હળીમળી છુટા પડવાની વિનંતી કરી હતી. કારણ કે તેમને ઉતાવળે મુંબઈ જવાનું હોવાથી વધારે વખત થોભી શકાય તેમ ન હોવાથી સૌ ભાઈઓને તેજ દિવસે મળી લેવાનું નક્કી કર્યું હતું અને ગુરૂવાર તા.૨૫મીના દિવસે દસ વાગ્યાની ગાડીમાં રવાના થવાનું હોવાથી તે દિવસે ઘણા ભાઈઓ કામ ધંધો છોડી સ્ટેશન ઉપરે ભાઈશ્રી નારાયણજીભાઈને વિદાયગીરીનું માન આપવા ભેગા થયા હતા. ત્યાં આગળ એકબીજાને આનંદથી મળી છુટા પડ્યા હતા. ગાડી ચાલુ થતાં સૌ ભાઈઓ આંસુ ભીની આંખે તેમનો જયનાદ બોલાવી છુટા પડ્યા હતા.

(સિંધ) હૈદરાબાદના કેટલાક ઉત્સાહી યુવાનોએ પણ આવો શુભ પ્રસંગ જવા દેવો નહિ તથા ભાઈશ્રી નારાયણજીભાઈની હાજરીમાં દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લઈ પાવન થવાનો વિચાર કરી હૈદરાબાદથી ભાઈશ્રી નારાયણજીભાઈના નિમંત્રણાર્થે પટેલ વાલજીભાઈ વસ્તા પોકાર ગામ-વિથોણવાળા તથા પટેલ માવજીભાઈ પુંજા જબુવાણીના પુત્રને કરાંચી મોકલવામાં આવ્યા હતા. પરંતુ ભાઈશ્રી નારાયણજીભાઈને ઘણા જ અગત્યના કેટલાક ખાસ કારણોને લઈ મુંબઈ તરફ તરત રવાના થવું પડ્યું હતું. રસ્તામાં હૈદરાબાદના સ્ટેશન ઉપર વિસેક ભાઈઓ તેમનું સ્વાગત કરવા તેમજ શહેરમાં તેડી જવા માટે આવ્યા હતા, પરંતુ નારાયણજીભાઈથી ઉપર જણાવેલા ખાસ અગત્યના કારણસર હૈદરાબાદ ઉતરી શકાય તેમ ન હોવાથી તેમને સ્ટેશન ઉપર અનેક રીતે સમજાવી તેમના મનનું સમાધાન કરી, ફરીથી શ્રાવણ માસમાં આવવાનું વચન આપી તેમનાથી છુટા પડ્યા હતા. ત્યાર પછી ત્યાંના નવયુવકોના ઉત્સાહભર્યા પ્રોત્સાહનથી અને સમજાવટથી રા. નારાયણજીભાઈની ગેરહાજરીમાં તા.૧લી એપ્રિલ સને ૧૯૨૬ના રોજ નીચે જણાવેલા ૧૯ ભાઈ-બહેનોએ પીરાણા સતપંથનો ત્યાગ કરી શુદ્ધ સનાતન વૈદિક ધર્મની પટેલ વાલજીભાઈ નારાણની આગેવાની હેઠળ ખરા અંતઃકરણથી દીક્ષા સ્વીકારી હતી. જેનાં નામો નીચે પ્રમાણે છે.

તા.૧લી એપ્રિલ સને ૧૯૨૬ના દિવસે સિંધ હૈદરાબાદમાં દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવનાર ભાઈઓ તથા બહેનોના નામો.

(૧) પટેલ ભીમજી કરસન પાંચાણી નખત્રાણાવાળા
(૨) અ.સૌ.બહેન કાનબાઈ તે પટેલ ભીમજી કરસનના ધર્મપત્ની
(૩) ચિ.વેલબાઈ તે પટેલ ભીમજી કરસનના પુત્રી
(૪) પટેલ નારાણ કરસન પાંચાણી ગામ-નખત્રાણાવાળા
(૫) પટેલ વાલજી નારાણ પાંચાણી ગામ-નખત્રાણાવાળા
(૬) અ.સૌ.બહેન હીરબાઈ તે વાલજી નારણના ધર્મપત્ની
(૭) પટેલ નથુ નારાણ પાંચાણી નખત્રાણાવાળા
(૮) અ.સૌ.બહેન રતનબાઈ તે નથુ નારાણના ધર્મપત્ની
(૯) પટેલ શીવજી ખીમજી પાંચાણી નખત્રાણાવાળા
(૧૦) અ.સૌ.બહેન જસુબાઈ તે પટેલ શીવજી ખીમજીના ધર્મપત્ની
(૧૧) ચિ.પુંજાભાઈ
(૧૨) ચિ.બહેન પાનબાઈ } તે પટેલ શીવજી ખીમજીના પુત્ર-પુત્રીઓ
(૧૩) ચિ.બહેન પાર્વતી
(૧૪) પટેલ કરસન ખીમજી પાંચાણી નખત્રાણાવાળા
(૧૫) અ.સૌ.બહેન દેવકીબાઈ તે પટેલ કરસન ખીમજીના ધર્મપત્ની
(૧૬) પટેલ દેવશી લધા નાકરાણી ગામ-નખત્રાણાવાળા
(૧૭) અ.સૌ. બહેન કુંવરબાઈ તે પટેલ દેવશી લધાના ધર્મપત્ની
(૧૮) ચિ.પચાણભાઈ } તે પટેલ દેવશી લધાના પુત્ર-પુત્રી
(૧૯) ચિ.બહેન ગોમતીબાઈ

મુંબઈ ઘાટકોપરમાં મળેલી ત્રીજી પરિષદ પછી જે જે ભાઈ-બહેનોએ પ્રાયશ્ચિત લીધું હતું તેમના નામોનું લિસ્ટ તેમજ પરિષદના રિપોર્ટમાં છપાયેલ છે. પરંતુ તે ઉપરાંત સંવત ૧૯૮૧ના મહા સુદ { VSAK : 25-Jan-1925 and 08-Fab-1925 } માં નીચે જણાવેલા ભાઈ-બહેનોએ પીરાણા સતપંથને ત્યાગી સનાતન વૈદિક ધર્મની દીક્ષા લીધી છે તેમના નામોનું લીસ્ટ નીચે પ્રમાણે છે.

(૧) પટેલ પ્રેમજી હરજી સાંખલા ગામ-દેશલપર (આથમણું)
(૨) અ.સૌ.બહેન રાજબાઈ તે પટેલ પ્રેમજી હરજીના ધર્મપત્ની
(૩) ચિ.મુળજીભાઈ તે પટેલ પ્રેમજી હરજીના પુત્ર
(૪) પટેલ ભીમજી લધા ઘોઘારી ગામ-વિરાણીવાળા
(૫) અ.સૌ.બહેન રાજબાઈ તે પટેલ ભીમજી લધાના ધર્મપત્ની
(૬) અ.સૌ.બહેન કુંવરબાઈ તે પટેલ રામજી ભીમજીના ધર્મપત્ની
(૭) ચિ.હરજીભાઈ } તે પટેલ રામજી ભીમજીના પુત્ર-પુત્રી
(૮) ચિ.બહેન મરઘાંબાઈ

(૯) માતુશ્રી ભાણબાઈ તે પટેલ ડાહ્યા ગોપાલના માતુશ્રી
(૧૦) અ.સૌ.બહેન રામબાઈ તે પટેલ ડાહ્યા ગોપાલના ધર્મપત્ની
(૧૧) ચિ.દાનાભાઈ } તે પટેલ ડાહ્યા ગોપાલના પુત્રો
(૧૨) ચિ.રતનસિંહભાઈ
(૧૩) પટેલ નાનજી માવજી લીંબાણી ગામ-કોટડા (જડોદરવાળા)
(૧૪) અ.સૌ.બહેન લક્ષ્મીબાઈ તે પટેલ નાનજી માવજીના ધર્મપત્ની
(૧૫) પટેલ વાલજીભાઈ કાનજી સુરાણી ગામ-નખત્રાણાવાળા
(૧૬) પટેલ રતનસિંહભાઈ વિરજી રૂડાણી ગામ-દેશલપર (ઉગમણું)
(૧૭) અ.સૌ.બહેન રામબાઈ તે પટેલ રતનસિંહ વીરજીના ધર્મપત્ની
(૧૮) ચિ.કરમશીભાઈ } તે પટેલ રતનસિંહ વીરજીના પુત્રો-પુત્રી
(૧૯) ચિ.મોહનભાઈ
(૨૦) ચિ.બહેન બચીબાઈ
(૨૧) પટેલ વીસરામ મેઘજી નાકરાણી ગામ-રવાપરવાળા
(૨૨) પટેલ લખુ ડોશા પોકાર ગામ-નખત્રાણાવાળા
(૨૩) પટેલ પેથા ડોશા પોકાર ગામ-નખત્રાણાવાળા
(૨૪) અ.સૌ.બહેન જાનબાઈ તે પટેલ પેથા ડોસાના ધર્મપત્ની
(૨૫) ચિ.નારણભાઈ } તે પટેલ પેથા ડોસાના પુત્રો અને પુત્રીઓ
(૨૬) ચિ.માવજીભાઈ
(૨૭) ચિ.બહેન મોંઘીબાઈ
(૨૮) ચિ.બહેન રામબાઈ
(૨૯) અ.સૌ.બહેન ગંગાબાઈ તે પટેલ લાલજી પેથાના ધર્મપત્ની
(૩૦) પટેલ નારાણ દેવશીભાઈ ડાયાણી ગામ-નખત્રાણાવાળા
(૩૧) પટેલ પ્રેમજી વિસરામ ગાંગાણી ગામ-વિરાણીવાળા
(૩૨) અ.સૌ.બહેન મરઘાંબાઈ તે પટેલ પ્રેમજી વીસરામના ધર્મપત્ની
(૩૩) ચિ.નર્મદાબાઈ તે પ્રેમજી વીસરામની પુત્રી
(૩૪) ચિ.બહેન હીરાબાઈ તે રામજી સોમજીની પુત્રી

આ પ્રમાણે દેહશુદ્ધિનું કાર્ય ઝપાટાબંધ ચાલી રહ્યું છે. હવે તો જ્ઞાતિના નવજુવાનો થોડો પ્રમાદ ઓછો કરે અને બે વર્ષ પહેલાં જે ઉત્સાહથી કાર્ય કરવામાં આવતું હતું, તે પ્રમાણે ફરીથી ઝુંબેશ ચલાવવામાં આવે તો મારી ખાત્રી છે કે, એકાદ બે વર્ષમાં પીરાણા સતપંથનું કાળું કલંક જે અમારી જ્ઞાતિના શીરે ચોંટેલું છે, તે બિલકુલ નિર્મુળ થઈ જાય. પરમાત્મા અમારા જ્ઞાતિ સુધારક બંધુઓને જ્ઞાતિ સેવાનું કાર્ય જલદીથી કરી લેવાને બુદ્ધિ, બળ અને શક્તિ અર્પે એજ અંતિમ પ્રાર્થના.

લી.

શીવજીભાઈ કાનજીભાઈ પારસીયા

નખત્રાણાવાળા, રણછોડલાઈન કરાંચી

છપાઈ બહાર પડી ચૂક્યો છે ! **છપાઈ બહાર પડી ચૂક્યો છે !**

પીરાણા "સતપંથ"નો રસીક અને રહસ્ય ભર્યો મહાભારત

ભેદી ઈતિહાસ

ભોળા હિન્દુભાઈઓને છળવા વટલાવવાનું પ્રપંચી કારસ્તાન !

પ્રિય હિન્દુભાઈઓ ! વાંચો, ચેતો અને જાગૃત થાઓ !

"પીરાણા સતપંથની પોલ"

કહેવાતા ઈમામશાહી કબ્રસ્તાની અર્ધદગ્ધ ખીચડીયા પીરાણા સતપંથનો છુપો ઈતિહાસ ! અનેક વરસોની મહેનત અને શોધખોળ, છુપા ગુપ્તપંથી પુસ્તકોના સાધન અને હજારોના ખર્ચે તૈયાર કરેલો એક અમૂલ્ય, ભેદભરેલો મહાન ગ્રંથ !

આ "સતપંથ"ના નવીન હિન્દુધર્મને નામે વૈદિક ધર્મનું એક કપોળ કલ્પિત નામ ધારણ કરી, તેમાં હિન્દુ દેવદેવીઓ તથા બુદ્ધ ભગવાન આદિ દેવોને ઈસલામી ઈમામોની સાથે ગોઠવી દઈને નુર સતગોર, પીર શમ્સ, પીર સદરુદીન, ઈમામશાહ વગેરે પાત્રોએ રચેલી અદ્‌ભુત ઈન્દ્રજાળ અને તે વિગેરેની રહસ્યમય હકીકત.

સૈકાઓથી રાત્રે ઘટપાટ બિછાવી, ભજવાતા આ નવા ભેદી નાટકનું અંધારી દિવાલો વચ્ચે દટાઈ રહેલું, એ કલ્પિત સતપંથનું હજારો રૂપિયા ખર્ચતાં પણ ન મળી શકે એવું સંપૂર્ણ સાહિત્ય, મહોર નબુવત અને દલદલ ઘોડાના સુંદર સપ્તરંગી ચિત્રો અને તેમનો ઈતિહાસ, નૂરનામું, બાજીનામું, રતનનામું, નાદેઅલી, પીરશાહનો પાઠ, તૈયબનો કલમો, દશ અવતાર, રાત્રીના અંધકારના વખતે ખાનામાં ભજવાતી એ ગુપ્તપંથની ક્રિયાઓ, દશતરી ગાવંત્રી, બનાવટી સંધ્યા વિગેરે અનેક કલ્પિત ગ્રંથોના આધારરૂપ ચોકઠાંથી ઉભો કરેલ પીરાણા સતપંથ, નકલંકી ગુપ્તપંથ વિગેરે અનેક નામોથી ઓળખાતા એ છુપા ધર્મનો સીલસીલાબંધ મહત્ત્વનો મહાભારત ભેદી ઐતિહાસિક ગ્રંથ ! દુનિયાની સપાટી ઉપર અનેક ધર્મીઓને ઠગાઈથી વટલાવવા માટે કેટલાંક મહાન્ ભેજામાંથી ઉપજાવેલું એક પ્રત્યક્ષ બેહસ્ત (ભેસ્ત), તેના ભેદ-ભરમો અને ભોગ વિલાસના પ્રપંચ પડદાઓ ! એ પાખંડી પંથની ઉત્પત્તિ સ્થિતિ તથા જગતને ઉંધે રસ્તે ચડાવવાની યુક્તિઓ અને ભોળા હિન્દુઓને ધર્મદ્રોહી, દેવદ્રોહી, જ્ઞાતિ અને દેશદ્રોહી બનાવનારી ભીષણ ઈન્દ્રજાળ વિગેરે સર્વનો આ એક જ ગ્રંથમાં સમાવેશ કરવામાં આવેલ છે.

પુસ્તકનું કદ રોયલ આઠપેજી (મોટા પાના) પાંચસો સાઠ, ગ્લેઝડ ચીકણા કાગળો, સુંદર ચિત્રો, પાકું સુંદર પૂઠું અને હજારો રૂપિયા ખર્ચતા પણ ન મળે એવું એ ધર્મનું ગુપ્ત સાહિત્ય, છતાં ધર્મસેવા અને જાતિ સેવાના હેતુથી તેની કિંમત ફક્ત રૂપિયા ચાર જ રાખવામાં આવી છે, પોસ્ટેજ જુદું, ગ્રાહકો પુરતી જ છપાવેલ હોવાથી જુજ નકલો વધારાની છે, માટે જલદી લખો :-

લેખક અને પ્રકાશક
પટેલ નારાયણજીભાઈ રામજીભાઈ કોન્ટ્રાક્ટર
કચ્છ વિરાણીવાળા, હાલ-ઘાટકોપર,
જૈન દેરાસરની બાજુમાં, જિલ્લે-થાણા.

સૈયદ બાવા સાહેબ અહમદઅલી (ખાકી)એ
સતપંથીઓને આપેલ સધીયારા સબબે

સતપંથીઓના સધીયારાને સપાટો

લેખક અને પ્રકાશક
પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાક્ટર
મુ. ઘાટકોપર (જીલ્લે થાણા)

સંવત ૧૯૮૩ ઈ.સ.૧૯૨૭

મુદ્રણસ્થાન : આદિત્ય મુદ્રણાલય, રાયખડ રોડ-અમદાવાદ.
મુદ્રક : ગજાનન વિશ્વનાથ પાઠક

Online Text Based
(can use for translation)

Source Document

ખુલાસો

આ એ લેખ સતપંથી સેવકો કે પીરાણાના કોઈ પણ સૈયદોની લાગણી દુઃખાવાના હેતુથી નથી લખ્યો, કારણ કે તેઓ સીધા અને સરળ છે. પીરાણા સતપંથની ખોલવામાં આવતી પોલ સંબંધી તેમનો કોઈપણ પ્રકારનો હઠ કે દુરાગ્રહ કરતા નથી. એટલું જ નહિ પણ કેટલાક સૈયદોએ તો અમને ચોખ્ખું લખી જણાવ્યું છે કે, પીરાણા સતપંથના સ્થાપક સૈયદ ઈમામશાહે હિન્દુઓને ઠગ્યા સિવાય સીધો ઈસ્લામ ધર્મનો માર્ગ બતાવ્યો છે ત્યારે સૈયદ બાવા સાહેબ અહમદઅલી (ખાકી) કે જેઓ પોતે બાપદાદે મુસલમાન હોવા છતાં પોતાને મચ્છ, કૃચ્છ, વરાહ (સુવર) વંશી, બુદ્ધવંશી, હરિવંશી અને હાલમાં વળી ચંદ્રવંશનું પૂછડું પકડી ભોળા અને અજ્ઞાન હિન્દુઓને યુક્તિપ્રયુક્તિઓ વડે ફસાવી, વટલાવી, હિન્દુ ધર્મ કર્મથી પતિત કરી, મુસલમાન બનાવવા માટે સતપંથની સંધ્યા, સતપંથી કર્મપ્રયોગ, સતપંથી ગાયત્રી વિગેરેના વિશેષણો લગાડી બનાવટી ઉટપટાંગ શાસ્ત્રો રચી તેમજ પીરાણા સતપંથના પાખંડી અર્ધદગ્ધ પંથને વેદ અને વેદાંત મતને અનુસરનારો હિન્દુધર્મ છે એમ કહી અખિલ હિન્દુ જનતાની આંખમાં ધોળે દિવસે ધૂળ નાંખવાનો પ્રયત્ન કરનાર એ સૈયદ ખાકીની લેખનશૈલીને જ આભારી છે. ખાકીના લેખની ભાવના તેમની શબ્દરચના અને વિચારોની છાજતી શૈલીમાં જવાબ આપવા જતાં અમારાથી હાસ્ય, ઉપહાસ્ય અને અનુઠા ઉદ્‌ગારો કલમમાંથી કુદરતી રીતે જ નીકળી પડે છે.

સૈયદ બાવા સાહેબ અહમદલી (ખાકી)એ સતપંથીઓને આપેલ સધિયારા સબબે સતપંથીઓના સધિયારાને સપાટો

૧. સૈયદ બહાદુર મી.ખાકી પોતાના લેખની શરૂઆત કરતાં લખે છે કે - "સતપંથ વિરુદ્ધ લખનારા સઘળા ભાઈઓ એક જ પ્રકારના લેખો લખી રહ્યા છે. તેનો જવાબ એ જ કે, લેખોના કેટલા પ્રકાર મી.ખાકીએ શોધી કાઢ્યા છે? જે બિના જૂઠી હોય તેના પ્રમાણો અને દષ્ટાંતો આપી તેને ખોટી સિદ્ધ કરી આપવાનું નિશાન સઘળા સત્ય શોધકોનું એક જ હોય છે. તેનો પ્રકાર પણ એક જ હોય. મી.ખાકીના "પીરાણા સતપંથ"ની કુટિલતા અને પ્રપંચજાળ પણ એજ એક જ પ્રકારે આજે અનેક સૈકાઓથી ચાલી રહેલી છે. ત્યારે તેના વિરુદ્ધની દલીલો આપવાના તે શું પાંચ સાત જુદા જુદા રંગબેરંગી પ્રકારો થતા હશે? વળી મી.ખાકી લખે છે કે, "તેની સુચનાઓ તરત અપાતી રહી છે." અમો **હરિવંશના હોંશીલા** સૈયદ ખાકીને પુછીએ છીએ કે, એવી સુચનાઓ કોણે આપી? ક્યારે આપી? મી. ખાકી પોતાના અસંબદ્ધ બબડાટના ચીથરીઆઓમાં દર વખત લખે છે કે - "મી. નારણ રામજી, નારણ ગોપાલ, યુવક મંડળ, વિગેરેને સામટો જવાબ આપવાના લેખમાં જોશો. જવાબ તો હજુ મી.ખાકીના પેટમાં જ છે ! કેમકે તે હજુ છપાયો જ ક્યાં છે ! વળી એ જવાબ છપાવવાના પૈસાની સતપંથીઓ પાસે ભીખ માગવાની બહાદુરી તો જારી હોવા છતાં આજ દિવસ સુધી એ રકમનો પત્તો ખાધો હોય એમ લાગતું નથી, કેમકે સદરહુ જવાબનો હજુ સુધી જન્મ પણ નથી થયો? અમારી તો ખાત્રી છે કે, મી.ખાકીમાં એ નગદ સત્યનો

જવાબ આપવાનું પાણી કે તાકાત જ નથી. અમે પોતે મી.ખાકીને પૈસા આપી એ જવાબ છપાવી આપવાની માંગણી જાહેર લેખો દ્વારા કરેલી છતાં જવાબ નદારત ! ત્યારે હવે મી.ખાકી તે શું મોઢું લઈને સુચનાનું હંમ્બગ આગળ ધરી જવાબ આપવાની ફરજમાંથી છટકી જવાના ફોકટ ફાંફા મારી રહ્યા છે? જવાબ આપવાના અખાડાને લઈ પોતાના સેવકોમાં અળખામણા થઈ પડવાથી ખોટો ડોળ કરી સૂચનાઓ તરતોતરત અપાતી રહી છે. એવી તોપો મારવાની નવી કળા અજમાવી રહ્યા છે. મી.ખાકી ! તમે એ સુચનાઓ સ્વપ્નામાં, જંગલમાં કે સૈયદ ઈમામશાહની કબરને આપી? રાતની ઠંડી હવામાં દિવાલોને કે દુનિયાની ચારે દિશાઓને તો નથી આપી, તેની મી.ખાકી જગતને જાહેરાત કરશે કે?"

૨. ત્યારબાદ મી.ખાકી લખે છે કે, સતપંથ **વૈદિક ધર્મ** છે. તેને શરણે આવી વેદાજ્ઞા સમજવા અને પાળવા શીખો. જ્ઞાતિયુદ્ધમાં ના ફાવ્યા તો વીરા ! ધર્મયુદ્ધમાં કેમ ફાવશો? સતપંથીઓ તો પુરાણ પુરૂષોત્તમ નારાયણ-અલ્લાહ ખુદાને માને છે વિગેરે.

મી.ખાકી ! **તમારો સતપંથ કોઈ પણ વેદ વેદાન્ત કે હિન્દુશાસ્ત્રોને માનનારો હિન્દુધર્મ નથી, એમ હજારો લેખો ભાષણો અન્ સતપંથીની પોલ જેવા મહાભારત પુસ્તકોથી ઢંઢેરો વગાડી અમે દેખાડી આપ્યું છે. તમારો એ પીરાણા સતપંથ અર્ધદગ્ધ, ખીચડીઓ, કબ્રસ્તાનની કપોળ કલ્પિત પ્રપંચ ભંડાર અને વિશ્વધર્મનો વિરોધી એક કુટીલમાં કુટીલ કલિપંથ છે** અને ન્યાયાસનની પવિત્ર ગાદીએથી પણ એ વસ્તુ સિદ્ધ થઈ ચુકી છે. વેદ કે હિન્દુધર્મના નામનિશાન સાથે પણ તેને કોઈ પ્રકારનું લાગતું વળગતું નથી. માત્ર અજ્ઞાન લોકોને ઠગવા માટે હિન્દુ દેવોના નામો અને વેદના નામની દુહાઈ આપી છે. એવા ભોળા અને અજ્ઞાન હિન્દુઓને વટલાવી ઉભય લોક ભ્રષ્ટ કરી, મામદાહિન્દુ બનાવી, તેમના હિન્દુત્વનું મુળ કાપવા માટે અને વૈદિક ધર્મના અમર આત્મા ઉપર કુટિલતાની ક્રુર કરવત ચલાવવા માટે જ કેટલાક **તમારા જેવા આપમતલબી અને ઠગ ઈસલામી ધર્મપ્રચારક દાઈઓએ તમારા એ કહેવાતા સતપંથના નામનું ધતિંગ ચલાવેલું છે. દુનિયામાં કોઈ પણ ધર્મ એટલી હદ સુધી નીચ નથી કે તેનો સ્થાપક અને પ્રવર્તક એક જુદા જ ધર્મનો હોય અને ઉપદેશ કાંઈ બીજા જ ધર્મનો અપાતો હોય,** આવી રીતે ધર્મ ખીચડો બાફી પોતાના અજ્ઞાન ભોળા સેવકોને ગળે પોતે અલગ રહી અવનવી ફાંસીની જાદુઈ દોરી ભેરવતો હોય, આ ખુબી તો એક પીરાણા સતપંથમાં જ જોઈ ! વળી તેના સ્થાપક તમારા લખવા અને કહેવા પ્રમાણે તમારા બાપદાદાઓ કે જેઓ આગાખાની ઈમામોના પગારદાર નોકર-ઉપદેશક દાઈઓ હતા. તમારા તે સૈયદો બધા જાતે બાપદાદે મુસલમાન હોઈ તમારા કહેવાતા સતપંથી હિન્દુ સેવકોને જાળમાં લઈ ક્રમે ક્રમે મુસલમાન બનાવવા માટે સતપંથ નામની પાખંડજાળ બિછાવી છે તેમાં કંઈ શક નથી. એવા ભોળા હિન્દુઓને વટલાવી, દશોંદ, વિશોંદની લૂંટ ચલાવી તેમની પસીનાની કમાઈ હજમ કરવા માટે આજે સૈકાઓથી એ સતપંથી સેવકોથી વસેલા ગામોમાં સ્થાપેલાં કસાઈખાનાઓ જેવા ખાનાઓ જગવિખ્યાત છે ! ખરેખર એ ખરાબીના ખાનાં તે ખાનાં જ છે ! જો યોગ્ય તુલના કરવામાં આવે તો, ભૂતખાનાં, પ્રેતખાનાં, જેલખાનાં, પાયખાનાં કે પિશાબખાનાંઓ કરતાં પણ પીરાણા સતપંથના એ ખાનાંઓ વિશેષ ભયંકર અને જાળમાં પકડાયેલા શિકારોની બૂરી હાલત કરનારા છે ! ઉપર જણાવેલા ખાનામાંના કેટલાંએક ખાનાઓ શરીરનો નકામો કચરો લઈને જ સંતોષ માને છે. પરંતુ પીરાણા સતપંથના પાખંડી પાપખાનાંઓ તો, દશોંદ, વિશોંદ, દંડ, ભેટ અને એવા અનેક તરેહના લાગા લગવા જેવા અનેક જાતના રક્તશોષક યંત્રો ગોઠવી એ પંથના અજ્ઞાન સેવકો કે જેઓ પેટના બચ્ચાં જેવા જ

ગણાય, તેમને એ યંત્રો વડે છળભેદ વડે નીચોવી નીચોવી, હાડ ચામ કે માંસ પણ બાકી ન રહે, એવી રીતે તન, મન, ધન, જીવન સર્વસ્વને ખાઈ જનારા તેમનું સત્વ ચુસી લેનારા એ ખાનાંઓ છે. એ ખાનાંઓમાં અર્ધદગ્ધ કપોળ કલ્પિત મામદાહિન્દુ સાહી પાખંડ ધર્મના પાઠો પઢાવવામાં આવે છે. હિન્દુઈસ્લામી મિક્ચરવાળી દુવાઓ અને કલમાનું કચુંબર શીખવાડવામાં આવે છે અને આસ્તે આસ્તે ફુંકી ફુંકી ફોલી ખાનારા ઉંદરોની પેઠે અજ્ઞાન હિન્દુ સતપંથીઓને યુક્તિપ્રયુક્તિઓથી વટલાવી હિન્દુ ધર્મ કર્મથી રહિત બનાવી, અર્ધદગ્ધ અધકચરા મુસલમાનો બનાવાય છે ! એ ખાનાંઓમાં કહેવાતા હિન્દુ સતપંથી સેવકોના હિન્દુત્વને રહેંસી નાખી એ ખીચડીયા પંથની એલેલટપુ અર્ધદગ્ધ ઈસ્લામી ક્રિયાઓના નાટકો ભજવાય છે ! અન્ય ધર્મીઓની નીચ નિંદા કુથળી કરવામાં આવે છે. એટલું જ નહિ પણ તન, મન અને આત્માને ભ્રષ્ટ કરનારી નાપાક કહેવાતી અમી અને નુરની ગોળીઓ ગુંટી પીવરાવવામાં આવે છે. ફરમાનજી બીસ્મિલ્લાના કલમા અને હેજંદા અને પીરશાહના જાપોની જપમાળા જપાય છે. આથી પણ આગળ વધીને હડહડતા જૂઠાણાથી ભરેલા પીરાણા સતપંથના બનાવટી શાસ્ત્રોમાં હિન્દુધર્મનો નાશ કરવા માટે ગોઠવેલા બુદ્ધાવતારમાં બુદ્ધના ઉપદેશથી ધર્માત્મા પાંડવોના હાથે ગૌહત્યા કરાવી પાપો ટાળવાની અધમ વાતો સમજાવી ગાયો મારવાનો બોધ અપાય છે. એવી એવી અનેક યુક્તિપ્રયુક્તિઓ વડે પાતાલ ભેદી પ્રપંચજાળ ગોઠવીને સનાતન હિન્દુધર્મનું હડહડતું અપમાન અને ખૂન થાય છે ! ટુંકમાં હિન્દુધર્મનું જડમૂળથી નિકંદન કાઢવા માટે જ પીરાણા સતપંથનો જન્મ થયો છે. એવા ભયંકર દુરાચારવર્ધક ક્રુર અને ઘાતક પંથનો વિશાળ ઈતિહાસ અમે રજુ કર્યો હોવા છતાં હજી પણ એવું બેશરમ રીતે લખી મી.ખાકીએ સતપંથને વૈદિક ધર્મ છે એમ કહી તેને શરણે આવવાની મને અમૂલ્ય સુચના કરે છે. પણ મી.ખાકી ભૂલી જાય છે કે મારો ધર્મ તો એ પાખંડી પંથનો આ દુનિયામાંથી સદંતર નાશ કરવાનો જ છે અને તેના સંચાલકો તમારા જેવા પ્રપંચી પાખંડીઓ, જેઓ હિન્દુ સમાજનો ભયંકર દ્રોહ કરનારા દુરાત્માઓ છે તેમને ઠેકાણે લાવવાના માટે હિન્દુધર્મનો અને જગતની જનતાની સેવા કરવા માટે મેં સેવક ધર્મ અંગિકાર કર્યો છે, એવું અનેક વખત લખી જણાવવા છતાં મને પીરાણા સતપંથ પાળવાનો ઉપદેશ આપી એ પાખંડી પંથને વૈદિક ધર્મ કહેવાની નીચતા કુટિલતા અને ધૃષ્ટતા કરતાં શરમ પણ થતી નથી ! નકટાને નાક જ હોય ક્યાંથી કે તે કપાવાનો ભય રહે? વળી લખે છે કે “જ્ઞાતિયુદ્ધમાં ન ફાવ્યા તો ધર્મયુદ્ધમાં શું કરશો? મી.ખાકી ! કોને જ્ઞાતિ સાથે યુદ્ધ છે તે જણાવશો કે? અમારી જ્ઞાતિ તો સાગર જેવી શીતળ અને ગંગા જેવી પવિત્ર ઉદાર હૃદયવાળી ક્ષત્રિય જ્ઞાતિ છે. મારા તેમજ જ્ઞાતિ સુધારકોના શુભ પ્રયાસો વડે તમારા પીરાણા સતપંથના પાખંડી મતને દિવસે દિવસે તે છોડતી જાય છે. એથી જ તમારા હૃદયમાં ચીરા પાડતી ચરેરાટી પેદા થઈ છે ! અને તેનું કારણ ધર્મદાઝ નથી, પણ પૈસા અને મતલબની હાની જ છે. છપનીઆ જેવા દુષ્કાળના ખરાબ વખતમાં જ્યારે કચ્છ દેશમાં રૂપિયાનો ભાવ છ કોરી હતો, ત્યારે કચ્છમાંથી પંચાવન હજાર રૂપિયા પીરાણે આવતા હતા અત્યારે રૂપિયાનો ભાવ માત્ર દોઢ કોરી છે ! ત્યારે માંડ માંડ દસ બાર હજાર રૂપિયા પીરાણે આવે છે ! એ ઘટાડો શાથી થયો? તમારી હાયવોયની ચાવી ત્યાં જ છે. મી.ખાકી ખુદાની ખાતર ખરું કહો, જ્ઞાતિ સાથે જો અમારે યુદ્ધ હોય, અને અમારી જ્ઞાતિ અમારું સાંભળતી કે માનતી ના હોય, તો તમારો આ ખાડો કેમ પડ્યો? કચ્છમાં અમારી જ્ઞાતિમાં પીરાણા સતપંથીઓની કેટલી સંખ્યા હવે બાકી રહી છે અને દિવસ ઉગતાં કેટલી ઓછી થાય છે, તેનો હિસાબ તમે પોતે જ ઉપરની રકમની ત્રિરાશી લગાવીને કરી લેજો ! ઉપરના વાક્યોની પૃષ્ટિમાં તમારા પોતાના જ લખાણો જૂઓ, તમારો એ પાખંડી સતપંથ તુટતો જાય છે, તેની હાય બળતરામાં તમે પોતે જ, લખેલા અને છપાવેલા સતપંથી કર્મપ્રયોગ નામના પુસ્તકના ચોથા પાનામાં નવ લીટીઓ છોડીને તમે લખ્યું છે કે,

૧૬. સતપંથીઓના સધીયારાને સપાટો - વર્ષ 1927

"સતપંથીઓનો ઘણો ભાગ પ્રમાદી અને પાખંડી બન્યો. અન્ય ધર્મીઓ આપણી ને ધર્મની નિંદા અને હાંસીએ લાગ્યા ! અજ્ઞાન બીકણો દેખાદેખીના રોગમાં સપડાઈ સંગતના પ્રભાવે કુટેવોમાં ગુંથાઈ સતપંથથી સો ગાઉ વેગળા ખસી ગયા. કાંઈ પૂર્વના પુણ્યના બળે આપણે હજુએ સતપંથી કહેવરાવવા મથી રહ્યા છીએ."

આ વાક્યો સાંઈમૌલા તમારા પોતાના જ છે માટે તમે જ ન્યાય કરજો કે, અમારી જ્ઞાતિમાં યુદ્ધ ચાલે છે કે, સમાનતાની દૃષ્ટિએ જ્ઞાતિનું હિત સચવાય એવા મંગળ દિવસો ઉજવાય છે? યુદ્ધ તો તમારી સાથે જ અને તે પણ સંતોષકારક રીતે ખેલાય છે. મી.ખાકી અમારે તો જ્ઞાતિ સાથે યુદ્ધ થયું નથી, અને થવાનું પણ નથી, પરંતુ તમારે પીરાણાના એકલા માલિક થવા માટે જે ખાનગી મંડળ સ્થાપી પૈસા ભેગા કરી પાખંડનું થાણું એકહથ્થું કરવું હતું તેનું શું થયું? આવી સ્વાર્થી ખટપટો ઉભી કરવાથી જ તમને તમારી જ્ઞાતિએ કેવા વધાવી લીધા છે તે હવે ક્યાં અજાણ્યું રહ્યું છે ! તમામ હિન્દુજનતા હિન્દુ જ્ઞાતિઓ અને હિન્દુ ધર્મ કર્મનો ભયંકર દ્રોહ કરવો, હિન્દુઓને વટલાવી ઉંધે રસ્તે ચડાવી મુસલમાન કરવા, એ તો તમે કુફરેશીકત હોવાથી તમે તમારો ખાસ ધર્મ જ માની લીધો છે ! એટલે હિન્દુ જ્ઞાતિઓ તો તમારી સાથે વિરુદ્ધ કરે એ સ્વાભાવિક છે, પરંતુ તમે તમારી પોતાની જ્ઞાતિમાં આવી તમારી નીચ ચાલબાજી કેવા ભૂંડા ભમરાળા અને અળખામણા થઈ પડ્યા છો, એ વાત કેમ ભૂલી જાઓ છો ! તમોએ છપાવેલ નવમો મોટો બુદ્ધાવતાર એ નામના પુસ્તકમાં **"સજ્જનોને બે બોલ"** એ મથાળાવાળા અગ્ર લેખમાં પાને ચોથે ચૌદ લીટીઓ મુકીને તમારા સૈયદ ભાઈઓ અને પીરાણાના હિલાયત કાકાઓને સંબોધીને તમે લખ્યું છે કે -

"ધર્મના નામે નાણાં કઢાવવાના મિશનો બાંધીને, તેથી આવતાં નાણાંઓ ઘોડા આદિની શરતોનો જુગાર રમી શયતાની કાર્ય કરનારાઓ, પછી પોતે પીર ઈમામ વગેરે કહેવરાવે છે. હિલાયત કાકાના માટે તમે મોઘમમાં લખેલું કે - સાધુ થયેલા પણ સટ્ટાસાટાં, વેપાર, જીન, શેર, મિલોમાં પડી ચંડાળવૃત્તિ પોષવા રાંડો રાખીને, મોજમઝા શોખ વધારે છે ! નાણાવટી બની ધર્મનું ખાઈ બેન દીકરીઓની લાજ ઉપર તરાપો મારે છે ! આ શબ્દો તમારા પોતાના જ છે. તે અમે તમને આગળ પણ લખી જણાવેલા છે. ઉપલા શબ્દો તમે તમારા બનાવટી બુદ્ધાવતારમાં પ્રસિદ્ધ કરવાથી તમારી જમાતે તમને જમાત બહાર કરેલા એ વખતના લક્ષ્મણ કાકાએ તમારા અને તમારી માના પીરાણામાંથી મળતા ખેરીયાતના ખીચડાના હકો બંધ કરેલા અને તેથી તમોએ તમારી નબળાઈ બતાવી ગુનો કબુલ કરી ઉપરના ફકરાઓ સદંતર પુસ્તકમાંથી કાઢી નાખી બુકો ફાડીને ફરી બંધાવી ! આટલી આટલી બહાદુરીભરી બીના તમારા માટે બની રહેલી છે છતાં હજુ પણ તમને શાન નથી આવી? વળી પીરાણાના સૈયદ ગુરૂમંડળ તરફથી તમારા લેખોની વિરુદ્ધ અનેક હેન્ડબીલો છપાયેલા પ્રસિદ્ધ છે અને એ મંડળ પણ હયાત છે ત્યાં તમારી નામોશીની નોબતો દિનરાત વાગી રહી છે માટે હવે તો તમારા અંતઃકરણને જ પુછો કે જ્ઞાતિમાં યુદ્ધ કોને ચાલે છે? મને કે તમને. કમળાવાળો બીજાને પીળા દેખે એવી તમારી ગત થયેલી જણાય છે. વળી મી.ખાકી મને પૂછે છે કે ધર્મયુદ્ધમાં શું કરશો? તેના જવાબમાં એટલું જ જણાવવાનું કે તમારા જેવા પાખંડીઓની શુદ્ધ ઠેકાણે લાવી તમારા પાખંડના મૂળ ઉખેડીને તમને સાચા મુસલમાન થવાની અથવા તો મૂર્તિપૂજક હિન્દુ થવાની ફરજ પાડશું તેમજ દુનિયાની જગત જનતા સમક્ષ તમારા કુકર્મો જાહેર કરી અખિલ જગતને જણાવશું કે તમે કેવા ક્રુર અને ભયંકર હિંસક પ્રાણી છો ! સતપંથીઓ કોઈ હિન્દુ દેવોને માનતા જ નથી, તેમ અલ્લાહ કે ખુદાને પણ માનવાનું હજુ શીખ્યા નથી, પરંતુ અધર લટકતા તમારા બાપદાદાઓ તમને તમારી આલ ઓલાદ અને કબરો

સાથે જ માથાં ફોડવાનું શીખવી ગયા છે. તેથી એકલસુરા અને પાખંડે પુરા તો તમે જ છો. તમારો પાખંડી સતપંથ અને એ પ્રપંચ પંથને પાળનારાઓ જ એકલસુરા ગણાય. હિન્દુ જનતાને તો તેત્રીસ કોટી દેવો છે. અનેક શાસ્ત્રો છે. વેદો દર્શનશાસ્ત્રો અને પુરાણો છે. અનાદિકાળથી અમે તેને માનીએ છીએ. તેથી એકશૂરા અમે નહિ પણ તમે પોતે જ છો. એની ખાત્રી જગતની વાત તો પછી તમારી પોતાની જાત તમને આપી રહી છે."

૩. મી.ખાકી લખે છે કે - "નારણભાઈ આપે કુશળતા તો ગાળો ભાંડવામાં સારી મેળવી છે. ગમે તે યુક્તિએ ગાળો ભાંડી હોંશ પૂર્ણ કરી લો મજૂરો રાખી ગાળો ભાંડી લો." વિગેરેના જવાબમાં જણાવવાનું કે, નીચ મતલબ સાધવાને દુશ્મનાવટ કરવાનું હડહડતું ગાળો ભાંડવાનું, અખિલ વિશ્વના વિવિધ ધર્મોની નિંદા કરવાનું જગતમાં પાપપ્રપંચ જૂઠાણું ફેલાવવાનું તમારા જીવનનું મહા કાર્ય જ છે. એનો તો ઈજારો તમારા બાપદાદાઓથી તમને વારસામાં જ મળેલો છે. તમારા પોતાના પાપકર્મોનું આળ બીજાના માથે મુકતાં તમે ક્યે દહાડે શરમાયા છો? **હિન્દુઓને અંધા અને મુસલમાન કાણા દોનુંકી બીચમેં સતપંથ સમાણાના** શિરપાવથી શરૂઆત કરી તમારા દરેકે દરેક પીરાણા સતપંથના પાખંડી પુસ્તકોમાં બીજા બધા ધર્મ પાળનારાઓને નરકમાં ધકેલી બહેસ્તની પચાસ હુરાઓ અને કુમળા છોકરાઓના ભોગવિલાસનો તમારો ઈજારો તમારા આદ ઈમામશાહનો મોજુદ છે. એ સિવાય દશતરી ગાવંત્રી, બુદ્ધાઅવતાર, નકલંકી અવતાર તથા તમારા સતપંથની તમામ ક્રિયાઓમાં દુરાચાર અસત્યને નિંદાનું હળાહળ ઝેર સમાયેલું છે તેની તુલના કરો પછી બીજાની વાત કરતા હો તો સારું ! હિન્દુ ધર્મનો હિન્દુ જ્ઞાતિઓનો નાશ કરીને મુસલમાન બનાવવાના કાર્યમાં તમને મજુરો રાખવાની હોંશ હોય તો મળો હસન નિઝામીને અથવા તો તબલીગ મંડળના કાર્યવાહક બનો, કે પછી પરમ પુજ્ય સ્વામીશ્રી શ્રદ્ધાનંદજીનું ખૂન કરનાર ક્રુર પશુ જેવા નીચ ગુંડાને, કે તમારી હોંશ પુરી થાઓ. તમને ગાળો આપીએ તેના કરતાં તમને જગતની આંખ આગળ તમારા ખરા સ્વરૂપમાં ઉઘાડા પાડી પહોંચી વળવાની અમારામાં સંપૂર્ણ શક્તિ છે. ગાળો તો નામરદ હીચકારા ને બાયલાઓ જ આપે છે. વીરપુરૂષોનું ભૂષણ કંઈ ગાળો ભાંડવામાં નથી. એ ધંધો તો તમારા જેવા સૈયદ ફકીરોને જ સોંપ્યો છે. હા એટલું ખરું કે છાણના દેવને કપાસીયાની આંખો છાજે એ ન્યાયે તમારી જેવી લેખન શૈલીને જેવો શોભે તેવો અમારો રોકડો જવાબ એ કંઈ ગાળો આપી ન કહેવાય?

૪. મી.ખાકી પોતાની હડહડતું જૂઠું લખવાની હંમેશની ટેવને લઈને એકની એક વાત અનેકવાર આગળ ધરે છે. તે લખે છે કે - "સતપંથીનો એક જ બ્રહ્મ ને આદ્ય નારાણ અલ્લાહ ખુદાને માને છે." તેના જવાબમાં એટલું જ જણાવવાનું કે સતપંથીઓ અલ્લાહ ખુદા માનતા હોય તે બનવા જોગ છે, પરંતુ તેની સાથે તમને તેમ જ તમારા બાપદાદાની પીરાણામાં ખોડેલી કબરોને ખાસ માને છે. પરંતુ તેઓ હિન્દુશાસ્ત્રોને બિલકુલ માનતા નથી, એટલું જ નહિ પણ તેના શત્રુની ગરજ સારી રહ્યા છે, એમાં તો કંઈ શક નથી? આ હકીકત આ લેખમાં તેમજ અનેક પ્રસંગે આગળ અમે લખી ચૂક્યા છીએ.

૫. મી.ખાકી આગળ જણાવે છે કે - "વિદ્યાભ્યાસ, શાસ્ત્રાદિનો અનુભવ, અતિહાસિકાદિ માહેતગારી આપની જોવાઈ ગઈ. દોઢ ચોપડીનો અભ્યાસ આપના દોઢ ડહાપણે દેખાડી દીધો. ધર્મની ચર્ચા શાસ્ત્રાધારે કરાય છે. વિગેરેના જવાબમાં જણાવવાનું કે શાસ્ત્રાદિનો અનુભવ અને ઈતિહાસિક માહેતગારી તો ખાકીજી ! એજ દોઢ ચોપડીના અભ્યાસે "પીરાણા સતપંથની પોલ" જેવા મહાભારત પાંચસો સાઠ પાનાના પુસ્તકમાં તમે જોઈ અનુભવીને વિચારી લીધી છે. આજે તમારા પીરાણા સતપંથને કચ્છમાંથી દેશવટો મળવાના ડંકા વાગી રહ્યા હોય,

તો તે દોઢ ચોપડીને જ ખાસ આભારી છે. તમારા હૃદયના ઉદ્‌ગારોમાં જ ઝળકી રહેલા વિચારોને વાંચી જરા તુલના તો કરો વીરા ! ભૂલી કેમ જાઓ છો? હવે આપણને નામના જ સતપંથી કહેવરાવીએ છીએ. એ લખત હૃદયના સંબોધન તમે જ સતપંથીઓને કરેલાં તે દોઢ ચોપડીના જ ઉજ્જ્વળ પ્રતાપ છે. પીરાણામાં ગંગાજી ફુટી નીકળવાનો તમે ચલાવેલો ગપગોળો જેના જવાબમાં સણસણતા સપાટા તમને સહેવા પડ્યા એ પણ દોઢ ચોપડીનો જ પ્રતાપ. મી.ખાકી આગળ લખે છે કે “સતપંથીઓએ આપેલાં શાસ્ત્રોક્ત પ્રમાણોનો જવાબ આપી શકાતો નથી.” અરે ભાઈ ખાકી ! પીરાણા સતપંથના તે વળી શાસ્ત્રો હોતાં હશે? જે પંથમાં કૂડ, કપટ, ચાંચીયાશ્રી ચાલબાજી, છેતરપીંડી અને પાખંડોનો મહાસાગર ભર્યો છે, એવા પ્રપંચી પંથના પાખંડી પુસ્તકોને પવિત્ર અને આત્મોદ્ધારક શાસ્ત્રોનું નામ જ આપી શકાય નહિ. એને તો જગતની જનતાના જીવતા આત્માની કત્લ કરનારો હત્યાકાંડ જ કહી શકાય. વેદ શાસ્ત્રો તો અમારાં જ છે અને તેને અમે મસ્તક નમાવી શ્રદ્ધાથી માનીએ છીએ, પરંતુ તમે તો તેના પાક્કા હડહડતા દુશ્મન છો. તમે જાતના કુફરેશીકન તેમજ આધા હિન્દુ આધા મુસલમાન, તેથી વેદનું નામ ખટપટીયા ખાકીજી તમારા મોઢે દૂષિત થાય છે. માટે ફરીથી એનું નામ લખવાની ભૂલ કરશો નહિ એવી તમને ખાસ ગંભીર સૂચના આપવામાં આવે છે.

૬. વળી મી.ખાકી લખે છે કે - “આસ્થાવાન સજ્જનો વૈદિક આજ્ઞાધિન રહીને જ ધર્મની માર્મિકતા ખરાપણા સાથે શોધી લે છે.” આ વાત તદ્દન સાચી છે, પરંતુ વેદને અને તમને શું લાગે વળગે છે? એ કંઈ જણાવશો કે? અમે તો અમારા અનાદિ વેદ ધર્મની માર્મિકતા બરાબર સમજીએ છીએ અને અનુસરીએ છીએ, પરંતુ તમે કુરાને શરીફને માનો છો કે વેદને, તે જણાવશો કે? તમે કુટિલ કુફરેશીકન છો, મૂર્તિભંજક અને વિશ્વમાંના બધા ધર્મો અને જાતીઓનો દ્રોહ કરનારા છો. એ વાત જગજાહેર હોવા છતાં અમારા પવિત્ર વેદો ઉપર તમને કેમ મોહ થયો છે? તે જણાવવાની બહાદુરી બતાવશો કે? મી.ખાકી તમારી ખટપટને ખલક જાણી ચૂકી છે. હિન્દુઓને છેતરી મુસલમાનના ગુલામ બનાવવા માટે બેઈમાન થઈ, વેદના નામનું શરણ લઈ, વેદધર્મીઓમાં ફાટફુટ પડાવવા વેદમાં અમુક ખામીઓ છે ને તેમાં આમ લખ્યું છે એવું જૂઠું જૂઠું અડાવી નકામા ધાર્મિક ઝઘડાઓ કોણે ઉભા કર્યા છે? તેનો જવાબ આપી શકશો કે? વેર લેવાના બાના શોધી નાસ્તિકોની સહાય લઈ, ધર્મને બહાને વેરઝેર વધારવાના નીચ પ્રયત્નો કોણ કરી રહ્યું છે? એ આજે તો દુનિયાની આલમની આંખ સામે તમારા અપૂર્વ જ્ઞાન બળે દીપી રહ્યું છે તેને કહી બતાવવાની પણ કશી જરૂર રહી નથી.

૭. ત્યાર પછીના પેરેગ્રાફમાં મી.ખાકી લખે છે કે - “સતપંથ શાસ્ત્ર એ વિશે તો આપને એટલું નામ જ આવડે છે, એથી જ્ઞાન હોત તો સતપંથને શત્રુ માનનારાના લેખોનો ભેળો કચુંબર કર્યો જ ન હોત. તમારે જેમ તેમ કરી નિંદા કરવી હતી. સતપંથ શાસ્ત્રોથી તો હોંશ પૂર્ણ ન થઈ. જેથી ભોળાઓને ભરમાવવા આવી કુટિલ નીતિ અખત્યાર કરી. જ્યારે તમો બાહ્ય સ્થિતિથી પણ અજાણ છો, તો આંતરિક ભેદોનું ભાન ક્યાંથી રાખતા હશો? વિગેરે ફડફડાટના જવાબમાં સ્પષ્ટ જણાવવાનું કે, સતપંથનું માત્ર મને નામ જ જો આવડતું હોત તો પીરાણા સતપંથના પાખંડનો પ્રકાશ કરી પાંચસો સાઠ પાનાની પોલ શી રીતે લખી શકત? તમારા પાખંડી પંથની કોઈ સત્ય ટીકા કરે, તેને નિંદા કહેવાને તમે મુખત્યાર છો. પણ એ પંથ કેટલો બધો અત્યાચારી અને ઘોર પાતકી છે. તેના ઉદ્‌ગારો તમારા પોતાના મોંઢાથી પણ નીકળી રહ્યા છે, તમે પોતે જ લખો છો કે - “બાહ્ય સ્થિતિથી અજાણ છો, તો આંતરિક ભેદોનું ભાન ક્યાંથી હશે? ભાઈ ખાકી ! જેટલી સ્થિતિ તમારી કુટિલ લીલાની મારા હાથમાં આવી છે,

તેટલી પણ કાળજાં કંપાવી નાખે તેવી ક્રુર અને ઘાતક છે, તો પછી, આંતરિક લીલા તો તમારી કેટલી બધી ભયંકર હશે, એ તમે ખુલ્લી કરો તો જ જગત જાણી શકે ! તમારા સૈયદ ઈમામશાહના સંદલમાં તમો મ્લેછોનો પ્રસાદ હિન્દુ સતપંથીઓને જમાડો છો અને હિન્દુઓને વટલાવી કલમો પડવાનું તમે શીખવો છો, ત્યારે તમારી એ નાપાક લીલા મેં નજરે જો કે જોઈ નથી, પરંતુ તે ખરેખર ભયંકર છે, એમ હાલ સતપંથથી છૂટાછેડા કરી ચૂકેલા અને ખરા વેદધર્મને ઓળખી તેને શરણે આવનારા ભાઈઓ ખુલ્લી રીતે કહી રહ્યા છે. એ સિવાય વળી આંતરિક ભેદોમાં કેવાં કેવાં ભયંકર કારસ્થાનો તમે રચતા હશો, તે તો તમે તથા અંતર્યામી પરમાત્મા જાણે ! હું પણ એ તમારા આંતરિક ભેદોનું રહસ્ય જાણી લેવાની શોધમાં જ છું, અને એ તમારી આંતરિક લીલાનો ભેદભરેલી ખુબીઓનો ભેદ પણ થોડા જ વખતમાં ઉકેલીશ એટલે તમને જરૂર શાંતિ થઈ જશે, આગળ વધતા મી.ખાકી લખે છે કે - "સતપંથમાં પ્રસાદી જેને નુર-અમૃત-અમી કહે છે, તે દિવ્ય પુરૂષના ચરણનું ચરણામૃત છે." ભાઈ ખાકી? આજકાલના તમારા ખીચડીયાઉ સૈયદોમાં કે ઈમામશાહના વંશમાં એવો તે ક્યો દિવ્ય પુરૂષ હયાતી ભોગવીને ડોકીયાં કરી રહ્યો છે, કે જેના ચરણનું ચરણામૃત તમે તમારા આંખે અંધ થયેલા સતપંથી સેવકોને પીવડાવી રહ્યા છો? તમે પોતે તમારા સગા મોઢાથી તમારા મૂર્ખ સતપંથીઓને જણાવો છો, કે હું એક જ દિવ્ય પુરૂષ બાકી રહ્યો છું. પરંતુ તમારા સૈયદ ભાઈઓ તો તમને મૂર્ખશિરોમણી સમજે છે. ઘણા ઘણા સતપંથીઓ તેમજ સૈયદો તમને ખટપટીયા અને ખુશામતી ટટ્ટુના મીઠાં વિશેષણો લગાડી રહ્યા છે. તમારા સતપંથીઓની માન્યતા પ્રમાણે તો દિવ્ય પુરૂષ સૈયદ ઈમામશાહ તેમજ નરમહમદશાહ કહેવાય તે તો આજે અનેક સૈકાઓથી કબ્રનશીબ થઈ મરી મટ્યા છે, તો પછી ચરણામૃત કોનું પાવ છો? તે જગતને ચોખેચોખ્ખું જણાવી, તમારી સત્યતાની સાબિતી આપવાની તમારી ખાસ ફરજ છે અને તમારા ઉલ્લેખથી એ ફરજ આજે ફરીથી ઊભી થાય છે, તેની ખાસ નોંધ લેશો, કલીયુગના સતપંથમાં તો વીર્યના પાવળનો વારો છે, એવું અનેક ઠેકાણે છપાયેલા સતપંથના પુસ્તકોમાં ફરમાન છે. કેમકે તમારા સતપંથના પાવળની માન્યતા નીચે પ્રમાણે છે અને તમારા સતપંથના પુસ્તકોના લેખકો સ્પષ્ટ લખી બતાવે છે. કર્તાયુગમાં આંસુનું, ત્રેતાયુગમાં પરસેવાનું, દ્વાપરયુગમાં સાધુના મેલનું અને કલીયુગમાં વીર્યનું. તેમજ કોળી પાવાળના માટે સતયુગમાં હાથીના માંસનું, ત્રેતાયુગમાં ઘોડાના, દ્વાપરયુગમાં ગાયના, કલીયુગમાં બકરાના માંસનું, એમ જે લખી બતાવ્યું છે તે ક્યાં પુસ્તકમાં છે? એમ મી.ખાકી પૂછે છે, તો તેમણે ખોજાવૃત્તાંત અને ખોજાં તવારીખ નામની ઉત્પત્તિના શાસ્ત્રોના પ્રખર ગ્રંથો વાંચી જવા તો તેની સ્પષ્ટ માહિતી મળી રહેશે. મી.ખાકી ! તમે કક્કો પણ ઘુંટ્યો હોય એમ લાગતું નથી. કાં તો તમે દેખીતી આંખે અંધાપાનો ઢોંગ કરો છો, નહિતર નુરનો સિદ્ધો જ અર્થ વીર્ય થઈ શકે છે. તમારા પુસ્તકોમાં ઠેકાણે ઠેકાણે લખ્યું છે કે, સદરદીનના નુરમાંથી કબીરદીન થયા અને કબીરદીનના નુરમાંથી ઈમામશાહ પાક્યા. નુરનો અર્થ બીજ - તેજ અને વીર્ય થાય છે. તમારા એ અમૃતને તમે અમીની ગોળી પણ કહો છો. અમી એટલે થુંક એવો સિધ્ધો અર્થ સૌ કોઈ જાણે છે. છતાંય અમોએ તો કોઈ દિવસ એવું નથી લખ્યું કે, પીરાણા સતપંથમાં વપરાતી અમી અને નુરની ગોળીઓ વીર્યની બને છે. ઈમામશાહની કબરને ધોઈ બનાવો, કે પછી તમે થુંકીને બનાવો ગમે તેમ બનાવો અને તમારી નાપાક લીલા ચલાવો છતાં એ ગોળીઓ હિન્દુઓનાં હિન્દુત્વને નાશ કરનારી અને હિન્દુસતપંથી સેવકોને ત્રિલોક ભ્રષ્ટ કરનારી છે, એમાં તો જરા પણ શક નથી. એ અપવિત્ર ગોળીઓ સતપંથીઓને ત્યાં બાળક જન્મે ત્યારથી એ બાળક એકવીસ દિવસનું થાય ત્યાં સુધી, તેમજ દરરોજ ખાનામાં ત્રણ વખત સતપંથીઓએ પીવી જોઈએ, જન્મ-મરણ, લગ્ન જેવા સઘળા પ્રસંગોમાં જ્યાં જુવો ત્યાં એ ગોળીઓ પીરાણાના સતપંથી જીવનના આંતરિક રહસ્યોનો

ભેદ ભર્યો ઈતિહાસ ઉપજાવી રહી છે. તમારા લખવા પ્રમાણે તમારા પાખંડી ધર્મનો ભેદ ભરેલો ભરમ એ પણ એ નામચીન ગોળીઓ જ છે. બંદુકની ગોળી કરતાં પણ એ ગોળીઓ કાતીલ છે એવું જગતની જનતાએ જાણી લેવું ઘટે.

૮. હવે મી.ખાકી લખે છે કે "શ્રી પીર સમસ જગવંદનીય મહા દિવ્ય શક્તિમાન પૂજ્ય પુરૂષ હતા, જેને સજ્જનો એકે અવાજે વખાણી રહ્યા છે. તેવા મહાન જ્યોતિ પુરૂષને તો મૂંઢ નાસ્તિકો જ નિંદે આવા પવિત્ર પુરૂષોના ચરિત્રો જગતને ધડો લેવા યોગ્ય જ હોય છે. એમાં જગતનું કલ્યાણ સમાયેલું છે." વિગેરે.

મી.ખાકી ! પીર સમસ ભલે તમારે મન સારા માણસ અને ખુદાના અવતાર હતા અને કદાચ આખી મુસલમાન કોમ ભલે તેને વખાણતી હોય, પરંતુ તેમનો મુખ્ય ધર્મ તો હિન્દુઓને વટલાવી મુસલમાન કરવા પૂરતો જ તમારે મન સારો હતો. તેઓ મૌલાના કાસમશાહના વખતના ભાહુતી ઉપદેશક દાઈ હતા અને હિન્દુઓને વટલાવી મુસલમાન કરવા માટે તેઓએ ભારે ચાલાકી ચલાવેલી છે. એ વાત ઈતિહાસ પ્રસિદ્ધ છે. મી.ખાકી તો પીર સમસને શ્રીકૃષ્ણનો અવતાર મનાવે છે ! શેઠ સગાળશાહ અને ચેલૈયાનું દ્દષ્ટાંત આપી શ્રીકૃષ્ણ પ્રપભુની દૈવી શક્તિ વડે ચેલૈયાને મારી પાછો સજીવન કરવાની વાત આગળ ધરીને પીર સમસ સાથે તે જોડીને લખે છે કે, "એવા ખાસ પરાક્રમો કરનારા પુનઃ યવનરૂપે આવી પોતાની મૂળ ટેવ ફરી અજમાવે." એટલે પીર સમસ માણસનું માંસ ખાવાનું કહે, તેમાં કૃષ્ણની વાત સાચી અને સમસની વાત ખોટી શી રીતે ઠરે? આ પ્રમાણે મી.ખાકી લખીને પીર સમસને શ્રીકૃષ્ણ બનાવવા જતાં પોતે જ બની જાય છે અને પીર સમસને પણ બનાવે છે. શ્રીકૃષ્ણ પ્રભુ સોળે કળા પરિપૂર્ણ સર્વ ગુણ સંપન્ન સાક્ષાત ઈશ્વરાવતાર હતા, ત્યારે તમારો કહેવારો પીર તો એક ભાહુતી દાઈ હતો. શ્રીકૃષ્ણ પ્રભુએ તો અખિલ જગતનો ઉદ્ધાર કર્યો છે, ત્યારે તમારા પીરે જગતની હિન્દુજનતાનું જડમૂળથી નખ્ખોદ વાળી હિન્દુજનતાને અર્ધદગ્ધ ઈસ્લામ તરફ વાળવાને ખટપટો રચી છે. આ તમારી પક્ષપાતી પ્રપંચની વાત તમારા નિત્યકર્મને ભલે ટેકો આપે પીર સમસ્ત જગતને વંદનીય કદી હતા નહિં અને થશે પણ નહિ તેમનું ચારિત્ર ધડો લેવા જોગ તમને જણાતું હશે, પરંતુ જગતની જનતાને તો બિલકુલ નહિ. ખાકીજી ! પત્થર ફોડનારા પહેલવાનો તમારા જેવા લોખંડી જનુની જડવાદી જીવોના પ્રપંચોને પણ ફોડીને તેમની સુધ ઠેકાણે લાવી શકે છે ! હિન્દુજનતા ઉપર અધમ ઈર્ષાની આગ વર્ષાવી, ઈસ્લામનું ભલું તમે કદી નહિ જ કરી શકો. નાલાયકીની બજારમાં ભલે તેજી કરો એથી ઝેરનો જ વધારો થાય છે તેનું જરા તો ધ્યાન રાખો ! જડ પાપના પથ્થર ફોડા ભલે છીએ પરંતુ કોઈના આત્માની કત્લ કરનારા તમારા જેવા પાખંડી કસાઈ નથી. એ વાત તમે સમજી જાઓ, તો તમારા માટે સારું છે. તમારા સતપંથના માટે સારું છે અને તમારા ભાવી પ્રજાને માટે પણ ઘણું સારું છે.

૯. મી.ખાકીએ પોતાની નાલાયકીનું પ્રદર્શન કરાવવા, આગલી પાછલી બીજી અનેક દાઝો કાઢવા માટે, તેમજ અમોએ મી.ખાકીને એક વખત પૂછેલું કે તમોએ છપાવેલ ભાભારામ સુબોધમાં તમો હરીવંશથી સીધી લીટીએ ઉતરી આવ્યાનું જે લખો છો, તે તમે જાતે મુસલમાન હોવા છતાં હિન્દુના હરીના વંશમાં ક્યા પુરૂષનું પુત્રપદ તમારા પૂર્વજોએ પહેલવહેલું શોભાવ્યું હતું, કે તમો પોતાને હરીવંશના કહેવડાવો છો? આનો જવાબ આડો કે સિધ્ધો કંઈ પણ ન આપતાં પોતાના જોખમે અને હિસાબે થયેલા વર્ણશંકર મી.ખાકીએ પોતાની બુદ્ધિબળનું દેવાળું કાઢી વેર લેવાની લાલચે, મને એ સંબોધીને લખે છે કે - "નારણભાઈ વંશ વિશેની આપની વિમાસણ તે તો પુરી કરી શકતા નથી ! અમારી જ્ઞાતિને મી.ખાકી લેવા પાટીદાર જ્ઞાતિ ઠરાવીને લખે છે કે, તમો લેવા પાટીદાર છો. છતાં કડવા પાટીદારો તરીકે ઓળખવવામાં જ્ઞાતિ સાથેનો વિરુદ્ધ બતાવી જ્ઞાતિને છિન્નભિન્ન કરવા માટે

નવો કુકટ રચ્યો છે.” મી.ખાકીની નાલાયકી એટલેથી જ અટકતી નથી પરંતુ આગળ વધીને કુર્મીય ક્ષત્રિય ઉત્પત્તિના પ્રમાણિક ઈતિહાસના સમર્થ લેખક કડવા પાટીદાર જ્ઞાતિના ભુષણરૂપ સુધારક સજ્જન ધર્મવીર સદ્ગત બંધુ પુરૂષોત્તમદાસ લલ્લુભાઈ વિરમગામવાળાએ લખેલા ઈતિહાસમાં કુર્મ રૂષીએ કડવા પાટીદારોના મૂળ પુરૂષ છે, એમ વેદો અને પુરાણોના પ્રમાણોથી સિદ્ધ કર્યું છે. આ વાતને આંખે અંધ થયેલા ખાકીજીએ ઈતિહાસના લેખક તરીકે મને જ ખાસ ઓળખાવી પોતાની મૂર્ખતાનું પ્રદર્શન કરાવતાં લખે છે કે – તમે રૂષિપણું ગુમાવ્યું, ચંદ્રવંશ કે સૂર્યવંશનું પૂંછડું હાથ ન આવ્યું. ક્ષત્રિય મટી ગયા છો અને હવે તો કડવા થઈ ગયા ! વાહ ખાકી તમારી સભ્યતા અને ખાનદાની તો તમારા લેખની લાયકીમાં જ ઝળકી રહે છે ! તેનો કંઈક જવાબ તો આપવો જ જોઈએ. પરંતુ એક બાયલા નામર્દ કે જે પડદા પાછળ રહી પથરો ફેંકનારા અને પ્રપંચ ખેલનારાને તે શું લખવું? છતાં મી.ખાકી તમે હજી પણ માણસ થવા ઈચ્છતા હો કે પ્રયત્ન કરતા હો તો, સાફ સાફ જાણી લેજો કે અમારા દરેકેદરેક હિન્દુ ગોત્ર, બ્રાહ્મણોમાંથી જ છે તે પુરાણ પ્રસિદ્ધ અને જગજાહેર છે, અમારા માટે કહેવાય છે કે પરમ પુરૂષોત્તમ મર્યાદા ભગવાન શ્રી રામચંદ્રજીના લવ અને કુશ બંનેથી લેવા અને કડવા પાટીદારો ઉત્પન્ન થયા અને એમજ ઓળખાય છે છતાં એ હરીવંશના હોંશીલા ભાઈ ખાકી, અત્યારે પણ લેવા અને કડવા બંને સમાન જ્ઞાતિઓ લેખાય છે તે કંઈક તપાસી લ્યો પછી બકવાદ કરો. એ બંને વિભાગોમાં કોઈ ઉતરતું કે ચડતું નથી. કદાચ તમારા કહેવા પ્રમાણે અમે લેવા પાટીદાર હોઈએ, તોય અમારે કંઈ ગુમાવવાનું નથી, અમારો દરજ્જો કંઈ ઓછો થતો નથી, કે અમારી આબરૂને કંઈ નુકશાન લાગતું નથી, પરંતુ મી.ખાકી તમો કંઈ અમારા ભાટ ચારણ કે વઈવંચા ગોર બ્રાહ્મણ નથી કે અમારી વંશાવળી તમે સિદ્ધ કરી આપો અમે કડવા પાટીદારો છીએ એ તો અમારી જ્ઞાતિના બે પાંચ વર્ષના બાળકો પણ જાણે છે – અમારી જ્ઞાતિની સભાઓ અને ગંજાવર પરિષદોના છપાયેલા રિપોર્ટો સેંકડોના હિસાબે પ્રગટ થયા છે. તેમાં અમે લેવા પાટીદાર હોત, તો અમારો કોઈ જ્ઞાતિ ભાઈ જરૂર વાંધો લેતો. પોતાની જાત અને ધર્મ છુપાવવાનો ધંધો સતપંથ સિવાય બીજું કોઈ કરતું નથી. અમારી જ્ઞાતિ કડવા પાટીદાર છે તેના વહીવંચા તૈયાર છે. વંશ પરંપરાથી ચાલતી આવેલી જ્ઞાતિ રૂઢીની પ્રણાલિકા તરીકે બારે વર્ષે એક જ તિથીએ મહિના બબ્બે મહિનાના બાળકોના લગ્નની હસવા લાયક પ્રથા હજુ અમારી કચ્છની જ્ઞાતિ નિભાવી રહી છે. એટલું જ નહી પણ કચ્છમાં હજારોની સંખ્યામાં લેવા પાટીદારો રહે છે, તેમની સાથે કશો પણ સંબંધ નથી. અમો કડવા પાટીદારો છીએ, તેની ખાત્રી માટે તમારા પીરાણા સતપંથના સ્તંભ જેવા ગણાતા અમારી કચ્છની જ્ઞાતિના આગેવાનોએ ગઈ સાલે જ કચ્છના કડવા પાટીદારોનો કીર્તિધ્વજ નામે રિપોર્ટ બહાર પાડ્યો છે. રામજીકાકાને ગાદીએ બેસાડવા માટે આવેલા ત્યારે પીરાણામાં હિન્દુઓમાંથી વટલીને મુમના થયેલા મુસલમાનો ત્યાં આવતા સતપંથી સંઘને રાંધી ખવરાવે છે અને વટલાવી ભ્રષ્ટ કરે છે. એમ જાણ થવાથી અમદાવાદમાં જ ત્યાં આવેલા કચ્છના સતપંથી આગેવાન પાટીદારોએ ભેગા થઈને પીરાણાના સૈયદોને કચ્છમાં કણબી જ્ઞાતિને બોધ કરવા અને તેમની પાસેથી ભીખ માગવા હવેથી આવવા ન દેવા અને મુસલમાની રીતરિવાજો જ્ઞાતિમાં પીરાણા સતપંથને લઈને પેસી ગયા છે, તેમને કાઢી નાખવા માટે નીચે પ્રમાણેના આઠ ઠરાવો કરેલા છે, જે તમારી જાણમાં જ છે છતાં જગતની જાણ માટે અત્રે ફરીથી લખી બતાવવામાં આવે છે, એથી તમારી પ્રપંચલીલા ઉપર સારો પ્રકાશ પાડી શકશે, તેમાં જરા પણ સંશય નથી.

કચ્છના કડવા પાટીદાર ભાઈઓનો કીર્તિધ્વજ !
યાને
સંવત ૧૮૩૨{Year:1775-76} ની સાલમાં થયેલા નિંદ્ય ઠરાવનું નિકંદન !

પીરાણામાં નવા કાકાને ગાદીએ બેસાડવા નિમિત્તે કચ્છ દેશથી આવેલા કણબી જ્ઞાતિના આગેવાનોએ જ્ઞાતિના હિત માટે કરેલા ઠરાવો.

સંવત ૧૯૮૨ના પોષ સુદી સાતમને મંગળવાર તા. ૨૨ માહે ડીસેમ્બર સને ૧૯૨૫

૧. અમો **કચ્છના** કડવા પાટીદાર જ્ઞાતિ સમસ્તના આગેવાનો **અમદાવાદ** મુકામે ભેગા થઈને નીચે પ્રમાણે ઠરાવ કરીએ છીએ કે, આપણી જ્ઞાતિમાં આજે કેટલાક વર્ષો થયાં, આપણને ન શોભે તેવા રીતરિવાજો આપણી અજ્ઞાનતા તથા ભોળા સ્વભાવને લઈને ઘુસી ગયા છે. જેથી આપણને વખતોવખત ઘણું સોસવું તથા શરમાવું પડે છે અને હિન્દુ જનતાના વ્યવહારમાં પણ આપણને ઘણો મતભેદ પડે છે. તેથી આજના દેખાતા જમાનાને અનુસરી, તેમાં યોગ્ય ફેરફારો કરવા જોઈએ, જેથી જગતમાં હાંશીને પાત્ર થતા બચીએ, તથા આખી દુનિયામાં સર્વની સાથે દરેક જાતના વ્યવહારમાં ભળતા રહી શકીએ.

૨. આપણી જ્ઞાતિએ સતપંથ ધર્મનો સંવત ૧૫૯૨ના કારતક સુદ ૨ને શુક્રવારે {VSAK:07-Nov-1535} સ્વીકાર કર્યો હતો. પરંતુ ત્યારપછી બસો ચાલીસ (૨૪૦) વર્ષ પછી એટલે સંવત ૧૮૩૨{Year:1775-76} ની સાલ સુધીના સઘળા રીતરિવાજો બરાબર હતા. પરંતુ **નખત્રાણા મુકામે આખી જ્ઞાતિના આગેવાનો તથા કાકા પ્રાગજી અને વલીમીયાં સૈયદે જે ઠરાવ સં.૧૮૩૨ના પોષ વદ ૧૩ {VSAK:19-Jan-1776}ના દિને કરેલ છે, તે ઠરાવને અમો આજ દિને આખી જ્ઞાતિના આગેવાનો ભેગા થઈને રદ કરીએ છીએ અને અસલના જુના રીતરિવાજો પાછા ચાલુ કરવાને આખી જ્ઞાતિને છૂટ આપીએ છીએ.**

૩. આપણી જ્ઞાતિમાં લગ્નક્રિયા ચોરીથી શાસ્ત્રવિધિ પ્રમાણે કરવાની તેમજ મરણ-ક્રિયા પણ શાસ્ત્રાર્થવિધિ પ્રમાણે જ કરવી એવો ઠરાવ કરીએ છીએ.

૪. મરણની ક્રિયા અગ્નિદાહથી કરવી, તેમજ હર કોઈ પ્રકારે કરવાની છુટ આપીએ છીએ.

૫. આજ રોજે આપણે ઠરાવ કરીએ છીએ કે, **સૈયદો**ને આપણે **કચ્છમાં** આવતા બંધ કરીએ છીએ. અને જો કોઈ **સૈયદો કચ્છમાં** આવે તો આપણી જ્ઞાતિના કોઈ પણ ભાઈએ તેનો સ્વીકાર કરવો નહિ અને તેમને આશરો પણ આપવો નહિ.

૬. આપણી જ્ઞાતિના ધર્મ પાળનારાઓએ સનાતન ધર્મની આજ્ઞા પ્રમાણે વર્તવું અને બરાબર આચારવિચાર પાળવા તથા સંધ્યાકર્મ વિગેરે નિત્યકર્મ કરવા.

૭. આપણી જ્ઞાતિમાં ધર્મસંબંધી તથા વહેવાર સંબંધી બોલવા ચાલવા તથા આચારવિચાર પાળવા તથા પહેરવા ઓઢવા વિગેરે બધી બાબતોમાં અયોગ્ય રીવાજો છે, તેને કાઢીને યોગ્ય રીવાજો કરવા, તેવો ઠરાવ કરીએ છીએ.

૮. અનાદિકાળથી સરખો ચાલી આવેલ આપણા **સનાતન ધર્મને** કાંઈ પણ ઊણપ નહિ આવે, તેવા યોગ્ય ફેરફારો કરવા.

ઉપરના સઘળા ઠરાવો અમો નીચે સહી કરનારાઓ સમસ્ત જ્ઞાતિના આગેવાનોએ એકમતે ભેગા બેસીને સર્વની રાજીખુશીથી કર્યા છે. તે જ્ઞાતિના સર્વ નાના મોટા દરેક ભાઈઓને કબૂલ છે.

ઉપરના સઘળા ઠરાવો નીચે જુદા જુદા ગામોના પાંત્રીસ આગેવાનોએ સહીઓ કરી છે તે મી.ખાકી તમારી જાણમાં છે જ.

આ ઉપરથી વાંચનારી વિચારવાન આલમ સ્પષ્ટ જાણી શકશે કે, મી.ખાકીએ માત્ર દ્વેષ બુદ્ધિથી જ અમને વંશની વિમાસણ છે, એવું લખીને પોતાની જ ફજેતી કરાવવાનું અમને આહવાન કરેલું છે. સાચી વાત તો એ છે કે મી.ખાકીને પોતાને જ ખબર નથી કે, તેમના પોતાના મૂળ પુરૂષ કોણ છે અને તે ક્યા વંશને દીપાવે છે? સમગ્ર હિન્દુ જ્ઞાતિઓને છળ બળ પાપ પ્રપંચ અને કુટિલ યુક્તિ પ્રયુક્તિઓ વડે વટલાવી મુસલમાન બનાવવા માટે તથા તેમના ધનધાન્ય તેમજ જીવન સર્વસ્વને ધૂળમાં મેળવવા માટે જ મી.ખાકીના કહેવાતા એ પ્રપંચી પૂર્વજોએ એવા એવા તો અનેક ગપાષ્ટકોથી ભરેલાં ઉટપટાંગ કહેવાતાં શાસ્ત્રો રચેલાં છે. તેમાંના દશતરી ગાવંત્રી નામના શાસ્ત્રમાં મી.ખાકીના વંશનું વૃક્ષ સમાયેલું છે, જે મી.ખાકીએ પોતે જ છપાવેલું છે. તેમની ઉત્પત્તિની હસવા લાયક એક નોંધ તેમજ હિન્દુઓને વટલાવી મુસલમાન બનાવનારા સૈયદ ઈમામશાહને હિન્દુ શાસ્ત્રોનું કેટલું જ્ઞાન હતું, એ વાત પ્રકાશમાં આવે એવા હેતુથી માત્ર સાર રૂપે જ ટુંકામાં તેમણે પોતાની ગોઠવેલી વંશાવળી અહીં આપી છે, તે આ પ્રમાણે છે. હિન્દુઓના પેલા અવતારથી શરૂઆત કરીને લખે છે કે, પરમ રૂષીની સ્ત્રી શંખાવતીના પુત્ર તે મચ્છ ભગવાન થયા. તે મચ્છના દીકરા મનાઈતના ઉગ્રસેનના અજુવતના બ્રહ્મસ્પતિના અસુમિત્રના ત્રીકમ રૂષીએ ત્રીકમ રૂષીની સ્ત્રી કમળાવતીના પેટે જન્મ્યા તે કુર્મ ભગવાન. કુર્મના પુત્ર વસરતના દકાઈતના કાજમના પરજાપતના ડાઢમ રૂષી ડાઢમરૂષીની સ્ત્રી પદમાવતીના પેટે જન્મ્યા તે વરાહ ભગવાન વરાહના પુત્ર દેહરના રૂપકના ખલિપત્યના ગૌતમના અમરિષ અમરિષની સ્ત્રી ચંદ્રાવલીના પેટે જન્મ્યા તે નૃસિંહ ભગવાન. શ્રી નૃસિંહના દીકરા મનાઈએતના વંશ વઢણના વીર લોચનના કાસમ રૂષીની સ્ત્રી લીલાવતીના પેટે જન્મ્યા તે શ્રી વામન ભગવાન શ્રી વામનના દીકરા માનધાતાના પૃથ્વીજયના અસરતના જમદગ્નિની સ્ત્રી રેણુકાના પુત્ર તે પરશુરામ પરશુરામના પુત્ર રઘુના નઘુના જેજાઈતના કેવલીકના અજેપાળના દશરથના પુત્ર શ્રી રામ. રામના પુત્ર લવના પદ્મના પરિક્ષિતના વિરપાળના વાસુદેવના પુત્ર તે કૃષ્ણ ભગવાન કૃષ્ણના પુત્ર પ્રદ્યુમનના શેષથાનન બુદ્ધસ્થાનના વેણીવચ્છરાજના સિંહરાજના પુત્ર તે શ્રી બુદ્ધાબુદ્ધના પુત્ર શીશના સામ સુલકાન ઈસ્લામ હારૂન આદમ નીઝાર મીઝાર ઈલિયાસ મિલ્યાસ મુલકાન કાઝમ કાહેર કાયમ ગાલિબ એલબ કાયમ મુરાદ મુનાફ હાસમ મુતલિબ અબુતાલિબના વંશમાં શાહ શ્રી મુરતજાઅલીના ઈમામ હસન ઈમામ હુસેનના ઝયનુલ્આબેદીન ઈમામ મહમદબાકર ઈમામ જાફર સાદિક ઈમામ ઈસમાઈલ ઈમામ નુરસદગોર સૈયદ ઈસમાઈલ સાહાની સૈયદ નુરમહમદ સૈયદ ઈમામોદીન સૈયદ મુશા ફિરોદીન સૈયદ જમાલદીન સૈયદ સાદિકદીન સૈયદ મહેરદીન સૈયદ હાદી સૈયદ સલાઉદીન સૈયદ ફાજલશાહ સૈયદ હાશમશાહ સૈયદ મહમદશાહ સૈયદ અહમદશાહ સૈયદ નાશીરશાહ સૈયદ મુશાએકશાહ સૈયદ માહાબુ સૈયદ મુસ્તગ સૈયદ મહિયોદીન સૈયદ મોમીનશાહ સૈયદ ખાલકશાહ સૈયદ નીઝારશાહ સૈયદ ઈસ્લામશાહ સૈયદ અલાઉદીન સૈયદ સમસદીન સૈયદ નસીરદીન સૈયદ સાહેબદીન સૈયદ સદરૂદીન સૈયદ કબીરૂદીન સૈયદ સતગોરપાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ તેના પુત્ર તે આદ વિષ્ણું નિરંજન નરઅલી મહમદશાહા હકલાએ લાહા ઈલ્લાહો મહમદુર્રસુલિલાહે -

૧૦. મી.ખાકી પોતાની બધી ભુલો સુધારીને હવે શ્રીકૃષ્ણનના દશતરી ગાવંત્રીવાળા વંશના બુદ્ધને છોડીને, ચંદ્રના પુત્ર બુદ્ધથી સંબંધ જોડી પોતાની વંશાવળી દીપાવવામાં ઓર વધારો કરી રહ્યા છે ! એ તેમની વધુ મૂર્ખતાનો નમુનો દેખાઈ આવે છે, હરીવંશના હોંશીલા થઈ એ હોંશ પુરી કરી. હરીવંશનું પૂંછડું છોડીને હવે ઈતિહાસ પ્રસિદ્ધ ચંદ્રના પુત્ર બુદ્ધથી સંબંધ જોડી પોતાની ખ્યાતી વધારવામાં કુશળતા ભરેલા આવેશથી આગળ વધેલા મી.ખાકીના વંશની જોડમેળનો ઈતિહાસ ઈતિહાસના જાણકારોની આંખ આગળ રહેવા દઈ તેનો ઈન્સાફ વાંચકવર્ગને જ સોંપી અંગત ટીકાનું આ પ્રકરણ અત્રે સમાપ્ત કરવામાં આવે છે.

૧૧-૧૨. સતપંથના પાખંડી પંથને માટે મી.ખાકી લખે છે કે, “વેદોક્ત ધર્મ હોવાથી સતપંથ નામ યોજાયેલ છે. તે માટે ઘણી વખત પ્રમાણો બહાર આવી ગયાં છે. હિંદના મહાન ધર્માચાર્યોની સેવામાં અર્પાયેલ છે, તે વિશે કોઈએ પણ ઈનકાર કર્યો નથી.” અમે હાલના તાજા ચંદ્રવંશી થયેલા મી.ખાકીને પૂછીએ છીએ કે, સતપંથ વેદોક્ત ધર્મ છે અને ધર્માચાર્યોએ તેના પ્રમાણપત્રો આપ્યાં છે. તો તેનો એકાદ આછો પાતળો નમૂનો પણ ટાંકી બતાવીને તમારી સત્યતાની જગતને તમારે જરૂર ખાત્રી કરી દેવી જોઈએ. નહિ તો પછી અમે તમને પાખંડી, વિશ્વધર્મોનો વિરોધી, અર્ધદગ્ધ ખીચડીયા પંથ તરીકે જગતમાં જાહેર કરેલો છે, તે સાચું ઠરશે માટે આદિશંકરાચાર્ય, રામાનુજાચાર્ય અથવા કોઈ પણ હિન્દુ સંપ્રદાયના પૂજ્ય આચાર્યનું એક નામનું પણ સર્ટીફીકેટ કે પ્રમાણપત્ર તમારી સત્યતાની ખાતર તમારે જાહેર કરવું જ જોઈએ નહિ તો પછી તમારી નફટાઈની બજારમાં વધુ તેજી આવતી રહી છે તેમાં ઓર વધારો થઈ જાય છે. એમ જગતે જાણી જ લેવું પડશે, તે સાથે સાથે અમે તમને જણાવવાની રજા લઈએ છીએ, કે તમારા સગા ભાઈઓ કે જેઓ હાલે પીરાણામાં કરતાકારવતા અને માલીક છે, તેઓની ફકીરીયા ટોળી સૈયદ ગુરૂમંડળ તરીકે ઓળખાય છે, તેમણે ગુજરાતી પંચમાં, પીરાણા સતપંથ એ દીને મહમદી ધર્મ છે. એમ તેમણે જાહેર સિદ્ધ કરેલું છે. તે ખોટું કે તમો મુસલમાન હોવા છતાં તમારા પાખંડી પંથને વેદ ધર્મ ઠરાવવાના પછાડા મારો છો તે ખોટું? આ વાતનો તમો સાચા ચંદ્રવંશી બુદ્ધના વંશધર હશો તો જરૂર ખુલાશો કરશો. નહિ તો વર્ણશંકરતાનું જરૂર સર્ટીફીકેટ તમને મળશે જ.

૧૩. મી.ખાકી પોતાના લેખની શરૂઆતમાં પહેલી અને લેખને અંતે છપાયેલી છેલ્લી સૂચનામાં લખે છે કે - “પીરાણેથી તમો આદિના લેખોના પ્રત્યુત્તરો (સૂચનાઓ દર વખત અપાય છે, છતાં સ્પષ્ટ જૂઠું ધપાવી રહ્યા છો. કાકાઓ સૈયદો મુંગે મોંઢે બેસી રહ્યા છે. વાહરે ! નારણભાઈ જુઠનીએ હદ હોય છે. શાબાસ બોલે જાઓ.” વાહરે ખાકીજી બહાદુર ! હજુ હું છાતી ઠોકીને કહું છું કે, તમોએ અમારા એક પણ લેખનો જવાબ નથી જ આપ્યો. લક્ષ્મણ કાકાને “પ્રાસ્તાવિક નિબંધ”માં દસ હજાર રૂા.ની અમોએ કરેલી ચેલેન્જ હજુ ઉભી જ છે. છતાં એક અક્ષર પણ નથી ઉચ્ચારી શક્યા ! એટલું જ નહિ પણ તમે પોતે મહાન સાક્ષર તરીકે પોતાને ઓળખાવો છો, તે પણ ખુલ્લી રીતે લખો છો કે, “આ જવાબ નથી, પણ સૂચના છે.” જવાબ હવે છપાશે. એ તમારા તરફના જવાબની અમો વરસાદની પેઠે રાહ જોઈએ છીએ, છતાં તમે અમને જવાબ આપેલો હોય તો તે પ્રસિદ્ધ કરી જાહેર જનતા સમક્ષ ખુલ્લો મૂકો અને તમારી સત્યતા સાબિત કરો. તેમ નહિ કરો તો તમે જૂઠા છો, એ વાત તો સર્વ માન્ય થઈ જશે. ભાઈ ખાકી સૂચના તે શું અમારા લેખની પહોંચ સ્વીકારી તમને લેખ પહોંચ્યો છે તેને કહો છો કે બીજાને જવાબ જણાવશો તો બહાદુરી દીપી નીકળશે !

૧૬. સતપંથીઓના સધીયારાને સપાટો - વર્ષ 1927

૧૪. છેલ્લે મી.ખાકી સતપંથનો સધિયારો નામનો પોતાનો લેભાગુ લેખ પૂર્ણ કરતી વખતે પરમાત્મા પાસે વિનંતી કરે છે કે, “સતપંથની ઉત્તમતા, સતપંથનું સ્વરૂપ જાણવા મને ભલામણ કરે છે.” હું પણ તેટલી જ વિનયથી મી.ખાકી, કે જેની સાથે મને અંગત કંઈ પણ વેર ઝેર નથી, માત્ર તેઓ નીચ પ્રપંચો કરી હિન્દુ જ્ઞાતિઓ અને તેમાં પણ મુખ્યત્વે અમારી પાટીદાર જ્ઞાતિને ધૃતિ, ઠગીને પૈસા ખાઈ હરામનું હજમ કરી રહ્યા છે અને તેમને મુસલમાની રસ્તે ચડાવવાના નીચ પ્રયાસો રચી રહ્યા છે અને તેમને ઈસલામની દુહાઈ આપી તમારા ખૂદા કે હિન્દુઓ જેને પરમાત્મા તરીકે ઓળખે છે તે સર્વનો માલિક અને પિતા બિચારા ખસ્તે હાલ ખાકીને સદ્‌બુદ્ધિ આપે અને એવાં કાળાં ધોળાં કરતાં તે અટકી જાય અને એક જ અલ્લાહના પાક દિલથી પ્યારા થાય, એવું શુદ્ધ હૃદયથી ઈચ્છું છું. અથવા તો તેમને જો હિન્દુ ધર્મ ઉપર ખરેખરો પ્રેમ હોય, વેદ અને વેદાન્તના ઉદાર મત ઉપર સાચો સદ્‌ભાવ હોય, તો શ્રી કાશીક્ષેત્રમાં જઈ દયાળુ હિન્દુ પંડિતો પાસેથી પ્રાયશ્ચિત કરાવી પવિત્ર ગંગામાં નાઈ શ્રી કાશીવિશ્વનાથ ભગવાનના લીંગને મસ્તક નમાવી સાચા હૃદયથી તેમના દર્શન કરી પાવન થવું. કદાચ કાશીના જૂના વિચારના હિન્દુ પંડિતો મી.ખાકી મુસલમાન હોવાથી પ્રાયશ્ચિત વિધી ન કરે તો તેમના માટે બીજો રસ્તો એ છે કે તેમણે હિન્દુ મહાસભા પાસે વિનંતી કરી, પોતાના પાપ કર્મોનો પૂરો પશ્ચાતાપ કરી દેહશુદ્ધિ કરાવી હિન્દુ આર્યધર્મમાં મળી જઈને પોતાના આત્માનો ઉદ્ધાર કરે એવું ઈચ્છું છું. કેમકે અત્યારે મી.ખાકીના માટે ઘણો સારો સમય છે. હિન્દુ સમાજ અત્યારે ખાસ ઉદાર અને વિશાળ હૃદયથી જેઓ ખાસ મુસલમાનો છે, તેમાં પણ ખાસ મૌલવીઓ છે, તેમની પણ શુદ્ધિ કરી રહ્યા છે ! તો મી.ખાકી પોતાના ઉલ્લેખ મુજબ બુદ્ધવંશી હરીવંશી અથવા તો તેમણે છેલ્લે બતાવ્યા મુજબ ચંદ્રવંશી છે. તો પછી તેમની શુદ્ધિ કરાવવામાં જરાપણ હરકત આવશે નહિ પરમાત્મા તેમને સદ્‌બુદ્ધિ અર્પે અને અમારા હિન્દુભાઈઓના લિસ્ટમાં એમના મુબારક નામનો ઉમેરો થાય, એવી અંતરની પ્રેમભરી ઉમંગની લાગણી સાથે મારી વિનંતી છે.

લી.મી.ખાકીનો શુભેચ્છક સન્મિત્ર
પટેલ નારાયણજી રામજીભાઈ કોન્ટ્રાકટર
કચ્છ વિરાણીવાળા

॥ उमा देव्या : ॐ कृपास्तु ॥

કરાચીમાં સ્થાપાયેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના

કામકાજનો

રીપોર્ટ

કરેજા કાર્ય ત્હારૂં તું, જરૂર તે તો સફળ થાશે,
ફળે જો ના હયાતીમાં, ફળો તુજ છોકરા ખાશે,
મળે જયમાળ નહિ તોએ કર્યું તે વ્યર્થ ન જાશે,
કર્યાનું દામ મેળવશે, ધપ્યો જા ભાઈ ઉલ્લાશે.

છપાવી પ્રસિદ્ધ કરનાર
રતનશી શીવજી પટેલ
સેક્રેટરી,
શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ
ગાર્ડન કવાર્ટર, શ્રીચંદ વિશનદાસ રોડ, કરાચી

ઈ.સ.૧૯૩૨
વિક્રમ સં.૧૯૮૮

નિવેદન

સૈકાઓ થયાં આપણી જ્ઞાતિ પીરાણા પંથના અજ્ઞાન કુંડમાં ડુબકાંઓ ખાતી હતી, પણ જ્યારથી કરાંચીમાં **યુવક મંડળની** સ્થાપના થઈ ત્યારથી પ્રતિદિન સ્વ જ્ઞાતિમાં સુધારાનો સૂર્ય પ્રકાશવા લાગ્યો. તે પ્રકાશના કિરણોમાં રા.રા.ભાઈશ્રી **નારાણયજીભાઈ**ના પ્રયાસથી રા.**રાજાભાઈ શામજી**ના પ્રમુખપદે પરિષદ આરંભાઈ સુધારાના ઠરાવો પસાર કરી, સ્વ જ્ઞાતિ ભાઈઓમાંથી અજ્ઞાનતા દૂર કરી સત્ય સનાતન પવિત્ર વેદધર્મના બીજ રોપાવા શરૂ થવા લાગ્યા. તેમજ યુવકોના કાર્યથી પરિષદના મહોત્સવે અત્યંત દબદબાથી તેમજ જોરશોરથી સુધારાના ઠરાવોને મજબુત કર્યાં.

જે જોતાં રાત્રિ મટી જેમ સૂર્યોદય થતાં નિશાચરો તેમજ ઘૂવડો ગુફાઓ શોધવા નીકળી પડે છે, તેમજ પીરાણા પંથના ઈજારદારો કાકા તેમજ સૈયદો, કચ્છના ગઢેરાઓનું શરણ લેવા મંડી પડ્યા. જ્ઞાતિના થાંભલારૂપી આગેવાનો સુધારાના મંડળો જોઈ મુંઝાણા અને હવે શું કરવું આભ તૂટ્યો ત્યાં થીગડાં કેમ દેવાય. બાપ ગઢેરો તો દીકરો મંડળનો કાર્યવાહક, બાપ હડાહડ પીરાણાનો મુખી તો બેટો સુધારાનો જબર સાથી, જ્યાં જુઓ ત્યાં દરેક કુટુંબમાં મોટો ભાઈ જબર મુખી અથવા પીરાણાનો ઉપદેશક હોય તો, નાના ભાઈ પીરાણાનો કટ્ટર વિરોધી હોય આવી સ્થિતિ આખી જ્ઞાતિમાં ઠેર ઠેર થઈ પડતાં દરેક માબાપો પોતાના દિકરાઓને અટકમાં અથવા ઘરમાં ગોંધી રાખવા લાગ્યા. પણ હંમેશાં સત્યતાનું કાર્ય આગળ ધપતું જાય છે. એ સુત્રાનુસાર જ્ઞાતિમાં દિવસાનુદિવસ સુધારાનો પ્રવાહ જોરશોરથી આગળ વધવા લાગ્યો. કેટલાંએ માબાપો પોતાના પુત્રોને યજ્ઞોપવિત્ર ધારણ કરતા જોઈ, તેઓની જનોઈને બળાત્કારે નાદિરશાહી સત્તા વાપરી તોડવા લાગ્યા. તેમજ કેટલાક તો પોતાના પુત્રોને મંડળવાળાને ત્યાં જમતા જોઈ મારપીટ કરી દુઃખો દેવા લાગ્યા. પોતાનો પુત્ર હોય કે પુત્રી હોય, ભાઈ હોય કે બેન હોય, જમાઈ હોય કે બીજા અન્યત્ર સગું હોય તે જુલમથી કદાચ એકાદ વખત દબાશે પણ જેઓના હ્રદયમાં સુધારાનું બીજ રોપાઈ ગયું છે, તે હ્રદયમાંથી કાઢવાને માટે પીરાણામાં એવી કોઈ શક્તિ કે તદબીર નથી કે એ બીજને છિન્ન ભિન્ન કરી શકે.

મંડળનું કાર્ય પૂરજોશમાં કરાંચી, મુંબઈ-ઘાટકોપર, કચ્છમાં વિરાણી, દયાપર વગેરે ગામોમાં ચાલતું હતું તે જોરદાર અરસામાં કરાંચીના મંડળના ઉપપ્રમુખ **ભાઈ ખેતા ડોસા પોકારનું** અકાળે અવસાન થયું. જેથી મંડળના કામકાજમાં અમુક અંશે, ફરક પડવા લાગ્યો અને ગતિ મંદ પડવા લાગી, પરંતુ તરત જ મુંબઈ-ઘાટકોપરમાં પરિષદની ત્રીજી બેઠક ભરાણી જેથી મંડળમાં પુનઃ જાગૃતી આવી. ત્યાં તો સૈન્યનો સરદાર પડી જતાં જેમ સૈન્યમાં ભંગાણ પડે છે, તેમ કરાંચીના મંડળના માજી પ્રમુખ નાનજી પચાણે એકાએક આ ફાની દુનિયાનો ત્યાગ કરી, ઈશ્વરના શરણે જવા માટે પ્રયાણ કર્યું જેથી કરાંચીમાં સુધારાનો બાગ માળી વિના છિન્ન ભિન્ન અવસ્થામાં આવી

પડ્યો. તે જોઈ મંડળના ભાઈઓએ વિચાર કરી રા.રા.ભાઈશ્રી **નારાયણજીભાઈને** તેડાવ્યા, તે આવવાથી મંડળના ભાઈઓમાં પુનઃ કામ કરવાની હિંમત આવી તેથી કેટલાએક ભાઈઓએ દેહશુદ્ધિ કરાવી અને પુનઃ મંડળની સ્થાપના કરી.

જે અમુક દિવસ ચાલ્યું ત્યાં તો કોટડાના કણબી નાનજી માવજીની સ્ત્રી લક્ષ્મીબાઈના સંબંધમાં તકરાર થઈ (જેનો ખુલાસો રિપોર્ટમાં છે) તેથી મંડળમાં મોટે પાયે ફાટફુટ પડી અને લગભગ પાંચ વરસથી કાર્ય તદ્દન બંધ પડ્યું. જેથી સુધારાની ધગશવાળા ભાઈઓ રા.રા.નારાયણજીભાઈને તેડાવવાનો વિચાર કરતા હતા ત્યાં તો તેઓ જ તેમના ભત્રીજા ભાઈશ્રી જીવરાજ વાલજીના લગ્ન નિમિત્તે ચાલુ વરસના વૈશાખ માસમાં આવ્યા. તેજ દિવસથી દરેકના હૃદયમાં વિચાર સમજીને તેમની ભુલ કબુલ કરાવીને તા.૧૪મી મે ના રોજ સભા ભરવી નક્કી કરી. તે મુજબ તા.૧૪-૫-૩૨ને શનિવારની રાત્રે સભા ભરી, ત્યાં સૌ ભાઈઓ આવ્યા. એકમેકના હૃદયથી આપલે કરી, જુના પાંચ વરસના હિસાબ ચોખા કર્યા અને સુધારાની પુનઃ સ્થાપના થઈ તે જોઈ સર્વના હૃદયમાં આનંદ થયો.

હવેથી પરમાત્મા મંડળના મેમ્બરોમાં સંપથી કાર્ય કરવાની બુદ્ધિ અર્પે અને રા.રા.નારાયણજીભાઈને ઈશ્વર દીર્ઘાયુષ્ય આપે કે જેથી અમારી જ્ઞાતિ પીરાણા પંથમાંથી મુક્તિ મેળવે એજ જગતનિયંતા પ્રત્યે પ્રાર્થના છે. અસ્તુ

લી. જ્ઞાતિસેવક

રતનશી શીવજી પટેલ

કચ્છ રવાપરવાળા

ખુશ ખબર ! **ખુશ ખબર !**

છેલ્લા આઠ વર્ષથી બંધ પડેલ

"પાટીદાર ઉદય"

માસિકને ફેર સજીવન બનાવવાની ઈચ્છા ધરાવતા ભાઈઓએ પોતા તરફથી જેટલી બની શકે તેટલી આર્થિક મદદ મોકલાવવી તેમજ દરેક જ્ઞાતિ ભાઈઓએ પોતાનું નામ ગ્રાહક તરીકે નોંધાવવું. જો મદદ મળશે અને ૫૦૦ (પાંચસો) ગ્રાહકો પોતાના નામ નોંધાવશે તો તુરતમાં જ અમારા તરફથી તેને સજીવન કરવામાં આવશે. માટે જ્ઞાતિ પ્રત્યે ખરી દાઝ ધરાવનાર બંધુઓએ પોતાના નામ તથા ઠેકાણું અમોને નીચેના સરનામે લખી મોકલવાની કૃપા કરવી.

રતનશી શીવજી પટેલ

ઠે.શ્રીચંદ વિશનદાસ રોડ, ગાર્ડન કવાર્ટર,

નશરવાનજીની મીલની બાજુમાં, કરાંચી.

ૐ

કરાંચીમાં સ્થપાયેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળની

જાહેર સભા

ગયા મે માસની તા.૧૪મીને શનિવારની રાત્રે સાડા નવ વાગે શેઠ **હરચંદરાય બ્રધર્સના ગોદામવાળા મોટા કમ્પાઉન્ડમાં કચ્છી પાટીદાર** ભાઈઓની એક સભા સુધારક યુવક મંડળના મેમ્બર ભાઈ વિશ્રામ પાંચા ગાંગાણી ગામ-શ્રી વિરાણીવાળાના પ્રમુખપણા નીચે ભેગી મળી હતી. પ્રથમ શરૂઆતમાં કેટલાક ભાઈઓ સુધારાની કવિતાઓ બોલ્યા પછી ભાઈ લાલજી દાના પાંચાણી નખત્રાણાવાળાએ સંગીતના સાધનો સાથે શ્રી કુળદેવી ઉમિયા માતાની સ્તુતિ કર્યા બાદ યુવક મંડળના સેક્રેટરી ભાઈ **રતનશી શીવજી નાકરાણી** ગામ શ્રી રવાપરવાળાએ એ દિવસની સભા બોલાવવાનું કારણ રજુ કરતાં જણાવ્યું હતું કે :-

પ્રિય ભાઈઓ ! આજે આપણી જ્ઞાતિના આદ્ય સુધારક. આપણા સુધારકના શીરછત્ર અને પીરાણા સતપંથ જેવા અર્ધદગ્ધ પાખંડી પંથની પોલો હિન્દુ જનતા સમક્ષ ખુલ્લી કરી **એ અર્ધદગ્ધ પંથમાં** ફસાઈ પડેલી આપણી ભોળી જ્ઞાતિને ઉગારનાર આપણા મુરબ્બી પૂજ્ય ભાઈશ્રી નારાયણજીભાઈ તથા તેમની સાથે પધારેલા આપણા સુધારક ભાઈઓનો સત્કાર કરવા, તેમજ અત્રેની આપણા ભાઈઓની સ્થિતિથી તેઓશ્રીને વાકેફ કરવા તેમજ તેમની પાસેથી આપણી જ્ઞાતિના હિત સંબંધીના કાંઈક નવા સમાચારો જાણવા આજની આ સભા બોલાવવામાં આવેલ છે.

ઉપર મુજબનું સંબોધન કર્યા બાદ યુવક મંડળના સેક્રેટરી ભાઈ રતનશી શીવજીએ તાળીઓના ગડગડાટ વચ્ચે રા.રા.ભાઈશ્રી **નારાયણજી રામજીભાઈ** તથા **ઘડુલીના પટેલ પરબત ખીમા** સાંખલાને હાર-તોરા પહેરાવ્યા હતા.

ત્યારબાદ વધુ વિવેચન દ્વારા તેમણે જણાવ્યું કે રા.રા.**નારાયણજીભાઈને** તો તમે બધા ભાઈઓ તેમજ બહેનોને ઓળખાવવા તે સુરજને બતાવવા જેવું છે કારણ કે તેઓશ્રી આ ચોથી વખત કરાંચીમાં આવેલા છે. તે નહિ પણ તેઓશ્રી આજે ૩૦ વર્ષથી આપણી જ્ઞાતિની સેવા કરી રહ્યા છે જેથી આપણા કચ્છમાં વસતા ગામેગામના દરેક જ્ઞાતિ ભાઈઓમાં તેઓનું નામ મશહુર છે. એટલું જ નહિ પણ ગુજરાત, કાઠીયાવાડ, નિમાડ, માળવા, ખાનદેશ વગેરે દેશવાસી આપણી પાટીદાર જ્ઞાતિમાં પણ તેને સર્વ ભાઈઓ ઓળખે છે. આપણી **જ્ઞાતિના યુવક મંડળો તેમજ આપણી** જ્ઞાતિની **પરિષદો** પણ એ ભાઈશ્રીના અથાગ પરિશ્રમથી જ ઉભી થઈ છે. એ વાત તમો સૌ

ભાઈઓ જાણો જ છો. આપને હું યાદ દેવરાવીશ કે જ્ઞાતિ સુધારાની હિલચાલ ચલાવવાની હિંમત આપણામાં આવી તે પણ તેઓ ભાઈશ્રીના સહવાસથી જ આવી છે. જે હિંમતથી જ કરાંચીમાં વસતા આપણા સર્વ ભાઈઓ મગરૂરી ધરાવીએ છીએ. પણ મને ખરું કહેવા દેશો કે આ મગરૂરી થવાનો પ્રસંગ ભાઈશ્રી નારાયણજીભાઈના પ્રયાસનું જ ફળ છે. એ ભાઈની પ્રથમ મુલાકાત વખતે આપણે તેઓશ્રીની સાથે વાતચીત કરવામાં પણ ડરતા હતા કારણ કે તે વખતે આપણા ઉપર આપણી જ્ઞાતિના ગઢેરાનો ભય અને ત્રાસ બહુ જ હતો, તેની બીકને લઈને આપણે બિલકુલ ડરપોક બની ગયા હતા, પરંતુ એ સર્વ ભીરૂતાને ડરપોકપણું આપણામાંથી કાઢી આપણને ખરા સુધારક બનાવનાર પણ એ જ બંધુ છે.

એટલું જ નહિ પણ **પીરાણા સતપંથ જેવા પાખંડી પંથ** એટલે કે **ન હિન્દુ તેમજ ન મુસલમાન** એવા અર્ધદગ્ધ પંથની ફાંસાજાળમાંથી આપણને છોડાવી એ પાપી પંથને માર્ગે જતાં અટકાવી શુદ્ધ સનાતન વૈદિક ધર્મને રસ્તે ફરીથી ચડાવનાર પણ એજ બંધુ છે.

આગળ બોલતાં ભાઈ **રતનશી શીવજીએ** જણાવ્યું કે આપણી જ્ઞાતિમાં મુળ ઘાલી બેઠેલા પીરાણા પંથના લીધે કેટલાક નાના સડાઓ-કુરિવાજોને દુર કરવા મુરબ્બીશ્રી **નારાયણજીભાઈએ** જે જે તનતોડ મહેનતો અને ઝુંબેશ ઉઠાવી છે તેનો બદલો તો આપણાથી વાળી શકાય તેમ નથી જ. એમની આપણા પ્રત્યે અને આપણી જ્ઞાતિ પ્રત્યેનો પૂજ્યભાવ અને કરેલી અમૂલ્ય સેવાનો સરવાળો કે ગણતરી આપણાથી તો કરી શકાય તેમ નથી જ.

બંધુઓ ! આજે કેટલાએ દિવસથી આપણામાં કુસંપ પડ્યો છે જેને કાઢવાને માટે આપણામાંહેના કેટલાક ભાઈઓએ મહેનત કરેલી છતાં પણ તેઓ ફળીભૂત થયા નહિ. તેનું પણ એ મુરબ્બીશ્રી જરૂરથી નિરાકરણ કરશે અને આપણને પોતપોતાની ભુલો સમજાવશે એવી હું ભાઈશ્રી **નારાયણજીભાઈને** પ્રાર્થના કરું છું.

ત્યારબાદ ભાઈ **લાલજી સોમજી નાકરાણી** ગામ-રવાપરવાળાએ જણાવ્યું કે આજે મને ઘણો આનંદ થાય છે કે આપણા શીરછત્ર ભાઈ શ્રી નારાયણજીભાઈ તથા કેટલાક બહારગામના આપણા સુધારક બંધુઓ આ સભામાં હાજર છે. ભાઈઓ હું તમોને એક વાત પુછું છું કે આ જગતમાં કુસંપથી કોણ સુખી થયું છે? કુસંપથી પાંડવો પોતપોતામાં લડ્યા, કુસંપથી યાદવોનો નાશ થયો તેજ કુસંપથી હાલમાં આપણી જ પાયમાલી થઈ રહી છે તે તમો નજરો નજર જોઈ રહ્યા છો. છતાં પણ તેનો છેડો હજી સુધી લાવતા નથી તે ખરેખર દિલગીર થવા જેવું છે. હવે મને આશા છે કે તમો ભાઈઓ પોતાથી તો તમારા ઝઘડાનો અંત ન આવ્યો પણ આ આવેલ તકને ગુમાવતા નહિ. આ ઝઘડાનો નિવેડો લાવવા જરૂરથી નારાયણજીભાઈને વિનંતી કરશો તો મને આશા છે કે તે ભાઈશ્રી જરૂરથી એ વિનંતીને ધ્યાનમાં લઈ આપણા ઝઘડાનો અંત આણશે.

ભાઈઓ હું તમોને વધારે કહું તે કરતાં તમો પોતે જ સમજો છો કે આજ છ છ વરસથી આપણે સુધારાનું ક્યું કામ કરી શક્યા છીએ? કુસંપથી આપણા શુદ્ધિ કરાવેલા ભાઈઓએ આત્મબળના અભાવે પીછેહઠ કરી છે અને નવા સુધારકોનો પણ આપણે આપણામાં વધારો કરી શક્યા નથી તે પણ ઘણું જ અફસોસ થવા જેવું છે. માટે હું તો તમોને વારંવાર એજ વિનંતી કરું છું કે જેમ બને તેમ તમો જલદીથી પોતામાં સંપ કરશો અને આ પાપી પંથમાંથી આપણા જ્ઞાતિ ભાઈઓને સત્વરે છોડાવશો એટલું બોલી બેસી જવાની રજા લઉં છું.

ત્યારબાદ ભાઈશ્રી **શીવજી કાનજી પારસીયા** ગામ-નખત્રાણાવાળાએ જણાવ્યું કે :-
મહેરબાન પ્રમુખ સાહેબ, વહાલા જ્ઞાતિબંધુઓ અને બહેનો.

મારાથી પહેલાં સેક્રેટરી ભાઈશ્રી **રતનશી શીવજી** તેમજ ભાઈશ્રી **લાલજી સોમજી** કહી ગયા કે કુસંપને દુર કરો, કુસંપને દૂર કરો, પણ ભાઈઓ આપણામાં કુસંપ થવાનું શું કારણ છે એનું સ્પષ્ટીકરણ ન કરવાથી બહાર ગામથી આવેલા ભાઈઓને કેમ ખબર પડશે કે કુસંપ શા કારણથી થયો તેનું સ્પષ્ટીકરણ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થવાથી મારે કહેવું જોઈએ કે આપણે જ્યારે સલાહ સંપ કરવા ભેગા મળ્યા છીએ ત્યારે કુસંપનું મુળ શોધવામાં ન આવે ત્યાં સુધી નિવેડો આવે જ નહિ.

ભાઈશ્રી લાલજી સોમજીએ પોતાના ભાષણમાં કહ્યું કે આપણામાં કુસંપ થવાનું કારણ એ છે કે આપણા મંડળના ભાઈઓ શુદ્ધિ કરાવીને આત્મબળના અભાવે પીછેહઠ કરીને બેસી રહ્યા ને શુદ્ધિના કાર્યમાં વિરોધ કરતા હતા જેથી અંતરાય પડતો ગયો અને મંડળ આજે આ હાલતમાં પહોંચ્યું. આ પ્રમાણે ભાઈશ્રી લાલજી સોમજીએ ઉદ્ગારો કાઢ્યા અને તેવા ઉદ્ગારોથી જે સાચી વાત જનસમાજ સમક્ષ રજુ કરવી હતી તે થઈ શકી નહિ ને ઉલટી રીતે બોલવાથી મારે કહેવું પડે છે કે ભાઈ લાલજી સોમજી જે આક્ષેપ મુકે છે તે બિલકુલ ગેરવ્યાજબી છે.

જ્યારે કરાંચીમાં આપણે શરૂઆતમાં મંડળ કર્યું તેથી આગળ પીરાણાના કાકાને નોટીસો આપનાર તેમજ તેમની સામે સવાલ જવાબ કરનાર કોણ હતા? મંડળ તો ત્યારબાદ થયું, તો તે વખતે આત્મબળ હતું કે નહિ તેનો વિચાર કરવો જોઈતો હતો.

આપણે ગેઢેરા સામે લડત ઉપાડી, સભાઓ ભરી, સુધારકો કહેવાણા તેમજ પરિષદો ભરીને ઠરાવો ઘડીને આપણા ભાષણોના રિપોર્ટ છપાવ્યા, ને તેમાં આપણે સુધારક તરીકે જાહેર થયા. ને આપણે ગેઢેરાઓના નીચ કર્મ ખુલ્લાં કર્યાં તેમજ પીરાણાની પોલ પણ ખુલ્લી કરી ત્યારે જુલ્મી આગેવાનોથી ડરતા નહોતા તેનું કારણ કે આપણામાં સંગઠન હતું કે જેના લીધે કચ્છમાં આપણા મંડળની સારી છાપ પડતી હતી.

આપણે બીજાની ભુલ જોતા હતા પણ પોતાની ભુલ તપાસીને સુધારવાની પણ જરૂર હતી અને છે. આપણા જ મંડળના ભાઈઓમાંથી કોઈ ભાઈ નાલાયકપણે વર્તતો હોય તો તેને સાચું કહેવાનું આપણામાં આત્મબળ ક્યાં હતું - ક્યાં છે.

આપણે સુધારક કહેવાણા ને આપણું મંડળ હતું. જેથી બીજા ભાઈઓ આપણે આશરે આવ્યા તેને જ આપણે દગો દીધો. "રક્ષક મટી ભક્ષક" બન્યા. આપણા મંડળના ભાઈ નાનજી માવજી લીંબાણી ગામ-કોટડા જડોદરવાળાના ઘરમાં વિરાણીના કણબી ભીમજી લધા ગોગારીની દીકરી લક્ષ્મીબાઈ હતી. તે ભાઈ નાનજી પોતાની સ્ત્રી સહિત આપણે આશરે આવ્યા હતા. ને ભીમજી લધા પોતાની દીકરીને શરજોરીથી નાનજી માવજીના ઘરેથી લઈ ગયો ને તે ભીમજીની મદદમાં આપણા મંડળના કેટલાક ભાઈઓ હતા ને ભાઈઓનો ચોક્કસ ઈરાદો હતો કે તે બાઈ લક્ષ્મીબાઈને તેના ધણીને ન અપાવતાં કરાંચીની બીજી પરિષદના પ્રમુખ માવજી પુંજા જબુવાણી ગામ-નખત્રાણાવાળા જે સિંધ-હૈદરાબાદમાં રહે છે તે બંધુ તે સમયે વિધુર હોવાથી તેને આપવી એવી અંદરખાનેથી સલાહ હોવાથી મજકુર લક્ષ્મીબાઈ તેના ભાઈ દેવજી ભીમજી સાથે કરાંચીથી છુપી રીતે હૈદરાબાદ

રવાના કરી દીધી. મંડળના અમુક આગેવાન ભાઈઓની સહાયતાથી હૈદરાબાદમાં મજકુર લક્ષ્મીબાઈ જે કરાંચી મુકામે મળેલી બીજી પરિષદના પ્રમુખ તેમજ એક વખતના સુધારક માવજી પુંજા જબુવાણી નખત્રાણાવાળાના ઘરમાં જ્ઞાતિના કાયદા વિરુદ્ધ બેઠી અને તે સુધારક ભાઈએ કાંઈપણ વિચાર કર્યા સિવાય એટલે વગર વિચાર્યે તે મજકુર બાઈને પોતાના ઘરમાં જ્ઞાતિના કાયદા વિરુદ્ધ તેમજ સુધારકને શરમાવે એવી અણછાજતી રીતે બેસાડી. તેને આપણા મંડળમાંથી કોઈપણ ભાઈએ કાંઈપણ કહ્યું નહિ એટલે કે મંડળે, એ ભીમજી લધા તથા તેના મદદગારોને તેમજ માવજી પુંજાને રૂબરૂમાં અથવા જાહેરમાં પેપરો દ્વારા કાંઈપણ ન કહ્યું. અમુક વ્યક્તિઓ જે પહેલેથી જ તેવા કામથી વિરુદ્ધ હતી તેવાઓના ઉપરે પોતાનો કાબુ મેળવવા માટે પંચ ભેગો કરીને બીજે દિવસે ખીમજીએ ખોટે ખોટો કેસ કર્યો ત્યારથી જ મંડળમાંથી સંપ તુટી ગયો અને પક્ષ પડી ગયાં. મંડળમાં આગેવાન ગણાતા માણસ અમુક સત્તાના મદમાં અંધ બની મંડળને આશરે આવેલ ભાઈની સ્ત્રીને ભગાડવામાં મદદ કરે તેવા ભાઈઓની શેહમાં તણાઈને કરેલા ઠરાવ ઉપર પાણી ફેરવીને નીચું જોવરાવનાર માણસોને સહાય કરવી ને સુધારકનો ડોળ કરીને તેવાઓને સહાયતા કરવી તે ખરેખર ઘણું જ શરમાવા જેવું છે ને શરમાવવું જોઈએ. આપણો કોણ વિશ્વાસ કરે જીવતે ધણીએ વિના કારણે વિના સમજુતીએ બીજાના ઘરમાં બેસાડી દેવરાવનારાઓ ખરેખર આપણે કચ્છના આગેવાન ગેઢેરાથી કોઈ પણ રીતે ઉતરતા નથી એ દીવા જેવું ચોખ્ખું દેખાય છે. માટે પોતાની કરેલી ભુલનું ખરા હૃદયથી પ્રાયશ્ચિત કરીને સત્યના રસ્તે ચાલવા બનતું કરવું જોઈએ અને પીરાણા પંથી ભાઈઓને બતાવી આપવું જોઈએ કે અમે સાચા સુધારક છીએ. તેમજ આપણી જ્ઞાતિની અંદર ઘુસી ગયેલ **પીરાણા સતપંથ જે ન હિન્દુ તેમજ નહિ મુસલમાન એવા અર્ધદગ્ધ પંથને** કાઢવા શક્તિમાન થઈ શકીએ. આટલું બોલી મારું બોલવું પુરું કરું છું અને વધારે પડતું તેમજ કોઈને માઠું લાગે તેવું બોલાઈ જવાયું હોય અગર ભુલ થઈ ગઈ હોય તો દરગુજર કરશો આટલું બોલી બેસી જવાની રજા લઉં છું.

તે પછી **શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના સેક્રેટરી ભાઈ રામજી ધનજી નાકરાણી કોટડાવાળાએ** ઉભા થઈને સભાને ઉદ્દેશીને જણાવ્યું કે :-

માન્યવર સભાપતિ પ્રિય જ્ઞાતિ ભાઈઓ અને અન્ય સદ્ગૃહસ્થો

ભાઈશ્રી **શીવજી કાનજી** કહી ગયા કે મંડળના આગેવાનોએ પક્ષપાત રાખવાથી જ આ મંડળમાં કુસંપ થઈ ગયો તેમજ છિન્ન ભિન્ન થઈ ગયા તેથી જ મંડળનું સુધારાનું કામ અટકી ગયું.

તે સંબંધમાં ભાઈઓ મારે જરૂરથી સત્ય કહેવું જોઈએ કે મંડળના આગેવાનો તે કોણ ! કદાચ મંડળના મેમ્બરો તેમજ કાર્યકર્તા આગેવાનોમાંથી અપવાદરૂપે એકાદ બે વ્યક્તિએ ભાઈશ્રી **નાનજી માવજી**ની પત્ની **લક્ષ્મીબાઈને** ભગાડવામાં સહાયતા કરી હોય તો તેથી મંડળનું સુધારાનું કામ અટકી જાય એમ માનવું જ ભુલ ભરેલું છે. કારણ કે મંડળના **અડતાલીશ મેમ્બરો** અને તેમાંથી તેર મેમ્બરો **વ્યવસ્થાપક કમિટિના** હતા. તેમજ **પ્રમુખ સેક્રેટરી અને ખજાનચી** જેવા જવાબદાર કાર્યકર્તા ભાઈઓ પણ હતા. તો પછી તેમાંથી ભાગ્યે જ કોઈક જ ભાઈએ નાલાયક કામમાં મદદ કરી હોય તો બાકીના ભાઈઓએ તો સુધારાનું કામ ચાલું રાખવું જરૂરનું હતું. **મંડળના પ્રમુખ શ્રી મુળજી ડોસા પોકાર મંડળના સેક્રેટરી ભાઈશ્રી રતનશી શીવજી** તેમજ વ્યવસ્થાપક મંડળના

મેમ્બરોમાંના એક **ભાઈશ્રી શીવજી કાનજી** એમ ત્રણ વ્યક્તિએ ખંત રાખી ઉત્સાહથી કામ કર્યું હોત, તેમજ મંડળના મેમ્બરોમાં ઉત્સાહ પ્રેરવા સાચા દિલથી કમર કસી બનતું કર્યું હોત તો મારી ખાત્રી હતી અને છે કે મંડળની વર્તમાન સમયમાં જેવી કફોડી સ્થિતિ જોઈએ છીએ તેવી સ્થિતિ નિહાળવાનો સમય ભાગ્યે જ પ્રાપ્ત થયો હોત. જ્યારે પોતે જ કંઈ ન કરતાં બીજાનો જ વાંક કાઢીએ તો પછી કોને કહેવાપણું રહે. પણ એ તો પત્યું થવાનું હતું તે થઈ ગયું, ગઈ ગુજરી ભુલી જવી જોઈએ અને હવેથી મંડળમાં એકતા કરી સંપ સલાહથી રચનાત્મક કાર્યક્રમ ઘડી સુધારાનું કામ આગળ ધપાવવા બનતું કરવું જોઈએ અને તે મુજબ થશે જ એમ હું માનું છું. કારણ કે સર્વ ભાઈઓના હૃદયમાં એમ થઈ ગયું છે કે કોઈ પણ ઉપાયે મંડળમાં સંપ થવો જ જોઈએ તેમજ શીવજીભાઈએ કહ્યું છે તેવા પક્ષપાત કરવાવાળા કે જેઓનો નાનજી માવજીની સ્ત્રીને ભગાડવામાં હાથ હતો અને તેવાઓનો પક્ષ કરવાવાળા ભાઈઓના દિલમાં પણ પોતાના કૃત્યને માટે પસ્તાવો થાય છે, એવું હાલના વાતાવરણથી ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે. જેથી એમ માનવાને કારણો મળે છે કે સંપ જરૂરથી થશે જ.

ભાઈઓ બીજાને દોષ દેવા કરતાં પોતે જ બેપરવાઈ રાખી છે એવું કબુલ કરવું તેના જેવું એક સત્ય નથી એમ હું માનું છું. મને પણ આટલા દિવસ સુધી જુદી જ સંસ્થાના નામથી કામ કરવું પડ્યું તે પણ ખાસ તમારી જ સુસ્તી તેમજ બેપરવાઈથી જ. પછી કેટલું અને કેવી રીતે કામ થયું તે તો બુદ્ધિ તેમજ શક્તિની વાત છે. પણ એક જ સંસ્થાથી કામ કરવામાં આવે તો અલબત તે કામ પ્રશંસનીય ગણાય. મંડળનું કામ સંપ સલાહથી તેમજ ઉત્સાહથી આગળ ને આગળ વધ્યું જતું હોય તો આજે જે જે જુદાઈ દેખાઈ રહી છે તે ન જ દેખાત. પ્રભુ સર્વ ભાઈઓને સદ્‌બુદ્ધિ આપે કે જેથી આપે આપણી જ્ઞાતિની અંદર પીરાણા **સતપંથ કે જે ન હિન્દુ તેમજ ન મુસલમાન એવા અર્ધદગ્ધ પંથનું નિકંદન** આપણી જ્ઞાતિના આદ્ય સુધારક શ્રીયુત **નારાયણજીભાઈ**ની યોગ્ય સલાહ તેમજ સમજાવટથી કરી શકીએ તેમજ બીજા કેટલાક સુધારાનું કામ આગળ ધપાવી શકીએ એજ વિનંતી.

ત્યાર બાદ **રા.રા.નારાણયજીભાઈએ** વળતો જવાબ આપવા ઉભા થતાં સર્વ ભાઈઓએ તેમજ બહેનોએ તાળીઓના ગડગડાટથી અને કુળદેવી શ્રી ઉમિયા માતાની જય ગર્જનાથી વધાવી લીધા હતા. પોતાનું ભાષણ શરૂ કરતા જણાવ્યું કે :-

તમો કરાંચીવાસી ભાઈઓએ આજે જે માનથી મારું અને બીજા ભાઈઓનું સ્વાગત કર્યું છે, તેના માટે હું અમો બધાઓના તરફથી તમો સર્વનો ઉપકાર માનું છું. ભાઈ **રતનશી શીવજીએ** મારા માટે જે જે માનના શબ્દો વાપર્યા છે તે મારા માટે અતિશ્યોક્તી ભરેલા અને હદ ઓળંગી જનારા ગણાય. એવા માનમરતબાને હું હજુ લાયક નથી, હું તો એક જ્ઞાતિ સેવક છું. જ્ઞાતિ સેવા એ મારું મુખ્ય ધ્યેય છે. સેવકને માન કે પ્રતિષ્ઠાની દરકાર ન જ હોય. આજે જે શબ્દો બોલી મારું માન વધાર્યું છે તેજ પ્રમાણે મેં ઘણા ભાઈઓના મોઢાથી જ્ઞાતિનું અહિત કરનાર તેમજ જ્ઞાતિનું સત્યાનાશ કાઢનાર એવા પણ કેટલાક વિશેષણો સાંભળ્યા છે. મને તો એવા માન કે અપમાનથી જરા પણ હર્ષ કે શોક થતો નથી. આપણા બધાઓ માથે જ્ઞાતિનું ઋણ છે. તેમાંથી મેં કવચીત જ પાઈ કે પઈસા જેટલું ઋણ અદા કર્યું હશે. પરંતુ એટલાથી મારે એમ નથી સમજવાનું કે હું એ ઋણમાંથી મુક્ત થયો છું. તેવી જ રીતે તમો સર્વ ભાઈઓ-બહેનોના શિર પર એ ઋણ તો છે જ. એવો વિચાર મનુષ્ય તરીકે તમારે પોતાની બુદ્ધિથી જ કરવાનો છે.

ભાઈઓ હું આથી આગળ ત્રણ વખત આવી ગયો છું પણ મને જ્યારે અત્રે આવું છું ત્યારે લાગી આવે છે કે હજી આપણી જ્ઞાતિના પ્રારબ્ધમાં ફેર છે. કારણ કે હજુ સુધી આપણા કાર્યકર્તાઓમાં જોઈએ તેટલો સંપ સલાહ અને કાર્ય કરવાની લાયકાત આવી નથી. હું જરૂરથી માનું છું કે હજી મારા પુરૂષાર્થમાં ખામી છે. તે ન હોય તો આજે ત્રણ ત્રણ વખત તમોને સમજાવ્યા છતાં અત્યારે હું જોઉં છું તો તમો ત્યાં જ પાછા ઉભા છો.

ભાઈઓ ! હું જ્યારે ૧૯૨૬ની સાલમાં આવ્યો હતો ત્યારે પણ તમારામાં એજ અદેખાઈ અને કુસંપ હતો. તેજ સ્થિતિ આજે પણ જોવામાં આવે છે. તો કહો ભાઈઓ મારી ભુલ થાય છે કે હું આવું છું ત્યારે તમો એકબીજાને હલકાં ઉંચા ગણવા મંડી પડો છો. જેથી મતભેદ ઉભો થાય છે તેથી જ વારે ઘડીયે આ સ્થિતિ આવે છે. તમો મંડળના કાર્યકર્તા ભાઈઓ તમારા પોતાના વચનની, પ્રતિજ્ઞાની કિંમતને સમજી શકતા નથી તેથી જ વારે ઘડીએ તમે પોતાના આપેલા વચનને કોરે મુકીને પાછા વઢવા મંડી પડો છો.

હમણાં કેટલાક વખતથી તમો યુવક મંડળના ભાઈઓ અને દેહ શુદ્ધિ કરાવેલા ભાઈઓમાં કેટલીક બાબતોએ મતભેદ પડ્યો છે. તે તમારા જેવા ડાહ્યા અને સમજુ ભાઈઓને ન ઘટે. મતભેદ તો થાય એ શક્ય છે પરંતુ તેથી કાર્ય સિદ્ધિને નુકશાન થતું હોય તો તે આપણાથી કેમ સહ્યું જાય?

જે વખતે આપણે સઘળા ભાઈઓ એક સાથે મળી ધર્મયુદ્ધમાં કેશરીયા કરી બહાર પડ્યા છીએ તો પછી તે વખતે માંહોમાહેના મતભેદોને લઈને કલહ કરીએ તો આપણું ધારેલું કાર્ય સિદ્ધ થઈ શકે નહિ અને પીરાણા સતપંથના પાખંડરૂપી વજ્રમય કિલ્લાને તેમજ આપણી જ્ઞાતિના કેટલાક ગુમાની ગેઢેરાઓ કે જેઓ પોતાના તુચ્છ સ્વાર્થમાં અંધ બની જ્ઞાતિની પાયમાલી કરી રહ્યા છે તેમને પણ આપણે પરાસ્ત કરી શકીએ નહી. એટલું જ નહિ પણ આપણા ગરીબ ભાઈઓ તેમજ બહેનોને પણ આપણે સ્વતંત્રતા અપાવી શકીએ નહિ માટે મારી તો એ સલાહ છે કે તમે સર્વ ખાસ ધ્યાનપૂર્વક વિચાર કરી તમારા હૃદયમાં જે કાંઈ દ્વેષનો ઝરો હોય તે કાઢી નાખી વળી પાછા એક સંપ થઈ સુધારાના કાર્યને આગળ ધપાવવા કમર કસશો એવી મારી પ્રાર્થના છે.

ત્યારબાદ ઉપસંહાર કરતાં પ્રમુખશ્રી વિશ્રામ પાંચા ગાંગાણીએ જણાવ્યું કે :-

આજની મિટિંગમાં ઘણી જ અગત્યની વાટાઘાટ થઈ છે. આપણામાં કુસંપ થવાનું કારણ ભાઈશ્રી લાલજી સોમજીએ કહ્યું કે આપણા મંડળના ભાઈઓએ શુદ્ધિ કરાવી આત્મબળના અભાવે પીછેહઠ કરી બેસી રહ્યા, તેમજ શુદ્ધિના વિરુદ્ધ કામ કરવા લાગ્યા. જેથી દિવસો દિવસ રોષ ભરાતો ગયો ને કુસંપ વધતો ગયો જેના લીધે આપણા મંડળની આજે આ હાલત થઈ છે. મારા મત પ્રમાણે તે ખરું જોતાં સત્યથી વેગળું છે.

ભાઈ શીવજીએ કહ્યું તે વાત સત્ય છે હવે આજે આપણે ખુલ્લા હૃદયથી જે વાતો કરી છે તેથી ઉમેદ છે કે આપણામાં સંપ જરૂરથી થશે જ. આપ સર્વ ભાઈઓને મારી નમ્ર વિનંતી છે કે દરેક ભાઈએ પોતાના હૃદયમાંથી રોષ કાઢી નાખીને પોતપોતાની ભુલ સમજીને શુભ નિષ્ઠાથી તેમજ સર્વે ભાઈઓની મદદથી પડી ભાંગેલું સુધારાનું કામ ફરીથી શરૂ કરી દઈએ. જેથી આપણી કરેલી મહેનત સફળ થાય. આજની મિટિંગનું કામ લગભગ પુરું થવા આવ્યું છે અને ટાઈમ પણ વધારે થઈ ગયો છે તો પણ વિષય અગત્યનો હોવાથી કોઈ પણ ભાઈને ચાલુ વિષય ઉપરે બોલવું હોય તો તેવા ભાઈઓને બોલવાની છુટ છે. (તે વખતે ભાઈશ્રી શીવજી કાનજી પારસીયા ફરીથી બોલવા ઉભા થયા હતા તેનો સારાંશ તેઓશ્રીના ભાષણમાં આવી ગયેલ છે.)

ત્યારબાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

તા.૧૫-૫-૧૯૩૨ના દિવસની કાર્યવાહી

તા.૧૪ને શનિવારની સભાથી કેટલાક ભાઈઓમાં જરૂરથી સંપ કરવાની ઘણી તાલાવેરી જાગી હતી તેથી તા.૧૫ની રાત્રે ભાઈ **નારાયણ શીવજી**ના ઘરે જ્યાં રા.નારાયણજીભાઈ ઉતર્યા હતા ત્યાં કરાંચી યુવક મંડળના મુખ્ય કાર્યકર્તાઓની એક ખાનગી મિટિંગ બોલાવવામાં આવી હતી ત્યાં આગળ દરેક ભાઈએ પોતપોતાના વિચારો અને તેમાં પડતા મતભેદો રા.નારાયણજીભાઈને કહી સંભળાવ્યા હતા. જે ઉપરથી નારાયણજીભાઈએ એકબીજામાં પડતા મતભેદો દુર કરવા દરેકને પોતાની ભુલ કબુલ કરવા તેમજ જ્ઞાતિ હિતના કાર્યમાં હરકત ન આવે એ ઉદ્દેશ ધ્યાનમાં રાખવા દરેક ભાઈઓને પુરતી સમજુતી આપી હતી અને તેમના વિચારોને દરેક ભાઈઓએ કબુલ રાખ્યા હતા.

દરેક ભાઈઓને ઉદ્દેશીને **નારાયણજીભાઈએ** કહ્યું કે :-

ભાઈઓ આપણે-આપણી **પરિષદોએ** તો છુટાછેડા ન કરવાનો ઠરાવ પાસ કર્યો છે છતાં પણ મેં સાંભળ્યું છે કે કરાંચીમાં **સુધારાવાળા** ભાઈમાં એક ભાઈની બાયડી બીજો ભાઈ લઈ જાય અને તેમાં ખાસ કાર્યકર્તા સુધારકો જ જો સહાય કરે તો તે ઘણું જ અફસોસ કરવા જેવું છે.

ભાઈઓ ! હવેથી પોતપોતાની ભુલો દરેક ભાઈએ કબુલ કરીને તેનું પ્રાયશ્ચિત કરો કે જેથી આપણું સુધારાનું કામ આગળ ચાલે. આવું નારાયણજીભાઈનું કહેવું સાંભળીને ભાઈશ્રી **અબજી મનજી** સેંઘાણી ગામ નખત્રાણાવાળાએ કહ્યું કે :-

મારી ભુલ થઈ ગઈ છે તે હવેથી તમને યોગ્ય લાગે તેમ કરો મેં પોતે જ ખીમજી શીવજીને શરણે રાખી વાત પકડાવી હતી અને તે મુજબ જ આજ દિવસ સુધી હું પણ તે વાતને વળગી રહ્યો હતો. કેટલાક દિવસથી મને મારી ભુલ સમજાણી હતી. જેથી મેં પોતે પણ સંપ કરવા વિશે કેટલાક ભાઈએને બહુ જ સમજાવ્યા છતાં પણ તેઓએ બિલકુલ માન્યું નહિ. છેવટમાં મેં એમ પણ કહ્યું કે ભાઈઓ મારી ભુલ થઈ હોય અને તમને તેમ જણાતું હોય તો તે વિષે મને માફી આપો આવું આવું કહેવા છતાં પણ સાંભળે જ કોણ? કેટલાક ભાઈઓને તો એવો વટ ચડી ગયો હતો કે કોઈ પણ રીતે ભેગા થવું જ નથી. ઉંહુનું ઓસડ ન હોય તે તો તમો પોતે પણ સમજો છો. જેથી જ આ સુધારાનું કામ અટકી પડ્યું છે. હવેથી તમે ગમે તેમ કરીને અમને બધાઓને સંતોષ થાય તેવું કરી જાઓ.

એ પ્રમાણે ભાઈશ્રી **અબજી નાનજી** તેમજ બીજા કેટલાયેક ભાઈઓએ પોતાના વિચારો જણાવ્યા બાદ **નારાયણજીભાઈએ** બધાને કહ્યું કે તમે સર્વે ભાઈઓ કહો છો કે સંપ થવો જ જોઈએ તેમજ સુધારાનું કામ આગળ ધપવું જ જોઈએ મને એમ લાગે છે કે તમારામાં જે વટ હતો તે નીકળી ગયો છે અને **પાંસરો દોર** થઈ ગયા છો તો હવે એકત્તા કરવામાં વિલંબ નહિ લાગે અને ઈશ્વર સૌ સારું કરશે. ત્યારબાદ મોડી રાત્રે સૌ ભાઈઓ પોતપોતાને ઠેકાણે-ઘરે ગયા.

તા.૧૬-૫-૧૯૩૨ના દિવસની કાર્યવાહી

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળની એક સભા તા.૧૬-૫-૩૨ની રાત્રે સાડા નવ વાગે તા.૧૪ને શનિવારે રાત્રે જે સ્થળે સભા મળી હતી તેજ ઠેકાણે એટલે શેઠ હરચંદરાય બ્રધર્સના ગોદામવાળા મોટા કમ્પાઉન્ડમાં મળી હતી. યુવક મંડળના સેક્રેટરી **ભાઈ રતનશી શીવજીએ** તે વખતની સભા બોલાવવાનું કારણ રજુ કરતાં જણાવ્યું કે :-

ગઈકાલની ખાનગી ચર્ચા દરમ્યાન કેટલીક બાબતોનો લગભગ અંત આવી ગયો છે. મંડળમાં કુસંપ પડી ગયામાં જે જે ભાઈઓ કારણભુત હોય અથવા જે ભાઈઓને એમ લાગતું હોય કે અમે ખીમજીનો પક્ષ ખાસ ઈરાદાપૂર્વક અથવા અમુક કારણવસાત કર્યો હતો અને તેથી જ પક્ષ થઈ જવાથી સુધારાનું કામ પડી ભાંગ્યું છે, એવું સમજનાર ભાઈઓએ પોતપોતાની ભુલ કબુલ કરી પશ્ચાતાપરૂપી પ્રાયશ્ચિત કરવું અને આપણી સર્વની સંમતિથી ચુંટી કાઢવામાં આવે તે પ્રમુખશ્રી જે ફેંસલો આપે તે માન્ય કરવો.

આજની સભાનો વિષય અતિ મહત્ત્વનો હોવાથી આજની સભામાં લાયક, ડાહ્યા, બુદ્ધિશાળી તેમજ દીર્ઘદષ્ટિવાળા ઠરેલ મગજના પ્રમુખ હોવા જોઈએ. તે માટે ખરું જોતાં આપણા સદ્‌ભાગ્યે ભાઈશ્રી **નારાયણજી રામજીભાઈ** જેવા આપણી જ્ઞાતિના ઉદ્ધારક વીર બંધુ આપણી સમક્ષ હાજર હોવાથી તેવા મુરબ્બી ભાઈશ્રી નારાયણજીભાઈની પ્રમુખ તરીકેની દરખાસ્ત મુકું છું તેને આપ સર્વ ભાઈઓ એકમતે સંમતિ આપશો એવી મારી આશા છે.

ઉપલી દરખાસ્તને ભાઈશ્રી **લાલજી સોમજી** નાકરાણી, રામજી ધનજી નાકરાણી તેમજ **શીવજી લધા** નખત્રાણાવાળાએ ટેકો આપ્યો હતો અને ત્યારબાદ શરૂઆતમાં રા.**નારાણયજીભાઈએ** પ્રમુખપદ સ્વીકારતાં તે દિવસની સભાનો આભાર માનતાં કહ્યું કે :-

તમોએ આજની સભાના કામકાજ માટે મારામાં શ્રદ્ધા તેમજ વિશ્વાસ રાખી મને પ્રમુખપદ આપી જે માન આપ્યું છે તેના માટે હું તમો સર્વનો ઉપકાર માનું છું. પણ સાથે સાથે એ પણ કહીશ કે મને છુટો રાખ્યો હોત તો અલબત હું કેટલીક બાબતમાં છુટથી બોલી તેમજ સમજાવી શકત.

ત્યારબાદ સભાને ઉદ્દેશી પ્રમુખશ્રી નારાયણજીભાઈએ જણાવ્યું કે :-

કેટલાંક વરસોથી મંડળમાં પક્ષ પડી જવાથી શુદ્ધિવાળા ભાઈઓમાં કેટલાક ભાઈઓની શુદ્ધિ કાયમ રહી છે કે નહિ? તેવી શંકા ઉપસ્થિત થઈ હોવાથી શુદ્ધિવાળા ભાઈઓને પુછું છું અને ખાનગી ચર્ચા દરમ્યાન પણ જણાયું છે કે ખીમજી શીવજીનો પક્ષ કરનાર **અબજી મનજી તેમજ દાના કરશન અને રતનસી વીરજી** ઉપરે શંકા છે કે તેઓની શુદ્ધિ બરાબર **રહી છે કે નહિ?**

મુળ કારણ અહીંના ભાઈઓને પુછતાં એમ જણાય છે કે ગામ કોટડાના કણબી નાનજી માવજી લીંબાણીની ઘરવાલીને તેમનો સસરો ભીમજી મજકુર નાનજીને ઘેર મુકતો નહોતો જેના સંબંધમાં પંચ ભેગો થઈને તે વાતની ચર્ચા ચલાવતો હતો તે વખતે વિના કારણે ખીમજી ત્યાંથી કેટલાક શબ્દો કહીને ઉઠી ગયો અને બીજે દિવસે પંચના

પાંચ ભાઈઓ ઉપરે ફોજદારી મુકદમો માંડ્યો (જેના પાછળથી રાજીનામાં થયેલા) તે ભાઈની પક્ષ કરનાર ભાઈઓ માતાજીના પાટ આગળ આવી પ્રતિજ્ઞાપૂર્વક સત્ય હકીકત જણાવીને કહો કે અમારી શુદ્ધિ બરાબર રહી છે. કે જેથી બાકીના ભાઈઓને વહેમ હોય તે ટળી જાય.

પ્રથમ ભાઈશ્રી **અબજી મનજી** સેંઘાણી ગામ-નખત્રાણાવાળાએ કહ્યું કે હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે મેં પીરાણાપંથી ભાઈઓ તેમજ મંડળવાળા કે જેઓએ શુદ્ધિ નથી કરાવી તેવા ભાઈઓ સાથે મેં કદી પણ ભોજન વ્યવહાર કર્યો નથી, એટલે કે મેં શુદ્ધિનું બરાબર પાલન કર્યું છે.

ત્યારબાદ ભાઈશ્રી **દાના કરસન** પાંચાણી નખત્રાણાવાળાએ કહ્યું કે હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે શુદ્ધિના સિદ્ધાંતથી જરા પણ ચસ્યો નથી હું દેશમાં બે ત્રણ વખત ગયો હતો ત્યાં પણ આપણા જ્ઞાતિભાઈઓ કે જેઓએ શુદ્ધિ નથી કરાવી તેવા ભાઈઓનું રાંધેલું હું જમ્યો નથી એવું હું સોગનપૂર્વક કહું છું. આનાથી વધારે ખાત્રી શું આપી શકું?

ત્યારબાદ પ્રમુખ શ્રી **નારાયણજીભાઈએ** સભાને ઉદ્દેશીને જણાવ્યું કે આ બે ભાઈઓએ જે કહ્યું છે તેથી તમારી શંકા દુર થઈ હશે એમ મારું માનવું છે. કારણ કે આવા નિર્મળ હૃદય તેમજ ખરી ભાવનાથી પ્રતિજ્ઞાપૂર્વક સત્ય કહેતા હોય તેમાં શંકાને સ્થાન ન જ હોઈ શકે.

જે ભાઈઓને વહેમ હતો તે ભાઈઓ બોલી ઉઠ્યા કે બસ અમારી શંકાનું સમાધાન થઈ ગયું તેમજ અમને લેશ માત્ર પણ વહેમ રહેતો નથી.

તે પછી **પ્રમુખશ્રીએ** ખીમજી શીવજીના પક્ષકારો વિશે સભાને ઉદ્દેશી જણાવ્યું કે : કોઈ પણ વ્યક્તિએ અમુક ગુન્હો કર્યો હોય અને તે ગુન્હો ખુલ્લા શબ્દોમાં ખરા હૃદયથી કબુલ કરતો હોય તેમજ પોતાના કૃત્યને માટે જેને પારાવાર પસ્તાવો થતો હોય અને તે આવી પવિત્ર સભામાં જે ગુન્હા કર્યા હોય તેને માટે દિલગીરી જાહેર કરે તો તેને નાતે શું કરવું જોઈએ ! મારા મત પ્રમાણે તો તેવા ભાઈની સજા તો તેનો પશ્ચાતાપ જ છે અને તે સર્વ ભાઈઓ એકી મતે કબુલ કરે એમ હું ઈચ્છું છું.

સભામાંથી સર્વ ભાઈઓ બોલી ઉઠ્યા કે ગુન્હેગાર ભાઈઓ પોતાના કૃત્યને માટે ખરા અંતઃકરણથી દિલગીરી જાહેર કરી માફી માગે તો તે ભાઈઓને માટે વધારે સજા ન કરતાં માફી આપવી જોઈએ.

ત્યારબાદ **ભાઈશ્રી અબજી મનજી** સેંગાણી ગામ-નખત્રાણાવાળાએ કહ્યું કે મેં ખીમજી શીવજીનો પક્ષ કર્યો હતો અને તેથી જ મંડળનું સુધારાનું કામ આજ છ છ વરસ થયાં પડી ભાંગ્યું બલ્કે સુધારાના કામને ધક્કો પહોંચ્યો છે એ હું જાણું છું. તેમજ કબુલે કરું છું. તેના માટે હું દિલગીર થું, તેમજ એ મારી ગંભીર ભુલ કબુલ કરું છું અને મારી તેવી ભુલને માટે આપ સર્વે જ્ઞાતિ બંધુઓના પાસે માફી માગું છું.

તે સમયનો દેખાવ ખરેખર અલૌકિક હતો, કારણ કે તે શબ્દો પુરા થવાની સાથે જ એકબીજાના હૃદય શુદ્ધ પ્રેમમય બની ગયા. આંખોમાંથી જેમ ઘણા દિવસોએ બંધુ મિલન થાય તેમ આનંદની જ્યોત ઝળકી રહી.

ત્યારબાદ ભાઈશ્રી **દાના કરસન** પાંચાણી ગામ-નખત્રાણાવાળાએ પણ પોતે ખીમજી શીવજીનો પક્ષકાર હતો એમ કબુલ કરી પોતાની એ ભુલને માટે જ્ઞાતિ ભાઈઓ મને જે સજા કરે તે મારે કબુલ છે અને આપણા મંડળમાં ખીમજી શીવજીનો ફેંસલો ન થાય ત્યાં સુધી તેમની સાથે બહિષ્કાર જેવું વર્તન રાખીશ. તેમજ મારા એ કૃત્યને માટે આપ સર્વ જ્ઞાતિભાઈઓ સમક્ષ માફી માગું છું. એ પ્રમાણે કહ્યું.

તે પછી પ્રમુખશ્રી નારાયણજીભાઈએ સભામાં સર્વ ભાઈઓને ઉદ્દેશીને કહ્યું કે ભાઈશ્રી **અબજી મનજી** તેમજ **દાના કરસન** એ બે ભાઈઓએ સભા સમક્ષ પોતાની ભુલ કબુલ કરી માફી માગે છે અને તે પણ શુદ્ધ હૃદય તેમજ આપણી જ્ઞાતિમાં સુધારો કરવાની ખરી ભાવનાથી. તેમ છતાં તેઓના બોલવા ઉપરથી એમ પણ સમજાય છે કે મંડળના ભાઈઓ અમારી ભુલના સંબંધમાં યોગ્ય લાગે તેમ કરે. પણ મંડળનું સુધારાનું મુખ્ય કામ કે જે **પીરાણા સતપંથરૂપી કાળું કલંક** આપણી જ્ઞાતિ ઉપર છે તેને સત્વર નાબુદ કરવા પ્રથમના જેવું જ ઉત્સાહભેર સુધારાનું કામ ચાલુ થવું જોઈએ. તો તે વિશે મારે એમ જ કહેવું જોઈએ કે તે ભાઈઓએ પોતાની ભુલ બદલ મંડળને જેમ યોગ્ય જણાય તેમ કરે એમ કહ્યું. તેમજ તેઓએ ભુલ કબુલ કરતી વખતની તેઓની મુખાકૃતિ ઉપરથી પણ એમ સમજાય છે કે તેઓને પોતે કરેલી ભુલથી અપાર દુઃખ ઉપજે છે તેમજ અનહદ પસ્તાવો પણ થાય છે. માટે તેમનો એ પસ્તાવો તેઓનું **પ્રાયશ્ચિત** છે અને એ **પ્રાયશ્ચિત** જ તેમની સજા છે. તેથી તેઓને તેમના સર્વે ગુન્હાની આ મંડળ માફી આપે છે અને ભવિષ્યમાં આવી ગંભીર ભુલ ન થાય તે તરફ ખાસ લક્ષ રાખે.

પછી પ્રમુખશ્રીએ સભામાં બેઠેલા સર્વે ભાઈઓને ઉદ્દેશીને કહ્યું કે આ બે ભાઈઓને તેમના ગુન્હાની માફી આપી છે તે બધાને કબુલ છે? સર્વે ભાઈઓએ કહ્યું કે કબુલ છે કબુલ છે.

ત્યારબાદ ખીમજી શીવજીએ મંડળના કાર્યકર્તા પાંચ ભાઈઓ ઉપર ફોજદારી મુકદમો માંડ્યો હતો જે આપ સર્વ ભાઈઓ જાણો છો. તેનો બચાવ કરવા માટે જે ખર્ચ થયું છે તે ખીમજી શીવજીના પક્ષકારો સિવાયના મંડળના ભાઈઓની સંમતિથી થયું છે? એમ શ્રીયુત પ્રમુખશ્રીએ સભામાં પ્રશ્ન કર્યો. તેના જવાબમાં ભાઈ **રામજી ધનજી નાકરાણી** કોટડાવાળાએ કહ્યું કે મુકદમામાં બચાવને માટે ખર્ચ કરવાનું મંડળના લગભગ દરેક મેમ્બરોએ કહ્યું હતું કે અત્યારે જે ખર્ચ થાય તે તમે પાંચ જણા કરો. પછી મંડળ તમોએ જે ખર્ચ કર્યું હશે તે આપશે.

પછી પ્રમુખશ્રીએ સભાને ઉદ્દેશીને પૂછ્યું કે ભાઈ રામજી કહે છે તે વાત બરાબર છે? એટલે સર્વે ભાઈઓએ કહ્યું કે તે વાત બરાબર છે.

ત્યારે એમ ઠર્યું કે જે ખર્ચ થયું હોય તે મંડળના પૈસામાંથી મજકુર પાંચ જણાને આપવું અને પછી ખર્ચના હિસાબનો આંકડો માંગવામાં આવતાં તેઓએ જણાવ્યું કે અત્યારે અમારી પાસે નથી ત્યારે તે ખર્ચની વાત મંડળનો હિસાબ થાય તે વખતે હાથ લેવાનું ઠર્યું ત્યારબાદ પ્રમુખશ્રી **નારાયણજીભાઈએ** કેટલાંક બોધદાયક વચનો કહી સભા વિસર્જન કરી હતી.

ભાઈશ્રી રતનશી વીરજીએ પોતાની ભુલ કબુલ કરી નહિ તેમજ માફી માગી નહિ જેથી મંડળના સમુહથી જુદા રહી ગયા.

તા.૨૧-૫-૧૯૩૨ના દિવસની કાર્યવાહી

તા.૧૭ થી તા.૨૦-૫-૧૯૩૨ સુધી એમ ચાર દિવસ ભાઈશ્રી **જીવરાજ વાલજીના** લગ્ન પ્રસંગે રોકાણ થવાથી આજ રોજે ભાઈશ્રી **નારાયણજી રામજી**ના ઉતારે મંડળના ઘણા ખરા ભાઈઓ ભેગા થયા હતા અને મંડળના નાણાંનો હિસાબ જે ભાઈશ્રી **રતનસિંહ શીવજી** પાસે નાણાં વ્યાજે હતા તે તથા લવાજમ સંબંધમાં આયાત ખર્ચ થયું હતું તે સર્વ હિસાબ તપાસ્યો હતો. તે મુજબ હિસાબ ચોખ્ખા કર્યા બાદ નારાણયજીભાઈએ મંડળના ભાઈઓમાં કેટલીક ગેરસમજુતી ફેલાયેલી તે બાબતોની યોગ્ય સમજાવટ કરી તેમજ સુધારાને અંગે કેટલાંક બોધદાયક વચનો કહ્યા. બાદ સર્વ ભાઈઓ મોડી રાતે નિવૃત્તિ માટે પોતપોતાને ઘેર ગયા.

તા.૨૨-૫-૧૯૩૨ના દિવસની કાર્યવાહી

તા.૨૨-૫-૧૯૩૨ના રોજ **નારાયણજીભાઈને** ઉતારે મંડળના સર્વે ભાઈઓ રાત્રે દસ વાગે ભેગા મળી યુવક મંડળના કાર્યકર્તાઓની ફરીથી ચુંટણી કરવા તેમજ **શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના** ખાસ નિયમો બંધારણ અને ધારા ધોરણો નક્કી કરવા તથા ખાસ કરીને આગળના વખતે જે વયોવૃદ્ધને જુદા રાખવામાં આવ્યા હતા તેને યુવકોની સાથે મળીને કામ કરવા માટે સાથે લેવા તથા નવેસરથી મંડળના બંધારણો બાંધવા તેમજ અનેક પ્રકારના નિયમો ધોરણસર રચવા માટે ભેગા થયા હતા.

આગલા દિવસોએ કેટલાક ભાઈઓ હાજર નહિ હોવાથી આગળ થયેલા હિસાબ બધા ભાઈઓની જાણ માટે ફરીથી વાંચી સંભળાવવામાં આવ્યા હતા. તેમજ આગળની વખતે કેટલાક ભાઈઓની સમજથી જ્ઞાતિ મંડળના જુદા જુદા ફાંટાઓ જેવા કે જ્ઞાતિ પંચ, લાયબ્રેરી ખાતું તેમજ જ્યોતિધામ મંદિર વિગેરે વિગેરે કરવામાં આવ્યા હતા. તેમજ મોટેરાઓને જુદા રાખવામાં આવ્યા હતા, જેથી ખરું જોતાં જ્ઞાતિની સેવાનું કામ બરાબર થઈ શકતું નહોતું. એવું બધા ભાઈઓને જણાવાથી તે સર્વ ખાતા સાથે જોડી દઈ એક જ **"શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ"** ના નામથી કામ કરવાનું યોગ્ય જણાતાં તે નામ કાયમ રાખી અને ખાસ યુવક મંડળની નવેસર ચુંટણીનું કામ હાથ ધરવામાં આવ્યું હતું.

તે વખતે **નારાયણજીભાઈએ** સર્વ ભાઈઓને ઉદ્દેશી કહ્યું કે જે ભાઈઓને મંડળના મેમ્બરો થવાની ઈચ્છા હોય તેઓએ અત્યારે જ નામ લખાવવા કારણ કે જેટલા મેમ્બરોના નામ લખાશે તે મેમ્બરોમાંથી **પ્રમુખ, સેક્રેટરી, ખજાનચી** વિગેરે મુખ્ય કાર્યકર્તાઓ તેમજ વ્યવસ્થાપક મંડળના મેમ્બરો પણ તેમાંથી ચુંટી કાઢવામાં આવશે. જે બહુ મતે નક્કી કરવામાં આવશે.

ત્યારબાદ નીચેના ભાઈઓએ મંડળના મેમ્બર તરીકે નામ લખાવ્યા હતા.

(૧) અબજીભાઈ મનજી સેંઘાણી	ગામ-નખત્રાણાવાળા
(૨) વિશ્રામભાઈ પાંચા ગાંગાણી	ગામ-વિરાણીવાળા
(૩) રતનશી ભાઈ શીવજી નાકરાણી	ગામ-રવાપરવાળા
(૪) શીવજીભાઈ કાનજી પારસીયા	ગામ-નખત્રાણાવાળા

(૫)	જેઠાભાઈ નથુ નાકરાણી	ગામ-દેવીસરવાળા
(૬)	લાલજીભાઈ સોમજી નાકરાણી	ગામ-રવાપરવાળા
(૭)	નારાયણભાઈ શીવજી લીંબાણી	ગામ-વિરાણીવાળા
(૮)	જીવરાજભાઈ હીરજી ઉકાણી	ગામ-માનકુવાવાળા
(૯)	નારાયણભાઈ નથુ છાભૈયા	ગામ-દેવીસરવાળા
(૧૦)	દાનાભાઈ કરસન પાંચાણી	ગામ-નખત્રાણવાળા
(૧૧)	શામજીભાઈ વીરજી રૂડાણી	ગામ-દેશલપર (ઉગમણા)
(૧૨)	રામજીભાઈ સોમજી નાકરાણી	ગામ-રવાપરવાળા
(૧૩)	હરજીભાઈ નથુ છાભૈયા	ગામ-દેવીસરવાળા
(૧૪)	શીવજીભાઈ લધા નાકરાણી	ગામ-નખત્રાણાવાળા
(૧૫)	પ્રેમજીભાઈ હરજી સાંખલા	ગામ-દેશલપર (આથમણા)
(૧૬)	મેઘજીભાઈ કાનજી સેંઘાણી	ગામ-મમાઈમોરાવાળા
(૧૭)	નથુભાઈ નારાયણ પાંચાણી	ગામ-નખત્રાણાવાળા
(૧૮)	માવજીભાઈ મેઘજી નાકરાણી	ગામ-વિરાણી (કોરાવાળી)
(૧૯)	લાલજીભાઈ ભાણજી બાથાણી	ગામ-વિરાણીવાળા
(૨૦)	દેવજીભાઈ નાનજી પાંચાણી	ગામ-નખત્રાણાવાળા
(૨૧)	નથુભાઈ વીરજી રૂડાણી	ગામ-દેશલપર (ઉગમણા)
(૨૨)	વેલજીભાઈ રૂડા દાનાણી	ગામ-નખત્રાણાવાળા
(૨૩)	હંસરાજભાઈ રામજી વેલાણી	ગામ-દેશલપર (આથમણી)
(૨૪)	લધાભાઈ કરસન નાકરાણી	ગામ-વિરાણીવાળા
(૨૫)	મુળજીભાઈ પુંજા ભગત	ગામ-નખત્રાણાવાળા
(૨૬)	લધાભાઈ હરજી નાકરાણી	ગામ-કોટડા જડોદરવાળા
(૨૭)	વેલજીભાઈ ગોપાલ સાંખલા	ગામ-દેશલપર (આથમણી)
(૨૮)	માવજીભાઈ પરબત ધોળુ	ગામ-વિરાણીવાળા
(૨૯)	વેલજીભાઈ પરબત પારસીયા	ગામ-નખત્રાણાવાળા
(૩૦)	મુળજીભાઈ ડોસા પોકાર	ગામ-નખત્રાણાવાળા
(૩૧)	વાલજીભાઈ લખુ પોકાર	ગામ-નખત્રાણાવાળા
(૩૨)	વીરજીભાઈ લખુ પોકાર	ગામ-નખત્રાણાવાળા
(૩૩)	ખેતાભાઈ ગોપાલ કેસરાણી	ગામ-નખત્રાણાવાળા
(૩૪)	રતનશીભાઈ ગોપાલ કેશરાણી	ગામ-નખત્રાણાવાળા
(૩૫)	રામજીભાઈ કાનજી ધોળુ	ગામ-વિરાણીવાળા
(૩૬)	નાગજીભાઈ ખીમજી લીંબાણી	ગામ-આણંદસરવાળા

(૩૭)	કરમશીભાઈ દેવશી છાભૈયા	ગામ-દેવીસરવાળા
(૩૮)	ગોપાલભાઈ કરસન ચૌધરી	ગામ-નખત્રાણાવાળા
(૩૯)	રતનશીભાઈ કરસન ચૌધરી	ગામ-નખત્રાણાવાળા
(૪૦)	પચાણભાઈ પરબત છાભૈયા	ગામ-કોટડા જડોદરવાળા
(૪૧)	કરસનભાઈ પરબત પારસીયા	ગામ-નખત્રાણાવાળા
(૪૨)	વિશરામભાઈ જીવરાજ પોકાર	ગામ-મંગવાણાવાળા
(૪૩)	ધનજીભાઈ હરજી ગોગારી	ગામ-ઐયરવાળા
(૪૪)	વીરજીભાઈ રતનશી નાકરાણી	ગામ-વાલકાવાળા
(૪૫)	ભાણજીભાઈ શીવજી નાથાણી	ગામ-નખત્રાણાવાળા
(૪૬)	મનજીભાઈ જેઠા કાનજીયાણી	ગામ-વિરાણીવાળા

ઉપર જણાવ્યા મુજબ છેતાલીસ મેમ્બરોમાંથી યુવક મંડળના પ્રમુખ તરીકે ભાઈશ્રી **અબજી મનજી** સેંગાણી નખત્રાણાવાળાને વધુમતે ચુંટવામાં આવ્યા છે અને ઉપપ્રમુખ તરીકે ભાઈશ્રી **વિશ્રામ પાંચા ગાંગાણી** ગામ-વિરાણીવાળાને પસંદ કરવામાં આવ્યા છે. યુવક મંડળના સેક્રેટરી તરીકે ભાઈશ્રી **રતનશી શીવજી નાકરાણી** ગામ-રવાપરવાળાને પસંદ કરવામાં આવ્યા છે અને જોઈન્ટ સેક્રેટરી તરીકે ભાઈશ્રી **શીવજી કાનજી** પારસીયા ગામ-નખત્રાણાવાળાને નિમવામાં આવ્યા છે અને ખજાનચી તરીકે શ્રીમંત ભાઈશ્રી **જેઠાભાઈ નથુ નાકરાણી** ગામ-દેવીસરવાળાની વધુ મતે પસંદગી કરવામાં આવી છે.

તે ઉપરાંત યુવક મંડળના છેતાલીસ મેમ્બરોમાંથી વ્યવસ્થાપક મંડળના કાર્યકર્તાઓ તરીકે નીચે મુજબ જણાવેલા અગિયાર ભાઈઓની સર્વાનુમતે ચુંટણી કરવામાં આવી હતી.

(૧) ભાઈશ્રી અબજીભાઈ મનજી સેંઘાણી	ગામ-નખત્રાણાવાળા (યુવક મંડળના પ્રમુખ)
(૨) ભાઈશ્રી વિશ્રામભાઈ પાંચા ગાંગાણી	ગામ-વિરાણીવાળા (યુવક મંડળના ઉપપ્રમુખ)
(૩) ભાઈશ્રી રતનશીભાઈ શીવજી નાકરાણી	ગામ-રવાપરવાળા (યુવક મંડળના સેક્રેટરી)
(૪) ભાઈશ્રી શીવજીભાઈ કાનજીભાઈ પારસીયા	ગામ-નખત્રાણાવાળા (યુવક મંડળના જો.સેક્રેટરી)
(૫) ભાઈશ્રી જેઠાભાઈ નથુભાઈ નાકરાણી	ગામ દેવીસરવાળા (યુવક મંડળના ખજાનચી)
(૬) ભાઈશ્રી લાલજીભાઈ સોમજીભાઈ નાકરાણી	ગામ-રવાપરવાળા
(૭) ભાઈશ્રી નારણભાઈ શીવજી લીંબાણી	ગામ-વિરાણીવાળા
(૮) ભાઈશ્રી જીવરાજભાઈ હીરજી ઉકાણી	ગામ-માનકુવાવાળા
(૯) ભાઈશ્રી નારાયણભાઈ નથુ છાભૈયા	ગામ-દેવીસરવાળા
(૧૦) ભાઈશ્રી દાનાભાઈ કરસન પાંચાણી	ગામ-નખત્રાણાવાળા
(૧૧) ભાઈશ્રી સામજીભાઈ વીરજી રૂડાણી	ગામ-દેશલપર (ઉગમણા)

ત્યારબાદ **શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના** ધારા ધોરણ અને નિયમો **શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદ** ત્રીજીમાં ઠરાવરૂપે પસાર કરવામાં આવેલ હતા તેમાંથી ઈ.સ.૧૯૨૬માં કેટલાક ફેરફારો સાથે યુવક મંડળે તૈયાર કર્યા હતા તેજ ધારા ધોરણ અને નિયમો આ વખતે બહાલ રાખવામાં આવ્યા હતા જે નીચે મુજબ છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના ઉદ્દેશ અને નિયમો

આપણી કડવા પાટીદાર જ્ઞાતિ કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, નિમાડ, માળવા વગેરે આ દેશના જુદા જુદા ભાગોમાં વસે છે અને તે દરેક વિભાગમાં જ્ઞાતિ સ્થિતિ સુધારવા સંસ્થાઓ કે મંડળો સ્થાપી લાંબા સમયથી પ્રયત્ન કરવામાં આવે છે. આવા દરેક મંડળો સમસ્ત જ્ઞાતિની **"શ્રી કડવા પાટીદાર પરિષદ"** નામે જે મોટી સંસ્થા છે તેના આશ્રય નીચે રહી પોતપોતાની જરૂરિયાતની મુખ્ય સંસ્થાને જાણ કરે છે અને પરિણામે જ્ઞાતિ હિત સાધવાનો માર્ગ સરળ થાય છે. આ મુખ્ય સંસ્થાની સ્થાપના થયા પછી દેશકાલને લઈ જ્ઞાતિમાં ઘર કરી બેઠેલા અધર્મયુક્ત રીતરિવાજોનો ત્યાગ થતો આવે છે અને ઘણા કાળથી એકબીજાથી જુદા પડી ગયેલા પોતાના જ બંધુઓ સાથે ઐક્ય સાધવાનું મહત્ત્વનું કાર્ય સિદ્ધ થતું જાય છે. આ શુભ કાર્યમાં આપણા કચ્છ વિભાગે પણ કેટલેક અંશે ભાગ લીધો છે. પરંતુ સમસ્ત જ્ઞાતિથી આપણા વિભાગને અલગ પાડી દેનાર અધર્મયુક્ત પીરાણા સતપંથનો ત્યાગ કરવાનું જે મહાન કાર્ય આપણા વિભાગે કરવાનું છે. તે ઉદ્દેશ અને કાર્ય ધ્યાનમાં લઈ **શ્રી કચ્છ કડવા પાટીદાર પરિષદ** નામે જે સંસ્થા સ્થાપવામાં આવી છે તેને અનુસરીને તેના પેટા વિભાગ તરીકે જ આ જ્ઞાતિ સુધારક યુવક મંડળની સ્થાપના કરવામાં આવી છે. તેના ઉદ્દેશ અને નિયમો નીચે પ્રમાણે છે.

ઉદ્દેશ

(૧) આપણી સમસ્ત જ્ઞાતિથી આપણને અલગ પાડી દેનાર તેમજ હિન્દુપણામાંથી આપણને ટાળી દેનાર પીરાણા સતપંથને જ્ઞાતિમાંથી નાબુદ કરવો અને કોઈ પણ જોખમે અને ખર્ચે એ કાર્ય પ્રથમ હાથ ધરવું એ આ મંડળનો મુખ્ય ઉદ્દેશ છે.

(૨) બાળલગ્નના અધર્મયુક્ત અને હાનીકારક રિવાજને જ્ઞાતિમાંથી સત્વરે નાબુદ કરવો તે આ મંડળનો મુખ્ય ઉદ્દેશ છે. તેને ખાસ ધ્યાનમાં લઈ જ્ઞાતિ સુધારક યુવક મંડળના મેમ્બરોમાંના કોઈએ પણ બાળલગ્ન ન કરવા અને જ્ઞાતિમાંનો કોઈ પણ ભાઈ પોતાના બાળકોને એવી રીતે બાળલગ્નથી પરણાવતો હોય તો તેને સમજાવી તેમ ન કરવાની સમજુતી આપવી એ આ મંડળના દરેક મેમ્બરોની મુખ્ય ફરજ રહેશે.

(૩) મરણ પાછળના કારજો કરવાનો રિવાજ શાસ્ત્ર વિરુદ્ધ અયુક્ત, ખર્ચાળ અને દુર્દશાએ પહોંચાડનારો હોવાથી તેને સદંતર નાબુદ કરવા અને તેવા જમણો નહિ જમવાનો આપણી જ્ઞાતિની પરિષદે ઠરાવ કરેલ છે, તેને અનુસરીને આ મંડળના કોઈ પણ મેમ્બરે તેવા ખર્ચા નહિ કરવા, તેમજ તેમાં ભાગ પણ નહિ લેવો એ તેમની મુખ્ય ફરજ છે.

(૪) વિદ્યા એ સર્વોત્તમ શક્તિ હોવાથી તેનો બહોળો પ્રચાર જ્ઞાતિના તેમજ પોતાના પુત્ર-પુત્રીઓને પુરતી કેળવણી આપીને કરવાનો ખાસ ઉદ્દેશ ધ્યાનમાં રાખવો, એમાં આ મંડળના મેમ્બરો પોતાની મુખ્ય ફરજ સમજશે.

(૫) જ્ઞાતિની આર્થિક સ્થિતિ સુધારવી અને ઐક્યતા વધારવી એ ખાસ જરૂરનું છે. જેથી દરેક ભાઈએ પોતાના જ્ઞાતિ બંધુઓને બનતી દરેક પ્રકારની મદદ કરવી, તેમજ કામ ધંધામાં આગળ વધારવા તથા ખેતીવાડી વિગેરે બીજા ઉદ્યોગોની કેળવણી મેળવી એકબીજાને સહાયભુત થવું એ આ મંડળનો ખાસ ઉદ્દેશ છે.

(૬) ઉપદેશકો રોકીને, સભાઓ અથવા મિટિંગો ભરીને, ચોપાનીયા કે પુસ્તકો પ્રસિદ્ધ કરીને જ્ઞાતિમાં જ્ઞાનનો ફેલાવો કરવો તથા આ મંડળના ઉદ્દેશો બર લાવવા માટે જ્યારે જ્યારે જરૂર જણાય ત્યારે જ્ઞાતિ બંધુઓની મદદ લઈને પગારદાર અથવા બિન પગારદાર માણસો રોકી યોગ્ય ખર્ચો કરીને આ મંડળનો મુખ્ય ઉદ્દેશ બર લાવવામાં આવશે.

(૭) આ મંડળનું દરેક પ્રકારનું કામકાજ કચ્છ દેશના જ રહીશ હોય એવા કડવા પાટીદાર બંધુઓના હિતાર્થે જ થશે. પરંતુ એવો પણ ઉદ્દેશ છે, કે આ મંડળની સ્થિતિ સુધરતી હોય તો જ્ઞાતિ વિસ્તારના બીજા ભાગો તરફ પણ ધ્યાન આપવામાં આવશે. વળી કોઈપણ પ્રયત્ને સમસ્ત જ્ઞાતિમાં આપણા કચ્છ વિભાગનું પ્રતિનિધિત્વ સાચવી રાખવા આ મંડળ બનતા દરેક પ્રયત્નો ચાલુ રાખશે.

નિયમો :

(૧) કોઈ પણ વિભાગના કડવા પાટીદાર બંધુઓ આ મંડળના મેમ્બર હોઈ શકશે અને મંડળ તરફથી નક્કી કરવામાં આવેલી આઠ આના ફી આપવાથી અને મંડળના ઉદ્દેશ અને નિયમોનો અંગીકાર કરેથી મેમ્બર તરીકેના દરેક હક તેને પ્રાપ્ત થશે.

(૨) આ મંડળની સિંધ પ્રદેશ ખાતેની મુખ્ય ઓફીસ કરાંચીમાં રહેશે અને જરૂર જણાતાં બીજી જગ્યાએ પેટા ઓફિસો ખોલવામાં આવશે.

(૩) આ મંડળનો ઉદ્દેશ બર લાવવા માટે બહુમતે ઉપયોગ થશે અને જે જે ભાઈઓ જે જે કાર્ય માટે યોગ્ય જણાશે તેમની કમિટિઓ દ્વારા અથવા વ્યક્તિત્વ પરત્વે નિમણુંક કરવામાં આવશે. તેમજ આ મંડળનો ઉદ્દેશ બર લાવવા અને તેનો વહીવટ કરવા સારું અગિયાર વ્યવસ્થાપકોની કમિટી નિમવામાં આવી છે, તેને આ મંડળના ઉદ્દેશના અંગે ઉત્પન્ન થતું દરેક કાર્ય કરવાની સત્તા રહેશે અને તે માટે યોગ્ય ખર્ચ પણ કરી શકશે.

(૪) આ મંડળની ખાસ મિટિંગ દર પંદર દિવસે ભરવામાં આવશે અને દર મહિનાની છેલી તારીખે મહિના દિવસમાં થયેલું કામકાજ અને મંડળના અંગે થયેલા ખર્ચનો હિસાબ સેક્રેટરીએ મંડળના મેમ્બરોને વાંચી સંભળાવવો અને તે સિવાય વ્યવસ્થાપક મંડળના સભ્યોને કોઈ ખાસ કારણસર મિટિંગ બોલાવવાની જરૂર પડે તો તે બોલાવી શકશે. આવા પ્રકારની મિટિંગ બોલાવવાની ખબર બે દિવસ અગાઉથી મંડળના સેક્રેટરીએ દરેક મેમ્બરોને આપવી.

(૫) વ્યવસ્થાપક મંડળ પોતાની મિટિંગ જ્યારે જ્યારે જરૂર જણાશે ત્યારે બોલાવી શકશે અને ઓછામાં ઓછા ૧-૩ જેટલા મેમ્બરો હાજર હશે તે વખતે મંડળના ઉદ્દેશને બાધ ન આવે તેવાં જરૂર પડતાં કામકાજો કરવાની વ્યવસ્થાપક મંડળને સત્તા રહેશે.

(૬) મંડળનો ઉદ્દેશ બર લાવવા માટે અને મંડળના નિભાવ અર્થે તેમજ મંડળની મિટિંગોમાં થયેલ કામકાજના હેવાલો છપાવવા અર્થે જે કાંઈ પૈસાની જરૂર પડે તે માટે કોઈ ખાસ ફંડ કરવામાં નહિ આવ્યું હોય તો, મંડળના મેમ્બરોની માસિક ફીના આઠ આનાવાળા ફંડમાંથી ખર્ચ કરવામાં આવશે.

(૭) આ મંડળની દરેક મિટિંગમાં થતા કામકાજની એક નોંધ વ્યવસ્થાપક કમિટિ તરફથી રાખવામાં આવશે તે પ્રોસીડીંગ બુક ગણાશે, દરેક મિટિંગ પછી તે મોટી હોય કે વ્યવસ્થાપકોની હોય તેના કાર્યનો હેવાલ લખાઈ ગયા બાદ તે કાર્ય જેના પ્રમુખપણા નીચે થયું હોય તે તેના નીચે પોતાની સહી કરશે.

(૮) મંડળનો કોઈ પણ મેમ્બર મંડળના ઉદ્દેશ કે હેતુ અને નિયમોથી વિરુદ્ધ જવાપણું કરી શકશે નહિ અને તેવું વિરુદ્ધ વર્તન કરનારનો મેમ્બર તરીકેનો હક્ક છીનવી લેવામાં આવશે.

(૯) આ મંડળે પસાર કરેલા મંડળના નિયમ અને ઉદ્દેશોનો અમલ કરાવવો અને કરવો એ દરેક ભાઈની ફરજ ગણાશે અને જે કાર્ય માટે જેની નિમણુંક કરવામાં આવી હોય તે બંધુ તેના કાર્ય માટે આ મંડળને જવાબદાર રહેશે. પરંતુ જેની પદ્ધતિસર નિમણુંક નહિ થઈ હોય તેવા કોઈ પણ મેમ્બરના કોઈ પ્રકારના કાર્ય માટે આ મંડળ જવાબદાર રહેશે નહિ.

(૧૦) આ મંડળનું કાર્ય એ જ્ઞાતિહિતનું કાર્ય છે એમ સમજી જે જે વિભાગના ભાઈઓ આ મંડળને જે જે પ્રકારે મદદ કરશે તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવશે, પરંતુ પરજ્ઞાતિના કોઈ પણ ગૃહસ્થ તરફની આર્થિક મદદ સ્વીકારવી કે નહિ તેનો વ્યવસ્થાપકો સમયને અનુસરીને નિર્ણય કરશે.

સૂચના :-

દરેક ભાઈઓ આ મંડળના નિયમો અને ઉદ્દેશને બરાબર જાણી અને સમજીને મેમ્બર થયા છે, એટલે આ મંડળનો જ્ઞાતિ હિત સાધવાનો ઉદ્દેશ તેમની મદદ વડે જલ્દીથી બર આવશે. એવી આ મંડળને ખાત્રી રહે છે અને હવે પછી નવા થનારા મેમ્બરોએ આ મંડળના ઉદ્દેશ અને નિયમોને વાંચી વિચારી અને પોતાને યોગ્ય લાગે તો બાજુના પાના પરનું અંગીકરણ પત્ર ભરી સેક્રેટરી તરફ મોકલી આપવું અને જ્ઞાતિ હિતના કાર્યમાં જોડાવું, એવી દરેક જ્ઞાતિબંધુઓને વિનંતી કરવામાં આવે છે.

લી. રતનશીભાઈ શીવજીભાઈ સેક્રેટરી

હેડ ઓફિસ : શ્રીચંદ વિશનદાસ રોડ, ગાર્ડન કવાર્ટર,
કરાંચી-રણછોડ લાઈન

અંગીકરણ પત્ર

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના સેક્રેટરી જોગ
હેડ ઓફિસ : ગાર્ડન કવાર્ટર
શ્રીચંદ વિશનદાસ રોડ, કરાંચી રણછોડલાઈન

હું નીચે સહી કરનાર ..... નુખે... ઉંમર વર્ષ..... ગામ..... ઠેકાણું .... આ ઉપરથી વિનંતી કરું છું કે, જ્ઞાતિ સુધારક યુવક મંડળના ઉદ્દેશ અને નિયમો મેં જાતે સમજીને જાણ્યા છે અને જ્ઞાતિ હિતના માટે તે ખાસ જરૂરના છે, એવી મારી ખાત્રી થઈ છે એટલે તે પાળવા અને પળાવવા હું મારાથી બનતું કરવાનો વિશ્વાસ આપી આ મંડળનો મેમ્બર થવાની માંગણી કરું છું, તે સ્વીકારવામાં આવશે એવી આશા છે સહી.... દા.પોતે.

ઉપર પ્રમાણેના **જ્ઞાતિ સુધારક યુવક મંડળના** ઉદ્દેશો અને નિયમોનું બંધારણ નક્કી કર્યા બાદ, બીજી પણ કેટલીક અગત્યની વાટાઘાટો કરી, દરેક ભાઈઓએ એકબીજાના મનનું સમાધાન પ્રાપ્ત કરી હર્ષથી છુટા પડ્યા હતા.

યુવક મંડળના ભાઈઓએ પણ સ્વતંત્ર રીતે જ્ઞાતિ સુધારકનું કામ કરી દેખાડવા માટે ભાઈશ્રી **નારાયણજીભાઈને** ઉત્સાહપૂર્વક વચન આપ્યું હતું તથા તેમને દરેક પ્રકારે મદદ કર્તા થઈ પડશે એમ જણાવ્યું હતું.

તે પછી ભાઈશ્રી **નારાયણજીભાઈએ** ઉભા થઈને પોતાના સગા સંબંધીઓ તેમજ જ્ઞાતિ બંધુઓને કહ્યું કે મારે ઉતાવળે કચ્છ જવાનું હોવાથી હવે વધારે વખત રોકાઈ શકું તેમ નથી. હું કાલે સવારેના ૯.૨૦ના ટાઈમે રેલ્વે રસ્તેથી કચ્છ તરફ રવાના થઈશ, તેથી દરેક ભાઈને વિનંતી કરીને કહું છું કે જેવી રીતે આપ ભાઈઓએ એકબીજાની ભુલો કબુલીને સંપ કર્યો છે અને કાયદા કાનુનો ઘડ્યા છે તે મુજબ હરહંમેશાં સંપ સલાહથી કાયદા મુજબ સર્વ ભાઈઓ વર્તશો કે જેથી આપણી જ્ઞાતિનું સુધારાનું કામ આગળ વધારી શકીએ.

તા.૨૩ના સવારના ૯.૨૦ના ટાઈમે કવેટા મેલ દ્વારા **નારાયણજીભાઈ** જવાના હોવાથી સીટી સ્ટેશને ઘણા ખરા સુધારક ભાઈઓ પોતાના કામ ધંધા છોડીને વિદાયગીરી આપવા ગયા હતા. તેમાંથી કેટલાક ભાઈઓ તો સદર સ્ટેશન સુધી ગયા હતા. બાદ વિદાયગીરીના શિષ્ટાચાર કરી ભારે હૃદયે ગાડી ઉપડતાં કુળદેવીની જય ગર્જના કરી છુટા પડ્યા હતા.

જ્યારથી સુધારાની હિલચાલ શરૂ થઈ છે ત્યારથી આગેવાનો તરફથી સુધારાવાળાને સતાવવાનો પ્રયાસ ચાલુ જ હતો. જેથી સ્વમાનની કિંમત સમજવાવાળા ભાઈઓને અર્ધદગ્ધ પાખંડી પંથમાં ન હિન્દુ તેમજ ન મુસલમાન જેવી સ્થિતિમાં રહેવા કરતા શુદ્ધિ કરાવી પીરાણા-સતપંથ તેમજ જુલ્મગાર આગેવાનોના પંજામાંથી મુક્ત થવું એજ શ્રેયસ્કર છે, એવું સમજીને કચ્છમાં ઘણા ભાઈઓ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લેવા માંડ્યા છે. તે મુજબ ગામ દયાપર, પાનેલી, રવાપર, મથલ વિગેરે ગામના ભાઈઓએ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લીધેલ જેથી જુલ્મગાર આગેવાનોના પંજામાંથી મુક્ત થયા છે અને મુમના નામધારી પીરાણા પંથી કહેવાય છે તેઓના સાથે ખાવા-

પીવાનું પણ બંધ કરી દીધું અને પોતે પીરની કબરો પુજતા હતા તે મુકી હિન્દુ સનાતન દેવોના ઉપાસક થયા, તે જોઈને ગામ વિરાણી કોરાવાલીના કેટલાક બંધુઓમાં જાગૃતી આવી તેથી શ્રી સત્યનારાયણનું મંદિર કરી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત સંવત ૧૯૮૮ (કચ્છ સંવત)ના શ્રાવણ સુદ ૧૨{VSA : 24-Aug-1931} ના દિવસ ગામશ્રી કોરાવારી વિરાણીમાં પીરાણાપંથી પાટીદાર ભાઈઓએ પીરાણા પંથને તિલાંજલી આપી શુદ્ધ સનાતન વૈદિક ધર્મની દીક્ષા દયાપરવાળા ત્રવાડી મણીશંકર અંબારામ કે જે પાટીદાર જ્ઞાતિના શુભેચ્છક છે તેને હસ્તે દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લઈ યજ્ઞોપવિત ધારણ કર્યા છે જેના નામ નીચે મુજબ છે.

(૧) પટેલ રામજી કેશરા ભાવાણી
(૨) ચિ.પટેલ પચાણ } તે પટેલ રામજી કેશરાના પુત્રો
(૩) ચિ. પટેલ કાનજી
(૪) સૌ.બેન પુરબાઈ તે પચાણ રામજીના ધર્મપત્ની
(૫) ચિ.કરસન
(૬) ચિ.પરબત
(૭) ચિ.બાઈ વાલબાઈ } તે પચાણ રામજીના પુત્ર-પુત્રીઓ
(૮) ચિ.બાઈ વેલબાઈ
(૯) ચિ.બાઈ પાનબાઈ
(૧૦) સૌ.બેન જમનાબાઈ તે કરશન પચાણના ધર્મપત્ની
(૧૧) પટેલ કાનજી રામજી ભાવાણી
(૧૨) સૌ.બેન પાનબાઈ તે કાનજી રામજીના ધર્મપત્ની
(૧૩) ચિ.મનજીભાઈ
(૧૪) ચિ.બાઈ કાનબાઈ } તે કાનજી રામજીના પુત્ર-પુત્રીઓ
(૧૫) ચિ.બાઈ માનબાઈ
(૧૬) ચિ.બાઈ મરઘાંબાઈ
(૧૭) પટેલ લઘા કેશરા મૈયાત
(૧૮) ચિ.વાલજીભાઈ
(૧૯) ચિ.સોમજીભાઈ } તે લઘા કેશરાના પુત્ર-પુત્રીઓ
(૨૦) ચિ.બાઈ પાનબાઈ
(૨૧) ચિ.બાઈ પદમાબાઈ
(૨૨) માતુશ્રી સેજબાઈ તે લઘા કેશરાની માતુશ્રી
(૨૩) સૌ.બહેન નાનબાઈ તે વાલજી લઘાના ધર્મપત્ની
(૨૪) ચિ.નાનજીભાઈ
(૨૫) ચિ.કરસનભાઈ } તે વાલજી લઘાના પુત્રો
(૨૬) ચિ.નારાયણભાઈ

(૨૭) પટેલ સોમજી લધા
(૨૮) સૌ.બહેન નાનબાઈ તે સોમજી લધાના ધર્મપત્ની
(૨૯) ચિ.બાઈ ભાણબાઈ તે સોમજી લધાની પુત્રી
(૩૦) પટેલ વાલજી નથુ પોકાર
(૩૧) સૌ.બહેન ગોમતીબાઈ તે વાલજી નથુના ધર્મપત્ની
(૩૨) સૌ.બહેન રાજબાઈ તે વાલજી નથુની પુત્રી
(૩૩) પટેલ લાલજી પુંજા ગોરાણી
(૩૪) સૌ.બહેન મેઘબાઈ તે લાલજી પુંજાના ધર્મપત્ની
(૩૫) પટેલ વાલજી ભીમજી ભગત
(૩૬) સૌ.બહેન વાલબાઈ તે વાલજી ભીમજીના ધર્મપત્ની
(૩૭) ચિ.દેવજીભાઈ } તે વાલજી ભીમજીના પુત્ર-પુત્રીઓ
(૩૮) ચિ.બાઈ રતનબાઈ
(૩૯) પટેલ નથુ નાઈયા વાસાણી
(૪૦) ચિ.મનજીભાઈ તે નથુ નાઈયાનો પુત્ર
(૪૧) બાઈ ધનબાઈ વિધવા
(૪૨) ચિ.દેવશીભાઈ } તે ધનબાઈના પુત્ર-પુત્રીઓ
(૪૩) ચિ.બાઈ કાનબાઈ
(૪૪) ચિ.બાઈ પદમાબાઈ
(૪૫) પટેલ મનજી નથુ
(૪૬) સૌ.બહેન નાનબાઈ તે મનજી નથુના ધર્મપત્ની
(૪૭) ચિ.લાલજીભાઈ } તે મનજી નથુના પુત્ર-પુત્રીઓ
(૪૮) ચિ.બાઈ મરઘાંબાઈ
(૪૯) ચિ.બાઈ મુળબાઈ
(૫૦) ચિ.બાઈ જમનાબાઈ
(૫૧) ચિ.બાઈ ગંગાબાઈ
(૫૨) પટેલ હરજી શીવજી પોકાર
(૫૩) સૌ.બહેન સેજબાઈ તે હરજી શીવજીના ધર્મપત્ની
(૫૪) ચિ.ડાહ્યાભાઈ } તે હરજી શીવજીના પુત્ર
(૫૫) ચિ.ભાણજીભાઈ
(૫૬) ચિ.પચાણ ખીમા પારસીયા

(૫૭) સૌ.બહેન નાથીબાઈ તે પચાણ ખીમાની ધર્મપત્ની
(૫૮) ચિ.હરજીભાઈ
(૫૯) ચિ.બાઈ રાજબાઈ
(૬૦) ચિ.બાઈ મરઘાંબાઈ } તે પચાણ ખીમાના પુત્ર-પુત્રીઓ
(૬૧) ચિ.બાઈ રતનબાઈ
(૬૨) ચિ.બાઈ માનબાઈ
(૬૩) ચિ.બાઈ લખમાબાઈ
(૬૪) પટેલ માવજી પ્રેમજી સેંઘાણી
(૬૫) સૌ.બહેન રામબાઈ તે માવજી પ્રેમજીની ધર્મપત્ની
(૬૬) ચિ.ભાણજીભાઈ
(૬૭) ચિ.બાઈ પાનબાઈ } તે માવજી પ્રેમજીના પુત્ર-પુત્રીઓ
(૬૮) ચિ.બાઈ કાનબાઈ
(૬૯) ચિ.બાઈ પુરવાઈ
(૭૦) પટેલ ખીમજી પ્રેમજી
(૭૧) માતુશ્રી માનબાઈ તે ખીમજી પ્રેમજીની માતુશ્રી
(૭૨) પટેલ વાલજી નથુ પોકાર
(૭૩) સૌ.બહેન ગોમતીબાઈ તે વાલજી નથુની ધર્મપત્ની
(૭૪) માતુશ્રી સોનબાઈ તે વાલજી નથુની માતુશ્રી
(૭૫) તેમની પુત્રી બાઈ મણીબાઈ
(૭૬) પટેલ રતના જશા નુખે સામાણી ગામ-દયાપરવાળા
(૭૭) સૌ.બહેન રાજબાઈ તે રતના જશાની ધર્મપત્ની
(૭૮) ચિ.રામજીભાઈ } તે રતના જશાના પુત્ર-પુત્રી
(૭૯) ચિ.બાઈ કાનબાઈ
(૮૦) પટેલ કાનજી ખેતા નુખે ભગત ગામ-દયાપરવાળા
(૮૧) સૌ.બહેન પાનબાઈ તે કાનજી ખેતાની ધર્મપત્ની
(૮૨) ચિ.કરસનભાઈ
(૮૩) ચિ.હંસરાજભાઈ } તે કાનજી ખેતાના પુત્રો-પુત્રી
(૮૪) ચિ.ગોપાલભાઈ
(૮૫) ચિ.બાઈ લખમાબાઈ

ઉપર મુજબના ભાઈઓએ સહકુટુંબ દેહશુદ્ધિ કરાવ્યા પછી તેઓએ આગળથી બંધાવી રાખેલ શ્રી સત્યનારાયણ ભગવાનનું મંદિર તેમાં શ્રી સત્યનારાયણની મૂર્તિની પ્રતિષ્ઠાની તૈયારી કરવા માંડી તે શ્રાવણ વદી

૮ જન્માષ્ટમી{ VSA : 05-Sep-1931}ના દિવસે શ્રી સત્યનારાયણ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠાના પ્રસંગે કંકોત્રીઓ મોકલાવ્યા મુજબ બહાર ગામથી આપણી જ્ઞાતિના તેમજ અન્ય જ્ઞાતિના સજ્જનો હાજર થયા હતા. ગામ લખપતથી અમલદારોમાં મે.રા.રા.વહીવટદાર સાહેબ પ્રાણજીવન પુરૂષોત્તમભાઈ સહકુટુંબ તથા રા.રા.રવિશંકરભાઈ આમરજી અવલકારકુન તથા રા.રા. રવિશંકરભાઈ નંદરાય તથા મે.રા.રા.ફોજદાર સાહેબ દલપતરામભાઈ તથા મે.રા.રા. દાક્તર સાહેબ ગોવર્ધનદાસ બાપુભાઈ સહકુટુંબ તથા પોલીસના હવાલદાર મે.અબ્દુલાભાઈ સિવાય પટાવાળા તથા વકીલ સાહેબ રા.રા.નથુભાઈ બોર્ડીંગના માસ્તર સાહેબ શીવજીભાઈ પેરાજ પાંચ વિદ્યાર્થી-વોલેન્ટીયરો સાથે પધાર્યા હતા તે સિવાય ગામશ્રી વિરાણી, નખત્રાણા, રવાપર, પાનેલી, દયાપર, ઘડુલી, અકરી વિગેરે ગામોના જ્ઞાતિ ભાઈઓએ ખરા ઉત્સાહથી આ કામમાં ભાગ લેવાને આવ્યા હતા.

શ્રી સત્યનારાયણ ભગવાનની મૂર્તિ પધરાવતી વખતે બહાર ગામના માણસોની સંખ્યા લગભગ ૫૦૦ થી ૬૦૦ની મળી હતી તે વખતે મંદિરના નિભાવાર્થે ભેટ તરીકે કુલ કોરી ૧ ૬૦૦ થઈ હતી જે ઘણા જ આનંદથી મંદિરના ફંડમાં જમા રાખવામાં આવી હતી. તે બાદ ભોજન વિગેરેનો લહાવો લઈ સર્વ ભાઈઓએ વિદાય લીધી હતી.

યુવાનોને હાકલ

અંધશ્રદ્ધાના અમાપ સાગરમાં ડુબકી ખાતા ઓ વીરો ! તમારા વીરત્વના શૌર્યને જગતના ચરણમાં ધરો. આજુબાજુના સગાંવહાલાંની શેહમાં દબાઈ તમારા જોરદાર અંતરાત્માને ખૂબ રોક્યો, ઘણા દિવસ એ વડીલોની આજ્ઞા પાળી તમે તમારી જીજ્ઞાસાને મારી અને ઈચ્છાએ પાખંડી પીરાણા પંથને ઉત્તેજન આપ્યા કર્યું. પરંતુ હવે જમાનો ડરવાનો કે સંતાવવાનો નથી. મંડળની હાકલને સાથ આપી જ્ઞાતિ માટે તમારાથી યુવત્વને શોભે તેવું કાંઈ કરવાનો છે.

ગોર બ્રહ્મા તે ઈમામશાહ વિષ્ણુ તે નરઅલી મહમદશાહ, મહેશ તે દાદો આદમ અને આદ્ય શક્તિને બીબી ફાતમાનું પદ આપી આજ દિવસ સુધી તમારા પાસેથી તમારા ભોળપણાનો લાભ લઈ તમને ખુબ ચુસ્યા મુસલમાન હોઈ હિન્દુઓનો વેષ પહેરી ધર્મ બોધ આપ્યો. પણ હવે જમાનાને અનુસરીને એ બોધ નકામો જાણી તમે તમારા સ્વધર્મ ઓળખીને તત્કાળ તિલાંજલી આપવાને કમર કસી તૈયાર થાઓ. સુરવીર પૂર્વજોના ઓ પનોતા પુત્રો ! પાંચસો વરસ પહેલાના પૂર્વજોના કાર્ય તરફ ઘડીભર જુઓ કે તેઓ કેવા ભડવીર હતા. અને કેવો નિર્મળ ધર્મ પાળી પોતાની માનવ જીવનની ફરજ અદા કરતા હતા. તેનું અનુકરણ કરો. હાલમાં જેવી રીતે આપણને પીરાણા ધર્મ પાળવાની ફરજ આપણા વડીલો પાડે છે. તેવી જ રીતે તે ધર્મમાં સડો, અનાચાર કે દાંભીકપણું તે જોવાનો અને કાઢવાનો પણ પૂરેપૂરો આપણને હક્ક છે. આપણા આજના યુવાનોને એવું શિક્ષણ મળે છે કે પીરાણા પંથી સૈયદ, કાકાઓની નિંદા ન કરવી, જુનું લોપી નવું ન કરવું પરંતુ બંધુઓ ! એ કહેવાતા ધર્માચાર્યો, પાખંડી પીરાણા ધર્મ અને વ્યભિચારી વંઠેલા બગલા ભક્તોના અનાચારોની નિંદા ન કરવી, એમ માની પૂરેપૂરું જાણવા છતાં ઢાંકપછેડો કરી પાપના ભાગીદાર બનવું એમાં શું પુણ્ય છે? એ પાપી પુરૂષો અને પાખંડી પંથ આપણને બહુ જ નુકશાન કરતા છે. આપણી અંધશ્રધ્ધાએ આપણી જ્ઞાતિને કેટલી મજબુત બેડીઓથી બાંધી લીધી છે. તેના સંબંધમાં એકાદ બે દાખલા આપણા યુવાનોને જ આપીશું તો તે અસ્થાને નહિ જ ગણાય.

એકાદ વર્ષ ઉપર કેટલાક યુવાનોને પોતાનું સ્વરૂપ સમજાવાથી વૈદિક ધર્મ અનુસાર નિત્યકર્મ કરવા માંડ્યું, જેમા તેઓને યજ્ઞોપવિત ધારણ કરવા ઉચિત જણાતાં પીરાણાના કાર્યમાં આગેવાની ભર્યો ભાગ લેતા તેમજ ગેઢેરાઈની ઉમેદવારીમાં કામ કરનાર રવાપરવાળા માવજી વીરજી નાકરાણીના સપુત પુત્ર ભાઈ ખીમજી માવજી તેમજ હડુડ પીરાણા પંથીના ધામરૂપ ગામ ખોંભડીમાં ભક્ત નામથી પ્રખ્યાત થયેલ બગભકત ખીમાના પૌત્ર ભાઈ જેઠા રામજી તથા કરાંચીમાં પીરાણા પંથીઓના આગેવાન વીરજી મુલજી વાડીયાના ભત્રીજાભાઈ મનજી કેશરા વાડીયા વિગેરે, ભાઈઓએ યજ્ઞોપવિત ધારણ કરી, તેથી પીરાણાના લાણ ખાઉ ભાઈઓના હાંજા ગગડી ગયા અને તેઓને પીરાણાની નિંદા દેખાણી, જેથી ભાઈ ખીમજી માવજીની જનોઈને ઉતારવાની તેના મોટાભાઈ મેગજી માવજીને જનોઈ વિરુદ્ધ ઉશ્કેરણી કરવા માટે રાત્રિ દિવસ પાછળ પડ્યા. પણ મેગજીભાઈ મુજાણા કે જનોઈ કીયે પ્રકારે ઉતરાવવી, કારણ કે ખીમજીભાઈની મક્કમતા સામે તેઓ જરા પણ બોલી શકે તેમ હતું નહિ તેથી આખરે કંટાળીને તેઓએ ઘરમાંથી ખીમજીને કાઢી મુકવાનો પ્રોગ્રામ રચ્યો. પણ ખીમજી તેમ નીકળે તેવો હીજડો નહોતો, તેથી બળાત્કારથી જનોઈ ઉતરાવવી એવું ઠરાવ્યું, તેમાં પણ તેઓ ન ફાવ્યા તેથી અંતે તેમના વેવાઈ માવજી રૈયા ભાદાણી ગામ-નાગવીરીવાળાને જ શુર ચડ્યું અને આખરે જેટલી હતી તેટલી હિંમત ભેળી કરીને જનોઈ તોડી. શાબાશ છે ભાઈ માવજી તમોને કે રાક્ષસી સત્તા વાપરતાં તમે જરાએ ન અચકાયા જાણે તમો તો અલાઉદ્દીનના અવતાર જ નહો. તેમ વળી બીજા ભાઈ મનજી કેશરા ખોંભડીવાળાની જનોઈ પણ ઓરંગઝેબના અવતાર સમા કોઈ અંધ શ્રધ્ધાળુએ રાત્રે કપટથી કાપી લીધી પરંતુ ધન્ય છે. અમારા એ યુવાનોને કે તેઓએ આ બધુ જુલમ કંઠે કલેજે સહી લીધો છે અને જનોઈઓ ઉતારનારને એક શબ્દ સરખો પણ કહ્યો નહિ અને વળી પાછું પોતાનું કામ શરૂ કર્યું પરંતુ અય યુવાનો ! આવો જહાંગીરી જુલમ સાંખી લેવો એ યુવાનોનો ધર્મ નથી પરંતુ શાંતિથી જુલમને સામે થવામાં જ ધર્મ છે. યુવાનને બેસી રહેવું ઉચિત નથી પણ ફરીથી યત્ન કરવો એ એની ફરજ છે.

આપણા જ્ઞાતિ ભાઈઓ રામાયણ, મહાભારત, ગીતાજી જેવા પવિત્ર શાસ્ત્રોના બદલે નુરનામાં, બાજનામાં, જીન્નતનામાં અને દસ અવતારો જે હિન્દુધર્મનું અપમાન કરનાર કિસ્સા કહાણીઓ તે પણ હિન્દુ ધર્મના દુશ્મન સૈયદોના બનાવેલ હોય (જેવા સૈયદ બાવો સાહેબ હાલમાં બનાવે છે) તે ઘણી રાજીખુશીથી પણ ભોળપણે વાંચે છે અને તેના જ બનાવેલા દુલદુલ ઘોડો બુસખ વિગેરેના દર્શન કરે છે પોતે ઉંચ વર્ણના હિન્દુ છે તે જાણે છે છતાં પણ સૈયદો અને આપણી જ્ઞાતિમાંથી ભાગી વટલી સાધુ બનેલા કાકાઓ અને તેમના જ એજન્ટ ભટકેલ ભગતડાઓના અપવિત્ર હાથેથી દુવાઓ ફાતીઆઓ પડી ફુંક મારી અપવિત્ર કરેલા પદાર્થો ખાવામાં જરાપણ વાંધો લેતા નથી ને શરમાતા પણ નથી એ જાણ્યા છતાં પણ અરે હે વહાલા ભાઈઓ હજી એ પીરાણા પંથને કેમ નભાવો છો તે સમજાતું નથી.

કેટલાએક પીરાણા પંથના કાંધીયાઓ પીરાણા પંથ અર્ધદગ્ધ પાખંડી પંથ છે. એવું કહેનારને મારવા ઉઠે છે, પણ તેઓને જ કોઈ મુમના મતીયા કે ઈશમાઈલી કહે તો તેઓ જરાય શરમાતા નથી જેમને સ્વમાનની જરાય લાગણી નથી. તેવાઓને હવેથી તમારે કહી દેવું જોઈએ કે તમારું પીરાણા પંથનું રગસીયું ગાડુ તમારા જેવા બળદોથી હવે વધારે દિવસ સુધી ચાલે તેમ નથી કારણ કે યુવાનો જાગૃત થતા જાય છે, માટે અય પીરાણા પંથના પ્રપંચમાં ફસાયેલા બંધુઓ ! આપણા પૂર્વજો.

સ્વધર્મને રક્ષવા, તલવાર કરમાં ઝાલતા, સમરાંગણે અરી સૈન્યને, શુરવીરતા દેખાડતા,
નિશ્ચય અડગને ટેક, સાચી ધર્મમાંએ રાખતા, સ્વધર્મ માટે હર્ષથી, માથુ ઉતારી આપતા.

તેના જ ઓ સંતાનો ! તમો ભલે એ પાપાત્માઓના પાપને દબાવી પાપના ભાગીદાર બનો, ભલે તમારા પૂર્વજોની કીર્તિ ઉપર પાણી ફેરવો પણ આ ઉગતા યુવાનોના રસ્તા શા માટે બંધ કરો છો, તમારા એ દાબથી હવે એ યુવાનો નહિ દબાય કે નહી રિબાય તે તમારે નક્કી માની લેવું.

પીરાણા પંથમાંથી મુક્ત થવા ઈચ્છનારા અય યુવાનો ! હવે તો મસ્તક ઉંચું કરી, કમર કસી, તેમજ નીડર બની પીરાણા પંથના કાંધીઓને પડકાર કરી કહી દયો કે અમો ઘણા દિવસ સુધી તમારી શેહમાં દબાઈ પાયમાલ થયા તે અમે સહ્યું, પણ હવેથી જેઓને એ પાખંડી પીરાણા પંથમાંથી છુટા થવું હોય તેઓને અટકાવી તેમના હૃદયને આઘાત પહોંચાડવાનું દુષ્ટ કૃત્ય ન કરો.

યુવાનો ! સત્ય માટે મરી ફીટવું એજ ધર્મ છે. આ પીરાણાપંથ સામેનો સંગ્રામ સત્ય સીલો છે, એમાં પાખંડીઓનું કામ નથી. એ પાખંડીઓનો પાપનો ઘડો ક્યારનો એ ફુટી ગયો છે, હવે તો એ પંથના સંચાલકોને છુટથી સત્ય હકીકત કહેવાની હિંમત હોવી જોઈએ. તેવી હિંમત આવવા માટે આવો આ મંડળમાં કે જેથી તમો એ પાખંડીઓના સામા ખુલ્લી છાતીએ ઉભવાની હિંમત કરી શકો. પ્રભુ તમને સદ્‌બુદ્ધિ આપે કે ખરું ખોટું પારખી શકો એજ અભ્યર્થના છે.

લી.રતનશી શીવજી પટેલ

આ રિપોર્ટ કરાંચીના વોટરકોર્સ રોડ પર આવેલ “દુર્ગા પ્રીન્ટીંગ પ્રેસ ” માં
છોટાલાલ કાનજી મહેતાએ છાપ્યો.

પત્રિકા નંબર ૫ મો

॥ ओ३म् ॥

હૃદયોદ્‌ગાર

શ્રી કચ્છ કડવા પાટીદારોના આગેવાન પટેલોની સ્વાર્થી મનોદશા યાને દુરાગ્રહનો ઢોલ ઢંઢેરો

ઓ સ્વાર્થાંધ પૂજ્ય પટેલો અને મુખીઓને નામે ઓળખાવનાર અને તેનું પુંછ પકડનાર જ્ઞાતિ બંધુઓ મર્યાદા પુરૂષોત્તમ રામચંદ્રના વંશજોના કડવા પાટીદારોનો અને ઉચ્ચ જાતિના હિન્દુઓના સંતાનોનો દાવો કરવાનું ભૂલી જઈ, સનાતન આર્ય ધર્મની છાયાને બદલે મુમના, ખાનાઈ અને પીરાણા પંથીના નામે ફસાઈ પડેલું આપણું નાવ ઈશ્વર કૃપા અને પૂર્વજોના પુણ્ય પ્રતાપે તરી પાર ઉતરવા આવેલું છે.

પચ્ચીસેક વરસોની સુધારકો તેમજ ઉધ્ધારકોની મહા મહેનતે અજ્ઞાનતાના ઉતરેલાં પડળો શું હજીપણ તમારી આંખે ચોટેલાં રહે છે? કે લાંબા વખતનો સ્વાર્થ અને દુરાગ્રહની હઠમાંથી છુટી શકતા નથી?

દુનિયા આટલા પ્રયાસે પણ નહિં જાગવા શું કહે છે અને કેવા ગણે છે તે તમે જાણો છો? જરા તમારા આત્માને જે પરબ્રહ્મ સ્વરૂપ છે તેને પૂછી તો જુઓ? અરે! તમારો આત્મા પણ તમને રાત દિવસ ડંખતો હશે એની પણ તમને શું પરવા નથી કે?

. પીરાણાની સ્વાર્થી અને બનાવટી પ્રપંચ જાળમાંથી નીકળવાના અને ધર્માદાની હજારો કોરીઓ પરધર્મીઓને નહિ ખવરાવવાના તેમજ બાપદાદાના ધર્મથી જુદા પાડનાર રીતરિવાજો ત્યજી સનાતન હિન્દુ મહાસાગર સાથે જોડાઈ જવાના હજારો યુવકો અને સમજદાર વડિલોના માર્ગમાં હજી પણ તમે આડખીલી રાખો છો તે કયાં સુધી ચાલશે?

જ્ઞાતિની અવદશાના સાધનરૂપ તમને હજી પણ જ્ઞાતિનો કેટલોક અજ્ઞાત સમૂહ તમારા પાછળ બંધાઈ રહેલો છે. તેને સુમાર્ગે દોરવાને બદલે ઉંધે માર્ગે દોરી રહ્યા છો જે આ વીસમી સદીના જાગતા જમાનામાં નવાઈરૂપ છે.

બનાવટી કલ્પિત કલમાઓ પઢતા મુખીઓ પાસે ધર્મક્રિયા કરાવવા તેમજ કાકા સૈયદ અને અધર્મ રિવાજ યુકત આગેવાનોની બીજી પ્રપંચજાળમાંથી છુટી બ્રાહ્મણો હસ્તક શાસ્ત્રોકત વિધી અનુસાર ધર્મક્રિયાઓ કરાવવા

તૈયાર થયેલા કુટુંબોને દબાણ કરવા અને અડચણો ઉભી કરવા તમો દુરાગ્રહી સ્વાર્થી આગેવાનો કચ્છી સંવત ૧૯૮૯ના માસ શ્રાવણ { VSA : Between 03-Aug-1932 and 31-Aug-1932} માં નેત્રા ગામે ભેગા થઈ આપણી કડવા પાટીદારની ઉચ્ચ જ્ઞાતિને અણછાજતા અને હિન્દુ જનસમાજમાં નીચું જોવડાવનાર અધર્મ ઠરાવો તમે વગર વિચારે ઘડયા જે અમારી હૃદયોદ્ગાર પત્રિકા નંબર ચોથામાં આપેલ છે.

તમોને ખબર હશે જે તમો રામજી કાકાને ગાદીએ બેસાડવા પીરાણે ગયા ત્યારે પીરાણાની અંદરની પોલ તેમજ અવ્યવસ્થા જોઈ તમે અમદાવાદ ભેગા થઈને જે કાકા પ્રાગજી અને સૈયદ વલીમીયાં હસ્તક ઘડાયેલા એ અધર્મયુકત ઠરાવોને રદ કરી આપણી જ્ઞાતિને શોભતા હિન્દુ રીતરિવાજ મુજબ વર્તવા અને વૈદિક સનાતન ધર્મ પાળવા છુટ આપી હતી. જે કીર્તિધ્વજ નામની ચોપડીમાં છપાવી બહાર પાડેલ છે.

ઉપરોકત નેત્રા ગામે આ થયેલ નાદીરશાહી ઠરાવની ખબરો વચલા પાંચાડાના ગામડાઓમાં પડતાં એકદમ બધા યુવાનો ખળભળી ઉઠયા અને અમદાવાદમાં થયેલ ઠરાવની સ્મૃતિ પોતાના ગામના આગેવાનોને કરાવી અને એક વખત અધમ ગણી રદ કરેલા ઠરાવોને પાછા સ્થાન આપવાને માટે અને પોતાની કરેલ સહીઓની કિંમત ન સમજવાને માટે પોતાના ગામના આગેવાનોના અપમાન કરીને અધમ ઠરાવો પ્રત્યે તીરસ્કાર દર્શાવી ઠોકરે ઉડાવી દીધા અને તેનો પ્રત્યક્ષ દાખલો આ ચાલુ સાલમાં થઈ ગયેલ વિવાહમાં દેખાડી આપેલ છે.

ચાલુ સાલના ગયા માસ મહામાં વચલા પાચાડામાં હિન્દુ રિવાજ પ્રમાણે ચોરીઓ બાંધી બ્રાહ્મણો પાસે શાસ્ત્રોકત વિધી અનુસાર પોતાના છોકરાંઓના લગ્ન કરાવી હિન્દુ જનસમાજમાં પોતાની જ્ઞાતિનું ગૌરવ વધાર્યું. આ ચોરીનું પ્રમાણ લગભગ અડધા ભાગથી પણ વધારે હતું આ ઉપરાંત મરણ પછી દફનાવવાને બદલે અગ્નિસંસ્કાર કરવા તેમજ બીજા રિવાજો પણ દાખલ કરી દીધા છે જે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ ગૌરવશાહી પગલાંને અનુસરી દખણાદા પાચાડાના લગભગ દરેક ગામોમાં કેટલાક હિંમતવાન અને સાહસિક ભાઈઓએ પણ એ ઠરાવની પરવા કર્યા વગર પોતાના છોકરાઓના હિન્દુ રિવાજ મુજબ ચોરીઓ બાંધી બ્રાહ્મણો પાસે શાસ્ત્રોકત વિધી અનુસાર લગ્ન કરાવ્યા અને એ પાચાડામાં પણ આગેવાનોની આપખુદી સત્તા તોડી પાડી જ્ઞાતિના ગૌરવને દીપાવ્યું છે.

આ વીર યુવાનોએ ધર્મની તેમજ જ્ઞાતિના ગૌરવની ખાતર જે અધમ આગેવાનોની જુલ્મી સત્તાથી ન ડરતાં જે સાહસિક અને પ્રશંસનીય પગલું ભર્યું છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

આ યુવાનોના સાહસિક પગલાંએ દખણાદા પાચાડાના આગેવાનોમાં ખળભળાટ પેદા કરી દીધો અને પોતાના કરેલ ઠરાવનું અપમાન કરનાર અને પોતાની સત્તાને ન માનનાર યુવાનોને પોતાની આપખુદી સત્તા નીચે લાવવાને તેઓ ગામ શ્રી મંગવાણે ગયા માસ અષાઢ સુદ ૯ {VSA : 12-Jul-1932} ને રોજ ભેગા થયા હતા અને ચોરી કરનાર પ્રત્યેક ભાઈઓ પાસેથી કોરી ૩૦ (ત્રીસ) દંડ લેવાનો ઠરાવ ઘડયો. અને દંડ ન આપે તેને નાત બહાર મુકવો. આવો આ બીજો નાદીરશાહી ઠરાવ બહાર પાડયો.

વીસમી સદીના જાગૃત યુવાનો ઉપર આવો નાદીરશાહી હુકમનો અમલ કરાવવો એ રૂકના ચણા ચાવવા બરાબર છે.

૧૮.હૃદયોદગાર પત્રિકા ક્રમ ૫ - દી. **27-July-1933**

આ તેઓના નાદીરશાહી હુકમને ન માનવા તેમજ દંડ ન આપવા ગામ શ્રી મઉ મધે ગામ શ્રી ગઢશીશા, લુડવા, દુર્ગાપુર, વેરશલપર, દરશડી, માનકુવા, દુજાપર તેમજ મઉ આદિના ઉત્સાહી યુવાનો કચ્છી સા. ૧૯૯૦ ના અષાઢ વદ ૬ {VSA:23-Jul-1932} ના રોજ ભેગા થઈ એ અધમ આગેવાનોથી છુટક છવાયા જ્ઞાતિ બંધુઓ ભોગ ન થાય માટે ઐકયતા સાધવા એક મંડળની સ્થાપના કરી. અને તે મંડળનું કાર્ય ચલાવવા માટે સાત જણાને અગ્રેસરો તરીકે નીમ્યા છે. તેમનાં નામ (૧) ભાઈશ્રી વીરજી ખીમજી ગામશ્રી મઉવાળા (૨) ભાઈશ્રી જીવરાજ વસ્તા ગામશ્રી માનકુવાવાળા (૩) ભાઈશ્રી ગંગદાસ વિશ્રામ ગામશ્રી ગઢશીશાવાળા (૪) ભાઈશ્રી રાજા વિશ્રામ વેરશલપરવાળા (૫) ભાઈશ્રી ભાણજી માવજી ગામશ્રી દુર્ગાપુરવાળા (૬) ભાઈશ્રી રવજી લાલજી ગામશ્રી લુડવાવાળા (૭) ભાઈશ્રી રતનશી શામજી ગામશ્રી માનકુવાવાળા

કોઈપણ જ્ઞાતિ બંધુને શુધ્ધ સનાતન ધર્મના પંથે વિચરતાં કોઈપણ પ્રકારની કોઈપણ આગેવાન પટેલ તરફથી ખોટી દબાણ થતી હોય તેને ઉપર નામ લખ્યા મુજબ મંડળના સાત આગેવાનોમાંથી કોઈપણને ખબર આપવા. જેથી તેમને જોઈતી સગવડો પુરી પાડી આગેવાનોની સતામણીમાંથી બચાવવા પ્રયત્ન કરશે. આવા બીજા પણ કેટલાએક પ્રશંસનીય ઠરાવો ઘડેલા છે.

આવા ઉત્સાહી સુધારકો બની જ્ઞાતિના ગૌરવને ઉજ્જવળ કરવા ધર્મની ખાતર અધમ આગેવાનોના ભોગ બનતા અણસમજુ જ્ઞાતિ બંધુને બચાવી રાહત આપવા અને ખરા ધર્મનું રહસ્ય સમજાવવા જે પ્રશંસનીય પગલું ભર્યું છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

અમો ઈશ્વર પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે હે જગદાધાર અમારી સનાતન ગૌરવશાળી જ્ઞાતિના નર-નારીઓમાં તું સુમતિની પ્રેરણા કરી તેને બાપદાદાના અસલી સત્ય મારગે ચડાવ.

એજ ઈચ્છતો,
નથુરામ કાનજી પટેલ
સેક્રેટરી
શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ
કરાંચી

પત્ર વ્યવહારનું સરનામું
હરચંદરાય પ્લોટ નંબર ૧૩
લોરેન્સ રોડ, **કરાંચી**
તારીખ : ૨૭-૭-૧૯૩૩

- દુર્ગા પ્રીન્ટીંગ પ્રેસ - કરાંચી

Online Text Based
(can use for translation)

Source Document

ૐ

જો બોલે શો અભય : **હૃદયોદ્‌ગાર** પત્રિકા ના. ૬ ઠો

આગેવાનોની જાલીમ સત્તાથી યુવાનો સાવધાન

ઓ વહાલા કચ્છી કડવા પાટીદારો ? તમે આજે અજ્ઞાનતાના અંધારામાં અથડાઈ, ભીરૂતાના ભસ્મિભુત કુંડમાં ભરાઈ, કડવા પાટીદારના ઉચ્ચ, ઓજસ્વી અને ગૌરવશાહી ઈતિહાસને કલંક લગાડી મૃતઃ પ્રાય સ્થિતિ આપવા અને ઉચ્ચ ગૌરવને હણી નાખવા આજ તમે શા શાં પગલા ભરી રહ્યા છો, તમે પોતે કોણ છો અને ક્યે માર્ગે ગહન કરી રહ્યા છો તેનું પણ ભાન રાખો છો?

આજ લગભગ પચીસેક વરસો થયાં કેટલાએક જ્ઞાતિ દાઝ જાણનાર સુધારક ભાઈઓએ પીરાણાના પ્રપંચી પંથ રૂપી અંધકારનો પછેડો ઉંચો કરી આપણને આપણું મુળ સ્વરૂપ બતાવી ખરા ધર્મનું રહસ્ય સમજાવવા સતત પ્રયત્ન કરી રહ્યા છે જેને તમે નિંદા સમજી ન ગણકારતા મુઢની જેમ એ પ્રપંચી કાકા અને સૈયદોના કમાઉ દીકરા બની બેઠેલા સ્વાર્થી અને લાંચીયા આગેવાન પટેલોની આપ ખુદી સત્તા નીચે દબાઈ મેંઢાની જેમ દોરાઈ પોતાના ધર્મને ભૂલી જ્ઞાતિના ઉચ્ચ ગૌરવને હણી રહ્યા છો તેનું પણ ભાન રાખો છો?

હે ગુર્જર ધરાના વહાલા સંતાનો ! આજ ફક્ત પાંચશો વરસ થયાં આપણા વડીલોએ પીર ઈમામશાહના અર્ધ દગ્ધ ગપ પંથને ગ્રહણ કરી પાટીદારના શુદ્ધ વંશને કલંક લગાડી કચ્છમાં આવી વસ્યા. છતાં પણ એ વડીલોએ હિન્દુ રીતરિવાજો તેમજ સંસ્કાર આદિ વેદ વિધિ અનુસાર થતી ક્રિયાઓ છોડી ન હતી અને વંશપરંપરાથી વંશાવળી લખનાર ઈતિહાસકાર ભાટનો બહિષ્કાર કર્યો ન હતો.

એ પાછળથી એટલે આજની ૨૫૮ વર્ષ પહેલાં કપટી **કાકા પ્રાગજી** અને પ્રપંચી સૈયદ **વલીમીંયાએ** આપણને હંમેશને માટે પોતાના શિકાર બનાવવા અને પાથરેલી જાળમાંથી છટકી ન જાય તેમજ આગળ ઉપર પૂરેપુરી બાજી ખેલવામાં એટલે મુસલમાન બનાવવામાં વધારે તકલીફ ન પડે તેમજ પોતાના વંશપરંપરાની આજીવિકામાં હકકત ઉભી ન થાય તે માટે એ બ્રાહ્મણો હસ્તક થતી ક્રિયાઓ બંધ કરાવી અને મુખીઓ પાસે ક્યાંથી કપોળ કલમાઓ પઢાવીને ધાર્મિક ક્રિયાઓ કરાવવા લાગ્યા. મરણ પછી શબને અગ્નિ સંસ્કાર કરવાને બદલે મુસલમાનની પૃથા મુજબ દફનાવવા લાગ્યા અને મુળ સ્વરૂપને ભૂલી જવા માટે વંશાવળી લખાવતા બંધ કરાવી

ભાટને હંમેશને માટે તિલાંજલી અપાવી. તેમજ છોકરાંઓને ન ભણાવવાની ધર્મના બહાને મનાઈ કરી આપણને હંમેશને માટે અજ્ઞાનતાના અંધારામાં ગોથાં ખવરાવી આપણા હિન્દુ રીતરિવાજનું પતન કરી યવનોને યોગ્ય રીતરિવાજો દાખલ કરાવી પોતાની સ્વાર્થી લુંટ ચાલુ રાખી, પાટીદારના ઉચ્ચ ગૌરવને કલંક લગાડી હિન્દુ જ્ઞાતિમાં હલકું પાડ્યું.

આ બધું આપણે અજ્ઞાનતાએ અંધ શ્રધ્ધાએ અને ભીરૂતાએ સ્વાર્થી લાંચીયા આગેવાન પટેલોની અધમતાની ખોટી આપખુદી સત્તા નીચે દબાઈ ખોટી મૂર્ખતાએ અજાણતાથી સહન કર્યું પરંતુ હજી પણ તમો જાણવા છતાં તે અધમ આગેવાન પટેલોની સત્તાથી ડરી તેમની રાહે ચાલ્યા કરો છો અને તેમને તમે ખરા અંતઃકરણથી પૂજ્ય ભાવે જ્ઞાતિના સ્તંભ રૂપ સમજી બેઠા છો અને તેમના હાથમાં નાતનો સર્વ દોર સોંપી આદર્શમય કાર્યની આશા રાખી બેઠા છો તો તે તમારી મૂર્ખતા નહિ તો બીજું શું?

હે યુવાનો આજ આગેવાનો નાતના પૈસાને કોઈ સુમાર્ગે વાપરવાને બદલે પોતે પોતાના કરી સ્વછંદ પણે વાપરી રહ્યા છે. એ ઉપરાંત એ નાણામાંથી ચોરી કરવાનું પણ ભૂલતા નથી. જે ગામ શ્રી નખત્રાણાના મુખી **વીરજી અબજી રામાણી**એ વિવાના ધર્માદા લાગાની ભેગી કરેલી કોરીઓ મજૂસમાં નાખતાં નાખતાં અગિયાર પાંચીયા પોતાના પગ નીચે છુપાવી દીધા. આ ચોરી **વિશ્રામ પુંજા જબુવાણીએ** પકડી પાડી અને તેને પંચ આગળ રજુ કરી તેને પાંચીયા ચોરવાનું કારણ સખ્તાઈથી પુછવામાં આવ્યું તો તેણે કહ્યું કે મને શીવજી જેઠા પટેલ અને અબજી નાથાણીએ રાખવાનું કહ્યું હતું આથી યુવાનો એકદમ ઉશ્કેરાઈ ગયા પણ શીવજી પટેલ તે વખતે ત્યાં હાજર ન હતા જેથી બીજે દિવસે યુવાનોએ આખા ગામના માણસોને ભેગા કર્યા પણ શીવજી પટેલ આવ્યા નહિ તેને બે-ત્રણ માણસો ઘેર તેડવા ગયા તો પણ આવ્યા નહિ જેથી યુવાનોને નિષ્ફળ થઈ ઉઠી જવું પડ્યું તે પછી પણ બે-ત્રણ વખત ભેગા કર્યા પણ પટેલ આવતા નહિ જેથી તેમાંનું કાંઈ પણ થયું નહિ ને આજ દિવસ સુધી તે કેસનો કાંઈ પણ ખુલાસો થયો નહિ.

એ ઉપરાંત એ મુખી **વીરજી અબજી** પાસે નાતની સીલકની કોરી લગભગ (૩૦૦૦) ત્રણ હજારને આશરે છે જેની પાકે ચોપડે નોંધ સરખી પણ નથી કે જેથી તેમાંથી હજમ કરવી સહેલ થાય. આ ઉપરાંત એ ગેઢેરા મનાતા અબજી નાથાણી પાસે પણ (૨૦૦૦) બે હજાર લગભગ કોરીઓ હતી જેની પણ નોંધ ન હોવાનું સંભળાય છે તે જો આ વાત સત્ય હોય તો આવા દિલ્હીના સફેદ ઠગોની પાસેથી હિસાબ લેવાની ખાસ જરૂર છે.

આ ઉપરાંત દરબારી કેટલાએક ખર્ચાઓ કે જે ખાસ ખેડૂતોએ આપવાના છે તે પણ ધર્માદા નાણામાંથી એ અગ્રગણ્ય આગેવાનો પોતાની સત્તાએ આપતા જાય છે તેની પણ તપાસ કરવાની ખાસ જરૂર છે.

હે બંધુઓ આ આગેવાનો છુટાછેડા કરવામાં પણ તેટલી જ શુરવીરતા દાખવે છે. દીન અબળાઓના વિના અપરાધે અને તેની મરજી વિરુદ્ધ છુટાછેડા કરી પોતાના ફક્ત ખીસ્સા ભરવાના ધંધાને પોતાનું ધ્યેય સમજી રહ્યા છે તે નખત્રાણાના **મનજી સાંખલાના** છોકરાની વહુના થયેલ છુટાછેડાના દાખલા ઉપરથી જો તે બહેને એ આગેવાનો આગળ આવીને પોતાના બળતા હૃદયે તે આગેવાનોને કેવા કેવા શ્રાપો આપતી ગઈ તે હાજર રહેનાર ભાઈઓ જાણે છે પણ એ બદમાસોને અસર થઈ નહીં.

હે યુવાન હજી પણ તું બીકણ બની આ બધું છતી આંખે જોવા છતાં સહન કરી રહ્યો છે હવે તો તે કાર્યને તારે શીર પર લઈ તારી નાત પ્રત્યે અને ગામ પ્રત્યેની ફરજ સમજી તકલીફ ઉઠાવવાની ખાસ જરૂર છે. આમ અર્ધ નિદ્રામાં જાગૃત રહી કેટલા દિવસ ગરીબોના દુઃખી હૃદયોની કળકળાટભરી ચિસો સાંભળીશ અને આવા ઠગોને કેટલા દિવસ સ્વતંત્રપણે લુંડવા દઈશ.

હે યુવાનો જાગો જાગો અને નીડર બનો. સામી છાતીએ એ આગેવાનો સાથે લડી નિરાધાર બહેનો તેમજ સનાતન ધર્મ તથા ધર્માદા નાણાનું રક્ષણ કરી પાપી પીરાણા પંથને છિન્ન ભિન્ન કરી નાખી તમારા નામને દિપાવો.

હે યુવાનો એવા એ આગેવાનો ફક્ત પૈસા લુંટવામાં જેટલી બહાદુરી વાપરે છે તેથી પણ વિશેષ બહાદુરી ધર્મનું ખંડન કરવામાં હિન્દુત્વનો નાશ કરવામાં વાપરી પોતાની આપખુદી સત્તા ચલાવી ગરીબોને હેરાન કરી રહ્યા છે તેનો તાજેતરમાં ગામશ્રી માનકુવામાં બનેલો દાખલો આપું છું તે વાંચીને વિચારો, કચ્છી સંવત ૧૯૯૦ના માસ અષાઢ સુદ ૫ને બુધવારે {VSA: 28-Jun-1933} ગામશ્રી માનકુવાના કણબીઓના અહોભાગ્યે કે દુષ્ટ ભાગ્યે ગામશ્રી મંગવાણામાંથી ખૂબ માનપાન આદી પામીને વિદાય થયેલો પીરાણાવાળો સૈયદ મહમદઅલી મીરૂમીંયાના પાપી પગલા ગામશ્રી માનકુવામાં દાખલ થયા અને તેવી જ મજુર ભાઈઓએ તેને પરબારી વિદાયગીરી આપવાની તૈયારી કરી. આ સનસનાટીથી આગેવાનોની આપખુદી સત્તામાં કાંઈક વિક્ષેપ પડ્યો અને તેને માનસર મેડા ઉપર ઉતારો દેવાને બદલે ભોંય તળીયે એક ઓરડીમાં ઉતારો દેવામાં આવ્યો તે સૈયદની સાથે તેનો એક નોકર ડાડા કારા હતો જે ગામશ્રી દરશડીનો મુસલમાન કુંભાર છે જે બે વર્ષ થયાં તે સૈયદ પાસે નોકરી કરે છે.

આ નીચે એકાંત ઓરડામાં આપેલો ઉતારો તેને અપમાનકારક થઈ પડ્યો, જેથી તેણે તે અપમાનના માઠા સમાચાર મંગવાણાના પટેલ હીરા ખીમાને મોકલ્યા, આ સમાચારથી હીરા પટેલનું હૃદય કંપી ઉઠ્યું અને બીજિ દિવસે સવારમાં જ અશ્વારૂઢ થઈ માનકુવે આવ્યો અને પરબારો સૈયદના ઉતારામાં જઈ ત્યાંથી તેનો ઉતારો પોતાને હાથે ઉપાડી કેમ જાણે પોતાને ઘેર તેડી જતો ન હોય તેમ મેડા ઉપર કોઈને પુછપરછ કર્યા વગર તેડી ગયા અને ત્યાં બેસાડયો. આ સમાચારથી સૈયદ પ્રિય ખેડૂતો અને અધમ આગેવાનો ત્યાં ભેગા થઈ ગયા અને હીરા પટેલના વખાણ કરવા લાગ્યા અને પોતાનો પક્ષ મજબૂત થયો જાણી ખુશ થયા.

આ સમયે સૈયદ મહમદઅલીએ હીરા પટેલના માનની ખાતર અને આવેલ હરામ ખાઉ પટેલીયાને ચા, પાણી આપી પોતાના પક્ષના કરી લેવા અને તેમને નીચું જોવડાવવા તેમણે કુંભાર ડાડા કારાને ચા, બનાવવાનો હુકમ કર્યો તે જ વખતે ડાડો ચા બનાવવા તત્પર થયો અને સૈયદ ભક્ત કે ચા ભક્ત કા. કરમશી રતના ચા દુધ સાકર લાવી આપવામાં મદદ કરવા લાગ્યો. ચા થોડીવારમાં તૈયાર થઈ રહેતાં ખાનામાંથી લાણ ખાવાના (રાંધેલો પ્રસાદ ખાવાનાં) કબરીયા વાટકા લઈ આવ્યા અને એ જુઠાં (એઠાં) વાટકામાં કુંભાર ડાડાના હાથે ચા, ઠારવામાં આવી. તે ચા ત્યાં બેઠેલા બધાએ વગર સંકોચે સૈયદનો પ્રસાદ માની ઢચઢચાવી ગયા. તેણે એટલો પણ વિચાર ન કર્યો જે આમ વર્તવાથી અમો અભડાશું.

૧૯.હૃદયોદગાર પત્રિકા ક્રમ ૬ - વર્ષ 1934 ના અરસામાં

આ રીતે હીરા પટેલ પોતે વટલાઇ પોતાના ગામમાં પણ તેવી જ રીતે વટલાવ્યા હશે. તેથી પણ સંતોષ ન પામતાં તે માનકુવે આવીને પણ પોતાનું કાળું મોઢું કર્યું. શાબાશ છે હીરા પટેલ તમને જે આવા હીચકારા કામ કરી માતા પિતાના નામને બોળો છો. નાત જેને છોડવા માગે છે, નાત જેને ધિક્કારે છે તે યુવાન મલેચ્છોને તમે માન આપી રહ્યા છો તેના ખુશામતીયા પાંગતીયા બની રહ્યા છો, તેના કાવત્રાની કપટ જાળમાં નાતને સપડાવવામાં તમો તેના મદદગાર બની રહ્યા છો તે આવી રીતે ચા પીતાં અને બીજાને પીવરાવતાં શરમાઓ.

એ તમારા ભાઈઓને સપડાવીને, કુટુંબ દ્રોહી, ઔરંગઝેબ જેવા કસાઈ કાવત્રાખોર ન બનો. વળી એવા કાવત્રાં રમવાથી પણ ઈમામશાહના દીકરા નહિ બનો અને કદાચ બનશો તો પણ સ્વર્ગની હુરાંને નહિ વરો.

આ ઉપરોક્ત વાતની જ્યારે ગામના યુવાનોને ખબર પડી કે તરત જ તેઓ એકત્ર થઈ તે ચા પીનારાઓ સાથે અસહકાર કર્યો અને સાતમ ઉપર લીયાણીમાં તેમની સાથે ભાગ ન લેવા ઠરાવ કર્યો.

પાટીદાર પત્રિકા નંબર ૨ જો.

ગામ પાનેલી, મેંઘપર, દેવીસર અને નખત્રાણાના ભાઈઓને

મુબારકબાદી

પીરાણાપંથી ભાઈઓને ખાસ ચેતવણી.

યુવકોને સમયસરની સુચના.

મને લખતા આનંદ થાય છે કે મારી પત્રિકા બહાર પડ્યા પછી અમારા ગામ નખત્રાણાવાળા જ્ઞાતિ ભાઈઓ મંદિરમાં શ્રી સત્યનારાયણ ભગવાનની પ્રતિષ્ઠા વખતે દેશપરદેશથી જ્ઞાતિના ભાઈઓને બોલાવીને પરિષદની જનરલ મિટિંગ કેવી રીતે ભરવી તેનો વિચાર કરી રહ્યા છે તેમજ મારા એક મિત્ર તરફથી મને ખબર મળ્યા છે કે ગામ દેવીસરવાળા જ્ઞાતિ ભાઈઓએ ગયા શ્રાવણ વદ-૮ જન્માષ્ટમીના દિવસે ગામ દેવીસરની ખાનાની જગ્યામાં પીરાણાના પાટ ઉપર જે પીરાણાના પીરના રોજાની છબી રાખેલી હતી તે ઉપાડીને તેની જગ્યાએ શ્રી સત્યનારાયણ ભગવાનની પાન મૂર્તિ પધરાવી છે. જો આ વાત ખરી હોય તો તે ભાઈઓને તથા ગામ પાનેલી અને મેઘપરના જ્ઞાતિ ભાઈઓએ પીરાણાના પાખંડને કાઢી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવ્યા છે તેથી તે સર્વે ભાઈઓને હું મુબારકબાદી આપું છું અને ઈશ્વર પાસે પ્રાર્થના કરું છું કે જે બંધુઓએ હિંમત કરીને પીરાણાના પાપને કાઢ્યું છે તે ભાઈઓને તેમના કામની અંદર યશ અને ફતેહ આપે.

આ ઉપરની ખબરથી મને આનંદ થાય છે તેની સાથે દિલગીરી માત્ર એટલી છે કે ગામ નખત્રાણાવાસી ભાઈઓ હજી શા માટે આટલા મુંઝાય છે. ખુલ્લી હિંમત શા માટે નથી કરતા. તેઓની પાસે હામ, દામ અને ઠામ પુષ્કળ છે છતાં પણ આવા મંદ વિચાર શા માટે રાખતા હશે તેનું કારણ શું? તે કાંઈ પણ સમજાતું નથી પણ ખેર, જે હશે તે દેખાઈ રહેશે. હાલમાં તો આટલી તેઓની હિંમતને ધન્યવાદ આપું છું.

હવે મારે મારા પરદેશવાસી જ્ઞાતિભાઈઓ કે જેઓ પીરાણાના પાપને હજી પણ વળગી રહ્યા છે તેને ખાસ ચેતવણી આપવી પડે છે કે હવે તમારી ઉંઘને ઉડાડો અને આમ આગળ વધી રહ્યા છો, ત્યારે તમો પરદેશ તેમાં ખાસ કરાંચીવાસી ભાઈઓ હજી પણ પીરાણાના સૈયદોને તેડાવો છો ને તેની પાસેથી ગુરૂમંત્ર લ્યો છો. અરે ભાઈઓ છે

તમોને કાંઈ શાન. તે યુવાનોએ તો તમારા હાલ બેહાલ કરી આખી દુનિયામાં હડધૂત કરી મૂક્યા છે તેથી મહેરબાની કરી હવે પીરાણાના પાખંડી સૈયદોને મુકો, તેઓના શિષ્ય થઈ હુરાંઓ (રાંડો) મહાલવાનું માંડીવાળો. ભાઈઓ એ નીચ ગુરૂઓ (સૈયદો) તો તમોને અંતને વખતે પણ રાંડોની જ લાલચો આપે છે. જો આંહી કને કોઈ પણ ગરીબ ભાઈ ભુલેચુકે પણ પરસ્ત્રી સામું જુએ છે તો તમો તેને પાયમાલ કરી મૂકો છો અને તમારા એ યુવાન ગુરૂઓ તો છડેચોક તમોને વ્યભિચારી બનાવે છે અને હજાર હજાર રાંડો ભોગવવાની લાલચો આપે છે. તેથી હું તમોને પૂછું છું કે પીરાણાના સૈયદોના શિષ્યો કેટલા? તે દરેક ભક્તને હજાર હજાર રાંડો આપશે તો તમારા પીરાણાના પીરે કેટલી હુરાંઓ (સ્ત્રીઓ) ભેગી કરીને કેટલાની આમ દલાલી કરી છે, તેનો તો હિસાબ તેઓને પુછો? તે વખતે સૈયદોના શિષ્યો કરતાં હુરાઓ ઓછી થઈ જશે તો પછી તમો ધોબીના કુતરાના જેમ ન ઘરના કે ન ઘાટના થશો. જે ધર્મના ધર્મગુરૂઓ આમ બાયડીઓની દલાલી કરતા હોય તે ધર્મ પાળવાથી અંતે ફળ શું મળે? “કોયલા બળે તો રાખ” તેથી તમોને હું કહું છું કે ભાઈઓ હજી પણ વખત છે. હિન્દુ સમાજ મોટા દિલના છે તમારા જેવા અનેક ભુલેલા પતિતોનો તેણે ઉદ્ધાર કર્યો છે તે જરૂરથી તમોને પણ રસ્તે ચડાવીને સંગરશે. તમે વિચાર કરીને વેદ ધર્મનું શરણું લ્યો અને પીરાણાના પાખંડી ખીચડીયા પંથને મુકો એ જ મારી તમોને ખાસ ચેતવણી છે.

સુધારકોને સમયસરની સૂચના

મને ન છુટકે લખવું પડે છે કે મારી પહેલી પત્રિકા છપાઈ બહાર પડી તે વખતે તો અમારા કરાંચી યુવક મંડળના બંને સેક્રેટરીઓ જ બહુ જોરમાં હતા, ભાઈ રતનશી શીવજી કહેતા હતા કે રૈયાની પત્રિકા બહાર પડે કે હું તુરતમાં જવાબ આપીશ તેમજ ભાઈ શીવજી કાનજીએ તો કેટલાએ ભાઈઓ આગળ કહેલ કે હું રૈયાનું મોઢું એવું તો બંધ કરી દઈશ કે પાછું કોઈપણ દિવસ કોઈપણ લખી કે બોલી પણ શકે નહિ. આવા આવા ગામ ગપાટા સાંભળી મને બહુ હરખ થતો હતો કે અમારા ભાઈઓની ઉંઘ હવે ઉડી પણ દિલગીરી થાય છે કે આજ દિવસ સુધી કોઈ ભાઈ મને કાંઈપણ કહેવાને બહાર આવ્યો એવું મેં સાંભળ્યું નથી તેથી ઘણો નારાજ થઈને હું વળી પણ લખું છું કે ભાઈઓ હું તમોને સાચું કહું છું છતાં પણ મારા ઉપર તમોને ગુસ્સો આવે છે પણ પેલા પીરાણાપંથી ભાઈઓ જે સૈયદોને હર વખત તેડાવે છે તેઓને તો તમો જરાપણ કહેવાની હિંમત કરતા નથી. તેનું કારણ શું? “નબળો માટી બૈયર પર સુરો” તે હિસાબે મને જ ડરાવી મારું મોઢું બંધ કરવાનું જોર બતાવો છો તેટલું જ કે તેથી અડધું પણ જોર જ્ઞાતિ સેવામાં વાપરતા હો, તો મને ઉમેદ છે, કે આપણી જ્ઞાતિ ક્યારની એ પાપી પીરાણા પંથથી છુટી ગઈ હોત.

મેં આખા કચ્છમાં આપણી જ્ઞાતિમાં પેપર મોકલ્યા છે પણ મને સાંભળવામાં આવ્યું છે કે ભાઈ નારાયણજી રામજી તથા રાજાભાઈ શામજીએ બીજાના કાગળમાં પહોંચ લખી છે તે સિવાય બીજા ભાઈઓએ આજ દિવસ સુધી કોઈપણ જાતનો સંદેશો મોકલ્યો નથી તેથી મારે માનવું પડે છે કે અમારા સુધારક ભાઈઓનો બીજાને બતાવવા પુરતો જ ઠાઠમાઠ ને દંભ જ હતો. તેમ જો ન હોય તો પહેલી પરિષદ વખતે ભાઈ રતનશી ખીમજી કરાંચી આવવાને તૈયાર થાતા હતા, તે વખતે જ તેમના છોકરાં મુંબઈ આવી પહોંચ્યા ત્યારે ભાઈશ્રીને તેઓએ કહ્યું કે અમારું રહેવાનું કે ખાવાનું ક્યાં થશે? તેના જવાબમાં ભાઈ રતનશીએ કહ્યું કે તમારું ગમે તે થાય પણ હું તો મારી જ્ઞાતિ સેવા કરીશ. આજે તે જ ભાઈ પેપરની પહોંચ આપવાનું ભુલી જાય છે, તેથી હવે મારે માનવું શું? **સેવા કે દંભ.**

૨૦. મુબારકબાદી - દી. **14-Sep-1936**

નામ રહતાં ઠાકરાં નાણાં નહિ રહંત,
કીરતી કેરાં કોટડાં પાડ્યાં નહિ પડંત.

ભાઈઓ પૈસો તો કંઈ વખત આવે છે અને જાય છે પણ જ્ઞાતિ સેવા કરવાનો વખત વારે વારે નથી આવવાનો. તેથી ભાઈ રતનશી ખીમજી વિગેરે ભાઈઓ હજી પણ વિચાર કરીને આળસરૂપી ઉંઘને ઉડાડે તો મને આશા છે કે જ્ઞાતિમાં સંપ સલાહ થવામાં જરાપણ વખત લાગે નહિ. ભગવાન અમારા ભાઈઓને સુબુદ્ધિ આપે.

કરાંચી
તા.૧૪-૯-૧૯૩૬

એજ ઈચ્છતો હું છું જ્ઞાતિ સેવક,
પટેલ રૈયા નાગજી ચૌધરી,
નખત્રાણાવાળા

તા.ક. મને કોઈપણ ભાઈ છપામણી ખર્ચની મદદ કરશે તો હું દર મહિને પત્રિકા બહાર પાડતો રહીશ.

પીરાણા સતપંથી પાટીદાર જ્ઞાતિ ભાઈઓને

વિનંતી પત્ર

પૂજ્ય જ્ઞાતિના વડીલો, ભાઈઓ, માતાઓ અને બહેનોની પવિત્ર સેવામાં
કરાંચીથી લીખતંગ અમો ઉગમણા પાંચાડાના કેટલાક પાટીદાર ભાઈઓના સવિનય ઘટિત વાંચશો.

વિ.વિ.સાથે જ્ઞાતિના સમસ્ત નાના મોટા ભાઈઓ પાસે અમારી નમ્રતાપૂર્વક અરજ છે કે, આપણા કચ્છ દેશમાં વરસાદના અભાવે કેટલાક વરસો દુકાળ જેવા થવાથી ખેતીમાં પેદાશ પુરતી નહિ રહેવાથી આપણી જ્ઞાતિના અમો કેટલાક ભાઈઓ પરદેશમાં વસીએ છીએ. જ્યાં અમો રહીએ છીએ ત્યાં બીજી ઉચ્ચ જ્ઞાતિના માણસ પણ રહે છે. તેઓ આપણા રીતરિવાજો કે જે આપણા કેટલાક ભાઈઓ મુડદાંને દાટીએ છીએ તેના પાછળ ત્રીજે દિવસે જારતની ક્રિયા કરીએ તથા ત્રીયું (ત્રીજા દિવસે જમણ) પણ કરીએ છીએ, વળી તેની પાછળ દેવ વિગેરે કરીએ છીએ તે જોઈને અમોને બહુ શરમાવે છે પણ અમો સતપંથનો તથા નાતનો કાયદો લોપી શકતા નથી. તેથી સતપંથના રીતરિવાજો શા માટે કરવામાં આવે છે તેના ખુલાસા માટે **સૈયદ બાવા સાહેબ અહેમદઅલીને** મુખી કાનજી વિરજીના નામથી પચીસ પ્રશ્નોની એક ચોપડી છપાવીને પુછ્યા તેનો જવાબ અમોને સૈયદ બાવા સાહેબે એક કાગળીયો છપાવીને જ પતાવી દીધો છે. જે તમારી પાસે પણ આવ્યો હશે ને તમો વાંચ્યો હશે. ન વાંચ્યો હોય તો તમો જરૂરથી વાંચી જોશો તો તમોને પણ ખાત્રી થશે કે તેણે જવાબો લખવામાં કેટલો પોતાના દંભ દેખાડ્યો છે. પોતે વિદ્વાન છે તેથી આપણને અભણ અને ભોટ માની ન્યાયદર્શન તથા મનુસ્મૃતિના અધુરા શ્લોકો લખી પોતે ઋષિઓ અને મલેચ્છો બધાએના લક્ષણ એક સરખાં હોવા જોઈએ તેવું બતાવી પોતાની વિદ્યાની કિંમત કરાવી છે. વળી તે આગળ જતાં જે લખે છે તેનો મુળ ઉદ્દેશ એજ છે કે, જ્યાં સુધી તમો હિન્દુ અને મુસલમાનનું જુદાપણું જાણશો ત્યાં સુધી તમોને સતપંથ સમજવામાં નહિ આવે તેથી તમારે ને મારે ખાલી માથાકૂટ કરવી નકામી છે.

પૂજ્ય વડીલો આવો જવાબ આપી સૈયદ બાવા સાહેબે તો ખરેખર અમો સતપંથીઓની હાંસી જ કરી છે. પોતે વિદ્વાન છે તેમ પોતે પીરાણાના પીર ઈમામશાહની ઓલાદના હોવાનો દાવો કરે છે પણ અમોને તો આ કાગળીયાથી બિલકુલ તેની છળ પ્રપંચની નીતિ જ દેખાય છે કારણ કે જુઓ ઈમામશાહના વંશના થઈને કેટલું ગોળમટોળ ન હિન્દુ કે ન મુસલમાન જેવું વર્તન કરી રહ્યા છે. પણ ઈમામશાહના વંશના તો સૈયદ પુંજામીયાં હુસેનમીયાં છે કે જે સત્યવક્તા નીડર અને બાહોશ વેપારી તરીકે પંકાય છે. તેમને જરાપણ પોતાના મતલબની પરવાહ જ નથી. પીરાણા સતપંથ હિન્દુ ધર્મ છે એવું ગુજરાતમાંથી ગામ માનકુવાના પટેલ લધા ખેતાએ એક હેન્ડબીલ તા.૧-૨-૩૫ ના રોજ છપાવીને સતપંથીઓને ભુલાવવાની કોશીશ કરી છે. તેના જવાબમાં તા.૨૪-

૪-૩૫ના રોજ એક ચોપાનીયું જે ફુલસ્કેપ સાઈઝના ચાર પાના ભરીને છપાવ્યું છે તે ઘણું જ લાંબું અને ખુલાસાવાર છે પણ આ પત્રના લંબાણની બીકથી તેમાંથી ફક્ત એક જ પેરેગ્રાફમાં જે મુદ્દાનું લખાણ છે તે આપ ભાઈઓની જાણ માટે અત્રે ઉતારવામાં આવ્યું છે. (વધારે જાણવું હોય તો પીરાણાના સૈયદ પુંજામીયાં પાસેથી મંગાવીને વાંચી જોશો) તે સાંભળો -

પાના બીજાની લીટી-લાઈન ૨૯થી લખે છે કે :-

પીરાણાની દરગાહ અને તેના કમ્પાઉન્ડમાં કબ્રસ્થાન છે મોટી મસ્જીદો છે, ઈમામખાનું છે તેમ બીજી દરગાહો છે. તે સિવાય કોઈબી હિન્દુધર્મનું મંદિર કે હિન્દુઓનું કોઈ સ્થાન કે મૂર્તિઓ નથી. તે બધી દુનિયા આગળ મોજુદ છે. પરંતુ જે મુકરેલા છે તે ગમે તેમ કહે તેમાં કાંઈ વળે તેમ નથી. વધારેમાં જો તમો સાચા હો તો હિન્દુસ્તાનમાં જે વખણાતા પંડિતો હોય તેમને બોલાવી અમદાવાદ અગર બીજે ઠેકાણે એક સભા કરીને હિન્દુ ધર્મ છે તેવું સાબિત કરી આપો તો તમને રૂા.૫૦૦૧ રૂપિયા પાંચ હજારને એકનું ઈનામ આપવામાં આવશે. જો તમો જાહેર ખબર છપાવનારા સાચા હશો તો તેમ કરવા ચુકશો તો તમે જુઠ્ઠાને તમારું પ્રપંચપણું સાબિત છે.

ઉપરના લખાણથી આપ જ્ઞાતિ વડીલોને વિચારવું જોઈએ કે તમો માંયલા કેટલાક ભગતના ઉપનામથી ઓળખાતા ભાઈઓ અમોને હંમેશાં કહેતા ફરો છો કે અમો વિદ્વાન છીએ, ચારવેદને જાણીએ છીએ, ગમે તેવા પંડિતો હોય તે અમારી પાસે આવે તો પણ આ પીરાણા સતપંથ હિન્દુ ધર્મ છે એવું અમો સાબિત કરી આપવા તૈયાર છીએ તો ભાઈઓ તમો મહેરબાની કરીને એવા વિદ્વાન ભાઈઓને સમજાવા સૈયદ પુંજામીયાં પાસે તેડી જઈ પીરાણા સતપંથ હિન્દુ ધર્મ છે એવું સાબિત કરાવી રૂપિયા ૫૦૦૧નું ઈનામ લઈને જાહેર જનતામાં છપાવી બહાર પાડશો કે જેથી અમો પરદેશ વસતા ભાઈઓને બીજી હિન્દુ જ્ઞાતિઓના મહેણાં ટોણાં ખાવા પડે છે તેથી બચીએ.
ભાઈઓ ! હમણાં જ અમોને ગુજરાતમાંથી એક આપણી જ્ઞાતિના હિતચિંતક બન્ધુ તરફથી એક ચોપાનીયું મળ્યું છે જે તા.૧૫-૧૧-૩૬ મહાલક્ષ્મી પ્રિન્ટરી કપડવંજમાં છપાવેલ છે તેમાં તેણે પીરાણા સતપંથના સંબંધમાં આપણને જાણવા જેવું ઘણું જ સારું લખાણ કરેલું છે અને પીરાણાની ક્રિયાઓ અને પીરાણાની પૂજામાં વપરાતી પાવળની ગોળી કઈ કઈ ચીજમાંથી બનાવવામાં આવે છે તે તથા બીજી ઘણી ઉપયોગી બાબતોનો ખુલાસો કરેલો છે તે આપણા પીરાણા સતપંથી સર્વે ભાઈઓએ જરૂરથી વાંચવા જેવો છે તે મંગાવીને વાંચવાથી આપશ્રીઓને ચોખ્ખું દેખાશે કે આપણા સતપંથી ભાઈઓમાંથી કેટલાક ભાઈઓ રમજાન મહિનાના ત્રીસે ત્રીસ રોજા રાખે છે તેમજ મહોરમના દિવસે પણ જરૂર જેવી ક્રિયાઓ કરે છે અને આપણે બધા મુડદાંને દાટીએ છીએ તેની ત્રીજે દિવસે જારત તથા ત્રિયાનું જમણ પણ કરીએ તેના દેવ વિગેરે કરીએ છીએ. સવાર સાંજે દોવાઓ જે બોલીએ છીએ તે પણ મુસલમાની રીત મુજબ કલમાઓવાળી હોય છે અને તે જ દુવાઓથી આપણા છોકરા-છોકરીઓને પરણાવીએ છીએ વિગેરે બાબતો આપણે મુસલમાની રીતે જ કરીએ છીએ ને વળી આપણું કુળ અને જ્ઞાતિનું ભુષણ તપાસતાં કેટલાક ભાઈઓ હિન્દુઓના દરેક દેવ મંદિરમાં જાય છે. શ્રાવણ મહિનામાં શ્રીકૃષ્ણની જન્માષ્ટમી તથા દીવાળી હોળી વિગેરે તહેવારો પણ પાળીએ છીએ તેથી હવે અમોને વિચાર થાય છે કે આપણે કચ્છના કણબી પીરાણા સતપંથીઓ છીએ. કોણ હિન્દુ કે મુસલમાન?

આ ઉપરની હકીકત વાંચી સાંભળીને આપ જરૂર વિચાર કરશો અને અમારી ઈચ્છા પીરાણા ધર્મ હિન્દુ ધર્મ છે કે મુસલમાની પંથ છે તેનો ખુલાસો કરશો તે કરવામાં જો ઢીલ થશે તો હવે અમો પરદેશમાં વસતા ભાઈઓને તમામ અડચણ વધશે, આપ ભાઈઓ જરૂરથી જલદીથી ખુલાસો કરશો. પ્રભુ તેમ કરવાની તમોને હિંમત અને બુદ્ધિ આપે કે જેથી જ્ઞાતિમાં સંપ અને સલાહ થાય. એજ ઈચ્છતા અમો છીએ.

ઠેકાણું :- પટેલ ખેતશી પ્રેમજી
વોરા ઈભરામજી સુલેમાનજીકંપાઉન્ડનાં. ૪
રણછોડ લાઈન, નબીબક્ષ રોડ-કરાચી
કરાંચી તા. ૨૧-૧૨-૩૬

તમારા જ
જ્ઞાતિ બંધુઓ

દુર્ગા પ્રીન્ટીંગ પ્રેસ - કરાંચી.

કચ્છ કડવા પાટીદાર પત્રિકા નં.૩,

પીરાણાપંથી પાટીદાર ભાઈઓને જાણવા જોગ

મને કેટલાક ભાઈઓના તરફથી કહેવામાં આવે છે કે તમો કાંઈકપણ લખો પણ મને તો ઉગમણાં પાંચાડાવાળા પીરાણાપંથી સતપંથી પાટીદાર ભાઈઓનો વિનંતી પત્ર જે તા.૨૧-૧૨-૩૬ના રોજ બહાર પાડવામાં આવ્યો છે, તે વાંચીને એક જ વિચાર આવે છે કે પીરાણાપંથી કણબી જ્ઞાતિના આગેવાનોને તો "પાડાના પુંછડે પાણી ઢોળો તોયે શું અને ન ઢોળો તોયે શું" જુઓને આજે કેટલાય દિવસથી સુધારકો તેઓને કેવી કેવી ઉપમાઓ આપી રહ્યા છે છતાં પણ તેઓ તો જાણે કાંઈપણ જાણતા જ ન હોય તેમ હજીપણ પીરાણાપંથ હિન્દુ ધર્મ છે એવું જ લોકોને મનાવી રહ્યા છે.

કચ્છમાંથી જે ગેઢેરાઓ આવ્યા છે તેઓએ સાંભળવા મુજબ એક પેપર-લેખ જે ભગત મનજી હરભમભગતના ઘરે રહી ગયો છે તે મંગાવ્યો છે તેથી તેના સંબંધમાં મારાથી હમણાં તો કાંઈ બોલાય તેમ નથી તે આવે અને જાહેરમાં થાય ત્યારે વાત. પણ હમણાં તો મને ઉપરવાળો વિનંતી પત્ર વાંચીને ઉગમણા પાંચાડાના સતપંથી ભાઈઓ ઉપર ખૂબ હસવું જ આવે છે. કારણ કે આજે આખી દુનિયામાં ઢંઢેરો પીટાઈ રહ્યો છે કે પીરાણાપંથ મુસલમાની પંથ છે તેથી આપણને વટલાવે છે છતાં પણ હજુ આગેવાનોને પૂછે છે કે આપણે પીરાણાપંથી છીએ કોણ હિન્દુ કે મુસલમાન? ભાઈઓ કોઈપણ મુરખ માણસને પણ પૂછી જુઓ કે જે ધર્મમાં બીસમીલ્લાહર રહેમાન નરરહીમ સતગોર પાત્ર બ્રહ્મા તે ઈદર ઈમામશાહ સુત નરઅલી મહમદશાહ અને હક લાયલા ઈલ્લા મહમદ રસુલીલ્લા વિગેરે કલમો પડતા હોય અને જે ધર્મના ધર્મ ગુરૂઓ સૈયદો હોય તેમજ તેના અનુયાયીઓ મડદાંને દાટતા હોય તેની પાછળ જારત વિગેરે ક્રિયાઓ કરતા હોય તેમજ પોતાના છોકરાંઓને વેદવિધિ અનુસાર ચોરી બાંધીને નહીં પણ ઈજ બીસમીલ્લાના કલમામાંથી નીકાહ પડાવતા હોય તેમજ રમજાન મહિનાના રોજા વિગેરે જરૂરી ક્રિયાઓ પણ કરતા હોય. ઉઠતે અલ્લાહ બેસતે અલ્લા એમ દરેક કામની વખતે પણ બીસમીલ્લા બોલતા હોય તે ધર્મ હિન્દુ ધર્મ છે એમ કહેવાય? તો તે પણ તમોને જરૂરથી ચોખ્ખું સમજાવી દેશે કે તે તો સાફ છે કે તે પીરાણાપંથ મુસલમાનીપંથ છે તેથી બંધુઓ ! તમો હજી પણ ઈશ્વરનો ઉપકાર માનો કે તે ચંડાળોએ તમોને અભક્ષાભક્ષ નથી કરાવ્યો તેથી આજ દિવસ સુધી હિન્દુપણાનું તમારું અભિમાન રહ્યું છે. ખેર જાગ્યા ત્યારથી સવાર ગણોને એ સતપંથીઓની સંગત મૂકો તો પણ બસ છે.

સાંભળવા મુજબ અહીં આવેલા મંગવાણાની પટેલ હીરા ખીમાએ પીરાણે સૈયદોના ઘરે અનેકવાર માજીમાઓની રાંધેલી સેવું ખૂબ ખાધીઉં છે તેમજ સાથે તેમના ઘરની કઢી પણ ખૂબ તાણી તાણીને પીધી છે જો આ વાત સાચી હોય તો પટેલ હીરા ખીમા તથા તેમને ઘરમાં બેસીને જમાડનારા ભાઈઓને ધન્યવાદને સાથે ધિક્કાર જ આપવો જોઈએ. પણ એ વાત બનવી અસંભવિત જેવી છે. ખેર તે તો બિચારા પોતાના મતલબને જ પીટે છે. "વર મરો કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો" તેમજ "ફટ ચો બુડ ચો પણ હેમ ભાણેમેં વેઝ" તે મુજબ જ એક જ સિદ્ધાંતને માની લીધો છે. કરાંચીમાં આવ્યા છે તે પણ તમારી પાસે જરૂરથી કાંઈને કાંઈ આસરો લેવા ને જ કારણે તેમના કરતુકના સંબંધી એક વાત ઉડી છે કે કોઈ બાબત ઉપરથી રોહાના ઠાકોરશ્રી હમીરસિંહજી સાહેબે તેઓને રજા આપી છે કે ગમે ત્યાં જા (આ વાતમાં સત્ય કેટલું છે તેનો પટેલશ્રી પોતે ખુલ્લું કરે તો જણાય બાકી હમણા તો અનેક ગોળાઓ ઉડે છે) તેથી તે તમારી પાસે કાંઈક ખર્ચ પાણીનો તથા રહેવાનો આસરો લેવાને આવ્યા છે તેવી હમણાં ખૂબ ચર્ચાઓ થાય છે.

મનજી હરભમ ભગત રસલીયાવાળો આવેલ છે તે બિચારો વૃદ્ધ માણસ છે તેથી તેમને તો મારાથી વધારે કહેવાય જ નહિ પણ હું તેમને એક વાત યાદ દેવરાવીશ કે તેઓશ્રીએ તથા તેમના સંગતી મુખી દેવશી લધા રવાપરવાળા વિગેરે આઠ જણે આપણી જ્ઞાતિના માટે આઠ કાયદાઓ સાં.૧૯૬૫ થી ૭૦ {Year :1908-9 to 1913-14} લગભગમાં ઘડ્યા છે જે હજીપણ રવાપરના ખાનાના ચોપડામાં મોજુદ હશે તે કાયદાઓમાં ને મંડળવાળા ભાઈઓ જે કાયદા કહે છે તેમાં ફેર કેટલો છે તેમજ સાં.૧૯૭૭ { Year :1920-21} ની સાલમાં ત્રણ પાંચાડાની નાત વિથોણ ગામે ભેગી થઈ હતી ત્યારે ખાનામાં ઉભા થઈને ભગતશ્રીએ એક દુવા વાંચી હતી જે છોકરાઓને કાંકણ બાંધવાની તેની આગળનો ભાગ જે બીસમીલા હર રહેમાન તથા નીચેનો ભાગ હક લાયલાના કલમાનો મુકી શા માટે દીધો હતો તે વખતે તો તેઓ જવાબમાં બોલ્યા હતા કે આ આપણને શોભતું નથી. આવું કહેનાર ભગતશ્રી હમણાં જે ચેલાઓ મુંડે છે તેને "કેવળ ઈમામ" આ નામનો ગુરૂ શબ્દ આપતા હોય તો પછી દળી દળીને કુલડીમાં ઉઘરાવ્યા જેવું થાય. હું ભગત મનજીને કહીશ કે ભગત બાપા ! તમારી હવે છેલ્લી અવસ્થા છે તેથી કાંઈક પણ જ્ઞાતિનું ભલું થાય અને જ્ઞાતિ આ પાપી પંથમાંથી છુટી જાય તો તેના આશિષથી તમારી છેલ્લી ઘડી સોહેલી થાય એવું કરો તો ઠીક કહેવાય.

પીરાણાના પૂજારી કાકા રવજીએ તો હું કાંઈ કહું તે કરતાં કાકાશ્રી પોતે કાંઈક વિચારે તો વધારે સારું કારણ કે પોતે કુર્મી ક્ષત્રિયના બાળ થઈને મુસલમાની પીર ઈમામશાહના નામનો ભેખ લઈ બેઠા છે તે પણ લજાવે નહિ તો સારું કારણ કે સાધુ થઈને ગપા મારવા તે તેને ન શોભે. જુઓને કાકાશ્રી આવ્યા કે વાત કરી કે પીરાણામાંથી પીરની કબર ઉપરથી તોરણોની ચોરી થવા માંડી પણ ચોર પકડાણો નહિ.

પાંચ તોરણ ચોરી ગયા પછી છઠ્ઠું તોરણ લેવા આવ્યો એટલે તે અંધો થઈ ગયો શું આ નાની શુની ગપ કહેવાય? પાંચ તોરણ ચોર્યા તે વખતે પીર ઈમામશાહ કે નરઅલી મહમદશાહ પીરાણાની દરગાહની ગાયું ચારવા ગયા હશે પણ માજી બીબી ફાતમા તો ત્યાં રસોઈ કરવાને ઘરની રખેવાળી કરવા ત્યાં જ રહ્યા હશે જ છતાં પણ તેણે પણ શું ચોર ન દીઠો? આવી આવી વાતું કરેથી પીરાણાનો મહાતમ હવે વધવાનો નથી. કાકાશ્રી તે ગપનો અને અંધશ્રદ્ધાનો જમાનો હવે ગયો. હવે તો આ વાત કરવાથી કરાંચીની બજારમાં તમારી સાધુપણાની કિંમત કેટલી

થઈ છે તે તો જુઓ. હવે તો વિસમી સદીનો જમાનો છે તે જાગતો છે. તેમાં તમારી ગપોળ કથાને કાગળની બેડીથી બાવે માણસોને તાર્યા એ વાત મનાય એમ નથી તેથી ચેતીને બોલતા જાઓ નકા વધારે ન કરતા ટાઢામાં સંકેલો તો સારું કહેવાય.

હવે હું પીરાણા પંથી સતપંથી કણબી ભાઈઓને કહું છું કે તમો હવે તો ખૂબ ધરાઈ ગયા હશો તમો તો કેટલીયે આશા રાખી હશે કે આગેવાનો આવ્યા ને કાકો આવે એટલે અમો મંડળવાળાને સીધા કરીએ પણ તેના બદલામાં તો તમારું જ સોયલું અને ઝાપટેલ પાધરું થઈ રહ્યું ને સવાલ ઉભો થયો કે પીરાણાપંથી છે કોણ? હિન્દુ કે મુસલમાન. તેથી ભાઈઓ આવેલા મહેમાનોને ઝટ વિદાય આપો નહિ તો કરાંચીમાં ક્યાંય પણ તમારો ઘડો થશે નહિ. તેથી ન ઘરના કે ન ઘાટના થશો. એટલે ન હિન્દુ ન મુસલમાન એવી રીતે બેય બાજુથી તગડાશો એ જ તમારા જાણવા જોગું જ અત્રે લખ્યું છે, વધારે તો તમારો મંગાવેલ લેખ આવશે ને તમો જાહેર કરશો ત્યારે વાત. હાલતો ભાઈઓ રામ રામ છે.

કરાચી
તા. ૧-૧-૩૭
હરચંદરાયના પ્લોટ નં. ૧૫ માં
નસરવાનજીની મિલની બાજુમાં ,
લોરેન્સ રોડ- કરાચી.

લી. જ્ઞાતિ સેવક,
રૈયા નાગજી પટેલ,
ગામ નખત્રાણાના ચૌધરી

- દુર્ગા પ્રીન્ટીંગ પ્રેસ - કરાંચી

Online Text Based
(can use for translation)

Source Document

પાટીદાર પત્રિકા નંબર ૪

શું પીરાણા સતપંથ હિન્દુ ધર્મ ઠરાશે ?
પીરાણા સતપંથી કણબી ભાઈઓને ખાસ ચેતવણી

વ્હાલા ભાઈઓ,

તમોએ તમારા આગેવાનોને દેશમાંથી તેડાવ્યા તે એ આશાએ કે જો આગેવાનો આવે તો આ મંડળવાળાઓ જે પીરાણાની પાડી કાઢી રહ્યા છે તેને કાંઈક જવાબ દે પણ બંધુઓ ! તમો ભુલ્યા છો તમો તમારૂં બધું બળ એકત્રીત કરીને ગરીબ ભાઈઓને પુછ્યા સિવાય દેશમાંથી આગેવાનો તથા પીરાણેથી કાકાઓ વિગેરે તેડાવી તેઓને ગાડી-ઘોડા, મોટર, નાટક-સીનેમાઓમાં ખુબ ઘુમાવ્યા. માલ મલીદા પણ ખુબ ખવરાવ્યા અને અંતે જતી વખતે પગે પડીને ખરચીના પઈસાઓ પણ ખુબ આપ્યા. છતાંપણ તેઓ તો તમોને ધીરજ રાખવાનું કહી કહીને અંતે આજે પાંચ વરસ પહેલાના જુના પેપરના ઉતારા ખોટા સાચા ભેગા કરીને તે કાગળીયાઓ છપાવીને તમારા હાથમાં આપી ગયા જેને વાંચીને તમો માંહોમાહે ખુબ હરખાઓ છો પણ વિચચાર કરો. ઓ અમારા મુર્ખ બંધુઓ ! તમારા એ કહેવાતા આગેવાનો આવ્યા ત્યારે જ તમારી સામે સવાલ ઉભો થયો કે તમો સતપંથી “ હિન્દુ છો કે મુસલમાન ” તેનો જવાબ આપવાના ઠેકાણે તમારા એ આગેવાનોએ જે નનામું ચીથરીઊં છપાવ્યું તે છપાવ્યું તો ખરૂ પણ અહીં અમારી સામે તેને વેચવાની હીંમત ન ચાલી. ત્યારેજ આગબુટમાં બેસીને પછે વેચ્યાં કારણ કે તેઓ તો જાણતા જ હતા કે આ અમારું ધતીંગ છે તે જો અમો આહી હશું ને ભાઈઓને આપીશું તો તેના સંબંધમાં કોઈક સાચું કહી દેશે તો અમારૂ કાવતરૂં પકડાઈ જશે અને અમોએ જે આજ દિવસ સુધી માલ મલીદા ખાધા છે ને મોટર ગાડીની મોજો માણી છે તે ભારે પડી જશે.

ભાઈઓ ! દુનિયા સારી પેઠે હવે જાણી ગઈ છે કે તમારા તે આગેવાનો પોતાના પીરને પગલે ચાલી આટલા દિવસ સુધી હિન્દુ જનતાને કેમ ઠગી છે પણ હવે તે તમારૂં પાપ તમોને ડંખે છે તેથી જ તમોને જે તમારી પરિસ્થિતિ જાણે છે કે તમો તથા તમારા આગેવાનો કયા ધર્મને માનનારા છો તે મંડળવાળાને તમો મો ફાટતી ગાળો આપો છો ફીકર નહિ ભાઈઓ તમારા જેવા અર્ધદગ્ધ ખીચડીઆ પંથને માનનારા બંધુઓ તરફથી બીજી કઈ સારી વસ્તુની આશા રાખી શકાય.

કોઈપણ સમજદાર ભાઈ તમોને પુછે કે પટેલ તમો કયા ધર્મને માનો છો ? તો તમો જોરથી મોઢું ફાડીને ઝટ કહી દયો છો કે ચાલ્યો જા અમો ગમે તે ધર્મને માનતા હોઈએ તેમાં તારે શું ? ખબરદાર જો અમારા ધર્મની વાત જ કરી છે તો તને અમો છુટથી સંભળાવી દેશું (શું ગાળો.)

૨૩. શું પીરાણા સતપંથ હિન્દુ ધર્મ ઠરાશે ? - દી. 06-Feb-1937

ભાઈઓ પીરાણા સતપંથ હિન્દુ ધર્મ છે એવું જો સાબીત હોય તો તમારા જે આગેવાનોએ આ ચીચરીઉં છપાવ્યું છે તેને મોકલો પીરાણા કે જ્યાં સૈયદ પુજામીયા હુશેનમીયા રહે છે. કે જે જાહેર કરે છે કે જો પીરાણાપંથ હિન્દુ ધર્મ છે એવું સાબીત કરી આપે તેને રૂપીયા ૫૦૦૧નું ઈનામ આપવામાં આવશે. તેથી હિન્દુ ધર્મ છે એવું સાબીત કરો ને લ્યો ઈનામ.

બંધુઓ ! તમોએ તમારા આગેવાનોને તેડાવ્યા તેથી તે આવ્યા અને જે કાગળીઓ છપાવી તમોને આપી ગયા છે. તેમાં અકોલા હિન્દુ મહાસભાના કાર્યધ્યક્ષ ડૉ. મુજે એ ત્યાં ઠરાવ કર્યો છે તે વાંચીને તમોએ માની લીધું કે પીરાણા સતપંથ હિન્દુ ધર્મ ઠર્યો છે પણ ભાઈઓ તે ઠરાવ તમારા આગેવાનો નાજ છપાવેલ કાગળીઆમાં વાંચો તો તમોને ખબર પડે.

જુઓ તેઓ હિન્દુ અને હિન્દુ જ્યોતી તા. ૨૦-૯-૩૧ના અંકનું પાનામાં લખે છે કે જેનો ઉતારો તમારા નનામાં છપાવેલ લેખમાં તમારા એ આગેવાનોએ પણ આપ્યા છે. તે આંખ ખોલીને વાંચો.

અખિલ ભારતીય હિન્દુ મહાસભાના અકોલાના કાર્યાધ્યક્ષ ડૉ. મુજે એ ખાન દેશના લેવા પાટીદાર જેઓ સતપંથીઓ છે તેમના સંબંધમાં નીચેનું પ્રમાણ પત્ર આપ્યું છે.

અમારી પાસે રજુ કરવામાં આવેલા લેખિત પુરાવા ઉપરથી અમારો સ્પષ્ટ અભિપ્રાય એવો છે કે ખાનદેશની લેવા પાટીદાર જ્ઞાતિએ સ્વીકારેલો સતપંથ વેદ વિરુદ્ધ નથી માટે તેમના જ્ઞાતિ બંધુઓએ તેમની સાથેનો વિરુદ્ધ હોય તો તે મુકી દઈ તેમની સાથેનો રોટી બેટીનો પુનઃ વ્યવહાર ચાલુ રાખવો.

આવો ચોખો ખુલાશો તે વખતે પરિષદના કાર્યકર ડૉ. મુજે તરફથી બહાર પાડવામાં આવ્યો છે છતાં પણ તમો બીલકુલ અંધ થઈને હરખાઓ છો. તેથી તમારી મુર્ખાઈની તો હવે હદ જ આવી જાય છે.

ભાઈઓ ! ડૉ. મુજે એ સતપંથને વેદિક ધર્મ કહ્યોને સતપંથીઓને વેદાનુયાયીઓ કહ્યા છે પણ તે તમને નહિ પણ ખાનદેશ તથા ગુજરાતી લેવા પાટીદારોને કારણ કે તેઓ પોતાના બાળકોને વેદ વિધી અનુસાર ચોરી બાંધી પરણાવે છે તથા મુડદાને પણ હિન્દુ રિવાજ મુજબ અગ્નિ સંસ્કાર કરે છે. ત્યારે તમો કચ્છવાસી પીરાણાપંથી કણબી ભાઈઓ તો તમારા બાળકોને સાફ બીસમીલ્લાહના કલમાંથી નીકાહ પઢાવો છો અને મુડદાને મુસલમાની રીવાજ મુજબ દાટી તેના ઉપર ખાસી મજાની પથ્થર કે સીમેન્ટની કબરો કરી ઉપર માનતાઓ કરો છો. અને કબ્રસ્તાનમાં બેસી લાપસીઓ રાંધીને ત્યાં ખાઓ છો. આવા રીવાજો પાળનાર કદી વેદાનુયાયી કહેવાતા હશે ? બીચારા ડૉ. મુજેને પણ તમારા ખાનદેશના સતપથીઓએ જે લેખીત પુરાવા રજુ કર્યા છે. તે મુજબ જ તેણે ઠરાવ કર્યો છે પણ જો તેના પાસે આખી બાબત પીરાણા સતપંથની રજુ કરવામાં આવે તો તે પણ એવો અભિપ્રાય આપે કે જગત જુએ.

ભાઈઓ ! આના સંબંધમાં તો મંડળ તરફથી તમોને જે પ્રસાદી મલવા યોગ્ય હશે તે મળશે જ મારે તો તમો ભાઈઓને ખાસ ચેતાવવા પડે છે કે મહેરબાની કરી તમારા આગેવાનોના આ એક નમાલો અને નનામાં છપાવેલ ચીથરીઆ ઉપર ઘણી કુદા કુદ કરવી રહેવા દયો નહીંતો કોક અન્ય જ્ઞાતિના હિન્દુ ભાઈને ખબર પડશે તો પછી તમારુ પોકલ બધુ ખુલી જશે અને તમો વળી પાછા હડધુત થાઓ છો તેથી વિશેષ થશો.

૨૩. શું પીરાણા સતપંથ હિન્દુ ધર્મ ઠરાશે ? - દી. 06-Feb-1937

ભાઈઓ આ શું બધુ ખોટું છે ? તમો તમારા છોકરાઓને મુસલમાની કલમાં **ફરમાનજી બીસમીસમીલ્લા હરરહેમાન નરરહીમ સતગોર ઈમામશાહ સુત નરઅલી મહમદશાહ મનારી** દુવા ભણી પછી **હકલાયલા ઈલ્લા મહમદ રસુલ્લીલાહ** કહી છોકરાંને કાંકણ (હથેવાળા) નથી આપતા ? તેમજ કોઈપણ માણસ નાનું કે મોટું મરી જાય જ્યારે તેને નનામી (ઠાંઠડીમાં) સુવાડતી વખતે દરૂદ કલમો પઢી પછીથી કાંધીઆઓ ઉપાડે ત્યારે શું તોબા તોબા નથી કરતા ? અને કબ્રસ્તાનમાં ખાડો ખોદી મુડદાને કબરમાં સુવાડતી વખતે શું બીસમીલ્લાનો કલમો નથી બોલતા ? વળી તેને દાટી ચાલીસ ડગલાં-પગલાં ચાલી વળી પાછા તમો એજ કલમાઓ નથી બોલતા ? તેમજ તેને ત્રીજે દિવસે તે જીવની પાછળ જારત તથા ખથમો (ત્રીજા દીવસનું જમણ શું નથી કરતા ? વળી તમો શું રોજા નથી રાખતા ? શું તમો પીરનો ઓરસ નથી કરતા ? આ બધું શું ખોટું છે ? આટલું જ અમો પણ વેદ વીરૂધ માનીએ છીએ અને તે જ તમોને કાઢવાનું કહીએ છીએ એટલું જો કાઢી નાખો તો તમો પણ સોટચના સોના જેવા જ પુરા હિન્દુ છો. પણ જ્યાં સુધી એ ન કાઢો ત્યાં સુધી ચોખા મુસલમાન કહેવાશો. તમો પુછો કે આ ઉપરની ક્રિયા કરનાર કોઈપણ માણસ વેદધર્મી કહેવાય ? તો એક મુરખ માણસ પણ સાફ ના જ પાડી દેશે છતાં પણ ડો. મુજે જે ઠરાવ કર્યો છે તે તમારી હમેંશની પ્રપંચ જાળમાં ફસાઈને જ તે બીચારાને તો તમોએ જે લેખીત પુરાવા આપ્યા છે તે ઉપરથી જ તેણે જાણ્યું કે ખાનદેશ તથા ગુજરાતના લેવા પાટીદારો કરે છે. તેટલુંએ જો કરતા હોય તો હરકત નહિ પણ ઉપર મુજબ તેને ચોખું તમો કહી દયો તો તે પણ જરૂરથી વિચાર કરે કે હંસના પીછામાં આતો કાગડા છે. સાધુઓને ભગવા લુગડાં પહેરાવીને હિન્દુ જનતાને ઠગે છે તેથી તેમના દરેક પ્રકારના હિન્દુ વ્યવહાર બધું જ કરવા જોઈએ જગત ગુરૂ શંકરાચાર્યે જ્યારે તમારૂ આ બધુ ભોપાળુ જાણ્યું ત્યારે જ ઠરાવ કર્યો કે **સતપંથીઓને હિન્દુ તરીકે ન ગણવા** તે શું ગેરવ્યાજબી છે ? ના બીલકુલ નહિ જ્યાં સુધી ઉપરના રિવાજો તમોમાં ચાલુ હોય ત્યાં સુધી તે બીલકુલ વ્યાજબી જ છે. તમો ભાઈઓ ખુબ ઠગાણા છો લુટાણા છો તમો એ તમારું ધર્મ અને ઈજ્જત બહુ ગુમાવી છે તેથી તમો તમારી આંખને ઉઘાડો અને જો ભગવાને તમોને અકલનો એક છાંટો પણ આપ્યો હોય તો મુર્ખાઈનો પસ્તાવો કરો કે જેથી આટલા દિવસ તમો હિન્દુ જનતાને છેતરી છે તેનું પાપ તેઓ અને અદલ ઈનસાફી ઈશ્વર તમોને માફ કરે આટલી જ તમોને મેં ચેતવણીરૂપે ખબર કરી છે તેથી સતપંથી મારા જ્ઞાતિ ભાઈઓ વિચાર કરશો એ થયેલી ભુલનો પસ્તાવો જાહેર કરશો. એજ.

નથરવાનજીની મીલની બાજુમાં હરચંદરાય
પ્લોટ નંબર ૧૫, લોરન્સ રોડ, કરાંચી
તારીખ, ૬ઠી ફેબ્રુઆરી ૧૯૩૭

લી. જ્ઞાતિનો અદના સેવક,
પટેલ રૈયા નાગજી ચૌધરી.
ગામ નખત્રાણાવાળા.

તા.ક. - મારી પત્રિકાઓ વાંચી મને દેશમાંથી કેટલાક ભાઈઓના ધન્યવાદના કાગળો આવે છે તેથી હું સર્વે ભાઈઓનો ઉપકાર માનું છું. અને સાથે કહું છું કે ધન્યવાદ મને અને આખી જ્ઞાતિના ભાઈઓને જાગ્રત કરનાર ભાઈ નારાયણજી રામજીને આપવા જોઈએ.

દુર્ગા પ્રીન્ટીંગ પ્રેસ - કરાંચી.

Online Text Based
(can use for translation)

Source Document

ૐ

પીરાણા સતપંથી કણબી ભાઈઓ તથા મંગવાણાના પટેલ હીરા ખીમા અને રસલીયાના ભગત મનજી હરભમ તેમજ પીરાણાના પુજારી

કાકા રવજી લક્ષ્મણને ખાસ ચેતવણી

આજે જ્યાં જુઓ ત્યાં પીરાણા પંથની જ પીંજણ પીંજાઈ રહી છે અને એજ સતપંથને માનનાર કણબી ભાઈઓમાં ખૂબ જાગૃતી આવતી જાય છે. જેને લઈને ગામ ખેડોઈ કોટડાવાળા ભાઈઓએ એક "શ્રી કચ્છ કડવા પાટીદાર સેવા મંડળ"ને નામે મંડળ પણ ઉભું કર્યું છે તેમજ ગામ લુડવા, દરશડી, રાજપર, વીરાણી વિગેરે ગામોના ભાઈઓ પણ તેઓની સાથે મળીને પીરાણા સતપંથના શાસ્ત્રોને ખૂબ જોવા મંડી પડ્યા છે. તેમાંથી તેઓએ પચીસ પ્રશ્નોની બુક છપાવી સૈયદ બાવા સાહેબ અહેમદઅલી ખાકી પાસે તેના જવાબો પણ માગ્યા છે. તેમજ તેઓએ **વિનંતી પત્રના** નામે એક કાગળ પણ છપાવ્યો છે તેમાં તે ભાઈઓ લખે છે કે **"આપણે પીરાણા સતપંથને માનનાર કણબી ભાઈઓ છીએ, તે કોણ? હિન્દુ કે મુસલમાન."** તેવો સવાલ પુછી કચ્છમાંથી કરાંચીમાં આવેલા આગેવાનો તથા જ્ઞાતિ પાસે જવાબ માંગ્યો છે, પણ આજ દિવસ સુધી અમારી જાણમાં નથી કે તેઓએ શું નિર્ણય કર્યો છે. "હિન્દુ કે મુસલમાન", તેથી તે સંબંધમાં અમો સેવા મંડળના ભાઈઓને કહીએ છીએ કે ભાઈઓ, એ આવનાર આગેવાનો બિચારા શું ખુલાસો કરશે. ખુલાસો તો તમોએ સૈયદ પુંજામીયાં હુસેનમીયાંનો વાંચી લીધો છે તેથી હવે જો તમારે મુસલમાન બનવું હોય તો સતપંથી રહો, ને જો હિન્દુ જ રહેવું હોય તો તમારે કોઈને પણ પુછ્યા સિવાય તે ધર્મનો ત્યાગ જ જોઈએ.

અમો કચ્છમાંથી આવેલા આગેવાનોને તથા કરાંચીમાં પીરાણા સતપંથની હુરાઓના ખાસ ઉમેદવારો તેમજ ભાઈ વીરજી પચાણ તથા દાના પ્રેમજી વિગેરે સતપંથી ભાઈઓને જરૂરથી ચેતવીએ છીએ કે આ બાબતનો તમારે હમણાં જ ગમે તે ભોગે પણ ફેંસલો કરવો જોઈએ. જો તમોને મુસલમાની કલમા પસંદ હોય અને ઈમામ હુસેન હુસેનને જ તમારા વડીલો અને પૂજ્ય માનવા હોય તો હવે તમો એક મિનિટ પણ ઢીલ કરશો તે તમારે માટે નકામી છે. તેથી થાઓ તૈયાર અને તેડાવો સૈયદ પુંજામીયા હુસેનમીયાંને કે જે તમારી ઈસલામના કાયદા મુજબ ક્રિયા કરી વરઘોડે ચડાવી દે અને જો તમારે રામના વંશ જ રહેવું હોય તો હવે પીરાણાપંથ તેમજ તે પંથના સૈયદો અને વટલેલ કાકાઓની સંગત મૂકી ખાસ હિન્દુ સનાતની મોટા પંડિતોને બોલાવી તેના શરણે જઈને માફી માંગો કે જેથી તમારા ઉપર જે આ અર્ધદગ્ધ **ખીચડીયા પીરાણા સતપંથનું** આળ છે તે ઉતરી જાય અને તમો જે ગુજરાત તથા કાઠીયાવાડી

સાગર નાતથી, તજાયેલા ભાઈઓને પવિત્ર જ્ઞાતિ ગંગામાં ભેળી દે તેથી તમો પાછા તે જ જ્ઞાતિ ભાઈઓને શરણે જાઓ તો પાછા તમો રઘુવંશી રામના વંશજ તરીકે લેખાશો. આપણી તે જ્ઞાતિના ભાઈઓ ઘણા દયાળુ છે તેઓ જરૂરથી તમારી અરજીને સ્વીકારી પાછા પોતાની ગોદમાં લઈ લેશે. પણ તે નહિ કરતાં હજી પણ જો તમો એ જ પીરાણાપંથનું પૂછડું ઝાલીને કલમાઓ પડ્યા કરશો તો જરૂરથી હિન્દુ સમાજમાંથી તમારું નામ નિશાન પણ નીકળી જવામાં વાર નહિ લાગે.

આજ દિવસ સુધી સતપંથી ભાઈઓએ જે કાંઈ લખ્યું છે તે વાંચીને અમો ધારતા હતા કે હવે કરાંચીવાસી ભાઈઓ જરૂરથી કાંઈકપણ ફેરફાર કરશે તેથી આપણે બેઠાબેઠા જોયા કરવું પણ તમારું વર્તન દેખીને અમોથી અમારી ફરજ બજાવવાનું રહી શકાતું નથી તેથી જ અમો કરાંચીમાં આવેલા મંગવાણાના પટેલ હીરા ખીમા તથા ગામ રસલીયાના વેદીયા ભગત મનજી હરભમ તથા પીરાણાથી આવેલા ભગવાધારી કાકા રવજીને ખાસ ચેતાવીએ છીએ કે ભાઈઓ તમોએ આજ દિવસ સુધી જ્ઞાતિના જ પૈસાથી ખૂબ માલ મલીદા ખાધા છે અને મોજો પણ ઘણી માણી છે તેથી ખરી અણીના વખતે જરૂરથી તમો પીરાણાપંથી ભાઈઓને હિન્દુ જનતાથી ટળી જતા અટકાવશો, અને ખાસ સૈયદ બાવો સાહેબ જે તમોને આજ દિવસ સુધી ઉંધે રસ્તે દોરી રહ્યો છે કે, **“પીરાણાપંથ હિન્દુ ધર્મ છે”** તેને સૈયદ પુંજામીયા હુસેનમીયાં જે સાચું કહી રહ્યો છે તેની પાસે તેડી જઈ બધી વાતની સફાઈ કરી તેની ઈસલામના કાયદા મુજબ તબલગની ક્રિયાઓ કરાવો કે તે બિચારો પોતાના દાદાઓના બતાવેલા સ્વર્ગમાં પોંચવાનો હક્કદાર બને અને તમો પીરાણાપંથનો ત્યાગ કરી શુદ્ધ સનાતન ધર્મની દિક્ષા લ્યો. આ બે વાતમાં તમોને જે વાત પસંદ હોય તે જલ્દીથી સ્વીકારી લેશો.

આટલું કહ્યાં છતાં પણ જો તમો કાંઈપણ ખુલાસો નહિ કરો તો ચોખ્ખું જણાઈ આવશે કે તમો અહીં ફક્ત તમારો સ્વાર્થ સાધવાં અને અજ્ઞાન ભાઈઓમાંથી પીરાણા સતપંથની અંધશ્રદ્ધા તૂટી ન જાય અને તમારો હંમેશનો હરામી હક્ક (ગોઠીયાં કરવાનો અને પાપી પેટ ભરવાનો) માર્યો ન જાય એટલા માટે જ મોટાઈનો ડોળ કરીને આવ્યા છો. એવું સર્વ જ્ઞાતિ ભાઈને તથા જાહેર જનતા સમક્ષ સાબિત થશે ને તમારા કપાળમાં જ્ઞાતિના દ્રોહનું કાળું કલંક ચોટી જ રહેશે. અસ્તુ

કરાંચી
તા. ૨-૧-૩૭ શનિવાર
હરચંદરાય વીશનદાસ,
પ્લોટ નં. ૧૩
લોરેન્સ રોડ- કરાચી.

લી.જ્ઞાતિ સેવક
પટેલ શીવજી કાનજી પારસીયા,
સેક્રેટરી,
શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક મંડળ.

- દુર્ગા પ્રીન્ટીંગ પ્રેસ - કરાંચી

॥ ॐ ॥

શ્રી કચ્છ

કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક

નવયુવક મંડળ ઘાટકોપરનો વાર્ષિક રીપોર્ટ



વર્ષ ૧ લું

વિક્રમ સં. ૧૯૯૩-૯૪
ઈ.સ. ૧૯૩૭-૩૮

ઉદયની આશથી યુવકોએ મળીને બીજ વાવ્યું છે,
સુંદર મીઠાં ફળો ખાવા બનાવવા વૃક્ષ ધાર્યું છે.
અતિ ઉત્સાહ પાણી દઈ સીંચો સૌ બંધુઓ મારા,
બજાવો ફરજ પોતાની બનાવો વૃક્ષને પ્યારા.

ईश्वर स्तवन

ओं यो भूतंच भव्यंच सर्व यश्चधितिष्ठाति
स्वर्यस्यच केवलं तसमे ज्येष्ठाय व्रह्मणे नमः
अथर्ववेद ॥ काप्डे १० प्रपाठके २३ अनुः ४ में. १ ॥

અર્થ - **(योभूतंच भव्यंच)** જે પરમાત્મા ભૂત ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળ અને સર્વ જગતમાં વ્યાપી રહેલો છે તથા સર્વનો એ અધિષ્ઠાતા અર્થાત સ્વામી છે અને જે ત્રિકાલાતીત છે તથા **(स्वर्यस्यच केवलं)** જે કેવળ સુખસ્વરૂપ અને નિર્વિકાર છે. અર્થાત જેમાં દુઃખનો લેશ માત્ર પણ આભાસ નથી અને જે આનંદઘન બ્રહ્મ છે. (**तस्मै ज्येष्ठाय**) તે સર્વથી મહાન સર્વ સામર્થ્યયુક્ત (**व्रह्मणे**) પરમાત્માને અમે અત્યંત પ્રેમથી નમસ્કાર કરીએ છીએ.

પ્રસિધ્ધ કર્તા : મંત્રી
શ્રી ક. ક. પા. જ્ઞા. સુ. ન. યુ. મંડળ
ઘાટકોપર-જીલ્લા થાણા

તારીખ

Online Text Based
(can use for translation)

Source Document

૨૫. નવ યુવકમંડળ ઘાટકોપરનો વાર્ષિક રિપોર્ટ - વર્ષ 1937-38

ઈશ્વર મહિમા
(ગઝલ-કવ્વાલી ઢબ)

હો નાથ જગત્-નિયતાં, મહીમા અપાર તારો,
યોગી-યતિ બિચારા, થાકયા કરી વિચારો- હો નાથ.

બ્રહ્માંડ આ રચાયું, તારી મહા કળાથી
આકાશ અમાપ કીધું, જેનો નહિ કિનારો- હો નાથ.

લાખો ગ્રહો પ્રકાશે, તાર અતુલ બળથી,
તું છે રવિ-શશિને, ગગને ઘુમાવનારો- હો નાથ.

વાયુ સદા વહે છે, તારા અપાર ભયથી
અગ્નિ તપી રહ્યો છે તે પણ પ્રતાપ તારો- હો નાથ.

તારી સહજ કૃતિથી, પૃથ્વી પ્રચંડ પહાડો,
પ્રકટ્યા મહા સમુદ્રો, નદીઓ વહે હઝારો- હો નાથ.

પંખી પશુ અને કંઈ, વૃક્ષો, ફળોને ફુલથી,
શણગારીયાં પ્રભુ તે, સૃષ્ટિ તણાં બઝારો- હો નાથ.

એવા અજબ જગતને, પેદા કરી તું પાળે,
અંતે અહો બને તું, સઘળું સંહારનારો- હો નાથ.

તારી અગાધ લીલા, શકીએ જરા ન જાણી,
પણ તુ સકળ જગતના, મનને કળી જનારો- હો નાથ.

તારી ગતી સમજવા, તારૂ શું નામ ભજવા,
હે તાત ! દયા કરી દે, સુમતિ ને સુવિચારો- હો નાથ.

હે કૃપાનિધાન તારૂં, ભાવે ભજન કરીને,
પુણ્યો રળી હરી હું, ભવને તરી જનારો- હો નાથ.

૨૫. નવ યુવકમંડળ ઘાટકોપરનો વાર્ષિક રિપોર્ટ - વર્ષ 1937-38

નિવેદન

પરમકૃપાળુ પરમાત્માની આ સંસારની રચના કેટલી બધી અદ્‌ભુત છે કે તેના નિયમોમાં જરાપણ પરિવર્તન થઈ શકતું નથી, ખરેખર એમના નિયમો કેટલા બધા અટલ છે કે જેનું ઉલ્લંઘન પણ કોઈ કરી શકતું નથી. સૂર્ય, નક્ષત્ર, તારાગણ તથા પૃથ્વિયાદી ગ્રહો પ્રભુના એ નિયમાનુસાર અંતરિક્ષમાં ભ્રમણ કરી રહ્યા છે. ચંદ્રની કળા વધે ઘટે છે, ફુલો ખીલે છે અને કરમાય છે, સમુદ્રમાં ભરતી આવે છે અને ઉતરે છે, દેશની ઉન્નતી અવન્નતી, માનવસમાજની ચડતી અને પડતી કુદરતી નિયમાનુસાર થયા કરે છે.

એક વખત આપણો ભારતવર્ષ ઉન્નતીના શિખરે હતો, વિદ્યા અને વિજ્ઞાનનો ભંડાર હતો. એટલું જ નહિ પણ સાર્વભૌમ આર્યોનું ચક્રવ્યતી રાજ્ય મહાભારતના સમય સુધી હતું. ત્યાર પછી આપણા ભારતની તેમજ વૈદિક સનાતન ધર્મની પડતી દિનપ્રતિદિન થવા લાગી. મુખ્ય કારણ આપણી અંદરોઅંદરની ફાટફુટનો લાગ જોઈ વિધર્મીઓએ ઉપરાઉપરી ચડાઈઓ કરી ભારતની વિશેષ પાયમાલી કરી, છતાં પણ આપણી વૈદિક સંસ્કૃતિને ધકો લાગ્યો નહતો. પણ આપણી હિન્દુ જ્ઞાતિના કમભાગ્યે આપણા ભારત વર્ષ પર ધર્માંધ મુસલમાનોનું ધ્યાન ખેચાયું. વારંવાર ચડાઈઓ કરી. હિન્દુઓને હરાવી હિન્દમાં ઈસ્લામી સલતનત સ્થાપી કાશ્મીરથી કન્યાકુમારી સુધીનું સામ્રાજ્ય પ્રસરાવ્યું, અને એ સત્તાના બળથી હિન્દુ જ્ઞાતિને બળાત્કારે મુસલમાન બનાવવાનું, મંદિરો તોડી પ્રતિમાઓનું ખંડન કરવા તથા રાજપુત જ્ઞાતિપર નવરોજા જેવા નિંદ રિવાજો ઈત્યાદિ ઈત્યાદિ અત્યાચારો કરતા હતા ત્યારે અડગ ટેકધારી મહારાણા પ્રતાપ, શિખ વીર ગુરૂ ગોવિંદસીંઘ વીર દુર્વાદાસ તથા મહારાષ્ટ્રીય વીર છત્રપતિ શિવાજી મહારાજે આપણા વૈદિક સનાતન ધર્મની રક્ષા કરી છે. ખરેખર કહ્યું છે કે 'શિવાજી ન હોત તો સુન્નત હોત સબકી.' આવી રીતે જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાય છે ત્યારે પ્રભુ કોઈને કોઈ મહાન વ્યક્તિને ધર્મની રક્ષા કરવા મોકલે છે. આજે દેશની આઝાદીના માટે પુ. મ.ગાંધી અને પંડીત જવાહરલાલ નહેરુ જેવા દેશનેતાઓ મહાન પ્રયત્ન કરી રહ્યા છે, તેવી જ રીતે આપણા હિન્દુ ધર્મની રક્ષા હિન્દુ મહાસભા અને આર્યસમાજ કરી રહી છે.

ઈસ્લામની કટોકટીના તરવારના જમાનામાં અમારી પાટીદાર જ્ઞાતિ ઈમામશાહી વૈભવી પીરાણા સતપંથની સોનેરી ઝાળમાં આજે ચાર સાડાચાર સૈકાથી સપડાયેલી છે પણ વટલેલી નથી. અર્ધદગ્ધ પંથે માનવા છતાં પણ હિન્દુત્વનું આજ દિવસ સુધી અભિમાન ધરાવે છે અને ધરાવતી રહેશે. આપણી જ્ઞાતિને એ પાપી પંથથી મુક્ત કરવા આપણા સુધારક ભાઈઓ આજે ૨૦-૨૫ વરસ થયા. પ્રથમ દેહશુદ્ધિ કરાવી જ્ઞાતિથી, માતા પિતા, કુટુંબ આદિથી ખાવા પીવાનો સદંતર વહેવાર બંધ કરીને જ્ઞાતિમાં આવી રીતનું સ્વજ્ઞાતિથી દેહશુદ્ધિ કરાવી સનાતન ધર્માનુયાયી બનાવવાનું પ્રચાર કાર્ય કરતા હતા. પણ એ કાર્ય વધીને પછાત પડી જવાથી ઘાટકોપર તેમજ કચ્છમાં પ્રચારકાર્યની જરૂરત હોવાથી અમો ઘાટકોપરવાસી નવયુવકોએ દેશકાળ અને યુગધર્મને અનુસરીને આવી રીતની સ્વજ્ઞાતિથી દેહશુદ્ધિ કરાવાનું ન માનતા જ્ઞાતિ સાથે રહી ખાવા પીવાનો વહેવાર ચાલુ રાખીને જ્ઞાતિને એ પીરાણા પંથથી મુક્ત કરવાને માટે અજ્ઞાનતાથી માનેલા પાખંડી પંથનું યથાશક્તિ પ્રાયશ્ચિત એટલે આજ દિવસ સુધી જે અજ્ઞાનતાથી માનેલા વિધર્મી પંથની મંડળમાં અથવા પંચ સમક્ષ માફી માંગી ફરીથી એ પાપી પંથને ન માનવાની પ્રતિજ્ઞા કરાવી, ગાયત્રી મંત્રદ્વારા આત્માશુદ્ધિ કરાવી જ્ઞાતિને વૈદિક સનાતન ધર્માવલંબી બનાવવાનું પ્રચાર કાર્ય કરવાને શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક નવયુવક મંડળની સ્થાપના કરવામાં આવી છે.

લિ. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક નવયુવક મંડળ
ઘાટકોપરના કાર્યવાહકો.

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક નવયુવક મંડળ ઘાટકોપરની સ્થાપના અને તેના ઉદ્દેશ અને નિયમો

સૂર્ય કુળભૂષણ ભગવાન શ્રી રામચંદ્રજીના જન્મના પવિત્ર દિવસે સંવત ૧૯૯૩ ના માસ ચૈત્ર સુદ ૯ ની રાત્રે મુકામ ઘાટકોપર મધ્યે શેઠ રામજી જાદવજીની વાડીમાં પુજ્યશ્રી પાંચ વડિલ મેઘજી લખમશી મુરબ્બી રાજારામ શામજી, શ્રીમાન ભાઈ રતનસિંહ ખીમજી, શ્રીમાન ભાઈ શીવદાસ કાનજી, શ્રીમાન ભાઈ કરસન ઉકેડા, વીર ઉત્સાહી યુવક ભાઈ રામજી ધનજી જાકરાણી તથા અમો ઘાટકોપર માટુંગા મુંબઈ નિવાસી નવયુવકોએ મળીને નીચે લખેલા ઉદ્દેશ અને નિયમોનું બંધારણ કરી મેમ્બરોની ચુંટણી કરીને મંડળની સ્થાપના કરી આ મંડળનું નામ શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક નવયુવક મંડળ રાખવામાં આવ્યું છે. ઉપરોક્ત મંડળની વ્યવસ્થા કરવા માટે ચુંટાયેલા મેમ્બરોમાંથી એક વ્યવસ્થાપક મંડળ નીમવામાં આવ્યું છે જેનું નામ કાર્યવાહક કમિટી રાખવામાં આવ્યું છે.

કાર્યવાહક કમિટીના મેમ્બરોનું નામવાર લીસ્ટ.

૧	કરશનભાઈ ઉકેડા	રૂડાણી	દેશલપુર -મંજલ	પ્રમુખ
૨	માધવજીભાઈ ભીમજી	ભગત	ખોંભડી	ઉપ-પ્રમુખ
૩	મુલજીભાઈ શીવજી	વાસાણી	ખોંભડી	મંત્રી
૪	ભાણજીભાઈ રાજારામ	ધોળુ	માનકુવા	ઉપ-મંત્રી
૫	શિવજીભાઈ મેઘજી	દિવાણી	વીરાણી મોટી	
૬	મુળજીભાઈ નથુ	લિંબાણી	દેશલપુર મંજલ	
૭	શિવગણભાઈ વસ્તા	રૂડાણી	મંગવાણા	
૮	લાલજીભાઈ માવજી	લિબાંણી	દેશલપુર	
૯	ખીમજીભાઈ નારાયણ	રૂડાણી	વિથોણ	
૧૦	રામજીભાઈ નાથા	પરવાડીયા	કોટડા ખેડોઈ	
૧૧	વેલજીભાઈ મેઘજી	રૂડાણી	દેવીસર	
૧૨	અબજીભાઈ ધનજી	પોકાર	ધાવડા	
૧૩	શિવગણભાઈ કાનજી	શેંગાણી	રસલીયા	
૧૪	વિશ્રામભાઈ હીરજી	ઉકાણી	ગઢશીશા	
૧૫	કાનજીભાઈ નથુ દિવાણી		વેરસલપુર	
૧૬	શિવગણભાઈ અર્જુન	નાકરાણી	કોટડા જડોધર	
૧૭	ખીમજીભાઈ કરસન	નરસિયાણી	વિથોણ	

મંડળના સલાહકારોનાં નામ

પુજ્યશ્રી ૫. વડિલ મેઘજી લખમસી
પુજ્યશ્રી મુરબ્બી રાજારામ શામજી
પુજ્યશ્રી શ્રીમાન ભાઈ રતનસિંહ ખીમજી
પુજ્યશ્રી શ્રીમાન ભાઈ શિવદાસ કાનજી

નવયુવક મંડળના ઉદ્દેશ અને નિયમો.

૧. આપણી સમસ્ત જ્ઞાતિમાંથી આપણને અલગ પાડી દેનાર તેમજ હિન્દુપણામાંથી ટાળી દેનાર પીરાણા સતપંથ જ્ઞાતિમાંથી નાબુદ કરવો, અને કોઈપણ જોખમે અને ખર્ચે એ કાર્ય પ્રથમ હાથ ધરવું એ આ મંડળનો મુખ્ય ઉદ્દેશ છે.

૨. બાળલગ્નના અધર્મયુક્ત અને હાનીકારક રિવાજને જ્ઞાતિમાંથી નાબુદ કરવો. તેને ખાસ ધ્યાનમાં લઈ જ્ઞાતિ સુધારક નવયુવક મંડળમાંના સભ્યોએ બાળલગ્ન ન કરવાં અને જ્ઞાતિમાંનો કોઈપણ ભાઈ પોતાના બાળકોને એવી અધર્મયુક્ત રીતે પરણાવતો હોય તો તેને તેમ ન કરવા સમજાવવા દરેક પ્રયત્નો કરવા એ આ મંડળની મુખ્ય ફરજ છે.

૩. વિદ્યા એ સર્વોત્તમ શક્તિ હોવાથી તેનો બહોળો પ્રચાર જ્ઞાતિના તેમજ પોતાના પુત્ર પુત્રીઓને પુરતી કેળવણી આપીને કરવાનો ખાસ ઉદ્દેશ ધ્યાનમાં રાખવો. એમાં આ મંડળે પોતાની મુખ્ય ફરજ સમજશે.

૪. આપણી જ્ઞાતિમાં લગ્ન ક્રિયા તેમજ મરણ ક્રિયા વૈદિક સનાતન ધર્મના શાસ્ત્રવિધી અનુસાર કરવા-કરાવવાના બનતા દરેક પ્રયત્નો કરવાનો આ મંડળનો ખાસ ઉદ્દેશ છે.

૫. આ મંડળનું દરેક પ્રકારનું કામકાજ કચ્છ દેશના રહીશ હોય એવા કડવા પાટીદાર બંધુઓના હિતાર્થે જ થશે.

નિયમો

(૧) કચ્છ દેશના જ કડવા પાટીદાર બંધુઓ કે જેઓનો પરસ્પર ખાવા પીવાનો વહેવાર ચાલુ છે તેઓ આ મંડળના સભ્ય થઈ શકશે અને મંડળ તરફથી નક્કી કરવામાં આવેલી ફી આપવાથી અને મંડળના ઉદ્દેશ અને નિયમોનો અંગીકાર કરેથી સભ્ય તરીકેના દરેક હક તેમને પ્રાપ્ત થશે.

(૨) આ મંડળની મુંબઈ પ્રદેશની મુખ્ય ઓફીસ ઘાટકોપરમાં રહેશે અને જરૂર જણાંતા બીજી જગ્યાએ પેટા ઓફીસો ખોલવામાં આવશે.

(૩) આ મંડળનો ઉદ્દેશ બર લાવવા માટે બહુમતે ઉપયોગ થશે અને જે જે ભાઈઓ જે જે કાર્ય માટે યોગ્ય જણાશે તેમને કમિટી દ્વારા અથવા વ્યક્તિત્વ પરત્વે નિમણૂક કરવામાં આવશે તેમજ આ મંડળનો ઉદ્દેશ બર લાવવા અને તેનો વહીવટ કરવા સારૂ ૧૫ સભ્યોની એક વ્યવસ્થાપક કમીટી નીમવામાં આવી છે તેને આ મંડળના ઉદ્દેશના અંગે ઉત્પન્ન થતું દરેક કાર્ય કરવાની સત્તા રહેશે ને તે માટે યોગ્ય ખર્ચ પણ કરી શકશે.

(૪) આ મંડળના મુખ્ય સલાહકાર તરીકે વધારેમાં વધારે પાંચ મુરબ્બીઓની નિમણુક કરવી અને તેઓ મંડળના સભ્ય નહિ હોય તેવા મુરબ્બીઓને મંડળના સલાહકાર તરીકે પસંદ કરવામાં આવશે.

(૫) ૧૮ થી ૪૫ વર્ષ સુધીની ઉમંરનો કોઈ પણ ભાઈ આ મંડળનો સભ્ય થઈ શકશે.

(૬) આ મંડળની ખાસ સભા પંદર દિવસે ભરવામાં આવશે અને દર મહીનાની છેલ્લી તારીખે મહીના દિવસમાં થયેલું કામકાજ અને મંડળના અંગે થયેલા ખર્ચનો હિસાબ સેક્રેટરીએ મંડળના સભ્યોને સંભળાવવો અને તે સિવાય વ્યવસ્થાપક મંડળના સભ્યોને સંભળાવવો અને તે સિવાય વ્યવસ્થાપક મંડળના સભ્યોને કોઈ ખાસ

કારણસર સભા બોલાવવાની જરૂર પડે તો તે બોલાવી શકશે. આવા પ્રકારની સભા બોલાવવાની ખબર કમિટીના સભ્યોને મંડળના સેક્રેટરીએ અગાઉથી આપવી.

(૭) વ્યવસ્થાપક મંડળ પોતાની સભા જ્યારે જ્યારે જરૂર જણાશે ત્યારે બોલાવી શકશે અને ઓછામાં ઓછા ૨/૩ જેટલા સભ્યો હાજર રહેશે તે વખતે મંડળના ઉદ્દેશને બાધ ન આવે તેવાં જરૂર પડતાં કામકાજો કરવાની વ્યવસ્થાપક મંડળને સત્તા રહેશે.

(૮) મંડળનો ઉદ્દેશ બર લાવવા માટે અને મંડળના નિભાવ અર્થે તેમજ મંડળની સભાઓમાં થયેલ કામકાજોના હેવાલો તેમજ જરૂર જણાતા અન્ય હેવાલો પત્રીકા રૂપે છપાવવા અર્થે જે કંઈ પૈસાની જરૂર પડે તે માટે કોઈ ખાસ ફંડ કરવામાં નહી આવ્યું હોય તો મંડળના સભ્યોની માસીક ફી વાળા ફંડમાંથી ખર્ચ કરવામાં આવશે.

(૯) આ મંડળની દરેક સભામાં થતા કામકાજની નોંધ વ્યવસ્થાપક કમિટી તરફથી રાખવામાં આવશે. તે પ્રોસેડીંગ બુક ગણાશે. દરેક સભા પછી તે મોટી હોય કે વ્યવસ્થાપકોની હોય તેના કાર્યનો હેવાલ લખાઈ ગયા બાદ તે કાર્ય જેના પ્રમુખપણા નીચે થયું હોય તે તેના નીચે પોતાની સહી કરશે.

(૧૦) મંડળનો કોઈપણ સભ્ય મંડળના ઉદ્દેશ કે હેતુ અને નિયમોથી વિરુદ્ધ જવાપણું કરી શકશે નહી અને વિરૂદ્ધ વર્તન કરનારનો સભ્ય તરીકેનો હક્ક છીનવી લેવામાં આવશે અથવા વ્યવસ્થાપક કમિટી તેમજ મંડળના સલાહકારો સંજોગોને અનુસરી જે ફેંસલો આપશે તેનો અમલ કરવાને વિરુદ્ધ વર્તન કરનાર સભ્ય બંધાયેલ રહેશે. તેમજ એવી રીતે કમી થયેલ સભ્યનો મંડળની કોઈપણ પ્રકારની મીલકતમાં બીલકુલ હક્ક રહેશે નહીં.

(૧૧) આ મંડળે પસાર કરેલા નિયમો અને ઉદ્દેશો અને અમલ કરવો અને કરાવવો એ દરેક ભાઈની ફરજ ગણાશે અને એ કાર્ય માટે જેની પદ્ધતીસર નિમણુક કરવામાં આવી હોય તે બંધુ તેના કાર્ય માટે આ મંડળને જવાબદાર રહેશે. પરંતુ જેની પદ્ધતીસર નિમણૂક નહી થઈ હોય તેવા કોઈ પણ પ્રકારના કાર્ય માટે આ મંડળ જવાબદાર રહેશે નહીં.

(૧૨) દર મહીનાની કોઈપણ તારીખે ઉપદેશકોને બોલાવી સભાઓ ભરીને ધાર્મિક તેમજ સામાજીક ઉપદેશ કરાવવો અને વૈદિક સનાતન ધર્મ પ્રમાણે સંધ્યા આદિ નિત્ય કર્મ શીખવા-કરવાં-કરાવવાં. બનતા દરેક પ્રયત્નો કરવા.

(૧૩) મંડળ તરફથી ચોપાનીયા કે હેન્ડબીલ તેમજ ચોપડીઓ છપાવી બહાર પાડવામાં આવે તે પહેલાં સેક્રેટરીએ લખાણ વ્યવસ્થાપક કમીટી તેમજ સલાહકારો આગળ વંચાવી પાસ કરાવવું. અને તેના નીચે વ્યવસ્થાપક કમિટીના હાજર રહેલા સભ્યોની સહી કરાવવી..

(૧૪) ઉપર પ્રમાણે વ્યવસ્થીત રીતે ચોપાનીયા વિગેરે જે કાંઈ મંડળ તરફથી છપાવી બહાર પાડવામાં આવશે. તેમાં મંડળના દરેક સભ્યો જવાબદાર રહેશે અને તે કામ કાયદેસરનું ગણાશે.

(૧૫) આ મંડળનું કાર્ય એ જ્ઞાતિહીતનું કાર્ય છે એમ સમજી જે જે જ્ઞાતિઓ આ મંડળને જે જે પ્રકારે મદદ કરશે તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવશે અને મંડળ તેની નોંધ લેશે.

(૧૬) આ મંડળની આ સભા દેશકાળ તે અનુસરી જે જે વખતે જે જે ઠરાવો પસાર કરશે તે મુજબ વર્તવાને દરેક સભ્ય બંધાયેલા રહેશે.

સુચના :-

દરેક ભાઈઓ આ મંડળના ઉદ્દેશ અને નિયમોને બરાબર જાણી સમજીને સભ્ય થયા છે એટલે આ મંડળનો જ્ઞાતિહિત સાધવાનો ઉદ્દેશ તેમની મદદ વડે જલ્દીથી બર આવશે એવી આ મંડળને ખાત્રી રહે છે. તેમજ જે જે સભ્યો થયા છે અને હવે પછી થવાનો છે તેઓએ મંડળ તરફથી છપાયેલ **"અંગીકરણ પત્ર"** ઉપર પોતાની સહી કરી સેક્રેટરી ઉપર મોકલી આપવું અને જ્ઞાતિહિતના કાર્યમાં જોડાવું એવી દરેક જ્ઞાતિ બંધુને વિનંતી કરવામાં આવે છે.

વ્યવસ્થાપક કમિટી.

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક નવયુવક મંડળ ઘાટકોપર.
ગત વર્ષ દરમ્યાન કરેલા કામકાજનો ટુંક અહેવાલ.

ગત વર્ષ દરમ્યાન અમારા નવયુવક મંડળે મંડળની ઓફીસમાં તથા અન્ય સ્થળે ૨૪ ચોવીસ સભાઓ ભરીને ગાયત્રી મંત્રનો ઉપદેશ સંધ્યા-અગ્નિ હોમાદી, કર્મકાંડ, વૈદિક મંત્રોનો સારો પ્રચાર કર્યો હતો અને ધાર્મિક વિષયનો ઘણા ભાઈઓએ લાભ લીધો છે, આજે લગભગ મંડળના મેમ્બરો તેમજ મંડળમાં આવતા જતા તમામ ભાઈઓએ ગાયત્રી મંત્ર કંઠસ્થ કરેલ છે.

આ મંડળે પીરાણાના કહેવાતા સતપંથને નાબુદ કરવાને માટે સભાઓમાં જુસ્સાદાર ભાષણોથી સમજાવ્યું હતું. તેમજ દિવાળી, રામનવમી, જન્માષ્ટમી વિગેરે પર્વોની જાહેર સભાઓ બોલાવી પર્વની મહતા, પર્વોથી થતાં સંગઠનનો બોધ એ મહાન પુરૂષના જીવન પરથી લઈ શકાય છે. એ વિષય પર સુંદર ભાષણો અપાયાં હતાં.

અમારા નવયુવક મંડળની સ્થાપના થયા બાદ તરત જ અમોને જ્ઞાતિની અમુલ્ય સેવાનો લાભ ગામ શ્રી નખત્રાણા મધ્યે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની પ્રતિમાનો મહાન અવસર પ્રાપ્ત થયો હતો. તે વખતે અમારા મંડળના આઠ પ્રતિનિધી તથા અમારા મંડળના ચાર સલાહકાર વડીલો મળીને ઘાટકોપરથી બાર-જણ ત્યાં અગાઉથી જઈ ત્યાંના કાર્યને મદદરૂપ થયા હતા.

નખત્રાણાથી આવ્યા બાદ બીજે દહાડે ગુજરાત મગનપુરામાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની મંદિર પ્રતિષ્ઠાના તાર મારફતે ખબર આવ્યા કે તરત જ મંડળના બે પ્રતિનિધી તથા શ્રીમાન ભાઈ રતનસિંહ ખીમજી એમ ત્રણ જણ ઘાટકોપરથી અને મુરબ્બી રાજારામ શામજી પરબારા કચ્છથી ત્યાં બધા ટાઈમસર પહોંચી ત્યાંના કાર્યને મદદરૂપ થયા હતા. ત્યાંના કાર્ય કરતા સુધારક ભાઈઓએ એક મોટી જાહેર સભા બોલાવી જ્ઞાતિની ઉત્તમ પ્રકારે સેવા બજાવી હતી. તે સભામાં મુખ્ય વક્તા ભાઈશ્રી રતનસિંહ ખીમજી મુરબ્બી રાજારામ શામજી તથા તધા ધા. નવયુવક મંડળના મંત્રી મુળજી શીવજીએ પીરાણાના પાખંડી ધર્મનું ખંડન જુસ્સાદાર ભાષણોથી કર્યું હતું અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરની પ્રતિષ્ઠાના સંબંધમાં સુંદર રીતે હૃદયાકર્ષક ભાષણો આપેલાં અને મંદિરના ખાતે ફંડ પણ કરવામાં આવ્યો હતો. સભામાં ભાઈશ્રી રતનસિંહ ખીમજીએ પીરાણાની ક્રિયામાં હરવખતે વપરાતી અપવિત્ર ભ્રષ્ટ ગણાતી નુરની ગોળી કે જેનાથી આપણી બુદ્ધિનો નાશ થાય છે. એવી એ ગોળી કરતાં બંદુકની ગોળી ખાવી ઉત્તમ છે પણ પીરાણાની કરબલાની ગોળી ખાવી પીવી એ એક મહાન પાપ છે. એ

સંબંધી ખુબ કહ્યું હતું જેથી ઘણા ભાઈઓએ તેજ વખતે પીરાણાના પંથનું ગીતાજીના સોગંદપુર્વક પ્રાયશ્ચિત કરી ગોળી ન પીવાનું સખ્ત પ્રતિજ્ઞાઓ કરી હતી. જે ત્યાં પધારેલા ભાઈઓને વિદિત છે. આસો વદ૦))

સંવત ૧૯૯૩ ની દિવાળીના પર્વ નિમીત્તે બોલાવેલ જાહેર સભાની કાર્યવાહી તારીખ. સભાનું પ્રમુખસ્થાન ભાઈ શ્રી શિવદાસ કાનજીને આપવામાં આવ્યું હતું. પ્રાર્થના વેલજીભાઈ મેઘજી બોલ્યા હતાં.

જય હું ગાઉ પ્રેમથી પ્રિય માત ઉમિયાની સદા,
બાળકો પર હો કરૂણા પ્રેમથી તારી સદા. -ટેક

જ્ઞાતિતણો ઉદ્ધાર કરવા, એ પ્રેમ અમમાં લાવશો,
કષ્ટ કાપી સુખ આપી, પ્રેમથી નિરખો સદા. -જય.

અમ બાળકોની દષ્ટિ એવી, જ્ઞાતિને કરવા સુખી,
જય હો જ્ઞાતિ મમ જય હો જ્ઞાતિ મમ, એ જાપને જપીએ સદા. -જય

એ જાપને જપતાં કદિ જો, જીવ જોખમમાં પડે,
નામ જગદિશ્વરીતણું તે, વિઘ્ન દુર કરશે સદા -જય.

વેલો કહે વહાલા વીરાઓ, જપીએ સદા એ જાપને,
જય હો જ્ઞાતિ જય હો દેવી, માતુ ઉમિયાની સદા -જય.

દોહરો

ઉદયની આશથી મિત્ર, મળીને બીજ વાવ્યું છે,
સુંદર મીઠાં ફળો ખાવા, બનાવા વૃક્ષ ધાર્યું છે.

અતિ ઉત્સાહ પાણી દઈ, સીંચો સૌ બંધુઓ મારા,
બજાવી ફરજ પોતાની, બનાવો વૃક્ષને પ્યારા મિત્ર દાના.

પ્રમુખનું નિવેદન.

વ્હાલા સ્વજ્ઞાતિ બંધુઓ, આપની આજની સભા જે દિવાળી પર્વ મનાવવા અને તે નિમિત્તે એકત્ર થઈ આપણે જ્યાં સુધી પીરાણા સતપંથથી આપણી જ્ઞાતિને મુક્ત કરી શક્યા નથી ત્યાં સુધી આપણા પ્રત્યેક પર્વોના જાહેર સભાઓમાં આપણે એ સંબંધી વિચારો ઘડવા જ્ઞાતિને છોડાવા વાસ્તે મહાન પુરૂષાર્થ કરવો એજ આપણું પર્વને માનવું ગણાય. આપણે અત્યારે જે પ્રાર્થનામાં બોલ્યા કે જય હો જ્ઞાતિ મમ જય હો જ્ઞાતિ મમ એ જાપને જપીએ સદા એ આપણો મહામંત્ર છે એ વાતને લક્ષમાં રાખશો. મારી એટલી યુવકોને પ્રાર્થના છે.

મુરબ્બી રાજારામ સામજીનું ભાષણ.

વ્હાલા સ્વજ્ઞાતિ બંધુઓ તથા બહેનો, દિવાળીનું પર્વ આપણા ભારત વર્ષના ચારે ખુણામાં હિન્દુ મુસલમાન સૌ એક સરખી રીતે હર્ષભેર ઉજવે છે. પર્વની વિશેષ મહત્તા આજરોજ ભગવાન શ્રી રામચંદ્ર ચૌદ વરસ વનવાસ ભોગવી પાછા આવ્યા જે વખતે લોકોએ તેમના માન માટે ઘેર ઘેર દીપકો પ્રગટાવી આગણાંમાં સાથીયા પુરી હર્ષ પ્રદર્શિત કર્યો હતો. બીજું આજે આપણા શકપ્રવર્તક મહારાજા વિક્રમાદિત્યના વર્ષની પુર્ણાહુતી થઈ નવું વર્ષ શરૂ થવાથી પ્રત્યેક વેપારીઓ આ દિવસે શ્રી લક્ષ્મીપુજન સરસ્વતી પુજન કરી ચોપડા બદલે છે, અને આગળના વર્ષ માટે વિશેષ કાળજી રાખે છે તેવી જ રીતે આપણે પણ વર્ષ દરમ્યાન કરેલા કામનો હિસાબ પ્રત્યેક વ્યક્તિએ કરવો જોઈએ અને કાર્ય જે વિશેષ વેગવાન બનાવવું જોઈએ એવી મારી આપ યુવકોને પ્રાર્થના છે.

આજે સાત માસ થયા નવયુવકો પોતાની સુધારક તરીકેની ફરજ અદા કરી રહ્યા છે એ યુવાનોની કિંમત ગણાય. કારણ કે જ્ઞાતિની દેશની સેવા કરવી એ એક કિંમત છે. દેશના ખાતર જેલ જનારાની કિંમત ધર્મના માટે બલિદાન આપવાં એ એક મહાન કિંમત છે માટે બંધુઓ આપણો મુખ્ય ધ્યેય વૈદિક સનાતન ધર્મને માનવો છે એમાં જ આપણી કિંમત છે શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે-

स्वधर्मे निर्धनं श्रेय परधर्मो भयावहः મારા બંધુઓ, આપણો પોતાનો ધર્મ ગમે તેવો ખરાબ હોય અર્થાત આપણા વૈદિક ધર્મના માટે મરી જવું એ સારૂં છે. પણ વિધર્મને માનવો એ મહાન હાની કરતા છે માટે પરધર્મનો ત્યાગ કરી આપણે એ વૈદિક ધર્મને માનવો છે કે ગીતામાં શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે-

यतोः अभ्युदय निश्रेयसः सीधी सधर्मः

જે ધર્મ આલોકમાં સુખ આપી પરલોકમાં પણ અક્ષયસુખને પ્રાપ્ત કરાવે છે એવો જે આપણો વૈદિક ધર્મ છે તેને મનાવવા માટે જ્ઞાતિમાં પ્રચારની ઘણી જ ભારે આવશ્યકતા છે. મારી પ્રભુના પ્રત્યે પ્રાર્થના છે કે આપના મંડળના મેમ્બરોને પરમાત્મા શક્તિશાળી બનાવે કે જેથી જ્ઞાતિમાં પ્રચાર કાર્ય કરી અજ્ઞાન અંધકારનો નાશ કરી વૈદિક સૂર્યને પ્રાપ્ત કરાવે.

ભાઈ રતનસિંહ ખીમજીનું ભાષણ

વ્હલા સ્વજ્ઞાતિ બંધુઓ અને પુજ્ય બહેનો, આપણુ જે અગાઉ ઘાટકોપરમાં સુધારાનું કાર્ય થતુ હતું તે કાર્ય પડી ભાંગવાથી ઘાટકોપર વાસી નવયુવકોથી સહન થયું નથી જેથી તોાએ ઘાટકોપરમાં નવયુવક મંડળની સ્થાપના કરી જ્ઞાતિ સુધારાના કાર્યને પુનઃજીવન આપ્યું છે આજે સાત મહિના થયા. આપણે જે જ્ઞાતિની યત કિંચીત સેવા બજાવી છે જેનું પ્રત્યક્ષ પરિણામ આજે આપની દ્રષ્ટિ આગળ છે.

આ.ન. યુ. મંડળની સ્થાપના થયા પછી નખત્રાણા તથા મગનપુરા મંદિરની પ્રતિષ્ઠા આ નવયુવક મંડળને મદદરૂપ છે નખત્રાણામાં થયેલા ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિરની પ્રતિષ્ઠાના રિપોર્ટ અભિપ્રાયોના કાગળો પરથી એવી આશા બંધાય છે કે હવે આપણી જ્ઞાતિ પરથી પીરાણાના પાખંડી પંથનું કલંક થોડા દિવસમાં નીકળી કશે એવી આશા બંધાય છે કારણ કે ગામેગામ સુધારાની ચળવળ ચાલુ છે તે હવે બંધ થવાની નથી. કારણ કે હાલના પ્રચાર કાર્યનો સંદેશ ઘેર ઘેર ફરી વળ્યો છે. પેલાના મંડપવાળા અમાસ જેવા સુધારકો જ્ઞાતિ ભાઈઓને સ્વજ્ઞાતિથી દેહશુદ્ધિ કરાવી. ખાવાપીવાનો વહેવાર બંધ કરીને પીરાણા પંથને ત્યાગવાનું પ્રચાર કાર્ય કરતા હતા.

જ્ઞાતિને વટલેલી ઘણી એમનાથી ખાવાપીવાનો વહેવાર બંધ કરી હડધુત કરવાથી એ કાર્યમાં પછાત પડી ગયા ત્યારે આ.ન.યુ.મંડળ જ્ઞાતિ સાથે રહી જ્ઞાતિના સેવક બની એમને પ્રેમથી વિનયથી સમજાવી એમના હૃદયનો પલટો કરાવી તેમજ માનપમાનનની દરકાર કર્યા વગર જ્ઞાતિમાં સુધારાનું કાર્ય ખરા અંતઃકરણથી કરે છે જેથી તેઓના રાત દિવસના સહવાસથી આ કાર્યમાં ફતેહમંદ નિવડશે.

બીજું મારૂં આપને એ કહેવાનું છે કે આપ જેમ ધાર્મિક, વૈદિક સનાતન ધર્મનો પ્રચાર કરો છો તેમ સાથે સાથે તમારે એ પણ કરવાની જરૂરત છે કે જ્ઞાતીનો કોઈ ભાઈ બિમાર પડેલો હોય ઘરબાર વગરનો નિરાશ્રીત હોય તેમજ બીજા કોઈ એક્સીડન્ટના દુઃખોથી સપડાયેલો હોય, દેશથી આવીને બીમાર પડી ગયેલો હોય, ધંધા વગર રખડી ગયેલો હોય તો તેવા પ્રસંગે તેઓને દેશમાં પોચાડવાનું ભાડું વિગેરેની સહાયતા કરવી આપણી ફરજ છે. નીતીકારોએ કહ્યું છે કે-

परिवर्तनी आ संसारे, मृतको वान जायते,
सजातो येन जातने, ज्ञातीवंश समोन्तीम.

ભાવાર્થ :- આ દુનિયામાં ઘણાએ માણસો જન્મે છે અને મરે છે પણ જન્મ્યો તો એ ગણાય કે જે જ્ઞાતીની ઉન્નતી કરે. જ્ઞાતિની સેવા કરે. બીજા બધા જન્મ્યા ખરા પણ ન જન્મયા જેવા.
માટે બંધુઓ આપ જ્ઞાતિની ઉન્નતી કરવાને સુધારી પવિત્ર વેદીમાં જપલાવો અને જ્ઞાતીમાં વૈદિક સનાતમ ધર્મનો પ્રચાર તનમન અને ધનથી કરવાને કટિબધ થાવ. કવિએ કહ્યું છેઃ-

જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં સુર,
નહિં તો રહેજે વાંજણી, મન ગુમાવે નુર.

બંધુઓ ! આપણા વૈદિક સનાતન ધર્મના માટે આપણી સંસ્કૃતીને પવિત્ર રાખવા માટે હજારો રાજપુત વીરો છે બલિદાનો આપ્યા છે. હજારો ક્ષત્રાણિ વીરાંગનાઓએ જોહાર વૃત કર્યા છે. મહારાણા પ્રતાપ બાર બાર વર્ષ ભુખ્યા તરસ્યા જંગલોમાં ભટક્યા, શિખ વીર ગરૂ ગોવિંદસીઘના કુમળા બચ્ચાઓ દિવાલો માં ચણાયાં પણ ધર્મને છોડ્યો નથી માટે બંધુઓ, તમો પણ હવે કેસરીયા કરી પીરાણાના પાપી પંથનો નાશ કરવાને તૈયાર થાવ એવી મારી નવયુવકોને હાકલ છે.

વેલજીભાઈ મેઘજીનું ભાષણ.

માન્યવર સભાપતિ તથા ઉપસ્થિત સ્વજ્ઞાતિ બંધુઓ તેમજ બહેનો, આપણી જ્ઞાતિમાં કેળવણીની ઘણી ખામી છે તેમજ ધંધાના બોજથી કે ગરીબાઈના કારણોથી બાળકોને કેળવણી તરફ લક્ષ હમેશાં ઓછું અપાય છે જેથી

જ્ઞાતિમાં વિદ્યાનો પ્રચાર પ્રથમ થવાની ઘણી જરૂરત છે. બંધુઓ જ્યાં સુધી બને ત્યાં સુધી બાળકોને વિદ્યાનું દાન અપાવો કે જેથી તેઓ ભવિષ્યમાં કોઈ વાડાઓમાં ન ફસાય અને સત્ય માર્ગ વૈદિક સનાતન ધર્મનો પ્રચાર કરવાને શક્તિવાન થાય. અમારા મંડળના નવયુવકોને પણ કેળવણીની ઘણી જરૂરત છે, ધાર્મિક, ઈતિહાસના જ્ઞાનની પણ જરૂરત છે જેથી અમોને તે જ્ઞાન પ્રતિત કરવા માટે અને સામાજીક પુસ્તકો લેવા માટે લાયબ્રેરી ફંડના માટે અમારા નવયુવક મંડળની આપ સૌ ભાઈઓ મુરબ્બીઓ તથા વડીલો પ્રત્યે માંગણી છે. અમોને આશા છે કે આપ સૌ ભાઈ અમારા મંડળને વિદ્યાનું દાન અપાવવાને આપનો શુભ હસ્ત લંબાવશો.

મંત્રી મુળજીભાઈ શિવજી.

વ્હાલા સ્વજ્ઞાતિ બંધુઓ, આપણી માતાઓએ તેમજ બહેનોએ પીરાણા જેવા કબ્રસ્તાની પંથને માનવા છતાં પણ અમારી પુજ્ય માતાઓ શ્રીકૃષ્ણને જન્માષ્ટીના પર્વને પણ હર્ષભેર ઉજવે છે, એટલું જ નહિં પણ એ ખાનામાં શ્રીકૃષ્ણનો જન્મ કરાવે છે. ભજન પ્રસાદ કરે છે, રાસલીલા, દાણલીલા, ગરબા ઈત્યાદિ ગાય છે. તેમજ બીજા પણ તહેવારો ઉજવી આજ દિવસ સુધી જાણતા કે અજાણતાં પણ આર્ય ધર્મનું રક્ષણ કર્યું છે અને કરે છે. મારી માતાઓ પાસે વારંવાર એ માગણી છે કે આપ અમો બાળકોને મદદરૂપ થાવ. તમારી સ્ત્રીશક્તિનો ચમત્કાર બતાવો આપના વગર આ કાર્ય કદિ પણ થવાનું નથી. માટે માતાઓ અને બહેનો, આપ હવે આપની પીરોમાં લાગેલી અંધશ્રદ્ધા ત્યાગીને શ્રીકૃષ્ણના સાચા ઉપાસક બનીને ઊજવેલી એમની ગોકુળાષ્ટમીને ખરી કરી બતાવવા શ્રીકૃષ્ણને ભજાવવાના અમારા આ શુભ કાર્યને મદદ કરવા કમર કસો અને પીરાણાના પાખંડી અર્ધદગ્ધ કબ્રસ્તાની પંથનો નાશ કરવાને દેવી દુર્ગાઓ બની પીરાણાના પ્રચારક એજન્ટોનો નાશ કરો એટલી અમોને આપની મદદની જરૂરત છે.

ત્યારબાદ લાયબ્રેરી ફંડનો ફાળો ઉઘરાવવામાં આવ્યો હતો, જેમાં મંડળને રૂા.૧૦૬ રોકડા અને બાકીના પુસ્તકો તથા સામાન મળીને રૂપીયા ૧૪૯ાા ની લાયબ્રેરીના માટે સભામાં પધારેલા ભાઈઓએ મદદ આપી હતી તેના નામો સેક્રેટરી મુળજીભાઈ શિવજીએ વાંચી સંભળાવ્યા હતા અને લાયબ્રેરી ફંડને માટે જે ભાઈઓએ ફાળો ભર્યો હતો તેમનો આભાર માનવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રમુખ સાહેબે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની જયગર્જના સાથે સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

ગુરૂકુળ ઈશ્વર નગરના અધિષ્ઠાતા મહારાજ શ્રી ઓધવદાસ ગુરૂકુળ ફંડ માટે ઘાટકોપર પધારેલા જે વખતે શ્રી કચ્છ કડવા પાટીદાર ભાઈઓની એક સભા શ્રીમાન ભાઈ કરસન ઉકેડાના પ્રધાનપદે બોલાવી હતી, તારીખ ૮-૧૨--૩૮ માગશર સુદ ૫ બુધવાની સભાની કાર્યવાહી.

ઠે. શ્રીમાન ભાઈ રતનસિંહ ખીમજીની વાડીમાં મુ. ઘાટકોપર

ભાઈશ્રી રતનસિંહ ખીમજી એ ઉભા થઈ મહારાજશ્રી આપણી જ્ઞાતીના પ્રત્યે સારી લાગણી ધરાવે છે જેની યાદી નખત્રાણાના મંદિર પ્રતિષ્ઠા વખતે ગુરૂકુળના ફાળાનું કાર્ય છોડીને ત્યાંના કાર્યને મદદ રૂપ થઈ જ્ઞાતીની ઉત્તમ પ્રકારે સેવા બજાવી હતી અને હંમેશાં આપણી જ્ઞાતીના માટે જે વખતે બોલાવીએ છીએ તે વખતે ઉઘાડે પગે

આવીને આપણા કાર્યને મદદ કરે છે તેમ આજે પણ અહિં પધારી આપની સેવામાં ઉપસ્થિત થયા છે, અને આપ સૌ ભાઈઓને એમનાં મધુર વચનો ઉપદેશ આપી કતાર્થ કરશે એવી મારી મહારાજશ્રીને પ્રાર્થના છે.

પરમ પુજ્ય મહારાજશ્રી ઓધવદાસજીનું ભાષણ

મારા વ્હાલા પાટીદાર ભાઈઓ તમારી આજની સભાનું દ્રશ્ય તેમજ આપના યુવક મંડળમાં થતા સંધ્યા અગ્નિ હોત્ર તથા વેદોના મંત્રોનું ઉચ્ચારણ **ओम विश्वानी सविस्त दुरीतानी परासुव यद्‌मद्रं तन आसुव** તમારા પાટીદાર યુવકોના મુખેથી સાંભળી ઘણો જ આનંદ થાય છે. બંધુઓ હવે આપની જ્ઞાતિ જરૂર થોડા દિવસમાં પીરાણાના પંથથી મુક્ત થશે એવી આશા બંધાય છે. હું તમારા મંડળને યાવશ્ચંદ્ર દિવાકરૌ પર્યન્ત દીર્ઘાયુ ભોગવો એવો આશીર્વાદ આપુ છું. બંધુઓ આપની સેવા કરવા મારી ફરજ છે. કારણ કે હું પણ પાટીદાર જ્ઞાતિનો છું મારા ગુરૂ લાલદાસ પાટીદાર હતા, જેથી મને પણ આપણી જ્ઞાતિની સેવા કરવી જોઈએ, આપણી પાટીદાર જ્ઞાતિની સેવા કરવાને માટે હું મારૂં અરધું જીવન આપને અર્પણ કરું છું (તાળીયો) કે જ્યારે મારી જરૂરત જણાય ત્યારે તમો મને બોલાવશો તો હું જરૂર આપની સેવા કરવા હાજર થઈશ.

બંધુઓ આજના વિસમી સદીના જમાનામાં પ્રચાર કાર્યની ઘણી ખામી હોવાથી યુવકોમાં ભિરૂતા છે નિર્માલ્યપણું છે અને એ ભિરૂતાથી પીરાણાના હઠાગ્રહી મા-બાપોના અજ્ઞાનરૂપી પગ તળે દબાઈ રહ્યા છે તે માત્ર ધર્મ પરિવર્તન કરવા પુરતા જ દબાઈ રહ્યા છે તેવા ભાઈઓને મારી પ્રાર્થના છે કે બંધુઓ તમારા મોજશોખના સાધન બાલ રાખવા, કોટ પેરવા, બુટ પેરવા વિગેરેમાં તમો જરા પણ દબાતા નથી તેમજ મુરબ્બીઓથી જરા પણ શરમાતા નથી પણ અફસોસ છે કે જે તમારા પર રહેલી અર્ધદગ્ધ ઈસ્લામી પંથની કાળી ટીલીના માટે જરા પણ વિચાર કરતા નથી. યુવાનો હવે તો જાગો અને એ ઈસ્લામી પંથને ત્યાગો. જાગ્યા ત્યાંથી સવાર ગણી તમારી યુવાનોની ફરજ અદા કરવાને સત્વર બહાર પડો.

કવિએ કહ્યું છે કે,

કાલ કરના સૌ આજ કર, આજ કરના સો અબ;
અતકાળ પસ્તાયગો, ફેર કરોગે કબ.

બંધુઓ કાલ પર મુલતવી રાખો નહિં, આજે જ એ પાપી પંથનું પ્રાયશ્ચિત કરી જનોઈ ધારણ કરી તમારી આર્ય સંસ્કૃતિનું રક્ષણ કરો.

ભાઈઓ, તમારી જ્ઞાતિ ગુણવાન છે રીતરીવાજો ખર્ચાળ નથી, ધંધો ઉત્તમ છે તમારી કમાણી પણ ખરી પરસેવાની કમાણી છે તમો દાની ઘણા છો તમોએ લાખો કોરીઓની હુંડીઓ પીરાણે મોકલાવી કુપાત્ર દાન આપ્યું છે. કુપાત્ર એટલા માટે કે ગૌ માતાને તમે પુજો છો તેને તેઓ ખાય છે. જે આપણી માતાને મારી ભક્ષણ કરનાર હોય તો તેના જેવો કુપાત્ર બીજો કોણ ? એવા મહાન માંસાહારી યુવાનોને દાન આપવું વળી એ દાનનાં નાણાંમાંથી સુન્નત નિકાહ વિગેરે વિગેરે તમામ તેઓના ખર્ચા દરગામાંથી અપાય છે માટે ભાઈઓ હવે તમારા ધર્માદા નાણાંનો સદુપયોગ કરો. તમારા ધર્માદા નાણાં તમારી કોમની ભલાઈના માટે વાપરો. અનાથોને આશ્રય આપો બાળકો કેળવણી આપવા શાળાઓ બંધાવો અથવા વિદ્યાલયોને મદદ કરવાને દાન આપો. નિરંજન ઠેકાણે પાણીનો બંદોબસ્ત કરાવો પણ હવે ઈસ્લામી કોમની ભલાઈ માટે એક પાઈ પણ ન આપો એવી મારી પ્રાર્થના છે.

૨૫. નવ યુવકમંડળ ઘાટકોપરનો વાર્ષિક રિપોર્ટ - વર્ષ 1937-38

વ્હાલા વિરાઓ એ પાખડી પંથનું પ્રાયશ્ચિત કરીને તમો તમારા પછાત રહેલા વર્ગને એ પાખંડથી મુક્ત કરવાને પ્રયત્ન કરો એમના વિચારોનું પરિવર્તન કરી વેદોક્ત મંત્રના ઉપદેશથી એમનો આત્મ શુદ્ધિ કરાવી વૈદિક ધર્મના અનુયાયી બનાવો એમને વટલેલા ગણી હડધુતન કરતાં એમની સાથે પ્રેમથી ખાઓ પીઓ હું તમારા શુદ્ધિશાળી કહેવરાવતા ભાઈઓ જેઓ તે આજે બોલવા છતાં પણ આવ્યા નથી ખુદ નારાયણજીભાઈ અહીંયા છે, છતાં પણ સભામાં હાજરી નથી એ ભાઈઓને ખુલી ચેલેન્જથી કહું છું કે આપ સ્વજ્ઞાતિથી ખાવા પીવાથી અભડાવ છો વટલાવ છો તો એ વટાલ શું વસ્તુ છે કે જેનાથી આપને એટલો બધો ભય રહે છે, મને એ વટાલ જરાપણ કાંઈ કરી શકતી નથી. હું એ વટલેલી જ્ઞાતિ કહો છો તેનું પ્રેમથી ખાઉં છું છતાં મારા પર તેની અસર કાંઈપણ થતી નથી પણ ભાઈઓ એતો નબળી આત્માઓને માટે હોય છે. શું તમે એમનું ખાવાથી પીરાણા પંથી થઈ જશો એવો ભય છે ! જેમની આત્માઓ મહાન હોય મક્કમ હોય તે કોઈનું ખાવા પીવાથી વટલાતો નથી અને તેમનો થઈ જતો પણ નથી એ તો માત્ર હઠ છે.

બંધુઓ આપણી આભડ છેટે આપણા તેત્રીસ કરોડ હિન્દુઓ ને આજે ઘટાડીને બાવીસ કરોડની સંખ્યામાં રાખ્યા છે ભાઈઓ આપણી હિન્દુ જ્ઞાતિ જો પતિતોને પ્રેમથી ગળે નહિ લગાડે એમનો સહકાર નહિ કરે તો તેઓ વિધર્મી બની આપણા દુશ્મન બની જશે અને એક દિવસ એવો આવી જશે કે હિન્દુઓનું નામ નિશાન પણ નહિ રહે માટે ભાઈઓ અત્યારે દેશ કાળ અને યુગ ધર્મ ને અનુસરીને ખાવા પીવાના છુઆછુતના જગડાઓ છોડી હિન્દુ સંગઠન મજબુત કરો વૈદિક સનાતન ધર્મનું રક્ષણ કરો એવી મારી આપ સૌ ભાઈઓને પ્રાર્થના છે.

અમારા સાધુઓનાં જીવન પરોપકારાર્થે હોય છે, નીતીકારોએ કહ્યું છે કે-

परोपकाराय फलन्ती वृक्षा परोपकाराय वहन्ति नदया,
परोपकारायय दुह्यन्ति गाय परोपकाराय सतां विभुत्य.

વળી સાધુઓનાં જીવન ધર્મની સ્થાપના કરવાને માટે હોય છે.
ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું છે કે,

परित्राणाय साधुनाम, विनाशायाच दुष्कृत्तम
धर्म संस्थापर्थाय संभवामी युगे युगे

યોગીઓના જન્મનો હેતુ ધર્મની સ્થાપના કરવાને માટે હોય છે અને ધર્મની રક્ષા વિદ્યા વડે થાય છે અને વિદ્યા ધર્મ વડે શોભે છે. વિદ્યા વગરનો માણસ પશુ સમાન ગણાય છે. એટલા માટે કહ્યું છે કે-

विद्या धर्मेण शोभं ते विद्या विन; पशु भि समान

બંધુઓ વિદ્યાને પ્રાપ્ત કરવાની કોશીષ કરો વિદ્યા જેવી કોઈ વસ્તુ નથી નીતીકારો એ કહ્યું છે કે.

विद्या नाम नरस्य रुप मधिकं प्रच्छन्न गुप्तं धनं,
विद्या भोग करी यस सुखकरी विद्या गुरु नांम गुरु.
विद्या बंधु जनो स्वदेश गमन विद्या परम दैवतम्
विद्या राजसु पूजितां नतु धनं विद्या विहिन; पशु

વિદ્યા મનુષ્યનું મોટુ રૂપ છે અતિ ગુપ્ત ધન છે, વિદ્યા ભોગ આપનારી છે. કિર્તી અને આનંદ આપનારી છે વિદ્યા ગુરૂની પણ ગુરૂ છે વિદ્યા પરદેશમાં ભાઈની પેઠે હિત કરનારી છે. અને દેવતા પણ વિદ્યા જ છે. રાજાઓ પણ

વિદ્યાની પુજા કરે છે પણ ધનની કરતા નથી, માટે વિદ્યા રહીત રહેવું એ પશુ જ છે એટલા માટે પશુપણુ દુર કરવા માટે જરૂર વિદ્યા મેળવવી જોઈએ.
વળી કહ્યું છે કે,

सर्वेषां दाना नांम ब्रह्मदान विशेष्यते

બંધુઓ આપના બાળકોને વિદ્યાનું દાન આપવા ગુરૂકુળમાં મોકલો કે ત્યાંથી તે ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરી જ્ઞાતીમાં ધર્મનો પ્રચાર કરી શકે તમારી જ્ઞાતીમાં વિદ્યાનો પ્રચાર થવાથી તમો કોમને જલ્દી સુધારી શકશો કારણ કે

भिद्य ते रदय ग्रथी छीदते सर्व शंशया.

જ્યારે હૃદયની અંદર અજ્ઞાન રૂપી ગાંઠ વિધાય છે ત્યારે જ સત્ય અસત્ય સમજી શકાય છે એવી રીતનું ધાર્મિક જ્ઞાન આપવા અમોએ ઈશ્વર નગર ગુરૂકુળની સ્થાપના કરી છે. અને એ ગુરૂકુળના માટે મારૂં જીવન અર્પણ કરી હું ભિક્ષુ ઓધવદાસ બન્યો છું મારી આપ સૌ ભાઈઓને પ્રાર્થના છે કે જરૂર તમો ગુરૂકુળને કાંઈને કાંઈ આપની યથાશક્તિ પ્રમાણે દાન આપી ગુરૂકુળના પ્રેમી બનશો અને આપની જ્ઞાતિના ગુરૂકુળના આ જીવન સભ્ય કોઈ નથી માટે મને આશા છે કે જરૂર આપ આ કાર્યને મદદ રૂપ થશો હવે હું એક ભજન સંભળાવી મારૂં ભાષણ બંધુ કરૂં છું.

ભજન

એવા બ્રહ્મચારી વૃતધારી, આર્યો ક્યાં ગયારે,
રામ અને લક્ષ્મણ બ્રહ્મચારી, બલવીરા હનુમાન ક્યાં ગયા રે, - એવા બ્રહ્મ.
ભિમ અને અર્જુન બલવીરા, પાક્યા ભિષ્મપિતા રણધીરા,
કૃષ્ણ અને બલદેવ વીરા ક્યાં ગયા રે-એવા બ્રહ્મ.
પ્રતાપ જેવા પુરણ અટંકી નૃપ પૃથુરાજ સોલંકી,
ગૌબ્રાહ્મણ પ્રતિપાળ શિવાજી ક્યાં ગયા રે - એવા બ્રહ્મ.
બાળલગ્નની રીત ઘટાડી ગુરૂકુળ આશ્રમ વાટ બતાડી
શ્રુતીમાત જગાડી આર્યો ક્યાં ગયા રે - એવા બ્રહ્મ.
એવા મહર્ષિ દયાનંદ દર્શનદાયક આર્યો ક્યાં ગયા રે - એવા બ્રહ્મચારી.

ત્યારબાદ ગુરૂકુળનો ફાળો ઉઘરાવ્યો હતો જેમાં પાટીદાર ભાઈઓએ ગુરુકુળને રૂા. ૮૩૭ાા નું દાન મળ્યું હતું. જેમના નામો એમના રીપોર્ટમાં આવી ગયા છે.

ભાઈશ્રી રતનસિંહ ખીમજી

પુજ્ય મહારાજ શ્રી આપના ગુરૂકુળની અંદર પરણેલા છોકરા દાખલ ન કરી શકાય એવો જે કાર્યવાહક કમિટીએ કાયદાને અંગે વાંધો લીધો એમના પછી એ ઠરાવ કોણે પાસ કરાવ્યો એ બાબતમાં મને શંકા છે તેની અમો ને ચોખવટ કરી સમજાવશો. એવી મારી આપશ્રીને પ્રાર્થના છે. એ સાંભળી ગુરૂકુળના મંત્રી મહોદયે ઉભા થઈને જણાવ્યું કે ભાઈશ્રી રતનસિંહે જે શંકાના માટે ચોખવટ કરવાનું કહે છે તેના જવાબ આપવો મારી ફરજ છે.

બંધુઓ અમારા ગુરૂકુળની કાર્યવાહક કમિટીની મીટીંગમાં આ સવાલ કમિટીના મેમ્બરો સુરજી વલ્લભદાસ આદી કાયદાને જાણનારા માણસોને જણાવ્યું કે આ કોમમાં બાળલગ્નની પ્રથા હોવાથી એમનાં બાળકો પરણી

જવાથી બ્રહ્મચારી ન ગણાય જેથી તેઓને દાખલ ન કરી શકાય આ બાબતમાં લગભગ રાત્રિના બે વાગ્યા સુધી ચર્ચા ચાલી પણ પુજ્ય મહારાજશ્રીએ મત ન આપ્યો, મહારાજશ્રીની એ જ્ઞાતિ પ્રત્યેની લાગણી જોઈ કમિટીએ કડવા પાટીદાર કોમના બાળકોના માટે નવો ઠરાવ પાસ કરીએ ઓને દાખલ કરી શકાય પણ અન્ય કોમના બાળકોને માટે નહિં એ ઠરાવ સર્વાનુમતે પાસ કરાવ્યો એમના માટે મહારાજશ્રીને માન છે બીજો કોઈ એમ કેહતો હોય કે અમે કરાવ્યું છે તો તે ખોટું છે. તમોએ જે શંકા કરી જેની ચોખવટ મેં આપને કરી આપી છે અને જ્યારે જ્યારે તમોને અમારા ગુરૂકુળના સંબંધમાં શંકા જેવું જણાય ત્યારે અમોને જણાવશો તો જરૂર આપની સેવામાં હાજર થઈ આપને તેની ચોખવટ કરી આપીશ. મહારાજશ્રીને ધન્યવાદ આપું છું અને બીજું આજે આપ સૌ ભાઈઓએ અહીં પધારી અમારા ગુરૂકુળને જે કાંઈ યથાશક્તિ દાન આપ્યું છે જે અમોને આપની ખરી કમેણીના પરસેવાથી પકવેલા પૈસા લાખોથી વધારે અપાયું ગણાય અમારો એ આશીર્વાદ છે કે પ્રભુ આપને સદ્‌બુદ્ધિ આપે એટલું કહી હું બેસી જવાની રજા લઉ છું.

ભાઈશ્રી રતનસિંહ ખીમજીનું ભાષણ

વ્હાલા સ્વજ્ઞાતિ બંધુઓ તથા અન્ય જ્ઞાતિના અહીં પધારેલા સદગૃહસ્થો અમારી જ્ઞાતિ આજે લગભગ સાડા ચારસો વર્ષોથી જે પીરાણા સંત પંથરૂપી મહાન પાપી કબ્રસ્તાની પંથને માને છે. જેને જાગ્રત થતાં આજે લગભગ ૨૦, ૨૫ વર્ષ થયા છતાં જે સુધારાનું કાર્ય જોઈએ તેટલું થઈ શક્યું નથી જેનુ કારણ અમારા સુધારકો છે અમારા આદ્ય સુધારક જે તેઓ આજે હાજર હોવા છતાં આવી જનરલ સભામાં વળી મહારાજશ્રીની હાજરીથી તો કાંઈ વાદવાંધો નથી અંગદ વેર નથી તેમજ અન્ય ભાઈઓથી તો કાંઈ નથી. વળી સુધારકને માન-અપમાનની શું જરૂરત હોય એને છોડીને આ સેવાના કાર્યને કરવાનું હોય છે તો પછી સુધારાની ધગશ ક્યાં છે. એ શ્રોતાઓ જાણી શકશે. અમારી જ્ઞાતિના માટે આવા પુજ્ય મહારાજશ્રી જેવા સુધારકોની જરૂરત છે કે જેમનાથી પાટીદાર જ્ઞાતિના બાળકો ગુરૂકુળનો લાભ ન લઈ શકે એ સહન ન થયું. કેટલી બધી એમને લાગણી છે – દાઝ છે. એટલું જ નહિ પણ અગર જો ગુરૂકુળમાં કડવા પાટીદાર કોમનાં બાળકો વિદ્યા પ્રાપ્ત ન કરી શકે તો એ ગુરૂકુળથી મને કાંઈ લાભ નથી. આનું નામ છે સેવા, આનું નામ સુધારક. અને આવા સુધારકો વગર કોમની દશા સુધરતી પણ નથી.

વ્હાલા સ્વજ્ઞાતિ બંધુઓ પુ. મહારાજશ્રી આપણી જ્ઞાતિ પ્રત્યે જે મહાન લાગણી ધરાવે છે જેથી આપ સૌ ભાઈઓ એ મહારાજશ્રીનો આભાર માનવો જોઈએ. હું મહારાજશ્રીને શહારદીક ધન્યવાદ આપું છું અને પ્રાર્થુ છું કે અમારી અજ્ઞાન જ્ઞાતિને હંમેશાં આપના અમુલ્યો ઉપદેશામૃતનું પાન કરાવતા રહેશો એવી મારી યાચના છે.

પ્રમુખ સાહેબ શ્રી કરસનભાઈ ઉકેડાનું ભાષણ.

પુજ્ય મહારાજશ્રી તથા ઉપસ્થિત બંધુઓ આજની સભાનું કાર્ય પુર્ણ થઈ ગયું છે. માટે મારે પુજ્ય મહારાજશ્રી તથા ગુરૂકુળ ઈશ્વરનગરના મંત્રી મહોદય જેમણે અહિં પધારી એમના અમુલ્યોપદેશમૃતનું પાન કરાવ્યું છે. જેથી અમારું મંડળ એમનું હંમેશાંને માટે ઋણી છે અને એઓશ્રીનો શહારદીક ધન્યવાદપુર્વક આભાર માનવામાં આવે છે. બીજું અમારા ઘાટકોપરથી આવેલા સદ્‌ગૃહસ્થો તથા સ્વજ્ઞાતિ બંધુઓ તેમજ પરા વિભાગ માટુંગા મુલુંડ વિગેરેથી જે ભાઈઓ તકલીફ સહન કરી અમારા કાર્યને દીપાવ્યું છે. જેથી તેઓ સૌ ભાઈનો આભાર માનવામાં આવે છે વળી અમારા સલાહકાર મુરબ્બી રાજારામ સામજી તથા શ્રીમાન ભાઈ રતનસિંહ ખીમજી જેઓ ગુરૂકુળના આ જીવન સભ્ય બની પવિત્ર કાર્યમાં જોડાયા છે અને આજની સભામાં પધારી અમારા કાર્યને વિશેષ દીપાવ્યું છે જેથી એઓ શ્રીનો પણ આભાર માનવામાં આવે છે. બોલો શ્રી વૈદિક સનાતન ધર્મ કી જય.

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક
ઘાટકોપર
નવયુવક મંડળે ઉજવેલો પહેલો વાર્ષિકોત્સવ
સંવત ૧૯૯૪ ના ચૈત્ર સુદ ૯ તા.૯-૪-૩૮ ની કાર્યવાહી
પ્રમુખ શ્રીમાન કરસનભાઈ ઉકેડા

મંડળના મંત્રી મુળજી શીવજીનું ભાષણ

વ્હાલા સ્વજ્ઞાતીબંધુઓ પુજ્ય વડિલો એ મુરબ્બીઓ આજે અમારા મંડળની સ્થાપના થયે એક વર્ષ પુર્ણ થાય છે વર્ષ દરમ્યાન અમારા શ્રી ક. ક. પા. જ્ઞા. સુ. નવ યુવક મંડળે આપણી જ્ઞાતિની જે કંઈ યતકિંચીંત સેવા બજાવી છે જે આપ સૌ ભાઈઓને વિદિત હશે જેનો રીપોર્ટ તૈયાર છે તે આપને સંભળાવું છું.

અમારા ઘા. નવયુવક મંડળે ગત વર્ષ દરમ્યાન ૨૪ સભાઓ ઘાટકોપરમાં ભરી જ્ઞાતિમાં પ્રચાર કામ કર્યું હતું તેમજ નખત્રાણા મગનપુરાના મંદિરની પ્રતિષ્ઠાના કાર્યને મદદ રૂપ થયા હતા. ગત વર્ષ દરમ્યાન અમારા ઘાટકોપર નવયુવક મંડળે મંડળમાં ૫૦ પચાસ ભાઈઓનું પ્રાયશ્ચિત કરાવી પવિત્ર ગાયત્રી મંત્રોપદેશ આપી વૈદિક ધર્માનુયાયી બનાવ્યા હતા.

ગામશ્રી લક્ષ્મીપુરના ભાઈ મનજી મેઘજી જેઓ ડબલ નેમોનીયામાંથી ટાઈફડ જબર થઈ જવાથી તદન છેલ્લી અવસ્થાએ પહોંચ્યા હતા. જે વખતે અમારા મંડળના ભાઈઓએ એમની સારવાર કરી હતી જે સારા થવાથી મંડળને આભારદર્શક પત્ર મોકલાવ્યો જેની નોંધ.

શ્રીમાન મંત્રી,

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક નવયુવક મંડળ ઘાટકોપર જોગ સાદર નમસ્તે,

સવિનય લખવાનું જે મને સં.૧૯૯૪ ના માસ પોષ વદ ૧૩ થી જે બિમારી થઈ બે દિવસ બાદ તે બિમારીમાંથી ડબલ ન્યુમોનીયા ટાઈફડ થવાથી મારી હાલતની ખબર મંડળના ભાઈઓને આપતાં ડોક્ટરોને બોલાવી ચાંપતા ઈલાજો લીધા હતા. જેથી મારી બિમારી આગળ વધી ન શકી જે વખતે ડોકટર સાહેબ આવેલા તે વખતે મને મારા શરીરનું ભાન ન હતું. ડોકટર સાહેબે મારા જેવા ગરીબ માણસને કાળજીપુર્વક દવા અપાવી સખત ટ્રિટમેન્ટ કાળજી રખાવીને મને નવજીવન બક્ષ્યું છે જેથી ડોકટર સાહેબ શ્રીમાન ધીરજલાલ ભાઈનો હું ખરા અતઃકરણથી આભાર માનું છું અને પ્રાર્થના કરૂં છું કે, મારા જેવા ગરીબ માણસ પર જેવું રહેમ દીલ રાખો છો તેવું હંમેશાં રાખશો. પરમાત્મા આપે દીર્ઘાયુ બક્ષે એવી મારી પ્રાર્થના છે. વળી આપ સાહેબે આપના મજુરીના નીકળતા બીલના રૂા.૭૯/- થતા હતા જેમાંથી મને ગરીબ જાણીને ખાલી રૂપીયા ૩૦ ત્રીસ લઈ બાકીની મને રાહત આપી છે. જે ડોકટર સાહેબ ધીરજલાલના કરેલા ઉપકારનો હું હંમેશાંનો ઋણી છું અને હાર્દિક ધન્યવાદ આપું છું.

બીજું મારા માટે અમારા મકાનવાળા સુંદરવાળા શેઠે મને એક રૂમ ફ્રી વાપરવા આપેલો જેથી તેઓને પણ હું ખરા અંતઃકરણથી આભાર માનું છું.

અને સૌથી વધારે જે આ સંસ્થાના ભાઈઓ તરફથી મારી સારવાર ચોવીસ કલાક એક સરખી મહેનત કરીને મારા ઝાડા પીશાબ ઈત્યાદી ઉપાડીને રાત્રિના જાગરણ કરી અળસીના શેક લેપ લગાવવા, ઘડી ઘડી તાવ માપવો નિયમસર દવા ખોરાક આપવાની કાળજીપુર્વક સેવા બજાવી છે એટલું જ નહિ પણ હજારો રૂપીયા ખરચતાં આટલી સારવાર એક શ્રીમંતને પણ થતી નથી તેવી મારી મંડળના ભાઈઓએ ચાકરી કરી છે. જેથી હું આ મંડળનો હંમેશાંનો ઋણી છું. અને મંડળના સૌ ભાઈઓનનો ઉપકાર માની પ્રાર્થના કરૂં છું કે આપે મારા પર જે ઉપકાર કર્યો છે તેવી રીતે આપ જ્ઞાતિના કોઈ પણ નિરાધાર ભાઈ આવી સ્થિતિમાં પહોંચ્યાના ખબર મળે તો જરૂર આપ એમને સહાયતા આપશો આપનું મંડળ દીર્ઘાયુ રહો અને જ્ઞાતિની ઉત્તમ પ્રકારે સેવા કરતું રહો તો જરૂર પીરાણારૂપી પાખંડી પાપ થોડા દિવસમાં નાબુદ થશે.

લી. એજ ઈચ્છતો,

આપના મંડળને સમર્ણતું હૃદય,

મનજી મેઘજી પટેલ લખમીપુર.

બીજા એક ભાઈ લાલજી ગોપાળ ગઢવાળા જેઓ આંખોની બિમારીથી મીરજ ગયા ત્યારે અને પાછા આવતાં જેમની હાલત બહુ ખરાબ હોવાથી તેઓને દેશ જવાના માટે મંડળના કાર્યવાહકોએ રૂા.૫૦) પચાસ રૂ. ની એ ભાઈને રાહત આપી હતી.

દુઃખદ અવસાન

મંડળના એક સારા પ્રતિષ્ઠીત તેમજ ટેકીલા એક મેમ્બર ભાઈશ્રી કરમશી લઘા હાલ ટોડીઆના રહીશ જેઓના સ્વર્ગવાસ થવાની દીલગીરી જાહેર કરી નોંધ લેવામાં આવી હતી.

બીજુ નખત્રાણા મંદિરની પ્રતિષ્ઠામાં પધારેલા મંડળના પ્રતિનીધીઓ તેમજ સલાહકાર વડિલોને માનપત્ર આપવામાં આવ્યું હતું તે વખતે મુરબ્બી શ્રી રાજા રામ શામજીએ મંડળને ૨૦) વીસ રૂપીયા દાન આપ્યું હતું જે સાભાર સ્વીકારવામાં આવ્યા હતા.

ભાઈશ્રી વાલજી કરસન જેઓ જાપાનથી આવેલા જે વખતે એમને માનપત્ર આપવામાં આવ્યું હતું તે પ્રસંગે એ ભાઈશ્રીએ લાયબ્રેરી ફંડમાં રૂપીયા ૨)નું દાન આપ્યું હતું અને જાપાનના મેળવેલા અનુભવથી વાકેફ કર્યા હતા.

મંડળને પ્રાપ્ત થયેલી રકમનો જમા ખર્ચનો એકંદરે આંકડો.

જ........................		ઉ........................	
૧૬૩)	મેમ્બરોનું લવાજમ આજ દિવસ સુધીમાં પ્રાપ્ત થયું તેટલું જ	૧૬=।।।=।।	મંડળનું કુલ ખર્ચ પુસ્તકોનું ભાડુ માંડવાના ખર્ચા વિગેરે મળીને
૯૬)	લાયબ્રેરી ફંડમાં રોકડા		
૨૦	દાનના મુરબ્બી રાજારામ શામજી પાસેથી	૧૧૧।।૦।।	બાકી પુરાંત જમા છે.
૨૭૯।		૨૭૯।	

૨૫. નવ યુવકમંડળ ઘાટકોપરનો વાર્ષિક રિપોર્ટ - વર્ષ 1937-38

મંડળનો ગત વર્ષનો રીપોર્ટ આપ્યા બાદ મંડળના સેક્રેટરી મુલજીભાઈ શીવજીએ આજની સભાના પ્રમુખસ્થાન માટે મુરબ્બી શ્રી રાજારામ શામજી દરખાસ્ત મુકી હતી જેને શિવગણભાઈ અર્જુને અનુમોદન આપતાં જણાવ્યું કે મુરબ્બીશ્રીનો પરિચય આપવાની વિશેષ જરૂરત નથી. કારણ કે આપ સૌ ભાઈઓને વિદિતિ છે કે જ્ઞાતિના એક પ્રખર સુધારક અને એક દાનવીર નેતા છે. જેમણે જ્ઞાતિની તન મન અને ધનથી સેવા કરી છે અને કરે છે. જેથી આજે એ મુરબ્બીશ્રીને જે પ્રમુખની દરખાસ્ત મુકી છે જેને હું અનુમોદન આપું છું. જેથી એઓશ્રી પ્રમુખસ્થાનને સ્વીકારી આજની આ સભાના કાર્યને નિર્વિઘ્ને પાર પાડશે. એવી મારી એઓશ્રીને વિનંતી છે.

પ્રમુખશ્રીનું નિવેદન

વ્હાલા સ્વજ્ઞાતિ બંધુઓ અને બહેનો આજની સભાના માટે જે નવયુવક મંડળના મંત્રી મહાશયે મારી પ્રમુખ તરીકેની દરખાસ્ત મુકી છે. જેનો હું સ્વીકાર કરું છું. હું એટલો વિદ્વાન કે બુદ્ધિવાન નથી કે જેથી આપને વિશેષ અનુભવ કરાવી શકું હું તો જ્ઞાતિનો એક સેવાપ્રેમી સેવક છું અને એક સેવક તરીકે જ્ઞાતિની યતકિંચિત સેવા બજાવું છું. જે મારી ફરજ છે. એથી વિશેષ આ જ્ઞાતિના માટે મેં કાંઈ પણ કર્યું નથી. મને જે નવયુવક મંડળ તરફથી માન આપવામાં આવ્યું છે, જેનો હું આભાર માનુ છું.

પ્રભુ પ્રાર્થના.

બોલનાર મંડળના પ્રમુખશ્રી કરસનભાઈ ઉકેડાના ચિ. બેન અમૃતકુંવર તથા પુંજાભાઈ હીરજીના ચિ.કુમાર લખમસિહ જેઓ બન્ને બાળકો નીચે પ્રમાણેની પ્રાર્થના બોલ્યા હતા. (સાત વરસનાં છે.)

પ્રાર્થના

પ્રભુ નમીએ પુરી પ્રીતે સ્તુતી કરીએ રૂડી રીતે,
બનાવી તે બધી દુનિયા બનાવ્યા તે ઉંડા દરિયા.
સૂરજને ચંદ્ર જગમગીયા સુખી કરતું સુખી કરતું.
વળી આકાશમાં તારા ઘણે ઉચેજ ફરનારા.
કીધાં છે તે પ્રભુ પ્યારા સુખી કરતું સુખી કરતું,
બધાએ પાપ બાળી દે વળી બુદ્ધિ રૂપાળી દે.
નમીએ હાથ જોડી બે સુખી કરતું સુખી કરતું.

ત્યારબાદ ગાયત્રી મંત્ર અર્થ સહિત બોલ્યાં હતાં.

ગાયત્રી મંત્ર

ओम् भुर्भूवः स्वः तत सवितुर वरेण्य भर्गो देवस्य धिमहधियो योनः प्रचोदयात्

ઓમ-એ પરમેશ્વરનું સર્વોપરી નામ છે.

ભુ-પ્રાણ આપનાર

વ-દુઃખોથી બચાવનાર

સ્વઃ-સુખ સ્વરૂપ.

પરમાત્મા સત્યચિત આનંદ સ્વરૂપ છે.

તત-તે પરમાત્મા.

સવિતુ-જગતને બનાવનાર.
વરેણ્યં-ઉતજ તેજ, શ્રેષ્ઠ,
ભર્ગો-શુધ વિજ્ઞાન સ્વરૂપ.
દેવસ્ય-સર્વના આત્માને પ્રકાશ આપનાર.
ધિમહિ-અમે ધારણ કરીએ.
ધિય-બુદ્ધિને
ન-અમારી
પ્રચોદ્યાત્ - ઉત્તમ કાર્યોમાં ચલાવો.

ભાવાર્થ - હે પ્રાણ આપનાર, દુઃખોથી બચાવનાર સુખ સ્વરૂપ પરમાત્મા આપ જગતને પેદા કરવાવાળા છો. હે સર્વના આત્માને પ્રકાશ આપનાર પ્રભુ તમારી શુદ્ધ વિજ્ઞાનસ્વરૂપ જ્યોતિને અમો ધારણ કરીએ. હે જગદાધાર પ્રભુ આપ અમોને સદ્‌બુદ્ધિ આપી ઉત્તમ કાર્યોમાં પ્રવૃત કરો.
ત્યારબાદ.

त्वेमव माताच पिता त्वमेव
त्वमेव बंधुच सखा त्वमेव
त्वमेव विद्याच द्रविणं त्वेमव
त्वेमव सर्व मम देव देवः

બાળકોની પ્રાર્થના પુરી થવાથી પ્રમુખ સાહેબે બાળકોને ઈનામ આપ્યા બાદ નીચે પ્રમાણે ભાષણ આપ્યું હતું.

પ્રમુખ સાહેબનું ભાષણ

બંધુઓ આજની સભાની કાર્ય પ્રણાલીકા જેમાં બાળકોએ પ્રાર્થના, ગાયત્રી આવાહન અને વળી સંસ્કૃત શ્લોકથી જે પ્રાર્થના કરવામાં આવી એ જોઈ મને ઘણો આનંદ થાય છે. આવી રીતનું કાર્ય મેં આપની સુધારકોની અગાઉની એક પણ સભામાં જોયું ન હતું જેની પ્રથમ આ મંડળે શરૂઆત કરી છે તેનું માન આ નવયુવક મંડળને છે. આ નવયુવક મંડળે વર્ષ દરમ્યાન જ્ઞાતિની ઉત્તમ પ્રકારે સેવા બજાવી છે અને આશા છે કે આગામી વર્ષના માટે એઓ તૈયાર થઈ વિશેષ કાર્ય કરી બતાવશે એવી હું આશા રાખું છું.

આ સભામાં પધારેલા ભાઈઓને મારે ભારપુર્વક કહેવાનું છે કે તમારા ઘરમાં બાળકોને આવી રીતનું ધાર્મિક શિક્ષણ આપવાની ખાસ જરૂરત છે.

બીજું તમારા ઘરના પ્રત્યેક માણસોને ગાયત્રી મંત્રનો ઉપદેશ આપવો અને શીખડાવવો જરૂરી છે એ સંબંધમાં વિશેષ હૃદયકાર્ષક ભાષણ આપ્યું હતું.

ભાઈ શ્રી રતનસિંહ ખીમજી

વ્હાલા સર્વે જ્ઞાતિ બંધુઓ, મુરબ્બીઓ, વડીલો તેમજ બહેનો, આજની આ સભા આપણો વાર્ષિકોત્સવ ઉજવવા માટે બોલાવી છે જેથી આપણે એકત્ર થઈ મંડળએ કરેલાં કામનો રિપોર્ટ સાંભળ્યો. ગત વર્ષ દરમ્યાન શ્રી નવયુવક મંડળે સારી પ્રગતી કરી છે જેથી મંડળના કાર્યવાહક સૌ ભાઈઓનો ધન્યવાદપુર્વક આભાર માનવામાં આવે છે અને પ્રભુને પ્રાર્થના કરૂં છું કે મંડળના મેમ્બરોને શક્તિશાળી બનાવે કે જેથી તેઓ જ્ઞાતિમાં પ્રચાર કરી પીરાણાના પાખંડી પથંથી જ્ઞાતિને જલ્દી મુક્ત કરે.

બીજું આજના દિવસે આપણા ભારતવર્ષમાં લાખો વર્ષો પુર્વે એક મહાન વિભુતીનો જન્મ થયો હતો જેને આપણે ભુલી ન જવું જોઈએ. એ મહાન વિભુતિ ને મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્ર ભગવાન જેનો જન્મ અયોધ્યામાં સુર્યકુળભુષણ મહારાજા દશરથને ઘેર આજ રોજ થયો હતો. એમનું આજે ભારતવર્ષના ચારે ખુણામાં લોકો ભજન કરે છે એમની પ્રતિમાને પુજે છે અને એક બીજાને મળતા પણ રામ રામ બોલે છે એટલો તો એમનો રામ નામનો મહિમા છે એટલું જ નહિ પણ એમને પ્રભુના અવતાર તરીકે માનીએ છીએ. એમના સમાન એક વચની, એક પત્નિવૃતધારી બીજો કોઈ થયો નથી અને થશે નહિ. એમને પોતાનું જીવન એક આદર્શજીવન બનાવી જનતાને બતાવ્યું છે. એમના જીવન પરથી માતાપિતાનો પુત્ર પ્રત્યેનો ધર્મ, પુત્રની માતાપિતા પ્રત્યેની ફરજ, બંધુ ધર્મ, સ્ત્રી પુરૂષોનો ગૃહસ્થધર્મ, ભાતૃભાવ, મિત્રધર્મ તેમજ શત્રુધર્મ, જે રાવણ સીતાનું હરણ કરવા છતાં એ જો સીતાને પાછા સોંપે તો તેને ક્ષમા કરવી એટલે સુધી ક્ષમાશીલ મહાન પુરૂષોત્તમ ભગવાનનું જીવનચરિત્ર મહર્ષિ શ્રી વાલ્મિકીએ સુંદર રીતે વર્ણવ્યું છે તથા મહાત્મા તુલસીદાસે ચોપાઈ દોહરાથી સાદી ભાષામાં વર્ણવ્યું છે. જેને સૌ ભાઈઓએ પઠન કરી જીવનને એક આદર્શ બનાવી શકશો. મારી પ્રત્યેક ભાઈઓને એ પ્રાર્થના છે કે આપણા ઘરમાં આપણા પુર્વજ મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામચંદ્રના જીવનચરિત્ર વાંચવા માટે રામાયણ અને શ્રીકૃષ્ણના જીવનચરિત્ર વાંચવા માટે મહાભારત એ બે પુસ્તકો જરૂર રાખવા જોઈએ અને ભગવાન શ્રીરામ અને કૃષ્ણની પ્રતિમાઓ પણ ઘરમાં જરૂર હોવી જોઈએ. જ્ઞાતિમાં રામાયણ અને મહાભારતની કથાઓ કરાવી પ્રચારકાર્ય કરવું જરૂરત છે. એ સંબંધમાં વિશેષ ભાષણ આપ્યા બાદ ભાઈ કાનજી નથુ વેરસલપુરવાળાએ હસ્તલિખીત ભાષણ આપ્યું હતું.

ભાઈ શ્રી કાનજી નથુ વેરસલપુરવાળાનું ભાષણ.

મહેરબાન પ્રમુખ સાહેબ તથા સ્વજ્ઞાતિ બંધુઓ, પુજ્ય માતાઓ અને બહેનો,

મારા અગાઉ આપણી જ્ઞાતિના હિત માટે જે ભાઈઓ બોલી ગયા છે તેને હું મારા શુદ્ધ અંતઃકરણથી ટેકો આપુ છું. બંધુઓ, આપણી જ્ઞાતિની અજ્ઞાનતા દુર કરવા માટે આપણી જ્ઞાતિના ભાઈઓ તન, મન અને ધનનો ભોગ આપી શ્રમ ઉઠાવી રહ્યા છે જેને હું મારા શુદ્ધ અંતઃકરણથી ધન્યવાદ આપું છું. બંધુઓ ! આ દુનિયાની અંદર જે જે ધર્મના અગર દેશસેવાના કાર્યો થયા છે તે જ્યાં જોશો ત્યાં યુવાનોએ જ કરેલાં છે. માટે આપ દરેક યુવાન ભાઈઓને મારી વિનંતિ છે કે જ્યાં સુધી આપણે આપણું સંગઠન નહિ કરી શકીએ અને એક બીજાને આપણે ખરા પ્રેમથી નહિ ચાહીએ ત્યાં સુધી આપણી ઉન્નતિ થવાની નથી. હજુ આપણે આપણી જ્ઞાતિ માટે ઘણા કાર્યો કરવાનાં બાકી છે. અને તે દરેક કાર્ય કરવા માટે પ્રથમ સંઘબળની જરૂરત છે. જ્યાં સુધી સંઘબળ નથી ત્યાં સુધી કાર્ય થઈ શકતું નથી માટે મારી આપ દરેક ભાઈઓને પ્રાર્થના છે કે આપણી જ્ઞાતિમાંથી પીરાણા સતપંથ જેવા પાખંડી પંથને કાઢવાને માટે સંઘબળ એકત્રીત કરી સુધારાની વેદી પર ઝંપલાવવું જોઈએ એટલું બોલીને બેસી જવાની રજા લઉ છું.

શિવગણભાઈ અર્જુનનું ભાષણ

માન્યવર સભાપતિ તથા પુજ્ય વડીલો તેમજ માતાઓ અને બહેનો, મારે તો આપને વિશેષ કાંઈ પણ જણાવવું નથી મારી તો હંમેશાં અમારા મંડળની પ્રત્યેક સભામાં એક જ યાચના છે કે આપ સૌ ભાઈઓનો પહેલો ધર્મ એ કે ગાયત્રી મંત્રથી પતિત ન રહેવું. કારણ કે પતિતોને પાવન કરનાર આપણા આર્ય ગ્રંથોમાં એક જ આ મંત્ર

છે જેને મનુ ભગવાને સ્મૃતિમાં ઘણું લખ્યું છે. જેમને જોવું હોય તે ત્યાં જોઈ લે અધ્યાય ૨-૩માં અને જે ભાઈઓ ન જાણતા હોય તો આ સભામાં પ્રતિજ્ઞા લઈ લે કે અમારે જરૂર શિખવું છે, એ મારી આજે પણ યાચના છે. બંધુઓ, મુસલમાનોમાં લગભગ ૮૦ ફીરકાઓ છે, આપસમાં મતભેદ છે અને એ મતભેદથી શીઆ-સુન્નીના ઝઘડામાં ખુના મરકીઓ થઈ છતાં પણ જ્યારે દીન ઈસ્લામનો અવાજ ઉપડે છે ત્યારે ધર્મ ચંદ્રકાર લીલા રંગના ઝંડા નીચે એકત્ર થઈ જાય છે અને એમનો હક લાઈલીલ્લાહ મહમદ રસુલીલલ્લાહના એકજ કલમાને બધાએ માને છે. તેમજ આપણા હિન્દુ સનાતન ધર્મના અનેક વડાઓ છે, મતમતાંતરો છે, પણ બધાય પર ઝંડો ઓમનો લાલ રંગનો છે અને આપણો મહામંત્ર પ્રત્યેક વૈદિક સનાતન ધર્મમાં ગાયત્રી મંત્ર છે. માટે મારા પ્યારા સતપંથને માનનારા ભાઈઓ હવે તમો સતપંથને મુકી વૈદિક સનાતન ધર્મને માનવા માટે ગાયત્રીના ઉપાસક બનો. પીરશાહના બદલે ઓમકારનો જાપ જપો. ખાનામાં જ મંદિરો બાંધી ખાનાના રૂપને ફેરવી મંદિર બનાવો. રામાયણ, મહાભારતની કથાઓ કરી ઘેર ઘેર આનંદમંગળ વરતાવો. એટલું કહીને બેસી જવાની હું રજા લઉં છું.

શ્રીયુત ભાઈ રતનસિંહ ખીમજીએ કાર્યવાહક કમિટિની ચુંટણી સંબંધમાં જણાવ્યું કે ગત વર્ષ દરમ્યાન મંડળના પ્રમુખ શ્રીમાન ભાઈ કરસન ઉકેડા, ઉપપ્રમુખ માધવજીભાઈ ભીમજી તથા મંડળના સેક્રેટરી મુળજીભાઈ શીવજી તથા ભાણજીભાઈ રાજારામ તેમજ મંડળના કાર્યવાહકોએ જ્ઞાતિની બહુજ સારી સેવા બજાવી છે જેથી મારા મત પ્રમાણે આગામી વર્ષના માટે એઓશ્રીને જ એમના કાંધ પર મંડળરૂપી રથની ધુંસરી લાદવામાં આવે છે તે આપ સૌ ભાઈઓ સહમત થશો. સૌ ભાઈઓએ હાથ ઉંચા કરી સર્વાનુમતે એ ઠરાવ વધાવી લીધો હતો.

મંડળના પ્રમુખ કરસનભાઈ ઉકેડા જેમને ગત વર્ષ દરમ્યાનન પોતાની શાંત વૃત્તિથી પ્રત્યેક સમયે હાજર થઈ પોતાની કાર્યવાહક કમિટિને સુચના આપી સુંદર સેવા બજાવી છે જેથી તેઓનો તથા મંડળના મંત્રી મુળજી શીવજી જેમણે મંત્રીપદ પર રહીને સંગીન સેવા બજાવી છે જેથી તેઓશ્રીનો તથા કાર્યવાહક કમિટિનો ધન્યવાદપુર્વક આભાર માનવામાં આવે છે.

પ્રમુખ સાહેબે ઉભા થઈ જણાવ્યું કે સભાની કાર્યવાહી પુર્ણ થઈ છે. આજની સભાનું કાર્ય સંતોષકારક થયું છે જેમાં આપ સૌ ભાઈઓએ પધારી નવયુવક મંડળના કાર્યને દીપાવ્યું છે જેથી મંડળ તરફથી આપ સૌ ભાઈઓનો આભાર માની પુર્ણાહુતિ કરવામાં આવે છે. બોલો શ્રી લક્ષ્મીનારાયયણ ભગવાન કી જય, વૈદિક સનાતન ધર્મકી જય. **ઓમ શાંતિ શાંતિ શાંતિ**

લિ.

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક નવયુવક મંડળ તરફથી મંત્રી મુલજીભાઈ શીવજી વીશાણી.

શાંતિ પાઠ

ઓરૂમ્ ર્ધાઃ શાન્તિરંતરિક્ષ ૐ શાંતિ પૃથિવી શાન્તિરાપઃ
શાંતિ રોષઘયઃ શાંતિઃ વનસ્પતયઃ શાંતિ ર્વિશ્વેદેવાઃ
શાંતિ બ્રહ્મ શાંતિઃ સર્વ ૐ શાંતિઃ શાંતિ રેવ શાંતિઃ
સામા શાંતિ રેધિ
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

આરતી

જય જગદીશ હરે પિતા જય જગદીશ હરે
ભક્તજનો કે સંકટ(૨) ક્ષણમેં દુર કરે-ઓં. જય.

જો ધ્યાવે ફળ પાવે દુ:ખ વિનશે મનકા-પ્રભુ.(૨)
સુખસંપત્તિ ઘર આવે (૨) કષ્ટ મિટે તનકા-ઓં. જય.

માત પિતા તુમ મેરે શરણ ગ્રહુ કિસકી-પ્રભુ. (૨)
તુમ બિન ઔર ન કોઈ(૨) આશ કરેં જીસકી-ઓં. જય.

તુમ પૂરણ પરમાત્મા તુમ અંતર્યામી પ્રભુ. (૨)
પરમ બ્રહ્મ પરમેશ્વર (૨) તુમ સબકે સ્વામી-ઓં. જય.

તુમ કરૂણા કે સાગર તુમ પાલન કર્તા-પ્રભુ. (૨)
મેં મુરખ અજ્ઞાની (૨) કૃપા કરો ભર્તા-ઓં. જય.

તુમ હો એક અગોચર સબકે પ્રાણપતિ-પ્રભુ. (૨)
કિસ વિધ મિલું દયામય (૨) તુમકો મેં કુર્મતિ-ઓં જય.

દીન બંધુ દુ:ખ હર્તા તુમ રક્ષક મેરે-પ્રભુ. (૨)
કરૂણા હસ્ત બઢાવો (૨) શરણ પડા તેરે-ઓં. જય.

વિષય વિકાર મિટાઓ પાપ હરો દેવા-પ્રભુ. (૨)
શ્રદ્ધા ભક્તિ બઢાઓ (૨) સંતન કી સેવા-ઓ. જય.

જય કચ્છ પ્રિ. પ્રેસ, મુંબઈ ૩.

શ્રી કચ્છ કડવા પાટીદાર ભાગ્યોદય સભા

પ્રગતિના પંથે

હડમતીયામાં શ્રી લક્ષ્મીનારાયણ દેવનો

પ્રતિષ્ઠા મહોત્સવ

કચ્છ વાંઢાય (ઈશ્વરનગર)વાળા પૂજ્ય મહારાજશ્રી ઓદ્ધવદાસજી

અને

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં કહેવાતા સુધારક ભાઈઓને વિનંતિ.

સંવત ૧૯૯૫



ઈ.સ. ૧૯૩૯

॥ शार्दूल विक्रीडित छंद ॥

विद्वता यदि लोकरञ्जनकरी चित्तं प्रसन्नं यदि,

वित्तं भूर्युपभोगकारकमिह स्वान्तानुसारक्ताप्रिया।

रूपं काममनोहरं युवतिभिः प्रार्थ्यं बयो यौवनं,

स्वज्ञोरि मिमानहीन मखिलं व्यर्थं शुनः पुच्छवत्॥

અર્થ : લોકોને રંજન કરનારી વિદ્વત્તા હોય, ચિત્ત પણ હંમેશાં પ્રસન્ન રહેતું હોય, પુષ્કળ પૈસો હોય અને તે ઘણા જ ઉપભોગમાં આવતો હોય, પોતાના મનને અનુસરનારી સ્ત્રી હોય, તેમજ યુવતીઓ ચાહના કરે તેવું યૌવન હોય, આ સઘળું છતાં, પણ જો જ્ઞાતિ અભિમાન ન હોય, તો તે સઘળું કૂતરાનાં પૂંછડા સમાન વ્યર્થ છે.

છપાવી પ્રસિદ્ધ કરનાર : **શ્રી કચ્છ કડવા પાટીદાર ભાગ્યોદય સભા**

ઠે. પટેલ રામજીભાઈ ધનજીભાઈની દુકાને

મુ.પો. ધનસુરા, તાલુકો-મોડાસા, વાયા-તલોદ, (એ. પી. રેલવે)

પ્રત : ૫૦૦ પત્રિકા નં. ૯

"ભાગ્યોદય સભા" પ્રગતિના પંથે

कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भुर्मा ते संगोऽस्तव कर्मणी॥

અર્થ : કર્મમાં જ તારો અધિકાર છે. ફળમાં કદી નહિ, તું કર્મના ફળની અપેક્ષા કરનાર ન થા, તેમ અકર્મમાં પણ તું સંગ (પ્રીતિ) ન કર.

॥ ગીતા વાક્ય ॥

પરમ કૃપાળુ પરમાત્માની પૂર્ણ સહાયતાથી 'શ્રી કચ્છ કડવા પાટીદાર ભાગ્યોદય સભા'ની પ્રવૃત્તિ દિવસોદિવસ વધતી જ જાય છે. તા. ૧૯-૦૯-૩૮ના રોજ મગનપુરા મુકામે ભરાયેલી મિટિંગના કામકાજથી જ્ઞાતિમાં અજબ પરિવર્તન થયું અને ઉત્સાહ વધ્યો, પ્રચાર કામ જોશબંધ ચાલુ થયું અને તેના શુભ પરિણામે કેટલાક ભાઈઓએ અધર્મ યુક્ત પીરાણા સતપંથનો ત્યાગ કરી સનાતન ધર્મનો અંગીકાર કર્યો. એ અરસામાં એટલે દીવાળી બાદ આપણા આદ્ય સુધારક મુરબ્બી નારણજીભાઈ રામજીભાઈ, તથા મુરબ્બી વડીલ શ્રી જીવરાજભાઈ વસ્તાભાઈ માનકુવાવાળાનું ગુજરાતમાં આગમન થયું. તેમના ઉત્સાહ પ્રેરીત વચનો સાંભળી અમારો ઉત્સાહ વધ્યો. શુદ્ધિવાળા ભાઈઓ સાથે વધુ નિકટનો સંબંધ થાય, એ હેતુથી 'ભાગ્યોદય' સભાના સભ્ય ભાઈશ્રી ખેતાભાઈ પુંજાભાઈએ પોતાની પુત્રીનું સગપણ ભાઈશ્રી વાલજી વસ્તા વિથોણવાળાના પુત્ર સાથે કર્યું અને લગ્ન પણ ચાલુ સાલમાં જ કરવા તેવો નિર્ણય થયો. રા. રા. નારણજીભાઈ તથા મુરબ્બી વડીલ શ્રી જીવરાજભાઈએ તે લગ્ન વખતે હાજરી આપવાનું વચન આપી ભાવભીની વિદાય લઈ મુંબઈ તરફ પધાર્યા.

સંવત ૧૯૯૫ના માગશર વદ ૬ { VSAK: 12-Dec-1938 } ના રોજ ઘણી ધામધૂમથી લગ્ન પ્રસંગ ઉજવાયો. મુરબ્બી નારણજીભાઈ તથા જીવરાજભાઈ પણ મુંબઈથી પધાર્યા હતા. તથા ગુજરાતના સુધારક ભાઈઓ પણ સારા પ્રમાણમાં પધાર્યા હતા. રા. ખેતાભાઈએ દરેકનું સુંદર સ્વાગત કર્યું. મુરબ્બી નારણજીભાઈ તથા જીવરાજભાઈ તથા અન્ય આગેવાન સુધારક ભાઈઓને ફુલહાર કર્યા. લગ્ન સમારંભ ઘણા જ આનંદ સાથે સમાપ્ત થયો.

તા. ૧૪-૧૨-૩૮ બુધવારના રોજ વિષ્ણુપુરા મુકામે રા. રા. પટેલ કરશનભાઈ લાલજીભાઈના પ્રમુખપદે સભા ભરાઈ. જેમાં ભાઈશ્રી નારણજીભાઈ તથા મુરબ્બી શ્રી જીવરાજભાઈને માનપત્ર અર્પણ કર્યું હતું. મુરબ્બી જીવરાજભાઈ, પોતાના કુટુંબી બંધુઓની અપૂર્વ લાગણી તથા અજબ ઉત્સાહ જોઈ ઘણા જ આનંદીત થયા હતા અને ઘણો જ આભાર માન્યો હતો. વધુમાં પીરાણા સતપંથના ભેદ ભરમોનો પોતાનો જાતી અનુભવ સમજાવ્યો હતો. પીરાણા સતપંથથી આપણી જ્ઞાતિ કેટલી પાયમાલ થઈ છે અને વિધર્મીઓના હાથે અજ્ઞાનતા તથા ભોળપણથી કેટલી હલકી પંક્તિએ ઉતરી ગઈ છે, તે હકીકત ખૂબ વિસ્તારથી સમજાવી હતી. તથા સ્વાર્થી સૈયદો

અને કાકાઓથી આપણી જ્ઞાતિના ભાઈ-બહેનો કેવી રીતે વટલે છે અને ધર્મના બહાને પોતાની ખરી પસીનાની કમાઈના પૈસા આપી પાયમાલ થાય છે, તે સંપૂર્ણ હકીકત સમજાવી હતી. જેથી ત્યાં હાજર રહેલા સર્વ ભાઈઓ ઉપર ઘણી જ સારી અસર થઈ હતી.

તે સિવાય વધુ વિવેચન કરતાં જીવરાજ ભાઈએ જણાવ્યું કે પીરાણા સતપંથ ધર્મ આપણા જેવો ઉંચ ગણાતી કડવા પાટીદાર જ્ઞાતિને કોઈ રીતે યોગ્ય નથી, છતાં ભોળા અને અજ્ઞાન જ્ઞાતિ ભાઈઓ અંધશ્રદ્ધાથી હજુ સુધી પાપી પીરાણા સતપંથ ધર્મને વળગી રહ્યા છે, એજ કમભાગ્ય છે.

જે પીરાણા સતપંથ ધર્મ વિરૂદ્ધ આજે કેટલાંય વર્ષો થયાં પ્રચાર કાર્ય થઈ રહ્યું છે કે, પીરાણા સતપંથ ધર્મ તદ્દન મુસલમાની ધર્મ છે. અવેદિક છે, વેદ વિરૂદ્ધ ધર્મ તરીકે કોર્ટોમાં તથા અન્ય ધર્માચાર્યો પાસે પણ પૂરવાર થયું છે. એટલું જ નહિ, પણ ખુદ પીરાણા ધર્મના સ્થાપક હજરત પીર ઈમામ શાહના વંશના સૈયદ પુંજામીયાં હુસેનમીયાં જે હાલ પીરાણાના ખેર ખ્વાહ છે, અને આગેવાન વ્યક્તિ તરીકે પીરાણા સતપંથ અને સતપંથીઓમાં જાહેર છે, તેમણે હજારો વખત છડેચોક જાહેર કરેલ છે કે, પીરાણા સતપંથ ધર્મ તદ્દન મુસલમાની ધર્મ છે. અને હિંદુ ધર્મ છે તેમ સાબીત કરનારને રૂપીયા પાંચ હજારને એકની ખુલ્લી ચેલેન્જ પણ કરી હતી. તો મારા વહાલા ભાઈઓ ! આટલું જાણ્યા છતાં સગી આંખે જોયા છતાં પણ, આપણે તે અર્ધદગ્ધ મુસલમાની ધર્મને વળગી રહીએ અને આપણો મોહ ન છુટે તો અન્ય દુનિયા આપણા માટે કેવો વિચાર બાંધે તે તમો જ કહો. કચ્છની અંદર તો આપણી જ્ઞાતિની જે ગણતરી થઈ છે તે તો થઈ, પણ ગુજરાતમાં આવીને જો તેવી કનિષ્ટ ગણતરી થતી હોય છતાં, આપણે સમજીને બેસી રહીએ તો તેના જેવું બીજું કયું કમભાગ્ય કહેવાય ? જ્યાં સુધી અંધશ્રદ્ધા ઘર કરી બેઠી હોય, ત્યાં સુધી તો ન સમજાય, પણ જ્યારથી આપણે સમજતાં થયાં કે, આ વસ્તુ આપણને સંઘરવા જેવી નથી, તો પછી તે વસ્તુને તરત જ ફેંકી દેવી જોઈએ, અને શુદ્ધ હિંદુ કડવા પાટીદાર તરીકે જગતમાં ઉજ્જવળ થઈને રહેવું જોઈએ.

એક ધર્મને ધર્મ તરીકે માણસ પાળે અને દુનિયામાં તેની ટીકા થાય, હાંસી થાય, અને લજ્જાસ્પદ ગણાય તો તે ધર્મ નહિ પણ અધર્મ છે એમ ચોક્કસ માનવું અને તેનો સત્વરે ત્યાગ કરવો તેમાં જ ડહાપણ છે.

દરેક સમજુ ભાઈઓની ફરજ છે કે, આપણા અજ્ઞાન અને ભોળપણનો ભોગ બનેલા ભાઈઓને ઉપદેશ આપી સમજાવવા બનતા દરેક પ્રયત્ન કરવા છતાં પણ અજ્ઞાન ભાઈઓની અજ્ઞાનતા દૂર ન થાય અને કોઈ રીતે સમજે નહિ તેમ હોય, ત્યારે આપણે પણ કપાળે હાથ દઈ બેસી રહેવું અને કુદરત કરશે તે ખરું તેમ કહેવું તેમાં કંઈ સાર નથી. મનુષ્ય માત્રને ઈશ્વરે સદબુદ્ધિ આપી છે. તો તેનાથી સાર અસારનો વિચાર કરી યોગ્ય વસ્તુ ગ્રહણ કરવી, અને કનિષ્ટને હાનિકર્તા હોય તેને સત્વર છોડી દેવી. અન્ય ભાઈઓ વચ્ચે દાખલો બેસાડીને કહેવું કે, અમોએ જે અયોગ્ય હતું તેને ફેંકી દઈને શુદ્ધ થયા છીએ, તેમ તમો પણ અમારી નજીક આવો. પાપથી સદાને માટે દૂર રહો. બાકી બીકના હાઉમાં કાંઈ માલ નથી. માત્ર જ્યાં સુધી આપણે ઝંપલાવ્યું નથી. ત્યાં સુધી જ આપણને ડુંગર લાગે છે. નહિંતર આત્મબળ આગળ કોઈ પણ નર પિશાચોનું કાંઈ ચાલતું નથી, બલ્કે ગુલામ થઈને રહે છે. તેનો દાખલો આપણી નજર સમક્ષ મોજુદ છે.

આપણા આદ્ય સુધારક ધર્મવીર નારણજીભાઈ પીરાણા સતપંથ ધર્મના અને આપણી જ્ઞાતિના કહેવાતા સ્વાર્થી આગેવાનોના કટ્ટર વિરોધી છે, છતાં આજે તે સર્વે લોકો તેમની વાહ, વાહ પરોક્ષ કે અપરોક્ષ રીતે બોલે છે.

તેનું કારણ ફક્ત તેમની આત્મશ્રદ્ધા અને અડગ ટેક છે અને તેના લીધે જ દુશ્મનોને પણ કબુલ કરવું પડે છે કે તે જ એકલો મર્દ માણસ છે. બાકી પરદેશ વસતા મુંબઈ, કરાંચીવાળા ભાઈઓને તો અમો ઓળખીએ છીએ, તે બોલે તેથી કાંઈ થવાનું નથી.

તો ભાઈઓ તમો વિચાર કરી જોશો તો જણાશે કે, તે બધો પ્રતાપ આત્મબળનો છે, શુદ્ધરૂપી તપશ્ચર્યાનો છે. તો બંધુઓ ! તમો પણ તે વીરની માફક તમારામાં રહેલી વીરતાને યાદ કરો, સાચા વીર બનો, કે અમો શુદ્ધ કડવા પાટીદાર ઉંચ કોમ હોઈને કઈ જગ્યા પર જઈ રહ્યા છીએ ? કે ગુજરાતમાં નીચ ગણાતી કોમો, માંસ, દારૂ વગેરેનો વહેવાર કરનારી કોમ પણ તમારી તરફ હલકી નજરથી જોઈ રહી છે અને તમારો છાંટો સરખો પણ લેતી નથી. તે ઉપરથી તમારા અંતર આત્માને પૂછી જુઓ કે, તમારું સ્થાન ક્યાં સુધી નીચે ગયું છે ? અને તે બધો પ્રતાપ તમોએ સાચો માની લીધેલ પાપી પીરાણા સતપંથ અને તેના સંચાલકો કુટીલ કાકાઓ તથા સ્વાર્થી સૈયદો અને તેના એજન્ટો તરીકે તમોને, ભોળવીને લુંટનાર તમારા જ ભાઈઓ માંહેના ગઢેરાઓનો છે અને તેમની નીચતા તથા સ્વાર્થ બુદ્ધિથી જ તમો આટલી નીચ કક્ષાએ પહોંચ્યા છો. તો હવે તે બધું જાણ્યું, જોયું માટે સમજી વિચારીને જાગ્યા ત્યારથી જ સવાર ગણીને તમારી ઉન્નતિની શરૂઆત કરો. મારા વ્હાલા વીર બંધુઓ, તમોને હું મારો પોતાનો જ દાખલો આપું છું કે, પીરાણા સતપંથ ધર્મમાં મેં ખૂબ શ્રદ્ધા રાખી, ઘણી પીરાણાની જાત્રાઓ કરી, હજારો રૂપીયા દસોંદ વીસોંદમાં આપ્યા, ઘણી સારી ભક્તિ કરી નુરનામા, બાજનામાં, દુવાઓ, ગજાુલસ વગેરે પઢી કાકા અને સૈયદો તરફ ઘણો જ પૂજ્ય ભાવ રાખ્યો અને જ્ઞાતિમાં આગેવાન ગણાતા ભાઈઓમાં વિશ્વાસ રાખી તેમના કહેવાથી છેલ્લા છેલ્લા પીરાણાની સંસ્થાનો વહીવટ પણ ચલાવી જોયો અને ખૂબ ઉંડા ઉતરીને બારિક નિરીક્ષણ કરતાં નિઃસ્વાર્થ અનુભવથી સમજાયું કે, આ તો આત્મકલ્યાણ કરવાના બદલે ઉલટા નરકાગારમાં જવાય છે. ઉંચ કડવા પાટીદાર કોમમાંથી ટળીને મુમના કણબીની ગણતરીમાં પહોંચાય છે અને અજ્ઞાન, શ્રદ્ધાળુ, ભોળી જ્ઞાતિને સ્વાર્થી લોકોના ઉભા કરેલા પ્રપંચમાં ધકેલવા માટેના સ્વાર્થી લોકોના હથિયાર થવાય છે. આ બધું સમજતાં તે બધું પ્રપંચ શુદ્ધ અંતઃકરણથી પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત કરીને ફેંકી દીધું છે. તો મારા જ્ઞાતિ ભાઈઓ અને સ્વજનો મારી તમોને એજ નમ્ર અરજ છે કે, આજથી કોઈ પણ ભાઈ અને બહેન એ પ્રપંચી પાપી પીરાણા સતપંથનો સાથ ન કરશો.

વળી આજકાલ પીરાણાના સૈયદ બાવાસાહેબ અહેમદઅલી ખાકી, પોતાને હજરતપીર ઈમામશાહના અગીયારમા અવતાર તરીકે ઓળખાવવાનો પ્રયત્ન આદરી રહ્યા છે. તેમના મુડેલા મુરીદોમાં ખાસ પવિત્ર પુરૂષ તરીકે પોતાની જાતને ઓળખાવીને પૂજાવી રહ્યા છે. અને પીરાણા સતપંથ ધર્મ હિન્દુ ધર્મ છે, એવો ઉપદેશ કરતા ફરે છે. પણ તેમની તે પાપી પંડિતાઈ આપણી કોમને ખૂબ જ નુકસાનરૂપ નીવડી છે. સૈયદ ખાકીના હિંદુ પીરાણા સતપંથના ખાનામાં, ગતગંગામાં કોળી, અંધારીઆ, કાછીઆ, ગોલા, રાણા, માછી, ભરવાડો અને કણબીઓ સર્વેને એક જ પાટલે બેસાડી વર્ણાશ્રમ ધર્મનું નખોદ વાળ્યું છે. અને આપણી જ્ઞાતિના અજ્ઞાન તથા ભોળા ભાઈઓને ભ્રષ્ટાચારવાળી નુરની ગોળી અને ખાનાનો એંઠો પ્રસાદ ખવડાવીને લેઉવા, કડવા બંને પક્ષથી અલગ કરી દીધા છે. અરે એટલેથી ન અટકતાં આજે તો અન્ય હિંદુ જનતા એક હિંદુ કોમ તરીકે પણ કબૂલ કરવા આનાકાની કરે છે, ત્યારે સૈયદ ખાકીને હજુ હિંદુપણાનો અંધાર પછેડો ઓઢીને કચ્છી કણબીઓને મુમનામાંથી

પણ ટાળીને પૂરા મુસલમાન બનાવવાનો ઈરાદો છે.માટે દરેક ભાઈઓએ તેવા સફેદ વસ્ત્રોમાં સંતાયેલા કાળા શયતાનોથી બચતા રહેવું એજ હિતકારક છે.

તે સિવાય મારા સુધારક ભાઈઓને બે બોલ કહીશ તો અસ્થાને નહિ ગણાય કે, આજે દરેક સુધારક કહેવાતા ભાઈઓને મારી ખરા અંતઃકરણપૂર્વક સલાહ છે કે, સમગ્ર જ્ઞાતિના શીર ઉપર ઘર કરીને બેઠેલા પીરાણા સતપંથ રૂપી કલંકને દૂર કરવા માટે દરેક સુધારક ભાઈઓના મનમાં કાંટારૂપે ખટકી રહ્યું છે તો સમગ્ર જ્ઞાતિને સુધારવા માટે એક સંપ અને સંગઠનની ખાસ જરૂર છે, પણ તે સંગઠન વાણી વિલાસનું નહિ, મૌખિક શબ્દોનું નહિ પણ, ખરા તન-મન- ધનનું તથા ખરા અંતઃકરણનું હોવું જોઈએ. તો દરેક ભાઈઓને શ્રીજગદંબા ઉમિયા માતાજી સદબુદ્ધિ આપે અને એકત્ર થાય એવી મારી નમ્ર પ્રાર્થના છે.

ઉપર પ્રમાણે વિવેચન સાંભળી સર્વે ભાઈઓના મન પર ઘણી જ સુંદર અસર થવા પામી હતી. જેમ પિતામહ ભીષ્મે મહારાજા યુધિષ્ઠિરને ઉપદેશ કર્યો હતો, તે જ પ્રમાણે આ વયોવૃદ્ધ વડીલશ્રીએ ગંભીર વાણીથી, શાંત પ્રકૃતિથી આપેલ ઉપદેશ સાંભળી હાજર રહેલા ભાઈઓ કહેવા લાગ્યા કે, જો મુરબ્બી વડીલ શ્રી જીવરાજભાઈ ગુજરાતમાં રહીને પોતાની નિઃસ્વાર્થ સેવાનો લાભ આપી પ્રચાર કાર્ય ઉપાડી લે તો ગુજરાત વાસી ભાઈઓની ઉન્નતિ સત્વર થવા પામે અને જ્ઞાતિનો જલદી ઉદ્ધાર થાય.

ત્યાર બાદ કેટલીક વાટાઘાટો પછી મોડી રાત્રે સભા વિસર્જન થઈ હતી.

ગામ હડમતીયામાં શ્રી લક્ષ્મીનારાયણના મંદિરનુ બાંધકામ પૂરું થઈ રહેવા આવ્યું હતું તેથી તે ગામના સુધારક ભાઈઓ પ્રતિષ્ઠા ક્યારે કરવી ? તે બાબતની વાટાઘાટ કરવા આવેલા ત્યારે ભાગ્યોદય સભાના કાર્યવાહકોએ જણાવેલું કે, હાલ કપાસની સિઝન નજદીક આવે છે. તેથી કામના રોકાણના લીધે કેટલાક ભાઈઓ આવી શકશે નહિ. તો આપણે સીઝન પૂરી થયા બાદ પ્રતિષ્ઠાનું નક્કી રાખીએ તો ઠીક.

મુરબ્બી નારણજીભાઈએ પણ તે જ સલાહ આપી કે હાલમાં શરદી વધારે પ્રમાણમાં હોવાને લીધે મારી તબિયત પણ ઠીક રહેતી નથી તેથી હાલ તુરતમાં જ હું દેશમાં જવાનો છું. તેથી હાલમાં પ્રતિષ્ઠા કરો તો મારાથી તુરતમાં આવી પણ શકાય નહીં. માટે ઉનાળામાં વૈશાખ માસમાં પ્રતિષ્ઠાનું રાખો તો ઘણી જ સારી વાત. વળી અહીંના કેટલાક ભાઈઓ શુદ્ધિના કાર્ય માટે તત્પરતા બતાવી રહ્યા છે. તો આ નિમિત્તે આપણે એક પરિષદ ભરીએ તેમાં ગુજરાતના આપણા કડવા પાટીદાર આગેવાન ભાઈઓને પણ આમંત્રણ આપી તેડાવીએ ને પરિષદમાં જ શુદ્ધિનું શુભ કાર્ય તેમની હાજરીમાં થાય તો ઘણું જ ઉત્તમ પરિણામ આવે. માટે તમો ઉતાવળ નહિ કરતાં વૈશાખ માસ સુધી પ્રતિષ્ઠાનું કામ થોભાવો. વૈશાખ માસમાં પરિષદ દેવીની પધરામણીથી ઘણું જ સુંદર કામ થશે. આ પ્રમાણે નિર્ણય કરવામાં આવ્યો ત્યાર બાદ નારણજીભાઈની શારીરિક સ્થિતિ નબળી પડવાથી તેઓશ્રી કચ્છ તરફ વિદાય થયા અને મુરબ્બી જીવરાજભાઈ મુંબઈ તરફ રવાના થયા.

હડમતીયાવાળા ભાઈઓ બે ત્રણ ઠેકાણે મુહૂર્ત જોવડાવી આવ્યા તો મહા સુદ ૭ શુક્રવાર {VSAK:27-Jan-1939} નું આવ્યું. બીજું કોઈ મુહૂર્ત સારું નહોતું આવતું તથા બીજા પણ કેટલાક સંજોગોવશાત્ તે જ મુહૂર્ત નક્કી રાખવામાં આવ્યું અને દરેક ઠેકાણે આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી. ભાઈશ્રી રતનશીભાઈ ખીમજી તથા

રાજારામ શામજીભાઈને પણ ઘાટકોપર તાર મારફતે આમંત્રણો આપવામાં આવ્યા. સંવત ૧૯૯૫ના મહા સુદ ૬ને ગુરૂવાર {VSAK:26-Jan-1939} ના સાંજ સુધીમાં દરેક ઠેકાણેથી સુધારક ભાઈઓ આવી પહોંચ્યા. ઈશ્વર નગર(વાંઢાય)થી પૂજ્ય મહારાજ ઓધ્ધવદાસજી પણ પધાર્યા હતા. દરેકનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું.

ઘાટકોપરથી શુદ્ધિશાળી ભાઈઓમાંથી રા.રા.નારણજીભાઈ શીવજીભાઈ, રા.નાનજીભાઈ ભાણજીભાઈ, રામજીભાઈ રાજા, લધાભાઈ વસરામ, નાનજીભાઈ દેવજી, જીવરાજભાઈ વસ્તાભાઈ તથા વાલજીભાઈ જીવરાજ(મુંબઈ), જીવરાજ વાલજીભાઈ (થાણા) વગેરે તથા રા.રા. રતનશીભાઈ ખીમજીભાઈ, રા. રા. રાજારામભાઈ શામજીભાઈ, કરશનભાઈ ઉકેડા (ઘાટકોપર મંડળના પ્રમુખ) તથા માધવજીભાઈ (ઉ. પ્રમુખ) સવગણભાઈ વસ્તા (મુલુંડ) વગેરે બંને પાર્ટીના સુધારક ભાઈઓ પધાર્યા હતાં.

તે જ રાત્રે સભા ભરવામાં આવી. જેમાં મહારાજશ્રી ઓધ્ધવદાસજી તથા રા.રા. નારણજીભાઈ શીવજી તથા રા. રતનશીભાઈ ખીમજી અને અન્ય મહાશયોએ બહુ જ અસરકારક વિવેચનો કર્યા હતાં. બીજે દિવસે પણ સવાર સાંજે સભાઓ ભરાઈ હતી. ઘાટકોપરથી પધારેલ બંને પાર્ટીઓ વચ્ચે ઘણા વખતથી મતભેદ ચાલતો હતો તેનું આ સભામાં મહારાજ ઓધ્ધવદાસજીએ સમાધાન કર્યું હતું. તે સમાધાનના ઠરાવો નીચે પ્રમાણે હતા.

૧. પીરાણા ધર્મમાં વપરાતી નુરની ગોળીનો સદંતર બહિષ્કાર કરવો.
૨. સૈયદોને ગુરૂ તરીકે માનવા નહિ અને તેમની સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખવો નહિ.
૩. મરણ વખતે શબને અગ્નિ સંસ્કાર કરવો.
૪. લગ્ન ક્રિયા હિંદુ શાસ્ત્ર પ્રમાણે ચોરી બાંધીને કરવી.
૫. પીરાણા ધર્મને તજી શુદ્ધ સનાતન ધર્મ પ્રમાણે આચાર વિચાર તથા વર્તન કરવું વગેરે.

ઉપર પ્રમાણે ઠરાવોનો અંગીકાર કરવા માટે ત્રણ માસની મુદત આપવામાં આવી. ત્રણ માસની અંદર જેટલા ભાઈઓ ઉપરના ઠરાવો પાળે તેટલાનો જથ્થો એકત્ર કરવો અને ઉપરના ઠરાવોનું ઉલ્લંઘન કરનારને મૂકી દેવા, તેમની સાથેનો ખાવા-પીવાનો વહેવાર બંધ કરવો અને ત્રણ માસ પછી જે ભાઈઓને શુદ્ધી કરાવવી હોય તે ખુશીથી કરાવે અગર ઉપરના ઠરાવો પાળનાર દરેકની હું એકી સાથે શુદ્ધિ કરીશ. માટે ત્રણ માસ સુધી બંને પક્ષનાઓ કોઈએ એક બીજાની વિરુધ્ધ કોઈ પણ જાતનો પ્રચાર કરવો નહીં ત્રણ માસ પછી જો કાંઈ ન થાય તો જેને જેમ યોગ્ય લાગે તે પ્રમાણે કરી લેવું. અને ત્રણ માસમાં ઉપરના ઠરાવોનો પ્રચાર કરવા માટે હું મારા શિષ્ય દયાળદાસ તથા રાજારામ શામજીભાઈ જેઓએ અત્યાર સુધી કોઈને ગુરૂ કર્યાં ન હતા. તેમણે આ સભામાં મહાત્મા ઓદ્ધવદાસજી મહારાજને ગુરૂ કર્યાં હતા ને ગુજરાતમાં પ્રચાર કામ માટે નીમું છું. તેઓને જો વધુ જરૂર પડે તો રતનશીભાઈને તથા નારણભાઈ શીવજીને મદદમાં બોલાવવા.

આવી રીતે શાંતિ ભર્યું સમાધાન કરવામાં આવ્યું હતું. દરેક સભામાં વક્તાઓએ શ્રોતાજનોના મન ઉપર ઘણી જ સુંદર છાપ પાડી હતી.

ગામ ફતેપુર શહેરના વણિક ભાઈઓએ પધારી સારી મદદ કરી હતી. તથા અન્ય ગૃહસ્થોએ પણ ભગવાન લક્ષ્મી નારાયણને યથાશક્તિ ભેટો મૂકી હતી. આ પ્રમાણે ભગવાન શ્રી લક્ષ્મી નારાયણની પ્રતિષ્ઠા ઘણા જ આનંદ અને ઉત્સાહ વચ્ચે થઈ હતી.

આ સભાનો રિપોર્ટ પ્રસિદ્ધ કરવા માટે હડમતીયાના સુધારક ભાઈઓને પૂછતાં તેઓએ જણાવ્યું કે, ઘાટકોપરથી મંડળવાળા ભાઈઓ છપાવીને મોકલશે. તેથી ભાગ્યોદય સભા તરફથી તે રિપોર્ટ છાપવાનું બંધ રાખવામાં આવ્યું. પરંતુ ઘાટકોપરથી પણ તે રિપોર્ટ હજુ સુધી છપાઈ બહાર પડેલ નથી ફક્ત "જય કચ્છમાં" સાધારણ ટુંકાણમાં જ હડમતીયાની હકીકત બહાર પાડી છે. વળી, જેમાં ઘાટકોપરથી પધારેલ શુદ્ધિવાળા એક પણ ભાઈનું નામ નિશાન પણ નથી. આવી જનરલ સભાનો સવિસ્તાર અહેવાલ તાત્કાલિક છપાઈ બહાર આવ્યો હોત તો તેની ઘણી સુંદર અસર થાત. અસ્તુ.

પૂજ્ય મહાત્મા ઓધ્ધવદાસજીએ દયાળદાસ તથા શ્રીયુત્ રાજારામભાઈને પ્રચાર કામ માટે રોકેલા પણ અમારા ધારવા પ્રમાણે જોઈએ તેવો પ્રચાર થઈ શક્યો નથી. શ્રીમાન્ રાજાભાઈને દરેક કંપે ફરી સભાઓ ભરી સનાતન ધર્મનો પ્રચાર કરવાનું કામ સોંપેલ અને તેમણે તે સ્વીકારેલ. પણ અમુક ચાર-પાંચ ગામોમાં તે પણ તેમના સગાસંબંધીઓમાં જ ફર્યા હતા. જે જે ગામોમાં ખાસ જરૂર જેવું હતું, અને જ્યાં વધારે પીરાણા સતપંથ ઘર કરી બેઠો છે તેવી જગ્યાએ જવાની ખાસ જરૂર હતી. સમજુ વર્ગ તો સુધરેલો જ છે. મહારાજ દયાળદાસજી પણ ધનસુરા મુકી ક્યાંય ગયા હોય તેમ જણાતું નથી. એકાદ બે ગામે ફરવા ગયા હોય તો ખબર નહિ.

ત્યાર બાદ થોડાક ટાઈમ ઉપર તા. ૨૫-૦૨-૧૯૩૯ના રોજે શ્રીયુત્ રાજારામભાઈએ ધનસુરા મધ્યે પટેલ વીરજી રામજી ધોળુના પ્રમુખ પદે એક નાની સભા પરિષદ ભરવાની સંમતિ લેવા બોલાવી હતી. જેમાં ભાગ્યોદય સભાના એક પણ સભ્યને બોલાવવામાં આવ્યા ન હોતા. ખાસ ધનસુરામાં વસતા ભાઈઓ તેમજ ભાગ્યોદય સભાના સેક્રેટરી રામજીભાઈ ધનજી વગેરે કોઈને પણ આમંત્રણ ન હતું. તે સભામાં પરિષદ ભરવાનો વિચાર નક્કી કરી ઘાટકોપરથી ભાઈશ્રી રતનશી ખીમજીને તેડાવ્યા તથા ગુજરાતના દરેક કંપાઓમાંથી બબ્બે આગેવાનોને પણ બોલાવવામાં આવ્યા ને તા. ૦૨-૦૩-૩૯ના રોજે ફરીથી ધનસુરામાં સભા ભરાઈ. જેમાં પીરાણા પંથી ભાઈઓની પણ હાજરી સારા પ્રમાણમાં હતી. કારણ કે તેઓ નિશ્ચય કરીને આવ્યા હતા કે, જો આજની સભામાં પીરાણા ધર્મ વિરૂદ્ધ કોઈ બોલે તો તોફાન કરવું. આ બાબતની સુધારક આગેવાન ભાઈઓને ખબર પડતાં સમયસૂચકતા વાપરી પીરાણા સતપંથનું પ્રચાર કામ બંધ રાખી પરિષદના મેમ્બરોની ચૂંટણી કરવાનું કામ ચાલુ રાખ્યું. જેમાં પરિષદના પ્રમુખ સાહેબ રા. રા. રતનશીભાઈ ખીમજી ખેતાણીની ચૂંટણી કરવામાં આવી હતી. સ્વાગત પ્રમુખ વીરજીભાઈ રામજીભાઈ ધોળું દુધાતળવાળા નિમાયા હતા. કાનજીભાઈ દેવશી રાયણના માળ વાળા મંત્રી, અરજણભાઈ વાલજી ધોળુ હડમતીઆ વાળા ઉપમંત્રી, કરશન ખેતા કીડીઆમુદરા વાળા ખજાનચી, સ્વાગત ઉપપ્રમુખ કાનજી રતના ધોળુ તથા રાજાભાઈ શામજી ધોળુ વગેરે તથા બીજા પણ કેટલાય મેમ્બરોની ચુંટણી થઈ હતી. અજાયબીની વાત તો એ છે કે, ભાગ્યોદય સભાના એક પણ કાર્યવાહકને મેમ્બર તરીકે ચૂંટવામાં આવ્યા ન હતા. ફક્ત તેમના પક્ષના જ વધુ પડતા ભાઈઓની ગોઠવણી કરવામાં આવી હતી. જેમાંના કેટલાંક ભાઈઓ તો હજુ પીરાણા પંથી જ છે.

ચૂંટણીનું કામ ચાલતું હતું તે દરમિયાન એક સતપંથી ભાઈએ જણાવ્યું કે, આમાં અમો કાંઈ સમજતા નથી, તમો શું સુધારો કરવા માંગો છો તે ચોખ્ખે ચોખ્ખું જણાવો જેના જવાબમાં કહેવામાં આવ્યું કે, આ સભા તો માત્ર પરિષદના મેમ્બરોની ચૂંટણી કરવા માટે જ ભરવામાં આવી છે. કામકાજ તથા સુધારા તો પરિષદની સભામાં થશે.

અને દરેક ખુલાસા તે વખતે થશે. માટે તમારે કોઈને જે કંઈ પૂછવું હોય તે પરિષદ ભરાય એટલે જરૂરથી આવજો. ત્યાર બાદ કેટલીક વાટાઘાટના અંતે સભાનું કામકાજ બંધ કરવામાં આવ્યું હતું.

ગુજરાત વાસી જ્ઞાતિ ભાઈઓ પરિષદની કાગના ડોળે વાટ જોઈ રહ્યા હતા. પણ કુદરતી સંયોગોના લીધે હાલ પરિષદ ભરવાનું મુલતવી રાખવામાં આવ્યું છે અને સાંભળ્યું છે કે, દીવાળી બાદ પરિષદ ભરાય તેમ લાગે છે. ત્રણ માસની મુદતનો વાયદો આમ નવ માસની મુદતના રૂપમાં ફેરવાયો છે.

આનું પરિણામ એ આવ્યું કે, કંઈક જાગતા થયેલ ભાઈઓ ફરીથી ઊંઘવા લાગ્યા ને આળસુ બન્યા. મહારાજશ્રીના વચનના લીધે અમો પણ ત્રણ માસની મુદત દરમિયાન કોઈ પણ જાતનો પ્રચાર કરી શક્યા નહિ અને તેથી ગુજરાતના સંતપથીઓમાં નવું જોર આવ્યું. સૈયદ બાવાસાહેબ અહેમદઅલી ખાકીના મુખ્ય શિષ્ય દેવજી લાલજી ચોપડા મહેંદીપુરા વાળાના અધ્યક્ષપણા નીચે ગામોગામ સત્સંગના નામે નાની નાની સભાઓ ભરાવા લાગી ને ફરીથી તાજો પીરાણા સતપંથનો બોધ જોરશોરથી ચાલુ થયો. સુખપુરા, હાથીપુરા, બુટાલ કંપા, વજેપુર, ધનવંતપુરા, દેસાઈપુરા, મહેંદીપુરા વગેરે ઠેકાણે સત્સંગો થયા છે. મેઘપુરામાં સત્સંગ થવાનો હતો પણ અંદર અંદર કલેશ થવાથી બંધ રહ્યો છે. ધનવંતપુરા તથા વજેપુરામાં તો ખાસ પીરાણેથી સૈયદબાવા સાહેબ ખાકીને પણ તેડાવવામાં આવ્યા હતા. જેમાં નીચે પ્રમાણે બનાવ બનવા પામ્યો હતો.

તા. ૩-૫-૩૯ના વજેપુરા મુકામે પટેલ જેઠા મેઘજીના ઘેર સત્સંગ હતો તેથી બહાર ગામથી સતપંથીઓને તેડાવ્યા હતા, પીરાણેથી સૈયદ બાવા સાહેબ અહેમદઅલી ખાકી તથા રસલીઆના કહેવાતા ભગત મનજી હરભમ પણ આવેલા હતા. તેઓ ગાડામાં બેસી ગામના ઝાંપે આવ્યા એટલે આવેલા મહેમાનો તેમને સામૈયાં કરી ગાતા વાતા ગામમાં લાવ્યા અને જેઠા મેઘજીને ત્યાં મુકામ આપ્યો. સાંજે સૂર્ય અસ્ત થયા પછી સૈયદ બાવા સાહેબ સાથે બધા મળી ખાનામાં ગયા ત્યાં લોબાન થયા પછી સરદો કરી થોડો ટાઈમ રોકાઈ પાછા આવ્યા. જમી પરવારીને આંગણામાં સત્સંગ માટે બેઠા. શરૂઆતમાં દેવજી લાલજીએ ભાષણ આપ્યું તે નીચે પ્રમાણે હતું.

સો હિન્દુઓ મકલેશ્વર મહાદેવની યાત્રાએ ગયા હતા, ત્યાં એક મુસલમાન પ્રસાદી વહેંચતો હતો, તે પ્રસાદી પેલા સો યાત્રાળુમાંથી નવ્વાણું જણાએ લીધી, અને તેમાંના એક જણે મુસલમાનને જોઈ શંકા આવવાથી લીધી નહિ. પછી દર્શન કરી જાત્રા પૂરી કરી સૌ પોતપોતાને ઘેર પાછા આવ્યા. પછી પેલો એક જણ કે જેણે પ્રસાદી લીધી ન હતી તેણે ગામમાં વાત કરી કે આ બધા મુસલમાનનું ખાઈને આવેલા છે તે સાંભળી પેલા નવ્વાણું જણાએ તેને દબાવી દીધો ને ઉલ્ટું કહેવા લાગ્યા કે તેંજ એકલે ખાધી છે. તેમ ઘણા જણ હોવાથી પેલા બિચારા એકલાને જ નાત બહાર મૂક્યો. એટલે જે નવ્વાણું જણા હતા તેનો વંશ તે આજે હિન્દુ અઢારે વર્ણ છે. અને એક નાત બહાર હતો, તેમાંના આપણે જે ખરા મનથી સતપંથ પાળે છે તે જ છીએ અને બીજા નહિ.

ઉપર પ્રમાણે દેવજી લાલજીનું ભાષણ સાંભળી સર્વે ખુશી થયા અને ધન્યવાદ આપી કહેવા લાગ્યા કે, તમારા જેવા જ્ઞાની અને બુદ્ધિશાળી પુરૂષ ન જન્મ્યાં હોત તો પીરાણા સતપંથનો આધાર પણ ન રહ્યો હોત !

ત્યારબાદ ભજન કિર્તન થવા લાગ્યાં ને સાથે સાથે બાવાજીની પણ સેવા થવા લાગી. બાવા સાહેબને પાણીની ઈચ્છા થતા જરમનના ગ્લાસમાં પાણી આપ્યું ત્યારે બાવા સાહેબ બોલ્યા કે, આ ગ્લાસમાં તમો પાણી પીઓ છો માટે એઠું ગ્લાસ મારે કામ નહિ આવે માટે માંજીને આપો એટલે ગ્લાસ સાફ કરીને પાણી આપ્યું.

ત્યારબાદ મધરાત્રિના શુમારે પૂજા કરવામાં આવીને રાંધેલો પ્રસાદ બધા સાથે બેસીને જમ્યા બીજે દિવસે બાવા સાહેબને માન ભરી વિદાયગીરી આપી.

આ બધી હકીકતો સાંભળી ભાગ્યોદય સભાના માજી સેક્રેટરી હીરજીભાઈ વાલજી જેઓ વજેપુરા ગામમાં હંસરાજભાઈ સોમજીને ત્યાં આવેલા હતા તેઓ રાત્રીના બનાવ વિશે હંસરાજભાઈ સાથે વાતો કરતા હતા તેથી વહેમાઈને બે ત્રણ સતપંથી ભાઈઓ બોલાચાલી કરવા લાગ્યા. ત્યારે હીરજીભાઈ બોલ્યા કે, ભાઈઓ આપણે હિન્દુ કડવા પાટીદાર છીએ, તો મુસલમાનને આપણે ઘેર બોલાવી ધાર્મિક ક્રિયા આચાર કરાવીએ તો આપણને લાંછન લાગે ત્યારે **એક પીરાણા પંથી ભાઈ બોલ્યા કે, અમો સાડી સાત વાર મુસલમાન છીએ, મુસલમાની ધર્મ પાળશું, સૈયદને હંમેશા બોલાવીશું, તેના ભેગું ખાશું, બોલો હવે શું કહેવા માંગો છો અને તમે સનાતનવાળા બધા એક જ બાપના હો, અને જો સગાઈ હો તો અમને તમારા ભેગા ખવડાવશો નહિ. છતાં જો ખવડાવશો તો તમો ખાસ વર્ણશંકર છો એમ અમે માનીશું. માટે હવેથી અમને કાંઈ પણ કહેશો નહિ. આ તકરાર ઘણી જ વધી પડી હતી.**

વજેપુરા ગામમાં ઢોર ચારવા માટે એક ગોવાળ થોડા વખતથી રાખેલ છે, તે જાતનો ઠાકરડો છે. તેણે આ બધી હકીકત જોઈ, સાંભળી નોકરી છોડી ચાલ્યો ગયો છે. નોકરી છોડવાનું કારણ પૂછતાં જણાવ્યું કે, તે પહેલાં લાલુ કંપા ગામે નોકર હતો, ત્યાં પણ સૈયદ આવતા જતા જોઈ નીકળી ગયો હતો ને અહીં નોકરી રહ્યો, તો અહીં પણ સૈયદ સાહેબની સવારી જોઈ જતો રહ્યો છે. ગમે તેવો પણ હિન્દુ તો ખરો જ તેથી સૈયદના શિષ્યોનું કેમ ખાઈ શકે. આ ગામમાં અત્યાર સુધી સૈયદની બિલકુલ આવ-જા નહોતી પણ આ તેમના સતપંથનું પરિણામ હતું. ગામમાં સુધારક ભાઈઓ થોડાક છે, પરંતુ તેમનું કંઈ પણ બળ ચાલે તેમ નથી. કારણ કે આગેવાનો પાકા સતપંથી છે તેથી સુધારકોને બહુ જ કનડગત છે. મતામતમાં સતપંથીઓ મુસલમાની રાહ પર જઈ રહ્યા છે તેનું તેમને જરા પણ ભાન નથી.

સૈયદ બાવા સાહેબના માનીતા શિષ્ય દેવજીભાઈ જણાવશે કે, મકલેશ્વર મહાદેવનું એવું પવિત્ર ધામ કયાં છે, કે જ્યાં હિન્દુઓ જાત્રાએ ગયા હતા ? વળી તેમણે આપેલ ભાષણ કયા ઈતિહાસના આધારે છે ?નવ્વાણું હિન્દુનો વંશ અઢાર જ વર્ણ કેમ થઈ ? અને તેવું ક્યાં ઈતિહાસના કયા પ્રકરણના કયા પાને આવેલું છે તે જરા જણાવશો કે, વળી સાચા સતપંથી નાત બહાર થયેલાનો જ વંશ હોય તો બીજા ભાઈઓએ તેમની સાથે ખાવા-પીવાનો વહેવાર શા માટે રાખવો જોઈએ ? જ્યારે તમારો વડવો કે જેણે મુસલમાનના હાથનો પ્રસાદ ન ખાધો અને નાત બહાર રહ્યો ત્યારે તેનો વંશજો તમો મુસલમાનને ગુરૂ કરી તેનાથી શા માટે વટલી રહ્યા છો ? છે કંઈ આનો જવાબ ? કે પછી તમો પણ તમારા ગુરૂ ખાકીની માફક ગપાટા શાસ્ત્ર જ ચલાવી પોતાના હિન્દુ ભાઈઓને મુસલમાન બનાવવા માગો છો ? માટે નકામા ઢોંગ છોડી મહાન વિશાળ હિન્દુ સનાતન ધર્મના ગ્રંથોનો જ્ઞાન દષ્ટિ રાખી અભ્યાસ કરો કે જેથી તમારું કલ્યાણ થાય.

ઉપર પ્રમાણે ઠામેઠામ સતપંથનું તૂત ઉભું કરવામાં આવે છે અને તેના ઓઠા હેઠળ નવા સતપંથીઓ મુંડાતા જાય છે. કાચા મનના સતપંથીઓને દાખલા દષ્ટાંતો અષ્ટમ્ પષ્ટમ્ સમજાવી વધુ મજબૂત બનાવતા જાય છે. રસલીયાના મનજી ભગત પણ પરભારા રોટલા ખાઈ શિષ્યો મુંડવાનું કામમાં ઠીક જહેમત ઉઠાવી રહ્યા છે. કચ્છમાં શિષ્યો મુંડાવાનું કામ પૂરું થયું હશે, અથવા ત્યાં તેમને કોઈ માનતું નહિ હશે ? ગમે તે હો પરંતુ અત્યારે તો

મફતના માલ ખાઈ ગુરૂ બનવાનો લ્હાવો લઈ રહ્યા છે. પોતે તો હજુ શિષ્ય બનવાને પણ લાયક નથી. છતાં બીજાઓના ગુરૂ બની મહાન પાપ વહોરી પરભવનું ભાતું બાંધી રહ્યા છે.

અમદાવાદમાં આવેલ પીરાણાની સંસ્થાનું મકાન જે કાકાના ડેલાના નામે ઓળખાય છે. તે પીરાણાની સંસ્થાનું દેવું વધી જવાથી થોડાક માસ ઉપર રૂપીયા પચાસ હજારમાં ગીરવી મુકવા કાઢેલ તેથી કચ્છના કણબીઓનો ઉતરવાનો હક જતો રહે તે માટે કચ્છના ગેઢેરાઓ તથા ગુજરાતમાંથી પટેલ જસા સવજી વગેરે મળી જ્ઞાતિ ભાઈઓને આડું અવળું સમજાવી રૂપીયાપચાસ હજાર ભેગા કરવા માટે ખૂબ કોશિષો કરી છે. ને સાંભળ્યું છે કે કચ્છમાંથી રૂપીયા ચોવીસ હજાર લઈ આવ્યા છે. બાકીના ગુજરાત, કાઠીયાવાડ અને કાનમમાંથી ભેગા કરી મકાન ગીરવી મુકતું અટકાવ્યું છે અને પીરાણાનો વહીવટ કરવા નીમેલા રીસીવરોને ઉઠાડી પોતાના હાથમાં વહીવટ રહે તે માટે તેર માણસની કમિટી નિમાઈ છે. જેમા ગુજરાત તરફથી જસા સવજી તથા કાનજી રતના ધોળુ મેમ્બર નિમાયા છે તથા બે સૈયદ, કાકા તથા કાનમના, ભાવનગરના તેમ મળી કુલ તેર માણસ નિમાયા છે. પીરાણું જતું ન રહે તેની આ આગેવાનોને કેટલી કાળજી છે ? આમાં ફક્ત તેમનો સ્વાર્થ જ સમાયેલો છે. પોતાના સ્વાર્થ માટે ગરીબ જ્ઞાતિ ભાઈઓના ઘરમાંથી આવા કપરા વખતમાં પણ પૈસા કઢાવી પીરાણાના ખાડામાં નાંખે છે. એથી ધર્મશાળામાં ઉતરવું શું ખોટું કે, જ્યાં દરેક સગવડો પૂરતી મળે છે. ડેલામાં ઉતરવામાં અગવડોનો તો પાર જ નથી. એટલા રૂપીયામાં કોઈ નવું મકાન બાંધ્યું હોત તો શું ન બંધાત ? અથવા કોઈ ધર્મશાળા કે બોર્ડીંગ બંધાવ્યું હોત તો પૂન્ય તો થાત.

હજુ પણ જ્યાં સુધી પીરાણામાં તન, મન, ધનથી રચ્યા પચ્યા રહ્યા છે, ત્યાં સુધી તેમના તરફથી સુધરવાની આશા રાખવી વ્યર્થ છે.

પૂજ્ય મહાત્મા ઓધ્ધવદાસજીને વિનંતી પૂર્વક જણાવીએ છીએ કે, આપે સંગઠન વધારવા ત્રણ માસની મુદત આપેલ, પરંતુ તેનું નિરાશાજનક પરિણામ આવ્યું. સંગઠન વધવાને બદલે ઘટતું ગયું, જાગૃતિના બદલે પ્રમાદતા છવાઈ ગઈ. આવા સમયમાં હવે અમારે શું રસ્તો લેવો તે કૃપા કરી જણાવશો એવી અમો આશા રાખીએ છીએ.

શ્રીયુત્ રાજારામભાઈ આપશ્રીએ ગુજરાતમાં રહી શું પ્રચાર કર્યો તે કંઈ જણાયું નહિ. ત્રણ માસની મુદત વીતી ગઈ પરંતુ, કંઈ નવિન પ્રકાશ ન થયો. ભાગ્યોદય સભાના એક પણ સભ્યને પરિષદના મેમ્બરની ચુંટણીમાં સામેલ કર્યા નહિ. શું ભાગ્યોદય સભાનો એક પણ સભ્ય તમારી નજરમાં લાયક ન જણાયો ? અથવા ભાગ્યોદય સભા પર આપને અણગમો છે ? આપના મનમાં એમ લાગતું હશે કે અમો નારણજીભાઈના મતને ટેકો આપીએ છીએ તેમને જ પૂજીએ છીએ પરંતુ તેમ નથી. અમો નારણજીભાઈને નથી માનતા પણ તેમની અડગ ટેકને માનીએ છીએ તેમના અગાધ આત્મબળને પૂજીએ છીએ કારણ કે, આપણી જ્ઞાતિ જે હિંદુત્વ ગુમાવી બેઠી હતી તે મહાન જહેમત ઉઠાવી ફરીથી મેળવી આપ્યું ને અમો શુદ્ધ હિંદુ કડવા પાટીદાર છીએ તેમ હિંમતપૂર્વક બોલી શકવા ભાગ્યશાળી કર્યા. આવા તેમના મહાન ઉપકાર ભુલી કૃતઘ્ન કેમ થવાય ?

આપશ્રીએ તથા શ્રીમાન રતનશીભાઈ ખીમજીએ પણ જ્ઞાતિ પર ઓછા ઉપકાર કર્યા નથી. જ્ઞાતિ હિત માટે આપના આત્મભોગો પણ પ્રશંસનીય છે. તેથી આપના તરફ પણ અમારો પૂજ્ય ભાવ જ છે. પરંતુ આપ શુદ્ધિની

પ્રથાને તિરસ્કારો છો તેટલું જ અમને દુઃખ છે. શુદ્ધિશાળી ભાઈઓ અને તમારામાં જે મતભેદ હતો તે મહારાજશ્રી ઓધ્ધવદાસજીએ દૂર કરવા ખૂબ પ્રયત્ન કર્યો, પણ તે હાલ તો સાવ નિર્થક નીવડ્યો છે. તો હવે ફરીથી સાથે મળી એક સંપથી પ્રચાર કાર્યને ઉપાડી લો અને દિવાળી બાદ પરિષદ ભરી જેટલા સંગઠનમાં આવે એટલાની જ સાથે મળી શુદ્ધિ કરાવો બાકીનાને હાલમાં તો મુકી જ દો સમય આવે તેઓ પણ સમજશે બધી જ્ઞાતિ એકી સાથે તો સુધરવાની નથી જ.

જગત વંદનીય પૂજ્ય મહાત્મા ગાંધીજીએ પણ પોતાની ભૂલ જનસમાજ આગળ જાહેર મૂકી. તો આપણે પણ સહુએ પોતાની ભૂલો સુધારી, અંગત દ્વેષ ભાવ ભુલી જઈ, એકબીજાનો સહકાર મેળવી જ્ઞાતિ સુધારાનું કામ ઝડપભેર હાથમાં લ્યો. જ્યાં સુધી એક સંપથી કામ નહિ થાય ત્યાં સુધી જ્ઞાતિનો ઉદ્ધાર કદી પણ થવાનો જ નથી. આપણા કુસંપથી વિધર્મીઓ ફાવી રહ્યા છે. માટે તે કુસંપને દેશનિકાલ કરી એક દીલથી કાર્યનો આરંભ કરો, કે જેથી જ્ઞાતિ જલ્દી ઉન્નતિ પર આવે.

ભાગ્યોદય સભાના સભાસદ ભાઈઓને વિનંતિપૂર્વક જણાવવામાં આવે છે કે, આપણે બીજા ઉપર આધાર રાખવો છોડી દઈ, પોતાની હિંમતથી આગળ વધો. ગુજરાતમાં આપણને જેટલી અડચણો છે, તેટલી પરદેશ વસતા ભાઈઓને નથી, વળી તેઓ ધંધાદારી રહ્યા એટલે તેમને ફુરસદ પણ ન મળે તે સ્વાભાવિક છે. બધાંય સાથે સુધરી જાય તેવી આશા છોડી દો મુદતો ઉપર મુદતો વીતી જશે પણ આપણો આરો નહિ જ આવે. “ધર્મના કામમાં ઢીલ શી ?” માટે હવે પરિષદ ભરાય કે ન ભરાય પરંતુ દીવાળી બાદ આપણે એક નિશ્ચયથી જેટલા તૈયાર થાય તેટલા શુદ્ધિ માટે તૈયાર થાઓ. જેમ જેમ આપણે ઢીલમાં કામ રાખીએ છીએ, તેમ તેમ આપણું બળ ઘટતું જાય છે અને સ્વાર્થી ગુરૂના શયતાન શિષ્યો વધુ ફાવતા જાય છે. અત્યારે આપણી જ્ઞાતિની નૌકા વિચાર વમળમાં ગોથાં ખાઈ રહી છે. તેને પાર ઉતારનાર કોઈ શૂરવીર સુકાની અત્યારે રહ્યો નથી. જ્યાં જુઓ ત્યાં કુસંપ જડ ઘાલી બેઠો છે, પ્રમાદતા છવાઈ ગઈ છે. ધર્મવીર નારણજીભાઈ લકવાની બીમારીથી થાકીને હતાશ થઈ બેઠા છે, મુંબઈ વાસી ભાઈઓ ધંધામાં પડ્યા છે, કરાંચી વાસી સુધારકોમાં મંડળો ઝાઝાં તેથી મતભેદો પણ ઘણા થઈ પડ્યાં છે. આવા સમયમાં આપણો સેનાધ્યક્ષ થાય તેવો વીર પુરૂષ કોઈ જણાતો નથી. તો હવે આપણાથી જે બની શકે તે જ્ઞાતિ સેવા બજાવો.“પરાઈ આશ સદા નિરાશ” માટે સાચી ધગશવાળા ઉત્સાહી યુવકો બહાર પડો અને શુદ્ધિરૂપી મહામંત્રથી પીરાણાનું કાળું કલંક સદાને માટે દૂર કરો હવે તો :

કરો જ્ઞાતિ તણી સેવા, સુધા સમ મિષ્ટ એ મેવા,
પડે તેવા સહી લેવા, નથી જાગ્યા તમે સૂવા.
ભલે ખોટા કહે મોટા, વળી મોટા બને ખોટા,
તમે છોટાં છતાં મોટા નથી જાગ્યા ફરી સૂવા.

માટે બંધુઓ ! આળસને દૂર કરો અને સાવધાન થાઓ. આવા જાગતા જમાનામાં પણ આપણે નિંદ્રામાં જ ઝોલાં ખાશું તો પછી આપણા જેવું હતભાગી બીજું કોણ ?

અત્યારે હલકામાં હલકી કોમો પણ ઉન્નતિ પર આવી રહી છે, જ્યારે આપણે કુસંપ, ઈર્ષા, અભિમાન અને દ્વેષમાં જ્ઞાતિ ગૌરવને ભુલી અધોગતિમાં અથડાઈ રહ્યા છીએ. જ્યારે મુસલમાન ગણાતા પીરાણાના સૈયદો કે, જેમણે આપણને ભોળવી ફસાવી આપણા હિંદુત્વનો નાશ કર્યો છે, તેઓ જ જ્યારે આપણ વાસણમાં પાણી ન પીએ ત્યાર પછી આપણું સ્થાન ક્યાં ? તેનો કંઈ વિચાર કર્યો છે ? કે પછી તમો પણ પીરાણાની નુરની ગોળી પીનારાઓનું ખાવાથી બુદ્ધિ ગુમાવી બેઠા છે ? પીરાણા પંથી ભાઈ તો પોકારી પોકારીને કહે છે કે, **"અમે મુસલમાની ધર્મ પાળીશું, સૈયદને ગુરૂ કરીશું, તો શા માટે અમારું ખાઓ છો ? અમારું ખાશો તો વર્ણશંકર છો એમ માનશું." વગેરે વગેરે કહે છે,** છતાં આપણાથી તેમનું ખાધા વિના ચાલતું નથી, તેમની સાથેનો સંબંધ છૂટતો નથી ! તે ઘણી જ અફસોસની વાત છે. હજુ તો તેઓ પીરાણા માટે મરી ફીટવા તૈયાર છે તો આપણે તેમને કેવી રીતે સુધારી શકીશું ! આપણે તેમની ટીકા પણ કરતા જઈએ અને તેમની સાથે વહેવાર પણ રાખતા જઈએ ! તો પછી આપણામાં ને તેમનામાં તફાવત શો ? ભલે હજારો રૂપીયા ખર્ચી મંદિરો બાંધો અને સનાતની બનો, પણ જ્યાં સુધી પીરાણા પંથીઓ સાથે તમારો દરેક પ્રકારનો વ્યવહાર ચાલુ રાખશો ત્યાં સુધી તમો પણ તેમના જેવા જ છો એમ અન્ય હિન્દુ સમાજ માની રહ્યો છે એ ખાત્રીથી માનજો.

હજુ પણ પીરાણા પંથીઓ સારા છે કે, જેમને તેમના માની લીધેલા અધર્મ યુક્ત ધર્મમાં પૂર્ણ શ્રદ્ધા છે અને આપણે તો "અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ" જેવી સ્થિતિમાં અથડાઈએ છીએ. માટે બંધુઓ, હવે તો કંઈક સમજો ! ઉપરનો ખોટો ડોળ કરી દુનિયાને છેતરવું છોડી દો અને શુદ્ધ અંતઃકરણથી પ્રાયશ્ચિત કરાવી સાચા સનાતની બનો. જ્ઞાતિ ઉદ્ધારની સાચી તમન્ના હૃદયમાં જાગૃત કરી, જ્ઞાતિ સેવાના યજ્ઞમાં ઝુકાવો, ઘણાઓની રાહ જોવા રહેશો તો તમારો આરો કદી આવશે જ નહિ, કારણ કે, કોઈને માતા પિતાની બીક છે. તો કોઈને સગા-સંબંધીઓની શરમ દબાવે છે. કોઈને વહુ તેડવી છે, કોઈને દીકરા-દીકરી પરણાવવાં છે. વળી કેટલાક નબળા મનના સુધારકો પોતાનાથી આગળ કોઈને વધવા દે તેમ નથી. આવી અનેક જાતની વીંટબણાઓ ઉભી થાય છે. માટે બંધુઓ, એવા ખોટા સ્વાર્થ અને ખોટી શરમમાં ન પડો. ધર્મના માટે તમારી જાતના માટે, અરે તમારી ભાવી પ્રજાના માટે ગમે તેવા સ્વાર્થનો પણ ત્યાગ કરવો જોઈએ.

યાદ તો કરો કે, હિન્દુ ધર્મને ખાતર હિન્દુ સંસ્કૃતિને ખાતર વેદ ઉદ્ધારક ઋષિ દયાનંદજીએ કેટલીક વખત ઝેર પીધું. અમર શહીદ સ્વામી શ્રદ્ધાનંદજીએ છાતીમાં ગોળી ખાધી. પંડીત લેખરામજી છરાનો ભોગ બન્યા. અરે ગુરૂ ગોવિંદસિંહજીના બંને પુત્રો જીવતાં દીવાલમાં ચણાયા. વગેરે મહાન પુરૂષોએ હિન્દુ ધર્મને ખાતર પોતાનાં આત્મ બલિદાન આપી અમર બન્યા. ત્યારે તમો પોતાના હિન્દુ ધર્મનો સર્વનાશ થતો તમારી સગી આંખે જોઈને શાંત કેમ બેઠા છો ? ઉંઘવાનો જમાનો વહી ગયો છે, તો હવે તમારે જાગવું જ જોઈએ. માટે વીર બંધુઓ ! જ્ઞાતિ માતાના લાડીલા સુપુત્રો હવે વાર ન લગાડો. ઉઠો ! કમર કસો ! અને કેશરીયા કરી ! તમારા હિન્દુ ધર્મને ખાતર, તમારી પૂજ્ય જ્ઞાતિ માતાને ખાતર તમારા દેહનાં પણ બલિદાન આપવા કટિબદ્ધ થાવ ! અને તમારા પૂર્વજોની અનુપમ કિર્તીને ચમકાવી અમર નામ કરો.

મુરબ્બી વડીલ શ્રી જીવરાજભાઈના અણમોલ ઉપદેશને હૃદયમાં સ્થાન આપો તે વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, ધીર પુરૂષનાં એકેએક શબ્દો અમૂલ્ય છે. તેનું મનન કરો, તેમનો અગાધ અનુભવ આપણી હૃદય ચક્ષુઓને ખોલી રહ્યો છે તો હવે સવેળા ચેતો.

આપણી જ્ઞાતિનો યુવાન વર્ગ કોઈ કોઈ વખતે જાગી ઉઠે છે અને થોડા દિવની પ્રવૃત્તિ પછી પાછો ગાઢ નિંદ્રામાં પડી જાય છે. તો તેમ ન થતાં યુવકોએ પૂરેપૂરા જાગૃત થઈ, સંગઠીત થઈ જ્ઞાતિમાંથી અનિષ્ટ તત્ત્વોને દૂર કરવા તત્પર થશે એવી અમો આશા રાખીએ છીએ. પરમ કૃપાળુ પરમાત્મા અમારી જ્ઞાતિ પર કૃપા દૃષ્ટિ કરી અમારો ઉદ્ધાર જલ્દી કરશે એવી અમો પ્રાર્થના કરીએ છીએ.
અસ્તુ.

શાંતિ શાંતિ શાંતિ

समाप्त

500, - 7- 39. The Modasa P.P.- MODASA

।। ૐ ।।

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ મફત રાત્રી શાળાનો

સને ૧૯૩૮ તા.૧-૧૦-૩૮ થી ૩૧-૩-૧૯૪૦ સુધી

માસ અઢારનો

રિપોર્ટ અને અહેવાલ

॥ श्री उमायै नमः ॥



॥ श्री सरस्वत्यै नमः ॥

विणा पुस्तक धारणी मणिमया लंकृतलंकारणि ।
जाडयां ध्वान्त निवारणी जनमनसंताप संहारणी ॥
ब्रह्मानन्द विचारणी स्वजनता सर्वापदुत्सारणी ।
प्राप्तेवात्र सरस्वति भगवती विद्युत विस्तारणी ॥

પ્રકાશક : વ્યવસ્થાપકો
શ્રી કચ્છ ક.પા.જ્ઞા.સુ.યુ. મંડળ મફત રાત્રી શાળા, **કરાંચી**

ઉદ્દેશ

૧. પાટીદાર જ્ઞાતિમાં વિદ્યાનો પ્રચાર કરી અજ્ઞાનતા અને અભણતા દુર કરવાં.

૨. જ્ઞાતિની સામાજીક, ધાર્મિક, નૈતીક અને વ્યવહારીક શિક્ષણ આપી ઉન્નતીને રસ્તે લઈ જવાના પ્રયત્નો કરવા.

૩. અજ્ઞાન વસાત્ કુધર્મને પંથે ચડી ગયેલી પાટીદાર જ્ઞાતીને શુદ્ધ સનાતન ધર્મના સિદ્ધાંતો સમજાવી સુપંથે લઈ જવાની કોશીશ કરવી.

૪. વિદ્યાર્થીઓની શારીરિક તથા માનસીક સ્થિતિમાં કેમ વૃદ્ધિ થાય તેવા ઉપાયો લેવા.

૫. વિદ્યાર્થીજનોને સદાચાર, સુનીતિ તથા સદાચરણનું શિક્ષણ આપવાનાં દરેક પગલાં લેવા.

વ્યવસ્થાપકો :
શ્રી કચ્છ ક. પાટીદાર જ્ઞા. સુધારક રાત્રીશાળા, કરાંચી
નીયમો અને ટાઈટલ પેજ નાં ઉજો જુઓ.

॥ ૐ श्री उमायै नमः ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ, મફત રાત્રી શાળાનો અઢાર માસનો રીપોર્ટ, કરાંચી.

નિવેદન

વ્હાલા જ્ઞાતિ બંધુઓ,

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ રાત્રીશાળાનું નામ કાને પડતાં અમારા વાંચકગણને કદાચ આશ્ચર્ય જેવું લાગશે, કારણ કે અજ્ઞાનરૂપી અઘોર અંધારામાં ફાંફા મારતી પાટીદાર જ્ઞાતિને વળી આ વિદ્યારૂપી રત્ન ક્યાંથી પ્રાપ્ત થયું હશે ! એવો પ્રશ્ન આશ્ચર્ય સાથે ઉત્પન્ન થાય, એ સ્વાભાવિક જ છે. એટલે એ પ્રશ્નનો ઉકેલ કરવા માટે, તેમજ એ વિદ્યારૂપી રત્ન કેવી રીતે કયાં સંજોગોમાં અને કેટકેટલી વિટંબણાઓ વ્હોરીને પાટીદાર જ્ઞાતિને આ રત્ન પ્રાપ્ત થયું છે, તે વિષેની ટુંકમાં રૂપરેખા આપી પાઠકગણને પરીચય કરાવવાનનું અમો ઉચીત ધારીએ છીએ.

આ વીશમીસદીના જાગતા જમાનામાં આપણએ જોઈ શકીએ છીએ કે, અન્ય દરેક જ્ઞાતિ વિદ્યારૂપી નૌકામાં બેસીને, કેવી પૂરપાટ આગળ ધપી રહી છે, પોતાની ઉન્નતિના માટે કેટલી તનતોડ મહેનત કરી રહી છે, તેમજ ઉચ્ચ પદવીઓનું સ્થાન મેળવી કેવી રીતે પોતાની જ્ઞાતિને ઉચ્ચ કક્ષામાં લાવે છે, ત્યારે આપણી જ્ઞાતિ હજુએ અજ્ઞાનરૂપી અંધારામાં આમથી તેમ આથડી રહી છે. આનું કારણ માત્ર આપણી અજ્ઞાનતા યાને વિદ્યાનો અભાવ. પરંતુ વિશેષ કરીને આપણી જ્ઞાતિમાં અજ્ઞાનતાનું મૂળ ઊંડું કેમ પેસી ગયું હશે ? આ રહસ્ય જાણવા માટે કિંચિત ઉંડાણમાં ઉતરવાની જરૂર છે જેમ કે :-

"પીરાઈ ક્રિયાને લાલબાઈ દઈને વિદ્યારૂપી દાન દેવા તરફ લક્ષ રાખો " જેથી ભવિષ્યની પ્રજામાં જ્ઞાનરૂપી જ્યોતિ પ્રગટે.

"વિનાશ કાળે વિપરીત બુદ્ધિ"એ ઉક્તિ અનુસાર આપણી જ્ઞાતિ ઉપર કોઈ અણધારી આફતનું વાદળ ચઢી આવવાનું હશે તેમ જ્ઞાતિએ અવનતિને પગથીએ ઉતરવા માંડ્યું, તેથી છેક ધર્મનું ભાન ભૂલી જતાં, અજ્ઞાનરૂપી રાહુના અંધકારરૂપી બાહુપાશમાં સપડાઈ ગઈ. વર્ષોના વર્ષો સુધી આ અંધકારમાં આમથી તેમ ગોથાં ખાતી રહી, પરંતુ કોઈએ તેની બાંય પકડી બહાર કાઢવાની હીંમત કરી નહિં. કોઈ મદદ કરે પણ શી રીતે-

" दैवे विमुखतां याते न कोऽप्यस्ति सहायवान् "

જ્યાં વિધાતા વિમુખ હોય, ત્યાં સહાયતાની આશા શી રીતે રાખી શકાય. એટલે કોઈએ મદદ કરી નહીં. લાંબા વખત સુધી એ અજ્ઞાનરૂપી અંધારામાં અહીં તહીં ભટકવા જ કર્યું, પરંતુ આવી રીતે ધર્મનો વિનાશ થતો જોઈ, ભગવાનને ચિંતા થઈ કારણ કે પરમાત્માએ ગીતાજીમાં કહ્યું છે કે :-

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदाऽत्मानं सृजाम्यहम् ॥

તેવી જ રીતે આપણી જ્ઞાતિમાંથી ધર્મની ગ્લાની થતી જોઈ તેના ઉદ્ધાર્થે ખરેખર દેવાંશીરૂપ નારાયણ (લીંબાણીકુળભૂષિત નારાયણજી રામજી)એ આપણી પાટીદાર જ્ઞાતિમાં અવતાર લઈ જ્ઞાનરૂપી પોતાના તેજોમય કિરણોને ફેલાવી, અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા માટે આપણને ધર્મના સુપંથ પર લાવવા ઠેક ઠેકાણે **"શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ"**ના નામે મંડળો ખોલાવ્યાં. એ મહાન આત્મા કે જેણે -

अज्ञानतिमिरांधानां ज्ञानांजन् सलाकया ।
नेत्रमुन्मीलितं येन तस्मे श्री गुरवे नमः ॥

તેના જેટલા યશોગાન ગાઈએ તેટલાં ઓછાં જ છે. કોટી કોટી ધન્ય છે એ ધર્મપ્રેમી પુરૂષને.

વ્હાલા ભાઈઓ ! આપણે અત્યાર સુધી અજ્ઞાન અવસ્થામાં કેમ રહ્યા, અને અન્ય જ્ઞાતિઓથી પછાત કેમ છીએ, તેનું કારણ હવે આપને સમજાયું હશે; ઉપરોક્ત **ધર્મવીરની** અનુકંપાથી આપણી જ્ઞાતિનો અજ્ઞાનરૂપી પડદો દૂર થતાં અન્ય જ્ઞાતિઓનું સુધારાનું ક્ષેત્ર આપણા કરતાં કેટલું આગળ પડતું છે તે આપણે જોઈ શક્યા તે બધું વિદ્યા કેળવણીનું જ પરીણામ છે એવું આપણને ભાન થયું, વખત જતાં આપણી જ્ઞાતિના ઘણા ખરા વિચારશીલ અને જીજ્ઞાસુ યુવકોને થયું કે - **'ગતં ન શોચવ્યમ્'** એટલે કે થઈ ગયેલ ભૂલનો પશ્ચાતાપ કરવો નકામો છે. અત્યારસુધી અજ્ઞાન અવસ્થામાં રહેવાનું આપણા ભાગ્યમાં લખાયું હશે, તે ભોગવ્યા વિના છુટકો નહોતો-

" यद् विधिना ललाट लिखितं तन्मार्जितुं कः क्षमः "

પરંતુ હવે જાગ્યા ત્યાંથી સવાર ગણીને હજી પણ વિદ્યા સંપાદન કરવાની કોશીષ કરશું તો બીજી જ્ઞાતિઓની સાથોસાથ અને પગલે પગલે ચાલવાનું દુર્લભ નથી. વિદ્યાનો પ્રચાર કરવાનો કાયદો તો કયારનો એ આપણા જ્ઞાતિમંડળોમાં ઘડાઈ ગયો હતો પણ આજ દિવસ સુધી કોઈપણ જ્ઞાતિ મંડળે અમલમાં મુક્યો ન હતો, તેથી એવી કોઈ તકની રાહ જોઈને અમો બેઠા હતા; દૈવયોગે બે વર્ષ પહેલાં મ્યુનિસિપાલીટીએ અભણ સ્ત્રી પુરુષોને વિદ્યાની તાલીમ આપવા માટે સ્કુલો ખોલવાનો ઠરાવ પાસ કરી, જનતાને ઉત્તેજન આપ્યું તેથી સુધારકોની વિચારરૂપી ઉંઘ ઉડી ગઈ અને **મંડળના ચોથા કાયદાને** અમલમાં મુકવો તેવો ઠરાવ કરતાં સામે નાણાંનો સવાલ ઉઠ્યો, કારણ કે સ્કૂલને લગતો સામાન, ફર્નીચર, ઈલેક્ટ્રીક બતીઓ તેમજ મકાનનું ભાડું અને માસ્તરોના પગાર વગેરેમાં નાણાંની તો ખાસ જરૂર છે જ.

આપણી જ્ઞાતિની આર્થિક સ્થિતી તો એટલી કમજોર છે કે, તેમની પાસેથી સ્કુલના નિભાવ માટે આશા રાખવી એ "કુંજાના તળીયામાં રહેલું પાણી પીવાની કાગડાની ઇચ્છા બરોબર છે." આ આર્થિક સવાલે પુનરૂપી આપણાં સાહસીક સુધારકોને મુંઝાવવા માંડ્યા. જો જ્ઞાતિમાં સંપ હોય અને દરેક જણ, આ કાર્યમાં થોડો ઘણો પણ પોતાનો ઉદાર હાથ લંબાવે તો આ સવાલ કાંઈ કઠીન જેવો નથી. પરંતુ જ્યાં કુસંપ અને ઈર્ષા જડ ઘાલી બેઠાં હોય, ત્યાં એ આશા રાખવી વ્યર્થ છે. કદાચ એકાદ જણથી આ ખોટ પુરી પાડી શકાય આવી આશા રાખવી એ ખરેખર ઈચ્છવા જેવું નથી. છતાં જેને જ્ઞાતિ સેવાની પુરેપુરી ધગશ છે અને જ્ઞાતિને ઉન્નતિને પગથીએ લઈ જવાની જેની

તીવ્ર અભિલાષા છે તેવા વીર યુવકોએ હિંમત બાંધીને પોતાની ઈચ્છા બતાવી કે, જો કોઈ ભાઈ જ્ઞાતિ સેવા અર્થે શિક્ષક તરીકેનું કામ ઉપાડી લેવા તત્પર થતો હોય, તો સ્કૂલને લગતી બીજી દરેક ખોટ યેન કેન પ્રકારેણ પુરી પાડવા અમો તૈયાર છીએ.

ખરેખર ધન્ય છે તેમની ઉદારતાને ! શિક્ષક તરીકેનું કામ સંભાળી લેવા માટે પોકાર કુટુંબના સેવાભાવી અને શાળા પ્રત્યે ધગશવાળા **લાલજીભાઈ પેથાભાઈએ** પોતે તે કામ કરવા માટે પોતાની ઈચ્છા બતાવી; તેથી સુધારકોની એક મુંઝવણનો ઉકેલ થતાં ઉત્સુક યુવકોની પ્રેરણાને વિશેષ ઉત્તેજન મળ્યું એટલે તાબડતોબ તે યુવકોએ સ્કૂલને જોઈતી ચીજો જેવી કે, ઈલેક્ટ્રીક લાઈટ, બાંકડાઓ, ખુરશીઓ, ટેબલો વગેરે વગેરે ખરીદીને અને કાંઈક યાચના કરીને વિના વિલંબે એકઠી કરી છેવટે સંવત ૧૯૯૫ ના આસો વદ ૦))(અમાસ){VSA:23-Oct-1938} દિવાળીના રાત્રે મંડળના જલસામાં જાહેર કરી દીધું કે કારતક સુદ ૨ તા.૨૫-૧૦-૩૮ને વાર મંગળ {VSAK: 25-Oct-1938} થી આપણાં મંડળ તરફથી રાત્રીશાળા ખોલવામાં આવશે, માટે જે જે ભાઈઓને પોતાના બાળકોને રાત્રીશાળામાં મોકલવાં હોય તેમણે ઉપરોક્ત તારીખે મંડળની ઓફિસે રાત્રે ૮.૩૦ (સાડા આઠ વાગે) મોકલવાં. તેમજ કામે જતા જે કોઈ ભાઈને ભણવાની ઈચ્છા હોય તે ભાઈએ પણ ખુશીથી આવવું; આ રાત્રીશાળામાં હાલમાં કશી જાતની ફી કે લવાજમ રાખવામાં આવ્યું નથી. આમ સાંભળતાની સાથે, જાણે ભાઈઓ આવી શાળાની રાહ જોતા જ હોય તેમ, તે જ વખતે કેટલાક ભાઈઓએ પોતાના બાળકોને ભણવા સારૂ મોકલવાને વચન પણ આપી દીધું. આથી પેલા સેવાધારી યુવકોના આનંદનો તો પાર રહ્યો નહિ; તેથી તે જ વખતે **કુળદેવી ઉમિયાની જય ગર્જનાઓ થવા લાગી.**

કારતક સુદ ૧ (પડવા){VSAK: 24-Oct-1938} નો નવા વર્ષનો આનંદ માણી, અન્ય શાળામાં ભણતાં બાળકો તથા દિવસે કામે જતા યુવકો રાત્રે સાડા આઠ વાગે હાજર થઈ ગયા. શરૂઆતમાં જ લગભગ વિદ્યાર્થીઓની સંખ્યા સારા પ્રમાણમાં થઈ હતી; તેમણે તથા ત્યાં હાજર થયેલા જ્ઞાતિના ભાઈઓએ તથા બહેનોએ શ્રી કુળદેવી ઉમિયાની જય બોલાવી વિદ્યાર્થીઓ શાળામાં દાખલ થઈ શ્રી સરસ્વતી દેવીની ઉપાસના કરવા લાગ્યા. વિદ્યાર્થીઓને આમ આનંદથી ભણતા જોઈ બીજા કામે જતા ભાઈઓ, તેમજ અન્ય બાળકોનાં પણ શાળામાં આવવા માટે દીલ ખેંચાવા લાગ્યા; જેથી દિનપ્રતિદિન બાળકોની સંખ્યા વધવા લાગી તેની સગવડને ખાતર વ્યવસ્થાપકોએ ભેગા મળી આ સગવડ કેમ સચવાય તે વિચાર કરી જોતાં, મકાનમાં ફેરફાર કરવો અને ફર્નીચર વધારવું તથા ઈલેકટ્રીક લાઈટો પણ ફેરવવી આવું નક્કી કરવામાં આવ્યુ. આ કામ તાબડતોબ થાય તે માટે ઉત્સાહી યુવકોને સોંપવામાં આવ્યું તેઓએ તો તે જ દિવસે કારીગરો રાખી કામ કરાવી લીધું જેથી કાંઈક સગવડ થઈ તો ખરી, પણ વ્યવસ્થાપકોને જગ્યાની તંગાશનો સવાલ તો હજી જેવોને તેવો જ સાલતો રહ્યો છતાં પણ બાળકો તો વધતા જ ગયા તેથી સંચાલકોએ કમીટી ભેગી કરી અને તેમાં તેનો વિચાર કરવામાં આવ્યો અને અંતે કમીટીના ભાઈઓ એવા નિર્ણય ઉપર આવ્યા કે હવેથી જે જે વિદ્યાર્થીઓ દાખલ થાય તેની પાસેથી દાખલ ફીના આના ચાર ૦। રૂપીઓ લેવો આવો ઠરાવ કરી તે જાહેર બોર્ડમાં લખ્યો તે વાંચીને તો રોજ રોજ ચાર આના આપીને મા-બાપો પોતાના બાળકોને દાખલ કરાવવા મંડ્યા અને વિદ્યાર્થીઓની સંખ્યા વધી લગભગ ૬૦ થી ૬૫ થઈ ગઈ વળી પાછો બાળવર્ગ માટે ફેરફાર કરવો પડ્યો, તેમાં બેસવા માટેના બાંકડાઓ કાઢી દેશી રિવાજ મુજબ જમીન પર

શતરંજી પાથરી માસ્તરને પણ નીચે ગાદી તકીયા પર બેસવાનું કરી આપ્યું; મોસમ શિયાળાની હતી, ટાઢ પણ ઠીકાઠીક કડકડતી પડી રહી હતી છતાં બાળકો તો શાળામાં દરરોજ હાજર થતાં જ હતા, આ જોઈ સંચાલકોએ વિચાર કરી જોયો કે બાળકોને ટાઢથી બચાવવાને માટે શાળામાં રજા પાડવી કે કેમ ? આવો વિચાર કરતાં જણાયું કે જો રજા પાડશું તો વિદ્યાર્થીઓના અભ્યાસમાં ફેર પડી જશે. માટે કાંઈક નવો રસ્તો લેવો તેમાં કેટલાક ભાઈઓએ એવી સૂચના કરી કે દરેક બાળકને એકેકું ગંજીફરાક આપવું તેથી તેઓની ટાઢ કાંઈક ઓછી થશે અને અભ્યાસમાં પણ ખલેલ નહિ પડે.

આ વિચાર કમીટીના ભાઈઓને ગમ્યો તો ખરો પણ સામે નાણાંનો સવાલ તે ક્યાંથી લાવવાં ? આવી મુંઝવણમાં પડ્યા અને સેવાધર્મ કેવો ગહન છે, તેમાં વળી આ સેવા ! જ્ઞાતિ સેવા તો કરવી બહુ જ મુશ્કેલ છે. ખાલી સેવાના બહાને નામ કાઢવું જેટલું સહેલું છે. તેટલી જ અગવડ ખુદ સેવા ઉઠાવવામાં છે. કહેવત છે કે **“કરશો સેવા તો પામશો મેવા”** પણ સેવાના મેવા ખરી કસોટી થયા પછી જ મળે; પ્રથમ તો અપમાનના પોટલાનો સ્વીકાર કરી શકવાની જેનામાં તાકાત હોય તેનાથી જ સેવા થાય, બાકી તો વાતો જ.

ગંજીફરાક આપવાની સંચાલકોએ કેટલાક જ્ઞાતિ ભાઈઓ આગળ વાત કરી, જો કાંઈ પણ પોતા તરફથી મદદ થઈ શકે તે આપવાનું કહ્યું તે સાંભળી બે-ચાર ભાઈઓએ પોતા તરફથી બનતી સહાયતા આપવાની ઈચ્છા જણાવી તે સાંભળી ઈશ્વરમાં વિશ્વાસ રાખી સંચાલકોએ બજારમાંથી વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં ગંજીફરાક તથા માસ્તરો સારૂ શાલ લીધી અને તા.૪-૧૨-૩૮ ના રોજ સભા બોલાવી **ભાઈ નારાયણજી શીવજીના** હસ્તે બાળકોને વહેંચ્યા.

ઈનામ મળતાં સર્વે બાળકો મનમાં બહુ જ હરખાયા, પણ આ વાત તો સ્વાભાવિક છે; કે બચ્ચાંને કાંઈ ખાવાનું મળતા તો રાજી થાય ત્યારે આ ઠેકાણે અમારે કહેવાની જરૂર રહે છે કે પ્રથમ જે વખતે શાળાની પ્રવૃત્તિ કરી ત્યારથી તે આજ દિવસ સુધી અમારામાંના કેટલાક ભાઈઓ આળસમાં રહ્યા અને પોતાનો સાથ પણ આપ્યો નહીં, પણ ખેર; દિનપ્રતિદિન આ કાર્યને વધારે ને વધારે જોશ મળતું જતું જાણી નારાજ તો નહીં જ થતા હોય જ્યાં પ્રભુ ઈચ્છા સાથે બાળકોના સદ્‌ભાગ્ય બંને સાથે સર્જાયા હોય ત્યાં મનુષ્ય શું કરી શકે ? જો હવે આટલી પ્રગતિ થયા બાદ આપ આપનો અભાવ જાહેર ન કરતાં સદૈવ શાળા તરફ અમીદષ્ટી ભરી લાગણી પ્રદર્શિત કરશો તો અમો અમારા કાર્યને વધારેને વધારે મજબૂત બનાવતા રહીશું. **“જેને રામ રાખે તેને બીજા શું કરી શકે”** એ કહેવત મુજબ શાળામાં તો જ્ઞાતિ ભાઈઓ વધારે રસ લેવા મંડ્યા.

દિનપ્રતિદિન વિદ્યાર્થીઓની સંખ્યા તો વધવા જ લાગી તેથી સંચાલકોએ વિચાર કર્યો કે હવે બધા વિદ્યાર્થીઓનાં લેશન એક માસ્તરથી લઈ શકાતાં નથી તેથી જો કોઈ મદદગાર માસ્તરો મળે તો કલાસવાર ગોઠવણ કરી શકાય. આ વાતની જાણ થતાં એ જ પોકાર કુટુંબ ઉપર બાળકોનો આશીર્વાદ ઉતરવાનો હશે તેથી ભાઈ લાલજી પેથાભાઈ જે શાળાના માસ્તર છે તેમના જ નાના ભાઈ નારાયણજી પેથાભાઈ કે જે અંગ્રેજી છઠ્ઠા ધોરણ (Six Standard) માં અભ્યાસ કરતા હતા તેમણે કમીટીના ભાઈઓને કહ્યું કે - જો સેવા કરવાનો મને હુકમ આપો તો હું અંગ્રેજી પહેલીથી છઠ્ઠી સુધીનો કલાસ સંભાળું તેમજ ગામ દેવીસરવાળા જોશી રતનશી

માધવજી એ કહ્યું કે હું તમારી જ્ઞાતિનું ઘણા વખત થી કામ કરૂ છું; તેથી જો મને બાળવર્ગ આપો તો તે હું સંભાળીશ. આ વાત કમીટીના ભાઈઓને ગમી તેથી શાળામાં કલાસ જુદા કરવામાં આવ્યા મને ઉપર મુજબ તે બે નવા માસ્તરોને વિના પગારથી સેવા કરવાની તક આપી. આવી રીતે કલાસવાર ગોઠવણ થવાથી વિદ્યાર્થીઓના આનંદમાં ઓર વૃદ્ધિ થવા લાગી. આથી સન ૧૯૩૯ ના માર્ચ માસની સ્કૂલોની વાર્ષિક પરીક્ષા વખતે શાળામાં પાંસઠ વિદ્યાર્થીઓ હતા.

આ વિદ્યાર્થીઓ દિવસે જુદી જુદી સ્કૂલોમાં અભ્યાસ કરતા હતા ત્યાં પણ તેઓ સારા માર્ક મેળવી પાસ થયા, તેથી વિદ્યાર્થીઓના મા-બાપ મનમાં હરખાવાં લાગ્યા અને ઉપરોક્ત મંડળને તથા માસ્તરોને આશીર્વાદ દેવા લાગ્યા. પણ શાળાના સંચાલકો ને વિચાર થયો કે આ વખતે કાંઈક ઈનામ આપવું જોઈએ પણ શું આપવું અને આ નાણાં ક્યાંથી લાવવા ? આવો વિચાર કરતા હતા ત્યાં ગામ નખત્રાણાવાળા ભાઈ મુળજી ડોસા પોકારે કહ્યું કે જો તમો બાળકોને સ્કૂલમાં ચાલતી ચોપડીઓ ઈનામ આપો તો મારા તરફથી રૂા.૧૦) દશ આપું છું તેથી વ્યવસ્થાપકોએ આ વાત માન્ય રાખી એક એક પુસ્તક તેઓને ઈનામ આપવાનું નક્કી કર્યું અને તે મુજબ સ્કૂલોના માસ્તરોને પૂછી જે જે શાળામાં જે જે પુસ્તક ચાલતું હતું તે પ્રમાણે વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ તે ખરીદી લીધા. હવે તે આપવા માટે સભા બોલાવવી તેના પ્રમુખના માટે વિચાર કરતાં આપણી જ્ઞાતિમાં શ્રીમાન ભાઈ વેલજી રામજી ભગત ઉપર નજર ગઈ તેથી સંચાલકોમાંથી એક બે જણ ભાઈ વેલજી પાસે ગયા અને બધું તેઓને સમજાવ્યું અને સાથે વિનંતી કરી કે આ વખતે સભાના પ્રમુખ તરીકે બેસવાનું આપશ્રીને કહેવા આવ્યા છીએ જો આપ આટલી અમારી વાત સ્વીકારી શકો તો અમારા કાર્યની અંદર અમોને વધારે સફળતા મળે.

આ વાત જાણી ભાઈ વેલજી રામજીએ આ વાતનો સ્વીકાર કર્યો ખરેખર જ્ઞાતિ સેવા કરવાના માટે જેનું હૃદય હમેશાં તલપી રહ્યું હોય ત્યાં આવી સુંદર તક કોણ ગુમાવે તમો ત્રીસોએ ત્રીસ દિવસ શાળામાં બેસી બાળકોના આશીર્વાદ લ્યો છો ત્યારે એક દિવસના માટે આવી સુંદર તક મળી છે તે હું કેમ જતી કરૂં ! હું ખુશી સાથે તમો જે દિવસે સભા બોલાવશો તે દિવસે આવવા તૈયાર છું. આ સાંભળી સંચાલકો આ વખતની મુંઝવણમાંથી પણ મુક્ત થયા; તેથી કમીટી ભેગી મળી સભાની તારીખ નક્કી કરી કે તા.૩૧-૩-૩૯ શુક્રવારની રાત્રે સભા કરવી આ પ્રમાણે ઉપરોક્ત તારીખે શાળાની બહાર સડક પર જાહેર સભા ભરવાનું નક્કી કર્યું. પાથરણાં પાથરી બાંકડા ખુરશીઓ ગોઠવી દેવામાં આવ્યાં તેમાં સ્ત્રી વર્ગને માટે અલાયદી બેઠક ગોઠવી હતી; આ જલસામાં જ્ઞાતિના ભાઈઓ તથા બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી, બરાબર વખતસર ભાઈ વેલજી રામજી ભગત પણ આવી ગયા તેથી શાળાના સંચાલકો તરફથી ભાઈ રતનશી શીવજીએ આજની સભા બોલાવવાનું કારણ સમજાવ્યું અને પ્રમુખની દરખાસ્ત મુકતા કહ્યું કે, આજની સભાના પ્રમુખ તરીકે આપણા જ્ઞાતિભાઈ વેલજી રામજી ભગતની દરખાસ્ત મુકું છું. આ દરખાસ્ત જ્ઞાતિના દરેક ભાઈ બહેનોએ સર્વાનુમતે વધાવી લીધી એટલે ભાઈ વેલજી રામજીએ પ્રમુખ પદે સ્થાન લીધું. ત્યારબાદ શાળાના બાળકોએ અંગકસરતો કરી બતાવી આ જોઈ સર્વે ખુશી થયા પછી માસ્તર લાલજીભાઈએ શાળાના બાળકોની કલાસવાર ગોઠવણ કરી બાળકોને બેસાડી દીધા અને ભાઈ વેલજીએ પહેલાં બાળ વર્ગથી ઈનામ આપવાની શરૂઆત કરી છેક અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી સર્વે બાળકોને એકેક પુસ્તક અને સાથે એકેક મેવાનુ પડીકું આપ્યું.

આશીર્વાદ આપતાં સર્વે વિદ્યાર્થીઓ પોતપોતાની જગ્યા પર બેસી ગયા એટલે ભાઈ વેલજીએ કહ્યું કે આજ દિવસ સુધી શાળા તરફથી કશો પણ પગાર નહીં લેતા અને અવિરત મહેનત કરનાર માસ્તરોને જો આપણે કાંઈ પણ ન આપીએ તો આપણને જગત જરૂરથી બીનકદરા ગણશે, તેથી શાળા તરફથી સ્કૂલના હેડ માસ્તર ભાઈ લાલજી પેથાભાઈને કાંડાનું ઘડીયાળ તથા તેમના નાનાભાઈ આસી. માસ્તરભાઈ નારાયણને એક પુસ્તક, તથા બાળવર્ગના માસ્તર જોશી રતનશીને એક ધોતીયું આપવામાં આવ્યું હતું. આ ચીજોનો સ્વીકાર કરી જોશી રતનશીએ પોતાનો બ્રાહ્મણધર્મ સમજાવતાં કહ્યું કે આ કામ જે મને સોંપવામાં આવ્યું છે તે હું મારી રાજી ખુશીથી મારા ધર્મ પ્રમાણે બજાવું તેમાં હું તમારા ઉપર કાંઈપણ ઉપકાર કરતો નથી. તેથી મારો ઉપકાર માનવાની કાંઈ જરૂર નથી. ભાઈ લાલજી તથા નારાયણજીએ પણ કહ્યું કે અમોને જ્ઞાતિ સેવા કરવાની તમોએ તક આપી છે તેના માટે અમો તમારો ઉપકાર માનીએ છીએ. આ કામ અમો કરીએ છીએ તે અમારી જ્ઞાતિ પ્રત્યેની ફરજ અદા કરીએ છીએ તેમાં આપને અમારો આભાર માનવાની કશી જરૂરત રહેતી નથી. ત્યારબાદ ભાઈ રતનશી શીવજીએ કહ્યું. આજની સભાના પ્રમુખ તરીકેનું જે સ્થાન શ્રીયુત ભાઈ વેલજી રામજીએ પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી દીપાવ્યું છે તે બદલ હું આ શાળાના સંચાલકો વતીથી તેમનો ઉપકાર માનું છું તેમજ અત્રે આ સભામાં પધારેલા ભાઈઓ તેમજ બહેનોએ અમારા આમંત્રણનો સ્વીકાર કરી પોતાના કીંમતી સમયનો ભોગ આપી શાંતિ દાખવી છે તેના માટે અમો આપના ઋણી છીએ.

ઉપર મુજબ શાળાનું કામ ઘણા જ ઉત્સાહથી ચાલતું જોઈ દરરોજ એક બે વિદ્યાર્થીઓ નવા નવા દાખલ થવા લાગ્યા હતા, પણ સંચાલકોએ જગ્યાની અગવડતાને લઈને હવે પછીથી જ્યાં સુધી જગ્યાની સગવડ પૂરતા પ્રમાણમાં ના થાય ત્યાં સુધી નવા વિદ્યાર્થીઓને દાખલ ન કરવા એવો ઠરાવ કર્યો. તુરતમાં વળી વાર્ષિક પરીક્ષા પણ નજદીક આવતી હોવાથી વળી પાછી સંચાલકોને એજ ચિંતા થવા લાગી કે આ વર્ષમાં ઈનામ ક્યાંથી અને કેમ કરી આપીશું ? પ્રભુ દયાળુ છે અને સર્વેની ચિંતા તેના પર જ છે તેથી સેવા કરનારને કોઈને કોઈ સાધન મળી જ રહે છે. શાં. ૧૯૯૬ ના મહા માસ {VSAK:Between 09-Feb-1940 to 09-Mar-1940} માં ગામ વીરાણીવાળા આદ્ય સુધારકભાઈ નારાયણજી રામજીના જોડીદાર મુરબ્બી રામજીભાઈ જેઠા ગઢશીશાવાળા તથા ગામ વીરાણીવાળા શ્રીમાન ભાઈ જીવરાજ વાલજી પોતાના પુત્રોના લગ્ન પ્રસંગ પર અત્રે કરાંચીમાં આવ્યા હતા, તેઓ અહીં ચાલતી રાત્રીશાળા જોવા આવ્યા તેમણે જ્ઞાતિના બાળકોને ભણાવવા માટેની જે જે સગવડો કરી હતી તે તે જોઈ પોતે પોતાનો આનંદ પ્રદર્શીત કર્યો હતો અને સંચાલકોને પુછયું કે એ શાળાના નિભાવ અર્થે શું સાધન છે ? અને આવો ભારી ખર્ચો રાખી કામ ધપાવો છો. આ સઘળુ ક્યાંથી લાવો છો ! તે પરથી દરેક જાતની વ્યવસ્થા તેમના સામે રજુ કરી સમજાવી. આ સાંભળી, જોઈ તપાસી, તેમણે અમોને કહ્યું કે હાલમાં તાત્કાલીક સભા બોલાવવાનું કરો. તેથી એજ લગ્ન મંડપમાં તારીખ ૩-૨-૧૯૪૦ શનીવારની રાત્રે હાલારી વિભાગના કરાંચીમાં વસતા લેવા પાટીદાર જ્ઞાતિના પટેલ શ્રીમાન કેશવજી હંસરાજના પ્રમુખપણા નીચે સભા બોલાવવામાં આવી તેમાં શાળામાં ભણતા વિદ્યાર્થીઓએ અંગ કસરતના ખેલો તથા સંવાદો ભજવી બતાવ્યા. આ જોઈને મુરબ્બી રામજીભાઈ જેઠાએ પોતાના તરફથી શાળાને ભેટ તરીકે રૂા. ૫૧-૪-૦ (સવા એકાવન) આપ્યા. તેમજ રા.રા.ભાઈ જીવરાજ વાલજીએ પણ પોતા તરફથી રૂા.૫૧-૪-૦ (સવા એકાવન) ભેટ તરીકે શાળાને આપ્યા. તેમની સાથે આવેલા ગઢશીશાવાળા ભાઈ નાનજી ભાણજીના ચિ. પુત્ર ભાઈ મુળજી નાનજીએ (રૂ.૨૫) (પચીસ) શાળાનો વહીવટ

જોઈને ભેટ તરીકે આપ્યા. તેમજ ગામ અંગીઆ વાળા ભાઈ નારાયણજી કાનજી નાકરાણીએ પણ રૂા.૧૧-૪-૦ (સવા અગીયાર) શાળાને આપ્યા.

આવી રીતે બહારગામના ભાઈઓને પણ આ કામ જોઈ સંતોષ થવાથી શાળાને ભેટ આપે છે. આવું જાણીને કરાંચીમાં વસતા જ્ઞાતિભાઈઓને પણ લાગ્યું કે અમોએ આટલા દિવસ સુધી શાળાને બીલકુલ કાંઈ મદદ આપી નથી છતાં સંચાલકો શાળાના કામને આગળને આગળ વધારતા જાય છે, તેથી આપણે જરૂરથી આપણો સાથ પૂરાવવો જોઈએ. તેથી કરાંચીમાં વસતા ભાઈઓ પણ એક પછી એક પોતાના તરફથી ભેટ આપવાનું બોલતા ગયા. તે વધીને બધો ખરડો તે જ વખતે રૂા.૨૫૦ થી ૨૬૦ સુધી પહોંચી ગયો હતો. આવી રીતે અકસ્માતથી પ્રભુએ તક આપી મુંઝવણ દુર કરી તેથી તેનો સંચાલકો ઉપકાર માનવા લાગ્યા અને આવતી પરીક્ષામાં ઈનામ આપવું જ એવો ઠરાવ કર્યો. પરીક્ષા નજીક આવતી ગઈ તેમ માસ્તરો પણ ખંતથી છોકરાઓના લેસન લેવા લાગ્યા અને છોકરાઓ પણ પોતે પાસ થઈને ઈનામ કેમ લેવું તેની જ તમન્ના લાગી હતી તેથી તેઓ પણ પોતાની ખરી કાળજીથી અભ્યાસ કરવા લાગ્યા અને એક બીજાને કહેવા લાગ્યા કે જો જે તું પાછળ રહી ન જા. જો નાપાસ થઈશ તો તને ઈનામ નહીં મળે આવી રીતે એક બીજાની ચડસા ચડસીથી ૧૯૪૦ ના માર્ચની પરીક્ષા વખતે શાળામાં છોકરાઓની સંખ્યા ૮૪ ની હતી તેઓમાંથી ફક્ત બે જ વિદ્યાર્થીઓ નાપાસ થયા બાકી ૮૨ વિદ્યાર્થીઓ પોતપોતાની કલાસમાં ઉંચે નંબરે પાસ થયા. આવી રીતે રાત્રી શાળામાં ભણાવવાથી છોકરાઓને કેટલો લાભ થાય છે તે તેના માવીત્રોને ખબર પડી અને શાળાના પ્રવર્તકોને ધન્યવાદ દેવા લાગ્યા એટલું જ નહીં પરંતુ કેટલાક વિચારશીલ ભાઇઓ સંચાલક ભાઇઓને કહેવા લાગ્યા કે હવે ઈનામ કયે દિવસે આપશો તે દિવસે અમોને જરૂરથી આમંત્રણ આપજો તો અમો પણ કાંઈક તમોને મદદ કરીશું. આવું સાંભળી વ્યવસ્થાપકોને આનંદ થયો અને જાહેર આમંત્રણ પત્રિકાઓ કાઢવી એવો ઠરાવ કર્યો.

બધી સ્કૂલોનાં-પરિણામો બહાર આવી ગયાં ત્યારે તે દરેક સ્કુલોમાંથી મંગાવી વ્યવસ્થાપકોએ કમીટીને બોલાવી અને તેમાં નિર્ણય કર્યો કે જે જે બાળકો પાસ થયા છે તેમને દરેકને એક એક ઉપલા ધોરણનું પુસ્તક ઈનામ તરીકે આપવું. ત્યારબાદ કમીટીએ દરેક સ્કૂલોના માસ્તરો પાસે જઈને જે જે સ્કુલમાં જે જે ચોપડી ચાલતી હતી તે વિષેની માહિતી મેળવીને વિદ્યાર્થીઓની જેટલી સંખ્યા હતી તેટલા પુસ્તકો ખરીદી લીધા અને ઈનામ સાથે આપવા માટે મેવો પણ ખરીદ કરી લીધો તેમજ માસ્તરોના માટે ત્રણ ગરમ સાલ પણ લઈ લીધી. ત્યારપછી તેઓએ ૨ એપ્રિલ ૧૯૪૦ ને મંગળવારની રાત્રે ઈનામનો મેળાવડો કરવાનું નક્કી કર્યું. આગલા વર્ષમાં ઈનામ આપતી વખતે સભાના પ્રમુખ ભાઈ વેલજી રામજી ભગત હતા તેથી તેમને પણ પુછવામાં આવ્યું હતું. અને ચાલુ સાલના માટે પણ ઈનામ આપવાની સભાના પ્રમુખ તેઓશ્રીની રહેશે એવું તેમના પાસેથી વચન પણ માંગી લીધું હતું તેથી પત્રિકાઓમાં પણ તેઓશ્રીનું જ નામ પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. આમંત્રણ પત્રિકાઓ આપણા જ્ઞાતિ ભાઈઓ તથા બહેનોને તથા કાઠીયાવાડી લેવા પાટીદાર જ્ઞાતિ ભાઈઓને મોકલવામાં આવી હતી અને તે ઉપરાંત શહેરના નાગરીકોને તેમજ અન્ય શ્રીમાન ડો. પોપટલાલ તથા દીવાન હાસાસીંગ એચ. એડવાણી તથા શેઠ વીશનદાસ એસ. વાધવાની અને શ્રીમાન ડો. ભગવાનદાસ બી. હીંગોરાણી તથા ગામ ખેડોઈવાળા શેઠ મુળજી રવજી વગેરે ભાઈઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું તેથી તેઓ બધા સભાના ટાઈમ સમયે કે જે રાત્રે ૯॥ સાડા નવ વાગ્યે રાખવામાં આવ્યું હતું તે વખતે ટાઈમસર આવી ગયા.

આજના મેલાવડામાં લગભગ ૫૦૦ મનુષ્યોની હાજરી હતી જેમાં સોએક જેટલા બહેનો હતાં. આવી રીતે પોતાના કાર્યની સફળતા જોઈ સંચાલકોના આનંદનો પાર રહ્યો નહીં. વખત થતાં કાયદા પ્રમાણે પ્રમુખશ્રીને પોતાની જગાએ બેસાડી ભાઈ રતનશી શીવજીએ આજના મેલાવડાનું કારણ સમજાવ્યું હતું તેમજ શાળાનો તારીખ ૧-૧૦-૩૮ થી તારીખ ૩૧-૩-૪૦ સુધીનો હીસાબ વાંચી સંભળાવ્યો હતો ત્યારે શ્રીમાન ડો. પોપટલાલે કહ્યું કે આ શાળામાં ૮૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને આટલા વિદ્યાર્થીઓ છતાં સંચાલકોએ માત્ર રૂા.૩૫૦ નો જ ખર્ચો કર્યો છે તો પછી આવી મોટી પાટીદાર જ્ઞાતિ હોવા છતાં પણ તેમાં હજી રૂા.૪૧ની ખોટ રહી છે તે સાંભળી હું બહુ જ મુંઝાઉ છું કે શું પાટીદાર જ્ઞાતિમાં કોઈ પણ એવો ભાઈ નથી કે આટલી નાની સરખી ખોટ પણ પુરી શકતા નથી. હું આજ આ શાળાનો હિસાબ સાંભળી તેના સંચાલકોને ધન્યવાદ આપવા સિવાય રહી શકતો નથી. મેં પણ બે ત્રણ રાત્રી શાળાઓ ચલાવી છે તેથી મને પુરતો અનુભવ છે કે આટલા ટુંકા ખર્ચમાં કોઈ પણ સંસ્થા આટલા વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવી શકશે નહિ ભાઈ રતનશીના કહેવા મુજબ ૮૪ વિદ્યાર્થીઓ તે પણ બાળવર્ગથી અંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધીના હોવા છતાં પણ તેમાં ફક્ત બે જ વિદ્યાર્થીઓ નાપાસ થયા એ જોતાં શાળાના માસ્તર ભાઈઓએ બીનસ્વાર્થે કેટલી મહેનત લીધી છે તે જણાઈ આવે છે તેથી હું દરેક માસ્તરોને પણ આ શાળાનો દાખલો લેવાનું કહું છું અને સાથે એ પણ કહું છું કે સેવા તે આનુ નામ કહેવાય. જે ત્રણ ભાઈઓએ માસ્તર તરીકે રહી વિદ્યાર્થીઓના અભ્યાસ માટે આટલી મહેનત લીધી છે તેથી તેમને પણ ધન્યવાદ આપુ છું અને ગઈ સાલના શાળાના હિસાબમાં બાકી રૂપીઆ ૪૧) ની ખોટ રહી છે તે મારા તરફથી હું ભરી આપું છું. આ સાંભળી ભાઈ માધવજી ખીમજી સર્વેયરે કહ્યું કે "તમે ખોટ તો પુરી કરી આપો છો પણ ભાણું તો ખાલીને ખાલી રહે છે માટે તે ભાણામાં તમારા તરફથી કાંઈક પણ મળવું જોઈએ" તે સાંભળીને ડો. સાહેબે કહ્યું કે "જો ભાઈ માધવજી ખીમજી સરવેયર પોતા તરફથી કાંઈ આપતા હોય તો તેટલા હું પણ આપું" તેથી ભાઈ માધવજીએ પોતા તરફથી રૂા.૫૧। આપ્યા ને સાથે એ પણ કહ્યું કે ડો. સાહેબ પણ જરૂરથી તેટલા આપશે. તે સાંભળી ડો. સાહેબે પણ પોતા તરફથી રૂા.૫૧। આવતા વરસના ખર્ચ માટેના ખરડામાં ચડાવ્યા અને કહ્યું કે તમો ખરડો ચાલુ કરો. તે સાંભળીને આવનાર આપણા લેવા પાટીદાર ભાઈઓએ એક પછી એક ઉભા થઈ પોતા તરફથી શાળાને ભેટ આપવા માંડી (જે પાછળના પાનામાં બતાવવામાં આવી છે) તેમજ ગામ ખેડોઈ વાળા હાલ રામ સ્વામી ગાડી ખાતામાં રહેતા લુહાર શ્રીમાન ભાઈ મુલજી રવજીએ પણ પોતા તરફથી રૂ.૧૨૫) સવાસો શાળાને ભેટ આપ્યા અને સાથે એ પણ કહ્યું કે તમારી જ્ઞાતિનો કોઈ પણ ભાઈ મ્યુનીસિપાલીટીમાં મેમ્બર નથી તેથી જ તમારી શાળાને આજ દિવસ સુધી ગ્રાંટ મળી નથી. હરીજન તથા અવર કોમોને મ્યુનીસીપાલીટી ગ્રાંટ આપે છે છતાં તમારા જેવી જ્ઞાતિએ આજ દિવસ સુધી મ્યુનિસીપાલીટી તરફથી કોઈપણ જાતની મદદ મેળવી નથી તે હું તો આ તમારા લતાના મેમ્બર ભાઈઓનો જ દોષ સમજુ છું. શ્રીમાન ડો. સાહેબ પોપટલાલભાઈ તમોને ગ્રાંટ અપાવવાનું કહે છે પણ હું તેમને તથા તમોને કહું છું કે ગ્રાંટ જેવી મામુલી બાબત તો મારા જેવા અભણ માણસ પણ કરી શકે. મેમ્બર ભાઈઓએ તો શાળાને મકાન બાંધવાની જમીન જ અપાવવી જોઈએ.

આવી રીતે જ્યારે ફાળાનું કામ ચાલતું હતું તે દરમ્યાન જેને વિદ્યા તરફ ખરી દાઝ છે તેવા વિદ્યાપ્રેમી શ્રીમાન માધવજીભાઈ સરવેયર શાળાર્થે સભામાં ઝોળી ફેરવવા તત્પર થયા અને સભાને ઉદ્દેશીને કહ્યું કે "જેની પાસે જે

કંઈપણ હાજર હોય તે આ વિદ્યાદાન માટે ફેરવાતી ઝોળીમાં નાખી તેને જરૂરથી ભરી દેવી જોઈએ” એમ કહી તેઓશ્રી જાતે આખી સભામાં ઝોળી લઈને ફર્યા હતા સભામાં લગભગ મજુર વર્ગ હોવાથી પઈસો પાઈ કરતાં ઝોળીમાંની રકમ રૂા.૧૮।।। જેટલી થઈ હતી. ખરેખર ! માધવજીભાઈનું આ કાર્ય ઘણું આદર્શનીય હતું. એટલેથી પણ તેને સંતોષ ન થતાં તે કેવળ કેળવણીની કદર કરનાર ભાઈએ જે વિદ્યાર્થી ઉંચે નંબરે પાસ થયો હતો તેને પોતાની પાસે બોલાવવા કહ્યું એટલે શાળાના હેડ માસ્તર અને અંગ્રેજી માસ્તરના નાના ભાઈ માવજી પેથાભાઈ કે જે ચોથી અંગ્રેજીની પરીક્ષામાં બીજે નંબરે પાસ થયા હતા તેને પોતાની સમક્ષ હાજર કરવામાં આવ્યા. તેને તે જ વખતે પોતાના ખીસ્સામાંથી રૂા.૫) કાઢી પોતાના તરફથી એક અલાયદી બક્ષીસ આપી અને તે વિદ્યાર્થીને ધન્યવાદ આપતાં સભાને સંબોધીને કહેવા લાગ્યા કે તમો પણ આવી રીતે બાળકોને બક્ષીસ આપી તેઓને વિદ્યા તરફ ઉત્સાહીત કરવા જોઈએ પછી તેણે વિદ્યાની ભુરી ભુરી પ્રશંસા કરી અને વિદ્યાદાનનું મહત્વ સમજાવતા તેના ઉપર ભાર મુકીને અસરકારક ભાષણ કર્યું હતું.

ત્યારપછી ડો. ભગવાનદાસે કહ્યું કે શાળાના વિદ્યાર્થીઓની તંદુરસ્તી જાળવવાને યોગ્ય પગલાં લેવા હું બંધાઉં છું. જે કોઈપણ વિદ્યાર્થી શાળાના હેડ માસ્તરની ચીઠ્ઠી લઈ મારી પાસે આવશે તેને મફત દવા કરી આપીશ. ભાઈઓ ! શરીરની તંદુરસ્તીની કેટલી ઉપયોગીતા છે અને તેને માટે મળેલી આ ડોકટર સાહેબ તરફથી ભેટ કેટલી અમુલ્ય અને પ્રશંસનીય છે તે આપ પોતે જ સમજી શકો તેમ છો ડોકટર તરફથી મળેલ આ કીંમતી ભેટને માટે શાળાએ તેનો હાર્દિક ઉપકાર માન્યો હતો.

આવી રીતે ફાળાનું કામ થઈ રહ્યા પછી પ્રમુખ સાહેબના હાથથી વિદ્યાર્થીઓને પુસ્તકોનું ઈનામ આપવામાં આવ્યું હતું. આ કામ પૂર્ણ થયા બાદ આજની સભામાં જે જે ભાઈઓએ અમારા આમંત્રણને માન આપી સભામાં આવવાની તસ્દી લીધી હતી તથા જે જે ભાઈઓએ શાળાને ભેટ આપી હતી તેમજ જે જે ભાઈઓએ અન્ય રીતે શાળાને મદદ કરી હતી તેમનો શાળાના સંચાલકોની વાતોથી પ્રમુખ સાહેબે ઉપકાર માન્યો હતો અને ત્યારબાદ ભાઈ વેલજી રામજી ભગત કે જેણે પોતાનો અમુલ્ય વખત આપી આજની સભાના પ્રમુખપદને શોભાવ્યું હતું તે માટે તેમનો શાળા તરફથી રતનશીભાઈએ ઘણો જ ઉપકાર માન્યો હતો. પછી શ્રીકુળ દેવીની જય બોલાવી આજની સભા વિસર્જન કરવામાં આવી હતી.

ઉદારચિત્ત સદ્‌ગૃહસ્થો પ્રત્યે.

આપને વિદીત થાય કે પાટીદાર જ્ઞાતિ તેમાંય અમારી કચ્છી પાટીદાર જ્ઞાતિ એક ગરીબ અજ્ઞાત અને પછાત પડતી કોમ છે તે પોતાની પરિસ્થિતિ સુધારવા ઈચ્છે છે અને અન્ય આગળ વધેલી જ્ઞાતીઓની હારોહાર થવાની અભિલાષા રાખે છે. તે માટેનું પ્રથમનું સાધન વિદ્યા-કેળવણી હોવાથી તેના સંપાદન અર્થે કોશીષ કરે છે પરંતુ વિદ્યા અને ધનને ગાઢો સંબંધ છે. વિદ્યા વગર ધન મેળવી શકાતું નથી, તેમજ ધન વિના વિદ્યા પ્રાપ્ત કરવી બહુ મુશ્કેલ છે. અમારી જ્ઞાતિની અંદર આ બંને વસ્તુની ખોટ હોવાથી અદ્યાપિપર્યંત કોઈપણ જાતની પ્રગતી કરી શકાઈ નથી. દરેક જ્ઞાતિઓની અંદર ઉદારચિત્ત ધનીકોએ પોતાની જ્ઞાતિને ઉચ્ચકોટીએ લઈ જવા માટે પોતાના ધન ભંડાર ખુલા મુકેલ છે પણ અમારી જ્ઞાતિના ભાઈઓ અજ્ઞાનને લઈને સનાતન ધર્મ ભૂલી અવળે માર્ગે ચડી

પોતાના ધર્માદાનાં નાણાં વેડફી રહ્યા છે જેનો હિસાબ કરતાં તો અન્ય કેળવાયલી કોમો કરતાં કેટલાંય વધારે નાણાંથી ન ઈચ્છવા યોગ્ય કોમોને પોષે છે. એક કહેવત મુજબ **"ઘરનાં છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો"** એવી રીતે પોતાની જ્ઞાતીનાં બાળકો ગમે તે સ્થિતિમાં રવડી રખડી માગી ભીખીને વિદ્યા ભણે છે તેનો તેને બિલકુલ કોઈપણ જાતનો વિચાર નથી. તેઓ જેટલાં નાણાં ધર્માદાના બહાને બહાર વેડફે છે તેના અર્ધા નાણાં પણ જો તેઓ પોતાની જ્ઞાતીના બાળકોને આગળ વધવાના માટે ખર્ચે તો જે પરાઈ આશા ઉપર રહેવું પડે છે તે ન હોત. અમારી જ્ઞાતીમાં અભ્યાસમાં આગળ વધવા ઈચ્છતા ઘણા બંધુઓ છે પણ તેમને કોઈપણ જાતની મદદ ન હોવાથી પોતાનો અભ્યાસ જુજ વિદ્યા લઈ મુકી દેવો પડે છે.

વ્હાલા જ્ઞાતિ બંધુઓ ! વીચારો, આ રાત્રી શાળા તમારી જ જ્ઞાતિની છે અને તેમાં ભણનાર પણ તમારાં જ બાળકો છે તેથી તમારે જો તમારાથી બની શકતી હોય અને તમારી જ્ઞાતિ પ્રત્યે તમોને જો કાંઈપણ માન હોય તો જરૂરથી વિચાર કરી **"ફુલ નહીં ને ફુલની પાંખડી"** પણ જો આ શાળામાં ભેટ મોકલશો તો શાળા તે સહર્ષ સ્વીકારી લેશે.

હવે અમારા ઉદાર દિલના આગળ વધેલા ધનિક બંધુઓ પ્રત્યે તો અમારી એ જ વિનંતી છે કે આપના ઉપર તો ઈશ્વરની પૂર્ણ કૃપા છે તો વિદ્યાદાન જેવું મહાન ધર્મનું કામ કરવાને ચુકશો નહીં જેમ કહ્યું છે કે :-

अन्नदानात्परं नास्ति विद्यादानं ततोऽधिकम् ।
अन्नेन क्षणिका तृप्तिर्यावज्जीवं तु विद्यया ॥

તેમ સર્વે દાનોમાં વિદ્યાદાન ઉત્કૃષ્ટ હોવાથી હંમેશાં વિદ્યાદાન દેતા આવ્યા છો તેવી રીતે જ આપના ધન દાન રૂપી વરસાદથી આ શાળા રૂપી બગીચાને જરૂરથી પોષીને મોટો કરશો. એ જ અભ્યર્થના.

-સંચાલકો

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ કરાંચી તરફથી ચાલતી રાત્રીશાળાનો તારીખ ૧-૧૦-૧૯૩૮ થી તા. ૩૧-૩-૪૦ સુધીનો હિસાબ

જ

૩) શેઠ પોપટલાલ ત્રીકમજી ઠકકર તરફથી પ્રસાદીના મળ્યા
૧ાા ભાઈ નારણ શીવજી વીરાણી તરફથી પ્રસાદીના મળ્યા
૩ાા ભાઈ મનજી ખીમજી વીગોડી તરફથી પ્રસાદી ના મળ્યા
૦ા- ભાઈ ખીમજી કરશન કોટડા ખેડોઈવાલા તરફથી પ્રસાદી ના મળ્યા.
૦ા/- ભાઈ મેઘજી નાનજી દેશલપરવાલા તરફથી પ્રસાદીના મળ્યા
૫)ભાઈ રામજી લખુ વિથોણવાલા તરફથી પ્રસાદી તથી ફર્નીચરના લાકડા માટે મળ્યા
૩ાા= ભાઈ રઈયા નાગજી નખત્રાણાવાળા તરફથી ભેટ
૩) ભાઈ જીવરાજ વાલજી લીંબાણી વીરાણીવાળા (હાલ મુંબઈ) તરફથી પ્રસાદીના મળ્યા
૧) ભાઈ નારાણ નથુ દેવીસરવાલા તરફથી પ્રસાદીના મળ્યા
૧૦) ભાઈ મુલજી ડોસા નખત્રાણાવાલા તરફથી ઈનામ માટે મળ્યા
૩૧ા=
૩) ભાઈ શામજી વીરજી દેશલપુરવાળા તરફથી પ્રસાદીના તથા ફર્નીચરના લાકડા સારૂ મળ્યા.
૫) ભાઈ ખેતા રામજી આણંદસરવાલા તરફથી પ્રસાદીના મળ્યા.
૫) ભાઈ ધનજી અરજણ આણંદસરવાલા તરફથી પ્રસાદીના
૩) ભાઈ લખુ લાલજી હા. ભાઈ હરજી રણમલ ઘડુલીવાલા તરફથી ભેટ
૧૫ાાા વિદ્યાર્થીઓની દાખલ ફીના મળ્યાં
૨ાા ભાઈ વીસરામ પાંચા ગાંગાણી વીરાણીવાલા તરફથી ભેટના તથા પ્રસાદીના મળ્યા.
૭)-ાા વિદ્યોતેજક ફંડની સ્કૂલના તરફથી પેટી ફેરવવામાં આવેલ તે જમા
૨૪૦ાા=ાાા સ્કૂલ ફંડમાં મળ્યા પાના નં. ૧૬ મુજબ

૩૧૩ા=ા

ઉ

૩) શેઠ પોપટલાલ ત્રીકમજી ઠકકર તરફથી પ્રસાદીના મળ્ય
૩૫૪ા=ા શ્રી ખર્ચ નીચે મુજબ :-
૨૬ાા=ાાા ઈલેકટ્રીક ફીટીંગની મજુરી તથા સામાનના
૪૧ા= ફર્નીચર ટેબલ ખુરશી તથા બાંકડા અને બોર્ડ વગેરે
૭૫ાા=ાાા વિદ્યાર્થીઓને ચાર વખત ઈનામ આપ્યું તેના
૩૯)-ાા પ્રસાદીના વિદ્યાર્થીઓને દરરોજની ચાલુ તેના
૧૦ાાા=ા રેજકી ખર્ચ - પાણીનું પીપ, પથરણા પાલ ગ્લાસ, ઝાડુ તથા સફાઈ વગેરે
૮)ઘડીયાળ
૨)=મ્યુનીસીપાલટીનો પીપ ઉપડાવી તેની જગ્યાએ ભરતી પૂરી તેના
૬ા= ચોપડી તથા ફાઈલ વગેરે
૧૨૬)મકાન ભાડું માસ ૧૮નું તા. ૧-૧૦-૩૮ થી તા. ૩૦-૩-૪૦ સુધીના દર માસ ૧ ના રૂા. ૭ લેખે
૧૮)સફાઈ તથા પાણી ભરામણના માસ ૧૮) ના દર રૂા. ૧ લેખે

૩૫૪ા=ા

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળની ફ્રી રાત્રી શાળાને તારીખ ૩-૨-૧૯૪૦ ની મીટીંગમાં મળેલી ભેટ

૫૧।	શ્રીમાન રામજીભાઈ જેઠાભાઈ રંગાણી	ગઢશીશા
૫૧।	શ્રીમાન જીવરાજ વાલજી લીંબાણી	વીરાણી
૨૫।	શ્રીમાન નાનજી ભાણજી રંગાણી	ગઢશીશા
૧૧।	શ્રીમાન નારાણજી કાનજી નાકરાણી	અંગીઆ
૫)	શ્રીમાન મુળજી ડોસા પોકાર	નખત્રાણા
૫)	શ્રીમાન દાના કરશન પાંચાણી	નખત્રાણા
૫)	શ્રીમાન લાલજી સોમજી નાકરાણી	રવાપર
૫)	શ્રીમાન વાલજી લખુ પોકાર	નખત્રાણા
૫)	શ્રીમાન વીરજી લખુ પોકાર	નખત્રાણા
૫)	શ્રીમાન પેથા ડોશા પોકાર	નખત્રાણા
૫)	શ્રીમાન ધનજી પ્રેમજી ગોગારી	ઘડાણી
૫)	શ્રીમાન શીવજી લઘા નાકરાણી	નખત્રાણા
૫)	શ્રીમાન વાલજી નાગજી ગોગારી	ઘડાણી
૫।	શ્રીમાન નારાણ શીવજી લીંબાણી	વીરાણી
૫)	શ્રીમાન જશા મનજી ભીમાણી	વેરસલપર
૫)	શ્રીમાન ખેતા રામજી પોકાર	આણંદસર
૫)	શ્રીમાન શામજી વીરજી રૂડાણી	દેશલપર (મંજલ)
૨॥	શ્રીમાન વસરામ મેગજી નાકરાણી	રવાપર
૨॥	શ્રીમાન વસરામ જીવરાજ પોકાર	મંગવાણા
૨॥	શ્રીમાન મનજી ખીમજી રંગાણી	વિગોડી
૨)	શ્રીમાન દેવજી ભીમજી ઘોઘારી	વીરાણી
૧।	શ્રીમાન કાનજી કરશન જબુવાણી	મંગવાણા
૧।	શ્રીમાન પુંજા નાગજી પોકાર	મંગવાણા
૧।	શ્રીમાન અરજણ કચરા સાંખલા	ગઢશીશા
૧।	શ્રીમાન રતનશી મુલજી	રસલીયા
૧।	શ્રીમાન વેલજી તેજા	ધાવડા
૨૨૦।		

૨૨૦।	આગળના પાનાથી બતાવ્યા	
૧।	શ્રીમાન કાનજી રામજી લીંબાણી	દરશડી
૧।	શ્રીમાન ગોપાલ કરશન લીંબાણી	નખત્રાણા
૧।	શ્રીમાન ખેતા ગોપાલ કેસરાણી	નખત્રાણા
૧।	શ્રીમાન ધનજી પેથા કેસરાણી	નખત્રાણા
૧।	શ્રીમાન પુંજારામ માધવજી સાંખલા	દેશલપર (મંજલ)
૧।	શ્રીમાન નાગજી રઈયા ધોળુ	વિથોણ
૧।	શ્રીમાન વાલજી મેઘજી દાનાણી	નખત્રાણા
૧।	શ્રીમાન દેવજી રામજી વાસાણી	વીરાણી નાની (ગઢવાળી)
૧।	શ્રીમાન અબજી મનજી સેંગાણી	નખત્રાણા
૧।	સૌ. શ્રીમતી બહેન જાનબાઈ પેથાભાઇ ડોસા પોકારના ધર્મપત્ની	નખત્રાણા
૧।	સૌ. શ્રીમતી બહેન દેવકીબાઈ મુળજી ડોસા પોકારનાં ધર્મપત્ની	નખત્રાણા
૧।	સૌ. શ્રીમતી બહેન જમનાબાઈ વાલજી લખુ પોકારનાં ધર્મપત્ની	નખત્રાણા
૧।૦।	માતાજી મુળબાઈ વસરામ મેગજી નાકરાણીના માતાજી	રવાપર
૧।	શ્રીમાન અખઈ કરશન સાંખલા	દેવીસર
૧।	શ્રીમાન પુંજારામ રામજી વેલાણી	માનકુવા
૧।	શ્રીમાન નરસીંહ નારણ નાકરાણી	નખત્રાણા
૦।-।	સૌ. શ્રીમતી બહેન રતનબાઈ ખેતા રામજી પોકારના ધર્મપત્ની	આણંદસર
૦।-।	સૌ. શ્રીમતી બહેન ભચીબાઈ દેવજી ભીમજી ગોગારીનાં ધર્મપત્ની	વીરાણી

૨૪૦।।=।।।

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળની ફ્રી રાત્રી શાળાને તારીખ ૨-૩-૧૯૪૦ ની મીટીંગમાં મળેલી ભેટ

૧૨૫)	શ્રીમાન મુળજી રવજી લુહાર	ખેડોઈ (હાલ કરાંચી)
૯૨)	શ્રીમાન ડૉ. પોપટલાલ અ. ભૂપતકર ૪૦।।।=ખોટના હતા તે આપ્યા ૫૧। ખરડામાં આપ્યા ૯૨)=	કરાંચી
૫૧।	શ્રીમાન માધવજી ખીમજી સર્વેયર	કરાંચી
૫૧।	શ્રીમાન પટેલ કેશવજી હંસરાજ હાલારી વિભાગના પટેલ	કરાંચી
૨૫)	શ્રીમાન પટેલ વાઘજી આણંદ	કરાંચી
૨૫।)	શ્રીમાન પટેલ લખમણ લીંબા	કરાંચી
૧૦)	શ્રીમાન પટેલ વેલજી રામજી ભગત	નખત્રાણા
૧૫।	શ્રીમાન પટેલ ધનજી અરજણ ભાવાણી	આણંદસર
૧૦।	શ્રીમાન મુખી કાનજી વીરજી વેલાણી	લુડવા
૫)	શ્રીમાન પટેલ દેવશી પેથા શાખલા	લુડવા
૫)	શ્રીમાન પટેલ વેલજી દાના પાંચાણી	નખત્રાણા
૫।)	શ્રીમાન પટેલ હંસરાજ જાુઠા હાલારી લેવા પાટીદાર	કરાંચી
૫।)	શ્રીમાન પટેલ માવજી કરશન ભીમાણી	મંગવાણા
૫)	શ્રીમાન પટેલ પેથા જશા નાકરાણી	નખત્રાણા
૫।	શ્રીમાન પટેલ પચાણ વાલજી પોકાર	ખેડોઈ
૫।	શ્રીમાન મુખી અરજણ પ્રેમજી રૂડાણી	દેવપર(યક્ષ)
૫)	શ્રીમાન પટેલ ભીમજી હંસરાજ ધોળુ	લુડવા
૪)	શ્રીમાન પટેલ વેલજી રૂડા દાનાણી	નખત્રાણા
૨।	શ્રીમાન પટેલ ખીમજી માવજી નાકરાણી	રવાપર
૨।	શ્રીમાન પટેલ ધનજી મુલજી જાદવાણી	રવાપર
૨)	શ્રીમાન પટેલ હરજી કાનજી ધોળુ	(ખેડોઈ) કોટડા
૨)	શ્રીમાન પટેલ ખીમજી કરશન ધોળુ	(ખેડોઈ) કોટડા

૪૫૮।।।=

૪૫૮।।।=આગળના પાનેથી લીધા

૨)	શ્રીમાન પટેલ રામજી માવજી	દરશડી
૨।)	શ્રીમાન ઠા. વીસનજી ત્રીકમજી પાનવાલા	કરાંચી
૧।	શ્રીમાન પટેલ રામજી વસરામ ભાવાણી	નેત્રા
૧।	શ્રીમાન સુતાર વીશનજી કલ્યાણજી	કરાંચી
૧।	શ્રીમાન પટેલ દેવજી હંસરાજ રૂડાણી	કોટડા (જડોદર)
૧)	શ્રીમાન પટેલ દેવશી શામજી પોકાર	કોટડા (ખેડોઇ)
૧।	શ્રીમાન પટેલ કરશન પરબત છાભૈયા	કોટડા (જડોદર)
૧।	શ્રીમાન પટેલ મેઘજી નાનજી પુંજાણી	દેશલપર (મંજલ)
૫)	શ્રીમાન પટેલ રઈયા નાગજી ચૌધરી	નખત્રાણા
૫)	શ્રીમાન પટેલ શીવજી લધા નાકરાણી	રવાપર
૫)	શ્રીમાન પટેલ રામજી લખુ કંપની	વિથોણ
০।।০।	શ્રીમાન પટેલ નારાણ મેઘજી નાકરાણી	રવાપર
૧)	શ્રીમાન પટેલ વેલજી ભાણજી	ખોંભડી
૨।	શ્રીમાન પટેલ પ્રેમજી હીરજી	દરશડી
૫।	શ્રીમાન પટેલ ખેતશી હરજી કઠોડાવાલા	કરાંચી
૧।	શ્રીમાન પટેલ ભાણજી જેઠા જબુવાણી	નેત્રા
૧।	શ્રીમાન પટેલ કાનજી ભાણજી પોકાર	ઘાવડા
૧।	શ્રીમાન પટેલ પ્રેમજી શામજી	મેઘપર
૧)	શ્રીમાન પટેલ શીવગણ મનજી પોકાર	મંગવાણા
૧।	શ્રીમાન ઠક્કર જાદવજી વાઘજી	કરાંચી
૧।	શ્રીમાન પટેલ શીવજી લધા નાકરાણી	કોટડા (જડોદર)
૧।	શ્રીમાન પટેલ દેવજી વીરજી લીંબાણી	કોટડા (ખેડોઈ)
૧)	શ્રીમાન પટેલ હરજી નારાણ છાભૈયા	દેવીસર
૧।	શ્રીમાન પટેલ લાલજી ભાણજી પોકાર	વીરાણી

૫૦૫)=।

૫૦૫)=। આગળના પાનાથી લીધા

૧।-।	શ્રીમાન પટેલ નાનજી રામજી વાસાણી	વીરાણી (ગઢવાલી)
૧।	શ્રીમાન પટેલ કરશન હંસરાજ ભાવાણી	મંગવાણા
૧।	શ્રીમાન પટેલ હંસરાજ દેવશી નાકરાણી	વીરાણી
૧।	શ્રીમાન પટેલ કાનજી કરશન જબુવાણી	મંગવાણા
૧।	મેસર્સ નેશનલ સો મીલ્સ તરફથી	કરાંચી
૦॥	શ્રીમાન પટેલ હરજી નાનજી પુંજાણી	દેશલપર
૦॥	શ્રીમાન પટેલ પ્રેમજી કરમશી લાલાણી	દેશલપર
૦॥	શ્રીમાન પટેલ લાલજી કાનજી	કાદીઆ
૦॥	માતાજી પાનબાઈ	નખત્રાણા
૧।	શ્રીમાન પટેલ શીવજી નારાણ ગોગારી	ઘડાણી
૧)	શ્રીમાન પટેલ ભીમજી લાલજી ગોગારી	ઘડાણી
૧)	શ્રીમાન પટેલ વીસરામ જીવરાજ ભગત	રવાપર
૦॥	શ્રીમાન પટેલ માવજી વીશરામ	ઘડાણી
૦।-।	શ્રીમાન પટેલ માવજી નારાણ ગોગારી	ઘડાણી
૧૮॥।	શ્રીમાન માધવજી ખીમજી સર્વેયરે ઝોળી ફેરાવી તેના	
૫૩૬।-॥।		

તારીખ ૨-૩-૧૯૪૦ સુધીનો હિસાબ

જ		ઉ	
૫૩૬।-॥।	તા. ૨-૩-૧૯૪૦ નો ખરડો પાના ૧૮ થી ૨૦ સુધીનો થયો તે જમા	૪૦॥।=	ગયા વર્ષની ખોટ ખાતે
		૧૨૧॥૦।	બાકી ઉઘરાણી રહી ખરડાની તે ખાતે
		૩૭૩॥।=॥	શ્રી પુરાંતે જમા તે ભાઈ મુળજી ડોસા પોકાર પાસે છે
૫૩૬।-॥।			
૫૩૬।-॥।		૫૩૬।-॥।	

રાત્રી શાળાના નિયમો

૧. આ રાત્રી શાળામાં પાટીદાર જ્ઞાતિના દિવસે સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ તેમજ ધંધે જતા યુવકો દાખલ થઈ શકે છે.

૨. પાટીદાર જ્ઞાતિ સિવાય અન્ય જ્ઞાતિના બાળકોને દાખલ કરવા કે નહીં તે શિક્ષકો તથા કમીટીની સંમતી ઉપર છે. પરંતુ રીપોર્ટમાં જણાવ્યા મુજબ હાલમાં જગ્યાની તંગાસ-શંકડામણને લઈને બીજી કોઈ સગવડ થાય નહીં ત્યાં સુધી હાલમાં આવતા વિદ્યાર્થીઓ સિવાય અન્ય જ્ઞાતિના વિદ્યાર્થીને દાખલ કરવામાં આવશે નહીં.

૩. વિદ્યાર્થીઓ દાખલ થતી વખતે દાખલ ફીના આના ચાર ભરવા પડશે તેમજ નામ દાખલ કરાવતી વખતે પોતાના વાલીને સાથે તેડી લાવવા અગર તો તેમની ચીઠ્ઠી લાવવી પડશે.

૪. દરેક વિદ્યાર્થીએ નિતીસર ચાલવાની કબુલાત આપવી પડશે.

૫. વિદ્યાર્થી ભણવામાં ધ્યાન ન આપતા હોય અને તોફાની તેમજ બદફેલી માલુમ પડશે તો તેને શિક્ષકો ચેતવણી આપશે છતાં તે પોતાની ચાલ નહી સુધારે તો કમીટીને રીપોર્ટ કરવામાં આવશે અને તેનો કમીટી જે નિર્ણય આપશે તે આખરી ગણાશે.

૬. વિદ્યાર્થી શાળામાં દાખલ થયો હશે છતાં પણ શાળાના શિક્ષકોની રજા સિવાય આઠ દિવસ ગેરહાજર રહેશે તેને શાળાના રજીસ્ટરમાંથી કમી કરવામાં આવશે છતાં પણ જો તે બીજી દાખલ ફી ભરી કમીટીને અરજી કરશે તો કમીટી તેનો વિચાર કરી જોશે.

વ્યવસ્થાપકો

શ્રી કચ્છ ક. પાટીદાર જ્ઞા. સુ. રાત્રીશાળા, **કરાંચી**

આ રીપોર્ટ કરાચીના વોટરકોર્સ રોડ પર આવેલ દુર્ગા પ્રીન્ટીંગ પ્રેસમાં મહેતા છોટાલાલ કાનજીએ છાપ્યો અને કરાચીમાં આવેલ શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના વ્યવસ્થાપકોએ ચાલતી મફત રાત્રીશાળા માટે લોરેન્સ રોડ હરચંદરાય વીશનદાસ પ્લોટ માંથી પ્રસિદ્ધ કર્યો

Online Text Based
(can use for translation)

Source Document

સ્વામિનારાયણના સાધુ દીક્ષા બાબતે સલાહ માંગતો મનજી ભગતનો રતનશી ખીમજીને પત્ર

સ્વસ્તિ શ્રી ગામ વિરાણી મધ્યે મહા શુભ સ્થાને શ્રી હરીના લાડીલા પરમ કૃપાળુ પર ઉપકારી સર્વે નાતભાઈના હેત ઈચ્છતા તન, મનથી નાતભાઈઓની સેવા કરો છો તો અમો પણ ઘણા ખુશી થઈએ છીએ. એવા રા.રા.રતનશીભાઈ ખીમજીભાઈ પ્રત્યે અમદાવાદથી લી.મનજી ભગતના નારાયણ વાંચશોજી.

વિશેષ લખવાનું કે હાલ આપના સમાચાર ખુશી મજાના નથી તો કુશળતાનો પત્ર લખવા કૃપા કરશોજી. બીજું અમારે સાંભળવામાં આવ્યું છે કે ગામ નખત્રાણામાં શિખરબદ્ધ મંદિર લક્ષ્મીનારાયણનું કરવા માંડ્યું છે તો તે સાંભળીને અતિશય આનંદ થયો છે. બીજું ઠાકોરજીને બેસાડવા માટે સિંહાસન કરવું. તે નીચે ન રાખવું ઉંચે પરથારે લેવું. ભુજમાં સ્વામીનારાયણના મંદિરમાં નરનારાયણ દેવનું સિંહાસન તમોએ જોએલ છે તેવું બનાવશો ને બારણું પણ બાજુમાં મુકવું, પોલું મુકવું કારણ કે દર્શન બરોબર થાય તેટલા માટે. આપને ભલામણ કરવી પડે તેમ નથી પણ સહેજે લખેલ છે. બીજા ગામોમાં પણ મંદિર બંધાવેલ છે તે બહુ જ ઉત્તમ છે ને તમોને ભગવાન મહેનતનું ફળ આપશે. એટલું બધું અવળુ ભરાવેલ કોઈ ઉથાપના કરે જ નહી. આ તો ભગવાને તમારામાં ઐશ્વર્ય મૂક્યું છે તો જ કરી શકો છો. બીજા જેવા તેવાથી કાંઈપણ બની શકે નહીં ને મોટામાં મોટું પુન્ય નાત ને સુધરાવીને ઊંચે દરજ્જે કેળવણીમાં લેવું તેવું બીજું પુન્ય નથી ને આટલી બધી મહેનત કરે કોણ. આળસ, ઊંઘનો ત્યાગ કરીને મહેનત કરો છો તે અમો તો તમારો મોટો ઉપકાર માનીએ છીએ. બીજું અમારી દીક્ષા બાબતની વાતચીત ચાલે છે તે આજદીન સુધી કાંઈપણ ખુલાસો કરતા નથી. ને ભુજના સાધુના અભિપ્રાયો મંગાવ્યા તેને તો “ના”નો મોકલ્યો છે. તેની તમોને નકલ મોકલેલ છે તે વાંચવાથી માલુમ પડશે. જેવો તમો અભિપ્રાય આપો તેમ કરીએ બીજું અત્રે હિન્દુ મહાસભાના વડા ગંગારામે પણ મુલાકાત કરી હતી. તેને કીધું કે તમોને જરૂર ન્યાય આપવો પડશે. તેવા કાગળથી સમાચાર મંગાવે છે પણ મેં તમારી પાસે વાત કરેલ તે તમારું કહેવું થયું કે કચ્છમાં જઈને પછી કઈશ. તો જેમ તમો કહો તેમ કરવા તૈયાર છીએ. પહેલાં પણ તમારું ને નારાયણભાઈ રામજીભાઈનું કશું ના માન્યું તેનું આ પરિણામ છે. સાધુના વિશ્વાસે રહ્યા તો છેવટે આ પરિણામ ભોગવવા પડ્યાં. હવે છેવટ શું કરવું તે તમો બીજા આપણા ભાઈઓને પૂછીને જરૂર લખવા કૃપા કરશોજી. ભુલશો નહીં એ જ વિનંતી છે. વિવાહ પ્રસંગ છે તો બધા ભાઈઓ ત્યાં જ છે ને આપના સમાચાર આવ્યા બાદ વિચાર કરશું. તે બાબતની આપને ચિંતા છે ને બીજાથી તો નજર પહોચે તેમ નથી. માટે તે સલાહ તમારી લેવાની જરૂર છે. એ જ...

સં.૨૦૦૨ના ચૈત્ર સુદ ૧૧ શુક્રવાર તા.૧૨-૩-૪૫ દા.પોતે

સરનામું : ઠેકાણું : સ્વામીનારાયણના મંદિરમાં, ગુજરાત ભુજવાળા મનજી ભગતને પહોંચે.

ક. ક. પા. સનતાની સમાજ દ્વારા વિદ્યાર્થી હોશ્ટેલનું પ્લાનિંગ

સં.૨૦૦૨ના આસો વદ ૫ રવિવાર {VSA :29-Jul-1945}ના સાંજના શ્રી નખત્રાણા પૂર્વ નિવાસના કમ્પાઉન્ડમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના કાર્યવાહકોની તથા કોટડા, વિરાણી, નખત્રાણાના ત્રણેય વાસના કુલ મળી લગભગ હજારથી અગિયારસો ભાઈ-બહેનોની સભા ભરવામાં આવી હતી અને તે સભામાં નીચે પ્રમાણે ઠરાવોની ચર્ચા કરી પાસ કરાવેલ તેની નોંધ નીચે પ્રમાણે છે.

૧. શ્રી પ્રભુની પ્રાર્થના

૨. પ્રમુખની દરખાસ્ત રજુ કરનાર પટેલ નથુભાઈ નાનજી દ્વારા પટેલ રતનશી ખીમજી વિરાણીવાળા તથા પૂજ્ય મહારાજ શ્રી ઓધવરામજી વાંઢાયવાળાને ટેકો આપનાર પટેલ કાનજી અબજી નાથાણી નખત્રાણાવાળા

પ્રમુખનું વિવેચન

તે બાદ પટેલ નથુ નાનજીનું વિવેચન

આ સભામાં જ્ઞાતિને ઉંચા વિચારોમાં લાવવા તથા જ્ઞાતિના બાળકોને કેળવણી તથા આપણી જ્ઞાતિમાં ધર્મ સંબંધી જે ઝઘડાઓ છે તેનો નિવેડો લાવવા વગેરે બાબતોની ચર્ચાઓ થઈ હતી અને ઉપરની વસ્તુઓનો નીવેડો લાવવા નીચે જણાવેલા ઠરાવો પણ સર્વાનુમતે પાસ કરવામાં આવેલ હતા જે ઠરાવોની વ્યાખ્યા નીચે મુજબ છે.

૧. ઠરાવ આપણી જ્ઞાતિમાં કોઈપણ ભાઈ અગર બહેન અને તે ગમે તે ગામના રહીશ હોય અને તે સનાતન ધર્મને માને અને તે માનવામાં તે ભાઈ અગર બહેનોને કોઈપણ જાતની ધર્મ સંબંધી વિટંબણા પીરાણા સતપંથવાળા તરફથી થાય તો આપણે દરેક ભાઈઓ એટલે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ તેને તન, મન અને ધનથી મદદ કરવી. તે સિવાય ધર્મ અને નાત આ બે વસ્તુઓ કાયદાની દષ્ટિએ જુદી હોવાથી ગમે તે ધર્મ પાળનારા વ્યકિતને જ્ઞાતિ તરફથી જે મિલકતો માંગવામાં આજે સ્થાવર જંગમ મિલકતોમાં કોઈપણ જાતનો કોઈપણ પાર્ટી અટકાવ કરી શકે નહીં. તે સંબંધમાં આ સભા એવો ઠરાવ કરે છે તે બાબતની ચોખ બંને પાર્ટીઓ કાયદેસર રીતે કરી આપણી આ કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઈઓમાંથી એક કમિટિ નિમવામાં આવે છે અને તે કમિટિને ઉપરની વસ્તુનો નિકાલ લેવા માટે જે જાતના ઈલાજો લેવા જોઈએ તેજાતના ઈલાજો લેવા સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે.

કમિટિના ભાઈઓના નામ

૧. ભાઈ રતનશી ખીમજી- વિરાણી

૨. ભીમજીભાઈ કેશરા- કોટડા

૩. લધાભાઈ પચાણ- કોટડા

૪. રામજીભાઈ લાલજી -ગઢશીશા

૫. શીવજીભાઈ શામજી -કોટડા ખેડોઈ

૬. હરજીભાઈ લધા- લુડવા હરજી લધાની સહી દા. પોતાના

૭. રામજીભાઈ કેશરા- નખત્રાણા

૮. લાલજીભાઈ કરશન -દેશલપર મ લાલજી કરસન દા. પોતાના

૯. જીવરાજભાઈ વસ્તા -માનકુવા

ઉપર પ્રમાણે કમિટિ નિમવામાં આવી હતી. ને તેના અંગે કાયદેસર ખર્ચ સમાજને ખર્ચે નિવેડો લાવવા સત્તા આપવામાં આવી હતી.

૨. ઠરાવ

કેળવણી સંબંધનો

આપણી જ્ઞાતિના બાળકોને યોગ્ય રીતે કેળવણી આપવી અને તે કેળવણી આપવા માટે જ્ઞાતિની એક બોર્ડીંગ સ્થાપન કરવી અને તે બોર્ડીંગ ચલાવવા માટે જ્ઞાતિમાંથી વાર્ષિક સભ્યો મેળવવા અને તેની વ્યવસ્થા કરવા માટે એક કાર્યવાહક કમિટિ નીમવી.

૩ ઠરાવ

આપણી જ્ઞાતિના ધર્માદાના લાગાઓ જે રીતે આપણે આપતા આવ્યા છીએ તેમાં બની શકે તો વિશેષ વધારો કરવાની કોશિષ કરવી તથા જે ભાઈઓ જે ધર્માદા લાગા આપવામાં જો આનાકાની કરતા હોય તો આ સમાજ ભલામણ કરે છે અને તે પૈસાનો હિસાબ દરેક ગામવાળાઓએ પોતપોતાના ગામના પંચો હસ્તક રાખવો અને તે હિસાબ તે ગામનાભાઈઓ જ્યારે જ્યારે જોવા માગે તો તેને હિસાબ બતાવવા ભલામણ કરે છે. ઉપરવાળા ધર્માદા લાગાઓની વાર્ષિક આવકના હિસાબ શ્રાવણ વદ ૬ સુધીમાં પોતપોતાના ગામના રહેતા ભાઈઓ ભેગા કરી નક્કી કરવો અને તેમાંથી આપણે આગળ ઠરાવ્યા મુજબ દર સાલની જે આવક થાય તેમાંથી રોકડા ૧૦ ટકા પ્રમાણેની રકમ જે થાય તે આપણી જ્ઞાતિના ખજાનચીને મોકલી આપીને તેમની પહોંચ મેળવવી.

ઉપરના ઠરાવો ઉપર રતનશીભાઈ ખીમજીએ બહુ રસરૂપે વ્યાખ્યા કહી સંભળાવી હતી તથા પૂજ્ય મહારાજશ્રીએ પણ તે સંબંધમાં બહુ જ જુદા જુદા ઈતિહાસોના દાખલા સહિત વ્યાખ્યા કરી હતી. તે સિવાય ઉપરના ઠરાવો માટે ટુંકમાં નીચે લખ્યા નામવાળાભાઈઓએ પણ સહકાર આપ્યો હતો.

ભીમજીભાઈ કેશરા, લધાભાઈ પચાણ તથા રામજીભાઈ લાલજી ગઢશીશાવાળા તથા શીવજીભાઈ શામજી કોટડા ખેડોઈવાળા તથા હરજીભાઈ લધા લુડવાવાળા તથા ભાણજીભાઈ પચાણ નખત્રાણાવાળા તથા દેવજીભાઈ કચરા તથા કરશનભાઈ શીવજી નખત્રાણાવાળા તથા દેવશી કાનજી ભગત વગેરે ભાઈઓએ સહકાર આપ્યો હતો. તે બાદ બોર્ડીંગ ક્યા સ્થળમાં સ્થાપવી જેની વિચારણાઓમાં ઘણી રસાકસી થયા બાદ નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું જે જ્યાં સુધી આપણી જ્ઞાતિના વિસેક છોકરાઓ લાભ લે તેવા રૂપની તથા તે બોર્ડીંગ ચલાવવા માટે જ્યાં સુધી આપણે સંપૂર્ણ પહોંચી વળવા શક્તિશાળી ન થઈએ ત્યાં સુધી હાલ આપણને જેટલી મદદ મળે તે પુરતા બાળકોને ભણાવવાની સગવડ શ્રી ઈશ્વરરામજી ગુરુકુળમાં વિદ્યા દાન મેળવવું અને તે બાળકોને રહેવા તથા જમવાની સગવડ માતાજી ઉમિયાજીના કમ્પાઉન્ડમાં જ મકાનો હાલ આવેલા છે તેમાં તેમની વ્યવસ્થા

રાખવી. એ પ્રમાણે ઠરાવવામાં આવેલું હતું. તે બાદ તે બોર્ડીંગ ચલાવવાના વાર્ષિક સભ્યોની નોંધણી ચાલુ કરવામાં આવી હતી. જેમાં તે જ સભામાં લગભગ સોળથી સતરસો કોરીના વાર્ષિક સભ્યોના નામ તે સભામાં શ્રીમાન ભાઈઓએ આપ્યા હતા ને તે બાદ એમ નક્કી કરવામાં આવ્યું હતું. જે આ નામાવાળા લીસ્ટનો ખરડા માટે ગામોમાં મુખ્ય મુખ્ય આગેવાનોને એક એક કોપી મોકલીને તે વાર્ષિક સભ્યોના વિશષે નામો મેળવવા માટે ગામોના મુખ્ય આગેવાનોને ભલામણ કરવામાં આવી હતી. તે બાદ સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીની સહી, રતનશી ખીમજી સનાતન સમાજના પ્રેસીડેન્ટની સહી દા. પોતાના
સેક્રેટરીની સહી, પા. નથુ નાનજી દા. પોતાના

Online Text Based
(can use for translation)

Source Document

ભુજ સ્વામિનારાયણના સાધુનો સાધુ દીક્ષાના આપવા માટે મુખ્ય અમદાવાદ સ્વામિનારાયણ મંદિરને પત્ર

નંબર ૪૦

શ્રી સ્વામીનારાયણો વિજયતેતરામ

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભસ્થાને ઉત્તમો ઉત્તમ કૃતનિવાસ પરમ પવિત્ર પરમ પૂજ્ય શુભાશુભ વિવેકવાન ધર્મકુળ તીલક ધર્મ વંશ મુગટમણી બીજા શ્રીતયથોકૃત સ્વધર્મ મર્યાદા સ્થાપન તત્પર શ્રી ભક્તિ ધર્મ નંદન ચરણાર્વિંદ લુબ્ધ માનસ ભૃગ ભાગવદ ધર્મનીષ્ટ પરમ દયાળુ એવંગ સુભોપમાં યોગ્ય ગુરૂરાજ ધર્મ ધુરંધર ધર્મ આચાર્ય શ્રી ૧૦૮ ધર્મ માર્તંડ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ ચરણ કમળ સમીપ સઝામાં. એતાંન શ્રી નરનારાયણદેવ ચરણ કમળ સમીપ શ્રી ભુજ નગરથી લિખી. આપના ચરણરજ સેવક સાધુઓ તથા હરીભક્તો (કચ્છ) દેશના સાલાગ દંડવત્ પ્રણામ પૂર્વક જય શ્રી સ્વામીનારાયણ વાંચશો. અત્રે આપની કૃપાથી કુશળતા વર્તે છે. સંતો, હરીભક્તો સુખેથી શ્રીજી મહારાજનું ભજન સ્મરણ કરે છે. આપની કુશળતાનો પત્ર તા. ૨૨-૮-૪૫નો કોઠારી ઈશ્વરભાઈ મરગાભાઈના હાથનો લખાવેલો મળ્યો.

અબડાસાના ગામ શ્રી રવાપર, ઘડાણી, દયાપર, વિગેરે ગામના કણબીઓએ સાધુની પંગતમાં ભેળવવા સંબંધી આપ પાસે અરજી દ્વારા એ રજુ કરેલ હકીકત જુઠી છે. અત્રે તે બાબતે કાંઈ થયું નથી. સાં.૧૯૪૩ હ્ળ્યેંહ્રુ: ૧૮૮૬-૮૭દ્ધ ની સાલે આચાર્ય શ્રી કેશવપ્રસાદજી મહારાજ અત્રે પધારેલા તેવી રીતે મહારાજ શ્રી રૂબરૂ તે લોકોએ સાધુ દીક્ષા આપવા અરજ કરેલ હતી. ત્યારે મહારાજ શ્રી તરફથી ચોખ્ખુ કહેવામાં આવ્યું જે તમારી કોમને સાધુ દીક્ષા આપી શકાય નહીં. આવો ચોખ્ખો જવાબ આપ્યો છે. એ પ્રમાણે પ્રથમ નિર્ણય થઈ ગયો છે. એટલે તે બાબત કાંઈ કરવાનું રહેતું નથી. અર્થાત્ સાધુ દીક્ષા આપી શકાતી નથી. એ જ વિનંતી ત્યાં સંતો હરીભક્તો સર્વેને જય શ્રી સ્વામીનારાયણ કહેશો. અત્રેથી સર્વના વાંચશો.

માસ શ્રાવણ વદ-૧૩ મંગળ સાં. ૨૦૦૨ તા. ૪-૯-૪૫

૧. સાધુ શ્રી વલ્લભદાસજી સહી દા. પોતાના

૨. સાધુ નિલકંઠદાસજી સહી દા. શાસ્ત્રી ધર્મજીવનદાસ સ્વામીના કહેવાથી

૩. શાસ્ત્રી ધર્મજીવનદાસની સહી દા. પોતાના

૪. સાધુ ભક્તિવલ્લભદાસજી સહી દા. પોતે

૫. સાધુ કૃષ્ણકેસવદાસજી સહિ દા. સાધુ ભક્તિ વલ્લભદાસ સ્વામીના કહેવાથી

૬. સાધુ મોરલી મનોહરદાસની સહી દા. પોતાના

૭. સાધુ કૃષ્ણ સ્વરૂપદાસની સહી દા. પોતાના

૮. સાધુ ધર્મ કિશોરદાસની સહી દા. પોતાના

૯. સાધુ ઘનશ્યામપ્રિયદાસની સહી દા. સાધુ શ્રીહરીદાસના

૧૦. સાધુ લક્ષ્મીનારાયણદાસની સહી દા. પાર્ષદશાંમજી ભક્તના

૧૧. સાધુ હરીકૃષ્ણદાસની સહી દા. પોતાના

૧૨. સાધુ જગજીવનદાસની સહી દા. પોતાના

૧૩. સાધુ નારાયણપ્રસાદદાસની સહી દા. પોતાના

૧૪. સાધુ તદરૂપદાસજીના સહી દા. ભોગીલાલ

૧૫. સાધુ હરીવલ્લભદાસની સહી દા. પાર્ષદ શામજી ભગતના

૧૬. સાધુ મોહનદાસજીના સહી દા. પોતાના

૧૭. મીસ્ત્રી જેરામરામજી સહી દા. પોતાના

૧૮. કોઠારી વ્રજલાલ જીવણ દા. પોતાના

૧૯. જત રાઘવજીની સહી દા. પોતાના

૨૦. જેઠી હીરાલાલની સહી દા. પોતાના

૨૧. મોહનલાલ વજેશંકરની સહી દા. પોતાના

૨૨. જેઠી શંકરલાલ ગેલાભાઈની સહી દા. પોતાના

૨૩. કયાથ મનોહર માવજી સહી દા. પોતાના

૨૪. સોની વાગજી મોનજી સહી દા. પોતાના

૨૫. જેઠી નાનાલાલ ગેલાભાઈની સહી દા. પોતાના

૨૬. ઠા. જેઠા વેલજીની સહી દા. પોતાના

૨૭. મેતા માણેકલાલ સહી દા. પોતાના

૨૮. મેતારામ વાગજીની સહી દા. પોતાના

૨૯. ઠ.જાદવજી પીતાંબરદાસ દા. પોતાના

૩૦. જણસારી મુળજી લધાની સહી દા. પોતાના

૩૧. ઠ.ચતુરભુજ સુંદરજી સુતાર મોરારજી મુલજીભાઈ દા. પોતાના

૩૨. ગોર હેમતરામ બેચરની સહી દા. પોતાના

૩૩. શા માધવજી હરખાની સહી દા. પોતાના

૩૪. ઠ.ધનજી લખમશીની સહી દા. પોપટલાલ ધનજી

૩૫. ઠ. ખેતશી દેવજીની સહી દા. પોતાના

૩૬. ગુજર સુથાર વાલજીભાઈ પ્રેમજી સહી દા. પોતાના

૩૭. ઉપાધ્યાય પ્રભાશંકર અલબેશ્વર સહી દા. પોતાના

૩૮. મિસ્ત્રી હીરાલાલ મનજી ચૌહાણ ગામ માનકુવા

૩૯. પા.વાલજી મેગજીની સહી દા. પોતાના

૪૦. કણબી કરશન નારાયણની સહી દા. પોતાના

૪૧. કા.બેચર શામજીની સહી દા. પોતાના

૪૨. ગામ શ્રી સુખપર પ.હરજી લધાની સહી દા. પોતાના

૪૩. પ. હીરા ભીમજીની સહી દા.

૪૪. હરજી લધાના પા.મુળજી રવજી દા. પોતાના

૪૫. પા.મુળજી ગોપાલની સહી દા.

૪૬. મુળજી રવજીના કણબી રવજી વાગજીની સહી દા. પોતાના

૪૭. કા.જીણા ખોડાની સહી દા. શામજી વાગજીના

૪૮. પા.પરબત પ્રેમજીની સહી દા. પોતાના

૪૯. હા.માવજી હરજીની સહી દા. પોતાના

૫૦. હા.કાનજી હરજીની સહી દા. પોતાના

૫૧. હા. હરજી માવજીની સહી દા. પોતાના

૫૨. હા.લાલજી કુંવરજીની સહી દા. પોતાના

૫૩. હા.શામજી પુંજાની સહી દા. પોતાના

૫૪. હા.દેવજી લધાની સહી દા. પોતાના

૫૫. હા.દેવજી કુંવરજીની સહી દા. માવજી હરજીના ગામ-માધાપરના

૫૬. હા.મનજી નારાયણની સહી દા. પોતાના

૫૭. હા.સવજી ભીમજી દા. પોતાના

૫૮. નારાયણ વાલજીની સહી દા. પોતાના

૫૯. હા.મુળજી દેવજીની સહી દા. પોતાના

૬૦. હા.વાગજી મેઘજીની સહી દા. મુળજી દેવજીના ધણીના કહેવાથી

૬૧. હા.કાનજી મેગજીની સહી દા. મુળજી દેવજીના

૬૨. હા.ગોપાલ હરજીની સહી દા. પોતાના

૬૩. ગામ શ્રી ભુવાનીપુર તથા ફોટડી હા. રતના જેશાની સહી દા. હરજી શામજીના

૬૪. હા.રૂડા દેવરાજની સહી દા. મુળજી દેવજીના ધણીના કહેવાથી ગામ-શ્રી મેઘપર

૬૫. પા.પ્રેમજી હરજીની સહી દા. હીરજી શામજીના ધણીના કહેવાથી

૬૬. હા.નાથા નાનજીની સહી દા. પોતાના

૬૭. હા હરજી રવજીની સહી દા. પોતાના

૬૮. ગામ શ્રી રામપર માવજી કેશરાની સહી દા. નાથા નાનજીના

૬૯. હા.મુળજી નારાયણની સહી દા. પ્રેમજી શામજીના ધણીના કહેવાથી ગામ-દહીંસરા

૭૦. નારાયણ દેવજીની સહી દા. પોતાના

૭૧. હા.હીરજી શામજી દા. પોતાના ગામ

૭૨. ગોડપર પા.ધનજી કરસન સહી દા. પોતાના

૭૩. હા.રામજી હીરાની સહી દા. ધનજી કરસનના

૭૪. પા.કુંવરજી નારાયણની સહી દા. પોતાના

૭૫. હા.અરજણ મુલજી દા. કાનજી મુળજીના ધણીના કહેવાથી

૭૬. કા.કાનજી રામની સહી દા. પોતાના

૭૭. કા.લખમણ જીવાની સહી દા. કુંવરજી નારાયણ

૭૮. કા.રામજી નારાયણ કુંવરજીના કા.નાથા માવજીની સહી દા. પોતાના

૭૯. ગામ-શ્રી સુરજપુર કા.ધનજી રતનાની સહી દા. પોતાના

૮૦. ગામ બળદીયાના ૫.માવજી કુંવરજી દા. પોતાના

૮૧. કા.રામજી દેવજીની સહી દા. પોતાના

૮૨. કા.કરસન રામજીના સહી દા. પોતાના

૮૩. કા.રામજી આંણદાણી શામજી મુળજીના કા.શામજી મુળજીની સહી દા. પોતાના

૮૪. હા.માવજી લીબાણીની સહી દા. પોતાના

૮૫. ગામ-કેરા ગોવિંદ પેથાની સહી દા. બેચર સામજી ધણીના કહેવાથી ગામ-કોડકી

૮૬. કા.હરજી મુળજીની સહી દા. પોતાના

૮૭. કા.હીરજી રામજીની સહી દા. હરજી મુળજીના ધણીના કહેવાથી

૮૮. કા.ગોવિંદ લાલજી બળદીયાવાળાની સહી દા.પોતાના.

શ્રી કચ્છ કડવા પાટીદાર ભાઈઓને
શ્રી મથલ સંસ્થા તરફથી બે બોલ

પ્રિય જ્ઞાતિ બંધુઓ આપણી કડવા પાટીદાર જેવી ઉચ્ચ જ્ઞાતિને પીરાણા પંથ જરા પણ શોભતો નથી. માટે સૈયદોએ પોતાનો સ્વાર્થ સાધવા માટે આ પીરાણા પંથનો પ્રચાર કર્યો છે. માટે આપને સમજવું જોઈએ કે આપણા પરસેવાના રક્ત બિન્દુ ટપકથી ભેગી કરેલી સ્વકમાઈના નાણામાંથી ધર્માદાનું નામ પાડી કાકા અને સૈયદોને આપીએ છીએ તે જ નાણામાંથી પાપીઓ આપણને ભ્રષ્ટ કરવાની બાજીઓ રચે છે તે નાણામાંથી એક ત્રાંબીઓ પણ કુપાત્રને પીરાણે મોકલવો નહિ – આપણા જ દાનથી તે પાપી મોજ ઉડાવે છે.

આપણા દાનથી કાકા, મજા મજો ઉડાવે છે.
આપણા દાનથી સૈયદો હજારો જીવ કાપે છે.

માટે પીરાણે હુંડી ના મોકલતાં આપણી જ્ઞાતિમાં ગરીબ બંધુ તથા નિરાધાર વિધવાઓ અને ગરીબના બાળકોના ચીંથરે હાલ જોવામાં આવે છે. અહહા વખતના અનુસારે બિચારાને પેટ પુરતું અન્ન મળવાના સાંસા પડે છે. પરંતુ ધર્માદાના તે નાણામાંથી ગરીબોને મદદ આપી આધાર કરવામાં શું પુન્ય ઓછું છે. વાંઢાય દ્વારાના સાધુ દયાલદાસજીએ આપણી જ્ઞાતિની સેવા તન ને મનથી બજાવે છે અને આપણી જ્ઞાતિના અંધ સુરદાસ બાળકોનું પાલન પોષણ અને વિદ્યા અભ્યાસ કરાવે છે તો તેવા આશ્રમોને આધાર કરવો ને ગામો ગામ – સંસ્થાઓ ખોલી ધાર્મિક પુસ્તકો વસાવો જેથી આપની જ્ઞાતિનો ભાગ્ય ઉદય થાય. અત્યારે ગામ વાંઢાયમાં ગામ શ્રી મથલના હાલમાં શુભ નિવાસ ગુજરાતમાં મોતીસરીના પટેલ હરજી કરમશીએ હાલમાં આપની કુળદેવી ઉમિયા માતાજીનું મંદિર બંધાવ્યું છે તો તેવી જ લાગણી આપ સર્વે જ્ઞાતિ ભાઈઓને હોવી જોઈએ અને પીરાણે જતો પૈસો બંધ કરી આપની જ્ઞાતિ અર્થે પૈસા વાપરવા આપ સર્વે ભાઈઓને અમારી નમ્ર પ્રાર્થના છે.

લી. સેવકો
પાટીદાર પટેલ ખીમજી નાગજી
પાટીદાર પટેલ વાલજી કાનજી
પાટીદાર પટેલ હંસરાજ દેવજી
પાટીદાર પટેલ પચાણ પેથા
પ્રણામ સ્વીકારશોજી

શ્રી પ્રકાશ પ્રિ. વર્કસ ૫૭ ગાડોદિયા માર્કેટ દેહલી મેં છપા.

સંત ઓધવરામ મહારાજનો રતનશી ખીમજીને પત્ર

તા. ૫-૫-૫૫

રતનશીભાઈની દીર્ઘાયુ...
હરદ્વારથી લી. સાધુ ઉધ્ધવદાસના શુભાશિષ વાંચશો.

વિ.માં તમારો પત્ર પોતો છે વાંચી વિગત જાણી છે. તમને જરૂર પ્રભુ આરામ કરશે એવી મને ખાત્રી છે. મેં આપનાં નામનો સામાન્ય ૧૫-૨૦ રૂપિયા ખર્ચ કરી અનુષ્ઠાન કરવા કરી લીધું છે.

અને સાથે સાથે આપને મારી ઈચ્છા પ્રમાણે રૂ. ૧૦૦૦/ નો ખર્ચ હરદ્વારમાં કરાવીશ તેવો દ્રઢ સંકલ્પ મનમાં ધારણ કરી લેશો. શરીર ઉપરાંત કાંઈ નથી તેમ તમે ખુબ દાનો કર્યા છે.

હું બધુય જાણું છું. અને હજી પણ કરશો. મને ભરોસો છે કે આપને નીરાંત થઈ જશે. હું ગુજરાત ઉદ્‌ઘાટન માટે જઈશ પણ હજી તેમનો કાંઈ નક્કી પત્ર નથી. આવવાથી નક્કી થશે.

અને ગુજરાત પછી મુંબઈ આંખો બતાવવા જઈશ. દિવસ ૧૫-૨૦ મુંબઈમાં રહેવાનું થશે. મુંબઈથી જે મારો સંકલ્પ છે તે આપને લખીશ. બાકી આપ હિમ્મતમાં રહેજો. આપનું આયુષ્ય મારા હિસાબે હજુ ઘણું છે પછી તો સર્વજ્ઞ ઈશ્વર છે પણ ભક્ત વત્સલ છે. ભક્તોનું જરૂર સાંભળે છે. જેથી મેં પ્રભુ પાસે અર્જ આપણાં માટે કરી છે. તે જરૂર પ્રભુ સાંભળશે. આપ જેવા જ્ઞાતિ હિતેચ્છુ પરોપકારી હજી દુનિયામાં ચીરકાળ રહો તેમાં જીવોનું કલ્યાણ છે. નાનાં બચ્ચાઓનાં પૂણ્ય પ્રભાવે જરૂર આપનું આયુષ્ય વધશે.
બસ એજ

ત્યાં સર્વેને હરિહર કહેશો અને હું મુંબઈમાં હરીદાસ શેઠના બંગલામાં ઉતરીશ.
અહીંથી ગંગાબાઈ રતનદાસનાં હરિહર વાંચશો.

દા. મોહનનાં હરિહર વાંચશો
(પૂ. મહારાજશ્રીના કહેવાથી)

પત્રિકા નં. ૧ પહેલી

મેં પીરાણા સતપંથ શા માટે ત્યાગ કર્યો?

પીરાણા પંથીઓને વિજ્ઞપ્તિ

આજે લગભગ સાત આઠ વરસ થયા અમો દેશમાં (કચ્છ) આવ્યા છીએ. તે પછી હું જાહેર મેળાવડામાં "પીરાણા સતપંથ ધર્મ" સંબંધી કાંઈ બોલ્યો નથી. પણ પીરાણા ધર્મના શાસ્ત્રોનો મારો અભ્યાસ જેવોને તેવો જ ચાલુ છે. તે જોઈ હમણાં મારા પરમ સ્નેહી એક ભાઈએ કહ્યું કે "ભાઈ હું જ્યારે જોઉં છું ત્યારે તમારા હાથમાં પીરાણા ધર્મનું જ પુસ્તક હોય છે. આટલો બધો તમને "પીરાણા ધર્મ" પ્રત્યે પ્રેમ છે છતાં પણ તમોએ "પીરાણા સતપંથ ધર્મ"નો શા માટે ત્યાગ કર્યો?" આ સાંભળી મને ઘણો આનંદ થયો. તેમને તેમના સવાલનો જવાબ આપીશ. પણ હાલ તુરતમાં તેમને જાણવા પુરતું તો મારે કાંઈક લખવું જોઈએ એમ મારા અંતરાત્મામાં મને થયું. જેથી થોડુંક જ આ નીચે જણાવ્યું છે અને પુરતો જવાબ લખવો પણ ચાલુ છે.

વ્હાલા ભાઈ, તમો જે "પીરાણા ધર્મ પાળી રહ્યા છો તે શું છે? તે દર્મ છે કે ધતિંગ? જો કહો કે ધર્મ છે, તો તે હિન્દુ ધર્મ છે કે મુસલમાન? અગર તો તમે મુસલમાન બનવાની ઈચ્છા રાખો છો કે હિન્દુ રહેવાની? તેની તમને જાણ થવા માટે આ લખવું પડ્યું છે. "પીરાણા સતપંથ ધર્મ"ના સિદ્ધાંતો તથા રિવાજો ટુંકામાં સત્ય હકીકત બહાર લાવવા ખાતર આ મેં બતાવી છે કે જેથી તમે સીધે રસ્તે જાઓ છો કે ઉલટે તેની તમને ખબર પડે - જાણ થાય અને તમે હિન્દુ છો કે મુસલમાન તેનું પણ ભાન થાય. એટલા જ માટે જે કંઈ હકીકત મારા અનુભવમાં આવી છે તેમાંથી થોડીક જણાવું છું."

આ પંથ ચાલુ કરનાર "પીર સમ્સ" છે જેને તમે 'સમસદીન' ના નામે બોલાવો છો તે પીર સમ્સદીન પછી પીર "નસીરદ્દીન" ત્યાર પછી પીર "સાહેબદીન" પછી પીર "સદરૂદીન" તેમના પછી તેના દિકરા પીર "કબીરદ્દીન"ને છેવટે તેમના દિકરા તમારા સતગોર "ઈમામશાહ" કે જેઓ ઈરાનમાં જઈ કાસ્પીઅન સમુદ્રના કિનારે આલમોતના કિલ્લામાંનું સ્વર્ગ કે જે સતપંથીઓના સ્વર્ગ તરીકે ઓળખાતું હતું (જે બનાવટી સ્વર્ગનું બ્યાન તમારા ગોર ઈમામશાહે જીન્નતનામાં નામના શાસ્ત્રમાં કર્યું છે) તે જીન્નત તથા તેની ધર્મ પ્રચાર કરવાની પદ્ધતિ જોઈ આવ્યા પછી વિચાર કરી તેની યુક્તિ અને પદ્ધતિ મુજબ ગુજરાતમાં આવી "અટુણા" નામે ગામમાં પહોંચેલ સતપંથની જાળ બિછાવવાની શરૂઆત કરી અને ત્યાંથી આગળ વધી અમદાવાદ પાસે "ગીરમથા" ગામમાં મુકામ રાખી ત્યાંના ભોળા લોકોને પોતાની જાળમાં સપડાવવા માંડ્યા. તેમાં "નવસારી"ના લેવા કણબીઓના યાત્રાળુ સંઘને જાળમાં લીધા પછી તો તેનું તૂત આગળ ચાલવા માંડ્યું. તેમાં હજારો ભોળા હિન્દુ પંખીડાના ગળામાં સતપંથના ગુરૂ ગંટાળે ધન હરણ કરવાની જાળ નાખી.

તેમ કરવામાં અમદાવાદના બાદશાહ મહમદ બેગડાએ આ સૈયદને ખૂબ મદદ કરી. એક વાડી (ખેતર) આપી તેને મકાનો બંધાવી આપ્યા. હિન્દુ લોકોને તેમનો હિન્દુ ધર્મ છોડાવી પોતાના દિનમાં (મુસલમાની ધર્મમાં) લેવા રચેલી જાળમાં ઘણા અજ્ઞાત ભોળા હિન્દુઓ ફસાવા લાગ્યા. તેમ તમારા પૂર્વજો પણ ફસાયાં અને ઈમામશાહના કહેવા મુજબ મુસલમાની ધર્મની રીતભાત પાળવા લાગ્યા. જેથી ત્યાંના તેના જ્ઞાતિભાઈઓ તે જે વૈદિક સનાતન ધર્મ પાળતા હતા તેમણે તેઓને નાત બહાર મૂક્યા. આ નાત બહાર થનારાઓના ઘર થોડાં હોવાથી બહુ શરમાવા લાગ્યા તેથી ઈમામશાહ પાસે ગયા અને પોતાની વિતક વાત કહી. ત્યારે ઈમામશાહ તથા બાદશાહે ગોઠવણ કરી કચ્છમાં મોકલવાનો વિચાર કર્યો. કચ્છ રાજ્યને તો જોઈતું હતું અને વૈદે બતાવ્યા જેવું થયું. એક તો ગુજરાતના કાબેલ ખેડુતો વિના મહેનતે મળે છે અને દેશની વસ્તીમાં પણ વધારો થાય છે તેમજ બાદશાહનું પણ માન જળવાય છે એમ માની તેઓને આશ્રય આપ્યો અને જે જમીન પસંદ આવે તેમાં ગામ વસાવવાની સગવડતા કરી આપી જેથી કચ્છમાં આવી ગામો વસાવી રહેવા લાગ્યા. અહીંયા મૂળથી જ "પીરાણા પંથી" તરીકે જાહેર થવાથી ટીકા પણ થઈ નહી તેથી દિનપ્રતિદિન આપણા પંથનો વધારો થવા લાગ્યો. પીરાણાના સૈયદો તથા કાકાઓ આવજાવ કરવા લાગ્યા. તેનું પરિણામ એ આવ્યું કે પોતાની વિશાળ પાટીદાર જ્ઞાતિથી અલગ થઈ ગુજરાત જેવી રમણીય ભૂમિનો ત્યાગ કરી કચ્છ જેવા શુષ્ક પ્રદેશમાં નિવાસ કરવો પડ્યો. છતાં પણ હિન્દુ તરીકેના મુખ્ય ચિન્હો "ચોરી અને કાયમ રહ્યા હતાં પરંતુ સૈકાઓ પછી એટલે સંવત ૧૮૩૨ની સાલમાં વિવાહ વખતે પીરાણાનો મુજાવર કાબેલ કાકો પ્રાગજી તથા સૈયદ વલીમીયાં આવ્યા. તેમણે લગ્ન કરાવનાર ગોર દયાશંકર ભગવાનજી સાથે તકરાર કરાવી બધા ગામના ભેગા કરી ઉપદેશ આપ્યો કે બાવા ઈમામશાહના ધર્મના અનુયાયીઓના લગ્ન બ્રાહ્મણ કરી શકશે નહિ પણ દરેક ગામનો મુખી હોય તે દુવા પઢી લગ્ન કરાવી લે અને મરણ પછી અગ્નિસંસ્કાર ન કરવો પણ દફન કરવું. તે દિવસથી લગ્નની તથા મરણ પછીના સંસ્કાર હતા તે પણ બંધ થયા અને ગોર બ્રાહ્મણ તથા ભાટને તમારી જ્ઞાતિમાંથી રજા આપી પુરણ મુમનની પદવી આપી અને પોતે સૈયદો તથા કાકાપૂજ્ય બન્યા."

પછી તો વડીલોના ભોળા સ્વભાવને લઈને ગામેગામ ખાનાની જગ્યા બંધાવી તેમાં બેસી ઉપદેશના રૂપે ખોટી લાલચો બતાવી હિન્દુ ધર્મના કટ્ટર શત્રુ કલરપરસ્તી સૈયદો ગુરૂ બન્યા અને ધર્મ ધૂતારા કાકાઓને એજન્ટ બનાવ્યા. હુરાઓના આશક તથા સ્વર્ગના શોખીન એવા મુખીઓ અને ભગતડાઓને તેઓએ મોટા ભા બતાવીને સૈયદોની વંશાવળીના કલ્પીત કલમાઓ અને બનાવટી દુવાઓ બોલાવી અને મસાણી માટીની ગંદી ગોળીનું પાણી કરી એક જ વાટકીમાં એઠું જુઠું પાવળ પાવા માંડ્યું. રોજા રખાવ્યા, શુક્રવારી બીજો પળાવી, હિન્દુ ધર્મ વિરુદ્ધ લગ્નમાં દુવા પઢીને પતાવવા લાગ્યા. તેમજ મરણ વખતે પણ એજ દુવાઓ અને દરૂદ પઢીને ધરતીમાં દફનાવવાનું શરૂ કરાવ્યું.

મધરાતની પૂજાઓ કરાવી ગતગંગા વહેવડાવી ઘટપાટ-ગાયત્રી અને કલમા નિમાજ હેજંદાના નવરચિત કચુંબરનો ખીચડો બનાવી, નુરનામા, બાજનામા અને તૈયબના કલમા પઢાવી, કબરો ઉપર રાંધેલો પ્રસાદ ચડાવી, મસાણમાં જ ખાવાની હદ સુધી કેટલાક ભાઈઓને પહોંચાડ્યા.

વળી લુંટવામાં પણ હદ બહારના દશોંદ, વિશોંદ, ખુમસ, ખેરિઆત વિગેરેના બહાને લાગા-લગવા કરે, જકાતના બનાવટી લાકડાં ગુસાડ્યાં.

મહોર નબુવંત, દુલદુલ ઘોડો, નુરીબરાખ અને રોજાના ચિત્રવિચિત્ર નવરંગી ચિત્રો ચીતરીને ખૂબ નમાવ્યા. આમ દિવસોદિવસ તેઓના નાટકો વધતાં જાય છે, તો પણ કોઈની આંખ ખુલી નહીં, ત્યારે પરમકૃપાળુ પરમાત્માઓ પોતાના પતિત થયેલા આર્યપુત્રો પર પરમ સ્નેહભરી દયાદષ્ટિ કરી. હિન્દુ ધર્મનો નાશ થતો અટકાવવા પવિત્ર જ્ઞાતિના માતાના ઉદરે ધર્મવીર, નરકેસરી વિરપુત્ર ઉત્પન્ન કર્યો, જેના સિંહનાદે જ્ઞાતિબંધુઓની કુંભકરણ જેવી અઘોર નિંદ્રા ઉડાડી જાગૃત કર્યાં.

તેના જ પ્રતાપે આજ આપણી જ્ઞાતિમાં જાગૃતિ આવી તેથી ગામેગામના મારા જેવા કેટલાએ ભાઈઓએ પોતાની ભુલ સુધારી “પીરાણા સતપંથ”નો ત્યાગ કરી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી પાવન થઈ, શ્રી વિષ્ણુનારાયણના મંદિરો બંધાવી તેમાં શ્રી વિષ્ણુનારાયણની મૂર્તિઓ પધરાવી પોતાના પાપની માફી માગી રહ્યા છે. તે તમો તમારી સગી આંખોથી જુઓ છો.

છેવટમાં મારી નમ્ર અરજ

વ્હાલા ભાઈ, મારી તમો પ્રત્યે માત્ર એટલી જ અરજ છે કે તમો હઠ, ધર્માન્ધતા તથા જુદાઈ વિગેરેને તજી મારી અરજના હેતુને સમજો, મેં જે કાંઈ આ લખ્યું છે તે તમારાં જ શાસ્ત્રો અને વર્તણુંક ઉપરથી જ લખ્યું છે. આ લખવાનો મારો હેતુ માત્ર એ છે કે તમો અસલ્લ તથા નકલમાં, સાચા તથા જુઠામાં અને ભલા તથા બુરામાં વિચાર કરી શકો અને તમારા તે ધર્મની મૂળ હકીકત અને તેના ઉત્પન્ન કરનારાઓના ગુપ્ત મુદ્દાઓ સ્પષ્ટ રીતે જાહેર થઈ જાય. કે જેથી તમો બારીક તપાસ તથા વિચારથી જોઈ શકો કે તમે જે કરો છો તે ક્યાં સુધી પરમાત્મા કે તેના વચનરૂપી વેદ પ્રમાણે બરાબર છે? કેમ કે તેમ ન થવા પામે કે આ તરફના ન રહ્યા તેમ પેલી તરફના પણ ન રહ્યા. તેટલા માટે મુખ્ય હકીકત ખુલ્લી કરી તમારી પાસે રજુ કરી છે.

હવે તમારી ફરજ છે કે તમે વિચાર કરો. પ્રથમ તથા છેવટને જુઓ. ખરા પવિત્ર વૈદિક સનાતન ધર્મના અને બીજા ધર્મના પુસ્તકોનો દીર્ઘદષ્ટિથી અભ્યાસ કરીને મુકાબલો કરી જુઓ કે જેને તમે સતધર્મ માની તથા સમજી બેઠા છો તે શું ખરેખર સત્ય છે?

આ બધું જાણી સમજી મેં ખૂબ વિચાર કર્યો તો મને સાફ દેખાયું કે “પીરાણા સતપંથ ધર્મ” અને તેના નિયમો અમારા જેવી પવિત્ર પાટીદાર જ્ઞાતિને કોઈ રીતે શોભી શકે તેવી નથી એમ ચોખ્ખું જણાઈ આવ્યું. તેથી જ “મેં પીરાણા સતપંથ ધર્મનો ત્યાગ કર્યો છે.” તેમજ તમોને કહું છું કે જો તમે સર્વ રીતે પાટીદાર જેવી ઉચ્ચ જ્ઞાતિમાં ગણના કરાવવા માંગતા હો તો આજે જ કાકા અને સૈયદોને છેવટની સલામ કરી તેમની ગુલામીની ધુંસરી એકદમ ફેંકી દઈ, સનાતન વેદધર્મ અંગીકાર કરી લેશો. અધિક શું લખું જેને આંખ હશે તે વાંચશે, કાન હશે તે સાંભળશે, બુદ્ધિ હશે તે વિચારશે અને સમજ હશે તે “પીરાણા સતપંથ”નો ત્યાગ કરશે.

રચનાર તા. ૦૧-૦૯-૧૯૫૫

લી. પાટીદાર જ્ઞાતિનો અદના સેવક
રતનશી શીવજી પટેલ
રવાપર, તાલુકો - નખત્રાણા (કચ્છ)

ઓરીયન્ટલ પ્રી. પ્રેસ, ભુજ-કચ્છ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજને અપીલ

હાલે સાંભળવા મળ્યું છે જે પીરાણાના કાકા રામજી લક્ષ્મણ મહારાજનું નામ ધારણ કરી ફરી કચ્છમાં લાવવા ચળવળીયાઓનો પ્રયાસ સફળ થયો છે તે તા.૩૦-૬-૫૯ના માનકુવા પધારશે તેવી જાહેરાત કચ્છમિત્ર છાપામાં વાંચી.

આ સમાચારથી સમાજમાં અસંતોષ પેદા થાય તે સ્વાભાવિક છે. ૫ થી ૬ વર્ષ પહેલાં કાકા રામજી લક્ષ્મણને કચ્છમાં લાવેલ ને તે માટે મોટી ખટપટ ઉભી થઈ સરકારને તે માટે પગલાં લેવાં પડયાં. આ રીતે એક શાન્તિથી સંપ અને સુલેહથી જે સમાજ પોતાની રીતે ચાલ્યો જતો હોય તો આવી ચળવળ શા માટે ઉભી કરે છે તે સમજાતું નથી.

જ્ઞાતિ પ્રગતિના પંથે :-

સમાજમાં હાલે પાટીદાર બોર્ડીંગ નખત્રાણા, પાટીદાર વાડી ભુજ, તથા પાટીદાર વાડી માંડવી, તથા જ્ઞાતિમાં સળગતા પ્રશ્નોને હલ કરવા આવા ભારતના સિદ્ધાંતને લાગે વળગે તેવાં કાર્યો-સમાજના અગ્રગણ્ય ભાઈઓ કાર્ય કરી રહ્યા છે તે જોઈને ચળવળીયાને પોતાનું નાક કાપી અપશુકન કરવા માટે અને અસંતોષ પેદા કરવા માટે નામ ફેરવી કાકાને બદલે મહારાજ રામજી લક્ષ્મણ નામ આપી કચ્છમાં પ્રચાર કરવા માગે છે. આ કાકા પીરાણાના ઈમામશાહ બાવાના ગાદીપતિ છે ને હિન્દુ સમાજ તજી દરગાહના નિયમ અનુસાર તેની કાયદેસર વિધિ કરી ગાદી ઉપર આવે છે અને પીરાણા ધર્મ પળાવવા તેના સાથીદારોના બળથી અજ્ઞાન ભોળા ખેડૂત વર્ગને સાચો નકલંકી અવતાર મનાવી હિન્દુ ધર્મની ફરજમાંથી અર્ધદગ્ધ ધર્મને માર્ગે લઈ જવા પ્રચાર કરે છે. આ ધર્મમાં ન દોરાય તે માટે સમાજ ખુબ જાગૃત છે અને દર વરસે ૧ થી ૨ મંદિરો ઉભાં કરી સનાતન ધર્મને માર્ગે સમાજ જઈ રહી છે તે જગ જાહેર છે. આવાં મંદિરો લગભગ ૬૦ થી ૬૨ ઉભાં કરવામાં આવ્યાં છે.

આ જાગૃતિ સ્વાર્થી અને જુનવાણી વર્ગને ગળે ઉતરતી નથી અને પોતાની મમતા પોસવા આવાં હથિયાર લાવી જ્ઞાતિમાં અસંતોષ ઉભો કરે છે તો સમાજને અમારી નમ્ર પ્રાર્થના છે જે આવા દંભી, લાલચુ, સ્વાર્થી ચળવળીયાઓથી જાગૃત રહે ને પોતાના સાચા સનાતન ધર્મને ન ભૂલે. જે જ્ઞાતિ પોતાની જાત હિન્દુ ધર્મને ભુલાવી બીજાનો ધર્મ સ્વીકારે તે સમાન બીજો અધર્મ શું. ગમે તેવો ધર્મ સારો હોય તો પણ હિન્દુ ધર્મની ફરજ નહિં ચુકે તેવી અમોને શ્રધ્ધા છે.

અને આવા વિધર્મીઓને ઉત્તેજન નહિં આપે અને પોતાની સ્વ કમાઈ જ્ઞાતિની ભાવી પ્રજા માટે કેળવણીમાં તથા દેશ હીતના સારાં કાર્યોમાં તેવા પૈસા ખર્ચે અને આવા નામધારીઓથી જાગૃત રહે તેવી અમારી પ્રાર્થના છે.

લી. જ્ઞાતિ સેવક

કચ્છ કડવા પાટીદાર સમાજનો અભ્યાસી

- શશી પ્રીન્ટીંગ પ્રેસ, ભુજ-કચ્છ

મથલ તા. ૭-૭-૫૯

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજને વિનંતી

ગામ મથલ મધ્યે મળેલ સનાતની સમાજની મીટીંગમાં સર્વાનુમતે થયેલ ઠરાવ

ઠરાવ

આજની સભા કચ્છના કડવા પાટીદાર સનાતન સમાજને વિનંતી કરે છે જે હાલે કચ્છના પીરાણાના કાકા રામજી લક્ષ્મણને આપણા જુનવાણી ધરાવતા કેટલાક ભાઈઓ તેમને ખાસ પીરાણેથી કાકા રામજી લક્ષ્મણને તથા તેના સાથીદારો સહિત એક મંડળ કચ્છમાં પીરાણા ધર્મનો પ્રચાર કરવા આવેલ છે અને કાકા રામજી લક્ષ્મણના બદલે સાધુ મહારાજ એવું નામ આપવામાં આવ્યું છે. તો સનાતન સમાજના ભાઈઓને વિનંતી કરવામાં આવે છે જે આ કાકો જે ગામમાં જાય ત્યાં તેને તે ગામના તેમને ધર્મને માનનારોઓ તરફથી સામૈયા કે સ્વાગત તથા જમણમાં તથા તેમના પ્રચારમાં જવું નહિં તેમજ સાથ કે સહકાર આપવો નહિં એવું ઠરાવવામાં આવ્યું છે. આ નિર્ણય જ્યારથી સનાતન ધર્મની સ્થાપના થઈ ત્યારે આ નિર્ણય લેવામાં આવ્યો છે. તો તે જ ઠરાવને ફરીવાર આપના ધ્યાનમાં મુકવા આ સભા ભલામણ કરે છે.

લી.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ

- શશી પ્રીન્ટીંગ પ્રેસ, ભુજ-કચ્છ

॥ ૐ નમો ભગવતે વાસુદેવાય ॥

“એક સત્ય ઘટના”

ના

સજ્જડ જવાબ

સાથે

પૂછેલા પ્રશ્નો

સંવત ૨૦૨૪ ઈ.સ. ૧૯૬૮

લેખક અને પ્રકાશક

પટેલ ગોપાલજી સોમજી ભગત

ગામ કચ્છ શ્રી રવાપરવાળા

Online Text Based
(can use for translation)

Source Document

"એક સત્ય ઘટના" ના લેખકને સજ્જડ જવાબ સાથે પૂછેલા પ્રશ્નો

"એક સત્ય ઘટના" એ નામે પ્રગટ થયેલ પુસ્તક તા.૫-૧૨-૬૭ ના રોજ ગામશ્રી નખત્રાણા મધ્યે શ્રી નથુભાઈ નાનજીભાઈ પટેલ પાસેથી વાંચવા મને સદ્ભાગ્ય સાંપડ્યું. એ પુસ્તકમાં લખાણની તા.૨૫-૮-૧૯૬૭ છે અને છપાઈની તા.૨૫-૯-૧૯૬૭ છે અને લખાયું છપાયું તે હિંમતનગરમાં, જીલ્લો સાબરકાંઠા, લેખક: "અંતરઆત્મા", અને નિમિત્ત: રવજીભાઈ કાનજીભાઈ પટેલ.

ભાઈશ્રી આ પુસ્તક લખવામાં તમોએ જે તસ્દી લીધી છે, તે તસ્દી લેવાનો મુળ ઉદ્દેશ તમોએ પીરાણાપંથને પ્રોત્સાહન આપવા માટે જ હોય એમ અમોને જણાય છે.

ભાઈશ્રી પીરાણાપંથના સ્થાપક પીર ઈમામશાહે કેટલાક હિન્દુધર્મના દેવોની નીંદા કરી ભેળસેળીઓ ન હિંદુ ન મુસલમાન એવો પીરાણા સતપંથ ધર્મ આજથી લગભગ પાંચસો વર્ષ ઉપરે ચાલુ કરી હજારો ભોળા, અભણ અને અજ્ઞાનીજનોને પોતાની ઈન્દ્રજાળમાં ફસાવી ત્રિશંકુની માફક અધ્ધર લટકતા કર્યા હોય એમ તેમના ઈતિહાસ પરથી જણાય છે.

ભાઈશ્રી અમોએ સાંભળ્યું છે કે શ્રી રવજીભાઈ એક મહાવિદ્વાન અને ચાલાક પુરૂષ છે. અમોએ તમોને વ્યક્તિગત જાણ્યા તેમજ જોયા નથી. તમો જો તેવા વિદ્વાન અને ચાલાક હશો તો અમારે ગૌરવ લેવા જેવું છે જે અમારી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં આવા ચાલાક અને વિદ્વાનભાઈઓ છે. પણ ભાઈશ્રી તમારી અત્યારની ચાલાકીના ચક્રોએ તમોને કઈ દિશામાં ચકડોળે ચડાવેલા છે? હાલના જમાનામાં રંગરાગ અને સુધરેલા પવનની પતાકાઓ કઈ દિશામાં ફરકી રહી છે, તેનો ખ્યાલ કરવા તમોને જરા પણ વખત મળ્યો હોય અમોને જણાતું નથી.

ભાઈશ્રી આપણે ભણ્યા હોઈએ તો આપણા ભણતરને જરા ગણતરના રૂપમાં ફેરવતાં શીખવું જોઈએ. જે હું પોતે કોણ છું? કઈ જ્ઞાતિમાં મારો જન્મ થયો છે? મારો સનાતતન આર્ય હિંદુધર્મ શું છે? અને હાલમાં હું કયા રસ્તે જઈ રહ્યો છું? તેનો ખ્યાલ તમો પોતાનું હૈયું હાથ કરી પોતામાં રહેલા આત્મામાં કરો જે પીરાણા ધર્મના સ્થાપક કોણ છે? આ સૃષ્ટિની શરૂઆતથી ૠષિમુનીઓ કે પાછળથી પ્રગટેલા ઈમામશાહ?

ભાઈશ્રી આપણા ભારત વર્ષમાં યુગાન્તરથી ચાલતો આવતો એવો જે શુદ્ધ સનાતન હિંદુધર્મ જેની શરૂઆત આ સૃષ્ટિના કર્તા બ્રહ્મા પછી મહાન ૠષિમુનીઓ, બ્રાહ્મણો તેમજ સનાતન હિંદુધર્મના ધર્માચાર્યો કે જેમણે પોતાના અસલ સનાતન હિંદુધર્મને જીવતો જાગતો રાખવા માટે આજ દીન પર્યંત તનતોડ મહેનત કરી જાળવી રાખ્યો એવો જે સનાતન હિંદુ ધર્મ તેમને હિંદુઓએ ટકાવી રાખવા માટે વખત આવ્યે પોતાના તન, મન, અને ધનના બલીદાનો આપવામાં આજ દિવસ સુધી પાછી પાની કરી નથી તે જ સાચા હિંદુ છે અને હિંદુ તરીકે તેને જ

ગણવામાં આવે છે. એવા જે પૂર્વોના તથા અત્યારના હિંદુઓ કે જેઓ ભૂતકાળે વિધર્મીઓની સત્તાનો ભોગ બનતાં કેટલાંક નબળા મનના હિંદુઓને ન છૂટકે વિધર્મીઓને વશ થવું પડયું હતું છતાં પણ પોતાના અસલ હિંદુધર્મને ભૂલી ગયા ન હતા એટલે વખત આવે પોતાના અસલ હિંદુ ધર્મમાં પાછા આવી ગયા. તેમાં જેઓ ભોળા અભણ અને અજ્ઞાની હિંદુઓ હતા તેમના ભોળપણાનો લાભ લઇ સૈયદ ઇમામશાહે પોતાની પ્રપંચી પીરાઇનાં કપટી પૂષ્પોની માળાઓ ગૂંથી તે વખતના કેટલાંક ભોળા કણબીઓના ભોળા આગેવાનો તેમજ બીજાઓનાં ગળામાં નાખી પોતે રચેલી કપટરૂપી ઇન્દ્રજાળમાં ફસાવી પોતે રચેલો ન હિંદુ ન મુસલમાન એવા કલ્પીત ધર્મનો ઘંટ ગળે બંધાવી ગુજરાતમાં પોતાના સ્વજ્ઞાતિ બંધુઓથી હડધૂત કરાવી વિલે મોઢે કચ્છમાં વિદાય કર્યા એમ તેમનો ઇતિહાસ જોતાં જણાય છે. તો તેવા કલ્પીત ધર્મના ઘંટના અવાજે કાનના પડદા તોડી નાખી બહેરા બનાવી દીધા હોય તેવી રીતે કોઇનું સાંભળવા પણ તમો તૈયાર થયા જ નહિ એમ એ લખાણ ઉપરથી અનુમાન થાય છે. જે મનુષ્ય પોતાને ઉપરથી હિંદુ અને અંદરથી આચારે વિચારે મુસલમાન એવું જગતને બતાવી નાટક કરતો હોય તો તેના છૂપા છળથી જગત કયાં સુધી અંધારામાં રહેશે કે જ્યાં સુધી જાણનારને સામાનું છળ કપટનું જ્ઞાન થાય નહિ ત્યાં સુધી.

ભાઇશ્રી અમો તમોને પૂછવાની રજા માગીએ છીએ કે તમો જો થોડું અગર વધારે ભણયા હો તો એટલું જાણતાં જરૂર શીખો કે આપણાં પૂર્વજો આજથી લગભગ પાંચસો વર્ષ પૂર્વે પીરાણા સતપંથી હતા કે સનાતની ? જો તમારા પૂર્વજો સનાતની હતા એમ જો જણાય તો તમો પણ સનાતની જ છો એમ તમારે ન છૂટકે માનવું જ પડશે અને કદાચ જો તમોને ન સમજાય તો તમારા હુશેની બ્રાહ્મણોને જ પૂછી જોશો કે બાવા ઇમામશાહ આજથી કેટલા વર્ષ અગાઉ પ્રગટયા અને તેનો અર્ધ ઇમામી ધર્મ કયારથી ચાલુ કર્યો ? તો તમોને તેઓ પણ બતાવી આપશે એમ મારૂં માનવું છે.

ભાઇશ્રી તમો તમારી ચોપડીના બીજા પાનામાં લખો છો કે સનાતન ધર્મના આદર્શો શું છે ? તેની શિખામણ ત્યાં આવેલા સંત મહાત્માઓએ કે મુખ્ય મહેમાનોએ કોઇને ન આપી! ભાઇશ્રી તમારા કહેવા પ્રમાણે સનાતન ધર્મના આદર્શ મુજબ કોઇએ કોઇની પણ નીંદા કરવી નહિ એમ તમારૂં કહેવું છે. તો તે તમારી વાત બરાબર જ છે કે “ કોઇની નીંદા કરવી તે સમાન પાપ નથી અને કોઇનું ભલું કરવું તે સમાન પુણ્ય નથી ” એમ દરેક ધર્મનો સિદ્ધાંત છે, તેને કોઇપણ ના પાડી શકતું નથી. પણ નીંદા એટલે શું અને નીંદા કોને કહેવાય છે તે જો આપણને બરાબર સમજાય નહિ તો આપણે એક બીજાઓનો દ્રોહ કરી બેસીએ એટલે ભાઇશ્રી નીંદા એટલે પોતાના અંગત સ્વાર્થને ખાતર જે બીજાઓનો દ્રોહ કરવો તે જ નીંદા કહેવાય છે. પણ જનસમુદાયના હીતની ખાતર કદાચ બે શબ્દો વધઘટ કહેવા પડે તો તે નીંદા કહેવાતી હોય તો પણ તે ધર્મરૂપમાં ફેરવાઇ જાય છે એમ સત્પુરૂષોનું કહેવું છે. તેવું ક્યારે કરવાની જરૂર પડે તો જ્યાં ધર્મનો લોપ થતો હોય તેવે સમયે ધર્મનું રક્ષણ કરવા માટે અગર જ્યાં મનુષ્ય જેવા ઉત્તમ દેહીનું વિધર્મીઓના હાથથી ભ્રષ્ટ થઈ તેના જાન માલનું નુકશાન થતું હોય ત્યારે; ગૌ, બ્રાહ્મણ, પતિવૃતા, વેદ, સાધુ તેમની નીંદા થતી હોય તેવે સમયે તેનું રક્ષણ કરવા ખાતર દરેકે દરેકે મનુષ્યનો ધર્મ છે કે તેવે સમયે નીંદા કરીને પણ તેની રક્ષા કરવી. તેવા સમયની નીંદા તે ધર્મરૂપમાં ફેરવાઈ જાય છે એમ શાસ્ત્રકારો કહે છે. એમાં ખોટું લગાડવું તે બરાબર કહેવાય નહિ. સત્યને ખાતર મીઠાશનો ભોગ આપવો પડે તો તે આપીને પણ કડવું સત્ય સંભળાવવું જ પડે.

૩૫. પૂછેલા પશ્નો દિ. 20-Jan-1968

ભાઈશ્રી તમારે એટલું તો જરૂર જાણવું જોઈએ કે જ્ઞાતિ અને ધર્મ એ બે ભિન્ન બાબતો છે. ધર્મ એક મનની માન્યતા છે ત્યારે જ્ઞાતિ એક સામાજીક બાબત છે. જુઓ ? હિંદુ ધર્મમાં અનેક મતમત્તાંતરો છે. પણ તેવા હિંદુ ધર્મના મતમત્તાંતરોએ પણ આજ દીવસ સુધી હિંદુઓના નિયમો, નામ અને આચરણોને પુરેપૂરાં જાળવી રાખ્યાં છે. ત્યારે પીરાણાપંથે તો હિંદુઓના નિયમો, નામ અને આચરણોને એક કોરે રાખી, પોતાના મનમુખી નિયમો, નામ, અને આચરણોને રાખી તેનું લાલન પાલન કરતા હોય તેમ જણાય છે. ઉપરાંત હિંદુઓના નિયમો, નામ અને આચરણરૂપી અંગોને તથા ગોર બ્રાહ્મણોને વિદાયગીરી આપી હોય તેમ પણ જણાય છે. જુઓ, હિંદુઓના નિયમો-વિષ્ણુ, શિવ, પાર્વતી ગણપતિ અને સૂર્યે એ પાંચ દેવો પુજ્યપણે માની દિનપ્રતિદિન તેમની પૂજા કરવી તે હવે નામ એટલે સનાતન એવા જે ભગવાન તેનું “ૐ નમો ભગવતે વાસુદેવાય” એ મંત્રોથી નામોચ્ચાર કરવો તે અને આચરણ એટલે લગ્ન વખતે વૈદીક રીતે હોમ હવન કરી વેદવિધિથી ચોરી ફેરા ફરવા તે અને બીજું અંત સમયે મુડદાને અગ્નિ સંસ્કાર કરવો તે એ આદી હિંદુ ધર્મના અંગો છે તે ઉત્તમ એવા બ્રાહ્મણોથી વેદાનુસારે તેવા સંસ્કારો કરવા કરાવવા વગેરે જે નિયમો છે તેનું હિંદુ ધર્મ મુજબ દરેક રીતે પાલન કરવું તેનું નામ હિંદુ ધર્મ.

ભાઈઓ ઉપર જણાવેલ હિંદુ ધર્મના અંગોનું તમો પીરાણાપંથી ભાઈઓ કઈ રીતે પાલન કરો છો તે જણાવશો ? પીરાણાપંથીઓમાં તે માહેલા હિંદુ ધર્મના એકે અંગનું પાલન થતુ હોય તેમ અમોને જણાતુ નથી.

ભાઈશ્રી તમોએ નખત્રાણા બોર્ડીંગ વિષે લખ્યું કે બોર્ડીંગમાં દરેક રીતે સહકારમાં સતપંથી ભાઈઓ તેમજ સનાતની ભાઈઓના સહકારથી જ બોર્ડીંગની સ્થાપના થઈ. તો તેના જવાબમાં જણાવવાનું કે ભાઈશ્રી તે તો આપણો એક સામાજીક પ્રશ્ન છે. બોર્ડીંગ એ એક આપણી સામાજીક મિલકત છે તેના સાથે કોઈના ધર્મને લાગતું વળગતું નથી. આપણે બહાર ગમે તેમ ઝગડા કરશું પણ આપણે આખરે ત્યાં ભેગા બેસીને સાથે જમવાનું છે. એ તો આપણા સમાજનું વિશાળ ઘર છે જેમાં નાના મોટા દરેક જ્ઞાતિ બંધુઓનું સમાવેશ સ્થાન છે. જેનું સંચાલન આપણે હાલમાં તેમજ ભવિષ્યમાં પણ આપણે પોતાના અંગત રાગદ્વેષ તદ્દન ભુલી જઈને જ કરીએ છીએ અને કરવાનું છે. ભાઈશ્રી તમો લખો છો કે સુધારક સનાતની આગેવાન ભાઈઓની જીભમાં મીઠાશ અને હ્રદયમાં ઝેર એ પિચાશનાં લક્ષણો છે એમ જે જણાવો છો તો તેના જવાબમાં અમો તમોને પૂછવા માંગીએ છીએ કે તમોએ તમારી ચોપડીમાં બે-ત્રણ ઠેકાણે પિચાશના લક્ષણ છે એમ લખ્યું છે તે પિચાશ એટલે શું તે અમોને જણાવશો ? અમોને તમારો ભાવાર્થ પિચાસને બદલે પીશાચ કહેવાનો હોય તેમ જણાય છે પણ તેવું કહેતા કદાચ તમોને સનાતની ભાઈઓની બીક લાગતી હોય તેમ જણાય છે કારણ કે તેવા લક્ષણો તમારામાં છે એ પુરવાર થાય છે કે તમો પીરાણા પંથીઓના પેટમાં પીરાણાના પીરોની જ જ્યોત પ્રગટી રહી છે અને ઉપરથી તેવા ધર્મને હિંદુ ધર્મની હરોળમાં બતાવવા જાહેર જનતાને છેતરી રહ્યા હો તેવી રીતે બતાવતા જણાઓ છો તેથી તમારા જે લખેલા લક્ષણો તે તમોને જ મુબારક હો; અમોને તેની જરૂર નથી.

ભાઈશ્રી સનાતની ભાઈઓ કદાચ તમોને કહેતા હશે. તો તેમાં તમારે ખોટું લગાડવા જેવું નથી એતો તમો ને નહિ પણ તમારામાં રહેલા પીરાણા ધર્મનાં તત્ત્વોને દૂર કરવા ભલામણ રૂપે તમોને ઉદ્દેશીને કહેતા હશે જે અમારા જ્ઞાતિ બંધુઓમાં જે હિંદુ ધર્મને ન શોભે એવાં તત્ત્વો પીરાણાના ધર્મ ગુરૂઓએ ઘાલી અમારા જ્ઞાતિ બંધુઓને કાયર બનાવી દીધા છે કે જેને ચાલુ જમાનાનો સુધરેલો રંગ રાગ, પરિવર્તન અને પવન તેને જાણવા તેમજ જોવાની જાગૃતિ સુદ્ધાં પણ આવતી નથી એ જાણી દુઃખ થાય છે માટે જ તમોને કહે છે.

૩૫. પૂછેલા પશ્નો દિ. 20-Jan-1968

ભાઈશ્રી તમારી ચોપડીના ચોથા પાનામાં તમો સનાતની ભાઈઓને ધમકી આપતા લખો છો કે શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોમાં સતપથી ભાઈઓને તેમાં પાઠ પૂજા કરવામાં સનાતની ભાઈઓ જરાપણ રોકટોક કરી શકશે નહિ અને કરશે તો નામદાર કોંગ્રેસ સરકાર સતપંથી ભાઈઓને સંપૂર્ણ રીતે મદદ કરશે. તો તેના જવાબમાં જણાવવાનું કે નામદાર કોંગ્રેસ સરકારે સનાતન ધર્મ પાળવાવાળા ભાઈઓની સામે લડવા માટે અને સતપંથી ભાઈઓને મદદ કરવા માટે જોઈતી રકમ કેંદ્રમાંથી તમોને આપવા દિલ્હીની પાર્લામેન્ટમાં કેટલી રકમ મંજુર કરી પાસ કરાવેલ છે તે જણાવશો કે? અમોને જણાય છે કે તે રકમ કદાચ ચાલુ પંચ વર્ષીય યોજનામાં જ પાસ થઈ તમો પીરાણાપંથી ભાઈઓને મળી ગઈ હોય અગર મળવાની હોય તેથી ધમકી આપતા હો તેમ જણાય છે. અમોને ખાત્રી છે કે તેવી રકમ તમોને નામદાર કોંગ્રેસ સરકાર પાસેથી મળી નહી હોય. કદાચ મળવાની આશા રાખો તે પહેલાં ત્યાં જઈ પુરી ખાતરી કરશો જે તમો પીરાણાપંથીઓની આશા રાખેલ રકમ પીરાણાપંથીઓ માટે છે કે પછી પાકીસ્તાન સામે પ્રજાના રક્ષણ માટેની છે તેની જો પુરેપુરી ખાતરી નહી કરો તો સમય આવ્યે હાથ ઘસતા ન રહી જવું પડે તેનો બંદોબસ્ત તમારે હમણાંથી જ કરવો જરૂરી છે એમ અમારી સલાહ છે.

ભાઈશ્રી આવા ખોટા ધમપછાડા કર્યે કંઈ વળવાનું નથી. આપણા સનાતની ભાઈઓ તમોને તો ખૂબ જ ઈચ્છે છે. પણ તમારામાં રહેલા પીરાણા ધર્મને તો નહિં જ. સનાતની ભાઈઓ તો તમોને ખૂબ જ આવકારે છે કે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનાં જે મંદીરો છે તે આપણા માટે જ બાંધ્યા છે કે જેમાં આપણે સૌ હળીમળી ભેળા બેસી પ્રેમથી ભગવાનના ગુણગાન, કીર્તન, ભજન, આદી સત્કર્મો કરીએ. પણ તમો મંદીરોમાં આવતા જ નથી તેથી જ અમોને દુઃખ થાય છે અને જ્યાં સુધી તમો આવા પવિત્રસ્થાનોનો આશરો નહિ લ્યો ત્યાં સુધી તમારામાં રહેલું અજ્ઞાન દૂર થવાનું નથી. માટે તમો જો સાચા હો તો નિત્ય પ્રત્યે સાંજ સવાર મંદીરોમાં આવી ભગવાનનું ભજન સ્મરણ કરો તમોને કોઈ પણ ના પાડવાનું નથી જેની ખાત્રી રાખજો. સનાતની ભાઈઓ તમોને આવકારે છે કે ભાઈઓ આપણું સાચું ધર્મસ્થાન પીરાણું નહિ પણ આ સનાતન દેવનાં મંદિરો જ છે. આપણો આપસનો મૂળ બાંધો પ્રથમથી જ ધર્મ બાબતનો છે અને એ કે, તમારો વિચાર મંદિરોમાં બધાને નિમાજ પઢાવવા કોશીષ કરાવવાની છે તે બનવું અસંભવિત છે કારણ કે નિમાજ તો મસ્જીદોમાં જ પઢાય, મંદીરોમાં તો નહિં જ. તમો જાણતા હો અગર નહિ જાણતા હો છતાં પણ મારે તમોને જણાવવું છે કે જે સ્થાનમાં જે દેવની સ્થાપના હોય તે સ્થાનમાં તેજ દેવનું ભજન ઉપાસના થાય પણ તે સ્થાનમાં બીજા અન્ય દેવની ભજન ભક્તિ કે ઉપાસના થતી નથી એ સિદ્ધાંત છે.

જેમ સોનું વસ્તુ એક જ છે પણ તેના ઘાટ પરત્વે નામો જુજવાં છે. તે જેવો ઘાટ તેવું નામ અને સ્થાન. હાથના ઘાટને પગમાં સ્થાન મળતું નથી તેમ નામ પણ મળતુ નથી પણ જ્યારે બધા ઘાટને એકરસમય બનાવો ત્યારે આખરે હેમનું હેમજ છે. તેવી રીતે જગતમાં ભગવાન તો એક જ છે પણ તેને નામ પ્રમાણે સ્થાન મળે છે. જેમ કે રામ, કૃષ્ણ, શંકર, હનુમાન દેવીઓ આદી જે હિંદુદેવોનાં જે નામો છે તેમનાં સ્થાન મંદીરોમાં છે ત્યારે પેગમ્બરો, પીર, ફકીર, ઓલીઆ, ખલીફા, મુજાવર, મોલવીઓ, મુરીદો, ઈમામો આદી જે મુસલમાનના પૂજ્યમાનો છે તેમનાં સ્થાન મસ્જીદ, દરગાહ, રોજો, કબ્રસ્તાન, ખાનાં વગેરેમાં છે એવો એક પરંપરાથી ચાલ્યો આવતો ધાર્મિક રિવાજ છે. જે રીવાજોનું હિંદુ તેમજ મુસ્લીમ પોતપોતાના રીવાજ મુજબ હાલમાં પણ પાલન કરી રહ્યા છે.

૩૫. પૂછેલા પશ્નો દિ. 20-Jan-1968

ભાઈશ્રી તમો તમારી ચોપડીમાં પાંચમા પાને લખો છો કે શ્રી નાનજીભાઈએ જણાવ્યું કે પીરાણાપંથી કે સતપંથી ભાઈઓ જે સતપંથને માની રહ્યા છે તેને ખંડીત કરવા એમ કહ્યું તો તેના જવાબમાં જણાવવાનું કે તમો ડાહ્યા અને સમજુ હો તો તમારે તેમની પાસેથી સમજી લેવું જોઈતું હતું કે જેથી એક બીજાના સમજની આપલે થાય પણ તમોએ તેમ કરવા કોશીષ કરી હોય તેમ જણાતું નથી. ભાઈશ્રી નાનજીભાઈએ દુ:ખ વ્યક્ત કર્યું કે હાલમાં જે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી જે ભાઈ-બહેનો પીરાણાપંથને માને છે જે પીરાણાધર્મ તેવાં ભાઈ-બહેનોના હૃદયમાં જડ ઘાલીને બેઠા છે તે ધર્મથી ભાઈ-બહેનો ને ખંડીત કરીને જુદાં કરવાં. નહિ જ કે આપણા ભાઈઓને. તમો તો અમારા ભાઈઓ છો જેનો પુરાવો સનાતની ભાઈઓ તો શું પણ તમો પોતે જ તમારા લખાણના તાત્પર્યથી જણાવો છો કે જ્ઞાતિમાં દરેક રીતે પીરાણા પંથી ભાઈઓને મોખરે રાખી જ્ઞાતિનું સંચાલન ચાલે છે, તો તેમાં સનાતની ભાઈઓ ક્યાં ના પાડે છે? આપણા જ્ઞાતિ બાબતનો ઝગડો પહેલેથી જ નથી તો હવે શું થવાનો છે? અને એ સત્ય હકીકત છે કે જ્ઞાતિનાં દરેકે દરેક શુભ કાર્યો વખત આવે આપણે એકત્ર થઈ ખંભેખંભા મેળાવી પ્રેમથી કર્યા છે, હાલમાં પણ કરીએ છીએ અને ભવિષ્યમાં પણ કરશું એ તદ્દન સત્ય હકીકત છે. કદાચ વ્યવહાર કરવામાં મમત્વને લીધે વેર થોડી વખત રહે છે પણ વેરમાં ઝેર નથી એટલે એકલું વેર ટકી શકતું નથી એટલે જ વખત આવે આપણે એક બની રહીએ છીએ એટલે જ્ઞાતિ અને ધર્મ જુદાં જુદાં છે તેનો એ પુરાવો છે. આપણો મૂળ વાંધો પ્રથમથી જ ધર્મ બાબતનો છે કે આપણા કડવા પાટીદાર જ્ઞાતિના સુપુત્રો શુદ્ધ સનાતની હોવા છતાં આપણે માથે અર્ધ ઈમામી ધર્મનું કલંક શા માટે હોવું જોઈએ? તો તે કલંકરૂપી કાળાશને મટાડવા આપણા સનાતની ભાઈઓ ગામડે ગામ ફરી પોતાના જ્ઞાતિ બંધુઓની ખાતર આવી કારમી મોંઘવારીમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરો બાંધી અને તેના ઉત્સવ નિમિત્તે આપ ભાઈઓને માન ભર્યા આમંત્રણો આપી તમોને દરેક રીતે આગળ રાખી તમારામાં રહેલી ભૂલોનું ભાન કરાવવા માટે જ સંબોધે છે જે તમો હિંદુ છો તો હિંદુઓનાં નામ અને સ્થાન દીપાવો. અંધશ્રદ્ધાના અંધારામાંથી ઊઠી સનાતન ધર્મના સંપર્કમાં આવો. પીરાણાધર્મનું આદી અને અંત શું છે તેનો વિચાર કરો? આવી રીતે કહેવાનો શ્રી નાનજીભાઈના ભાષણનો ભાવાર્થ હતો પણ તમારે તો તે વખતે જેમ કોઈના પેટમાં તેજાબ રેડાયો હોય અને તે આકળવિકળ થાય તેવી રીતે તમોને થયું હોય તેથી સાંભળવા પણ તૈયાર થયા નહિ એમ તમારા લખાણના તાત્પર્ય ઉપરથી જણાય છે.

ભાઈશ્રી તમો લખો છો કે શ્રી નાનજીભાઈના ભાષણને ત્યાં બેઠેલા સંતમહાત્માઓ એ તથા પ્રમુખશ્રીએ રોકવાને બદલે ખૂબ ઉત્સાહથી તાલીઓના નાદથી અભિનંદન અને ધન્યવાદ આપ્યા, ત્યારે તમારા પોતાના જ ભાષણને તમો પોતે જ સાતમા પાનામાં જણાવો છો કે પ્રમુખશ્રી એ મારા ભાષણ તરફ ગુસ્સો કરી નથુભાઈને જાહેરાતમાં સૂચના આપી કે “બેસાડી દયો રવજીભાઈને?” “બસ રવજીભાઈ સમજ્યા કે?” એકજ જ્ઞાતિના બંને સુપુત્રો તમો તથા નાનજીભાઈ. તે નાનજીભાઈના ભાષણને ભાવભર્યો સ્વાગત અને તાલીઓના અવાજ સાથે માન ભર્યા અભિનંદન અને ધન્યવાદ ત્યારે તેના સામે તમારા ભાષણને ધિક્કાર અને અપમાન સાથે બેસી જઈ ચૂપ રહેવાનો હુકમ? રવજીભાઈ આનું કારણ તમો સમજ્યા કે નહિ? જો ન સમજ્યા હો તો સમજી લેવા માટે હું તમોને ચાન્સ આપું છું તે પણ દષ્ટાંત રૂપે જુઓ? એક જ સરકારના બે નોકર એક પોસ્ટમેન અને બીજો પોલીસ. આ બંને નોકરોનાં વિચાર અને વર્તનમાં શું ફેર છે તે જુઓ? પેલો પોસ્ટમેન જ્યારે આપણે આંગણે આવે અગર આવતો હોય ત્યારે આપણે આનંદ અનુભવીએ છીએ કે કાંઈપણ શુભ સમાચાર હશે-રાજી ખુશીના પત્રો અગર

મનીઓર્ડર. એ તો રોજીંદો વ્યવહાર છે. પણ જ્યારે કોઈક સમયે પોલીસ આપણા તે જ આંગણમાં આવતો હોય ત્યારે તેમને જોતાં પ્રથમ તો આપણને હૃદયમાં થડકો પડે છે કે પોલીસ આપણા ઘરે શા માટે આવતો હશે ? પછી ભલેને દોસ્તી ખાતર અગર બીજા કોઈ કારણોસર પોતાની ફરજ બજાવવા આવતો હોય અગર આવ્યો હોય પણ તે વખતે આજબાજુનાં માણસો પણ ભેગા થઈ જાય અને તરત જ અંદરો અંદર કારણોની તપાસ ચાલુ થાય જે શું અહીત બન્યું છે. આ તો એક દષ્ટાંત છે પણ તેનો સિધ્ધાંત એ છે કે આપણા સનાતની ભાઈઓને પીરાણાધર્મથી જાગૃત રહેવા રૂપી શુભ સમાચારો આપવા શ્રી નાનજીભાઈ પોસ્ટમેન બનીને પહેલા વહેલા પધાર્યા તો તમારા તરફ અણગમો થયો ? ત્યારે હવે તમો જ કહો કે માનપત્ર શુભ સમાચાર લાવનાર પોસ્ટમેનને કે પીરાણાના પ્રતિકરૂપે પોલીસ જણાતા રવજીભાઈને ? તે વખતે શ્રી નાનજીભાઈ બન્યા સનાતની અને તમો બન્યા સતપંથી શ્રી નાનજીભાઈ હિંદુધર્મના હિમાયતી અને તમો કબ્રસ્તાની પાકા પીરાણાપંથી. એવું જ્યારે જાહેર સભાને જણાયું હશે ત્યારે તમો બંનેને જેવા દેવ તેવી પૂજા થઈ. તેમાં ભાઈશ્રી તમોને ખોટું લગાડવું તે વ્યાજબી ગણાય નહિં.

ભાઈશ્રી અમારા સાંભળવામાં આવ્યું છે કે શ્રીમાન નથુભાઈ નાનજીએ તમોને સનાતન ધર્મ અને પીરાણા ધર્મ એ બે માં સાચું શું છે, તે સમજાવવા માટે તમોને બે દિવસ રોકાઈ જવાની તમારી પાસે માગણી કરી જે આપણે ભેગા બેસીને તે બાબતની ચર્ચા કરીએ તો એક બીજાની ભૂલ સમજાય, પણ તેમાં તો તમો ગભરાઈ ગયા અને રાત લઈને પૂછયા વગર ભાગવાનો તમોને સમય શોધવો પડ્યો. તો ભાઈશ્રી કદાચ જો આ વાત સાચી હોય તો તમારે માટે યોગ્ય ગણાય જ નહિ કારણ કે તમો પ્રખર પીરાણાપંથી એટલે તમારે જ્ઞાતિ ખાતર બે દીવસ રોકાઈને પણ સનાતની ભાઈઓને તમારા પીરાણાપંથી બોધથી મહાત કરીને ત્યાં સતપંથ પીરાણાધર્મનો વિજયી વાવટો ફરકાવવો હતો કે જેથી સનાતનીઓ મંદીરોને બદલે પીરાણાનાધર્મને માનતા થઈ જાત, ઉપરાંત પીરાણા સતપંથનો વાળપણ વાંકો કરી શકત નહિ તો તેમ તમોએ કાંઈ પણ કર્યું નહિ. તેથી જણાય છે કે તમો સતપંથી સનાતની ભાઈઓથી ચોક્કસ ડરી ગયા છો એમ પૂરવાર થાય છે. “વાહ રવજીભાઈ વાહ” આ તે તમારી છાતી કે છાણું ? તમારૂં હૈયું કે હાંડલું ? આમ થોડીક સનાતની ભાઈઓની ગર્જનાથી ઉભી પૂછડીએ નાસતાં શીખશો તો મોરાના પંથ હજી લાંબા છે એમ હૈયાથી હારવાનું નથી આપણે તો હજી ધર્મયુદ્ધ જાણવાનું છે. આમ કાયર બની ભાગવાનું નથી.

ભાઈશ્રી તમો તમારી ચોપડીના ૯ મા પાનમાં જણાવો છો કે શ્રી નાનજીભાઈને શું એ ખ્યાલ નથી કે ગાંધીજી તો આ ‘સતપંથ’ ધર્મના આદર્શોને આચારમાં મૂકી ઉપદેશ આપી ગયા છે તો તેના જવાબમાં જણાવવાનું કે શ્રી નાનજીભાઈને ગાંધીજીના વિચારોની ખાત્રી હતી કે તેઓ શુદ્ધ સનાતની હતા ભાઈશ્રી અમો તમોને પૂછવા માંગીએ છીએ કે પૂજ્ય ગાંધીજી તમારે ત્યાં કઈ સાલે અને કઈ તારીખે પધારી તમારા કબ્રસ્તાની પીરાણાસતપંથ ધર્મના આદર્શો તમોને કઈ રીતે સમજાવી ગયા છે તેનો કોઈ પણ લેખ અગર સાચો પુરાવો તમારી પાસે હોય તો અમોને લેખીતવાર જાહેરાતમાં જણાવશો કે ? ભાઈશ્રી તમોએ તો કબ્રસ્તાની પીરાણાની ગોળી પીધી હશે અને કદાચ પીતા પણ હશો પણ પેલા પૂજ્ય ગાંધી બાપુને તો છેતર્યા નથી ને ? અમોને શંકા છે કે જરૂર તમો પીરાણાપંથીઓએ બીચારા મહાત્માને ધર્મમાં ધોખો દીધો હશે અને ગોળી પાઈ હશે કે જેને પાપે જ બીચારા બાપુને સાચી ગોળીઓનો ભોગ બનવું પડ્યું હોય એમ કદાચ અનુમાન કરીએ તો તે અસ્થાને ગણાય કે નહિ ?

"વાહ રવજીભાઈ વાહ" આવા પવિત્ર ગાંધી બાપુને તમારા સતપંથમાં સપડાવી સતપંથના આદર્શો પાળવાનો પરબારો ગાંધીજી દ્વારા હવાલો અપાવ્યો ને ?

ભાઈશ્રી તમો લખો છો કે સતપંથ ધર્મની સુગ અને તેનું નામ લેતા અભડાતા એવા સનાતનીઓ સનાતનધર્મ ના જય નાદની બાગો પોકારો છો જેમ મુલ્લાં મસ્જીદમાં અલ્લાહની બાંગ પોકારે છે તેમ. એમ દ્રષ્ટાંત પુરાવા સહીત જણાવો છો તો તેના જવાબમાં અમો તમારા પાસેથી જ જાણવા માંગીએ છીએ કે તમોને તમારા સતપંથ સાથે મુલ્લા અને મસ્જીદ એ બંને એકદમ કેમ યાદ આવી ગયાં ? શું તમોને હિંદુ સનાતન ધર્મના જય નાદોના અવાજ તમારા કાનમાં ખટકવા લાગ્યા કે શું કે જેની અદેખાઈ રૂપી વેદનાથી જ તમોને તમારા ઈષ્ટદેવના સેવકો અને સ્થાન યાદ આવ્યાં હોય એમ અનુમાન થાય છે જગતમાં કહેવત છે કે "ઉંટ મરે ત્યારે મારવાડ તરફ મોઢું કરે" તેમ આખરે તમોએ હિંદુ પણાનું ગૌરવ ભૂલી જઈ તેવા પવિત્રસ્થાનોમાં પણ તમારી મુરાદ વડે તમારામાં રહેલાં છુપા છળો આખરે જાહેરાતમાં જણાવ્યાં હોય એમ અમોને જણાય છે. ભાઈશ્રી અમો તમોને છાની રીતે પુછીએ છીએ કે તમો પીરાણાપંથી ભાઈઓ મુલ્લાં પાસેથી બાંગોને લગતું કાંઈ પણ જ્ઞાન મેળવ્યું છે કેમ ? અને તે જ્ઞાનમાં તમો પીરાણા પંથીઓ કેટલા આગળ વધી અને મુલ્લાં જેવા બન્યા છો તે જરા જણાવશો કે ? ભાઈશ્રી અમોને તો તે વાત બીલકુલ ગળે ઉતરતી નથી પણ આજ કાલ તમારા જેવા પ્રખર પીરાણાપંથીઓ જાહેરાતમાં હિંદુ સનાતન ધર્મનાં ચેડા કરે તો પછી અમારે શું સમજવું ? એટલે જ અમો તમોને પૂછીએ છીએ કે તમો પીરાણાપંથીઓ છુપી રીતે કઈ જાતના હિંદુઓ બનવાની આશા સેવી રહ્યા છો ? જે જણાવશો કે ?

ભાઈશ્રી તમો લખો છો કે સ્વ. નારાણભાઈ જેવા કરોડો નારાણભાઈઓનો કે આર્યકવી જીવણભાઈઓનો કે કરોડો નાનજીભાઈઓનો રાફડો ફાટશે તો પણ પીરાણા સંપ્રદાયના સતપંથ ધર્મના સર્જનહારના માલીકનો તમારાથી એક વાળ પણ તુટવાનો નથી સમજ્યા ? તમને ખ્યાલ છે ને ? કે હજરત પેગંબરનો વાળ કેટલો કીંમતી છે ?

ભાઈશ્રી આવી રીતે તમો તમારી છાતીના જોરે સનાતની ભાઈઓને જાહેરમાં ધમકીઓ આપો છો. તો તેના જવાબમાં જણાવવાનું કે ભાઈશ્રી તમારા જણાવ્યા મુજબ સતપંથ પીરાણા ધર્મના સર્જનહાર તો પીરઈમામશાહ છે એમ તેના ઈતિહાસો પરથી જણાય છે તો તે બાબત અમો તમોને પુછીએ છીએ કે તમો પીરાણાપંથીઓ પીર ઈમામશાહના અનુયાયી ગણાઓ છો તેવી રીતે સનાતની ભાઈઓ સનાતન એવા શ્રી લક્ષ્મીનારાયણ દેવના અગર સનાતન હિંદુ ધર્મના ફાંટા રૂપ બીજા હિંદુ દેવના અનુયાયીઓ છે તે સૌ પોતપોતાના ઈષ્ટદેવની ઉપાસના ભક્તિ કર્યે જાય છે તો તમારી ભક્તિ તો હિંદુબેન અને મુસલમાનભાઈ તેમના જેવી હોય તેમ જણાય છે ભાઈશ્રી તમો એટલું તો જાણો છો કે મુસલમાનો પોતાના સગા કાકાની દીકરી જે બેન કહેવાય તેની સાથ લગ્ન વહેવાર કરે છે અને તેને એક સામાજીક રીવાજ કરી બેઠા છે તો ભાઈશ્રી હિંદુ બેનની સગાઈ મુસલમાન ભાઈ ક્યાં સુધી રાખશે ? આ તો એક દૃષ્ટાંત છે પણ તેનો સિદ્ધાંત એ છે કે તમો સાચા હિંદુ થઈ એક મુસલમાન તેમજ મુસલમાનના રચેલા તદ્દન કલ્પીત એવા અર્ધ ઈમામી પંથનો રાહ લઈ તેમના સંસર્ગમાં રહેશો તો વખત આવે તમો પીરાણાપંથીઓને પોતાના જેવા નહિ બનાવો તેની ખાત્રી શું ? વળી તેનો વાળ પણ વાંકો થવાનો નથી એવી જાતની જોરદાર ધમકીઓ સનાતની હિંદુભાઈઓ સામે જાણે તમે સાચા મુસલમાની બોલતા હો તેવી રીતે એક માતેલા આખલાની

જેમ ધૂળ ઉડાડતા ત્રાડુકતા હો તેવી રીતે સામનો કરતા જણાવો છો. ભાઈશ્રી એવા પેગમ્બરી વાળનું વળતર જે પેગમ્બરી હોય તેજ માગે, હિંદુઓ નહિં, તમે તો તેવા પેગમ્બરી વાળનું વળતર તથા કીંમત આંકવાનો જાણે ઈજારો લીધો હોય તેવી રીતે જાહેર કરતા હો તેમ જણાય છે. ભાઈશ્રી આવો એકલતરફી મુસલમાની પક્ષ જણાવશો તો જગતના હિંદુઓ તમોને તરીકે ગણાશે કે કેમ ? તેનો વિચાર તમારે જ કરવાનો છે.

ભાઈશ્રી તમારી ચોપડીના અઢારમા પાનામાં લખો છો કે સતપંથીઓ પોતાની સહનશીલતા જે છોડવા માગતા નથી તો પણ તમો સુતેલા નાગને જગાડવા સાહસ કરી રહ્યા છો. તો તેના જવાબમાં જણાવવાનું કે સુતેલા નાગો કાયમને માટે સુઈ ગયા છે કે કેમ ? જો કાયમને માટે સુઈ ગયા હોય તો જગાડવાનું સાહસ કરવું નકામું છે કારણ કે તે કુદરતની સામે થવા જેવું છે. તો તેવો સાહસ રૂપી સામનો કરવા સનાતનીઓ શક્તિમાન નથી બલ્કે પ્રભુ સિવાય કોઈ પણ નથી. અને તેવા નાગો કાયમ માટે સુઈ જાય એમ સનાતનીઓ ઈચ્છતા પણ નથી. જો સુતેલા હશે તો સનાતનીઓ તેમને અંધશ્રધ્ધારૂપી ઘોર નિંદ્રાથી જાગૃત કરવાનું સાહસ જરૂર કરશે તેમાં કાંઈપણ શંકા નથી. જે અમારા સાચા ભાઈઓને પીરાણાના ધર્મગુરૂઓએ પીરાણાની ગોળી પાઈને અંધશ્રધ્ધાથી બેશુદ્ધ બનાવી દીધા છે તેને જાગૃતિમાં લાવવા તેમના સનાતની ભાઈઓ તનતોડ મહેનત કરી રહ્યા છે. ભાઈશ્રી તમોએ લખેલા નાગોમાંથી સનાતની ભાઈઓના ભૂતકાળના તેમજ હાલના નેતાઓએ મળી ઝેર ખેંચી ખોખા કરી દીધા છે. ખરા સાપ તો ચાલ્યા ગયા હવે તમો બધા પીરાણાપંથીઓ લીસોટા રૂપે રહ્યા છો એમ જણાય છે તો તેને વખત આવે ફીટાડવામાં જરા પણ વાર લાગશે નહિ.

ભાઈશ્રી તમારા લખાણમાં ૧૯મા પાનાના “વાહ ચેતમછંદર વાહ” તમોને પોતાને ચેતમછંદર કહેવડાવાનો ચાવલો કયારથી ચડ્યો ? તે જણાવશો કે “ચેતમછંદર” બની પીરાણાની માયા નગરીમાં ફસાણા છો તો તેનાથી તમોને છોડાવવા સનાતનીઓ ગોરખ બનીને ઉભા છે એટલે હવે તમારે ચોક્કસ સમજી લેવાનું છે કે માયા નગરીમાં ફસાયેલા ગુરૂને ચેલા તેમનાથી જરૂર મુક્ત કરશે તેની ફીકર કરશો નહિ.

ભાઈશ્રી તમો લખો છો કે સતપંથ ધર્મના આદર્શોમાં હિંદુ કે મુસલમાન કોમવાદના ભેદભાવ નથી આ સતપંથ ધર્મનાં ઉપદેશકોએ વેદ અને કુરાન, હિંદુ કે મુસલમાન આવો ભેદભાવ રાખેલ નથી એમ તમારા લખાણ પરથી જણાવો છો તો તેના જવાબમાં સ્વ. નારાયણજીભાઈએ “હિંદુ ધર્મને નામે ચાલતા અર્ધદગ્ધ કબ્રસ્તાની પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ” એ નામે પુસ્તક છપાવી સંવત ૧૯૮૨- ઈ.સ.૧૯૨૬માં બહાર પાડ્યું છે. તો તેના લખાણના તાત્પર્યમાં જણાવે છે કે પીરાણાના પીર ઈમામશાહે રચેલો સતપંથી પીરાણા ધર્મ હિંદુધર્મ નહિ પણ ભેળસેળીઓ અર્ધદગ્ધ કબ્રસ્તાની એક મુસલમાન ધર્મ છે જેને પાળવાથી હિંદુઓના નામ અને નિશાનને કલંક લાગે એવું છે. એવો સચોટ પુરાવો જાહેરમાં છપાવી પ્રસિધ્ધ કર્યો છે. જેને ખોટું છે એમ સાબીત કરવાને પીરાણાપંથના ધર્મગુરૂઓ કે પીરાણાપંથીઓમાંથી આજ દિવસ સુધી કોઈ પણ ઉભો થયો હોય તેવું જણાતું નથી. મોઢાથી પીરાણાપંથીઓએ બણગા ફૂંકયા હશે “જેમ બાયલો નર બૈરી આગળ શૂરો” એવી રીતે પીરાણાના ધર્મસ્થાનોમાં બેસી ભોળા ભાઈઓને ઉંધું ચતું સમજાવી પોતાના પેટની પૂજાની ખાતર પોતાની ખબરદારી બતાવી હશે પણ સનાતની ભાઈઓની જેમ છડે ચોક જાહેરમાં પોતાના મહારથી ભાષણોથી તેમજ લખાણો છપાવીને પીરાણા ધર્મની ઈમારતોના પાયાને તેના મૂળમાંથી હચમચાવીને પીરાણા ધર્મગુરૂઓ તથા પીરાણાપંથીઓના

સાંધેસાંધા ઢીલા કરી નાંખી પીરાણાધર્મથી અનેક ભાઈ-બહેનોને મુક્ત કર્યા છે. તો તેવી રીતે જો પીરાણાપંથીઓ કે તેમના ધર્મગુરૂઓ જાહેરમાં આવી પીરાણા ધર્મને ભેળસેળીઓ મુસલમાન ધર્મ નહિ પણ ચોક્ખો હિંદુ ધર્મ છે એમ જાહેર કરી છપાવી પીરાણા ધર્મની જય બોલાવે તો ખરા. નહિ તો એકવાર નહિ પણ હજારવાર જુઠું છે એમ સનાતની ભાઈઓ કહે છે અને કહેશે એમ પીરાણા પંથીઓએ માની લેવાનું છે. માટે કોઠા યુધ્ધ રચી વહેલી તકે સનાતની ભાઈઓને સંદેશાઓ મોકલો તો તેવા સંદેશાને આવકારી બીડું ઝડપવાને સનાતનીઓ તલપી રહ્યા છે તો તેની તલપો તમો સતપંથી ભાઈઓ ક્યારે છીપાવશો તેની રાહ જોઈ રહ્યા છે.

ભાઈશ્રી કેટલીક મારી અગત્યની શંકાઓનાં નિવારણાર્થે તમારી આગળ નીચે પ્રમાણે લખેલ મુજબ સવાલોના જવાબો જે સત્ય હકીકત તમોએ જાણી અગર જોઈ હોય તે મુજબ યથાર્થ રીતે અમોને જણાવવા મહેરબાની કરશો.

(૧) પીરાણા પંથમાં પ્રસાદીરૂપે વપરાતી ગોળી (પાવળ) તે શેમાંથી બને છે?

(૨) અમારા સાંભળવામાં પૂર્વે આવ્યું હતું કે પીરાણાના ગાદીપતી કાકાઓ જે હિંદુ કોમમાંથી થાય છે તેને પ્રથમ સુન્નતની ક્રીયા કરાવ્યા પછી તેનો ધર્મ ગાદી પર અભિષેક થાય છે તે વાત સાચી છે કે ખોટી છે તેનો 'હા' અગર 'ના' નો જવાબ.

(૩) પીરાણા ધર્મમાં દરેક ધાર્મિક ક્રીયાઓ કોના દ્વારા કરવામાં આવે છે અને તેની શરૂઆત કયા મંત્રોથી થાય છે એવી બે ચાર દોવાઓના મંત્રો લખી જાહેર કરવા.

(૪) પીરાણા ધર્મસ્થાનોમાં કયા હિંદુદેવની પ્રતિમાઓ છે અને તેની પાઠ પૂજા કયા મંત્રોથી થાય છે? અને તેવી પ્રતિમાઓની પ્રાણ પ્રતિષ્ઠા કયા બ્રાહ્મણો દ્વારા થાય છે? અને આરતી, ભજન, ધૂન થયા પછી કયા દેવની જય બોલાવાય છે? તેમજ પીરાણા ધર્મના પુષ્ટીકારક એવા કયા શાસ્ત્રોનું તેમના અનુયાયીઓને ધર્મબોધ અપાય છે તે ખુલાસાવાર જણાવશો.

(૫) પીરાણા પંથમાં મનાતા પીરાણા ગામે પીરાણાના ધર્મસ્થાનમાં કયા કયા દેવોની મૂર્તિઓ તથા પ્રતિમાઓ છે તેનાં નામ સાથે સ્થાન જણાવશો.

(૬) પીરાણાપંથીઓ મધ્યરાત્રીએ શુક્રવારી બીજ ઉજવે છે કે કેમ?

(૭) લગ્ન વખતે કલમા તેમજ દોવા પઢતા કે નહિ (હાલમાં સરકારે તે પ્રથા બંધ કરી હોય તેમ લાગે છે.)

(૮) પાંચ વર્ષથી ઉપરના મૃતદેહોને સ્મશાનમાં અગ્નિસંસ્કાર થાય છે કે પછી કબ્રસ્તાનમાં દફનાવે છે?

(૯) માણસ મરી ગયા પછી ત્રીજે દીવસે જારતની ક્રિયા કરે છે કે નહિ?

(૧૦) જેમ હિંદુ, મુસલમાન, વગેરે કોમના ધર્મશાસ્ત્રો બજારોમાંથી તેમજ તેમના ધર્મસ્થાનો પરથી તેમજ જાહેર લાયબ્રેરીઓમાંથી વેચાતાં તેમજ વાંચવા મળે છે. તેવી રીતે પીરાણા પંથનાં ધર્મ શાસ્ત્રો કયા સ્થળે મળે છે તે જણાવશો. બજારમાંથી તેવાં પુસ્તકો જાણવા તેમજ જોવા માટે વેચાતાં તેમજ વાંચવા માટે મળતાં નથી. માટે પીરાણા ધર્મના પુસ્તકોની છપાઈ ને જાહેરાત થાય છે કે નહિ? આવી રીતે અમારી શંકાઓનું સમાધાન આપ અમોને સંતોષભર્યું લખી છપાવી જાહેરમાં આપશો એવી આશા રાખીએ છીએ.

૩૫. પૂછેલા પશ્નો દિ. 20-Jan-1968

ભાઈશ્રી અમોને એક અનેરો આનંદ તમારાથી રહેતો હોય તેવી રીતે તમો આપણા સનાતની ભાઈઓને મંદીરો બનાવવામાં મદદ કરી તેમજ સનાતન ધર્મમાં આગળ લેવામાં છૂપી રીતે તેમજ જાહેરમાં તેવા મંદીરોના ઉત્સવ સામૈયામાં દરેક રીતે આગળ પડતો ભાગ લીધે જાઓ છો એમ તમારા લખાણથી જણાવો છો. જે આપણા પીરાણાપંથી ભાઈઓની સનાતની ભાઈઓ પ્રત્યેની સુનીતિ અને પ્રેમ લાગણી વડે સનાતન ધર્મમાં આગળ વધારી ગુજરાત તથા કચ્છના ગામડે ગામડે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ આદી દેવનાં મંદીરો બનાવવામાં મદદરૂપ બની સતપંથી ભાઈઓ જાણે અગાઉથી જ તેવાં મંદિરોની ગોઠવણો કરી રાખવા માગતા હોય કે પાછળથી બાકી રહેલા પીરાણા સતપંથી ભાઈઓ જાણે એકદમ સનાતની બની જવા માગતા હોય તેવી રીતે મંદિરોની તકલીફો દૂર કરી રહ્યા હોય તેવી રીતે તમારો ભવિષ્યનો અમારા પ્રત્યેનો ભાવ અમો અનુભવતા રહીએ તેવી રીતે અમોને જણાવો છો. તો ભાઈશ્રી તેવું તમારે કરવું હોય તો ભલે ખુશીથી કરજો પણ પાછળથી તમો સતપંથીઓ એકદમ સનાતની બની પીરાણાના પેગમ્બરોને છુપી રીતે છેતરી સાચા હિંદુ ધર્મની હોંશને હૈયામાં રાખી પાછળથી પીરાણા ધર્મને તલાકનામું આપો તે પહેલા પીરાણા માટે તમારામાંથી વધારે નહિ તો છેવટે અઢી મુમનો રહે તેવો યોગ્ય બંદોબસ્ત કરીને પછી સનાતની બનો તો વધારે સારૂં ગણાય. કારણ કે ભૂતકાળથી ગુજરાત તેમજ કચ્છના ગામેગામમાં પીરાણા ધર્મના આડતીઆ અને એઠીઆ એવા મુજાવર રૂપે મુખીઓએ પીરાણા ધર્મના કાકાઓ તથા સૈયદોનાં વિલાસી જીવનનોને પોષવામાં બિચારા ગરીબ અને કંગાલ કણબીઓના પસીનાના પૈસાથી તાગડધીન્ના આજ દિવસ સુધી પોતે પણ સાથે રહીને કરતા આવ્યા હોય અને તેવાઓની એવી અખૂટ આજીવિકાઓ જ્યારે અધ્ધર ત્રાજવે તોળાઈ રહી હોય, ત્યારે હૈયામાં મરણ પામેલી ઉર્મિઓને થોડી સજીવન રાખવા માટે તેવા જો અઢી મુમનો હોય તો તેમનાં મોઢાં જોઈને તેઓને મન વાળવા થાય.

ભાઈશ્રી તમો સાચા હિંદુ બનીને ધર્મમાં ધતીંગ ચલાવો છો તે જાણી અમોને દુઃખ થાય છે જે આપણી જ્ઞાતિમાંથી અમુક ભાઈઓ જ્યાં સુધી ધર્મમાં ચોકખા નથી ત્યાં સુધી આપણામાંથી ધર્મ બાબતનો અંતરાયરૂપી રોગ નીકળતો નથી. ખરી રીતે તમોને પીરાણાની પીરાઈના મોહ રાખવો જોઈએ નહિ. છતાં પણ રાખો છો એ અમોને યોગ્ય લાગતું નથી. જેમ હિંદુઓમાં પણ કેટલાક ભોળા અને અજ્ઞાનીઓ છે તેઓ જેમ પીર ફકીરની મતલબની ખાતર માનતા કરે છે તેવી રીતે તમોને યોગ્ય લાગે તો ભલે કરશો પણ તમોને એટલું તો જરૂર જાણવાનું રહેશે કે જેમ હિંદુઓમાંથી કેટલાક પોતાના મતલબની ખાતર કાલાઘેલા બની પોતામાં રહેલી અંધશ્રધ્ધા અને અજ્ઞાનતાનુ જાહેરમાં પ્રદર્શન કરાવવા માટે મુસલમાનોના ધર્મસ્થાનો જેવાં કે દરગાહ, રોજો, કબ્રસ્તાન, ખાનાં વગેરે સ્થાનોમાં મુસલમાન ભેગા રહી તેમનાં માનેલાં પ્રસાદોની આપ લે કરતા હો તેવી રીતે કોઈપણ મુસલમાન ભાઈ અગર બેન જાહેરમાં અગર છુપી રીતે હિંદુઓના શ્રેયમાં દબાઈ હિંદુઓના દેવોની પોતાના મતલબની ખાતર કોઈ પણ હિંદુઓના ધર્મસ્થાનોમાં અજ્ઞાની હિંદુઓની જેમ પોતાના સમાજનું તથા પોતાના ધર્મનું નાક કપાવવા આવે છે કે નહિ ? એટલું જો તમો સાચા હિંદુ થઈ જાણવા માગશો તો તમોને તમારામાં રહેલી ભૂલોનું આપોઆપ જ્ઞાન થશે જે આપણે એક હિંદુ થઈને વિધર્મીઓના મોહમાં રહીશું તો ખરેખર આપણી જાતને ભૂલી ગયા બરોબર જણાશે. ભાઈશ્રી આપણે એક જ જ્ઞાતિ છીએ તો આપણો હિંદુધર્મ સનાતન છે તો હિંદુ ધર્મનું નાક જાળવવા જ્ઞાતિને અનુરૂપ એવા હિંદુ દેવને માનશો તો અમારે અને તમારે સુમેળ રહેશે. જેમ આપણો સામાજીક બાબતમાં કોઈ પણ જાતનો વાંધો નથી અને ખૂબ સંપ અને એકતા છે તેવી રીતે આપણે બધા આપણી જ્ઞાતિને

અનુરૂપ એવો જે હિંદુધર્મ તેનું જ પાલન કરીએ તો આપણામાં રહેલો થોડાક ધર્મ બાબતના વિવાદનો અંત આવી જાય એટલું જ નહિ પણ આપણા ભારત વર્ષમાં હાલમાં આપણી જ્ઞાતિ સંપ અને સંગઠનમાં જગતના દરેક સમાજથી મોખરે સ્થાન ધરાવે છે તો તેનો પાયો મજબુત કરવા માટે માત્ર એક જ જ્ઞાતિ અને એક જ સનાતન ધર્મ તે રૂપી વજની ભૂલીમાં વજની ખીંટી મારતાં આપો આપ એક બની એવી મજબુત બનશે કે કોઈની પણ તાકાત નથી કે તેવી ખીંટીનો પરાભવ કરી શકે. ભાઈશ્રી આપણી સમાજ રૂપી વજની ભૂમિને વજની ખીંટીની જરૂર છે તો હવે તેવી ખીંટી મારવા તમારા જેવા ભાઈઓની જરૂર છે. પાછળની સમાજને સુદઢ બનાવવો એ સુકાન તમારે હાથ છે. તો તમો સાચા સુકાની બની સનાતન ધર્મની સમીપ આવવા તમારા સતપંથી ભાઈઓને કયારે સંદેશાઓ મોકલો છો ? ભાઈશ્રી આપણા સમાજની ત્રણ શક્તિઓ જે ખેતર, ખળું અને સનાતન ધર્મ રૂપી ખીંટી એ ત્રણે શક્તિઓ આપણામાં મજબુત હશે તો જગતની કોઈપણ સંસ્થા કે સત્તા તેમને પરાભવ કરી શકશે નહિ એ નિર્વિવાદ છે.

ભાઈશ્રી સ્વ. નારણજીભાઈએ સંવત ૧૯૭૯ ની સાલે પોતાના નામથી “પ્રાસ્તવીક નિબંધ” એ નામે એક નાની પુસ્તિકા છપાવીને પ્રસિદ્ધ કરેલ છે જેમાંની કેટલીક અગત્યની બાબતો સ્વ. વાલજીભાઈ જીવરાજે “કર્તવ્યે પંથે” નામના પુસ્તકમાં પાના નં. ૭૧ થી રજુ કરી જાહેર કરેલ છે કે તે પુસ્તિકા પણ જાણવા જેવી હકીકતો પુરી પાડે છે. તે સિવાય ખાસ મહત્ત્વની બાબત તો પીરાણા સતપંથ ધર્મએ મુસલમાની ધર્મ છે તેને જો હિંદુ ધર્મ છે એમ તે વખતના મુજાવર કાકા લક્ષ્મણ કરમશી પુરવાર કરી આપે તો રૂા.૧૦૦૦૦) દશ હજાર રોકડા આપવાની નીચે પ્રમાણે ખુલ્લી ચેલેન્જ સ્વ.નારાયણજીભાઈએ કરેલી. લક્ષ્મણ કાકાને ચેલેન્જ-

લક્ષ્મણ કાકાને હું નીચે પ્રમાણે ચેલેન્જ કરું છું :-

(૧) તમે જન્મ વખતે કદાચ કડવા પાટીદાર હશો પણ હવે કણબી કે પાટીદારની જ્ઞાતિમાંથી વટલીને ઉતરી ગયેલા છો. મુમના સિવાયના કચ્છ કે ગુજરાતના કણબીઓ તમને કોઈ દીવસ સાથે બેસાડી જમાડે જ નહિ. એટલે તમારા કહેવા પ્રમાણે તમે કડવા લેવા કણબી હવે રહ્યા નથી.

(૨) પીરાણા સતપંથ ધર્મએ હિંદુ ધર્મ નથી. હિંદુ ધર્મની અનેક શાખાઓ છે તેના ધર્મગુરૂઓ પણ છે અને તે કોઈ ઈમામશાહે-ચલાવેલા તમારા પંથને હિંદુ ધર્મ તરીકે સ્વીકારતા જ નથી.

(૩) જે કણબીઓને તમારા ઈમામી મીશનની પૂરેપૂરી માહિતી નથી તેમને તમે પીરાણા સતપંથ એ હિંદુ ધર્મ છે એમ ખોટી રીતે મનાવો છો એ કચ્છના અમારા જ્ઞાતિભાઈઓના પૈસાનો એ મુમના પંથમાં ઉપયોગ કરો છો તે ઘણી વખત તમારૂં કાકાપણું ટકાવી રાખવા અને કચ્છના કણબીઓને મુમના બનાવવા અને મુસલમાની રાહ ઉપર લઈ જવા અત્યાર સુધી વાપરતા આવ્યા છો.

(૪) ઉપર જણાવેલા ત્રણે આક્ષેપો તદ્દન જુઠ્ઠા છે એવું તમે કોર્ટ મારફતે અથવા સનાતન હિંદુ ધર્મના આચાર્યો મારફતે એટલે હિંદુ ધર્મશાસ્ત્રની રાહે સાબીત કરી આપો તો હું રૂા.૧૦૦૦૦) અંકે દશ હજાર આપવો તૈયાર છું અને તે વાત તમે જો ન સાબીત કરી શકો તો રૂા.૧૦૦૦૦) દશ હજાર તમારે મને આપવા માટેની જવાબદારી માથે સ્વીકારવી જોઈએ. નહી તો હવે પછી ઉપર જણાવેલા આક્ષેપો તમને કબુલ છે. એમ અમારા સુધારકો અને અમારું મંડળ માનતું આવ્યું છે તે વાત તમને જાહેર રીતે માન્ય છે એમ દરેક જણને માનવાનું ચોક્કસ થઈ જશે.. આ ચેલેન્જનો જવાબ આ નિબંધ તમને પહોંચ્યા પછી એક મહીના સુધીમાં આપવાની તમને છૂટ છે.

૩૫. પૂછેલા પશ્નો દિ. 20-Jan-1968

આજ દિવસ સુધી ઉપરોક્ત ચેલેંજનો ખરાખોટાપણાનો કોઈપણ જવાબ કાકા અથવા પીરાણાના કબ્રસ્તાનમાંથી હરીવંશના હોંશીલા સૈયદો આપવાને બહાર પડ્યા નથી. ખરૂં હોય તોજ જવાબ આપવાની હિંમત કરે ને ? તદ્દન જુઠ્ઠુ; હજાર વાર જુઠ્ઠું !

ભાઈશ્રી આજથી લગભગ ચુમાલીશ વર્ષ ઉપર એટલે સંવત ૧૯૮૦-ઈ.સ.૧૯૨૩માં તા.૫-૭-૧૯૨૩ ના રોજે ડીસ્ટ્રીક્ટ્ મેજીસ્ટ્રેટ અમદાવાદ વાળાએ કોર્ટમાં તમારા પીરાણા પંથના ધર્મગુરૂ લક્ષ્મણ કાકાની જુબાની લીધેલી છે. તે સિવાય સુરતના ફ.ક.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં તા.૧૩-૬-૧૯૧૯માં પીરાણા ધર્મ બાબતનો કેસ ચાલેલ છે તેનો કેસ વાંચી જવા તમોને ભલામણ કરીએ છીએ. આ બધું જાણવા માટે તમારે નીચે મુજબ છપાયેલ ચોપડી વાંચવી.

પીરાણા-સતપંથનો કોર્ટમાં થયેલો ફેંસલો. સુરત શહેરની કોર્ટમાં ચાલેલો મુકદ્દમો.

પ્રસિદ્ધ કરનાર-રણછોડદાસ દલસુખરામ ભગત. શાક બજાર-અમદાવાદ, મુદ્રક-પરાગજી ખંડુભાઈ દેસાઈ. નવયુગ મુદ્રણાલય-સુરત. સંવત ૧૯૮૦ આવૃત્તિ-૧ કિંમત ૦-૧-૩

આવી રીતે જાહેરમાં પીરાણા ધર્મ કેટલો હિંદુ ધર્મ છે તેની જાણ દરેકને હોતાં કેટલાક ગમાર અને મુઢ હિંદુઓને હજી સુધી જાગૃતિ આવતી નથી તો પીરાણપંથીઓ કઈ જાતના હિંદુઓ થવાની આશા સેવી રહ્યા છે ? ભાઈશ્રી આ લેખમાં લખેલી પીરાણાપથને લગતી કેટલીક હકીકતો તથા તે અપાયેલાં વિશેષણો વગેરે જે કાંઈ લખેલાં છે તે સ્વ.નારાણજીભાઈ રામજીભાઈએ લખેલ પુસ્તક નામે “ હિંદુધર્મને નામે ચાલતા અર્ધદગ્ધ કબ્રસ્તાની પીરાણા સતપંથની પોલ અને સત્યનો પ્રકાશ ” એ નામે પુસ્તકના આધારે તથા સુરત શહેરમાં ચાલેલ પીરાણા ધર્મ સંબંધો કેસની કેટલીક માહીતી મેળવીને લખેલું છે જેની પીરાણાપંથીઓ નોંધ લે.

ભાઈશ્રી મારું આ લખાણ તમારા સાથેના મારા કોઈપણ જાતના મતભેદ વગરનું છે તેમજ તમોને હેરાન કરવા કે ઉતારી પાડવા માટે લખેલ નથી. માત્ર તમોને સમજ પાડવા માટે તમારું ધ્યાન દોરવા ખાતર લખેલું છે, જે આ મારા લખાણને તમો હંસરૂપ બની સાર ગ્રહણ કરશો. પણ અવળો અર્થ કરશો નહિ. એ મારી નમ્ર વિનંતી છે. ભાઈશ્રી જ્ઞાતિનું હિત એ મારું પોતાનું જ હિત છે એ ન્યાયી સૂત્રથી જ લખેલું છે. આશા રાખું છું કે તમારી સાચી મનોભાવના જાહેરમાં જણાવશો. પ્રમાણિક મતભેદ તો દરેકને હોય છે પરંતુ આવા વખતે અંગત મતભેદ રાખી અંગત ગુણદોષનું અવલોકન કરવું એ યોગ્ય ગણાય નહિ.

આ પુસ્તકમાં પૂછેલા પ્રશ્નોના જવાબો તમોને આ પુસ્તક મળ્યા બાદ માસ એકની અંદર અમોને લેખિત જાહેરમાં આપશો અને જો તેમ તમો નહિ કરો તો અમો સનાતની ભાઈઓ જે પીરાણા સતપંથ ધર્મને એક ભેળસેળિયો ન હિંદુ ન મુસલમાન એવો કબ્રસ્તાની પીરાણા સતપંથ ધર્મ જે સ્વ. નારાણજીભાઈ રામજીએ પોતે લખેલ. પીરાણા પોલમાં જેવી રીતે વર્ણવ્યો છે અને તેને જે રીતે અમો માનીએ તે જ રીતે તમો પીરાણા સતપંથી ભાઈઓને પણ કબુલ એમ પુરવાર થશે જેની આથી નોંધ લેશો.

તા.૨૦-૧-૬૮ લિ.સેવક

પટેલ ગોપાલજી સોમજી ભગત , ગામ કચ્છ શ્રી રવાપરવાળા

સુધારો

૩૫. પૂછેલા પશ્નો દિ. 20-Jan-1968

પાનું	લાઈન	છપાયેલું	+સુધારવાનું
૧	૧૬	હાલના	જે હાલના
૧	૨૦	ફેરવમાં	ફેરવતાં
૨	૯	હડછૂત	હડધૂત
૨	૧૪	સામાન	સામાના
૩	૧૧	ધર્મેના	ધર્મના
૪	૨૩	સ મે	સામે
૫	૧૧	બાંધો	વાંધો
૬	૨૨	ધન્ય વાદ	ધન્યવાદ
૬	૨૩	પ્રમુખ શ્રીએ	પ્રમુખશ્રીએ
૭	૨૪	અ તે	આ તે
૮	૧૭	હિંદુ પણાનું	હિંદુપણાનું
૯	૧	પીરાણાપંથઓ	પીરણાપંથીઓ
૧૦	૧	પાનાના	પાનામાં
૧૧	૧૫	નહિ	નહિ?
૧૨	૨૬	મલલમાન	મુસલમાન
૧૨	૨૭	હિંદુઓ	હિંદુઓના

ક્ષત્રિય તણા સંતાન થઈને આમ શું કાયર થયા ?
કણબી તણા છો કુળદીપક તો આમ શું બુઝાઈ ગયા ? ૧
જાગી જગાવો જ્યોતને તો ઉજાશ અંતરમાં થશે,
ઉજાશના અવકાશથી સઘળું અંધારૂં વહી જશે. ૨
અંધારું શાથી થયું જે વિધર્મીઓના પાશથી
સમજણ પડશે સત્યની એ અંતરના ઉજાશથી. ૩
ભાન થાશે ભુલનું જે હિંદુ મારી જાત છે.
તો હિંદુઓને ધર્મ સનાતન જે જગતમાં વિખ્યાત છે. ૪
જુઓ ! જગતમાં સનાતન ધર્મનો અધિકાર છે.
તેથી સનાતન ધર્મનો સદાય જય જય કાર છે. ૫

ગોપાલ સોમજી ભગત

ભારત સરવીસીઝ ફોર્ટ, મુંબઈ-૧. ફોન : ૨૫૩૪૦૭

।। શ્રી ઉમિયા માતા કી જય ।।

**સાબરકાંઠા વિભાગમાં વસતા શ્રી કચ્છી ક.
પાટીદાર જ્ઞાતિનાં બે જુથો વચ્ચે ચાલતા
સંઘર્ષ અંગે**

લવાદ પંચનો ચુકાદો

શ્રી ઉમિયામાતા પ્રસન્નોસ્તુ



ચુકાદો આપ્યા તારીખ
૧૯-૧-૧૯૭૯ શુક્રવાર

વિ. સંવત
૨૦૩૫

Online Text Based
(can use for translation)

Source Document

લવાદ પંચનો ચુકાદો

ગુજરાતમાં વસતા કચ્છી કડવા પાટીદાર ભાઈઓ વચ્ચે, ધનસુરા મધ્યે શ્રી ક.ક. પાટીદાર સનાતન સમાજના નામે ચાલતી સંસ્થાના સભ્યપદના પ્રશ્ને એક જોરદાર વિવાદ ઊભો થયો. જેના પરિણામે અલગ અલગ માન્યાતાઓ વાળાં બે જુથો અમુક વ્યક્તિઓની આડમાં એકબીજા સામે સંઘર્ષમાં ઉતરી કોર્ટે ચડયાં. એકે આરોપ્યું કે જે સનાતની નથી તેને સંસ્થાના સભ્ય થવાનો કોઈ હક્ક નથી જ્યારે બીજાએ કહ્યું કે અમે સનાતની છીએ અને સભ્ય ફી ભરી છે. તેથી અમે સભ્ય છીએ અને અમને ગેર-બંધારણીય રીતે સભ્ય તરીકે રદ ગણવામાં આવ્યા છે. આ મુદ્દાને લઈને મોડાસા કોર્ટમાં તેમજ અરસપરસ દબાવ ખાતર બીજી કોર્ટોમાં પણ વ્યક્તિઓના આશ્રયે પક્ષકાર ખટલાઓ શરૂ કરવામાં આવ્યા.

આ ઘર્ષણના આવા સમાચાર આડકતરી રીતે તેમજ પક્ષકારો દ્વારા જાણવા મળતાં ગુજરાત બહાર વસતા ક. ક. પાટીદાર જ્ઞાતિજનોને દુઃખ થયું અને સમાધાન માટેના પ્રયાસો થવા લાગ્યા. સ્થાનિક ક્ષેત્રે પણ ઈતર કોમોમાં આ વિવાદ અંગે કુતુહલ જાગ્યુ અને પ્રતિષ્ઠિત કચ્છી પાટીદારો પ્રત્યે વિસ્મયકારક પ્રશ્નો રજૂ થવા લાગ્યા. “ માનહાની એ બહુમાનીને મૃત્યુ કરતાં પણ વિશેષ દુઃખકર હોય છે. ” તે ન્યાયે પક્ષકારોમાં પણ સમાધાન માટેની વૃત્તિ જાગવા માંડી. કોર્ટ બહાર નિરાકરણ માટે લવાદપંચની આવશ્યકતા જણાઈ અને બંને પક્ષકારોએ શ્રી ક. ક. પાટીદાર સમાજ - મુંબઈનો સંપર્ક સાધ્યો. અલગ અલગ જઈને અને પરિણામે તા. ૧૫-૧-૭૯ ના રોજ મુંબઈથી (૧) શ્રી મણીલાલભાઈ પુંજાભાઈ (૨) શ્રી માવજીભાઈ પેથાભાઈ પોકાર (૩) શ્રી વિશ્રામભાઈ હંસરાજભાઈ (૪) શ્રી પ્રેમજીભાઈ શિવગણભાઈ (૫) શ્રી શિવદાસભાઈ લાલજીભાઈ તથા (૬) શ્રી લખમશીભાઈ લધાભાઈ તેમજ અમદાવાદથી શ્રી જેઠાભાઈ પુંજાભાઈ તથા વડોદરાથી શ્રી રતનશીભાઈ નારાયણભાઈ તથા જબલપુરથી શ્રી રામજીભાઈ શામજીભાઈ એમ નવ જ્ઞાતિ ભાઈઓનું એક મંડળ સમાધાનના આશયથી આવ્યું અને બંને પક્ષોનો સંપર્ક સાધવાથી તા. ૧૨-૧-૧૯૭૯ના રોજ બંને એ તે મંડળની મૌખિક લવાદપંચ તરીકેની નિમણૂંક કરી અને પોતપોતાના પક્ષોમાંથી જવાબદાર અગ્રગણ્ય ભાઈઓની એક એક સમિતિ પંચના સતત સંપર્કમાં રહેવા નક્કી કરી. તદુપરાંત બંને પક્ષોએ પોતપોતાની માગણીઓની વિશદ ચર્ચા કર્યા બાદ, લેખિત રજૂઆત કરી. ત્યારબાદ લવાદપંચની સૂચનાનુસાર બંને પક્ષોએ સ્ટેમ્પ પેપર ઉપર લખાણ આપી લવાદીનો રીતસરનો અધિકાર આપ્યો અને સોમવાર તા. ૧૫-૧-૭૯ના રોજ કોર્ટમાં ચાલુ રહેલા અરસપરસના બધા જ ખટલા તથા ચેરીટી કમિશ્નર સમક્ષની અરજી વગેરે પાછા ખેંચી લેવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી અને લવાદપંચે કામગીરી ચાલુ કરી.

પંચની સમક્ષ નીચે જણાવેલ મુદ્દાઓ તપાસ અને નિર્ણય માટે રજૂ થયા હતા.

(૧) શ્રી નાનજીભાઈ કાનજીભાઈ સાથેનો હિસાબ અને લેણાની વસુલી અને ખટલાઓ પાછા ખેંચવા બાબત

(૨) સમાજનું સભ્યપદ, માન્યતા અને અમાન્યતા તથા બંધારણમાં ફેરફાર કરવા બાબત

(૩) કારોબારી અને પ્રતિનિધિત્વ.

(૪) ભવિષ્ય માટેનો વ્યવહાર સરળ થવા બાબત.

ઉપર્યુક્ત મુદ્દાઓની તપાસ લવાદપંચે શરૂ કરી અને જે નિર્ણયો કરવામાં આવ્યા તે નીચે મુજબ છે.

સમાજ અને નાનજીભાઈ કાનજીભાઈ તથા બીજા ભાઈઓ વચ્ચે કોર્ટોમાં ચાલતા તમામ કેસો લવાદપંચની સૂચના અનુસાર બંને પક્ષો તરફથી પાછા ખેંચી લેવામાં આવ્યા છે અને ચેરીટી કમિશ્નર સમક્ષ કરવામાં આવેલી અરજી પણ પાછી ખેંચી લેવામાં આવી છે. એટલે બધા જ ખટલાઓનો અંત લાવવામાં આવ્યો અને બંને પક્ષો તરફથી સમાજના વિવાદોનો નિર્ણય સમાજના જ ભાઈઓ દ્વારા લાવવાની નીતિ અપનાવી છે તે પ્રશંસનીય છે.

સમાજ તથા શ્રી નાનજીભાઈ કાનજીભાઈ વચ્ચે હિસાબ અંગેના વિવાદને હાથ ધરતાં બેન પાર્વતીબેનના ભરણપોષણ નિમિત્તેના અમાનત રખાયેલા રૂા. ૧૦૦૦૦/ તથા લવાદપંચે નક્કી કરેલ વ્યાજના રૂા. ૨૦૦૦/ મળીને કુલ રૂા. ૧૨,૦૦૦/- અક્ષરે રૂપિયા બાર હજાર પુરા રોકડા બેન પાર્વતીબેનને તેના ભાઈશ્રી કાન્તિલાલ કરસનભાઈની હાજરીમાં નાનજીભાઈ કાનજીભાઈ તરફથી ચૂકવી આપવામાં આવ્યા છે જેની પહોંચ પણ મેળવવામાં આવી છે.

સમાજની લેતીદેતી બારામાં હિસાબ કરતાં શ્રી નાનજીભાઈ કાનજીભાઈ ખાતે નીકળતા રૂા. ૧૫,૮૦૦/- પંચની સમક્ષ સમાજને ચૂકવી આપવામાં આવ્યા છે જેમની પહોંચ પણ લેવામાં આવી છે. અને રૂા. ૧૨,૫૫૪/- નો હિસાબ શ્રી નાનજીભાઈ કાનજીભાઈ તરફથી સમાજના મંત્રીશ્રી બેચરભાઈ મુળજીભાઈને તા. ૮-૬-૧૯૭૮ના રોજે સમજાવી અને ચૂકવી આપ્યો હતો અને તે બાબતની ચોખવટ પણ કરવામાં આવી હતી એટલે સમાજના કોઈ હિસાબની લેતીદેતી શ્રી નાનજીભાઈ કાનજીભાઈ હસ્તે હવે આજ સુધીની બાકી રહેતી નથી.

જાગૃતિ કાર્યાલયના કુલ્લે રૂા. ૩૪,૦૦૦/- સમાજના કાર્યકર ભાઈઓ જણ સાત પાસે વ્યાજે મુકવામાં આવેલ છે તે પૈકીના રૂા. ૫૫૦૦/- શ્રી નાનજીભાઈ કાનજીભાઈ પાસે પણ રહે છે. તો તે રકમ જ્યારે કાર્યાલય બધા ભાઈઓ પાસે માગણી કરે ત્યારે શ્રી નાનજીભાઈ કાનજીભાઈએ પણ ચૂકવવાના રહેશે. આથી આ સિવાય સમાજનો જાગૃતિ કાર્યાલય અંગેનો પણ કોઈ હિસાબ શ્રી નાનજીભાઈ કાનજીભાઈ હસ્તક રહેતો નથી.

આમ સમાજ તથા શ્રી નાનજીભાઈ વચ્ચે હિસાબ પંચ સમક્ષ પૂર્ણ થયો છે અને પંચને આ બારામાં સુખદ અંત લાવવામાં સહકાર બંને પક્ષોએ સારો આપ્યો છે.

શ્રી વાલજીભાઈ કાનજીભાઈ તથા શ્રી નાનજીભાઈએ સમાજને લાંબા સમય સુધી ખૂબ સેવા આપી છે પરંતુ હાલના સંજોગોના સંદર્ભમાં શ્રી નાનજીભાઈએ સમાજને સક્રિય સેવા આપવાની લેખિત નાખુશી જણાવી છે. આશા છે કે સમાજ તેની શક્તિનો લાભ લેશે.

આ તબક્કે એ બાબતની નોંધ લેવી પડે છે કે સમાજના અગ્રણી જેવા શ્રી નાનજીભાઈ સમાજના હિતને હાનિકર્તા પ્રવૃત્તિમાં સહભાગી થયા જે યોગ્ય થયું નથી. પરંતુ હવે તે વિવાદનો અંત આવ્યો છે અને આશા છે કે તેઓ સમાજ હિતાર્થે પોતાની શક્તિનો સદુપયોગ કરતા રહેશે.

સમાજ તરફથી તા. ૯-૬-૧૯૭૮ના રોજ મળેલી કારોબારી સભાએ જે સભ્યોને અમાન્ય કર્યા છે. તે બાબતમાં પંચે બંને પક્ષો સાથે લંબાણથી ચર્ચા કરી છે અને પંચ નીચે મુજબના નિર્ણય ઉપર સર્વાનુમતે આવ્યો છે.

સમાજના નામ અંગે " ક. ક. પા. સનાતન સમાજ, ધનસુરા " આ નામની સંસ્થા ચાલે છે અને તે બંધારણીય સંસ્થા છે અને જેનું બંધારણ સન ૧૯૭૨માં રજીસ્ટર કરવામાં આવ્યું છે અને સમાજના નામમાં ફેરફાર કરવાનો કોઈ પ્રશ્ન જ નથી.

સભ્યપદનો પ્રશ્ન ખાસ અગત્યનો હોવાથી બંને પક્ષકારોની પ્રતિનિધિ સમિતિઓ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી અને ચર્ચામાં હકીકતો રજૂ થઈ કે સભ્યપદ માટેની ફી લઈને સભ્ય બનાવ્યા બાદ બંધારણીય રીતે રદ કરી શકાય નહિં અને અમાન્ય કરાયેલા બધા જ સભ્યો સનાતની નથી એમ કહી શકાય નહીં એટલે સમગ્ર રીતે એક જ સિદ્ધાંત પળાયો નથી અને જે સભ્યો બનાવાયા છે તે સનાતન સમાજના બંધારણ અનુસાર બનાવવામાં આવ્યા છે. અને અ.ભા.ક.ક. પાટીદાર સમાજના રીતરીવાજો અને ધારાધોરણને માન્ય રાખીને સભ્ય બન્યા છે તો કયા સભ્યો સનાતની નથી તેનો વિવાદ ઊભો ન કરતાં હાલના તબક્કે જે સભ્યો બનાવવામાં આવ્યા છે તેમને માન્યતા આપવી અને તેવા સભ્યોએ સમાજના બંધારણ અને અ.ભા.ક.ક. પાટીદાર સમાજના રીતરિવાજો અને ધારાધોરણ પ્રમાણે વર્તવાનું રહેશે. અને તે મુજબ વર્તન કરવાની રજૂઆત કરવામાં આવી છે તો સમાજે જે ભાઈઓ સનાતન સમાજના સભ્ય બનતા હોય અને જ્ઞાતિના રીતરિવાજો અને ધારાધોરણ અનુસાર વર્તવા માગતા હોય તો તેને આવકારવા જોઈએ એટલે હાલના તબક્કે નોંધાયેલા સભ્યોને માન્ય કરવામાં આવે છે અને સર્વ ભાઈઓ સમાજમાં કેળવણી અને સામાજિક એકતા અંગે સાથ સહકાર અને ભાવનાથી કાર્ય કરશે તેવી આશા છે.

સમાજના બંધારણ અનુસાર તા. ૨-૧-૧૯૭૨ના રોજે સમાજની જનરલ સભાએ કારોબારી સમિતિની ચૂંટણી કરી છે અને તે કારોબારીએ સન ૧૯૭૭ સુધી વહીવટ ચલાવ્યો છે. અને ત્યારબાદ ૩-૯-૭૭ની સામાન્ય સભાએ નવી કારોબારીની ચૂંટણી કરી છે દરમ્યાનમાં એક પણ જનરલ સભા મળી નથી અને બહુજ લાંબા સમય બાદ કારોબારી સમિતિની ચૂંટણી કરવામાં આવી છે. તો સમાજના કાર્યકર ભાઈઓએ સમાજના બંધારણ અનુસાર કાર્ય કરવામાં ચુસ્ત રહેવું જોઈએ અને બંધારણ અનુસાર કાર્ય કરવું જોઈએ એ કાર્યકર્તાઓની ફરજ છે. તા. ૩-૯-૭૭ના રોજ ચૂંટાયેલી કારોબારી સમિતિની મુદત બંધારણ અનુસાર પૂરી થઈ નથી તો મુદત પૂરી થયે જનરલ સભા બોલાવવી અને કા. સમિતિની ચૂંટણી કરવી. અને તે દરમ્યાન હાલની ચૂંટાયેલી કારોબારી સમિતિએ કાર્ય કરવું. ચાલુ ચૂંટાયેલી કારોબારી સમિતિને જો યોગ્ય જણાય અને કારોબારીમાં ફેરફાર કરવા ઈચ્છે તો સક્રિય કાર્યકરોને લઈને કરી શકશે. સમાજના કાર્યકર ભાઈઓને ધ્યાન રાખવાની ખાસ જરૂર છે કે એક બીજા પ્રત્યે ભાવના ઉત્પન્ન થાય તેવા પ્રયાસો કરવા જોઈએ અને અનુકુળ વાતાવરણ સર્જવું જોઈએ.

ઉપરની બધી જ હકીકતોની નજરે લવાદપંચ એવો નિર્ણય કરે છે કે શ્રી ક. ક. પાટીદાર સનાતન સમાજ, ધનસુરા વતી જે સભ્યોને અમાન્ય રખાયા છે તેમને આથી માન્યતા આપવામાં આવે છે અને સભ્યો અખિલ ક. ક. પાટીદાર સમાજે ઘડેલા અને છાપીને પ્રગટ કરેલા રીતરિવાજો અને ધારાધોરણનું ચુસ્ત પાલન કરશે અને તો જ આ સમાજના સભ્ય તરીકે ચાલુ રહી શકશે.

કારોબારીની ચૂંટણી બંધારણના નિયમ અનુસાર થવી જોઈએ. બંધારણની કલમોમાં પણ ફેરફાર તેની રૂએ જ કરી શકાશે.

ઉપર મુજબનો નિર્ણય અમો લવાદપંચના સભ્યોએ ઈશ્વરની સાક્ષીએ નિષ્પક્ષપણે અને જ્ઞાતિના હિતને ધ્યાનમાં રાખીને કરેલ છે.

ધનસુરા,
તા. ૧૯મી જાન્યુઆરી ૧૯૭૯,
વાર શુક્રવાર

લવાદપંચ

(૧) મણીલાલ પુંજાભાઈ પટેલ
(૨) માવજીભાઈ પેથાભાઈ પોકાર
(૩) વિશ્રામ હંસરાજ પટેલ
(૪) પ્રેમજી શવગણ પટેલ
(૫) શવદાસ લાલજી માવાણી
(૬) લખમશી લધા પટેલ
(૭) જેઠાભાઈ પુંજાભાઈ પટેલ
(૮) રતનશી નારણભાઈ પટેલ
(૯) રામજી શામજી પટેલ (જબલપુર)

। શ્રીસ્વામિનારાયણ વિજયતેતરામ ।
।। ૐ નમો ભગવતે વાસુદેવાય નમઃ ।।

પટેલ શામજી લખમણ નારાણપુરવાળાના નામથી છપાઈને
જાહેરમાં બહાર પાડેલી એક પાનામાં બંને બાજુ અને
અડધા પાનમાં એક બાજુ એવી રીતે દોઢ પાનામાં છપાયેલી
તારીખ ૩-૧૧-૮૨ વાળી એક પત્રિકાનો

સણસણતો જડબાતોડ જવાબ

સંવત ૨૦૩૯ ઈ.સ. ૧૯૮૩

લેખક અને પ્રકાશક
પટેલ ગોપાલજી સોમજી ભગત
ગામ કચ્છ શ્રી રવાપરવાળા, તાલુકો નખત્રાણા, કચ્છ.

Online Text Based
(can use for translation)

Source Document

૩૭. સણસણતો જડબાતોડ જવાબ - વર્ષ 1983

ભાઈશ્રી, તમોએ તમારા નામથી છપાવેલી દોઢ પાનાની પત્રિકાના પહેલા પેરેગ્રાફની શરૂઆતમાં જ લખો છો કે શ્રી કચ્છ કડવા પાટીદારમાંના શ્રી સ્વામીનારાયણના અનુયાયીઓને ઉદ્દેશીને જે લખ્યું છે, તેના જવાબમાં જણાવવાનું કે ભાઈશ્રી અમોએ તમોને જોયા તેમજ જાણ્યા નથી, તેમજ તમો કોણ છો તે પણ અમો જાણતા નથી. તમારા નામથી છપાયેલી પત્રિકા તમોએ પોતે જ લખીને છપાવી છે કે તમારા કોઈ વિઘ્ન સંતોષીઓએ છપાવી છે ? કે તમોને કોઈએ ભોળા હૃદયના સમજીને તમારા ભોળપણનો લાભ લેવા કોઈકે તમોને હોળીનું નાળીયેર બનાવીને તમોને જગતમાં અળખામણા બનાવવા માટે તમોને છેતરીને વિશ્વાસઘાત તો કર્યો નથી ને ? કારણ કે જગતમાં સ્વાર્થી, લુચ્ચાં અને બદમાશ લોકો પોતાનું ધાર્યું સિદ્ધ કરવા માટે પોતાને તો જાહેરમાં બહાર પડવાની હિંમત જ ન હોય એટલે બીજી કોઈપણ વ્યક્તિને કોઈપણ જાતનાં પ્રલોભનની લાલચમાં લલચાવીને બલિદાનનો બકરો બનાવે છે એવું એવું તો તમારી સાથે બન્યું તો નથી ને ? કારણ કે અમોને તમારા લખાણ ઉપરથી જણાય છે કે આવું લખાણ તમારા પોતાના મગજથી લખાયું હોય તેવું અમોને જરા પણ જણાતું નથી. કારણ કે આવા સામાજિક ઐતિહાસિક બાબતનું જેને જરા પણ જ્ઞાન ન હોય અને તેને ઢંગધડા વગરનું લખાણ લખીને બાફી નાખે તો તેવા માણસને જગતમાં મુરખ તો ઠીક પણ મુરખાઓનો સરદાર જાણે છે અને એવા માણસો વજૂદ વગરનાં લખાણો લખીને પોતાની અક્કલનું જાહેરાતમાં લીલામ કરે છે. અને તેવા માણસો જગતમાં ગધેડા બનીને લીધાં દીધાં વગરનો ખોટો ભાર ખેંચે છે. તો તેવા માણસોમાં અક્કલ કેટલી હશે ? ભાઈશ્રી, આ તો મેં એક દૃષ્ટાંત આપેલું છે તેમાં જો ઉપર લખી હકીકત જો તમોને બંધબેસતી આવતી હોય તો તેવી પાઘડી તમારે માથે પહેરી લેવાની જરા પણ જરૂર નથી. હંમેશાં દૃષ્ટાંત વગર સિદ્ધાંત બેસતો નથી માટે લખવું પડ્યું. તમો પોતે મુરખા છો કે ગધેડા છો તેવો તમોને મારે કહેવાનો કોઈ પણ ઈરાદો નથી. તમોએ અમારું કાંઈ પણ બગાડ્યું નથી તેમજ તમો અમારા કોઈ દુશ્મન હો તેવું પણ નથી અમોને પત્રિકામાં તમારું નામ છે એટલે અમારે ન છુટકે તમારું નામ લઈને સંબોધવું પડે તે સ્વાભાવિક જ છે. અમોને માત્ર એટલું જ દુઃખ થાય છે કે તમારા જેવા નિર્દોષ ભાઈને કોઈકે ગમે તે પ્રકારની ખોટી અગર સાચી એવી લાલચ આપીને તમોને અળખામણા કરવા કદાચ સંડોવ્યા હોય તો તેનું અમોને દુઃખ થાય છે. તમારી લખેલી પત્રિકાની પાછળના પડદા પાછળ ભૂજ મંદિરના નાત જાતની પંચાયત કરવાવાળા સાધુઓ હોય અગર અમારી કચ્છ કડવા પાટીદાર સમાજમાંના શ્રી સ્વામીનારાયણ ધર્મ પાળવાવાળામાંથી કેટલાક સમાજદ્રોહી ભાઈઓ હોય એમ બંનેમાંથી કોઈપણ હોય અગર બંનેના સાથ સહકારથી તેમજ સલાહથી તમોએ પત્રિકા છપાવી હોય એવું અમોને જણાય છે. કારણ કે ઉપર લખેલા બંનેમાંથી જ આવા ઐતિહાસિક બાબતનું ખોટું અને ઠગારું જ્ઞાન તમોએ મેળવ્યું હોય એવું અમોને જણાય છે. તમોને કોણે સાચી ખોટી સલાહ આપી અને તેની સાચી હકીકત શું છે તે તમો જાણો. અમો જાણતા નથી આ તો અમારી માત્ર શંકા છે.

ભાઈશ્રી, તમારી લખેલી દોઢ પાનાની પત્રિકાના પહેલા પેરેગ્રાફમાં લખો છો કે કેટલાક સ્વામીનારાયણ સંપ્રદાયના અનુયાયી કડવા પાટીદારના ભાઈઓ તરફથી કહેવામાં આવે છે કે ભૂજ સ્વામિનારાયણ મંદિરમાં

કડવા પાટીદાર જ્ઞાતિને હલકી જાતની ગણી વ્યવહાર કરવામાં આવે છે તેવું જણાવી જ્ઞાતિના ભાઈઓને ભૂજ સ્વામિનારાયણ મંદિર અને સાધુ પ્રત્યે અભાવ પેદા થાય તેવું ઉશ્કેરણીજનક વાતાવરણ પેદા કરી રહ્યા છે. એમ જણાવો છો. તો તેના જવાબમાં જણાવવાનું કે અમોને ભૂજ મંદિર અને તેમાં પધરાવેલા દેવ તેમજ મંદિરમાં રહેતા એવા ગણ્યાં ગાંઠ્યાં થોડાક જ માનવંતા પૂજ્ય સંતો કે જેના પ્રત્યે અમોને ખૂબ માન છે અને તેવા સાધુઓ અમારા પૂજ્ય અને વંદનીય છે. તો તેવા સાધુઓ કેટલા અને તેનું ઉપજે શું ? તો તેવા માત્ર થોડાક જ સાધુઓને છોડીને કે જેઓ બીજાઓ નાતજાતની પંચાત કરવાવાળા ખટપટીઆ સાધુઓ છે જેને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને આજે લગભગ ૮૦થી ૯૦ વર્ષ થયાં એક હલકી જાતિની ગણી જાહેરાતમાં વગોવી તેના સાથે એક હલકટભર્યું તેમજ ઓરમાયું વર્તન આજ દિવસ સુધી પોતાની શીરજોરીના જોરે એકસરખું ચલાવી અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને હેરાન પરેશાન કરી હજારો રૂપિયાના ખોટા ખર્ચામાં ઉતારીને પાયમાલ કરી નાખ્યા છે. જેના પુરાવારૂપે તેવા સાધુઓના હસ્તલેખીત અસલ કાગળો તેમજ અસલ સહીઓવાળા કાગળો અમારી ફાઈલમાં મોજુદ છે અને હાલમાં જે ઉશ્કેરણીજનકે વાતાવરણ કરી રહ્યા છે. તેઓ બીજા કોઈપણ નથી પણ ખાસ ભુજ મંદિરમાંના કેટલાક ખટપટીયા સાધુઓ જ કરી રહ્યા છે તે સાફ દીવા જેવી વાત છે. તેથી ભુજ મંદિરમાંના એવા ખટપટીયા સાધુઓ સાથે અભાવ પેદા થાય એ તો સ્વાભાવિક જ છે. અને એમાં નવાઈ જેવું કાંઈ પણ નથી. ભુજ મંદિરના ખટપટીયા સાધુઓનાં હાથનાં કર્યાં હૈયે વાગ્યાં તો તેમાં બીજાઓ શું કરે ? તેવા સાધુઓએ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સાથે વિચાર, વાણી અને વર્તનથી કેવો વર્તાવ કર્યો છે તેના કાળાં કૃત્યોને લેવા તથા પાટીદાર સમાજના લગભગ બધા જ ભાઈઓ જાણે છે. હમણાં તાજેતરમાં ગામ શ્રી દયાપુરમાં સાધુપ્રેમી અને સમાજદ્રોહી એવા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજમાંના કેટલાક ભાઈઓ અને કચ્છ કડવા પાટીદાર સમાજના સમાજ પ્રેમી ભાઈઓ વચ્ચે આપસમાં ભુજ મંદિરના કેટલાક સાધુઓએ આપસમાં એકબીજાઓમાં ઉશ્કેરણીજનક વાતાવરણ પેદા કરી કરાવીને ઝઘડા કરાવ્યા અને તેવા ઝઘડાના પરિણામે હાલમાં તેઓના ઝઘડાનો મામલો કોર્ટમાં ચાલે છે. ભુજ મંદિરમાંના કેટલાક ખટપટીયા સાધુઓએ ભૂતકાળમાં સંવત ૧૯૮૪{Year:1927-28} ની સાલ પછી કચ્છના ભુજ ચોવીસીના લેવા પાટીદાર સમાજમાં આપસમાં ઝઘડાના ગણેશ માંડ્યા. જેના પ્રત્યાઘાતોનો પવન તે વખતે શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયમાં તેમજ વિદેશમાં ઈંગ્લાંડ, આફ્રિકા વગેરે દેશોમાં ફુંકાયો એવું તે વખતે સાંભળવામાં આવ્યું હતું. તેવા ઝઘડાઓ વર્ષો સુધી ચાલ્યા આખરે નિમિત્તે શાંત થયા અને તેવા ઝઘડાના પુરાવારૂપે ભુજમાં એક સમાજ અને એક જ સંપ્રદાયમાં બે મંદિરો થયા આ છે ભુજ મંદિરમાંના કેટલાક ખટપટીયા સાધુઓનાં કર્તવ્ય.

ભાઈશ્રી, તમો ભુજ મંદિરના ખટપટીયા સાધુઓના ફંદામાં જો ફસાઈ જશો તો તમોને જ્યારે કર્તવ્યનું ભાન થાશે ત્યારે તમોને પસ્તાવો થયા વગર રહેશે જ નહિ. જુઓ અમારી કચ્છ કડવા પાટીદાર સમાજમાંના કેટલાક ભાઈઓને ભુજ મંદિરના સાધુઓએ પોતાની જાળમાં ફસાવી લીધા છે અને એવા ભાઈઓ પોતાના સમાજને તરછોડીને ભુજ મંદિરના સાધુઓના પોપલા અને વેવલા બનીને સાધુઓના સાગરીતો બન્યા હોય તેવું જણાય છે. પણ તેઓ હાલમાં ભુલી ગયા લાગે છે કે ભૂતકાળે અને વર્તમાનકાળે એમ વરસોથી પાયમાલ કરીને જે મુમના તરીકેનો ઈલકાબ આપીને જાહેરમાં ફજેતી કરે છે તેનું જ્યારે તેઓને જાણ થાશે ત્યારે પસ્તાવો થયા વગર રહેશે નહિ. જો કે તેવા ભાઈઓ જાણવા છતાં હજી ઊંઘે છે. અમારા સમાજમાં એક વખતે ભૂતકાળે આગેવાન હતા તે ભાઈઓએ સમાજમાં બેસી ભુજ મંદિરના ખટપટીયા સાધુઓ સાથે કેટલો વિરોધ કરેલ છે જે ભુજ મંદિરના

સાધુઓ સાથે આપણા સમાજે કોઈ પણ જાતનો વહેવાર કરવો નહિ તેમજ ભુજ મંદિરના સાધુઓને આપણા સાતે ગામમાં ચર્ચા બંધ કરવા વગેરે જોરદાર વિરોધના કાગળો લખીને સમાજના આગેવાન ભાઈઓની સહીઓ કરી કરાવીને તેની કોપીઓ ભુજના સાધુઓ ઉપર મોકલી આપેલ છે. તેવા ભૂતકાળે આગેવાન ગણાતા ભાઈઓએ પોતાના હાથથી કાગળો લખેલ. જેની હસ્તલેખીત કોપીઓ અમારી ફાઈલોમાં મોજુદ છે તો તેવા કેટલાક ભાઈઓ હાલમાં ભુજ મંદિરના સાધુઓને રવાડે ચડ્યા છે. તેઓને જ્યારે ફરી ફટકો પડશે ત્યારે સમજશે. ભાઈશ્રી વળી તેવા ભાઈઓએ સમાજમાં બેસી કેવું વર્તન કર્યું છે તેનો પુરાવો ગામશ્રી દયાપુરના મંદિરમાં મૂર્તિઓ પધરાવવાની પ્રતિષ્ઠા નિમિત્તે યજ્ઞ કરવો તેમાં સલાહ સૂચનની આપ-લે કરવા ભુજ મંદિરમાંના સાધુઓ પાસે દયાપુર ગામના ભાઈઓ લગભગ ૬થી ૭ વખત ગયા હતા પણ ભુજ મંદિરના સાધુઓએ દરેક વખતે એક જ હઠાગ્રહ પકડ્યો કે જો લેવા અને કડવાના બેય રસોડાં જુદા થાય તો જ દયાપુરમાં યજ્ઞ થાય અને જો બે રસોડાં લેવા અને કડવાનાં જુદાં ન થાય તો યજ્ઞ થાય નહીં એનો અર્થ એ થયો કે ભુજ મંદિરના સાધુઓ હજી સુધી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને એક હલકી વર્ણની ગણીને લેવા અને કડવાનો એક રસોડો કરવો નહિ અને લેવા તથા કડવાને એક જ પંક્તિએ ભેગા બેસીને કોઈ પણ રીતે જમાડવા નહિ માટે બે રસોડાં કરવાં એવો જોરદાર હઠાગ્રહ કર્યો એટલે ગામ શ્રી દયાપુરના કચ્છ કડવા પાટીદાર શ્રી સ્વામીનારાયણ ધર્મ પાળવાવાળા ભાઈઓએ સાતે ગામમાં રહેતા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ શ્રી સ્વામીનારાયણ ધર્મ પાળવાવાળા ભાઈઓને સંવત ૨૦૩૭ના માગશર વદ ૯ ને મંગળવાર તારીખ ૩૦-૧૨-૧૯૮૦ના રોજે ગામ શ્રી દયાપુર મધ્યે રાત્રે ૯ વાગ્યે શ્રી સ્વામીનારાયણ મંદિરમાં જ સભામંડપના હોલમાં એક સામાન્ય સભામાં હાજર રહેવા બોલાવ્યા. એટલે સાતે ગામના ઉપરોક્ત ધર્મ પાળવાવાળા ભાઈઓએ આવી સામાન્ય સભામાં હાજરી આપી. એટલે સમાજની સભાનું કામકાજ સમાજના પ્રમુખ સાહેબની આજ્ઞાથી શરૂ થયું. ચર્ચા વિચારણાને અંતે સમાજે સર્વાનુમતે એવું નક્કી કર્યું કે ભુજ મંદિરના સાધુઓ જો આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને એક હલકી વર્ણની ગણીને જો બે રસોડા કરવા માગતા હોય તો આપણે તેમાં સહમત થવું નથી. અને ભુજ મંદિરના સાધુઓ જો આપણી માંગણીને સહમત ન થતા હોય તો આપણા સમાજની સ્વમાનની રૂ એ આપણા અને સાધુઓ વચ્ચે આ પ્રશ્ન ન પતે ત્યાં સુધી ભુજ મંદિરના સાધુઓના હાથની ભીની રસોઈ આપણા સમાજમાંના કોઈપણ ભાઈ અગર બેનો એ જમવી નહિ. તેમજ આપણા સમાજના કોઈપણ ભાઈઓએ ભુજ મંદિરના સાધુઓના રસોડે જમવું નહિ. એવો સમાજમાં સર્વાનુમતે ઠરાવ થયેલ તેનું માત્ર એક જ કારણ કે આપણી આ લડત ભુજ મંદિરના સાધુઓ સાથે ચાલુ છે. તો તેવા ઠરાવને ટેકો આપવા રૂપે સમાજમાં બેઠેલા એક ભાઈ ઊભા થઈને એવું બોલ્યા કે ભુજ મંદિરના સાધુઓ તેમજ ભુજ મંદિર સાથેનો વ્યવહાર સદંતર બંધ કરી આપવો. પરંતુ તેવું સમાજને ઠીક ઉચિત ન લાગતાં ફક્ત ભુજ મંદિરના સાધુઓની હાથની બનાવેલી ભીની રસોઈ આપણા સમાજમાંના કોઈ પણ ભાઈએ જમવી નહિ એવો પાકો ઠરાવ સર્વાનુમતે થયો પરંતુ તેમા કેટલાક ભાઇઓમાંથી એક ભાઇ આરંભે શૂરા બની જોરશોરથી બોલ્યા કે ફક્ત ઠરાવ કરવાથી કામ થાશે નહિ. તો આજની સમાજે કરેલા ઠરાવનું પરિપૂર્ણ પાલન કરવા આપણે સૌ ભાઈઓએ શિક્ષાપત્રી જેને ભગવાનની વાણી અને સ્વરૂપ છે તેવી શિક્ષાપત્રીના સોગંદ સાથે પ્રતિજ્ઞા કરવી અને આજ ભગવાનના મંદિરમાં ભગવાનની સામે બેસી સોગંદ લેવા અને પ્રતિજ્ઞા કરવી કે જ્યાં સુધી ભૂજ મંદિરના સાધુઓ આપણી સમાજની માંગણીનો સ્વીકાર ન કરે ત્યાં સુધી આપણી આજની સમાજે જે ઠરાવ કરેલ છે તેને પરિપૂર્ણ પાલન કરવા માટે

આપણે આજે બધા ભાઈઓએ એકી અવાજે શિક્ષાપત્રીના સોગંદ લેવા અને પ્રતિજ્ઞા કરવી કે આપણા સમાજમાંનો કોઈપણ ભાઈ આપણા સમાજના આજના ઠરાવનું જો પરિપૂર્ણ ચૂસ્તપણે જો પાલન કરે નહિ તો તેવો ભાઈ સમાજદ્રોહી ગણાશે અને સમાજ સાથે વિશ્વાસઘાત કર્યો છે તેથી વિશ્વાસઘાતી બનશે. માટે આજની સમાજની સભામાં બેઠેલા સર્વ ભાઈઓએ સમાજના આજના કરેલા ઠરાવને માન આપવા સાથે પરિપૂર્ણ પાલન કરવા સૌએ હાથ ઊંચા કરી એકી અવાજે ઠરાવને માન્ય રાખવો. એવી સોગંદવિધિ કર્યા પછી સૌ ભાઈઓ સમાજની સભાનું વિસર્જન કરી સૌ પોત પોતાને ગામે અને ઘરે ગયા.

ભાઈશ્રી જે ભાઈએ સમાજમાં ઊભા થઈને જે સોગંદ લેવડાવ્યા અને પોતે પણ લીધા તેવા ભાઈ તો પ્રતિજ્ઞા લેતી વખતે તો એવા તો આરંભે શૂરા બન્યા કે જાણે આ ભાઈ હવે સમાજને ઉગારી લેશે કે ભુજ મંદિરના સાધુઓ સાથે મળીને ઉતારી પાડશે તેનું ભાન તેવા ભાઈને જરા પણ થયું હોય તેમ જણાયું નહિ અને આખરે તેવા ભાઈઓ પોતાની લીધેલી પ્રતિજ્ઞાને નહિ (પાળી) શકવાથી તેઓ પાછા પડ્યા. જેથી સમાજના સમાજદ્રોહી તથા વિશ્વાસઘાતી બન્યા. જગતમાં ડાહ્યા, ત્રણ પ્રકારના છે. ડાહ્યા, દોઢડાહ્યા અને અખતર ડાહ્યા તો તેવા ભાઈઓ સમાજમાં ડાહ્યા તો રહ્યા નહિ અને પાછળના જે દોઢ ડાહ્યા અખતર ડાહ્યા એમ બે ઈલકાબો રહ્યા તો તેમાંથી પાછળના બે ઈલકાબોમાંથી જે ઠીક લાગે તે ઈલકાબ લે તેમાં અમારે જરાપણ વાંધો નથી. ભાઈશ્રી તેવા ભાઈઓ તો ભુજ મંદિરના સાધુઓ સાથે શરૂઆતની જેમ વર્તવા લાગ્યા. તેથી સમાજે વિચાર કર્યો કે આપણા ભાઈઓમાંથી જે ભાઈઓ એ ઠરાવનું પાલન નહિ કરતાં ઉલટી સમાજની એકતાને તોડે છે અને એકતાને તોડાવે છે. તો સમાજે તેવા ભાઈઓને સમાજમાં બોલાવીને સમજાવવા જોઈએ. એટલે સમાજે ફરી તારીખ ૨૫-૦૩-૧૯૮૧ના રોજે દયાપુર મુકામે શ્રી સ્વામીનારાયણ મંદિરમાં ભેગા થવા આમંત્રણ આપ્યું. પણ તે વખતે એવું બન્યું કે જેઓ સાધુઓના સાગરીતો બની ગયા હતા તેવા નાના-મોટા બધા ભાઈઓ પોત પોતાના ગામડેથી આવી ગયા અને તેઓએ એવું નક્કી કરેલ હોવું જોઈએ કે આપણને સમાજે બોલાવ્યા છે, એટલે આપણે સમાજમાં જવું અને જો સમાજ આપણને આપણે લીધેલી પ્રતિજ્ઞા અને સમાજના ઠરાવનું પાલન કરવાનું કાંઈપણ કહે એટલે આપણે એકી અવાજે સમાજમાંથી ઉઠીને સમાજનો ત્યાગ કરી આપણા ઘર ભેગું થઈ જવું જોઈએ કે સમાજ આપણને શું કરી નાખશે તેવા ઘમંડી વિચારો સાથે કેટલાક ભાઈઓ એ સમાજનો ત્યાગ કર્યો.

એટલે બાકીના સમાજમાં બેઠેલા સમાજ પ્રેમીભાઈઓએ વિચાર કર્યો કે જે ભાઈમાં સમાજની રજા વગર પોતાના ઘમંડી વિચારો સાથે સમાજમાંથી ઉઠી ગયા તેવા ભાઈઓએ સમાજનું અપમાન કર્યું કહેવાય. અને સમાજના ઠરાવને ઠોકર મારી તેનું પાલન કરેલ નથી તો તેવા ભાઈઓએ સમાજ સાથે વિશ્વાસઘાત કર્યો છે જેથી સમાજદ્રોહ તરીકે સમાજમાં જાહેર થાય તે સ્વાભાવિક જ છે. હવે તેવા ભાઈઓ પોતાના ઘમંડી વિચારોને લઈને સમાજમાંના કેટલાક નબળા મનના જે ભાઈઓ હતા તેઓને ઊંધુંચત્તું સમજાવીને સમાજની એકતા તોડાવીને પોતાનું સંખ્યાબળ તે વધારવા લાગ્યા. જે ભાઈઓ ભૂતકાળે સમાજમાં બેસી એવા ઠરાવો કરેલા કે ભુજ મંદિરમાં જમવું નહિ.

વળી કેટલાંક હલકા મનના એવા ભુજ સાધુઓના વેવલા અને પોપલા ભાઈઓ એમ કહે છે કે દીઠી દીઠી તમારી સમાજડી અમે તો ભુજ જાશું અને ભુજના સાધુઓનું પણ ખાશું તમારાથી અને તમારી સમાજડીથી જે થાય

તે કરી લેજો. ભાઈશ્રી આ મારા ટૂંકા લખાણનો સાર એટલો જ આવા ધર્માંધ અને ધર્મઢઢા ભાઈઓને ભુજ મંદિરના સાધુઓએ ભેઠમાં કેવા પથ્થરા ભરાવ્યા છે કે તેઓને જો સામાજીક શીખામણ આપવા જાઓ તો ઉલટા અવળું બોલે તેવા ભાઈઓ પોતે કઈ જ્ઞાતિના છે તેની જ ખબર નથી, તો બીજું શું જાણશે ? તેવાઓને તો એક પેટની જ પડી છે, પણ સમાજની તો નહિ જ. ભાઈશ્રી તેવા ભાઈઓ સમાજ સાથે વિશ્વાસઘાત કરી, સમાજદ્રોહી બની સમાજને તદન બેવફા નીવડ્યા છે.

બેવફા વિષે એક કવિએ કહ્યું છે કે :

બેવફા થઈ એકને જાવું બીજે એ પાપ છે, એ પાપનો બદલો ભયાનક ઈશનો ઈન્સાફ છે હવે તેનો ઈન્સાફ તો ભગવાનને કરવો રહ્યો છે. અભિમાન કોઈનું રહ્યું નથી અને રહેશે પણ નહિ. ભગવાન બધાનો બેલી છે પણ એક અભિમાનીના બેલી ભગવાન થયા નથી અને થશે પણ નહિ.

ભાઈશ્રી તમારી લખેલી દોઢ પાનાની પત્રિકાના બીજા પેરેગ્રાફમાં જણાવો છો કે તમારી જ્ઞાતિને હલકી જાણી ક્યો વહેવાર થયો ? અને થાય છે તો તેના જવાબમાં જણાવવાનું કે ભાઈશ્રી તમો કાંઈ નાનાં છોકરા તો નહિ જ હો. આપ બરાબર જાણો છો કે આજે વરસોથી ભુજ મંદિરના સાધુઓ વચ્ચે અને કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઈઓ વચ્ચે પંક્તિ ભેદનો જોરદાર ઝઘડો ચાલે છે જેના ઢોલ ખૂબ જોરશોરથી હજી સુધી વાગી રહ્યા છે તેની તમોને શું હજી ખબર નથી ? શું તમો તેનાથી અજાણ છો કે જગતને બેવકૂફ બનાવો છો અને અક્કલ હોંશીયારીનો ઈજારો એક તમો એજ લીધો હોય તેવું તમો કદાચ સમજતા હશો તો તમો ભીંત ભુલ્યા છો ? ભાઈશ્રી તેનો તાજેતરનો પુરાવો ગામશ્રી દયાપુર ગામે મંદિર તૈયાર થઈ ગયું અને લગભગ ત્રણ વરસ સુધી ભગવાન પાટ ઉપર પધરાવેલા રહી ગયા તેનું મૂળ કારણ ભુજ મંદિરમાંના કેટલાક સાધુઓની હઠીલાઈથી મોડું થયું અને તેવી હઠીલાઈ અવળચંડાઈ માત્ર બે રસોડા માટેની જ હતી તેનું કારણ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને હલકી જાણી એક રસોડો અને એક પંક્તિ કરવા ન જ આપવી એજ વ્યવહારનો વાંધો છે. તેમજ ભુજ મંદિર પર તા. ૨૫-૦૨-૮૧ના રોજ દ્વિશતાબ્દી ઉત્સવ ઉપર રસોડામાં સ્વયં સેવકો માટે કેટલાકની જરૂર છે તેની માંગણી માટેનો સમાજ તરફથી પત્ર લખેલ. તેનો જવાબ ભુજ મંદિર તરફથી તા. ૦૪-૦૩-૮૧ના રોજ જાવક નંબર ૧૧૫-૮૧નો મળ્યો સમાજને તેમાં ભુજ મંદિર તરફથી જણાવેલ છે. કે તમારો પત્ર મળ્યો. રસોડામાં સ્વયં સેવકોની માંગણી બાબત. અહીંના સર્વ હરિભક્તો તથા સંતોને પુછતાં તમોને રસોડાની સેવામાં તેમજ રસોડાની લગતી કોઈ પણ સેવામાં તમોને લેવામાં નહિ આવે. આ બાબતમાં તેમાં તમો અજાણ છો કે બેવકૂફ બનાવો છો તે છતાં, તે પછી સમાજ ભુજ ગઇ ને સાધુને કહ્યું કે, દ્વિશતાબ્દી ઉત્સવ સમગ્ર સત્સંગનો છે તો તેમાં રસોડાની લગતી સેવામાં કેમ મનાઈ કરો છો ? તો તે ન થાય તો માઇક પર-મૌખિક-જાહેર કરી દેજો કે રસોડા બાબતમાં પંક્તિ ભેદનો સવાલ નથી કડવા લેવા એક જ પંક્તિએ બેસી પ્રસાદ લેવાના. તો પણ ભુજના સંતોએ ચોખ્ખી મનાઈ કરી કે માઇક પર એનાઉન્સ નહિ થાય તો તે છતાં તમો-લખો છો કે ભુજ મંદિરમાં તમોને કઈ જાતનો ભેદભાવ થાય છે. ભાઈશ્રી લેવા પાટીદાર સમાજના ભાઈઓ સાથે અમારે કોઈ પણ જાતના મતભેદ નથી અને ભવિષ્યમાં થવાનો પણ નથી આ તો ભુજ મંદિરના સાધુઓ તો રામ જાણે કેટલા ભવનું વેર હાલમાં કડવા પાટીદાર જ્ઞાતિ સાથે લઈ રહ્યા છો ? અને રામ જાણે શું કમાણીનો પોટલો બાંધી લેવાનો છે ? તે ભગવાન જાણે. ભાઈશ્રી ભુજ મંદિરના સાધુઓએ હજુ સુધી પોતાનાં

કાળજાંને કુણાં કર્યાં નથી અને કરવાના નથી અને કદાચ કર્યાં હશે તો અમો જ્યાં સુધી નજરોનજર ન જોઈએ ત્યાં સુધી અમો માનવાના પણ નથી. જો ભુજ ચોવીશીની લેવા અને કચ્છ કડવા પાટીદાર ભાઈઓની અને લેવા પાટીદારની સાંખ્યયોગી બેનો અને કચ્છ કડવા પાટીદારની સાંખ્યયોગી બહેનોની જાહેરાતમાં એક પંક્તિ કરે અને કોઈ પણ જાતનો જરા પણ ભેદભાવ ન રાખે તો તેને અમો નજરોનજર જોઈએ ત્યાર પછી અમો તે બાબતનો ફરીથી વિચાર કરીએ. બાકી ખૂણેખાંચાની એક જ પંક્તિને અમો માનવાના નથી. ભાઈશ્રી તમો લખો છો કે તમારી જ્ઞાતિને હલકી જાણીને ક્યો વહેવાર થયો છે અને થાય છે તો તે બાબતમાં વિશેષમાં જણાવવાનું કે ભુજ મંદિરમાંના કડવા લેવા સાધુઓની એક જ પંક્તિ છે તેવું જણાવો છો તેના જવાબમાં જણાવવાનું કે કદાચ ભુજ મંદિરમાં લેવા કડવાના સાધુઓની એક જ પંકિત તેથી તમો ફુલાઇ જતા હો તો ફુલાઇ જવાની જરા પણ જરૂર નથી તમો ભુજ મંદિરના કડવા, લેવા, સાધુઓની એક પંકિત જણાવો છો તો તેવી પંકિત લેવા અને કડવા પાટીદાર સમાજ માંથી થયેલ સાંખ્યયોગી બાઇઓની હજી સુધી શા માટે એક પંકિત થઇ નથી જેની તમોને પણ ખબર છે તો લેવા કડવાની સાંખ્યયોગી બાઇઓની એક પંકિત કયારે થાશે અને શા કારણથી હજી સુધી નથી થઇ તે જણાવશો કે ?

ભાઇ શ્રી તમોએ ભુજ મંદિરના કડવા લેવા સાધુઓની એક જ પંકિત જણાવી. પણ લેવા કડવાની સાંખ્ય યોગી બાઈઓની એક પંક્તિનું પત્રિકામાં શા માટે જણાવ્યું નથી ? જો તમો તેનું કારણ ન જણાવો તો અમો તમોને જણાવીએ કે આ બધું છે. ભુજ મંદિરના ખટપટીયા સાધુઓના હાડની હઠીલાઈ નહિ તો બીજું શું છે ? તે અમોને જણાવશો કે આવા ભુજ મંદિરમાંના સાધુઓના હાડના હઠીલાઓના અને અવળચંડાઈના આધારો જોઈએ તેટલા છે. ભુજ મંદિરમાંના સાધુઓએ તમોને અને તમારા જેવાઓને પોપલા અને વેવલા સમજીને તમારા હાથથી આવી દોઢ પાનાની પત્રિકાનાં પાના આ છપાવીને તમોને ખુશામતીયા તરીકે જાહેર કરે. અગર જાહેર કરતાં હોય તો તેને તમો જાણો અમો તેમાં જાણતાં નથી. ભાઈશ્રી તમોએ આવી દોઢ પાનાની પોપલી પત્રિકા છપાવીને અમારા સુતેલા સંકલ્પોને તમારી ઉશ્કેરણીજનક ઉનાઈઓથી જાગૃત કર્યા છે જેથી તેના જવાબ રૂપે અમારે ન છુટકે ખોટી રીતે (પીષ્ટ પેષણ) કાગળનાં પાનાં ચિતરવાની જરૂર પડી છે. જેથી તમોએ જ અમોને ભુજ મંદિરમાંના સાધુઓની જેમ હવેથી હેરાન-પરેશાન કરવા રૂપ ગણેશ માંડ્યા છે તો તેવા ગણેશની ઘટીકાઓ અમારે સહન કરવાની સહાનુભૂતિમાં તમો સહમત થશો કે નહિ ? કે અમારે જ સહન કરવાની રહેશે. અમોએ તો તમારી વજૂદ વગરની પત્રિકાના જે જે જવાબો આપ્યા છે તે સો એ સો ટકા સત્ય છે તેમ તમારે વાંચી વિચારીને ન છુટકે માની લેવું પડશે. અને તેના જવાબોની લખામણી તેમજ છપામણી ખર્ચ તદન તમારે શીર તમારી જવાબદારી છે તેની નોંધ લેશો. કદાચ તમો ભવિષ્યમાં અમોને એમ કહેશો કે અમોએ તમોને ક્યારે કહ્યું હતું કે તમો અમારી છપાવેલી પત્રિકાનો છપાવીને જવાબ આપો. શા માટે જવાબ આપવાની તકલીફ લીધી. એવું કદાચ તમારું માનવું હશે તો તેના જવાબમાં અમો તમોને સાફ શબ્દોમાં જણાવીએ છીએ કે તમોએ અમોને તમારી પત્રિકાના પહેલા પેરેગ્રાફમાં કચ્છ કડવા પાટીદાર ભાઈઓને ઉદ્દેશીને આવું ખોટું અને નાપાયાદાર લખાણ લખીને છપાવીને જાહેરાતમાં મૂકવાની તમોને શી જરૂર હતી ? હમણાં જેમ ચાલતું હતું તેમ ચાલવા દેવું જોઈતું હતું. લોકમાં કહેવાય છે કે ચોર હોય તે ઉતાવળીયો થાય તો તેવી લોકવાણીને તમારે શીર લેવાની શી જરૂર હતી ? કોઈ સૂતેલાને જગાડવો તો તેનું પરિણામ ભોગવવા તૈયાર રહેવું જોઈએ તેમાં અમો શું કરીએ ?

ભાઈશ્રી તમો તમારી દોઢ પાનાની પત્રિકાના ત્રીજા પેરેગ્રાફમાં જણાવો છો કે તમારી જ્ઞાતિને શુદ્ધ પવિત્ર ગણીને સાધુ દિક્ષાનો અધિકાર આપ્યો છે તે મુજબ તમારી જ્ઞાતિના ત્યાગીઓને સાધુ દિક્ષા આપી ભુજ મંદિરમાં સન્માનપૂર્વક રાખ્યા છે. તો તેના જવાબમાં લખવાનું કે અમારી જ્ઞાતિને શુદ્ધ પવિત્ર ગણીને સાધુ દિક્ષાનો અધિકાર આપ્યો છે. તો તેવો અધિકાર કોણે આપ્યો છે ? ભૂજના સાધુઓએ કે બીજાઓએ ? ભુજ મંદિરના સાધુઓએ તો અમારી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને કેવી પવિત્ર ગણી છે તેનો એક સત્ય દાખલો અત્રે મારે ન છુટકે રજૂ કરવાની ફરજ પડી છે. અને તે એ કે સંવત ૨૦૧૧ના ચૈત્ર માસ {VSK:Between 25-Mar-1955 to 22-Apr-1955} ની અગાઉ ભુજના સાધુઓએ અમારી જ્ઞાતિને વરસોથી વગોવી, હલકી ગણીને ઉતારી પાડવામાં જરા પણ ખામી રાખી નથી અને તે સાધુ દિક્ષા કેમ આપવી પડી અને કોના થકી સાધુ દિક્ષા અપાઈ તેના સત્ય હકીકતનો પુરાવો મેં કાનોકાન સાંભળેલો તે અહીં હું રજૂ કરું છું. ભાઈશ્રી હું સંવત ૨૦૨૪ {Year : 1967-68} ની સાલમાં મારા પોતાના અંગત કામસર અમદાવાદમાં રહેતો હતો તે દરમિયાન અવારનવાર હું ગુજરાતની કડવા પાટીદાર જ્ઞાતિના પ્રેસિડેન્ટ એવા શેઠ શ્રીમાન શેઠ નંદુભાઈ મંછારામ પટેલના નિવાસસ્થાને શાહીબાગમાં શેઠને મળવા જતો હતો. એક વખત એવું બન્યું કે હું (ગોપાલજી) તથા મુખીશ્રી ઓઘડલાલભાઈ વેલજીભાઈ પટેલ એમ અમો બંને જણા સંવત ૨૦૨૪ના ફાગણ સુદ ૪ને રવિવાર તારીખ ૦૩-૦૩-૧૯૬૮ ના રોજ બપોર પછી ત્રણ વાગ્યાના સુમારે અમો બંને જણાઓ શેઠ શ્રી નંદુભાઈને ઘેર શેઠને મળવા ગયા. ત્યારે શેઠે અમારા ખબર-અંતર પૂછ્યા પછી મેં (ગોપાલજીએ) શ્રી નંદુભાઈ શેઠને વિનંતીથી પૂછ્યું કે શેઠ આપણા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી થયેલા સાધુઓને સાધુ દિક્ષા આપવામાં વર્ષો સુધી ભૂજ મંદિરના સાધુઓએ ખુબ જ દુરાગ્રહ કર્યો પણ આખરે આપણા સાધુઓને સાધુદિક્ષા અપાવવામાં ભુજ મંદિરના સાધુઓ સંમત થયા. ખરા એ એક આપણા સદભાગ્યની વાત છે. ભુજ મંદિરના સાધુઓની સંમતિ વગર અમદાવાદના ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોઈ રીતે સાધુ દિક્ષા આપી શકે તેવું જરાપણ અમોને જણાતું ન હતું. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મોઢાથી ના પાડતા નહિ અને હાથથી આપતા નહિ એવું વરસો સુધી ચાલ્યું પણ આખરે સારું થયું. ત્યારે શ્રી નંદુભાઈએ મને કહ્યું કે છોકરા જ્યારથી એટલે સંવત ૧૯૯૮ {Year : 1941-42} ની સાલ પછીથી આપણા કચ્છ કડવા પાટીદાર સમાજમાંથી થયેલા સાધુઓને સાધુ દિક્ષા આપવા બાબત ભુજ મંદિરમાંના સાધુઓ જ્યારે જ્યારે અમદાવાદ આચાર્ય મહારાજશ્રી પાસે આવે ત્યારે ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રી મને ઘણી વખત બોલાવતા અને કહેતા કે તમારી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી થયેલા સાધુઓને સાધુ દિક્ષા અપાવવામાં ભુજ મંદિરના સાધુઓ ખુબ દુરાગ્રહ કરી રહ્યા છે તો તેઓને તમો સમજાવો. ત્યારે અવાર નવાર મહારાજશ્રીના કહેવાથી ભૂજ મંદિરના સાધુઓ સાથે આપણા સમાજમાંથી થયેલા સાધુઓને દિક્ષા અપાવવા બાબત ઘણી વખત ચર્ચા થતી ત્યારે ભુજ મંદિરના સાધુઓ ઘણી વખત આવેશમાં આવી મિટિંગમાં વિનય અને વિવેક છોડીને ઉદ્ધતાઈ ભરી વાણી વાપરતા. તે જોઈ સાંભળીને મને એમ થતું કે તમારા કચ્છના સમાજ સુધારકશ્રી નારાણજીભાઈ રામજીભાઈ લીંબાણીએ ઘણી વખત મને ભુજ મંદિરના સાધુઓનું હલકટભરી વાતાવરણનું કહેતા શ્રી નારાણભાઈ કહેતા કે હું શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયમાંના અગ્રેસર ગણાતાં એવા વડતાલ તથા અમદાવાદ અને તે બંને દેશોના મોટાં મોટાં મુખ્ય મંદિરો જેવા કે ગઢડા, મુળી વગેરે મોટાં મોટાં મંદિરોમાંના મંદિરોમાં અગ્રેસર ગણાતા એવા મોટા વયોવૃદ્ધ સંતો તેમજ શાસ્ત્રીઓ પુરાણીઓના સંપર્કમાં આવેલ છું, પણ ભુજ મંદિરમાંના સાધુઓ જેવા ઈર્ષાળુ અને હઠીલા એવા સ્વભાવ ધરાવતા સાધુઓ મેં (નારાણજી ભાઈએ) ક્યાંક પણ જોયા નથી. તેઓની વાણીમાં વિનય, વિવેક અને સભાનું

શિસ્ત જાળવવું એ ત્રણેનો ખૂબ અભાવ છે. તે વાત મને યાદ આવતાં જણાતું કે શ્રી નારણજીભાઈ જે કહેતા તે તદન સત્ય જ છે કારણ કે ભુજ મંદિરના સાધુઓમાં સભામાં કેમ બોલવું અને તેના શિસ્તનું પાલન કેમ કરવું તે તો બિલકુલ જાણતા નથી જ. શ્રી નંદુભાઈ કહે કે ભુજ મંદિરના સાધુઓએ ઘણી વખત અમારી સાથે દગો રમીને આખરે વિશ્વાસઘાત કરેલા છે. ત્યારે મેં (ગોપાલજીએ) શેઠને કહ્યું કે તમો જે નારાણજીભાઈનું નામ સુચવો છો તે જ નારણજી બાપા મારા સામાજીક ગુરૂ હતા. અને શ્રી નારાણજીભાઈ તે, સામાજિક ગુરૂ તરીકે માન્યા પછી હું (ગોપાલજી) શ્રી નારાણજી બાપાના એક સરખા સાત વરસ સુધી હું સતત સંપર્કમાં હતો એટલે શ્રી નંદુભાઈ આ મારી વાત સાંભળીને બહુ જ મારા ઉપર રાજી થયા. અને કહ્યું કે મારો અને શ્રી નારાણજીભાઈનો સામાજીક લેવલે અમો બંનેમાં ઘણો સારો મેળ હતો. પછી મને તથા શ્રી ઓઘડલાલભાઈ વેલજીભાઈને રૂબરૂમાં શેઠે વાત કરી કે છોકરા તે જ દિક્ષા બાબતે વાત કરી એટલે આપણા સાધુઓને દિક્ષા કેમ મળી છે તેની રામાયણનો ટૂંકો અહેવાલ તમોને કહું છું. ત્યાં મેં કહ્યું કે શેઠ, મને કાગળ આપો તો હું તેવા બનેલી ઐતિહાસિક બાબત લખી લઉં. એટલે શેઠે મને કાગળ આપ્યો એટલે શેઠશ્રી નંદુભાઈ બોલતા ગયા અને તેની મિનિટ હું લખતો ગયો. ત્યારે શેઠ બોલ્યા કે હું મારા નિયમ મુજબ મારી મોટરમાં બેસી અમદાવાદ મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરવા જાઉં તે મુજબ હું દેવનાં દર્શન કરી રંગમહેલમાં શ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરવા ગયો.

ઘનશ્યામ મહારાજના દર્શન કર્યા પછી હું આવવાની તૈયારી કરતો હતો. ત્યાં અમદાવાદ મંદિરમાંના જ એક સાધુએ આવીને મને કહ્યું કે શેઠ સભા મંડપમાં ભુજ મંદિરના સાધુઓ જે આવ્યા છે તેઓ તમારી કચ્છની કડવા પાટીદાર સમાજ માટે બહુજ ગંદુ વાતાવરણ કરે છે એટલે હું (શ્રી નંદુભાઈ શેઠ) સભા મંડપમાં આવ્યો. ત્યાં ભુજ મંદિરના સાધુઓના ઉતારાનો દરવાજો કે જ્યાંથી સભા મંડપમાં અવાય છે તે દરવાજામાં ત્રણ જણા ભુજ મંદિરના સાધુઓમાંથી આવ્યા હતા. તેઓ ઊભા ઊભા જેમ ઠીક લાગે તેમ ગંદું વાતાવરણ કરી રહ્યા હતા. ત્યાં હું પણ બાજુમાં જઈને ઊભો રહ્યો. જો કે તે સાધુઓએ મને ઓળખ્યો હશે કે નહિ પણ તેની ગંદુ વાતાવરણ ચાલુ જ હતું. તેમાં ત્રણમાંથી એક સાધુ બોલ્યા કે કચ્છનો મુમનામાંથી થયેલા સાધુઓને અમદાવાદના આચાર્ય કેમ દિક્ષા આપે છે ? તેનો અમો ભુજના સાધુઓ જોઈ લેશું. જયાં સુધી ભુજ મંદિરમાંનો એક પણ સાધુ હયાત હશે ત્યાં સુધી કચ્છના કડવા પાટીદારમાંથી થયેલા સાધુઓને સાધુ દિક્ષા તો મળશે જ નહિ એ તો ઠીક પણ કચ્છના કડવા પાટીદારમાંથી થયેલા સાધુઓને જો સાધુ દિક્ષા અપાય તો અમો ભુજ મંદિરમાંના જેટલા સાધુઓ છીએ તેટલા બધા પોતાની છાતીમાં ડાંબ દેવરાવીએ અને ધોળાં પહેરી લઈએ એવો હલકટ ભર્યો ભુજના ભેંખોનો બકવાસ સાંભળીને મેં ત્યાં જ ઉભેલા સાધુઓને કહ્યું કે તમો તથા તમારા સાગરીતો સાધુઓ તમારી છાતીઓમાં ડાંભ આપવાની તૈયારીમાં રહેજો. તમો સાધુ છો કે કોણ છો ? તમો એક પવિત્ર ગણાતી કચ્છની કડવા પાટીદાર જ્ઞાતિને ઉતારી પાડવાની પ્રવૃત્તિ કરતાં તમોને શરમ આવતી કેમ નથી ? તમો સાધુ છો કે શેતાન છો ? તમે ભાન રાખીને બોલો તમો મને ઓળખો છો ? હું નંદુભાઈ મંછારામ પટેલ ગુજરાતની કચ્છ કડવા પાટીદાર સમાજનો પ્રેસિડેન્ટ છું. તમો ભુલી ન જતાં કે કચ્છ કડવા પાટીદાર સમાજ અને ગુજરાત પાટીદાર સમાજ બંને જ એક સમાજ છે. અમારો અને કચ્છની કડવા પાટીદાર સમાજનો આપસમાં રોટી, બેટી વહેવાર ચાલુ છે તેનું તમોને કંઈ માણસાઈનું ભાન છે કે નહિ ? તમોએ સાધુતા ગુમાવી પણ સાથે સાથે માણસાઈ પણ ગુમાવી બેઠો હોય તેમ લાગે છે. હવે તમારામાં રહેલી ઈર્ષાનો અંત હવે નજીક આવી રહ્યો છે. એટલું કહી હું મારી મોટરમાં બેસી મારા ઘરે આવતો રહ્યો.

ઘેર આવી આખો દિવસ તે બાબતનો વિચાર કરી રામે આપણી કડવા પાટીદાર જ્ઞાતિના જ એક પીઢ બેરીસ્ટરને ફોન કર્યો એટલે બેરીસ્ટરે સાચી સલાહ આપી એટલે અમો બંને જણા બીજે દિવસે અમદાવાદથી મોટરમાં બેસી વિરમગામ ગયા. ત્યાં વિરમગામ દરબારશ્રીજીને મળી અને ત્યાંથી બીજે દિવસે મોટરમાં બેસી અમો બંને જણા અને વિરમગામ દરબાર પોતાની મોટરમાં બેસી અમો ત્રણે જણાઓ પાટડી દરબાર પાસે ગયા. ત્યાં રાત્રે ભેગા બેસી જમ્યા પછી અમોએ કચ્છના આપણા કડવા પાટીદાર જ્ઞાતિમાંથી થયેલા સાધુઓને ધ.ધુ. આચાર્ય મહારાજ શ્રી શા માટે દિક્ષા આપતા નથી. અને તેનો શા માટે આજ દિન લગી વિરોધ કરે છે તે બાબતની અમો ચારે જણા વચ્ચે ખુબ ચર્ચાઓ થઈ. ચર્ચા-વિચારણાને અંતે બેરીસ્ટર ભાઈએ કહ્યું કે આપણને ભુજ મંદિરના સાધુઓ સાથે કોઈ પણ જાતનો સંબંધ નથી. આપણે તો શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયના ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પાસેથી જવાબ લેવો જોઈએ અને જો સીધી રીતે જવાબ નહિ આપે તો આપણે કાયદાનો આશરો લઈ ધ.ધુ. આચાર્ય ઉપર કાયદેસરનો દાવો કરવો. એટલે શ્રી નંદુભાઈ મંછારામ પટેલ શ્રી વિરમગામ દરબાર શ્રી પાટડી દરબાર તથા શ્રી બેરીસ્ટર સાહેબ એમ ચારે જણાના સલાહ સૂચનથી બેરીસ્ટરે ત્યાં જ અલ્ટીમેટનો કાગળ લખ્યો અને તે કાગળની ચાર કોપીઓ ટાઈપ કરીને તેવી ચારે કોપીઓમાં ચારે જણા એ સહીઓ કરીને રજીસ્ટરથી બીજે દિવસે એક કોપી અમદાવાદના ધ. ધુ. આચાર્ય મહારાજશ્રી ઉપરે અને બીજી કોપી રજીસ્ટરથી વડતાલના ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઉપરે એમ બંને આચાર્યોના નામથી રજીસ્ટરથી મોકલી આપી. અને બીજી બે કોપીઓ હતી તેમાં એક કોપી પાટડી તથા વિરમગામ દરબાર એમ બંને વચ્ચે એક કોપી રાખી તેમાં તે કોપી તે વખતે શ્રી પાટડી દરબારે રાખી અને બીજી જે કોપી હતી તે એક કાગળની કોપી તેને શ્રી નંદુભાઈ શેઠે પોતે રાખી. તેમાં ધ. ધુ. આચાર્ય બંનેને જણાવ્યું હતું કે તમો હાલમાં અમદાવાદના ધ. ધુ. આચાર્ય મહારાજશ્રી અમારી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી થયેલા સાધુઓને અત્યાર લગણ સત્સંગના રિવાજ મુજબ સાધુ દિક્ષા શા માટે આપતા નથી અને આપી નથી તેનું કારણ જણાવો. તમો અમદાવાદના ધ. ધુ. આચાર્ય મહારાજશ્રી તથા વડતાલના ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી એમ બંને આચાર્યોને અમારી અલ્ટીમેટનો કાગળ મળ્યા પછી પંદર દિવસમાં જો જવાબ અમોને નહિ આપો તો અમો તમારી ઉપર કાયદેસરનો દાવો કરી સુપ્રીમ કોર્ટમાં તેમજ જગતગુરૂ એવા શંકરાચાર્ય પાસે તમારો સાંપ્રદાયિક દાવો રજૂ કરશું અને તેનો જે કાંઈ ખરચ થાય તે તદન તમારે શીરે છે અને તેવા દાવાઓના તમો સંપૂર્ણપણે જવાબદાર છો જેની નોંધ લેશો. આવા અલ્ટીમેટના કાગળો બંને આચાર્યોશ્રીને મળતા વેંત જ તેઓ એકદમ વિમાસણમાં મુકાઈ ગયા એટલે અમદાવાદના ધ. ધુ. આચાર્ય મહારાજશ્રી પોતાની મોટરમાં બેસી વડતાલ પોતાના મોટાભાઈ એવા ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પાસે ગયા. બંને આચાર્યોએ મળી કચ્છના કડવા પાટીદારમાંથી થયેલા સાધુઓને દિક્ષા આપવા બાબત ચર્ચા વિચારણા કરી, ચર્ચા-વિચારણાને અંતે બંને આચાર્યોએ સહમત થઈ એવું નક્કી કર્યું કે હવે આ ચારે મહાસત્તાઓ (શ્રી વિરમગામ દરબાર, શ્રી પાટડી દરબાર શ્રી બેરીસ્ટરભાઈ તથા શ્રી નંદુલાલભાઈ) સામે આપણે જરાપણ ફાવવાના નથી અને હવે જો કચ્છના કડવા પાટીદારના સાધુઓને જો દિક્ષા નહિ આપીએ તો આપણા સત્સંગમાં પણ આપણી ઊણપ દેખાશે એવો નિર્ણય કરી બંને ભાઈએ નક્કી કર્યું કે હવે આપણે ભુજ મંદિરના સાધુઓને કાગળ લખી જણાવીએ કે અમો બંને દેશના આચાર્યોએ સહમત થઈને કચ્છના કડવા પાટીદારમાંથી થયેલા સાધુઓને સત્સંગની પ્રણાલિકા મુજબ સાધુ દિક્ષા

આપશું તેમાં તમો જો હા પાડશો તો પણ સાધુ દિક્ષા આપશું અને જો તમો ના પાડશો તો પણ અમો તેઓના સાધુઓને સાધુ દિક્ષા આપશું તમો ને તમારું માન જાળવવા ખાતર તમોને અમો બંને આચાર્યોએ મળીને કાગળ લખ્યો છે તેનો તમોને યોગ્ય લાગે તેમ અમારા કાગળનો અમલ કરશો.

આવા બંને આચાર્યોના સહમત ભરેલા કાગળથી ભુજ મંદિરના સાધુઓનાં તો હાજાં ખખડી ગયાં અને ન છુટકે કાકાના લાકડે આપણા સાધુઓને દિક્ષા આપવા અપાવવા બાબત સહમત થયા એવું અમો બંને જણાએ શ્રી નંદુભાઈ શેઠના મોંઢાથી રૂબરૂમાં સાંભળેલું. ત્યારે મેં ગોપાલજી)એ શેઠ નંદુભાઈ શેઠને વિનંતીથી પૂછ્યું કે શેઠ આજે આપણા સાધુઓને દિક્ષા મળે લગભગ તેર વરસ થયાં. અમોએ તમારા મોંઢેથી તેમજ બીજાઓના મોંઢાથી આ વાત ક્યારે પણ સાંભળી નથી તો આવી વાત આપણા સમાજના કચ્છ કડવા પાટીદાર ભાઈઓને ગળે ઉતરે નહિ. એટલે શેઠે ઊભા થઈને ચારે મહાસત્તાઓ વચ્ચે જે ચર્ચા વિચારણા થઈ હતી અને ચારે જણાઓની સહમતથી આવો અલ્ટીમેટનો કાગળ લખીને બંને આચાર્યોને મોકલ્યા તેની કોપી તથા રજીસ્ટરથી જે કોપીઓ આચાર્યોને મોકલી તેની બંને આચાર્યોની પહોંચની રસીદો (એન્કનોલેજમેન્ટ) બતાવી અને ચારે મહા સત્તાઓની સહીઓ વાળો કાગળ મારા હાથમાં આપ્યો મેં કાગળ હાથમાં લઈને વાંચી જોયો તે બરોબર જણાયો. એટલે મને આપેલ કાગળ મેં શેઠને પાછો આપ્યો ત્યારે શ્રી નંદુભાઈએ મને કહ્યું કે હવે તમો બંને જણાઓને ખાતરી થઈ કે નહિ. ત્યારે મેં કહ્યું કે હા હવે ખરી ખાત્રી થઈ ત્યાર પછી ફરી મેં શેઠને વિનંતી કરી કે શેઠ આપણા સાધુઓને સાધુ દિક્ષા અપાવવામાં અમારા કચ્છ કડવા પાટીદાર સમાજમાંના આગેવાન શ્રી મુળજીભાઈ રામજી તથા શ્રી ધનજીભાઈ પ્રેમજી એમ બંને ભાઈઓએ અમદાવાદ, વડતાલ, અને નડીયાદ વચ્ચે ખુબ ચાલ્યા અને હજારોનો ખર્ચો કર્યો અને મેં ભુજ મંદિરના સાધુઓને તથા ધ. ધુ. આચાર્ય મહારાજશ્રીને તથા વડતાલના શાસ્ત્રીઓને જડબાતોડ કાગળો લખ્યા અને જાહેર પેપરોમાં તેનાં અવળચંડાઈ ભર્યાં કૃત્યો ખુલ્લાં કર્યા તેમજ ધ. ધુ. આચાર્ય પાસે મેં ઘણી મિટિંગો કરી એ અમારી મહેનતે અમારું કામ થયું. એમ અમોને આજ દિવસ સુધી હતું. ત્યારે નંદુભાઈ તથા શ્રી મુખી ઓઘડલાલભાઈ એ કહ્યું કે, તમારી મહેનત ઉપરાંત અમો બંને જણાઓએ તથા ખેતસી ભગત તથા શ્રી મોરલી મનોહરદાસ સ્વામીએ પણ આવવા જવાના ધકકા ખાવામાં ખુબ પગથી પસીના વાળ્યા પણ જો આ મહાસત્તાઓએ કામ હાથમાં લઈને બંને આચાર્યોને જો અલ્ટીમેટના કાગળો ન મોકલ્યા હોત તો ભુજના સાધુઓ તથા અમદાવાદના આચાર્ય આપણા સાધુઓને સાત જન્મ સુધી દિક્ષા આપત નહિ. પણ તમો કચ્છના પાટીદારો બધા હલકા છો તેવું જગજાહેરમાં જાહેર કરી સંપ્રદાયમાં તમારું કડવા પાટીદાર તરીકે સ્થાન રહેવા આપત નહિ. તેમજ તમોને સંપ્રદાયમાં હડધુત કરીને નવેસરથી ઉતારી પાડત. આ તે આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામીનારાયણ ભગવાને ચારે મહાસત્તાઓમાં પ્રવેશ કર્યો અને તેઓને નિમિત્ત બનાવ્યા તેથી જ સાધુ દિક્ષા મળી. બાકી આપણામાંથી કોઈપણ ભાઈ એમ કહેવા માંગતો હોય અગર કહેતો હોય કે અમારી મહેનતથી સાધુ દિક્ષા મળી છે તો તે ભાઈ ભલે ખાંડ ફાંકતા રહે. તો તેવા ભાઈઓને કહેવું કે તમોએ તથા તમારા વડીલોએ ૭૦ થી ૮૦ વરસ સુધી ખૂબ મહેનત કરી પણ તેનું પરિણામ આખરે મીંડું આવ્યું અને આપણી ગુજરાતની ચાર સમાજની મહાસત્તાએ એક જ કાગળ લખ્યો તેમાં બંને આચાર્યોના હાડ નરમ કરી દીધાં ને પંદર દિવસની અંદર જ આપણા સાધુઓને સાધુ દિક્ષા આપવી પડી એ પ્રતાપ શ્રીજી મહારાજનો અને નિમિત્ત રૂપ થયા ચારે મહાસત્તાઓ જેથી આપણા સાધુઓને સાધુ દિક્ષા મળી.

પણ યાદ રાખજો કે આવી સાધુદિક્ષાનો પ્રશ્ન મહાસત્તા સામે ચાલી શક્યો નહિ એટલે ભુજ મંદિરના સાધુઓના હાથ હેઠા પડ્યા. અને હવે જોઈએ કે તમો કચ્છ પાટીદાર ભાઈઓની અને કચ્છની લેવા પાટીદાર સમાજના ભાઈઓનો જે પંક્તિ ભેદનો જે ઝઘડો ચાલે છે તેનો ભુજ મંદિરના સાધુઓ તમોને ક્યારે જાહેરમાં એક પંક્તિ કરીને લેવા કડવાની સામાજિક બાબતોનો ઝઘડો તેનો અંત લાવે છે તે જોવાનો છે. કદાચ લેવા પાટીદાર ભાઈઓ સાધુઓ સામે ઉગ્ર વિરોધ કરશે ત્યારે જ તમારી પંક્તિભેદનો ઝઘડો મટશે. પણ તેમ કરવા ભુજ મંદિરના સાધુઓ જરા પણ નમતું જોખશે એવી આશા પણ રાખશો નહિ. ભાઈશ્રી હવે અમારા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સાધુઓને સાધુ દિક્ષા મળી એટલે ભુજ મંદિરના સાધુઓએ પોતાના પૈસાના જોરે અમારી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને શ્રી સ્વામીનારાયણ સંપ્રદાયમાં એક હલકી વર્ણની ગણી ગણાવીને ઉતારી પાડવા માટે આકાશ પાતાળ એક કરી કચ્છ, કાઠીયાવાડ અને ગુજરાતની ધરતીને ખૂંદી નાંખી. આખરે એક ઉપાય મળ્યો કે વડતાલના મંદિરમાં પીઢ ગણાતા તે વખતના વયોવૃદ્ધ શાસ્ત્રી હરજીવનદાસજીનો સંપર્ક સાધ્યો અને તે શાસ્ત્રી પાસે આવ્યશક્યં નામનું પુસ્તક છપાવીને તેમાં કચ્છના કડવા પાટીદારના સાધુઓને તેમજ કચ્છના કડવા પાટીદાર સમાજને વગોવી અને સત્તર કોમ કરતાં પણ ઉતરતી ગણાવીને છપાવીને જાહેરમાં આવ્યશકયં નિવેદન નામનું પુસ્તક પ્રસિદ્ધ કરેલ. જેની જાણ અમોને થતાં મેં (ગોપાલજી)એ વડતાલના શાસ્ત્રી હરજીવનદાસ ઉપર જડબાતોડ ભરેલો કાગળ લખ્યો. જેની કોપી મારી ફાઈલે છે. કાગળ લખ્યા પછી અઠવાડિયામાં હું વડતાલ શાસ્ત્રી હરજીવન દાસજીને રૂબરૂમાં મળ્યો અને પૂછ્યું કે તમોએ અમારી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને હલકી વર્ણની ગણીને જે સત્તર કોમો કરતાં જે તમોએ તમારા પ્રસિદ્ધ થયેલ આવ્યશકયં નિવેદનમાં ઉતારી પાડી છે તો તેનો અમો તમારી પાસે કાયદેસર જવાબ માંગશું. અને તેના પુરાવાની તમો તૈયારીમાં રહેજો અને જો તમારી પાસે જો પુરાવા ન હોય તો તમોને આવી પવિત્ર જ્ઞાતિને ઉતારી પાડવાનું તમારા જેવા પીઢ શાસ્ત્રીનું કામ નથી તો તેનાં પરિણામ ભોગવવાની તૈયારીમાં રહેવું પડશે જેની નોંધ લેશો. ત્યારે શાસ્ત્રી હરજીવનદાસજીએ મને કહ્યું કે તમો કચ્છના કડવા પટેલ કેવા છો તેની મને ખબર નથી બાકી જે નડીયાદ વગેરે ગામોમાં જે આપણા કચ્છના હરિભક્તો જે લાકડાં કાપવાનો ધંધો કરે છે તેઓને હું જાણું છું. તેઓ તો બધા સારા સત્સંગી છે. બાકી કચ્છના કડવા પાટીદાર કેવા છો તેની મને ખબર નથી. આ તો ભુજ મંદિરના મહંત શાસ્ત્રી ધર્મજીવનદાસજી તેમ જ તેના સાથે ચાર-પાંચ બીજા સાધુઓ હતા તેઓ બે દિવસ વડતાલ મંદિરમાં હતા અને બે દિવસ સુધી મારો પરિચય સાધી કલાક બે કલાક સુધી મારી પાસે બેસીને તમારી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતી સત્તર કોમ કરતાં હલકી વર્ણના છે એવું મને લખાવીને તેની છપામણી તેમ જ બાઈડીંગ ખર્ચના મને દોઢા પૈસા આપવાનું કબૂલ કરીને મને રૂપિયા આપવા માંડ્યા ત્યારે મેં તે લેવા સાફ ના પાડી એટલે ભુજના સંતોએ મને (હરજીવનદાસજી)ને કહ્યું કે સ્વામી તમારા જે છપામણીના કાગળ બાઈડીંગ મજૂરી વગેરેના જે પૈસા થાય તે જમા કરજો અને બાકીના વધારાના રૂપિયા તમોને યોગ્ય લાગે ત્યાં વાપરશો.

એમ કહી મને ભળતા પૈસા આપીને કહ્યું કે જેમ બને તેમ જલદી પ્રસિદ્ધ કરી સત્સંગ આખામાં પ્રચાર કરો તેનો જે ગાડી ભાડા વગેરે જે કાંઈ ખર્ચ થાશે તે અમો ભૂજ મંદિરમાંથી તમોને અમારા સાધુઓ સાથે જ મોકલી આપીશું જેની ચિંતા કરશો નહિ. અને જો તમોને પૈસાની વધારે જરૂર હોય તો અમારા કચ્છના હરિભક્તો જે નડીયાદમાં લાકડા વહેરવાનો ધંધો કરે છે તેઓની પાસેથી રૂપિયા લઈને તમોને આપી જશું. ત્યારે અમોએ ના પાડી. આ બધું જે કાંઈ કર્યું છે તો દોષ મારા ઉપર નથી. હું ભગવાન સાથે રાખીને કહું છું કે હું તે બાબતમાં તદન

નિર્દોષ છું. મને તમારી જ્ઞાતિ બાબત કોઈ પણ પ્રકારની માહિતી નથી હવે તમોને જેમ યોગ્ય લાગે તેમ કરો. હું તો ભુજ મંદિરના સાધુઓના વિશ્વાસે રહ્યો તેમાં મારાથી ન કરવાનું મેં કર્યું છે તો તમો મને માફ કરજો. આવું જ્યારે વયોવૃદ્ધ ગણાતા શાસ્ત્રીએ મને નિર્દોષપણું મારા સામે કબુલ કર્યું તો પછી હું તદ્દ્ન શાંત થઈ ત્યાંથી ગાડીમાં બેસી હું મુંબઈ આવ્યો. ભાઈશ્રી આ છે ભુજ મંદિરના સાધુઓનાં છુપાં કર્તવ્ય.

ભાઈશ્રી અમારી જ્ઞાતિમાંથી થયેલા સાધુઓને કેટલાક સન્માનપૂર્વક રાખ્યા છે તે અમો બરોબર જાણીએ છીએ તે કેવી રીતે તો અમારી જ્ઞાતિમાંથી થયેલા સાધુઓને ચોરીઓ વગેરેના આક્ષેપો નાખી હડધૂત કરીને ભુજ મંદિરમાંથી તેમજ અંજારના મંદિરમાંથી ભુજ મંદિરના સાધુઓએ ભગાવ્યા છે. તેની જો ખાત્રી કરવી હોય તો કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી થયેલા સાધુઓ જેઓ હજુ અમદાવાદ મંદિરમાં જે હયાત છે તેઓને પૂછવાથી ખાત્રી થાશે. ભાઈશ્રી તમો લખો છો કે તમારા સાધુઓને ભણાવીને વિદ્વાન બનાવીને વ્યાસપીઠ ઉપર બેસાડીને તેઓની ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરી તેની ચરણરજ માથે ચડાવે છે તો તેના જવાબમાં લખવાનું કે કેમ જાણે તમો અમારા સાધુઓ ઉપર ઉપકાર કરતા હો તેવી રીતનાં બણગાં ફૂંકો છો.કેમ જાણે તમો આથી પહેલાંજાણતા નહોતા તેવી વાતો કરો છો. તમો અમારા સાધુઓની પૂજા કરતા નથી પણ વ્યાસપીઠ ઉપર બિરાજેલા વ્યાસની પૂજા કરો છો તેતો આખા સંપ્રદાયની સત્સંગમાં પ્રણાલિકા છે. વ્યાસપીઠ ઉપર બિરાજેલાની નાત-જાત જોવાતી નથી. આવી સનાતન ધર્મની એક પ્રણાલિકા છે. ઋષિ-મુનિઓના વખતમાં સુત પુરાણી કથા કરતા ત્યારે તેની નાત જાત જોવાતી ન હતી તેવું આપણા પુરાણો ઉપરથી જાણવા મળે છે. નાત-જાતનું નાડું એક ભુજ મંદિરના સાધુઓને જ વળગ્યું છે. તો આવી ગાગલી અને પોપલી વાતો કરતાં પહેલાં તમોને જરા વિચાર કરવો જોઈએ. ભાઈશ્રી તમારી લખેલી દોઢ પાનાની પત્રિકામાંના ચોથા પેરેગ્રાફમાં લખો છો કે તમારી જ્ઞાતિમાંથી થયેલા સાધુઓના હાથની બનાવેલી રસોઈ સંપ્રદાયના સાધુઓ અને દરેક હરિભક્તો લેવા અને કડવા ભેદભાવ રાખ્યા વગર એક જ પંક્તિએ બેસીને જમે છે તેમજ ભુજ મંદિરમાં ચાલતા રસોડામાં અને ભુજ મંદિર તરફથી થતા નાના-મોટા ઉત્સવ સમૈયામાં તથા યજ્ઞોમાં કડવા લેવા અને બીજા સૌ હરિભક્તોને ભેદભાવ વગર એક જ પંક્તિએ બેસાડીને જમાડાય છે. તો ભાઈશ્રી તેના જવાબમાં જણાવવાનું કે સંપ્રદાયમાં કચ્છ ભુજ તેમ જ ભુજ ચોવીશીમાં જ્યાં ભુજ મંદિરના સાધુઓનું વર્ચસ્વ ચાલે છે.

ત્યાં આજે લગભગ સાઈઠ વરસથી હું (ગોપાલજીનું) જોતો આવ્યો છું. કારણ કે તેવા સમૈયામાં મારી લગભગ હાજરી પણ હોય છે પણ હજી સુધી કચ્છના લેવા અને કડવાની એક જ પંક્તિ થઈ હોય તેવું અમારી જાણમાં નથી. અને કદાચ ક્યાંય ખૂણે ખાંચે કડવા લેવાની એક પંક્તિ થઈ હશે તો તેવી પંક્તિ કાયદેસરની હોય તેવું નથી અને કદાચ થઈ હશે તો તેવી એક પંક્તિનો યશ લેવા પાટીદાર ભાઈઓના ફાળે જતો હોય તેમ જણાય છે. લેવા પાટીદાર સમાજના ભાઈઓ તો અમોને ઘણું જ ઇચ્છે છે અને તેવા લેવા પાટીદારના ભાઇઓ પ્રત્યે અમોને ખૂબ માન છે પરંતુ તેવી કડવા લેવાની એક પંક્તિનું કારણ જ્યાં ભુજ મંદિરના સાધુઓનું જરા પણ વર્ચસ્વ નહિ ચાલતું હોય ત્યારે થઈ હશે. બાકી તો ભુજ મંદિરના ઈર્ષા ખોર સાધુઓએ તો તેવી એક પંક્તિ કરવા આપી નથી. અને એક પંક્તિ કરવા આપશે એવી તો આશા જ નથી. પણ કડવા પાટીદાર જ્ઞાતિને ઉતારી પાડી હડધૂત કરેલા છે. તેના પુરાવા ઘણા છે. કચ્છ બહાર સંપ્રદાયમાં એક જ પંક્તિએ જમાડાય છે તેમાં કોઈ પણ નામ જાતનું પૂછતું નથી. બાકી નાત જાતનું નાડું તો ભુજ મંદિરનાં સાધુઓના હાડમાં ઉતરેલું છે તે નીકળવું મુશ્કેલ છે. આવું

તમારું હડહડતું જે જુઠ્ઠું લખાણને તદન વજુદ વગરનું અને ગેરવાજબી છે. આજે વરસો થયા ભુજ મંદિરના સાધુઓ સાથે કડવા લેવાની એક પંક્તિનો જ ઝઘડો ચાલે છે તે શું તમો જાણતા નથી ? દયાપરના બે વર્ષ પહેલાનાં દાખલામાં જુઓ તો પણ જાણવા મળશે કે દયાપુરનો યજ્ઞમાં વિલંબ થયો તેમાં ભુજ મંદિરના અવળચંડા સાધુઓની અવળચંડાઈ જ હતી. અને આખરે એક પંક્તિ કરી દયાપુરના યજ્ઞનો યશ ભુજ મંદિરના સાધુઓથી લેવાણો નહિ તે તમો શું જાણતા નથી ? ભુજ મંદિરનાં તથા તેમના ઉત્સવ સમૈયામાં લેવા કડવાની એક પંક્તિ થાય છે તેવું કહેનારા તદન બેવકૂફ અને અક્કલ વગરના છે એમ અમો ને જણાય છે. ભુજ મંદિરના સાધુઓ હવે પોતાની કડવા પાટીદારો સાથે કરેલી અવળચંડાઈથી શરમાઈને અગર લેવા પાટીદાર સમાજના ભાઈઓના દબાણથી હમણાં એક પંક્તિ કરતા હશે તો તે પણ અમો જ્યાં સુધી નજરોનજર ન જોઈએ ત્યાં સુધી અમો માની શકીએ તેમ નહિ જો ભુજ મંદિરના સાધુઓ જાહેરમાં લેવા કડવાની એક પંક્તિ જગત જાણે તેવી રીતે પોતાની હઠીલાઈ છોડીને જો એક પંક્તિ કરે તો અમો જોયા પછી કબૂલ કરીએ બાકી કોઈ વજૂદ વગરનાં બણગાં ફૂંકતા હોય તો તેની અમોને જરા પણ અસર થાય તેમ નથી. આ તો તમોએ એક તૂત ઊભું કર્યું છે.

ભાઈશ્રી જ્યારે દયાપુરમાં તારીખ ૩૦-૦૧-૧૯૮૨થી તારીખ ૦૭-૦૨-૧૯૮૨ સુધી એમ એક સરખો નવ દિવસ સુધી જ્ઞાન યજ્ઞ ચાલ્યો તેમાં કચ્છના લેવા પાટીદાર સમાજનાં કાર્યકર્તા આગેવાન ભાઈઓ તથા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના કાર્યકર્તા આગેવાન ભાઈઓએ તો એક બીજામાં સામાજીક ભાઈચારાની રૂએ ખભે ખભા મેળવીને એક જ રસોડે અને એક જ પંક્તિએ બેસીને યજ્ઞના પ્રસાદ રૂપી પ્રીતિ સમૂહ ભોજન એક જ પંક્તિએ બેસીને લીધું તેમાં કડવા લેવા એવો જરા પણ ભેદભાવ જણાવ્યો નહિ. અને લેવા પાટીદાર સમાજના ભાઈઓએ યજ્ઞમાં પણ દરેક કામકાજમાં આગળ પડતો ભાગ લીધો અને યજ્ઞના છેલ્લા દિવસે સેંકડો ભાઈઓ કે જેઓ ભૂતકાળે શ્રી સ્વામીનારાયણના અનુયાયી જેઓ ન હતા તેવા ભાઈઓને શ્રી સ્વામીનારાયણ ભગવાનનો ગુણ આવવાથી શ્રી સ્વામીનારાયણ ભગવાનની કંઠીઓ બાંધીને વર્તમાન ધરાવ્યાં અને તેઓ ચુસ્તપણે ગુણ ભાવથી શ્રી સ્વામીનારાયણનું ભજન કરે છે.

તેનું મૂળ કારણ એ હતું કે શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના દુશ્મન એવા કચ્છ ભૂજ મંદિમાંના કેટલાક સાધુઓ અને તેવા સાધુઓના ખુશામતીયા અને સાગરીતો એવા અમારી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સાથે દગો રમીને વિશ્વાસઘાત કરેલા. એવા સમાજદ્રોહી એવા અમારી સમાજના ભાઈઓનાં પાપી પગલાંનો કદાચ પ્રવેશ થયો નહિ હોય તેથી જ દયાપુરના યજ્ઞનું કામ ન ભુતો ન ભવિષ્યતિ એવું નિર્વિઘ્ન રીતે પાર પડી ગયું. આવાં યજ્ઞો અમારી જાણમાં છે તે મુજબ ભુજ ચોવીશીમાં ઘણા થયા છે. પણ ત્યાં ભુજ મંદિરમાંના સાધુઓનું વર્ચસ્વ હોય એટલે લેવા પાટીદારના ભાઈઓમાં આપસમાં એકબીજાને ઊંધુંચત્તું સમજાવીને અંદરોઅંદર લડાવીને કોઈપણ યજ્ઞનું કામ પરિપૂર્ણ નિર્વિઘ્નપણે પાર પડ્યું હોય તેવું અમારી જાણમાં હજી સુધી આવ્યું નથી દાખલો બીજો.
ભાઈશ્રી સંવત ૨૦૩૨ના ફાગણ વદ ૪ને શુક્રવાર તારીખ ૧૯-૦૩-૧૯૭૬માં અ. નિ. શાસ્ત્રી શ્રી નરનારાયણદાસજી કે જેઓ તે વખતે જેતલપુર મંદિરના મહંત પદે હતા તેમણે ઉપરોક્ત મિતી અને તારીખે વિષ્ણુયાગ કર્યો અને જેમાં મુખ્ય મહેમાન તરીકે યજ્ઞમાં બેસનારા અમદાવાદના ધ.ધુ આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ હતા તો તેવા યજ્ઞમાં ભુજ મંદિરમાંના સાધુઓએ ઈર્ષાને લીધે કોઈએ પણ ભાગ લીધો ન

હતો. પરંતુ દર્શન કરવા જેટલો પણ વિવેક બતાવ્યો ન હતો તેમ ભુજ ચોવીશીના લેવા પાટીદાર ભાઈઓને પણ યજ્ઞમાં આવવા દીધા જ ન હતા. તે તદન સત્ય હકીકત છે. તેનું મૂળ કારણ ભુજ મંદિરના સાધુઓનો ઈર્ષાભાવ જે કડવા પાટીદારના સાધુ જો યજ્ઞ કરતો હોય ત્યાં આપણાથી જવાય નહિ અને જ્યાં રસોડામાં કર્તા હર્તા હોય કડવા પાટીદાર તો તેવો રસોડો અભડાવી નાખ્યો છે એટલે તે રસોડામાં આપણો લેવા પાટીદાર સમાજનો ભુજ ચોવીશીમાંનો કોઈપણ ભાઈ ત્યાં જાય નહિ. એવી જોહુકમી શીરજોરી છતાં પણ ભુજ મંદિરના સાધુઓમાંથી કોઈ છુપી રીતે સાધુ અગર લેવા પાટીદારના ભાઈઓમાંથી કોઈ જણ દર્શન કરવા આવ્યા હશે તો તેવી જાણ અમારી જાણથી બહાર છે અમો જાણતા નથી.

પ્રિય વાંચકો જોયું કે ભુજ મંદિરમાંના સાધુઓનો ઈર્ષાનો ભારેલો અગ્નિ કેવી રીતે ભભૂકી ઉઠ્યો તે ઈર્ષાથી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી થયેલ સાંખ્યયોગી બાઈઓએ યજ્ઞમાં સેવારૂપી ભગવાન શ્રી બળદેવ રેવતીજી હરિકૃષ્ણ મહારાજના અભિષેકના સેવાનો લાભ લીધો તો તેવી સાંખ્ય યોગીબાઈઓને લગભગ બે વરસ સુધી ભુજ ચોવીશીના યજ્ઞમાં આવતાં બંધ કરી ભુજ મંદિર તરફથી તેવી સાંખ્ય યોગી બાઈઓનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. તદુપરાંત કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી થયેલ સાંખ્ય યોગી બાઈઓને લેવા પાટીદાર સમાજમાંથી થયેલ સાંખ્ય યોગી બાઈઓ ભેગી એક રસોડે અને એક પંક્તિએ બેસી ભોજન લેવા આજ દિવસ સુધી ભુજ મંદિરના સાધુઓએ આજ્ઞા આપેલ નથી પણ જ્યારે ભુજ ચોવીશીના યજ્ઞમાં કડવા પાટીદાર સમાજમાંથી થયેલ સાંખ્ય યોગીબાઈઓને ભુજ મંદિરના સાધુઓએ આવતા બંધ કરેલ છે તેવું લેવા પાટીદાર સમાજમાંના કેટલાક ભાઈઓને જાણ ભુજ મંદિરના સાધુઓ સાથે વિરોધ થયો હોવાથી બાઈઓને આવવાની છુટ મળી આવું પણ સાંભળવા મળ્યું હતું.

જો લેવા કડવાના એક પંક્તિ હો તો સાંખ્ય યોગી બાઈઓ સાથે હજી સુધી ઓરમાયું વર્તન શા માટે ચાલે છે. તેનું કારણ જણાવશો કે ? તેવી સાંખ્ય યોગી બાઈઓની લેવા કડવાની એક પંક્તિ કરાવવામાં કોઈની હજી સુધી હિંમત ચાલી નથી. તમો ભુજ મંદિરના સાધુઓને પૂછો કે તમો કઈ સદીમાં જીવી રહ્યા છો તેનું ભાન છે કે નથી ? અને જો ભાન ન હોય તો ભુજ મંદિરના સાધુઓના જે વેવલા અને પોપલા અનુયાયીઓ છે તેઓ તેવા સાધુઓને ક્યારે ભાન કરાવશે. તેની અમો રાહ રહ્યા છીએ. આ તો દેવ તેવી પૂજા અને જેવા સાધુ તેવી સેવા ભાઈશ્રી તમારી લખેલી દોઢ પાનાંની પત્રિકાના પાંચમા પેરેગ્રાફમાં લખો છો કે ગામડાંઓમાં ભુજ મંદિરના હસ્તે મંદિરો થાય છે. તેમાં આર્થિક રીતે નબળાં ગામડાં હોય તો તે ગામના ફાળા ઉપરાંત લાખો રૂપીયાઓનો ફાળો સત્સંગ પરિવારમાંથી સાધુઓ જોળી ફેરવીને ફાળા રૂપે રૂપીયા એકઠા કરી મંદિરો બનાવી આપે છે. તેમાં કડવા લેવા એવો ભેદ રખાતો નથી એમ તમો જણાવો છો તો તેના જવાબમાં લખવાનું કે ગામડાઓમાં કે શહેરોમાં જ્યાં જ્યાં નાનાં મોટાં મંદિરો થાય છે તો ત્યાં જે દેશમાં મંદિરો થતાં હોય ત્યાં તે જ દેશના સાધુઓ જોળી જ ફેરવીને ફાળા રૂપે પૈસા એકઠાં કરીને મંદિરો બાંધી આપે છે. અને જે હાલમાં બંધાતાં હશે તે પણ તે જ દેશના સાધુઓ ફાળા કરીને મંદિરો બાંધી આપે છે. શ્રીજી મહારાજના વખતમાં જ્યારે ગઢડાનું મંદિર બંધાતું હતું ત્યારે ખુદ સ્વામીનારાયણ ભગવાને પણ ફાળા રૂપે સત્સંગીઓ પાસેથી રૂપીયા લીધા છે. વાંચો સદગુરૂ શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો આ તો ભુજ મંદિરના સાધુઓ ફાળાઓ કરીને સત્સંગ સમાજમાં મંદિરો બાંધી આપે છે તેમાં ક્યો ઉપકાર કરે છે તે જણાવશો કે

? ભુજ મંદિરના સાધુઓ ફાળો ઉઘરાવીને મંદિરો કરી આપે છે. તેવું લખીને જણાવો છો. પણ ગામડાંઓમાંથી હજારો રૂપીયા દર વર્ષે ધર્માદા રૂપે રૂપીયા એકઠા કરીને ભુજ મંદિરમાં આપે છે તેનું શા માટે લખતા નથી. અને તેવા ધર્માદાના હજારો રૂપીયા અમારા ગામડાઓમાંથી દર સાલે ભુજ મંદિરના સાધુઓ લઈ જાય છે. જેની આજ દિવસ સુધી કાચી અગર પાકી પહોંચ પણ આપવામાં આવતી નથી. તેનું શું કારણ છે અને જેની પહોંચ ન અપાતી હોય તો તેવી રકમ મંદિરના ચોપડાઓમાં જમા પણ થાતી નહિ હોય તો આમાં સરકારની કરચોરી નથી તો બીજું શું છે ? આવાં કરચોરીઓનાં પાપ હવે વધારે વખત ચાલે તેમ નથી. ભાઈશ્રી તમોએ દયાપુરના મંદિરનો દાખલો આવ્યો કે સત્સંગ સમાજમાંથી લાખો રૂપીયાનો ફાળો કરાવીને મંદિર બાંધી આપ્યું. પણ જે સત્સંગીઓએ ફાળા આપેલ છે તેઓને ઉલટું સુલટું સમજાવીને દયાપુરના મંદિરમાં સીલ લગાડવામાં આવ્યાં હતાં તેનો ઉલ્લેખ કેમ કરેલો નથી તે અમોને જણાવશો કે ? તેવા કરચોરીઓનાં કાળાં નાણાં એકઠાં કરી કાળા નાણાંના જોરે ભુજ મંદિરના સાધુઓ પ્લેનોમાં મુસાફરી કરતા હોય અને ખાવા પીવામાં પણ માલ મળીદા ઉડાવતા હોય તેવું જણાય છે. અમારા રવાપર ગામમાં બે વરસ પહેલાં ભુજ મંદિરના સાધુઓ મંદિર કરવા આવ્યા હતા તે દરમીયાન તેવા સાધુઓ જમવા માટે શ્રીમંતોને પણ શરમાવે તેવી ભોજન સામગ્રીથી ભોજન થતાં અમોએ નજરોનજર સગી આંખે જોયેલું છે તેવું જોતાં અમોને ઘણી વખત આઘાત લાગતો કે આવા સાધુઓ શું ધર્મામૃત વાંચતા હશે કે નહિ ? અને કદાચ વાંચતા હશે તો વાંચીને વિચારી દેતા હોય તેમ લાગે છે. ભાઈશ્રી તેમાં અમો જરા પણ વિરુદ્ધ કરતા નથી માત્ર દુ:ખ થાય છે કે જે ત્યાગીઓ આવાં ગળ્યાં ચીકણો ખોરાક ખાતા હોય તેવા ત્યાગીઓમાં કામ, ક્રોધ, અને લોભ એ ત્રણે અવગુણો કાયમને માટે વાસ કરીને રહે છે અને તેવા ત્યાગીઓ જગતનું કલ્યાણ કરી શકતા નથી એવું અમોએ ભુજ મંદિરના સાધુઓના મોઢેથી સાંભળેલું છે.

તો હવે તે વાતો ક્યાં અને તેનાં વર્તન ક્યાં તેનો મેળ મળવાનો નથી. ખેર અમારે તેમાં ઊંડું ઉતરવાની જરૂર નથી જેઓ કરશે તેઓ ભરશે. ભાઈશ્રી તેવા સાધુઓના માંખણીયા ખુશામતીઆ બની ભાટની જેમ વખાણ કરતા તમો શીખ્યા હોય તેવું જણાય છે. પણ તેવા સાધુઓને કહો ।। બુંદશે ગઈ વો હોજશેં આને વાલી નહિ

હય ।। ભાઈશ્રી ભુજના સાધુઓ જ્યારે યાત્રાએ અગર ભારતમાં યાત્રા નિમિત્તે ફરવા જાય છે તો તે વખતે ભારત ભરમાં કચ્છ કડવા પાટીદારોની સો મીલોમાંથી લાખો રૂપિયા લાવે છે તેનો તમોએ ઉલ્લેખ શા માટે કર્યો નથી. દ્વિ-શતાબ્દી વખતે ભૂજના સાધુઓએ અમારી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી દેશ તથા પરદેશમાંથી લાખો રૂપીયાનો ફાળો કરીને લાવ્યા છે તેનું કેમ લખતા નથી.

ભાઈશ્રી તમારી દોઢ પાનાંની પત્રિકાના છઠ્ઠા પેરેગ્રાફમાં લખો છો કે ભૂજ સ્વામીનારાયણ સંચાલિત વિદ્યાક્ષેત્રે સ્વામીનારાયણ વિદ્યાર્થી ભવન ચાલે છે તો તેના જવાબમાં લખવાનું કે એવા વિદ્યાક્ષેત્રો એક જ ભૂજમાં ચાલે છે કે બીજાં ઠેકાણે પણ ચાલે છે ? હિન્દુસ્તાન ભરમાં જે જે વિદ્યાર્થીઓ ભણેલા છે અને જે જે જ્ઞાન પ્રાપ્ત કરેલું હશે તે તમારી ભુજ સ્વામીનારાયણ સંચાલિત વિદ્યાક્ષેત્ર ભવનમાંથી બધા ભણીને જ પાસ થયા હોય તેમ લાગે છે. હિન્દુસ્તાનમાં બીજા વિદ્યાક્ષેત્રો તો તમારી નજરમાં કદાચ આવતાં નહિ હોય ? જુઓ કચ્છમા નખત્રાણા તેમજ કાઠીયાવાડમાં રાજકોટ, જૂનાગઢ, અમદાવાદ, જેતલપુર, નાસીક તેમજ ગુજરાતમાં વગેરે સ્થળોએ ઘણાં વિદ્યાક્ષેત્રો ચાલતાં હોય છે અને જ્યાં તેવાં વિદ્યાક્ષેત્રો ચાલતાં હોય ત્યાં વિદ્વાન બ્રાહ્મણો અગર સંતો જ ચલાવતા

હોય છે અને તેવા વિદ્યાક્ષેત્રોમાં કોમવાર અલગ રસોડાં હોતા નથી ત્યાં એક જ રસોડે સૌ વિદ્યાર્થીઓને એક જ પંક્તિએ ભેદભાવ વગર બેસાડીને જમાડાય છે. તેમાં ભેદભાવ રાખવામાં આવતો નથી પણ તેવી પંક્તિના ભેદભાવનું ભૂત એક ભુજ મંદિરના સાધુઓમાં જ ઘુસી ગયું છે તેવા ભૂતને કાઢવા માટે જેવા તેવા સાધારણ ભુવાનું કામ નથી. ભુજમાં શરૂઆતમાં જ્યારે વિદ્યાક્ષેત્ર ચાલુ કરવામાં આવ્યું ત્યારે કડવા લેવાની પંક્તિનો ભેદભાવ ભુજ મંદિરના સાધુઓએ રાખેલ જેથી તેવા વિદ્યાક્ષેત્રમાંથી કડવા પાટીદારના વિદ્યાર્થીઓ વિદાયગીરી લઈ ગયા એવી સત્ય વાત સાંભળવામાં આવી હતી. પાછળથી જ્યારે લેવા પાટીદાર સમાજના આગેવાન ભાઈઓએ જ્યારે વિરોધ કરેલો ત્યારે અત્યારે લેવા કડવાનો કદાચ ભેદભાવ નહિ હોય પણ અમો જ્યારે નજરોનજર જોઈશું ત્યારે જ અમોને ખાત્રી આવશે.

ભાઈશ્રી તમારી છપાવેલી દોઢ પાનાંની પત્રિકાના સાતમા પેરેગ્રાફમાં જણાવો છો, કે આવી મોંઘવારીના જમાનામાં જમવા, રહેવા, પ્રાથમિક ડૉક્ટરી સારવાર સાથે માસીક રૂ. ૩૦/- ત્રીશનું લવાજમ લઈને વિદ્યાર્થીઓને વિદ્યાર્થી ભવનમાં રખાય છે. બાકીનો વધારાનો ખર્ચો સ્વામીનારાયણ વિદ્યાર્થી ભવન સંસ્થા ભોગવે છે તો તેના જવાબમાં જણાવવાનું કે આવી કોઈ પણ સંસ્થાઓને પગ નથી પણ સંસ્થાના ચલાવનારા ગૃહસ્થોમાંના દાનવીરો જ છે અને જેવી સંસ્થાની આવક હોય તેવી જાવક રહેતી હોય છે. જો સંસ્થામાં વધારે આવક હોય તો લવાજમ ઓછું હોય ઉપરાંત હોશીયાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ પણ અપાતી હોય છે. અને કેટલીક સંસ્થાની વધારે આવક હોય તો હોશીયાર વિદ્યાર્થીઓને સંસ્થા પોતાના ખર્ચે વધુ અભ્યાસ માટે (પરદેશો) વિદેશોમાં પણ ભણવા મોકલે છે તો તેનો ખર્ચ વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતો નથી. અમારી જ્ઞાતિ કે તમારી જ્ઞાતિના ભેદભાવનો તમાશો જગતમાં ક્યાંય પણ બતાવવામાં આવતો નથી. આ તો તમારા જેવા ભુજ મંદિરના સાધુઓના સુખવાસીયા અને માખણીયા હોય તેઓ આવું માલ વગરનું લખાણ લખીને છપાવીને જગતમાં જાહેર કરે છે.

ભાઈશ્રી તમારી દોઢ પાનાની પત્રિકામાંના આઠમા પેરેગ્રાફમાં લખી જણાવો છો કે આવા વિદ્યાર્થીઓની સંભાળ, દેખભાળ રાખવા દિવસમાં બે વખત ભુજ મંદિરના સાધુઓ વિદ્યાર્થી ભવનમાં આવે છે. આ ઉપરાંત આ વિદ્યાર્થીઓને સવાર સાંજ સાધુઓ તરફથી ધાર્મિક સંસ્કારનું સીંચન કરાવાય છે. આ બધો વ્યવહાર પક્ષપાત રાખ્યા વગર લેવા કડવા સમભાવે થાય છે. તો તેના જવાબમાં લખવાનું કે જો ઉપર લખ્યું હોય તેવું થાતું હોય તો આનંદની વાત છે પણ તેવું સિંચન ભુજ મંદિરના જેઓ સારા સાધુઓ અને સંસ્કારી સંતો જેઓની સંખ્યા તમામ ગણી ગાંઠી છે તેઓમાંથી જ જો સારા સાધુઓના પગલાં હશે તો તેવા વિદ્યાર્થીઓને સારા સંસ્કાર મળશે. બાકી જો ભુજ મંદિરમાં ખટપટીયા અને નાત-જાતની પંચાત કરવાવાળા જો સાધુઓનાં પગલાંઓ હશે તો ઈર્ષા અને કોમવાદનું છુપું ઝેર અપાઈ ન જાય તો સારું કારણ કે તેવા સાધુઓને જો જરા પણ વર્ચસ્વ મળ્યું તો સંસ્કારની બદલીમાં સોમલખારનાં બી ન રોપી જાય તે ધ્યાન રાખવું. લોકમાં કહેવત છે કે મોરનાં ઈંડાંને ચીતરવાની જરૂર રહેતી નથી. હવે જો પંક્તિ ભેદનો ભેદભાવ કાઢીને જો સારું ચાલતું હશે તો તે લેવા પાટીદાર સમાજના સમજુ અને ડાહ્યા ભાઈઓને જ આભારી છે.

જુઓ તો ખરા કે શ્રી સ્વામીનારાયણ ભગવાનના વખતના નંદ સાધુઓએ કચ્છના સત્સંગ રૂપી બગીચાને દિન-પ્રતિદિન નવ પલ્લવ ફાલતો ફૂલતો કર્યો હતો તો તેવા સત્સંગરૂપી બગીચાને વિક્રમ સવંત ૧૯૮૪ { Year :1927-28 } ની સાલ પછી ભુજ મંદિરના સાધુઓએ ભુજ ચોવીશીમાંના લેવા પાટીદાર સમાજમાં આપસમાં એક બીજાઓને ઉંધું ચત્તું સમજાવીને આપસમાં ઝઘડાના ગણેશ માંડ્યા, એટલે તેઓના ઝઘડા કોર્ટોમાં ચાલ્યા.

આખરે પરિણામમાં ધર્મને નામે એક જ સમાજમાં બે ફાંટાં પડ્યાં જેના પુરાવારૂપે આજે પણ બે મંદિરો મોજુદ છે અને એક જ સમાજમાં કચ્છના સંત્સંગને વેરવિખેર કરી નાંખ્યો કે જેથી એવા ઝઘડાઓનો હજી સુધી અંત આવ્યો હોય તેવું જરા પણ જણાતું નથી તેવું ઘણા વરસો સુધી ચાલ્યું એટલે ભુજ ચોવીશીમાંના લેવા પાટીદાર સમાજમાંના કેટલાક ભાઈઓએ ભુજ મંદિરનો પણ ત્યાગ કર્યો હોય તેવું સાફ જણાઈ આવે છે. ત્યાર પછી ભુજ મંદિરમાંના કેટલાક સાધુઓએ વિચાર કર્યો હશે કે કચ્છના ભુજ ચોવીશીના લેવા પાટીદારમાં બે ફાંટાં તો પાડ્યાં પણ હાલે તેમાં ચાર ફાંટા કેમ પડે ? તેનો વરસો સુધીનો ટાઈમ વિચાર કરવામાં કાઢી નાંખ્યો. આખરે એક ઉપાય સૂજી આવ્યો કે હજી આપણે બાજી તો હારી જઈએ તેવા નથી હવે આપણે આપણો દાવ પશ્ચિમ તરફના કચ્છ કડવા પાટીદારના જ્ઞાતિના ભાઈઓ જેઓ સાત ગામમાં શ્રી સ્વામીનારાયણનો ધર્મ પાળે છે તેવા રવાપર૧, ગડાનીર, આંબાળાઉ, નેત્રા૪, દયાપુર૫, દોલતપુર૧ અને અંગીયા૭ એમ સાતે ગામોાં અજમાવીએ. એટલે ભુજ મંદિરમાંના કેટલાક સાધુઓએ સાતે ગામમાં રહેતા એવા કચ્છ કડવા પાટીદારના ભાઈઓમાં એક બીજાઓમાં કાનભંભેરણી કરીને પોતામાં રહેલી છુપી ઈર્ષાની ખટપટી ખુંટીઓ મારી, અને થોડે થોડે સાતે ગામોમાં અવારનવાર પોતામાં મતભેદ રહેવા લાગ્યો તેમાં જેઓ સાધુ પ્રેમી હતા તેઓએ તો ભુજ સાધુઓના કહેવાથી દિક્ષા બાબતના પ્રશ્નમાં પણ અવરોધો ઊભા કરતા આખરે દિક્ષાનો પ્રશ્ન થાળે પડ્યો પણ પંક્તિ ભેદના લેવા કડવાનો પ્રશ્ન ઉકેલની લડત ચાલુ રહી તેમાં ભુજ મંદિરના સાધુઓને સારી એવી તક મળી એટલે તકનો લાભ લેવા કેટલાક પ્રસાદીના પ્રેમમાં હતા તેવાઓને વારંવાર ભુજ બોલાવી લાડવાની લાલચમાં લપટાવ્યા. કહેવત છે કે દર્દીને જે જોઈતું હતું અને દાક્તરે બતાવ્યું તેમ પેટ મીઠાને પેટોડી આ તો પ્રથમથી જ હતા અને વળી લાડવાની લાલચનો લોભ લાગ્યો એટલે લોભમાં લપસી પડ્યા એટલે ભુજ મંદિરમાંના સાધુઓને લાગ આવ્યો એટલે થોડે થોડે પોતાનો દાવ પોતાની ફેવરમાં આવવા લાગ્યો.

ભાઈશ્રી તમારી દોઢ પાનાની પત્રિકાના નવમા પેરેગ્રાફમાં લખો છો કે જ્યારે તમારી કચ્છની સમગ્ર જ્ઞાતિ ભારતીય વૈદિક સંસ્કૃતિથી વિરુદ્ધ એવા ધરમની અસર નીચે હતી ત્યારે પણ તમારી જ્ઞાતિને શુદ્ધ પવિત્ર માનીને તે ધર્મથી મુક્ત કરી અને ભારતીય વૈદિક સંસ્કૃતિમાં લાવનાર પ્રથમ ભુજ મંદિરના સંતો હતા. તો તેના જવાબમાં જણાવવાનું કે તે લખાણ તમારું હડહડતું તદન જુઠું અને બીન પાયાદાર છે, જ્યારે અમારા કચ્છના કડવા પાટીદાર જ્ઞાતિના મુખી એવા શ્રી કેશરા મુખી એ તથાં તેમના કાકાઈ ભાઈ એવા શ્રી નાથા કરમશી નેત્રાવાળાએ સંવત ૧૮૬૫ { Year : 1808-09 } ની સાલે ગામ શ્રી નેત્રામાં અવારનવાર આવતા એવા નંદ સાધુઓમાં મુક્તાનંદ સ્વામિના હાથથી પ્રથમ વર્તમાન ધરાવને કંઠીઓ બાંધી તે વખતે ભુજમાં શ્રીજી મહારાજ ભેગા નંદ સાધુઓ સુંદરજી સુથાર અને શ્રી ગંગારામ મલ્લને ઘેર આવતા અને તેવા સાધુઓ નેત્રા તેરા વગેરે ગામોમાં સત્સંગ

કરાવતા તે વખતે ભુજ મંદિર કે તેમના સધુઓનો જન્મ પણ ન હતો એવું અમારા શ્રી કેશરા મુખીના હસ્તલેખીત કાગળોના આધાર ઉપરથી જાણવા મળે છે. ભુજ મંદિર તો સંવત ૧૮૭૯ {Year : 1822-23} ની સાલે શ્રીજી મહારાજના વખતના નંદ સ્વામીના હાથથી કરાવ્યું. તેમાં શ્રી કેશરા મુખીએ તો સારો એવો ફાળો (સોના મહોરોનો) આપ્યો છે તેવું કેશરા મુખીના હસ્તલેખીત આધારો ઉપરથી જાણવા મળે છે. જ્યાં મંદિર જ ન હતું તો ભુજ મંદિરમાંના સાધુઓ ક્યાંથી હોય ?

ભાઈશ્રી તે વખતના નંદ પંક્તિના સાધુઓ નેત્રા વગેરે ગામમાં આવતા પણ મંદિર જેવા સ્થાનોનો અભાવ હોતાં, રાત્રે અગર દિવસે જંગલમાં અગર વાડીઓમાં જ્યાં જ્યાં મુમુક્ષો હોય ત્યાં જતા અને જ્યાં મુમુક્ષો ન હોય તેવા સ્થાનોમાં જઈને ધર્મ ઉપદેશ કરીનેનવા મુમુક્ષો બનાવતા. બાકી તમો જે લખો છો કે ભુજ મંદિરના સાધુઓએ આવીને ઉપદેશ આપ્યો હોય તો તે વાત તદન જુઠી અને નાપાયાદાર છે. જો તે વખતના ભુજના સાધુઓએ જો જંગલમાં તથા વાડીઓમાં રાતવાસો કરીને જો સત્સંગ કરાવ્યો હોત તો તેની ગળહૂતીની અસર પાછળની પેઢીના સાધુઓમાં હજી સુધી શા માટે આવી નથી ? હવે તો જંગલમાં રહેવું પડતું નથી તો પણ સાધુઓના ધર્મ મુજબ ગામડામાં ફરીને એક પણ ગામડામાં સત્સંગ કરાવ્યો હોય તેવું એક તો બતાવો ? આ તો શ્રી કેશરામુખી અને તેઓના સાતથી આઠ સાથીદારો એ જે સાતે ગામમાં સત્સંગ જાળવી રાખ્યો તેઓની પેઢીઓ ઉતારનો જ સત્સંગ છે. તે જ ચાલ્યો આવે છે બાકી તો ભુજ મંદિરના સાધુઓ શું કપાળ સત્સંગ કરાવશે. સત્સંગ વધારવામાં તો પહેલેથી જ ભાગ લીધો નથી તો હવે શું લેશે ? કચ્છ ભુજના સાધુઓ ઈર્ષા અને પંક્તિ ભેદા ભવાડામાંથી પરવારે ત્યારે સત્સંગ-સુમેળ હોય તો જ સત્સંગને ઉત્તેજન આપે ને એ તો છિન્નભિન્ન કરીને ટુકડા કરી નાખ્યા છે તો હવે ક્યારે ભેગા થાય તેની રાહ જોઈ રહ્યા છીએ.

ભાઈશ્રી જગતમાં ખુશામતીઓની ખાણો નથી. પણ ભુજ મંદિરના સાધુઓ પાસે તો ખુશામતીઓની રામ જાણે કેટલી મોટી અને ઊંડી ખાણ છે કે ખુશામતીઓની ખામી જ નથી આવતી. એટલે આવાં ઢંગધંડા વગરનાં તદ્દન જુઠાં લખાણો લખીને ભુજ મંદિરના સાધુઓને ઓપ ચઢાવીને પરાણે ઉજળા બનાવતા હોય તેમ લાગે છે. વાઘનું કે સિંહનું ચામડું ઓઢવાથી કે ઓઢાડવાથી સિંહ કે વાઘ બની જવાતું નથી. આ તો વૈરાગ્યહીન સાધુઓ જે હોય તેવાને જ આવી નાતજાતની પંચાત ગમે. અને તેવાં કૃત્યોથી જે ભાઈઓ સત્સંગમાં જાણીતા થઈ ગયા છે તેવા ભાઈઓમાં હવે ભુજ મંદિરના સાધુઓના પંજામાં સપડાવાના નથી. ભુજ મંદિરના સાધુઓ પ્રત્યેનો અગાઉ જે ભાવ હતો તે ભાવનાને ભુજ મંદિરના સાધુઓએ ઈર્ષા અને પંક્તિ ભેદના ભવાડાઓ કરીને સાવ ભુંસી નાખ્યો છે હવે તેવો ભાવ આવવો મુશ્કેલ છે હંમેશા અતીની ગતી નથી ભુજ મંદિરના સાધુઓએ તુટ્યા લગણ તાણ્યું તો તેનો અંજામ એ આવ્યો કે જે સેવકો હતા તેઓને ભુજ મંદિરના સાધુઓએ હાથે કરીને શત્રુઓ બનાવ્યા. તો હાથનાં કર્યાં હૈયે વાગ્યાં તેમાં બીજાઓ શું કરે જીવ જેવાં કર્મો કરે છે તેવું તેને ફળ મળે છે. હવે તો ફુટેલા ઘડામાં પાણી રહેશે એવી તો આશા ન કરે. હવે તો સમજીને જો ભુજ મંદિરના સાધુઓ ભીનું સંકેલે તો ઠીક નહિ તો આગળ જતાં શું થાશે તે ભગવાન જાણે.

ભાઈશ્રી તમારી લખેલી દોઢ પાનાની પત્રિકાના દશમા પેરેગ્રાફમા લખો છો તે ધર્મના બંધનરૂપ કિલ્લાને તોડી પ્રથમ તે ધર્મથી છુટા પાડનાર ગામથી નેત્રાના કેશરા ભક્ત હતા. પછી સાધુઓ તથા કેશરા ભક્તના

સહિયારા પ્રયત્નોથી સાત ગામોનાં સત્સંગ કરાવ્યો તો તેના જવાબમાં લખવાનું કે સાતે ગામોમાં સત્સંગ કરાવ્યો તેવા કેશરા ભક્ત અને ગુજરાત, કાઠીયાવાડના શ્રીજી મહારાજના વખતના નંદ સાધુઓએ સત્સંગ કરાવ્યો પણ ભુજ મંદિરમાંના તે વખતના ગણ્યા ગાંઠયા સાધુઓ હશે તેઓ શ્રી કેશરા ભક્તના શ્રેયમાં દબાયેલા જ હોવા જોઈએ નહીં તો તે વખતે પણ ભુજ મંદિરના સાધુઓ પંક્તિ ભેદનો ભેદભાવ ચાલુ રાખત. શ્રી કેશરામુખીની હયાતીમાં ભુજ મંદિરના સાધુઓનું શ્રી કેશરામુખી સામે ઊંચું માથુ કરી જરા પણ વર્ચસ્વ હોવું જોઈતું નહિ હોય. પરંતુ જ્યારે સંવત ૧૯૩૪ ના આશો વદ ૧૪ના શુક્રવારે { VSK :25 Oct-1878 } શ્રી કેશરામુખી સ્વધામ પધાર્યા ત્યાર પછી ભુજ મંદિરના સાધુઓનું વર્ચસ્વ થોડે થોડે આ સાતે ગામડાઓમાં પગ પેશારો કરતું થયું કારણ કે ભુજ મંદિરમાં તે વખતે લેવા પાટીદારના સાધુઓનું સંખ્યાબળ વધવા લાગ્યું તેમજ વર્ચસ્વ પણ વધવા લાગ્યું એટલે અમદાવાદના ધ.ધુ. આચાર્ય મહારાજે વિચાર્યું કે હાલમાં કચ્છમાં જવા-આવવાનું વાહનોના અભાવે બહુ જ મુશ્કેલી પડે છે એટલે તે વખતે ભુજ મંદિરમાં એક સાધુને જો દિક્ષાની ચાદર ઓઢાડવા માટે અમદાવાદ આચાર્ય પાસે આવવું પરંતુ એટલે રસ્તાની તે વખતની વાહનોના અભાવે પડતી હાડમારીને ધ્યાનમાં લઈ ધ.ધુ. આચાર્ય મહારજશ્રીએ ભુજના આગેવાન સાધુઓને આજ્ઞા આપી કે તમારે હવે નવા સાધુઓને દિક્ષાની ચાદર ઓઢાડવા માટે અમદાવાદ આવવાની જરૂર નથી. તમો અમારી આજ્ઞાથી ભુજ મંદિરના જે આગેવાન સાધુઓ હોય તે જ ચાદર ઓઢાડશે તો અમોને કબુલ મંજૂર છે. એટલે દર્દીને જોઈતું હતું અને વૈદે બતાવ્યું એટલે ભુજ મંદિરના સાધુઓને પોતાની સત્તામાં વધારો થવા લાગ્યો તેથી ભુજ મંદિરના સાધુઓની સત્તાનો દોર વેગવાન બનવા લાગ્યો એટલે સંવત ૧૯૪૫થી સંવત ૧૯૫૫ { Year : 1888 to 1898 } એમ દશ વર્ષના ગાળામાં તો કચ્છના કડવા પાટીદાર જ્ઞાતીને તો હલકી કહેવાના ગણેશ માંડી દીધા ત્યારથી આજદિન લગણ હજી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને એક હલકી વર્ણ તરીકે જાહેર કરી પંક્તિ ભેદના ભવાડ હજી સુધી ચાલ્યા આવે છે, આ ઉપર લખી જુની હકીકત અમારા પૂર્વજો પાસેથી સાંભળેલી અને તેવી વાતને ઐતિહાસિક બાબત સમજી લખી રાખેલી અગર જીવમાં ઉતરી જવાથી હજી સુધી પણ વિસરાતી નથી.

ભાઈશ્રી તમારી દોઢ પાનાની પત્રિકાના અગિયારમા પેરેગ્રાફમાં લખો છો કે વાત લગભગ મળતી આવે તેવી છે એમ જણાય છે. શ્રી કેશરામુખી સ્વધામ ગયા ત્યારબાદ તેમના પુત્ર શ્રી કચરામુખી સાત ગામના સત્સંગીઓના આગેવાન બન્યા. શ્રી કચરામુખીના હસ્તલેખીત જુના ચોપડામાંથી જાણવા મળે છે કે આપણી આ નાની નાત જે હરિ ભક્તની નાત તરીકે ઓળખાવી બંને નાતોએ એક બીજાઓના ધર્મમાં માથું મારવું નહિ એવું તે વખતની ગણાતી એવી નાની નાતની જુની વહીઓમાંથી જોવા તેમજ જાણવા મળે છે.

ત્યાર પછી તો ધર્મને નામે આપસમાં થોડા ઘણા ઝઘડાઓ ચાલતા રહ્યા. એમ થોડા વરસ ચાલ્યા પછી સંવત ૧૯૬૪ {Year : 1907} ની સાલમાં ગામ શ્રી વિરાણીવાળા પટેલના રાણજીભાઈ રામજીભાઈ લીંબાણી તેઓના સાથીદારો આઠે જણાઓ મળીને રાજકોટના ઔદિચ્ય બ્રાહ્મણ એવા શ્રી રામેશ્વર મહારાજના હાથથી નાશીકમાં શ્રી ગોદાવરીજીના પવિત્ર કિનારે (યજ્ઞોપવિત) જનોઈઓ ધારણ કરાવી. તેઓ જનરલ સમાજમાંથી છુટા પડયા પણ સંખ્યા બળ ન હોવાથી તેઓને ખુબ મુશ્કેલીઓ પડવા માંડી. એટલે તેઓ કચ્છ કડવા પાટીદાર સમાજમાંથી શ્રી કેશરા મુખીના વખતથી જે ભાઈઓ ધર્મ જુદા પડ્યા તેઓ ભેળા ભળ્યા અને તેઓનું સંખ્યા બળ વધવા માંડ્યું.

આવી રીતે જેમ જેમ જાગૃતિ આવવા લાગી તેમ તેમ કચ્છ કડવા પાટીદારે ઉન્નતિના આરે પહોંચવાના પ્રયત્નો કર્યાં પરંતુ તે અરસામાં જો ભુજ મંદિરના સાધુઓએ બહાર પડીને કચ્છમાં રહેતા શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ગામડાઓમાં જઈને જો સત્સંગ કરાવ્યાં હોત તો આજે લગભગ ૧૨૮ ગામોમાં સત્સંગ થયો હોત પણ ભુજ મંદિરના સાધુઓ કચ્છ કડવા પાટીદાર સમાજને ઉતારી પાડવાની પ્રવૃત્તિમાંથી નવરા થાય ત્યારે સત્સંગ કરાવેને? પ્રિય વાંચકો વિચારો કે શ્રી સામજીભાઈની દોઢ પાનાની પત્રિકાના નવમા પેરેગ્રાફમાં જણાવે છે કે ભુજ મંદિરના સાધુઓએ તમારી જ્ઞાતિને શુદ્ધ પવિત્ર માનીને તે ધર્મથી મુક્ત કર્યા અને તેવા સંયોગોમાં ભૂખ, તરસ, દુઃખ, અપમાન, તિરસ્કાર સહન કરીને રાત વાસો જંગલમાં કરતા અને સવાર થતાં વાડીઓ ખેતરોમાં જઈને ઉપદેશ કરતા એવું જણાવે છે તે તદન જુઠું અને હડહડતું ખોટું છે. શ્રી કેશરા મુખીએ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સત્સંગ કરાવીને જે સાત ગામોમાં મંદિરો કરાયાંનો ત્યાર પછી ભુજ મંદિરના સાધુઓએ કેટલા ગામોમાં (સાત ગામ છોડીને) સત્સંગ કરાવ્યા એક તો ગામ કાઢી બતાવો ? એટલે ભુજના સાધુઓએ સત્સંગ કરાવવામાં જરા પણ પરિશ્રમ લીધો જ નથી. એ સત્ય જણાઈ આવે છે. ભાઈશ્રી, ભુજ મંદિરના સાધુઓ પાસે ખુશામતીયાઓની જરા પણ ખોટ હોય તેવું જણાતું નથી. એટલે તેવા સાધુઓ પોતાના ખુશામતીયાઓને જેટલા પગલાં ભરાવે તેટલાં પગલાં ભરે. પણ જાણતા નથી કે આવા મંદબુદ્ધિના ખુશામતીયાઓ જો રાખશું તો થોડો ઘણો હવે સત્સંગ રહ્યો છે તે પણ દિન-પ્રતિદિન અસ્તાચળે જઈ રહેશે તેવો વિચાર કરવાની ખાસ જરૂર છે. ભાઈશ્રી ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી કયાં લાગણી અને કયાં ઈર્ષ્યાએ બંનેનો મેળ કોઈ દિવસ જામતો નથી.

ભાઈશ્રી તમારી દોઢ પાનાની છપાવેલી પત્રિકાના ૧૨માં બારમાં પેરેગ્રાફમાં લખો છો કે વિરાણીવાળા શ્રીમાન નારાણજીભાઈ રામજી અને સાથીદારો અને વાંઢાયવાળા સંત ઓધવદાસજી મહારાજ તરફથી તમારી જ્ઞાતિને સુધારવાના ખુબ ખુબ પ્રયત્નો થયા છે એવું જે લખો છો તો તેના જવાબમાં જણાવવાનું કે જો તે વખતે પણ ભુજ મંદિરના સાધુઓ શ્રી નારાણજીભાઈ અગર તેઓના સાથીદારો તથા વાંઢાયવાળા સંત ઓધવદાસજી મહારાજ બંને મળીને જો કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સુધારવાની કોશીશ કરી હોત તો આજે કચ્છના ઘણાં ગામડાંઓમાં પણ સત્સંગ થયો હોત પણ તેવું કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીને સુધારવાનું કામ કરે ભુજના સાધુઓની બલ્લા.

ભાઈશ્રી તમારી દોઢ પાનાની છપાવેલી પત્રિકાના ૧૪ ચૌદમાં પેરેગ્રાફમાં લખો છો કે ભુજ મંદિરના વહીવટ ક્ષેત્રે પણ સત્સંગની શરૂઆતથી જ તમારી જ્ઞાતિના ભક્તોને જ ભુજ મંદિરના કોઠારીપદે નિમણૂક થતી આવી છે તો તેના જવાબમાં લખવાનું કે અમારી જ્ઞાતિના કોઠારીઓને રાખવાની પાછળ ભુજ મંદિરના સાધુઓની પાકી ચાલબાજી હતી અને તે એ કે જો કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ભક્તોને જો સાધુ દિક્ષા આપશું તો થોડે થોડે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સાધુઓની બહુમતી થવા માંડશે અને આપણી બાજી ઊંધી વળી જશે. માટે જ કોઠારીપદે રાખ્યા હશે પણ જ્યારથી અમો જાણીએ છીએ ત્યારથી તો ખેતશી ભક્ત કોઠારીપદે હતા પણ પાછળથી તેવા કોઠારીને ભુજ મંદિરના સાધુઓએ ભુજ મંદિરમાંથી કેવી હેરાનગતિ કરીને કાઢ્યા તેનું તમો કેમ લખતા નથી?

ભાઈશ્રી, તમારી લખેલી દોઢ પાનાની પત્રિકાના ૧૫માં પંદરમાં પેરેગ્રાફમાં લખો છો કે ઉપરોક્ત દરેક વ્યવહાર તમારી જ્ઞાતિને શુદ્ધ અને પવિત્ર જાણીને કડવા અને લેવા પટેલ સમપણે રાખીને થયો છે અને થાય છે ઉપરોક્ત દરેક કાર્ય તમારી જ્ઞાતિની ઉન્નતિ માટે તન, મન, અને ધનના ભોગે મંદિરો સંતો તરફથી કરવામાં આવે છે. તો તેના જવાબમાં લખવાનું કે અમારી જ્ઞાતિને શુદ્ધ અને પવિત્ર જાણીને કડવા અને લેવા પટેલ સમભાવે થયો છે તો તે હકીકત તદન જુઠી અને વજુદ વગરની છે. કડવા અને લેવા પટેલ સમભાવે રાખીને વ્યવહાર હજી સુધી થયો નથી તો હવે શું થવાનો છે ? કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈઓને ભુજ મંદિરના સાધુઓ એ લગભગ ૮૦ થી ૯૦ વરસ થયાં હજી સુધી શુદ્ધ અને પવિત્ર ગણ્યા જ નથી એ સત્ય હકીકત છે અને કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈઓને એક હલકી વર્ણના ગણીને તેની અધોગતિ માટે ભુજ મંદિરના સાધુઓએ તન, મન અને ધનના ભોગે ભુજ મંદિર અને મંદિરના સાધુઓ તરફથી તનતોડ પ્રયાસો કરવામાં આવ્યા છે શ્રી સ્વામીનારાયણ આખી સંપ્રદાયમાં પૂછો કે ભુજ મંદિરના સાધુઓએ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈઓ સાથે કેવો બેહુદો અને ઓરમાયો વર્તાવ કરેલ છે ? તે પૂછવાથી માલુમ પડશે જેના પુરાવાઓ આમાં જ અગાઉના પેરેગ્રાફોમાં અપાઈ ગયા છે તે ફરીથી વાંચી જવા વિનંતિ છે. શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈઓને આટ-આટલા હેરાન કર્યા તો હવે ભુજ મંદિરમાંના કેટલાક સાધુઓની સાથે વિરુદ્ધ ન કરે તો શું વંદન કરે ? ભાઈશ્રી તે હવે બનવું મુશ્કેલ છે અમો ભુજ મંદિરના સાધુઓ સાથે વરસો સુધી તેઓના પરિચયમાં આવ્યા પણ ભુજ મંદિરનો વ્યવહાર અને વર્તન કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સરવાળે નિરાશા સિવાય બીજં કાંઈપણ જણાયું નથી.

ભાઈશ્રી તમારી દોઢ પાનાની પત્રિકાના પેરેગ્રાફમાં લખી જણાવો છો કે શ્રી સ્વામીનારાયણ ધર્મ એ સર્વજન હિતાવહ મોક્ષ માર્ગી સંપ્રદાય છે તેમાં એક કોમવાદનું સ્થાન જ નથી તો તેના જવાબમાં લખવાનું કે ભુજ મંદિર અને ભુજ મંદિરના સાધુઓને છોડીને કચ્છ બહાર સંપ્રદાયમાં જ્ઞાતીવાદ કે કોમવાદનું સ્થાન નથી પણ કચ્છમાં તેમાં પણ કચ્છ ભુજના મંદિરમાંના સાધુઓએ તો કચ્છનો સત્સંગ જ્યારથી કચ્છ ભુજ મંદિરના સાધુઓમાં એક હજુ થયો ત્યારથી કોમવાદના ગણેશ મંડાયા જેવો ભુજ મંદિરમાં અને ભુજ મંદિરમાંના સાધુઓમાં જે કોમવાદનો ભેદભાવ છે તેવો ભેદભાવ સંપ્રદાયમાં ક્યાંય પણ જોવા મળશે નહિ કારણ કે તેવા સાધુઓએ કોમવાદનો જ ઈજારો વર્ષોથી ઈર્ષાના જોરે અત્યાર લગણ ટકાવી રાખ્યો છે તેમાં જરાપણ શંકાને સ્થાન નથી. ભુજ મંદિરના સાધુઓ હવે જો કોમવાદના કોકડાને સમેટી લે તો સારી વાત છે. જ્યાં સુધી કોમવાદનો અંત ભુજ મંદિરના સાધુઓ નહિ લે ત્યાં સુધી ભુજ મંદિરના સાધુઓ પ્રત્યે કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને અભાવ મટવાનો નથી પરંતુ હાલમાં જે અભાવ છે તેના કરતાં હજી વધવાનો છે તેની નોંધ લેશો. ભાઈશ્રી તમારી પત્રિકા ૧૬મા પેરેગ્રાફમાં લખો છો કે જે ભાઈઓનો આ સંપ્રદાય સાથે કોઈ સંબંધ નથી અને સંપ્રદાયના અનુયાયી પણ નથી તો તેવા ભાઈઓ પણ આ વિરોધ કરતાં ભાઈઓ સાથે સમજ્યા વિચાર્યા વગર જોડાઈને સાથ આપીને વિરોધ કરે છે. તો તેના જવાબમાં લખવાનું કે ભાઈશ્રી તમો જે સંપ્રદાય કે ધર્મ તેને જ તમો સમાજ માનો છો તો તે તારી કઈ જાતની મુર્ખામી સમજણ છે ? હંમેશાં સમાજ અને સંપ્રદાયને કાંઈપણ લાગતું વળગતું નથી. સંપ્રદાયમાંનો દરેક કામ આવી શકે છે અને દરેક કોમ હોય છે પણ સમાજમાં તો એક જ સમાજના જ ભાઈઓ હોય છે તેનું તમોને ક્યારે ભાન થશે તેની અમો રાહ જોઈ રહ્યા છીએ. ભુજ મંદિરના સાધુએ તો કોમ કોમ કરીને જ કોમવાદના ઝઘડા ઊભા કર્યા છે કચ્છ કડવા

પાટીદારને સંપ્રદાય સાથે કે ધર્મ સાથે કોઈ પણ જાતનો બિલકુલ ઝઘડો નથી ધર્મ તો એક મનની માન્યતા છે પણ સમાજ એ કાંઈ મનની માન્યતા નથી. તમો જ ધર્મને સમાજ માની બેઠા છો તો તમારી ડગળી ઠેકાણે છે કે નથી, તમો જગતમાં જઈને પૂછો અગર જુઓ કે ધર્મ અને સમાજ એક જ હોય છે કે જુદાં હોય છે ? આ તો તમો કેવું વિચિત્ર વર્ણન કરો છો તો તમારી અમો શું વ્યાખ્યા કરીએ ? ભાઈશ્રી ભુજ મંદિરના સાધુઓ જો તમારી સમાજનાં ભાઈઓ સાથે અણછાજતું અવળચંડું અને હલકટભર્યું વર્તન કરે તો તમારા જ સમાજના ભાઈઓ સામા પક્ષવાળા સાથે વિરોધ કરે કે નહિ. તેવા સામા પક્ષવાળા સાથે વિરોધ કરવાનોપહેલો અધિકાર છે. જો તમો ભાનભુલ્યા હો તો ભાન ઠેકાણે રાખી ભુલ્યાં ત્યાંથી ફરી ગણો તો અંત આવશે.

ભાઈશ્રી તમારી દોઢ પાનાંની પત્રિકાના ૧૭ સત્તરમા પેરેગ્રાફમાં લખો છો કે દયાપુર મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠાનો ઉકેલ લાવવા તમારી જ્ઞાતિના આગેવાન ભાઈઓ પોતાના કીમતી સમયનો ભોગ આપીને ભુજ મંદિરમાં પધારીને ભુજ મંદિરના સાધુઓ સાથે વાટાઘાટો કરી ભુજ અને ભુજ મંદિરના સાધુઓ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા થાય તેવો નિર્ણય લઈને પ્રશ્ન ઉકેલી આપ્યો તો તેના જવાબમાં લખવાનું કે અમારા સમાજના આગેવાન ભાઈઓ ભુજ મંદિરના સાધુઓ જેવા વિવેકહીન અને ઈર્ષાળુ નથી જે એક લેવા અને કડવાની પંક્તિ ભેદનો પ્રશ્ન વર્ષો થયાં હજી પણ ઉકેલી શક્યા નથી. ભાઈશ્રી દયાપુરના મંદિરમાંના મૂર્તિ પ્રતિષ્ઠાનો પ્રશ્નનો ઉકેલ કરવા શા માટે આવ્યા હતા તેનો તમોએ વિચાર કર્યો છે કે નહિ ? જો વિચાર ન કર્યો હોય તો વિચાર કરજો કે દયાપુરના મંદિરમાં ભગવાન પાટ ઉપર લગભગ ત્રણ વર્ષ સુધી બેસી રહ્યા પણ મૂર્તિ પ્રતિષ્ઠાનો કોઈ ઉકેલ આવ્યો નહિ અને તેવા પ્રશ્નના ઉકેલ માટે અમારા દયાપુરના કચ્છ કડવા પાટીદાર ભાઈઓમાંથી આગેવાન ભાઈઓ ભુજ મંદિરના સાધુઓ પાસે લગભગ ૬થી ૭ વખત ભુજ મંદિરમાં ચર્ચા કરવા આવેલ પરંતુ ભુજમંદિરના સાધુઓએ પોતાની હાડની હઠીલાઈને જરાપણ હટાવી નહિ. અને વારે ઘડીએ એક જ પ્રશ્ન કરે કે જો બે રસોડા થાય તો જ મૂર્તિ પ્રતિષ્ઠાનો પ્રશ્ન ઉકલે નહિ તો નહિ જ એવો પંક્તિ ભેદના ભેદભાવનો પ્રશ્ન લઈ આવે એટલે અમારે ન છુટકે અમારા જનરલ સમાજમાં પોકાર કરવી પડી એટલે અમારી અખિલ કચ્છ કડવા પાટીદાર સમાજના આગેવાનો ભુજ આવી ભુજ મંદિરના સાધુઓ સાથે પોતાનામાં રહેલી વિવેક અને વિનયથી ચર્ચા કરવામાં સંમત થયા ત્યારે ભુજ મંદિરના સાધુઓ સમજવા લાગ્યા કે આપણા આ સાત ગામના ભાઈઓ જેવાજ છે એટલે સાત ગામના કડવા પાટીદારો સાથે જે આપણે આપણું હલકટભર્યું અને વિવેકહીન, ઉદ્ધતાઈભર્યું અગાઉની જેમ વર્તન કરીએ છીએ તેવી રીતે રોકડો જવાબ આપી દઈએ એટલે ભુજ મંદિરના સાધુઓએ અમારી જનરલ સમાજના ભાઈઓ સાથે જરા ઉદ્ધતાઈ અને વિવેકહીન વાતોનું વર્તન કરવા લાગ્યા એટલે અમારી જનરલ સમાજના માનદ મંત્રી એવા શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈએ કહ્યું કે સ્વામી તમો અમોને શું સમજો છો તમારી સમજી લેવું જોઈએ કે આ અમારી અખિલ કચ્છ કડવા પાટીદારનો ૧૨૮ ગામની નાત આવી છે અને તેના અમો આગેવાન કાર્યકર્તા ભાઈઓ છીએ માટે જો વાત કરવી હોય તો વિવેક અને વિનયથી વાત કરો. અમો અને તમો આપસમાં આગેવાનો વાત કરતા હોઈએ ને તમારા સાધુઓમાંથી લગભગ પચાસેક સાધુઓ વચમાં આવીને બોલે તે કાંઈ બોલવાની રીત છે કે નહિ આજની આ સભાનું શિસ્ત જાળવવું એ તમારી અને અમારી બંનેની પહેલી ફરજ છે માટે તમોને જેને પૂછીએ તે જ જવાબ આપો. વચ્ચમાં બીજા કોઈ બોલશો તો શિસ્તનો ભંગ કર્યો કહેવાશે. ભાઈશ્રી અમારા સમાજના આગેવાનો તો પોતાના વિચારો સાથે વિનય અને વિવેક લઈને જ આવ્યા હતા, પણ ભુજ મંદિરના સાધુઓએ જ્યારે પોતાની હઠીલાઈ છોડી નહિ ત્યારે અમારે ન છુટકે અમારી જનરલ સમાજના આગેવાન ભાઈઓને તકલીફ આપવી પડી પણ એકંદરે સારું થયું.

ભાઈશ્રી તમારી દોઢ પાનાની છપાવેલી પત્રિકામાંના ૧૮ અઢારમાં પેરેગ્રાફમાં લખો છો કે સંપ્રદાયની શરૂઆતથી જ તમારી જ્ઞાતિમાં સત્સંગ છે તે સત્સંગનો વહેવાર ભુજમંદિર અને ભુજ મંદિરના સંતો સાથે આ જ દિવસ પર્યંત અણિ શુદ્ધ ચાલ્યો આવે છે. અને એવોને એવો ચાલ્યો આવે અને સત્સંગની એકતા જળવાઈ રહે તેવી ભગવાનને પ્રાર્થના. તો તેના જવાબમાં જણાવવાનું કે સંપ્રદાયની શરૂઆતથી જ અમારી જ્ઞાતિમાં સત્સંગ છે તે વાત તદ્દન સાચી છે પણ તેવા સત્સંગનો વ્યવહાર ભુજ મંદિરના સાધુઓએ અમારી જ્ઞાતિ સાથે આજ દિવસ સુધી ઓરમાયો વ્યવહાર કર્યો છે જેથી અણીશુદ્ધની બદલીમાં અણીબુઠી ચાલે છે. ભુજ મંદિરના સાધુઓએ વર્ષો સુધી પોતાનું મનગમતું ધાર્યું કરવા ખુબ લાકડાની તલવાર ખેડી તેથી કચ્છ કડવા પાટીદારના ભાઈઓ હવે જાગૃત બન્યા ભુજ મંદિરના સાધુઓ સાથે ઘણાં વર્ષો સધી એકતા જાળવી પણ આખરે એકતાનો સૂર્ય અસ્તાચળે જઈ રહ્યો છે તો હાલે તેવો સૂર્ય ફરી ઉગશે કે કેમ ? તેની અમો રાહ જોઈ રહ્યા છીએ.

ભાઈશ્રી તમારી દોઢ પાનાની છપાવેલી પત્રિકામાંના ૧૯મા પેરેગ્રાફમાં લખો છો કે આ પત્ર લખવાનો હેતુ એટલો જ છે કે જે ભાઈઓને ઉપરોક્ત સાંપ્રદાયીક કાર્યની જાણ ન હોય તેને જાણ કરવા અને તે જાણીને સંપ્રદાય પ્રત્યે ગેરસમજ ન થાય એ હેતુથી આ પત્ર લખું છું તો તેના જવાબમાં લખવાનું કે ભાઈશ્રી તમારી પત્રિકાનો હેતુ લખવાનો તમોને હમણાં જાગૃતિ આવી કે પહેલેથી હતી. ભાઈશ્રી તમોને અમોએ આજ પત્રિકાના જવાબમાં અગાઉના પેરેગ્રાફમાં જણાવ્યું છે કે ભાઈશ્રી અમારી સમાજના બધા જ ભાઈઓને સંપ્રદાય પ્રત્યે જરા પણ ગેરસમજ નથી ભલે તેઓઆ સંપ્રદાયને માનતા હોય કે ન માનતા હોય તો પણ સંપ્રદાય પ્રત્યે ગેરસમજ નથી. પણ તમો વારે ઘડીએ સમાજ અને સંપ્રદાયને એક જ હારે ગણો છો તે તમારી નરી મુર્ખાઈ જ છે. કોઈપણ સમાજના ભાઈઓને કોઈ પણ સંપ્રદાય સાથે લેવાદેવા નથી. જેને જે જે સંપ્રદાયના રીતિરિવાજો ઠીક લાગે તો તેવી ઠીક લાગતી સંપ્રદાયનો સ્વીકાર કરે અને જેને ઠીક ન લાગે તેવા ભાઈઓ સંપ્રદાયને ન પણ માને તમો તો વારે ઘડીએ સંપ્રદાયનો પરાણે પોપટ પઢાવો છો. તેવી તમારી પત્રિકાનો હેતુ અમો બરાબર સમજી ગયા છીએ તમો એ આવી વજુદ વગરની જે પત્રિકા છપાવી છે તેનો અમલ કોઈ પણ રીતે કરીએ તેમ નથી.

ભાઈશ્રી અમોએ સમાજ તથા સંપ્રદાયમાં કોઈ પણ રીતે ઉશ્કેરણી જનક વાતાવરણ ન થાય અને તેવી રીતની કોઈ પણ જાતની ઉપાધી વગર વખત પસાર થઈ જાએ એવા હેતુથી અમોએ શાંતિ જાળવીને ચુપ બેઠા હતા. જે હાલે અમારી કચ્છ કડવા પાટીદાર સત્સંગ સમાજમાંના ભાઈઓમાં જે હાલમાં અશાંતિના વાદળ ઘેરાયેલા છે તે નિમિત્તે નીકળી જશે અને વખત આવે બધું જ શાંત થઈ જશે કે જેથી પહેલાં શાંતિ અને જે સંપ હતો તેવો જ થઈ રહેશે. આ તો પાણીમાં ધોકો પડ્યો તેથી જરા પાણી પહોળું થાય તે સ્વાભાવિક જ છે પણ આખરે તો ભેગું થઈ જવાનું જ છે. કારણ કે કોઈને પણ આપસમાં એકબીજા વગર ચાલે તેવું નથી એટલે નિમિત્તે થયું છે અને નિમિત્તે તેનો અંત આવી જશે. એવા અમારા સંકલ્પોથી જ અમો કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ભાઈઓએ એવી ઉશ્કેરણીજનક અને વજુદ વગરની કોઈપણ પત્રિકા અગર પુસ્તિકા છપાવી હોય તો તેનો પુરાવો છેલ્લા બે વર્ષમાં જો તમારી પાસે હોય તો જણાવો. આ તો તમોએ જ પેટ ચોળીને ખોટી ઉપાધિઓ અને ઉશ્કેરણીજનક વાતાવરણ કેમ વધુ થાય તેવું તમોએ ઈરાદાપૂર્વક કર્યું છે તે તદન સારી વાત છે. હાલમાં ખરું પૂછો તો તમારે આવી માલ વગરની પોપલી પત્રિકા છપાવવાની તમોને શું ખબર હતી ? શું તમારું ખરું ટાંકણે ખેતર સુકાઈ જતું હતું કે કેમ ? આવાં મોસમ વગરનાં ખેતરોમાં ઝેરનાં ઝાંડવા રોપી તેને પ્રત્યાઘાતનાં પાણી આપવા તેના કરતાં ભગવાને જો તમોને કાંઈ પણ થોડી ઘણી અક્કલ આપી હોય તો બીજી વખત આવી પોપલીઉં અને માલ વગરની વેવલીઉં

પત્રિકા છપાવતાં પહેલાં કોઈ સમજુ અને ડાહ્યા માણસને પૂછી જોશો. કે પાછળથી તમોને પસ્તાવવું પડે નહિ આ તો તમો એ એવું કર્યું કે ધરમશીભાઈએ ધંધો કીધો અને નવું ધોતીયું ફાડીને રૂમાલ કીધો તેમાં તમોએ શું અકક્લ વાપરી છે?

તમોએ તો બહુ જ મોટી ગંભીર ભુલ કરી છે એમ અમોને જણાય છે કે નાની તલાવડીમાં પાણી થોડું હોય અને તેમાંથી જો હળવે રહીને પાણી ભરી લ્યો તો પાણી પીવાના કામમાં આવે પણ જો તેમાં અક્કલ વગરનાં ડોબાં (ભેસું) પડે તો પાણી એવું તો ડોળાઈ જાય કે પછી તે પાણી તે વખતે ગમે તેટલી તરસ લાગી હોય પણ તે પાણી પીવાના કામમાં આવતું નથી. તેમ તમોએ અમારી આ નાની તળાવડીનું પાણી સાવ ડખોળી નાખ્યું છે તેનું રક્ષણ કર્યું નથી. ભાઈશ્રી પત્રિકા છપાવીને ઉશ્કેરણીજનક વાતાવરણ વધાર્યું છે તેમાં એકબીજાના ગુણદોષો ઢાંકવાને બદલે તમોએ ખુલ્લે ખુલ્લા કરવાની તમોએ અમોને આડકતરી રીતે ન છુટકે ફરજ પાડી છે. તો તેના જવાબદાર અને દોષિત તમો પોતે જ આ દોઢ પાનાની પત્રિકા લખીને છપાવનાર જ છે. અને તેનો જે કાંઈ દોષ લાગશે અગર રાજીપો મળશે તેનું પાપ અને પુણ્ય તમારે શીરે છે. અમારે તેના સાથે કાંઈ પણ લેવા દેવા નથી તેની ખાસ નોંધ લેશો.

ભાઈશ્રી તમારી છપાવેલી દોઢ પાનાની પત્રિકાના ૨૦ વીસમા પેરેગ્રાફમાં લખી જણાવો છો કે જે ભાઈઓને કચ્છમાં સત્સંગથી કાંઈક મન દુઃખ થયું હોય તો તેના નિરાકરણ માટે ભુજ મંદિરમાં આવી સંતો સાથે બેસી શાંતિથી વિવેક અને વિનયથી ચર્ચા કરી નિરાકરણ કરવા વિનંતિ છે. તો તેના જવાબમાં જણાવવાનું કે અમોને ભુજ મંદિર તેમજ સત્સંગ તેમજ સંપ્રદાય સાથે જરાપણ વાંધો નથી અને થવાનો પણ નથી માત્ર વાંધો અમારે ભુજ મંદિરના સાધુઓ સાથે જ છે. તમો ભુજ મંદિરના સાધુઓને પહેલું પૂછી જુઓ કે તમારામાંથી વિવેક અને વિનય જે વર્ષોથી વિદાયગીરી લઈ ગયાં હતાં તે પાછાં આવ્યા છે કે કેમ ? કારણ કે અમારા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના અમારા પૂર્વજોએ તેમજ અમોએ લગભગ ૮૦થી ૯૦ વર્ષો સુધી ભુજ મંદિરના સાધુઓ સાથે અનેક વખતે સામાજીક ચર્ચાઓ કરવા વિનય વિવેક સાથે રાખીને ચર્ચાઓ કરેલ છે પરંતુ તેવી ચર્ચા દરમિયાન ભુજ મંદિરના સાધુઓએ એક પણ વખત વિનય અને વિવેકથી અમારી સાથે ચર્ચા કરી હોય તેવું અમોને હજી સુધી જાણ્યામાં આવ્યું નથી. ભુજના સાધુઓ સાથે મેં (ગોપાલજીએ) પણ ઘણી વખત સામાજીક ચર્ચાઓ કરેલ પરંતુ સાધુઓએ તો વાતોમાં વિવેકથી જરા પણ વાત કરેલ નથી. હમેશાં ઉદ્ધતાઈભર્યું વર્તન અને વાતાવરણ કરેલ છે તો તેવા સાધુઓ સાથે ચર્ચા વિચારણા કરવી જરૂરી જણાતાં બે વર્ષના ગાળા દરમિયાન સાતથી આઠ વખત રૂબરૂ સમાજ લેવલે ચર્ચા થતાં પણ સમાજે એક રસોડાની સહમતી પણ સાધુ પાસેથી થઈ નથી તો હવે બીજી શું ચર્ચા કરી ફળ મેળવવાની આશા રાખી શકીએ.

નોંધ : આ મારી લખેલી પત્રિકામાંની હકીકત કોઈ પણ ભાઈએ પોતાની જ હકીકત છે. એમ સમજી પોતાને જણાતી હોય તો તેવી હકીકતની પાઘડી પોતાના માથા ઉપર પરાણે પહેરી લેવાની જરા પણ જરૂર નથી.

લિ. પટેલ ગોપાલજી સોમજી ભગત
ગામ : કચ્છ શ્રી રવાપરવાળા.
હાલનું ઠેકાણું : પ્લોટ નં. ૧૯૩, બ્લોક નં. ૧ સ્ટેશન રોડ,
વડાલા, મુંબઈ નં. ૪૦૦૦૩૧

Online Text Based
(can use for translation)

Source Document

વાલદાસ મહારાજનો ખુલાસો - સતપંથ મુસલમાન ધર્મ છે

॥ ૐ નમો ભગવતે વાસુદેવાય નમ : ॥

જાહેર નિવેદન

હમણાં હમણાં થોડાક મહિનાથી પિરાણાપંથી પાટીદાર ભાઈઓ અને એમના આગેવાનો તરફથી એવો પ્રચાર કરવામાં આવે છે કે અમો પણ એમના પંથને આવકારીએ છીએ અને એમના ધર્મગુરૂ કાકા કરશનની સાથે સહકારમાં કચ્છમાં ફરીએ છીએ, હળીએ મળીએ છીએ વિગેરે વિગેરે આ હકીકત અમારા ધ્યાન પર લાવવામાં આવી છે. આમાં સત્ય હકીકત શું છે તે જણાવી અમે નીચે પ્રમાણે સ્પષ્ટતા કરવા માગીએ છીએ.

સાબરકાંઠાના કેટલાક ભાઈઓ અમને મળ્યા અને અમારા હાથે કન્યા-છાત્રાલયનું ખેડબ્રહ્મા મુકામે ખાતમુહૂર્ત કરવું એવી અમને વિનંતી કરી કન્યા કેળવણીનું કાર્ય હોવાથી અમે એમાં સંમત્તિ આપી. આ કન્યા કેળવણીનું કાર્ય હોવાથી અને અમે વચન આપી દીધેલું હોવાથી અમે ખેડબ્રહ્મા ગયા. ખાતમુહૂર્ત વિધિ પતાવી, ત્યાંના ભાઈઓને મળ્યા અને થોડાક ભાઈઓએ અમે જાતે જઈને પિરાણું જોઈએ એવી ઈચ્છા દર્શાવી અને તે મુજબ ટેલીફોન વ્યવહાર કરીને અમારી મુલાકાત પિરાણાની ગોઠવી અને અમે એ મુજબ પિરાણાની મુલાકાત લીધી. અમે પિરાણામાં જઈને જે નિરીક્ષણ કર્યું એનો ટુંકમાં સાર એટલોજ કે એ એક મુસલમાન પીરની દરગાહ છે. અને ત્યાંનો વહીવટ ઈમામશા ટ્રસ્ટ મુસ્લીમ સંસ્થા કરે છે. ત્યાંના હિન્દુઓ પાઘડીવાળા કાકા હાજર હતા. સદરહુ મુલાકાત વખતે સર્વશ્રી દેવજી ખીમજી (ગાંધીધામ), બચુભાઈ મુલજી (દેશલપર), વેલજી હીરજી ભાનુસાલી, જીવરાજ ધનજી પટેલ (વડાલીવાળા) આ ચાર ભાઈઓ અમારી સાથે હતા.

ત્યારબાદ માર્ચ ૧૯૮૯ની આસપાસ કાકાશ્રી કચ્છમાં આવ્યા અને એમના અનુયાઈઓ એ જોરશોરથી પિરાણાનો ગામેગામ પ્રચાર કર્યો. કાકા જ્યારે દેશલપર ગામે આવ્યા ત્યારે તેમનાં થોડાંક અનુયાયીઓ અમને વાંઢાય લેવા આવ્યા. એમ કહીને કે અમને કાકશ્રી યાદ કરે છે. સામાન્ય સૌજન્યના નિયમ પ્રમાણે અને અમે કાકાશ્રીને પિરાણા મળેલ હોવાથી પરીચિત હોઈ એ ભાઈઓ સાથે દેશલપર ગયા. ત્યાં મારી જાણ બહાર કાકાશ્રીના અને અમારા સાથે ફોટા પડાવ્યા. અને આ ફોટાઓના આધારે આ પિરાણાપંથી ભાઈઓ એવો જોરશોરથી પ્રચાર કરે છે કે સંત વાલદાસજી મહારાજ પણ અમારા ધર્મને માન્ય ગણે છે, ટેકો આપે છે. અને અમારા ધર્મગુરૂ કાકા કરશન સાથે સહકાર કરે છે. એવું સાંભળ્યું છે.

અમે આ પ્રચાર હોય તો એ સદંતર જુઠાણું છે એમ જાહેર કરીએ છીએ. સનાતની હિન્દુ ભાઈઓ એવા જુઠા અને એવા તર્કીબી પ્રચારથી ભોળવાઈ ન જાય એવી વિનંતી કરીએ છીએ. અમારા મત પ્રમાણે પિરાણા પંથ પછી ગમે તેવા નામ કે લેબાસમાં હોય પણ તે સો એ સો ટકા ઈસ્લામી ધર્મ છે. અને સનાતન કે વૈદિક કે હિન્દુ ધર્મની સાથે કશું પણ લાગતું વળગતું નથી.

વાલદાસજી ગુરૂ શ્રી ઓધવરામજી
વાંઢાય તથા શ્રી કચ્છી
લાલ રામેશ્વર આશ્રમ, હરિદ્વાર

મુંબઈ તા. ૨-૭-૧૯૮૯
સહી,
વાલદાસજી ગુરૂ શ્રી ઓધવરામજી
વાંઢાય તથા શ્રી કચ્છી લાલ રામેશ્વર આશ્રમ, હરિદ્વાર

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરા

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ધનસુરાની ખાસ જનરલ મીટીંગ
તા. ૪-૮-૮૯ના રોજ ૧-૩૦ વાગે મળી જેમાં થયેલ ઠરાવ નં. ૪ ની નકલ

આજરોજ મીટીંગમાં નીચે મુજબનો ઠરાવ નં. ૪ થી નિર્ણય લેવામાં આવેલ છે.

૧. આપણી સનાતન સમાજની કોઈપણ વ્યક્તિ સતપંથી ભાઈઓને ત્યાં દફન ક્રિયામાં ભાગ લેવો નહિં તેમજ તેમને ત્યાં લોકાઈએ જવું નહિં તેમજ સાદડીએ બેસવા જવું નહિં.

૨. કોઈ પણ સામાજીક પ્રસંગ યોજવા નહિં જેવા કે સગપણ કરવા નહિં. તેમજ લગ્ન પ્રસંગમાં જવું નહીં.

ઉપર મુજબના નિયમોનો ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

લી.
એસ. એસ. પટેલ
પ્રમુખ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
(ગુજરાત) ધનસુરા

Online Text Based
(can use for translation)

Source Document

શ્વેતપત્ર

કેન્દ્રીય સમાજના હોદ્દેદારો અને સમાધાન સમિતિ દ્વારા ધાર્મિક વિવાદો અંગેના સમાધાનની લાંબા સમયની પ્રક્રીયા દરમ્યાન ખુબજ ઉંડાણ પુર્વકનો અભ્યાસ સમગ્ર રીતે કરવામાં આવેલ છે. અમારી સમક્ષ આવેલા કેટલાક તથ્યો, હકીકતો સાહીત્યોમાંથી ઉભરેલા સત્યો, પૂવર્જોની ચીંધેલી દિશા, વડવાઓના કાર્યો, જ્ઞાતિજનો સાથેના સંવાદો, મતો, અભિપ્રાયો વગેરેને અમો હોદ્દેદારોએ નોંધમાં લીધેલ છે. તેમજ છેલ્લા કેટલા સમયથી ધર્મ વિષયક વિવાદો, બનાવો, ઘટનાઓ અને વર્તમાન બંધારણનો તાર્કિક તલસ્પર્શી અભ્યાસના તારણો કરતા આવી તમામ બાબતોને નજર સમક્ષ રાખીને અવારનવાર મળેલ હોદ્દેદારો અને ટ્રસ્ટીઓની મીટીંગમાં ચર્ચા-વિચારણાના અંતે સર્વાનુમતે લેવાયેલ નિર્ણયોના અનુસંધાનમાં અને તા. ૨૭-૨-૨૦૧૦ના રોજ સમાધાન સમિતિની સભા દરમ્યાન બનેલ કલંકિત ઘટનાના અનુસંધાનમાં નીચે મુજબનો શ્વેત પત્ર જારી કરવામાં આવે છે.

(૧) આપણી કેન્દ્રીય સમાજની સ્થાપના એવા વડીલો દ્વારા કરવામાં આવી હતી કે જેમણે પીરાણા સતપંથ ધર્મનો સદંતર ત્યાગ કરી મુળ સનાતન હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો હતો.તેથી નિઃશંકપણે પુરવાર થાય છે કે આપણી કેન્દ્રીય સમાજ સનાતની સમાજ છે અને તેનો ધર્મ સનાતન વૈદિક હિન્દુ ધર્મ છે.

(૨) પુજનીય સંતશ્રી ઓધવરામજી મહારાજ જેવા સંતોની સલાહ અને સ્થાપક વડવાઓના અભિગમને અનુસરી આ સમાજની રચના કરવામાં આવેલ હતી જેથી આ સમાજ, મુળભુત હિન્દુ સનાતન વિચારધારાથી ભટકી ગયેલ જ્ઞાતિજનોને હિન્દુ સનાતન વિચારધારામાં ભેળવવાના પ્રયાસો કરશે.

(૩) આપણો સમાજ હિન્દુ સનાતન વિચારધારા પર આવી શકે તેવી લાગણીથી આ સમાજની રચના કરવામાં આવી છે અને તેના સારા પરિણામો આવી શક્યા છે પરંતુ અપવાદરૂપ હજી પણ કેટલાક જ્ઞાતિજનો આપણી હિન્દુ સનાતન સંસ્કૃતિને અપનાવી શક્યા નથી તે ખરેખર દુઃખદ બાબત ગણી શકાય.

(૪) સમાજ રચનાના લખાણો, તે વખતની પ્રતો, મીનીટસ બુકો વિગેરે પરથી પ્રમાણિત થાય છે કે આ સમાજનો હિન્દુ પરંપરાને જાળવીને હંમેશને માટે કાર્ય કરવાનો આદેશ હતો તેથી આ સમાજ તેજ વિચારધારા પર કાર્ય કરશે અને સમાજમાં સનાતન હિન્દુ ધર્મનો પ્રચાર-પ્રસાર કરશે.

(૫) અત્યાર સુધી અવારનવાર કેન્દ્રીય સમાજ દ્વારા જ જ્ઞાતિના અધિવેશનો બોલાવવામાં આવેલા છે. તેમાં પસાર કરવામાં આવેલ ઠરાવ મુજબ જ્ઞાતિના રિતરિવાજોના નિયમ ૧૮ મુજબ બાહ્ય આચરણો અંગે અને નિયમ ૧૯ મુજબ સામાજિક તેમજ ધાર્મિક પ્રશ્નો અંગેનું પાલન કરાવવા જણાવવામાં આવેલ છે. તેમ છતા કેટલીક વ્યક્તિઓ આ નિયમોને ગંભીરતાથી લેતી નથી.તેમજ અવારનવાર એક યા બીજા બહાના હેઠળ

આપણો સમગ્ર સમાજ હેરાન થાય તેમજ સમાજના પ્રતિનિધિઓની લાગણી દુભાય તેવા કેસો કરે છે અને સમાજને પણ તકલીફમાં મુકે છે જેથી સમાજનું બંધારણ, ધારાધોરણ તેમજ જ્ઞાતિના રિતરિવાજોના નિયમ ૧૮ અને ૧૯નું ચુસ્તપણે પાલન કરાવવું આ તબક્કે ખુબજ જરૂરી બને છે. સમાજમાં એક જ આચાર અને વિચાર કાયમ રહે, એક જ રિતરિવાજોનું અને સનાતન હિન્દુ ધર્મનું ચુસ્ત પણે પાલન થાય તે અત્યંત જરૂરી છે. જેમણે ઉપરોક્ત નિયમોનો ભંગ કરેલ છે તે વ્યક્તિ તેમજ વ્યક્તિ સમુહનું સભ્યપદ રદ કરવાનું રહે છે અને "સ્વર્ણિમ મહોત્સવ" તેમજ સમાજના તમામ કાર્યક્રમોમાં તેમનો પ્રવેશ નિષેધ કરવામાં આવે છે. આ અંગેની જવાબદારી ભારત ભરના તમામ ઝોન અને ઝોનમાં આવતા સમાજને સોંપવામાં આવે છે.

(૬) સમાજના સભ્યપદ મેળવવા માટે આ શ્વેત પત્રમાં જણાવેલ વિવિધ મુદ્દાઓ અનુસાર આપણી જ્ઞાતિના જે કોઈ સભ્ય જન્મથી મરણોતર સુધી સનાતન વૈદિક હિન્દુ ધર્મની પરંપરાઓ અને સમાજના બંધારણ અને ધારાધોરણો તથા જ્ઞાતિના રિતરિવાજોનું પાલન કરનારને નિયત અરજી પત્રક મેળવીને જરૂરી સભ્ય ફી ભરી કારોબારી સભામાં મંજુર થયે સભ્યપદ આપવામાં આવશે. સમાજના વર્તમાન આજીવન સભ્યોએ પણ સભ્યપદ માટેનું નિયત અરજી પત્રક ભરીને સમાજને સોપવાનું રહેશે.

રામજી કિરકરા જકસાણી

પ્રમુખશ્રી,
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ,
નખત્રાણા (કચ્છ)

નખત્રાણા, કચ્છ
તા. ૨૫-૦૩-૨૦૧૦

Online Text Based
(can use for translation)

Source Document

૪૧. સતપંથ ધર્મ છોડી સનાતનમાં ભળી જ્ઞાતિ એક થાય એ માટે સ્વામી સચ્ચિદાનંદ મહારાજનો પત્ર દી. 19-Sep-2019

એકતા પરમો ધર્મઃ

ૐ

"ઈશ ભક્તિ લોંકસેવા હીત્યેષા પરમાર્થતા"

Trust Regi No. E/1344/Anand-Dt.03-09-2001

Phone : 0267-252480

સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ

પો.બો.નં. ૧૯, દંતાલી-પેટલાદ-૩૮૮ ૪૫૦ જિ. આણંદ-ગુજરાત-ભારત

વીરતા પરમો ધર્મઃ

SACHHIDANAND SEVA SAMAJ TRUST

P.B. No. 19 Dantali-PETLAD-388 450 Dist. Anand-Gujarat-INDIA

Date : 19/09/2019

જ્ઞાતિ જોગ સંદેશો

ગુજરાતમાં સૌથી વધારે પ્રભાવશાળી અને મહત્વનો સમાજ પાટીદારોનો છે. જો ગુજરાતમાંથી પાટીદારોને બાદ કરવામાં આવે તો લગભગ એકડા વિનાનાં મીંડા જેવી સ્થિતિ થઇ જાય. આ પાટીદારોમાં પણ ઘણા વિભાગો છે. એમાં લેવા અને કડવા આ બે મુખ્ય છે. પણ આ બંનેમાં પણ કચ્છના પાટીદારો સવિશેષ મહત્વ ધરાવે છે. કચ્છના પાટીદારોએ ભારતભરમાં, એમ કહો કે વિશ્વભરમાં, જેટલું માઇગ્રેશન (સ્થળાંતર) કર્યું છે એટલું કદાચ બીજા કોઇએ નહિ કર્યું હોય. એટલે કચ્છ કડવા પાટીદારો ભારતના ખુણે ખુણે જોવા મળશે. તેમણે અદ્‌ભુત સાહસ અને વિપુલ પરિશ્રમ કરીને જયાં ગયા, જયાં વસ્યા, ત્યાં પોતાનું આગવું મહત્વ સ્થાપિત કર્યું છે.

પણ આ કચ્છ કડવા પાટીદારોમાં કોઇ કાળે એવું બન્યું કે કેટલાક ઘરો વિધર્મ (સતપંથ) તરફ દોરવાઇ ગયા. જો કે વિધર્મ તરફ દોરવાઇને પણ તેમણે પોતાની સાંસ્કૃતિક અને સામાજીક સ્થિતિને સાચવી રાખી. સમય જતાં જયારે સમાજના આગેવાનોને ભાન થયું કે આપણા કેટલાક ભાઇઓ ગેરમાર્ગે દોરવાઇ રહ્યા છે,એટલે એમણે એક પ્રચંડ ઝુંબેશ શરૂ કરી. એ ઝુંબેશના પરિણામે ઘણા ખરા ભાઇઓ સમજી વિચારીને મુળ હતા ત્યાં પાછા ફરી ગયા છે. તે બધા અભિનંદને પાત્ર છે.

આપણો મૂળ સનાતન ધર્મ છે અને સનાતન ધર્મની પરંપરામાં લક્ષ્મીનારાયણ દેવ આપણા ઉપાસ્ય દેવ છે તથા ઉમિયા મા આપણી સૌની કુળદેવી છે. જેમ જેમ આ ભાવના દ્રઢ થતી ગઇ,તેમ તેમ કડવા પટેલો વધુને વધુ સંપીને એકતા કરનારા બન્યા છે. સંપ અને એક્તા હોય એટલે આપોઆપ સુખ આવે. ત્યારે કચ્છ કડવા પાટીદાર સૌથી વધુ સુખી ગણાય છે. આવી સ્થિતિમાં જે થોડા ઘણા હજી પણ ગેરમાર્ગે દોરવાયેલ બાકી રહી ગયા છે, તે બધાને સમજાવી બુઝાવીને ફરી પાછા પોતાના મુળ સનાતનધર્મમાં લાવવા માટે આગેવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આવા પ્રયત્નોને વધુમાં વધુ સફળતા મળે અને કચ્છ કડવા પાટીદારો વર્ષો પહેલાં જેમ એક હતા તેમ ફરી પાછા એક થઇ જાય એવી હું માતા ઉમિયાને તથા લક્ષ્મીનારાયણ દેવને પ્રાર્થના કરૂં છું

સચ્ચિદાનંદ

શ્રી સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ, ટ્રસ્ટ રજી.નં. ઇ/૧૩૪૪/આણંદ, તા.૦૩-૦૯-૨૦૦૧, મુ.દંતાલી તા. પેટલાદ જિ.આણંદ

સ્ટેમ એક્ટ શીડયુ ૧ (૫૩-બી) મુજબ રેવન્યુ સ્ટેમ્પ માફ છે. BRD /SIB /104-2-5-82 નં. ૮૦ G પ્રમાણે
૩૧-૩-૨૦૧૩ ઈન્કમટેક્ષ ફ્રી ☐ સંસ્થાને આપેલું દાન ઈન્કમટેક્ષ મુક્તિ પાત્ર છે.